

ભગવાન
શ્રી સ્વામિનારાયણ

ભગવાન શ્રી સ્વામિનારાયણનું બૃહદ્ જીવનચરિત્ર

ભાગ - ૩

સંસ્કૃતિની પરંપરાઓનું પરિમાર્જન કરી
શ્રીહરિએ ઉત્સવોને પણ નૂતન રૂપ આપ્યું.



શ્રીજીએ પ્રવર્તાવેલા ધર્મમાર્ગની લાક્ષણિકતા શી લેખાય ? એ ધર્મમાર્ગ છે આચાર-સ્વચ્છતાનો, વિચાર-સ્વચ્છતાનો, વિધિ-સ્વચ્છતાનો, વ્યવહાર-સ્વચ્છતાનો, આંતર સ્વચ્છતાનો, સર્વદેશીય અન્તર્બહિર સ્વચ્છતાનો. ભાંગ, ગાંજો, તમાકુ તજાવી શ્રીજીએ ગૃહસ્થીનાં જીવન નિર્માદક કીધાં, રંગેલાં તુંબડાં ફોડાવી શ્રીજીએ સંતોને નિર્મોહી કીધા, બાઈ-ભાઈનાં દર્શનદ્વાર નિરનિરાળાં સ્થપાવી શ્રીજીએ દેવમંદિરોને પવિત્ર કીધાં. 'શિક્ષાપત્રી' આપી વ્યવહાર શુદ્ધ કીધા, વચનામૃતો સંભળાવી જ્ઞાનશુદ્ધ કીધા, પ્રેમભક્તિ વરસાવી અંતરશુદ્ધ કીધા. પર્વો, ઉત્સવો, સમૈયા ઉજવાવી જનતામાં ઉત્સાહ ઉભરાવ્યો. ભવ્ય મંદિરો, અહિંસાત્મક યજ્ઞો, વિશુદ્ધ પૂજાવિધાન, પારણાં, હિંડોળા, વસંતપંચમી, જન્માષ્ટમીના વૈષ્ણવી મહોત્સવો, જળઝીલણી ને રામનવમીના સમારંભો કરી જનતાને ઉમંગી કીધી. ભાવહિંડોળે હિંચકાવી પ્રજાને ઉત્સાહ પાયો સંસારને સજીવન કીધો.

- કવીશ્વર ન્હાનાલાલ દલપતરામ



અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ

શ્રી સહજાનંદ સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

॥ श्रीस्वामिनारायणो विजयते ॥

अक्षराधिपति पूर्ण पुरुषोत्तम नारायण

શ્રી સહજાનંદ સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

વિસ્તૃત જીવન અને કાર્ય

(આ.સં. ૧૮૬૫ થી ૧૮૭૪, સને ૧૮૦૯ થી ૧૮૧૭)

ભાગ 3

: પ્રેરક :

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

: લેખક :

હર્ષદરાય ત્રિભુવનદાસ દવે

: પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

BHAGWAN SHRI SWAMINARAYAN - PART III

(Biography of Purna Purushottam Bhagwan Shri Swaminarayan)

By Harshadrai T. Dave

Inspirer: HDH Pramukh Swami Maharaj

Presented by:

Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan Sanstha
Shahibaug, Amdavad - 380 004. India.

Publishers:

SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

4th Edition:

2003. Copies: 7,000

ISBN: 81-7526-210-9

રજૂકર્તા : બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ - ૪

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

લેખક : હર્ષદરાય ત્રિ. દવે

ચતુર્થ આવૃત્તિ : ૨૦૦૩

પ્રત : ૭,૦૦૦

મુદ્રક અને પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

અનુક્રમણિકા

ઉદ્‌ગીય ૧ : ફરી કચ્છમાં

ઉદ્‌ગીથ ૨ : ડભાણમાં મહાયજ્ઞ

ઉદ્‌ગીથ ૩ : પાંચાળ, સોરઠ અને કચ્છમાં વિચરણ

ઉદ્‌ગીથ ૪ : ભક્તવત્સલતા

ઉદ્‌ગીથ ૫ : કરિયાણામાં ફૂલદોલ ઉત્સવ

ઉદ્‌ગીથ ૬ : સારંગપુરમાં લીલા

ઉદ્‌ગીથ ૭ : ગુજરાત અને કાનમ-વાકળમાં વિચરણ

ઉદ્‌ગીથ ૮ : સદ્‌ગુરુ ખેલે વસંત

ઉદ્‌ગીથ ૯ : અગણોતેરાનો મહાકાળ

ઉદ્‌ગીથ ૧૧ : દાદાખાચરને માથે શ્રીહરિનું છત્ર

ઉદ્‌ગીથ ૧૨ : શ્રીહરિનું અણમોલ રતન : દાદાખાચર

ઉદ્‌ગીથ ૧૩ : ગુજરાત અને દઢાવ્ય પ્રદેશમાં વિચરણ

ઉદ્‌ગીથ ૧૪ : રસો વૈ સઃ

ઉદ્‌ગીથ ૧૬ : વરતાલમાં રંગોત્સવ

ઉદ્‌ગીથ ૧૭ : ચરોતરમાં આમ્રોત્સવ - વરતાલમાં અન્નકૂટોત્સવ

ઉદ્‌ગીથ ૧૮ : ગઢપુરમાં ઉત્સવો અને સોરઠમાં વિચરણ

ઉદ્‌ગીથ ૧૯ : સર્વના સુહૃદ શ્રીહરિ

ઉદ્‌ગીથ ૨૦ : ગઢપુરમાં ચાતુર્માસ - વરતાલમાં અન્નકૂટ

- **આ.સં. ૧૮૭૪ (સને ૧૮૧૭)**


ઉદ્‌ગીથ ૨૧ . વેદાંતાચાર્યનો પરાજય




અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ

આવ્યા અક્ષરધામથી અવનિમાં, ઐશ્વર્ય-મુક્તો લઈ;
શોભે અક્ષર સાથ સુંદર છબી, લાવણ્ય તેજોમયી;
કર્તા દિવ્ય સદા રહે પ્રગટ જે, સાકાર સર્વોપરી;
સહજાનંદ કૃપાળુને નિત નમું, સર્વાવતારી હરિ.

ગુણાતીતોક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં મુચ્યતે ભવબન્ધનાત્ ॥



પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી



બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ	બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ	બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ	પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ



ઉદ્‌ગીથ ૧

ફરી કચ્છમાં

(આ.સં. ૧૮૬૫-૬૬, ઈ.સ. ૧૮૦૯)

આ.સં. ૧૮૬૫ની સાલ હતી. વૈશાખ મહિનો વીતી ગયો હતો. શ્રીહરિનું વિચરણ અવિરત ચાલતું હતું. મહારાજ વહેલાલથી નીકળી સાદરા થઈને લાકરોડે પધાર્યા. અહીં નદી જોઈને મહારાજને સ્નાન કરવાની ઇચ્છા થઈ. પોતે નદી કાંઠે પધાર્યા. વસ્ત્રો બદલી નદીમાં સ્નાન કર્યું.

તે વખતે નદીમાં એક ભાવસાર સ્નાન કરી રહ્યો હતો. તેણે મહારાજને ઓળખી લીધા. "લોકો જેને સ્વામિનારાયણ કહે છે તે જ આ ! પણ ભગવાન કેમ મનાય ? સ્વરૂપ તો આકર્ષક છે, દર્શનથી અંતરમાં શાંતિ થઈ જાય છે, જગત ભુલાઈ જાય છે. આ બદલાતા ભાવોનો મેં અગાઉ કાંઈ અનુભવ કર્યો નથી. છતાં એ અનુભવ આજે સ્વામિનારાયણનાં દર્શનથી થયો. પણ તેમને ખરેખર ભગવાન કહેવાય ?" તે વિચારે ચઢ્યો.

ધોતિયું ધોવા દે તો ભગવાન સાચા

બિચારા ભાવસારના અંતઃકરણમાં મહારાજને જોઈ આવા કેટકેટલા સંકલ્પો થવા લાગ્યા. તેને એવું કાંઈ જ્ઞાન નહોતું. કદાચ કોઈને જેને જ્ઞાન હોય તોપણ ભગવાન પોતે અજ્ઞાન ગ્રહણ કરીને તેના એ જ્ઞાનને પોતાના સ્વરૂપ સુધી પહોંચવા દે તેવા ન હતા. એકાએક ભાવસારને યાદ આવ્યું. ભગવાન હોય તે અંતરનું જાણી જાય. તેને આનંદ થયો. તેણે સંકલ્પ કર્યો : "તેમનું ધોતિયું મને ધોવા દે તો ભગવાન સાચા !"

મહારાજ ભાવસારના અંતરના સંકલ્પો જાણી મનમાં હસતા હતા. એ મુમુક્ષુ હતો, ભગવાનને ખરેખર તેને ઓળખવા હતા. મહારાજે કાંઠે આવી શરીર લૂછી, ભીનું ધોતિયું બદલાવ્યું. પછી તે લઈને નદીમાં સ્નાન કરતા ભાવસાર પાસે

ગયા અને તેને કહ્યું : ''ભાઈ ! જરા આ ધોતિયું ધોઈ આપશો ?''

આ સાંભળી ભાવસાર એકદમ નદીમાંથી બહાર આવ્યો. મહારાજને પગે લાગ્યો અને કહ્યું : ''પ્રભુ ! તમે ભગવાન ખરા. મે સંકલ્પ કર્યો હતો કે મને જો ધોતિયું ધોવા આપે તો તમને લોકો ભગવાન કહે છે તે સાચું માનું.''

તેની આવી ભોળી વાણી સાંભળી મહારાજ હસ્યા. તેમને કહ્યું : ''જો ભાઈ, આ લોકમાં તપના, યોગના, મંત્રના કે સાધનાના પ્રતાપે કેટલાકમાં મનની વાત જાણવાની શક્તિ આવે છે. પરંતુ તેથી તેમને ભગવાન કહેવા તે બરોબર નથી. જે ખરેખર ભગવાન હોય તે તો આપણા આત્મામાં માયાના અંધકારથી વ્યાપેલું અજ્ઞાન ટાળે, આપણા સ્વરૂપનું જ્ઞાન કરાવે, પોતાના સ્વરૂપને ઓળખાવે.''

ભાવસાર આવી ઊંડી વાત સમજી શકે તેમ ન હતા. તેણે તો હાથ જોડી કહી દીધું : ''મહારાજ ! મને તો મારા આત્માનું જ્ઞાન થઈ ગયું અને એ આત્માએ આપનું - ભગવાનનું સ્વરૂપ ઓળખાવી દીધું.'' એટલું કહી તે ધોતિયું ધોવા દોડી ગયો.

ધોતિયું ધોઈને તે આવ્યો. નદીના પટમાં તે સૂકવ્યું. અને પછી મહારાજને હાથ જોડી કહ્યું : ''પ્રભુ ! આપ અહીં બિરાજો. હું હમણાં જ આવું છું.''

મહારાજ તેનો ભાવ જોઈ ત્યાં એક શિલા ઉપર બિરાજમાન થયા.

થોડી વારે ભાવસાર બરફી, પેંડા વગેરે મીઠાઈ લઈને આવ્યો. તેણે તે મીઠાઈ મહારાજને આપી. મહારાજ તે શિલા ઉપર બેસીને જ તેની મીઠાઈ જમ્યા. વધેલી પ્રસાદી તેને આપી.

મહારાજ પછી ત્યાંથી ચાલી નીકળ્યા અને વિજાપુર પ્રાગજી ભક્તને ઘેર જઈને રહ્યા. ત્યાંથી મેઉ થઈને કાલરિયે પધાર્યા. અહીં મેઘા ભક્તને ત્યાં ભોજન કર્યું. રાત પણ ત્યાં જ રહ્યા. આમ, કેટકેટલા ભક્તોના મનોરથો પૂર્ણ કરીને મહારાજ તે તે ભક્તોના સંકલ્પો તથા ભક્તિભાવને પોષણ આપતા ફક્ત તેમના માટે જ વિચરણ કરી રહ્યા હતા.

ભગવાન કેવા હશે ?

આ રીતે મહારાજ ત્યાંથી નીકળી ગોતરકા, સાંતલપુર, આડેસર થઈને ગામ ભીમાસર પધાર્યા. ભુટકીઆના તળાવમાં સ્નાન કરી ગામમાં ગરાસિયાને ઘેર રાત રહ્યા. મહારાજ તેને ત્યાં પધાર્યા ત્યારે તેને સંકલ્પ થયો કે મહારાજ ભગવાન કહેવાય છે તે ભગવાન કેવા હશે ? એટલે મહારાજે તેને પોતાના

સ્વરૂપમાંથી ચોવીસ અવતારનાં દર્શન કરાવ્યાં.[૧]

બીજે દિવસે ભીમાસરથી નીકળી મહારાજ સાપર ત્યાંના દરબારના દરબારગઢમાં પધાર્યા. દરબાર સામંતજીએ શ્રીજીમહારાજને રસોઈ કરી જમાડ્યા. દરબાર વેદાંતી હતા. તેથી તેમને મહારાજનો મત જાણવાની જિજ્ઞાસા થઈ અને પ્રશ્નો પૂછ્યા. મહારાજે તેમની અણસમજણ ટાળી દીધી અને પરમાત્માના સ્વરૂપનું સાચું જ્ઞાન કરાવ્યું.

સાપરથી નીકળી મહારાજ આધોઈ લાધાજીના દરબારમાં ઊતર્યા. ત્યાં એક દિવસ રોકાઈને શાહ વાઘાને ઘેર ભચાઉ પધાર્યા. અહીં લખુએ મહારાજની સારી સેવા કરી. પછી ધમડકે ગયા. અહીં રામસંગજી તથા કલ્યાણસંગજીના દરબારમાં ઊતર્યા. મહારાજ અહીં પાંચ દિવસ રહ્યા પછી ત્યાંથી દૂધઈ વિશ્રામ સુથારને ઘેર પધાર્યા.

દૂધઈથી નીકળી મહારાજ ચાંદ્રાણીમાં બ્રાહ્મણ ભક્ત જેઠાલાલ તથા હરિભાઈ અબોટીને ઘેર પધાર્યા. અહીં પાંચ દિવસ રહ્યા. પાંચ દિવસ રહીને મહારાજ ભુજનગર પધાર્યા.

મહારાજ ભુજનગરમાં

ભુજના હરિભક્તો મહારાજની રાહ જોતા હતા. જેતલપુરના યજ્ઞની તેમણે વાત સાંભળી હતી. ખોખરા મહેમદાવાદમાં અસુરોએ કરેલા ઉત્પાતની વાત તેમણે સાંભળી હતી. તેથી સૌનાં અંતરમાં હતું કે મહારાજ કચ્છમાં પધારે તો ઉપાધિની આંધી ધીમી પડે અને કચ્છના હરિભક્તોને સુખ આવે.

મહારાજનાં દર્શન કરી સૌને શાંતિ થઈ ગઈ. મહારાજે સૌને કહ્યું : “સંતો-હરિભક્તોનો સંઘ પાછળ ચાલ્યો આવે છે.”

સુંદરજીભાઈને મહારાજે કહ્યું : “અહીં ફક્ત બે દિવસ રહેવું છે. પછી ચાલી નીકળવું છે.”

તે સાંભળી સુંદરજીભાઈએ કહ્યું : “કાં મહારાજ ! આવડી ઉતાવળ ? અહીં તો હરિભક્તોનો સમૂહ છે. તેમને સુખ આપો. બધાય કેટલા દિવસથી આપનાં દર્શનની ચાતકની જેમ રાહ જોતા હતા.”

મહારાજે કહ્યું : “સુંદરજીભાઈ ! અમારે કાળની સામે ડગ ભરવા છે

---

૧. શ્રીપુરુષોત્તમલીલામૃત સુખસાગર; લેખક : સ્વામી અચ્યુતદાસજી, પાનું ૨૬૧, સં. ૨૦૩૦.

એટલે ઉતાવળ છે, બોલો પછી કેટલું રહીએ ?"

આ સાંભળી સુંદરજીભાઈએ તરત જ કહી દીધું : "મહારાજ ! અમે જ્યારે તમને રજા આપીએ, ત્યારે તમો જજો."

મહારાજ આ સાંભળી હસ્યા. પછી કહ્યું : "ભલે, એમ કરીશું. પણ હમણાં તો થોડું ફરીને પાછા ભુજ આવી જઈશું. અહીં અન્નકૂટનો ઉત્સવ કરીશું. પછી તો રાજી ને !"

સુંદરજીભાઈ રાજી થઈ ગયા. તેમણે તરત જ કહ્યું : "ભલે મહારાજ ! જેવી આપની ઈચ્છા !"

મહારાજ ભુજમાં બે દિવસ રહ્યા. રાત્રી-દિવસ કથાવાર્તામાં ગયા. સૌને અલૌકિક સુખ આપ્યું. પછી મહારાજે કહ્યું : "તમો સૌ રામપર વેકરા આવજો. ત્યાં આપણે સાત દિવસની કથા કરવી છે. સંઘને તમે તેરા મોકલજો." એટલું કહી મહારાજ ભુજથી નીકળી ગયા.

મહારાજ ભુજથી નીકળી ફરતાં ફરતાં તેરા પધાર્યા. અહીં નોંઘા સુથારને ઘેર ઊતર્યા. બીજે દિવસે સંઘ પણ આવી ગયો. સંઘ જોઈ મહારાજ અત્યંત પ્રસન્ન થયા અને કહ્યું : "ગુજરાતમાં તો માર પડતો હતો ને ઉપાધિ હતી. હવે અહીં સુખે ભજન કરો." એટલું કહીને પછી બોલ્યા : "પણ જો જો હો સાવધ રહેજો. અસુરો પીછો છોડે તેવા નથી."

આ સાંભળી સંતો-હરિભક્તોને થયું કે ઉપાધિના ઓળા હજુ આથમ્યા નથી. પરંતુ મહારાજ સાથે છે એટલે ઉપાધિનો શો ભાર છે ?

મહારાજ બીજે દિવસે સંતો-હરિભક્તોની સભા ભરી વાતો કરતા હતા. એટલામાં એક બ્રાહ્મણ ત્યાં આવ્યો. મહારાજે તેને પાસે બોલાવ્યો અને પૂછ્યું : "મહારાજ ! ક્યાં રહો છો ?"

ત્યારે તેણે કહ્યું : "અમદાવાદમાં."

એટલે મહારાજે ફરી પૂછ્યું : "અમદાવાદમાં કઈ પોળમાં ?"

બ્રાહ્મણની આંખ આ પ્રશ્નથી જરા ઝીણી થઈ. પણ તેણે તરત જ પોળનું નામ કહ્યું. એટલે મહારાજે કહ્યું : "આ તો ખરા ઠેકાણાના બ્રાહ્મણ લાગે છે. માટે એને ખાંડનું સીધું આપો."

ત્યારે બ્રાહ્મણે કહ્યું : "લાકડાં જોશે ને ?"

મહારાજે તરત જ કહ્યું : "તમે ઉતારે જાવ બધું ત્યાં પહોંચી જશે." એમ કહીને તેને ઉતારે મોકલ્યો.

આ સ્વામિનારાયણનું પાપ ક્યારે જશે ?

પછી મહારાજે ધનજી સુથારને બોલાવીને કહ્યું : "ધનજીભાઈ ! પેલો બ્રાહ્મણ નથી પણ વેરાગી છે. તેણે બ્રાહ્મણનો વેશ લીધો છે. માટે તમે સીધું અને લાકડાં લઈને જાઓ ત્યારે તેને કહેજો કે સ્વામિનારાયણે મારી બૈરીને કાંઈક કરી નાંખ્યું છે. એટલે કોઈને ચપટી લોટ પણ આપતી નથી. પણ આજે સ્વામિનારાયણે કહ્યું એટલે તમને આ સીધું આપ્યું છે. મારાં ખરેખર ભાગ્ય તમ જેવા બ્રાહ્મણ માટે મારું આ સીધું કામમાં આવ્યું !"

મહારાજે શીખવાડ્યું એટલે તે ધનજી સુથારે બ્રાહ્મણને સીધું આપવા ગયો ત્યારે કહ્યું. સીધું, લાકડાં વગેરે તે બ્રાહ્મણ પાસે મૂકીને તેણે તેને પૂછ્યું : "પણ મહારાજ ! કહો તો ખરા કે આ સ્વામિનારાયણનું પાપ ક્યારે જશે ? હું તો તોબા પોકારી ગયો છું."

બ્રાહ્મણને ધનજીની વાતમાં રસ પડ્યો. તેની વાત સાંભળી તેનું વેરાગીનું અસલ લોહી ઊકળી ઊઠ્યું. તેણે ધનજીને કહ્યું : "ફિકર મત કરના બચ્ચા ! હમ જૈસે પચાસ વેરાગી સ્વામિનારાયણ કી પીછે ફિરતે હૈં, લેકિન વો હાથ નહીં આતે !"

ધનજીએ કહ્યું : "મહારાજ ! તમે મળ્યા તે હવે જરૂર ઉકેલ આવશે."

"અરે, ઉકેલ તો આયેગા, લેકિન ઇતના આદમી ઉસકી સાથ ફિરતે હૈં તેથી લાગ આવતો નથી."

તે સાંભળી ધનજીએ કહ્યું : "તો તો મહારાજ ! મારું સીધું અલેખે જશે." એટલું કહી તે વેરાગી સામું જોઈ રહ્યો. વેરાગી બબડતો હતો.

પછી તે ઊઠીને ત્યાંથી મહારાજ પાસે આવ્યો. મહારાજને બધી વાત કરી. મહારાજ પાસે બેઠેલા ડુંગરજી પાર્ષદ આ વાત સાંભળી બોલ્યા : "મહારાજ ! તેને થોડી શિખામણ દેશું ?"

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "ડુંગરજી ! સૂબો ન ફાવ્યો, લોલંગર ન ફાવ્યો તો આ તો બિચારો એકલ દોકલ રખડતો ફરે છે તેનું શું ગજું ? જીવમાં વેર છે એટલે આવું બોલે છે પણ બીજું કાંઈ કરી શકે નહીં !"

ડુંગરજીને આથી સંતોષ ન થયો. તેણે સંકલ્પ કરી લીધો.

બીજે દિવસે પરોઢિયે ડુંગરજી પાર્ષદે તે વેરાગીનો માર્ગ રોક્યો. વેરાગીએ દૂરથી ડુંગરજી પાર્ષદને જોયા. ડુંગરજીએ પણ તેને જોયો અને બૂમ પાડી : "એ મહારાજ ! એ ભૂદેવ ! પધારો પધારો. મહારાજે તમારા માટે દક્ષિણા મોકલી છે

તે લઈને પછી જાઓ.''

વેરાગી આ સાંભળી થોડી વાર તો ઊભો રહ્યો. એટલામાં તેણે ડુંગરજીને હાથમાં ઉઘાડી તલવાર લઈને આવતા જોયા. તે મામલો સમજી ગયો. તરત જ ત્યાંથી મૂઠીયું વાળીને તે દોડવા માડયો. ડુંગરજી આ જોઈ હસવા લાગ્યા.

સૂરજ ઊગ્યો એટલે ડુંગરજી મહારાજ પાસે આવ્યા. મહારાજ સભામાં બિરાજ્યા હતા. મહારાજે ડુંગરજીને જોઈને પૂછ્યું : ''ડુંગરજી ! પરોઢિયામાં ક્યાં ગયા હતા ?''

ત્યારે તેણે કહ્યું : ''મહારાજ ! પેલા બ્રાહ્મણને દક્ષિણા દેવા ગયો હતો. પણ તે તો મને જોઈને ભાગવા માંડયો.''

આ સાંભળી મહારાજ હસ્યા. પછી કહ્યું : ''તમારા હાથમાં પેલી કાળકા હતી ને ! તે જોઈને ભાગે નહીં તો શું કરે ?''

ડુંગરજી સમજી ગયા કે મહારાજથી કાંઈ અજાણ્યું નથી.

સંતદાસજી કેમ દેખાતા નથી

પછી મહારાજે પૂછ્યું : ''આપણા સંતદાસજી દેખાતા કેમ નથી ? છ માસથી અહીં આવ્યા છે પણ દર્શન થતાં નથી.''

આ સાંભળી સૌ વિમાસણમાં પડી ગયા. ત્યાંના ભક્તોએ પણ કહ્યું : ''મહારાજ ! અહીં છ-સાત મહિના પહેલાં આવ્યા હતા પણ પછી ક્યાં ગયા તે કાંઈ ખબર પડી નહીં.''

આ સાંભળી મહારાજ ઊઠ્યા. તેમણે કહ્યું : ''ચાલો, તમને સૌને સંતદાસજી દેખાડું.'' એટલું કહી મહારાજ નોંઘા સુથારની કોઢ્યમાં પધાર્યા. અહીં ઢોર માટે ચાર્યની ગંજી કરી હતી. મહારાજે ભક્તોને કહ્યું : ''આ ગંજીના પૂળા લેવા માંડો.'' સૌ પૂળા લેવા માંડ્યા. ગંજી ઊખળતી ગઈ. બધા જ પૂળા લઈ લીધા. ત્યાં સંતદાસજી ધ્યાનમાં બેઠેલા દેખાયા. મહારાજે સૌને કહ્યું : ''જુઓ, છે ને સંતદાસજી અહીં ! તમે સૌ કહેતા હતા કે તેમને દેખ્યા નથી. એ તો અહીં ધ્યાનમાં બેસી ગયા હતા અને કોઈએ અજાણતાં આ ચાર્યના પૂળા તેમના ઉપર ખડકી દીધા તે આજે છ મહિના થયા પણ તમને કોઈને કાંઈ ખબર પડી નહીં !''

મહારાજે સંતદાસજીને જગાડ્યા. સૌને આશ્ચર્ય થયું કે સંતદાસજી છ મહિનાથી અહીં ધ્યાનસ્થ અવસ્થામાં મહારાજની મૂર્તિ ધારીને બેસી રહ્યા હતા ! તપના કોઈ સાધનથી ન થઈ શકે તેવી દેહ અને ઇન્દ્રિયો અંતઃકરણથી અતીત

અવસ્થા કેવળ મહારાજની કૃપાથી જ સંતદાસજીને સિદ્ધ થઈ હતી. આ અવસ્થામાં તેમને ફક્ત શૂન્યભાવ નહોતો વર્તતો પરંતુ અગાધ અને અમાપ એવા ચિદાકાશમાં મહારાજના દિવ્ય સ્વરૂપની મૂર્તિમાં તેઓ સંલગ્ન બની ગયા હતા !

આ.સં. ૧૮૬૬ની સાલ બેઠી. બીજે દિવસે મહારાજ ત્યાંના વૈષ્ણવ મંદિરમાં કથા વંચાતી હતી ત્યાં પધાર્યા. ગોંસાઈએ મહારાજને ચંદન ચર્ચવા માટે કટોરો લીધો પણ પ્રાગજીએ તે લઈ લીધો. પછી ઓરસિયો સાફ કરી બીજું ચંદન ઘસ્યું. તે કટોરો તેણે આત્માનંદ સ્વામીને આપ્યો. તેમણે મહારાજને ચંદન ચર્ચ્યું. પછી પ્રાગજી ભક્તે ચર્ચ્યું. કાલીયમર્દનની કથા ચાલી ત્યાં સુધી મહારાજ ત્યાં બેઠા. પછી ઊઠ્યા.

ઉતારે જતાં રસ્તામાં પ્રાગજી ભક્તે મહારાજને કહ્યું : "મહારાજ ! આજ તો દરબાર પૂછતા હતા કે આ આષાઢ બેઠો અને વરસાદના વાવડ કેમ ક્યાંઈ નથી ?" મહારાજ નિરુત્તર રહ્યા.

મહારાજ ઉતારે પધાર્યા ત્યાં તેમણે ઉદેપુર મોકલાવેલ મંડળમાંથી એક સાધુ છૂટો પડીને આવેલ તેને જોયો. મહારાજે તેને જોઈને પૂછ્યું : "આવો મહાત્મા ! સત્સંગના શું સમાચાર છે ?"

તે સાંભળી ધ્યાનાનંદ સ્વામી બોલ્યા : "મહારાજ ! આજથી નવો સત્સગ કરવો છે."

એટલે મહારાજે તેમને કહ્યું : "ભલે બહુ સારું, તમે આ નિર્વિકલ્પાનંદ જોડે રહેજો."

પછી મહારાજે આત્માનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! તમારે અમારી ભેળા ચાલવાનું છે. આ ધ્યાનાનંદ અને નિર્વિકલ્પાનંદ ભલે ભેળા રહે !"

આત્માનંદ સ્વામી મહારાજનું મર્મવચન સમજી ગયા.

આજ્ઞા લોપીને કેમ આવ્યા

બીજે દિવસે મહારાજ ધનજી સુથારને ઘેર પધાર્યા. સંતોને માટે ઓરડી રાખી હતી એટલે મહારાજ સાધુને ઓરડે પધાર્યા. ત્યાં વિશ્વાસચૈતન્યાનંદ સ્વામીને જોઈ મહારાજે તેમને પૂછ્યું : "અમે તમને કહ્યું હતું કે તમારે દેહપર્યંત સુરત રહેવું, તે આજ્ઞા લોપીને અહીં કેમ આવ્યા ?"

એટલે તેમણે કહ્યું : "અમને તો સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું કે મહારાજનાં દર્શન કરવા જાઓ."

મહારાજ મંદમંદ હસવા લાગ્યા. તેમણે કહ્યું : "સ્વરૂપાનંદ સ્વામીએ તમને આજ્ઞા કરી કે તમે તેમની પાસે આજ્ઞા કરાવી ?"

વિશ્વાસચૈતન્યાનંદ કાંઈ બોલી શક્યા નહીં. મહારાજની અંતર્યામી શક્તિનું અંતરમાં વિસ્મરણ થઈ જાય છે અથવા કોઈ રાગ કે સંકલ્પના જોરે તે શક્તિની ઉપેક્ષા થાય છે ત્યારે મહારાજની આજ્ઞાની અવજ્ઞા થઈ જાય છે. મહારાજ આજ્ઞા પળાવવામાં કઠણ હતા. મહારાજ કહેતા કે એ પ્રકારના અનુશાસન વિના જીવ કેવળ વિષયનો કીડો થઈ રહે.

તમારે આત્માનું અભિમાન નથી ?

એટલામાં ત્યાં ગોવિંદ સ્વામી આવ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! તમારી આજ્ઞા બરાબર પાળીએ છીએ તો ઉપવાસ ઘણા પડે છે અને તે કઠણ પડે છે."

એટલે મહારાજે તેમને કહ્યું : "ભલે, તો તમારે સ્ત્રી અડી જાય તોય ઉપવાસ ન કરવો."

આ સાંભળી ગોવિંદ સ્વામી મૂંઝાયા. તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! હું મારી વાત નથી કરતો. હું નૃસિંહાનંદ સ્વામીની વાત કરું છું. એ એવું કહે છે."

મહારાજે તરત જ કહ્યું : "તો તેને પણ છૂટ અને તમારે પણ છૂટ. હવે કાંઈ કહેવું છે ?"

પછી ધીરે રહીને કહ્યું : "આ ઢૂંઢિયા બબ્બે માસના ઉપવાસ કરે છે તેમને કઠણ પડતું નથી અને તમને એક-બે ઉપવાસ પડે તે કઠણ પડે છે !?"

મહારાજની આજુબાજુ સંતો બેસી ગયા હતા. તેમણે ઢૂંઢિયાની વાત સાંભળી મહારાજને કહ્યું : "મહારાજ ! એ તો દેહાભિમાની છે તે દેખાડવા કરે છે અને કહે છે કે અમે અઠ્ઠાઈ કરી, અમે વરસી તપ કર્યું !"

"તો તમને નારદ, સનકાદિકનું અભિમાન નથી ? તમારા આત્માનું અભિમાન નથી ? એવા મોટા મોટા આગળ તપ કરી ગયા તેમનું ગૌરવ સમજીને એ માર્ગે ચાલવું જોઈએ ને ! તમારા આત્માનું અભિમાન જો રાખતા થશો તો આત્મામાં કેટલું બળ છે તે જણાશે. કાંઈ કઠણ નહીં પડે." મહારાજે ઠપકો આપતાં આપતાં કહ્યું.

વરસાદ જીવન છે

થોડા દિવસો પછી મહારાજ તેરેથી નીકળી કાળા તળાવ પધાર્યા.

આત્માનંદ સ્વામી સાથે હતા. અહીં મહારાજ ભીમજી સુથારને ઘેર ઊતર્યા. તેનું ઘર નાનું, નાનો ઢોલિયો સમાય તેવું અને છાપરું પણ નીચું. પણ મહારાજ બિરાજ્યા અને બ્રહ્મમય તે બની ગયું ! અધોર્ધ્વ અને પ્રમાણેરહિત દિવ્ય, સચ્ચિદાનંદ એવા પોતાના અક્ષરધામમાં બિરાજમાન પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પૃથ્વી ઉપર પ્રગટ થયા. પોતાના ભાવિક ભક્તોના મનોરથો પૂર્ણ કરવા, તેમના ગાર્ય-માટીના ઘરમાં રહ્યા. તેને અક્ષરધામ તુલ્ય બનાવી દીધાં અને માયા વેષ્ટિત જીવોને વળગેલું માયાનું આવરણ પોતાના અક્ષરબ્રહ્મના મૂર્તિમાન સંબંધે ટાળી દીધું. મહારાજની આ અકારણ અને અદ્‌ભુત દયા-કરુણાના સ્રોતથી જ જીવોને મોક્ષ માટેની અન્ય સાધનાની અપેક્ષા ટળી ગઈ હતી.

મહારાજ ઢોલિયા ઉપર બિરાજ્યા. આત્માનંદ સ્વામી મહારાજને વીંજણો ઢોળવા લાગ્યા. મહારાજ ઘડીક તેમના સામું દૃષ્ટિ કરતા અને વળી આકાશ સામું દૃષ્ટિ કરતા. એટલામાં આકાશમાં વાદળનો ઘટાટોપ થયો. થોડી વારે તો વરસાદનાં મોટાં ફોરાં પડવા લાગ્યાં. મહારાજે આત્માનંદ સ્વામી સામું જોતાં કહ્યું : "વરસાદ થયો ને ? આપણે તેરા છોડ્યું ને વરસાદ થયો !"

એટલામાં હરિભક્તો મહારાજનાં દર્શન કરવા આવવા લાગ્યા. તેમને સૌને મહારાજ વારાફરતી પૂછવા લાગ્યા : "વરસાદ થયો ?"

એટલે તેઓ કહેતા : "હા મહારાજ ! વરસાદ થયો !"

એટલે મહારાજ ફરી પૂછતા : "લોકોને શાંતિ થાય એવો થયો ?"

એટલે તેઓ કહેતા : "હા મહારાજ ! શાંતિ થઈ ગઈ !"

આ સાંભળી મહારાજના મુખ ઉપર પ્રસન્નતાના ભાવ દેખાયા. તેમણે કહ્યું : "જેમ ભગવાન એ જીવનું જીવન છે, તેમ વરસાદ એ લોકોનું જીવન છે. તેના ઉપર રિદ્ધિ-સિદ્ધિનો આધાર છે."

રવજી સુથારે આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું

બીજે દિવસે રવજી સુથાર પોતાને ઘેરથી મહારાજની રસોઈ માટે સીધું લઈ આવ્યા. સીધા-સામગ્રી ઘરમાં આપીને તેઓ પાછા વળતા હતા ત્યારે મહારાજે તેમના સામું જોયું. એટલે તે પાછા વળ્યા. મહારાજે તેને પૂછ્યું : "રવજી ! પ્રભુ સાંભરે છે ?"

ત્યારે તેણે કહ્યું : "મહારાજ ! કોઈ કોઈ વખત સાંભરે છે."

તે સાંભળી મહારાજે પાસે બેઠેલા હરિભક્તોને કહ્યું : "જોયું ને ! આ

રવજી બ્રહ્મમોહોલમાં જતા અને બીજાને પણ તેડી જતા. પણ આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું એટલે આ દશા થઈ ગઈ !"

એટલે એક હરિભક્તે પૂછ્યું : "મહારાજ ! શી આજ્ઞા લોપી ?"

રવજી તો આ બધું સાંભળીને નીચું જ જોઈ રહ્યો હતો. મહારાજે કહ્યું : "આ રવજીને અમે પહેલાં રામાનંદ સ્વામી પાસે જોયા ત્યારથી અમારું મન તેને જોઈ ઠરી ગયું હતું. પછી વળી જ્યારે રામાનંદ સ્વામીએ કહ્યું કે તે બાળ બ્રહ્મચારી છે તે સાંભળીને તો અમને વિશેષ આનંદ થયો. અમે ફરી કચ્છમાં આવ્યા ત્યારે એમ થયું કે રવજી જો કચ્છમાં ફરે અને સત્સંગ કરાવે તો કચ્છમાં સત્સંગ સારો જામે. તેથી અમે તેને કહ્યું : "તમે કચ્છ દેશમાં ફરો અને જે અમારો પ્રતાપ છે તેવો તમારો પ્રતાપ થશે. પણ એવું ઐશ્વર્ય પામીને છકી જશો નહીં. ચાર વાનાં કરશો નહીં." એટલું કહીને મહારાજ અટક્યા. રવજી સામું જોવા લાગ્યા. પણ તે તો નીચું જ જોઈ રહ્યો હતો.

સભા આ સાંભળી સ્થિર થઈ ગઈ હતી. મહારાજની આટલી દૃષ્ટિ પડી છતાં રવજીએ કઈ આજ્ઞા લોપી તે જાણવાની સૌને જિજ્ઞાસા થઈ હતી. તેથી એક હરિભક્તે પૂછ્યું : "મહારાજ ! કયા ચાર વાનાં ન કરવાની આપે આજ્ઞા આપી હતી ?"

મહારાજે તરત જ કહ્યું : "ભગવાનને પ્રતાપે જ્યારે જીવને ઐશ્વર્ય મળે છે ત્યારે તે ઐશ્વર્યના કેફમાં જીવ પોતે જ જાણે ભગવાન હોય તેમ વર્તવા માંડે છે ! તે ઐશ્વર્યને જીરવવાની તેનામાં શક્તિ રહેતી નથી. તેથી પોતે જ પોતાને સ્વયં ભગવાન માને છે અને મનાવે છે. સત્સંગમાં આવીને શુદ્ધ વર્તન કેળવવા માટે અમે જે જે આજ્ઞાઓ આપી હોય તે પોતાના શિષ્યો માટે છે, પણ પોતાને માટે નથી એમ માની તેનું ઉલ્લંઘન કરે છે. રવજીનું પણ એવું થયું છે. અમે તેને કહ્યું હતું કે ઝીણાં વસ્ત્રો પહેરશો નહીં, કોઈએ રાંધી આપેલ થાળ જમશો નહીં, બાઈઓની સભામાં વાતો કરશો નહીં."

આ સાંભળી હરભમ સુથારે કહ્યું : "મહારાજે તો તેના માથે કૃપા કરી પણ તેનાં કરમ ફૂટ્યાં એટલે તે કચ્છમાં તો ચાર-પાંચ દિવસ જ ફર્યો પણ પછી કાઠિયાવાડ ભેગો થઈ ગયો. ત્યાં લોકોને સમાધિ કરાવવા લાગ્યો. સત્સંગી બાઈઓ તેના ચમત્કારો જોઈ તેને માટે થાળ લાવે, તેને જમાડે, તે પોતે તેમને બેસારીને વાતો કરે. અંગ દેખાય એવાં ઝીણાં વસ્ત્રો પહેરે. એટલું ઓછું હતું તેમાં વળી ઢૂંઢિયા સભામાં આવે ત્યારે તેના અંતરમાં પ્રવેશ કરી તેના વિચારો,

સંકલ્પો જોવા માંડ્યા. ઢૂંઢિયાના અંતરમાં કાંઈ ભગવાન હોય ? તેને તો કર્મનું જ કૂટણું હોય. આ બધા પાપે રવજી મહારાજને ભૂલી ગયો અને તેની આ દશા થઈ !'' તેના ભાઈએ વરાળ કાઢી.

સુંદરજીભાઈ પણ સભામાં હતા. તેમણે જાણે આ ઈતિહાસ અધૂરો હોય તેથી તેમાં ટાપસી પુરાવી : ''એ તો મને ખબર પડી એટલે મેં મહારાજને કાગળ લખી વાલજી સુથાર સાથે મોકલ્યો. મહારાજને તે કાગળ તેણે કુંડળ મામૈયા પટગરને ત્યાં પહોંચાડી આપ્યો. મહારાજ સમજી ગયા. મહારાજે સભામાં કહ્યું : 'રવજી તો પ્રભુ થઈ પડ્યો છે.' એટલે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : 'મહારાજ ! આજથી જ તેની સિદ્ધિ ગઈ. હવે તો તે રંધો ને વાંસલો ફેરવતો થઈ ગયો.''

રવજી શાંતિથી પોતાની કથની સાંભળી રહ્યો હતો. તેના અંતરમાં પશ્ચાત્તાપનો અગ્નિ પ્રગટ થઈ ચૂક્યો હતો. તેણે મહારાજની માફી પણ માગી હતી. છતાં તેને અતરમા બળતરા રહેતી કે પોતાનું સ્વરૂપ જીવોને ઓળખાવવા, તેમને સત્સંગને રસ્તે ચડાવવા મહારાજે મારા ઉપર દૃષ્ટિ કરી, મને ઐશ્વર્ય આપ્યું; તેમના કાર્યમાં ટેકા રૂપ થવા માટે મને સેવા કરવાની, ભક્તિ કરવાની તક આપી; અને હું અભાગિયો મહારાજનો સમોવડિયો થયો ! પૂર્ણ પુરુષોત્તમ નારાયણની સામે મેં હામ ભીડી ! છતાં મહારાજે મારા ઉપર દયા કરી હરભમને મારો વહેવાર સાચવવાની ભલામણ કરી.

રવજી વિચારના વમળમાં પડી ગયો. મહારાજે તેને જગાડ્યો.

રવજી ! હવે રોટલાનું કેમ છે ?

મહારાજે તેને પૂછ્યું : ''રવજી ! હવે રોટલાનું કેમ છે ?''

ત્યારે તેણે હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! ખેતરે સાંતી હાંકવા જાઉં છું ત્યારે રાતનો વધેલો રોટલો બાંધી જાઉં છું. જો કાંઈ ન વધ્યું હોય, તો પાણી પી લઉં છું.''

એટલે મહારાજે કહ્યું : ''ઘરવાળી નથી ?''

રવજીએ નિઃસાસો નાખ્યો. તેણે કહ્યું : ''મહારાજ ! તે તેના માવતરે ગઈ છે અને અહીં હોય તોપણ હું જે કહું તેથી ઊંધું જ કરે. રોટલા કરવાનું કહું તો ખીચડી કરે અને કાંઈક હવેજ મસાલો નાખી સારી રસોઈ કરવાનું કહું, તો કહે : ભગત થઈને સવાદ શાના થાય છે ?''

રવજી નીચું જોઈને બોલતો હતો. મહારાજ તે સાંભળી હસતા હતા. પછી મહારાજે કહ્યું : "રવજી ! તને ઘરવાળી ખરી માથાની મળી છે. આના કરતાં તો સાધુ થઈ જા તો સારું !"

આ સાંભળી રવજીની ભાભી અંદરથી બોલી : "તેને માથાની તો તમે કરી દીધી છે. તેને માથે બે જમપુરી કહી એટલે રોઈ રોઈને બોર બોર જેવડાં આંસુ આખી રાત પાડ્યાં. સવારે તમારી પાસે આવી ત્યારે તમે જ તેને આવું કરવું તે નો'તું શીખવાડ્યું ?"

આ સાંભળી મહારાજ હસવા લાગ્યા. મહારાજે કહ્યું : "રવજીના દેખતાં આવી વાત ન કરાય !"

પછી મહારાજે રવજીને પૂછ્યું : "સાધુ થવું છે ?"

એટલે તેણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! તમારી આજ્ઞા હોય તો સાધુ થઈ જાઉં." એટલું કહ્યું એટલે મહારાજે તરત જ તેને દીક્ષા આપી અને રામદાસ નામ પાડ્યું.[૨]

પડી વસ્તુ કોઈની હાથ ન ઝાલે રાજ

એટલામાં સાધુની મંડળી આવી. મૂળજી બ્રહ્મચારી પણ ભેગા હતા. એક સાધુએ મહારાજ પાસે આવી કેરી મૂકી. એટલે મહારાજે તે સાધુને પૂછ્યું : "આ કેરી ક્યાંથી લાવ્યા ?"

ત્યારે તેણે કહ્યું : "અમે આંબા તળે સૂતા હતા તે ઊઠ્યા ત્યારે કેરી પડી હતી એટલે તે લીધી."

મહારાજ આ સાંભળી રહ્યા. પછી પૂછ્યું : "આ દેશમાં કેરીની છત ખરી ?"

ત્યારે ભક્તોએ કહ્યું : "મહારાજ ! આ દેશમાં તો આંબા ભાગ્યે જ ઊછરે. અહીં છત કેવી ?"

તે સાંભળી મહારાજે પૂછ્યું : "અહીં કોઈના આંબાની આમ પડેલી કેરી લેતાં આંબાનો રખેવાળ દેખે તો શું કરે ?"

"એ તો મારે જ. એમ નો લેવા દે." એક હરિભક્તે કહ્યું.

મહારાજે આ એક કેરીની વાત આટલી કેમ લંબાવી તે કોઈને સમજાયું નહીં. પછી મહારાજે કહ્યું : "જ્યાં કેરીની છત હોય અને રખોપું ન હોય ત્યાંથી પડેલી કેરી લે તે ચોરી ન કહેવાય. પણ જ્યાં અછત હોય, રખોપું હોય ત્યાંથી

---

૨. શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૩જો, વાત-૪૪૩ના આધારે.

પડેલી કેરી લેવી તે પણ પાપ ! માટે આજથી આપણે સૌ નિયમ લ્યો કે જમીન ઉપર પડેલી વસ્તુ ઉપાડવી નહીં.''

સૌ આ સાંભળી રહ્યા. અજાણતાં, અણસમજ્યા આવાં કેટકેટલાં પાપ આપણે કરતા હોઈશું ? જીવનશુદ્ધિ એ સત્સંગનો પાયો છે. મહારાજને આવું અણિશુદ્ધ જીવન ખપતું હતું. સત્સંગ અને જીવનવ્યવહાર એ બંને એક અને અભિન્ન હોવાં જોઈએ. સત્સંગને અનુરૂપ જીવનવ્યવહાર હોવો જોઈએ. આવો પદાર્થપાઠ મહારાજ શિખવાડવા માગતા હતા.

સર્વોપરી નિષ્ઠા કર્યા સિવાય અક્ષરધામની પ્રાપ્તિ નહીં જ થાય

સાંજે મહારાજ બહાર ગાડા ઉપર ગાદલું નખાવીને બિરાજમાન થયા. આત્માનંદ સ્વામીને પણ પોતાની બાજુમાં બીજા ગાડા ઉપર બેસાર્યા. પછી તેમને કહ્યું : ''હવે પ્રગટની વાત કરો.'' એટલે આત્માનંદ સ્વામીએ મહારાજના મહિમાની વાતો કરી. સૌ હરિભક્તોને આત્માનંદ સ્વામીની વાતો સાંભળી આનંદ તો થયો પરંતુ મહારાજના સર્વોપરી સ્વરૂપના મર્મની વાતો ન આવી તેથી મનમાં વિચાર કરતા થયા. તેમનો ભાવ જાણી મહારાજે કહ્યું : ''અમારા સ્વરૂપનો યથાર્થ મહિમા જાણ્યા સિવાય કદાચ દેહ પડી જશે તો ફરી સત્સંગમાં જન્મ લેવો પડશે. પણ સર્વોપરી નિષ્ઠા દૃઢ કર્યા સિવાય અક્ષરધામની પ્રાપ્તિ નહીં જ થાય. આત્માનંદ સ્વામીને પણ એવી નિષ્ઠા અમારા સાધુ કરાવશે.''

ભજનમાં સિદ્ધ આસને બેસવું

બીજે દિવસે આત્માનંદ સ્વામી ભજનમાં બેઠા હતા. મહારાજ ત્યાં પધાર્યા અને તેમને ભજનમાં બેઠેલા જોઈ પૂછ્યું : ''સ્વામી ! કેવી રીતે ભજન કરો છો ?''

તેમણે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ ભજન કરું છું.''

પછી મહારાજે કહ્યું : ''જે રીતે ભજન કરતા હો તેમ અમને કરી દેખાડો.'' એમ કહીને પોતે તેમની સામે બાજોઠ ઉપર બેઠા. હાથમાં મોર પીંછની ચમરી હતી. આત્માનંદ સ્વામી મહારાજ તરફ સ્થિર દૃષ્ટિ કરી ભજન કરવા લાગ્યા. મહારાજ વારંવાર મોર પીંછની ચમરી તેમના મોં આગળ ફેરવે પણ તે મટકું મારતા નહીં. એમ સ્થિર દૃષ્ટિથી મહારાજ તરફ જોતાં તેમની આંખમાંથી, નાકમાંથી પાણી નીકળવા લાગ્યાં. તે જોઈ મહારાજે કહ્યું : ''ભલે

આંખ ફૂટી જાય પણ મટકું મારશો નહીં !" સ્વામી પણ ખરા શ્રદ્ધાવાન હતા. પછી મહારાજે તેમને કહ્યું : "પહેલાં આસન જીતો, આસન સ્થિર થશે પછી ભજન સહેજે જ થશે. માટે ભજનમાં બેસવું ત્યારે સિદ્ધ આસને બેસવું."

ગૌમુખી ગંગાનું માહાત્મ્ય

મહારાજ કાળા તળાવથી નીકળી સીધા રામપર પધાર્યા. અહીં રુકમાવતી નદીના કિનારે ગૌમુખી ગંગાના ઘાટ ઉપર મહારાજે કથા કરવાનો વિચાર કર્યો હતો. જ્યાં જ્યાં પોતે પધાર્યા હતા ત્યાં તેમણે રામપર કથામાં આવવાનું આમંત્રણ આપ્યું હતું. તે પ્રમાણે હરિભક્તોનો સમૂહ અહીં આવી ગયો હતો. સ્થાન રમણીય હતું. પાસે ગંગાજી ખળ ખળ વહેતાં હતાં. મહારાજે ગંગાજીનું નિર્મળ નીર જોઈ મુકુન્દ બ્રહ્મચારીને કહ્યું : "બ્રહ્મચારી ! ભવિષ્યમાં આ ગંગાજીનો મહિમા ખૂબ વધશે. તેમને અમારો સંબંધ થયો છે. અમે તેમાં સ્નાન કર્યું છે. તેથી જે જે જીવો આ ગંગાજીમાં સ્નાન કરશે તેમનાં તમામ પાપ બળી જશે અને જીવો શુદ્ધ થઈ જશે. વળી, અમારી મૂર્તિનું ચિંતવન કરતાં કરતાં જો કોઈ સ્નાન કરશે તો તેને અમારાં ચરણારવિંદની પ્રાપ્તિ થશે."

પછી મહારાજે સૌ સંત-હરિભક્તો સાથે ગંગાજીમાં સ્નાન કર્યું. સ્નાન કર્યા બાદ મહારાજ ત્યાં મહાદેવનાં દર્શન કરવા પધાર્યા. સૌ સંતો-હરિભક્તો પણ સાથે હતા. દર્શન કરી મહારાજ ચોતરા ઉપર પોતાનું નિત્ય કર્મ કરવા માટે દર્ભના આસન ઉપર પૂર્વાભિમુખે બિરાજમાન થયા. પોતે દિવ્ય અક્ષરધામના પતિ છે, આધાર છે, આત્મા છે અને અનંત દિવ્ય અક્ષરમુક્તો જેમનું પૂજન અર્ચન સદા કરે છે, છતાં મુમુક્ષુઓની શિક્ષાને અર્થે આ પ્રકારે નિત્યવિધિ સદા કરતા. મહારાજ નિત્યવિધિ પતાવીને ત્યાં જ બિરાજ્યા અને તેમના સન્મુખ સંતો-હરિભક્તો બિરાજી ગયા. આવી રીતે ગંગાજીના કિનારા ઉપર દિવ્ય સભા યોજાઈ ગઈ.

આપના દિવ્ય સ્વરૂપનું જ્ઞાન કેમ થાય

તે વખતે સભામાં મુકુન્દાનંદ વર્ણીએ મહારાજને પૂછ્યું : "હે મહારાજ ! આપ અષ્ટ આવરણ પાર એવું જે દિવ્ય અક્ષરધામ તેના પતિ છો, સર્વોપરી ભગવાન છો, તો આપના આવા દિવ્ય સ્વરૂપનું મુમુક્ષુઓને શી રીતે જ્ઞાન થાય ?"

આ પ્રશ્ન સાંભળી મહારાજે કહ્યું : "હે મુકુન્દાનંદ વર્ણી, રામકૃષ્ણાદિક

સર્વ અવતારના અવતારી અને સર્વેના નિયંતા ને સદા સાકાર, દિવ્ય દ્વિભુજ મૂર્તિ અને અનંત જીવોનો ઉદ્ધાર કરવાને અર્થે મનુષ્ય સ્વરૂપે વિચરતા એવા અમારા દિવ્ય સ્વરૂપનું જ્ઞાન તો અમારા એકાંતિક ભક્તના સમાગમે કરીને થાય છે. તે એકાંતિક ભક્ત કેવા છે ? જે નિરંતર અમારી આજ્ઞાને વિષે વર્તે છે, અમારાં જે સર્વ ચરિત્ર તેનું રાત્રી-દિવસ ગાન કર્યા કરે છે, અને ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણે અંગે સહિત અમારા સ્વરૂપની ભક્તિ નિરંતર કરે છે. અમારા એકાંતિક ભક્ત એવા હોય. તેમના સમાગમથી જ અમારા પુરુષોત્તમ સ્વરૂપનો નિશ્ચય થાય છે.

"હું કેવો છું ? તો આ મારાં ચરણારવિંદના અંગૂઠે કરીને અનંત કોટિ બ્રહ્માંડોને ડગાવવા સમર્થ છું ને બદ્ધ, મુક્ત, નિત્યમુક્ત ને અક્ષરધામ તે પર્યંત કોઈ પણ મારા મહિમાના પારને નથી પામતા, એવો હું છું. આવી રીતનો જે અમારો મહિમા તેનું અહોનિશ શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરતા એવા સંતનો સમાગમ કરીને અમારા સ્વરૂપનો દૃઢ નિશ્ચય જે કરે છે, તેના હૃદયને વિષે અમે નિરંતર નિવાસ કરીને રહીએ છીએ."

પુરુષોત્તમગીતા સર્વોપરી છે

આ પ્રકારે મહારાજે પોતાના પુરુષોત્તમ સ્વરૂપનો મહિમા કહ્યો. સતત પંદર દિવસ સુધી મહારાજે અહીં પોતાના સ્વરૂપની, એકાંતિક ધર્મની, ઉપાસનાની અને સાંખ્ય, યોગ વગેરેની વાતો કરી સર્વ હરિભક્તોને પોતાના સ્વરૂપનું અપાર સુખ આપ્યું. મહારાજના શ્રીમુખે કહેવાયેલી આ દિવ્ય વાતોને મહારાજે 'પુરુષોત્તમગીતા' કહી અને કહ્યું : "જેવો અમારો મહિમા છે, તેવો જ આ પુરુષોત્તમગીતાનો પણ મહિમા છે. હંસગીતા, નારદગીતા, સતીગીતા, અર્જૂનગીતા, પાંડવગીતા, રૂપગીતા, રામગીતા, તુલસીગીતા, લક્ષ્મણગીતા, વ્યાસગીતા, ગણેશગીતા, શિવગીતા, હનુમાનગીતા, ગુરુગીતા, કપિલગીતા અને ભગવદ્‌ગીતા એ આદિક સર્વ ગીતા કરતાં આ ગીતા સર્વોપરી છે."

પછી મહારાજે કહ્યું : "સંતો ! સાંભળો. અહીં આપણે પંદર દિવસ સુધી શ્રીમદ્‌ભાગવતની પારાયણ કરી. તેમાં અમે તમને અમારા સ્વરૂપની, એકાંતિક ધર્મની ઘણી વાતો કરી. તે વાતોનો જેટલો મહિમા છે તેવો જ આ સ્થાનનો, આ ગંગાજીનો પણ મહિમા છે. આ ગંગાજીના કાંઠે સીતાજીની શોધ કરવા રામચંદ્ર ભગવાન નીકળ્યા હતા ત્યારે તેમણે એક માસ પર્યંત અહીં તપ કર્યું હતું.

શ્રીકૃષ્ણ ભગવાન પણ જ્યારે જરાસંધ આગળ અઢારમી વાર હારીને ભાગ્યા, ત્યારે આ ગંગાજીને કાંઠે તેમણે ઘણા માસ પર્યંત નિવાસ કર્યો હતો ! અને અમે પણ અહીં ઘણી વખત આવ્યા છીએ, આ ગંગાજીમાં સ્નાન કર્યું છે અને આ વખતે અહીં પંદર દિવસની કથા પણ કરી. તો તમો સર્વે આ સ્થાન, આ ગંગાજી અને અમારા સર્વોપરી સ્વરૂપની દિવ્ય વાતો અંતરમાં સંઘરી રાખજો.''

✧

બીજે દિવસે મહારાજ રામપરથી નીકળી આસંબીએ પધાર્યા. ત્યાં રાત રહ્યા. સવારે ત્યાં સરોવરમાં સ્નાન કરી, હરિભક્તને ઘેર થાળ જમી ગામ કોડાઈ પધાર્યા અને ત્યાંથી માંડવી બંદર પધાર્યા.

આ.સં. ૧૮૬૬નો શ્રાવણ ઊતર્યો અને મહારાજ ભુજ પધાર્યા. સુંદરજીભાઈને મહારાજે કહ્યું : ''સુંદરજીભાઈ ! હવે તમે કહેશો તેટલા દિવસ અમે તમારે ત્યાં રહીશું. તમે રજા આપશો ત્યારે જ જઈશું. અમારે અહીં અન્નકૂટનો ઉત્સવ કરવા વિચાર છે.'' સુંદરજીભાઈ આ સાંભળી રાજી થયા.

ભુજમાં અન્નકૂટોત્સવની તૈયારીઓ : આ.સં. ૧૮૬૬

શ્રીજીમહારાજે સુંદરજીભાઈ તથા હીરજીભાઈને કહ્યું : ''તમારા સંકલ્પે અમે અહીં અન્નકૂટનો ઉત્સવ કરવાના છીએ. તો દેશદેશાંતરમાં કંકોત્રી મોકલો. સાધુનાં મંડળો તેડાવો.''

સુંદરજીભાઈ મહારાજની આ આજ્ઞા સાંભળી બહુ જ રાજી થયા. પોતાના ઘેર આવો અદ્‌ભુત ઉત્સવ થાય, સંત-હરિભક્તનાં જૂથ આવે અને મહારાજ પ્રસન્ન થાય તેથી બીજું રૂડું શું ? તેમણે મહારાજની આજ્ઞા પ્રમાણે તરત જ દેશદેશાંતરમાં કંકોત્રી લખી દીધી. કેટલીક જગ્યાએ ઘોડેસવારો તથા ખેપિયા પણ મોકલ્યા. કચ્છમાં પણ સૌ હરિભક્તોને ખબર આપી દીધી.

ભુજમાં અન્નકૂટ ઉત્સવ મહારાજ કરવાના છે તે સમાચારની કંકોત્રી ગામોગામ જેમ જેમ હરિભક્તોને મળતી ગઈ તેમ તેમ ભક્તોનાં વૃંદો તથા સંતમંડળો પણ ભુજ તરફ આવવા લાગ્યાં. રસ્તામાં ભક્તોના સંઘ ભેગા થઈ જતાં અને સૌ એકબીજાને 'જય સ્વામિનારાયણ' કહી મહારાજ માટે શું શું ભેટો લીધી છે, તે પૂછતા. હરિભક્તોને ઉત્સાહ હતો, પ્રેમ હતો. મહારાજ પ્રત્યે ભક્તિ હતી. તેથી સૌએ પોતપોતાની શક્તિ પ્રમાણે મહારાજ માટે વસ્ત્રો, આભૂષણો, કેસર, કસ્તુરી, અત્તર, અનેક પ્રકારના મેવા, મીઠાઈ વગેરે લીધાં હતાં. પરંતુ

માર્ગમાં ચોર-લૂંટારાનો ભય હતો, તેથી વાત કરતાં સૌ ડરતા. ધીમા સાદે વાત કરતા. અને ઉત્સાહમાં જો મોટેથી બોલી જવાય તો બીજા ભક્તો તેમને ચેતવી દેતા. આમ, મહારાજનું સ્મરણ કરતા, તેમની સેવા-ભક્તિ કરવાના કોડ સેવતા હરિભક્તોના સંઘ ભુજનગર પ્રત્યે આવી રહ્યા હતા.

સંતો પણ પોતાની ઝોળીઓ, પુસ્તકો વગેરે ખભે લઈને 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' મંત્રનો જાપ કરતા રામબાણના વેગ કરતાં પણ મહારાજનાં દર્શનની અધીરાઈથી વધુ વેગથી ચાલતા હતા. નાસાગ્ર દૃષ્ટિ રાખીને ચાલ્યા આવતા આ સંતોને રસ્તામાં કાંટા વાગતા, કાંકરા વાગતા, ખાડામાં પણ અચાનક પગ પડતા, એવે વખતે કેવળ 'સ્વામિનારાયણ' ઉચ્ચારણ ઉચ્ચ સ્વરે કરી આગળ ચાલ્યે જ જતા હતા. પરંતુ આ વિઘ્નોથી તેમની ગતિમાં વિક્ષેપ પડતો નહીં. ચાલતાં ચાલતાં માધાપુર, ફકીરવાડું, ગઢડું, રતિયા વગેરે ભુજનગરના શાખાનગરોમાં આવી પહોંચ્યા. રાત પડી ગઈ હતી એટલે રાતવાસો ત્યાં જ રહી 'સવારે મહારાજનાં દર્શન થશે, મહારાજ હેતે કરીને મળશે, છાતીમાં ચરણારવિંદ આપશે, માથે હાથ મૂકશે' વગેરે સંકલ્પો કરતા તે તે શાખાનગરોમાં રાત રહ્યા.

ભુજમાં હીરજીભાઈ, સુંદરજીભાઈ, ગંગારામ, રણછોડભાઈ વગેરે હરિભક્તોને લઈને મહારાજ પાકશાળામાં રાત્રે પધાર્યા. પકવાનો કયાં કયાં બનાવ્યાં છે તે પૂછ્યું. કેટલાં બનાવ્યાં છે તે પણ પૂછ્યું. પછી હીરજીભાઈને કહ્યું : "સંતો અને હરિભક્તોનાં મંડળો ઘણાં આવશે માટે જો સામગ્રી ઓછી કરી હશે તો ખૂટશે."

એટલે હીરજીભાઈએ હાથ જોડીને કહ્યું : "મહારાજ ! આપની આજ્ઞા પ્રમાણે જ તમામ સામગ્રી બનાવી છે. માટે ખૂટવાડવું કે વધારવું તે આપના હાથમાં છે."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "ઠાકોરજી આગળ પકવાનો ધરીશું અને તે દૃષ્ટિ કરશે એટલે ખૂટશે નહીં. ભક્તની લાજ જશે નહીં."

આ સાંભળી સૌ રાજી થયા.

પછી મહારાજ ઉતારે પધાર્યા. ત્યાં ગોડી બોલી, સંધ્યા આરતી કરી. પછી સ્નાન કરી જમવા પધાર્યા. મૂળજી બ્રહ્મચારીએ દૂધ, ભાત અને સાકરનો થાળ તૈયાર રાખ્યો હતો. મહારાજ તે જમ્યા અને ચળું કરી ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી સુંદરજીભાઈ તથા અન્ય ભક્તોને બોલાવીને કહ્યું : "સવારે વહેલાં

તૈયાર થઈ જજો. સંતો આવે છે. તેથી આપણે સામે જવું પડશે.''

સૌ આ સાંભળી રાજી થયા.

બીજે દિવસે વહેલી સવારે હીરજીભાઈ, સુંદરજીભાઈ, ગંગારામ મલ્લ, અદાભાઈ, મહેતા શિવરામ તથા મહેતા હરજીવન વગેરે ભક્તો પોતપોતાના અશ્વો તૈયાર કરીને આવી ગયા. મહારાજ પણ અશ્વ ઉપર બિરાજી, સર્વે ભક્તોના મધ્યે આવી ભુજનગરથી બહાર નીકળ્યા. પછી જાણે પોતાના પ્રાણપ્રિય સંતોને મળવા મહારાજ અધીરા બની ગયા હોય તેમ તેમણે તેમનો અશ્વ દોડાવ્યો. હરિભક્તોએ પણ મહારાજની પાછળ પોતપોતાના ઘોડા દોડાવ્યા. ગંગાના પાણીના ઘોષની જેમ સામેથી 'સ્વામિનારાયણ' મંત્રનો ઘોષ સંભળાયો. દિશાઓ પાવન કરતો, આઠ આવરણની પાર ચિદાકાશ સુધી પહોંચી જતો, આ દિવ્ય મંત્ર મહારાજના કાને અથડાયો. મહારાજે તે સાંભળીને પોતાનો ઘોડો વિશેષ ગતિથી દોડાવ્યો.

સંતોએ સામેથી મહારાજને મારતે ઘોડે આવતા જોઈ જાણી લીધું કે તેમનો સાદ મહારાજ સુધી પહોંચી ગયો છે. સંતોએ પણ ગતિ વધારી અને મહારાજ પાસે આવ્યા ત્યારે તેમના ચરણકમળમાં સૌ ઈક્ષુદંડની જેમ નમી પડ્યા. મહારાજે સંતોને એક પછી એક પોતાના ભુજપાશમાં લીધા. ઉનાળાના તાપથી તપ્ત થયેલો હાથી ગંગાના ધરામાં જઈ જે શાંતિ અનુભવે, તેવી શાંતિ સંતોને મહારાજના આ દિવ્ય આશ્લેષમાં સમાઈને મળી ગઈ ! ભૂખના, મારના, અપમાનનાં એ તમામ દુ:ખો મહારાજનાં આ દિવ્ય દર્શનથી જાણે ઝાકળનાં બિંદુ અલોપ થઈ જાય તેમ અલોપ થઈ ગયાં !

વ્યાપકાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, આનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, પૂર્ણાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, નૃસિંહાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, નિરંજનાનંદ સ્વામી, અદ્‌ભુતાનંદ સ્વામી, પરમાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ પોતપોતાનાં મંડળો સાથે આવી ગયા હતા. મહારાજ તેમને ભેટ્યા, માથે હાથ મૂક્યો, કુશળ પૂછ્યા અને પછી જેમ તારામંડળથી વીંટળાયેલો ચંદ્ર શોભે તેમ સંતમંડળની વચ્ચે શોભતા મહારાજ ભુજનગરમાં પધાર્યા.

સુંદરજીભાઈએ તથા હીરજીભાઈએ સૌ સંતો માટે ઉતારાની વ્યવસ્થા કરી રાખી હતી. તે પ્રમાણે તેમને સૌને ઉતારા આપ્યા. પછી મહારાજ સુંદરજીભાઈને ઘેર પધાર્યા. ત્યાં મૂળજી બ્રહ્મચારી મહારાજને જમવા માટે તેડવા આવ્યા, એટલે મહારાજ શુદ્ધ જળથી હાથ-પગ ધોઈ સુંદરજીભાઈની મેડીએ જમવા પધાર્યા.

મહારાજ જમીને નીચે પધાર્યા. પછી તેમણે સુથાર ભગવાનભાઈ, દેવરામભાઈ, કુંવરજીભાઈ તથા ધનજીભાઈ વગેરે પાંચ હરિભક્તોને બોલાવ્યા અને કહ્યું : "દેશાંતરથી હવે હરિભક્તોના સંઘ આવવા માંડશે. માટે સૌ હરિભક્તોના ઉતારા માટેની વ્યવસ્થા તમારે પાંચ જણાએ કરવાની છે. સૌ મંડળોને જેમ ઘટે તેમ ઉતારા આપવા અને સૌની બરદાસ્ત રાખવી."

તેમણે હાથ જોડી આ જવાબદારી માથે ચડાવી લીધી.

સાંજે શ્રીહરિ સભામાં બિરાજમાન થયા હતા. તે સમયે દેશદેશાંતરના હરિભક્તો આવવા લાગ્યા. ધરડો, માધપટ, પ્રંગદેશ, કંઠી, નાની વાગડ, મોટી વાગડ, અંજાર ચોવીસી, ભુવડ ચોવીસી, હાલાર ચોવીસી ઇત્યાદિક પ્રદેશના હરિભક્તો આવ્યા. તેમજ નનામો પર્વત, કાળો પર્વત, ધીણોધર પર્વત, તેની તળેટીના ગામના હરિભક્તો પણ આવ્યા. નદી કાંઠાનાં ગામોના ભક્તો – રુકમાવતી નદીના કાંઠાના ગામના તથા નાગમતી નદીના કાંઠાના ગામના હરિભક્તો પણ આવ્યા. તેમજ ગુજરાતમાંથી ચરોતર, કાનમ, વાકળ, દંઢાવ્ય, હાલાર, ઝાલાવાડ, સોરઠ, પાંચાળ વગેરે દેશના હરિભક્તો પણ આવ્યા. સૌએ શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી શ્રીહરિએ તેમને સૌને પોતપોતાનો ઉતારો જ્યાં નક્કી કર્યો હોય ત્યાં જવા આજ્ઞા કરી.

દીપોત્સવ

દીવાળીને દિવસે પ્રાતઃકાળમાં શ્રીહરિ સર્વ સંતો, હરિભક્તોનો સમૂહ લઈને હમીર સરોવરે નારાયણ બાગમાં વડવાળે આરે સ્નાન કરવા પધાર્યા. ત્યાં વસ્ત્રો ઉતારી સૌએ શ્રીહરિ સાથે સરોવરના જળમાં પ્રવેશ કર્યો. શ્રીહરિ સાથે જળક્રીડા કરી. પોતાની મૂર્તિનો આ પ્રકારે સંબંધ કરાવી તેની સ્મૃતિ સદાને માટે ભક્તોના, સંતોના અંતરમાં રહે તેવી લીલા શ્રીહરિ સદાય કરતા. પ્રગટ ભગવાનના દૈહિક સંબંધની જેટલી આવશ્યકતા છે તેટલી જ આવશ્યકતા તેમની સાથેના માનસિક સંબંધની પણ છે. તે સંબંધ વિના મનના ભાવો કદી ફરતા નથી. તેથી જ શ્રીહરિની અનેક ક્રિયા – સભામાં વાતો કરવાની, સંતોની પંક્તિમાં પીરસવાની, સ્નાનની, રંગે રમવાની – મનનીય છે. આ સિવાય અન્ય કોઈ સાધનોથી મનની વૃત્તિઓ બદલાતી નથી.

શ્રીહરિ સ્નાન કરી શ્વેત વસ્ત્રો ધારણ કરી વડ પાસે સુંદર પાટ ઉપર બિરાજમાન થયા. સંતો, હરિભક્તો પણ સૌ ત્યાં વસ્ત્ર બદલાવી આવી ગયા.

અહીં મહારાજે પોતાના પુરુષોત્તમ-સ્વરૂપની અદ્‌ભુત વાતો કરી, સંતો-હરિભક્તોનાં મન તેમને જે અલૌકિક પ્રાપ્તિ થઈ છે તેની દિવ્યતાથી ભરી દીધાં. સૌનાં અંતર આ દિવ્ય આનંદથી સભર બની ગયાં.

એટલામાં ગંગારામ જેઠી, હરડી ઘોડી ઉપર સુંદર સોનેરી પલાણ સજ્જ કરીને લાવ્યા. સુંદરજીભાઈ તથા હીરજીભાઈ ઢોલ, નગારાં, ત્રાંસાં, શરણાઈ વગેરે લાવ્યા. છત્રી, ચામર, અબ્દાગિરિ વગેરે રાજોપચાર પણ લાવ્યા. સવારીની વ્યવસ્થા સુંદરજીભાઈએ કરી. પ્રથમ વાજિંત્રો વગાડનારા, તેમની પાછળ હથિયારધારી ઘોડેસવારો, તેમની પાછળ ઉત્સવિયા મંડળી, પછી હથિયારબંધ પાર્ષદો, તેમની પાછળ હરડી ઘોડી ઉપર શ્રીહરિ, પછી સંતો, બ્રહ્મચારીઓ અને પછી હરિભક્તો, સૌની પાછળ બહેનો – આ રીતે સવારીની વ્યવસ્થા કરી.

હીરજીભાઈ શ્રીહરિ પાસે આવ્યા અને બે હાથ જોડી પ્રાર્થના કરી કે "મહારાજ પધારો." મહારાજ હરડી ઘોડી ઉપર સવાર થયા. સુંદર શ્વેત વસ્ત્રોમાં શોભતી મહારાજની મનોહર મૂર્તિ હજારો દર્શકોના મનને આકર્ષવા લાગી. ભુજનગરના ભાવિક ભક્તોએ મહારાજનાં ભાવપૂર્વક દર્શન કર્યાં. જિજ્ઞાસુઓએ હાથ જોડ્યા અને અન્ય લોકોએ 'આમને લોકો ભગવાન કહે છે' એમ અંગુલીનિર્દેશ કરી મહારાજના ભગવાનપણાના ભાવને છતો કર્યો.

આવી ધામધૂમથી મહારાજ પોતાને ઉતારે પધાર્યા. ઘોડી ઉપરથી ઊતરી, સભામાં આવી, મહારાજ પાટ ઉપર બિરાજમાન થયા. હરિભક્તો સૌ મહારાજને પગે લાગી પોતપોતાના ઉતારે ગયા. સંતો પણ સૌ તેમની નિત્ય-નિયમની ક્રિયા કરવા ઉતારે ગયા.

રાત્રે સુંદરજીભાઈ તથા હીરજીભાઈએ મહારાજને કિંમતી વસ્ત્રો તથા આભૂષણો ધરાવ્યાં. દીપમાળા પુરાવી. સભામાં બિલોરી કાચ એવી રીતે ગોઠવ્યા હતા કે હજારો દીવાનો પ્રકાશ સૌને દેખાવા લાગ્યો. સંતોએ કીર્તનોનો ઉત્સવ કર્યો. હરિભક્તોએ એક પછી એક આવી મહારાજની પૂજા કરી. આ રીતે દીપાવલીનો ઉત્સવ શ્રીહરિના સાન્નિધ્યમાં ભુજનગરમાં ભવ્યતાથી સંતો-હરિભક્તોએ ઊજવ્યો. ભુજનગરના હરિભક્તો આ પ્રસંગનાં દર્શનથી કૃતકૃત્ય થઈ ગયા.

હમીર સરોવરમાં દિવ્ય દર્શન

અન્નકૂટના દિવસે મહારાજ રોજના નિયમ પ્રમાણે સંતો-હરિભક્તોને

લઈને હમીર સરોવર સ્નાન માટે પધાર્યા. સરોવર કાંઠે વસ્ત્રો ઉતારી પોતે જળમાં સખા સહિત પ્રવેશ કર્યો. ભક્તો સાથે ખૂબ જળક્રીડા કરી. પછી પોતે સિદ્ધાસન વાળી જળમાં ડૂબકી મારી તળિયે બેસી ગયા. સૌ સંતો, હરિભક્તો મહારાજને શોધવા લાગ્યા. કોઈકે જળમાં ડૂબકી મારી પણ ઊંડા જળમાં ક્યાંઈ મહારાજનો પત્તો લાગ્યો નહીં. મહારાજને આ રીતે અદૃશ્ય થઈ ગયેલા જોઈ સૌ શોકમગ્ન થઈ ગયા. મહારાજ સૌનું જીવન હતા. તેમના આધારે સૌ જીવતા હતા, દૂર દૂરની મજલ કરી મહારાજ જ્યાં બિરાજતા હોય ત્યાં ઉત્સાહપૂર્વક મહારાજનાં દર્શને જતા. મહારાજ તેમના હૃદયના અંતરતલ સુધી પહોંચી ગયા હતા. એટલે આજે તેમનાં દર્શન વિના જાણે હૃદય ભાંગી જતું હોય તેવા વિરહની વ્યથા સૌ અનુભવવા લાગ્યા.

એટલામાં જળની ઉપર શીતળ અને શાંત તેજનો ઊર્ધ્વ પ્રવાહ તેમણે જોયો. આ પ્રવાહ ધીરે ધીરે સર્વત્ર વ્યાપી ગયો અને જાણે ઊંચે, નીચે, સર્વત્ર, પ્રમાણે રહિત એ પ્રકાશ દેખાયો. સૌ આશ્ચર્યવત્ આ ઘટના જોઈ રહ્યા. તે તેજમાં પછી તેમને મુક્તોએ વીંટાયેલા એવા મહારાજના દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં. આ દિવ્ય દર્શનથી જળમાં મહારાજની શોધ કરતા અને કિનારે બેસીને વિલાપ કરતા સૌ હરિભક્તો આનંદમગ્ન બની ગયા. તેમને પોતાના પ્રત્યે આશ્ચર્યવત્ જોઈ રહેલા જોઈ મહારાજે તેમને કહ્યું : "અમે પરાત્પર છીએ, એટલે મૂળ પ્રકૃતિ અને મૂળ પુરુષથી પર અક્ષર, તેથી પણ પર અમે છીએ. એટલે અમારા સ્વરૂપમાં પ્રકૃતિના ભાવો કદાપિ તમારે દેખવા નહીં, માનવા પણ નહીં. તમો સૌ અમને જળમાં ડૂબી ગયેલા માની શોક કરતા હતા. એટલે તમને સૌને અમારો મહિમા હજુ યથાર્થ સમજાયો નથી. જો પ્રકૃતિ અને પુરુષનાં તત્ત્વો અમને બાધ ન કરી શકે, તો તેમાંથી ઉત્પન્ન થયેલાં પંચ ભૂતાદિ તત્ત્વો અમને શી રીતે બાધ કરી શકે ? જો તમો અમને અમારા આ દિવ્ય સ્વરૂપમાં યથાર્થ નહીં સમજો, તો ક્ષણે ક્ષણે તમને અમારાં ચરિત્રો જોઈ શંકા થશે." આટલી વાત કરી અને તરત જ મહારાજ પોતાના માનુષી સ્વરૂપે જળમાં સ્નાન કરતા સૌને દેખાયા. મહારાજ જળમાંથી બહાર નીકળ્યા. શરીર લૂછ્યું અને સુંદર શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં.

મહારાજ હરડી ઘોડી ઉપર બિરાજમાન થઈ સૌ સંત-હરિભક્તો સાથે કીર્તન ઉત્સવ કરાવતા મહાદેવવાળા દરવાજેથી ભુજનગરમાં પ્રવેશ્યા. શ્રીહરિ ઉતારે પધાર્યા. થોડી વારે પ્રાગજી પુરાણી આવ્યા અને મહારાજને નમસ્કાર કરી

કહ્યું : "મહારાજ ! ઠાકોરજી સમક્ષ અન્નકૂટ પૂરવાનો સમય થઈ ગયો છે. આપ પધારો તો અન્નકૂટ પૂરવાની વિધિ તથા પ્રકાર સૌને સમજાય."

મહારાજ તરત જ ઊઠ્યા અને હીરજીભાઈને ઘેર જ્યાં અન્નકૂટ ઉત્સવ કર્યો હતો ત્યાં પધાર્યા.

અન્નકૂટ ઉત્સવ

અહીં સુંદર સિંહાસન ઉપર પોતાની હરિકૃષ્ણ મહારાજની મૂર્તિનું સ્થાપન કર્યું. તે મૂર્તિની સમક્ષ અન્નકૂટ પૂરવાની રચના મહારાજે બતાવી. મહારાજની સૂચના અનુસાર બ્રહ્મચારીઓ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સમક્ષ વિવિધ સામગ્રીઓ ગોઠવવા લાગ્યા. બધી જ સામગ્રીઓ ગોઠવાઈ ગઈ. એટલે મહારાજે પોતે ઘંટનાદના ઘોષ વચ્ચે આરતી ઉતારી. સર્વત્ર જયજયકાર થઈ ગયો.

મહારાજે અન્નકૂટની તમામ સામગ્રી સૂક્ષ્મ રીતે નિહાળી દર્શન કર્યાં. તે સમયે ત્યાં પધારેલા હરિભક્તોની સમક્ષ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ દ્વારા થાળ આરોગતાં મહારાજનાં દર્શન થયાં. સવારે હમીરસરમાં મહારાજે આપેલાં દિવ્ય દર્શન તથા અત્યારે મહારાજના હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ દ્વારા પ્રત્યક્ષ થાળ આરોગતાં થયેલાં દર્શન, આ દિવ્યતાથી સૌ હરિભક્તોનાં મન આનંદવિભોર બની ગયાં. મહારાજના સ્વરૂપમાં આ જ પ્રકારનો દિવ્યભાવ તેમની માનુષી ક્રિયામાં પણ રહે તેવી સૌએ પ્રાર્થના કરી.

એટલામાં મૂળજી બ્રહ્મચારી મહારાજને તેડવા આવ્યા. તેમની સાથે મહારાજ ગયા. થાળ જમીને મહારાજ પધાર્યા અને પંક્તિમાં જમવા બેઠેલા સંતો, પાર્ષદો તથા હરિભક્તોને પોતે પીરસવા લાગ્યા. સૌને વારંવાર પીરસ્યું, ખૂબ પીરસ્યું.

આ રીતે ભુજનગરમાં હીરજીભાઈના સકલ્પ પ્રમાણે શ્રીહરિએ અન્નકૂટનો ઉત્સવ કર્યો. દેશદેશાંતરથી આવેલા હરિભક્તોને પોતાની મૂર્તિનું સુખ આપ્યું. પોતાના પુરુષોત્તમ-સ્વરૂપની વાતો કરી પોતાના સર્વોપરી સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો. સંતોને પણ પોતાની મૂર્તિનું અદ્‌ભુત સુખ આપ્યું. હીરજીભાઈ તથા સુંદરજીભાઈ કૃતકૃત્ય થઈ ગયા ! ગંગારામ ભક્ત તથા અન્ય ભક્તો, લાધીમા તથા અન્ય બહેનો મહારાજના દિવ્ય સુખે સુખિયાં થઈ ગયાં.

સુંદરજીભાઈ માનતા હતા કે શ્રીહરિ વચને બંધાયા છે એટલે તેમના સાન્નિધ્યનું સુખ આપણે જ્યાં સુધી તેમને રજા નહીં આપીએ ત્યાં સુધી

મળવાનું જ છે. તેથી તે વિચારમાં તેઓ મસ્ત હતા. બીજા દિવસથી સંઘ વિખરાયો, સંતોને પણ મહારાજે આજ્ઞા કરી કેટલાંક મંડળોને કચ્છમાં મોકલ્યાં. કેટલાંકને સૌરાષ્ટ્ર, ગુજરાતમાં મોકલ્યાં.

આ ઉત્સવથી ભુજમાં સ્વામિનારાયણના નામનો ઉદ્‌ઘોષ થઈ ગયો. શ્રીજીમહારાજના આ દિવ્યાતિદિવ્ય સ્વરૂપ આગળ, તેમના સંતોના વિશુદ્ધ ચારિત્ર્ય આગળ જાણે બીજા સંપ્રદાયો ઝાંખા પડી ગયા હોય તેવું સૌને લાગવા માંડ્યું. આ સંપ્રદાય નવો છે તેવા ભાવ ભુલાઈ ગયા અને આ સંપ્રદાય જ સનાતન છે, તેમાં સર્વથી પર એવા પુરુષોત્તમ નારાયણની જ ઉપાસના છે, સર્વ ધામોથી પર એવા દિવ્ય અક્ષરધામની જ પ્રાપ્તિ છે.

કચ્છના ભોળા માનવીઓના અંતરમાં પ્રકાશ થઈ ગયો !

જગજીવનનો ક્રોધાગ્નિ ભડકે બળે છે

સ્વામિનારાયણના આ દિગ્વિજયનો ઉદ્‌ઘોષ રાજ્યના મુખ્ય દીવાન અને જમાદાર ફત્તેહમહંમદના મદદનીશ જગજીવનરામ પાસે પહોંચી ગયો. આગળ તેમણે કરાવેલા હિંસામય યજ્ઞનો સ્વામિનારાયણે વિરોધ કર્યો હતો. તેનો તેમને દ્વેષ હતો. વળી પોતાની પત્ની પ્રભાવતી પણ સ્વામિનારાયણની આશ્રિત બની હતી, તેથી બળતામાં ઘી હોમાયું હતું અને આજ સર્વત્ર સ્વામિનારાયણના નામની જ ગાથા ગવાઈ રહી હતી, એટલે તેમના અંતરમાં દ્વેષનો અગ્નિ વ્યાપી ગયો હતો. આ તામસ ભાવમાં તેમણે સ્વામિનારાયણનો પરાભવ કરવાનો સંકલ્પ કર્યો.

તેમને લાગ્યું કે કાંઈ પ્રયોજન વગર સુંદરજીને ઘેર પોતે સામે ચાલીને જાય તેમાં તેમના મોભાની શોભા નથી. એટલામાં તેમને ખબર મળ્યા કે સુંદરજી બીમાર છે. આ સમાચારથી તેમને લાગ્યું કે ત્યાં જવું તેમાં વિવેક પણ સચવાશે અને વળી સ્વામિનારાયણની ભાળ પણ કઢાશે. તે બે-ત્રણ સવારો લઈને સુંદરજીભાઈને ઘેર આવ્યા.

તે સમયે સુંદરજીભાઈ ખાટલામાં સૂતા હતા. મહારાજના જમણા ચરણનો અંગૂઠો પાક્યો હતો. તેથી મહારાજ તેના આથમણા બારની મેડીમાં પોઢ્યા હતા. જગજીવનને આમ અચાનક આવેલા જોઈ સુંદરજીભાઈ મૂંઝાયા. તે એકદમ ખાટલામાં બેઠા થઈ ગયા. જગજીવને તેમને કહ્યું : "કારભારી ! સૂઈ રહો. મને તો તમારી બીમારીના ખબર મળ્યા એટલે હું તમને જોવા આવ્યો છું."

સુંદરજીભાઈને આ શબ્દોથી નિરાંત થઈ. જગજીવને પણ રાજ્ય સંબંધી

થોડી આડીઅવળી વાતો કરી. પછી એકાએક તેમણે પૂછ્યું : "તમારા ગુરુ સ્વામિનારાયણ હાલમાં ક્યાં છે ?"

હીરજીભાઈ આ પ્રશ્નથી ચમક્યા. જગજીવન પણ તેમના મુખની રેખા જોઈ રહ્યા. પરંતુ હીરજીભાઈએ તરત જ ઉત્તર આપ્યો : "હમણાં તેઓ માનકૂવામાં છે."

જગજીવનને આ ઉત્તર ગળે ઊતર્યો હોય તેવું લાગ્યું નહીં. એટલામાં શ્રીજીમહારાજ મેડી ઉપરથી નીચે આવી સુંદરજીભાઈની બાજુમાં ખાટલા ઉપર બેસી ગયા. સુંદરજીભાઈ મહારાજને આ પ્રમાણે આ વખતે જ અહીં આવેલા જોઈ હેબતાઈ ગયા ! જગજીવનને પણ આશ્ચર્ય થયું. તેમણે તરત જ પૂછ્યું : "તમે તો કહેતા હતા ને કે સ્વામિનારાયણ માનકૂવા છે ?"

તે નીચું જોઈ રહ્યા. પણ મહારાજે તરત જ કહ્યું : "દીવાન ! અમે માનકૂવામાં પણ છીએ અને અહીં તમારી સામે પણ છીએ. અમે ક્યાં નથી એ તમારે વિચારવાનું જ નથી."

જગજીવન આ ઉત્તર માટે તૈયાર ન હતા. તેમને લાગ્યું કે સ્વામિનારાયણે તેમની સત્તાને પડકારી છે. તે એકદમ ઊભા થઈ ગયા અને કહ્યું : "સ્વામિનારાયણ ! તમે ત્યાગી છો, ભગવાન નથી. ભગવાન જેવા વેશ ધરો છો, શહેરોમાં ફરો છો. તમારે તો વનમાં રહેવું જોઈએ અને આ ઠઠારો છોડવો જોઈએ."

તમે ભગવાન છો ?

મહારાજે સ્વસ્થતાથી કહ્યું : "દીવાન, ભગવાનની વાતમાં તમે શું સમજો ? જેમ શુદ્ધ સોમવલ્લી શુદ્ધ બ્રાહ્મણના પેટમાં જ ટકે, તેમ ભગવાનના સ્વરૂપનું શુદ્ધ જ્ઞાન તો એવા મુમુક્ષુને જ થાય."

"તો તમે ભગવાન છો ?" જગજીવને હોઠ પીસીને પૂછ્યું.

સુંદરજીભાઈને તાવ હતો. પરંતુ આ પ્રસંગથી તેમના શરીરમાં જાણે ઉગ્રજ્વર વ્યાપી ગયો હોય તેમ તે ધ્રૂજવા લાગ્યા.

મહારાજે દીવાનને કહ્યું : "દીવાન ! અમે તો ઈશ્વરના પણ ઈશ્વર છીએ, સર્વ અવતારના અવતારી છીએ, તમે અમને ભજશો ત્યારે જ તમારું કલ્યાણ થશે."

જગજીવન માટે આ શબ્દો અસહ્ય હતા. તેણે નહોતું ધાર્યું કે તેની સામે

સ્વામિનારાયણ આવી હિંમત કરશે. તેણે તરત જ કહ્યું : "તો સ્વામિનારાયણ ! હવે તમારું ભગવાનપણું મારે ઉતારવું જ રહ્યું."

મહારાજ આ સાંભળી હસ્યા. જગજીવન હાથ ઘસતા ત્યાંથી નીકળી ગયા.

હીરજીભાઈ આ પ્રસંગથી મૂંઝવણમાં પડી ગયા. તેમણે હાથ જોડી મહારાજને કહ્યું : "મહારાજ ! આપે બહુ મોટી બાથ ભીડી છે, હવે દીવાન જરૂર ઉપાધિ કરશે."

મહારાજ આ સાંભળી રહ્યા. થોડી વારે તેમણે કહ્યું : "દીવાન અમને ઉપાધિ કરશે કે તમને ?"

હીરજીભાઈએ કહ્યું : "જો આપ મારે ત્યાં રહો, તો મને અને તમને બંનેને ઉપાધિ કરશે."

"અને જો અમે અહીંથી નીકળી જઈએ તો ?" મહારાજે તરત જ પૂછ્યું.

"તો તો મહારાજ ! અમે ઉપાધિમાંથી ઉગરી જઈએ. એમ કહેશું કે સ્વામિનારાયણ તો અહીંથી ચાલ્યા ગયા છે." હીરજીભાઈએ નીચું જોઈ કહ્યું.

"તો અમે અહીંથી જઈએ ને ?" મહારાજે તરત પૂછ્યું.

હીરજીભાઈ વિચારમાં પડી ગયા. મહારાજને રજા આપવાથી સુંદરજીભાઈ નારાજ થશે. પરંતુ એમને જગજીવનની બીક હતી. મહારાજ તો પછી અહીંથી જતા રહેશે. પણ પાછળથી જગજીવન ઘરબાર લૂંટી લેશે ને હેરાનગતિ કરશે. આવા વિચારોમાં ઘોળાતા હીરજીભાઈએ કહી દીધું : "ભલે મહારાજ ! આપ ખુશીથી પધારો !"

આ સાંભળી મહારાજે સુંદરજીભાઈ સામું જોઈને કહ્યું : "સુંદરજીભાઈ ! તમે કહ્યું હતું કે તમે જ્યારે અમને જાઓ એમ કહો ત્યારે જ અમારે અહીંથી જવું, એટલે હવે અમે અત્યારે જઈએ છીએ."

બીમાર સુંદરજીભાઈ આ સાંભળી રહ્યા. એમની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વહી રહ્યો હતો. હીરજીભાઈએ ફરીથી કહ્યું : "મહારાજ ! ગંગારામ મલ્લને ત્યાં પધારો."

મહારાજના જમણા પગનો અંગૂઠો પાક્યો હતો. ચાલી શકાય તેમ ન હતું. એટલામાં ત્યાં દીવાન જગજીવનનાં પત્ની પોતાનો માફો લઈ મહારાજનાં દર્શન કરવા આવ્યાં. તેમણે મહારાજનાં દર્શન કર્યાં. પરંતુ મહારાજ તો ત્યાંથી જવાની તૈયારી કરતા હતા. તેમણે મહારાજને હાથ જોડી પૂછ્યું : "મહારાજ ! આપ ક્યાં પધારો છો ?"

મહારાજે તરત જ કહ્યું : "તમારા ધણી અમારા ઉપર ગુસ્સે થઈને હમણાં જ ગયા છે. એટલે સુંદરજીભાઈને બીક લાગે છે કે તે હમણાં ધાડ લઈને આવશે. તેથી અમે ગંગારામ મલ્લને ત્યાં જઈએ છીએ."

પ્રભાવતી આ સાંભળી રહ્યાં. પોતાના પતિનો આસુર ભાવ તે જાણતી હતી. તેની આંખમાંથી અશ્રુ ટપકવાં લાગ્યાં. તેણે તરત જ કહ્યું : "મહારાજ ! આપના પગે દુઃખે છે અને આપ શી રીતે જશો ?"

મહારાજે તરત જ કહ્યું : "તમારા માફામાં બેસીને જઈશું !"

પ્રભાવતી આ સાંભળી ચમકી. તેણે તરત જ કહ્યું : "હા મહારાજ ! એ તો સાવ ભૂલી ગઈ. આપ હમણાં જ આ માફામાં બેસીને પધારો. પણ અમે આપનાં દર્શન કરવા ક્યાં આવીએ ?"

"ગંગારામ મલ્લને ત્યાં આવજો. ત્યાં અમે રહીશું." મહારાજે કહ્યું અને તરત જ મહારાજ પ્રભાવતીના માફામાં બેસી ગયા.[૩]

મહારાજ ગંગારામ મલ્લને ઘેર પધાર્યા

મહારાજ ગંગારામ મલ્લને ત્યાં પધાર્યા. અહીં આવી મહારાજે તેમને પૂછ્યું : "મલ્લ ! તમને દીવાનની બીક તો નથી લાગતી ને ?"

આ સાંભળી ગંગારામ હસ્યા. તેણે કહ્યું : "મહારાજ ! અમે સાઠ મલ્લો છીએ, અમારા આયુધો લઈને અમે બહાર પડીશું. અમારી ઘરવાળીઓ સાંબેલાં લઈને બહાર આવશે. આટલાં માથાં પડશે પછી જ દીવાન આપને પકડી શકશે. પરંતુ અમને આપના બળની ખાતરી છે. આપના આશીર્વાદ છે તો દીવાનના માણસોને તો અમે જોતજોતામાં ભોં ભેગા કરી દઈશું."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "ગંગારામ ! તમને નિષ્ઠાનું બળ ઘણું છે. તમારી એ નિષ્ઠા જ દીવાનના માણસોને ભગાડશે."

મહારાજ મલ્લને ત્યાં થોડા દિવસ રહ્યા. દીવાને મહારાજને ત્યાંથી ખસેડવા અનેક યુક્તિઓ કરી પણ તે નિષ્ફળ ગઈ. છેવટે તેમણે બે વેશ્યા સ્ત્રીઓને મહારાજ પાસે મોકલી. પરંતુ મહારાજનાં દર્શન કરતાં જ તેમની જાર વૃત્તિ બદલાઈ ગઈ ! મહારાજનાં ચરણમાં તેઓ પડી ગઈ અને વર્તમાન લઈ

૩. આ પ્રસંગમાં શ્રીહરિલીલામૃત, ૭-૨૧-૫૨; શ્રીહરિચરિત્રામૃતસાગર, પૂર-૧૨, તરંગ-૩૬ વગેરે ગ્રંથોમાં હીરજીભાઈ મહારાજને રજા આપે છે એવો ઉલ્લેખ છે. પરંતુ સત્સંગમાં પરંપરાગત સુંદરજીભાઈએ રજા આપી એવી વાત પ્રચલિત છે.

શુદ્ધ થઈ ગઈ. દીવાનને આથી પોતાનો પરાભવ થયો હોય તેમ લાગ્યું.

તેમની આંખમાં મને ખુદાની રોશની દેખાઈ

તેણે ફત્તેહમહંમદ દીવાનને મળવાનું નક્કી કર્યું. એ જો મદદ કરે તો આરબની ફોજ લઈને સ્વામિનારાયણને પકડવા કાં કચ્છમાંથી તેમને ભગાડવા. તે ફત્તેહમહંમદ પાસે ગયો. તેણે સ્વામિનારાયણ સંબંધી બધી જ વાત અવળી રીતે ફત્તેહમહંમદને કહી. ફત્તેહમહંમદ તે સાંભળી રહ્યા. પછી તેમણે ધીરેથી જગજીવનને કહ્યું : "જગજીવન ! હું તો મુસલમાન છું. પણ તું હિંદુ થઈને સુંદરજીભાઈના એ ભગવાનને ઓળખી શકતો નથી ?"

આ સાંભળી જગજીવન એકદમ તાડૂક્યો : "ભગવાન શેનો ?"

ફત્તેહમહંમદ જગજીવનને જાણતો હતો. તે રાજ્યનીતિના દાવપેચ ખેલવામાં કુશળ હતો. તેથી તો તેણે તેને પોતાનો સલાહકાર નીમ્યો હતો. પરંતુ જગજીવનમાં ઈર્ષાવૃત્તિ પણ ઘણી જ હતી. તેથી તેના તે ભાવમાં તે સ્વામિનારાયણને કદી પીછાણી શકશે નહીં. ફત્તેહમહંમદને આ જાણ હોવા છતાં તેણે કહ્યું : "સાંભળ જગજીવન ! મેં એ સ્વામિનારાયણનાં દર્શન કર્યાં છે. પાટવાડીને નાકે હું રોજ રાત્રે ફરવા જાઉં છું. વહેલી સવારે સુંદરજીને ઘેરથી સ્વામિનારાયણ પણ હમીરસર તળાવે નહાવા માટે જાય છે. અમારો બે-ત્રણ વખત ભેટો થઈ ગયો. તેમની આંખમાં મને ખુદાની રોશની દેખાઈ. એટલે જ તેમને જોતાં જ હું ઘોડા ઉપરથી ઊતરીને તેમને પગે લાગી લેતો."

જગજીવન મલ્લને ત્યાં આરબ મોકલે છે

જગજીવનને આ સાંભળીને લાગ્યું કે તેની બાજી અહીં કામમાં આવશે નહીં. તે હાથ ઘસતો ત્યાંથી નીકળી ગયો. પરંતુ તેનો વૈરાગ્નિ મંદ પડ્યો નહીં. તેમણે પોતાના સેવકોને બોલાવ્યા. આરબ ચોકીદારને બોલાવ્યા. તેમને કહ્યું : "હમણાં ને હમણાં ગંગારામ મલ્લને ઘેર જાઓ. તેના ઘરબાર બધું લૂંટી લ્યો અને તેને ત્યાંથી સ્વામિનારાયણ ભગવાનને કાં તો પકડીને મારી પાસે લાવો અને કાં તો કચ્છમાંથી હાંકી કાઢો."

જગજીવનના અનુચરો જાણતા હતા કે જગજીવનના હુકમ પાછળ ફત્તેહમહંમદની સૂચના હોય જ. તેથી તેઓ તરત જ હથિયાર બાંધીને ગંગારામ મલ્લને ત્યાં આવ્યા. મલ્લ તથા બીજા હરિભક્તો ત્યાં મેડી ઉપર મહારાજની

સમક્ષ બેસીને મહારાજની વાતો સાંભળતા હતા. એટલામાં જગજીવનના અનુચરો આવ્યા. તેમણે મલ્લને કહ્યું : "જુઓ, અમને દીવાનનો હુકમ છે. તમારે ત્યાં સ્વામિનારાયણ આવ્યા છે તેને અમારે કેદ પકડીને લઈ જવા છે. તમે જો તેમને અમારે હવાલે નહીં કરી દ્યો તો તમારા બધા જ મલ્લોનાં ઘરબાર અમે લૂંટી લઈશું અને બાળી દઈશું."

ગંગારામ આ શાંતિથી સાંભળી રહ્યા. તેમણે તેમને ધીરેથી કહ્યું : "ભાઈઓ, સાંભળો. સ્વામિનારાયણ મારે ત્યાં જ છે. તેમને હું જરા જઈને પૂછી લઉં કે જો તે તમારે હવાલે આવી જાય તો અમને શો વાંધો છે ?"

સૈનિકોએ આ સાંભળી લીધું. પછી પૂછ્યું : "અને કદાચ તે ના કહેશે તો ?"

તે સાંભળી ગંગારામે કહ્યું : "તો તો આપણે તડજોડ કરવી જ રહી. અમારે ત્યાં આવેલાને અમે એમ તો સોંપી નો દઈએ !" એટલું કહી ગંગારામ મહારાજ પાસે આવ્યા.

મહારાજે તેમને જોઈને પૂછ્યું : "ગંગારામ ! શી ધમાલ છે ?"

ગંગારામે કહ્યું : "મહારાજ ! જગજીવનના માણસો આપને પકડવા આવ્યા છે. હવે તો આપ આશીર્વાદ આપો એટલે ખરાખરીનો ખેલ આજે ખેલી લઈએ અને જગજીવનને પણ દેખાડી દઈએ કે આ છેડતીનું શું પરિણામ આવે છે."

મહારાજે કહ્યું : "પહેલા એમ કરો. તમારા ભાઈને બોલાવી લ્યો. તેમને સંદેશો મોકલો કે જગજીવનના સૈનિકો ઘર લૂંટવા આવ્યા છે. માટે જલદી ચાલો."

ગંગારામ મહારાજની આજ્ઞાથી સાવચેત થઈ ગયા. તેમને યાદ આવી ગયું કે તેમનો ભાઈ ફત્તેહમહંમદ જમાદારને ત્યાં જ ગયો છે. તેમની સાથે જ તેમની બેઠકઉઠક છે. એટલે ફત્તેહમહંમદને પણ જગજીવનની આ બાજીની એ રીતે જાણ થશે. તેને લાગ્યું કે મહારાજે અંતર્યામીપણે મદદ કરી છે. તેમણે એક માણસને ફત્તેહમહંમદ જમાદારને ઘેર તેના ભાઈને તેડવા મોકલ્યો અને કહ્યું : "જમાદાર સાંભળે તેમ કહેજો કે જગજીવનના માણસો આપણાં ઘર લૂંટવા અને સ્વામિનારાયણને પકડવા આવ્યા છે."

તે માણસ તરત જ ત્યાંથી ઊપડ્યો.

ગંગારામ નીચે આવ્યા. તેમણે સૈનિકોને કહ્યું : "ભાઈઓ ! શાંતિ રાખો. સ્વામિનારાયણ ભગવાનને તમારી વાત કરી છે. તેમણે કહ્યું કે અમને ઉપાધિ આવે, અમારે લડવું પડે તેના કરતાં તે પોતે જ તમારે શરણે આવી જાય છે.

હમણાં નહાવા ગયા છે એટલે થોડી વાર ખમો !"

સૈનિકોને આ સાંભળી નિરાંત થઈ. તેઓ હથિયાર સજ્જ કરી ત્યાં બેઠા.

ગંગારામ મલ્લનો માણસ ફત્તેહમહંમદ જમાદારને ત્યા ગયો. ગંગારામનો ભાઈ ત્યાં જમાદાર પાસે જ બેઠો હતો. તેને જોઈને તેણે કહ્યું : "તમારા ભાઈનાં ઘરો જગજીવનના માણસો લૂંટવા આવ્યા છે અને તમે કેમ અહીં બેસી રહ્યા છો ?"

આ સાંભળી ગંગારામનો ભાઈ તરત જ ઊઠ્યો. ત્યારે ફત્તેહમહંમદે પૂછ્યું : "કેમ ઊઠ્યા ?"

એટલે તેણે કહ્યું : "તમારા જગજીવને અમારા સ્વામિનારાયણ ભગવાન સાથે વેર બાંધ્યું છે. સ્વામિનારાયણ ભગવાનને અમે અમારે ઘેર લાવ્યા છીએ. તેથી તે અમારાં ઘરબાર લૂંટવા તૈયાર થયા છે."

ફત્તેહમહંમદ આ સાંભળી રહ્યા. એટલે ગંગારામના ભાઈએ તેને કહ્યું : "જમાદાર ! ભૂલી ગયા ? રાયધણજીએ તમને ઝેર પાયેલી તલવારનો ઝાટકો માર્યો હતો, તેનો ઘા બહુ ઉપાયો કરવા છતાં રુઝાયો ન હતો. તે રામાનંદ સ્વામીએ ઔષધ કરીને રુઝવ્યો હતો.[૪] તે રામાનંદ સ્વામીએ જેમને પોતાના વારસદાર ગણી પોતાની ધર્મની ગાદીએ બેસાર્યા છે તે અમારા ભગવાનને તમારો ઈર્ષ્યાળુ જગજીવન આજે પકડવા તૈયાર થયો છે. આજ તો ખરાખરીનો ખેલ મંડાશે. જગજીવનને કાંઈ થાય તો પછી અમને જવાબદાર ગણશો નહીં."

ફત્તેહમહમદ આ સાંભળી રહ્યા. તેમણે એકદમ કહ્યું "હું સ્વામિનારાયણને ઓળખું છે. મેં તેમનાં દર્શન કર્યાં છે. ખુદાનું નૂર તેમની આંખોમાં ચમકે છે. જગજીવન કોના હુકમથી આ બધું કરી રહ્યો છે ?"

એટલું બોલતાં તો જમાદાર ઉશ્કેરાયા : "મારા રાજ્યમાં મારી પરવાનગી વિના આવી હિંમત ?" તેણે તરત જ પોતાના માણસોને બોલાવ્યા. તેમને કહ્યું : "તમે હથિયાર બાંધી આ મલ્લની સાથે તેને ઘેર જાઓ. જગજીવને મોકલેલા સૈનિકોને પકડીને મારી પાસે હાજર કરો."

ગંગારામ મલ્લના ભાઈની સાથે ફત્તેહમહંમદ જમાદારના અસવારો આવ્યા. મલ્લને ત્યાં પહોંચ્યા. ત્યાં તેમણે જગજીવને મોકલેલા સૈનિકોને જોયા. તેમણે પૂછ્યું : "કોના હુકમથી અહીં આવ્યા છો ?"

તેમણે કહ્યું : "જગજીવને અમને સ્વામિનારાયણને પકડવા મોકલ્યા છે."

---

૪. અદ્‌ભુતાનંદ સ્વામી કૃત વાર્તા; પાનું ૬૦.

આ સાંભળી ફત્તેહમહંમદ જમાદારના અસવારોએ કહ્યું : "જમાદારના હુકમ વિના ચાલી નીકળ્યા છો ? પાછા જાઓ. અમને જમાદારે જ મોકલ્યા છે. જો ઘર લૂંટવાનો પ્રયત્ન કરશો, તો અમારે તમને પકડીને જમાદાર પાસે લઈ જવા પડશે."

જગજીવનના અનુચરો ફત્તેહમહંમદના અસવારોને ઓળખી ગયા. તેમને લાગ્યું કે ફત્તેહમહંમદને પૂછ્યા વિના જ જગજીવને આવો હુકમ આપ્યો છે. તેઓ તરત જ હથિયાર લઈને ત્યાંથી નીકળી ગયા.

ગંગારામ મલ્લે આ બધું જોયું. શ્રીહરિની શક્તિનો તેમને ખ્યાલ આવ્યો. તેમની કાર્ય કરવાની રીત એવી હતી કે તેમાં કાંઈક અલૌકિકતા જેવું કે આશ્ચર્ય જેવું ન જણાય છતાં દરેક ક્રિયાની પાછળ પોતાની જ શક્તિને તેઓ પ્રેરતા. મલ્લ મહારાજ પાસે આવ્યા. તેમના ચરણકમળમાં નમી પડ્યા. મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : "પ્રભુ ! આપની કાર્યશક્તિ અલૌકિક છે. આજે આપે અમારું પણ રાખ્યું અને રક્ષા પણ કરી."

મહારાજે કહ્યું : "તમારી નિષ્ઠાના બળથી તમારી રક્ષા થઈ છે."

ગંગારામ મલ્લના ભાઈએ મહારાજને કહ્યું : "મહારાજ ! હવે જગજીવનને હું જોઈ લઉં છું."

મહારાજે તેમને વાર્યા અને કહ્યું : "તેમનાં કૃત્યો જ તેમને જેર કરશે. આપણે કાંઈ જ કરવાની જરૂર નથી."[૫]

✧

શ્રીહરિ બે દિવસ ગંગારામને ત્યાં રહ્યા. જગજીવન ભગ્ન હૃદયે શ્રીહરિની પ્રવૃત્તિ નિહાળી રહ્યો હતો. પણ જમાદાર ફત્તેહમહંમદની બીકથી તે હવે કાંઈ કરી શકાય તેમ ન હતું. આત્માનું શરીર હિન્દુ હોય કે મુસલમાન પરંતુ તેના આંતરિક સંસ્કાર ઉપરથી જ તેના ચારિત્ર્યનું ઘડતર થાય છે. શ્રીહરિએ ગંગારામને કહ્યું : "હવે અમે અહીંથી માનકૂવા જઈશું."

શ્રીહરિ માનકૂવા પધારવાના છે તે જાણી હરિભક્તો ગંગારામને ઘેર આવી ગયા.

મહારાજ સંઘ સહિત ભુજનગરથી નીકળ્યા. ભુજનગરની બહાર નીકળતાં માનકૂવાને રસ્તે રા' લાખાની છત્રી પાસે હનુમાનજીની પ્રતિમા છે ત્યાં લીમડાના વૃક્ષ નીચે બિરાજમાન થયા. થોડી વાર સંતો-હરિભક્તોને ઉપદેશની

૫. અદ્‌ભુતાનંદ સ્વામી કૃત વાર્તા; પાનું ૫૯-૬૦ના આધારે.

વાત કરી. પછી મહારાજે સ્વરૂપાનંદ સ્વામી, વ્યાપકાનદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, નિરંજનાનંદ સ્વામી, પરમાનંદ સ્વામી તથા હરિયાનંદ સ્વામીને કહ્યું : "હવે તમે તમારા મંડળને લઈને ગુજરાતમાં જાઓ. અમે પણ થોડા દિવસમાં ત્યાં આવીશું. ડભાણમાં મોટો યજ્ઞ કરવો છે ત્યાં ભેળા થઈશું." એટલું કહીને સૌને શીખ આપી, મહારાજ ત્યાંથી માનકૂવા જવા વિદાય થયા.

મહારાજ શ્રીનગરના અસુરને આમંત્રણ આપે છે

મહારાજ માનકૂવા પધાર્યા. અહીંથી તેમણે શ્રીનગરમાં જે મોટા ભેખધારી મહંત હતા તેમના ઉપર પત્ર લખ્યો.[૬] મહારાજે તેમાં લખ્યું : "અમે તો અમારી સાધુતા સાચવીને અમારું સત્સંગનું કામ કરતા હતા. પરંતુ તમોએ તેમાં શીદ બાધા નાખી ? અમારે તો તમારી સાથે કોઈ એવા જંગમાં ઊતરવું ન હતું. પણ તમે એવી શરૂઆત કરી તે તમને ઘટતું ન હતું. હવે એ બધું અજાણતાં થઈ ગયું છે તેનો તમે ધોખો કરશો નહીં. આપણે તો બધા એક જ છીએ. અમે હવે ડભાણમાં મોટો યજ્ઞ કરવાના છીએ ત્યાં તમો સૌને આવવાનું અમારું આમંત્રણ છે. અમારાથી જેવી બનશે તેવી તમારી ચાકરી કરીશું. પણ તમો તમારા સ્વભાવ પ્રમાણે વર્તશો નહીં."

મહારાજે આવો પત્ર લખી ખેપિયા સાથે અમદાવાદ મોકલ્યો.

અસુરાધીશને મહારાજનો આ પત્ર મળ્યો. બધા વેરાગી બાવા એકદમ ભેગા થઈ ગયા. પત્ર મોટેથી વાંચ્યો. સૌએ સાંભળ્યો. પરંતુ હવે શ્રીજીમહારાજ સાથે બાથ ભીડવાની તેમની હામ રહી ન હતી એટલે પત્ર સાંભળીને સૌ કહેવા લાગ્યા : "આ કાગળમાં તો આપણને યજ્ઞમાં આવવાનું આમંત્રણ પણ છે. તેમાં આપણી સેવા કરવાની લાલચ પણ બતાવી છે અને વળી બીક પણ બતાવી છે."

શું નિર્ણય કરવો તે તત્કાળ કોઈને સૂઝ્યું નહીં. તેથી નુગરાને ગાળો દેતા સૌ બેસી રહ્યા.

---

૬. આ પત્ર લોલંગર ઉપર લખ્યો હોય તેમ અનુમાન થાય છે. ભક્તચિંતામણિ, ૫૮માં તથા શ્રીહરિચરિત્રામૃતસાગર, પૂર-૧૩, તરંગ : ૧-૨માં અસુરના નામનો નિર્દેશ કર્યો નથી. પરંતુ લોલંગરને જે પત્ર લખ્યો હતો એવો સ્પષ્ટ ઉલ્લેખ 'અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ' એ પુસ્તકમાં પાન ૧૧૦ ઉપર તથા શ્રીહરિલીલામૃત, ૭-૭-૬૩માં છે.



ઉદ્‌ગીથ ૨

ડભાણમાં મહાયજ્ઞ

(આ.સં. ૧૮૬૬, ઈ.સ. ૧૮૦૯-૧૮૧૦)

મહારાજ માનકૂવાથી નીકળી ભુજ પધાર્યા. ત્યાંથી ભચાઉ થઈ આધોઈ પધાર્યા. અહીં રાયધણજીના દરબારમાં મહારાજ ઊતર્યા. મહારાજે ઉતારો કરીને તરત જ કરણીબાને કહ્યું : "કરણીબા ! ભૂખ બહુ લાગી છે."

કરણીબાએ કહ્યું : "મહારાજ ! થાળ થતાં તો વાર લાગશે. પણ આ દહીં ને સાકર આપ જમો ત્યાં બ્રહ્મચારી થાળ તૈયાર કરી દેશે."

મહારાજ કરણીબાના ભાવનું દહીં અને સાકર જમ્યા. પછી પલંગ ઉપર પોઢી ગયા. મહારાજનાં બંને ચરણારવિંદ ખુલ્લાં હતાં. કરણીબાએ તે નિહાળ્યાં. મહારાજનાં લાલ હિંગળોક જેવા કોમળ ચરણારવિંદમાં કરણીબાએ ઊર્ધ્વરેખા જોઈ, બંને ચરણમાં સોળ ચિહ્નો જોયાં. મહારાજના ચરણમાં ધનુષ્યનું ચિહ્ન જોઈ તેમને લાગ્યું કે "આ ચિહ્ન જોઈને જ મહારાજ સાક્ષાત્ ભગવાન છે એવો નિશ્ચય સહેજે મુમુક્ષુને થાય."

પછી બંને ચરણ ઉપર તેમણે પોતાનો હાથ ફેરવ્યો તો તેમાં તેમણે કાંટા જોયા ! તેમને કંપારી છૂટી ગઈ. આજ અક્ષરનાથ મુમુક્ષુ જીવોનાં કલ્યાણ માટે કેટલું કષ્ટ સહન કરે છે ! કેટલો પરિશ્રમ વેઠે છે ! તેમનું અંતર દ્રવી ગયું. તેમણે ચીપિયો લીધો. ધીરે રહીને તેમણે મહારાજનાં બંને ચરણારવિંદમાંથી કાંટા કાઢ્યા. ગણ્યા તો બરાબર અઢાર કાંટા નીકળ્યા.

એટલામાં મુકુન્દ બ્રહ્મચારી થાળ લઈ આવ્યા. મહારાજ બેઠા થયા. જળથી મુખપ્રક્ષાલન કરી પાટલા ઉપર થાળ જમવા બિરાજ્યા. કરણીબાના ભાવ પ્રમાણે થાળ થયો હતો. મહારાજ પણ પ્રેમથી જમ્યા. પછી પૂજાની સામગ્રી મંગાવી. ષોડશોપચારે મહારાજની પૂજા કરી. મહારાજને વસ્ત્રો ઓઢાડ્યાં. રાયધણજી મહારાજને પગે લાગ્યા. ત્યારે મહારાજે તેમને કહ્યું : "અમે હવે

ગુજરાતમાં જઈએ છીએ. ડભાણમાં મહાવિષ્ણુયાગ અમારે કરવો છે. સંતો આગળથી ગયા છે અને તૈયારીઓ થઈ રહી છે. માટે તમારે ત્યાં આવવાનું છે."

મહારાજે તેમના બીજા બે ભાઈઓ જેમલજી તથા હિન્દુજીને પણ ડભાણ આવવાનું કહ્યું અને ચોથા ભાઈની વિધવા કરણીબાને પણ કહ્યું કે "તમારે ચારેયે ડભાણ આવવું."

ડભાણની લીલા હું તમને અહીં બતાવીશ

આ સાંભળીને જેમલજીની પુત્રીએ કહ્યું : "મહારાજ ! મારે પણ કાકીની સાથે ડભાણ આવવું છે, આપની દિવ્ય લીલાનાં દર્શન કરવાં છે."

તે સાંભળી જેમલજીએ તે સમજાવતાં કહ્યું : "બેટા ! ત્યાં તમારે ન અવાય. તમારે તો આણું આવવાનું છે. એટલે ઘેર જ રહેવું જોઈએ."

પણ તેણે હઠ લીધી. એટલે મહારાજે તેને સમજાવતાં કહ્યું : "જુઓ, તમે બંને કાકી-ભત્રીજી અહીં જ રહો. ડભાણમાં અમે જે જે લીલા કરીશું તેનાં દર્શન તમને અહીં બેઠાં થશે." આ સાંભળીને તેને શાંતિ થઈ. કરણીબા પણ મહારાજની આજ્ઞા અનુસાર ભત્રીજીને રાજી કરવા ઘેર રહ્યાં.

મહારાજની સાથે રાયધણજી, જેમલજી અને હિન્દુજી ડભાણ જવા નીકળી ગયા. માળિયા થઈને મહારાજ ખાખરેચી પધાર્યા. ત્યાં તળાવમાં ઘોડાને પાણી પાયું.

પછી ત્યાંથી નીકળી વાટાવદર થઈને મહારાજ હળવદ પધાર્યા. અહીં મહારાજ તથા તેમની સાથે આવેલા રાયધણજી અને તેમના ભાઈઓ, મૂળજી બ્રહ્મચારી વગેરે તળાવને કાંઠે બેઠા. એટલામાં ગામમાં ખબર પડી કે મહારાજ પધાર્યા છે. ગામના લોકો બધા ભેગા થઈ ગયા અને સામૈયું લઈને મહારાજને તેડવા તળાવને કાંઠે સૌ ગયા. મહારાજ તેમને જોઈને રાજી થયા. તેમણે કહ્યું : "મહારાજ ! ગામમાં પધારવું જોશે. અમે બધી તૈયારી કરી દીધી છે."

તરત જ મહારાજ ઘોડે બિરાજ્યા. વાજતે ગાજતે મહારાજ હળવદ ગામમાં પધાર્યા. ઈશ્વર દવેને ત્યાં મહારાજે ઉતારો કર્યો.

મહારાજ હળવદથી તરત જ નીકળી જવાના છે તે જાણી હળવદના હરિભક્તો, કોઈ પેંડા તો કોઈ બરફી કે કોઈ સુખડી, સાકર વગેરે લાવ્યા. મહારાજને કહ્યું : "મહારાજ ! આપે અમારી વસ્તુ અંગીકાર કરવી પડશે."

મહારાજ તેમનો ભાવ જોઈ પ્રથમ પોતે તેમની સાથે આવેલા દરબારોને જમાડ્યા. છતાં માલ તો ઘણો વધ્યો. મહારાજે સૌને કહ્યું : "તમે કેટલું બધું

લાવ્યા છો તે હજુ ખૂટતું જ નથી ?''

ત્યારે તેમણે હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! હળવદના માણસો જમવે જબરા, તેમના લાડુ પણ જબરા ! એટલે તેમનાં મન પણ જબરાં હોય. ઓછું તો તેમની નજરમાં જ ન આવે. માટે હવે તો જેટલો માલ વધ્યો છે તે આપ જમી જાઓ. આપ જમો એ લીલાનાં અમે દર્શન કરીએ. એ જ અમારી પ્રસાદી !''

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''ભલે, તમારી એવી ઈચ્છા છે તો અમે બધું જ જમી જઈશું.'' એમ કહી મહારાજ પેંડા, બરફી, સુખડી, સાકર બધું મળીને લગભગ એક મણ જેટલી સામગ્રી જમી ગયા ! હરિભક્તોને ખૂબ આનંદ થયો.

તે સમયે ત્યાં શિવશંકર જાની પણ હતા. તેમણે પછી હાથ જોડીને મહારાજને કહ્યું : ''મહારાજ ! હું ઉતાવળમાં આપને જમાડવા સારુ કાંઈ લાવી શક્યો નથી તો આપ મારે ત્યાં જમવા ન પધારો ?''

મહારાજે તરત જ કહ્યું : ''ભલે, તમે તૈયારી કરો. અમે હમણાં જ આવીએ છીએ.''

આ સાંભળી ત્યાં આવેલા સૌ ભક્તોને આશ્ચર્ય થયું ! તેમની અંતરની વાત જાણી મહારાજે ત્યાં વાત કરી કે ''દુર્વાસા મુનિને ગોપીઓના થાળ જમવાનું કઠણ ન પડ્યું તો અમને કેમ કઠણ પડે ?''

સૌને લાગ્યું કે પરોક્ષની વાતમાં પ્રતીતિ આવે પણ પ્રત્યક્ષમાં શંકા થાય. ગોપીઓને પણ આશ્ચર્ય થયું હતું. પરંતુ દુર્વાસાએ તેમને કહ્યું : ''અમે તો સર્વાત્મા બ્રહ્મ તેમને જમાડ્યા છે અને અમે તો સદા ઉપવાસી જ છીએ.''

મહારાજ શિવશંકર જાનીને ત્યાં પધાર્યા. સાથે દરબારો પણ આવ્યા. પણ તેમને હવે જમવાની શ્રદ્ધા ન હતી. પરંતુ મહારાજ તો ત્યાં પણ તેમણે તૈયાર કરેલો થાળ જમ્યા !

જમીને મહારાજ ત્યાંથી નીકળી સીધા ધ્રાંગધ્રા થઈને મેથાણ પધાર્યા. અહીં પૂજાભાઈ ઝાલાના દરબારમાં મહારાજે ઉતારો કર્યો. મહારાજ પધાર્યા છે તે સમાચાર ગામમાં મળ્યા એટલે સૌ હરિભક્તો પૂજાભાઈના દરબારમાં આવવા લાગ્યા. મહારાજે સૌને કહ્યું : ''અમારે ડભાણમાં મહામોટો વિષ્ણુયાગ કરવો છે. સંતોના મંડળો આવશે. સૌના એક સામટા દર્શન થશે.''

સૌએ હાથ જોડી કહ્યું : ''મહારાજ ! આપની આજ્ઞા છે તો અમે જરૂર આવીશું.''

અત્યારે વરસાદ પડે તો ખળામાં નુકસાન થાય ?

બીજે દિવસે પણ હરિભક્તો આવ્યા. મહારાજની વાતો સાંભળતા હતા. એવામાં એકાએક મહારાજે સૌને પૂછ્યું : "આ ટાણે વરસાદ થાય તો તમારા ખળામાં પડેલ અનાજને નુકસાન થાય કે નહીં ?"

ત્યારે તેમણે કહ્યું : "હા મહારાજ ! જો વરસાદ ઘણો થાય, તો અનાજ તણાઈ જાય. પણ આ તો શિયાળો છે. અત્યારે વરસાદ ક્યાંથી હોય ?"

તે સાંભળી મહારાજે આકાશ સામું જોયું. આકાશ સ્વચ્છ હતું. છતાં મહારાજે ત્યાં બેઠેલા સૌ હરિભક્તોને કહ્યું : "તમે સૌ ઊઠો અને ખળામાં પડેલા અનાજને ઢાંકીને પછી અહીં આવો."

તે સાંભળી સૌને આશ્ચર્ય થયું. પણ મહારાજની આજ્ઞા હતી એટલે તેઓ બધા ખળામાં ગયા અને ઉપર ઉપરથી ઢાંકીને પાછા આવ્યા. તેમને પાછા આવેલા જોઈ મહારાજે ફરી કહ્યું : "ખળાં જો ઉપર ઉપરથી ઢાંક્યા હોય, તો ફરી જાઓ અને બરોબર ઢાંકીને આવો."

આ સાંભળી કેટલાક ગયા અને કેટલાકને થયું કે આ શિયાળામાં વરસાદ ક્યાંથી હોય ? વળી આકાશ પણ ચોખ્ખું છે એમ વિચારી ત્યાં જ બેસી રહ્યા.

થોડી વાર થઈ અને આકાશમાં વાદળ ચડી આવ્યાં. મુશળધાર વરસાદ પડ્યો. જેનાં ખળાં બરોબર ઢાંકેલાં હતાં તે બધાં અકબંધ રહ્યાં. જેનાં ખળાં ઉપર ઉપરથી ઢાંકેલાં હતાં તેના ખળામાંનું અનાજ આ વરસાદથી તણાઈ ગયું. મહારાજે તો હરિભક્તોની રક્ષા કરવા આગળથી કહ્યું હતું પરંતુ જેમને મહારાજના વચનમાં વિશ્વાસ ન આવ્યો તેમને દુઃખ આવ્યું.

જીવને ક્યાં ગરજ છે ?

બીજે દિવસે મહારાજ પૂજાભાઈ તથા તેમની સાથેના હરિભક્તોને લઈને એક હરિભક્તને ત્યાં જમવા પધારતા હતા. એક ડોશી તે વખતે છાણાં થાપતી હતી. તેને જોઈ મહારાજે તેને કહ્યું : "ડોશીમા ! એક વાર સ્વામિનારાયણ બોલો તો કલ્યાણ થઈ જશે."

એટલે ડોશીએ કહ્યું : "હા, જો નામ લીધું હોય તો કલ્યાણ તો થાય."

"ત્યારે લ્યો ને, એક વાર નામ લ્યો." મહારાજે ફરી કહ્યું.

પણ ડોશીએ તો તેનું જ ચાલું રાખ્યું કે નામ લેવાય તો કલ્યાણ થાય.

તે સાંભળી પૂજાભાઈએ તેને કહ્યું : "અભાગણી, આ મહારાજ તારું કલ્યાણ કરવા પધાર્યા છે. માટે એક વાર સ્વામિનારાયણનું નામ લઈ લે. કામ પાકી જશે."

તે સાંભળી ડોશીએ છાણાં થાપતાં જ કહ્યું : "બાપુ ! તમે ખરું કહો છો. નામ લીધું હોય તો કલ્યાણ થઈ જાય !"

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "જીવને ક્યાં ગરજ છે ? ગરજ તો ભગવાનને અને તેમના સાધુને છે. જીવોનાં કલ્યાણ કરવા રાન રાન અને પાન પાન થઈને તે ભમે છે." એટલું કહીને મહારાજ ત્યાંથી આગળ ચાલ્યા.

મેથાણના સપૂતો મહારાજને અર્પણ

પૂજાભાઈના ભાવથી મહારાજ મેથાણમાં પાંચ દિવસ રહ્યા.

અહીં વિપ્ર આત્મારામ, તેમના બે પુત્રો ગોવિંદરામ અને દેવરામ અને વિપ્ર ગોવર્ધન તથા તેમના પુત્રો ભગવાનજી, ડોસાભાઈ, ભવાનીશંકર, હીરાભાઈ તથા ફૂલજીભાઈ આ બધા મહારાજ પધાર્યા ત્યારથી તેમની સેવામાં ખડે પગે હતા. તેમની સેવાથી મહારાજ પ્રસન્ન થયા અને ભવાનીશંકર ઉપર દૃષ્ટિ કરીને મહારાજે કહ્યું : "ગોવર્ધન ! આ ભૂમિ તો મુક્તોની છે. અહીંના અજા પટેલ અમારો કાગળ વાંચીને પરમહંસ થઈને કચ્છમાં અમારી પાસે આવી ગયા હતા. તમારો આ ભવાનીશંકર પણ એવો જ સંસ્કારી છે. તેને અમને સોંપી દ્યો."

તરત જ ગોવર્ધનભાઈએ કહ્યું : "મહારાજ ! સોંપ્યો. આજથી જ ભવાનીશંકર તમારી સેવામાં !"

મહારાજ તેનો સ્વાર્પણનો ભાવ અને મહિમાએ સહિત ભક્તિ જોઈ પ્રસન્ન થયા અને બોલ્યા : "આને અમે બ્રહ્મચારી કરીશું."

વળી આ ગામના હરજી પટેલના પુત્ર પીતાંબર પણ સાધુ થયા હતા. તેનું નામ પીતાંબરાનંદ રાખ્યું હતું. તેના પુત્ર પણ સાધુ થયા અને તેમનું નામ પ્રજ્ઞાનંદ સ્વામી રાખ્યું હતું. મહારાજે તેમને નિત્યાનંદ સ્વામીના મંડળમાં મૂક્યા હતા. વળી કેશવજી પટેલ પણ સાધુ થયા હતા. તેમનું નામ સૂર્યપ્રકાશાનંદ હતું.

જ્યારથી અજા પટેલ સાધુ થઈ ગયા ત્યારથી મેથાણ ગામ ઉપર મહારાજની દૃષ્ટિ પડી ગઈ હતી. તેથી એક પછી એક મુક્તો મહારાજની સેવામાં આવતા હતા. ભગુભાઈ તથા કૃષ્ણજી પણ મહારાજની સેવામાં જોડાઈ ગયા અને મહારાજે તેમના નામ સ્વયપ્રકાશાનદ તથા અનતાનદ રાખ્યા. પટેલ

જીવાભાઈ, હરખાભાઈ, માધવજીભાઈ તથા કમાભાઈ પણ મહારાજ પાસે પહોંચી ગયા હતા. મહારાજે તેમને દીક્ષા આપી તેમનાં નામો અનુક્રમે ચૈતન્યાનંદ, પરમચૈતન્યાનંદ અને સ્વરૂપાનંદ રાખ્યાં હતાં.

મેથાણના હરિભક્તોને મહારાજનો જોગ ઓછો, કારણ મહારાજ ત્યાં ઝાઝું પધારતા નહીં પરંતુ જ્યારે પધારતા ત્યારે એક-બે મહિના રહેતા. તેઓ બધા પણ જ્યાં મહારાજ બિરાજતા હોય ત્યાં દર્શન, સમાગમ અને સેવા માટે પહોંચી જતા. આથી હરિભક્તોને બળ મળતું. ત્યાંના જીવા પટેલ જે રામગ્રીમાં રહેતા તે પણ સાધુ થઈ ગયા હતા. તેમનું નામ નરનારાયણાનંદ સ્વામી રાખ્યું હતું. તેમજ તેમના બે પુત્રો સાધુ થયા હતા તે યોગાનંદ સ્વામી તથા કૃષ્ણાનંદ સ્વામી તરીકે ઓળખાતા. મેથાણના પટેલ કૃષ્ણજી, અમરાજી તથા બીજા કૃષ્ણજીએ પણ દીક્ષા લઈ લીધી હતી અને તેમનાં નામો શુદ્ધધર્માનંદ, પદ્મનાભાનંદ તથા નિયમાનંદ હતાં.[૭]

સત્સંગની સેવામાં મેથાણનો ફાળો અજોડ હતો !

જેતલપુરના યજ્ઞની પૂર્વતૈયારી

પછી ત્યાંથી નીકળી દદૂકા થઈને મછિયાવ પધાર્યા. અહીં દાજીભાઈ દરબારના દરબારમાં મહારાજ ઊતર્યા. મૂળજી બ્રહ્મચારી તરત જ મહારાજ માટેના થાળની વ્યવસ્થામાં પડી ગયા. નાહી, નિત્યકર્મથી પરવારી મહારાજ માટે તેમણે થાળ તૈયાર કરી દીધો. પછી મહારાજ જમ્યા. અન્ય હરિભક્તોને પણ જમાડ્યા.

સાંજે ત્યાંથી નીકળી મહારાજ જેતલપુર પધાર્યા. મહારાજ જેતલપુરમાં યજ્ઞ કર્યા પછી ફરી દસ મહિને પાછા પધાર્યા એટલે હરિભક્તોનો હર્ષ માતો ન હતો. સૌ મહારાજ પાસે આવી ગયા. ગંગામાએ થાળ તૈયાર કરી દીધો. મહારાજ થાળ જમ્યા. સાથેના હરિભક્તોને પણ જમાડ્યા. પછી ડભાણના યજ્ઞની વાત કરી. સૌને યજ્ઞમાં આવવાની આજ્ઞા કરી. કેટલાકને અગાઉથી આવવા સૂચના કરી. પછી બોલ્યા : "અમારે સવારે અહીંથી નીકળી મહેમદાવાદ જવું છે." તે સાંભળી હરિભક્તોએ આગ્રહ કર્યો. મહારાજે કહ્યું : "આ વખતે આગ્રહ હોય નહીં. કામ મોટું આદર્યું છે એટલે તૈયારી પણ મોટી કરવી પડે. માટે જવું જ પડે."

સૌ જાણતા હતા કે મહારાજના નિર્ણયને ફેરવી શકાય તેવું ન હતું. તેથી

---

૭. તદ્રૂપાનંદ સ્વામીની વાતો; વિશ્રામ ૫૭.

અત્યારે જે સુખ મળે તે લઈ લેવા સૌએ નિર્ધાર કરી લીધો. મહારાજે તેમને યજ્ઞ સંબંધી વાત કરી. સેવાની વાત કરી. મહારાજની વાત સાંભળી સૌનાં અંતરમાં ઉત્સાહ વ્યાપી ગયો.

બીજે દિવસે સવારે મહારાજ ત્યાંથી નીકળી મહેમદાવાદ પધાર્યા. અહીં વિપ્ર દુર્લભરામને ઘેર ઉતારો કર્યો. વિપ્રે થાળ તૈયાર કર્યો. મહારાજને તથા સાથેના હરિભક્તો, સંતોને જમાડ્યા. મહારાજ ત્યાં એક દિવસ રોકાઈને ત્યાંથી નીકળી સીધા ડભાણ પધાર્યા.

મહારાજ ડભાણ પધાર્યા. યજ્ઞની તૈયારી માટે ત્યાં આવેલા મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી અને અન્ય સંતો-હરિભક્તો મહારાજ પાસે તરત જ આવી ગયા. મહારાજે કરવા ધારેલ મહાવિષ્ણુયાગની તૈયારી માટે માનવબુદ્ધિ અને શક્તિ ઓછાં પડે તેમ હતાં. જેતલપુરના યજ્ઞમાં જે સામગ્રીઓના ગંજ ખડકાયા હતા તેથી વિશેષ સામગ્રીની અહીં જરૂર હતી, વિશેષ તૈયારીઓ પણ કરવાની હતી. વળી, અસુરોના ઉપદ્રવ સામે રક્ષણની પણ જોગવાઈ કરવાની હતી.

તેમણે સૌએ કેટકેટલી અને કેવી તૈયારીઓ કરી છે તે મહારાજે સમજી લીધું. કેટલું બાકી છે અને શું શું કરવાનું છે તે પણ જાણી લીધું. સીધાં-સામગ્રી ક્યાંથી મંગાવવાં, તે કામ કોને સોંપવું તે સૂચના આપી. યજ્ઞના રક્ષણ માટે અને યજ્ઞમા આવનારા હરિભક્તોના રક્ષણ કાજે મહારાજે તેમને કહ્યું "વેરાગીઓનું જોર ઘણું છે. જેતલપુરના યજ્ઞ પછી આપણા પ્રત્યે ઈર્ષ્યા, વેરઝેર વધ્યાં છે. વળી, અમે તેના અધ્યક્ષને કાગળ લખીને આમંત્રણ પણ આપ્યું છે એટલે તે બધા આવશે. યજ્ઞનાં દર્શન કરવા નહીં, પણ યજ્ઞમાં વિઘ્ન નાખવાં માટે ! વડતાલ, બામરોળી, શેલડી, સંજાયા વગેરે ગામોમાંથી હથિયારબંધ માણસોને બોલાવજો. અમો પણ અહીંથી હાથરોલી અને ઘોડાસર જવાના છીએ. ત્યાંથી પણ માણસો લાવશું. તે સિવાય આપણા કાઠી ભક્તો પણ આવશે. પણ ખબરદારી પૂરેપૂરી રાખવાની છે." મહારાજ બોલ્યે જ જતા હતા, સંતો-હરિભક્તો સાંભળતા હતા. આવા મહાન યજ્ઞ માટે મહારાજ કેવું મહાન આયોજન કરી રહ્યા હતા તેનો ખ્યાલ સૌને આવી ગયો. તેમને લાગ્યું કે તેમને તો આ યજ્ઞમાં કેવળ સેવા જ કરવાની છે; બાકી આયોજન, વ્યવસ્થા, સિદ્ધિ વગેરે મહારાજના સંકલ્પ પ્રમાણે થયા જ કરશે.

મહારાજે તેમને કહ્યું : "અમે હાથરોલી, ઘોડાસર થઈને દસ-બાર દિવસ

પછી આવીશું. તે દરમ્યાન તમો પણ તૈયારીઓ પૂરી કરી લેજો.'' એટલું કહીને મહારાજ ત્યાંથી મુકુન્દ બ્રહ્મચારીને લઈને ચાલ્યા. કચ્છમાંથી પોતાની સાથે આવેલા રાયધણજી તથા અન્ય ભક્તોને ત્યાં સેવામાં રાખી દીધા.

બાપો રસ્તામાં ચાલ્યા આવે છે

મહારાજ ઘોડાસરને માર્ગે ઉતાવળા ચાલ્યા. મુકુન્દ બ્રહ્મચારી મહારાજની સાથે ચાલી શક્યા નહીં એટલે મહારાજે તેમને કહ્યું : ''તમે ધીરે ધીરે આવો. અમે જઈએ છીએ.''

મહારાજ ઘોડાસર પહોંચી ગયા. ત્યાંના રાજા જાલમસિંહને ખબર હતી કે મહારાજ પધારવાના છે. પરંતુ તેમણે મહારાજને અગાઉ જોયેલા નહીં. તેથી મહારાજને દાસ સમજી તેમણે તેમને પૂછ્યું : ''બાપો આવ્યા ?''

ત્યારે મહારાજે કહ્યું : ''બાપો રસ્તામાં ચાલ્યા આવે છે.''

એટલે જાલમસિંહે ફરી પૂછ્યું : ''મને ઓળખાણ તો પાડો કે બાપો કેવા છે ?''

ત્યારે મહારાજે હસીને કહ્યું : ''બાપો અમારા જેવા છે.'' એમ કહી જાલમસિંહને પ્રસાદી આપી. જાલમસિંહ તે જમ્યા અને પછી ઘોડા ઉપર સવાર થઈને 'બાપા'ને લેવા સામે ગયા.

જાલમસિંહ હાથરોલીને માર્ગે પડ્યા ત્યાં તેમને સામેથી મુકુન્દવર્ણી દેખાયા. તે તરત જ ઘોડા ઉપરથી ઊતરી ગયા અને વર્ણીને પગે લાગ્યા. પછી હાથ જોડી બોલ્યા : ''આગળ જે આવ્યા તેણે ખરું કહ્યું કે બાપો પાછળ આવે છે. હું તો તમારી રાહ જોઈ રહ્યો છું.''

બ્રહ્મચારી આ સાંભળી મૂંઝાયા. તેમણે પૂછ્યું : ''કયા બાપાની રાહ જુઓ છે ?''

ત્યારે દરબારે કહ્યું : ''કેમ આપની જ તો વળી ! આપના વગર બીજો કયો બાપો જગમાં છે ? આપ પધાર્યા તે અમને શાંતિ થઈ ગઈ !''

બ્રહ્મચારીને થયું કે મહારાજે દરબારને ભેખડે ભરાવી દીધા લાગે છે ! તેમણે તરત જ કહ્યું : ''દરબાર ! બાપો તો આગળ પહોંચી ગયા તે જ છે. હું તો એમનો સેવક છું.''

આ સાંભળી જાલમસિંહ ચમક્યા ! તેમને યાદ આવ્યું. મહારાજે કહ્યું હતું ને કે ''બાપો અમારા જેવા જ છે.'' ભગવાન જેવા તો એક ભગવાન જ હોય ! તેમણે તરત જ ઘોડા ઉપર ચડી ઘોડો દોડાવ્યો.

ઘોડાસરથી મહારાજ હાથરોલીને માર્ગે જઈ રહ્યા હતા. જાલમસિંહે મહારાજને જતા જોયા અને ઘોડાનું ચોકડું ખેંચ્યું. ઘોડો પૂરપાટ દોડવા લાગ્યો. દોડતા ઘોડાનો અવાજ સાંભળી મહારાજ એક કોરે ખસી ગયા. એટલામાં જાલમસિંહ ઘોડા ઉપરથી ઊતરીને મહારાજને પગે લાગ્યા. મહારાજને કહ્યું : "મહારાજ ! આપ જ બાપો હતા. તો મને કહ્યું કેમ નહીં ?"

"અમે કહ્યે બાપો ન ઓળખાય. એ તો બીજાની સાખ્યે ઓળખાય !" મહારાજે હસતાં હસતાં કહ્યું.

દરબારને ગમ પડી. ભગવાનને ઓળખવા એ સહેલું ન હતું. આજ તો ભગવાને દયા કરી એટલે ઓળખાયા. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! આપ આ ઘોડા ઉપર બિરાજો."

તે સાંભળી મહારાજે કહ્યું : "ઘોડા ઉપરથી પડી જવાની બીક લાગે છે."

જાલમસિંહે કહ્યું : "મહારાજ ! હું ઘોડાની સરક પકડીને ઘોડાને દોરીશ, માટે આપ બેસો." મહારાજ દરબારનો ભાવ જોઈ ઘોડા ઉપર બિરાજ્યા. દરબાર ઘોડાને દોરતા આગળ ચાલ્યા. થોડી વારે હાથરોલી પહોંચી ગયા.

હાથરોલીમાં હરિભક્તોના સંઘ

મહારાજ અહીં ભગુ ખાંટને ઘેર ઊતર્યા. મહારાજ ડભાણથી નીકળ્યા ત્યારે ત્યાં કહેતા ગયા હતા કે સંતમંડળ તથા હરિભક્તોનાં જે જે મંડળો આવે તેને હાથરોલી અથવા ઘોડાસર મોકલજો. મહારાજની તે આજ્ઞા પ્રમાણે અહીં મહાનુભાવાનંદ સ્વામીનું મંડળ આવ્યું. પછી સોરઠનો સંઘ આવ્યો. તેમાં પિપલાણાના નરસિંહ મહેતા તથા લાડકીબાઈ પણ હતાં. મઢડાના જેઠા મેર આવ્યા. આખા, પંચાળા, ધોરાજી, માણાવદર, ગણોદ વગેરે ગામના હરિભક્તો પણ હતા. વળી જાળિયા, ઉપલેટા, ફણેણી, જેતપુર, માંગરોળ, ગોંડળ, પાડાસણ, ખાંભા, સરધાર, વડાળી, કાંકરિયાળી વગેરે ગામનાં બાઈ-ભાઈના સંઘો પણ ત્યાં આવ્યા. રોહિશાળાના લક્ષ્મીરામ પણ આવ્યા. આમ, ડભાણના યજ્ઞ ઉપર આવેલા સંઘો મહારાજની આજ્ઞાથી અહીં આવી ગયા.

મહારાજ ભગુ ખાંટના ફળિયામાં સભા કરતા, સંતો-હરિભક્તોને જોઈ રાજી થતા. મહારાજનાં દર્શન કરી સંતો-હરિભક્તોને પણ આનંદ થઈ ગયો હતો. હાથરોલી ગામ નાનું અને સંઘ મોટો આવી ગયો ! સંતો ગામમાં ભિક્ષા માગી લેતા. ભિક્ષામાં આવેલ અન્નમાં પાણી નાખી, તેને શુદ્ધ કરી, તેના ગોળા

વાળીને જમતા. અર્ધરાત સુધી મહારાજની જ્ઞાનવાતો સાંભળી ગામની બહાર આમલીઓનાં વૃક્ષ નીચે સંતો સૂઈ રહેતા.

સંતોના ત્યાગ અને વૈરાગ્યની ખુમારી જોઈ મહારાજ પણ એ વૈરાગ્યને વિશેષ ઓપ ચડાવતા. એક પ્રહર રાત્રી બાકી હોય ત્યારે મશાલ લઈ સંતો પાસે જતા, સૂતા સંતોને જગાડતા, તેમનાં અંતરમાં જે જે સંકલ્પો થતા હોય તે ઉપર વાતો કરતા : "તપ એ સંતોનું આભૂષણ છે. આ દેહ તો મિથ્યા છે. તેનું દમન કરી જે અમને પ્રસન્ન કરવા તપ કરે છે, તેના ઉપર અમે ઘણા જ રાજી થઈએ છીએ." શ્રીહરિની તપ સંબંધી આવી આકરી વાત સાંભળી એક સંતને તપનો વેગ લાગી ગયો.

દેહને ભોગનું સાધન ન માનવું

ત્રણ-ચાર દિવસ પછી શ્રીહરિ સૌ સંતો સાથે હાથરોલીથી બારમુવાડે જમવા જતા હતા ત્યાં તેમણે રસ્તામાં એક સાધુને એકલા બેઠેલા જોયા. તે સાધુએ જે રીતે આસન લગાવ્યું હતું અને એકાગ્રતા સાધી હતી, તે જોઈ શ્રીહરિ પ્રસન્ન થયા. પછી તે સાધુને જગાડ્યા અને પૂછ્યું : "સાધુરામ ! અહીં શું કરો છો ?"

ત્યારે તેમણે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! આપને તપ પસંદ છે. એટલે તપ કરું છું. છેલ્લા ત્રણ-ચાર દિવસથી અન્ન કે પાણી કાંઈ જ લીધાં નથી."

આ સાંભળી શ્રીહરિએ તેમને કહ્યું : "તપ કરો છો તે સારી વાત છે. દેહને મિથ્યા સમજી દેહનું દમન કરો છો તે પણ સારું છે. પરંતુ આ કળિયુગમાં અતિશય તપ ન કરવું. દેહ એ મોક્ષનું સાધન છે, માટે દેહને જાળવવું પણ ખરું. પરંતુ તેને ભોગનું સાધન ન માનવું. આટલું સમજી-વિચારીને તપ કરશો તો તમે ઘણું તપ કર્યું ગણાશે."

શ્રીહરિ બારમુવાડે જમીને પાછા હાથરોલી સંતમંડળ સાથે આવી ગયા. એટલામાં સુરતનો સંઘ ત્યાં આવી પહોંચ્યો. શ્રીહરિનાં દર્શનથી તેમને અપાર શાંતિ થઈ ! શ્રીહરિ પણ તેમને જોઈ પ્રસન્ન થયા. સૌએ દંડવત્ કર્યા. શ્રીહરિનાં ચરણનો સ્પર્શ કર્યો. પછી સૌ બેઠા એટલે શ્રીહરિએ તેમને પૂછ્યું : "તમે અહીં ક્યાંથી આવ્યા ?"

એટલે તેમણે કહ્યું : "મહારાજ ! અમે ડભાણ પહોંચ્યા ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે આપ અત્રે બિરાજો છો. અમને કહ્યું કે મહારાજ અહીં ત્રણ-

ચાર દિવસમાં પધારશે. તો સૌ અહીં રહો. પરંતુ અમને ધીરજ રહી નહીં એટલે અમે અહીં આવી ગયા."

તેમનો ભાવ જોઈ મહારાજ અત્યંત પ્રસન્ન થયા. પછી જાલમસિંહે કહ્યું : "મહારાજ ! હવે ઘોડાસર પધારો અને આપની સેવા-ભક્તિ કરવાના અમારા મનોરથો પૂરા કરો. આપને માટે આ પાલખી પણ અમે લાવ્યા છીએ."

મહારાજે તરત જ ઘોડાસર જવા સૌને તૈયાર થવા કહ્યું.

જાલમસિંહનાં માતુશ્રી રામભક્ત હતાં. પરંતુ જેતલપુરના યજ્ઞમાં મહારાજનો પ્રતાપ જોઈને ઘોડાસરના અંબાબાઈને સત્સંગ થયો. તેમણે જાલમસિંહની માતાને મહારાજના મહિમાની, પ્રતાપની વાતો કરી અને નખશિખ મહારાજની મૂર્તિનું વર્ણન કર્યું. આ વાત સાંભળી જાલમસિંહનાં માતુશ્રીને મહારાજ પ્રત્યે અનુરાગ ઉત્પન્ન થયો. તે જ રાત્રે તેમને સ્વપ્નમાં રામચંદ્રજી ભગવાને દર્શન દીધાં અને કહ્યું : "આજે પૂર્ણ પુરુષોત્તમ, ભગવાન સ્વામિનારાયણ સ્વરૂપે પ્રગટ થયા છે. તેમનો સંબંધ કરશો તો આત્યંતિક કલ્યાણ થઈ જશે." એટલું કહ્યું અને તરત જ તેને શ્રીહરિનાં દર્શન થયાં. અંબાબાઈએ શ્રીહરિના સ્વરૂપનું વર્ણન કર્યું હતું તેવા સાક્ષાત્ શ્રીહરિ તેમને દેખાયા.[૮] ત્યારથી તેમને શ્રીહરિનાં દર્શનની રઢ લાગી હતી. પોતાના પુત્ર જાલમસિંહને તેથી જ તેમણે શ્રીહરિને તેડવા માટે મોકલ્યા હતા.

ઘોડાસરમાં

મહારાજ સંઘ સહિત ઘોડાસર જવા પધાર્યા. પોતે પાલખીમાં બિરાજ્યા. જાલમસિંહે પોતે પાલખી ઉપાડી. મહારાજે તેમને ના કહી. ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! ભોઈનો અવતાર આવ્યો હશે ત્યારે પાલખીઓ ઉપાડી હશે ને ! ત્યારે આપ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છો. આ સેવાથી અમારું કલ્યાણ થઈ જશે." મહારાજ તેમના ભક્તિભાવથી પ્રસન્ન થયા.

મહારાજ સંઘ સહિત ઘોડાસર પહોંચ્યા. આખા ગામમાં ફર્યા. સૌને દર્શન દીધાં અને પછી જાલમસિંહ દરબારને ત્યાં ઉતારે પધાર્યા. મહારાજ સભામાં બિરાજ્યા એટલે સુરતના સંઘના હરિભક્તો મહારાજની પૂજા કરવા ઊભા થયા. કેસરમિશ્રિત ચંદનથી મહારાજની પૂજા કરી. પછી રૂપિયા ૧૮૦૦ની કિંમતનું મંડિલ મહારાજના મસ્તકે બાંધ્યું. વેઢ, વીંટીઓ, કડાં, સાંકળાં, બાજુબંધો ઇત્યાદિ

૮. અદ્ભુતાનંદ સ્વામી કૃત શ્રીહરિની અદ્ભુત વાર્તાઓ; વાર્તા-૪૭.

આભૂષણો ધરાવ્યાં. કિંમતી વસ્ત્રો પણ ધરાવ્યાં. એ રીતે દસ હજારની કિંમતનાં આભૂષણો, વસ્ત્રો મહારાજને ધરાવ્યાં. જાલમસિંહ તો ભેટની આ વસ્તુઓ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા ! અનેક પ્રકારની સુરતી મીઠાઈની માટલીઓ પણ તેઓ લાવ્યા હતા. દરબાર આ બધું જોઈ વિચારવા લાગ્યા કે ઠેઠ સુરતથી આ સંઘ અહીં આવ્યો, આવી સેવા કરી, તેમને મહારાજનો કેવો મહિમા હશે !

બપોરે સંઘ જમાડ્યો. મહારાજે જાતે પીરસ્યું. જાલમસિંહનાં માતુશ્રીને મહારાજે સ્વપ્નમાં જેવાં દર્શન દીધાં હતાં તેવા તેમણે પ્રત્યક્ષ જોયા એટલે તેમને પણ મહારાજના સ્વરૂપનો નિશ્ચય થઈ ગયો. પછી મહારાજે દરબારને બોલાવીને કહ્યું : "દરબાર ! અમારે ડભાણમાં મહામોટો વિષ્ણુયાગ કરવો છે. પરંતુ તેમાં કેટલાક અસુરો ઉપદ્રવ કરવા ધારે છે. તો યજ્ઞના રક્ષણ કાજે તમારા માણસો લઈને આવો તો યજ્ઞ નિર્વિઘ્ને પાર પડે."

જાલમસિંહ શ્રીહરિની આ આજ્ઞા સાંભળી ખુશ થયા. તેમનું ખમીર ઊછળ્યું. પોતાના ઈષ્ટદેવના કાર્યમાં વિઘ્ન નાંખનારને જેર કરી નાખવાના તેમને સંકલ્પો થવા લાગ્યા. તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! મારી પાસે એક લાખ કામઠીઓ છે. તેમના ધનુષ્યમાંથી છૂટેલું બાણ અચૂક નિશાન પાડે એવા એ બળિયા છે."

તે સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "આપણે એટલા બધા કામઠીઓની જરૂર નથી. ફક્ત હજાર પંદરસો લઈને આવજો. અમારી સાથે કચ્છના શૂરવીર ક્ષત્રિય રાયધણજી અને તેના ભાઈઓ છે, ઝાલાવાડના ઝાલા ક્ષત્રિયો છે, મેથાણના પૂજાભાઈ છે, સળકીના દયાળજી પગી છે, હાથરોલીના ભગુ ખાંટ છે, ડાંગરવાના અગરાજી છે. આ બધાએ ખોખરામાં વેરાગીઓને પોતાની તાકાતનો અનુભવ કરાવી દીધો છે." એટલું કહીને મહારાજ અટક્યા.

જાલમસિંહ આ સાંભળી રહ્યા હતા, ત્યાં મહારાજ આગળ બોલ્યા : "જાલમસિંહ ! ખોખરાના જંગ પછી માયાએ ફરી ફુંફાડો મારવાનું નક્કી કર્યું છે. વળી અમે પણ એ ભેખના સરદારને કાગળ લખી ડભાણ આવવા આમંત્રણ આપ્યું છે. એટલે તેમની સરભરા કરવાની તકેદારી પણ પૂરેપૂરી રાખી છે. બ્રહ્માનંદ સ્વામીને કહી દીધું છે કે બામરોલી અને વરતાલથી કોળીઓ તેડાવજો અને કાઠિયાવાડમાંથી કાઠીઓને તેડાવજો. તે બધા ડભાણમાં આવી જ ગયા હશે."

મહારાજે રચેલા વ્યૂહની વ્યવસ્થા સાંભળી જાલમસિંહ આભા બની ગયા. તેને લાગ્યું કે અહિંસક યજ્ઞોના પ્રસ્થાપન માટે આતતાયીઓની હિંસા મહારાજને અનિવાર્ય લાગી છે. તેમણે તરત જ પોતાના સરદારને કહી દીધું :

"પંદરસો કામઠીઓ તૈયાર થઈને ડભાણ જવા ચાલી જ નીકળે."

મહારાજ તેમની ભક્તિ જોઈ પ્રસન્ન થયા. જાલમસિંહના આગ્રહથી મહારાજ પાલખીમાં બિરાજ્યા. ગામના લોકો પણ સૌ મહારાજને તથા સંતમંડળને વળાવવા માટે સાથે નીકળ્યા. પાદરે આવ્યા એટલે મહારાજ પાલખીમાંથી ઊતરી ગયા. પરંતુ એટલામાં તો સામેથી સંઘ આવતો દેખાયો.

મહારાજ ડભાણમાં

ડભાણમાં દેશદેશના હરિભક્તો આવી ગયા હતા. ગઢડાથી કિશોરવયના ઉત્તમકુમાર - દાદાખાચર પોતાની બહેનો સાથે આવ્યા હતા. જીવાખાચર, મૂળુખાચર, નાંગમાલો, ઘેલા ધાધલ વગેરે પણ આવી ગયા હતા. વળી કોટડા, વાંકિયા, ભડલી, ગુંદાળા, ઝીંઝાવદર, ખંભાળા, કારિયાણી, સારંગપુર, ખાંભડા, નાગડકા, કુંડળ, બોટાદ, બગડના હરિભક્તો પણ આવી ગયા હતા. એ ઉપરાંત, ગઢાળી, પીપળી તેમજ જમનાવડ, ધોલેરા, કરમડ, ભેંસજાળ, રોજકા, જસકા, વાગડ વગેરે ગામોના ક્ષત્રિય હરિભક્તો પણ આવ્યા હતા. ખોખરામાં બાવાઓ સાથે થયેલા યુદ્ધની સ્મૃતિ તેમને તાજી હતી. વળી, આ પ્રસંગે એવા કોઈ બનાવ બને તો પોતાના ઉપાસ્ય પ્રભુના કાર્યમાં માથાં મૂકવા તત્પર થયેલા આ રાજપૂતોનાં શસ્ત્રો, તેમના મુખ ઉપર ઓપતા ભક્તિના તેજની જેમ ચમકતાં હતાં. આ બધો માનવમહેરામણ મહારાજનાં દર્શને ઘોડાસર ગયો.

મહારાજે સંઘને આવતો જોયો. સંઘે મહારાજ અને તેમની સાથેના સંઘને ઘોડાસરના પાદરમાં જોયા. સૌનાં અંતરમાં આનંદનો સમુદ્ર હિલોળા લેવા માંડ્યો. રંગબેરંગી સાફાઓમાં શોભતા શૂરવીર રાજપૂતો રાંગમાં કાઠિયાવાડી ઘોડીઓ રમાડતા, તેની રેવાળ ચાલથી ઊંચાં-નીચાં થતાં તેમનાં ઉઘાડાં શસ્ત્રો સૂર્યના પ્રકાશમાં ચમકતાં, જાણે ભરતીયે ચડેલા સમુદ્રની જેમ શોભતાં હતાં ! મહારાજના સ્વાગત માટે વાગતાં ઢોલ, ત્રાંસાં અને ભેરીના સૂરો, જયઘોષણા, સમુદ્રના ઘૂઘવાટની જેમ ચારે દિશાએ પ્રસરી ગયા હતા.

મહારાજ કાઠી ભક્તોને જોઈ રાજી થયા. કાઠીઓની ભક્તિથી, તેમના શૂરાતનથી, તેમના પ્રેમથી મહારાજ તેમના ઉપર અત્યંત પ્રસન્ન હતા. સૌએ મહારાજને દંડવત્ કર્યા. મહારાજ પણ ઘોડી ઉપરથી ઊતર્યા. કોઈને ભેટ્યા, કોઈના ઉપર દૃષ્ટિ કરી, કોઈને માથે બે હાથ મૂક્યા એમ પોતાના ભાવથી ભક્તોને તરબોળ કરી દીધા. એક વિશાળ વૃક્ષની નીચે મહારાજ પધાર્યા.

પોતાને માટે બનાવેલ ઉચ્ચ આસન ઉપર બિરાજ્યા અને 'સહજાનંદ સ્વામીની', 'સ્વામિનારાયણ ભગવાનની' જયઘોષણા થઈ !

એટલામાં અમદાવાદનો સંઘ ઓછવિયા મંડળી સાથે કીર્તન કરતો કરતો આવ્યો. દામોદર, નથુ ભટ્ટ, લાલદાસ ગોરા વગેરે આવ્યા. હીરાભક્ત, મોહનલાલ, ગોવિંદરામ, વજેરામ, હરજીવન, હિંમતરામ પણ આવ્યા. ક્ષત્રિય કુબેરસિંહ પણ આવ્યા. જેતલપુરથી ગંગામા સંઘ લઈને આવ્યાં. અસલાલી, વેલાલ, મછિયાવ, વડોદરા વગેરે શહેરોના સંઘ પણ આવ્યા. સૌને મહારાજનાં દર્શનની લગની હતી. મહારાજના ચરણસ્પર્શ કરવાની ઝંખના હતી. પોતે લાવેલ ભાવભરી ભેટો મહારાજને ધરવાની ઇચ્છા હતી. મહારાજનાં દર્શન થયાં – કોઈને દૂરથી, કોઈને નજીકથી. પણ આ દર્શનમાત્રથી સૌ રસ્તાનો થાક ભૂલી ગયા, ભૂખ અને તૃષાની ઊર્મિઓથી રહિત થઈ ગયા ! જાણે મહારાજના દિવ્ય સ્વરૂપમાં ખોવાઈ ગયા હોય તેમ સૌ ચિત્રવત્ બની ગયા !

દાદાખાચર મહારાજની પૂજા કરે છે

આ બધા સંઘમાંથી મહારાજે કિશોર વયના[૯] દાદાખાચરને ઈશારાથી પોતાની પાસે બોલાવ્યા. દાદાખાચર પણ મહારાજની પૂજા કરવાની સામગ્રી સાથે જ લાવ્યા હતા. મહારાજનાં ચરણ તેમણે ધોયાં; ચંદન, કુંકુ અને અક્ષતથી ચરણારવિંદની પૂજા કરી. પરંતુ પૂજાની સામગ્રીમાં ફૂલના હારની ખામી હતી. તે સંકલ્પ દાદાખાચરને થયો અને ત્યાં એક માળી ફૂલની છાબ લઈને આવ્યો. દાદાખાચરે તેની પાસેથી ફૂલના હાર લીધા, ગજરા લીધા. મહારાજને ફૂલના હાર પહેરાવ્યા, ગજરા મહારાજના હાથે બાંધ્યા. મહારાજ તેમની ભક્તિ જોઈ પ્રસન્ન થયા. માળી પણ રાજી થઈ ગયો કે ખરે ટાણે તેના ફૂલહાર અને ગજરા મહારાજની સેવામાં કામમાં આવી ગયા. દાદાખાચરે તેને એક સોનામહોર આપી. માળી આ ભેટ જોઈ ગદ્‌ગદ થઈ ગયો. દાદાખાચરે કહ્યું : "ભાઈ ! તારા હાર અને ગજરાનું તો અત્યારે કોઈ મૂલ્ય થઈ શકે તેમ નથી. આ તો અલ્પ ભેટ આપી છે."

પછી મહારાજનાં ચરણમાં હેમના તોડા પહેરાવ્યા. મોતીની માળાઓ કંઠમાં પહેરાવી. કિશોર વયના આ ભક્તરાજની મહારાજ પ્રત્યેની ભક્તિ જોઈ સૌ દિગ્મૂઢ બની ગયા !

---

૯. તેમની ઉંમર આ વખતે ફક્ત નવ વર્ષની હતી.

હરિભક્તો મહારાજની પૂજા કરે છે

જીવાખાચર તથા સોમલાખાચર, સુરાખાચર વગેરેએ પણ મહારાજનું પૂજન કર્યું અને ભેટો ધરી. કોઈકે કનકના વેઢ ધરાવ્યા, તો કોઈકે બીજાં આભૂષણો ધરાવ્યાં. માતરા ધાધલ, નાજા જોગિયા, મૂળુખાચર, હમીરખાચર, અમૂલાબા, અમરબાઈ વગેરેએ પણ મહારાજનું પૂજન કર્યું, ભેટો ધરી. વસ્તાખાચરે મહારાજને સોનાની ઊતરી આપી. લાડુબાએ સોનાનો કંદોરો આપ્યો. મહારાજે તરત જ તે પોતાની કેડ ઉપર પહેરી લીધો. રાજબા તથા મોટીબાએ હેમના કડાની જોડ આપી. અન્ય સર્વ કાઠીઓએ મહારાજને મૂલ્યવાન રેંટો ધરાવ્યો. મીણબાઈએ કંઠમાં પહેરવાનો સુવર્ણનો બંધ આપ્યો, કિંમતી શેલું આપ્યું.

કાશીદાસે બે કુંડળ ધરાવ્યાં. અમદાવાદના સંઘે કિંમતી વસ્ત્રાભૂષણો ધરાવ્યાં. મછિયાવના દાજીભાઈએ મોહનમાળા આપી. વડોદરાના હરિભક્તોએ સુવર્ણનાં અને ચાંદીનાં વાસણો આપ્યાં. કચ્છી તથા ઝાલવાડના ભક્તોએ સોનામહોરો મૂકી. રાયધણજીએ ચાંદીની છડી આપી. મેથાણના પૂજાભાઈએ સુવર્ણની બોરમાળા આપી. આમ, ભેટોના ગંજ ખડકાતા ગયા. સુવર્ણનાં અલંકારો, સુવર્ણ અને ચાંદીનાં વાસણો, કિંમતી વસ્ત્રો, સોનામહોરો આ બધું મહારાજની બાજુમાં પાર્ષદો મૂકતા ગયા. છતાં અહીં કોઈની દૃષ્ટિ એ તરફ ન હતી. સૌ મહારાજ તરફ જ એકાગ્ર દૃષ્ટિથી જોઈ રહ્યા હતા, મહારાજ પ્રત્યેના હરિભક્તોના ભક્તિભાવનાં દર્શન સૌ કરી રહ્યા હતા.

અલૈયાખાચરે મહારાજને કેસરિયો રોઝો ઘોડો ભેટ આપ્યો. સુરતના ભાઈચંદ શેઠે ઘોડા ઉપર રાખવાનું સુવર્ણજડિત પલાણ આપ્યું. ભિખારીદાસે ડુગડુગી આપી, ગોવિંદભાઈએ તાવીત આપી, લક્ષ્મીબાઈએ સૂર્યમુખી આપી, દાદાભાઈએ ઘોડા માટે કલગી આપી, મોતી શાહે કિનખાબનો સાજ ઘોડા માટે આપ્યો. કૃષ્ણદાસે અને જીભાઈએ સોના-રૂપાની ડુમચીઓ આપી. અંબારામે ચોકડું આપ્યું. નારાયણભાઈએ મોવડ આપ્યો અને પુરુષોત્તમે ઘોડાના પગે પહેરાવવા ચાંદીનાં ઝાંઝર આપ્યાં. મહારાજ માટે તો સૌ ભેટ લાવ્યા, પરંતુ મહારાજના સંબંધે અશ્વનું પણ પૂજન થયું. એને પણ સોના-રૂપાની ભેટો મળી !

હજુ તો ઘણા હરિભક્તો બાકી હતા. મહારાજે પૂછ્યું : "શું ડભાણથી આખો સંઘ આવ્યો છે ?"

ત્યારે સૌએ કહ્યું : "હા, મહારાજ ! બ્રહ્માનંદ સ્વામીએ તો કહ્યું કે આપ

એક-બે દિવસમાં પધારશો. પરંતુ અમારી ધીરજ ન રહી."

શ્રદ્ધાની આ પરાકાષ્ઠા હતી. પોતાના ઇષ્ટદેવનાં દર્શન માટે, નાના-મોટા દરેકને લાગતું કે જો મોડું થશે તો અકળાઈ જવાશે. હજુ ભક્તોના સંઘ આવ્યે જતા હતા, મહારાજ પણ જાણે નિરાંત કરીને બેઠા હતા.

સુરતના જાદવજીભાઈએ મહારાજની પૂજા કરી અને સુવર્ણનું માદળિયું આપ્યું. ગંગાદાસે મોતીની માળા આપી. લક્ષ્મીચંદ અને લલ્લુભાઈએ સુવર્ણની પહોંચીઓ આપી. રૂપચંદે ઊતરી આપી. ભવાનીદાસે અને તાપીદાસે હેમના ગુચ્છ આપ્યા. પીતાંબરે જપમાળા આપી. ઘેલાભાઈએ કંદોરો આપ્યો. નરોત્તમદાસે રૂપાની ચાખડીઓ આપી. નરસિંહે અબદાગીરી આપી. ઓધવજીએ ચામર આપ્યું. મોરારજીએ હેમની મહોરો આપી. જગુભાઈએ ઝરિયાની કિનાર આપી. નૌતમલાલે મુગટ આપ્યો.

મહારાજ તો જોઈ રહ્યા હતા. હરિભક્તો આવ્યે જ જાય છે અને પૂજન કરી ભેટ મૂકતા જાય છે. પછી મહારાજે કહ્યું : "હવે બીજા ભક્તો ડભાણમાં પૂજન કરજો." એમ કહી ઊઠ્યા.

મહારાજ તો સકળ કળામાં પ્રવીણ છે

અલૈયાખાચર શણગારેલો રોઝો ઘોડો મહારાજ માટે લાવ્યા હતા તે જોઈ જાલમસિંહે કહ્યું : "જે ખરેખરા ઘોડા ખેલવી જાણતા હોય તેમને જ આ ઘોડા ઉપર બેસારાય. મહારાજને ન બેસારાય. ઘોડો જાતવંત છે, પાડી દ્યે એવો છે."

અલૈયાખાચર આ સાંભળી હસ્યા. તેણે કહ્યું : "બાપુ ! તમે મહારાજને શું જાણો છો ? એ તો સકળ કળામાં પ્રવીણ છે. જાતવંત ઘોડાનું પણ પાણી ઉતારી નાખે એવા એ કુશળ અસવાર છે. પરંતુ મનુષ્ય ચરિત્ર કરે ત્યારે એમ પણ કહે કે ઘોડો પાડી દેશે."

જાલમસિંહને મહારાજના શબ્દો યાદ આવ્યા. અલૈયાખાચરે કહ્યું : "બાપુ ! મહારાજને તમે ઓળખતા નથી. અનંત કોટિ બ્રહ્માંડોને પોતાના પગના અંગૂઠા વતી ઠેલી દે એવી તેમની અલૌકિક સામર્થી છે. પરંતુ મનુષ્યભાવ બતાવે ત્યારે તો ડાહ્યાની પણ મતિ ભમી જાય."

જાલમસિંહને મહારાજનો પ્રથમ પરિચય હતો. ડભાણમાં થતા યજ્ઞની રક્ષા માટે મહારાજે તેની પાસે માણસો માગ્યા ત્યારે તેને પાનો ચડી ગયો હતો કે કેની હિંમત છે હું અને મારા કામઠી ભેગા હોય અને યજ્ઞમાં કોઈ વિઘન

નાખે ! પણ અલૈયાના શબ્દથી તેમની સાન ઠેકાણે આવી ગઈ. તેમને લાગ્યું કે મહારાજ તો તેમની ભ્રૂકુટીના ભંગથી બ્રહ્માંડો ડોલાવે તેવા સમર્થ છે. પણ સેવાની યાચના કરે છે તે તો અંતરમાં ભક્તિનો ભાવ જગાડવા માટે કરે છે. તે કાંઈ બોલ્યા નહીં.

રોઝો રામના બાણની ગતિએ ઊપડે છે

મહારાજે રોઝા ઘોડા ઉપર સવારી કરી. કુબેરસિંહ છડીદારે છડી પોકારી. મહારાજે અશ્વ ઉપરથી જ સૌના ઉપર અમૃત દૃષ્ટિ કરી. જાણે અનંત જન્મનાં પાપ આ દૃષ્ટિમાત્રથી ધોવાઈ ગયાં હોય એવો કૃતકૃત્યતાનો ભાવ સૌ અંતરમાં અનુભવવા લાગ્યા ! મહારાજે રોઝાના પેટમાં પેગડું માર્યું અને રોઝો ઊછળ્યો. "ખમા ! ખમા ! મારા નાથ !" સૌના અંતરમાંથી શબ્દો નીકળી પડ્યા, અને રામના ધનુષ્યમાંથી છૂટેલા બાણની ગતિએ રોઝો ઊપડ્યો. સૌના શ્વાસ અદ્ધર થઈ ગયા. એક ક્ષણમાં તો જાણે વીજળી ઝબૂકીને અદશ્ય થઈ ગઈ હોય તેમ રોઝો ક્ષિતિજની બહાર પહોંચી ગયો. સૌ જોઈ રહ્યા. ભગુજી તથા બીજા કાઠીઓને થયું કે મહારાજની પાછળ ઘોડા દોડાવીએ. પણ એવો વિચાર કરે છે ત્યાં તો જાણે આકાશમાંથી તારો ખરતો હોય તેમ રોઝો દેખાયો. કેસરી સિંહની ડણક સાંભળી જેમ હરણિયાં ત્રાસીને દોડતાં હોય તેમ રોઝો શ્વાસભેર દોડતો હતો. મહારાજનું આખું શરીર તેની ગરદન ઉપર હતું. સૌ જોઈ રહ્યા. એટલામાં તો મહારાજ પાસે આવી ગયા. રોઝાને ત્યાં મેદાનમાં કુંડાળે નાખ્યો. એક, બે અને ત્રણ કુંડાળે ફેરવ્યો અને રોઝાનાં નસકોરાં શ્વાસથી ફૂલવા લાગ્યાં. જાલમસિંહ આ જોઈ દિગ્મૂઢ બની ગયા ! મહારાજે રોઝાને થંભાવ્યો અને છલાંગ મારીને નીચે ઊતરી ગયા. ભગુજીએ તરત જ રોઝાની સરક પકડી લીધી.

એ વખતે સુરતના નાગરદાસ આવ્યા. તે સુંદર છત્ર લાવ્યા હતા. મહારાજને તેણે પ્રાર્થના કરી : "મહારાજ ! આ અશ્વ ઉપર આપ ફરી બિરાજો. આપના શિર ઉપર આ છત્ર ધરીને એ અલૌકિક શોભાનાં દર્શન કરવાં છે."

મહારાજ રોઝા ઘોડા ઉપર ફરી બિરાજ્યા. ભગુજીએ મહારાજના શિર ઉપર છત્ર ધર્યું. રોઝા ઘોડા ઉપર છત્ર સહિત શોભતી મહારાજની દિવ્ય મૂર્તિ સૌનાં અંતરમાં અંકિત થઈ ગઈ ! કેવું આશ્ચર્ય ! મહારાજની સાથે સૌએ રોઝા ઘોડાનું ધ્યાન કર્યું. છત્રનું પણ ધ્યાન કર્યું અને ભગુજીનું પણ ધ્યાન કર્યું ! ભગવાનના સંબંધે બધું જ દિવ્ય, બધું જ નિર્ગુણ !

મહારાજના રોઝા ઘોડાને જોઈને કાઠીઓના ઘોડા પણ થનગની રહ્યા. મહારાજે સૌને કહ્યું : "ચાલો, હવે ડભાણ."

મહારાજના અશ્વની આસપાસ કાઠીઓના ઘોડા વીંટળાઈ વળ્યા. સૌને ભાવ હતો - મહારાજના દર્શનનો અને સાથે સાથે મહારાજ સૌના રક્ષણહાર હોવા છતાં તેમનું રક્ષણ કરવાનો ! આ ભાવનામાં ભક્તિ હતી. મહારાજ કાઠી ભક્તો તથા સંઘ સાથે ઘોડાસરથી નીકળ્યા. સાબદા થયેલા આટલા બધા ઘોડાની ખરીથી ઊડતી ડમરી આકાશે ચડી. તેમની એક સામટી હાવળથી જાણે આકાશમાં મેઘના ગડગડાટ થતા હોય તેવું લાગ્યું !

મહારાજ કુણા ગામે પહોંચ્યા. અહીંના હરિભક્ત વસ્તાભાઈએ મહારાજની પૂજા કરી ભેટ ધરી. મહારાજે તેને ડભાણ આવવાનું કહ્યું અને ત્યાંથી સાબદા થયા.

મહારાજ ડભાણ પધાર્યા. સાથે સંઘ મોટો હતો. ડભાણમાં પણ બીજા અનેક સંઘો આવી ગયા હતા. નિશાનડંકા વાગવા લાગ્યા. ભેરીના સૂરો ગાજવા લાગ્યા. ઢોલીઓના ત્રંબાળું ઢોલ ધ્રિબાંગ ધ્રિબાંગ ગગડવા લાગ્યા. સૌ પુષ્પહાર, ફૂલ, કંકુ, અક્ષત, સુવર્ણ પુષ્પો વગેરે લઈને મહારાજને વધાવવા તૈયાર થઈ ગયા હતા. બ્રહ્માનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી પણ તેમના શિષ્યમંડળ સાથે મહારાજના સત્કાર માટે તૈયાર હતા. મહારાજ પધાર્યા. મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીએ હાર પહેરાવ્યા. બીજા સતોએ પુષ્પોથી વધાવ્યા. હરિભક્તોએ દૂરથી કંકુ, અક્ષત, ફૂલ વગેરે ચડાવ્યાં. કેટલાક ભાવિક ભક્તોએ સોના-રૂપાનાં ફૂલોથી મહારાજને વધાવ્યા.

મહારાજે મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીના હાથ પકડ્યા. બંને સંતોએ મહારાજનાં ચરણારવિંદનો સ્પર્શ કરી ચરણરજ માથે ચડાવી. ધીરે ધીરે મહારાજ તેમની સાથે ચાલવા લાગ્યા. ઉત્સવિયા કીર્તન-ઉત્સવ કરતા આગળ ચાલતા હતા. બીજાં અનેક વાજિંત્રો પણ વાગતાં હતાં. મહારાજનાં દર્શન હરિભક્તો કરતા હતા. મહારાજ હરિભક્તોનાં દર્શન કરતા હતા. કેટલાક સામે દૃષ્ટિ માંડીને જોતા હતા તો કેટલાકને ફક્ત સ્મિતથી જ મળ્યાનું સુખ આપી દેતા હતા.

મહારાજનો ઉતારો રઘુનાથ પટેલના વિશાળ મકાનમાં રાખ્યો હતો. મહારાજ ત્યાં પધાર્યા. અન્ય કાઠી દરબારો માટે પણ યોગ્ય ઉતારાની વ્યવસ્થા કરી હતી. હરિભક્તો માટે ગામની બહાર તંબુઓ, રાવટીઓ વગરે તૈયાર કર્યાં હતાં.

યજ્ઞ માટેની સામગ્રી કેવી રીતે આવી ?

મહારાજે ઉતારે પહોંચી બ્રહ્માનંદ સ્વામીને યજ્ઞ માટેના સામાન અંગે શું વ્યવસ્થા કરી છે તે પૂછ્યું.

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! અણિયાળીના પૂજા શેઠ ગાડાં લઈને સામાન લેવા ખંભાત ગયા હતા. ખંભાતની ભાગોળે આટલાં બધાં ગાડાં આવેલાં જોઈ એક શેઠે તેમને પૂછ્યું : 'આ આટલાં બધાં ગાડાં કોણ લાવ્યું છે અને અહીંથી શું માલ વહોરવાનો છે ?' એટલે પૂજા શેઠે કહ્યું : 'અમારા સ્વામિનારાયણ ભગવાન ડભાણમાં મહામોટો મહારુદ્ર કરાવવાના છે. આ પ્રસંગે હજારોની સંખ્યામાં ત્યાં હરિભક્તો આવશે. એટલે યજ્ઞ માટે અને હરિભક્તોને ભોજન જમાડવા માટે અમે અહીં માલસામાન ખરીદવા આવ્યા છીએ.' તે સાંભળી શેઠે પૂછ્યું : 'સ્વામિનારાયણના તો સાધુઓ પણ ઘણા છે તે પણ બધા ત્યાં આવશે ને ?' એટલે પૂજા શેઠે કહ્યું : 'જેને જેને સ્વામિનારાયણ ભગવાન પત્ર લખીને બોલવશે તેટલા આવશે. બીજા સંતો આજ્ઞા વિના નહીં આવે.'

''શેઠ આ સાંભળી રાજી થયા. તેમણે કહ્યું : 'ચાલો મારી વખારે, હું તમને યજ્ઞ માટેનો તમામ માલ આપીશ.' એટલે પૂજા શેઠ તેમની સાથે ગામ બહાર તેમની વખાર હતી ત્યાં ગયા. ગાડાં પણ બધાં ત્યાં બોલાવ્યાં.

''અહીં શેઠે ઘી, ગોળ, લોટ, દાળ, ચોખા, તેલ તથા બીજી અન્ય વસ્તુઓ જોખી આપી. પચાસ ગાડાં ભરાઈ ગયાં. પછી પૂજા શેઠે કહ્યું : 'શેઠ ! તમારો આંકડો આપો.' એટલે શેઠે કહ્યું : 'તમે આ શું બોલ્યા ? સ્વામિનારાયણનું નામ તો જગજાહેર છે. આ લોકના મોટા શેઠિયાની શાખે અમે માલ ધીરીએ છીએ તો સ્વામિનારાયણ તો ભગવાન છે. આજે માલ આપીને અમે રોકડી કિંમત લઈ લઈએ એમાં અમારી આબરૂ નહીં ! વળી, અત્યારે રાત પડી ગઈ છે. રાત્રે નાણાંની લેવડદેવડ થાય નહીં. માટે તમારે ઉતાવળ હોય તો સવારે આવજો.' પૂજા શેઠે ગાડાં બધાં ભાગોળે લાવી ત્યાં છોડાવ્યાં.

''બીજે દિવસે સવારે પૂજા શેઠ એ શેઠની વખારે જવા નીકળ્યા. જ્યાંથી માલ ગાડાંમાં ભર્યો હતો ત્યાં ગયા તો ત્યાં કોઈ વખાર જ ન દીઠી. આજુબાજુ તપાસ કરી. ગામમાં જઈ વેપારીઓને પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું : 'અહીં તો ભાઈ ગામ બહાર કોઈ વેપારીની વખાર નથી. તમે ભૂલા પડ્યા લાગો છો.'

''પૂજા શેઠ મનમાં સમજી ગયા કે મહારાજ શેઠ બનીને આવ્યા હતા.

તેઓ સામાનનાં ગાડાં અહીં લાવ્યા.''

મહારાજ આ સાંભળી હસ્યા. પછી સ્વામીને કહ્યું : ''તમારી ભક્તિ જોઈને ભગવાને તમારું કામ કર્યું.''

એટલે બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું : ''એ કામ કરનાર ભગવાન બીજા અને આ પૂછનાર ભગવાન બીજા ?''

એટલે મહારાજે કહ્યું : ''સ્વામી ! ભગવાન તો એક જ છે ને ? હા, પણ માંડવીમાં બે ભગવાન થયા હતા તે વાત ખરી !'' મહારાજ માર્મિક હાસ્ય કરતાં બોલ્યા.

બ્રહ્માનંદ સ્વામીએ તરત જ કહ્યું : ''પણ ત્યારેય હું તો તમને જ ભગવાન માનતો હતો.''

''તો હવે અત્યારે પણ એમ જ માનો ને !'' મહારાજે કહ્યું.

બ્રહ્માનંદ સ્વામી સમજી ગયા કે મહારાજ સીધું કહેતા નથી.

યજ્ઞનો પ્રારંભ

આ યજ્ઞ માટે મહારાજે ભારતભરમાંથી વિદ્વાનોને બોલાવ્યા હતા. વેદજ્ઞોને પણ બોલાવ્યા હતા. તેઓ સૌ અહીં આવી ગયા. ગામની પશ્ચિમ દિશામાં અઢાર વીઘાંની જમીન આંતરી મોટો યજ્ઞમંડપ તૈયાર કરાવ્યો હતો. આ મંડપમાં નિષ્કુળાનંદ સ્વામીએ ઉત્તર તથા દક્ષિણ દિશામાં બે મોટાં સિંહાસનો મહારાજ માટે બનાવ્યાં હતાં. બંને સિંહાસન વચ્ચે બે ખેતર જેટલી જગ્યાનું અંતર રાખ્યું હતું. મહારાજ આ વ્યવસ્થા જોઈ બહુ પ્રસન્ન થયા. યજ્ઞકુંડ પણ બ્રાહ્મણોએ તૈયાર કરી દીધો હતો.

ગામથી પૂર્વ દિશામાં જ્યાં હાલ તળાવ છે ત્યાં ભોજનશાળા બનાવી હતી. હજારોની સંખ્યામાં ભૂદેવો આવ્યા હતા. એટલે તે પ્રમાણે તેમને સૌને જમાડવાની વ્યવસ્થા ત્યાં કરી દીધી હતી. મયારામ ભટ્ટ આવી શક્યા ન હતા તેથી અમદાવાદના નાગર બાપુભાઈને યજ્ઞના ખર્ચનું હિસાબી કામ મહારાજની આજ્ઞા પ્રમાણે સોંપી દીધું હતું. નારદીપુરના નાનાભાઈને યજ્ઞ સંબંધી તમામ દેખરેખનું કામ સોંપ્યું. મુખ્ય યજમાન તેમને બનાવ્યા.

ડભાણ ગામ નાનું અને દેશદેશાંતરના ભક્તોના અનેક સંઘો મોટી સંખ્યામાં આવ્યા હતા. મહારાજે અગાઉથી જ બ્રહ્માનંદ સ્વામી તથા અન્ય સંતો-હરિભક્તોને આવનારા તમામ સંઘના ઉતારાની, તેમના ભોજનની, તેમની

રક્ષાની વ્યવસ્થા કરવાનું સોંપી દીધું હતું. પોતાની સાથે પણ ઘોડાસરથી પંદરસો કામઠીઓ લાવ્યા હતા, તે ઉપરાંત કાઠી ભક્તો પણ હતા. તંબુઓ અને રાવટીઓની આજુબાજુ આ રક્ષકો ગોઠવાઈ ગયા હતા.

યજ્ઞના મુખ્ય યજમાનો

યજ્ઞમાં મુખ્ય યજમાનો ડભાણના વિષ્ણુદાસ તથા રઘુનાથદાસ તેમજ બોચાસણના કાશીદાસ હતા. ઉમરેઠના રૂપરામ ઠાકર, પીપળાવના પ્રભાશંકર, વસોના વાલા ધ્રુવ વગેરે બ્રાહ્મણોને પણ આ કાર્યની જવાબદારી સોંપી હતી.

શ્રીહરિની સેવામાં મયારામ ભટ્ટના ભાઈ ગોવિંદરામ, નરભેરામ, હરિકૃષ્ણ વગેરે બ્રાહ્મણો હતા. જાલમસિંહને મહારાજે પોતાના અંગરક્ષક તરીકે સાથે જ રાખ્યા હતા. મહારાજની આ કૃપાથી તેમને મહારાજ પ્રત્યે અધિક ભાવ થયો. તે તો જાણતા હતા કે જે સૌના રક્ષક છે તેને અન્યના રક્ષણની શી અપેક્ષા હોય ! છતાં મહારાજે તેમનો ભાવ વિશેષ વૃદ્ધિ પામે તે માટે તેમને આ સેવા સોંપી હતી. તેઓ પણ આ ભાવ જાણી ગયા હતા. સાકરબા, દત્તા તથા શિવુબહેન વગેરે પણ શ્રીહરિની સેવામાં રહ્યાં હતાં.

યજ્ઞના પ્રારંભના મંગળ મુહૂર્ત પ્રસંગે મહારાજ સુરતના હરિભક્તોએ આણેલાં કીમતી વસ્ત્રાભૂષણ ધારણ કરી પધાર્યા. મંડપમાં પધારી મુખ્ય વેદી જોઈ. તેની આજુબાજુ બીજી નવ વેદીઓ કરેલી હતી તે પણ જોઈ. બ્રાહ્મણોએ દરેક વેદીની પૂજા કુમકુમ, અક્ષત, પુષ્પ વગેરેથી કરી હતી. શ્રીનગરના વિપ્રવર્ય પ્રાણગોવિંદ બ્રહ્માના સ્થાને હતા. ઋગ્વેદના જ્ઞાતા ઉમરેઠવાસી હરિશર્મા હોતા થયા. શ્રીનગરના હેમંતરામ ઉદ્‌ગાતા થયા. યજુર્વેદ જાણનારા હળવદના શિવશંકર યાજ્ઞિક અધ્વર્યુ થયા. યજ્ઞનો પ્રારંભ વેદમંત્રોચ્ચારથી શ્રીજીમહારાજની હાજરીમાં થયો. યજ્ઞના વિશાળ મંડપમાં બનાવેલી યજ્ઞવેદીઓ, તેમાં ઘી તથા જવ, તલ વગેરે ધાન્યો હોમાતાં થતા 'સ્વાહા' 'સ્વાહા'નાં ઉચ્ચારણો, યજ્ઞ પ્રસગે પધારેલા હજારો મહેમાનો, ભોજનશાળામાં જમતા હજારો બ્રાહ્મણો અને તેમને પીરસતા વિપ્રોના ઉદ્‌ગારો दीयताम् दीयताम् 'આપો આપો' અને આગ્રહ કરીને કહેતાં भुज्यताम् भुज्यताम् 'જમો જમો' આ પ્રકારના દિવ્ય ઉદ્‌ઘોષથી અદ્‌ભુત મંગળ પ્રસંગનો પ્રારંભ થયો. આ જોઈને લોકોને થયું કે આવો યજ્ઞ કરવો હોય તો મોટા ભૂપતિની પણ સમૃદ્ધિ ઓછી પડે.

બ્રાહ્મણોના વેદમંત્રો અને જમનારા બ્રાહ્મણોના ઉદ્‌ઘોષ સાંભળી મહારાજ

ખૂબ જ પ્રસન્ન હતા.

ડભાણપુરમાં આ રીતે મહારુદ્રની ભવ્ય શરૂઆત થઈ.

વામમાર્ગી બ્રાહ્મણો રસોડામાં હતા. તેમને જમવાનો આનંદ હતો. વળી યજ્ઞમાં વિઘ્ન નાખવાના સંકલ્પોથી પણ તેઓ આનંદ અનુભવતા હતા. તેમને ગમે તે પ્રકારે સ્વામિનારાયણનો પરાભવ કરવો હતો. તેમના કાર્યમાં વિઘ્ન નાખી તેમની પ્રતિષ્ઠાને ઝાંખપ લગાડવી હતી. પરંતુ તેઓ જાણતા ન હતા કે તેઓ આભની સાથે બાથ ભીડી રહ્યા હતા. શ્રીહરિની દૃષ્ટિ બહાર કાંઈ જ ન હતું.

રોજ ભક્તો આવતા, આજુબાજુનાં ગામડાંના લોકો પણ આવતા. તેઓ ચોખાના ગંજ ખડકેલા જોતા, દાળની અનેક કોઠીઓ ભરેલી જોતા. ચૂરમાના લાડુઓના મોટા ગંજના ગંજ દેખતા. ચાર પૈડાંની લાકડાની ગાડીઓમાં આ લાડુ ભરી ભરી જુવાન બ્રાહ્મણો બંને પંક્તિની વચ્ચે ગાડી લઈને ફરતા અને મોદકપ્રિય બ્રાહ્મણોને પીરસે જ જતા. ના કહે તોપણ પીરસતા. બ્રાહ્મણ પણ દેહ ખોટું કરીને આ મિષ્ટ ભોજન પ્રેમથી જમી લેતા. ભોજન તેમને પ્રિય હતું. પરંતુ ભોજનના આપનારા ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે તેમને દ્વેષ હતો. તેથી આવા નિર્ગુણ પ્રસાદીમય ભોજનની તેમના અંતરમાં કાંઈ અસર થતી નહીં. શ્રીહરિ અશ્વ ઉપર બિરાજી પાર્ષદોની સાથે, જમતા ભૂદેવોને નીરખવા આવતા. પાકશાળાની વ્યવસ્થા ઉપર પણ ધ્યાન રાખતા. પાકશાળામાં ભોજન તૈયાર કરતા બ્રાહ્મણોની હિલચાલ ઉપર પણ ધ્યાન રાખતા.

આટલી બધી સામગ્રી મોકલે છે કોણ ?

દિવસો ઉપર દિવસો પસાર થવા લાગ્યા. યજ્ઞનો ઉદ્‌ઘોષ પણ જબરો થયો. બ્રાહ્મણો પણ રોજના બ્રહ્મભોજનથી તૃપ્ત થતા. જેમ જેમ દિવસો જવા લાગ્યા, તેમ તેમ બ્રાહ્મણો પણ ભોજન જમી જમીને થાકવા લાગ્યા. નિત્ય હજારોની સંખ્યામાં બ્રાહ્મણો જમે, ભોજન માટેની સામગ્રીઓના ગંજના ગંજ રોજ ખડકાય, રોજ ગાડાંઓની કતાર ડભાણને માર્ગે ચાલતી રહે, આ જોઈને લોકોને આશ્ચર્ય થતું ! આટલી બધી સામગ્રી આવે છે ક્યાંથી ? આ બધાં ઘીનાં કુડલાં મોકલે છે કોણ ? સૌ વિમાસણમાં તો પડતા પરંતુ કેટલાક ભોજનપ્રિય બ્રાહ્મણો એ માથાકૂટમાં પડતા નહીં. કેટલાક એવી માથાકૂટ કરીને સ્વામિનારાયણને જાદુગરા કહેતા અને વળી કેટલાક કહેતા કે સ્વામિનારાયણ તો માયાવી પુરુષ છે. ઘટોત્કચ્છની માયાની જેમ દિવસે ઉપજાવે છે અને રાત્રે

લય કરી દે છે. પરંતુ ભક્ત હૃદયના મુમુક્ષુઓ સિવાય બીજાને તેમનું આ પરમેશ્વરી ઐશ્વર્ય જોઈને પણ તેમના પ્રત્યે ભગવાનપણાનો ભાવ ન થયો.

આ યજ્ઞમાં ભાવિકો આવ્યા હતા. ભક્તો પણ આવ્યા હતા. દ્વેષીઓ પણ આવ્યા હતા અને ચોરો પણ આવ્યા હતા. પરંતુ મહારાજે હરિભક્તોના ઉતારાની આજુબાજુ સજ્જડ ચોકીપહેરો ગોઠવી દીધો હતો. તેથી કોઈની યુક્તિ કામ આવતી ન હતી. પરંતુ કેટલાક ચોરોએ ચકોર દૃષ્ટિથી જોયું તો પહેરો ફક્ત હરિભક્તોના ઉતારાની આજુબાજુ જ હતો. ઘોડશાળમાં જ્યાં કાઠીઓના પાણીદાર ઘોડાઓ બાંધ્યા હતા ત્યાં ચોકીપહેરો ન હતો. ફક્ત ઘોડાઓને ચંદી કે પાવરો આપવો હોય કે પાણી પાવું હોય ત્યારે જ ત્યાં કાઠી રાજવીઓના સેવકો આવતા. આથી ઘોડશાળ ઉપર ધાડ પાડવાની ચોરોની વૃત્તિ તીવ્ર બની ગઈ !

વડતાલનો જોબન પગી ઘોડા ચોરવા આવે છે

વરતાલના જોબન પગી અને તેના અઢાર સાગરીતોને મહારાજનો રોઝો ઘોડો ઉપાડવાની ઘણા સમયથી ઇચ્છા હતી. વરતાલમાં જોબને પ્રયત્ન કર્યો હતો. પણ ત્યાં તે ન ફાવ્યો. આજે ખરો લાગ આવ્યો છે એવું તેને લાગ્યું. તેથી તેણે તેના સાગરીતોને સંકેત કર્યો કે મધ્યરાત્રિએ ઘોડશાળ ઉપર ધાડ પાડવી. સૌ તે પ્રમાણે તૈયાર થઈ ગયા.

તે રાત્રે યજ્ઞનો અને ભોજનનો કાર્યક્રમ પૂરો થયો અને સૌ હરિભક્તો પોતાને ઉતારે ગયા. સંતો પણ વૃક્ષ નીચે તેમના ઉતારે આવી ભજન કરવા લાગ્યા. ધીરે ધીરે રાત્રીનું ઘાટું અંધારું પૃથ્વી ઉપર પથરાઈ ગયું. સર્વત્ર નીરવતા છાઈ રહી. ફક્ત ચોકીપહેરામાં ગોઠવાયેલા કામઠીઓ તથા કાઠી અસવારોના ઘોડાના ડાબલાના અવાજ 'જાગો જાગો', 'ખબરદાર ખબરદાર' એવા શબ્દો સંભળાતા હતા. લોકોને નિદ્રાનું સંપૂર્ણ ઘારણ વળી ગયું હતું. તે વખતે જોબન અને તેના સાથીઓ ઘોડશાળમાં આવ્યા. તેમના હાથમાં ઉઘાડી તલવારો હતી. જેથી ખીલેથી ઘોડાઓને છોડવાની માથાકૂટ કરવી ન પડે. તલવારથી જ દોરડાં કાપી નાંખવાં. આવા સંકેતો કહી હોંશભેર તેઓ ઘોડશાળમાં પ્રવેશ્યા. પણ આ શું ?! ત્યાં પ્રકાશ હતો. કાઠીના દરેક ઘોડા પાસે ભગવાન સ્વામિનારાયણ સુંદર જરિયાની વસ્ત્રોમાં ઘોડાઓની સેવા કરતા હતા. કોઈક ઘોડાને પાવરો ચડાવતા હતા, તો કોઈને ચંદી નીરતા હતા, તો વળી કોઈને ત્રો ત્રો કરતા પાણી પાતા હતા, વળી કોઈ ઘોડાને ખરેરો કરતા હતા ! એક સાથે આટલાં બધાં સ્વરૂપો !

દરેક ઘોડાની પાસે સ્વામિનારાયણ ! આ શું ? તેમને આશ્ચર્ય થયું ! તેમને થયું કે આજે નહીં ફાવીએ. આવતી કાલે રાત્રે જ્યારે સૌ યજ્ઞના, ભોજનના અને સભાના કાર્યમાં પ્રવૃત્ત થયા હશે ત્યારે આવીશું.

તે પ્રમાણે બીજા દિવસની રાત્રીએ તેઓ ઘોડશાળમાં રોઝો ઉપાડવા આવ્યા. ગઈ કાલની રાતની જેમ આજે પણ તેમને દરેક ઘોડા પાસે મહારાજ દેખાયા. આ જોઈ તેમની મતિ મૂંઝાઈ ગઈ ! પરંતુ સ્વામિનારાયણ ભગવાન છે એવો તો તેમને ખ્યાલ આવ્યો જ નહીં. અનેક રૂપો ધારણ કરી શકે એવા તે જાદુગર છે એવું તેમને લાગ્યું. તેઓ નિરાશ થઈ ગયા. છતાં તેના સાથીઓને જોબને કહ્યું : "હવે ફક્ત બે જ દિવસ યજ્ઞના બાકી છે. માટે કાલે છેલ્લો પ્રયત્ન કરી લેવો."

શ્રીહરિએ અહિંસામય યજ્ઞો કરી ત્રેતાયુગના લુપ્ત થયેલા ધર્મનું પુનઃસ્થાપન કર્યું. રોજ પોતે સુરતના હરિભક્તોએ નિત્ય નવીન ધરાવેલ જરિયાન પોષાક, આભૂષણો ધારણ કરી યજ્ઞશાળામાં પધારતા, વેદમંત્રો સાંભળી પ્રસન્ન થતા, યજ્ઞનારાયણને પરનાળે ઘીની આહુતિ અપાતી તે જોઈ વિશેષ રાજી થતા. તેઓ કહેતા : "પરમાત્મા પ્રગટ હોય ત્યારે યુગના ધર્મો સજીવન થાય. અંતરમાં પણ જો અંતર્યામી પ્રગટ થાય, તો અંતરમાં પણ સત્યુગ, ત્રેતા અને દ્વાપરના ધર્મો પ્રગટે." તેમનું કાર્ય અંતરના આ અંતર્યામીને જગાડવાનું હતું. જે તેમનું શરણું સ્વીકારતા તેમના અંતરનો અંતર્યામી જાગ્રત થતો જ, જે એમની અવગણના કરતા તેમનામાં કલિયુગના ધર્મો પ્રગટ થતા.

શ્રીહરિ રોજ વેદપાઠી બ્રાહ્મણોની પૂજા કરતા, પુષ્પહારથી તેમનું સન્માન કરતા. બ્રાહ્મણો પ્રત્યેના શ્રીહરિના આ ભાવથી બ્રાહ્મણોને પણ પ્રતીતિ થઈ કે જે સાક્ષાત્ પરમાત્મા હોય તે જ યુગના ધર્મો તથા વર્ણ અને આશ્રમના ધર્મો સ્થાપી શકે. યજ્ઞનું કાર્ય નિર્વિઘ્ને ચાલતું હતું. સૌનાં અંતરમાં આનંદ અને ઉત્સાહ હતો. ભોજનશાળામાં પણ હજારોની સંખ્યામાં બ્રાહ્મણો દેહનું ભાન ભૂલીને જમતા હતા. પૂર્ણાહુતિને હવે ફક્ત બે દિવસ બાકી રહ્યા હતા. સોળ દિવસના અખંડ ભોજનથી બ્રાહ્મણો અતિ તૃપ્ત થઈ ગયા હતા. રસોઈ કરનારા બ્રાહ્મણો થાક્યા હતા. પરંતુ શ્રીહરિ જાતે તેમને નિદ્રામાંથી જગાડીને રસોઈના કામમાં જોડતા.

વામી બ્રાહ્મણોના મનસૂબા

શ્રીહરિના દિગ્વિજયના ડંકા વાગી રહ્યા હતા. તેથી ભોજનશાળામાં કામ

કરતા વામમાર્ગી બ્રાહ્મણોને થયું કે જો બધું જ નિર્વિઘ્ને પતી જશે તો શ્રીહરિનો દિગ્વિજય થઈ જશે. યુગના ધર્મો અને વેદના ધર્મો સ્થપાશે. આપણા પંથનું પડી ભાંગશે અને ખાન, પાન અને ભોગમાં વિઘ્ન આવશે. તેમણે વિઘ્ન નાખવાનું નક્કી કર્યું. શ્રીહરિએ યજ્ઞની શરૂઆતમાં જ કહ્યું હતું કે "ઘી ખૂટે ત્યારે બ્રાહ્મણોને રજા આપવી." એટલે હવે ઘી ખૂટવાડવું, લાડવા તળાવમાં નાંખી દેવા અને રસોઈનો સામાન વેરવિખેર કરી નાખવો. મધ્યરાત્રે ઘીનાં કુડલાં અને ખાંડની ગૂણો ઉપાડીને સગેવગે કરી નાખવી. જેથી ઘેર ગયા પછી ઘી, ખાંડ ને રોટલી લહેરથી જમી શકાય. પરંતુ તેમના આ મનસૂબા શ્રીહરિ જાણતા હતા.

સવારે રામદાસ સ્વામીએ શ્રીહરિને કહ્યું : "મહારાજ ! બ્રાહ્મણો કહે છે કે ઘીનાં બધાં જ કુડલાં ખાલી છે. જલદી ઘી મંગાવી આપો નહીં તો ધમાલ કરીશું. આવો મોટો યજ્ઞ આદરીને ઉપાડ મોટો કર્યો છે પણ સામાનની વ્યવસ્થા તો કરી નથી."

શ્રીહરિ આ સાંભળી રહ્યા. તેમણે કહ્યું : "સ્વામી ! આ વામમાર્ગી બ્રાહ્મણોની ઉશ્કેરણીથી અમદાવાદના સૂબાએ ઘીનાં ગાડાં આવતાં અટકાવ્યાં છે. છતાં તે બધાં જ ગાડાં થોડા સમયમાં આવી જશે."

પરંતુ રામદાસ સ્વામીને તો બ્રાહ્મણોની બૂમાબૂમથી અકળામણ થઈ હતી. તેમણે કહ્યું : "મહારાજ ! તે તો જ્યારે આવશે ત્યારે આવશે પણ હમણાંનું શું ? બ્રાહ્મણો બધા જ તોફાને ચડ્યા છે તેમને ખોટું દેખાડવું છે."

એટલામાં સ્વરૂપાનંદ સ્વામી અને વિષ્ણુદાસ આવ્યા. તેમણે મહારાજને કહ્યું : "જલદી પાકશાળામાં પધારો. આ બ્રાહ્મણો આપણી લાજ લેવા તૈયાર થયા છે."

મહારાજે હસીને સ્વરૂપાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી, ઘી ખૂટશે તો તમારી લાજ જશે."

ત્યારે સ્વરૂપાનંદ સ્વામી બોલ્યા : "અરે ગુરુસાહેબ ! અપની કયા લાજ જાવે ? લાજ તો લક્ષ્મીજીકી જાયેગી."

એટલે શ્રીહરિએ હસીને કહ્યું : "સ્વામી ! ચાલો અમે આવીએ છીએ." મહારાજ રામદાસ સ્વામીની સાથે ભોજનશાળામાં પધાર્યા.

ઘીનાં ખાલી કુડલાંમાં ઘી છલોછલ ભરેલું દેખાયું

રામદાસ સ્વામીએ મહારાજને ઘીનાં ખાલી પડેલાં કુડલાં બતાવ્યાં. બ્રાહ્મણો

આ જોઈ અંદર અંદર હાંસી-મશ્કરી કરવા લાગ્યા. મહારાજે તેમના તરફ જોઈ તેમને પૂછ્યું : "તમે આ બધાં કુડલાં ખાલી છે તેની ખાતરી કરી છે ?"

એટલે તેમાંનો એક આગળ આવીને બોલ્યો : "આંધળાનેય દેખાય તેવી વાત છે. તેમાં ખાતરી શું કરવાની હતી ? ઉપાડીને ઊંધાં વાળી જુઓ."

રામદાસ સ્વામી તેમની અડબંગ ભાષા સાંભળી ગુસ્સે થયા. મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! તમે આ બ્રાહ્મણોને આ કુડલાં બતાવો. તે ખાલી છે કે ઘીથી ભરેલાં છે તેની તેમને ખાતરી થાય."

રામદાસ સ્વામી આ સાંભળી મૂંઝાયા. તેમને તો ખબર હતી જ કે એકે કુડલામાં ઘી નથી. છતાં મહારાજના વચનમાં વિશ્વાસ લાવી બે-ત્રણ બ્રાહ્મણોના હાથ પકડી તેમને કુડલાં પાસે લઈ ગયા. તેમણે જોયું તો કુડલાં ઘીથી ભરેલાં હતાં ! એક, બે, ત્રણ નહીં પણ બધાં જ કુડલાંમાં ઘી છલોછલ ભર્યું હતું ! આ જોઈ બ્રાહ્મણો ઝંખવાણા પડી ગયા. તેમને ખાતરી થઈ કે સ્વામિનારાયણ જાદુગર છે તેથી પાણીનું ઘી કરી શકે તેમ છે.

મહારાજે તેમને કહ્યું : "હવે રસોઈ શરૂ કરો." બ્રાહ્મણો મૂંગા બની ગયા. રસોઈના કામમાં પ્રવૃત્ત તો થયા પણ બીજો મનસૂબો કર્યો.

મહારાજ અને રામદાસ સ્વામી ગયા. પછી તેઓ અંદર અંદર કહેવા લાગ્યા : "રસોઈ તૈયાર કરીને પહેલાં આપણે આપણા માણસોને જમાડી લેવા અને પછી તોફાન કરવું. બેઠેલી પંગતે બ્રાહ્મણો ભૂખ્યા ઊઠી જશે અને સ્વામિનારાયણને ગાળો દેશે. તેવી ધમાલમાં આપણે આ બધો સામાન લઈને પલાયન થઈ જવું."

આ સાંભળી સૌ એકબીજાને તાળી દઈને હસવા લાગ્યા. તેમણે કહ્યું : "ખરો લાગ આવ્યો છે."

મહારાજ ઉતારે પધાર્યા. પછી રામદાસ સ્વામી, મુક્તાનંદ સ્વામી, સુરાખાચર તથા અન્ય કાઠીઓને બોલાવ્યા. મહારાજે તેમને કહ્યું : "આ બ્રાહ્મણોનો મનસૂબો બૂરો છે. ધમાલ કરવાના છે. માટે ભોજનશાળામાંથી તેમને યુક્તિપૂર્વક ખસેડીને આપણા બ્રાહ્મણ હરિભક્તોને ભોજનશાળામાં ગોઠવી દ્યો. તમામ રસોઈનો કબજો લઈ લ્યો. તેઓ પોતાના વામમાર્ગી બ્રાહ્મણોને પહેલી પંગતમાં જમાડી દેવાના છે. તેમણે હથિયારો છુપાવીને પાસે રાખ્યાં છે. માટે બરોબર તકેદારી રાખજો." આટલું કહીને મહારાજ પોતે સંતમંડળને લઈને પાકશાળામાં પધાર્યા.

વામી બ્રાહ્મણોના મનસૂબા અધૂરા રહ્યા

મહારાજ પધાર્યા એટલે રામદાસ સ્વામી તથા અન્ય સંતો પાકશાળામાં ગયા. ત્યાં રસોઈ કરતાં બ્રાહ્મણોને કહ્યું : "મહારાજ પધાર્યા છે અને તમને બધાને દક્ષિણા આપવા ઇચ્છે છે તો બધા બહાર આવો."

બ્રાહ્મણોએ આ સાંભળી મહારાજ તરફ જોયું. મહારાજ પાટ ઉપર બિરાજ્યા હતા. તેમની સન્મુખ રૂપિયાના ભરેલા થાળ પડ્યા હતા. બ્રાહ્મણોને આ જોઈ ખાતરી થઈ. ધીરે ધીરે સૌ મહારાજ પાસે જવા લાગ્યા.

રસોઈ કરનારા બધા જ બ્રાહ્મણો મહારાજ પાસે આવ્યા એટલે મહારાજે તેમને કહ્યું : "તમે બધા એક પછી એક અમારી પાસે આવો અને દક્ષિણા લઈ જાઓ." એટલે બ્રાહ્મણો વ્યવસ્થિત ગોઠવાઈ ગયા.

એટલામાં ત્યાં સુરાખાચર આવ્યા. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! દક્ષિણા તો ભૂદેવોને જમ્યા પછી દેવાય. પુણ્ય તેનું છે." એમ કહી તેમણે ત્યાં રૂપિયાના ભરેલા થાળ પડ્યા હતા તે બધા ઉપડાવી લીધા. બ્રાહ્મણો આ જોઈ રહ્યા. વીલે મોંએ તેઓ પાકશાળા તરફ જવા લાગ્યા. પણ ત્યાં તો તેમણે કાઠીઓની ચોકી જોઈ. પાકશાળામાં પીતાંબર પહેરીને સત્સંગી બ્રાહ્મણોએ તમામ રસોઈનો કબજો લઈ લીધો હતો. આ જોઈ તેઓ વધુ ઉશ્કેરાયા. પરંતુ કાઠી ઘોડેસવારોએ કહ્યું : "ખબરદાર ! જો તોફાન કર્યું છે તો અહીં ને અહીં વીંધી નાંખશું." એમ કહી તેમણે બંધૂકોના ભડાકા કર્યા. એકીસાથે આટલી બધી બંધૂકોના ભડાકાથી દાળની ભરેલી સોળ કોઠીઓ ફાટી ગઈ ! વામમાર્ગી બ્રાહ્મણોને લાગ્યું કે હવે બાજી હાથમાંથી સરી ગઈ. તેમના મનસૂબા અધૂરા રહ્યા.

એટલામાં મહારાજ ત્યાં પધાર્યા. તેમણે બ્રાહ્મણોને કહ્યું : "ભૂદેવો ! સાંભળો, બ્રાહ્મણો અમને પૂજ્ય છે. પરંતુ દારૂ, માંસ અને વ્યભિચારમાં રાચતા બ્રાહ્મણોને અમે મ્લેચ્છ કહીએ છીએ. તેવા બ્રાહ્મણો જો આવા શુભ કાર્યમાં વિઘ્ન નાખવા પ્રયત્નો કરે, તો તેમને જમાડવામાં જેમ પુણ્ય નથી તેમ તેમને મારવામાં પણ પાપ નથી. માટે તમો બધા પંક્તિમાં બેસી જાઓ. અમારા બ્રાહ્મણો તમને પીરસશે. પણ જો કાંઈ તોફાન કરવાની પ્રવૃત્તિ કરી છે, તો અમારા આ કાઠીઓ અને કામઠીઓ તમને વીંધી નાંખશે."

મહારાજની આ વીરવાણી સાંભળી બ્રાહ્મણોનાં હૈયાં બેસી ગયાં. વિઘ્ન કરવાનો હવે કોઈ ઉપાય રહ્યો નથી એમ જાણી તેઓ હતાશ થઈ પંક્તિમાં

જમવા બેસી ગયા.

પછી મહારાજની આજ્ઞાથી સત્સંગી બ્રાહ્મણો ગાડામાં લાડુઓ ભરી બ્રાહ્મણોને પીરસવા લાગ્યા. પીરસનારા સાથે ફરતા કેટલાક બ્રાહ્મણોને હાથમાં લાકડીઓ લઈને પંક્તિમાં ફરવાની મહારાજે આજ્ઞા કરી હતી. જેથી પંક્તિમાં બેઠેલ વામાચારીઓ તોફાન કરી ન શકે. કાઠી ઘોડેસવારો પણ હાથમાં ઉઘાડી તલવાર અને ભાલા લઈને આમતેમ દોડતા હતા. બ્રાહ્મણો સમજી ગયા કે સ્વામિનારાયણે જબરો વ્યૂહ રચી દીધો છે. તેમને લાગ્યું કે તે કેવળ જાદુગર જ ન હતા પણ સમય આવે યુદ્ધનો વ્યૂહ રચવામાં પણ નિપુણ હતા ! લાડુ તો શેરે શેર ઘીના તેમણે જ બનાવ્યા હતા પણ તેમના મનસૂબા પાર ન પડ્યા એટલે લાડુ ગળા નીચે ઊતરતા ન હતા. મહારાજે કાઠીઓને તથા કામઠીઓને સૂચના આપી દીધી હતી કે જો વામાચારીઓને આવતી કાલની પૂર્ણાહુતિ સુધી રહેવું હોય તો ભલે રહે પરંતુ તેમની આજુબાજુ મજબૂત ચોકીપહેરો રાખજો જેથી કોઈ અનિષ્ટ કરી શકે નહીં.

સ્વામિનારાયણીય ભક્તિ

વામાચારી બ્રાહ્મણોના આસુરી ભાવને દાબીને, તેને નષ્ટ કરીને પણ સ્વામિનારાયણ ભગવાનને શુદ્ધ ભાગવતધર્મનું સંસ્થાપન કરવું હતું. તેવી જ રીતે વામમાર્ગી બાવાઓની આખી જમાતને પણ જેર કરવી હતી. ભાગવત-ધર્મના પ્રસ્થાપનમાં, જીવનનાં ઉચ્ચતર મૂલ્યોને વિકસાવવા યુગે યુગે જે જે વિભૂતિઓ પ્રગટી છે તેમણે તેમની યથાશક્તિ કાર્ય કર્યું છે. સ્વામિનારાયણ ભગવાને સંપૂર્ણતઃ આ કાર્ય સિદ્ધ કરવા સંકલ્પ કર્યો હતો. તેમની દિવ્ય કાર્ય-શક્તિનો અનુભવ ધીરે ધીરે ગુજરાતમાં જણાવા લાગ્યો હતો. સમાજમાં આ પ્રકારનું શુદ્ધીકરણ કરી તેમને લોકોના જીવનમાં શુદ્ધ ભક્તિભાવ પ્રગટ કરવો હતો. સ્વામિનારાયણીય ભક્તિ એટલે કેવળ પ્રેમના ભાવનો આટાટોપ નહીં ! પરંતુ ધર્મ, જ્ઞાન, વૈરાગ્યના રંગે રંગાઈને પ્રેમના ભાવો અંતરમાં સ્થિર થાય, તે ભાવથી અંતરના અંતર્યામીનો સાક્ષાત્કાર થાય અને બહાર નયનગોચર વર્તતું પ્રગટ ઉપાસ્ય સ્વરૂપ તેમજ અંતરનું સ્વરૂપ એક થાય. રોમેરોમમાં તે અંતર્યામી સ્વરૂપનો જ અનુભવ થાય, પોતે તે સ્વરૂપમાં ખોવાઈ જાય અને તે સ્વરૂપ જ પોતાના દ્વારા સર્વ પ્રકારે કાર્ય કરે. આવી ઉચ્ચતમ ભક્તિનો આદર્શ તેમને સિદ્ધ કરાવવો હતો. તે માટે અંદરના અને બહારના અધર્મનો ધ્વંસ કરવો જ રહ્યો.

તેમાં દયા, લાગણી કે પ્રેમની વેવલાશ તે ચલાવી લેતા નહીં.

મહારાજે બ્રાહ્મણોને નિર્વિઘ્ને જમાડ્યા. તેમના બદ આશય ધૂળમાં મેળવી દીધા. તેમણે માગેલી રાજ્ય સત્તાની મદદ પણ શ્રીહરિની કાર્યશક્તિ પાસે કામયાબ ન નીવડી. પછી મહારાજે તેમને કહ્યું : "કાલે પૂર્ણાહુતિ છે. કાલે સૌને દક્ષિણા આપવી છે. તમો સૌ રોકાજો. પરંતુ તોફાન કરવાનો સંકલ્પ કરશો તો તમારી બૂરી વલે થઈ જશે."

વામાચારી બ્રાહ્મણોને લાગ્યું કે તેમની બધી બાજી ધૂળમાં મળી ગઈ છે. છતાં દક્ષિણાના લોભથી અને કદાચ લાગ આવે તો વિઘ્ન કરવાના ભાવથી તેઓ સૌ રોકાયા. શ્રીજીમહારાજે કાઠીઓને તથા કામઠીઓને તેમનું ધ્યાન રાખવા સૂચના આપી દીધી હતી. યજ્ઞશાળામાં યજ્ઞની વેદીઓ ઉપર પણ ચોકીપહેરો ગોઠવી દીધો હતો.

પછી મહારાજ સભામાં પધાર્યા. અતિશય કરુણામૂર્તિ મહારાજને આજે સંતોષ હતો, આનંદ હતો. યજ્ઞ નિર્વિઘ્ને થયો, હરિભક્તો આવ્યા, સંતો પણ આવ્યા, હજારો બ્રાહ્મણોએ બ્રહ્મભોજન કર્યું, સંતોએ તેમની સેવા કરી છતાં તેમણે તો માધુકરી ઉપર જ ચલાવ્યું. શ્રીહરિને અંતરમાં ગૌરવ થયું કે લોકકલ્યાણનું કાર્ય મારા સંતો કરી શકશે, જેમને સ્વાદમાં આસક્તિ નથી, ભક્તોની સેવામાં ભાવ છે, મારા પ્રત્યે અપૂર્વ ભક્તિ છે અને દેહાભિમાનનું જેમણે નિરસન કર્યું છે. તે સંતો જ સમાજને ત્યાગના, ભક્તિના ઉન્નત માર્ગે દોરી શકશે.

આવા સંતોના મુગટમણિ તરીકે જે વિભૂતિ પોતાનો આદેશ સાંભળીને પૃથ્વી ઉપર પ્રગટ થઈ હતી, જેમના જીવનમાંથી વર્તમાનમાં અને ભવિષ્યમાં પણ ભાવિકો બ્રહ્મભાવ પામવાની પ્રેરણા મેળવવાના હતા, તે વિભૂતિને હવે તેમના પરમહંસ વૃંદમાં ભેળવવાનો અવસર આવી ગયો હતો.

કાલનો દિવસ અપૂર્વ છે

મહારાજે નાનાભાઈને બોલાવ્યા. તેમને કહ્યું : "નાનાભાઈ ! કાલે યજ્ઞની પૂર્ણાહુતિ છે, કાલનો દિવસ અપૂર્વ છે. કાલે ભાદરાના મૂળજી શર્માને આપણે ભાગવતી દીક્ષા આપવાની છે."

નાનાભાઈએ આ સાંભળ્યું પણ જાણે સામાન્ય વાત હોય તેમ કહ્યું : "ભલે, મહારાજ ! તે વ્યવસ્થા કરી દઈશું."

મહારાજ આ સાંભળી હસ્યા અને ઉતાવળથી પાછા ફરતા નાનાભાઈને

કહ્યું : "શું વ્યવસ્થા ? આ યજ્ઞ, આ વ્યવસ્થા, આ લાખ ભક્તોનાં વૃંદો આ બધું અહીં એકઠું કર્યું છે તે ફક્ત આ પ્રસંગ માટે જ કર્યું છે ! જેમને દીક્ષા આપવાની છે તેમનું વ્યક્તિત્વ, તેમની દિવ્યતા, તેમની કાર્યશક્તિ એ બધું તમને સૌને આગળ જણાશે."

નાનાભાઈ આમાં કાંઈ ન સમજ્યા. પણ તેમને લાગ્યું કે આવતી કાલનો પ્રસંગ કંઈક અલૌકિક છે.

જોબન પગીને આગળ બોલાવો

એટલામાં ત્યાં ઘોડશાળમાં ત્રણ દિવસ સુધી ઘોડા ચોરવાની પ્રવૃત્તિમાં પડેલા અને નિરાશ થયેલા જોબન પગી અને તેમના સાથીઓ આવ્યા. સૌ ગુપચુપ પાછળ બેસી ગયા. મહારાજનાં તેમણે દર્શન કર્યાં. ત્રણ રાત્રી સુધી મહારાજ જે જરિયાન વસ્ત્રો પહેરી દરેક ઘોડા પાસે દેખાયા હતા તે જ સ્વરૂપ તેમણે સભામાં સિંહાસન ઉપર બિરાજેલું જોયું. મહારાજની પણ તેમના ઉપર દૃષ્ટિ પડી. મહારાજે તરત જ નાનાભાઈને કહ્યું : "નાનાભાઈ ! જુઓ, સભાની પાછળ વરતાલના જોબન પગી અને તેમના સાથીઓ બેઠા છે, તેમને આગળ બોલાવો."

નાનાભાઈ જોબન પગીનું નામ સાંભળી ચમક્યા. ચોર અને લૂંટારાનો સરદાર અહીં ક્યાંથી ? આ વળી ઉપાધિ ક્યાંથી આવી ? પરંતુ મહારાજની આજ્ઞા હતી તેથી તેમની પાસે જઈ તેમને સભામાં આગળ લઈ આવ્યા. તેમને જોઈ મહારાજે નાનાભાઈને કહ્યું : "નાનાભાઈ ! આમને બધાને ઘી, ખાંડ અને લોટનાં સીધાં આપો. ત્રણ દિવસના તેઓ ભૂખ્યા છે, વળી ઉજાગરા પણ કર્યા છે એટલે થાક અને ભૂખ બંને ભેગાં થયાં છે."

નાનાભાઈને આ વાતમાં કાંઈ સમજાયું નહીં. એટલામાં જ જોબન ને તેના સાથીઓ મહારાજ પાસે આવ્યા. પોતાનાં હથિયારો મહારાજ પાસે મૂકી દીધાં અને ગદ્‌ગદ કંઠે મહારાજની પ્રાર્થના કરી : "મહારાજ ! જ્યાં ગુનાઓનું પાપ છૂટે, ત્યાં જ અમે પાપ કરવાનાં કાળાં કામો કર્યાં. પણ અમારી મુરાદ બર આવી નહીં." સભા સર્વે જોબનની આ વાણી સાંભળી સ્તબ્ધ થઈ ગઈ ! આટલા બધા રક્ષકો, કાઠીઓ, કામઠીવાળા છતાં જોબન અહીં કેવી રીતે પેસી શક્યો !

જોબનની આંખમાં આંસુ હતાં. તેણે કહ્યું : "મહારાજ ! તમારો રોઝો ઘોડો અને કાઠીઓની પાણીદાર ઘોડીઓ ચોરવા અમે ત્રણ-ત્રણ રાતના ઉજાગરા કર્યા, ઘોડશાળમાં ફર્યા પણ દરેક ઘોડી આગળ આપની મૂર્તિ દેખાણી.

આમ લાગટ ત્રણ દિવસ બન્યું. એટલે અમારી સાન ઠેકાણે આવી. અમને લાગ્યું કે આપ ભગવાન છો.''

આજે ભક્ત જોબન જન્મે છે

મહારાજ આ સાંભળી હસ્યા. મહારાજે કહ્યું : ''જોબન ! વરતાલમાં કરેલો મનસૂબો ફળ્યો નહીં ?''

એટલે જોબને તરત જ હાથ જોડી કહ્યું : ''ના, મહારાજ ! મારો તો મનસૂબો ન ફળ્યો, પણ આપે કહ્યું હતું કે 'અમે જોબનને છોડવાના નથી.' તે આપનો મનસૂબો આજે ફળ્યો. હું આપને શરણે આવ્યો છું.''

પાપના પશ્ચાત્તાપથી અંતરનાં આંસુ બહાર આવતાં હતાં. મહારાજે જોબનને પાસે બોલાવ્યો. તેમના માથા ઉપર આશીર્વાદનો હાથ મૂક્યો અને કહ્યું : ''જોબન ! અમે તમારે ઘેર આવીને જમી ગયા હતા. તમારા ભાઈ સુંદર પગીને ત્યાં પણ ગયા હતા. તમારામાં સંસ્કાર છે, મુમુક્ષુતા પણ છે. પરંતુ સંગ અને સંયોગોએ તમારી તામસી વૃત્તિને બહેલાવી દીધી હતી. આજે હવે તમારા એ જીવનનો અંત આવે છે. જોબન વરતાલો જે ડાકુ હતો, લુંટારો હતો તે આજે મૃત્યુ પામે છે, આજે ભક્ત જોબન જન્મે છે.''

ધર્મ એ ન્યાત, જાત કે ઊંચ-નીચની ગણના કરવાનો વાડો નથી

જોબનનું આ પરિવર્તન સભા સ્તબ્ધ બનીને જોઈ રહી. જેના નામની હાક વાગતી, કલકત્તા સુધી જેનું તીર ચાલતું, જેણે ત્રાસ વર્તાવવામાં બાકી રાખી ન હતી, તે જોબને આજે ભગવાન સ્વામિનારાયણનું શરણું લીધું છે ! મહારાજ તેની સામે કરુણાર્દ્ર દૃષ્ટિથી જોઈ રહ્યા. મહારાજે તેને કહ્યું : ''જોબન ! તમે શરણે આવ્યા એટલે અમને આનંદ થયો, પરંતુ તમારો આ ધંધો, તમારો સ્વભાવ બધું જ છોડી દેશો તો જ અમે તમને અપનાવીશું. ધર્મ એ ન્યાત, જાત કે ઊંચ-નીચની ગણના કરવાનો કોઈ વાડો નથી. પરંતુ માનવીના હૃદયને શુદ્ધ કરી તેને ઉન્નત કરવાનું એક સાધન છે. તમે આજે કંઠી પહેરો અને કાલથી તમારા ધંધા ચાલુ રાખો તો ધર્મ તમને કાંઈ સહાય નહીં કરી શકે.''

જોબનનું અંતર બોલતું હતું

જોબન મહારાજની આ મધુર વાણી સાંભળતો હતો. તેની આંખ સામે

તેણે અત્યાર સુધીના જીવનમાં કરેલાં કાળાં કૃત્યોની ઝાંખી થવા લાગી. તેને ધ્રૂજારી છૂટી ગઈ ! તે મહારાજના પગમાં પડી ગયો. બે પગ પકડીને તેણે પ્રાર્થના કરી : "પ્રભુ ! આપની જે આજ્ઞા હશે તે પ્રમાણે જ કરીશ. હવે બધું જ છોડ્યું. આપનાં ચરણમાં આ માથું મૂકી દીધું. આજે ઉગરવાનો વખત આવ્યો છે. તો મહારાજ ! હવે આ પતિતની, અધમની આપ રક્ષા કરો, મને શરણે લ્યો."

મહારાજે જાણ્યું કે જોબનનું અંતર બોલતું હતું, તેની વાણીમાં પરિતાપ હતો. તેમણે તરત જ તેનો હાથ પકડ્યો. તેમાં જળ મૂક્યું. મંત્ર આપ્યો અને પંચવ્રત પાળવાની દીક્ષા આપી. જોબન મહારાજની કરુણાથી કૃતકૃત્ય થઈ ગયો ! તેના સાથીઓએ પણ એક પછી એક આ વ્રત લીધા. મહારાજે તેમને કહ્યું : "સાંભળો જોબન ! આજથી દારૂ, માટી, ચોરી અને વ્યભિચારનો ત્યાગ કરવો, કોઈને વટલાવવા નહીં અને તમારે પણ વટલાવું નહીં."

જોબનને લાગ્યું કે આ પ્રભુની કેટલી કરુણા ! આ પાંચ વ્રતના પાલનથી જ જો જીવનનું શુદ્ધીકરણ થઈ પરમાત્માના સ્વરૂપને અંતરમાં પ્રગટ કરવાની સાધનાની સિદ્ધિ થાય તો તે સાધન શરૂ કરી દેવું. મોટા મોટા ઋષિમુનિઓ તેમના હજારો વર્ષોના તપથી પણ જે સિદ્ધ ન કરી શક્યા, તે સિદ્ધિ આ ભગવાનની આજ્ઞાથી આ અલ્પ સાધનાથી થઈ શકે તે કેટલી કરુણા ! કેટલી દયા !

તેણે કહ્યું : "મહારાજ ! હવે શિર સાટે આ નિયમો પાળવાના, આપના નામનો જાપ કરવાનો અને આપની મૂર્તિનું સ્મરણ કરવાનું."

મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા. મોટા મોટાઓને પણ મહારાજના સ્વરૂપની સર્વોપરી નિષ્ઠા થવામાં શંકા-આશંકાઓ થતી હતી, જ્યારે જોબનનું સંસ્કારધન જોર કરી ગયું, અંતરનાં કમાડ ઊઘડી ગયાં અને મહારાજનું સ્વરૂપ ઓળખાઈ ગયું ! લોકોને લાગ્યું કે આનાથી બીજું કયું મોટું ઐશ્વર્ય હોઈ શકે ?

પ્રભાતગરને મહારાજના સ્વરૂપનો નિશ્ચય થાય છે

તે જ દિવસે ઠીકરિયા ગામના પ્રભાતગર બાવા ત્યાં આવ્યા હતા. પોતે અત્યંત મુમુક્ષુ હતા અને ભગવાન ખોળવા માટે જ તીર્થોમાં તથા ગામોગામ ફરતા હતા. ફરતાં ફરતાં તેઓ વાકળ દેશમાં રણુ ગામે આવ્યા. ત્યાં તળાવ ખોદાતું હતું તેમાં તે પણ સેવા કરતા હતા. એટલામાં તેમણે ત્યાંથી ડમણિયું ઉતાવળથી પસાર થતાં જોયું એટલે તે તરત જ દોડ્યા અને ડમણિયાને ઊભું રાખ્યું. તેમાં બેઠેલા ગામના પટેલ તુલસીદાસભાઈ તથા લલ્લુભાઈએ તેમને

પૂછ્યું : "બાવાજી, કેમ ડમણિયું ઊભું રખાવ્યું ?"

ત્યારે તેણે હાથ જોડીને કહ્યું : "માફ કરજો, પણ આટલી ઉતાવળથી તમે જઈ રહ્યા છો એટલે મને લાગ્યું કે કાંઈ અગત્યના કામે જતા હશો. તેથી આપ કયા કામે જાઓ છો તે પૂછવું છે !"

આ સાંભળી તુલસીભાઈએ કહ્યું : "ડભાણમાં ભગવાન સ્વામિનારાયણ મોટો યજ્ઞ કરાવે છે ત્યાં અમે જઈએ છીએ. અમારે ઉતાવળ છે, કારણ કે એક-બે દિવસમાં તો યજ્ઞની પૂર્ણાહુતિ થઈ જશે."

એટલે પ્રભાતગરે કહ્યું : "મને આપ સાથે લઈ જશો ?"

તુલસીભાઈએ તરત જ કહ્યું : "બેસી જ જાઓ. આવા શુભ કામમાં તો સંઘ લઈને જવું જોઈએ."

પ્રભાતગર રાજી થઈ ગયા અને તરત જ ડમણિયામાં બેસી ગયા.

તેઓ ડભાણ પહોંચ્યા ત્યારે મહારાજ સભાસ્થાનમાં બિરાજમાન થયા હતા. જોબનનું પરિવર્તન થઈ ગયું હતું. સભા આ આશ્ચર્યમય ઘટનાથી અને મહારાજની દિવ્યતાથી આશ્ચર્યવત્ બની ગઈ હતી. તે સમયે રણુનો સંઘ આવ્યો. સભામાં આગળ જવા માટે તો તસુ જેટલી પણ જગ્યા ન હતી. તેથી તેઓ મહારાજનાં દર્શન કરતાં પાછળ બેસી ગયા. પ્રભાતગર બાવાને મહારાજનાં દર્શન કરતાં જ અપાર શાંતિ થઈ ગઈ ! ભગવાન ભેટ્યાનો તેમણે આનંદ અનુભવ્યો. પરંતુ તેના ચંચળ મને તરત જ સંકલ્પ કર્યો : "એમણે ઓઢેલી ધડકી મને પ્રસાદીરૂપે આપે તો હું કૃતાર્થ થઈ જઉં. એમને તો બીજી ધડકીઓ આપનારા ઘણા મળી રહેશે."

મહારાજે તેમનો સંકલ્પ જાણ્યો. પાછળ ઊભેલા પાર્ષદને કહ્યું : "જુઓ, પણે એકદમ છેલ્લે બેઠેલા મુનિબાવા છે, જટાધારી છે, તેમનું નામ પ્રભાતગર છે. તેમને અહીં મારી પાસે લાવો."

પાર્ષદ તરત જ સભામાંથી માર્ગ કરતો કરતો બાવાજી પાસે ગયો. બાવાજીને તેમનું નામ પૂછ્યું. પછી કહ્યું : "તમને મહારાજ બોલાવે છે."

પ્રભાતગરને આ સાંભળી આશ્ચર્ય થયું ! તે તરત જ ઊઠ્યા. મહારાજ પાસે ગયા. બે હાથ જોડી પગે લાગ્યા. મહારાજે તેને કહ્યું : "પ્રભાતગરજી ! ટાઢ ઘણી છે અને તમારા શરીર ઉપર બીજું વસ્ત્ર નથી તો આ ધડકી તમે રાખો."

આ સાંભળી પ્રભાતગરજી દિગ્મૂઢ બની ગયા ! તેમણે હાથ જોડી કહ્યું : "ના મહારાજ ! આપની ધડકી(ગોદડી) મારાથી કેમ લેવાય ?"

મહારાજે હસીને કહ્યું : "આ તો પ્રસાદી કહેવાય. વળી અમને તો આપનારા બીજા ઘણા મળી રહેશે, માટે તમે રાખો." એમ કહી મહારાજે ધડકી તેમને ઓઢાડી દીધી. પ્રભાતગરને મહારાજના સ્વરૂપનો નિશ્ચય પાકો થઈ ગયો.[૧૦]

અનાદિ અક્ષરબ્રહ્મને ભાગવતી દીક્ષા અપાય છે

પોષ સુદ ૧૫નો માંગલિક દિવસ એ આ યજ્ઞની પૂર્ણાહુતિનો દિવસ હતો. યજ્ઞમાં નારિયેળ હોમાય પછી મહારાજની પૂજાનો કાર્યક્રમ રાખ્યો હતો. દેશદેશના હરિભક્તો વિવિધ ભેટો લઈને આ અનુપમ અવસરનો લહાવો લેવા તૈયાર થઈ ગયા હતા. કેટલાક સોના-ચાંદીનાં વાસણો લાવ્યા હતા. કેટલાક સુવર્ણનાં અને મોતીનાં આભૂષણો લાવ્યા હતા, તો વળી કેટલાક મહારાજ માટે વિવિધ પ્રકારના સોનેરી તારથી શોભતાં વસ્ત્રો, પાઘ વગેરે લાવ્યા હતા. કેટલાક સુવર્ણ તથા રૂપાની મુદ્રાઓ લાવ્યા હતા. કેટલાક તાંબા-પિત્તળનાં વાસણો પણ લાવ્યા હતા.

મહારાજ તેમનો સૌનો ભક્તિભાવ જોઈ અત્યંત પ્રસન્ન થયા. તેમણે નાનાભાઈને બોલાવ્યા અને કહ્યું : "તમને ગઈ કાલે સૂચના આપી હતી તે પ્રમાણે ભાદરાના મૂળજી શર્માને અહીં લઈ આવો. તેમને ભાગવતી દીક્ષા આપવાને માટે જ આ પ્રસંગ અમે યોજ્યો છે."

મહારાજની આ નવીન વાત સાંભળી સૌ આશ્ચર્ય પામી ગયા ! આ મૂળજી શર્મા કોણ છે જેમને દીક્ષા આપવા માટે જ મહારાજે આવો મહાયજ્ઞ યોજ્યો હતો !

એટલામાં મૂળજી શર્મા શિખાવર્જિત મુંડન કરાવી, સફેદ વસ્ત્રો ધારણ કરી ત્યાં આવ્યા. મહારાજે તેમને પોતાની બાજુમાં જ પાટલા ઉપર બેસાર્યા. સૌ સ્થિર નેત્રે આ દર્શન કરી રહ્યા. સંપ્રદાયમાં ઘણા સંતોને મહારાજે દીક્ષા આપી હતી. પરંતુ આવો મહાસમારંભ યોજી, અપાર માનવસમૂહ વચ્ચે વેદવિધિપૂર્વક મહારાજ જે આ મૂળજી શર્માને દીક્ષા આપી રહ્યા છે એવા તે એ કોણ છે ?

મહારાજ સૌનાં અંતરનો આ ભાવ જાણી ગયા. તેમણે તેમની આતુરતાનો અંત લાવવા બે હાથ ઊંચા કરીને સભાને સંબોધતાં કહ્યું : "સાંભળો, સંતો-હરિભક્તો ! આજે અમે આ સમારંભમાં આ મૂળજી શર્માને

---

૧૦. અદ્ભુતાનંદ સ્વામી કૃત વાર્તા, પા. ૧૦૪, ૧૦૫. મહારાજે પ્રભાતગરને આપેલી ધડકી અત્યારે રણુના તુળજા માતાના મંદિરમાં પ્રસાદી સ્વરૂપે સચવાયેલી છે.

દીક્ષા આપીએ છીએ. હાલારમાં ભાદરા ગામના તે બ્રાહ્મણ છે, દેખાવમાં સામાન્ય લાગે છે પણ તે સ્વયં અમારું અક્ષરધામ છે. ધામરૂપે તે અમોને તથા અનંત કોટિ મુક્તોને ધારી રહ્યા છે અને મૂર્તિમાનરૂપે તે અમારી અખંડ સેવામાં છે. જેવા અહીં છે તેવા જ અક્ષરધામમાં પણ અમારી સમીપે અમારી સેવામાં છે. જે અનંત કલ્યાણકારી ગુણોથી શોભાયમાન છે અને છતાં ગુણથી પર છે, જે સર્વકર્તા છે છતાં અકર્તા છે, જે સગુણ છે અને નિર્ગુણ પણ છે, જે ત્રણ ગુણોથી પર દિવ્ય ગુણાતીત સ્થિતિમાં જ સદા રહે છે, અમારા સ્વરૂપનું તેમને યથાર્થ જ્ઞાન છે. તેમના થકી જ અમારા સ્વરૂપનું જ્ઞાન પ્રવર્તશે." એટલું કહીને મહારાજે ભાગવતી દીક્ષાની સર્વ વિધિ બ્રાહ્મણો પાસે કરાવી.

પછી મહારાજે કહ્યું : "આ મૂળજી શર્માની ત્રિગુણાતીત સ્થિતિ છે તેથી અમે તેમનું નામાભિધાન 'ગુણાતીતાનંદ' એવું કરીએ છીએ,[૧૧] તેમની પ્રતિષ્ઠા સારા વિશ્વમાં પ્રસરી જશે."

મહારાજની વાણીનો પ્રવાહ જોરદાર હતો. તેમને હજુ ઘણું કહેવું હતું. પરંતુ તેમને લાગ્યું કે આ અક્ષરધામ સ્વરૂપ નવદીક્ષિત શ્રી ગુણાતીતાનંદ સ્વામીને તેમના યથાર્થ સ્વરૂપમાં ઓળખવાની દૃષ્ટિ હજુ તેમના અનુયાયીઓમાં આવતાં સમય લાગશે, કારણ કે હજુ પોતાના સર્વોપરી સ્વરૂપને યથાર્થ ઓળખવામાં ઘણાની મતિ મૂંઝાઈ જાય છે. અધોર્ધ્વ અને પ્રમાણે રહિત એવા

---

૧૧. मूलजीशर्मणे दीक्षां ददानस्य प्रजायते ।
भूयान्मेऽत्र समानन्दो यतो धामाऽक्षरं स मे ॥
मुक्तैरनन्तैः साकं मे यत्राऽखण्डतयोष्यते ।
ऊर्ध्वाधोभागरहितं तन्मूलं धाम चाक्षरम् ॥
गुणैरनन्तैः समलंकृतोऽसौ परो गुणेभ्यो विदितः पृथिव्याम् ।
स सर्वकर्ता न करोति किञ्चत् स निर्गुणः सन् सगुणोऽपि भूयः ॥
गुणत्रयात् परां काञ्चिद् गुणातीतेतिनामिकाम् ।
अवस्थां भजमानं मामयं जानाति मूलजित् ॥
मूलजीशर्मणस्तेन महिमाऽत्रोपचीयते ।
अचिन्त्योऽयमगाधश्च वाचां पारेस्थितश्च सः ॥
मूलजी शर्मणो नाम रम्यमस्माद् दिनादतः ।
गुणातीतानन्दरूपं विश्वख्यातं भविष्यति ॥

– શ્રી રઘુવીરજી મહારાજ કૃત શ્રીહરિલીલાકલ્પતરુ;
સ્કંધ ૭, અ. ૧૭, શ્લોક : ૪૯ /૫૪.

દિવ્ય અક્ષરધામની વાત અતિ મહાન છે, અને મનુષ્યની બુદ્ધિ અતિ અલ્પ છે. એ સુમેળ જ્યારે એ બ્રહ્મના સંબંધે બ્રહ્મરૂપ થવાય ત્યારે જ થાય. સમગ્ર સભા આ નવદીક્ષિત યુવાન તરફ જોઈ રહી. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પણ નીચી દૃષ્ટિએ મહારાજની વાણી સાંભળી રહ્યા હતા.

મુનિનું આગમન

એવામાં મહારાજની દૃષ્ટિ થોડે દૂર બેઠેલા એક યુવાન ઉપર પડી. યુવાન સ્થિર નેત્રે મહારાજ તરફ જોઈ રહ્યો હતો. મહારાજે પાસે ઉભેલા સેવકને કહ્યું : "પેલો છેલ્લો બેઠેલો જે યુવાન છે તેને મારી પાસે લઈ આવો."

મહારાજની આજ્ઞા પ્રમાણે પાર્ષદ દૂર બેઠેલા યુવાન પાસે ગયો. તેનાં નેત્રો હજુ મહારાજ તરફ સ્થિર જ હતાં. પાર્ષદે તેને હલાવ્યો. છતાં તેની દૃષ્ટિ મહારાજની મૂર્તિ તરફથી હઠી નહીં. પાર્ષદે તેને ફરી હલાવ્યો અને તે યંત્રવત્ ઊભો થયો. પાર્ષદે તેને કહ્યું : "તમને મહારાજ બોલાવે છે."

તે ચાલ્યો મહારાજ તરફ, તેની ગતિ પણ યંત્રવત્ જ હતી. તેની દૃષ્ટિ મહારાજના સ્વરૂપમાં સ્થિર જ હતી. તે મહારાજ પાસે આવ્યો. મહારાજનાં ચરણારવિંદમાં સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. મહારાજે તેને માથે બે હાથ મૂક્યા. આ દિવ્ય સ્પર્શથી તે કોઈ દિવ્ય અવસ્થામાં જાગ્રત થઈ સ્થૂલભાવમાં આવ્યો. તેની આંખમાંથી અશ્રુ ચાલ્યાં જતાં હતાં. હાથ જોડી તેણે કહ્યું : "પ્રભુ ! કેટલાય સમયની શોધને અંતે આજે આપને પામ્યો છું, બદરિકાશ્રમમાં જે નારાયણના દિવ્ય સ્વરૂપનાં મને દર્શન થયાં તે જ સ્વરૂપનાં દર્શન મને આજે આપના સ્વરૂપમાં થયાં છે. સાક્ષાત્ નારાયણ છો તો કૃપા કરી મને સ્વીકારો. હું આપને શરણે આવ્યો છું."[૧૨]

---

૧૨. પાછળથી શ્રીજીમહારાજે તેમને ભાગવતી દીક્ષા આપી 'શતાનંદ મુનિ' એ પ્રકારનું નામાભિધાન કર્યું હતું. સત્સંગિજીવન, પ્રકરણ ૨, અધ્યાય ૪૮માં એવો ઉલ્લેખ છે કે શતાનંદ મુનિ આ જ સમયે શ્રીહરિને મળ્યા હતા.

આ શતાનંદ મુનિ વિષે બીજી જુદી માન્યતા પણ છે. શ્રીહરિલીલામૃત, કળશ ૭, વિશ્રામ ૨૩માં એવો ઉલ્લેખ મળી આવે છે કે બદરિકાશ્રમમાં વારંવાર અવરજવર કરનાર સંતદાસજી કે જેઓ ક્યારેક દિગંબરાવસ્થામાં પણ ફરતા અને નિરાવરણ સ્થિતિવાળા હતા તે જ આ શતાનંદ મુનિ છે. તેમણે સત્સંગિજીવનનો ગ્રંથ રચ્યો હોવાનું કહેવાય છે; ➡

મહારાજના બંને હાથ હજુ તેના મસ્તક ઉપર જ હતા. મહારાજે તેને કહ્યું : "અમે પણ તમારી જ રાહ જોતા હતા. તમે આવ્યા. હજુ પણ ભારતભરના ખૂણે ખૂણે જ્યાં જ્યાં વિભૂતિઓએ અવતાર ધારણ કર્યા છે તે બધા અહીં આવી રહ્યા છે. ભાગવત ધર્મના સ્થાપન અને પ્રસારણ માટે અમારે અભૂતપૂર્વ આધ્યાત્મિક ઇતિહાસ સર્જવો છે, લાખો મુમુક્ષુઓનું આત્યંતિક કલ્યાણ કરવું છે."

યજ્ઞની પૂર્ણાહુતિ

બ્રાહ્મણોએ મહારાજ પાસે વેદોક્તવિધિથી હોમ કરાવ્યો. નારિયેળ હોમાવ્યું અને યજ્ઞની પૂર્ણાહુતિ ધામધૂમથી થઈ ! હરિભક્તોએ મહારાજનું પૂજન કર્યું. પૂજા શેઠે મહારાજને સુવર્ણના બાજુબંધ ધરાવ્યા. અન્ય હરિભક્તોએ

સંતદાસજી સંત સુજાણ, એવે અવસરે આવ્યા ડભાણ ॥૨૧॥
બદરીકાશ્રમે રહેનાર, ઘણાં તીર્થ વિષે ફરનાર ।
શતાનંદ મુનિ પણ નામ, કરે સંસ્કૃત કાવ્યનું કામ ॥૨૨॥
ગાય પ્રગટ પ્રભુનાં ચરિત્ર, જેની વાણી છે પરમ પવિત્ર ।
સત્સંગિજીવન ગ્રંથ જેહ, રચનાર શતાનંદ તેહ ॥૨૩॥
ધરે શ્રીહરિનું સદા ધ્યાન, ભૂલી જાય તે દેહનું ભાન ।
ફરે ક્યારે દિગંબર થૈને, બેસે ક્યારે એકાંતમાં જૈને ॥૨૪॥

આ સંતદાસજી ડભાણમાં સ્વરૂપાનંદ સ્વામીને મળ્યા અને પછી સ્વરૂપાનંદ સ્વામી એમને શ્રીહરિ પાસે કારિયાણી લઈ ગયા અને પછી ત્યાંથી શ્રીહરિએ એમને પુનઃ બદરિકાશ્રમ મોકલ્યા.

શ્રીહરિલીલામૃતનો આ ઉલ્લેખ જોતાં એમ જણાય છે કે સંતદાસજી આ.સં. ૧૮૬૪માં કચ્છમાં હમીરસર તળાવમાં નહાવા પડીને બહાર ન નીકળતાં બદરિકાશ્રમમાં ગયા; વળી જે કચ્છના તેરા ગામમાં છ માસથી ગંજીના પૂળા હેઠળ સમાધિસ્થ રહેલા અને સં. ૧૮૬૯માં કારિયાણીમાં જન્માષ્ટમીના દિવસે આવેલા તે જ સંતદાસજી સત્સંગમાં શતાનંદ સ્વામી તરીકે પ્રખ્યાત હોવા જોઈએ. જો આ જ સમાધિવાળા શતાનંદ મુનિ હોય, તો તેઓ રામાનંદ સ્વામીના વખતથી અથવા તો ઘણા સમય પહેલાંથી હોવા જોઈએ, કારણ કે જ્યારે શ્રીહરિના સમાધિ પ્રકરણથી આકળા બનીને સદ્. મુક્તાનંદ સ્વામી શ્રીહરિને ઠપકો આપવા મેઘપુર આવે છે (આ.સં. ૧૮૫૯, કાર્તિક સુદ ૧૦) ત્યારે શ્રીહરિએ સંતદાસ નામના સાધુને સમાધિ કરાવીને મુક્તાનંદ સ્વામીને નાડી જોવાનું કહ્યું હતું. આ રીતે આ નિરાવરણ સ્થિતિવાળા સંતદાસજીની વિગત છે.

પણ આ પ્રસંગે જાણે મહારાજને સર્વસ્વ અર્પણ કરી દઈએ એવી ભાવનાથી પોતાની શક્તિ કરતાં પણ વધુ ભેટ કરી. સુદામાના તાંદુલ અને વિદુરજીની ભાજીનાં દાન શાસ્ત્રમાં લખાઈ ગયાં. પરંતુ અહીં તો એવા કંઈક સુદામાઓ અને વિદુરો મહારાજ પ્રત્યેની ભક્તિના પ્રવાહમાં ખેંચાયા હતા.

તેમની ભેટથી મહારાજ પ્રસન્ન થઈ ગયા અને બોલ્યા : "ડભાણનો યજ્ઞ હવે પૂરો થયો. હરિભક્તો આવ્યા, તેમણે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું. સંતો આવ્યા, સેવા કરી, બ્રાહ્મણોને મિષ્ટ ભોજનો જમાડ્યાં અને પોતે કેવળ ભિક્ષાથી જ ચલાવ્યું. અમારા ધામરૂપ અક્ષરબ્રહ્મ જે આ મૂળજી શર્મા તેમને ભાગવતી દીક્ષા આપી 'ગુણાતીતાનંદ' નામાભિધાન કર્યું અને એ રીતે ભાગવત ધર્મના પાયા આજે ઊંડા નાંખ્યા. આ નવયુવાન આવ્યા તે પણ ભવિષ્યમાં સંપ્રદાયના ગ્રંથો રચશે અને સંપ્રદાયનો વિસ્તાર કરશે."

એમ કહીને પછી મહારાજે શ્રીપાત પૂર્ણાનંદ સ્વામીના ભાઈ કુબેરને મહારુદ્રમાં પૂજેલા ચાંદીના મહાદેવ આપ્યા. શુક્લ વેદપુરુષને શ્રીફળ આપ્યું અને ઉમરેઠના અનોપરામ તથા નરભેરામને મહારાજ પ્રસન્નતાપૂર્વક ભેટ્યા અને આશીર્વાદ આપ્યા.

ડભાણના યજ્ઞનાં દર્શન આધોઈનાં કરણીબાને થાય છે

આવા અપૂર્વ મહાયજ્ઞમાં જે જે હરિભક્તો આવી ન શક્યા તેમને મહારાજે તેમને ઘેર દર્શન આપ્યાં અને તેમની ઉદાસીનતા ટાળી દીધી. કચ્છમાંથી ગુજરાત આવતા આધોઈમાં રાયધણજીના ભાઈનાં પત્ની કરણીબાને મહારાજે કહેલું કે તમને ડભાણની લીલાનાં અહીં દર્શન થશે. કરણીબાની વૃત્તિ તો મહારાજના આ વચનથી ડભાણમાં પહોંચી ગઈ હતી. તેવી સ્થિતિમાં તેને મહારાજના જ સંકલ્પો થતા હતા.

યજ્ઞના દિવસો દરમ્યાન તે કામથી પરવારી મેડા ઉપર ગયાં, ત્યાં તેણે પલંગ ઉપર મહારાજને પોઢેલા જોયા. તેના આશ્ચર્યનો પાર રહ્યો નહીં. થોડી વાર પલંગની આજુબાજુ સ્વામિનારાયણનો મંત્ર જાપ કરતાં તેણે પ્રદક્ષિણા કરી. એટલામાં મહારાજ જાગી ગયા. પંચાંગ પ્રણામ કરી તેણે પૂછ્યું : "પ્રભુ ! આપ અહીં ક્યાંથી ?"

મહારાજ હસ્યા. પછી કહ્યું : "અમે ડભાણથી આવ્યા છીએ. રાયધણજી કાંઈક કામે રોકાઈ ગયા છે તેથી આજ કાલમાં આવી જશે."

પછી કરણીબાએ મહારાજ માટે થાળ કર્યો. મહારાજ જમ્યા. બે દિવસ મહારાજ ત્યાં રહ્યા પછી કહ્યું : "કરણીબા ! રાયધણજી તો હજુ ન આવ્યા. માટે અમે હવે જઈશું." એમ કહીને મહારાજ ત્યાંથી ચાલી નીકળ્યા.

થોડા દિવસ પછી રાયધણજી જ્યારે આધોઈ આવ્યા ત્યારે કરણીબાએ તેમને મહારાજ પધાર્યા હતા તે વાત કરી. તે સાંભળી રાયધણજીને આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું : "ક્યારે મહારાજ પધાર્યા હતા ?"

કરણીબાએ વાર અને તિથિ કહ્યા. એટલે રાયધણજીએ કહ્યું : "તે દિવસે તો મહારાજ ડભાણમાં જ બિરાજતા હતા. પરંતુ તમારો ભાવ હતો એટલે બીજા સ્વરૂપે મહારાજ પધાર્યા અને તમને દર્શન દીધાં."

સુરતમાં ડભાણની દિવ્ય લીલાનાં દર્શન

સુરતના ભિખારીદાસની પુત્રીને પણ સુરતમાં જ, ડભાણમાં મહારાજે કરેલી દિવ્ય લીલા, યજ્ઞ વગેરનાં દર્શન થયાં. વસોના દાદા દવે ડભાણ આવ્યા હતા. તે સાથે તેમની પુત્રી જમુના અને પુત્ર ઈશ્વર પણ હતાં. પરંતુ પૂર્ણાહુતિના દિવસે અત્યંત ભીડને લઈને જમુના યજ્ઞશાળામાં જઈ ન શકી અને ઉતારે જ રોકાણી. તેની વૃત્તિ તો મહારાજના સ્વરૂપમાં જ હતી. તેને મહારાજે પૂર્ણાહુતિની તમામ વિધિનાં દર્શન કરાવ્યાં.

સોરઠના હરિભક્તોને દિવ્ય દર્શન

સોરઠમાંથી સોરઠના હરિભક્તોનો સંઘ પણ નીકળ્યો હતો. તેમાં મયારામ ભટ્ટ, પર્વતભાઈ વગેરે હતા. રસ્તામાં તેમને મહારાજનાં દર્શન થયાં. બધા જ હરિભક્તો હર્ષવિભોર બની ગયા ! મહારાજને દંડવત્ પ્રણામ કર્યા. પછી પૂછ્યું : "મહારાજ ! આપ એકાએક અહીં ક્યાંથી ?"

મહારાજે કહ્યું : "ડભાણના યજ્ઞમાંથી આવીએ છીએ અને માણાવદર જઈએ છીએ." એટલું કહીને મહારાજે ઘોડી દોડાવી મૂકી.

સંઘ ત્યાંથી જ પાછો વળ્યો. માણાવદર સૌ આવ્યા અને મહારાજની તપાસ કરી. ત્યારે ત્યાંના હરિભક્તોએ કહ્યું : "મહારાજ તો અહીં આવ્યા જ નથી, ડભાણમાં યજ્ઞ ચાલે છે ત્યાં મહારાજ બિરાજે છે."

હરિભક્તોને થયું કે મહારાજે દિવ્ય સ્વરૂપે દર્શન દીધાં.

જે જે હરિભક્તોને દર્શનની તાલાવેલી હતી, મહારાજના સ્વરૂપમાં જેની

વૃત્તિ જોડાઈ ગઈ હતી તેમને સૌને મહારાજે દર્શન આપી તેમના મનોરથ પૂરા કર્યા !

✧

ડભાણમાં મહારાજે મહાન યજ્ઞ નિર્વિઘ્ને પૂરો કર્યો. અસુરોએ કરવા ધારેલા ઉપદ્રવો ઉડાવી દીધાં, તેમને ધૂળ ચાટતા કરી દીધા. હજારો બ્રાહ્મણો ભાવપૂર્વક બ્રહ્મભોજન જમ્યા અને 'સહજાનંદ સ્વામી'ની જયઘોષણા કરી. વેદજ્ઞ બ્રાહ્મણોને પણ શ્રીજીમહારાજની પ્રતિભા, ઐશ્વર્ય અને કરુણા ભરપૂર કાર્યોથી પ્રતીતિ થઈ કે વેદકાળના સમયનું હવે પુનરુત્થાન શરૂ થયું છે. અસુરાંશનો નાશ થતો જાય છે. મહારાજ તો સત્ય સંકલ્પ હતા તેથી તેમના કાર્યની ફળ-સિદ્ધિ નિશ્ચિત જ હતી. મહારાજે આ સંપ્રદાયની વેદોક્ત પ્રણાલિકા, આચાર શુદ્ધિ અને સર્વોપરી ઉપાસનાનો ભક્તિ માર્ગ સ્થાપી, ત્રિપથનો સમન્વય કરી મુમુક્ષુઓ માટે મોક્ષનો માર્ગ ખુલ્લો કરી દીધો.



ઉદ્‌ગીથ ૩

પાંચાળ, સોરઠ અને કચ્છમાં વિચરણ

(આ.સં. ૧૮૬૬, ઈ.સ. ૧૮૧૦)

મહારાજને વરતાલના બાપુભાઈ રણછોડદાસ, નારાયણગિરિ,[૧૩] જોબન પગી તથા વાસણ સુથાર વગેરે ભક્તોનું આમંત્રણ હતું : "મહારાજ વરતાલ પધારો. આ યજ્ઞ તો આપે ધામધૂમથી કર્યો પરંતુ અમારા અંતરમાં પણ યોગયજ્ઞ અને જ્ઞાનયજ્ઞની પ્રક્રિયા ચાલુ રહે અને આપની મૂર્તિનું અખંડ સુખ આવે એટલે આપનાં દર્શન, સમાગમ અને સેવાની અપેક્ષા રહે છે."

મહારાજે તેમને કહ્યું : "તમો આગળ જાઓ, તૈયારી કરો, અમે આવીએ છીએ."

જોબન પગીને મહારાજ તેની બારીમાં દર્શન દે છે

મહારાજે તેમનું આમંત્રણ સ્વીકાર્યું. એટલે તેઓ ખૂબ જ ખુશ થઈ ગયા. મહારાજની સેવા કરવાના, સત્સંગ કરવાના અનેક મનોરથો સેવતાં તેઓ વરતાલની વાટે પડ્યા. જોબનને તો મહારાજે પોતાના દિવ્ય સ્વરૂપનો અનુભવ સતત ત્રણ દિવસ કરાવ્યો હતો. તે અનુભવથી તેના અંતરની કાળાશ નાશ થઈ ગઈ હતી. શ્રીજીમહારાજ સાક્ષાત્ પરમાત્મા છે એવી પ્રતીતિ પણ થઈ હતી અને મહારાજનું શરણું પણ ગ્રહણ કરી લીધું હતું. છતાં રસ્તે ચાલતાં તેના અંતરમાં સંકલ્પો થવા લાગ્યા : "મહારાજ ભગવાન જરૂર છે. મારાં કાળાં કામો છોડાવી મને તેમણે માણસ બનાવ્યો છે. હવે મારે તેમના ભક્ત બનવું છે, પરંતુ એક સંકલ્પ છે. હું વરતાલ પહોંચું અને મહારાજ મારી મેડીની બારીએ બેઠા

---

૧૩. નારાયણગિરિ મૂળ વડતાલના નિહંગ મઠના મહંત હતા. ત્યાગી હતા, છતાં સ્ત્રીઓ સાથે બોલવાની છૂટ હતી. ધીરધારનો ધંધો કરતા. પણ જમીનો ઘણી હતી. મુક્તાનંદ સ્વામી તેમના મઠમાં જ ઊતરતા. તેમના કુટુંબીઓ હાલ વરતાલમાં છે.

હોય તેવા દર્શન થાય." જોબનના અંતરમાં આ સંકલ્પે જોર પકડ્યું.

માનવીને પરમાત્માના સ્વરૂપનો કાં યોગથી અનુભવ થાય, કાં જ્ઞાનના સાક્ષાત્કારથી અનુભવ થાય, કાં વિશ્વાસથી અનુભવ થાય. જોબનને એવો વિશ્વાસ હતો. યોગ અને જ્ઞાનની વાત તેના અંગની ન હતી, કારણ કે તે મૂઢ હતો. એ મૂઢપણાનો વિશ્વાસ દૃઢ કરવા તે આવા સંકલ્પો કરતો હતો. મહારાજને પણ તેનું રૂપાંતર કરવું હતું.

સંઘ વરતાલ પહોંચ્યો. સૌ પોતપોતાના સ્થાને ગયા. જોબને પણ પોતાના ઘર તરફ વળતી શેરીમાં પ્રવેશ કર્યો અને ઘરની બારી સામું જોયું. ત્યાં તેણે સફેદ વસ્ત્રમાં શોભતા શ્રીહરિને દીઠા. આ દર્શનથી જ તેના રોમાંચ ખડા થઈ ગયા ! અંતર હર્ષથી પુલકિત થઈ ગયું અને આંખમાં આંસુ આવી ગયાં. તેને મનમાં થયું : "પ્રભુ ! આ ક્રૂર, ડાકુ, ઘાતકીનાં શાં ભાગ્ય કે આપ ક્ષણે ક્ષણે પ્રગટ થઈ તેને દર્શન દ્યો છો !"

જોબનનું પરિવર્તન તો થઈ ગયું હતું પરંતુ આ દર્શનથી તે સંપૂર્ણ થઈ ગયું.

મિ. એરણ મહારાજનાં દર્શન કરે છે

મહારાજ ડભાણથી નીકળતા હતા તે સમયે તે સમયની ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ નીમેલા અંગ્રેજ અમલદાર મિ. એરણ તેની સાથે બીજા ચાર અંગ્રેજ અમલદારો લઈને ડભાણ આવ્યા હતા.[૧૪] મહારાજ તે વખતે નીકળવાની તૈયારીમાં હતા. શણગારેલા રોઝા ઘોડાની સરક હાથમાં પકડીને નાજા જોગિયા ઊભા હતા. મહારાજે સુંદર જરિયાની વસ્ત્રો ધારણ કર્યાં હતાં. અંગ ઉપર આભૂષણો પણ ધારણ કર્યાં હતાં અને માથે સોનેરી તારથી વણેલો પાઘ પહેર્યો હતો. મહારાજની મૂર્તિ અતિ શોભાયમાન દીસતી હતી.

મિ. એરણ મહારાજ પાસે આવ્યા અને માથેથી ટોપો ઉતારી હાથમાં લઈ મહારાજને નમસ્કાર કર્યા. તેની સાથેના અંગ્રેજ અમલદારોએ પણ એ રીતે નમસ્કાર કર્યા. પછી પોતાની ઓળખાણ આપી અને મહારાજના આશીર્વાદની યાચના કરી. ગુજરાત અને સૌરાષ્ટ્રની કાયાપલટ કરનાર આ પુરુષનાં દર્શનની તેમને ઘણા સમયથી મહેચ્છા હતી. તે આજે પૂરી થઈ. મહારાજ તેમને આશીર્વાદ આપી રોઝા ઉપર સવાર થયા, અને વરતાલને રસ્તે ઘોડો દોડાવ્યો.

---

૧૪. મિ. એરણ સાથે શ્રીહરિનું પ્રથમ મિલન ખેડામાં થયું એવો ઉલ્લેખ શ્રીહરિલીલામૃત, ૭-૨૨ તથા શ્રીહરિચરિત્રામૃતસાગર, પૂર-૨૭, તરંગ-૬૬માં મળી આવે છે.

થોડી વારે મહારાજ વરતાલ પધાર્યા. વરતાલના વાસીઓનાં અંતર આનંદ અને ઉત્સાહથી સભર બની ગયાં. મહારાજે નારાયણગિરિને બોલાવ્યા અને કાઠીઓના ઉતારા માટે વ્યવસ્થા કરવાનું કહ્યું. તેમણે તરત જ તમામ કાઠી ભક્તોને પોતાના મઠની જગ્યામાં ઉતારો આપ્યો. તેમના ઘોડાઓ માટે ઘાસ અને ચંદીની વ્યવસ્થા કરી દીધી. સંતો પણ જ્યાં જ્યાં અનુકૂળતા હતી ત્યાં ઊતર્યા. મુક્તાનંદ સ્વામીએ વરતાલની આજુબાજુનાં ગામોમાં સત્સંગ કરાવ્યો હતો એટલે મહારાજ વરતાલ છે તે જાણી આજુબાજુનાં ગામોના હરિભક્તો પણ દિવ્ય સત્સંગનો, મહારાજનાં દર્શન અને સેવાનો લાભ લેવા આવી ગયા.

પ્રભાતગિરિને મહારાજ પોતાનું સ્વરૂપ સમજાવે છે

મહારાજે ડભાણમાં હરિભક્તોનો મોટો સમૂહ જોયો. સૌને પોતાના પ્રત્યે પ્રેમ હતો, ભાવ હતો, ભક્તિ હતી, પરંતુ પોતાના સ્વરૂપનો જેવો સમજવો જોઈએ તેવો મહિમા કોઈ સમજ્યા ન હતા. મહારાજ પણ ધીરજ રાખી પોતાના સ્વરૂપને ઢાંકીને વર્તતા હતા. પરંતુ પોતાના સ્વરૂપની યથાર્થ ઓળખાણ ન થાય તો પ્રાપ્તિમાં પણ ફેર પડી જાય. અહીં પણ હરિભક્તોનો સમૂહ આવ્યો હતો. સાધુઓ પણ હતા. નારાયણગિરિ તથા તેમના ભાઈ પ્રભાતગિરિ પણ સત્સંગી થયા હતા. તેથી ધીરે ધીરે પોતાના સ્વરૂપની વાત કરવાનો મહારાજે નિશ્ચય કર્યો.

મહારાજ ગોમતીકાંઠે સભામાં વિરાજમાન થયા હતા. ત્યાં નારાયણગિરિ અને પ્રભાતગિરિ બંને આવ્યા. મહારાજે તેમને પોતાની પાસે બેસાર્યા. પછી પ્રભાતગિરિએ કહ્યું : "મહારાજ ! જોબન તો તમારા મહિમાની બહુ વાતો કરે છે !"

તે સાંભળી મહારાજે પૂછ્યું : "કેવી વાતો કરે છે ?"

એટલે પ્રભાતગિરિએ કહ્યું : "તે તો કહે છે કે મહારાજે સ્વયં મને કહ્યું છે કે અમે તો સર્વ અવતારના કારણ અવતારી છીએ, અમે બ્રહ્માંડથી પાર જે અક્ષરધામ ત્યાંથી આવ્યા છીએ અને અનેક જીવોના કલ્યાણ કરીને અક્ષરધામમાં લઈ જવા છે. વળી, સર્વે અવતારો અમારી ભેગા સાધુ થઈને રહ્યા છે અને અમારું ભજન કરે છે."[૧૫]

---

૧૫. શ્રીહરિચરિત્રચિંતામણિ, ભાગ-૩, વાત-૩૮, પા. ૫૮. ધર્મધુરંધર આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજની આજ્ઞાથી છપાવી પ્રસિદ્ધ કરનાર સદ્. મહાપુરુષદાસજીના શિષ્ય સદ્. રૂઘનાથચરણદાસજી, જૂનાગઢ. સંવત ૧૯૮૬, વસંતપંચમી.

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે પૂછ્યું : "તમને વાત મનાણી ?"

ત્યારે તે બંને મહારાજ સામું જોઈ રહ્યા. સભામાં બેઠેલા સંતો પણ મહારાજના સ્વરૂપની આ વાત સાંભળી આશ્ચર્યવત્ મહારાજ સામે જોઈ રહ્યા ! તેમને લાગ્યું કે બીજા અવતારોની જેમ મહારાજનો પણ આ અવતાર છે એવી તેમની સમજણ ભૂલ ભરેલી હતી. મહારાજ સભામાં પોતાનું સ્વરૂપ સમજાવવા તત્પર હતા તેમ સૌને લાગ્યું. નારાયણગિરિએ કહ્યું : "મહારાજ ! અમે તો બાવા કહેવાઈએ, 'નમો નારાયણ' બોલી જાણીએ પણ નારાયણ કેવા હોય, કેવો તેમનો મહિમા, પ્રતાપ હોય તેવું કાંઈ જાણીએ નહીં. પરંતુ આપનો પ્રતાપ જોઈ અમને નિશ્ચય થયો છે કે તે નારાયણ આપ છો."

મહારાજને લાગ્યું કે પોતાના સર્વોપરી સ્વરૂપની વાત જીરવી શકે તેવી ભક્તોના અંતરમાં દૃઢતા થાય પછી પોતાનું યથાર્થ સ્વરૂપ ઓળખાવવું.

આત્મારૂપ થઈને ભજન કરવું

પછી મહારાજે સભાને સંબોધીને કહ્યું : "દેહરૂપ પોતાને માનીને પરમેશ્વરને ભજે તો અહંગ્રંથિ વૃદ્ધિ પામે છે, પોતાની મોટપ મનાય છે. આ પ્રકારના ભાવમાં પોતાના દોષ ઓળખાય નહીં. પરંતુ જો આત્મારૂપ થઈ અંતર્વૃત્તિ રાખી પરમેશ્વરનું ભજન કરે, તો પોતાના ગુણ અને દોષ બંને ઓળખાશે, કોઈ વાતની ખોટ રહેશે નહીં અને શુદ્ધ એકાંતિક ભાવ પમાશે." એટલું કહીને મહારાજ ઊઠ્યા.

મહારાજ વરતાલમાં બે દિવસ રોકાઈને ત્યાંથી તખા પગીના આમંત્રણથી બામણોલી પધાર્યા. પછી મહુડી પરે થઈને નડિયાદ થઈને મહારાજ જેતલપુર પધાર્યા. મહારાજની સાથે શ્રીનગરના તથા સૌરાષ્ટ્રના કાઠી હરિભક્તો હતા. ગઢપુરના દાદાખાચર પણ સાથે હતા. દાદાખાચરને મહારાજ સદા પોતાની સાથે જ રાખતા. અહીં ગંગામાએ તમામ હરિભક્તોને યથાયોગ્ય ઉતારા આપ્યા. શ્રીહરિ માટે તેમણે અનેક પ્રકારનાં પકવાનોની રસોઈ તૈયાર કરી. મહારાજ થાળ જમ્યા પછી હરિભક્તોને પીરસવા પધાર્યા. જમ્યા બાદ મહારાજે કહ્યું : "હવે અમારી સાથે અમારા પાર્ષદો તથા કાઠી હરિભક્તો રહે. બાકી સૌ પોતપોતાને ગામે જાય." મહારાજની આજ્ઞાથી હરિભક્તો ત્યાંથી પોતપોતાને ગામ જવા નીકળી ગયા.

મહારાજ પાર્ષદો અને કાઠી ભક્તો સાથે ત્યાંથી નીકળ્યા. સાબરમતીમાં

સૌએ સ્નાન કર્યું. ઘોડાઓને પણ સારી રીતે ધમારીને પછી પાણી પાઈ તાજા કરી દીધા. ત્યાંથી સૂર્યાસ્ત સમયે ધોળકા પધાર્યા. મહારાજ પધારવાના હતા તે ખબર તેમને ડભાણમાં જ મળ્યા હતા. એટલે ભક્તોએ ગામ શણગાર્યું હતું. શેરીઓ સ્વચ્છ કરી પુષ્પો વેર્યાં હતાં. સ્ત્રી-પુરુષો મહારાજનું સામૈયું કરવા ભાગોળે ભેગાં થયાં હતાં. મહારાજે ગામમાં પ્રવેશ કર્યો અને ભક્તોએ જયનાદ કર્યો. પુરુષોએ મહારાજને પુષ્પહારો પહેરાવ્યા. સ્ત્રીઓએ મહારાજને સોના-ચાંદીનાં પુષ્પોએ તથા મોતીએ વધાવ્યા. મહારાજ ભક્તોના ભાવ જોઈ પ્રસન્ન થયા. મહારાજ અશ્વ ઉપરથી ઊતરી ગાડા ઉપર બેઠક કરી હતી તે ઉપર બિરાજ્યા. એટલામાં ચંદ્રોદય થયો અને સભામાં શીતળ પ્રકાશ પથરાઈ ગયો. મહારાજે થોડી વાત કરી. પછી હરિભક્તો ઘી, રોટલી, સાકર વગેરે લાવ્યા. મહારાજ જમ્યા અને સંઘને પણ જમાડ્યો. મહારાજ ત્યા રાત રહ્યા.

સવારે ત્યાંથી નીકળી કોઠ આવ્યા. ત્યાંથી અરણેજ થઈને જવારજ પધાર્યા. અહીંના હરિભક્ત આધાર બારોટને મહારાજનાં દર્શનની ઝંખના હતી. તેને દર્શન દઈ ત્યાંથી ગુંદી, બડોલ, ખસતા, રોજકા, ઝિંઝર થઈને ભીમનાથ પધાર્યા. ભીમનાથ મહાદેવનાં દર્શન કરી કુંડળ આવી રાત રહ્યા. ત્યાંથી મહારાજ સારંગપુર જીવાખાચરના દરબારમાં પધાર્યા.

સારંગપુરમાં

અત્રે માણાવદરથી મયારામ ભટ્ટ તથા અગત્રાઈથી પર્વતભાઈ વગેરે ભક્તો આવી ગયા હતા. મહારાજ સારંગપુર પધાર્યા એટલે મયારામ ભટ્ટે અને પર્વતભાઈએ મહારાજને કહ્યું : “મહારાજ ! અમે ડભાણ આવતા હતા પરંતુ રસ્તામાં આપનાં દર્શન થયાં અને આપે કહ્યું કે ‘હવે અમે માણાવદર જઈએ છીએ’ એટલે અમે સૌ પાછા વળ્યા.” મહારાજ મયારામ ભટ્ટની વાત રસપૂર્વક સાંભળી રહ્યા હતા. મયારામ ભટ્ટને તો પોતે ડભાણ ન આવી શક્યા તેનો ખુલાસો કરવો હતો. તેમણે કહ્યું : “મહારાજ ! અમે માણાવદર પહોંચ્યા અને આપની તપાસ કરી ત્યારે હરિભક્તોએ કહ્યું કે મહારાજ અહીં આવ્યા જ નથી. ડભાણમાં યજ્ઞ ચાલે છે ત્યાં જ બિરાજે છે.”

મહારાજે તેમને કહ્યું : “પણ તમારે આગળથી આવી જવું જોઈએ ને ! તમે ન આવ્યા એટલે યજ્ઞના ખર્ચનો હિસાબ અમારે બાપુભાઈને સોંપવો પડ્યો.”

મહારાજ એ વાત કરે છે ત્યાં સામેથી બાપુભાઈ આવતા દેખાયા. મહારાજે

ભટ્ટજીને કહ્યું : "જુઓ, બાપુભાઈ યજ્ઞના ખર્ચનો હિસાબ કરવા આવે છે."

એટલામાં બાપુભાઈ આવી ગયા. મહારાજને દંડવત્ કરી પાસે બેઠા. મહારાજે તેમને કુશળ પૂછ્યા. બાપુભાઈએ ડભાણના યજ્ઞ માટે આણેલ સીધાંની સામગ્રીઓ તથા બીજી ચીજ-વસ્તુઓની યથાસ્થાને પહોંચાડવાની વ્યવસ્થા કરી દીધી હતી. તે બધી હકીકત કહી. પછી યજ્ઞના હિસાબની વાત કરતાં કહ્યું : "મહારાજ ! હિસાબનો આંકડો માંડ્યો. જેને જેને રકમ ચૂકવવાની હતી તે બધી ચૂકવી દીધી છે. આવકનો આંકડો પણ તૈયાર કર્યો છે. રૂપિયા બે હજાર ખૂટ્યા છે. તે રકમ મને અપાવવાની આપે ગોઠવણ કરવાની છે."

તે સાંભળી મહારાજે મયારામ ભટ્ટને કહ્યું : "ભટ્ટજી ! આ બાપુભાઈને બે હજાર ચૂકવી દ્યો."

એટલે ભટ્ટજીએ કહ્યું : "મહારાજ ! મારે હિસાબ જોવો પડે. અત્યાર સુધીમાં આપે યજ્ઞો કર્યા તથા બીજા ઉત્સવ-સમૈયા થયા તે તમામ હિસાબ હું રાખતો હતો અને તેમાં સરભર થઈ જતું હતું. તો ડભાણના યજ્ઞમાં રકમ કેમ ખૂટે ? હરિભક્તો તો હજારોની સંખ્યામાં આવ્યા હતા. એટલે ભેટ પણ એટલી જ આવી હશે ને !"

પરંતુ મહારાજે કહ્યું : "ભટ્ટ ! એમ આપણે તકરાર ન કરાય. તેણે જે ઘરની રકમ ચૂકવી હોય તે તો આપવી જ જોઈએ."

એટલે મયારામ ભટ્ટે કહ્યું : "ભલે મહારાજ ! કાલે બધો હિસાબ જોઈને ચૂકવી આપીશું."

સુરાખાચર બાપુભાઈને સંન્યાસ લેવરાવે છે

સુરાખાચર પાસે જ બેઠા હતા. તે આ સંવાદ સાંભળી રહ્યા હતા. તેને લાગ્યું કે બાપુભાઈને અણહક્કની રકમ પડાવવી છે, પણ તેના હાથ હેઠા પાડવા જોઈએ.

સાંજે મહારાજ સંતોની સભામાં બિરાજ્યા હતા. સુરાખાચર, જીવાખાચર તથા બીજા કાઠી ભક્તો પણ સભામાં બેઠા હતા. બાપુભાઈ અને મયારામ ભટ્ટ યજ્ઞના હિસાબની વાત કરતા હતા. એટલામાં સુરાખાચરે બાપુભાઈને પૂછ્યું : "બાપુભાઈ ! મહાભારતની કથામાં ભીષ્મની પ્રતિજ્ઞાના વખાણ થાય છે અને દ્રોણાચાર્યની શૂરવીરતાના વખાણ થાય છે. ભીષ્મ પણ શૂરવીર તો હતા જ. દુર્યોધનનો બધો જ મદાર ભીષ્મ ઉપર જ હતો. તમને શું લાગે છે દ્રોણ શ્રેષ્ઠ કે ભીષ્મ ?"

બાપુભાઈએ તરત જ કહ્યું : "શ્રેષ્ઠ તો દ્રોણને જ કહેવાય. તેનામાં અસ્ત્ર,

શસ્ત્ર અને શાસ્ત્રવિદ્યાની નિપુણતા હતી.''

આ સાંભળી સુરાખાચરે કહ્યું : ''મને લાગે છે ભીષ્મને શ્રેષ્ઠ કહેવાય. તે ક્ષત્રિય હતા પણ તેના બ્રહ્મચર્યનું બળ વિશેષ હતું.''

આ સાંભળી બાપુભાઈ છેડાઈ ગયા. તેમણે કહ્યું : ''તમને શું ખબર પડે ? અમે બ્રાહ્મણ સૌના ગુરુ. ક્ષત્રિયના અમે ગુરુ કહેવાઈએ. અમારી તોલે તમારું જ્ઞાન ન આવે.''

સુરાખાચરે હાથ જોડી ક્ષમા માંગી. તેણે કહ્યું : ''બાપુભાઈ ! માફ કરજો. બ્રાહ્મણ તો જ્ઞાની પણ હોય અને વૈરાગી પણ હોય. અમારામાં એ બે માંયલો એકે ગુણ ન હોય.''

બાપુભાઈ હસ્યા. તેમણે કહ્યું : ''ક્યાંથી હોય ? એ ગુણો તો બ્રાહ્મણને જ વરેલા હોય.''

''પણ આજે આપણે આ ગુણનું પારખું લઈએ. તમારામાં જ્ઞાન-વૈરાગ્ય વગેરે ગુણો છે પણ તમો હમણાં સંન્યાસી થઈ જાઓ તો એ ગુણ સાચા, નહિ તો કહેવામાત્ર ! અને જો તમે કહો તો હું હમણાં સાધુ થઈ જાઉં ! ભલે અમે ક્ષત્રિય રહ્યા પણ અમે મહારાજની દયાથી માયામાં બંધાયા નથી.'' સુરાખાચરે ઝીણી આંખ કરતાં કહ્યું. કાઠી ભક્તો સુરાખાચરની આ ગમ્મત રસપૂર્વક સાંભળી રહ્યા હતા.

બાપુભાઈને સુરાખાચરના આ શબ્દો સાંભળી પાનો ચડી ગયો. તેણે તરત જ કહ્યું : ''મહારાજ આજ્ઞા કરે તો અબઘડી સંન્યાસી થઈ જાઉં.''

એટલે સુરાખાચરે મહારાજને કહ્યું : ''પ્રભુ ! આજ્ઞા કરો. બાપુને રંગ ચડી ગયો છે.''

મહારાજ પણ સુરાખાચરની યુક્તિ જોઈ મંદમંદ હસવા લાગ્યા. તેમણે કહ્યું : ''તેમનાં પત્ની રજા આપે તો જ આપણાથી આજ્ઞા કરાય.''

એ સાંભળી બાપુભાઈ બોલ્યા : ''અરે મહારાજ ! એ શું બોલ્યા ? પત્નીની તો હમણાં રજા લઈ આવું. પણ આ સુરાખાચરનેય તૈયાર કરવાના છે. આજે ખરાખરીનાં પારખાં કરવાં છે.'' એમ કહી દૂર બેઠેલાં તેમનાં પત્ની પાસે તેઓ ગયા. તેને પૂછી લીધું. તેણે પણ કહ્યું : ''મહારાજની મરજી હોય તો સુરાખાચરને બોલતા બંધ કરી દ્યો. થઈ જાઓ સંન્યાસી.''

તરત જ તે મહારાજ પાસે આવ્યા : ''મહારાજ ! ઘરના માણસની રજા મળી ગઈ.''

તે સાંભળી મહારાજે દેવાનંદ સંન્યાસીને બોલાવ્યા. તેમને કહ્યું : "આ બાપુભાઈને સંન્યાસ આપો. સુપાત્ર બ્રાહ્મણ છે. ત્યાગ ખરેખરા શોભાવશે."

દેવાનંદે બાપુભાઈની ચોટલી કાપી નાંખી, જનોઈનો ત્યાગ કરાવ્યો અને ભગવાં વસ્ત્રો, દંડ, કમંડલું આપ્યાં. પછી અન્ય જ્ઞાતિના વિપ્રને ત્યાં ભિક્ષા લેવા મોકલ્યા. ભિક્ષા લઈને તેઓ આવ્યા. મહારાજની આજ્ઞાથી તે ભિક્ષાનું અન્ન જમ્યા. પછી સભામાં આવીને બેઠા. તેમણે સભામાં બેઠેલા સુરાખાચર સામું જોયું અને ગૌરવથી હસવા લાગ્યા. પછી મહારાજને કહ્યું : "મહારાજ ! હવે સુરાખાચરના વૈરાગ્યની પરીક્ષા કરો. કહેતા હતા ને કે અમે માયામાં ન બંધાઈએ ! હમણાં ને હમણાં સાધુ બનાવો."

એટલે સુરાખાચર તરત જ ઊભા થઈ ગયા. બાપુભાઈ પાસે આવી તેમને દંડવત્ કર્યા અને હાથ જોડી કહ્યું : "મહારાજ ! બાપુભાઈ તો ખરેખર વૈરાગ્યવાળા કહેવાય. આપના વચને તરત જ દીક્ષા લઈ લીધી. તેમને તો ધન્ય છે અને તેમનાં માતા-પિતાને પણ ધન્ય છે."

તરત જ બાપુભાઈએ કહ્યું : "આવો હવે અહીં બેસી જાઓ. તમે પણ ધન્ય થઈ જાવ. વાર કેમ લગાડો છો ?"

સુરાખાચરે હજુ હાથ જોડી રાખ્યા હતા. તે મહારાજ તરફ ફર્યા અને મહારાજને કહ્યું : "મહારાજ ! ભણે બાપુભાઈથી જે થયું તે અમથી નો થાય !"

આ સાંભળીને બાપુભાઈને જાણે વીજળી પડી હોય તેવું વસમું લાગ્યું. તરત જ તે ઊઠ્યા અને મહારાજ પાસે જઈ મહારાજને કહ્યું : "મહારાજ ! આ સુરાખાચરે ઠગાઈ કરી. આવી ઠગવિદ્યા કરે તે ભગત કેમ કહેવાય ?"

એટલે સુરાખાચરે મહારાજને કહ્યું : "મહારાજ ! ઠગવિદ્યા તો એણે કરી છે ! અણહકના રૂપિયા બે હજાર લેવા હતા."

મહારાજ આ સાંભળી હસવા લાગ્યા. બાપુભાઈને કારમો ઘા લાગ્યો હોય તેવું વસમું લાગ્યું. મનમાં તો સમજી ગયા કે તેમની ઠગવિદ્યાનું આ ફળ મળી ગયું ! પણ આ સંન્યાસ કેમ પાર પડશે ? પારકા ઘરની જેવી તેવી ભિક્ષા મળશે તે ગળે કેમ ઊતરશે ? દસક્રોઈના ભાત અને દાળ હવે ક્યારે ખાવા મળશે ? આ વિચારથી તે સભામાં જ ધ્રુસકે ધ્રુસકે રોવા માંડ્યા. તેમનાં પત્નીએ પણ રૂદન આદર્યું. મહારાજ તેની મૂંઝવણ સમજી ગયા. મહારાજે તેને છાના રાખતા કહ્યું : "બાપુભાઈ ! મૂંઝાશો નહીં. તમારે જેતલપુરમાં રહેવું. તમારાં પત્ની રાંધી આપે અને તમારે તે જમવું. એટલી તમને છૂટ."

બાપુભાઈને માટે આ કારમો ઘા હતો. પણ હવે તો કાંઈ ઉપાય ન હતો. ત્યાંથી તેમનાં પત્ની સાથે તે જેતલપુર ગયા.[૧૬]

મીણાપરમાં આવી વછેરી છે

મહારાજ બીજે દિવસે કારિયાણી પધાર્યા. માંચાખાચર, વસ્તાખાચર વગેરે

૧૬. સંપ્રદાયના ગ્રંથોમાં બાપુભાઈ સંબંધી નીચે પ્રમાણે બે ઉલ્લેખો પણ મળી આવે છે : બાપુભાઈ અમદાવાદના પ્રતિષ્ઠિત નાગર બ્રાહ્મણ હતા. તેઓ શ્રીહરિનો પ્રતાપ જોઈ સત્સંગી બન્યા. શ્રીહરિએ તેમને ડભાણમાં થનારા યજ્ઞના નાણાકીય વહીવટનું કામ સોંપ્યું. તેમણે વહીવટ કર્યો પરંતુ લોભવૃત્તિ હોવાથી કપટ કરીને રૂપિયા ૧૦-૧૨ હજારનું લેણું શ્રીહરિ પાસે કાઢ્યું. શ્રીહરિ તો અંતર્યામી હતા અને જાણતા હતા. છતાં તેણે કાઢેલી રકમ તેમણે સાક્ષીઓ રાખી આપી દીધી.
પોતાના ઈષ્ટદેવ સાથે આ પ્રમાણે કર્યું તેથી બાપુભાઈ મરીને ભૂત થયા. તેના ભાઈમાં તેનો પ્રવેશ થયો અને પોતે જે કપટ કર્યુ હતું તે બધી હકીકત કહી. પછી કહ્યું : "મને શ્રીહરિ પાસે લઈ જાઓ. મારે તેમની માફી માગવી છે ત્યારપછી જ મારી ગતિ થશે."
શ્રીહરિ જ્યારે જેતલપુર પધાર્યા, ત્યારે તેને તેના સગા જેતલપુર લઈ આવ્યા. શ્રીહરિ તે સમયે હિંડોળા ઉપર બિરાજમાન થયા હતા. તેમણે આ નાગર બ્રાહ્મણોને આવેલા જોઈ પૂછ્યું : "બાપુભાઈ મઝામાં છે ને ?"
ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! બાપુભાઈ તો દેહ મૂકી ગયા છે અને તેમની અસદ્‌ગતિ થઈ છે. ભૂત થઈને તેના ભાઈમાં પ્રવેશ કર્યો છે. એટલે તેને અમે આપની પાસે લાવ્યા છીએ."
પછી તેને શ્રીહરિ પાસે લાવ્યા. તેણે બે હાથ જોડી મહારાજની ક્ષમા માગી અને પોતાની સદ્‌ગતિ થાય તે માટે ખૂબ પ્રાર્થના કરી. શ્રીહરિએ તેના ઉપર દૃષ્ટિ કરી, કહ્યું : "જા તારો સત્સંગમાં જન્મ થશે. સાધુ-સંતોની તથા હરિભક્તોની નિષ્કપટ ભાવે સેવા કરીશ ત્યારે તારો ઉદ્ધાર થશે." એ પ્રમાણે આશીર્વાદ આપ્યા.
– 'અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ' (પા. ૩૦૭-૧૦. લેખક-પ્રકાશક : મહંત શાસ્ત્રી ઘનશ્યામસ્વરૂપદાસજી, શ્રીસ્વામિનારાયણ મંદિર, અમદાવાદ સં. ૨૦૩૫.)
એક બીજી પણ પ્રચલિત વાત છે કે બાપુભાઈને સંન્યાસી બનાવ્યા પછી શ્રીહરિએ તેની સ્ત્રીને કહ્યું : "બાપુભાઈનો દેહ છ માસમાં પડી જશે માટે અમે તેને સંન્યાસી બનાવ્યા છે. તું ધીરજ રાખજે." એટલું કહી તેને ચાર સોનાની બંગડીઓ તથા વસ્ત્રો આપ્યાં. બાપુભાઈ આથી રાજી થયા. પછી તેઓ ડભાણ ગયા. ત્યાં માંદા પડ્યા. તેમનાં પત્નીએ ચાકરી કરી પણ છ માસે દેહ મૂકી દીધો અને ભૂત થયા.
– શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૧૪, તરંગ-૩૬.

મહારાજનાં દર્શનથી રાજી થઈ ગયા. મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પાર્ષદને કહ્યું : "ઘોડાને ખીલે બાંધો, પાવરો ચડાવો."

પછી મહારાજે ભાતભાતના ઘોડા-ઘોડીઓની વાત કાઢી. કાઠીઓને મહારાજની વાતમાં રસ પડ્યો. જ્ઞાનની વાતો થાય ત્યારે કાઠીઓ ઝોલે ચડે પણ ઘોડાની વાત થાય ત્યારે સતેજ થઈ જાય. મહારાજને પણ તેમને સૌને તેમની રુચિની વાતો કરી પોતામાં વિશેષ હેત કરાવવું હતું.

પછી કાઠી ભક્તો સામું જોઈ બોલ્યા : "એવી સોજી ઘોડી હજુ સુધી અમે જોઈ નથી, જે ક્યારેય તોફાન ન કરે. રેવાળ ચાલમાં પેટનું પાણી પણ ન હલે. બહુ જ ઊંચી જાતની એવી વછેરી જો ખુમાણ કે ખાચર દરબારોમાં હોય તો જોતા રહેવું. મીણાપરમાં એવી વછેરી છે એવું સાંભળ્યું છે તો તપાસ કરતા રહેજો."

માંચાખાચર અચિંત્યાનંદ સ્વામી બને છે

મહારાજ કારિયાણીમાં ત્રણ-ચાર દિવસ રહ્યા તે દરમ્યાન એક દિવસે તેમણે માંચાખાચરને પોતાની પાસે એકાંતમાં બોલાવ્યા. માંચાખાચર આવ્યા અને મહારાજ સામે હાથ જોડીને ઊભા રહ્યા. મહારાજે તેમને કહ્યું : "બાપુ ! આ વસ્તો કેમ તમારી ફરિયાદ કરે છે ? તેના ઉપર તલવાર લઈને ફરી વળ્યા તે સાચી વાત ?"

માંચાખાચર સમજી ગયા કે મહારાજ સુધી વાત પહોંચી ગઈ છે. ક્ષત્રિયનું ખમીર હોવા છતાં મહારાજ પાસે પોતાના મનનો કાબૂ તે રાખી શક્યા. તેણે ધીરે રહીને મહારાજને કહ્યું : "મહારાજ ! આપની પાસે પેટ છૂટી વાત કરીશ. મહારાજ ! મારી ભાણેજ સીતબાને વસ્તા વેરે પરણાવી છે. તેણે આ એક સ્ત્રી કરી ત્યારે જગતની બીજી તમામ સ્ત્રીયું મા-બહેન થઈ ગઈ. છતાં વસ્તો બીજી પરણવા તૈયાર થયો છે. તે પોતે માનેલી બહેનની સાથે જ લગન કરે તે પાપ નહીં ?" મહારાજ બધો મામલો સમજી ગયા.

માંચાખાચર નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. જીવનમાં બ્રહ્મચર્યના ધર્મમાં તમામ ધર્મો આવી ગયા એવી તેમની સમજણ હતી. ગૃહસ્થે આજ્ઞા પ્રમાણે એક સ્ત્રી કરી હોય પણ છતાં તે બ્રહ્મચારી જ કહેવાય. પણ બીજી સ્ત્રી કરવા સંકલ્પ કરે એટલે તે પોતાના ધર્મમાંથી પડ્યો જાણવો. માંચાખાચર આ પ્રમાણે સમજતા હતા. સીતબા તેમનાં ભાણેજ હતાં. તેના ઉપર બીજી સ્ત્રી વસ્તાખાચર લાવે તેનું તેમને

દુઃખ ન હતું. પરંતુ જેને પોતે મા-બહેન ગણી હોય એવી અન્ય સ્ત્રીઓમાંથી કોઈને લાવીને ઘરમાં બેસારે તે પાપ કહેવાય ! તેનું તેમને દુઃખ હતું.

મહારાજ તેની વાત સાંભળી અંતરમાં હરખાયા. પુરાણના ઋષિમુનિઓને પણ સ્ત્રીઓ થકી જ વિઘ્નો આવ્યાં હતાં. તપભંગ થયા હતા. જ્યારે આજે આ ક્ષત્રિય વીર પોતે નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળી, પોતાના સંબંધે અન્ય પણ પોતપોતાનાં ધર્મમાં રહે તેવો આગ્રહ સેવે છે. મહારાજને સંતોષ થયો. પોતાના સંબંધે કાઠીઓનું અપૂર્વ પરિવર્તન થઈ રહ્યું હતું. મોટા મોટા ઋષિમુનિઓ પોતાના તપથી જે સિદ્ધ ન કરી શક્યા તે આ ક્ષત્રિય વીરો મહારાજના સ્વરૂપના જ્ઞાનથી અને તેમના પ્રત્યેની સંપૂર્ણ આત્મીયતાથી સિદ્ધ કરી શક્યા હતા.

મહારાજે તેમને ધીરેથી કહ્યું : "બાપુ ! સાંભળો, તમે તલવાર હાથમાં લઈને આવડો ક્રોધ કર્યો તે તમને શોભે ? તમે તો અમારા વચને ત્યાગી થઈને ભુજમાં આવી ગયા હતા. એટલે હું તો તમને હજુ પણ ત્યાગી જ દેખું છું. આ કારિયાણી ગામ કે માંચો નામ એ બધું મિથ્યા છે."

માંચાખાચર આ સાંભળી સ્તબ્ધ બની ગયા ! તેમની આંખો ભીની થઈ ગઈ ! તેમણે હાથ જોડી ફરી કહ્યું : "મહારાજ ! ક્રોધ કર્યો તેની માફી માગું છું. પણ વસ્તો ઊઠીને આ પાપ કરે તે મારાથી દેખાય નહીં. વળી સીતબા અને તેમના દીકરા માણસુરનું શું થાય ?"

મહારાજે તેમને પોતાની પાસે બેસાર્યા. માંચાખાચર મહારાજના ઢોલિયા નજીક બેસી ગયા. મહારાજે તેના વાંસામાં હાથ ફેરવ્યો. પછી કહ્યું : "બાપુ ! સીતબા અને માણસુરની ચિંતા અમારે માથે, પણ તમારે હવે વસ્તાની આડે આવવું નહીં." એટલું કહી મહારાજે પાર્ષદને બોલાવ્યો. તેને કહ્યું : "માંચાખાચરને આજે ભગવાં પહેરાવવાં છે. માટે અલફી લાવો અને બીજાં ભગવાં વસ્ત્રો લાવો." અલફી અને બીજાં વસ્ત્રો પાર્ષદ લઈ આવ્યો એટલે મહારાજે માંચાખાચરને કહ્યું : "લ્યો, આ ભગવાં વસ્ત્રો પહેરી લ્યો. આજથી તમે માંચાખાચર મટીને 'અચિંત્યાનંદ સ્વામી' બન્યા."

માંચાખાચરે તરત જ તેનાં વસ્ત્રો ઉતારી નાખ્યાં. ભગવાં વસ્ત્રો પહેરી લીધાં. પછી મહારાજને દંડવત્ કર્યા. મહારાજે તેને માથે પોતાના બે હાથ મૂક્યા. પછી કહ્યું : "સ્વામી ! હવે આ સંતમંડળ કાનમ દેશમાં ફરવા જાય છે. તેને લઈ આપ પણ પધારો."

અચિંત્યાનંદ સ્વામી તૈયાર થઈ ગયા. મહારાજને સંતોષ થયો કે પાકા

હરિભક્તનું લક્ષણ માંચાખાચરે સિદ્ધ કરી લીધું હતું. સૌ દરબારો પણ માંચાખાચરને નમી પડ્યા.

એભલખાચરે કહ્યું : ''મહારાજ ! ડભાણમાં ભારે યજ્ઞ થઈ ગયો !''

મહારાજ તે સાંભળી હસ્યા. મહારાજે કહ્યું : ''એવા યજ્ઞ તો અમે વર્ષોવર્ષ કરીએ. યજ્ઞ કરવામાં મોટાઈ નથી. યજ્ઞ એ વિષ્ણુનું સ્વરૂપ છે. વિષ્ણુએ કહેલા ધર્મો પ્રવર્તાવવા એ યજ્ઞનો હેતુ છે. તેમાં અહિંસા ધર્મ મુખ્ય છે.'' એટલું કહીને મહારાજે મુક્તાનંદ સ્વામી, ભાઈ રામદાસ તથા બ્રહ્માનંદ સ્વામી વગેરેને બોલાવ્યા અને કહ્યું : ''ગુજરાતમાં તપાસ કરો, યજ્ઞ કરવા માટે કયું શહેર શ્રેષ્ઠ છે.''

ત્યારે તેમણે કહ્યું : ''મહારાજ ! જેતલપુર જેવું કોઈ શ્રેષ્ઠ સ્થળ યજ્ઞ માટે ન ગણાય. વિશાળ જગ્યા, વૃક્ષોનો ઘટાટોપ અને વળી તળાવ; ગામના લોકો પણ ભાવિક એટલે ઉતારા, પાણી અને મંડપ તથા રસોઈની વ્યવસ્થા ત્યાં સારી થઈ શકે.''

એ સાંભળી મહારાજે કહ્યું ''જેતલપુર શહેર તો સારું પણ અમદાવાદનો સૂબો દ્વેષી છે તે તેમાં વિઘ્ન નાખ્યા વગર રહે નહીં. ગયે વર્ષે આપણે યજ્ઞ કર્યો ત્યારે દેશોદેશના વિદ્વાન બ્રાહ્મણોને તેડાવ્યા હતા. તેમની સભામાં અમે તેમને પૂછ્યું હતું કે 'યજ્ઞમાં પશુબલિ હોમી, તે યજ્ઞશેષ માંસ જે ખાય, મદ્ય પીવે, તે બ્રાહ્મણ કહેવાય ?' ત્યારે તેમણે કહ્યું : 'એવા જે હોય તેમને મ્લેચ્છ જ કહેવાય.' આ શબ્દો વામાચારી બ્રાહ્મણોએ સાંભળ્યા અને અમદાવાદના સૂબા સુધી પહોંચાડ્યા. તેમાંથી આપણને ભારે ઉપાધિ આવી.''

પરંતુ સંતોએ કહ્યું : ''મહારાજ ! આપણે તો યજ્ઞ કરીને બ્રાહ્મણોને જમાડીએ છીએ. તેઓ તેમના જ ભાણામાં પાણો કેમ નાખશે ?''

મહારાજ આ સાંભળી રહ્યા. તેમણે કહ્યું : ''ભલે, તમારી ઈચ્છામાં આવે તેમ કરો.''

સંતોએ જેતલપુરમાં બીજો યજ્ઞ કરવાની તૈયારી કરવા માંડી.

અલૈયાખાચરને મહારાજ વસ્ત્રો ભેટ આપે છે

કારિયાણીથી નીકળી મહારાજ ઝીંઝાવદર અલૈયાખાચરના દરબારમાં પધાર્યા. અહીં ગઢપુરથી જીવાખાચર પણ આવ્યા હતા. અહીં મહારાજે ડભાણના યજ્ઞની તમામ વાત સૌને સભામાં કહી. અલૈયાખાચરે કહ્યું : ''મહારાજ સોનેરી

સાજ સાથે જરિયાન વસ્ત્રો પહેરી અશ્વ ઉપર બિરાજમાન થયા ત્યારે સૌને અપાર શોભા જણાણી.''

એટલે જીવાખાચરે કહ્યું : ''મહારાજ ! અમને એવાં દર્શન કરાવો.''

મહારાજે તરત જ પાર્ષદને ઘોડો તૈયાર કરવા કહ્યું. પોતે પણ સુરતના હરિભક્તોએ અર્પણ કરેલ વસ્ત્રો પહેરી તૈયાર થયા. અશ્વ આવ્યો એટલે મહારાજ તેના ઉપર બિરાજમાન થયા. મહારાજનું આ સ્વરૂપ જોઈને સૌને મહારાજમાં અધિક દિવ્યતાનાં દર્શન થયાં. અશ્વ ઉપરથી ઊતરી મહારાજે જરિયાન વસ્ત્રો ઉતાર્યાં. પછી તે વસ્ત્રો અલૈયાખાચરને ભેટ આપી દીધાં.

બીજે દિવસે મહારાજ ત્યાંથી ગઢપુર આવવા નીકળ્યા. જીવાખાચર તથા બાપુ એભલખાચર વગેરે સન્મુખ આવ્યા. મહારાજની સાથે કિશોર દાદાખાચરને જોઈને સૌને આનંદ થયો. મહારાજ એભલ બાપુના દરબારમાં રહ્યા. બે-ત્રણ દિવસ થયા એટલે મહારાજે નીકળવાની તૈયારી કરી પરંતુ જીવાખાચરના આગ્રહથી રોકાયા. તેમના આગ્રહથી મહારાજ તેમના દરબારમાં પધાર્યા. અહીં બે-ત્રણ દિવસ રોકાઈને કરિયાણા પધાર્યા.

કરિયાણામાં વસંતોત્સવ : આ.સં. ૧૮૬૬

કરિયાણામાં દેહાખાચર તથા મીણબાઈમાના આગ્રહથી મહારાજે વસંતપંચમીનો ઉત્સવ કરવાનું નક્કી કર્યું. હરિભક્તોએ ઉત્સવની તૈયારીઓ કરવા માંડી. મહારાજના સાન્નિધ્યમાં તેમનાં અંતર પણ વસંતના સંબંધે વૃક્ષ, વેલીઓ પાંગરે તેમ પાંગરવા માંડ્યાં. વસંતોત્સવ ધામધૂમથી મહારાજે કર્યો. પ્રસંગે પ્રસંગે પોતાની મૂર્તિનું સુખ આપતાં મહારાજ ભક્તોના હૃદયમાં યોગનાં સાધનોથી પણ જે સિદ્ધ ન થઈ શકે તેવી પોતાના સ્વરૂપની ઝાંખી સિદ્ધ કરાવી રહ્યા હતા. યોગથી પણ અધિક એવું આ દિવ્ય સત્સંગનું સાધન, પરમાત્માના સ્વરૂપનું અંતરમાં અનુભવજ્ઞાન પ્રગટાવવા માટે શ્રેષ્ઠ હતું !

બીજે જ દિવસે મહારાજ કરિયાણાથી નીકળી રાયપર,[૧૭] કોટડા, બંધિયા,

---

૧૭. શ્રીહરિચરિત્રામૃતસાગર, પૂર-૧૩, તરંગ : ૩૨-૩૩માં આ.સં. ૧૮૬૬નો વસંત-પંચમી ઉત્સવ શ્રીહરિએ રાયપુર અને ધમડકામાં કર્યો એવા બે ઉલ્લેખ છે. જ્યારે શ્રીહરિલીલામૃત, ૭-૧૩ માં આ ઉત્સવ ગઢડામાં કર્યો એમ લખ્યું છે. પરંતુ મહારાજ આ.સં. ૧૮૫૯ થી ૧૮૬૯ દરમ્યાન વરસોવરસ કચ્છ પધારતા એટલે કચ્છનો ઉલ્લેખ પ્રમાણભૂત લાગે છે.

ગોંડળ, જેતપર, ધોરાજી થઈને જમનાવડે પધાર્યા. ત્યાંથી દૂધીવદર થઈને કંડોરડે પધાર્યા. લાંબી મુસાફરીનો થાક કાલાવડમાં ભક્ત જાદવજીને ત્યાં ઉતાર્યો. પોતાના અક્ષરધામ ગુણાતીતાનંદ સ્વામીનું આ મોસાળ હતું. અહીં તેઓ મામાને ઘેર રહેવા આવતા. મહારાજને તેથી અહીં વધારે રુચ્યું.

કાલાવડથી મહારાજ નીકળ્યા ત્યારે સાથે આવેલા સખાઓને રજા આપી. અશ્વ પણ તેમની સાથે મોકલી દીધો. કેવળ મૂળજી બ્રહ્મચારીને સાથે રાખ્યા અને બીજો એક સેવક સાથે રાખ્યો. પછી મોડામાં રણમલજીને ત્યાં રાત રહ્યા. ત્યાંથી નારાયણ ભક્તને ઘેર અલૈયા પધાર્યા. અલૈયાથી ભાદરા પધાર્યા. અહીં ડોસા ભક્ત, વશરામ ભક્ત, રત્ના ભક્ત વગરેને મહારાજનાં દર્શનથી આનંદ થયો. મહારાજે તેમને કહ્યું : "મૂળજી ભક્તને ધામધૂમથી ડભાણમાં ભાગવતી દીક્ષા આપી, 'ગુણાતીતાનંદ' નામ પાડ્યું. તમને તેમનો જે મહિમા કહ્યો છે તે અંતરમાં રાખજો અને વખત આવ્યે પ્રગટ કરજો."

ભાદરાથી નીકળી મહારાજ જોડિયા બંદર પધાર્યા. ત્યાંથી વહાણમાં બેસી ખાડી ઊતર્યા, પછી અંજારમાં આવીને રાત રહ્યા.

અંજારથી મહારાજ ભુજ પધાર્યા. મહારાજે મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી હતી તેથી તેઓ પણ ભુજ આવી ગયા હતા. મહારાજ સુંદરજીભાઈને ઘેર રહ્યા.

ભુજમાં મહારાજ નિત્ય હરિભક્તોને ઘેર પધારતા, થાળ જમતા, વાતો કરતા ને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપતા. અવિરત ફરતા, હમીરસરમાં સ્નાન કરતા અને ખુલ્લામાં સભા કરતા. આથી મહારાજને શરીરે ઠંડી ચડી ગઈ. સુંદરજીભાઈને ઘેર પધાર્યા અને તાવ આવ્યો.

અમે આરામ કરશું એટલે માયા તેની રમત માંડશે

મહારાજે મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા અને પોતાની નાડી બતાવી. સ્વામીએ નાડી જોઈને કહ્યું : "મહારાજ ! શરીરમાં તાવ છે. તો હવે વિચરણ થોડું બંધ કરી આરામ કરો."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "સ્વામી ! અમે આરામ કરશું એટલે માયા તેની રમત માંડશે. તે તો લાગ જોઈને જ બેઠી છે. અર્ધી ઘડી પણ જીવને છોડવા તૈયાર નથી."

મહારાજના વચનનો મર્મ સ્વામી સમજી ગયા. તેઓ પણ સમજતા હતા કે સત્સંગ નિરંતર કરવો જ જોઈએ તો જ જીવમાં બળ આવે. નહીં તો અનેક

સંકલ્પો થાય ને જીવ ભ્રષ્ટ થઈ જાય.

જીવને અમારી મોટાઈ સમજવી કઠણ છે

મુક્તાનંદ સ્વામીને વિચાર કરતા જોઈ મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! તાવ છે તો એકાંતમાં આસન હોય તો ઠીક પડે."

એટલે મુક્તાનંદ સ્વામીએ સુંદરજીભાઈને વાત કરી. તેમણે તરત જ સામેના ડેલામાં ઉગમણી કોરની ઓસરી હતી ત્યાં મહારાજને માટે ઢોલિયો પથરાવી દીધો અને ત્યાં બીજાની અવરજવર બંધ કરી દીધી.

અહીં આવી મહારાજે સ્વામીને કહ્યું : "સ્વામી ! ચાર શેર રાતાં મરચાં અને ચાર શેર ખાટું દહીં મંગાવો અને બાજરાના તાજા રોટલા કરાવો."

તરત જ મુક્તાનંદ સ્વામીએ સુંદરજીભાઈને કહી આ વસ્તુઓ મંગાવી દીધી.

મહારાજે મરચાં ખૂબ ઝીણાં વટાવ્યાં. પછી દહીંમાં નાખી દહીં અને રોટલો મહારાજ જમ્યા. સ્વામી અને સુંદરજીભાઈ આ જોઈ રહ્યા. સુંદરજીભાઈએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપ તો સ્વયં ભગવાન છો બાકી બીજો કોઈ હોય તો આવા તાવમાં ખાટું દહીં અને મરચાં ખાય એટલે ઊકલી જ જાય."

મહારાજ આ સાંભળી હસ્યા. પછી તેમણે કહ્યું : "જીવની શક્તિ અતિ અલ્પ છે. તેને અક્ષરબ્રહ્મ જેવા સમર્થ કરી દેવા માટે તો અમે પ્રગટ થયા છીએ. વળી, ગોલોક આદિ ધામો તથા અક્ષરધામ પણ અમારા દીઠામાં આવે છે. પરંતુ જીવને અમારી એવી મોટાઈ સમજવી કઠણ પડે છે."

સુંદરજીભાઈ તથા મુક્તાનંદ સ્વામી આ વાત સાંભળી રહ્યા. તેમને લાગ્યું કે મહારાજે અતિ મર્મની વાત કહી પરંતુ તેવી સ્થિતિ થાય તો જ મહારાજની આ વાતનું રહસ્ય સમજાય.

માનકૂવામાં

થોડા દિવસ ભુજમાં રહી મહારાજ માનકૂવા પધાર્યા. અહીં આદાભાઈના દરબારમાં ઉતારો કર્યો. મહારાજ કચ્છમાં પધારે એટલો સમય જ ત્યાંના હરિભક્તોને સત્સંગનો યોગ રહે, મહારાજનાં દર્શન અને સેવાનો લાભ મળે. તેથી કચ્છનાં ગામેગામથી હરિભક્તો દર્શન અને સેવા-સમાગમ માટે માનકૂવામાં ઊમટ્યા હતા. અહીં દરબારમાં મહારાજ ઉગમણે મુખારવિંદે ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા.

સંતો મહારાજ સમક્ષ પખવાજ તથા ઝાંઝના નાદ સાથે કીર્તન-ભક્તિ કરી રહ્યા હતા. કીર્તન-ભક્તિની સમાપ્તિ કરાવી મહારાજે સભામાં વાત કરી : "ભગવાનને રાજી કરવા માટે પૂર્વે મોટા ઋષિમુનિઓ તથા રાજાઓએ તપ કર્યાં છે. ટાઢ, તડકો કે વરસાદની ધારાને તેમણે ગણ્યાં નથી. દેહને ખોટો કરી નાખી અનંત સાધનો કર્યાં છે. માટે જે દેહના ભાવને ગણે નહીં અને હું આત્મા છું, અક્ષર છું, અછેદ્ય છું, બ્રહ્મ છું એમ માની દેહના સુખ-દુઃખે સુખી-દુઃખી ન થાય, ત્યારે જ ભગવાનની પ્રસન્નતા થાય છે. દેહના સુખનો ત્યાગ કરી ભગવાનના સુખની અપેક્ષા રાખવી, પરંતુ મનમાં એવો ભાવ ન રાખવો કે માંદા પડીશું ત્યારે ચાકરી કોણ કરશે ? કારણ કે જેમણે માતાના ગર્ભમાં જઠરાગ્નિથી રક્ષા કરી છે તે જ આપણી રક્ષા કરશે." એ પ્રમાણે વાતો કરી. એટલામાં આદાભાઈ મહારાજને જમવા તેડવા આવ્યા.

અમે સર્વે મતપંથ જોઈ લીધા

મહારાજ માનકૂવામાં બે દિવસ રહી ત્યાંથી કાળા તળાવ પધાર્યા. અહીં રામાનંદ સ્વામીની ઓરડીમાં ગાદી-તકિયા ઉપર પૂર્વ મુખારવિંદે બિરાજમાન થયા. સંતો પણ મહારાજની આજ્ઞાથી કચ્છમાં આવી ગયા હતા. અહીં મહારાજ સાથે મુક્તાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, સુખાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી તથા વિરક્તાનંદ સ્વામી વગેરે હતા. કાળા તળાવના હરિભક્તો સુથાર ભીમજીભાઈ, હરભમભાઈ, મનજીભાઈ, રવજીભાઈ વગેરે પણ સભામા હતા.

આ સભામાં શ્રીજીમહારાજે વાત કરતાં કહ્યું : "અમે સર્વે મતપંથ જોઈ લીધા. પરંતુ કોઈ મતમાં ઉપાસના છે તો આત્મજ્ઞાન નથી અને કોઈ મતમાં આત્મજ્ઞાન છે તો ત્યાગ અને ઉપાસના નથી. પરંતુ આપણે તે બંનેનું પ્રતિપાદન કર્યું છે, આત્મજ્ઞાન એટલે પોતાના આત્માની અક્ષરબ્રહ્મ સાથે એકતા કરવી. અક્ષરબ્રહ્મ સાથે એકતા કરી પુરુષોત્તમને સર્વોપરી, સદા સાકાર, પ્રગટ અને કર્તા સમજી તેમની ઉપાસના કરવી તે સિદ્ધાંતનું આપણે પ્રતિપાદન કરીએ છીએ. આપણો એવો સંપ્રદાય વેદ શ્રુતિ-સ્મૃતિ અને પુરાણના સિદ્ધાંતોને અનુરૂપ છે અને કોઈ પ્રકારની તેમાં ખામી નથી."

મહારાજને રવજી સુથાર તથા હરભમ અને ભીમજીભાઈએ કહ્યું : "મહારાજ ! આપના પ્રતાપથી ઘરમાં દાણા ઘણા છે અને આપ બાર માસ

બિરાજીને સમૈયા કરો ને આવી વાતો કરો તોપણ ખૂટે તેમ નથી. માટે આપ અહીં રોકાવ અને સમૈયા-ઉત્સવ કરી અમને લાભ આપો."

મહારાજ તેમનો ભાવ જોઈ રાજી થયા. પછી હરભમ સુથારે કહ્યું : "પણ મહારાજ ! અમારે અહીં પાણી રાખવાના માટીના ગોળા, ગોળીયું મળતાં નથી. એટલે તે મુશ્કેલી છે."

તે સાંભળી મહારાજ ઊઠ્યા અને બોલ્યા : "ચાલો, હું તેનો ઉપાય બતાવું." એમ કહી ફળીમાં પધાર્યા અને કહ્યું : "આ ઠેકાણે ખાડો ખોદો. પછી ધોળી ધૂળ લાવી, આજુબાજુ અને નીચે તેનું લીંપણ કરો. પછી લૂગડું હોજની માંહી ચોટાડીને પાણી ભરો." આ પ્રમાણે મહારાજે સૂચના આપી.

કથામાં કોઈએ ઊંઘવું નહીં

બીજે દિવસે હોજ તૈયાર થઈ ગયો. મહારાજે તે દિવસે ત્યાં કથા કરવાનું નક્કી કર્યું. સંત-હરિભક્તો આવ્યા. મહારાજે પ્રાગજી દવેને પાટ ઉપર બેસાર્યા. કથાની શરૂઆતમાં મહારાજે સૌને કહ્યું : "ભગવાનની કથા જે સાંભળે છે તેનામાં જાગૃતિ આવી જાય છે. પોતાના અંતરના દોષોનું જાણપણું તેને રહેવા માંડે છે. જેમ ચોકિયાતો રાત્રે 'જાગો જાગો' એમ કહી સૌને જાગતા રાખે છે, તેમ ભગવાનની કથામાં એવો ચમત્કાર છે કે જાણપણું સહેજે રહેવા માંડે છે. માટે કથામાં કોઈએ ઊંઘવું નહીં અને જે ઊંઘશે તેને બહાર કાઢી મૂકશું." એટલું કહીને કથાની શરૂઆત કરાવી.

એટલામાં મુક્તાનંદ સ્વામીને ઝોલું આવ્યું. તે જોઈ મહારાજે કહ્યું : "મુક્તાનંદ સ્વામીને વિષે અમારે ગુરુભાવ છે પણ અમે તો ગુરુને પણ કહીએ." એમ કહી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! કથામાં ઝોલું આવ્યું માટે બહાર જાઓ." મુક્તાનંદ સ્વામી તરત જ બહાર ગયા.

થોડી વાર થઈ એટલે શ્રીપાત્ માધવાનંદ સ્વામીને ઝોલું આવ્યું. તેમને પણ બહાર મોકલ્યા. એટલામાં આત્માનંદ સ્વામીની આંખો પણ ઊંઘથી ઘેરાણી. તેથી મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! ઊઠો." આત્માનંદ સ્વામી તરત જ ઊઠ્યા અને બહાર ગયા. પછી મહારાજે કહ્યું : "જુઓ, આ આત્માનંદ સ્વામી ઊંઘતા ન હતા પણ કહ્યું એટલે તરત જ ઊઠ્યા. વચનની મૂર્તિ છે."

જમવાનો સમય થયો એટલે કથાની સમાપ્તિ કરાવી અને બહાર મોકલેલ ત્રણે સતોને બોલાવ્યા.

આપણે કેવળ સંપ્રદાય સ્થાપવા નથી આવ્યા

જમ્યા પછી મહારાજે સંતોની સભામાં વાત કરતાં કહ્યું : "શાસ્ત્રકારોએ શાસ્ત્રો રચ્યાં એમાં નિયમો પાળવાનું ઘણું લખ્યું છે. પરંતુ અત્યાર સુધી કોઈએ તે નિયમો પાળ્યા નથી અને પોતાના શિષ્યો પાસે પળાવ્યા પણ નથી. માટે આજે તો સર્વ શાસ્ત્રોમાં જે વાતો લખી છે તે અમારે તમારી સૌની પાસે પળાવવી છે."

મહારાજનાં આ વચન સાંભળી સૌ સંતોએ કહ્યું : "મહારાજ ! આપ જેમ કહેશો તેમ જ અમારે કરવું છે."

સંતોની આજ્ઞા પાળવાની તત્પરતા જોઈ મહારાજ બહુ જ પ્રસન્ન થયા. પછી બોલ્યા : "આપણે પૃથ્વી ઉપર આવ્યા છીએ તે કેવળ કોઈ સંપ્રદાય સ્થાપવા નથી આવ્યા. પરંતુ શાસ્ત્રકારોએ ભાગવતધર્મની જે વાત શાસ્ત્રોમાં લખી છે તે ધર્મનું સ્થાપન કરવા આવ્યા છીએ. તે ધર્મનાં અંગો – ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ – આ ચારે, લોકો પાસે સિદ્ધ કરાવી તેમનું આત્યંતિક કલ્યાણ કરવું છે." એટલું કહીને મહારાજે સંતોને કહ્યું : "તમારે એક એક સંતે દસ હજાર જીવોનું કલ્યાણ કરવું એવો નિયમ આજે લ્યો."

તે સાંભળી નિષ્કુળાનંદ સ્વામી બોલ્યા : "મહારાજ ! આ જન્મે પૂરું ન થાય તો ?"

એટલે મહારાજ હસ્યા પછી કહ્યું : "તો બીજો જન્મ લઈને પણ તે નિયમ તો પૂરો કરવો જ પડે." પછી મહારાજે કહ્યું : "અમારે આ દેહે કરીને અસંખ્ય જીવોનાં કલ્યાણ કરવાં છે, તે સારુ અમે પ્રગટ થયા છીએ."

એટલે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપ તો સંકલ્પ કરો એટલે અસંખ્ય જીવોનાં કલ્યાણ થઈ જાય."

"પણ કેવળ સંકલ્પથી ભક્તોને અમારા સ્વરૂપનું સુખ ન આવે ને ? એટલે અમારા સ્વરૂપનો સંબંધ કરાવી, તેમના મનોરથો પૂરા કરી તેમનું કલ્યાણ કરવું છે." આ સાંભળી સૌ સંતો રાજી થયા.

તેરામાં ભાગવતની કથા

થોડા દિવસ અહીં રોકાઈને મહારાજ ફરતાં ફરતાં તેરા નોંધા સુથારને ત્યાં પધાર્યા. અહીં મહારાજે સંતનાં મંડળ પણ બોલાવ્યાં. પ્રાગજી દવે પાસે

શ્રીમદ્‌ભાગવતની કથા વંચાવવાનો વિચાર કર્યો. મહારાજે કહ્યું : "અહીં એકાંત સ્થાન છે માટે અહીં એક માસ રહી જ્ઞાનગોષ્ઠિ કરવી છે. ફાગણનો ફૂલદોલનો ઉત્સવ ભુજમાં કરીશું." મહારાજની આ વાત સાંભળી સૌ સંતો, હરિભક્તો રાજી થઈ ગયા.

પ્રાગજી દવે મહારાજની સાથે રહેતા અને મહારાજની આજ્ઞા પ્રમાણે શ્રીમદ્‌ભાગવત તથા અન્ય પુરાણોની કથા વાંચતા. તેમની ઉંમર નાની હતી, કંઠ પણ મધુર હતો. વળી, મહારાજની દૃષ્ટિ તેમના ઉપર પડી ગઈ હતી. તેથી તેમની કથામાં સૌને રસ પડતો. છતાં કોઈ સંત જો કથામાં ઊંઘતા દેખાય તો મહારાજ તેમને જાગ્રત કરી દેતા. મહારાજ કહેતા કે આવી કથા વંચાતી હોય તેમાં ઊંઘશો તો અંતરમાં પ્રભાત ક્યારે થશે ?

આત્માના પ્રકાશના ભેદ

કથામાં આત્માના સ્વરૂપની વાત આવી એટલે પરમચૈતન્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો : "મહારાજ ! આત્મા સત્ય હૈ, ઔર એક હી હૈ. તો સબમેં એક સરખા દૈવત હોના ચાહીએ."

આ સાંભળી મહારાજ હસ્યા. પછી બોલ્યા : "આત્મા સત્ય છે પણ એક નથી, અનંત છે. આત્મા શુદ્ધ થયા પછી તેના ગુણધર્મ એક છે. જુઓ દીવો છે તેને અગ્નિ કહેવાય, મશાલને પણ અગ્નિ કહેવાય, વીજળીને પણ અગ્નિ કહેવાય અને વડવાનળને પણ અગ્નિ કહેવાય. પરંતુ દરેકમાં પ્રકાશના ભેદ છે. તેમ આત્મા આત્મામાં પણ ભેદ છે, આત્માને જેટલો માયાનો સંબંધ વિશેષ તેટલું તેનું સામર્થ્ય ઓછું. એ સંબંધ જેમ જેમ ઓછો થતો જાય, આત્મા શુદ્ધ થતો જાય તેમ તેમ તેનું સામર્થ્ય વધતું જાય."

મહારાજને કથામાં ખૂબ રસ પડતો એટલે વારંવાર 'હરે' 'હરે' બોલતા. એક માસ ભાગવતની કથાનો સૌને લાભ આપી મહારાજે કથાની પૂર્ણાહુતિ કરાવી. પછી મધ્યાહ્‌ને સૌને જમાડ્યા અને સંતોને કહ્યું : "સંતો ! તમે હવે ચાલવા માંડો અમે પાછળથી આવીએ છીએ."

મહારાજે પોતાની મોજડીઓ બ્રાહ્મણને આપી દીધી

ફાગણનો તાપ શરૂ થઈ ગયો હતો. સંતો ઉઘાડા પગે ચાલતા હતા. પૃથ્વી તાપથી ધગી ગઈ હતી અને સંતો પૃથ્વી ઉપર પગ માંડે અને તરત જ ઉપાડે

એમ ઉતાવળી ચાલે ચાલતા હતા. મહારાજ પાછળ આવતા હતા. તેમણે જોયું કે પોતાના સંતો પગે બળે છે. પોતે મોજડી પહેરી હતી તે તરત જ કાઢી નાખી અને સાથે ચાલતા બ્રાહ્મણને આપી દીધી અને ઉઘાડા પગે પોતે પણ સંતોની જેમ ચાલવા લાગ્યા. મહારાજ તો ઉતાવળી ચાલે ચાલતા, સંતોની આગળ થઈ ગયા અને દૂર જઈ એક બાવળના વૃક્ષ નીચે બિરાજ્યા. એટલામાં સંતો આવી ગયા. મહારાજ પોતાના ચરણના તળામાં હાથ ફેરવતા હતા. મહારાજે પોતાના ચરણારવિંદ બતાવીને સંતોને કહ્યું : "તમને જોડા ન પહેરવાના નિયમ આપ્યા છે. તે નિયમ આજે અમે પણ પાળ્યો."

ત્યારે સંતોએ કહ્યું : "મહારાજ ! આપ તો નિયમથી પર છો. આપને કષ્ટ વેઠવાનું હોય નહીં."

તે સાંભળી મહારાજે કહ્યું : "પણ તમારા પગ બળે એટલે મેં જોડા પહેર્યા હોય તોપણ મારા પગ બળે !" એમ કહીને મહાનુભાવાનંદ સ્વામીને પૂછ્યું : "તમારા પગ કેવા બળ્યા ?"

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! અમદાવાદમાં ચૈત્રના તાપમાં ઝોળી માંગવા જતો ત્યારે જે નો'તા બળ્યા તે આજે બળ્યા છે."

આ સાંભળી મહારાજની આંખમાં આંસુ આવી ગયાં. પછી બોલ્યા : "તમને જે નિયમો આપ્યા છે તે કેવળ તપ કરવા માટે નથી આપ્યા. પરંતુ દેહના ભાવથી પર થઈ આત્માના ભાવને પામવા માટે આપ્યા છે, દેહના સુખ-દુઃખને ગણવું નહીં."

ત્યાંથી મહારાજ સંતમંડળ સાથે ચાલ્યા અને થોડા દિવસે અન્ય ગામોમાં વિચરણ કરતાં ભુજમાં સૂરજબાનો મનોરથ પૂરો કરવા ફૂલદોલનો સમૈયો કરવા પધાર્યા.

ભુજમાં ફૂલદોલનો ઉત્સવ : આ સં. ૧૮૬૬

વિશ્વેશ્વર ભટ્ટનાં દીકરી સૂરજબાએ ભુજમાં પોતાને ત્યાં ફૂલદોલનો ઉત્સવ કરવા મહારાજને વિનંતી કરી હતી, પરંતુ મહારાજે તેમને પૂછ્યું હતું : "તમે સાંખ્યયોગી છો અને આ ઉત્સવમાં તો સંતો-હરિભક્તો ઘણા આવશે અને ઘણો ખર્ચ થશે. માટે સાંખ્યયોગી સ્ત્રીઓએ પોતાની ત્રેવડ જોઈને સંકલ્પ કરવો."

મહારાજની આ વાતમાં મર્મ હતો. સાંખ્યયોગી સ્ત્રી પાસે જીવનનિર્વાહ જેટલી મૂડી હોય અને તે ખર્ચાઈ જાય પછી તેને પોતાના જીવનનિર્વાહ માટે

અન્ય ઉપર આધાર રાખવો પડે. આમાં કોઈ વખત પોતાના ધર્મમાં વિઘ્ન આવે. સૂરજબા આ સમજી ગયાં. તેથી તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! આપના પ્રતાપથી મારે ત્યાં કોઈ વાતની ખોટ નથી. માટે આપ આજ્ઞા કરો તો હું તૈયારી કરું." મહારાજ તેની શ્રદ્ધા અને ભાવ જોઈ પ્રસન્ન થયા. સૂરજબાએ ઘેર આવી તેના ભાઈ ઉદયરામ તથા બહેન અમૃતબા તથા ખુશાલબાને વાત કરી. તેઓ પણ રાજી થયાં ને ઉત્સવની તૈયારીમાં સૌ મંડી પડ્યાં.

મહારાજ ભુજ પધાર્યા. ગંગારામ મલ્લને ઘેર ઉતારો કર્યો. સૂરજબાના ભાઈ ઉદયરામ મહારાજ પાસે ગયા અને ઉત્સવની તમામ તૈયારીઓ થઈ ગઈ છે તે વાત મહારાજને કહી. મહારાજે તેમને કહ્યું : "અમે પણ બધે જ કાગળો લખી દીધા છે એટલે સંતો, હરિભક્તોના સંઘ હવે એક-બે દિવસમાં આવવા માંડશે."

રંગ ઉત્સવ માટે કેસુડો, કસુંબો, પતંગ તથા સોરંગ વગેરે મંગાવ્યાં. રંગ ભરવા મોટી કોઠીઓ મંગાવી. સુંદરજીભાઈને ઘેરથી સોના-રૂપાની પિચકારીઓ મંગાવી. તેમજ નાનાં પાત્રો પણ મંગાવ્યાં. મહારાજ માટે સુંદર આભૂષણો પણ તૈયાર કરાવ્યાં. દેવોને પણ દુર્લભ એવો ઉત્સવ પોતાને આંગણે ઊજવાય છે તેનો સૌને આનંદ હતો. ભગવાન શ્રીકૃષ્ણ વ્રજમાં ગોપીઓ સાથે રાસ રમ્યા હતા એ ભાગવતની કથા સાંભળતાં જ ભક્તિનો ઉન્માદ ચડી જાય છે, ત્યારે આ તો સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ મનુષ્ય સ્વરૂપે પધારી પોતાના ભક્તોને પોતાના સંબંધનું પ્રત્યક્ષ સુખ આપે છે તે કેવાં અહોભાગ્ય કહેવાય !

સંવત ૧૮૬૬ના ફાગણની પૂર્ણિમાનો દિવસ આવી ગયો. પ્રાતઃ સમયે મહારાજ રામકુંડમાં સ્નાન કરવા પધાર્યા. સંતો-હરિભક્તો સાથે જળક્રીડા કરી. પછી સુંદર શ્વેત વસ્ત્રો ધારણ કરી મહારાજ સૂરજબાને ઘેર પધાર્યા. અત્રે દેવાર્ચનની વિધિ કરી મહારાજ રંગ રમવા તૈયાર થઈ ગયા. સંતો-હરિભક્તોના સંઘ આવી ગયા હતા એટલે જૂથ મોટું હતું. મહારાજ પાસે ભટ્ટ ઉદયરામ તથા વલ્લભરામ તેમજ મહેતા ગણપતરામ, ભટ્ટ મહીદાસ વગેરેએ રંગનાં માટલાં મૂક્યાં. સુવર્ણની પિચકારી મહારાજના હાથમાં આપી. ગુલાલના ટોપલા પણ મહારાજની પાટ પાસે મૂક્યા. મહારાજે સુવર્ણની પિચકારી ભરી સંતો-હરિભક્તો ઉપર રંગ છાંટ્યો. ગુલાલના ગોટા ઉડાડ્યા. મહારાજ પાટ ઉપર ઊભા થઈ ગયા. નાંખી નજર ન પડે એટલા સમૂહ ઉપર મહારાજ પિચકારી ભરી ભરીને રંગ છાંટવા લાગ્યા. હરિભક્તો પણ ઉત્સવના આનંદમાં ભીંજાવા લાગ્યા અને મહારાજને ભીંજવવા લાગ્યા.

એકાએક મહારાજે હોળીનાં પદો ગાવાનું શરૂ કર્યું. તાળી વગાડતા જાય અને મુક્તાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામીએ રચેલાં પદો ગાતા જાય. હરિભક્તો પણ આ પદો ઝીલવા લાગ્યા. પિચકારીઓથી રંગ છંટાતો હતો, ગુલાલના ગોટા આકાશે ચડ્યા હતા અને હોળીનાં પદોનો નાદ દિશાઓ ગજવતો હતો. ભુજના ભાવિકોને લાગ્યું કે પોતાનું શહેર આ ઉત્સવથી ધન્ય બની ગયું ! શ્રીજીમહારાજ અને તેમના સંતોની પદરજથી પાવન બની ગયું ! ભગવાનના માનુષી સ્વરૂપમાં દિવ્યતા દેખવી તે કઠણ હતું. પરંતુ પ્રસંગોની અદ્ભુતતા એમની દિવ્યતાનો અનુભવ કરાવતી હતી. અંતરના સંકલ્પોનો વિરામ તેમની મૂર્તિના ચમત્કારની પ્રતીતિ કરાવતો હતો. જેને અનુભવ થાય છે તેને આ દિવ્યતા જોવાની દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. ભગવાન આજે રંગે રમતા હતા. અક્ષરધામ પૃથ્વી ઉપર પ્રગટ થયું હતું. રંગ એટલો રેડાયો કે પૃથ્વી લાલ થઈ ગઈ. ગુલાલે આકાશને રક્તવર્ણું કરી દીધું. રંગે રંગાયેલા હરિભક્તો પણ રંગબેરંગી ગુલાબના છોડની જેમ શોભતા હતા. મહારાજે તાળી પાડી અને રંગોત્સવ બંધ થયો.

મહારાજ અશ્વ ઉપર બિરાજ્યા અને સખા સહિત મહાદેવવાળે નાકે થઈને હમીરસર સરોવરમાં સ્નાન કરવા સારુ પધાર્યા. સખા સાથે સરોવરમાં ઘણો સમય જળક્રીડા કરી મહારાજ બહાર નીકળ્યા. બ્રહ્મચારીએ મહારાજનું શરીર લૂછ્યું. સફેદ વસ્ત્રો પહેરવા આપ્યાં. મહારાજ અશ્વ ઉપર બિરાજ્યા અને વાજતે-ગાજતે સૂરજબાને ઘેર પધાર્યા. અહીં સુંદર ઢોલિયા ઉપર બિરાજ્યા. એટલામાં થાળ તૈયાર થયો એટલે જમવા પધાર્યા. પછી સંતો-હરિભક્તોને પણ સારી રીતે અનેક પ્રકારનાં પકવાનો જમાડ્યાં.

સાંજે મહારાજ સભા કરી બિરાજ્યા ત્યારે સૂરજબાએ મહારાજની આજ્ઞા માગી કે પૂજા કરવાનો સંકલ્પ છે. મહારાજે સંમતિ આપી એટલે સૂરજબા હાથમાં જરિયાની વસ્ત્રો તથા રૂપિયાના થાળ ભરી તેના ભાઈઓ સાથે આવ્યાં. મહારાજની કેસર, ચંદન વગેરે ઉપચારોથી પૂજા કરી. પુષ્પના હાર પહેરાવ્યા. જરિયાની વસ્ત્રો મહારાજને ધરાવ્યાં. રૂપિયાના થાળ મહારાજ સમક્ષ મૂક્યા. પછી તેમના ભાઈઓએ સંતોની પૂજા કરી.[૧૮]

---

૧૮. શ્રીહરિલીલામૃત, ૭-૧૪માં આ.સં. ૧૮૬૬નો ફૂલદોલ જૂનાગઢમાં કર્યો એવો ઉલ્લેખ છે. પરંતુ (નિર્ગુણાનંદ બ્રહ્મચારી કૃત) પુરુષોત્તમલીલામૃતસુખસાગર, તરંગ-૫૨; (અચ્યુતદાસજી કૃત) પુરુષોત્તમલીલામૃતસુખસાગર, અધ્યાય ૨૬ તથા શ્રીહરિ ચરિત્રામૃતસાગર, પૂર-૧૩, તરંગ-૩૩માં આ ઉત્સવ ભુજમાં કર્યો એવો ઉલ્લેખ છે.

બીજે દિવસે સૂરજબાએ પુષ્પો મંગાવી ફૂલનો હિંડોળો તૈયાર કર્યો. મહારાજે સૂરજબાએ આપેલો જરિયાની પોષાક ધારણ કર્યો. હિંડોળામાં બિરાજ્યા. સંતો-હરિભક્તોએ મહારાજને સારી પેઠે ઝુલાવ્યા. હિંડોળાનાં પદો ગાયાં. ઝાંઝ, મૃદંગ વગાડી ઉત્સવ કર્યો. ઉત્સવની સમાપ્તિ થઈ અને ઉત્સવઘેલા ભક્તો બાવરા બની ગયા. હવે જવું પડશે ? આવો લાભ ફરી ક્યારે મળશે ?

મહારાજે તેમનો સંકલ્પ જાણ્યો અને કહ્યું : “હવે કચ્છના હરિભક્તો હરિજયંતીના ઉત્સવ ઉપર અહીં આવે ત્યાં સુધી અમે પણ તમારા ગામે આવીને તમોને સુખ આપીશું.”

અમારા ઉપર દયા રાખજો

સંઘને જમાડ્યો. સૂરજબાએ તથા તેમના ભાઈઓએ મહારાજને પ્રસન્ન કરી દીધા. સેવામાં કોઈ ખામી રાખી નહીં. મહારાજે પણ તેમનો ભાવ જોઈ હરિભક્તોને રંગે રમાડ્યા, ઉત્સવની ધૂમ મચાવી, પછી સંઘને વિદાય આપી.

તે વખતે કંથકોટના કચરા ભક્ત તથા ધમડકાના અદોજી, માંડવીના સુંદરજી શેઠ, બળદિયાના કૃષ્ણ ભક્ત અને રત્ના ભક્ત તેમજ માનકૂવાના કણબી શિયાણી વશરામ ભક્ત વગેરે જતી વખતે મહારાજનાં દર્શન કરવા આવ્યા. મહારાજની રજા લેતાં કહ્યું : “મહારાજ ! અમારા ઉપર દયા રાખજો.”

તે સાંભળી મહારાજે પણ હસતાં હસતાં તેમને કહ્યું : “તમે પણ અમારા ઉપર દયા રાખજો.”

તે હરિભક્તોએ આ શબ્દો સાંભળ્યા ન સાંભળ્યા અને ચાલવા લાગ્યા. પરંતુ બહાર નીકળ્યા ત્યારે એક હરિભક્તે કહ્યું : “મહારાજે આપણને કહ્યું કે ‘અમારા ઉપર તમે દયા રાખજો’ તેમાં કાંઈ સમજાયું નહીં.”

તે સાંભળી તે બધા હરિભક્તો પાછા ફર્યા. મહારાજ પાસે આવ્યા અને મહારાજને પૂછ્યું : “મહારાજ ! આપે કહ્યું કે અમારા ઉપર દયા રાખજો તે અમને સમજાયું નહીં. આપ તો અમારા ઈષ્ટદેવ છો, દયા તો આપે રાખવાની હોય !”

એટલે મહારાજે તેમને કહ્યું : “સાંભળો, સાડા ત્રણ હાથની તમારી આ કાયા છે. તેમાં ત્રણ આંગળનું હૃદય છે. તે હૃદયમાં અમે રહીએ છીએ. માટે અમારું એ સ્થાન તમે ચોખ્ખું રાખજો. ત્યાં જો સ્ત્રી, દ્રવ્યાદિક માયિક પદાર્થની વાસના રાખશો, તો અમારાથી તેમાં રહેવાશે નહીં. એટલી દયા તમારે અમારા ઉપર રાખવાની છે.”

તે સત્સંગીઓ મહારાજની આ વાત સાંભળી સાવધ થઈ ગયા. તેમને મહારાજની વાતનું રહસ્ય અંતરમાં ઊતરી ગયું.

✧

મહારાજ ભુજથી નીકળી માનકૂવા પધાર્યા. અહીંના હરિભક્તો આદાભાઈ તથા મૂળજી અને કૃષ્ણજી, વશરામભાઈ તથા શિયાણી વશરામ વગેરે મહારાજ પધાર્યા તેથી અત્યંત રાજી થઈ ગયા. ભુજમાં ફૂલદોલના ઉત્સવનો આનંદ માણ્યો હતો. તે પ્રસંગનાં સંસ્મરણો અંતરમાં તાજાં જ હતાં એટલામાં મહારાજ પોતાને ગામ પધાર્યા. આ રીતે જ જો મહારાજની દિવ્ય મૂર્તિનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન થાય, તો સાક્ષાત્કાર થતા વાર ન લાગે. મહારાજને પણ પોતાની મૂર્તિનું સુખ આપી મુમુક્ષુઓના જીવમાં પોતાના સ્વરૂપનું જ્ઞાન દૃઢ કરાવવું હતું.

વિદ્યા જ્ઞાનદૃષ્ટિ આપે છે

મહારાજ પછી ત્યાંથી કાળા તળાવ થઈને તેરા પધાર્યા. અહીં સુથાર નાગજી સિંગજીને ઘેર મહારાજ ઊતર્યા. સંતમંડળને કાગળો લખી બોલાવ્યા. મહારાજ સંતોને જોઈ ખૂબ જ પ્રસન્ન થયા અને સૌને ઊભા થઈને ભેટ્યા. તમામ સંતોને બગીચામાં ઉતારો આપ્યો. સાંજની સભામાં સંતોને સંબોધતાં મહારાજે કહ્યું : "તમારે સૌએ સંસ્કૃત ભણી શાસ્ત્રોમાં પારંગત થવાનું છે. તમે શાસ્ત્રોનો અભ્યાસ કરશો તેમા અમારો ઘણો જ રાજીપો છે. કારણ, શાસ્ત્રની વિદ્યા જ્યારે જીવમાં સોંસરી ઊતરી જાય છે, ત્યારે જીવમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના સંસ્કારો ઉદય થાય છે. તે સંસ્કારોથી જ ભાગવતધર્મને પોષણ મળશે. માટે વિદ્યાવાન થવું. વિદ્યા વિના જીવ આંધળો કહેવાય. વિદ્યા જ્ઞાનદૃષ્ટિ આપે છે. પરમાત્માના સ્વરૂપને ઓળખાવે છે અને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવે છે."

મહારાજ હંમેશાં કહેતા કે જે સંપ્રદાયમાં સંતોમાં વિદ્યા અને ચારિત્ર્ય ન હોય તે સંપ્રદાય અંતે મૃતપ્રાય થઈ જશે. એટલે સાધુઓને વિદ્યાવ્યાસંગી બનાવવાનો તેમનો સદા આગ્રહ રહેતો.

તેરામાં મહારાજ સંતો સાથે થોડા દિવસ રહ્યા. પછી હરિજયંતીનો ઉત્સવ આવતો હોવાથી તેરાથી નીકળી મહારાજ ગામોગામ ફરતાં ફરતાં ભુજ પધાર્યા. અહીં ગંગારામ મલ્લને ઘેર મહારાજે ઉતારો કર્યો.

ભુજમાં હરિજયંતી ઉત્સવ : આ.સં. ૧૮૬૬

હરિજયંતીના શુભ દિવસે હરિભક્તોએ વિશાળ ચોગાનમાં સુંદર મંડપ બાંધ્યો. શ્રીજીમહારાજ માટે પણ સુંદર સિંહાસન તૈયાર કર્યું. બાલમુકુન્દને ઝુલાવવા રત્નજડિત સુવર્ણનું પારણું પણ લાવ્યા. આ બધી તૈયારીઓ થયા પછી શ્રીહરિ મંડપમાં પધાર્યા ત્યારે સંતમંડળ ઝાંઝ, પખવાજ સાથે કીર્તનગાન કરી રહ્યા હતા. બરાબર દર્શનનો સમય થયો એટલે મહારાજના જન્મોત્સવના મુક્તાનંદ સ્વામી તથા પ્રેમાનંદ સ્વામી રચિત પદો સંતો ગાવા લાગ્યા.

પછી મહારાજ સિંહાસન ઉપરથી ઊઠીને જન્મોત્સવની આરતી કરવા પધાર્યા. મહારાજે આરતી શરૂ કરી. અને પારણામાં ઝૂલતી બાલમુકુન્દની મૂર્તિમાં મહારાજના સ્વરૂપનાં દર્શન સૌ હરિભક્તોને થયાં. આ દિવ્ય દર્શનથી સૌનાં અંતર આનંદસભર બની ગયાં. મહારાજ ભગવાન છે તેવો તો નિશ્ચય મહારાજનાં ઐશ્વર્ય, પ્રતાપ, જ્ઞાનવાતો તથા તેમના સંબંધથી અંતરમાં વિરામ પામેલી જગતના પંચવિષયોના ભોગની વાસના – વગેરેથી થયો હતો. પરંતુ પોતે સ્વયં સર્વોપરી પુરુષોત્તમ નારાયણ છે અને તેમના જ સ્વરૂપમાંથી સર્વ અવતારો પ્રગટ થાય છે તેવો નિશ્ચય આ દિવ્ય દર્શનથી સૌને થયો.[૧૯]

આરતી બાદ સૌને પંચાજીરીનો પ્રસાદ આપ્યો. પછી મહારાજે સૌ હરિભક્તોને કહ્યું : "આવતી કાલે સવારે પારણાં કરીને સૌ હરિભક્તોએ પોતપોતાને ગામ જવું. અમે પણ માંડવી થઈને સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં જવાના છીએ."

બીજે દિવસે મહારાજ જમીને બપોરે માંડવી જવા નીકળી ગયા. મહારાજ માંડવી આવીને ખૈયા ખત્રીના કારખાનામાં ઊતર્યા. ખૈયાએ મહારાજ માટે તમામ સગવડતા આગળથી કરી રાખી હતી. વળી સેવામાં મેઘાભાઈ, વશરામ, ટોપણ, દેવશી વગેરે પણ આવી ગયા હતા.

મહારાજ પોતાને ત્યાં પધારવાના છે તે સમાચાર માંડવી ગામમાં પણ

---

૧૯. શ્રીહરિલીલામૃત, ૭-૧૪માં આ.સં. ૧૮૬૬ની હરિજયંતી જૂનાગઢમાં કરી એવો ઉલ્લેખ છે, પરંતુ (નિર્ગુણાનંદ બ્રહ્મચારી કૃત) પુરુષોત્તમલીલામૃતસુખસાગર, તરંગ-૧૫૮; (અચ્યુતદાસજી કૃત) પુરુષોત્તમલીલામૃતસુખસાગર, અધ્યાય ૬૪ તથા શ્રીહરિચરિત્રામૃતસાગર, પૂર-૧૩, તરંગ-૩૩માં આ ઉત્સવ ભુજ ખાતે કર્યો એવો ઉલ્લેખ છે.

ખૈયે સૌને આપી દીધા હતા. આથી મહારાજ પધાર્યા અને ધીરે ધીરે મુમુક્ષુઓ મહારાજનાં દર્શન કરવા આવવા લાગ્યા. ખૈયાના મનમાં વિચારો આવતા કે મહારાજ કાંઈક ચમત્કાર બતાવે તો આ બધા મહારાજનો આશરો કરે અને એમનું કલ્યાણ થાય, બાકી તેમના અંતરમાં જગતની વાસનાનાં અનેક પડળોને ભેદીને જ્ઞાનની વાતો તો સોંસરી નીકળે તેમ નથી. તેથી તેણે મહારાજને હાથ જોડી કહ્યું : "મહારાજ ! આ બધા ભાવિકો આપનાં દર્શને આવ્યા છે. તેમને કાંઈક ચમત્કાર બતાવો તો આપનો આશ્રય કરે અને તેમનું કલ્યાણ થાય."

ભગવાન કોને કહેવાય ?

એ વખતે ત્યાં મોડજીભાઈ ગરાસિયા બેઠા હતા. તેણે ખૈયા ખત્રીને કહ્યું : "ખૈયા ભક્ત ! ભગવાન કે મોટાપુરુષ પાસે તો જીવનું કલ્યાણ થાય તેવું માંગીએ અને તેવા સંકલ્પો કરીએ પણ બીજું ન માંગીએ."

ખૈયો વિદ્વાન હતો, જ્ઞાની હતો તેથી તે સમજતો હતો કે જ્ઞાનની વાત સમજવી કેટલી કઠણ છે. વળી, મહારાજને તેમના આ મનુષ્ય સ્વરૂપમાં ભગવાન માનવા તે તો તેથી પણ કઠણ હતું. તેથી તેણે તો તેનો આગ્રહ ચાલુ જ રાખ્યો. મહારાજ તેનો ભાવ પરખી ગયા અને સામે જારની ચણ ચણતાં કબૂતરો ઉપર દૃષ્ટિ કરી કે તરત તે બધાં પૃથ્વી ઉપર ઢળી પડ્યાં.

આ જોઈ મોડજીભાઈએ ખૈયાને કહ્યું : "જુઓ, મહારાજ પાસે તમે પરચો માગ્યો અને મહારાજે આ કબૂતરો તરફ દૃષ્ટિ કરી તેથી તે બધાં નીચે પડી ગયાં. હવે તે જો મરી જશે તો તેનું પાપ તમને લાગશે."

તે સાંભળી ખૈયે કહ્યું : "જેને નાડી-પ્રાણ ખેંચતા આવડે છે તેને જીવાડતાં પણ આવડે છે."

એટલામાં મહારાજે કબૂતરો તરફ ફરી દૃષ્ટિ કરી એટલે તેઓ પાછાં ચણ ચણવા લાગ્યાં.

ખૈયે કહ્યું : "મોડજીભાઈ ! જે અનેક જીવોનાં ઇન્દ્રિયો-અંતઃકરણ ખેંચી લ્યે તે ભગવાન ! જે જીવોને પોતાની મરજી પ્રમાણે વર્તાવે અને અંતરમાં રહેલા જગતના રાગ કાઢી શકે તે ભગવાન ! જે જીવોને પોતાના સાચા સ્વરૂપનું જ્ઞાન કરાવી તેમને માયાથી પરાભવ ન થવા દે તે ભગવાન ! ભગવાનપણું કેવળ ચમત્કારોથી નથી, તે હું જાણું છું. મેં શ્રીજીમહારાજના ભગવાનપણાનો અનુભવ અંતરમાં કર્યો છે. પણ આ બધા ભોળા ભાવિકોમાં સમજણની એવી સૂઝ ન

હોય તેથી જ મેં મહારાજને પ્રાર્થના કરી હતી.''

મોડજીભાઈ ખૈયાની વાતનું રહસ્ય સમજી ગયા.

બીજે દિવસે મહારાજ લક્ષ્મીનારાયણના મંદિરમાં દર્શને પધાર્યા. ત્યાં ઘણા ભાવિકો દર્શને આવ્યા હતા. મહારાજ પધાર્યા એટલે સૌએ રસ્તો કરી દીધો. મહારાજ લક્ષ્મીનારાયણ દેવના નિજ મંદિર સુધી પહોંચી ગયા. ત્યાં આવેલા ભાવિકો મહારાજનાં દર્શન કરવા પડાપડી કરવા લાગ્યા. ત્યાં તેમને તે મૂર્તિમાં મહારાજ દેખાયા. મહારાજ તરફ જ્યારે જોયું ત્યારે તેમને મહારાજના સ્વરૂપમાં લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન થયાં. માંડવીમાં યોજેલ વિદ્વત્ સભામાં આ પુરુષે પોતાની અદ્‌ભુત વિદ્વત્તાનો અનુભવ કરાવ્યો હતો. સાથે સાથે દરિયા કિનારે મીઠી વીરડી બનાવી ઐશ્વર્ય પણ બતાવ્યું હતું. માટીનાં રજકણો જે બદલી શકે, તે માટીમાંથી બનેલા માનવીનાં રજકણો પણ બદલી શકે. આજે તેમની દિવ્યતાનો, ભગવાનપણાનો આ વિશેષ અનુભવ સૌને થયો. મહારાજને તો કાંઈ એવું ઐશ્વર્ય બતાવવાની ઇચ્છા ન રહેતી. પરંતુ મુમુક્ષુઓનો સમૂહ જોઈ તેમના સ્વરૂપમાંથી ઐશ્વર્ય સહેજે પ્રગટ થઈ આવતું.

મહારાજ માંડવીમાં બે દિવસ રહ્યા. પછી ત્યાંથી વહાણમાં બેસી જોડિયા બંદર પધાર્યા.



ઉદ્‌ગીથ ૪

ભક્તવત્સલતા

(આ.સં. ૧૮૬૭, ઈ.સ. ૧૮૧૦-૧૮૧૧)

મહારાજ જોડિયા બંદર ઊતરી ભાદરા પધાર્યા. પછી અલૈયા, મોડા થઈને કડોરડા પધાર્યા.

આ.સ. ૧૮૬૭નો આષાઢ લગભગ પૂરો થવા આવ્યો હતો. આષાઢનો મેઘ અનરાધાર વરસ્યો હતો અને ધરતીને લીલીછમ કરી દીધી હતી. વૃક્ષો કોળ્યાં હતાં, વનરાજી પાંગરી હતી, સૌરાષ્ટ્રની પથરાળ ભૂમિમાં રહેલાં બીજ મેઘના સંબંધે લીલાંછમ બની ગયાં હતાં ત્યારે શ્રીજીના દિવ્ય સંબંધથી પથ્થર જેવા ગણાતા સૌરાષ્ટ્રના કાઠીઓનાં અંતરમાં પણ મુમુક્ષુતાનાં બીજ પાંગરી રહ્યાં હતાં. ઇતિહાસે ન જોયું હોય તેવું સમૂળું પરિવર્તન સૌરાષ્ટ્રની જનતામાં મહારાજના દિવ્ય સંબંધથી, તેમની કરુણાથી, પ્રેમથી, માનવતાને વિકસાવવાની ભાવનાથી, આવી રહ્યું હતું. મનુષ્ય સાચો માનવ હશે તો જ તે ભક્તિને પંથે વળી શકશે. પણ તેનામાં જો દૈવી અને આસુરી સંપત્તિનું મિશ્રણ હશે તો આ દિવ્ય પથનો પથિક તે નહીં બની શકે.

કંડોરડામાં બ્રાહ્મણોની ચોરાસી

શ્રીહરિ કંડોરડામાં ડોસા બારોટને ઘેર ઊતર્યા. કેશવજી વિપ્ર યજમાન વૃત્તિ કરતા હતા એટલે કામ પ્રસંગે તેઓ બહારગામ ગયા હતા. મહારાજ ઉતારો કરી ગોપાળ બારોટની સાથે નદીએ નહાવા પધાર્યા. અહીં નદીને કાંઠે આંબલીઓની ઘટા જોઈ શ્રીહરિએ નદીમાં સ્નાન કરતાં એક વિપ્રને કહ્યું : ''નદીના કાંઠે આ આંબલીઓની ઘટા સારી શોભે છે.''

પરંતુ વિપ્રને તો એવા પ્રાકૃતિક સૌન્દર્યની પડી ન હતી. તેને તો સ્નાન પછી પોતાને પ્રિય એવા મોદકના ભોજનમાં જ રસ હતો. તેથી તેણે શ્રીહરિ

તરફ જોઈ સહેજ વ્યંગમાં કહ્યું : "હવે એકલી આંબલીઓની ઘટા છે એ તે કાંઈ શોભા કહેવાય ? એ તો જ્યારે આંબલીઓ નીચે બ્રહ્મભોજન થાય, બ્રાહ્મણો મોદકો જમે, 'હર હર મહાદેવ'ના ઘોષ થાય ત્યારે શોભા સાચી !"

શ્રીહરિ વિપ્રનો વ્યંગ સમજી ગયા. તેમને તો પોતાનું વચન સત્ય કરવું હતું. વળી, બ્રાહ્મણોને બ્રહ્મભોજન કરાવી તૃપ્ત કરવા હતા. તેથી તેમણે તે વિપ્રને પૂછ્યું : "અમારા ભક્ત કેશવજી વિપ્ર ગામમાં છે ?"

આ સાંભળી તે વિપ્ર સમજી ગયો કે આ કેશવજીના ભગવાન સ્વામિનારાયણ છે. તેણે તરત જ તિરસ્કારથી કહ્યું : "એ તો જજમાન વૃત્તિ કરતો ગામડે આંટા દીધે જ જાય છે. એમાંથી નવરો પડતો નથી."

શ્રીહરિ તેનો ભાવ પરખી ગયા. તેમણે કહ્યું : "તો બ્રહ્મદેવ ! એ કેશવજીના ભગવાન અમે સ્વામિનારાયણ આવ્યા છીએ. અમારા નામથી ગામમાં જઈ સૌને નોતરાં આપી આવો. આજે તો અહીં જ બ્રાહ્મણોની ચોરાશી કરવી છે."

આ સાંભળીને તે વિપ્રને અચંબો થયો. તેને થયું કે હજુ સીધા-સામગ્રીની તો કાંઈ તૈયારી નથી અને નોતરાં શે દેવાય ? તે માથું ખંજવાળવા લાગ્યો. પણ તેને અચાનક એક વિચાર આવ્યો. તે લુચ્ચું હસ્યો : સ્વામિનારાયણની લાજ લેવાનો આજે ભલો અવસર આવ્યો છે. તેણે કહ્યું : "ભલે, તો હું ગામમાં તમારા નામે નોતરું ફેરવી દઉં છું."

શ્રીહરિએ તરત જ કહ્યું : "હા, પહેલું એ કામ કરો. સાંજે બધા સાગમટે અહીં જમવા આવી જાય."

વિપ્ર તરત જ કપડાં બદલાવી દોડ્યો. સ્વામિનારાયણની ફજેતી કરવાનો ભાવ તેની ગતિ ઉપરથી તેના અંતરમાં કેટલો પ્રબળ હતો તે દેખાઈ આવતું હતું.

શ્રીહરિ ગોપાળ બારોટ સાથે ઘેર આવ્યા. તેમણે તરત જ ડોસા બારોટને બોલાવ્યા અને કહ્યું : "નદી કાંઠે આંબલીઓની જગ્યામાં આજે બ્રાહ્મણોની ચોરાસી કરવી છે. માટે ત્યાં સીધું હમણાં ને હમણાં મોકલાવી આપો."

ડોસા બારોટ આ સાંભળી નવાઈ પામ્યા. તેને થયું કે બ્રાહ્મણોની ચોરાસીમાં જોઈએ એટલું સીધું તો કાંઈ આપણા ઘરમાં હોય ! પણ શ્રીહરિએ કાંઈક ગોઠવણ કરીને આ ચોરાસી જમાડવાનું નક્કી કર્યું હશે.

થોડી વારે તેને વિચાર આવ્યો. તેણે તરત જ શ્રીહરિને કહ્યું : "પ્રભુ ! જામ સાહેબની અસવારી અહીં આવવાની હતી. એટલે ગામમાં ભાદા પટેલે તેને જમાડવા સીધાની તૈયારી કરી રાખી હતી. પણ અસવારી તો આવી નહીં

અને સીધું ઘરમાં એમ ને એમ પડી રહ્યું છે. જો આપ તેને ઘેર પધારો અને તેને કહો તો તે સીધું બ્રાહ્મણોને જમાડવાના કામમાં આવી જાય."

આ સાંભળી શ્રીહરિએ તરત જ કહ્યું : "હાલો જઈએ. ભાદા પટેલ તો તરત જ હા કહી દેશે." એટલામાં બારોટને સાંભર્યું. તેણે કહ્યું : "પણ મહારાજ ! ભાદા પટેલ તો ગામતરે ગયા છે."

આ સાંભળી શ્રીહરિ એકદમ થોભ્યા. પછી હસતાં હસતાં કહ્યું : "પણ પટલાણી તો ઘેર હશે ને ! બાઈઓનાં દિલ વધારે કોમળ હોય. પટેલ તો હા ના પણ કરે પણ પટલાણી તરત આપી દેશે."

શ્રીહરિ ભાદા પટેલને ઘેર પધાર્યા. પટલાણી ઘરમાં હતાં. શ્રીહરિને જોયા એટલે તરત જ ફળિયામાં ખાટલો ઢાળી દીધો. ઉપર રેશમી ધડકી પાથરી દીધી. મહારાજ બિરાજ્યા. પછી પટલાણીને મહારાજે કહ્યું : "અમારે બ્રાહ્મણોની ચોરાસી જમાડવી છે પણ સીધું તૈયાર નથી. તમારે ત્યાં જામ સાહેબની અસવારી નિમિત્તે સીધું તૈયાર છે તો તે અમને વેચાતું આપી દ્યો. તમને રકમ મળી જાય અને બ્રાહ્મણોને બ્રહ્મભોજન મળી જાય !"

પટલાણી હોશિયાર હતી. તેને થયું કે રકમ મળશે અને શ્રીહરિ રાજી પણ થઈ જશે. તેણે તરત જ કહ્યું : "ભલે, મહારાજ ! માલ ગાડામાં ભરીને હમણાં મોકલાવી દઉં છું, તમે આમલીઓની જગ્યામાં માલ ઉતારવા માણસો તૈયાર રાખજો." શ્રીહરિ તેની સરળતાથી અતિ પ્રસન્ન થઈ ગયા.

આંબલીઓ નીચે ચૂલો ગળાવા માંડી. બ્રાહ્મણો પંચિયાં પહેરીને રસોઈની તૈયારીઓ કરવા માંડ્યા. ઘી, ગોળ અને લોટનાં ગાડાં આવવા લાગ્યાં. ખીચડી અને અડદની દાળના પણ ગંજ ખડકાઈ ગયા. નોતરું દેવા ગયેલો વિપ્ર તો આ બધું જોઈને આભો બની ગયો ! બ્રાહ્મણો જગતગુરુ કહેવાય. જગતને જ્ઞાન પ્રદાન કરવાનો અધિકાર બ્રાહ્મણોનો જ. પરંતુ કહેવાય છે કે શંકરે પીધેલ ઝેરના પૃથ્વી ઉપર પડેલ ટીપાનું આચમન આંખે અડાડ્યું ત્યારથી બ્રાહ્મણોની આંખમાં ઝેર વસ્યું. એ ઝેરના પડળથી શ્રીહરિના સ્વરૂપની સાચી ઓળખાણ કેટલાક બ્રાહ્મણોને થઈ શકી નહીં.

શ્રીહરિએ વિપ્રોને જાતે મોદક પીરસ્યા. સૌને સારી રીતે જમાડ્યા. હરિભક્તો પણ જમ્યા. 'હર હર મહાદેવ હર'ની ઘોષણાઓ પણ થઈ. પછી શ્રીહરિએ સૌ બ્રાહ્મણોને એક એક કોરીનું દાન દીધું. બ્રાહ્મણો રાજી થઈ ગયા. નોતરું દેવા ગયેલ વિપ્રે જ્યારે દાન લેવા હાથ લંબાવ્યો ત્યારે શ્રીહરિ તેની

સામું જોઈ હસ્યા. તેમણે કહ્યું : "જુઓ, આમલીઓની ઘટા લાલ-પીળા પીતાંબરધારી બ્રાહ્મણોનાં વૃંદોથી કેવી શોભે છે ?" તે કાંઈ બોલી શક્યો નહીં. મહારાજે તેના હાથમાં કોરી મૂકી. પછી શ્રીહરિએ ત્યાં આવેલા હરિભક્તોને કહ્યું : "આ સામાન જે વધ્યો છે તે ભાદા પટેલને ત્યાં પહોંચાડી દ્યો." એટલે સૌએ તે વધેલો માલ ગાડામાં ભરી ભાદા પટેલને ત્યાં મોકલી દીધો.

બધો માલ ઘેર પાછો આવેલો જોઈ પટલાણીને એમ થયું કે મહારાજે માલ બીજેથી મંગાવ્યો હશે. તેણે બધો માલ જોખી લીધો એટલામાં ડોસા બારોટ ત્યાં આવ્યા. તેણે પટલાણીને પૂછ્યું : "માલ જોખી લીધો ને ? જેટલો વપરાયો હોય તેની કોરિયું ગણી લ્યો."

પટલાણીને આ સાંભળી આશ્ચર્ય થયું ! "અરે બારોટ ! માલ તો એટલો ને એટલો જ પાછો આવ્યો છે. તમે વાપર્યું શું ?" પટલાણીએ કહ્યું.

ડોસા બારોટને પણ આ સાંભળી નવાઈ લાગી. તેણે કહ્યું : "અરે, આમાંથી તો મારે હાથે માલ કાઢીને મેં આપ્યો છે અને તમે કહો છો માલ તો એટલો ને એટલો જ છે !"

પટલાણીની બુદ્ધિ સતેજ થઈ ગઈ. તેણે કહ્યું : "બારોટ ! આ તો શ્રીહરિનો પ્રતાપ ! મનેય લાભ મળ્યો. પ્રભુ મારે ઘેર પધાર્યા."

બારોટને તો મહારાજે આજ્ઞા કરી હતી કે પટલાણીને કોરી ચૂકવીને જ આવજો. તેથી તેમણે કહ્યું : "પણ થોડોક તો માલ વપરાયો હશે ને ? વજન કરવામાં કાંઈ ભૂલ થતી હશે ! માટે તમે આ કોરિયું લઈ લ્યો."

પરંતુ પટલાણીને રુદિયે રામ વસ્યો હતો. તેણે કહ્યું : "બારોટ ! મફતની કોરી અમથી ન લેવાય." છતાં બારોટે બહુ આગ્રહ કર્યો, એટલે તેણે પ્રસાદીની પાંચ કોરી લીધી. પછી કહ્યું : "શ્રીહરિને મારા વતી હાથ જોડી કહેજો કે અતકાળે તેડવા આવે."

બારોટ પટલાણીની સમજણ જોઈ રાજી થયા. તેણે શ્રીહરિને બધી વાત કરી. શ્રીહરિએ કહ્યું : "એક વાર જો અજાણતાં અમારું નામ લે તોપણ અમે તેડવા જઈએ ત્યારે આ પટલાણીએ તો આજે અમારી લાજ રાખી ! એટલે અમારે હવે છૂટકો જ ન રહ્યો."

કંડોરડામાં બ્રાહ્મણોની ચોરાશી કરી.[૨૦] મહારાજ ત્યાંથી નીકળી ધોરાજી

---

૨૦. આ પ્રસંગ શ્રીહરિચરિત્રામૃતસાગર, પૂર-૧૩, તરંગ-૩૫માં આ.સં. ૧૮૬૭માં છે. જ્યારે શ્રીહરિલીલામૃત, કળશ ૫, વિશ્રામ ૨૨માં આ.સં. ૧૮૬૦ છે.

થઈને ભાડેર પધાર્યા. અહીં પાતળભાઈને ત્યાં રાત રહ્યા.

ત્યાંથી પીપલાણા થઈને આખા પધાર્યા. નારાયણ દવેએ મહારાજની સેવા કરી. મહારાજને વધુ રોકવા તેની બહુ ઇચ્છા હતી. પરંતુ મહારાજે કહ્યું : "અમારે અગત્રાઈ જવું છે. ત્યાં જન્માષ્ટમીનો ઉત્સવ કરવો છે. તો ત્યાં તમે બધા આવજો." એ પ્રમાણે કહીને મહારાજ અગત્રાઈ પધાર્યા.

અગત્રાઈમાં જન્માષ્ટમી ઉત્સવ : આ.સં. ૧૮૬૭

પર્વતભાઈ મહારાજની રાહ જોઈને જ બેઠા હતા. તેમના અંતરમાં મહારાજની મૂર્તિ સિવાય બીજું કાંઈ ન હતું, તેથી તેમના સંકલ્પે મહારાજ પધારતા. તેમણે જન્માષ્ટમી ઉત્સવની તમામ તૈયારીઓ કરી રાખી હતી. મોટો મંડપ બાંધ્યો હતો. મંડપની વચ્ચે મહારાજ માટે સુંદર ઊંચો મંચ બનાવી તે ઉપર સિંહાસન ગોઠવ્યું હતું.

મહારાજ પધાર્યા. જન્માષ્ટમી ઉત્સવની આ બધી તૈયારીઓ જોઈ, હરિભક્તોને પણ આવેલા જોયા. તેથી તેમણે હસતાં હસતાં પર્વતભાઈને પૂછ્યું : "પર્વતભાઈ ! આ બધી શેની તૈયારીઓ કરી ?"

પર્વતભાઈએ સહજ ભાવથી જ કહ્યું : "મહારાજ ! અહીં કૃષ્ણજન્મનો ઉત્સવ કરવાનો છે તેની આ બધી તૈયારી કરી રાખી છે."

"પણ અમે તો તમને એવું કાંઈ કહેવરાવ્યું ન હતું. તમે શાથી જાણ્યું કે અમે અહીં ઉત્સવ કરવા આવવાના છીએ." મહારાજે પૂછ્યું.

પર્વતભાઈ આ સાંભળી મહારાજ તરફ દૃષ્ટિ કરીને બોલ્યા : "મહારાજ ! જે પ્રત્યક્ષ ભગવાન છે, તે જ અંતરમાં બિરાજે છે. અંતરમાંથી તેમણે અવાજ દીધો કે અમે અહીં કૃષ્ણ-જન્મોત્સવ કરવા આવવાના છીએ માટે બધી તૈયારી કરી રાખજો. દેશદેશના હરિભક્તોને તેડાવજો."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે પાસે ઊભેલા સંતો-હરિભક્તોને કહ્યું : "સાંભળ્યું ? આ પર્વતભાઈની એવી સ્થિતિ છે કે ત્રણે અવસ્થામાં તે અમને દેખે છે. અમારી મૂર્તિ સિવાય બીજે તેમની વૃત્તિ જતી જ નથી. એમને અષ્ટાંગ યોગ વગર સાધ્યે સધાઈ ગયો છે."

શ્રીહરિએ સૌને પર્વતભાઈ જેવી સ્થિતિ કરવાનો નિર્દેશ આપ્યો.

જન્માષ્ટમીને દિવસે સવારે મહારાજ સંતો તથા હરિભક્તો સાથે નદીએ જળક્રીડા કરી આવ્યા. પછી પોતાની પ્રાતઃવિધિ કરી અને સભામાં પધાર્યા.

મહારાજે કચ્છી ટોપી[૨૧] પહેરી હતી. તે ઉપર કસુંબલ ફેંટો બાંધ્યો હતો.

તે દિવસે સૌને ઉપવાસ હતો. તેથી પ્રાગજી દવે પાસે શ્રીમદ્ભાગવતના દશમ સ્કંધની કથા શરૂ કરાવી. બપોર પછી કીર્તન-ભક્તિ શરૂ કરાવી. સાંજે પાછી કથા શરૂ કરાવી. કથામાં કૃષ્ણજન્મનો પ્રસંગ આવ્યો. એટલે શ્રીહરિએ હરિભક્તો ઉપર ગુલાલ ઉડાડ્યો. કનૈયાલાલની જય બોલાવી. મહારાજે પારણામાં પોઢેલા કનૈયાલાલની આરતી ઉતારી. પછી સંતોએ જન્મોત્સવનાં પદો બોલી ઉત્સવ કર્યો.[૨૨]

વીસનગરના ભક્તોના દુઃખથી મહારાજ ઉદાસ થાય છે

દેશાંતરથી જે હરિભક્તો ઉત્સવ ઉપર આવ્યા હતા તે સર્વે મહારાજની રજા લઈ પોતપોતાને ગામ જવા લાગ્યા. મહારાજ તેમને પૂછતા : "તમારે ત્યાં દેશકાળ કેવા છે ? સત્સંગનું સુખ આવે છે ને ?" અને દરેક જે પરિસ્થિતિ હતી તે કહેતા.

વીસનગરથી હરિભક્તો રજા લેવા આવ્યા ત્યારે તેમને પણ પૂછ્યું અને તેમની આંખમાં આંસુ આવી ગયાં. તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! અમારે તો જે સૂબો છે તે સત્સંગનો પાકો દ્વેષી છે. સત્સંગીમાત્રને તે ખૂબ જ ત્રાસ આપે છે. તેથી સત્સંગનું જરાય સુખ આવતું નથી."

મહારાજ આ સાંભળી ઉદાસ થઈ ગયા. તેમની આંખો પણ ભીની થઈ ગઈ. પછી મહારાજે તેમને પૂછ્યું : "તમને શું ત્રાસ આપે છે ?"

ત્યારે તેમણે કહ્યું : "સત્સંગીઓ ઉપર જૂઠાં આળ નાખે છે. તેમને ખોટી રીતે જેલમાં પૂરે છે, ક્યારેક સૌને ઉનાળાના સખત તાપમાં તડકે ઊભા રાખે છે. આવું આવું તો તે ઘણું કરે છે."

જેમ જેમ હરિભક્તો પોતાના દુઃખની વાત કહેતા ગયા, તેમ તેમ મહારાજની આંખોમાંથી અશ્રુનો પ્રવાહ ટપકવા લાગ્યો. તે જોઈ તે હરિભક્તોને લાગ્યું કે મહારાજને આ વાત સાંભળી અત્યંત દુઃખ થયું છે. તેથી તેમણે કહ્યું :

---

૨૧. કચ્છમાં તેરા ગામમાં કિનખાબ અને જરીની જુદા જુદા રંગની ટોપીઓ તે સમયે બનતી. મહારાજ સવાર-સાંજ જુદી જુદી ટોપી પહેરતા. સંવત ૧૯૭૦ સુધી મહારાજે આ કચ્છી ટોપી પહેરવાનું ચાલુ રાખ્યું હતું.

– શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર : ૧૩/૩૫.

૨૨. આ ઉત્સવ શ્રીહરિએ શ્રીહરિલીલામૃત, ૭-૧૬-૧૬ પ્રમાણે ગઢડામાં કર્યો છે.

"મહારાજ ! એ તો અમારી કસોટી થાય છે. આપ અમને બળ પ્રેરજો જેથી અમે તે સહન કરી શકીએ." એટલું કહીને તેમણે રજા લીધી.

આ પ્રકારે અગત્રાઈમાં મહારાજે કૃષ્ણ-જન્મોત્સવ કરી પર્વતભાઈનો મનોરથ પૂરો કર્યો. પર્વતભાઈ એવી સ્થિતિના ભક્ત હતા કે મહારાજ મોટા મોટા નંદ સાધુઓને પણ પર્વતભાઈનો સમાગમ કરવા મોકલતા. મહારાજ તેમની ભક્તિથી તેમને વશ થઈ ગયા હતા. મહારાજે પર્વતભાઈને બીજે દિવસે કહ્યું : "પર્વતભાઈ, હવે રજા આપશો ?"

તરત જ હાથ જોડી પર્વતભાઈએ કહ્યું : "ખુશીથી મહારાજ ! પધારો."

જૂનાગઢમાં

મહારાજ ત્યાંથી નીકળી ફરતા ફરતાં જૂનાગઢ પધાર્યા. અહીં દાદાભાઈની મેડીમાં ઉતારો કર્યો. દાદાભાઈ પણ રાહ જોઈને બેઠા હતા. ઘણા સમયથી શ્રીહરિનાં દર્શન થયાં ન હતાં. તેથી અંતરમાં મહારાજ સિવાય બીજો આલોચ હતો નહીં. મહારાજ ભક્તોના મનોરથો પૂરા કરવા, તેમને લાડ લડાવવા ગામોગામ વિચરણ કરતા હતા.

મહારાજનું ધ્યાન કેવી રીતે કરો છો ?

સંતો જે સોરઠમાં ફરતા હતા અને અગત્રાઈમાં ઉત્સવ ઉપર ભેગા થયા હતા, તે બધા મહારાજની સાથે જ હતા. તેમને અવલંબન એક મહારાજનું જ હતું, બીજો વ્યવહાર ન હતો અને બીજે વૃત્તિ ન હતી. નિત્ય કર્મથી, ઉપદેશથી, પરવારી મહારાજની મૂર્તિનું ધ્યાન કરવા તેઓ બેસી જતા. કેટલાક સંતો તો બંને સાથળ ઉપર ઘંટીનાં પડ મૂકી ધ્યાનમાં બેસતા ! કેટલાક શરીર ઉપર જીવ-જંતુ ચડે તોપણ સ્થિરતા ગુમાવતા નહીં !

એક વખત ગઢડામાં ગોપાળાનંદ સ્વામીએ તેમને ધ્યાનની પ્રક્રિયા સમજાવતાં પૂછ્યું હતું : "મહારાજનું ધ્યાન કેમ કરો છો ?"

ત્યારે સંતોએ તેમની ધ્યાનની રીત સમજાવતાં કહ્યું હતું : "મહારાજ જ્યાં બિરાજેલા હોય, તેમણે જ્યાં સ્નાન કર્યું હોય, જ્યાં જમ્યા હોય, જ્યાં રંગોત્સવ કર્યા હોય તે બધા પ્રસંગો સંભારી મહારાજનું ધ્યાન કરીએ છીએ."

ત્યારે સ્વામીએ તેમને કહ્યું : "તે તો સ્મૃતિ કહેવાય પણ ધ્યાન ન કહેવાય. ધ્યાન તો ત્રણ દેહ અને ત્રણ અવસ્થા જીતી, પોતાના આત્માને બ્રહ્મરૂપ માની

મહારાજના સ્વરૂપમાં વૃત્તિ રાખવી તેને કહેવાય. શરીર ઉપર જીવ-જંતુ ચડે તોપણ સ્થૂળ દેહને હલવા દેવું નહીં. સંકલ્પ-વિકલ્પોથી સૂક્ષ્મ દેહને ક્ષોભ પામવા દેવું નહીં. આળસ, નિદ્રા વગેરે ભાવો જીતી કારણ દેહથી પર થવાય ત્યારે જ પ્રકૃતિ-પુરુષથી પર અક્ષરાતીત મહારાજના સ્વરૂપનું ધ્યાન સિદ્ધ થાય.''

સ્વામીના આ ઉપદેશને લક્ષ્યમાં રાખી તેઓ મહારાજના સ્વરૂપમાં મગ્ન રહેવાનો યોગ સાધતા. જ્યારે મહારાજ પ્રત્યક્ષ મળતા, ત્યારે એ યોગને વિશેષ બળ મળતું.

મહારાજની મૂર્તિ અંતરમાં પેસી ગઈ !

મહારાજ જીરણગઢમાં થોડા દિવસ રહ્યા. હરિભક્તોને ઘેર પધરામણીએ પધારતા, જમવા પણ જતા. મહારાજ હરિભક્તોને ત્યાં જમવા પધારતા તેથી ગોકળદાસ ભાટિયાને પણ ઇચ્છા થઈ કે મહારાજને આપણે ઘેર બોલાવીએ. મહારાજ માટે શુદ્ધ રસોઈ તેમણે તૈયાર કરાવી.

તેમની માને સત્સંગ પ્રત્યે દ્વેષ હતો. તે સ્વામિનારાયણને જાદુગરા કહેતી. નવો પંથ ચલાવ્યો છે તેવું પણ કહેતી. વૈષ્ણવ મતને છોડીને તેનો દીકરો સત્સંગી થયો તે તેને ગમ્યું ન હતું. તે કહેતી કે છોકરો પણ વંઠી ગયો. આજે તેણે નક્કી કર્યું કે સ્વામિનારાયણ ભલે ઘેર આવે પણ મારે તેનું મોં જોવું નથી.

મહારાજ પધાર્યા પણ ડોશી સંતાઈ ગઈ. મહારાજ આ જાણી હસવા લાગ્યા. સાથેના સંતોએ પૂછ્યું : ''મહારાજ ! કેમ હસો છો ?''

મહારાજે હસતાં હસતાં કહ્યું : ''આ ગોકળની માને અમારું મોઢું જોવું નથી તે સંતાઈ ગઈ છે. પણ તે ક્યાં જાણે છે કે અમે તો ચાર ચક્ષુ ભેગા ન થાય તોપણ અંતરમાં પેસી જઈએ એવા છીએ.''

પછી મહારાજ હાથ-પગ ધોઈ બાજોઠ ઉપર બિરાજ્યા. બ્રહ્મચારી થાળ લાવ્યા. મહારાજ ભાવથી જમ્યા. પાસે બેઠેલા સંતોને તથા ગોકળ ભાટિયાને પ્રસાદી આપી. પછી ચળું કરી ઊઠ્યા. બ્રહ્મચારીએ મુખવાસ આપ્યો. સંતો જમી રહ્યા ત્યાં સુધી મહારાજ બિરાજ્યા. પછી ઉતારે જવા ઊઠ્યા. મહારાજ અને સંતો ઘરની બહાર નીકળ્યા એટલે ગોકળની માએ જરાક ખડકી ઉઘાડી ને મહારાજ સામે જોઈ લીધું. મહારાજે પણ તે જ વખતે તેના ઉપર દૃષ્ટિ કરી દીધી અને મહારાજની મૂર્તિ તેના અંતરમાં પેસી ગઈ !

જેમના સ્વરૂપની અંતરમાં ઝાંખી કરવા મહામોટા મુનિઓ તપ કરીને

દેહ દમે છે, તે સ્વરૂપનું શ્રીજી ઇચ્છાથી અંતરમાં અને બહાર જયાં જયાં દૃષ્ટિ જાય ત્યાં ગોકળની માને દર્શન થવા લાગ્યું. પણ આ દર્શનથી તે અકળાઈ ગઈ ! તેને લાગ્યું કે સ્વામિનારાયણે તેના ઉપર કામણ કર્યું છે.

તેની મૂંઝવણ વધી ગઈ. કોઈ પણ ઉપાય કરીને પણ આ મૂર્તિ અંતરમાં અને બહાર દૃષ્ટિ આગળ દેખાતી બંધ થાય તેવો વિચાર તે કરવા લાગી. તેમાં તેને એકાએક સૂઝ્યું : "સ્વામિનારાયણને ન માનનારા હોય તેની પાસે જાઉં."

તે બાજુના ઘરમાં ગઈ. તેમણે ઉપાય બતાવતાં કહ્યું : "માજી ! સ્વામિનારાયણને લસણ-ડુંગળીની સૂગ છે. તે તમે ખાવા માંડો એટલે આપોઆપ સ્વામિનારાયણ દેખાતા બંધ થઈ જશે."

ડોશીમા આ સાંભળી રાજી થયાં ! ઘેર જઈને ડોશીમાએ આ ઉપાય અજમાવ્યો અને મહારાજ તેને દેખાતા બંધ થઈ ગયા. ![૨૩]

વૈરાટ બ્રહ્માએ પોતાનાં પચાસ વર્ષ અને દોઢ પહોર દિવસ ચઢ્યો ત્યાં સુધી સ્તુતિ કરી ત્યારે અક્ષરધામાધિપતિ ભગવાન આ પૃથ્વી ઉપર પ્રગટ થયા અને મનુષ્યોને નયનગોચર બન્યા. ગોકળની મા જેવી એક સામાન્ય સ્ત્રી તરફ દૃષ્ટિ કરી તેના અંતરમાં બેસી ગયા તે તો તેમની અનવધિકાતિશય કૃપા જ કહેવાય ! પરંતુ સાથે સાથે માયાનું પણ જોર એટલું જ હતું કે એ ભગવાનને અંતરમાં કે બહાર ક્યાંઈ ટકવા જ ન દેવા. ગોકળની મા એ માયાની ઝપટમાં, તેના જાળામાં પેઠી અને આ દિવ્ય સુખથી વંચિત થઈ ગઈ !

પંચાળામાં : ખટરસનાં વ્રત મુકાવ્યાં

શ્રીહરિ જૂનાગઢથી નીકળી માણાવદર થઈને પીપલાણે પધાર્યા. શ્રીહરિ સાથે જૂનાગઢથી જ પંચાળાના દરબાર ઝીણાભાઈ હતા. તેમણે શ્રીહરિને પ્રાર્થના કરતાં કહ્યું : "પ્રભુ ! આ બધો સાજસમાજ લઈને આપ પંચાળા પધારો તો અમને સૌને આનંદ થાય."

શ્રીહરિ તેમના ભક્તિભાવથી પ્રસન્ન હતા. તેમણે તરત જ કહ્યું : "ભલે. કાલે આપણે પંચાળા જઈએ."

પીપલાણામાં વિપ્ર લાડકીબાઈ તથા તેની પુત્રી રુકમાઈએ મહારાજને

---

૨૩. આ પ્રસંગ શ્રીહરિલીલામૃત, ૭-૧૪માં આ.સં. ૧૮૬૬માં ઉલ્લેખાયેલો છે પરંતુ એ વખતે શ્રીહરિ કચ્છમાં હતા એટલે આ પ્રસંગ કચ્છથી પાછા ફરતા જ્યારે શ્રીહરિ અહીં જૂનાગઢ પધારે છે ત્યારે લીધો છે.

સુંદર રસોઈ કરી જમાડ્યા. અન્ય હરિભક્તોએ પણ સેવા કરી. મહારાજ બીજે દિવસે ત્યાંથી નીકળી પંચાળા પધાર્યા.

મહારાજ સાથે સુરાખાચર, અલૈયાખાચર, પર્વતભાઈ વગેરે ભક્તો પણ હતા. તે સમયે મહારાજે સૌ સંતો તથા પોતાની સાથે ફરતા હરિભક્તોને નિઃસ્વાદી વ્રત પાળવાની આજ્ઞા કરી હતી. તેથી મેવા, મીઠાઈ કે અન્ય સ્વાદિષ્ટ ભોજન કોઈ ખાતા નહીં. અહીં મહારાજ પાસે ઝીણાભાઈ દરબાર આવ્યા અને પ્રાર્થના કરતાં કહ્યું : "મહારાજ ! મારે ત્યાં આ કાઠી દરબારો અને પર્વતભાઈ જેવા મુક્તો પધાર્યા છે, આપે નિઃસ્વાદી વ્રત પાળવાની સૌને આજ્ઞા કરી છે પણ અહીં પંચાળામાં અમને સૌ સંત-હરિભક્તોની સારી રીતે સેવા કરવાનો લાભ લેવા ઘો."

મહારાજે તરત જ કહ્યું : "ઝીણાભાઈ ! અમારી આજ્ઞાનાં બંધન ઢીલાં કરાય જ નહીં. એ બંધન જે સ્વીકારશે તે અંતે મુક્તિ પામશે. માટે તમે એવો આગ્રહ રહેવા ઘો."

ઝીણાભાઈ મહારાજની મરજી સમજી ગયા. તેમણે હાથ જોડીને પૂછ્યું : "તો મહારાજ ! શું રસોઈ બનાવરાવું ?"

મહારાજે તરત જ કહ્યું : "ખોરી જારના રોટલા બનાવો."

આ સાંભળી ઝીણાભાઈ વિમાસણમાં પડી ગયા. પોતાના દરબારમાં તો ખોરી સડેલી જાર ન હોય. પણ મહારાજની આજ્ઞા હતી એટલે ગામમાંથી મેળવવાનું નક્કી કરી લીધું.

બપોરે મહારાજ માટે તો અદીબાએ લાડકીબાઈ પાસે સુંદર થાળ તૈયાર કરાવ્યો. મહારાજ તે જમ્યા અને પછી સંતો-હરિભક્તોની પંક્તિમાં ખોરી જારના રોટલા પીરસવા નીકળ્યા. મહારાજની પ્રસાદી જાણી સૌએ તે લીધા. સંતો તો મહારાજની મૂર્તિ સંભારી તે જમી ગયા. કાઠી હરિભક્તો પણ પરાણે થોડું જમ્યા. પરંતુ અલૈયાખાચરને તો રોટલો મોઢામાં પેઠો જ નહીં. પરાણે બટકું ખાધું ત્યાં તેને ઊલટી થઈ. એટલે તેણે તો હાથ ધોઈ નાખ્યા.

મહારાજને ખબર પડી કે અલૈયાખાચર જમી શક્યા નહીં એટલે તેમને માટે મહારાજે બાજરાના રોટલા તૈયાર કરાવ્યા. પછી તેમને તે જમાડ્યા. પરંતુ જમ્યા પછી અલૈયાખાચરને મનમાં થયું કે આ કાઠી હરિભક્તો પણ ઘેર ભગરી ભેસુંનાં તાજાં દૂધ, માખણ અને ઘીના જમનારા છે. તેમણે મહારાજની આજ્ઞા પાળી અને હું એક જ જુદો તરી ગયો ! આ વિચારથી તેના અંતરમાં દુઃખ

થયું. તે ત્યાંથી નીકળી ગામ બહાર તળાવ તરફ ગયા. પણ મનમાં વિચાર ઘોળાયા જ કરતો હતો કે જીભની સ્વાદ વૃત્તિએ મને આજે મહારાજની આજ્ઞાના બંધનમાંથી પાડી દીધો.

અહીં મહારાજે સભામાં અલૈયાખાચરને ન જોયા એટલે તેમણે પૂછ્યું : ''અલૈયાખાચર ક્યાં છે ?''

ત્યારે એક પાર્ષદે કહ્યું : ''મહારાજ ! એમને તો મેં ગામ બહાર જતા જોયા હતા. મનમાં કાંઈક મૂંઝવણ થતી હોય એવું તેમના મોઢા ઉપરથી કળાતું હતું.''

મહારાજે તરત જ પર્વતભાઈને કહ્યું : ''જાઓ, અલૈયાખાચર જ્યાં ગયા હોય ત્યાંથી અહીં લઈ આવો.''

પર્વતભાઈને મહારાજની આજ્ઞા થઈ એટલે તરત જ સભામાંથી ઊઠ્યા. ગામ બહાર ગયા એટલે તળાવની પાળે તેમણે અલૈયાખાચરને જોયા. પાસે આવી તેમણે અલૈયાખાચરને કહ્યું : ''બાપુ, મહારાજ તમને બોલાવે છે.''

ત્યારે તેણે કહ્યું : ''પર્વતભાઈ ! શું મોઢું લઈને હું મહારાજ પાસે આવું ? તેમની આજ્ઞા તો હું પાળી શક્યો નહીં અને જુદા બેસી સ્વાદ કર્યો. બીજા કાઠી દરબારો ઘરે દૂધ, ચોખા અને ખાંડ નથી ખાતા ? પણ સૌએ અહીં મહારાજની આજ્ઞા પાળી અને હું એક જ જુદો તરી ગયો !'' એટલું કહેતા તો તેમની આંખમાંથી દડ દડ આંસુ પડવા લાગ્યાં. પર્વતભાઈએ તેમને સમજાવી સાથે લીધા.

મહારાજ પાસે અલૈયાખાચર આવ્યા અને મહારાજના ખોળામાં માથું મૂકીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. મહારાજે તેમને કહ્યું : ''અલૈયાખાચર ! તમે તો નૈષ્ઠિક વ્રતધારી અને શૂરવીર છો. નિઃસ્વાદી વ્રત પણ તમે અત્યાર સુધી અમારી આજ્ઞા પ્રમાણે પાળ્યું છે. પણ હવે આજથી આપણે આ પ્રકરણ બંધ કરવું છે. આ પ્રકરણ તો ફક્ત ત્યાગીઓ માટે જ હતું. પરંતુ ગૃહસ્થ હરિભક્તોને ત્યાગીઓ પ્રત્યે આત્મબુદ્ધિ હોવાથી તેઓ પણ બધા આ વ્રત પાળી રહ્યા છે. ગઢડાથી પણ ખબર આવ્યા છે કે લાડુબા, જીવુબા વગેરે બાઈઓ પણ એક શિંગોડું કે પળી પાણી પીને જ રહે છે !'' એટલું કહેતાં મહારાજની આંખ ભીની થઈ ગઈ.

સૌ કોઈ સમજી શક્યા કે મહારાજને ગઢપુરના હરિભક્તો પ્રત્યે કેવો ભાવ હતો. મહારાજે કહ્યું : ''આજ કળિયુગમાં તો અન્ન સમા પ્રાણ છે. માટે ભક્તિ કરવી હોય તો દેહ એ સાધન છે તેનું જતન કરવું પડે.''

અલૈયાખાચરને મહારાજના આ શબ્દોથી શાંતિ થઈ ગઈ !

સૂરપ્રભાદેવી રિસાયાં

અહીં મહારાજને ખબર મળ્યા કે બાપુ એભલખાચર સાથે કાંઈ મનદુઃખ થવાથી સૂરપ્રભાદેવી તેમની પુત્રીઓ તથા દાદાખાચરને લઈને રામપરા રહેવા ગયાં છે. મહારાજને આ જાણી દુઃખ થયું. તેઓ સૂરપ્રભાદેવીને મળવા માટે ગઢડા થઈને રામપરા જવા માટે નીકળ્યા.

મહારાજ પંચાળા રોકાઈને ત્યાંથી ગોંડળમાં હરિભક્તોને લાભ આપી બંધિયા, સરધાર, કોટડા થઈને કરિયાણા પધાર્યા. અહીં મહારાજ કાળા મકવાણાને ત્યાં રહ્યા. દેહાખાચર તથા મીણબાઈની બહુ જ ઇચ્છા હતી કે મહારાજ દરબારમાં ઉતારો રાખે તો સારું. પરંતુ મહારાજે તેમને કહ્યું : "દરબારગઢમા નાના માણસોને આવતા સકોચ થાય."

કરિયાણામાં દશેરાનો ઉત્સવ : આ.સં. ૧૮૬૭

મહારાજે કાળા મકવાણાને કહ્યું : "કાળા ! અહીં આપણે દશેરાનો ઉત્સવ કરવો છે."

મકવાણાએ હાથ જોડ્યા અને કહ્યું : "ભલે મહારાજ !"

તે સાંભળી મહારાજ હસ્યા. તેમણે પૂછ્યું : "કાળા ! કાંઈ સમજે છે ? અહીં આપણે દશેરાનો ઉત્સવ કરીએ એટલે આજુબાજુના હરિભક્તો આવે, આ કાઠી દરબારો આપણી સાથે છે તેમને સૌને જમાડવા પડે, તેમાં ખરચ થાય. એ બધું તું ક્યાંથી લાવીશ ?"

આ સાંભળી મકવાણો મહારાજ સામે જોઈ રહ્યો. એટલે મહારાજે પૂછ્યું : "આમ, બાઘાની જેમ મારા સામું શું જુએ છે ?"

"ત્યારે આ વખતે કેના સામું જોઉં ? તમે તો લક્ષ્મીના પતિ છો એટલે અમારે કાંઈ ખરચબરચનો વિચાર કરવાનો નો હોય ! આ લોઢાની કોશ છે તે સોનાની કરી દ્યો. હાંઉ, હું સંતાડીને ભાવનગર લઈ જઈશ અને રૂપિયાના ઢગલા થઈ જશે." મહારાજ આ સાંભળી હસ્યા.

એટલામાં ત્યાં સુરાખાચર અને પર્વતભાઈ આવ્યા. બંને મહારાજનાં દર્શન કરી પાસે બેઠા. ત્યાં એક ચારણ બાઈ આવી. તેણે મહારાજનાં દર્શન કર્યાં અને મહારાજ સામું જોઈ ઓવારણાં લેવા માંડી. સુરાખાચર આ જોઈ રહ્યા. ત્યાં તો તે બોલી : "સ્વામિનારાયણ ! તારા ભામણા લઉં. તને કાંઈ રોગ

નો થાય એટલે તારો હાથ લાંબો કર તો આ દોરો તને બાંધું."

મહારાજે તેનો ભાવ જોઈ હાથ લાંબો કર્યો. એટલે તે ચારણ બાઈએ મહારાજને દોરો બાંધ્યો. તે જોઈ પર્તવભાઈ બોલ્યા : "વાહ, આ તો સાક્ષાત્ લક્ષ્મીજી તુલ્ય છે."

તે સાંભળી કાળો મકવાણો ઊભો થઈ ગયો. તેને થયું કે લક્ષ્મીજી પધાર્યાં છે એટલે રૂપિયા માંગી લઉં તો અહીં દશેરાનો સમૈયો ભારે થઈ જાય. તે ચારણયાણીનું મોઢું જોવા લાગ્યો. તે જોઈ સુરાખાચર બોલ્યા : "આ તો સોળસંઢી છે !"

ચારણયાણી આ સાંભળી હસી. તેણે કહ્યું : "મને તો મીણબાઈમાએ અહીં મોકલી છે અને સ્વામિનારાયણ ભગવાન છે એમ કહ્યું છે. એટલે હું તો દર્શન કરવા આવી છું અને માએ આ રૂપિયાની થેલી મોકલાવી છે તે આપું છું."

આ સાંભળી મહારાજ બોલ્યા : "પર્વતભાઈને મહિમાનું અંગ છે અને સુરાખાચરનો ચારણીના જેવો સ્વભાવ છે, જેમાં કાંઈ ટકે જ નહીં."

પછી મહારાજે રૂપિયાની થેલી છોડાવી અને રૂપિયા ગણ્યા તો પાંચસો થયા. એટલે મહારાજે મકવાણાને કહ્યું : "કાળા ! જો આ લક્ષ્મીજી રૂપિયા આપી ગયાં. હવે હીરા વાણિયાને બોલાવી લાવ. તે ભાવનગર જઈને સમૈયા માટેનો સામાન લઈ આવે." એટલું કહી મહારાજે પર્વતભાઈને કહ્યું : "સૌ હરિભક્તો, કાઠી દરબારો વગેરે બધાએ દરબારમાં જમવાનું રાખવું. અહીં આપણે દશેરાનો ઉત્સવ કરવો છે. એટલે થોડા દિવસ રોકાવું પડશે."

કાળો મકવાણો આ બધું સાંભળતો હતો. પર્વતભાઈ અને સુરાખાચર ગયા એટલે મહારાજને તેણે કહ્યું : "હું નો'તો કહેતો ? લક્ષ્મી આવીને રૂપિયા આપી ગઈ ને ?"

"હવે એ તો ચારણયાણી હતી અને રૂપિયા તો મીણબાઈમાએ મોકલ્યા છે !" મહારાજે કહ્યું. પણ મકવાણો છેતરાય તેવો ન હતો.

કરિયાણામાં દશેરાનો ઉત્સવ કરી મહારાજ ગઢપુર પધાર્યા.

અહીંથી તેઓ સોમબા ફૈબા તથા બીજા સંબંધીઓને લઈને સૂરપ્રભાદેવીને મળવા રામપરા જવા માટે નીકળ્યા.

સહસ્રધારા તીર્થનું માહાત્મ્ય

ગઢડાની પશ્ચિમે રામપરા જતાં રસ્તામાં ઉન્મત્ત ગંગાના વહેતા ધરામાં

મહારાજને સ્નાન કરવાની ઇચ્છા થઈ. ગંગા પણ મહારાજને જોઈ તેમના સ્પર્શના આનંદમાં વધુ ઉન્મત્ત બની ગઈ. મહારાજે જેવો તેના જળમાં પ્રવેશ કર્યો કે તરત જ ઊંચા ખડક ઉપરથી વહેતી ગંગાની ધારા મહારાજનો સ્પર્શ કરવા સહસ્રધારારૂપે બની ગઈ ! જાણે મહારાજના દેહ ઉપર શેષ ભગવાને સહસ્રફણા પ્રસારી હોય એવાં દિવ્ય દર્શન સૌને થયાં.

મહારાજ ઉન્મતગંગાની આ ભક્તિથી પ્રસન્ન થઈ ગયા. મહારાજે ત્યાં આવેલા સર્વે હરિભક્તોને કહ્યું : "આજે આ ગંગાએ સહસ્રધારાઓ છોડી અમને સ્નાન કરાવ્યું, અમારું પૂજન કર્યું. અમારા આ સંબંધથી આ તીર્થ હવે સહસ્રધારા તીર્થને નામે ઓળખાશે. આ ગંગાના નીરમાં સદા અમારો વાસ રહેશે તેથી જે કોઈ આ સ્થળે સ્નાન કરશે તેને પરમ તીર્થ કર્યાનું ફળ મળશે. એક પલ્લામાં બ્રહ્માંડનાં સર્વ તીર્થો અને બીજા પલ્લામાં આ સહસ્રધારા તીર્થ ! એવું આ તીર્થનું માહાત્મ્ય છે." એટલું કહી મહારાજે વસ્ત્રો બદલ્યાં.

પછી મહારાજ સૌ સંતો તથા એભલ બાપુના સંબંધીઓને લઈને રામપરા પધાર્યા. અહીં સતો માટે ઝાડની ઘટા નીચે ઉતારો કર્યો. સૂરપ્રભાદેવીને સમાચાર મળ્યા એટલે તે પોતાની કુંવરીઓ તથા ઉત્તમકુમારને લઈને મહારાજ સન્મુખ આવ્યાં. મહારાજને પંચાંગ પ્રણામ કર્યા. દાદાખાચર પણ મહારાજને પગે લાગ્યા. મહારાજે દાદાખાચરને પોતાની પાસે બેસાર્યા.

પછી મહારાજે તેમને કહ્યું : "તમારે બાપુ સાથે મનદુઃખ થયું છે. પરંતુ ગઢપુર છોડી તમે ચાલી નીકળો તેમાં સત્સંગની શોભા નહીં. અમે સમાધાન કરાવી દઈશું અને તેનો નિવેડો આવી જશે. માટે અહીંથી તમારે આજે રાત્રે જ નીકળી અને સીધા ગોખલાણે[૨૪] પહોંચી જવું. આ અમારી આજ્ઞા તમારે

૨૪. સૂરપ્રભાદેવી પોતાની ચારે પુત્રીઓ તથા દાદાખાચરને લઈને ગોખલાણા ગયાં તે પ્રસંગનું નિશ્ચિત કોઈ કારણ મળતું નથી. જુદાં જુદાં પુસ્તકોમાં આ પ્રસંગ જુદી જુદી રીતે આપ્યો છે.

અક્ષરાનંદ સ્વામીની વાતુ, વાત-૭૧માં તેઓ લખે છે કે શ્રીજીમહારાજ ગુજરાતમાં પધાર્યા હતા ત્યારે અહીંયાં દાદાખાચરને એભલખાચર સાથે કાંઈ બોલાચાલી થઈ. તેથી દાદાખાચર તથા તેમની ચાર બહેનો રિસાઈને ચાલી નીકળ્યાં. રળિયાણાના માર્ગે જતાં તેમની ભેંસો ચરતી હતી ત્યાંથી એક સારી દૂઝણી ભેંસ સાથે લીધી અને રળિયાણે જઈને રાત રહ્યાં. પછી સવારે ગાડું જોડાવી ગોખલાણે ગયાં. થોડા દિવસ પછી મહારાજે યુક્તિ કરીને સમાધાન કરાવ્યું.

પાળવાની છે. રાત પહેલાં રામપરા છોડી દેજો."

સૂરપ્રભાદેવી આ સાંભળી મહારાજને પગે લાગ્યાં. અને બોલ્યાં : "અમારે તો આપની આજ્ઞામાં જ સુખ છે. માટે આજે રાત્રે અહીંથી અમે નીકળી ગોખલાણા પહોંચી જઈશું."[૨૫]

એટલામાં રસોઈ તૈયાર થઈ ગઈ. મહારાજ જમ્યા. સૌ સંતોને જમાડ્યા ને પછી મહારાજે ફરી ત્યાં ભેગા થયેલા રામપરા ગામના લોકોને પણ કહ્યું : "સૌ જો અમારું વચન માનો તો આજે રાત્રે રામપરા છોડી દેજો."

મહારાજ ત્યાંથી ગઢડા પધાર્યા.

✧

વીસનગરના ભક્તને પડતા દુ:ખની વાતથી મહારાજના અંતરમાં અત્યંત ઉદાસીનતા છવાઈ ગઈ હતી. ખાવા-પીવામાં તથા બેસવા-ઊઠવામાં પણ આ ભાવ જણાવા લાગ્યો હતો.

મહારાજનો આ હાવભાવ જોઈ જીવુબાને બીક લાગી. તેમણે બ્રહ્મચારીને કહ્યું : "બ્રહ્મચારીજી ! આજકાલ મહારાજ બહુ જ ઉદાસ હોય એવું જણાય છે.

શ્રી ભોમાનંદ સ્વામી રચિત 'શ્રીહરિલાલામૃત' ગ્રંથમાં આ પ્રમાણે ઉલ્લેખ છે : "શ્રીજીમહારાજ પંચાળે બિરાજમાન હતા ત્યાં મોટીબાનો કાગળ આવ્યો કે 'મારા બાપુ એભલખાચર ગાંડા થઈ ગયા છે. તેણે ગામમાં બે-ત્રણ માણસો મારી નાંખ્યા ને દાદાખાચરને પણ મારી નાખત. તેથી અમો ગોખલાણે આવ્યાં છીએ. તો તમો તુરત જ આવજો.' આ પત્ર ઊંટિયા ઉપર માણસને મોકલીને મહારાજને પહોંચાડ્યો. એટલે મહારાજ ત્યાંથી સાબદા થયા અને ગોખલાણે પધાર્યા ને ત્યાંથી ગઢડા પધાર્યા. આ વાતને છેલ્લે લખ્યું છે : "ઈતિ શ્રી સર્વાવતારી શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય ભૂમાનંદ મુનિ વિરચિત શ્રીહરિલીલામૃત ગ્રંથ સં. ૧૮૬૭ની લીલા સમાપ્ત. લેખક : સાધુ ઉચ્છવદાસ ગવૈયા, ગામ ચોગાળા, સં. ૧૯૪૪, ફાગણ સુદ ૪ ગુરુવારે આ ગ્રંથ અહીં લખ્યો છે."

આ વાત સંપ્રદાયના ઈતિહાસવિદ્ કવિ શ્રી માવદાનભાઈ પાસેથી જાણવા મળી છે. ગ્રંથનું નામ, કર્તા અને ગ્રંથ લખનારનું નામ, સાલ, તિથિ, વાર જોતાં આધારભૂત માહિતી ગણાય છતાં એક જ પ્રસંગ જુદી જુદી રીતે વર્ણવવામાં આવ્યો છે તેથી ઈતિહાસની દૃષ્ટિએ તેનું મૂલ્ય મૂલવવાનું રહે છે. – લેખક

૨૫. મહારાજ નીકળ્યા કે તરત જ સૂરપ્રભાદેવી બધો સામાન ગાડામાં ભરીને ગોખલાણે ગયાં. બીજે દિવસે ગાયકવાડી લશ્કર રામપરા ઉપર ત્રાટક્યું અને આખું રામપરા લૂંટી લીધું.

માટે તમે બરોબર ધ્યાન રાખજો. કદાચ ચાલી જશે તો આપણે નોંધારા થઈ જાશું." બ્રહ્મચારીને પણ મહારાજની ચેષ્ટા ઉપરથી જીવુબાની વાતમાં તથ્ય લાગ્યું. ત્યારથી તેઓ વધુ સાવધાન રહેવા લાગ્યા.

અને બન્યું પણ એવું જ ! મહારાજ એક રાત્રે મધરાતે ઊઠી ધીમા પગલે અક્ષર ઓરડીમાંથી નીકળી ગયા. સૌને નિદ્રાનું ઘારણ વળી ગયું હતું એટલે કોઈને ખબર પડી નહીં. મહારાજ દરબારગઢની બહાર નીકળી ગયા.

મહારાજ એકલા વીસનગર જાય છે

પરતુ બ્રહ્મચારી એકાએક જાગી ગયા. તેમણે મહારાજના પલંગ તરફ દૃષ્ટિ કરી. પલંગ ખાલી હતો. તેમને ફાળ પડી, નક્કી મહારાજ ચાલ્યા ગયા. તેમનું હૈયું ઝડપથી ધબકવા માંડ્યું. શરીરમાં ધ્રુજારી છૂટી ગઈ. શરીરમાંથી જાણે પાણી નીકળતું હોય તેમ પ્રસ્વેદનાં બિંદુ ટપકવા માંડ્યાં. એક ઘડી તો તેમને કાંઈ જ સૂઝ્યું નહીં અને ત્યાં જ બેસી પડ્યા. પણ એક ક્ષણમાં સ્વસ્થ થઈ ગયા. તેમને લાગ્યું આમ હતાશ થવાય તો મહારાજ આઘા ને આઘા નીકળી જશે. જ્યાં રોઝો ઘોડો બંધાતો ત્યાં ગયા પણ રોઝો તો ત્યાં જ હતો. તેથી લાગ્યું કે મહારાજ ચાલતાં જ નીકળી ગયા છે. તેમણે પણ તરત જ દોટ મૂકી.

પરોઢ થવા આવ્યું હતું એટલે દરબારગઢની ડેલીની બારી ઉઘાડી હતી તે ઝડપથી બારીમાંથી નીકળી મૂઠીવાળીને દોડ્યા. કોઈનો સાદ સાંભળવા રહ્યા નહીં. તેમને લાગ્યું કે મહારાજ એભલ બાપુના બીડના માર્ગે જ સદા જાય છે તેથી તે રસ્તે જ તેઓ દોડ્યા. શ્વાસભેર દોડતાં તેમણે આઘેરા મહારાજને પણ ઝડપથી ચાલતા જોયા. તેમના હૈયામાં પ્રાણ આવ્યો. તેમણે ત્યાંથી જ બૂમ મારી : "ઓ મહારાજ ! ઓ પ્રભુ ! આપ એકલા ક્યાં ચાલ્યા જાઓ છો ?"

દૂરથી આવતી આ બૂમ સાંભળી મહારાજે પાછળ જોયું. તેમણે બ્રહ્મચારીને જોયા. તેમને લાગ્યું કે બ્રહ્મચારી કેડો મૂકે તેવા નથી. તેથી તેમણે નીચા વળી હાથમાં ઢેખાળા લીધા અને બ્રહ્મચારી તરફ ફેંકવા લાગ્યા. પરંતુ તેમની જ ઈચ્છાથી બ્રહ્મચારી આઘાપાછા તરી જતા એટલે એક પણ ઢેખાળો તેમને વાગ્યો નહીં. છતાં તેઓ દોડતા જ રહ્યા. એટલામાં તે મહારાજ પાસે પહોંચી ગયા.

તેમને પાસે આવેલા જોઈને મહારાજ ફરી નીચા વળ્યા. હાથમાં ઢેખાળો લીધો, ત્યારે બ્રહ્મચારીએ હાથ જોડી કહ્યું : "પ્રભુ ! ઢેખાળો મારશો કે ગમે તે

કરશો પણ આપને લીધા સિવાય હું ગઢપુરમાં પાછો જવાનો નથી.''

મહારાજ જાણતા હતા કે બ્રહ્મચારી એમની કાયાની છાયા જેવા હતા તેથી કોઈ રીતે પાછા જશે નહીં. તેમણે કહ્યું : ''વીસનગરનો સૂબો આપણા હરિભક્તોને દુઃખ દે છે. તેથી હું ત્યાં જાઉં છું.''

આ સાંભળી બ્રહ્મચારીને આશ્ચર્ય થયું. તેણે હાથ જોડી કહ્યું : ''અરે પ્રભુ ! તે તો મહાદ્વેષી છે. આપ ત્યાં એકલા જઈને શું કરશો ? તે તો બોલે છે કે સ્વામિનારાયણ જો અહીં આવે તો હું તેને કેદમાં પૂરી દઈશ !''

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''બહ્મચારી ! તમે અમને શું સમજો છો ?''

''મહારાજ ! આપ ભગવાન છો.''

''તો પછી સૂબાના નાડી-પ્રાણ કોના હાથમાં છે ?''

મહારાજના આ પ્રશ્નનો ઉત્તર બ્રહ્મચારી આપી શક્યા નહીં. મહારાજે બ્રહ્મચારીને માથે હાથ ફેરવ્યો. તેમને કહ્યું : ''ભક્તોના દુઃખની વહારે તો જવું જોઈએ ને ! એ તો અમારું બિરુદ છે.'' એટલું કહીને મહારાજે બ્રહ્મચારીનો હાથ પકડ્યો અને આગળ વાટ પકડી.

રસ્તામાં જ્યાં રાત પડતી અને ગામ આવતું, ત્યાં મહારાજ હરિભક્તોને ઘેર રાત રહેતા. તેમને કહેતા : ''ગઢપુર સમાચાર આપજો કે અમે ગુજરાતમાં જઈએ છીએ. તે બિચારા અમારા સમાચાર વિના બહુ દુઃખી થશે.''

તમારામાં મૂર્તિને ઊંચકવાનું બળ આવશે

મહારાજ કંથારિયા પધાર્યા અને એક રાજપૂત હરિભક્તને ઘેર રાત રહ્યા. મહારાજ પધાર્યા એટલે તે હરિભક્ત ખૂબ જ રાજી થયા. તેમણે બ્રહ્મચારીને સીધું આપ્યું અને મહારાજ માટે સુંદર થાળ કરાવ્યો. મહારાજ તેનો ભાવ જોઈ જમ્યા. પછી તેણે ફળિયામાં ખાટલો ઢાળી દીધો. ઉપર સુંદર રેશમી ગાદલું, ધડકી પાથરી દીધાં. મહારાજ તે ઉપર બિરાજ્યા. બ્રહ્મચારી મહારાજની સેવા કરવા લાગ્યા. પછી તેણે ધીરેથી મહારાજને હાથ જોડી કહ્યું : ''મહારાજ ! આ આખા ગામમાં હું એક જ સત્સંગી છું, બીજા બધા જ ફેલી છે. ગામના પાદરે દેવી છે. ત્યાં દશેરાના દિવસે તથા ચૈત્રી નવરાત્રમાં પાડા-બકરા સૌ વધેરે છે. નિર્દોષ પશુની થતી હિંસાથી હું ત્રાસી ગયો છું.''

આ સાંભળી મહારાજને પણ ગ્લાનિ થઈ ગઈ. તેમણે તરત જ કહ્યું :

"જુઓ, હવે જ્યારે નવરાત્ર આવે ત્યારે જે દિવસે હિંસા કરવાના હોય તેની આગલી રાત્રે તમારે દેવીની મૂર્તિ મંદિરમાંથી ઉપાડીને નદીના જળમાં પધરાવી દેવી. સવારે લોકો ત્યાં જાય ત્યારે તમારે પણ જવું અને સૌને કહેવું કે 'મને રાત્રે સ્વપ્નામાં દેવી આવ્યાં હતાં અને કહી ગયાં કે મારી સમક્ષ હિંસા થાય છે તે મને ગમતું નથી. માટે હું અહીંથી ચાલી નીકળું છું."

તે હરિભક્ત મહારાજની વાત સાંભળી રહ્યા. પછી કહ્યું : "પણ મહારાજ ! મૂર્તિ તો એવડી મોટી છે કે મારા એકલાથી તો તે ઉપાડી શકાય જ નહીં."

મહારાજે તેને માથે હાથ મૂક્યો. પછી પોતાની છાતી પર આંગળી મૂકીને કહ્યું : "આ મૂર્તિ સંભારજો. તમારામાં મૂર્તિને ઊંચકવાનું બળ આવશે." એટલું કહીને મહારાજે તેને કહ્યું : "સાંભળો, પછી તમારે તેમને કહેવું કે દેવીએ મને કહ્યું છે કે ગામના લોકો જો મારી સમક્ષ હિંસા ન કરવાની પ્રતિજ્ઞા લે તો હું તમને સ્વપ્નમાં દર્શન દઈશ ને જ્યાં હું હોઈશ તે જગ્યા બતાવીશ. પરંતુ જો એવી પ્રતિજ્ઞા નહીં લે તો સૌને ખેદાન-મેદાન કરી નાખીશ."

રજપૂત હરિભક્તને મહારાજની આ વાત સાંભળી શૂર ચડી ગયું. તેણે હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આપની આજ્ઞા પ્રમાણે આપે બતાવેલ યુક્તિ અજમાવીશ."

એટલે મહારાજની સેવા કરતા બ્રહ્મચારી બોલી ઊઠ્યા : "ભગત ! આ તો કળિયા, બળિયા અને છળિયા બધુંય છે !"

મહારાજ વિજાપુરમાં વજીબાને ત્યાં

કંથારિયાથી મહારાજ ફક્ત બ્રહ્મચારીને સાથે લઈને વિજાપુર જવા નીકળ્યા. મહારાજ વિજાપુર પહોંચ્યા ત્યારે સાંજ ઢળી ચૂકી હતી. ઠંડીના ચમકારા વિશેષ જણાતા હતા. એટલે ગામમાં દાખલ થયા ને તરત મહારાજે એક અજાણ્યા માણસને પૂછ્યું : "અહીં સાધુ-સંતને ઉતારો આપે એવા કોઈ ભાવિક છે ? અમારે આજની રાત રહેવું છે."

તે સાંભળી એક જણે કહ્યું : "અહીં સથવારા વજીબા છે. પહેલાં તે માર્ગીપંથમાં હતી એટલે સાધુ-બાવા તેને ત્યાં પડ્યા ને પાથર્યા રહેતા. પણ હવે સ્વામિનારાયણની થઈ ગઈ છે એટલે કોઈને ઊતરવા દેતી નથી."

મહારાજ આ જાણી પ્રસન્ન થયા. પછી તેમણે પૂછ્યું : "સ્વામિનારાયણની થઈ એટલે સાધુ-સંતોને ઊતરવાની શું કામ ના કહેવી જોઈએ ?"

એટલે તે ભાઈ અકળાઈને બોલ્યા : "અરે મહારાજ ! તમે જાણતા

નથી. પેલા બાવા તો બધા ગંજેરી, ચલમું ફૂંકે, ગાળો બોલે, માલમલિદા ખાય. વળી, બધા માર્ગીપંથી ન કરવાનું પણ કરે. પણ સ્વામિનારાયણના સાધુ તેને ત્યાં આવ્યા. તેમણે પડદો નાખીને વાતો કરી સાધુના ધરમ સમજાવ્યા, ત્યારથી વજીબા ને તેનો ધણી પ્રાગજી બંને બદલાઈ ગયાં. સ્વામિનારાયણની કંઠી પહેરી લીધી. અમારા ગામમાં તો સુખ થઈ ગયું કે આવા ગંજેરી હવે આવતા બંધ થઈ ગયા."

મહારાજે પછી પૂછ્યું : "પણ અમને તે ઉતારો આપશે ?"

"ના, લાગતું તો નથી કે ઉતારો આપે. તમારી ઝોળી તપાસશે, ભાંગ-ગાંજો જો હશે તો ઝોળી ફેંકી દેશે અને તમને કાઢી મૂકશે. જો ગાંજો-ભાંગ ન લેતા હો તો જાવ."

મહારાજ હસતાં હસતાં વજીબાના ઘર તરફ ઊપડ્યા.

વજીબાનું ઘર મોટું હતું. ફળિયું વિશાળ હતું. ફળિયામાં પીપળો હતો. પણ તે વજીબાના ઘરને અડીને હતો એટલે આવતાં-જતાં કે તેની પ્રદક્ષિણા કરતાં ઘણી તકલીફ પડતી. પણ પીપળો તો વિષ્ણુનું સ્વરૂપ કહેવાય તેને કેમ કપાય ? ઉનાળાના તાપમાં તેની છાયા નીચે લોકો આવી બેસતા. આથી વજીબાને પણ કેટલીક ઉપાધિ થતી, કજિયા પણ થતા. પણ બધું સહન કર્યે જ છૂટકો હતો.

વજીબા સત્સંગી થાય છે

તેની વાડી વિશાળ હતી. તે ઉપર છ મંડાણનો કૂવો હતો. વાડીમાં થતા મબલખ પાકને લઈને તેની સમૃદ્ધિ સારી હતી. આ સમૃદ્ધિ તે સાધુ-સંતોની સેવામાં વાપરી નાખતી.

એ અરસામાં ભાઈ રામદાસ સ્વામી ફરતાં ફરતાં વિજાપુર આવ્યા અને વજીબાને ત્યાં ઊતર્યા. વજીબાને તો બધા સંતો સરખા જ હતા. એટલે તેણે ભાઈ રામદાસ પાસે હુક્કો, ચલમ, ગાંજો, ભાંગ વગેરે મૂક્યાં. ભાઈ રામદાસે તેના ધણી પ્રાગજી સથવારાને બોલાવ્યા અને કહ્યું : "અમે તો સ્વામિનારાયણ ભગવાનના સાધુ છીએ. એટલે અમારે તો આ હોક્કા, ચલમોને અડાય જ નહીં. અમે તો લોકોને વળગેલાં આ વ્યસનો છોડાવીએ છીએ."

આ સાંભળી પ્રાગજી સથવારાને આશ્ચર્ય થયું ! તેણે પૂછ્યું : "આ કળિકાળમાં ભગવાન હોય ?"

"કળિકાળમાં અધર્મ વધારે હોય એટલે ભગવાન તેનો નાશ કરવા પ્રગટ થાય જ." ભાઈ રામદાસ સ્વામીએ કહ્યું.

વજીબા અંદર કામ કરતાં કરતાં આ સાંભળી ગયાં. તે તરત જ બહાર આવ્યાં એટલે રામદાસ સ્વામીએ તેના ધણીને કહ્યું : "આ તમારાં ઘરનાં માણસને કહો કે અમારી નજીક ન આવે. અમારે તો સ્ત્રી અને ધન બંનેનો ત્યાગ છે. બાઈયું સામું જોવાય નહીં. તેની સાથે બોલાય પણ નહીં."

આ સાંભળી પ્રાગજીને અને વજીબાને વધુ આશ્ચર્ય થયું !

વજીબા ઘરની અંદર ગયાં. પણ બારણાની પાછળ રહીને રામદાસ સ્વામીની વાતુ સાંભળવા લાગ્યાં. ભાઈ રામદાસ સ્વામીએ કહ્યું : "ધન અને સ્ત્રીનો પ્રસંગ જ સાધુઓને તેમના માર્ગમાંથી પાડે છે. એટલે અમારા ભગવાને અમને આ નિયમો પાળવાના કહ્યા છે."

રામદાસ સ્વામીની વાતુ સાંભળીને વજીબા તથા તેના ધણીના અંતરમાં સ્વામી વિષે ભાવ થયો. તેમણે આવા સાધુ હજુ સુધી જોયા ન હતા. તેમને મન તો જેણે ભગવાં પહેર્યાં હોય એ બધા જ સાધુ ! પછી ભલે ને ગાંજો, ચલમ ફૂંકતા હોય, રામકી રાખતા હોય ! તેમને સાધુના આવા ધર્મનો, નિયમનો ખ્યાલ ન હતો. રામદાસ સ્વામીએ સાચા સાધુનાં લક્ષણ તેમને સમજાવ્યાં, સ્વામિનારાયણ ભગવાનનો મહિમા સમજાવ્યો. વજીબા તથા તેના ધણી પ્રાગજીને સ્વામીની આ વાતો અંતરમાં પેસી ગઈ. તરત જ વર્તમાન ધરાવી તેઓ બંને સત્સંગી થયાં.

સ્વામિનારાયણ પીપળાને ખસેડે તો ભગવાન માનજે

વીસનગરના સૂબાને જ્યારે ખબર પડી કે વજીબા અને તેનો ધણી બંને સ્વામિનારાયણનાં ભક્ત થઈ ગયાં છે, ત્યારે તેને આંચકો લાગ્યો. તેના સાધુ-સંતોને તેને ઘેર આશરો મળતો હતો તે હવે બંધ થઈ ગયો. તે વિજાપુર આવ્યો. વજીબાને તેણે કહ્યું : "વજી ! સ્વામિનારાયણને શું જાણીને ભગવાન માન્યા અને તેની ચેલી થઈ ગઈ ?"

વજીબાએ કહ્યું : "તને સ્વામિનારાયણ ભેટશે ત્યારે સમજાશે. મારા જેવી અભણ તને શું સમજાવી શકે ? પણ તેના સાધુ મારે ઘેર આવ્યા, મને તો દેવ જેવા લાગ્યા. શું તેમની વાતો, તેમના નિયમ, તેમનું વર્તન ! આવા સાધુ સ્વામિનારાયણના ચેલા હોય તો પછી અમારા જેવા તેના સત્સંગી થઈ જાય

તેમાં શું નવાઈ ?"

"તારા સ્વામિનારાયણ જો ખરા ભગવાન હોય તો આ પીપળો છે ને તે ખસેડીને સામા ઘર સુધી લઈ જાય ! શ્રીકૃષ્ણે યમલાર્જુનનો મોક્ષ કર્યો હતો તેમ આ પીપળાનો મોક્ષ કરે."

"પીપળાને ખસેડે તો જ ભગવાન ને ન ખસેડે તો ભગવાન નહીં ? તમેય ભણેલા થઈને શું ભૂલા પડો છો !" વજીબાએ કહ્યું.

સૂબાને લાગ્યું કે આ જક્કી બાઈ હમણાં માનશે નહીં. તેને કળથી નહીં પણ બળથી મનાવવી પડશે. એટલે તે હાથ ઘસતો ચાલ્યો ગયો.

સબ ભૂમિ ગોપાલકી

મહારાજ બ્રહ્મચારીને લઈને વજીબાને ઘેર પધાર્યા. મહારાજ સીધા તેની ઓસરી ઉપર જ ચડી ગયા. ત્યાં વજીબા ઓરડાની બહાર નીકળીને તાડૂકી : "એ બાવાજી ! આમ પૂછ્યા-ગાછ્યા વગર કોઈના ઘરમાં આવી જાવ છો તે શરમ નથી આવતી ?"

મહારાજે શાંતિથી કહ્યું : "બાઈ ! સાધુને તો કોઈ પારકું નથી, કોઈ પોતાનું નથી. સબ ભૂમિ ગોપાલકી. અમે તો અમારા ઘરમાં જ આવ્યા છીએ."

આ જવાબ સાંભળવાની વજીબાની તૈયારી ન હતી. તે અવાક્ બની ગઈ ! મહારાજે કહ્યું : "અમે તો મા ! તીર્થવાસી છીએ. ફક્ત આજની રાત પડ્યા રહીશું."

એટલે વજીબા ખીજાણી. તેણે કહ્યું : "તમારા જેવા તો ઢોંગી-ધુતારા કંઈક આવે છે. માટે ભલા થઈને ગામમાં ક્યાંક બીજે જાવ. તમે તીર્થવાસી ભલે રહ્યા. તીરથો કરી કરીને મરી જશો તોય લખચોરાશી તમારા માથેથી મટશે નહીં."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે પૂછ્યું : "તો લખચોરાશી કેમ મટે ? તીર્થોનું તો ઘણું માહાત્મ્ય છે !"

"તીર્થોમાં પણ તમે તો પારકું જ અન્ન માગી ખાવાના, ભક્તિનો ઢોંગ માંડીને લોકોને ધુતવાના. એટલે તેનું માહાત્મ્ય હોય તોય તમારાં પાપ ટળવાનાં નથી. કલ્યાણ જોઈતું હોય તો સ્વામિનારાયણ ભગવાનનો આશરો કરો. તેમના સાધુ જોયા છે ? કેવા નિયમ પાળે છે, બાઈઓ સાથે તો બોલતા પણ નથી, ધનને અડતા નથી ! અને તમે ? બાવાજી ! મારે વધુ નથી કહેવું. તમે આંહીંથી બીજે ચાલ્યા જાવ. અહીં રાતવાસો રહેવા નહીં દઉં." વજીબાએ કહ્યું.

સ્વામિનારાયણે તો બાબરો ભૂત વશ કર્યો છે

બ્રહ્મચારી આ બધો ખેલ જોઈ રહ્યા હતા. તેમને મહારાજની લીલા અકળ લાગી. મહારાજે ઓશરીમાં જ ધામા નાખ્યા અને પછી બોલ્યા : "ગામના લોકોએ અમને સાચું કહ્યું હતું કે બાઈ હમણાં બગડી ગઈ છે. સ્વામિનારાયણની થઈ ગઈ છે એટલે કોઈ બીજા સાધુ બાવાઓને ઊતરવા દેતી નથી. પણ મા ! તને ખબર છે સ્વામિનારાયણે તો બાબરો ભૂત વશ કર્યો છે. તેની સામે કોઈ જુએ એટલે તરત પડી જાય, તેની પ્રસાદી ખાય એટલે ગાંડા થઈ જાય છે."

વજીબા માટે આ શબ્દો અસહ્ય હતા. તેણે તરત જ કહી દીધું : "મારે તમારી સાથે જીભાજોડી કરવી નથી. ભલા થઈને આંહીંથી રવાના થઈ જાઓ."

મહારાજે કહ્યું : "તારે ભલે જીભાજોડ ન કરવી હોય પણ સાચી વાત સમજવી જોઈએ. સ્વામિનારાયણની ઇન્દ્રજાળમાં ફસાઈ જઈશ તો મોક્ષ ખોઈ બેસીશ. અમે તો બધે ફરનારા રહ્યા એટલે બધું જાણીએ, તને ઘરમાં બેઠાં શું ખબર પડે ?"

વજીબાથી હવે રહેવાયું નહીં. તેણે ખૂણામાં પડેલી લાકડી લીધી અને બોલી : "આંહીંથી જાય છે કે નહીં ? આ રતન જોયું છે ? હમણાં મારા ધણીને ઉઠાડીશ."

મહારાજ આ જોઈ શાંત થઈ ગયા. તેમણે કહ્યું : "મા, હવે કાંઈ નહીં બોલીએ પણ રાત તો અહીં જ પડી રહેવું છે."

વજીબાને આ બાવો વિચિત્ર લાગ્યો. તેણે કહ્યું : "મારા સ્વામિનારાયણ ભગવાન માટે એક શબ્દ જો બોલીશ તો કાઢી મૂકીશ. જા, પેલા ખૂણામાં જઈને પડી રહે. પણ ચલમ પીતા દેખીશ તો તારા ઉચાળા ફેંકી દઈશ."

મહારાજ તથા બ્રહ્મચારી ખૂણામાં ગયા. ત્યાં બેઠા. થોડી વાર મહારાજ તેના ઓરડા પાસે આવ્યા અને તેને કહ્યું : "મા ! આ ઓશરીમાં પલંગ વગર તો સુવાશે નહીં. આખું અંગ દુઃખે છે."

વજીબાને બાવાની આ વરણાગી સાલી. તેણે કહ્યું : "અમારા ઘરમાં પલંગ-બલંગ કાંઈ નથી. માટે છાનામાના પડ્યા રહો."

એટલે મહારાજે કહ્યું : "તારા બીજા ઓરડામાં નવો પલંગ છે ને !"

વજીબાને આ સાંભળી આશ્ચર્ય થયું. તેને થયું આ બાવો ઓરડામાં પલંગ છે તે ક્યાંથી જાણી ગયો ? કાંઈક ચમત્કારી લાગે છે. તેણે ઓરડો ઉઘાડી પલંગ કાઢી આપ્યો. એટલે મહારાજે ફરી કહ્યું : "આના ઉપર પાથરવા તો

જોઈએ ને ? એક ગોદડું આપો !"

વજીબા આ સાંભળી ખીજાણી. તેણે કહ્યું : "કાંઈ પણ માગીશ નહીં એમ કહેતો હતો અને પલંગ માગ્યો, હવે ગોદડું માગે છે ! અમારા ઘરમાં વધારાનાં ગોદડાં નથી. જેટલાં છે એટલાં અમે પાથર્યાં છે."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "ત્યાં ખૂણામાં થપ્પી કરી છે ને, તેમાં નવું નક્કોર રેશમી ગોદડું છે તે આપી દ્યો."

વજીબાના આશ્ચર્યનો પાર ન રહ્યો, તેને લાગ્યું કે બીજા બાવા કરતાં આ કાંઈક જુદો લાગે છે. પણ તેને વિચાર આવ્યો : ભલે ગમે તેટલા ચમત્કાર બતાવે પણ મારા ભગવાનની તોલે ન આવે, એમ વિચારી તેણે બે ગોદડાં આપ્યાં. મહારાજે તે લીધાં. બ્રહ્મચારીએ બંને ગોદડાં પલંગ ઉપર પાથરી દીધાં. મહારાજ તે ઉપર પોઢ્યા.

મહારાજ પીપળો ખસેડે છે

વજીબાએ બારણાં બંધ કર્યાં. પણ તેણે બાવાની ઉપર નજર રાખવાનો વિચાર કર્યો એટલે બારણું થોડું ઉઘાડું રાખીને તે જાગતી પડી રહી. થોડી થોડી વારે તે ઊભી થઈને જોઈ લેતી કે બાવો શું કરે છે. બરાબર ચારના સુમારે તેણે ઊઠીને જોયું તો મહારાજે પલંગમાંથી પોતાના બે પગ લાંબા કર્યા હતા અને તે છેક પીપળાને અડી ગયા હતા. મહારાજનાં ચરણારવિંદ અડ્યાં અને તેની અસલ જગ્યાએથી પીપળો ખસ્યો ! લાલાદાસ સૂબાએ કહ્યું હતું તે પ્રમાણે સામેના ઘર સુધી મહારાજે તેને ખસેડીને મૂકી દીધો ![૨૬]

વજીબાને આ જોઈ આશ્ચર્ય થયું. સૂબાના શબ્દો તેને યાદ આવ્યા, પણ એટલામાં તો મહારાજ અને બ્રહ્મચારી ઊઠીને ત્યાંથી ચાલી નીકળ્યા. વજીબા તેમને જતા જોઈ રહ્યાં. તેને લાગ્યું કે કદાચ આ સ્વામિનારાયણ પોતે તો નહીં હોય ? પરંતુ પછી વિચાર આવ્યો : સ્વામિનારાયણ ભગવાન કાંઈ એકલા ફરતા ન હોય, સાથે ભક્તોનાં ટોળે ટોળાં હોય ! તેણે તરત જ નક્કી કરી લીધું : "જે હશે તે. મારે તો સ્વામિનારાયણ વિના બીજા કોઈનો ભાર રાખવો નથી."

---

૨૬. આ પીપળાનું વૃક્ષ ઊધઈ લાગવાથી ખવાઈ ગયું હતું. પરંતુ જેટલું બાકી રહ્યું છે તેટલું વિજાપુરના મંદિરમાં સાચવી રાખ્યું છે. વજીબાના ઘરનું પ્રસાદીનું કમાડ પણ મંદિરમાં મૂક્યું છે અને તેની વાડીમાં હનુમાનજી હતા તે પ્રસાદીના હનુમાનજી પણ મંદિરમાં પધરાવ્યા છે.

વીસનગરમાં

મહારાજ ત્યાંથી સવારે નીકળી ગયા અને થોડા દિવસે વીસનગર પહોંચી ગયા. અહીં મહારાજ લાલદાસ સૂબાની બહેન ઉદયકુંવરને ત્યાં ઊતર્યા. ઉદયકુંવર મહારાજને એકલા આવેલા જોઈ મૂંઝાઈ ગયા. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! મારો ભાઈ તો આપનો કટ્ટર દ્વેષી છે અને આપને પકડીને કેદમાં પૂરવાના મનોરથો સેવે છે. તેથી કોઈ કાઠી અસવારોને સાથે લીધા સિવાય આપ એકલા કેમ અહીં પધાર્યા ?"

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "પહેલાં તો કાંઈ જમવાનું હોય તો જલદી લાવો. અમને ભૂખ ખૂબ લાગી છે. વળી, લાંબા પંથનો થાક પણ લાગ્યો છે. એટલે જમીને તરત જ સૂઈ જઈશું. તમારા ભાઈની વાત આપણે સવારે કરીશું."

પરંતુ ઉદયકુંવર મહારાજની આ વાતથી વધુ અસ્વસ્થ થઈ ગયા. તે તરત જ ઊઠ્યા અને પોતાના ઘરનાં કમાડ, બારી-બારણાં બધું જ બંધ કરી દીધું.

મહારાજ વાઘની બોડમાં હાથ નાંખે છે

મહારાજ થાળ જમ્યા. બ્રહ્મચારીને પ્રસાદી આપી. પછી ઢોલિયા ઉપર બિરાજ્યા. મહારાજે ઉદયકુંવરના પુત્ર બળદેવને કહ્યું : "સવારે મામાને ખબર આપજો કે સ્વામિનારાયણ આવ્યા છે."

મહારાજને એકલા આવેલા જોઈ બળદેવ પણ અસ્વસ્થ થઈ ગયો હતો. તેણે કહ્યું : "મહારાજ ! આ તો વાઘની બોડમાં હાથ નાંખવા જેવું છે. મારો મામો તો પચાસ બડકંદા આરબોની ફોજ રાખીને તમને કેદ કરવા ફરે છે. તેથી તેને આ સમાચાર આપવા તે ઠીક નથી."

મહારાજે તેની આ અસ્વસ્થ દશામાં તેમના પ્રત્યેની ભક્તિ નિહાળી. છતાં જ્ઞાનના અભાવથી તે ભક્તિમાં પરમાત્માના મહિમાની દૃષ્ટિ ન હતી. તેમના મનુષ્યભાવમાં પણ દિવ્યતા દેખવાની દૃષ્ટિમાં જ પરાભક્તિની સિદ્ધિ છે. મહારાજે તેમની મૂંઝવણનો ઉકેલ લાવતાં કહ્યું : "હમણાં તો સૂઈ જાઓ. સવારે વાત."

બળદેવે સવારે પોતાના મામા લાલદાસ સૂબાને મહારાજ પધાર્યા છે તે સમાચાર આપ્યા. આ સાંભળી તે ધૂંવાંપૂવાં થઈ ગયો. તેનો નિષ્કારણ ક્રોધ જોઈ

બળદેવે કહ્યું : "મામા ! શા માટે આટલા ગુસ્સે થાઓ છો ? મહારાજે કહેવરાવ્યું છે કે કાં તમે તેમને મળવા આવો કાં તેઓ અહીં તમને દર્શન દેવા આવે."

આ સાંભળી લાલદાસ વધુ ગુસ્સે થયો. તેણે કહ્યું : "ભાણા ! તારા સ્વામિનારાયણને પહેલાં મારા આરબોનાં દર્શન થશે. તે તેમને પકડશે અને એ રીતે તારા ભગવાન મારી પાસે આવશે, સમજ્યો ?"

બળદેવ મામાનો ગુસ્સો જોઈ હસવા લાગ્યો. તેણે કહ્યું : "મામા ! તમારી વાત તો મારા મગજમાં બેસતી નથી. પણ મારી વાત તમારે સમજવી પડશે."

લાલદાસને ભાણાના આ શબ્દોથી ઝાળ લાગી. તેણે તેના આરબ જમાદારને બોલાવ્યો. તેને કહ્યું : "આ ભાણાની સાથે ત્રીસ આરબની ટુકડી લઈને જા. તેને ઘેર સ્વામિનરાયણ આવ્યા છે તેને પકડીને દોરડે બાંધીને અહીં લઈ આવ. જોજે ગફલત થાય નહીં."

"જી સરકાર !" જમાદાર સલામ કરીને પાછો વળતો હતો ત્યાં બળદેવે કહ્યું : "મામા ! ત્રીસ આરબની શું જરૂર છે ? મહારાજ તો એકલા જ છે. તેની સાથે ફક્ત એક બ્રહ્મચારી જ છે."

"તમારા જેવા બીજા ચાંદલાવાળા ધમાલ કરે એટલે ત્રીસ જણની જરૂર છે જ." લાલદાસે મક્કમતાથી કહ્યું.

બળદેવ હસવા લાગ્યો. તેણે કહ્યું : "મામા ! મહારાજની સાથે આરબોની એક નહીં પણ અસંખ્ય બેરખ મોકલશો તોપણ તમે પાછા પડી જશો. એટલું સમજો કે તમે ભગવાન સાથે બાથ ભીડો છો."

લાલદાસ આ સાંભળી તોછડું હસ્યો.

આ બાજુ મહારાજે બ્રહ્મચારીને કહ્યું : "બ્રહ્મચારી ! તમે તૈયાર થાઓ. આરબો આપણને પકડવા આવે છે."

બ્રહ્મચારી આ સાંભળી ઉશ્કેરાયા. મહારાજ હસવા લાગ્યા. મહારાજે કહ્યું : "અત્યારે બળનું કામ નથી પણ કળનું કામ છે. તમારે ફક્ત કૌપીન જ શરીર ઉપર રાખવી. બીજાં વસ્ત્રો કાઢી નાખવાં. આખા શરીરે ભસ્મ લગાડવી અને અહીં આ સોટી લઈને વીર આસન વાળી બેસી જવાનું છે. ઝટ તૈયાર થાઓ."

મહારાજની આજ્ઞા પ્રમાણે બ્રહ્મચારી તૈયાર થઈને આવ્યા. મહારાજે તેમના હાથમાં સોટી આપી. મહારાજે તેમને કહ્યું : "હવે હું જેના તરફ ઇશારો કરું તેને આ સોટી તમે અડાડજો."

બ્રહ્મચારી મહારાજની આજ્ઞા પ્રમાણે વીર આસને બેસી ગયા.

સ્વામિનારાયણ તો ખુદા છે

એટલામાં આરબ જમાદાર ત્રીસ આરબની ફોજ લઈને ત્યાં આવ્યો. તેણે પૂછ્યું : ''સ્વામિનારાયણ કોણ છે ?''

મહારાજે કહ્યું : ''અમે સ્વામિનારાયણ છીએ.''

એટલે તરત જ તેણે તેના આરબોને કહ્યું : ''આમને પકડો.''

મહારાજે બ્રહ્મચારીને ઈશારો કર્યો એટલે બ્રહ્મચારીએ જમાદાર ઉપર સોટી અડાડી. તરત જ તે જમીન ઉપર પડી ગયો. તેને સમાધિ થઈ ગઈ ! બીજા આરબ સિપાઈઓ પોતાના જમાદારને આ રીતે પડી ગયેલો જોઈ ગભરાયા. એટલામાં મહારાજે બ્રહ્મચારીને ઈશારો કર્યો એટલે તેમણે જમાદારના શરીર ઉપર સોટી ફરી અડાડી. જમાદાર તરત જ સમાધિમાંથી જાગ્રત થયો. તે ઊભો થઈ ગયો. મહારાજના ચરણ પાસે કુર્નિશ કરીને બેસી ગયો. તેણે હાથ જોડી ગદ્‌ગદ કંઠે કહ્યું : ''આપ તો સાક્ષાત્‌ ખુદા છો. મેં અજાણતાં આપનો અપરાધ કર્યો છે તો મને માફ કરો.''

મહારાજે તેને આશીર્વાદ આપ્યા. સત્સંગીઓ સૌ મહારાજનો પ્રતાપ જોઈ રાજી થઈ ગયા. ઉદયકુંવરબાનો શ્વાસ હેઠો બેઠો !

જમાદાર પોતાની ટુકડી લઈને સૂબા પાસે ગયો. તેણે સૂબાને કહ્યું : ''સરકાર ! સ્વામિનારાયણ તો ખુદા છે. મને દર્શન થયાં ! એ ઓલિયા પુરુષને તમે ઓળખી લ્યો. તેમની સામે બાથ ભીડવી રહેવા દ્યો.''

લાલદાસ આ સાંભળી એકદમ ઉશ્કેરાયો : ''તું મારા લશ્કરનો માણસ છો. મારા હુકમનો અમલ નહિ કરે તો તેનું શું પરિણામ આવશે તે જાણે છે ?'' લાલદાસે હાથ ઘસતાં કહ્યું.

''સરકાર ! હું લશ્કરનો આદમી છું તેથી મારે શત્રુના લશ્કર સાથે લડવા જવાનું હોય, ખુદા સાથે નહીં.'' જમાદારે હિંમતથી કહ્યું.

લાલદાસ મહારાજને નમે છે

એટલામાં મહારાજ બ્રહ્મચારીને લઈને ત્યાં પધાર્યા. બ્રહ્મચારીનો વર્ણીવેષ જોઈ સૂબો એકદમ ઊભો થઈ ગયો. તેનાથી હાથ જોડાઈ ગયા. મહારાજ લાલદાસની જ ગાદી ઉપર બેસી ગયા ! વર્ણીને પણ બાજુમાં બેસાર્યા. મહારાજે સૂબાને પૂછ્યું : ''તમે લાલદાસ ? તમે અહીંના સૂબા ?''

લાલદાસ લાલચોળ થઈને બોલ્યો : "હા, હું અહીંનો સૂબો !" તેને ક્યાં બેસવું તે સૂઝ્યું નહીં. તે ઊભો જ રહ્યો.

મહારાજે કહ્યું : "તમે દેસાઈ કુળના, વીસનગરા બ્રાહ્મણ જેવા ઉચ્ચ કુટુંબમાં જન્મેલા આવા સંસ્કારી થઈ અમારા ઉપર દ્વેષ રાખો છો ?"

લાલદાસને આ સાંભળી મૂંઝવણ થઈ. તે વર્ણીને સ્વામિનારાયણ સમજતો હતો. તેણે પૂછ્યું : "તમે સ્વામિનારાયણ ? કલ્યાણની કે સ્વર્ગની કે નરકની વાતો કરી તમે ભોળા માણસોને ભરમાવજો. અમારા જેવા તમારી જાળમાં નહીં આવે."

"અમારે તમને જાળમાં નથી લેવા, બંધનમાં લેવા છે." મહારાજે કહ્યું.

"એ બધી તમારી શબ્દની જાળ છે. હું તેમાં ફસાવાનો નથી. સ્વર્ગની ને નરકની વાતો હું ઘોળીને પી ગયો છું, સમજ્યા ?"

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "પી ગયા છો એટલું સારું છે. પેટમાં ઊતરેલું ક્યારેક પ્રગટ થશે." એમ કહી મહારાજે તેના સામી દૃષ્ટિ કરી. સૂબો તરત જ ત્યાં જ ઢળી પડ્યો. તેના અમલદારો, નોકરો બધા આ જોઈ રહ્યા.

સૂબાને મહારાજની દૃષ્ટિથી સમાધિ થઈ. તેને સમાધિમાં જમપુરી દેખાણી. સૂબાનો સૂક્ષ્મ દેહ યમપુરીમાં પહોંચ્યો. યમદૂતો તેનાં પાપ જાણતા હતા. સાધુ-સંતોને, અભ્યાગતોને તે પીડતો હતો, સત્સંગીઓને ઉનાળામાં તાપમાં કલાકો સુધી તડકે ઊભા રાખતો હતો. મહારાજની ઇચ્છાથી તે પાપનું ફળ ચખાડવા, યમપુરી એ કલ્પના નથી પરંતુ હકીકતમાં સત્ય છે તેની પ્રતીતિ કરાવવા, યમદૂતો તેને લોઢાના મુદગલથી મારવા માંડ્યા. તેના સૂક્ષ્મ દેહને માર પડે અને અહીં તેનો સ્થૂળ દેહ ઊછળે. સૂબો આ મારથી ત્રાસી ગયો. તેની વેદના અસહ્ય હતી. તે વેદનાની બૂમો બધા સાંભળતા હતા. મહારાજને તેની દયા આવી. દૃષ્ટિ કરી ને તે જાગ્રત થયો.

મહારાજને સામે બેઠેલા જોઈ તે ઊઠ્યો અને મહારાજનાં ચરણારવિંદમાં પડી ગયો ! તેણે મહારાજનાં બંને ચરણ પકડીને કહ્યું : "મહારાજ ! સ્વર્ગ અને નરક હું મિથ્યા માનતો હતો પણ તેની યાતના મેં ભોગવી લીધી. શાસ્ત્રનાં વચનો સત્ય છે, આપની વાત પણ સત્ય છે. પ્રભુ ! મારા અપરાધ માફ કરો. મેં તમારા સત્સંગીઓને બહુ ત્રાસ આપ્યો છે. તેમને તડકે ઊભા રાખ્યા છે. ન્યાત બહાર મુકાવ્યા છે. સામાજિક બહિષ્કાર કરાવ્યો છે. એવા નિર્દોષ અને પવિત્ર ભક્તો ઉપર ઘણું ઘણું ગુજાર્યું છે. આ પાપનું ફળ મને મળ્યું છે. આપ પરમાત્મા છો તેની આપે મને પ્રતીતિ કરાવી, શાસ્ત્રોનાં વચનોમાં શ્રદ્ધા બેસાડી."

પછી તેણે મહારાજનું પૂજન કર્યું. ભારે ભારે વસ્ત્રો તથા આભૂષણો ધરાવ્યાં. થાળ ભરી રૂપિયા ભેટ આપ્યા. રૂપિયાનો થાળ જોઈ મહારાજે તેને કહ્યું : "લાલદાસ ! આ રૂપિયા તો અમારે જોઈતા નથી. તેમાંથી બ્રાહ્મણોની ચોરાસી કરી સૌને જમાડો."

"એ તો હું કાલે જ જમાડીશ. બ્રાહ્મણોની ભેગા સત્સંગીઓને પણ જમાડવા છે. મારાં પાપનું પ્રાયશ્ચિત્ત કરવું છે. પણ આ રૂપિયા તો આપ જ રાખો."

મહારાજે કહ્યું : "ભલે અમે બધા સત્સંગીઓને તે રૂપિયા વહેંચી દઈશું."

લાલદાસે કહ્યું : "તો તો હું બહુ જ રાજી."

શોભારામ ચાર દિવસમાં આંધળો થયો

બીજે દિવસે લાલદાસે બ્રાહ્મણોની ચોરાસી કરી. બ્રાહ્મણોને જમાડ્યા. સત્સંગીઓને પણ જમાડ્યા.

પછી તેણે મહારાજને કહ્યું : "મહારાજ ! આ બધા સત્સંગીઓને અમારા શોભારામે ન્યાત બહાર કરાવ્યા છે. એટલે સૌને પાછા ન્યાતમાં લેવાનો હુકમ આપી દઉં છું. શોભારામે એ પાપ તો કર્યું પણ ઊલટું એમ કહ્યું કે 'સ્વામિનારાયણનો હું આટલો દ્રોહ કરું છું પરંતુ જો તે ખરેખર ભગવાન હોય તો મને તેનું ફળ મળે ને ?' એટલે સત્સંગીઓએ તેને પૂછ્યું : 'તારે શું ફળ જોઈએ છે ?' તેણે છાતીએ હાથ દઈને કહ્યું : 'જો તે ભગવાન હોય તો હું આઠ દિવસમાં આંધળો થાઉં.' તેની આવી મૂર્ખાઈભરી વાત સાંભળી સત્સંગીઓએ તેને કહ્યું : 'આંધળા થવાનું શું માંગે છે ? કાંઈક લાભ થાય એવું માંગ ને ?' પણ તે તો મક્કમ જ રહ્યો."

આ સાંભળી મહારાજે પૂછ્યું : "પછી શું થયું ?"

"તે આઠ દિવસને બદલે ચાર દિવસમાં જ આંધળો થયો."

તે સાંભળી મહારાજ એકદમ બોલી ઊઠ્યા : "અરરર, અમારે લીધે તે આંધળો થયો ? બહુ ખોટું થયું ! આપણે તેને ઘેર તેને જોવા જવું પડશે."

લાલદાસ સૂબાને તથા તેના ભાણેજ બળદેવને લઈને મહારાજ શોભારામને ઘેર ગયા. બહારથી કહેવરાવ્યું કે સ્વામિનારાયણ તને આશીર્વાદ દેવા આવ્યા છે. તે વખતે તે જમતો હતો. તેણે કહેવરાવ્યું કે સ્વામિનારાયણના આશીર્વાદ મારે જોઈતા નથી. તે જેવા આવ્યા છે તેવા જ પાછા જાય. મહારાજ આ સાંભળી 'હરિ હરિ' બોલતા પાછા વળી ગયા.

મહારાજ વીસનગરમાં ત્યાંના સત્સંગીઓને શાંતિ આપવા વિશેષ રોકાવાના હતા. પરંતુ એક દિવસ સવારે તેમણે નક્કી કરીને બ્રહ્મચારીને કહ્યું : "હમણાં ને હમણાં જ આપણે નીકળવું પડશે."

બ્રહ્મચારી તૈયાર જ હતા. પરંતુ ઉદયકુંવરબા તથા બીજા હરિભક્તોએ મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! થોડું વધારે રહ્યા હોત તો લાલદાસને સત્સંગ પાકો થઈ જાત."

મહારાજે કહ્યું : "તમારા ભાઈના સંસ્કાર ઊઘડ્યા છે. તમે સહન કર્યું તેનું ફળ તેને મળ્યું છે. હવે તેને સત્સંગ દૃઢ થશે અને શોભારામ તમને કાંઈ કરી શકશે નહીં. હવે આજે અમારે નીકળવું જ જોઈએ. નાજા જોગિયાને દુઃખ આવ્યું છે તેનું નિવારણ કરવા અમારે જવું પડશે." એટલું બોલીને મહારાજ ઊભા થઈ ગયા. બ્રહ્મચારી પણ તૈયાર જ હતા. મહારાજ ચાલી નીકળ્યા.[૨૭]

મહારાજ નાજા જોગિયાની વહારે

મહારાજ વઢવાણ પધાર્યા. પણ ભોગાવો બે કાંઠામાં હતો. મહારાજે બ્રહ્મચારીને કહ્યું : "બ્રહ્મચારી ! તમે આ કાંઠે આ દેરીમાં રહો અને પૂર ઊતરે ત્યારે આવજો. અમે તો તરવૈયા છીએ એટલે હમણાં જ પાર ઊતરી જશું."

બ્રહ્મચારી જોતા રહ્યા અને મહારાજે ભોગાવામાં પ્રવેશ કર્યો. પૂરનો ઘૂઘવાટ ભલભલાની છાતી બેસારી દે તેવો હતો. મહારાજ જાણે ભોગાવામાં પાણી ઉપર ચાલતા હોય તેમ સડસડાટ સામે કિનારે પહોંચી ગયા ! કિનારા ઉપર સૌ જોઈ રહ્યા.

મહારાજને વઢવાણના ચોકમા ત્યાના ભાણજી મહેતાએ જોયા. તેમને લાગ્યું કે આ કોઈક અલૌકિક પુરુષ છે. એટલે મહારાજને તેમણે પૂછ્યું : "આપ ક્યાંથી આવો છો ?"

મહારાજે કહ્યું : "અમે વીસનગરથી આવીએ છીએ. અમારા ગુરુજી સાથે હતા. તે સામે કાંઠે દેરીમાં રહ્યા છે. જો તરાપો મોકલો તો અહીં આવી જાય."

ભાણજી મહેતા વડનગરા નાગર હતા, વિચક્ષણ હતા. તેમને લાગ્યું કે

---

૨૭. આ પ્રસંગ શ્રીહરિલીલામૃત અને શ્રીહરિચરિત્રામૃતસાગરમાં જુદી જુદી રીતે વર્ણવ્યો છે. પરંતુ શ્રીહરિલીલામૃત, કળશ ૭, વિશ્રામ ૧૮ અને ભક્તચિંતામણિ, પ્ર. ૧૫૭માં જે સૂબા લાલદાસ અને શોભારામના અનુક્રમે પ્રસંગો વર્ણવ્યા છે, તે પ્રચલિત હોઈ તેને પ્રમાણભૂત માની અહીં તે પ્રમાણે આપવામાં આવ્યા છે. – લેખક

આ પુરુષ જો આવા અલૌકિક દેખાય છે તો તેમના ગુરુજી કેવા હશે ? તેમણે તરત જ તરાપો સામે કાંઠે મોકલાવ્યો અને બ્રહ્મચારીને તેડી લાવ્યા.

બ્રહ્મચારી આવ્યા એટલે ભાણજી મહેતાએ તેમને કહ્યું : "ગુરુજી ! તમારા શિષ્યે અમને તમારા ખબર આપ્યા એટલે તરાપો અમે મોકલ્યો. તમને ખરેખરા શિષ્ય મળી ગયા છે."

આ સાંભળી બ્રહ્મચારી શરમાઈ ગયા. તેમણે કહ્યું : "ભાઈ ! ગુરુ તો તે છે અને હું તો તેમનો સેવક છું, તમે જાણો છો એ ગુરુજી કોણ છે ?"

ભાણજી મહેતાને આ સાંભળી આશ્ચર્ય થયું ! સાથે સાથે ગુરુમાં જે નમ્રતા હોવી જોઈએ, શિષ્ય પ્રત્યે જે ભાવના હોવી જોઈએ તે તેમણે મહારાજમાં જોઈ. તેને પ્રતીતિ થઈ કે જરૂર બ્રહ્મચારીના તે ગુરુ હોવા જોઈએ.

તેમણે પૂછ્યું : "તમારા ગુરુની મને ઓળખાણ આપો. મારે ઘેર પધાર્યા છે પણ શિષ્ય તરીકે રહ્યા એટલે ઝાઝી જિજ્ઞાસા જાગી નહીં. મને તો ગુરુને - તમને - મળવાની જિજ્ઞાસા થઈ હતી."

બ્રહ્મચારીએ કહ્યું : "ભાણજી મહેતા ! અમારા આ ગુરુજી એ સ્વામિનારાયણ ભગવાન સ્વયં છે. પૃથ્વી ઉપર આજે પુરુષોત્તમ પ્રગટ થયા છે, તે જ આ સ્વામિનારાયણ ભગવાન !"

ભાણજી મહેતા આ સાંભળી આનંદમાં અવાક્ બની ગયા ! જેમની પધરામણી પોતાના ગામમાં પોતાને ઘેર કરાવવા લોકો ઝંખે, તેને માટે પડાપડી કરે, પોતાને ત્યાં પધારે તેને પોતાનું અતિ સદ્ભાગ્ય માને, તે સ્વામિનારાયણ ભગવાન આજ મારે ત્યાં સામે ચાલીને આવ્યા ! તરત જ તે બ્રહ્મચારીના પગમાં પડી ગયા. તેમણે હાથ જોડી કહ્યું : "બ્રહ્મચારી મહારાજ ! મારાં આજ બહુ મોટાં ભાગ્ય જાગ્યાં છે. આજે હું ધન્ય બની ગયો છું કે મારે ત્યાં પુરુષોત્તમ નારાયણ સ્વયં પધાર્યા. અંધારામાં વીજળી ઝબૂકી ગઈ ! તમે ઓળખાણ ન પાડી હોત તો મારા પશ્ચાત્તાપનો પાર ન રહેત."

એટલું કહી તે મહારાજ પાસે ગયા. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને પછી હાથ જોડીને કહ્યું : "પ્રભુ ! તમે તો મને છેતરવાનું કર્યું. પરંતુ આપની કૃપાથી મારા સંસ્કાર જાગ્યા ને આ બ્રહ્મચારીએ મને આપ કોણ છો તે કહ્યું, હવે તો અહીંથી જાવા દઈશ જ નહીં."

તેનો ભાવ જોઈ મહારાજે કહ્યું : "જુઓ, અમારા ભક્ત દુઃખમાં આવ્યા છે. તેમને છોડાવવા માટે અમારે અહીંથી જલદી જવું જ જોઈએ. કાલ સવાર

સુધીમાં જો ન પહોંચીએ તો તે ભક્તનો દેહ પડી જશે.''

ભાણજી મહેતાને આ સાંભળી આશ્ચર્ય થયું ! તેણે કહ્યું : ''પ્રભુ ! આપ તો આપના ભક્તની અંતરની પ્રાર્થના સાંભળીને તેની પાસે પહોંચી જાઓ, મારા અંતરમાં પણ એવી ઝંખના થતી હશે એટલે જ આપ પધાર્યા. પણ આપ કહો એ ભક્તને શું દુઃખ આવ્યું છે ?''

નાજા જોગિયા

મહારાજે વાત શરૂ કરી : ''ગઢડા પાસે લાખણકા ગામના નાજા જોગિયા, સત્સંગના કારણે ગામના લોકોના દ્વેષથી લાખણકા છોડીને ભડલી ગયા. ત્યાંનો ભાણખાચર પણ સત્સંગનો ભારે દ્વેષી. ગઢડા સાથેની તકરારને લીધે અમારી સામે પણ તેણે વેર બાંધ્યું. પણ તે પૂરો બ્રહ્મચારી ! તેના બ્રહ્મચર્યના ગુણને લીધે અમનેય તેનાં દર્શન કરવાની ઇચ્છા થઈ ગઈ. નાજા જોગિયાને તેણે ઉપાધિ કરી એટલે ત્યાંથી નીકળી તે ભોંયરા ગયા. ભોંયરાના કાઠી દરબાર વાસુરખાચરનો ગામમાં જબરો કડપ. કોઈ ચોરી કરતાં કે ખૂન કરતાં પકડાયો તો તેના બંને ઢીંચણ ભાંગી નાખે. બીજી કોઈ સજા ન કરે. આવો તે ઘાતકી છે. તેણે અમારી વાત સાંભળી, અમને નાજો ભગવાન માને છે એ જાણ્યું. એટલે તેના આસુરી ભાવે પણ જોર કર્યું. તેણે નાજા જોગિયાને બોલાવ્યા અને પૂછ્યું : 'તારા સ્વામિનારાયણ હમણાં ક્યાં છે ?'

''નાજાને ખબર મળ્યા હતા કે અમે વીસનગર ગયા છીએ. એટલે તેણે કહ્યું : 'મહારાજ ! હાલ ગુજરાતમાં વીસનગર છે.'

'તે વીસનગર હોય કે ગમે ત્યાં હોય નાજા ! તે જો ભગવાન હોય તો કાલ સવારે આંહીં હાજર થઈ જવા જોઈએ નહીં તો સમજી લેજે કે તારા પણ ઢીંચણ ભાંગી જશે.' વાસુરે જોરથી કહ્યું.

''નાજો ધ્રૂજી ગયો. તેને લાગ્યું કે જરૂર આ અસુર ઢીંચણ ભાંગશે. તે બીજું તો શું બોલે પણ મનોમન પ્રાર્થના કરવા લાગ્યો. તેની પ્રાર્થનાના શબ્દો અમારે કાને પહોંચી ગયા અને અમે વીસનગરથી નીકળી ગયા. હવે વખત થોડો છે અને મજલ લાંબી છે. માટે રોકાવાની તાણ કરશો નહીં.''

ભાણજી મહેતાની આંખમાંથી આંસુ પડવા માંડ્યાં. તેને લાગ્યું કે દુનિયામાં આવા અસુરો, ભક્તોનો તથા સત્સંગનો દ્વેષ કરવા જ પ્રગટ થતા હોય છે. પોતાનાં આસુરી બળોને પોષવા સત્સંગનો ધ્વંસ કરવાની તેમની

મુરાદ મોળી પડતી નથી. ઇતિહાસે આવા અસુરોની નોંધ લીધી છે. તેનો નાશ થયો છે તે પણ નોંધ્યું છે. છતાં ઇતિહાસનાં પાનાં પોતાની કારકિર્દીથી કોરાં ન રહી જાય તે જોવા માટે તેમની પ્રવૃત્તિઓ તેઓ સતત ચાલુ રાખતા જ હોય છે.

ભાણજી મહેતાએ મહારાજને કહ્યું : "પ્રભુ ! આપ રસોઈ જમીને ખુશીથી પધારો. આ કામમાં અમારાથી આડા ન અવાય."

બ્રહ્મચારીએ મહારાજ માટે થાળ તૈયાર કર્યો. મહારાજ જમવા બિરાજ્યા. ભાણજી મહેતાની સ્ત્રી મહારાજનાં દર્શન કરતી સામે બેઠી. તેણે મહારાજનાં દર્શન કર્યાં ને તેને તરત જ સ્મૃતિ થઈ આવી : "અહો ! આ તો ગંગારામ મલ્લના ગુરુ ! તેમને ઘેર મેં જોયા હતા. તેમની કચ્છની લીલાની પણ ઘણી વાત સાંભળી છે."

તેણે ભાણજી મહેતાને કહ્યું : "આ તો સાક્ષાત્ ભગવાન છે. કચ્છમાં મેં તેમના દર્શન કર્યા હતા."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "દર્શન ન ભૂલાય અને સ્મૃતિ રહે એ ભક્તિ ! આ પ્રસંગ પણ હૈયામાં સંઘરી રાખજો."

મહારાજે જમી લીધું. ભાણજી મહેતાને થાળ આપ્યો. બ્રહ્મચારી પણ જમ્યા.

સાંજે મહારાજ વઢવાણથી નીકળી ગયા. તેમની ગતિ પવનવેગી હતી, બ્રહ્મચારીને તેમની પાછળ દોડવું પડતું. રસ્તામાં ભાદર નદી આવી. બે કાંઠામાં પાણી હતું. મહારાજે બ્રહ્મચારીને કહ્યું : "તમે હવે આ ભાદરનું પાણી ઊતરે ત્યારે અહીંથી સીધા ભાદરે જજો. અમે તમને પછી મળીશું."

બ્રહ્મચારીને થયું કે વરુણ દેવતા પણ મહારાજની આમાન્યા રાખતા નથી. તેમને મહારાજની બીક હતી, નહીં તો દેવતાઓને પણ ઠેકાણે લાવી દે એવી તેમની શક્તિ હતી. મહારાજ સામે પાર નીકળી ગયા અને વહેલી સવારે ભોંયરા પહોંચી ગયા !

મહારાજને ભોંયરાના પાદરમાં એક ચારણ મળ્યો. તેણે મહારાજનું સ્વરૂપ જોઈ પૂછ્યું : "કાંઈ દેવાંગી પુરુષ દેખાવ છો."

મહારાજ આ સાંભળી હસ્યા. ચારણની બુદ્ધિની ગતિ દેવ અને દેવીઓથી આગળ જાય નહીં. તેમણે કહ્યું : "અમે સ્વામિનારાયણ છીએ. આ ગામના દરબાર વાસુરખાચરને દર્શન દેવા આવ્યા છીએ. તમે દરબારને ખબર પહોંચાડજો કે નાજા જોગિયાના ભગવાન આવી ગયા છે."

"તમે સ્વામિનારાયણ ? વાસુરખાચરને દર્શન દેવા આવ્યા છો ? મહારાજ ! ભલા થઈને પાછા જાઓ. વાસુર તો ભારે કલોંઠ અને ઘાતકી આદમી છે." ચારણે તરત જ કહ્યું.

"તેથી જ તો અમે આવ્યા છીએ ને ! એવા કલાંઠ અને ઘાતકી માણસને સીધા કરવા માટે તો અમે ગામોગામ ફરીએ છીએ. તમે આ સંદેશો તેને પહોંચાડી દેજો." એટલું કહી મહારાજ નાજાના ઘર તરફ વળ્યા.

'નાજા ! અમે આવી ગયા છીએ...'

મહારાજે નાજાની ડેલીનાં કમાડ ખખડાવ્યાં. અંદર ફળિયામાં ખાટલામાં બેસી આખી રાત નાજાએ ભજન કર્યું હતું. તેના મનમાં હતું કે મહારાજ તો સ્વતંત્ર છે. આવે ને ન પણ આવે, દેહની રક્ષા કરે ને ન પણ કરે. પણ આપણે હવે છેલ્લી પળ આવી છે એટલે ભજન કરીને મોત સુધારી લેવું. તેણે ખાટલામાં બેઠાં જ પૂછ્યું : "કોણ ભાઈ ! અત્યારે, આ મોટા પરોઢિયે ?"

"નાજા ! અમે સ્વામિનારાયણ ! તારો સાદ સાંભળીને દોડતા આવ્યા છીએ." મહારાજનો અવાજ સંભળાયો.

નાજાએ એ અવાજ ઓળખ્યો : "નક્કી મહારાજ, મારા પ્રભુ ! આવી ગયા !" તેણે દોડીને સાંકળ ખોલી ડેલીનું કમાડ ઉઘાડ્યું અને મહારાજને પોતાની સામે હસતા જોયા. તે મહારાજના પગમાં પડી ગયો : "પ્રભુ ! તમે આવી ગયા ? મારા શબ્દ તમારે કાને પોગી ગયા ?" નાજો ગદ્ગદ થઈને બોલવા લાગ્યો.

તેને બાથમાં ભીડીને મહારાજે કહ્યું : "કેમ ન પોગે નાજા ? તારા ભજનની કડેડાટી આ લોક તો શું પણ બ્રહ્માંડો ભેદીનેય અમારા કાન સુધી પહોંચી જાય. ત્યારે આ તો ક્યાં એવડું છેટું હતું ! તારી ભક્તિનાં પારખાં લેવાઈ ગયાં, નાજા !"

અમે ભક્તો માટે જ દેહ ધરીએ છીએ

મહારાજ થોડો વખત ફળિયામાં પલંગ ઉપર બિરાજ્યા. પછી નાજા ભક્તની સાથે નદીએ નહાવા પધાર્યા. નાહીને આવ્યા એટલે મહારાજે નાજા ભક્તને કહ્યું : "નાજા ! આખી રાત અમે અડવાણે પગે ચાલ્યા છીએ એટલે પગમાં કાંટા બહુ વાગ્યા છે. માટે તારી પાસે જો ચીપિયો હોય તો હળવેકથી બધા કાંટા પગમાંથી કાઢી નાખ."

નાજાએ મહારાજનાં બંને ચરણારવિંદ પોતાના ખોળામા લીધાં. ચરણારવિંદ જોયાં તો અસંખ્ય કાંટા તેમાં દેખાયા. નાજાનું અંતર દ્રવી ગયું. તેણે કહ્યું : "પ્રભુ ! મારા જેવા છેલ્લી કોટીના ભગત માટે આટલું દુઃખ આપે સહન કર્યું ! મારો દેહ પડી જાત તો હું ધામમાં જાત પણ આપે શા માટે આટલું કષ્ટ લીધું ?"

"અમારું એ અનાદિનું બિરુદ છે. અમે ભક્તો માટે જ દેહ ધરીએ છીએ." મહારાજે તેને માથે હાથ ફેરવતાં કહ્યું.

એટલામાં નાજાની માએ બ્રાહ્મણ પાસે બાજરાનો રોટલો અને કરલીની ભાજી તૈયાર કરાવી હતી, તે રસોઈ તૈયાર થઈ ગઈ. એટલે તેણે બહાર આવીને કહ્યું : "મહારાજ ! થાળ તૈયાર થઈ ગયો છે."

મહારાજ તરત જ ઊઠ્યા અને બાજોઠ ઉપર બિરાજ્યા. બ્રાહ્મણ થાળ તૈયાર કરીને લાવ્યો. મહારાજ નાજાના પ્રેમનો થાળ ભાવથી જમ્યા. નાજો સામે બેસીને પવન નાખતો હતો. મહારાજે ચળું કર્યું. પછી નાજાને કહ્યું : "નાજા ! તું જમી લે પછી આપણે દરબારમાં જઈએ."

વાસુરખાચરની ડેલીએ

નાજા જોગિયા મહારાજને લઈને વાસુરખાચરની ડેલીએ આવ્યા. વાસુરખાચર ડેલીની દોઢીએ ડાયરામાં બેઠા છે. ત્યાં નાજા જોગિયાએ તેને કહ્યું : "બાપુ ! મારા ભગવાન સ્વામિનારાયણ આવી ગયા. જુઓ, મારી ભેગા છે."

વાસુર આ સાંભળી તરત જ ઊભો થઈ ગયો. તેણે કહ્યું : "હા, મને ચારણે ખબર આપ્યા. નાજા ! તારા ભગવાન સાચા !"

એટલામાં મહારાજને કાને અંદરથી દુઃખની ચિચિયારીઓ સંભળાણી. તેમણે દરબારને પૂછ્યું : "બાપુ ! આ શું સંભળાય છે ?"

વાસુરે હસતાં હસતાં કહ્યું : "આ તો અમારા ગામમાં જે ચોરી કરે, અનીતિ કરે, અધર્મ કરે તેને સજા થઈ છે તેની વેદનાના અવાજ છે. એવા ગુનેગારોના અમે બંને ઢીંચણ ભાંગી નાખીએ છીએ."

"પછી ઘામાં પાટાપિંડી કરો કે નહીં ?" મહારાજે પૂછ્યું.

"એવું કરવું હોય તો પછી ઢીંચણ શું કામ ભાંગીએ ? એ તો ઘા ઉવળે, સડે, જીવડા પડે અને અંતે કમોતે મરે." વાસુરખાચરે ઠાવકાઈથી કહ્યું.

આ સાંભળી મહારાજને કંપારી છૂટી. તેમણે દરબારને કહ્યું : "બાપુ !

તમે રાજા છો તે ગુનેગારોને સજા કરો તે વાજબી છે. પણ રાજનીતિ પ્રમાણે જેવો ગુનો તેવી સજા હોવી જોઈએ. રાજનીતિ છોડી તમે તમારા મનમાં ફાવે એવી સજા કરો તેમાં તો તમેય પ્રભુના ગુનેગાર થાઓ છો. તે પાપની સજા તમારે યમરાજના દરબારમાં ભોગવવી પડશે.''

વાસુરખાચર આ સાંભળી લુચ્ચું હસ્યા. તેણે કહ્યું : ''તમે ભગવાન ભલે રહ્યા. પણ હું તમારો ભગત નથી. જમપુરીથી બીવે એ બીજા. એવી બીક રાખીએ તો રાજ ન થાય.''

મહારાજને આ સાંભળી તેની દયા આવી. તેમને લાગ્યું કે ઉપદેશથી આ માનશે નહીં. એને અનુભવ કરાવવો જ રહ્યો. તેમણે વાસુરખાચર તરફ દૃષ્ટિ કરી અને તરત તે ત્યાં ઢળી પડ્યા. તેના બધા ભેરુઓ આ જોઈ બી ગયા. તેમણે પૂછ્યું : ''બાપુને શું થયું ?''

''એ તો જમપુરીનો અનુભવ કરવા ગયા છે.'' મહારાજે શાંતિથી કહ્યું.

વાસુરખાચરનો દેહ ઉછળવા લાગ્યો. પોતે કાઠી રાજપૂત હતા, ધિંગાણામાં શૂરવીર હતા પણ આંહીં બૂમો પાડવા લાગ્યા. આ જોઈ ભાયાતો પણ ગભરાયા. તેમણે મહારાજને કહ્યું : ''આને બેઠો કરી દ્યો. શું જોઈ રહ્યા છો ?''

મહારાજે થોડી વારે તેના તરફ દૃષ્ટિ કરી અને તે જાગ્રત થઈ ગયો. તરત જ તે મહારાજનાં ચરણારવિંદમાં પડી ગયો. તેણે પ્રાર્થના કરતાં કહ્યું : ''પ્રભુ ! તમે ભગવાન સાચા, જમપુરી પણ સાચી. હું અનુભવ કરીને આવ્યો. આપે મને છોડાવ્યો ન હોત તો મોત પાસે જ દેખાતું હતું.''

વાસુરખાચર ભક્ત બને છે

મહારાજે કહ્યું : ''ખાચર ! આજે તમે જોયું તે ત્યાં ભોગવવું પડશે. એટલું જ નહીં, બીજા જન્મમાં પણ જેને જેને તમે ત્રાસ આજે આપ્યો છે તેનો ત્રાસ તમારે ખમવો પડશે, ભગવાનનો કાયદો ખોટો નથી. તેમાંથી કાં ભગવાન બચાવે કા તેના સંત બચાવે.''

વાસુરે હાથ જોડી દીધા. તેણે કહ્યું : ''પ્રભુ ! હું શું કરું ?''

''આ બધાયને હમણાં ને હમણાં છોડી દો. તેમને સૌને ઘેર પહોંચાડો. તેમની સારવાર કરવા બંદોબસ્ત કરો. પ્રજા તો રાજાનું સંતાન કહેવાય.''

વાસુરખાચરે અત્યાર સુધી આવા શબ્દો સાંભળ્યા ન હતા. તેને મહારાજના શબ્દોમાં કરુણાનો ભાવ દેખાયો. તેને લાગ્યું કે જેમ ભગવાન

ભક્તવત્સલ હોય તેમ રાજાએ પ્રજાવત્સલ થવું જોઈએ. તેણે કહ્યું : ''મહારાજ ! હમણાં જ બધો બંદોબસ્ત કરું છું.''

પછી મહારાજે કહ્યું : ''ચાલો, આપણે તેમને દર્શન દેવા જઈએ.'' એમ કહી મહારાજ ઊઠ્યા. વાસુરખાચર અને નાજા જોગિયા પણ ભેગા નીકળ્યા. મહારાજે સૌ કેદીઓને દર્શન દીધાં. મહારાજને જોઈ સૌનાં ખોળિયામાં જાણે પ્રાણ આવ્યા હોય તેમ સૌ સ્વસ્થ બની ગયા. મહારાજને હાથ જોડી દીધા. મહારાજ તેમની પાસે આવ્યા. સૌને માથે હાથ મૂક્યો. પછી બોલ્યા : ''તમારા રાજામા રામ વસ્યા છે. તમને સૌને આજે છોડી દેશે, ઘેર પહોંચાડશે, દવાદારૂ કરાવશે પણ રાજા રાજાના ધર્મ પાળે તેમ તમારે પણ પ્રજા તરીકે પ્રજાના ધર્મ પાળવા પડે. ચોરી, લૂંટ કે અનીતિનો ધંધો છોડી દેવો પડે. એટલું કરશો તો સૌ સુખી થશો.''

વાસુરખાચરને મહારાજના શબ્દોમાં ભગવાનપણું દેખાયું. તેને થયું કે જે રાજા તથા પ્રજા બંનેને ધર્મ તરફ વાળે, અનીતિ છોડાવે તે ભગવાન !

પછી મહારાજ ત્યાંથી નાજા જોગિયાની સાથે નીકળી ગયા. ઘેર આવી મહારાજે નાજા જોગિયાને કહ્યું : ''નાજા ! તારે આંહીંથી નીકળી જવું. ગઢડે આવીને અમારી પાસે રહેવું.'' નાજાએ હાથ જોડ્યા.

મહારાજ ત્યાંથી તે જ દિવસે ગઢડે જવા નીકળી ગયા.

ગઢપુરના અભય ભૂપ તથા તેમના પરિવારને મહારાજ વગર રહેવાતું નહીં. માછલીનું જીવન જળ હોય છે તેમ આ ભક્તોને પણ મહારાજ જીવન બની ગયા હતા. મહારાજ એ જાણતા હતા એટલે બધે ફરીને ગઢપુરમાં આવતા ત્યારે તેમને પણ ઘેર આવ્યા હોય તેવો સંતોષ થતો. ઉત્તમકુમારે પણ કિશોર અવસ્થા પ્રાપ્ત કરી હતી. તેમની તથા અભય ભૂપની મહારાજ પ્રત્યેની ભક્તિના ભાવ પ્રસંગે પ્રસંગે દેખાતા. સમગ્ર પરિવારે પોતાના ગરાસની તમામ ઊપજ શ્રીહરિ અને તેમના ભક્તોની સેવામાં અર્પણ કરી દીધી હતી. પોતાને માટે કાંઈ પણ ખર્ચ કરવામાં તેમને અત્યંત સંકોચ થતો. એવી તેમની નિરાળી ભક્તિથી શ્રીહરિ દૂર દેશાંતરથી ખેંચાઈને અહીં આવી જતા.

ગઢપુરમાં અન્નકૂટોત્સવ : આ.સં. ૧૮૬૭

જીવાખાચરને પણ મહારાજ પ્રત્યે પ્રેમ હતો પણ સાથે સાથે ગરાસમાં, સગાં-સંબંધીઓ પ્રત્યે પણ એટલી જ આસક્તિ હતી. આ લોકમાં તેમની

પ્રતિષ્ઠાનાં મૂળ તેમને ઊંડાં નાખવાં હતાં. તેથી તેમની ડેલીએ ડાયરો જામતો અને સત્સંગ સિવાયની પણ અનેક વાતો થતી.

શ્રીહરિ પધાર્યા એટલે તેમને ઇચ્છા થઈ કે એભલખાચર મોટા મોટા ઉત્સવો તેના આંગણે કરાવે છે તો મારે પણ એવો ઉત્સવ કરાવવો કે એભલના વૈભવને, સેવાને સૌ ભૂલી જાય. તેઓ મહારાજ પાસે આવ્યા ને હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આ અન્નકૂટનો ઉત્સવ આપ મારા દરબારમાં કરો. સૌ સંતો, હરિભક્તોને તેડાવો. ભારે ધામધૂમ કરવી છે."

મહારાજ તેનો ભાવ કળી ગયા. છતાં તેમને તેમની રીત પ્રમાણે સત્સંગ કરાવી, તેમના અંતરમાં સત્સંગ મુખ્ય થાય એ ભાવનાથી મહારાજે કહ્યું : "ભલે. તમારી ઇચ્છા છે તો બધે કંકોત્રીઓ લખી દઈએ."

જીવાખાચરને મહારાજે ઉત્સવ કરવાની હા કહી તેથી આનંદ થયો.

જીવાખાચરનો ગામમાં કડપ ઘણો હતો. તે ગામમાં નીકળતા ત્યારે કોઈ એલફેલ બોલી શકતું નહીં. ચોરચકાર ગામમાં ઢૂંકડા આવતા જ નહિ. તેમને જ્યારે દીપોત્સવી અને અન્નકૂટનો ઉત્સવ કરવાનું થયું ત્યારે તેમણે ગામના મહાજનને પોતાના દરબારમાં બોલાવ્યા. મહાજનને કોઈને સત્સંગ નહીં. સૌ શ્રાવક હતા પરંતુ મહારાજનાં દર્શનથી મહારાજ પ્રત્યે તેમને ભાવ હતો. છતાં મમત્વને લીધે પોતાના પંથને વળગી રહેતા.

જીવાખાચરના દરબારમાં સૌ આવ્યા ત્યારે જીવાખાચરે તેમને કહ્યું : "જુઓ, આપણા દરબારમાં દીપોત્સવી તથા અન્નકૂટના ઉત્સવો કરવાના છે. મહારાજે દેશાંતરથી સંતો, હરિભક્તોને તેડાવ્યા છે માટે તમારે સૌએ સેવામાં તૈયાર રહેવું પડશે."

જીવાખાચરનો બોલ ઉથાપવાની કોઈની તાકાત ન હતી. એટલે મૂંગે મોઢે સૌએ સંમતિ આપી. મહારાજે જ્યારે આ જાણ્યું ત્યારે તેઓ પ્રસન્ન થયા. આવા શુભ પ્રસંગે સંતો-હરિભક્તોની સેવા કરશે તો અંતરમાં નવીન સંસ્કારો જાગશે અને ભવિષ્યમાં પણ તેમને સત્સંગ થશે.

ઉત્સવ ઉપર કાઠી હરિભક્તો તથા અન્ય ભક્તો અને સંતો આવવા લાગ્યા. અલૈયાખાચર, સુરાખાચર વગેરે તો મહારાજની સાથે જ હતા. પરંતુ સોમલાખાચર વગેરે દરબારો આવી ગયા. શ્રીહરિએ સૌને કહેવરાવ્યું હતું કે દિવાળીને દિવસે વહેલી સવારે ઉન્મત ગંગામાં સૌએ સ્નાન કરવા જવાનું છે, કાઠી હરિભક્તો પોતાના ઘોડા શણગારીને તૈયાર રાખે. સવારી મોટી નીકળશે.

આખું ગઢપુર ગામ શણગારી દીધું હતું. ઘેર ઘેર આસોપાલવનાં તોરણો બંધાઈ ગયાં હતાં. દીપોત્સવના દીપથી દરેક ઘરના કાંગરા મણિમય મહેલની જેમ શોભતા હતા. લોકો ફૂલહાર લઈને મહારાજને વધાવવા પોતાની ઘરની અટારીઓમાં ઊભા હતા.

વહેલી સવારે મહારાજ પોતાના રોઝા ઘોડા ઉપર કાઠી ભક્તોના સંઘથી વીંટળાઈને જીવાખાચરના દરબારમાંથી નીકળ્યા. રોઝા ઘોડાને સોનેરી સાજથી શણગાર્યો હતો. કાઠી ભક્તો પણ પોતપોતાના અશ્વને શણગારી મહારાજની આજુબાજુ ચાલતા હતા. માણેકચોક પાસે થઈને ઉન્મત ગંગા જવાનો માર્ગ ભક્તોથી ચિક્કાર થઈ ગયો હતો. કેટલાકના હાથમાં પુષ્પો હતાં, હાર હતા, તોરા હતા, ગજરા હતા. કેટલીક સ્ત્રીઓ સોના-રૂપાની ઘૂઘરીઓ હાથમાં લઈને મહારાજને વધાવવા તૈયાર થઈને ઊભી હતી. વાજતે-ગાજતે શ્રીહરિ અશ્વ ઉપર નીકળ્યા. આગળ ઊંટ ઉપર નોબત વાગતી હતી. પદાતિઓ જય જય બોલતા હતા. લાડુબા, જીવુબા તથા અન્ય કુંવરીઓ, સુરપ્રભાદેવી, સોમબા ફૈબા, અમુલાબા વગેરે પાછળ રથમાં બેઠાં હતાં. દાદાખાચર અશ્વ ઉપર બેસી મહારાજની સાથે ચાલતા હતા. બંધૂકોના અવાજ થતા હતા. ભેરી અને શરણાઈઓના સૂરો ગાજતા હતા અને બંદીજનો છડી પોકારતા હતા. દેદીપ્યમાન બનેલી ગઢપુર નગરી આ દિવ્ય સવારીથી વધુ શોભવા લાગી.

ઉન્મત ગંગાને કિનારે સવારી અટકી. શ્રીહરિ અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. તેમણે સૌને આજ્ઞા કરી : "પ્રથમ અમે આ ગંગામાં સ્નાન કરીશું. પછી સંતો સંતોને ઓવારે સ્નાન કરશે. ત્યારબાદ હરિભક્તો તથા સ્ત્રીઓએ પોતપોતાની મર્યાદામાં રહીને સ્નાન કરવું. કોઈએ ધક્કામુક્કી કરવી નહીં."

આ પ્રમાણે શ્રીહરિનો આદેશ સાંભળી સૌ સંતો તથા ભક્તો શ્રીહરિની જળક્રીડાનાં દર્શન માટે ઉત્સુક બની ગયા.

શ્રીહરિ વસ્ત્રો ઉતારી સ્નાન કરવા ગંગામાં ઊતર્યા. બ્રહ્મચારી તથા અન્ય સેવકોએ શ્રીહરિનાં અંગ ચોળીને સ્નાન કરાવ્યું. પછી શ્રીહરિનું શરીર લૂછ્યું. સુવર્ણ જરીમય વસ્ત્રો પહેરાવ્યાં. ત્યારબાદ સૌ સંતો-હરિભક્તોએ સ્નાન કર્યું. તે પછી સવારી ગામમાં પ્રવેશી. બાપુ એભલખાચરે પ્રાર્થના કરી : "મહારાજ ! દરબારમાં પધારો. અમારે આ શુભ દિવસે આપની પૂજા કરી પાવન થવું છે."

શ્રીહરિ સમગ્ર સવારી સાથે એભલ બાપુના દરબારમાં પધાર્યા.

અભય રાજાએ તથા ઉત્તમકુમારે મહારાજની કેસરમિશ્રિત ચંદનથી પૂજા

કરી. અત્તરનો છંટકાવ કર્યો. મહારાજને જરિયાન વસ્ત્રો, આભૂષણો ધરાવ્યાં. પછી સૌ સંતની પૂજા કરી તેમને પણ વસ્ત્રો ઓઢાડ્યાં.

પછી મહારાજ જીવાખાચરના દરબારમાં પધાર્યા. અહીં રસોઈ તૈયાર હતી. મહારાજ માટે બ્રહ્મચારીએ થાળ તૈયાર કર્યા. મહારાજ જમ્યા. પછી સૌ સંતોને તથા હરિભક્તોને પોતે પીરસીને જમાડ્યા. જીવાખાચરે પણ મહારાજની કેસર, ચંદન, અત્તર વગેરે સામગ્રીઓથી પૂજા કરી. ભારે ભારે વસ્ત્રો અને કિંમતી આભૂષણો ભેટ ધર્યાં. પછી સૌ સંતોની પણ પૂજા કરી, સૌને વસ્ત્રો ઓઢાડ્યાં.

મહારાજ જીવાખાચરની સેવાથી પ્રસન્ન થઈ ગયા. તેમણે કહ્યું : "કૃપણનું ધન હોય તે પૃથ્વીમાં દટાયેલું રહે છે અને મર્યા પછી તે સર્પ થઈને તે ધનની આજુબાજુ ફર્યા કરે છે. જ્યારે અત્યારે આવા રાજવીઓ, ભક્તો પોતાનું સર્વસ્વ અમને અર્પણ કરી ભક્તિ કરે છે. જે મોક્ષના માર્ગમાં વપરાયું તે જ સાચી મૂડી ગણાય." એટલું કહીને મહારાજે પોતાને ધરાવેલાં કિંમતી વસ્ત્રો, આભૂષણો પાસે બેઠેલા મયારામ ભટ્ટને આપ્યાં. કાઠીઓ તે જોઈ અંદર અંદર એકબીજાની સામું જોવા લાગ્યા. તે જોઈ મહારાજ હસ્યા. પછી તેમણે કહ્યું : "સાંભળો, અમારી પાસે જે જે વસ્તુઓ આવે છે તે અમે મયારામ ભટ્ટને આપીએ છીએ. તેમની વૃત્તિમાં અમારી મૂર્તિ સિવાય બીજું કાંઈ જ નથી, તેથી આવાં ભારે ભારે વસ્ત્રો તથા આભૂષણોમાં તે લોભાય તેવા નથી. તે તો આ બધું અમારું જાણી ખંતથી સાચવવાની જ સેવા કરે છે."

મહારાજે આ ખુલાસો કર્યો તેથી કાઠી ભક્તો રાજી થયા.

મયારામ ભટ્ટનું બ્રહ્મચર્ય

થોડી વાર પછી મહારાજ બોલ્યા : "આ મયારામ ભટ્ટ કેવળ સારા સારા પદાર્થોમાં બંધાતા નથી એટલું નથી; પરંતુ નવયુવાન રમણીય સ્ત્રીમાં પણ તેમની વૃત્તિ કદી જતી નથી એવા એ બ્રહ્મચર્યનિષ્ઠ છે. વીસ વરસની ઉંમરે તે વિધુર થયા હતા. પછી લગ્ન કરવાની ઇચ્છા તો ન હતી પરંતુ સગાંવહાલાંના આગ્રહથી તેઓ રામાનંદ સ્વામીની આજ્ઞા લેવા લોજ આવ્યા. અહીં સ્વામી સભામાં ઉપદેશની વાતો કરતા હતા. મયારામ ભટ્ટે સ્વામીને બોલતાં સાંભળ્યા : 'કોઈ મુમુક્ષુએ લગ્નના ત્રણ ફેરા ફર્યા હોય પણ જો મારું માને તો હું એને ચોથો ફેરો ફરવા ન દઉં.' ફક્ત આ શબ્દો સાંભળી સ્વામીની મરજી તે સમજી ગયા."

✧

મહારાજને ગઢપુર અત્યત પ્રિય હતું. દાદાખાચરના દરબારમાં રહેવું મહારાજને ગમતું. વાસુદેવ નારાયણના ઓરડાની બાજુમાં જ દાદાખાચરનો ઓરડો હતો. બાપુ એભલખાચર તથા માતા સોમાદેવીની ગોદમાં ઊછરેલા આ મુક્તરાજને પોતાનું સામીપ્ય આપવા મહારાજ ઇચ્છતા. બંને ઓરડા વચ્ચેની દીવાલમાં એક દ્વાર હતું. મહારાજ ત્યાં બિરાજતા. વાસુદેવ નારાયણના ઓરડામાં પુરુષો બેસતા અને દાદાખાચરના ઓરડામાં સ્ત્રીઓ બેસતી. આ રીતે મહારાજનાં દર્શન બંને ઓરડામાં બેઠેલા ભક્તોને થતાં; છતાં સ્ત્રી-પુરુષની અને સાધુઓની મર્યાદા સચવાતી. મહારાજ પ્રાગજી દવે પાસે કથા વંચાવતા અને રોજ રાત્રે મોડે સુધી ધર્મ, જ્ઞાન, વૈરાગ્યની અને માહાત્મ્યે સહિત ભક્તિની વાતો કરતા.

મહારાજ સભામાં કથા દરમ્યાન સૌને સાવધાન રાખતા. જો કોઈને ઝોલું આવે તો મહારાજ તેને સોપારીનો બેરખો મારી જાગ્રત કરી દેતા. જેના પર બેરખો પડ્યો હોય તેણે બેરખો ઊભા થઈને મહારાજને આપી આવવાનો, આવો નિયમ કરેલો.

તે પ્રમાણે સ્ત્રીઓની સભામાં પણ જીવુબાને મહારાજે તે પ્રમાણે આજ્ઞા કરી હતી. કથા પ્રસંગમાં ઇન્દ્રિયોની વૃત્તિ એકાગ્ર થાય તો જ અંતઃકરણ સ્થિર થાય અને કથામૃતનો રસ અંતરમાં સ્થિર થાય.

"મહારાજ ! મને કેમ બેરખો માર્યો ?"

બ્રહ્માનંદ સ્વામીને કથા પ્રસંગમાં ઝોલું આવ્યું અને મહારાજે તેમને બેરખો માર્યો. સ્વામી ઝબકી ગયા ! તેમણે મહારાજને પૂછ્યું : "મહારાજ ! મને કેમ બેરખો માર્યો ?"

"તમે ઝોલું ખાધું એટલે. નિયમ એટલે નિયમ !" મહારાજે કહ્યું.

"પણ મહારાજ ! હું તો આંખો મીંચીને આપની મૂર્તિનાં કીર્તનોની પંક્તિઓ રચતો હતો !" સ્વામીએ તરત જ કહ્યું.

મહારાજ તેમની આ યુક્તિથી હસ્યા. તેમણે કહ્યું : "તો બોલો તે કીર્તનની પંક્તિઓ."

"એક શરત મહારાજ ! હું બોલાવું અને સભા ઝીલે." સ્વામીએ કહ્યું.

"બધું કબૂલ. પણ તમે શરૂ કરો." મહારાજે ઉતાવળથી કહ્યું.

બ્રહ્માનંદ સ્વામીએ શરૂ કર્યું :

તારો ચટક રંગીલો છેડલો, અલબેલા રે,
કાંઈ નવલ કસુંબી પાઘ, રંગના રેલા રે.

સભાએ આ પંક્તિ ઝીલી અને શીઘ્ર કવિ બ્રહ્માનંદ સ્વામીએ બીજી પંક્તિ રચી દીધી :

શિર અજબ કલંગી શોભતી, અલબેલા રે,
હૈડામાં રાખ્યા લાલ, રંગના રેલા રે.

સ્વામીની શીઘ્ર કવિત્વ શક્તિ ઉપર મહારાજ મુગ્ધ થઈ ગયા. તેમણે કહ્યું : "સ્વામી ! અમારી ભૂલ થઈ ગઈ. અમારા સ્વરૂપનું અખંડ ચિંતવન કરતા તમારા જેવા સાધુનો અપરાધ થઈ ગયો !"

સ્વામી એકદમ બોલી ઊઠ્યા : "ના રે, મહારાજ ! આપની કેમ ભૂલ થાય ? એ તો અમારો ચારણી જીવ તેથી એક પંક્તિ સભાજનો ઝીલે ત્યાં બીજી પંક્તિની રચના કરી દઈએ !" મહારાજ તેમના આ નિષ્કપટ ભાવથી પ્રસન્ન થયા.

નિયમનું બંધન સૌએ સ્વીકારવું જોઈએ

બીજે દિવસે મુક્તાનંદ સ્વામીને ઝોલું આવ્યું. મહારાજે તેમના ઉપર પણ બેરખો ફેંક્યો. સ્વામી ઝબકી ગયા ! એકદમ ઊભા થઈ મહારાજને પગે લાગી બેરખો આપી આવ્યા. મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! માફ કરજો. તમે તો અમારા પણ ગુરુ છો, પણ જો અમે પક્ષપાત કરીએ તો દૃઢતાપૂર્વક કોઈ નિયમ પાળે નહીં."

સ્વામીએ કહ્યું : "મહારાજ ! નિયમનાં બંધનો સૌએ, પછી એ નાનો હોય કે મોટો, સ્વીકારવા જ જોઈએ. તો જ મુમુક્ષુ જીવોનું કલ્યાણ થાય."

મહારાજ આ સાંભળી રાજી થયા.

સ્વપ્નમાં પણ બ્રહ્મચારી અમારી સેવા કરે છે

તે સાંજે મુકુન્દ બ્રહ્મચારી સભામાં ઊંઘવા માંડ્યા. મહારાજની બાજુમાં જ તે બેઠા હતા. સૌની નજર તેમના ઉપર પડી. ઘસઘસાટ ઊંઘતા બ્રહ્મચારીના નાકમાંથી જોરદાર અવાજ નીકળવા લાગ્યો. તેથી સભામાં વિક્ષેપ થતો દેખાયો. બ્રહ્માનંદ સ્વામીએ તરત જ કહ્યું : "મહારાજ ! તમારા સેવક તમારી બાજુમાં જ ગાઢ નિદ્રાનું સુખ લે છે. તેમને માથામાં બેરખો લગાવો એટલે નિયમ સચવાય."

મહારાજે કહ્યું : "તે તો અમારી સેવામાં છે. ઊંઘતા નથી."

બ્રહ્માનંદ સ્વામી હસ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! આખી સભા સાક્ષી છે. પણ આપ ભગવાન છો, સત્ય સ્વરૂપ છો, એટલે જૂઠું બોલો છો એવું તો અમારાથી કહેવાય નહીં. પરંતુ પક્ષપાત કરો છો એવું તો કહેવાય !"

મહારાજે કહ્યું : "હમણાં તમને અમારા વચનની પ્રતીતિ થશે." એમ કહી મહારાજે બ્રહ્મચારીના માથામાં બેરખો માર્યો. બ્રહ્મચારી ઝબક્યા અને તરત જ મહારાજને ગાદી સોતા ઊંચકીને દોડ્યા. સભા આશ્ચર્યવત્ આ જોઈ રહી. પછી મહારાજે કહ્યું : "બ્રહ્મચારી ! આ શું કરો છો ?"

મહારાજના આ શબ્દોથી બ્રહ્મચારી જાગી ગયા. તે ભોંઠા પડી ગયા ! પણ તરત જ તેમણે કહ્યું : "મહારાજ ! જ્યાં આપ વિરાજમાન થયા હતા ત્યાં એકાએક આગ લાગી એવું મને દેખાયું. એટલે આપને લઈને હું દોડ્યો."

મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! સાંભળ્યું ? સ્વપ્નમાં પણ બ્રહ્મચારી અમારી સેવા જ કરી રહ્યા હોય છે !"

મહારાજ સંતોને મૂમતી બંધાવે છે

બીજે દિવસે મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! આપણે અહીં ગઢપુરમાં પાંચ-છ વર્ષથી છીએ. હરિભક્તોના સંઘ અહીં ઉત્સવ ઉપર હજારોની સંખ્યામાં આવે છે, સત્સંગ ખૂબ વિસ્તરતો જાય છે પરંતુ આ ગઢડાના વાણિયાઓને જરાય રંગ લાગતો નથી."

બ્રહ્માનંદ સ્વામી આ સાંભળી વિચારમાં પડી ગયા. મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! તમે બુદ્ધિશાળી છો એટલે તમને પૂછીએ છીએ કે આપણા સાધુઓને જો મૂમતીઓ બંધાવીએ તો આ બધા વણિકોને આપણો ગુણ આવે ?"

બ્રહ્માનંદ સ્વામી આ સાંભળી વિચારમાં પડી ગયા. તેમણે કહ્યું : "મહારાજ ! પ્રયોગ કરવા જેવો છે."

મહારાજે તરત જ કહ્યું : "બોલાવો હરજી ઠક્કરને."

એટલામાં, મહારાજ પાસે રેશમી રૂમાલ હતો તેને મહારાજ ફાડવા લાગ્યા. એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! રાખો. હમણાં હરજી ઠક્કર આવે છે."

"પણ અમારે તમને તથા આ નિત્યાનંદ સ્વામીને અમારા આ પ્રસાદીના રૂમાલની મૂમતીઓ આપવી છે." એમ કહી મહારાજે એક કટકો પ્રથમ બ્રહ્માનંદ સ્વામીને આપ્યો, પછી બીજો નિત્યાનંદ સ્વામીને આપ્યો, ત્રીજો ભાઈ

રામદાસજીને આપ્યો અને ચોથો કટકો આત્માનંદ સ્વામીને આપ્યો.

એટલામાં હરજી ઠક્કર આવી ગયા. મહારાજે તેમને કહ્યું : "સફેદ કાપડ મંગાવી ચાર આંગળ પહોળો એક એક ચીરો કરી સૌ સાધુઓને આપો. આજે સૌને અમારે મુમતિયું બંધાવવી છે."

મહારાજે આ પ્રકરણ શરૂ કર્યું તેથી સૌ વિચારમાં પડી ગયા ! પછી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "તમે આ મૂમતી બાંધી બજાર સોંસરા નીકળજો." પછી આત્માનંદ સ્વામીને કહ્યું : "તમે બોટાદ જાઓ." પછી કરીમ ભગતને કહ્યું : "તમે આ સ્વામીની પાછળ પાછળ જાઓ. વાણિયા શું બોલે છે તે અમને આવીને કહેજો."

સાંજે કરીમ ભગત મહારાજ પાસે આવ્યા અને કહ્યું : "મહારાજ ! વાણિયા બધા બહુ રાજી થયા. બધા વાતુ કરે છે કે સ્વામિનારાયણે તેના સાધુઓને મૂમતીઓ બંધાવી તે બહુ સારું કર્યું. બધાને બહુ ગુણ આવ્યો."

પરંતુ પાંચ-છ દિવસ બાદ મહારાજે આત્માનંદ સ્વામીને જ્યારે પૂછ્યું ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! અમને દેખીને બીજા ઘણા લોકો જાણે અપશુકન થતા હોય તેમ સમજી પાછા વળી જાય છે."

આ સાંભળી મહારાજે કહ્યું : "તો તો મૂકો એ વાત. જેનાં દર્શને કરીને જીવનું કલ્યાણ થાય, તેનાં દર્શને જીવનું ભૂંડું થાય તેવો વેશ ન રાખવો." એમ કહી મૂમતીઓ છોડાવી દીધી.[૨૮]

✧

મહારાજ ગઢડાથી સૌ સંતો તથા પાર્ષદોને લઈને ઝીંઝાવદર પધાર્યા. મહારાજની ઇચ્છા હતી જેતલપુર જવાની. ત્યાં રામદાસભાઈએ તથા મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરેએ યજ્ઞનો સામાન તૈયાર કરી રાખ્યો હતો. મહારાજ તો શું થવાનું છે તે જાણતા હતા, પરતુ સતોનો સકલ્પ હતો એટલે તેમને રાજી કરવા તેમણે જેતલપુર તરફ જવા આદર્યું હતું.

૨૮. બ્રહ્મસંહિતાના આધારે.

ઉદ્‌ગીથ ૫



કરિયાણામાં ફૂલદોલ ઉત્સવ

(આ.સં. ૧૮૬૭, ઈ.સ. ૧૮૧૧)

મહારાજ અલૈયાખાચરના દરબારમાં ઊતર્યા. અહીં સર્વે કાઠી તથા સત્સંગીઓને તેડાવ્યા. અલૈયાખાચરે સૌની સારી સરભરા કરી. પછી મહારાજે સૌને કહ્યું : "આપણે અહીંથી જેતલપુર જવું છે પણ ચાલીને જવું છે. માટે જે ચાલી શકે એવા હો તે અમારી સાથે આવો. ક્યારેક દોડવું પણ પડશે."

આ સાંભળી કાઠી ભક્તો સૌ તૈયાર થઈ ગયા. બધાએ પોતાના ઘોડાઓ ઘેર મોકલાવી દીધા અને સૌ મહારાજ સાથે ચાલતા જવા તૈયાર થઈ ગયા.

મહારાજ ઝીંઝાવદરથી નીકળી અડવાળ પધાર્યા. અહીં તુળજારામને ઘેર ઊતર્યા. રસોઈ જમીને તરત જ નીકળ્યા. કોઠ્યની બજારમાં થઈ ધોળકે પધાર્યા. મહારાજના આગમનથી અહીંના ભક્ત રેવાશંકર રાજી થઈ ગયા. તેમણે બ્રાહ્મણોને બોલાવી મહારાજની સાથે આવેલા સંતો તથા કાઠી ભક્તો માટે રસોઈ તૈયાર કરાવી દીધી. મહારાજ માટે પોતે જાતે જ રસોઈ કરી. મુકુન્દ બ્રહ્મચારી ભાદરાથી ગઢડે આવી ગયા હતા અને મહારાજની સેવામાં જોડાઈ ગયા હતા.

ધોળકામાં જમીને મહારાજ તથા કાઠી ભક્તોનો સંઘ ત્યાંથી નીકળ્યો. સૌ રાત્રે જેતલપુર પહોંચી ગયા.

અહીં મહારાજ જૂના પાદશાહી મહેલમાં ઊતર્યા. મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીનાં મંડળો અહીં અગાઉથી યજ્ઞની તૈયારીઓ કરવા આવી ગયાં હતાં. મહારાજે આસોપાલવના વૃક્ષ નીચે સભા કરી. સૌ સંતો સભામાં આવી ગયા. મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીએ યજ્ઞ અંગે જે તૈયારીઓ કરી રાખી હતી તે બધા સમાચાર મહારાજને આપ્યા. આનંદાનંદ સ્વામીને મહારાજે યજ્ઞમાં જોઈતી સામગ્રીઓ વિષે પૂછ્યું : "યજ્ઞમંડપ, કુંડ, વેદી વગેરે જ્યાં કરવાનાં હોય તે ભૂમિ સ્વચ્છ કરાવી લીધી છે કે નહીં ?" સીધાની સામગ્રી

કેટલી તૈયાર છે તે પણ પૂછ્યું.

મહારાજે બધે ફરીને જોઈ લીધું. યજ્ઞ માટેની બધી જ તૈયારીઓ તડામાર ચાલી રહી હતી. સીધા-સામગ્રીનાં ગાડાં ભરીને હરિભક્તો ગામોગામથી આવ્યે જતાં હતાં. તેમને ઇચ્છા હતી મહારાજનાં દર્શનની, મહારાજની પૂજા કરવાની, તેમને ભેટ ધરવાની. તેઓ પણ બધા સંઘ સાથે આવી રહ્યા હતા. સૌનો ઉત્સાહ ખૂબ જ હતો.

ઉમરેઠમાં

મહારાજે સંતોને કહ્યું : ''યજ્ઞનો આરંભ થોડા દિવસ પછી થવાનો છે તો અમે અહીંથી ઉમરેઠ તથા આજુબાજુનાં ગામોમાં ફરી આવીએ. ત્યાંના હરિભક્તોને દર્શન દઈ યજ્ઞમાં આવવાનું પણ કહીએ.'' એ પ્રમાણે કહી મહારાજ ત્યાંથી પાંચ સાધુ તથા પાંચ પાર્ષદો લઈને નીકળ્યા અને ઉમેરઠ પધાર્યા. નંદુભાઈને ત્યાં ઊતર્યા. નંદુભાઈને કહ્યું : ''અત્યારે જે કાંઈ રસોઈ કરવી હોય તે કરો, સવારે અમારે ચાલવું છે.''

નંદુભાઈએ હાથ જોડી કહ્યું : ''મહારાજ ! એવડી ઉતાવળ કાં કરો ? સૌને લાભ લેવા દ્યો.''

મહારાજે કહ્યું : ''જેતલપુરમાં યજ્ઞ થાય છે ત્યાં સૌ આવજો.'' એટલામાં સૌ હરિભક્તો મહારાજનાં દર્શન કરવા આવી ગયા.

ઉમરેઠ અને પાણસોરામાં બે સ્વરૂપે

મહારાજ બીજે દિવસે નરભેરામ દવેને ત્યાં પધાર્યા. ત્યાંથી રૂપરામભાઈને ઘેર જતાં રસ્તામાં જમનાબાઈ મળ્યાં. તેણે મહારાજને કહ્યું : ''મારે ઘેર જમ્યા સિવાય જવાનું નથી. હું રસોઈ તૈયાર કરું છું.''

મહારાજ તે સાંભળી હસ્યા પણ કાંઈ જવાબ આપ્યો નહીં. રૂપરામભાઈને ઘેર જઈ, થોડી વાર વાતો કરી ત્યાંથી મહારાજ પાણસોરા જવા નીકળ્યા. હરિભક્તો વળાવવા ગયા. રસ્તામાં એક ચોતરો આવ્યો. મહારાજ પ્રથમ નીલકંઠ સ્વરૂપે પધાર્યા હતા ત્યારે આ ચોતરે બિરાજ્યા હતા. ત્યાં થોડી વાર બિરાજ્યા અને તે ચોતરાનું માહાત્મ્ય સૌને કહ્યું. પછી હરિભક્તોને પાછા વાળીને પાણસોરા જવા નીકળી ગયા.

મહારાજને વહેલા નીકળવું હતું તેથી જમનાબાઈએ ઝડપથી રસોઈ

તૈયાર કરી દીધી હતી. પણ તેને ખબર મળ્યા કે મહારાજ તો પાણસોરે પધારી ગયા છે એટલે તે રડવા લાગ્યાં. તેણે કહ્યું : "મહારાજ પાછા આવીને મારે ઘેર જમશે તો જ હું જમીશ, નહીં તો હું અન્ન વિના દેહ પાડી દઈશ."

તેની આ હઠથી સૌ મૂંઝાયા. નરભેરામે તેને ધીરજ આપીને કહ્યું : "અમે પાણસોરાથી મહારાજને પાછા તેડી લાવીએ છીએ. તું ચિંતા કરીશ નહીં."

પછી તેઓ તથા બે-ત્રણ હરિભક્તો પાણસોરા ગયા. પાણસોરા આવી આ હરિભક્તોએ મહારાજને વાત કરી કે "જમના તો આવી હઠ લઈને બેઠી છે."

એટલે મહારાજે સૌને કહ્યું : "ચાલો પાછા ઉમરેઠ, ત્યાં જમવાનું છે."

એટલે પાણસોરાના હરિભક્તોએ કહ્યું : "મહારાજ ! અહીં પણ તમામ રસોઈ તૈયાર છે."

મહારાજે કહ્યું : "તો આપણે અહીં પણ જમશું." એમ કહી ત્યાંથી ઉમેરેઠ જવા નીકળી ગયા. પાણસોરાના હરિભક્તો મહારાજને વળાવી ગામમાં ગયા. ત્યાં તેમણે મહારાજને જોયા. કંઠમાં હાર પહેર્યા હતા અને પધરામણીએ પધારતા હતા. તેમને આશ્ચર્ય થયું કે આ શું ?! મહારાજ તો આપણી દેખતાં ઉમરેઠ પધારી ગયા હતા ને ! તેમણે ઉમરેઠ એક માણસ મોકલ્યો.

મહારાજ ઉમેરઠ પધાર્યા. જમનાને ત્યાં જમ્યા. તેનો ભાવ પૂરો કર્યો. પછી હરિભક્તોને ઘેર પધરામણીએ પધાર્યા. ત્યાં પાણસોરાથી તે હરિભક્ત આવ્યો. તેણે મહારાજને અહીં જોયા. તેને આ જોઈ આશ્ચર્ય થયું ! તેણે કહ્યું : "મહારાજ તો પાણસોરામાં પણ હરિભક્તોને ઘેર ઘેર પધરામણીએ પધારે છે અને અહીં પણ બિરાજે છે !"

આથી ઉમરેઠના હરિભક્તોને મહારાજની આ દિવ્ય લીલાનાં દર્શન કરવાની ઇચ્છા થઈ. તેમાંના કેટલાક પાણસોરા ગયા. મહારાજ ત્યાં પણ હતા !

મહારાજ ત્યાંથી ડડુસર પધાર્યા.

મહારાજ ડડુસરમાં ભક્તરાજ ગલુજીને ઘેર

ડડુસરના પાદરમાંથી ભક્તરાજ ગલુજીને મહારાજે સંદેશો મોકલ્યો : "દર્શને આવી જાઓ. અમારે ઉતાવળ છે."

ગલુજીને આ સંદેશો મળ્યો પણ તે જ વખતે તેની મા ધામમાં ગયાં. આથી ગલુજી મૂંઝવણમાં પડી ગયા. છતાં એક જ ક્ષણમાં તેણે મૂંઝવણનો ઉકેલ આણી દીધો. ડોશીને ઝોળીમાં બાંધીને માળિયામાં મૂકી દીધાં. પછી તરત જ

સ્નાન કરી લીધું. હજુ સંબંધીઓને ખબર આપ્યા નહોતા. મહારાજનાં દર્શને તે દોડ્યા. મહારાજ ગલુજીને દોડતા આવતા જોઈ હસવા લાગ્યા. ગલુજી આવ્યા અને મહારાજના પગમાં પડી ગયા. મહારાજને કહ્યું : "પ્રભુ ! આપ પધાર્યા છો, જમવા ટાણું છે તો ઘેર પધારો. હમણાં બ્રાહ્મણ પાસે રસોઈ તૈયાર કરાવી નાખું. જમાડ્યા વિના તો જવા દઈશ નહીં."

મહારાજે મુક્તાનંદ સ્વામી તરફ જોયું : "સ્વામી ! શું કરશું ?"

તેમણે કહ્યું : "મહારાજ ! એમનો ભાવ છે તો જમીને જઈએ."

મહારાજે ગલુજીને કહ્યું : "તમે જાઓ, રસોઈ તૈયાર થાય એટલે અમને તેડવા આવજો."

ગલુજી ઘેર આવ્યા. રસોડું ધોઈ નાખ્યું. બ્રાહ્મણને બોલાવ્યો અને રસોઈ ચાલતી કરી દીધી. થોડી વારે રસોઈ તૈયાર થઈ ગઈ અને ગલુજી દોડતા મહારાજને તેડવા ગયા.

મહારાજ અને સંતો તથા પાર્ષદો આવ્યા. મહારાજ હાથ-પગ ધોઈ બાજોઠ ઉપર જમવા બિરાજ્યા. બ્રાહ્મણે મહારાજને પીરસ્યું. સંતો તથા પાર્ષદો મહારાજનાં દર્શન કરતા સામે બેઠા. મહારાજની જમવાની ઝડપ પણ જબરી. મુક્તાનંદ સ્વામી આશ્ચર્યવત્ મહારાજની ક્રિયા જોઈ રહ્યા. આટલી ઝડપ મહારાજે કદી કરી ન હતી. પછી મહારાજે ચળું કરતાં જ સંતો-પાર્ષદોને કહ્યું : "ઝટ જમવા બેસી જાઓ. આપણે મોડું થાય છે."

સૌને જમવા બેસારી દીધા. ગલુજીએ બ્રાહ્મણ પાસે સૌને સારી રીતે પીરસાવ્યું. મહારાજે પણ કહ્યું : "સંતો ! સહુ ખૂબ જમજ્યો. ગલુજીનો ભાવ જબરો છે. આજની રસોઈમાં જાણે અમૃત ભર્યું છે !" મહારાજે સૌને ખૂબ આગ્રહ કર્યો.

જમી રહ્યા પછી મહારાજે ગલુજીને પૂછ્યું : "અમે જઈએ ?"

તેણે તરત જ હાથ જોડ્યા : "હા મહારાજ ! પધારો." એમ કહીને પોતે પણ મહારાજને વળાવવા સાથે ગયા.

પાદરેથી મહારાજે ગલુજીને કહ્યું : "ગલુજી ! હવે જાઓ. તમારું કામ બાકી છે તે કરો." ગલુજી પગે લાગીને ઘર તરફ વળ્યા.

રસ્તામાં મુક્તાનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું : "મહારાજ ! આપે ગલુજીને પાછા વાળતાં બાકી કામ પૂરું કરવાનું જે કહ્યું તે સમજાયું નહીં !"

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "સ્વામી ! ગલુજીએ તો

આજે એવું કામ કર્યું છે જે બીજા કોઈથી થઈ ન શકે.''

મુક્તાનંદ સ્વામી હજુ ન સમજ્યા. તેઓ વિચાર કરવા લાગ્યા : ગલુજીએ સૌને જમાડ્યા. રસોઈ તો સાદી હતી, પણ સ્વાદ ઘણો હતો. પણ રસોઈમાં એવી કોઈ નવીનતા ન હતી.

સ્વામીને વિચાર કરતા જોઈ મહારાજે કહ્યું : ''સ્વામી ! શંકા તો નહીં થાય ને ?'' એમ કહી બોલ્યા : ''આપણે ગલુજીને સમાચાર મોકલ્યા તે જ વખતે તેની ડોશી ધામમાં ગઈ. ગલુજીએ ડોશીના દેહને ચોફાળમાં બાંધી માળિયે ચડાવી દીધો. પછી સ્નાન કરી આપણી પાસે આવ્યા અને આપણને જમવા માટે આગ્રહ કર્યો. પછી ઘેર જઈ રસોડું ધોઈ નાખ્યું, પાણિયારું પણ ધોઈ નાખ્યું. બેડાં ઉટકાવીને નવું પાણી ભરાવ્યું અને બ્રાહ્મણને બોલાવી રસોઈ કરાવી આપણને જમાડ્યા.''

આ સાંભળી સ્વામીને આશ્ચર્ય થયું ! ગલુજીનો મહારાજ પ્રત્યે આટલો બધો ભાવ ! આવી જબ્બર નિષ્ઠા ! મહારાજ પધાર્યા એટલે લૌકિક ધર્મનાં બંધન તેને આડાં ન આવ્યાં.

મહારાજે કહ્યું : ''સ્વામી ! તેના મનમાં વિચારો આવતા હતા કે ડોશી તો ધામમાં ગયાં તે હવે પાછાં આવવાનાં નથી. પરંતુ મહારાજ અને આ સંતો ફરી ક્યારે આવશે ? માટે આ લાભ લઈ જ લેવો.''

મુક્તાનંદ સ્વામી તથા સાથેના સંતો-પાર્ષદોનું શિર ગલુજીની નિષ્ઠા અને ભક્તિ જોઈ નમી ગયું !

કઠલાલનાં રામબાઈ મહારાજનો અંગૂઠો પાણીના ઘડામાં બોળાવે છે

મહારાજ ડડુસરથી નીકળી સીધા કઠલાલ પધાર્યા. મહારાજ ગામ સોંસરવા નીકળ્યા. કેટલાકે કહ્યું : ''મહારાજ ! બહારથી જ નીકળી જઈએ.'' મહારાજ કાંઈ બોલ્યા નહીં.

કઠલાલમાં રામબાઈ એક જ સત્સંગી થયાં હતાં. તે વૃદ્ધ હતાં છતાં મહારાજનાં દર્શન કરવા મહારાજ ગુજરાતમાં જ્યારે વિચરતા હોય ત્યારે જતાં. ઘણા વખતથી મહારાજનાં દર્શન તેને થયાં ન હતાં. તેથી તેને સંકલ્પ થયા કરતો હતો કે ''મહારાજ ક્યાં હશે ?'' પણ તરત જ મનમાં થયું : ''અરેરે, મને ડોશીને, અહીં કઠલાલમાં સત્સંગી તરીકે એકલી અટૂલીને મહારાજના ખબર કોણ આપે ? ગામમાં મારે કહ્યે કોઈ સત્સંગીયે થતું નથી. સૌ મને

અબુધ, અજ્ઞાની અને ગાંડી કહે છે.''

તે ગામના પાદરેથી પાણીનું બેડું ભરીને આવતી હતી ત્યારે તેના મનમાં આ સંકલ્પોની હારમાળા ચાલતી હતી. તે ઘરના આંગણામાં પહોંચી અને મહારાજના ઘોડાના ડાબલા તેને સભળાયા. તેને તો ભણકારા જ વાગતા હતા કે ''મહારાજ આવ્યા, મહારાજ આવ્યા.'' તેણે માથા ઉપરના બેડાને બે હાથે મજબૂત પકડીને પાછળ જોયું. ત્યાં તો મહારાજ ઘોડા ઉપર તેની પાછળ જ ઊભેલા ! સંતો તથા પાર્ષદો થોડા છેટે ઊભા હતા.

રામબાઈના આનંદનો પાર ન રહ્યો. તેનાથી બોલાઈ ગયું : ''મહારાજ !''

મહારાજ હસ્યા. પછી કહ્યું : ''હા, રામબાઈ ! અમે. તમે અમને સંભારતાં હતાં ને ?! તમારા મનમાં થતું હતું ને કે મહારાજ ક્યાં હશે ? પણ અમે તો અમારા ભક્તને માટે બધે જ છીએ. એ અમને સંભારે અને અમે હાજર થઈએ. તમારા અંતરનો અવાજ અમારા કાન સુધી પહોંચી ગયો !''

રામબાઈ આ સાંભળી રહ્યાં હતાં. તેની આંખો અશ્રુભીની થઈ ગઈ. તેણે બેડું નીચે ઉતાર્યું. પછી હાથ જોડી કહ્યું : ''પ્રભુ ! આપ તો અમારું જીવન છો. રાત-દહાડો હું આપના નામની માળા ફેરવું છું. આપને યાદ કરું છું. આ ગામમાં આપનું નામ સાંભળવા મળે એવું કોઈ ઘર નથી. બધા જ કુસંગી, અબુધ, વહેમમા અને જડતામા ફસાયેલા; દેવ-દેવી, મંત્ર-જત્ર, ભૂવા-જાગરિયાની પાછળ ફરનારા. કોઈનામાંય એવા સંસ્કાર નથી કે આ સત્સંગનો તેમને પાશ લાગે, આપના સ્વરૂપનો મહિમા સમજે.''

મહારાજ તેની વાત સાંભળી રહ્યા હતા. મહારાજે કહ્યું : ''રામબાઈ ! એ તો પૂર્વના સંસ્કાર હોય ત્યારે આ સત્સંગ ઓળખાય. તમે ભજન કરી આનદમા રહો.''

અમારી ક્રિયા મિથ્યા કેમ હોય ?

રામબાઈને એકાએક વિચાર સૂઝ્યો. તેણે બેડા ઉપરનો ઘડો ઉપાડ્યો, મહારાજના ચરણ પાસે લાવી તેણે કહ્યું : ''પ્રભુ ! આ ઘડામાં આપ આપનો અંગૂઠો બોળો. તે પ્રસાદીનું થાય.''

મહારાજે પેગડામાંથી પગ કાઢ્યો. રામબાઈએ મહારાજની મોજડી કાઢી. મહારાજે પોતાના ચરણનો અંગૂઠો ઘડામાં બોળ્યો. પછી રામબાઈને પૂછ્યું : ''હવે આ પ્રસાદીનાં પાણીનું શું કરશો ?''

રામબાઈએ ધીરે રહીને કહ્યું : "મહારાજ ! આ ગામનો કૂવો છે તેમાં આ પાણી રેડી દઈશ. આખા કૂવાનું પાણી પ્રસાદીનું થઈ જશે. પછી ગામના માણસો તે પાણી પીશે ને સત્સંગી થઈ જશે. બાકી મારી વાત તો કોઈ સાંભળતું નથી."

મહારાજે પૂછ્યું : "રામબાઈ ! શાથી જાણ્યું કે બધા સત્સંગી થઈ જશે ?"

તેણે તરત જ કહ્યું : "પ્રભુ ! આપનો સ્પર્શ થાય, આપની દૃષ્ટિ પડે, આપના પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધમાં જે કોઈ આવે તે બધા સત્સંગી થાય છે તો ગામના માણસો આ પ્રસાદીનું પાણી પીને સત્સંગી કેમ નહીં થાય ?"

મહારાજ તેની સમજણ જોઈ રાજી થયા. તેમણે ઘોડાનું ચોકડું ખેંચ્યું અને ઘોડાએ ગતિ કરી. મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! જેમ જેમ સાથે ફરીએ છીએ તેમ સમજાય છે કે આપની કોઈ ક્રિયા અકારણ હોતી નથી."

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "અમારું સ્વરૂપ જ સનાતન છે. તો અમારી ક્રિયા મિથ્યા કેમ હોય ?"

મુક્તાનંદ સ્વામીને સત્ય સમજાયું.

રસ્તામાં મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! આ ડોશીને સત્સંગ કરીને બેસી રહેવું ગમતું ન હતું. આ દિવ્ય સત્સંગનો જે લાભ તેને મળ્યો છે તે બીજાને પણ તેને આપવો છે. પોતાનું જ કરીને પછી જે હાથ જોડી, મનમાં સંતોષ માની બેસી રહે તેથી પણ જે પોતાને મળ્યું છે તે અન્યને પણ આપવાની ભાવના રાખે તેમાં ખરો પરોપકાર છે. અમારા પ્રસાદીના પાણીનો તેને મહિમા છે, તે પાણી તે ગામના કૂવામાં નાખશે, ગામ આખું તે પાણી પીને સત્સંગી થઈ જશે. તેના સંકલ્પમાં કેટલું બળ છે !"

તરત જ મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "હા, મહારાજ ! આપના પ્રસાદીના પાણીનો પ્રતાપ પ્રસરશે."

"તે તો ખરું. પરંતુ ભાવના કે મહિમા વગર પ્રસાદી લે તો તે ફળે નહીં. પ્રસાદી લેનારની શ્રદ્ધા અને આપનારની ભાવના બંને ઉપર પ્રસાદીના ફળનો આધાર છે." મહારાજે સમજાવ્યું.

વાત વાતમાં જેતલપુર આવી ગયું.

જેતલપુરના યજ્ઞમાં વિઘ્ન પડે છે

મહારાજ જેતલપુર પધાર્યા. અહીં તો હરિભક્તોના સંઘ ઉભરાયા હતા. ગઢપુરથી જયા, લલિતા તથા ઉત્તમકુમાર પણ આવી ગયાં હતાં. બીજા

કાઠીઓ, હરિભક્તો, સંતોના સંઘ પણ આવ્યે જતા હતા. મહારાજ આટલો મોટો સંઘ જોઈને વિચાર કરવા લાગ્યા. એટલામાં અમદાવાદના હરિભક્તો મહારાજ પાસે આવ્યા. મહારાજને હાથ જોડી વિનંતી કરી : "મહારાજ ! હજુ યજ્ઞના આરંભને ચાર દિવસની વાર છે તો આપ શ્રીપુર પધારો."

મહારાજ તે સાંભળી રહ્યા. તેમના મુખારવિંદ ઉપર વિષાદની ઘેરી છાયા છવાઈ ગઈ. મહારાજે તેમને કહ્યું : "તમે તો જાણો છો કે પેશ્વાનો સૂબો આપણો દ્વેષી છે, આપણને શહેરમાં ન આવવાનો તેણે હુકમ કર્યો છે. અમે આવીએ એટલે તે ઉપાધિ કરે જ. માટે હમણાં સંકલ્પ માંડી વાળો."

એટલું કહીને પછી ધીરે રહીને બોલ્યા : "અમને તો લાગે છે કે આ યજ્ઞ પણ તે નિર્વિઘ્ને થવા દેશે નહીં. યજ્ઞ થાય કે ન થાય તેનું તો કાંઈ નહીં; પણ આપણે તો આ દર્શન થઈ ગયાં, આ સ્પર્શ થઈ ગયો, આ સંબંધ થઈ ગયો તે જ મોટો યજ્ઞ !"

મહારાજની વાત સાંભળી હરિભક્તો પણ ઉદાસ થઈ ગયા. તેમને સૌને લાગ્યું કે મહારાજ બોલ્યા છે એટલે જરૂર વિઘ્ન આવશે જ. વાતાવરણ વિષાદમય બની ગયું. મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી સુધી આ વાત પહોંચી ગઈ. તેમને પણ મહારાજે ગઢપુરમાં જે કહ્યું હતું તેની સ્મૃતિ થઈ આવી. મહારાજની મરજી જેતલપુરમાં યજ્ઞ કરવાની ન હતી. છતાં સૌએ આગ્રહ રાખ્યો હતો. હવે શું થાય છે તે જોવાનું રહેશે.

✧

અમદાવાદમા પેશ્વાના સૂબા પાસે વામાચારી બ્રાહ્મણો આવ્યા. સૂબાને તેમણે કહ્યું : "આ સ્વામિનારાયણનું તમે ચલાવી લ્યો છો પણ તમારે એક દિવસ રાજ્ય ખોવાનો વખત આવશે."

સૂબાએ તરત જ પૂછ્યું : "એવું શું થયું ? અહીંથી તો આપણે એને તડી પાર કર્યા છે. હવે અમદાવાદ તે આવી શકે તેમ નથી."

"એ તો અમદાવાદ આવ્યા વગર તમને ઉપાધિ કરી શકે તેમ છે. તેણે જેતલપુરમાં વેદ વિરુદ્ધ યજ્ઞ કર્યો તે પાપે તમારો બાપ મરી ગયો. હવે આ બીજો યજ્ઞ શરૂ કરે છે તેને જો વારશો નહીં તો રાજ્ય ખોવાનો વારો આવશે."

સૂબાને આ શબ્દોથી ઝાળ લાગી ગઈ. તેને લાગ્યું કે બ્રાહ્મણોની વાત સાચી. સ્વામિનારાયણે વેદની આજ્ઞાનો ભંગ કરી પશુબલિ હોમ્યા સિવાય યજ્ઞ કર્યો એટલે જ મારો સાવ સાજોસમો બાપ મરી ગયો. તેણે મનમાં નક્કી કરી

લીધું. તેણે કહ્યું : "ભલે, તમે ફિકર કરશો નહીં. હમણાં જ લશ્કરની ટુકડી મોકલાવી તેને કેદ પકડી મારી પાસે મંગાવી લઉં છું."

બ્રાહ્મણોને આ સાંભળી સંતોષ થયો.

પેશ્વના સૂબાના હાથ હેઠા પડે છે

બીજે દિવસે સમાચાર આવ્યા કે ચલોડામાં મહારાજના અનન્ય સત્સંગી જીતબાઈ છેલ્લા શ્વાસે છે અને શ્વાસોચ્છ્વાસે મહારાજનું રટણ કરી રહ્યાં છે. મહારાજે ભગુજીને બોલાવ્યા. મુક્તાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે મોટેરા સંતોને બોલાવ્યા. તેમને કહ્યું : "ચલોડામાં જીતબાઈ છેલ્લા શ્વાસ લે છે. અમારે તેને દર્શન દેવા જવું પડશે. તમે યજ્ઞની તૈયારી કરો. સંઘમાં આવેલા તમામ હરિભક્તોને ખબર આપજો કે મહારાજ બે-ત્રણ દિવસ પછી આવશે. ક્યાં ગયા છે તે કહેવાની જરૂર નથી."

મહારાજ ભગુજીને તથા બ્રહ્મચારીને સાથે લઈને ચલોડે પધારી ગયા. મહારાજ જેતલપુરથી નીકળી ગયા ને પેશ્વાના સૂબાનું લશ્કર આવ્યું. તેના નાયકે સંઘમાંના કેટલાક હરિભક્તોને બોલાવ્યા અને તેમને પૂછ્યું : "સ્વામિનારાયણ ક્યાં છે ?"

તેમણે સૌએ કહ્યું : "કાલે જ અહીંથી ગયા છે. ક્યાં ગયા છે તે અમનેય ખબર નથી."

પછી તેણે મોટેરા સંતોને બોલાવ્યા. તેમણે પણ કહ્યું : "મહારાજ ક્યાં ગયાં છે તે ખબર નથી. ક્યારે આવશે તે પણ ખબર નથી."

કાઠી દરબારો સુરાખાચર, અલૈયાખાચર, માતરા ધાધલ આ સંતો સાથે હતા. તેમની કરડી આંખો ઉપરથી તેમની તલવાર વીંઝવાની શક્તિનો તેને ખ્યાલ આવી ગયો. આવા અનેક કાઠીઓ હતા, વળી તેમના શસ્ત્રસજ્જ પાર્ષદો પણ તેણે જોયા. તેને લાગ્યું કે આમની સાથે ઝપાઝપી કરવાથી ફાવશું નહીં અને સ્વામિનારાયણ તો હાથ આવશે નહીં. તેથી તે ત્યાંથી જ ધૂંધવાતો તેની ટુકડીને લઈને પાછો ચાલ્યો ગયો.

બીજે દિવસે મહારાજ ચલોડાથી જેતલપુર પધાર્યા. મુક્તાનંદ સ્વામીએ મહારાજને પેશ્વાના સૂબાએ લશ્કર મોકલ્યું હતું તે સમાચાર આપ્યા. મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "ધાર્યું તો ધણીનું થાય છે. સૂબો યજ્ઞમાં વિઘ્ન નાખવા મથે છે પણ એ પાપથી જ એનો સર્વનાશ થશે."

મહારાજનો આ શાપ ન હતો પરંતુ વિષ્ણુના સ્વરૂપરૂપ અહિંસક યજ્ઞમાં વિઘ્ન કરનારાને જે ફળપ્રાપ્તિ થાય તેનો નિર્દેશ હતો.

મહારાજે કહ્યું : "આપણે ખેડા જઈએ. અંગ્રેજ કલેક્ટરને મળીએ. તે જો કાંઈક મદદ કરે તો જ જેતલપુરમાં યજ્ઞ થઈ શકે."

મહારાજ ખેડાના કલેક્ટરને મળે છે

મહારાજ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી તથા કાઠી દરબારોને લઈને ખેડા પધાર્યા. અહીંના કલેકટર મિ. એરણ તેમની સાથે મિ. રોબર્ટ અને મિ. ડુગલ આ ત્રણે અંગ્રેજ અધિકારીઓને મહારાજનો પરિચય હતો. તેમના કાર્યથી તેઓ મુગ્ધ બની ગયા હતા. તેઓ ધર્મપ્રેમી હતા. ધર્મથી નીતિ અને શાંતિ જળવાશે તે તેઓ સમજતા હતા. મહારાજ જ્યારે તેમને બગલે પધાર્યા ત્યારે ત્રણે અમલદારો હાથમાં તેમની ટોપી લઈને ઊભા થઈ ગયા. મહારાજનું સન્માન કર્યું.

પછી મહારાજે તેમને કહ્યું : "અમે જેતલપુરમાં યજ્ઞ કરવા માંગીએ છીએ. તેને માટેની તમામ સામગ્રીઓ પણ તૈયાર છે. પરંતુ પેશ્વાનો સૂબો તેમાં વિઘ્ન નાખવા મથે છે. તમે જો મદદ કરો તો ત્યાં યજ્ઞ થઈ શકે."

આ સાંભળી મિ. એરણે કહ્યું : "જે કહેવાતા ધર્મીઓ હોય તે જ ધર્મનો દ્રોહ કરે છે, જે ધર્મી નથી તે તટસ્થ રહે છે અને જે નાસ્તિક છે તે નિંદા કરે છે. અમારે ત્યાં પણ આવું જ બની રહ્યું છે." પછી તેણે કહ્યું : "જેતલપુર પેશ્વાની હકૂમત નીચે છે તેથી અમારાથી કાંઈ મદદ ન થઈ શકે. આપ ડભાણ પધારો તો ત્યાં અમે આપને સર્વ પ્રકારે મદદ કરી શકીએ."

મહારાજ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "જે ધર્મની રક્ષા કરશે તેની રક્ષા ધર્મ કરશે જ."

મહારાજ ત્યાંથી સીધા જ એક પાર્ષદને લઈને ડભાણ પધાર્યા. આનંદાનંદ સ્વામીને કહેવરાવ્યું કે જેતલપુરમાં જે માલસામાન છે તેમાંથી થોડો ડભાણ મોકલી આપજો. ત્યાં જે અભ્યાગત હોય તેને અન્ન અને વસ્ત્ર બાકીની એ સામગ્રીમાંથી આપજો. સંઘને પોતપોતાને ગામ જવાની આજ્ઞા આપી દેજો."

જેતલપુરના યજ્ઞની પૂર્ણાહુતિ ડભાણમાં થઈ

મહારાજ ડભાણ પધાર્યા. ત્યાં કુબેરજીભાઈને ત્યાં ઊતર્યા. યજ્ઞના સામાનનાં ગાડાં જેતલપુરથી આવવા લાગ્યાં. મહારાજે સૂચના આપી દીધી કે

આ સામગ્રીમાંથી અભ્યાગતોને ચાર શેર અન્ન તથા નવ હાથનું વસ્ત્ર આપજો. એ આપણો યજ્ઞ !

આ રીતે સંવત ૧૮૬૭ના મહા સુદ પંચમીને દિવસે જેતલપુરમાં કરવા ધારેલ યજ્ઞની પૂર્ણાહુતિ ડભાણમાં થઈ ![૨૯] આ પૂર્ણાહુતિ પ્રસંગે સુરતથી જે સંઘ જેતલપુર આવ્યો હતો તે ડભાણ આવ્યો. ભુજથી ગંગારામ મલ્લ પણ આવ્યા. તેમણે મહારાજનું પૂજન કર્યું. મહારાજને ભેટ ધરવા વસ્ત્રો, આભૂષણો લાવ્યા હતા તે ધરાવ્યાં. મહારાજના આશીર્વાદ લઈને તેઓ પણ પોતાના ગામે ગયા. મહારાજની આજ્ઞાથી જેતલપુરના મોહોલ ઉપર છત્રી નીચે ગોવિંદ સ્વામી, આનંદ સ્વામી તથા નાનાભાઈએ વિધિપૂર્વક પંચમુખી હનુમાનની પ્રતિષ્ઠા આ પ્રસંગે કરી.

પુનઃ ગઢપુરમાં

મહારાજ ડભાણથી નીકળી ફરતાં ફરતાં ગઢપુર પધાર્યા.

મહારાજ ગઢપુર પધાર્યા એટલે ગઢપુરવાસીના આનંદનો પાર ન રહ્યો. મહારાજ ગઢપુર ન હોય ત્યારે વાસુદેવ નારાયણમાં મહારાજ સાક્ષાત્ બિરાજે છે એવો ભાવ રાખી તે મૂર્તિની તેઓ સેવા કરતા. છતાં પ્રગટ મહારાજના સુખની અપેક્ષા તો તેમને સદા રહેતી. મહારાજ બિરાજતા હોય ત્યારે મંગળાનાં દર્શન થાય, સંતોનાં પ્રભાતી પદો સંભળાય. મહારાજની સેવા પણ મળે, થાળ બનાવવાની અને જમાડવાની પણ સેવા મળે. આમ, સર્વે પ્રકારે ઇન્દ્રિયો-અંતઃકરણ મહારાજના સ્વરૂપમાં સહેજે જ સંલગ્ન રહે. આ સુખ મૂર્તિ દ્વારા ન જ આવે. તેથી મહારાજ જ્યારે પધારતા, ત્યારે સેવાનો, દર્શનનો, સમાગમનો સંપૂર્ણ લહાવો લેવા સૌ તત્પર બની જતા.

મહારાજ તથા સંતો-હરિભક્તોની દરેક પ્રકારે સેવા કરવામાં લાડુબા, જીવુબાએ પાછું વાળીને જોયું ન હતું. બાપુ એભલખાચર તો ડેલીની દોઢીએ બેસી રહેતા અને માળા ફેરવતા. હવે તેમનું શરીર વૃદ્ધ થયું હતું અને હરજી ઠક્કર વહેવાર સંભાળતા હતા. એટલે તેઓ કોઈ પ્રકારે માથું મારતા નહીં. મહારાજની અને સંતોની સેવા થાય તેમાં તે રાજી હતા.

---

૨૯. ભક્તચિંતામણિ, પ્રકરણ ૬૧માં મહા સુદ પાંચમ લખી છે, જ્યારે શ્રીહરિચરિત્રામૃતસાગર, પૂર-૧૪, તરંગ-૩માં પોષ વદ પાંચમ લખી છે અને વસંતપંચમી પણ ડભાણમાં ઊજવી એવો ઉલ્લેખ પૂર-૧૪ના ૨૦મા તરંગમાં છે.

દાદાના રખેવાળ તો મહારાજ પંડે છે

પરંતુ હરજી ઠક્કરને ઊપજ કરતાં ખર્ચનો વધારો થતો જોઈને મૂંઝવણ થવા માંડી. તે બ્રહ્માનંદ સ્વામી પાસે આવ્યા. સ્વામી તેમને જોઈને બોલ્યા : "આવો આવો કારભારી ! કેમ અચાનક આવવું થયું ?"

હરજી ઠક્કરે ધીમેથી કહ્યું : "સ્વામી ! હું રહ્યો કારભારી, એટલે બાપુ એભલખાચરનો વહેવાર મારે જોવાનો રહ્યો. બાપુ તો હવે વૃદ્ધ થયા, દાદાખાચર હજુ દસ વર્ષના છે એટલે કાંઈ સમજે નહીં. બંને કુંવરીઓ મહામુક્ત છે એટલે તેમણે તો મહારાજની અને સંતોની સેવામાં તન, મન અને ધન સર્વસ્વ હોમી દીધું છે."

બ્રહ્માનંદ સ્વામી વાત લંબાતી જોઈ મૂંઝાયા. તેમણે કહ્યું : "હરજીભાઈ ! મુદ્દો શું છે એ કહો ને !"

એટલે હરજી ઠક્કરે કહ્યું : "સ્વામી ! ઊપજ કરતાં ખરચ વધારે થાય છે. ભાવનગર રાજ્યની મહેસૂલ પણ ભરી શકાતી નથી અને જો દેવું વધુ થઈ જશે, તો ઓઘાછૂટ મૂકવી પડશે."

"ઓઘાછૂટ એટલે શું ?" સ્વામીએ પૂછ્યું.

"એટલે જ્યાં સુધી રાજ્યનું દેવું હોય, ત્યાં સુધી તમામ ઊપજ રાજ્ય લઈ જાય. આપણને મહેનત કરતાંય કાંઈ ન મળે. વળી, આપણે મહેનત કરી શકીએ તેમ પણ નથી." હરજી ઠક્કરે સ્ફોટ પાડ્યો.

"કેમ મહેનત ન કરી શકીએ ? સાથી ન હોય તો આપણા પાર્ષદો કામ કરશે." સ્વામીએ તરત જ કહ્યું.

"તે સાચું પણ જમીન ખેડવા બળદની જોડ જોઈએ ને ! આટલી મોટી બધી જમીન અને માંડ પાંચ છ જોડ બળદ છે. તેમાં શું ખેતી થાય ?" હરજી ઠક્કરે વાત વિસ્તારવા માંડી.

"તો બીજા બળદ લઈ લ્યો." સ્વામીએ તરત જ કહ્યું.

"એ જ મૂંઝવણ છે ને ? લઈ લેવા પણ ક્યાંથી ? નાણાં જોઈએ ને !" હરજી ઠક્કરે ચોખ્ખું કહ્યું.

બ્રહ્માનંદ સ્વામી આ સાંભળી ઊંડા ઊતરી ગયા. તેમના મનમાં અત્યંત દુઃખ થયું. દાદાખાચરની આ પરિસ્થિતિ ! મહારાજ અને સંતોની સેવામાં બલિરાજાની જેમ તેમણે પોતાનું સર્વસ્વ હોમી દીધું. બંને બહેનો, એભલ બાપુ,

દાદાખાચર તમામે મહારાજ ઉપર પોતાનું બધું જ ઓળઘોળ કરી દીધું છે. તેમની આવી દશા થઈ ગઈ ! તેમણે થોડી વારે કહ્યું : ''હરજી ઠક્કર ! મૂંઝાશો નહીં. દાદાના રખેવાળ તો મહારાજ પંડે છે. દાદાનો વહેવાર વધુ ઊજળો કરવો છે. આખા જગતમા દાદાનું નામ મોખરે મૂકવું છે.''

મહારાજ છત્રીસ સાંઢને નાથે છે

બ્રહ્માનંદ સ્વામી મહારાજ પાસે ગયા. મહારાજને બધી વાત કરી. મહારાજને પણ આ સાંભળી દુઃખ થયું. ત્યાં તો લાડુબાની બૂમ સંભળાણી : ''બ્રહ્મચારી મહારાજ ! મહારાજ માટે થાળ તૈયાર થઈ ગયો છે. લઈ જાઓ !''

બ્રહ્મચારી દોડ્યા. થોડી વારે થાળ લઈ આવ્યા. મહારાજ પાટલા ઉપર બિરાજ્યા. સામે બાજોઠ ઉપર બ્રહ્મચારીએ થાળ મૂક્યો. બ્રહ્માનંદ સ્વામી સામે બેઠા. મહારાજે થાળ જોયો. વાનગીઓ જોઈ. તેમણે સ્વામીને કહ્યું : ''સ્વામી ! આવી પરિસ્થિતિ છે તોપણ આવા ભારે ભારે થાળ અમારે માટે બનાવે છે.''

ત્યાં તો બ્રહ્મચારીએ કહ્યું : ''મહારાજ સંતો, હરિભક્તો તમામ પાંચસો જણ માટે બ્રાહ્મણ રસોઇયા બોલાવી આવી વાનગીઓ તૈયાર કરાવી છે !''

મહારાજે સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! આવી પરિસ્થિતિ છે છતાં આ બધું કેવા ભાવથી કરે છે ! કેવી રીતે કરતા હશે !''

બારણાને ઓથે રહીને દર્શન કરતાં લાડુબાએ કહ્યું : ''મહારાજ ! એ તો બધો આપનો પ્રતાપ છે. અમારે કાંઈ દુઃખ નથી. આપ મળ્યા એટલે અમારે તો સુખ, સુખ ને સુખ જ છે.''

મહારાજ જમ્યા, પ્રસાદીનો થાળ સ્વામીને આપ્યો. મહારાજે સ્વામીને કહ્યું : ''સ્વામી ! આપણા પાર્ષદોને કહી દેજો કે બાપુ એભલખાચરની ગાયુંનાં વાછરડાં શ્રાવણ-ભાદરવો ચરીને સાંઢ જેવાં થયાં છે. તે બધાંને આપણા બીડમાં આજે ભેગા કરે.''

આ સાંભળી સ્વામી હસ્યા. તેમણે કહ્યું : ''મહારાજ ! એ તો બધા વકરી ગયા છે. ભારે મારકણા છે. તેને તે શી રીતે પકડાય ?''

''તમે બધા પાર્ષદોને કહેજો ને ! તેઓ તેમને ભેગા કરશે. છત્રીસ વાછડા છે એવું લાડુબા કહેતાં હતાં !'' મહારાજે કહ્યું.

''ભેગાં કરીને શું કરશો ?'' સ્વામીએ પૂછ્યું.

''તેને બધાને નાથી દેશું. અઢાર જોડી બળદની થઈ જશે.'' મહારાજે

હસતા હસતા કહ્યું.

સ્વામીને આ સાંભળી આશ્ચર્ય થયું ! જેની નજીક જ ન જઈ શકાય એવા માતેલા સાંઢને નાથે કોણ ?

મહારાજે તેમને વિચાર કરતા જોઈ કહ્યું : "સ્વામી ! બધી ફિકર મૂકી દ્યો. બધો સરંજામ તૈયાર રાખજો અમે છત્રીસે વાછડાને નાથી દઈશું."

એભલ બાપુના બીડમાં છત્રીસં વાછડાને મહામહેનતે આંતરીને પાર્ષદોએ ભેગા કર્યા. આજુબાજુ કુંડાળું વળી બધા કડિયાળી લાકડિયું લઈને ઊભા હતા. મહારાજ પધાર્યા. પૂછ્યું : "બધો સરંજામ તૈયાર છે ને ?"

"હા, મહારાજ !" ભગુજીએ કહ્યું.

પછી મહારાજ પાસેના ઝાડ ઉપર ચડ્યા. સૌ મહારાજની લીલા જોઈ રહ્યા. ત્યાંથી મહારાજે કૂદકો માર્યો અને છત્રીસ વાછડા ઉપર છત્રીસ સ્વરૂપ ધારીને બેસી ગયા ! મહારાજ તેમના ઉપર બેઠા અને વાછડાનું બધું તોફાન શાંત થઈ ગયું ! મહારાજ નીચે ઊતરીને દરેકની સન્મુખ આવ્યા. પછી એક એકનું માથું નીચું કરીને દરેકને નાથું નાખી દીધી. સૌ આશ્ચર્યવત્ આ લીલા જોઈ રહ્યા ! મહારાજે ભગુજીને બોલાવીને કહ્યું : "ભગુજી ! બે-ત્રણ દિવસ આને પલોટજો અને પછી જોતરે જોડજો. અઢાર જોડી બળદની થઈ ગઈ. આપણા પાર્ષદોને એભલ બાપુની ખેતીમાં જોડી દેજો. જ્યાં સાથીઓ કામ કરતા હોય તેના ઉપર દેખરેખ રાખજો. ખેતી એવી કરો કે ધાનના ઢગલા થઈ જાય !"

હરજી ઠક્કર, બ્રહ્માનંદ સ્વામી, એભલ બાપુ, લાડુબા, જીવુબા બધાં જ મહારાજની તેમના પ્રત્યેની આ અકારણ દયા જોઈ દ્રવી ગયાં ! એભલ બાપુની આંખમાં આંસુ આવી ગયાં. આંખો લૂછી એક હાથે માળા ફેરવતાં તેમણે કહ્યું : "હું તો ખર્યું પાન કહેવાઉં. દાદાને તો મેં મહારાજને ખોળે મૂકી દીધો છે."

મહારાજે આ સાંભળ્યું. તેમણે તરત જ કહ્યું : "બાપુ ! આ તમારો દાદો અને તમારી દીકરીઓ એ બધાં અમારાં દીકરા-દીકરીઓ છે. અમે તમને પહેલાં નો'તું કહ્યું ?" એભલ બાપુ મહારાજનાં ચરણમાં પડી ગયા.

કરિયાણામાં ફૂલદોલ ઉત્સવ : આ.સં. ૧૮૬૭

બીજે દિવસે કરિયાણાથી મીણબાઈમા અને દેહાખાચર આવ્યા. મીણબાઈમાએ મહારાજને ખોળો પાથરીને વિનંતી કરી : "મહારાજ ! આ વખતે રંગોત્સવ અમારે ત્યાં કરો અને અમને સૌને તમારા રંગથી રંગી દ્યો."

મહારાજે જીવુબા અને લાડુબા તરફ જોયું. એક બાજુ આ બંને બહેનો મહારાજને ક્ષણ પણ અળગા મૂકવા માગતી નહોતી. અને બીજી બાજુ મીણબાઈમાની ભક્તિ અજાણ ન હતી. લાડુબાએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! મીણબાઈમાનું દિલ ન દુભાય એમ કરો એવી અમારી પ્રાર્થના છે."

મહારાજ રાજી થયા. અંદરો અંદર એકબીજાનો મહિમા સમજે તો સત્સંગમાં હંમેશાં દિવ્યતા અનુભવાયા કરે. મહારાજે મીણબાઈમાને કહ્યું : "મા ! અમે ત્યાં આવીશું. તમે સૌ ત્યાં જઈને રંગોત્સવની તૈયારી આદરી દો."

મીણબાઈમા અને દેહાખાચર રાજી થતાં કરિયાણા ગયાં.

થોડા દિવસ પછી મહારાજે રંગોત્સવ અને ફૂલદોલના ઉત્સવ માટે કરિયાણા તરફ જવાની તૈયારી કરી. સૌ કાઠી દરબારો તૈયાર થઈ ગયા. મહારાજે સાથે સંતો-પાર્ષદોને પણ લીધા. મહારાજે બધે આમંત્રણ પાઠવી દીધું : "સૌ તૈયાર થઈ જજો. કરિયાણાથી મીણબાઈમાનું આમંત્રણ છે. આ વખતે ફૂલદોલ ત્યાં કરવો છે."

દેહાખાચરે તથા મીણબાઈમાએ મહારાજની આજ્ઞાથી દેશોદેશ કંકોતરીઓ મોકલાવી દીધી હતી. તેથી હરિભક્તોના સંઘ કરિયાણામાં આવ્યે જ જતા હતા. દેહાખાચરે આખું ગામ શણગાર્યું હતું. થોડી વારે સમાચાર આવ્યા કે મહારાજ સોનેરી શણગાર સજાવેલ રોઝે ઘોડે બેસીને પધારી રહ્યા છે. સૌ મહારાજનું સામૈયું કરવા સામે ચાલ્યા.

થોડી વારમા મહારાજનો ઘોડો દેખાયો. જમણા હાથે મહારાજે લગામ પકડી હતી. જરકસી જામો ને કસુંબલ પાઘ ને સોનેરી સુરવાળથી મહારાજની અલૌકિક મૂર્તિ શોભતી હતી. સૌએ જયનાદ કર્યો. શરણાઈ ને પડઘમ વાગવા લાગ્યાં. ફૂલોની વૃષ્ટિ થઈ અને સૌ વાજતે-ગાજતે દેહાખાચરના દરબારમાં પધાર્યા.

મહારાજ કરિયાણામાં કાળુભાર નદીએ દરરોજ સ્નાન કરવા જતા. સ્નાન કર્યા બાદ સૌ સંત-હરિભક્તો કીર્તનો ગાતા. મહારાજ રોઝે ઘોડે બેસીને અશ્વને નદી અને બુરજની વચ્ચે ફેરવતા.

એમ કરતાં હુતાશની આવી. મહારાજે દેહાખાચરના દરબારમાં જ સભા કરી. હરિભક્તોની ભીડ અપાર હતી. સભાની શરૂઆતમાં મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીએ વસંત, હોળી અને ધુમારનાં પદો ગાયાં. સંત-હરિભક્તોને ધર્મમાં દઢપણે રહેવાની શીખ આપી.

સંધ્યા સમયે દેહાખાચરે મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! આ દેશમાં હોળીની પૂજા કરવાની રીત છે. આપ આજ્ઞા આપો તો અમે હોળીની પૂજા કરવા જઈએ."

આ સાંભળી શ્રીહરિ બોલ્યા : "હોળીમાં આપણા હરિભક્તો ફાગ બોલે તે યોગ્ય નથી. વિવાહ અને હોળીમાં અપશબ્દ બોલવા, ચોપાટ વગેરે રમવું તેમાં માણસો પશુબુદ્ધિવાળા થઈ જાય છે. પણ તમે તો સત્સંગી છો એટલે તમે એવા કુરિવાજોથી દૂર છો એટલું સારું છે." આટલું કહીને મહારાજે પોતે હોળી-પૂજન કરવા જવાની તૈયારી કરી. સૌ સંતો-બ્રહ્મચારીને સાથે આવવાની ના પાડી.

સૌ હરિભક્તો-પાર્ષદો મહારાજની સાથે હુતાશની રચી હતી ત્યાં આવ્યા. મહારાજે કેસરી વસ્ત્રો પહેર્યાં હતાં. વિધિ કરાવનાર બ્રાહ્મણ મહારાજનાં દર્શનથી પ્રસન્ન થયો. હુતાશની પ્રગટ્યા બાદ તેણે મહારાજને શ્રીફળ આપ્યું. મહારાજે પ્રદક્ષિણા કરીને શ્રીફળ હોળીમાં હોમ્યું. પછી પાછા દરબારમાં પધાર્યા.

બીજે દિવસે ફૂલદોલનો ઉત્સવ હતો, મધ્યાહ્‌ને નરનારાયણ દેવના પ્રાગટ્યની આરતી કરી શ્રીહરિએ દેહાખાચર તથા મીણબાઈમાએ અગાઉથી તૈયાર રખાવેલા રંગનાં માટલાં મંગાવ્યાં. સૌને મહારાજને રંગી દેવાનું તાન હતું. સાથે સાથે મહારાજના રંગથી રંગાવાની પણ તમન્ના હતી. શ્રીહરિએ રંગ છાંટવાની શરૂઆત કરી, સહુ રાહ જોઈને જ બેઠા હતા. ચારે બાજુ રંગ ઊડવા લાગ્યો. બધા સંતો અને હરિભક્તોએ મહારાજને રંગથી તરબોળ કરી દીધા. દેહાખાચરનો દરબાર રંગથી રંગાઈને કેસરી બની ગયો. મીણબાઈમાના આનંદનો અવધિ ન હતો. રંગ ખૂટ્યો એટલે ગુલાલ ઉડાડ્યો. સૌ રંગે રમતાં રમતાં નદીએ આવ્યાં. ત્યાં મહારાજે સખાઓ સાથે સ્નાન કર્યું. પછી વાજતે-ગાજતે પાછા દરબારમાં પધાર્યા.

અહીં દેહાખાચરે સોનેરી પોશાક ધરાવ્યો. સોનેરી સુરવાળની ઉપર જરકસી જામો પહેરાવ્યો. બંને હાથમાં સોનાનાં કડાં પહેરાવ્યાં. મહારાજે એ પોશાક અંગીકાર કરીને એમનો ભાવ પૂરો કર્યો.

ત્યારબાદ વારાફરતી સૌ હરિભક્તોએ મહારાજની પૂજા કરી. પૂજા બાદ વર્ણી વિવિધ પ્રકારનાં ભોજન જમવા માટે મહારાજને બોલાવવા આવ્યા. મહારાજ સૌ હરિભક્તોની જમવાની વ્યવસ્થા નિહાળી જમવા પધાર્યા.



ઉદ્‌ગીથ ૬

સારંગપુરમાં લીલા

(આ.સં. ૧૮૬૭-૬૮, ઈ.સ. ૧૮૧૧)

મહારાજ અલૈયાખાચરને વાળાક દેશમાં સત્સંગ કરાવવા આજ્ઞા કરે છે

બીજે દિવસે મહારાજ ઝીંઝાવદર અલૈયાખાચરને ત્યા પધાર્યા. અલૈયાખાચરની મહારાજ પ્રત્યેની નિષ્ઠા ખૂબ જ દૃઢ હતી. મહારાજની મૂર્તિ ધારીને તેઓ જ્યારે વાતો કરતા ત્યારે શ્રોતાઓના અંતરમાં તે સોંસરી ઊતરી જતી અને સત્સંગનો તેમને રંગ લાગી જતો. મહારાજ પ્રત્યેની આવી ભક્તિ અને મહારાજને અત્યંત પ્રિય એવું બ્રહ્મચર્યવ્રત અલૈયાખાચરને સિદ્ધ હતાં. તેથી મહારાજ તેમના ઉપર પ્રસન્ન હતા. મહારાજ તેમના દરબારમાં પધાર્યા અને તરત જ અલૈયાખાચરને કહ્યું : "અલૈયા ! અમારે હાલ ને હાલ અહીંથી નીકળી લોયા જવું છે તો તમે જલદી થાળ તૈયાર કરાવો." અલૈયાખાચરે તે પ્રમાણે વ્યવસ્થા કરી દીધી.

થાળ તૈયાર થયો અને મહારાજ જમ્યા. સાથે જે પાર્ષદો હતા તેમને પણ જમાડ્યા. પછી મહારાજ લોયા જવા તૈયાર થયા અને બ્રહ્મચારીને બોલાવ્યા. બ્રહ્મચારી આવ્યા એટલે મહારાજે તેમને કહ્યું : "કરિયાણામાં જે જરિયાન પોષાક અમારે માટે લાવ્યા હતા તે તમામ લાવો."

બ્રહ્મચારી તરત જ ગયા અને પોતાની પાસે કાળજીપૂર્વક સાચવીને રાખેલો એ પોષાક લઈ આવ્યા. મહારાજે તે લઈને અલૈયાખાચરને આપ્યો અને કહ્યું : "આ અમારી પ્રસાદી તમને અમે રાજી થઈને ભેટ આપીએ છીએ. તમારે આ પોષાક પહેરીને વાળાક દેશમાં ફરવું અને ત્યાં લોકોને અમારા સ્વરૂપની વાતો કરવી. તમારી વાતો જે જે સાંભળશે તેના અંતરમાં અમારા સ્વરૂપની દૃઢતા થઈ જશે." એટલું કહીને પછી મહારાજ બોલ્યા : "તમે વાળાક દેશમાં ફરો એટલો વખત જ આ પોષાક તમારે પહેરવો. પછી ઉતારી નાખવો."

અલૈયાખાચર આ સાંભળી રહ્યા. મહારાજની પ્રસન્નતાથી તેનું અંતર દ્રવી ગયું.

અલૈયાખાચરે પોષાક હાથમાં લીધો અને તેના આખા શરીરમાં ઝણઝણાટી થઈ ગઈ ! તેને થયું કે મહારાજે મારામાં પાત્રતા જોઈ તેથી જ આ વાળાક દેશમાં સત્સંગ કરાવવાની મને આજ્ઞા આપી અને આ પ્રસાદીનો પોષાક પણ આપ્યો. તેના આ વિચારથી પોતાના વિષેની મોટપનો ભાવ તેના અંતરમાં પ્રવેશી ગયો. તેને મહારાજના સ્વરૂપની નિષ્ઠા હતી. બ્રહ્મચર્યરૂપી ધર્મ પણ દૃઢ હતો. છતાં અંતરમાં અવ્યક્ત રહેલો અહંભાવ આ પ્રસંગે પ્રગટ થયો. મહારાજની આજ્ઞાનું, આશીર્વાદનું રહસ્ય પોતાની મોટપના ભાવમાં વિલીન થઈ ગયું !

સુરાખાચરનું તપ

મહારાજે અલૈયાખાચરના ભાવ પરખી લીધા હતા, તેમને સમય આવ્યે તે પ્રગટ કરવા હતા. ભક્તિ કે ધર્મની પાછળ છુપાઈને અંતરમાં રહેલા આવા ભાવ પ્રત્યે જો જાગ્રત ન રહેવાય તો ભક્તિમાં જરૂર વિઘ્ન આવે. મહારાજે અલૈયાખાચરને કહ્યું : ''અલૈયા ! અમારે હવે લોયા જવું છે. આ સુરાખાચર અમને તેડવા આવ્યા છે. અમને લોયા તેડી જવા માટે તેણે આકરું તપ આદર્યું છે.''

આ સાંભળી અલૈયાએ પૂછ્યું : ''મહારાજ ! સુરાખાચરે એવું કેવું આકરું તપ કર્યું કે તમે એની ઉપર પ્રસન્ન થઈ ગયા અને લોયા જવા તૈયાર થઈ ગયા ?''

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''એ તો હવે સુરાખાચર જ કહેશે.''

સુરાખાચર આ સાંભળી રહ્યા હતા. તેમણે કહ્યું : ''અલૈયા ! શું કહું ? નાથિયાની માએ મને કહીને મોકલ્યો હતો કે મહારાજને તેડીને જ આવજો. મહારાજ ન પધારે તો તપ કરજો અને છતાં ન આવે તો સાધુ થઈ જજો.''

''પછી ?'' અલૈયાએ પૂછ્યું.

''તપમાં તો શરીરને કષ્ટ આપવું જોઈએ, કાં થોડું જમીને કે કાં વધુ જમીને ! હું ઘેર બે વખત જમતો પણ જ્યારથી તપ કરવા માંડ્યું ત્યારથી ત્રણ વખત જમવાનું રાખ્યું છે !'' સુરાખાચરે કહ્યું.

''પછી છેવટે મારું આવું આકરું તપ જોઈ મહારાજને દયા આવી અને તેમણે લોયે આવવાની હા કહી.'' સુરાખાચરે આગળ કહ્યું.

સૌ હસતાં હસતાં આ વાત સાંભળી રહ્યા.

મોક્ષ માંગજે

સુરાખાચર મહારાજને તેડીને લોયા જવા નીકળ્યા. લોયા બે ગાઉ દૂર રહ્યું એટલે મહારાજે એકાએક સુરાખાચરને કહ્યું : "સુરાખાચર ! તરસ બહુ લાગી છે, ક્યાંકથી પાણી લઈ આવો."

સુરાખાચરે તરત જ ઘોડાનું ચોકડું મરડ્યું અને પાસેની વાડીમાં પાણી માટે ગયા. મહારાજ ઘોડા ઉપરથી ઊતરી એક ઝાડ નીચે બિરાજ્યા. વાડીમાં વાડીવાળાનો નાનો છોકરો હળ હાંકતો હતો. તેને સુરાખાચરે પૂછ્યું : "એલા છોકરા ! પાણી મળશે ?"

તેણે તરત જ સુરાખાચરને ઓળખી લીધા અને કહ્યું : "બાપુ ! સામે ઝાડે સાવ નવી ભંભલીમાં પાણી ગાળીને ભર્યું છે તે લઈ જાવ."

સુરાખાચર ત્યાં ગયા અને ભંભલી લીધી. પછી તે છોકરાને કહ્યું : "આ ભંભલી લેવા તું મારી પાછળ દોડ્યો આવ અને જો, સ્વામિનારાયણ ભગવાન તારું આ પાણી પીશે. માટે તને કાંઈ માંગવાનું કહે તો બીજું કાંઈ ન માગતો પણ મોક્ષ માગજે."

છોકરો આમાં કંઈ સમજ્યો નહીં. તેણે કહ્યું : "અમારી ત્રીસ વીઘાં જમીન પડખેવાળાએ દબાવી છે તેનું ન કહું ?"

ત્યારે સુરાખાચરે કહ્યું : "તે તો મહારાજના આશીર્વાદથી મળી જશે."

સુરાખાચર મહારાજ પાસે આવ્યા. મહારાજને પાણીની ભંભલી આપી. મહારાજે પાણી પીધું. એટલામાં વાડીવાળો છોકરો પણ દોડતો આવ્યો. મહારાજે તેને પૂછ્યું : "તું કોણ છો ?"

તેણે પગે લાગીને કહ્યું : "આ પાણીની બતક મારી છે તે લેવા આવ્યો છું."

મહારાજ તેના ઉપર પ્રસન્ન થયા. પછી બોલ્યા : "છોકરા ! તેં અમને પાણી આપ્યું તો અમારે તને કાંઈ આપવું જોઈએ. માટે તું કાંઈક માંગ."

એટલે તે છોકરાએ કહ્યું : "મહારાજ ! મારો મોક્ષ કરજો."

આ સાંભળી મહારાજે પૂછ્યું : "આવું માગવાનું તને કોણે શીખવાડ્યું ?"

એટલે તેણે સુરાખાચર તરફ આંગળી ચીંધીને કહ્યું : "આ બાપુએ."

મહારાજ તેના ઉપર પ્રસન્ન થઈ ગયા અને બોલ્યા : "આગળ મોટા મોટાને પણ માગતાં આવડ્યું નથી. તેં રૂડું માંગ્યું તો તારો મોક્ષ અમે કરીશું અને તારા સંકલ્પ પ્રમાણે તારી ત્રીસ વીઘાં જમીન પણ તને મળી જશે." એટલું

કહી મહારાજ ઘોડા ઉપર ચડ્યા અને લોયા તરફ ચાલ્યા.

લોયામાં મહારાજ થોડા દિવસ રહ્યા. શાંતિબાના મનોરથ પૂરા કર્યા. પછી ત્યાંથી હરિજયંતીનો ઉત્સવ વરતાલમાં કરવા માટે નીકળવાની તૈયારી કરી. મહારાજે સૌ સંતો-હરિભક્તોને વરતાલ હરિજયંતીના સમૈયે આવવા માટે પત્રો પણ ત્યાંથી જ લખી દીધા હતા. પોતે પણ લોયાથી સૌ કાઠી ભક્તો તથા અન્ય ભક્તોને લઈને રોઝા ઘોડા ઉપર નીકળ્યા.

વરતાલમાં હરિજયંતી, એકાદશી અને પૂનમના ઉત્સવો : આ.સં. ૧૮૬૭

થોડા દિવસે મહારાજ રસ્તામાં મુકામ કરતાં કરતાં વરતાલ પહોંચ્યા. અહીં નારાયણગિરિના મઠમાં મહારાજ ઊતર્યા. જોબન પગીના આ સાગરીતના મઠમાં અત્યાર સુધી લૂંટનો માલ સંઘરાતો. હોકા, ચલમ, ગાંજો ફુંકાતાં; અફીણ ઘોળાતાં. દેવસ્થાનને નારાયણગિરિએ જોબનના પ્રસંગથી ડાયરામાં ફેરવી દીધું હતું. પરંતુ જોબનનું પરિવર્તન થઈ ગયું. તે મહારાજનો ભક્ત બની ગયો. તેના પ્રસંગે નારાયણગિરિને પણ સત્સંગનો રંગ લાગ્યો. હોકા અને ચલમું ફોડી નાખ્યાં, ગાંજા અને અફીણને જાકારો દીધો. ડાયરાની રંગત હવે ભજનમાં માણવા લાગ્યા. મહારાજ પધાર્યા અને નારાયણગિરિ સેવામાં તત્પર બની ગયા. હજુ તો સત્સંગ થયાને એક વરસ જ થયું હતું ત્યાં જ મહારાજ કૃપા કરીને પોતાના મઠને ઘર માનીને તેમાં ઊતર્યા એટલે નારાયણગિરિ કૃતકૃત્ય થઈ ગયા !

મહારાજે વરતાલમાં હરિજયંતી, એકાદશી અને પૂનમના ઉત્સવો કર્યા. દૂર દેશાવરથી લાંબો પંથ કરીને આવેલા હરિભક્તોને ફકત એક દિવસ ઉત્સવ કરી રજા દેવી તે તેમને ઠીક ન લાગ્યું. તેથી સૌને પૂનમ સુધી રોક્યા. હરિભક્તોએ પણ દર્શનનું, સેવાનું અને કથાવાર્તાનું સુખ લીધું. મહારાજનાં દર્શન તેમને નિત્ય નવીન લાગતાં. તેમની વાતોમાં પણ રોજ કાંઈને કાંઈ નવું રહસ્ય સાંભળવા મળતું. આ વાતો કેવળ જ્ઞાનની ન હતી. પરંતુ જે જ્ઞાનથી મોક્ષ થાય તેવી સાધનાની, સ્વરૂપનિષ્ઠાની વાતો હતી.

અમને તમે કેવા જાણો છો ?

આવા એક પ્રસંગે મહારાજે સભામાં સૌ સંતોને કહ્યું : “અમે તમને છેલ્લા કેટલાક વખતથી અમારા સ્વરૂપની વાતો કરીએ છીએ. એટલે અમારા સ્વરૂપની જે પ્રકારે દૃઢતા તમે કરી હોય તે પ્રમાણે સૌ કહો.” ત્યારે કોઈ કાંઈ

બોલ્યા નહીં. તેથી મહારાજે કહ્યું : "તમે સૌ એકાંતમાં જઈ અમારા સ્વરૂપની જે રીતે દૃઢતા કરી હોય તે વિચાર કરીને અમને કહો."

મહારાજની આજ્ઞા પ્રમાણે સૌ એકાંતમાં ગયા. પોતાના મનમાં બહુ વિચાર કર્યો. મહારાજે જે જે વાતો કરી હતી તે સંભારી અને છેવટે નિર્ણય કરી સૌ આવ્યા. કોઈકે કહ્યું : "મહારાજ ! અમે તો આપને મોટાપુરુષ સમજીએ છીએ." વળી, કોઈકે પરશુરામ, દત્તાત્રેય, નૃસિંહજી, રામચંદ્ર, નરનારાયણ કે શ્રીકૃષ્ણ જેવું મહારાજનું સ્વરૂપ છે એવું કહ્યું.

આ સાંભળી મહારાજે કહ્યું : "આ નાના સાધુ નિત્યાનંદ અમારું સ્વરૂપ જેવું છે તેવું સમજે છે. અમારી વાતોનું રહસ્ય એમને બરાબર સમજાયું છે."

એટલે સર્વે સાધુઓએ નિત્યાનંદ સ્વામીને પૂછ્યું : "સ્વામી ! તમે કેમ સમજો છો ?"

ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "તમે મહારાજને શ્રીકૃષ્ણ જેવા કહ્યા પરંતુ તે શ્રીકૃષ્ણથી પર અક્ષરના મુક્ત તથા અક્ષર છે અને તેથી પર જે પુરુષોત્તમ નારાયણ છે તે જ આ મહારાજ છે."

નિત્યાનંદ સ્વામીની આ વાત સાંભળીને સૌને આશ્ચર્ય થયું ! પછી સૌએ નક્કી કર્યું કે "સ્વામી ડાહ્યા છે, વિદ્વાન છે અને વળી મહારાજે પણ તેમની સમજણ વખાણી છે તો આપણે સૌએ તેમની સમજણ પ્રમાણે મહારાજને પુરુષોત્તમ નારાયણ સમજવા."[૩૦]

✧

નારાયણગિરિએ આ ઉત્સવોમાં ખર્ચ કરવામાં પાછું વાળીને જોયું નહીં. તેથી જોબને હસતાં હસતાં કહ્યું : "હવે જોબન દૂઝશે નહીં."

આ સાંભળી નારાયણગિરિએ કહ્યું : "જોબન નહીં દૂઝે એ તો બરોબર પણ જોબનના સંબંધે મહારાજ તો દૂઝે છે ને ! તેમને રાજી કરવા વાપરીએ છીએ એટલે પૂરવાનું તેમને જ રહેશે."

મહારાજ આ સાંભળી બોલ્યા : "ભગવાન અને તેમના ભક્તને અર્થે જ વાપરે તેમાં ખોટ આવે જ નહીં."

એભલ બાપુની ખેતી

મહારાજ વરતાલથી નીકળી બોટાદ થઈને ગઢપુર પધાર્યા. અહીં આવીને

૩૦. શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૩, વાત-૩૩, પ્રથમ આવૃત્તિ, સં. ૧૯૮૫, જૂનાગઢ.

મહારાજે પહેલાં જ તપાસ કરી કે એભલ બાપુની ખેતીનું કામ કેમ ચાલે છે. મહારાજને હરજી ઠક્કરે તમામ સમાચાર આપ્યા. એટલે મહારાજે કહ્યું : "બાપુને બોલાવો."

એભલ બાપુને બોલાવ્યા. મહારાજે તેમને કહ્યું : "તમારી અઢારસેં વીઘાં જમીન છે તે તમામ ખેડાવી નાખવી છે. માટે ત્યાં તંબૂઓ, રાવટીઓ, ભંડાર વગેરે તૈયાર કરાવી દ્યો."

એમ કહીને મહારાજે જગન્નાથાનંદ સ્વામીને કહ્યું : "તમારે તમારા પચાસ સાધુઓ લઈને એભલ બાપુની જમીન છે ત્યાં રહેવાનું અને ત્યાં જ ભંડાર કરવાનો છે. બધા સંત-હરિભક્તોને હમણાં તો ત્યાં જ રહેવાનું છે, ત્યાં અમે જે સેવા બતાવીએ તે કરવાની છે. ભગવાનના ભક્તની સેવા તે જ ભક્તિ !"

જમીન ઉપર તંબૂઓ, રાવટીઓ ખોડાઈ ગયાં. તેમાં પરમહંસો તથા હરિભક્તોને ઉતારા આપ્યા. મહારાજ માટે જરિયાન તંબૂ નાખી દીધો. તેમાં ગાલીચા પાથરી દીધા. પલંગ ઢાળી દીધો. મહારાજે પણ ત્યાં જ ધામા નાખ્યા. ભડાર પણ તૈયાર કરી દીધો. સંતો-હરિભક્તો સૌ સેવામાં જોડાઈ ગયા. મહારાજના દર્શન કરતા જાય અને બોરડીનાં જાળાં ખોદતા જાય. કીર્તનો ગાતાં ગાતાં જમીન સાફ કરતા જાય. આ રીતે એભલ બાપુની ખેતીનું કામ મહારાજે હાથમાં લઈ લીધું. એભલ બાપુ તથા તેમના કુંવર દાદાખાચર અને તેમની પુત્રીઓ પ્રત્યેનો મહારાજનો આ ભાવ જોઈ સૌને લાગ્યું કે બલિરાજાએ તો ભગવાનને ચાર માસ બંધનમાં રાખ્યા હતા. પરંતુ અહીં તો ભગવાન સદાને માટે બંધનમાં આવ્યા હોય તેમ લાગે છે.

ઉત્તમ ભક્તની સેવા કરવી એ જ ભક્તિ છે

મહારાજ પણ વાતો કરતા ત્યારે કહેતા : "એભલ બાપુએ તથા તેમના પરિવારે આપણા માટે તેમનું સર્વસ્વ હોમી દીધું છે. તેમના દરબાર આપણે માટે ખુલ્લા મૂકી દીધા. અનાજના કોઠાર તથા રૂપિયાના ભંડાર બધું જ આપણા ઉપયોગમાં તેમણે મૂકી દીધું. વળી તેમનો સમગ્ર પરિવાર પણ આપણી સેવામાં ખડે પગે રહે છે. એવા ઉત્તમ ભક્તના વ્યવહારના કાર્યમાં આપણે સેવા કરવી તે ભક્તિ છે. આવા સેવાના પ્રસંગે માળા લઈને બેસી જવું કે ધ્યાન કરવું કે કથા-કીર્તન કરવાં તે ભક્તિ નથી."

મહારાજના આ શબ્દોથી એભલ બાપુ તથા તેમનાં કુટુંબીજનોનો સૌને

અપાર મહિમા સમજાયો.

અહીં જ ગાયો તથા ભેંસો માટે વાડા કરાવ્યા હતા. વલોણાં પણ અહીં જ થતાં હતાં. બળદો સારુ માંડવા બંધાવ્યા હતા. ચાલીસ બળદની જોડ મહારાજે તૈયાર કરી દીધી હતી. પાર્ષદોને તથા ખેડૂત હરિભક્તોને મહારાજે સાફ કરેલી જમીન ખેડી નાખવાની આજ્ઞા કરી. રાત-દિવસ કામ ચાલવા માંડ્યું. મહારાજ માટે લાડુબા તથા જીવુબા દરરોજ દરબારમાંથી થાળ લાવતાં. વળી, વલોણું ત્યાં જ કરી માખણ કાઢી મહારાજને જમાડતાં. સંતો-હરિભક્તો માટે જગન્નાથાનંદ સ્વામી ભંડાર કરતા. આમ, જેમ મોક્ષ માટે ભજનનો અખાડો ચાલે, તેમ મહારાજે અહીં ખેતીનો અખાડો જમાવ્યો, તેને ભક્તિનું સ્વરૂપ આપી દીધું અને તે દ્વારા જ મોક્ષ બતાવ્યો !

મહારાજે વાંસળી વગાડી અને નાદબ્રહ્મનો સૂર છૂટ્યો

તે સમયે ભુજથી સુંદરજી સુથાર તથા તેના ભાઈ હીરજી સુથાર ત્યાં આવ્યા. મહારાજ માટે સુવર્ણજડિત વાંસળી લઈ આવ્યા. તે વાંસળી મહારાજને આપતાં સુંદરજીભાઈએ કહ્યું : "મહારાજ ! વાંસળી વગાડતા આપના સ્વરૂપનાં મને સ્વપ્નમાં દર્શન થયાં હતાં એટલે આ વાંસળી લઈ આવ્યો છું. આપ તે વગાડો. આપના એ સ્વરૂપનાં દર્શનની અમને ઇચ્છા છે."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમની ઇચ્છા ન હતી પરંતુ સુંદરજી સુથારનો આગ્રહ હતો તેથી મહારાજે તેમની પાસેથી વાંસળી લીધી. પોતાના અધર ઉપર મૂકી. ત્રિભંગ કર્યો અને સૂર છેડ્યો. વૈરાટ બ્રહ્માના નાભિકમળમાંથી નાદબ્રહ્મનો સૂર જાણે નીકળ્યો હોય તેમ બાંસુરીના સૂર ચલ-અચલ સર્વમાં વ્યાપી ગયા. આ દિવ્ય નાદબ્રહ્મના સૂર સાંભળી જાણે સર્વત્ર દિવ્યતા વ્યાપી ગઈ હોય તેમ સૌનાં અંતર સ્થિર થઈ ગયાં. ગાયો ખડ ખાવાનું છોડી મહારાજ તરફ જોવા લાગી. એભલ બાપુ તેમના દરબારમાં સૂતા હતા તે આ સૂર સાંભળીને જાગી ગયા. તેમણે પૂછ્યું : "આ સંગીતના સૂર ક્યાંથી આવે છે ?"

જીવુબાએ કહ્યું : "આ તો કોઈ દિવસ ન સાંભળ્યા હોય તેવા સૂર છે. કદાચ મહારાજ તો બંસરી નહીં વગાડતા હોય ? બાપુ ! ચાલો આપણે બીડમાં જઈએ."

એભલ બાપું, લાડુબા, જીવુબા તથા દાદાખાચર સૌ બીડમાં આવી ગયાં. મહારાજની બંસરીના સૂરો ઘેરા થવા લાગ્યા. એભલખાચર મહારાજ પાસે આવ્યા અને તેમને સમાધિ થઈ ગઈ ! ત્યાં બેઠેલા સર્વ ભક્તજનો પણ કાષ્ઠવત્

બની ગયા !

થોડી વારે એભલ બાપુ જાગ્યા. તેમણે અક્ષરધામમાં મહારાજનાં દર્શન કર્યાં. એ દિવ્ય મૂર્તિ અને આ માનુષી મૂર્તિ તેમને એક જણાઈ. તેઓ મહારાજનાં ચરણમાં પડી ગયા. મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : "પ્રભુ ! આપ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ ! ક્યાં આપના અક્ષરધામની અપાર શોભા અને દિવ્યતા, અને ક્યાં અમારાં ગાર્ય-માટીનાં ઘર ! ક્યાં આપની અપાર મોટપ અને ક્યાં અમારા જેવા પામર જીવ ! આપના આ સંતો, પાર્ષદો, ભક્તો પણ બધા અક્ષરધામના મુક્તો જ છે. તેમની પાસે અમારી સેવા આપ કરાવો તેથી અમારા જન્મારાને ધિક્કાર છે !" એટલું બોલી રડી પડ્યા.

આ દિવ્ય વાતાવરણથી, દિવ્ય દર્શનથી, એભલખાચરની સ્તુતિથી સૌ સ્થિર થઈ ગયા ! મહારાજના સ્વરૂપના યથાર્થ જ્ઞાનમાં જ તે સ્વરૂપની પ્રાપ્તિનો આનંદ અનુભવાય છે.

✧

એભલ બાપુની અઢારસો વીઘાં જમીન મહારાજે સાફ કરાવી ખેડાવી નાખી હતી. પછી કહ્યું : "હવે વાવણીનો વરસાદ થાય એટલે વાવણી કરી લેજો. અનાજના ઢગલા થશે."

આષાઢ બેઠો અને વરસાદનાં વાદળાં આકાશમાં શરૂ થયા. મહારાજે જમીન ઉપરનો પડાવ ઉઠાવી લીધો અને દરબારમાં રહેવા પધાર્યા.

અક્ષર ઓરડીમાં નિવાસ

આ.સં. ૧૮૬૮નું વર્ષ શરૂ થયું. કરિયાણાના દેહાખાચર તથા મીણબાઈમા પણ ગઢપુર મહારાજનાં દર્શન માટે આવ્યાં હતાં. એભલ બાપુના ખેતીના કામમાં દેહાખાચરે પણ સારી સેવા કરી હતી. મહારાજના સંબંધે કાઠી દરબારોએ દરબારપણાનું માન મૂકી દીધું હતું. અંદર અંદર હરિભક્તો પ્રત્યે મહિમાનો ભાવ સૌને હતો. પછી તે દરબાર હોય કે સામાન્ય ભક્ત હોય; પરંતુ મહારાજના સંબંધથી સૌ મોટા છે એવી ભક્તિભાવની ભાવનાથી નાના-મોટાના ભેદ વિસરાઈ ગયા હતા. તેમને વિચાર પણ આવતો ન હતો કે તેમની મોટપ કેમ વિસરાઈ ગઈ અને નાનાને મોટા કેમ માનવા લાગ્યા. મહારાજના સંબંધનો આ પ્રતાપ હતો !

દેહાખાચરે મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! કરિયાણા પધારો અને

ત્યાં જન્માષ્ટમીનો ઉત્સવ કરો. દેશદેશના હરિભક્તોને પણ તેડાવો.''

મહારાજ તેમનો ઉત્સાહ જોઈ રાજી થયા. તેમણે કહ્યું : ''તમે તથા મીણબાઈમા જાઓ અને અમે કરિયાણા આવીએ છીએ.''

મહારાજે એભલ બાપુના બીડમાં મુકામ કર્યો તે પહેલાં તેમનો ઉતારો બાપુ જીવાખાચરના દરબારમાં હતો. ત્યાંથી બીડમાં ઉતારો ફેરવ્યો. બીડમાંથી ચોમાસું શરૂ થતાં ઉતારો ફેરવીને મહારાજ દાદાખાચરના દરબારમાં રહેવા પધાર્યા અને 'અક્ષર ઓરડી'માં મુકામ કર્યો. ભણનારા સાધુઓ હાલ જે ગોપીનાથજી મહારાજનું મંદિર છે ત્યાં દક્ષિણાદા બારના ઓરડા હતા તેમાં રહેતા હતા. બીજા સાધુઓ ગોપીનાથજી મહારાજના મંદિરના ઉત્તરાદા ભાગનાં પગથિયાંની સામે જે છત્રી છે તે જગ્યામાં રહેતા હતા. તેથી તે 'સાધુની જાયગા' તરીકે ઓળખાતી હતી ત્યાં રહેતા હતા. કેટલાક સાધુઓ બજારમાં દુકાનોને ઓટલે સૂઈ રહેતા, ત્યારે કેટલાક ઉન્મત્ત ગંગાની રેતીમાં અથવા તો તેના બંને કાંઠે ઝૂંપડીઓ બાંધીને રહેતા હતા. દિવસે સૌ સંતો સાધુની જાયગામાં આવતા અને રાત્રે મહારાજ પાસે અક્ષર ઓરડીએ જઈ મહારાજની વાતુ સાંભળતા. મહારાજ વાસુદેવ નારાયણની સંધ્યા આરતી પછી અક્ષર ઓરડી પાસે સભા કરતા અને સંતો, હરિભક્તોને વાતો કરતા. બીડમાં મુકામ હતો ત્યાં સુધી કથાવાર્તાનો કાર્યક્રમ ત્યાં રાખ્યો હતો. વાસુદેવ નારાયણની સંધ્યા આરતી કરવા રોકાયેલા સંતો પણ આરતી કરી પાછા બીડમાં આવી જતા.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને મહારાજનાં દર્શનની તલપ

મહારાજે રોજના નિયમ પ્રમાણે આજે રાત્રીની સભામાં વાતો કરી પછી સંતોને ઊઠવાની આજ્ઞા કરી. પોતે પછી દરબારમાં બાઈઓની સભામાં વાતો કરવા પધાર્યા. પરંતુ નવદીક્ષિત અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી ઉત્તરાદા બારના ઓરડાની પાછળના ઓરડાની પછીતે જરા ઓથ હતી ત્યાં મહારાજ પાછા અક્ષર ઓરડીમાં પધારે ત્યારે દર્શન થાય એ લોભથી ઊભા હતા. તેમને મહારાજનાં દર્શનની તૃપ્તિ જ ન હતી.

વરસાદ ધીરો ધીરો પડતો હતો તેથી તેમનાં તમામ વસ્ત્રો ભીંજાઈ ગયાં હતાં. રાત્રીના લગભગ સાડા બારનો સુમાર થયો હશે. એટલામાં મુક્તાનંદ સ્વામી કાંઈ કારણસર ઓરડાની બહાર આવ્યા અને અંધારામાં નેવાં નીચે ઊભેલા કોઈ સંત હશે એમ ધારી તેમણે પૂછ્યું : ''એ કોણ ત્યાં ઊભું છે ?''

ત્યારે સ્વામીએ કહ્યું : ''એ તો હું નિર્ગુણાનંદ.''

તે સાંભળી સ્વામી ચમક્યા ! અત્યારે મોડી રાત્રે આ નાના સાધુ ત્યાં કેમ ઊભા હશે ? તેમણે તરત જ પૂછ્યું : ''અત્યારે ત્યાં કેમ ઊભા છો ? હવે આસને જઈને સૂઈ જાઓ.''

તે સાંભળી ગુણાતીતાનંદ સ્વામી, જેમને મહારાજ 'ભાદરાવાળા નિર્ગુણાનંદ' કહેતા, તે સ્વામી પાસે આવ્યા અને તેમને હાથ જોડી કહ્યું : ''સ્વામી ! મહારાજ દરબારમાં વાતો કરવા પધાર્યા છે તે હમણાં પાછા અક્ષર ઓરડીમાં પધારશે એટલે દર્શન માટે રાહ જોઈને ઊભો છું.''

સ્વામીના આ શબ્દો સાંભળી મુક્તાનંદ સ્વામી આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. તેમણે માથું ડોલાવ્યું અને બોલ્યા : ''અહો ! અતિ શ્રદ્ધાળુ સંત ! નથી દેહની પડી, નથી નિદ્રાની ! જ્યારથી દીક્ષા આપી ત્યારથી ચડતો ને ચડતો જ રંગ દેખાય છે.'' એટલું કહી પોતે લઘુ કરી તેમને આસને ગયા.

અહીં સ્વામી વિચાર કરવા લાગ્યા કે આ નવા સંત મારી પાસે થોડા જ સમયમાં ધ્યાનનો અભ્યાસ પૂરો કરી શ્રીજીમહારાજની મૂર્તિનાં અંતરમાં અખંડ દર્શન કર્યાં કરે છે. છતાં પણ મહારાજના પ્રત્યક્ષ સ્વરૂપનાં દર્શનની તેમને કેટલી તાલાવેલી છે !

ગુણાતીતાનંદ સ્વામી આ જ સ્થિતિમાં વરસતા વરસાદમાં લગભગ બે કલાક ત્યાં નેવાં નીચે ઊભા રહ્યા. મહારાજ અક્ષર ઓરડીમાં પાછા પધાર્યા ત્યારે અંધારામાં વીજળીના ઝબકારમાં જે રીતે લબક-ઝબક દર્શન થયાં તેવાં દર્શન કરીને સ્વામી પોતાના આસને ગામ બહાર એક વૃક્ષ નીચે પધાર્યા. અહીં થડની ઓથે બેસી ધ્યાનસ્થ થઈ ગયા.

✧

થોડા સમય પછી, ગઢડાથી સૌની વિદાય લઈને શ્રીહરિ કરિયાણા જવા નીકળ્યા. એ પહેલાં, સુરા બાપુના આગ્રહથી લોયા પધાર્યા.

ભીમ પંડ્યા માણકી લઈને આવે છે

મહારાજ લોયામાં બિરાજતા હતા તે દરમ્યાન ગામ ચૂડાના ભીમ પંડ્યા તથા તેના ભાઈ જીવરામ લોયા આવ્યા. તેમણે સાંભળ્યું હતું કે સ્વામિનારાયણ ભગવાન છે. એટલે મનમાં સંકલ્પ કરીને આવ્યા હતા કે જો ભગવાન હોય તો બંને ચરણમાં સોળ ચિહ્નો હોવાં જોઈએ.

તે લોયા આવ્યા ત્યારે મહારાજ સભામાં બિરાજમાન થયા હતા અને વાતો કરતા હતા. ભીમ પંડ્યાનો સંકલ્પ જાણી મહારાજે પોતાનાં બન્ને ચરણ પ્રસાર્યાં. ભીમ પંડ્યાને આથી મહારાજનાં ચરણારવિંદમાં ચિહ્નો જોવાની તક મળી. તે સામે જ બેઠા અને ધીરે રહીને મહારાજનાં બંને ચરણારવિંદમાં ઊપસી આવેલાં સોળ ચિહ્નો તેણે જોઈ લીધાં. તેના મનમાં નિશ્ચય થયો કે મહારાજ ભગવાન છે. તેણે તથા જીવરામે તરત જ મહારાજ પાસે વર્તમાન ધરાવ્યાં અને કંઠી પહેરી.

પછી ચૂડા પાછા જવા નીકળ્યા. રસ્તામાં મીણાપર ગામ આવ્યું એટલે તેને તે ગામના ગરાસિયાને રૂપિયા ધીર્યા હતા તે યાદ આવ્યું. તે રકમ વ્યાજ સાથે મળીને રૂપિયા ત્રણેક હજારની થતી હતી. ગરાસિયાની ડેલીએ આવ્યા એટલે ગરાસિયાને થયું કે નક્કી રકમની ઉઘરાણી કરવા આવ્યા લાગે છે. તે ઊભો થયો એટલે ભીમ પંડ્યાએ કહ્યું : ‘‘રામ રામ બાપુ !’’

બાપુ તેમને જોઈને ટાઢા થઈ ગયા પછી ધીરે રહીને બોલ્યા : ‘‘રામ, રામ.’’

ભીમ પંડ્યાએ પછી ધીરેથી કહ્યું : ‘‘બાપુ ! ઉઘરાણીએ આવ્યા છીએ. આ વખતે તો પાછા જવાના નથી. જો રકમ નહિ આપો, તો અહીં જ અન્નપાણી છોડીને ત્રાગું કરીશું.’’

બાપુ આ સાંભળી મૂંઝાણા. વાણિયાનું દેવું હોત તો તો બાપુ પહોંચી વળત. પરંતુ આ તો બ્રાહ્મણ ! ભૂદેવ કહેવાય. તે સમયમાં નાના નાના રાજપૂત ભાયાતો પણ ગાયો અને બ્રાહ્મણોનું સન્માન કરતા. તેથી બાપુએ કહ્યું : ‘‘પહેલાં સીધા-પાણીની વ્યવસ્થા કરું પછી આપણે વાત કરીએ.’’

ભીમ પંડ્યાએ તરત જ કહ્યું : ‘‘બાપુ ! પહેલાં ઉઘરાણીની વાત કરો. તે પતશે પછી જ અનાજ મોઢામાં લઈશું.’’

રૂપિયા ત્રણ હજાર જેટલી રકમ ઘરમાં ક્યાંથી હોય ? બાપુ વિચારમાં પડી ગયા. તેમણે કહ્યું : ‘‘થોડી મુદત આપો. બધી રકમ સામટી આપી દઈશ.’’

પણ ભીમ પંડ્યા અને જીવરામ મક્કમ હતા. તેણે કહ્યું : ‘‘બાપુ ! આમ મુદતમાં ને મુદતમાં કેટલાં વરસ વીતી ગયાં ! માટે આ વખત તો રકમ લઈને જ જવું છે.’’

એટલામાં ભીમ પંડ્યાની નજર સામે બાંધેલી વછેરી ઉપર પડી. તેણે વિચાર કર્યો. વછેરી જાતવંત છે. જો બાપુ તે આપી દે, તો મહારાજને અર્પણ કરી દઈએ. તેણે તરત જ કહ્યું : ‘‘બાપુ ! રૂપિયા ન હોય તો કાંઈ નહિ. પણ

પેલી વછેરી બાંધી છે તે આપી દ્યો. રકમ ચૂકતે મળ્યાની સહી કરી દઉં !"

આ સાંભળી બાપુને જાણે વીજળી પડી હોય તેવો આઘાત લાગ્યો. બે ઘડી તો વિચારમાં પડી ગયા. પણ પછી મનમાં થયું જો વછેરી નહિ આપું તો બ્રાહ્મણો ત્રાગું કરશે અને જો તેમનો દેહ પડી જશે તો મને બે બ્રહ્મહત્યા લાગશે. તેણે કહ્યું : "પંડ્યા ! આ વછેરી તો જીવસાટાની છે. દેવાંશી છે. પણ તમેય દેવપુરુષ છો. જો દેવું વળી જતું હોય અને તમે રાજી થતા હો, તો ભલે વછેરી છોડી જાઓ."

ભીમ પંડ્યાને આ સાંભળી નિરાંત થઈ. તેણે કહ્યું : "બાપુ ! હવે સીધાની સામગ્રી લાવો. રસોઈ બનાવીએ."

બાપુએ પાકા સીધાની સામગ્રી આપી. ભીમ પંડ્યાએ રસોઈ તૈયાર કરી. બન્ને ભાઈઓ જમ્યા. પછી બાપુએ વછેરીનું પૂજન કર્યું. તેના કપાળે ચાંદલો કર્યો. ભીમ પંડ્યા તથા જીવરામ પંડ્યાના કપાળે પણ ચાંદલા કર્યા અને પછી વછેરી તેમને સોંપી દીધી. તે વખતે તેમની આંખમાં આંસુ હતાં. ભીમ પંડ્યાએ ખાતું ફાડી નાખ્યું અને બાપુને ઋણમુક્ત કર્યા. બંને ભાઈઓ ત્યાંથી નીકળ્યા અને વિચાર કર્યો કે હવે પાછા લોયા જઈએ. અને મહારાજને આ વછેરી અર્પણ કરીને પછી જ ઘેર જઈએ. તેમણે લોયાની વાટ પકડી.

મહારાજ લોયામાં સભા કરીને બિરાજમાન થયા હતા. તે વખતે તેમણે સુરાખાચરને કહ્યું : "સુરાખાચર ! કંકુ, હાર વગેરે તૈયાર કરો. અમારો ગરુડ આવે છે તેનું પૂજન કરવું છે."

એટલામાં ભીમ પંડ્યા અને જીવરામ પંડ્યા વછેરી લઈને દરબારમાં આવ્યા. મહારાજ તેમને જોઈને બોલ્યા : "સુરાખાચર ! આ ભીમ પંડ્યા અમારો ગરુડ લઈ આવ્યા."

સુરાખાચર તથા કાઠી દરબારો વછેરી જોઈને એકદમ ઊભા થઈ ગયા. સુરાખાચરે નખશીખ વછેરીને નીરખી લીધી. કેશવાળી ઉપર હાથ ફેરવ્યો, કાનસોરી જોઈ, પગના ડાબલા જોયા. તેણે તરત જ કહ્યું : "મહારાજ ! આ માણકી છે. પણ માણકીની જાતમાંય આ તો ઉત્તમ જાત છે. આવું જાનવર હજુ સુધી દીઠું નથી. મીણાપરના ગરાસિયા પાસે આવી એક જાતવંત વછેરી છે એવું સાંભળ્યું હતું, પણ તે ગમે એટલી રકમ આપતાંય આપતો નથી."

ભીમ પંડ્યાએ કહ્યું : "બાપુ ! તે ગરાસિયાની જ આ વછેરી છે. અમારા રૂપિયા ત્રણ હજાર તેની પાસે લેણા હતા. તેની ઉઘરાણી કરવા અમે

આંહીંથી મીણાપર ગયા હતા. અમે ત્રાગું કર્યું એટલે બ્રહ્મહત્યાની બીકે તેણે અમને આ વછેરી આપી દીધી.''

મહારાજ આ સાંભળી રહ્યા હતા. તેમણે કહ્યું : ''પંડ્યા ! આ તો અમારો ગરુડ છે. અમારી સેવા કરવા માટે જ તેણે આ જન્મ લીધો છે. તમે આજે અમારી બહુ સેવા કરી.'' એમ કહીને મહારાજે ભીમ પંડ્યાની છાતીમાં પોતાનાં બંને ચરણારવિંદ આપ્યાં. જીવરામને પણ એ રીતે રાજી કર્યા. બંને ભાઈઓ મહારાજના આશીર્વાદ લઈ ઘેર ગયા.[૩૧]

---

૩૧. આ ઉપરાંત, માણકી ઘોડીના સંદર્ભમાં એક બીજી કથા પણ પ્રસિદ્ધ થયેલી છે. તે આ મુજબ છે :

મહારાજે સાંભળ્યું હતું કે મીણાપરમાં માણકીની વછેરી છે. ઘોડીની જાતમાં માણકી શ્રેષ્ઠ જાત ગણાય. તેથી આ વછેરી મેળવવા માટે મહારાજે મીણાપરના દરબાર મનુભા પાસે માણસ મોકલ્યો. પણ તેમણે વછેરી આપવાની ના કહી. આથી મહારાજે સુરાખાચરને પૂછ્યું : ''મીણાપરના દરબારના કોઈ વળવાળા ખરા ?''

ત્યારે તેમણે કહ્યું : ''હા મહારાજ ! ભેંસજાળના કાયાજીને તેમની સાથે સારો સંબંધ છે.''

મહારાજે તરત જ કહ્યું : ''તો આપણે ભેંસજાળ જઈએ.''

મહારાજ તથા સુરાખાચર બંને ભેંસજાળ ગયા. ત્યાં પાદરમાં હનુમાનજી હતા ત્યાં ઊભા રહ્યા અને ગામના છોકરા સાથે કાયાજીને કહેવરાવ્યું કે ''સુરાખાચર અને સ્વામિનારાયણ ભગવાન પાદરે આવ્યા છે અને તમને બોલાવે છે.''

આ સંદેશો મળ્યો એટલે કાયાજીએ કહેવરાવ્યું : ''પાદરે શા માટે ઊભા છો ? અહીં પધારો.'' એમ કહી પોતે જ ઘોડી લઈને પાદરે જવા ઉપડ્યા. હાથમાં હોકો હતો. મહારાજનાં દર્શન કરતાં જ તેમણે હોકો ફેંકી દીધો. મહારાજ પાસે આવી પગે લાગી મહારાજને કહ્યું : ''મહારાજ ! દરબારમાં પધારો.''

મહારાજ સુરાખાચર સાથે કાયાજીના દરબારમાં પધાર્યા. અહીં આવી સુરાખાચરે કાયાજી બાપુને વાત કરતાં કહ્યું : ''મીણાપરના મનુભા પાસે જે માણકી વછેરી છે તે મહારાજ માટે જોઈએ છે. પણ મનુભા આપવાની ના કહે છે. તે તમારા સગામાં છે એટલે તમો કહેશો તો આપશે.''

આ સાંભળી કાયાજી બાપુએ કહ્યું : ''એમાં શું ? આપણે કાલે જ મીણાપર જઈએ.'' એમ કહીને તેમણે મીણાપર સંદેશો મોકલ્યો.

બીજે દિવસે જમીને મહારાજ કાયાજી દરબાર તથા સુરાખાચર સાથે મીણાપર પધાર્યા. અહીં દરબારોને આગલે દિવસે ખબર પડ્યા હતા કે કાયાજી બાપુ સ્વામિનારાયણ ભગવાનને લઈને માણકી લેવા મીણાપર પધારે છે, તેથી દરબારો

કરિયાણામાં જન્માષ્ટમી ઉત્સવ : આ.સં. ૧૮૬૮

થોડા દિવસ પછી મહારાજે કરિયાણા જવા તૈયારી કરી. મહારાજે ભગુજીને કહ્યું : "અમારો ગરુડ લાવો." ભગુજી તરત જ માણકીને તૈયાર કરી મહારાજ પાસે લાવ્યા. મહારાજનાં દર્શનથી, તેમની સેવા કરવાની તત્પરતાથી માણકી થનગનતી હતી. મહારાજે માણકીને થાબડી. તેની કેશવાળી પકડી. માણકીનો થનગનાટ વધ્યો. આનંદનો ભાવ વ્યક્ત કરવા હણહણી અને

સૌ મીણાપરથી બીજે ગામ જવા નીકળી ગયા.

મહારાજ મીણાપર પધાર્યા. પરંતુ કોઈ પુરુષવર્ગ ત્યાં હતો નહિ. કાયાજી દરબારે પૂછ્યું ત્યારે બૈરાંઓએ કહ્યું : "આદમી તો ગામતરે ગયા છે, પણ તમારે કામ શું છે ?"

ત્યારે કાયાજી દરબારે કહ્યું : "અમારે માણકી આ અમારા સ્વામિનારાયણ ભગવાનને આપવી છે."

તે સાંભળી મનુભા દરબારનાં ઘરનાંએ કહ્યું : "એમાં આદમીનું શું કામ છે ? લ્યો અમે આપીએ," એમ કહી તેની દસ વરસની દીકરીને કહ્યું : "બેટા, માણકી છોડીને લાવો."

તે દીકરી માણકી છોડીને લાવી. કંકાવટી પણ લાવી. મહારાજના કપાળમાં ચાંલ્લો કર્યો. માણકીને પણ ચાંલ્લો કર્યો. પછી તેણે માણકીની સરક મહારાજના હાથમાં સોંપી. એટલે મહારાજે કહ્યું : "થાળી લાવો." તરત જ થાળી લઈ આવ્યા. મહારાજે તેમાં રૂપિયા ૬૦ નાંખ્યા, સાકર નાંખી પછી મહારાજે તે દીકરીને પૂછ્યું : "દીકરી, તમારું નામ શું ?" ત્યારે તેણે કહ્યું : "મોંઘીબા !"

એ સાંભળી મહારાજે કહ્યું : "મોંઘીબા ! તમે બહુ મોંઘા થશો." એમ આશીર્વાદ આપી મહારાજ માણકી લઈને નીકળ્યા.

પાછળથી મોંઘીબાનાં લગ્ન ગોંડળનરેશ સંગ્રામજી બાપુ સાથે થયાં અને મહારાજના આશીર્વાદથી બહુ મોટાં રાજરાણી થયાં. ગોંડળમાં અક્ષરદેરી તેમણે કરાવી હતી અને તેની સુરક્ષા માટે પણ સર્વ પ્રકારે સંભાળ રાખી હતી.

જો કે, મહારાજા ભગવત્સિંહજી દ્વારા પ્રકાશિત 'History of Gondal' (1889, p.120) નામના પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે, મોંઘીબાનાં લગ્ન સંવત ૧૯૧૩માં થયાં હતાં. ધારો કે, લગ્ન સમયે તેમની ઉંમર ઓછામાં ઓછી ૨૬ વર્ષની હોય તોય તેમનો જન્મ સંવત ૧૮૮૭માં થયો હોય ! જ્યારે ભગવાન સ્વામિનારાયણે દેહત્યાગ સં. ૧૮૮૬માં કર્યો હતો ! આથી ઉપરોક્ત વિગતો સંશયપ્રેરક છે. આમ છતાં, પરંપરાગત રીતે સાંભળવા મળતી હોવાથી અત્રે મૂકી છે.

મહારાજ ચોકડું પકડીને તેના પર સવાર થઈ ગયા.

મહારાજ કરિયાણા પધાર્યા. દેહાખાચર, મીણબાઈમા તથા ગામના અન્ય સત્સંગીઓ મહારાજની રાહ જોઈ રહ્યાં હતાં. આગળથી કંકોત્રીઓ લખી હતી તેથી દેશાંતરના હરિભક્તો પણ આવી ગયા હતા. મહારાજ પધાર્યા. અગાઉ ગોઠવી રાખ્યા પ્રમાણે સામૈયું પંચપીરની જગ્યા આગળથી કર્યું અને ધામધૂમથી મહારાજને દેહાખાચરના દરબારમાં પધરાવ્યા. એ વખતે કાળા મકવાણાને સંકલ્પ થયો કે આ ટાણે આટલા મોટા સમૂહમાં મહારાજની સેવા કરવાનો, સાથે રહેવાનો મને લાભ મળશે નહીં.

સંતદાસજી આવે છે

બીજે દિવસે જન્માષ્ટમી ઉત્સવ હતો. મહારાજે સવારે જ સભામાં ઉત્સવ અંગેની તૈયારીઓ કરવાની સૂચના આપી. તે સમયે એક હરિભક્તે આવીને મહારાજને સમાચાર આપ્યા : "મહારાજ ! સંતદાસજી આવતા લાગે છે."

મહારાજ તે સાંભળી હસ્યા. પોતાની પાછળ પાર્ષદ ઊભો હતો તેને કહ્યું : " બે ભગવાં વસ્ત્રો લઈ આવો." તે તરત જ બે વસ્ત્રો લઈ આવ્યો. તે લઈને મહારાજે તે હરિભક્તને આપ્યાં ને કહ્યું : "તમે જાઓ અને સંતદાસજીને આ વસ્ત્રો આપજો. તે તો સિદ્ધદશાવાળા છે તેથી બદરિકાશ્રમમાં તથા શ્વેતદ્વીપમાં આ ને આ દેહે આવ-જા કરે છે."

તે હરિભક્ત વસ્ત્રો લઈને ગામને પાદર ગયા. ત્યાં તેણે સંતદાસજીને જોયા. શરીર ઉપર એક પણ વસ્ત્ર હતું નહીં. તે હરિભક્તે તેમને દંડવત્ કર્યા અને કહ્યું : "મહારાજે આ વસ્ત્રો મોકલ્યાં છે."

સંતદાસજીએ તરત જ વસ્ત્રો લઈને પહેરી લીધાં. પછી તે મહારાજ પાસે દેહાખાચરના દરબારમાં આવ્યા.

મહારાજ તો સર્વ તત્ત્વોનું તત્ત્વ છે

સંતદાસજીને જોઈ મહારાજ એકદમ ઊઠ્યા. સંતદાસજી પણ મહારાજને જોઈ સામા દોડ્યા. મહારાજ તેમને ભેટી પડ્યા. સમગ્ર સભાજનો આશ્ચર્યવત્ આ મિલન જોઈ રહ્યા. થોડી વારે સંતદાસજી મહારાજને તકલીફ થશે તે ખ્યાલથી છૂટા પડ્યા. પછી મહારાજને દંડવત્ કરવા લાગ્યા. તેમની દંડવત્ કરવાની રીત જોઈ સૌને નવાઈ લાગી. તેથી મહારાજે કહ્યું : "બદરિકાશ્રમમાં

આ પ્રકારે દંડવત્ કરવાની પ્રથા છે.''

મહારાજે સંતદાસને દંડવત્ કરતા બંધ કર્યા અને પોતાની પાસે બેસાર્યા. મહારાજ પાસે પેંડાની ટોપલીઓ પડી હતી તે લઈને તેમણે સંતદાસજીને આપી. સંતદાસ એક પછી એક ટોપલી ખાલી કરવા લાગ્યા. તે જોઈ મહારાજે કહ્યું : ''હવે આ ટોપલીઓ લઈ લ્યો. બદરિકાશ્રમમાં તો ફક્ત બદરીફળ જમવાનાં હોય છે એટલે સંતદાસજીની ભૂખ ભાંગશે નહીં અને આ લોકના ભાવમાં આવી જશે તો પેંડા પચશે નહીં.''

સભામાં બેઠેલા સુરાખાચર સંતદાસજીની ક્રિયાનું નિરીક્ષણ કરી રહ્યા હતા. તેમને જિજ્ઞાસા થઈ. બદરિકાશ્રમ કેવું હશે ? ત્યાં કોણ હશે ? તેથી તેણે પૂછ્યું : ''સાધુરામ ! બદરિકાશ્રમ કેવો દેશ છે ? ત્યાં છે શું ?''

મહારાજ આ સાંભળી હસ્યા. સંતદાસે કહ્યું : ''તે વિશાલક્ષેત્ર કહેવાય છે. ત્યાં નરનારાયણ દેવ છે. પણ અહીં મહારાજ છે તે તો સર્વ તત્ત્વોનું તત્ત્વ છે. તેથી પર કાંઈ જ નથી.''

એટલે સુરાખાચરે પૂછ્યું : ''આ મૂર્તિથી પર કોઈ નથી તો પછી તમો ત્યાં શું કામ જાઓ છો ?''

સંતદાસજીએ કહ્યું : ''હું મારી ઇચ્છાથી ત્યાં જતો નથી. આ મૂર્તિ આગળ જાય છે અને મને ત્યાં દોરીને લઈ જાય છે. ત્યાં કેમ લઈ જાય છે તે તો મને પણ ખબર પડતી નથી.'' એટલામાં મહારાજે તેમના તરફ જોઈ સમસ્યા કરી એટલે સંતદાસજી તરત જ ઊઠ્યા અને જોતજોતામાં ગામ બહાર નીકળી ગયા.

રાત્રે જન્માષ્ટમીનો ઉત્સવ મહારાજે ભવ્ય રીતે ઊજવ્યો. પછી સભામાં વાત કરતાં મહારાજે કહ્યું : ''કૃષ્ણ-જન્મના ઉત્સવમાં સૌને ઉત્સાહ હોય છે પણ એ ઉત્સાહ ઉત્સવ પછી મંદ પડી જાય છે. સૌ પોતાના મનના આનંદ માટે જ ઉત્સવ ઊજવે છે. શ્રીકૃષ્ણનો આદેશ જીવનમાં ઉતારી, ગોપીઓની તેમના પ્રત્યે જેવી ભક્તિ હતી તેવી ભક્તિ પોતાના અંતરમાં ઉદય થાય ત્યારે સાચી કૃષ્ણભક્તિ કરી કહેવાય. પરંતુ એ આદેશ વિસરી જવાય છે અને આચાર રહી જાય છે.''

આ ભૂમિમાં રામ અને કૃષ્ણ આવ્યા હતા

મહારાજ કરિયાણામાં પાંચ-છ દિવસ રહ્યા. કાળો મકવાણો સંતો, હરિભક્તોની સેવા કરે, સૌનો પડ્યો બોલ ઝીલે અને મહારાજનાં દર્શન દૂરથી કરી લે. તેને થયું કે મહારાજ તો હવે જવાની વાતો કરે છે એટલે એક-બે

દિવસમાં જશે.

એટલામાં મહારાજે તેને બોલાવ્યો. તેને કહ્યું : ''કાળા ! અત્યારે રાત પડી ગઈ છે. અમારે દિશાએ જવું છે તો તું અમારી સાથે આવ.''

કાળો મકવાણો આ સાંભળી સ્થંભી ગયો. તેને થયું મહારાજના ધ્યાન બહાર કાંઈ જ નથી. આટલા હરિભક્તો અહીં આવ્યા પણ દરેકને મહારાજે તેમના મનોરથ પ્રમાણે સુખ આપ્યું. સૌના મુખ ઉપર સંતોષ અને આનંદના ભાવ દેખાય છે. હું એક જ બાકી રહી ગયો હતો. મારો સંકલ્પ પણ મહારાજે પૂરો કર્યો. કાળો તરત જ દોડ્યો. હાથમાં લોટો લીધો. બીજા હાથમાં ફાનસ લીધું. મહારાજને કહ્યું : ''મહારાજ ! પધારો.''

મહારાજ વસ્ત્ર બદલીને મકવાણાની પાછળ ગયા. સૌ પાર્ષદો જોઈ રહ્યા. મહારાજ કાળુભારને કાંઠે કાંઠે ખૂબ દૂર નીકળી ગયા. મકવાણાએ કહ્યું : ''મહારાજ ! અસુર બહુ થઈ જશે.'' એટલે મહારાજ અટક્યા. થોડે દૂર જઈ દિશાએ જઈ પાછા આવ્યા. કાળુભાર નદી બે કાંઠામાં હતી. કાળા મકવાણાએ મહારાજના હાથ-પગ ધોવરાવ્યા. લોટો ઊટકી નાખ્યો.

પછી મહારાજ એકાએક નદી પાસેની ધાર ઉપર ચડ્યા. તે જોઈ મકવાણાએ કહ્યું : ''મહારાજ ! બહુ મોડું થઈ જશે.''

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''મકવાણા ! આ ભૂમિ બહુ પવિત્ર છે. અહીંથી રામ, લક્ષ્મણ અને જાનકી વનવાસ દરમ્યાન નીકળ્યાં હતાં, પાંડવો દ્રૌપદી સાથે નીકળ્યા હતા, કૃષ્ણ અને બળદેવ પણ અહીં આવી ગયા હતા.''

મકવાણાએ કહ્યું : ''હશે મહારાજ !''

એટલે મહારાજે કહ્યું : ''તારે જોવું છે ?''

મહારાજના સ્વરૂપમાં જ આગળનાં સૌ સ્વરૂપો સમાઈ ગયાં હતાં, એવી તેની સમજણ હતી. પરંતુ મહારાજની ઇચ્છાથી રામ, લક્ષ્મણ અને જાનકીજી; પાંડવો, દ્રૌપદીજી તેમજ શ્રીકૃષ્ણ અને બળદેવજી ત્યાંથી પસાર થતાં તેણે જોયાં. તેને લાગ્યું કે મહારાજના સ્વરૂપમાંથી જ આ બધાં સ્વરૂપો નીકળતાં હતાં. તેણે કહ્યું : ''મહારાજ ! આપ તો સર્વોપરી ભગવાન છો. આપના સ્વરૂપમાં આ બધાં સ્વરૂપો સમાય અને નીકળે; આપની મરજી પ્રમાણે અમને દેખાય તેમાં શું આશ્ચર્ય !''

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''કાળા ! તું અભણ છે પણ બુદ્ધિ ઘણી છે. ભગવાનને જે ઓળખે તે બુદ્ધિશાળી !''

કાળાએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! મને તો આનંદ થયો કે આપે મારો સંકલ્પ આજે પૂરો કર્યો. કાલે તો આપ અહીંથી પધારી જશો. એટલે મને બીક હતી કે આ વખતે મહારાજની અંગત સેવા, વાતું – એ લાભ મને નહીં મળે."

મહારાજે કહ્યું : "અમારે તો ભક્તોના સંકલ્પ પૂરા કરવા છે !"

સારંગપુરના જીવાખાચરનું આમંત્રણ

આ ઉત્સવમાં સારંગપુરથી જીવાખાચર તથા રાઠોડ ધાધલ આવ્યા હતા. તેમણે મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : "મહારાજ ! સારંગપુર પધારો તો આપનાં પગલાંથી વરસાદની મહેર થાય. આ શ્રાવણ ચાલ્યો પણ વરસાદનું એક ફોરુંય પડ્યું નથી."

મહારાજને પોતાના ભક્તના દુઃખથી દુઃખ થતું. તેમણે કહ્યું : "ઈંદ્ર રિસાયો છે. તેને સંતોષવા યજ્ઞ-યાગાદિક થવા જોઈએ તે થતા નથી. દેવતાઓ તુષ્યમાન થાય તો દેશકાળ સારા રહે. દેવતાઓ અમારે આધીન છે છતાં તેમને પ્રસન્ન કરવા આપણાં વેદાદિક શાસ્ત્રોએ જે જે ક્રિયાકાંડ કરવાનો કહ્યો છે તે થવો જ જોઈએ. મન-કલ્પિત ધર્મનું આચરણ લોકો કરે, ધાર્મિક ક્રિયાકાંડની અવજ્ઞા કરે, પછી દેવો રૂઠે જ ને !" મહારાજને લુપ્ત થયેલી વેદકાલીન પ્રણાલીઓ સજીવન કરી દરેક યુગના જે ધર્મો હતા તે પ્રવર્તાવવા હતા.

મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : "આ જીવાખાચરનો આગ્રહ સારંગપુર તેડી જવાનો છે તો શું કરશું ?"

સ્વામીએ તરત જ હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપ તો ભક્તાધીન છો. તેમનો ભાવ છે તેથી આપણે જવું જ જોઈએ."

મહારાજે તરત જ તેમને કહ્યું : "જાઓ, અમે આવીશું."

બીજે દિવસે મહારાજ તથા સંતો અને પાર્ષદો કરિયાણાથી નીકળી ગયા. જીવાખાચર તથા રાઠોડ ધાધલ પણ નીકળ્યા. બીજા દરબારો પોતપોતાના ગામ ગયા. માણકી મહારાજની મરજી જાણનારી હતી. મહારાજે સવારી કરી અને તેણે ગરુડના જેવી ગતિ ધારણ કરી. સાંજનો સમય થયો અને મહારાજ સારંગપુર પહોંચી ગયા !

મહારાજ સારંગપુરમાં

જીવાખાચરના દરબારમાં મહારાજ પધાર્યા. મહારાજ માણકી ઉપરથી

ઊતરી ઓરડામાં ગયા. અંદર જઈ મહારાજે જીવાખાચરનાં પત્નીને પૂછ્યું : "બાપુ હજુ આવ્યા નથી ? અમે સાથે જ નીકળ્યા હતા !"

મહારાજને એકલા આવેલા જોઈ તેને આશ્ચર્ય થયું ! માથે છેડો જરા આઘો કરી તેણે મહારાજને તરત જ ઢોલિયો ઢાળી દીધો. ઉપર રેશમી ધડકી પાથરી દીધી. પછી કહ્યું : "ના, મહારાજ ! એ તો કદાચ બોટાદ રોકાયા હશે." એમ કહી હાજા ભરવાડને બોલાવ્યો. હાજો ગમારો દોડતો આવ્યો. તેને કહ્યું : "બાપુ બોટાદમાં રોકાયા હશે તો તું ઝટ જા અને બાપુને ખબર આપ કે મહારાજ પધાર્યા છે."

હાજો ભરવાડ આ સાંભળી હાથમાં કડિયાળી ડાંગ લઈને ત્યાંથી દોડતો નીકળ્યો. હાજાની દોડ ભલભલી ઘોડીઓને હંફાવે એવી હતી.

બોટાદથી જીવાખાચરને તેડીને હાજો સારંગપુર આવી ગયો. જીવાખાચર તથા રાઠોડ ધાધલ મહારાજને પગે લાગ્યા અને કહ્યું : "મહારાજ ! અમે તો ધાર્યું હતું કે તમે અમારી પાછળ પોગશો !"

તે સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "અમારા કરતા આ માણકીને ઉતાવળ વધારે હતી. તમારા જેવા ભક્તોનો ભાવ તો માણકી પણ પરખી જાય છે."

"માણકી તો મુક્ત છે. નહિ તો આપ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણનું તે વાહન કેમ બની શકે ?" જીવા બાપુએ કહ્યું.

મહારાજ માટે થાળ તૈયાર થયો. મહારાજ જમવા પધાર્યા. જીવાખાચર, રાઠોડ ધાધલ અને અન્ય કાઠી ભાયાતો મહારાજની સમક્ષ દર્શન કરતા બેઠા. બાપુએ મહારાજને કહ્યું : "મહારાજ ! આષાઢ અને શ્રાવણ બંને કોરા ગયા. પાણીનું ટીપુંય કોઈ ઠેકાણે નથી. ઢોર પણ પાણી વિના તરફડે છે."

મહારાજ જમતા હતા અને જીવાખાચરની વાત સાંભળતા હતા. મહારાજે જમતાં જમતાં કહ્યું : "ઇંદ્ર તો રિસાયો છે પણ તમારા જેવા ભક્તો માટે તેને વરસવું પડશે." એમ કહીને મહારાજે ઈશાન ખૂણામાં દૃષ્ટિ કરી. નીલ આકાશમાં આથમતા સૂર્યનાં કિરણો પ્રસરી રહ્યાં હતાં. ચૈત્ર અને વૈશાખ તપતો હોય તેવો તાપ ધરતીને ધગાવી રહ્યો હતો.

રિસાયેલા ઇંદ્રને વરસવું પડ્યું

એવામાં એકાએક કાળી વાદળી આકાશમાં દેખાણી. મહારાજે ધૂન

ઉપાડી. ધૂનનો વેગ વધતો હતો અને આકાશની વાદળી વધતી દેખાતી હતી. થોડી વારમાં તો સૂર્ય ઢંકાયો અને વીજળીના કડાકા થવા લાગ્યા. જીવાખાચરને તથા ત્યાં બેઠેલા અન્ય ભક્તોને એકાએક વાતાવરણમાં આ ફેરફાર જોઈ આશ્ચર્ય થયું ! તેમણે કહ્યું : ''મહારાજ ! ઇંદ્ર આવતા હોય એવું લાગે છે.''

મહારાજે કહ્યું : ''આવે તો છે પણ રીસે ભરાઈને આવે છે. માટે વરસશે, અનરાધાર વરસશે. ન આવ્યાની ખોટ દેખાય છે, પણ આવશે પછી પણ ખોટ દેખાશે.'' મહારાજની આ વાત કોઈ સમજ્યા નહીં.

વરસાદ શરૂ થયો. ધરતી ભીની થઈ અને તે માદક સુગંધ હવામાં પ્રસરવા લાગી. ધીરે ધીરે વરસાદની ધારા વધવા લાગી. વીજળીના કડાકા પણ થવા લાગ્યા. થોડી વાર તો સૌને લાગ્યું કે વરસાદ સારો વરસવા લાગ્યો. પણ વરસાદનું જોર વધ્યું અને મુશળધાર પડવા લાગ્યો. વરસાદના આ જોરથી ગામમાં માટીનાં ઘરો પડવા લાગ્યાં. જીવાખાચરને આ ખબર મળ્યા એટલે તેણે મહારાજને કહ્યું : ''મહારાજ ! વરસાદનું જોર વધ્યું છે, ગામમાં ઘરો પડવા લાગ્યાં છે. માટે હવે વરસાદ બંધ થઈ જાય તેવી પ્રાર્થના છે.''

મહારાજે કહ્યું : ''હવે તો ઇંદ્રના ક્રોધે માઝા મૂકી છે. આ તમારું ઘર પણ પડશે અને બહાર નીકળવાનો માર્ગ નહીં રહે માટે પહેલાં અમને બીજા ઘરે લઈ જાવ.''

જીવાખાચરે બીજાં નવાં મેડીબંધ ઘર બનાવ્યાં હતાં. તેમણે તરત જ મહારાજને કહ્યું : ''મહારાજ ! ચાલો અમારી નવી મેડીમાં.'' એમ કહીને મહારાજને ત્યાં લઈ ગયા અને તરત જ તેમના દરબારમાંના આ ઘરના કરા પડ્યા.

સાંજ પડી પણ વરસાદનું જોર ઓછું થયું નહીં ! ગામમાં પાણી ભરાઈ ગયાં ને કેટલાંય ઘરો પડવા માંડ્યાં. મહારાજ નવી મેડીમાં બેઠાં બેઠાં ઇંદ્રનો આ કોપ નીરખી રહ્યા હતા. ત્યાં જીવાખાચર આવ્યા. તેમણે કહ્યું : ''મહારાજ ! ગામમા પારાવાર નુકસાન થયું છે.''

એટલે મહારાજે કહ્યું : ''અમને ભૂખ લાગી છે કાંઈક જમવાનું લાવો.''

આ પરિસ્થિતિમાં રસોઈ કેમ બનાવવી તેની જીવાખાચરને મૂંઝવણ થઈ. તેમનાં પત્ની સીતબા પાસે તે ગયા : ''મહારાજને ભૂખ લાગી છે. કાંઈક રસોઈ બનાવો.''

સીતબાએ કહ્યું : ''પણ ચૂલામાં પાણી ભરાઈ ગયાં છે, છાણાં ને લાકડાં પલળી ગયાં છે. શી રીતે રસોઈ કરવી ?''

જીવાખાચરે કહ્યું : "વાંધો નહીં. હમણાં હું ગોઠવણ કરું છું."

તેમણે કોઠી ભાંગીને ચૂલો બનાવ્યો. રંગત ઢોલિયો હતો તેની ઈસો કુહાડીથી ફાડીને બળતણ તૈયાર કર્યું. પછી સીતબાને કહ્યું : "હવે વર્ણીને મોકલું છું. તેમને બાજરાનો લોટ આપજો. મહારાજને દહીં ને રોટલા જમાડશું."

થોડી વારમાં બ્રહ્મચારીએ ત્રણ-ચાર રોટલા બનાવી નાખ્યા. દહીંનું માટલું લીધું અને મહારાજ પાસે બધું ઉપાડીને ગયા. મહારાજે આ બધું જોઈ પૂછ્યું : "શી રીતે રસોઈ બનાવી ?"

બ્રહ્મચારીએ બધી વાત કહી. મહારાજ સારી પેઠે જમ્યા.

રાત પડવા આવી હતી. આ ડેલી ઉપરની નવી મેડી પણ પડશે તેમ લાગવાથી મહારાજને બાજુમાં દેવાખાચરે નવાં મકાન કરાવ્યાં હતાં ત્યાં જીવાખાચર લઈ ગયા. મહારાજ અહીં આવી ઢોલિયામાં બિરાજ્યા. જીવાખાચર ગામમાં જેનાં ઘર પડી ગયાં હતાં ત્યાં ગયા અને ત્યાંના માણસોને બીજે ખસેડવા લાગ્યા. ઢોર પણ બીજે ખસેડીને બંધાવ્યાં. પછી મહારાજ પાસે આવ્યા. મહારાજે તેમને કહ્યું : "બાપુ ! રાજાને શોભે એવું કામ કર્યું. રાજાએ રૈયતનું દુ:ખ પહેલાં જોવું જોઈએ."

મહારાજ ખભા ઉપર મોભ ઊંચકે છે

વરસાદ મુશળધાર પડતો જ રહ્યો. મધ્યરાત્રિ થઈ. મહારાજ ઢોલિયામાં પોઢ્યા હતા. પરંતુ આજે તેઓ યોગનિદ્રા ધારણ કરી શક્યા નહીં. એકાએક તેમના કાને ચીસ સંભળાણી : "એ ભગવાન ! દોડો, દોડો, આ મારા ઘરનો મોભ હમણાં તૂટશે અને મારાં છોકરાં અને આ ઢોર બધાં પીલાઈ જશે !"

એ શબ્દોમાં મૃત્યુનાં એંધાણ હતાં. તેની સામીપ્યની ભયંકરતા હતી. મહારાજ એકદમ ઊઠ્યા. બ્રહ્મચારી જાગી ન જાય તેથી ધીરે રહીને ઘરની બહાર નીકળ્યા. જે દિશામાંથી ચીસ સંભળાણી હતી તે તરફ મહારાજ દોડ્યા. થોડી વારમાં તો મહારાજ સ્થળ ઉપર પહોંચી ગયા.

મહારાજ ઘરમાં પ્રવેશ્યા અને જોયું તો ઘરનો મોભ પડું પડું થઈ રહ્યો હતો. તેમણે તરત જ મોભ ઊંચકયો. ગોવર્ધનને જેમ ટચલી આંગળીએ શ્રીકૃષ્ણ ભગવાને ઊંચક્યો, તેમ મહારાજે આ તોતિંગ મોભ એક હાથે ઊંચક્યો અને તરત જ પોતાના ખભા ઉપર ટેકવી દીધો. લાખો પટેલ તથા દેવો પટેલ તો આ જોઈ રહ્યા. દસ-પંદર માણસના સામટા બળથી જે મોભ ન ઊંચકી શકાય તે આ

મહાપુરુષે એક હાથે ઊંચકી લીધો ! તેમને અંધારામાં કોણ હતું તે ઓળખાયું નહીં. મહારાજે તેમને કહ્યું : "ભાઈ ! તારાં ઢોર બહાર કાઢી લે, આ ઘર આખું મોભને આધારે ઊભું છે, હમણાં તૂટીને જમીન ઉપર પડી જશે."

લાખા પટેલ તથા દેવા પટેલને ફક્ત શબ્દો જ સંભળાયા. તે શબ્દોમાં તેમણે દયા કરતાં પણ કરુણાના ભાવો જોઈ લીધા. શબ્દો બોલનારની આકૃતિ તો અંધારામાં કળાતી ન હતી. પરંતુ બાપુ જીવાખાચરના દરબારમાં સાંભળેલા ઉપદેશના શબ્દોમાં જે ઘેરી મધુરતા હતી તે મધુરતા તેમણે આ શબ્દોમાં અનુભવી. તેમણે મોભ નીચે દબાયેલાં ઢોરને ખીલેથી છોડીને બહાર કાઢ્યાં, બૈરાં-છોકરાંને પણ બહાર લઈ લીધાં. મહારાજે જોયું કે બધાં બહાર નીકળી ગયાં છે એટલે તરત જ તેમણે પોતાના ખભા ઉપરથી મોભ લઈને ધીરેથી નીચે મૂકી દીધો અને પોતે બહાર નીકળી ગયા. તરત જ ઘર છાપરા સાથે ભયંકર કડાકો કરતું નીચે પડ્યું.

મહારાજ ત્યાંથી નીકળી ગયા અને દેવાખાચરની મેડીએ આવી પલંગમાં પોઢી ગયા. થોડી વારે વરસાદ ધીમો પડી ગયો.

સવારે બ્રહ્મચારી મહારાજને સ્નાન કરાવતા હતા તે વખતે તેમણે મહારાજના ખભા ઉપર ઊંડો કાપો જોયો. એટલો ભાગ શ્યામ થઈ ગયો હતો. તેમણે પૂછ્યું : "મહારાજ ! આ ખભે આટલો ઊંડો કાપો કેમ પડી ગયો ?"

મહારાજે રાત્રે બનેલી હકીકત કહી. તે સાંભળી બ્રહ્મચારી ખીજાયા. તેમણે કહ્યું : "અમે શું મરી ગયા'તા ?"

મહારાજે હસતાં હસતાં કહ્યું : "તમે ઊંઘી ગયા'તા. તમને જગાડવા રહું ત્યાં તો તેનાં ઢોર સાથે ઘરનાં બધાં જ માણસોને મોત આંબી જાય."

"પણ દેવો પટેલ તો માર્ગી પંથનો છે. એ ક્યાં આપણો ભગત છે ?"

"એ ખરું, પણ એણે ભગવાનને સાદ કર્યો એટલે અમારે જવું જોઈએ ને !" મહારાજે કહ્યું.

ભક્તના યોગ અને ક્ષેમનું ભગવાન સ્વયં વહન કરે છે કોઈ બીજા પાસે કરાવતા નથી. બ્રહ્મચારીને આ ગીતાસૂત્ર યાદ આવી ગયું.

એ વખતે જીવાખાચર આવ્યા. તેમણે દેવા પટેલના ઘર પડ્યાની વાત કરીને કહ્યું : "મહારાજ ! સારું થયું કે કોઈ દોડ્યું ને તેના ઘરનો મોભ ખભા ઉપર ઉપાડી લીધો. નહીં તો તેનાં ઢોર અને ઘરનાં તમામ મનુષ્યો દટાઈ જાત."

મહારાજ હસતાં હસતાં તેમની વાત સાંભળી રહ્યા. બ્રહ્મચારીએ કહ્યું :

"બાપુ ! એ તોતિંગ મોભ ઊંચકનાર આ પોતે જ હતા. આ જુઓ ખભા ઉપરનો ઊંડો કાપો !"

જીવાખાચરે જોયું. તેમને લાગ્યું કે ગામનો દેવો પટેલ હોય કે ગામના દરબાર જીવાખાચર હોય, ભગવાનને મન તો બધા જ સરખા !

મહારાજ સારંગપુરમાં ઘેર ઘેર ઝોળી માગવા પધારે છે

મહારાજે કહ્યું : "બાપુ ! આજે આપણે ગામમાં ઝોળી માગવા જવું છે."

એ સાંભળી બાપુ ચમક્યા. તેમણે કહ્યું : "અરે મહારાજ ! એ શું બોલ્યા ? ગામ આખું ગારો ગારો થઈ ગયું છે. એટલે આપને ન જવાય."

મહારાજે કહ્યું : "આજે તો જવું જ છે, ઘેરે ઘેર ઝોળી માગવી છે."

મહારાજના આ શબ્દોનું રહસ્ય બ્રહ્મચારી સમજી ગયા. તેમણે કહ્યું : "બાપુ ! મહારાજને ઝોળી માગવા આખા ગામમાં ફરવું છે અને જોવું છે કે કોને કેટલું નુકસાન થયું છે ! કાલે ઇંદ્ર ખરેખરો રૂઠ્યો હતો. મહારાજ જો આંહીં ન હોત તો સારંગપુર ગામને કાલે મેઘરાજા તારાજ કરી દેત."

બાપુ જીવાખાચર સમજી ગયા. તેમને લાગ્યું કે ઇંદ્ર કહેવાય છે દેવ, પણ તેનેય ભગવાન સાથે ઈર્ષા હોય છે. પૂર્વે વ્રજને જળબંબાકાર કરી દેવું હતું. પરતુ શ્રીકૃષ્ણના ઐશ્વર્ય આગળ તેનું કાંઈ ચાલ્યું નહીં. આજે આ સારંગપુર ગામને તારાજ કરી દેવું હતું પરંતુ મહારાજ બિરાજતા હતા તેથી ઇંદ્રની શક્તિ નિષ્ફળ નીવડી.

મહારાજ બાપુ જીવાખાચરને સાથે લઈને ગામમાં ઝોળી લઈને નીકળ્યા. આજે પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સ્વયં સારંગપુરમાં ઘેર ઘેર ભિક્ષા માગવા નીકળ્યા. ભિક્ષા એ હેતુ ન હતો પરંતુ વર્ષાથી પીડિત થયેલા લોકોને પોતાનાં દર્શન દઈ શાંતિ આપવી તે હેતુ હતો. ગામ પણ ગાંડું થયું હતું. ગામમાં ખબર પડી કે ભગવાન સ્વયં ભિક્ષા માગવા ગામમાં નીકળવાના છે એટલે ગામલોકોએ ઘરમાં થયેલી તારાજીની ખેવના ન કરી અને ઘરમાં જે કાંઈ હતું તેમાંથી ઉત્તમ રસોઈ બનાવી. કોઈકે ગરમ રોટલા તો કોઈએ મેથીના લાડુ તો કોઈએ મગદળ, દૂધ-દહીંનાં માટલાં; જે કાંઈ ઘરમાં વરસાદની આંધીમાંથી બચ્યું હતું તે બધુંય મહારાજની ઝોળીમાં પધરાવ્યું. મહારાજ પણ 'નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભુ' કહેતાં ઝોળી પહોળી કરતા જાય અને આપનાર તરફ આશીર્વાદની દષ્ટિ કરતા જાય. આપનારાએ આપ્યું તેમાં તેમને ઘણું મળ્યાનો

સંતોષ થયો. વિનાશનો વિષાદ અંતરમાંથી નીકળી ગયો. પ્રભુની દૃષ્ટિએ ચેતનાત્મક નવસર્જન કર્યું.

ગામના ચોરે મહારાજ પરમહંસોને જમાડે છે

મહારાજ ભિક્ષામાંથી બધી જ વસ્તુઓ લઈ ગામના ચોરે પધાર્યા. સૌ સંતોને ત્યાં બોલાવ્યા. ચોરામાં બધા જ સંતો સમાય એટલી જગ્યા ન હતી. તેથી સૌ સંતોને ઊભા રાખ્યા અને મહારાજ પોતે પીરસવા લાગ્યા. રોટલા, રોટલી, મેથી, મગદળના લાડુ, દૂધ, દહીં બધું જ મહારાજે પીરસ્યું. પીરસતા જાય અને બોલતા જાય : "સંતો ! આજે તો સારંગપુરના જનોએ ઈંદ્રે આદરેલા વિનાશમાંથી ઘરમાં જે બચ્યું તે બધું તમારા માટે આપી દીધું છે. માટે અંતરમાં એવો શુભ સંકલ્પ કરજો કે તેમનું અંતર ખાલી ન રહે. તેમનું ઘર ખાલી ન રહે. તેમનું ગામ ખાલી ન રહે." એટલું કહીને મહારાજ પીરસતાં પીરસતાં ઊભા રહ્યા. પછી બોલ્યા : "સંતો ! તમે અમને અત્યંત પ્રિય છો. તમને જમાડવા તેમણે પોતાનું સર્વસ્વ આપી દીધું તો તેમના ઉપર અમી દૃષ્ટિ કરશો. તેઓ સુખી થાય તેવા આશીર્વાદ આપશો. જેથી સારંગપુર અક્ષરધામ તુલ્ય બની જાય."

સારંગપુરમાં જમ ન આવે

મહારાજની વાતમાં કોઈ ઝાઝું સમજ્યા નહીં. સમજાય એવી વાત પણ ન હતી. ભવભૂતિએ કહ્યું છે : ऋषीणां पुनराद्यानां वाचमर्थोऽनुधावति । મોટા-પુરુષના વચનની આગળ આગળ જ તેના અર્થ દોડે છે. ભવિષ્યના ઇતિહાસમાં સર્જાવા નિર્માણ થયેલા પ્રસંગો જ મહારાજની વાણીની સત્યતા કરશે. આજે તો મહારાજ આટલું કહીને મૌન રહ્યા.

ત્યારે બાપુ જીવાખાચરે કહ્યું : "મહારાજ ! આપ આજે ખૂબ પ્રસન્ન છો. તેથી જો આપ કહો તો એક વર માગું."

મહારાજે કહ્યું : "ખુશીથી જે માગવું હોય તે માગો."

એટલે ભક્તરાજ જીવાખાચરે કહ્યું : "મહારાજ ! અમારા સારંગપુર ગામમાં ક્યારેય જમનો પ્રવેશ ન થાય !"

મહારાજ આ સાંભળી હસ્યા. મહારાજે કહ્યું : "બાપુ ! અમે જ અહીં રહી આ ગામને અક્ષરધામ તુલ્ય કરી દીધું છે તો પછી આ ગામમાં કે સીમમાં જમ કેમ કરીને આવી શકશે ? આખું સારંગપુર ગામ મહાતીર્થરૂપ થઈ ગયું છે."

જીવાખાચર આ સાંભળી રાજી થઈ ગયા. પછી તેમણે કહ્યું : "મહારાજ ! અહીં ગામમાં કેટલાંક ઘરો પડી ગયાં છે, તારાજી ઘણી થઈ છે, પ્રજા પાયમાલ થઈ ગઈ છે તેનું દુઃખ મારે અંતરે બહુ છે."

મહારાજ આ સાંભળી રહ્યા. થોડી વારે તેમણે કહ્યું : "બાપુ ! સર્જન અને વિસર્જન બંને ભગવાનના હાથમાં છે. કાળ જ્યારે ફરી વળે છે ત્યારે પ્રલયના પૂરમાં સર્જનનો અંશ પણ રહેતો નથી. એ વિનાશમાંથી ભગવાનની ઇચ્છાથી જ પાછું નવસર્જન થાય છે. અમારા આશીર્વાદ છે. બધું જ પૂર્વવત્ થઈ જશે. કોઈને કાંઈ દુઃખ રહેશે નહીં." આ સાંભળી બાપુના અંતરમાં શાંતિ થઈ ગઈ !

જગતની વિચિત્રતા એવી છે કે જ્યારે વિનાશની આંધી વરસે છે ત્યારે લોકો કાળને દોષ દે છે, પણ જ્યારે નવસર્જન થાય છે ત્યારે લોકો પોતાની શક્તિ, પોતાની સંપત્તિ, પોતાનું કાર્ય એ સૌને આગળ ધરે છે. પણ માનવ-બુદ્ધિને એટલું સમજાતું નથી કે વિનાશના સમયે પોતાની બુદ્ધિ, સંપત્તિ કે કાર્યશક્તિ કાંઈ કામયાબ નીવડી શકતાં નથી, એક ક્ષણમાં જ તારાજી થઈ જાય છે. તેમ નવસર્જનમાં પણ ભગવાનની જ ઇચ્છા, શક્તિ અને પ્રેરણા કાર્ય કરે છે. માનવીનો આ ઘમંડ જ વિનાશની આંધીને વારંવાર નોંતરે છે.

મહારાજ રાણદેબા સાથે નેતરાં તાણે છે

મહારાજ રાઠોડ ધાધલને ઘેર પધાર્યા. તે વખતે તેમનાં પત્ની રાણદેબા વલોણું કરતાં હતાં. પરંતુ નેતરાં ખેંચી ખેંચીને તે થાકી ગયાં હતાં અને કપાળે પ્રસ્વેદનાં બિંદુ વળ્યાં હતાં. છતાં વલોણું પૂરું થયું નહીં. મહારાજ ત્યાં આવ્યા. તેમણે થાકેલાં રાણદેબાને જોયાં અને કહ્યું : "રાણદેબા ! થાકી ગયાં છો ?"

"હા, મહારાજ ! આજ તો કોણ જાણે કેમ પણ માખણ નીતરતું જ નથી !" એટલે મહારાજે નેતરાનો બીજો છેડો પોતાના હાથમાં લીધો અને પોતે રાણદેબાની સાથે નેતરાં તાણવા લાગ્યા.

રાણદેબાના શરીરમાં નવું જોમ આવ્યું. તે મહારાજની મૂર્તિનાં દર્શન કરતાં જાય અને નેતરાં તાણતાં જાય. તેના મનમાં અનેક વિચારો આવતા હતા. શું કાંઈ વ્રજની ગોપીઓ એકલી જ ભાગ્યશાળી હતી ? શું તેમને એકને જ ભગવાને લાડ લડાવ્યા છે ? ના, આજે તો સ્વયં પુરુષોત્તમ નારાયણ મારી સામે ઊભા છે, નેતરાં તાણે છે અને એ દિવ્ય મૂર્તિનો, એ દિવ્ય સંબંધનો આનંદ મને

આપી રહ્યા છે !

વિચારમાં ને વિચારમાં તેમની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં. તે જોઈ શ્રીહરિ બોલ્યા : "તમારું શરીર તો થાક્યું પણ આંખો પણ થાકી લાગે છે. તેમાંથી પરસેવાનાં બિંદુઓ ટપકે છે."

રાણદેબા આ સાંભળી હસી પડ્યાં. તેમણે કહ્યું : "લોકો કહે છે ભગવાને બધાને બુદ્ધિ આપી છે; પણ મને તો ભગવાનમાં બુદ્ધિનો છાંટોય દેખાતો નથી. બળ્યું, આંખમાં તે કાંઈ પરસેવો આવતો હશે ?"

મહારાજે ગોળી તરફ નીચું જોયું અને કહ્યું : "તો જુઓ, તમને આંખમાં પરસેવો વળ્યો છે એટલે દેખાતું નથી. માખણ બહાર આવવા માંડ્યું !"

રાણદેબાએ જોયું. તેણે કહ્યું : "મહારાજ ! વલોણું થઈ રહ્યું. નેતરાં છોડી દ્યો. પણ પ્રભુ ! આ મૂર્તિ અખંડ હૈયામાં રહે એવું કરજો. આજનું આ સુખ કેમે કરીને ભુલાશે નહીં."

પછી તેણે વાડકામાં માખણ કાઢ્યું, તેમાં સાકર ભેળવી અને મહારાજને વાડકો આપ્યો. મહારાજ માખણ જમ્યા. વાડકો નીચે મૂક્યો. રાણદેબાએ તે લઈ લીધો. તેમાંથી પ્રસાદી જમવા લાગ્યાં. એટલામાં ધાધલ આવ્યા. તેણે કહ્યું : "હં, હં, ધાધલાણી ! એમ એકલાં એકલાં પરસાદી ન ખવાય." રાણદેબા હસ્યાં. તેમણે વાડકો રાઠોડ ધાધલને આપી દીધો.

મહારાજ જીવાખાચરના દરબારમાં પધાર્યા. અહીં સભા ભરાઈને બેઠી હતી. સૌ મહારાજની રાહ જોઈ રહ્યા હતા. મહારાજ પધાર્યા એટલે સૌ ઊભા થયા. સુરાખાચરે જોયું કે મહારાજનાં વસ્ત્રો છાશ ને માખણવાળાં થયાં છે. તેમણે પૂછ્યું : "આ રંગ ક્યાં રમી આવ્યા ?"

મહારાજ પણ પોતાનાં વસ્ત્રો જોઈ હસ્યા. સુરાખાચરે કહ્યું : "મહારાજ ! તમારાં ચરિત્ર છાનાં તો નહીં રહે."

સૌ હસી પડ્યા. મહારાજે પણ હસતાં હસતાં કહ્યું : "છતરાયા થાવા માટે તો અમે ચરિત્ર કરીએ છીએ."

કલ્યાણ તો આમ કરીશું

સુરાખાચર એકદમ ઊઠ્યા. પોતાના ખડિયામાંથી એક નવો સુરવાળ લઈ આવ્યા. મહારાજને આપ્યો અને કહ્યું : "મહારાજ ! આ નવો સુરવાળ પહેરો."

મહારાજ ઊભા થયા. સુરવાળ પહેરવા લાગ્યા પરંતુ એક બાંયમાં બંને

પગ મહારાજ નાખવા માંડ્યા. તે જોઈ સભા હસવા લાગી. સુરાખાચરે કટાક્ષમાં કહ્યું : "સુરવાળ પહેરતાં પણ આવડતું નથી તો પછી કલ્યાણ કેમ કરશો ?"

મહારાજે તરત જ ચપટી વગાડતાં કહ્યું : "કલ્યાણ તો આમ કરીશું !"

તે વખતે બાપુ જીવાખાચર આવ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! આજે રસોઈનું મોટી વાડીએ રાખ્યું છે."

મહારાજ આ સાંભળી રાજી થયા. તેમણે તરત જ કહ્યું : "ત્યારે સૌ ઊઠો." એમ કહી પોતે માણકી મંગાવી. સંઘ સાથે સૌ મોટી વાડીએ ઊપડ્યા.

મહારાજ વાડીએ પહોંચ્યા અને જીવાખાચરને કહ્યું : "દરબારમાંથી સીધાં-સામગ્રી અહીં મંગાવો. આપણે તમામ સંતો તથા હરિભક્તોને અહીં જ જમાડવા છે."

મહારાજની આજ્ઞા પ્રમાણે જીવાખાચરે બધો બંદોબસ્ત કરી દીધો. બાઈઓએ પણ મહારાજની રસોઈ માટે ખાસ સામગ્રીઓના ટોપલા તૈયાર કર્યા. સોમબા, પાંચાળીબા, દેવુબા, રાણદેબા વગેરે પંદર બહેનો મોટી વાડીએ જવા નીકળી. હૈયામાં ભગવાનને જમાડવાનો આનંદ સમાતો ન હતો.

તેમને માથે ટોપલા લઈને છેટેથી આવતા મહારાજે જોયા. એટલે હસતાં હસતાં બોલ્યા : "આ શું ઋષિપત્નીઓ થાળ લઈને આવે છે ?"

મહારાજ પ્રત્યેની સૌની ભક્તિ અપાર હતી. એટલે જાણે બ્રહ્માંડની તમામ સંપત્તિ હોય તોપણ મહારાજને માથે ઓળઘોળ કરીને નાખી દેવાની તેમની વૃત્તિ હતી. તેમના અંતરમાં મહારાજ અને તેમના ભક્તોના ઉપયોગમાં જે આવ્યું તે જ ધન અને તે જ સંપત્તિ ! તેમને અર્થે જે સેવા થઈ, ક્રિયામાં પ્રવર્ત્યાં તે જ ભક્તિ ! મહારાજ પણ તેમનો પ્રેમ જોઈને પ્રસન્ન હતા.

સારંગપુરમાં મોટી વાડીએ ઉત્સવ

મહારાજ પાસે સામગ્રીઓના ઢગલા થયા. મહારાજે જગ્યા સાફ કરાવી ચોકો કરાવ્યો. પછી પોતાને માટે રસોઈ કરવા પોતે બિરાજ્યા. કાઠી ભક્તો બધા મહારાજની આજુબાજુ મહારાજની આ દિવ્ય લીલાનાં દર્શન કરતાં બેસી ગયા. મહારાજ એક પછી એક બાટીઓ શેકીને ઉતારતા જતા હતા. ઘી ચોપડીને થાળીમાં બાટીઓની થપ્પી કરી હતી. સોમલાખાચરે જાણ્યું કે બાટીઓ ભારોભાર ઘીનું મોણ નાખીને બનાવી છે, સારી રીતે શેકાઈ છે અને વળી ઉપર ઘી પણ સારી રીતે ચોપડ્યું છે. વળી મહારાજે બનાવી છે. આવી પ્રસાદી તો મોટા

દેવતાઓને પણ ન મળે. તેથી તેમણે એક કાંકરી હાથમાં લીધી અને બાટીઓની થપ્પી તરફ તાકીને ફેંકી. મહારાજે આ જોયું અને તરત જ પાછળ જોયું. સોમલાખાચર હસતા હતા. તેણે કહ્યું : ''મહારાજ ! જેના ઉપર મેં કાંકરી ફેંકી તે બાટી કાચી રહી ગઈ છે. તે તમારાથી નો ખવાય. માટે મને આપી દ્યો.''

મહારાજે તરત જ કહ્યું : ''અરે ભલા માણસ ! પ્રસાદી જોતી હતી તો માંગવી'તી, પણ આમ બધી બાટીઓ અભડાવાય ?''

એટલે સોમલાખાચરે કહ્યું : ''એમ થયું ? તો તો બધી જ અમને આપી દ્યો !''

મહારાજે બધી જ બાટીઓ અને વંતાકનું શાક કાઠી દરબારોને આપી દીધું. પછી મહારાજે ફરી રસોઈ બનાવી. રસોઈ તૈયાર થઈ ત્યાં બ્રહ્મચારી આવ્યા. તેમણે મહારાજને પાટલો ઢાળી દીધો, લોટો, પ્યાલો, થાળી, વાડકા મૂક્યાં. મહારાજ તેમાં બાટીઓ, વંતાકનું શાક, દહીં વગેરે લઈને જમવા લાગ્યા. દૂર બેસીને મહારાજની રમ્ય મૂર્તિનાં દર્શન કરતાં સોમબા, રાણદેબા, પાંચાળીબા વગેરે હરખમાં ને હરખમાં ગાતાં હતાં :

''છોગાળો રે છોગાળો નાથ, છોગાં હાથમાં મોરલી માથડે.''

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''શું ગાઓ છો તેની તમને પ્રેમમાં કાંઈ ખબર પડતી નથી. 'છોગું માથે ને મોરલી હાથે' એમ હોય !''

બાઈઓ આ સાંભળી શરમાઈ ગઈ. મહારાજે જમીને થાળની પ્રસાદી તેમને આપી. પછી સૌ સંતો તથા પાર્ષદોને મહારાજે પીરસીને જમાડ્યા. રાત પડી ગઈ એટલે મશાલો ચેતાવી અને વાજતે-ગાજતે મહારાજ બાપુ જીવાખાચરના દરબારમા પધાર્યા.

સારંગપુરમાં બ્રાહ્મણોની ચોરાશી

બાપુ જીવાખાચર ઉપર મહારાજ અઢળક ઢળ્યા હતા. તેમની મહારાજ પ્રત્યેની ભક્તિ એવી હતી. તેમનો સમગ્ર પરિવાર મહારાજની સેવામાં જોડાઈ ગયો હતો. મહારાજે તેમને બોલાવ્યા અને કહ્યું : ''આવતી કાલે આપણે બ્રાહ્મણોની ચોરાશી કરવી છે. બધી તૈયારી કરવા માંડો.''

જીવાખાચરે સારંગપુરની દક્ષિણ દિશામાં જ્યાં ખીજડાનાં ઝાડ હતાં ત્યાં રસોઈની બધી તૈયારી કરાવી દીધી. મહારાજ માટે મોટો મંચ બનાવ્યો. આજુબાજુ મોટા ચોકા કરાવ્યા. દરેક ચોકે જુદા જુદા તડના બ્રાહ્મણો રસોઈ કરવા માંડ્યા. ચારે દિશામાં પકવાનોની સુગંધ પ્રસરી રહી.

બ્રાહ્મણો આજુબાજુનાં ગામડાંમાંથી પીતાંબર પહેરી, હાથમાં ખાખરાના લીલા પાનનાં પત્રાવળાં ને પડિયાં તથા લોટા લઈને આવવા લાગ્યા. પંક્તિ થવા માંડી. લાડુ પીરસાવા લાગ્યા અને બ્રાહ્મણો પણ 'નમઃ પાર્વતીપતયે હરહર મહાદેવ હર' કરતા મોદક આરોગવા લાગ્યા.

મહારાજ પ્રસન્ન હતા. બ્રાહ્મણો તો ભૂદેવ ગણાય. વિરાટના મુખમાંથી તેમની ઉત્પત્તિ છે એટલે જ્ઞાન પ્રધાન પણ હોય. તેથી તેમને જગદ્‌ગુરુ પણ કહ્યા છે. મહારાજ આ બધું વિચારી રહ્યા હતા.

સાત દિવસ સુધી મહારાજે બ્રાહ્મણોને આ રીતે જમાડ્યા. પછી બ્રાહ્મણોએ ઘેર જવાની રજા માંગી એટલે મહારાજે જીવાખાચરને કહ્યું : "આ બ્રાહ્મણોને આપણે દક્ષિણા આપવી છે. માટે રૂપિયા લાવો. જીવાખાચર રૂપિયા લઈ આવ્યા. બધા બ્રાહ્મણોને મહારાજે ફલ્ગુ નદીમાં ઊભા રાખ્યા અને પોતે દરેકને એક એક રૂપિયો દક્ષિણા આપવા લાગ્યા. એમ કરતાં રૂપિયા ખૂટ્યા. એટલે મહારાજે સત્સંગીઓને કહ્યું : "જેમની પાસે રૂપિયા હોય તે લાવો."

હાજો ભરવાડ આ સાંભળી દોડ્યો. ઘેર ગયો અને ચૂલાની પાસે રૂપિયા બસેં તેણે દાટ્યા હતા તે કોથળી લઈ આવ્યો. મહારાજ તે કોથળીમાંથી દક્ષિણા આપવા લાગ્યા. બધાને દક્ષિણા આપી રહ્યા એટલે મહારાજે હાજાને બોલાવી કહ્યું : "હાજા ! આ લે તારી કોથળી."

હાજાએ કોથળી લીધી અને મહારાજને કહ્યું : "મહારાજ ! આમાં તો એટલો ને એટલો જ ભાર છે, કાંઈ ઓછું થયું હોય એવું લાગતું નથી."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "હાજા ! અમે કોઈનું દેવું રાખતા નથી !"

નાનો ગમારો મોટો બને છે

બીજે દિવસે મહારાજ ગામ બહાર હાલ જ્યાં છત્રી છે ત્યાં સભા કરીને બિરાજ્યા હતા. તે વખતે હાજા ગમારાનો ભાઈ નાનો ગમારો તેની પાસે રૂપિયા સાઠની મૂડી હતી તેમાંથી રૂપિયા ત્રીસ લઈને મહારાજ પાસે આવ્યો. મહારાજને પગે લાગી, તેમના ચરણમાં એક રૂપિયો મૂક્યો. પરંતુ મહારાજ તરત જ આડું જોઈ ગયા. તેથી તેણે બીજો રૂપિયો મૂક્યો પણ મહારાજે તેની સામું જોયું નહીં. પછી તેણે ત્રણ, ચાર, પાંચ રૂપિયા મૂક્યા. પણ મહારાજ તો કાંઈ તેના ઉપર રીઝ્યા નહીં.

છેવટે તેની પાસે ત્રીસ રૂપિયા હતા. તે બધા મહારાજનાં ચરણ પાસે મૂકી દીધા અને બીજા ત્રીસ ઘેર પડ્યા હતા તે લેવા તે દોડ્યો. તેને ઘર તરફ દોડતો જોઈ મહારાજે તેને તરત જ બોલાવ્યો અને પૂછ્યું : "નાના ! ક્યાં જાય છે ?"

ત્યારે તેણે કહ્યું : "મારે ઘેર બીજા ત્રીસ રૂપિયા પડ્યા છે તે લેવા જાઉં છું. મારી પાસે જે છે તે બધું તમને આપી દઉં અને તમે મારી સાથે બોલો તો મારાં ભાગ્ય ઉઘડી જાય ને !"

તેની આવી ભોળા ભાવની ભક્તિ જોઈ મહારાજ રાજી થઈ ગયા. મહારાજે તેને કહ્યું : "નાના ! તારો ભાવ પહોંચી ગયો. આ રૂપિયા લઈ લે."

ત્યારે તેણે હાથ જોડીને કહ્યું : "એ તો આપનાં ચરણમાં મૂક્યા એટલે હવે નો લેવાય. તમારે ફાવે તેમ એ રૂપિયાનું કરો."

મહારાજે સભામાં કહ્યું : "કાલે તેના ભાઈ હાજાએ અને આજે આ નાનાએ તેમની પાસે જે હતું તે બધું અમને આપી દીધું. અમે તો ભાવ રાખીએ છીએ, રૂપિયા નહીં ! લક્ષ્મી તો અમારી દાસી છે. છતાં લોકો અમને આપે છે તે જાણે દાન કરતા હોય તેમ આપે છે. જાણે ઘણી સેવા કરી નાખી હોય એવા ભાવમાં ઊંચું મોં કરી ચાલે છે. જ્યારે હાજાએ અને નાનાએ અમારી પ્રસન્નતા માટે તેમનું સર્વસ્વ અમને અર્પણ કરી દીધું ! લોકમાં કહેવાતા મોટા એ નાના છે, કારણ એમનું મન નાનું છે. અને આ જે નાના છે તે મોટા છે, તેમનું મન મોટું છે !"

મહારાજની આ વાતનું રહસ્ય સૌ સમજી ગયા. વર્ણ અને આશ્રમના ભેદે નાનપ-મોટપ નથી. પરંતુ ભગવાન પ્રત્યેની ભક્તિથી, સ્વાર્પણની ભાવનાથી નાનપ-મોટપ કળાય છે.

મામૈયા પટગર મહારાજને સંભારે છે

મહારાજ ભીમનાથ થઈ પોલારપુર પધાર્યા. એકાએક રાત્રે મહારાજ જાગી ગયા. તેમણે બ્રહ્મચારીને જગાડ્યા. તેમને કહ્યું : "બધા કાઠી દરબારોને તૈયાર કરો. આપણે હમણાં ને હમણાં કુંડળ જવું છે."

તરત બ્રહ્મચારીએ પાર્ષદોને તથા કાઠી દરબારોને જગાડ્યા. સૌને કહ્યું : "તૈયાર થઈ જાઓ. હમણાં જ કુંડળ જવાનું છે."

બધા જ તૈયાર થઈ ગયા. મહારાજની માણકી પણ ભગુજી લાવ્યા. મહારાજને જીવાખાચરે પૂછ્યું : "પ્રભુ ! આમ એકાએક ?"

"હા, મામૈયો અમને સંભારે છે. એટલે અમારે જવું છે." મહારાજે કહ્યું.

જીવાખાચર પણ તરત તૈયાર થઈ ગયા.

સૌ કુંડળ પહોંચી ગયા. મામૈયો પટગર તેના દરબારમાં ખાટલામાં સૂતા હતા. ઊંઘ આવતી ન હતી. જીભ ઉપર 'મહારાજ ! સ્વામિનારાયણ !' એ શબ્દો અખંડ રમતા હતા. મહારાજ દરબારમાં પધાર્યા. માણકી ઉપરથી ઊતરી સીધા મામૈયાના ખાટલા પાસે આવ્યા. મામૈયાની આંખો બંધ હતી પણ મોઢામાંથી શબ્દો, 'મહારાજ ! સ્વામિનારાયણ !' નીકળતા હતા. કંઠ આ રટણથી અખંડ હાલતો હતો. મહારાજે બૂમ મારી : "મામૈયા !"

મામૈયાએ આંખો ખોલી. સામે જોયું તો મહારાજ ઊભા હતા ! તેને સમજાયું નહીં. આંખો ચોળી. પછી એકદમ પથારીમાંથી ઊભા થઈ ગયા અને મહારાજના પગમાં પડી ગયા : "મહારાજ ! આપ ? અત્યારે ?"

"હા," મહારાજે હસતાં હસતાં કહ્યું : "તું સંભારતો નો'તો ? અમારે આવવું જોઈએ ને ?"

"પણ મહારાજ ! મારે તો આપને સંભારવાના હેવા પડ્યા છે."

"અમારે પણ આવવાના હેવા પડ્યા છે ! અમે તો કાયમ આવીએ છીએ. અમારા ભક્ત અમને સંભારે ત્યાં અમે નિરંતર હોઈએ છીએ. પરંતુ આજે તમને પ્રત્યક્ષ દર્શન દીધાં." મહારાજે કહ્યું. મામૈયો આ કૃપાથી કૃતાર્થ થઈ ગયા.

"પણ આપ તો ભીમનાથ પધાર્યા હતા ને ?" મામૈયાએ પૂછ્યું.

"હા, ત્યાં ગયા હતા, ત્યાના મહતને રાજી કર્યા, બ્રાહ્મણોને જમાડ્યા, લઘુરુદ્રો કરાવ્યા, દક્ષિણા આપી, તે બધું પતાવીને પોલારપુર આવી ગયા અને અત્યારે અહીં આવ્યા." મહારાજે કહ્યું.

મહારાજ મામૈયાને ભેટી પડ્યા. મામૈયાના અંતરની વરાળ બુઝાઈ ગઈ. હૈયામાં શાંતિ શાંતિ થઈ ગઈ !

બ્રહ્મચારીએ મહારાજને સ્નાન કરાવ્યું. તે દરમ્યાન રાઈબાએ મહારાજ માટે રસોઈ કરવા વિપ્રને બોલાવ્યો હતો. તેણે રસોઈ પણ તૈયાર કરી દીધી. બીજા પાર્ષદો અને દરબારો માટે પણ રસોઈ તૈયાર થઈ ગઈ. મહારાજ જમ્યા. પછી દરબારોને, પાર્ષદોને પોતે પીરસ્યું.

મહારાજે કહ્યું : "હવે આપણે સારંગપુર પાછા જઈએ."

મહારાજના આ શબ્દોથી જીવાખાચર પ્રસન્ન થઈ ગયા. તેમને મનમાં

હતું કે મહારાજ હવે ગુજરાત તરફ પધારશે.

મહારાજ સારંગપુર પધાર્યા અને ત્યાં હરિભક્તો આવવા લાગ્યા. બુધેજના હરિભક્તો આવ્યા અને તેમણે મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : "મહારાજ ! અન્નકૂટનો ઉત્સવ આપ બુધેજ કરો. તે માટે અમે આપને આમંત્રણ આપવા આવ્યા છીએ."

મહારાજે કહ્યું : "ભલે, તમારું આમંત્રણ છે તો અમારે આવવું પડશે. પણ આપણે બાપુ જીવાખાચરની રજા લેવી પડશે."

એટલામા બાપુ જીવાખાચર આવ્યા. તેમને મહારાજે કહ્યું : "આ બુધેજના હરિભક્તો અન્નકૂટના સમૈયાનું આમંત્રણ આપવા આવ્યા છે તો અમારે જવું પડશે."

જીવાખાચરે તરત જ હાથ જોડ્યા અને કહ્યું : "મહારાજ ! આપની જેવી મરજી. આપને તો ભક્તોને સુખ આપવું છે એટલે અમારાથી ના કેમ કહેવાય !"

મહારાજે બુધેજના હરિભક્તોને કહ્યું : "ભલે, તમે જાઓ. અમે આવીશું."



ગુજરાત અને કાનમ-વાકળમાં વિચરણ

(આ.સં. ૧૮૬૮, ઈ.સ. ૧૮૧૧-૧૮૧૨)

બુધેજમાં અન્નકૂટનો ઉત્સવ : આ.સં. ૧૮૬૮

ફરતાં ફરતાં મહારાજ સંઘ સાથે ભાલમાં પચ્છમ થઈને બુધેજ પધાર્યા. અહીં ખોડાભાઈને ઘેર ઊતર્યા. સંઘમાં આવેલા સંતો-હરિભક્તોને પણ ઘટે તેમ ઉતાર્યા. બુધેજના હરિભક્તોએ અગાઉથી કંકોત્રીઓ લખી દીધી હતી એટલે ગુડેલ, ગોરાડ, આખોલ, તામસા, વડ, પાનડ, ઝીણજ, આંબળિયાળા, ખાખસર, પાંદરા, ઊંટવાળા વગેરે ગામના હરિભક્તો આવી ગયા.

સુરતથી પણ સંઘ આવ્યો. સુરતના પ્રેમી હરિભક્તો મહારાજ જ્યાં જયાં ઉત્સવો કરતા, પછી તે ગુજરાતમાં હોય કે સૌરાષ્ટ્રમાં, પણ ત્યાં અચૂક પહોંચી જતા. મહારાજ માટે કાં સુંદર પોષાક, કાં આભૂષણો, કાં સુશોભિત છત્ર કાં સુરતી મીઠાઈઓ વગેરે લઈ આવતા. આ વખતે પણ મહારાજ માટે સુંદર કિનખાબની જરી ભરેલી ગાદી અને કિનખાબનો જરી ભરેલ તકિયો લઈને આવ્યા હતા. મહારાજ તે જોઈ તેમના ઉપર પ્રસન્ન થઈ ગયા.

ચોકમાં પાટ ઢળાવી. તે ઉપર સુરતના હરિભક્તો જે ગાદી-તકિયો લાવ્યા હતા તે મુકાવ્યા. મહારાજ કિંમતી વસ્ત્રો અને આભૂષણો ધારણ કરી ત્યાં આવી પાટ ઉપર બિરાજ્યા. સુરતી હરિભક્તોએ મહારાજની કેસર મિશ્રિત ચંદનથી પૂજા કરી, હાર પહેરાવ્યા અને પછી આરતી ઉતારી. ત્યારબાદ બીજા હરિભક્તોએ પણ મહારાજની પૂજા કરી આરતી ઉતારી. તે દિવસે દીપોત્સવી હતી તેથી સૌ હરિભક્તોએ મહારાજના પૂજનનો લાભ લીધો. થોડી વારે મહારાજે કહ્યું : "ચાલો, સંઘ સાથે સૌ અહીં હરિતળાવે નહાવા જઈએ."

શ્રીજીમહારાજ દરેક પર્વને ઉત્સવનું સ્વરૂપ આપી દેતા. જેથી ભક્તોમાં ઉત્સાહ પ્રવર્તતો. બુધેજના ભક્તો ઢોલ, ત્રાંસાં, નગારાં લઈ આવ્યા. વાજતે-

ગાજતે સૌ નીકળ્યા. મહારાજ માણકી ઉપર બિરાજમાન થયા હતા. મહારાજ હરિતળાવે પધાર્યા અને સખા સંગે તળાવમાં સ્નાન કરવા પ્રવેશ્યા. સખા સાથે તળાવમાં સ્નાનક્રીડા કરી. ભક્તોને પુરુષોત્તમ નારાયણ સાથેનો આ લહાવો અપૂર્વ લાગ્યો ! પોતાનાં ધન્યભાગ્ય મનાયાં ! સૌ કૃતકૃત્ય થઈ ગયા !

રાત્રે દીપોત્સવ થયો.[૩૨] શ્રીજીમહારાજની પાટની આજુબાજુ ભક્તોએ દીપમાળા રચી. સંતો આજુબાજુ બેસી કીર્તન-ભક્તિ કરવા લાગ્યા. મહારાજના મહિમાનાં કીર્તનો સૌ કાનથી સાંભળતા હતા અને નેત્રથી મહારાજની મૂર્તિનાં દર્શન કરતા હતા. સૌની ઇંદ્રિયો મહારાજના સ્વરૂપમાં એકાગ્રતાથી જોડાઈ ગઈ હતી. ત્યારબાદ મહારાજ સમક્ષ ભાતભાતનું દારૂખાનું ફોડ્યું. રાત્રે આ શોભા અધિક બની ગઈ. ભક્તોના અંતરમાં આનંદ અને ઉલ્લાસ હતા. ઈર્ષાળુના અંતર આ ઉત્સવની ભવ્યતા જોઈ દ્વેષથી બળી જતાં હતાં.

આ રીતે દીપોત્સવ બુધેજમાં ઊજવાયો. આ પ્રસંગે મહારાજ અને સાથે પધારેલા સંતો-હરિભક્તો પ્રત્યેના અપૂર્વ ભાવનાં બુધેજના ભક્તોમાં દર્શન થયાં ! જાણે સૌ મહારાજની મૂર્તિમાં મગ્ન બની ગયા હોય ને !

અન્નકૂટના દિવસે ઠાકોરજી સમક્ષ વાનગીઓના ગંજ ખડકાયા. ત્યાંના હરિભક્તો ખોડાભાઈ, હઠીભાઈ, જીજીભાઈ, કલાભાઈ તથા પીતાંબરભાઈ લુહાણા તમામે આ પ્રસંગ માટે અગાઉથી જ સીધાની ભરપૂર સામગ્રીઓ મંગાવી રાખી હતી. પકવાનો તૈયાર કરવા જેતલપુરથી ગંગામાને તેડાવ્યાં હતાં, વસોનાં જમનાબહેન પણ આવ્યાં હતાં તેમજ મહેમદાવાદ તથા ઉમરેઠથી ઘણી બહેનો આવી હતી. પ્રગટના પ્રસંગમાં સેવા એ જ તપ, એ જ ધર્મ અને એ જ ભક્તિ ! મહારાજને પ્રસન્ન કરવાનો સૌને ભાવ હતો. એ પ્રસન્નતામાં જ તેમને અક્ષરધામના દિવ્ય આનંદનો અનુભવ થતો હતો. પકવાનો બનાવવાની ક્રિયા કરતાં કરતાં સૌ મહારાજે તેમને કરાવેલા અનુભવોની વાતો કરતાં, લાડુબા તથા જીવુબાની સેવા-ભક્તિની વાતો કરતાં. તેમની સમગ્ર ક્રિયા અને વાતોમાં કેવળ મહારાજનો જ સંબંધ હતો.

મહારાજે ગાયના છાણથી ગોવર્ધન પર્વતની રચના કરાવી, તેનું પૂજન પોતે પ્રથમ કર્યું. પછી અન્નકૂટ ગોઠવ્યો હતો ત્યાં મહારાજ પધાર્યા. અતિ ઉત્તમ વાનગીઓ અને તેની કલાત્મક રચના જોઈ મહારાજ પ્રસન્ન થયા.

---

૩૨. આ દશેરા, દીપોત્સવી અને અન્નકૂટ શ્રીહરિએ ગઢડામાં કરેલા એવો શ્રીહરિચરિત્રામૃતસાગર, પૂર-૧૪, તરંગ-૩૭માં ઉલ્લેખ છે.

હરિભક્તોની, બહેનોની, પ્રશંસા કરી. પછી પોતે આરતી ઉતારી. બુધેજના ખોડાભાઈના દરબારમાં જ્યાં પ્રથમ મહારાજને જુવાર આપી હતી ત્યાં આજે મહારાજ માટે પકવાનોના થાળ તૈયાર કર્યા હતા. ખોડાભાઈને આ સ્મૃતિ થઈ આવી એટલે આંખમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં.

મહારાજે કહ્યું : "ખોડાભાઈ ! અમે તો જુવાર પણ જમીએ અને પકવાનો પણ જમીએ. ભાવ હોય તો બંનેમાં મીઠાશ સરખી છે."

મહારાજ જમ્યા અને સૌ હરિભક્તોને પણ જમાડ્યા.

બુધેજમાં સુરતી રસોઈ

સુરતના હરિભક્તોનો સંઘ ભક્ત વેલા લુવારના ડેલામાં[૩૩] ઊતર્યો હતો. તે સઘે મહારાજને જમવાનું આમત્રણ આપ્યું. સુરતના સઘે આ સેવાનો એક વિશેષ લાભ લીધો. રસોઈની સામગ્રી તેઓ સુરતથી સાથે જ લાવ્યા હતા. સુરતના બ્રાહ્મણ ભક્તોએ રસોઈ કરી. ભક્તિભાવભરી સુરતી રસોઈમાં મહારાજે પોતાની પ્રસન્નતાથી અપૂર્વ સ્વાદ મૂકી દીધો. એટલે સમગ્ર સંઘને મહારાજની પ્રસાદીમય સુંદર અને સ્વાદિષ્ટ સુરતી રસોઈ જમવાનો લાભ મળ્યો.

પ્રબોધિની એકાદશી - ધર્મપિતાનો જન્મ દિવસ - તે ઉત્સવ પણ મહારાજે બુધેજમાં કર્યો. એકાદશીની રાત્રીએ સૌએ કીર્તન-ભક્તિ કરી જાગરણ કર્યું. સવારે સૌ હરિભક્તોને પારણાં કરાવ્યાં.

વૌઠામા સમૈયો

કાર્તિક સુદ ૧૫ના દિવસે વૌઠામાં પ્રતિવર્ષ મેળો ભરાય છે. આ વખતે તે સમય નજીક હોવાથી મહારાજે વૌઠા જવાનું નક્કી કર્યું. મહારાજને જનસમૂહ વચ્ચે ફરવું ગમતું. એવા સમૂહમાં કોઈ મુમુક્ષુ મળી જાય તો તેનું કલ્યાણ થઈ જાય એ ભાવના તેમના એ વિચરણમાં હતી. ફક્ત એક જ એવા મુમુક્ષુ માટે મુસાફરીનો શ્રમ વેઠતા અને પોતાની સાથે ફરતા સંતો, હરિભક્તોને પણ આવા પ્રસંગે મહારાજનાં દર્શન, સેવા અને તેમના ઉપદેશનો લાભ મળી રહેતો, તેમની ભક્તિ દૃઢ થતી.

મહારાજ સંઘ સાથે ત્યાંથી નીકળ્યા. આમલિયા, મૈયારી, ઈન્દ્રણજ અને હાડેવા પધાર્યા. વચ્ચે વાંક તળાવ આવ્યું. આજુબાજુની જગ્યા સુંદર હતી.

૩૩. આ જગ્યાએ હાલ હરિમંદિર છે.

વૃક્ષોની ઘટાથી પૃથ્વી ઉપર ટાઢક વરસતી હતી. તળાવમાં પાણી નિર્મળ હતું. આવું સુંદર સ્થાન જોઈ બુધેજના હરિભક્તોએ મહારાજને કહ્યું : "મહારાજ ! આંહીં સ્થાન સારું છે, વળી છાંયો છે, પાણી પણ નિર્મળ અને અમૃત જેવું છે. આંહીં રસોઈ કરવાની આજ્ઞા આપો તો સંઘને જમાડીએ. અમે તમામ સામાન ભેગો લાવ્યા છીએ."

તેમના ભાવ જોઈ મહારાજ રાજી થયા. મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! આ ભક્તોનો કેવો ભાવ છે ! રસોઈનો સામાન સાથે લાવી આંહીં પણ આપણને જમાડવાનો તેમણે વિચાર કર્યો છે ! બુધેજના આ ભક્તોએ સતત પંદર દિવસ સેવામાં પોતાનાં તન, મન, ધન, અર્પણ કરી દીધાં, રાતના ઉજાગરા વેઠ્યા, સેવાનો થાક સહન કર્યો. છતાં તેમના મુખ ઉપર અખંડ પ્રસન્નતાના ભાવમાં તેમની અંતરની ભક્તિ દેખાય છે !"

ભક્તોએ રસોઈમાં ઘઉંની બાટીઓ બનાવી, શાક બનાવ્યું, બાટીઓમાં સારી રીતે ઘી-ગોળ નાખ્યાં. આ રીતે અમૃતમય ભોજન પ્રથમ મહારાજને જમાડ્યું. પછી આખા સંઘને જમાડ્યો. મહારાજ તેમની સેવા-ભક્તિથી પ્રસન્ન થઈ ગયા.

વૌઠામાં મહારાજનું સ્વાગત

જમીને ત્યાંથી સંઘ સાથે મહારાજ વૌઠામાં પધાર્યા. મહારાજ વૌઠા પધારવાના છે તે સમાચાર સત્સંગમાં પ્રસરી ગયા હતા. તેથી મહારાજનું સ્વાગત કરવા, તેમને પુષ્પહારથી વધાવવા સૌ સાબરમતીને તીરે આવી ગયા હતા. સાબરમતીના તટમાં હજારો લોકો જે આ મેળામાં આવ્યા હતા તે સૌ મહારાજના દિવ્ય સ્વરૂપને, તેમને ભક્તિભાવથી વધાવતા તેમના ભક્તોને જોઈ રહ્યા. મેળામાં ઉદ્‌ઘોષ થઈ ગયો : "સ્વામિનારાયણ આવ્યા છે."

હરિભક્તોએ અગાઉથી જ નક્કી કરી રાખ્યું હતું કે મહારાજની સવારી વૌઠાના મેળામાં આવેલા લોકોની છાવણીઓ વચ્ચેથી જ કાઢવી જેથી સૌને મહારાજનાં દર્શન થઈ જાય. જે કોઈ ભાવે કરીને પણ આ પુરાણ પુરુષને પ્રણામ કરશે તેનો મનુષ્ય જન્મ સફળ થઈ જશે.

ઠેર ઠેર રાવટીઓ અને તંબુઓ ખોડાઈ ગયા હતા. કેટલાક તંબુઓમાં ભજન થતાં હતાં, જ્યારે કેટલાકમાં જુગાર રમાતો હતો. વળી કેટલાક માર્ગીપંથીઓ તંબુમાં ભેળા મળી અશ્લીલ ચેષ્ટાઓ પણ કરી રહ્યા હતા.

બાવાઓ ભભૂતિ ચોળી ચલમ અને ભાંગના નશામાં ચકચૂર હતા.

આપણા સમૈયા અને લોકના મેળા

મહારાજ આ બધું નીરખતાં નીરખતાં મેળામાં વાજતે-ગાજતે ફર્યા. નદીના તટ ઉપર વારસંગ ગામની સીમમાં જ્યાં સંઘનો ઉતારો રાખ્યો હતો ત્યાં પોતાને માટે તૈયાર કરેલા તંબુમાં મહારાજ પધાર્યા. અહીં આવી, જરિયાન વસ્ત્રો ઉતારી મહારાજ સ્વસ્થ થઈ બહાર પધાર્યા. ખુલ્લામાં સંતો-હરિભક્તો મહારાજની સન્મુખ બેસી ગયા.

મહારાજે અહીં વાત કરતાં કહ્યું : "આ મેળો જોયો ને ? ક્યાંઈ ભગવાનના ભજનની કે ભક્તિની નિશાની દેખાય છે ? મોટે ભાગે સૌ પોતપોતાની ઇંદ્રિયોના રાગ પોષવા આંહીં આવે છે. એ રીતે તીર્થને પાપમય કરી દે છે. આપણા સમૈયા સ્ત્રી-પુરુષની મર્યાદાથી શોભે છે. ભગવાનની કથાવાર્તા અને ભજન-ભક્તિમાં, ઇંદ્રિયો-અંતઃકરણ અખંડ જોડાયેલા રહે છે. આપણા સમૈયાઓ ભક્તિની સાધના કરવાની શાળાઓ છે. જ્યાં ભગવાનનો કે સંતનો પ્રત્યક્ષ સંબંધ છે, ત્યાં ઇંદ્રિયોની ધારાઓ કુંઠિત થઈ જાય છે, અંતર ભક્તિમય બની જાય છે. જગતના મેળામાં અને આપણા સમૈયામાં આટલો ફેર છે."

મહારાજ સાથે શસ્ત્રધારી કાઠીઓ હતા, વિદ્વાન સંતો હતા, બ્રહ્મચારીઓ હતા, પાર્ષદો હતા; મહારાજનો આ સાજ જોતાં જ સૌને ભાર પડી જતો. સદા નીચી દૃષ્ટિએ ચાલતા આ ચારિત્ર્યશીલ સંતો, બ્રહ્મચારીઓ, સંયમશીલ પાર્ષદો સ્ત્રીઓથી દસ હાથ દૂર ચાલતા. મુખમાં સ્વામિનારાયણના મંત્રનો જાપ કરતા આ સંતો, બ્રહ્મચારીઓ અને પાર્ષદો સ્વામિનારાયણની શોભારૂપ હતા, સંપ્રદાયના ગૌરવ સમા હતા. લોકો તેમને જોતા અને નમસ્કાર કરી દેતા. બાવાઓ તેમને જોતા અને 'સ્વામિનારાયણના મૂંડિયા' કહી તિરસ્કારતા હતા. કોઈકે આ વાત મહારાજને કરી ત્યારે મહારાજે હસીને કહ્યું : "દ્વેષ તો ભેખમાં જ હોય ! માયાનું પિયર ભેખમાં છે."

એટલામાં મુકુન્દાનંદ બ્રહ્મચારીએ મહારાજ માટે થાળ તૈયાર કર્યો. સંતો-હરિભક્તો માટે પણ રસોઈ તૈયાર થઈ ગઈ. કેટલાક ભક્તો ઘેરથી મહારાજ અને સંતો માટે સારી સારી વાનગીઓ બનાવીને લાવ્યા હતા. મહારાજે તે બધી મંગાવી, પોતે થોડી અંગીકાર કરી અને પછી સંતો, હરિભક્તોની પંક્તિમાં પીરસી દીધી. મહારાજ તથા સંતો પોતાની રસોઈ જમ્યા તેનો સંતોષ

તમામ હરિભક્તોને થયો !

હરિ અને હરને એકતા

બીજે દિવસે સવારે ત્યાં ત્રિવેણી સંગમમાં મહારાજ તથા સૌ સંતો-હરિભક્તોએ સ્નાન કર્યું. પછી કાશી વિશ્વનાથના મંદિરમાં દર્શન કરવા મહારાજ પધાર્યા. ત્યાં ભોળા શંભુને નમસ્કાર કરી મહારાજે કહ્યું : "હરિ અને હરને એકતા છે. શિવ સદા નારાયણના સ્વરૂપમાં સંલગ્ન રહે છે. પોતાનો ભાવ ભૂલી જાય છે." એટલું કહીને મહારાજે એક સોનામોહોર ત્યાં ભેટ મૂકી.

પછી ગામમાં ભીમનાથ મહાદેવ છે ત્યાં મહારાજ દર્શને પધાર્યા. અહીં પણ ભેટ મૂકી. પૂજારીએ મહારાજને નમસ્કાર કર્યા. એટલે મહારાજે પોતાનાં કિંમતી વસ્ત્રો ઉતારી પૂજારીને ભેટ આપી દીધાં. સાથેના કાઠી હરિભક્તો આ જોઈ રહ્યા. મહારાજે તે વખતે બંને હાથમાં સુવર્ણનાં કડાં પહેર્યાં હતાં. તેથી એક કાઠી ભક્તે કહ્યું : "મહારાજ ! લાવો હું કાઢી આપું."

મહારાજે તેની સામે બંને હાથ ધર્યા એટલે તેણે બ્રહ્મચારી પાસેથી ચાવી લઈ બંને કડાં કાઢી પોતાના હાથમાં લીધાં. મહારાજ પૂજારી સાથે વાત કરતા હતા ત્યાં આ કાઠી હરિભક્ત બંને કડાં લઈને ત્યાંથી નીકળી ગયા.

થોડી વારે મહારાજે પૂછ્યું : "પેલા ભગત ક્યાં ગયા ?"

એટલે સુરાખાચરે કહ્યું : "મહારાજ ! એ તો કડાં લઈને ક્યાંક વયો ગયો." મહારાજ કાઠીની રમત સમજી ગયા.

મહારાજ ઉતારે પધાર્યા એટલે બ્રહ્મચારી કડાં લઈ આવ્યા, એ જોઈ મહારાજે પૂછ્યું : "આ કડાં ક્યાંથી ?"

ત્યારે કાઠી ભક્તોએ કહ્યું : "મહારાજ ! એમ હજાર રૂપિયાનાં કડાં કાંઈ પૂજારીને આપી દેવાય ?" મહારાજ આ સાંભળી હસ્યા.

પૂનમના દિવસે મહારાજે સંઘના હરિભક્તોમાં સાદ પડાવ્યો. નાનાભાઈને કહ્યું : "તમામને કહો થાળ તૈયાર કરાવે. અમે સૌને ઉતારે જમવા આવીશું." આ સાંભળી સૌ ભક્તો અત્યંત રાજી થઈ ગયા.

મહારાજે કહ્યું : "મેળામાં આવેલા તમામ વિપ્રોને તેડાવો." એટલે તે બધા આવ્યા. તેમની પાસે રુદ્રાભિષેક કરાવ્યો. તેમને સૌને જમાડ્યા. પછી દક્ષિણા આપી, સૌને પ્રસન્ન કરી દીધા.

આ વિધિ પત્યો એટલે મહારાજ પોતાને ઉતારે પધાર્યા. અહીં થાળ

જમ્યા. સૌ હરિભક્તોના ઉતારે જઈ તેમના થાળ પણ જમ્યા. જાણે અનેક સ્વરૂપ ધારણ કર્યાં હોય એવું ઐશ્વર્ય મહારાજે બતાવ્યું.

મેળામાં ગોસ્વામીનો પણ તંબુ હતો. દિવસ ને રાત હજારો હરિભક્તો મહારાજના ઉતારે આવતા તે જોતા. અનેક પ્રકારની ભેટ આ બધા ભક્તો મહારાજના ચરણે ધરતા હતા. રાત્રે હજારો મશાલોથી સર્વત્ર પ્રકાશ પ્રકાશ થઈ જતો હતો. આ બધું જોઈ ગોસ્વામીના બાળકે તેના અનુચરોને પૂછ્યું : "આ સ્વામિનારાયણ આટલી બધી મશાલો બાળે છે તે તેમને આટલું બધું તેલ કોણ આપતું હશે ?"

કુબરેસિંહ છડીદારે આ વાત સાંભળી. તેણે મહારાજને વાત કરી. ત્યારે મહારાજ હસવા લાગ્યા. તેમણે કહ્યું : "એ ગોસ્વામીના અજ્ઞાની બાળને પ્રભુના પ્રતાપની શું ખબર પડે ? અજ્ઞાનના અંધારામાં અટવાતા હોય એટલે જ આવા પ્રશ્નો સૂઝે ને ?"

✧

વૌઠામાં કાર્તિક પૂનમનો ઉત્સવ મહારાજે કર્યો. ઉત્સવમાં ભક્તિનો ભાવ જોઈ ઉત્સવની મહત્તા મેળામાં આવેલા જનસમુદાયને સમજાણી. લોકના મેળામાં અને સ્વામિનારાયણના સમૈયામાં શું ફેર છે તે હકીકતની સૌને અહીં ઝાંખી થઈ. વૌઠામાં મેળામાં આવેલ સમુદાયને આ સપ્રદાયના ભક્તોમાં ધર્મ અને ભક્તિનું દર્શન થયું. ત્યાગીઓની નિર્મળ સાધુતાથી તેમનાં અંતર નિર્મળ થઈ ગયાં.

મહારાજ નીકળવાની તૈયારી કરતા હતા, એટલામાં ગામ ઈટોલાના જીજીભાઈ તેમનું ગાડું એક બાજુ ઊભું રાખી મહારાજનાં દર્શને આવ્યા. મહારાજને તેમણે પ્રણામ કર્યા. મહારાજે પૂછ્યું : "એકલા આવ્યા છો તો ગાડું શીદ લાવ્યા ?"

તેણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! ગાડામાં સંતો, હરિભક્તો માટે સીધાની સામગ્રી ભરીને લાવ્યો છું."

મહારાજ રાજી થઈ ગયા. પછી બળદ પાસે જઈને બંને બળદને માથે હાથ ફેરવ્યો અને બોલ્યા : "બહુ સંસ્કારી પશુ છે."[૩૪]

૩૪. મહારાજ જીજીભાઈને ધામમાં તેડી જવા પધાર્યા હતા, પરંતુ બાપુભાઈના કહેવાથી જીજીભાઈને મહારાજ તેડી ન ગયા અને તેના આ બળદને મહારાજ તેડી ગયા.
– ભક્તચિંતામણિ; પ્ર. ૧૫૦.

સંતોને ખટરસના નિયમ આપ્યા

મહારાજે એકાએક મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા. સ્વામી આવ્યા. મહારાજે સ્વામીને કહ્યું : "સ્વામી ! આપણા સંતો વ્રતે, તપે શૂરા છે. જેમ જેમ આજ્ઞા કરીએ છીએ, તેમ તેમ અધિક વ્રત પાળે છે. હવે આપણે તમામ સંતોને ખટરસના નિયમ આપવા છે. ખાવામાં કોઈ પ્રકારનો રસ લેવો નહીં. ઘી, ગોળ, તેલ, મીઠું, મરચું વગેરે જેનાથી અન્નમાં સ્વાદ આવે તે તમામ ચીજો આપણા સંતોએ ન ખાવી. દૂધ, દહીં પણ નહીં. માખણ વગરની છાશ પીવે તેનો વાંધો નહીં. આ પ્રમાણેનો એક આજ્ઞાપત્ર તૈયાર કરી અહીં જે સંતો આવ્યા છે તેમને સંભળાવો અને જે ન આવ્યા હોય અને દેશમાં વિચરણ કરતા હોય તેમને પત્રો લખી આ આજ્ઞાની ખબર કરી દો."

મુક્તાનંદ સ્વામીએ મહારાજની આજ્ઞા પ્રમાણે ત્યાં આવેલા તમામ સંતોને આ નિયમ સંભળાવી દીધા અને બીજા સંતો જે વિચરણ કરતા હતા તેમને માટે પત્રો તૈયાર કરી દીધા. પત્રો મહારાજને બતાવ્યા. મહારાજ તે જોઈ પ્રસન્ન થયા.

વૌઠાથી નીકળી શ્રીજીમહારાજ પૂંજેરા, ત્રાજ અને માતર પધાર્યા. અહીંના હરિભક્ત કુંવરજી બારોટે મહારાજની સેવા કરી અને એક ભારે શેલું મહારાજને ભેટ ધર્યું. પછી ત્યાંથી મહારાજ ડભાણ થઈને વરતાલ પધાર્યા.

જોબનની મેડી અક્ષરધામ તુલ્ય બની ગઈ

વરતાલમાં મહારાજ જોબન પગીની મેડીમાં ઊતર્યા. જોબનના આનંદનો પાર ન રહ્યો. જે મેડીમાં ગામ ભાંગવાની, કંઈકનાં કાસળ કાઢી નાખવાની સંતલસો થતી હતી ત્યાં હવે અક્ષરધામાધિપતિ પુરુષોત્તમ નારાયણ પધાર્યા અને જીવના મોક્ષની, આત્યંતિક કલ્યાણની, એકાંતિક ધર્મ સિદ્ધ કરવાની વાતો થવા લાગી. મહારાજ વાતવાતમાં પણ ઘણી વાર કહેતા જોબનની મેડી અક્ષરધામ તુલ્ય બની ગઈ !

મહારાજ સવારે જ્ઞાનબાગમાં પધાર્યા. અહીં સંતોના ઉતારા હતા. આંબા નીચે મહારાજે સભા કરી. દેશદેશના હરિભક્તોને લઈને સભામાં ભીડ ભારે થઈ હતી. નૃસિંહાનંદ સ્વામી તથા આત્માનંદ સ્વામી ચંદનના કટોરા લઈ મહારાજનું પૂજન કરવા આવ્યા. પરંતુ સખત ભીડને લઈને આત્માનંદ સ્વામી મહારાજ સુધી પહોંચી શક્યા નહીં. તેઓ હાથમાં ચંદન ભરેલો કટોરો લઈને

ઘણી વાર સુધી એક જગ્યાએ ઊભા રહ્યા. મહારાજની તેમના ઉપર દૃષ્ટિ પડી એટલે તરત જ તેમને બોલાવ્યા. તેમની પાસેથી ચંદનનો કટોરો લઈને મહારાજે પોતાના અંગે તે ચંદન ચર્ચ્યું. પછી આત્માનંદ સ્વામીને ભેટ્યા, તેમને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. આત્માનંદ સ્વામીને મહારાજની આ કૃપાથી અત્યંત આનંદ થયો, અંતરમાં શાંતિ થઈ ગઈ. મહારાજના આ સંતોને મહારાજ જ પોતાનું જીવન મનાયા હતા તેથી ગમે તે પ્રકારે મહારાજની સેવા કરી તે સંબંધની અખંડિતતા જાળવી રાખવી તેવા જ સંકલ્પો તેમના મનમાં રમ્યા કરતા. મહારાજ તેમના સંકલ્પો પૂરા કરતા.

પછી મહારાજ જોબનની મેડીએ પધાર્યા. અહીં આવી બારી પાસે બિરાજ્યા. નીચે ચોકમાં પગી લોકોની સ્ત્રીઓ રાસ લેવા લાગી. મહારાજનાં દર્શનથી તેમનાં અંતર આનંદના હિલોળે ચડ્યાં હતાં. તેમણે હાથમાં માટીના ઘડા લીધા હતા. રાસમાં ફરતાં ફરતાં ઘડા અદ્ધર ઉછાળે, તે હાથમાં પાછા પડે, તે દરમ્યાન હાથની તાળી લે અને તરત જ ઉપરથી પડતા ઘડાને ઝીલે. આ રીતની રાસની તેમની અનોખી કળા, લળી લળીને તાળી લેવાની તેમની આવડત, સાથોસાથ ઘડાને ઝીલવાની તેમની ચાતુરી, ઢોલના શબ્દ સાથે પગનો ઠેકો, તેમાંથી ઉપડતો ઝાંઝરનો ઝમકારો – આ મેળ બધો તાલબદ્ધ થતો હતો. મહારાજ મનમાં હસ્યા, અબુધ જાત ! પુરુષોને તલવાર અને તીરકામઠાં વીંઝતાં આવડે અને સ્ત્રીઓને રાસના તાલ લેતાં આવડે ! મહારાજ તેમની આ કળા જોઈ ખૂબ પ્રસન્ન થયા. મહારાજે સૌને પતાસાંની પ્રસાદી વહેંચાવી.

બીજે દિવસે મહારાજ નારાયણ બાગમાં જ્યાં સુરતનો સંઘ ઊતર્યો હતો ત્યાં તેમના આમંત્રણથી જમવા પધાર્યા. સુરતી ભક્તો પ્રસંગે પ્રસંગે આવો લાભ લઈ લેતા. મહારાજને સુરતી રસોઈ જમાડી. પછી પૂજન કરી ભારે વસ્ત્રાભૂષણ ભેટ ધર્યાં. સુંદર સુરતી પાઘ બનાવીને લાવ્યા હતા તે પણ મહારાજને શિરે પહેરાવી. મહારાજ તેમનો પ્રેમ જોઈ પ્રસન્ન થઈ ગયા.

મનને નવરું રહેવા દેવું નહીં

જ્યાં બોરડીનું વન હતું અને વનવિચરણમાં અહીં આવી પ્રથમ જે સ્થાને પોતે બિરાજ્યા હતા, ત્યાં મહારાજે સાંજે સભા કરી. સંતો તથા હરિભક્તો પણ ત્યાં આવી ગયા. મહારાજે આ સભામાં મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! તમને કોઈ ઘાટ સંકલ્પ થાય છે ?''

સ્વામીએ કહ્યું : ''મહારાજ ! ઘણા સંકલ્પો થાય છે.''

તે સાંભળી મહારાજે તેમને કહ્યું : ''જાઓ, જુદા બેસો.''

પછી બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું : ''મહારાજ ! એકેય ઘાટ થતો નથી.''

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''સ્વામી ! વિચારીને બોલજો. નહિ તો જૂઠું બોલવાનું પાપ લાગશે.''

એટલે બ્રહ્માનંદ સ્વામી વિચારમાં પડી ગયા. તે વિચારમાં જ તેમને અનેક સંકલ્પો થવા લાગ્યા. તેથી તરત જ કહ્યું : ''મહારાજ ! ઘણા સંકલ્પો થાય છે.''

એટલે મહારાજે તેમને કહ્યું : ''જાઓ, મુક્તાનંદ સ્વામી પાસે જઈને બેસો.'' એવી રીતે બધા સંતોને પૂછ્યું.

પછી ગૃહસ્થ હરિભક્તોનો વારો આવ્યો. મહારાજે પ્રથમ અલૈયાને પૂછ્યું. ત્યારે તેણે હાથમાં રેતીના કણ લઈને કહ્યું : ''મહારાજ ! આટલા બધા ઘાટ થાય છે. તેમાં કેટલાક સારા અને કેટલાક ભૂંડા પણ થાય છે.''

તે સાંભળી મહારાજે કહ્યું : ''સાંભળો, મનનો ધર્મ છે તે ઘાટ-સંકલ્પો થાય જ. પરંતુ સાચા સંતનો સંબંધ થયો હોય તો તે ભગવાનની વાત કરે, વિષયખંડનની વાત કરે અને એ રીતે મનને પાછું વાળી દે. માટે મનને તો ભગવાનના સ્વરૂપમાં જ જોડી દેવું. કથા-કીર્તનરૂપી ભગવાનની મૂર્તિ કહેવાય. તેમાં મનને જોડી દેવું, પણ નવરું રહેવા દેવું નહીં.''

નિયમરૂપી બેડીમાં રહેવું પડશે

અહીં મહારાજે સંતોનાં મંડળો કર્યાં. મુક્તાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, વ્રજાનંદ સ્વામી અને પરમાનંદ સ્વામીને મંડળધારી બનાવ્યા. જે જે સંતો જેમને સોંપ્યા હોય તેમની આજ્ઞામાં તે સંતો રહે એવો નિયમ કરી દીધો. પછી મહારાજે સૌ સંતોને પૂછ્યું : ''આ નિયમરૂપી બંધનમાં રહેશો ને ? અત્યાર સુધી મનધાર્યા પ્રમાણે ફર્યા, ક્રિયા કરી. પરંતુ આજથી તમારા મંડળધારી સદ્‌ગુરુની આજ્ઞામાં રહેવું પડશે. જેનાથી એ પ્રમાણે ન રહેવાય તે નીકળી જજો. જો સત્સંગમાં રહેવું હોય, તો નિયમરૂપી બેડીમાં રહેવું જ પડશે.''

આ સાંભળી સૌ સંતો હાથ જોડી બોલ્યા : ''મહારાજ ! આપના માટે તો અમે ઘરબાર, કુટુંબ, પરિવાર બધાનો ત્યાગ કરીને નીકળ્યા છીએ તો આપની આજ્ઞામાં કેમ નહીં રહીએ ? આપ જે કહેશો તે તમામ કરીશું.''

મહારાજ તેમનો ભક્તિભાવ જોઈ પ્રસન્ન થયા. પછી આત્માનંદ સ્વામીને કહ્યું : "તમે મંડળ લઈને બામણગામ જાઓ." ત્યારબાદ બીજા મંડળધારીઓને પણ મહારાજે જુદા જુદા પ્રદેશમાં જવાની આજ્ઞા કરી.

મહારાજ વરતાલથી બીજે દિવસે નીકળી બુધેજ, ઊંટવાળા, હાંસદ, નાર અને પંડોળી થઈને બોચાસણ પધાર્યા. અહીં કાશીદાસને ઘેર મહારાજ ઊતર્યા. ત્યાં એક દિવસ રહી બોરસદ, ભાદરણ થઈને બામણગામ પધાર્યા. અહીં બેચર પંડ્યાની મેડીએ મહારાજ ઊતર્યા અને પશ્ચિમ મુખની બારીમાં બિરાજ્યા. આત્માનંદ સ્વામીને ખબર મળ્યા એટલે તરત જ મહારાજ પાસે આવ્યા.

બેચર પંડ્યાએ થાળ કરાવ્યો. પરંતુ મહારાજ જમ્યા નહીં. ઘણી તાણ કરી છતાં મહારાજ ઊઠ્યા નહીં અને કહ્યું : "પાર્ષદોને જમાડી દ્યો."

સૌ જમી રહ્યા અને મહારાજ પાસે આવ્યા. એટલે મહારાજે કહ્યું : "અમારે અહીંથી કાનમ પ્રદેશમાં જવું છે. માટે મહીસાગર ઉતરાવે એવા કોઈ સારા ભોમિયા હોય તો અમારી સાથે આવે !"

તે સાંભળી હરિભક્તોએ કહ્યું : "મહારાજ ! એકલબારાનો જે આરો છે ત્યાંથી મહીસાગર ઉતરાશે."

એટલે આત્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! હું એ મારગનો ભોમિયો છું. આપ આજ્ઞા કરો તો સાથે આવું."

એટલે મહારાજે તેમને કહ્યું : "ભલે, તમે સાથે આવજો."

કાનમમાં વિચરણ

શ્રીહરિ માટે વહાણ લાવ્યા. શ્રીહરિ વહાણમાં બિરાજ્યા. એકલબારાને આરે ઊતરતાં મહારાજની એક મોજડી મહીસાગરમાં પડી ગઈ. મહારાજે બીજી મોજડી કાઢીને તરત જ મહીસાગરમાં નાખી દીધી અને બોલ્યા : "મહીસાગરને બંને મોજડી જોઈતી હતી. તેથી બીજી પણ તેને આપી દીધી."

મહીસાગર ઊતરીને મહારાજ એકલબારા ગામે પધાર્યા. અહીંના ઠાકોર બાપુભાઈ તથા કાભાઈએ મહારાજનું સ્વાગત કર્યું. મહારાજ સાથે આત્માનંદ સ્વામી હતા. પાર્ષદોની અને સંતોની મંડળી પણ હતી. મહારાજે અહીંથી કેટલાક સંતોને ડભાસા મોકલી દીધા. પોતે ઠાકોરના દરબારમાં રાત રહ્યા.

બીજે દિવસે ત્યાંથી નીકળી સેજાકૂવા, સાધી, આમળા થઈને સરસવણી પધાર્યા. અહીં અંબાઈદાસના ઘેર મહારાજ ઊતર્યા. સંતો-પાર્ષદો ગામ બહાર

તળાવ હતું તેની દક્ષિણમાં વિશાળ વડ નીચે ઊતર્યા. મહારાજે આગળથી જ કાનમના હરિભક્તોને કહેવરાવ્યું હતું કે સૌ સરસવણીમાં આવજો. ત્યાં ભેગા થવાશે; દર્શન, કથાવાર્તા અને સેવાનો લાભ ત્યાં મળશે.

સરસવણીના હરિભક્તો ત્રિકમભાઈ, અંબાઈદાસ, ગિરધરભાઈ વગેરેએ રસોઈ દીધી. વિપ્ર નાગજીભાઈ તથા રામચંદ્રભાઈએ મહારાજની રુચિ અનુસાર રસોઈ બનાવી. કાનમના ભક્તોને મહારાજના થોડા પ્રસંગથી સમાગમ કરવાનો ઝાઝો અવકાશ મળ્યો ન હતો છતાં મહારાજની રુચિ જાણી ગયા હતા. મહારાજ ગમે ત્યાં ફરતા હોય છતાં તેમની વૃત્તિ મહારાજના સ્વરૂપમાં જ રહેતી. એ જ ચિંતવન થતું હતું કે મહારાજ ક્યાં હશે ? તે સિવાય તેમના વ્યવહારમાં પણ અન્ય વાતોને અવકાશ ન હતો.

મહારાજના આદેશ પ્રમાણે વેમારડીથી તુલજારામ, રામદાસ પટેલ, ભક્તિભાઈ, જીજીભાઈ તથા કાનદાસ આવી ગયા હતા. દોરાથી વિપ્ર કાશીરામ તથા જીજીભાઈ આવ્યા હતા. ગામ બુવાના કાનદાસ, દરુભાઈ અને ગુલાબદાસ આવ્યા હતા. આમોદના શેઠ હરજીવન તથા વિદ્વાન પંડિત દીનાનાથ ભટ્ટ, લક્ષ્મીરામ અને ગણપતભાઈ પણ આવ્યા હતા. કેલોદથી વલીભાઈ, ઈંટોલાથી બાપુભાઈ તથા જીજીભાઈ, દેવીદાસ, ત્રિકમદાસ, નરહરિભાઈ, નારાયણભાઈ, શંકરભાઈ, રેવાદાસ વગેરે આવ્યા હતા. કંડારીથી પુરુષોત્તમદાસ, ત્રિકમદાસ, માધવજીભાઈ, કાનજીભાઈ તથા મકનદાસ, રૂંવાદથી ભગવાનદાસ, સલાડથી ભટ્ટ ભગવાનદાસ, મંડાળાથી ભગા પટેલ તેમજ ખુશાલભાઈ, ગોવિંદભાઈ અને પુરુષોત્તમદાસ આવ્યા હતા. શિનોરથી જોરાભાઈ, જેઠીભાઈ, ભવાનીદાસ, ઉત્તરાદના રણછોડદાસ, ભીખાભાઈ, મોરારભાઈ, વેણીદાસ વગેરે આવ્યા હતા. મહારાજ પધાર્યા અને કાનમ ઊમટ્યું. ચરોતર અને સૌરાષ્ટ્રમાં મહારાજ ઘણુંખરું વિચરણ કરતા ત્યારે સમૈયા-ઉત્સવમાં આ ભક્તો આવી મહારાજનાં દર્શન અને સેવાનો લાભ લઈ લેતા.

આટલા થોડા પ્રસંગથી જ તેમનું અંતર સત્સંગના રંગથી રંગાઈ ગયું હતું. મહારાજનો એ પ્રતાપ હતો. જેને દૃષ્ટિમાં લેતા તેના અવયવો ફેરવી નાખતા. મહારાજ સરસવણીમાં પધાર્યા છે તે સમાચાર જેમ જેમ ભક્તોને મળતા ગયા તેમ સૌ ત્યાં આવવા લાગ્યા. ગોપાળાનંદ સ્વામીનું પણ આ પ્રસાદીનું ગામ હતું. પૂર્વાશ્રમમાં તેઓ એક વર્ષ અહીં રહ્યા હતા અને તેમના પ્રસંગે આ પ્રદેશમાં સત્સંગ સારો થયો હતો.

પારીખા ગામથી રામજિત અને મેઘજિત, પીપળીથી કુબેરજી, માણેજાથી ભૂધરભાઈ અને ચોરંદાથી પુરુષોત્તમ ભટ્ટ, માહેશ્વર ભટ્ટ તથા જીવણભાઈ પટેલ વગેરે આવી ગયા. સારિંગથી માહેશ્વર, કાકુજી, દયાળ શેઠ વગેર આવ્યા. ભદામથી નરોત્તમભાઈ, ભૂલાભાઈ, પૂજાભાઈ તથા વિપ્ર ઘેલાભાઈ, દેસાઈ દયાળભાઈ પણ આવ્યા. સત્સંગીઓનાં જૂથ આવ્યે જ જતાં હતાં.

મહારાજ પણ સૌને જોઈ રાજી થતા હતા. જેમ હરિભક્તોનો સમૂહ વધુ, તેમ મહારાજની પ્રસન્નતા પણ વધુ. તેમને તો સૌને અલ્પ સમયમાં પોતાનો સંબંધ કરાવી અષ્ટાંગ યોગથી પણ સિદ્ધ નં થઈ શકે એવી નિર્વિકલ્પ સ્થિતિની સિદ્ધિ કરાવી દેવી હતી.

આ બધા હરિભક્તો ઉપર મહારાજની પ્રેમલ દૃષ્ટિ પડી. એ દૃષ્ટિના સૌ પ્યાસી હતા. મહારાજ સાથે એક ક્ષણ પણ રહેવા મળે અને તેમાં મહારાજની દૃષ્ટિ જો પડી જાય તો જીવન ધન્ય બની જાય એવી તેમની ભાવના હતી. તેઓ જાણતા હતા કે આ સભા પૂરતો જ મહારાજનો પ્રસંગ છે. છતાં કેટલાક દૂરદૂરથી, કોઈ ચાલીને, તો કોઈ ડમણિયામાં, તો કોઈ ઘોડા ઉપર પણ મહારાજનાં દર્શન સારુ આવી ગયા હતા.

મહારાજે સભા તરફ દૃષ્ટિ કરી. પછી પૂછ્યું : ‘‘અવિધાથી કોઈ હરિભક્તો નથી આવ્યા ?’’

ત્યાં તો કેવળભાઈ, હરિભાઈ, નાથાભાઈ ઊભા થઈ ગયા અને કહ્યું : ‘‘મહારાજ ! અમે આવ્યા છીએ.’’

મહારાજે તેમના સામું જોયું અને પ્રસન્ન થયા. સૌને લાગ્યું કે મહારાજની દૃષ્ટિ બહાર કોઈ ભક્તો ન હતા.

મહારાજનાં દર્શન કર્યાં અને તેમનું અંતર ટાઢું થઈ ગયું. વાતો સાંભળી અને જગતના સંકલ્પો બંધ થઈ ગયા. મહારાજની વાતોથી અજ્ઞાન હઠી જતું. માયા દૂર થઈ જતી. પરંતુ મહારાજ કહેતા કે ‘‘પાણીમાં લીલ બાઝી ગઈ હોય અને એક પથ્થર નાખીએ એટલે લીલ ખસી જાય અને થોડી વારે પાછી ભેગી થઈ જાય, તેમ અમારી વાતો સાંભળ્યા પછી એનું મનન અને નિદિધ્યાસન નહીં કરો તો માયાના ભાવ પાછા વળગશે. એટલે તમારી સાધના તો એ છે કે આ વાતો અંતરમાં સંઘરી રાખો. આ મૂર્તિમાં ઇંદ્રિયોની સમગ્ર વૃત્તિઓ જોડી દો. એટલું જાણપણું જો અખંડ રહેશે તો સાંભળેલી વાતો આકાર લેશે. જીવન એ મય બની જશે.’’

કાનમના હરિભક્તોએ મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! અમારા દેશમાં આપ પધાર્યા છો તો અમારા દરેકને ગામ પધારો. ગામ પાવન થશે, સત્સગ પણ વધશે અને અમારો સત્સંગ દૃઢ થશે."

એટલે મહારાજે કહ્યું : "અહીં તમો સૌ આ દર્શનનો અને વાતોનો લાભ લઈ લ્યો. અહીં અદ્‌ભુતાનંદ સ્વામીએ સત્સંગ કરાવ્યો છે તો તેમના જોગે મોટા સંત પણ અહીં આવશે."

એટલામાં અંબાઈદાસ મહારાજ પાસે આવ્યા અને હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આપને માટે થાળ મારે ત્યાં કરાવ્યો છે. તો આપ જમવા પધારો."

મહારાજ તરત જ ઊઠ્યા પણ ઊઠતાં ઊઠતાં પૂછ્યું : "આ સંત-હરિભક્તોને માટે શો બંદોબસ્ત કર્યો છે ?"

એટલે અંબાઈદાસે કહ્યું : "મહારાજ ! બ્રાહ્મણો પાસે રસોઈ તૈયાર કરાવી છે અને હમણાં સૌને જમવા બેસારી દઈએ છીએ."

મહારાજ અંબાઈદાસને ઘેર જમવા પધાર્યા.

મહારાજ જમીને વડ નીચે પધાર્યા. સૌ સંતો, હરિભક્તો પણ જમીને સભામાં આવી ગયા હતા. જમવાના લોભ કરતાં સૌને મહારાજનાં દર્શનનો લોભ વિશેષ હતો. તેથી તે ક્રિયા ઉતાવળથી સૌએ પતાવી દીધી.

એટલામાં એક છડીદાર ત્યાં આવ્યો. મહારાજે તેને જોઈ પૂછ્યું : "તમે ક્યાંથી આવો છો ?"

ત્યારે તેણે કહ્યું : "હું ગાયકવાડી સરદાર કાનોબાનો છડીદાર છું. અમારા સરદારે આપને તેડાવ્યા છે. હાલ તેમનો મુકામ પાદરામા છે."

મહારાજે તેને કહ્યું : "તમે થોડો વખત રોકાવ. પછી તમને જવાબ દઈશું." પછી મહારાજે મુક્તાનંદ સ્વામીને તેડાવ્યા. તેમને પૂછ્યું : "કાનોબા સરદારનો છડીદાર આપણને આમંત્રણ આપવા આવ્યો છે તે શું કરવું ?"

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપ તો અંતર્યામી છો. તેનો જેવો ભાવ હોય તે જાણો છો. તેથી જેમ યોગ્ય લાગે તેમ કરો."

મહારાજે કહ્યું : "પાદરા અહીંથી દૂર નથી. સરદારનો ભાવ કેવો છે તે જણાઈ આવશે, પછી આ પ્રદેશમાં ફરવાની ખબર પડશે."

મહારાજે છડીદારને કહ્યું : "તમે જાઓ. અમે કાલે પાદરા આવીશું."

બીજે દિવસે અંબાઈદાસની વેલ જોડાવી. મહારાજ મુક્તાનંદ સ્વામીને સાથે લઈને પાદરા જવા નીકળ્યા. રસ્તામાં ગોરિયાદમાં સુંદર સરોવર જોઈ ત્યાં

પીપળાની છાયા નીચે મુકામ કર્યો. મહારાજ પધાર્યા છે તે સાંભળી ગામના ઘણા ભક્તો દર્શન કરવા આવ્યા. મહારાજે તેમને ઉપદેશની ઘણી વાતો કરી. પછી બોલ્યા : "આ ગામ ઘણું પવિત્ર છે. અહીં સત્સંગ સારો થશે." એટલું કહી ત્યાં જળપાન કરી મહારાજ પાદરા પધાર્યા.

પાદરામાં કાનોબાની હવેલીને અડીને જ એક વૈષ્ણવ ભક્તનું મકાન હતું. મહારાજ તેને ત્યાં ઊતર્યા. કાનોબાને ખબર મળ્યા કે ભગવાન સ્વામિનારાયણ આવી ગયા છે. એટલે તે રૂપામહોર અને નારિયેળ લઈને મહારાજનાં દર્શન કરવા આવ્યો. મહારાજને પગે પડ્યો. ચરણમાં નારિયેળ અને રૂપામહોર મૂક્યાં. પછી કહ્યું : "મહારાજ ! કચેરીમાં પધારો."

મહારાજે કહ્યું : "સારું, રાત્રે આવીશું."

રાત્રે મહારાજ કાનોબાની કચેરીમાં જવા નીકળ્યા. સાથે લક્ષ્મીરામ શાસ્ત્રી હતા તથા મુક્તાનંદ સ્વામી હતા. કાળા વાળંદ તથા ગામેઠાના નરસી વાળંદ મશાલો પ્રગટાવી આગળ ચાલતા હતા.

મહારાજ કાનોબાની કચેરીમાં પધાર્યા. કાનોબાએ સ્વાગત કર્યું. પરંતુ તેના અંતરની મેલી મુરાદ મહારાજ કળી ગયા. એટલામાં કાનોબાએ કહ્યું : "અમારો આ શાસ્ત્રી શાસ્ત્રોમાં પ્રવીણ છે તેની સાથે તમે શાસ્ત્રાર્થ કરો."

તે સાંભળી મહારાજે કહ્યું : "અમારા આ લક્ષ્મીરામ શાસ્ત્રી તમારા શાસ્ત્રી સાથે ચર્ચા કરશે."

શાસ્ત્રાર્થ શરૂ થયો. એટલામાં એક દાદુપંથી બાવો ત્યાં આવ્યો. તે વચ્ચે વચ્ચે બોલવા માંડ્યો. એટલે મહારાજે તેની માળા માંગી અને તે માળા ફેરવવા લાગ્યા. માળા ફેરવતાં તેની માળા તૂટી ગઈ. તેથી તે બાવો તૂટેલી માળાના પારા વીણવા લાગ્યો. એટલામાં મહારાજે તે શાસ્ત્રીના દરેક પ્રશ્નોનું સમાધાન કરી દીધું. પછી મહારાજ ઊઠ્યા. લગભગ અર્ધી રાત થઈ ગઈ હતી. કાનોબાએ કહ્યું : "કાલે રોકાજો. અમારે આસપાસનાં ગામોમાં તમારી પધરામણી કરાવવી છે."

મહારાજે કહ્યું : "બહુ સારુ.'

મહારાજ ગયા પછી દાદુપંથી બાવાએ કાનોબાને કહ્યું : "સરદાર ! આ સ્વામિનારાયણ ઠીક હાથમાં આવ્યા છે. તેને જો પકડી લ્યો તો તેના શિષ્યો મોં માગ્યાં નાણાં આપીને તેને છોડવાશે. રૂપિયાના ઢગલા થઈ જશે."

તેણે કહ્યું : "હું એ જ વેતરણમાં છું. અહીં બાજુમાં જ તેમનો ઉતારો છે

અને મારા માણસો ચોકીમાં મૂકી દીધા છે એટલે જશે ક્યાં ?"

મહારાજ ઉતારે પધાર્યા. તરત જ આત્માનંદ સ્વામીને કહ્યું : "તમે અહીંથી સીધા બામણગામ જજો." પછી મુક્તાનંદ સ્વામીને કહ્યું : "તમે સરસવણી જજો. અમે હમણાં જ અહીંથી નીકળી જઈએ છીએ."

આ સાંભળી આત્માનંદ સ્વામી ચમક્યા. તેમણે પૂછ્યું : "કાં મહારાજ ! એવડી ઉતાવળ ?"

મહારાજે કહ્યું : "કાનોબા અમને કેદ કરવા ધારે છે. આ તો તેમને બતાવવું હતું કે સ્વામિનારાયણ હાથવેંતમાં હોય તોપણ પકડાય નહીં." એમ કહીને મહારાજ ત્યાંથી નીકળી ગયા. કાનોબાના ચોકીદારો તે વખતે ઊંઘતા હતા.

કાનોબાના ઘોડેસવારોને મહાકાળ દેખાય છે

બીજે દિવસે સવારે કાનોબાએ પોતાના સિપાઈને વાણિયાને ઘેર મોકલ્યો. તે તપાસ કરીને પાછો આવ્યો અને કહ્યું : "સ્વામિનારાયણ તો રાત્રે જ નીકળી ગયા છે !"

આ સાંભળી કાનોબા ધૂંવાંપૂવાં થઈ ગયો. તેણે પૂછ્યું : "ચોકીદારો શું કરતા હતા ?"

એટલે સેવકે ધીમે રહીને કહ્યું : "સૌ ઊંઘી ગયા હતા."

કાનોબા હાથ ઘસવા લાગ્યો. તેણે બૂમ પાડી : "ઘોડેસવારો હાલને હાલ મોકલો. ગમે ત્યાંથી પણ સ્વામિનારાયણને પકડીને મારી પાસે હાજર કરો."

ઘોડેસવારો તરત જ નીકળ્યા. મારતે ઘોડે જુદી જુદી દિશામાં સૌ ગયા. એક ટુકડીએ મહારાજને આગળ જતાં જોયા. તેણે ઘોડા દોડાવ્યા. મહારાજ પાસે ઘોડા આવી ગયા. મહારાજ પણ ઊભા રહી ગયા. ઘોડેસવારો નીચે ઊતર્યા અને મહારાજ પાસે ગયા. ત્યાં તો તેમણે મહાકાળ જોયો. જાણે બ્રહ્માંડોને હમણાં મોઢામાં ગળક કરી જશે ! આ અસવારો તેની આગળ રેતીના કણ જેવા દેખાવા લાગ્યા. આ ભયંકર સ્વરૂપને જોઈને જ તેઓ ત્યાંથી નાઠા. તેમાં ઘોડાઓ લેવા પણ રહ્યા નહીં. તેમની પાછળ તેમના ઘોડાઓ કિકિયારી કરતા દોડ્યા. મહારાજ તેમને દોડતા જોઈ હસવા લાગ્યા. ઘોડીની લગામ ખેંચી અને આગળ ચાલ્યા.

મહારાજ પાછા બામણગામ પધાર્યા. ખોડા પંડ્યાને ઘેર દહીં અને રોટલો જમ્યા. આત્માનંદ સ્વામી પણ આવી ગયા. પછી ત્યાંથી સંતમંડળ સાથે નીકળી ફરતાં ફરતાં વરતાલ પધાર્યા. અહીં મહારાજ વાસણ સુથારના ઘેર ઊતર્યા.

ડોશીમા મહારાજને ઠપકો આપે છે

મહારાજને ખબર પડી કે ઝાલાવાડથી હરિભક્તોનો સંઘ વરતાલ દર્શન કરવા આવે છે. આ જાણી મહારાજે સુરાખાચરને કહ્યું : ‘‘મોડું થયું છે અને સંઘ અહીં આવશે તો બહુ મોડું થઈ જશે. માટે ઘોડેસવાર મોકલો અને સંઘને આજે રાત્રે નડિયાદમાં જ રોકી રાખો.’’

સુરાખાચરે મહારાજની આજ્ઞા પ્રમાણે ઘોડેસવાર નડિયાદ મોકલ્યો.

થોડી વાર પછી મહારાજે સુરાખાચરને કહ્યું : ‘‘સંઘ આવી જાય તો કાંઈ બહુ મોડું નહીં થાય. માટે બીજો ઘોડેસવાર મોકલો અને ભલે સંઘ આવે.’’

આ સાંભળી સુરાખાચરે બીજો ઘોડેસવાર મોકલ્યો. પછી પૂછ્યું : ‘‘મહારાજ ! હવે કાંઈ વિચાર બદલાય એમ નથી ને ?’’

મહારાજે કહ્યું : ‘‘ના, હવે ભલે આવે.’’

સુરાખાચર આ સાંભળી ઉતારે ગયા. તેઓ ઉતારે પહોંચ્યા ત્યાં મહારાજે તેમને બોલાવ્યા. સુરાખાચર આવ્યા. મહારાજે તેમને કહ્યું : ‘‘સુરાખાચર ! સંઘ આવતાં ઘણું મોડું થઈ જશે. એટલે ભલે નડિયાદમાં જ રહે. તમે હાલ ને હાલ ઘોડેસવારને મોકલો.’’

સુરાખાચર આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ‘‘અમને તો એમ હતું કે ભગવાનનું મન સ્થિર હશે. પણ તેય વારે વારે ફરે છે.’’

મહારાજે કહ્યું : ‘‘હા, ફેરવવું જ પડે. ભક્તોના સંકલ્પો પ્રમાણે અમારું મન ફરતું જ રહે.’’

સુરાખાચર આ વાતનો મર્મ સમજી ગયા. ભગવાનની દરેક ક્રિયા દિવ્ય જ હોય છે. તેમને પોતાનું ધાર્યું નથી કરવું પરંતુ ભક્તોની ઇચ્છાને આધીન રહી તેમના સંકલ્પ પ્રમાણે વર્તવું છે.

બીજે દિવસે સવારે સંઘ આવ્યો. સૌ મહારાજને દંડવત્ કરવા લાગ્યા. મહારાજે પણ સૌના કુશળ પૂછ્યા. સંઘમાં એક ડોશીમા હતાં. તે મહારાજ પાસે આવ્યાં અને મહારાજને વઢવા માંડ્યાં : ‘‘આ બધું નાટક કાલે શું માંડ્યું હતું ? ઘડીક અમારાં વેલડાં અને ગાડાં છોડાવ્યાં, પાછાં જોતરાવ્યાં, સૌનાં પોટલાં બંધાવ્યાં ને પાછાં છોડાવ્યાં ! અમને મારગમાં કોણ લૂંટી જવાનો હતો ? બીક કેની લગાડી લાગે છે ને કેની મટાડી મટે છે ? તમારા સિવાય બીજા કોઈના હાથમાં છે ? તમે આવું તોફાન આદર્યું પણ કેની આગળ ફરિયાદ કરીએ ?

બીજો કોઈ ભગવાન હોય તો તો તેને રાવ કરત પણ તમારા સિવાય બીજો તો કોઈ ભગવાન નથી એટલે શું કરીએ ?"

મહારાજ મોઢે રૂમાલ રાખી મંદમંદ હસતાં હસતાં આ સાંભળતા હતા. મહારાજે કહ્યું : "ડોશીમા ! તમારામાંના કેટલાકને બીક લાગતી હતી કે રાત્રે જશું અને લૂંટાઈ જશું તો ? એટલે અમે તમને ના કહેવરાવી. વળી તમારા જેવાને અમારા કર્તાપર્ણાનું જાણપણું હતું એટલે અમે પાછી હા કહેવરાવી. આમ, ભક્તોના સંકલ્પ પ્રમાણે અમારે વર્તવું પડે."

માજી આ સાંભળી સમજી ગયાં. તેણે પગે લાગીને કહ્યું : "મહારાજ ! માફ કરજો. આપની ક્રિયામાં અમને પામર જીવોને કાંઈ ખબર પડે નહીં."

કસોટીથી હારવું નહીં

મહારાજ વરતાલમાં બે દિવસ રહ્યા. પછી ત્યાંથી નીકળી ડડુસર થઈને કઠલાલ પધાર્યા. અહીં પીપળા પાસે ચોતરો હતો. ત્યાં હરિભક્તોએ ઢોલિયો ઢાળી દીધો. સદારામ અને ખુશાલરામ મહારાજ માટે થાળ લાવ્યા. મહારાજ જમ્યા. સાથેના પાર્ષદોને પણ જમાડ્યા.

પછી ત્યાંથી નીકળી મહારાજ વીસનગર પધાર્યા. અહીં હરિભક્તોને મહારાજે પૂછ્યું : "હવે સૂબા તરફથી કાંઈ ત્રાસ છે ? શોભારામ ઠીક ચાલે છે ને ?"

સત્સંગીઓએ કહ્યું : "મહારાજ ! હવે અમારો માર્ગ નિર્વિઘ્ન થઈ ગયો છે. કોઈ ત્રાસ કે વિઘ્ન નથી અને સત્સંગનું ખૂબ સુખ આવે છે."

મહારાજને આ સાંભળી શાંતિ થઈ. તેમણે કહ્યું : "પ્રથમ તો ભગવાન કસોટી કરે જ. પછી ભક્તની દૃઢતા જોઈને વિઘ્નોને ટાળી નાખે, માટે કસોટીથી હારવું નહીં. દુઃખ દેખી પાછો પગ ભરવો નહીં !"

વીસનગરથી નીકળી મહારાજ ઊંઝા થઈને કડી પધાર્યા. અહીં કેટલાક મતવાદી મહારાજ સાથે શાસ્ત્રાર્થ કરવા આવ્યા. તેઓ અગાઉથી પ્રશ્નો ગોઠવીને આવ્યા હતા. મહારાજે તેમના પ્રશ્નોના ઉત્તર યથાર્થ કર્યા. તેમને સૌને સંતોષ થયો. મહારાજ ત્યાંથી ડાંગરવા પધાર્યા. અહીં વેણીભાઈએ તેમજ જતનબાએ મહારાજને રોકવાનો ખૂબ આગ્રહ કર્યો. જતનબા બાળ બ્રહ્મચારી હતાં. તેમનાં બહેન રતનબાના અંતરમાં પણ સત્સંગ ખૂબ જ દૃઢ હતો. મહારાજે તેમનો ભાવ જોયો છતાં આ સમયે રોકાવાની ના પાડી.

ત્યાંથી મહારાજ નારદીપુર થઈને નાદરીએ પધાર્યા.

અગણોતેરા કાળની મહારાજ આગાહી કરે છે

અહીં મહારાજ રાત રોકાયા. સવારે ઊઠ્યા. નિત્યકર્મથી પરવારી સભા કરી. પછી સભામાં મહારાજે સૌને કહ્યું : "આજે મધ્યરાત્રે અમને શંકરનાં દર્શન થયાં. શંકર ભગવાનના ભક્ત છે એટલે સૌમ્ય સ્વરૂપ હોય પણ અમને તેમનું સ્વરૂપ વિકરાળ દેખાયું. શિવજીએ અમને કહ્યું : અમારું કાંઈ ચિહ્ન રાખો." પછી મહારાજે આગળ કહ્યું : "શંકરનું સ્વરૂપ ભયંકર હતું. શંકર કાળનું સ્વરૂપ કહેવાય, પ્રલયના દેવ કહેવાય. શંકરે દર્શન આપી સૂચન કર્યું હોય તેમ લાગે છે. ભયંકર કાળ પડશે. માટે સૌ સત્સંગીઓ પોતાના ગજા પ્રમાણે અન્નનો સંગ્રહ કરી લેજો." મહારાજની વાણીમાં વિષાદ હતો.

પછી તેમણે કહ્યું : "કાળ કાળનું કામ કરશે. અમારાં દર્શને આવીને તેમણે અમારી આજ્ઞા લીધી છે. પૃથ્વી ઉપર અધર્મ વધી ગયો છે. તેનો નાશ કરવા માટે અમારે કાળને આજ્ઞા કરવી પડી છે; પરંતુ જે સત્સંગીઓ છે, અમારી જે આજ્ઞા પાળશે તેની રક્ષા જરૂર થશે."

મહારાજ ત્યાંથી નીકળી મોટેરા પધાર્યા. અહીં શ્રીપુરના હરિભક્તો તથા સંતો મહારાજનાં દર્શને આવ્યા. સૌએ મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : "મહારાજ ! શ્રીપુરમાં પધારો. આપ શ્રીપુરમાં પધાર્યા હતા તેને આજે બે વરસ થઈ ગયાં છે. તો હવે કૃપા કરો."

મહારાજે તરત જ કહ્યું : "સૂબાનો હુકમ જાણો છો ને ? પેશ્વાનું રાજ્ય જશે, અંગ્રેજનું રાજ્ય આવશે ત્યારે અમે આવીશું. હજુ તમારે ધીરજ રાખવી પડશે."

આ સાંભળી સૌ ભક્તો નિરાશ થઈ ગયા. એક હરિભક્તે કહ્યું : "મહારાજ ! પેશ્વાના સૂબાને ખસેડવો એ તો આપના હાથમાં છે. તો પછી આપ હજુ અમને ધીરજ રાખવાનું કેમ કહો છો ?"

"તેનો સમય પાકે ત્યારે તે જાય ને ? અમે પણ અમારા બાંધેલા નિયમોનું ઉલ્લંઘન કરતા નથી." મહારાજે કહ્યું અને સૌ શાંત થઈ ગયા.

ભક્તોના મનમાં તો સહેજે હોય કે મહારાજ કાંઈક ઐશ્વર્ય વાપરશે, અસુરોને દાબી દેશે. પરંતુ ભગવાનની રીત અલૌકિક હોય છે. પોતાના ઐશ્વર્યની ખબર ન પડે અને સહજ રીતે જ કાંટો નીકળી જાય તે પ્રકારે પ્રસંગો તેમણે ગોઠવી જ રાખ્યા હોય.

મહારાજ પરમહંસોને રુદ્રાક્ષનો પારો બંધાવે છે

સાથે આવેલા સંતોને મહારાજે કહ્યું : "આજથી તમારે સૌએ કંઠે રુદ્રાક્ષનો પારો બાંધવો પડશે. બીજા સંતો જે જે મળે તેમને સૌને અમારી આજ્ઞા સંભળાવજો. શિવજી કોપ્યા છે. તેમનો કોપ સકારણ છે. જગતમાં અધર્મ ખૂબ જ વ્યાપ્યો છે તેનો નાશ તો કાળના તાંડવથી થશે. ધર્મ અને નીતિના નિયમોની ઉપેક્ષા કરવી, પરમાત્મા તથા તેમના સંતો, મંદિરો આ બધું તૂત છે એવું સમજી બેમર્યાદ વર્તવું, પોતાની બુદ્ધિ ઉપર મદાર રાખી પરમાત્માના અસ્તિત્વને ભૂંસી નાખવાના પ્રયત્નો કરવા – આ બધા જ અધર્મીઓએ પ્રવર્તાવેલા અધર્મના ભાવ છે. કાળ રુદ્ર સ્વરૂપ ધારણ કરી તેની જડ ઉખેડશે. कालोऽस्मि लोकक्षयकृत् प्रवृद्धो । સુકા પાછળ લીલું પણ બળશે. પરંતુ આ સિવાય બીજો કોઈ ઉપાય નથી."

મહારાજના શબ્દોની ગંભીરતા લોકો સમજી ગયા. સૌના અંતરમાં વિષાદ છવાઈ ગયો. એક હરિભક્તે પૂછ્યું : "મહારાજ ! આપની કંઠી તો અમે પહેરી છે છતાં રુદ્રાક્ષ શા માટે ? આપ તો સર્વોપરી ભગવાન છો."

"કારણ કે તે શંકરનું ત્રીજું નેત્ર છે. તે નેત્રમાં જ્ઞાનદૃષ્ટિ સમાયેલી છે અને પ્રકોપ પણ સમાયેલો છે. લોકોના રક્ષણ માટે શિવજીને પ્રસન્ન કરવા, તેમના પ્રતિક સ્વરૂપ રુદ્રાક્ષ આપણા સૌ સંતોએ ધારણ કરવો પડશે. લોકોનું તેથી ઓછું અહિત થશે. તેમની એ રીતે પણ આપણાથી સેવા થશે !" મહારાજે સમજાવ્યું.

મહારાજ ત્યાંથી જેતલપુર પધાર્યા. અહીં મહોલમાં ઊતર્યા. આશજીભાઈ, જીવણભાઈ, શંકરદાસ, મનોહરદાસ, ગંગદાસ મુખી, આશાભાઈ ત્રવાડી વગેરે હરિભક્તોએ મહારાજનું સન્માન કર્યું. મહારાજ પધાર્યા એટલે સૌ રાજી થયા.

મહારાજે તેમને કહ્યું : "અમારા શરીરમાં તાવ છે તો સગડી મંગાવો, થોડું તાપશું એટલે તાવ ઊતરી જશે."

હરિભક્તો તરત જ સગડી લઈને આવ્યા. મહારાજ શરીરે તાપવા લાગ્યા. થોડો વખત થયો અને તાવ ઊતરી ગયો.

દેશકાળ હજુ પણ ખરાબ આવવાનો છે

અહીં મહારાજ થોડા દિવસ રહ્યા. એ દરમ્યાન વીસનગરથી સંતનું મંડળ

આવ્યું. મહારાજ અહીં બિરાજે છે તે જાણી તેમને આનંદ થયો. મહારાજનાં દર્શન કરી તેમણે ફરિયાદ કરી કે "મહારાજ ! ભિક્ષામાં પૂરું થતું નથી."

આ સાંભળી મહારાજે કહ્યું : "ભગવાનની ઈચ્છાથી જે કાંઈ મળે તેનાથી દેહનો નિર્વાહ કરવો. ભૂખ્યા રહેવાનું હશે તો તપ થાય છે એમ માનવું. આપણા સત્સંગમાં ઘણી બાઈઓ ફક્ત પાશેર અન્ન ખાઈને જ રહે છે. કેટલીક બાઈઓ એક શિંગોડું ખાઈને જ રહે છે. તેમ તમારે પણ પ્રભુની ઈચ્છામાં આનંદ માનીને સત્સંગ કરવો અને કરાવવો. દેશકાળ હજુ પણ ખરાબ આવવાનો છે."

મહારાજ જેતલપુરમાં થોડા દિવસો રહ્યા. પછી ત્યાંથી ગામડી ગામે ગયા, ત્યાંથી કુણા ગામે ગયા. રસ્તામાં આવતું એક પણ ગામ મહારાજ છોડતા ન હતા અને જ્યાં જતા ત્યાં સૌને કહેતા જતા હતા : "ઘરમાં ચીજ-વસ્તુ હોય, ઢોરઢાંખર હોય તો તે તમામ વેચીને દાણા લેજો. દાણા સંઘરજો. કાળ એવો આવવાનો છે કે અનાજનો દાણો દેખાશે નહીં."

હરિભક્તોની રક્ષા કરવા માટે મહારાજ ગામોગામ વિચરણ કરી કાળની આગાહી કરી સૌને દાણા સંગ્રહ કરવાનું કહેતા હતા.

શિવજી કોપ્યા છે

ફરતાં ફરતાં શ્રીહરિ ડભાણ પધાર્યા. અહીં રઘુનાથદાસને ત્યાં રહ્યા. મહારાજના મુખારવિંદ ઉપર પ્રસન્નતા દેખાતી ન હતી. વિષાદની ઘેરી છાંયથી ભરેલું મહારાજનું મુખ જોઈને રઘુનાથદાસે મહારાજને પૂછ્યું : "મહારાજ ! આપ ઉદાસ કેમ દેખાઓ છો ?"

એટલે મહારાજે કહ્યું : "શિવજી કોપ્યા છે, સંહારની લીલા આદરશે. તેમના કોપમાંથી ઊગરવું હોય તો પાંચસો મણ કોદરા જે ભાવે મળે તે ભાવે લઈ લેજો, નહીં તો કાળના મુખમાં હોમાઈ જશો."

ડભાણથી મહારાજ વરતાલ પધાર્યા. અહીં પણ જોબન પગી, રણછોડભાઈ, નારાયણગિરિ વગેરે હરિભક્તોને મહારાજે કહ્યું : "મહાભયંકર કાળ પડવાનો છે તો દાણાનો સંઘરો અત્યારથી જ કરવા માંડજો. ઘરમાં નાણાં ન હોય તો ઘરવખરી વેચી નાખજો. ઢોર, બળદ, ઘોડા જે કાંઈ હોય તે વેચી દેજો અને તે નાણાંમાંથી અનાજ લઈ લેજો. નહીં તો પશુનું પાલન કરી નહીં શકો અને તમારે દુ:ખના દા'ડા કાઢવા કઠણ પડશે." એટલું કહીને મહારાજ

જોબનના સામું જોવા લાગ્યા. પછી જોબનને મહારાજે કહ્યું : "તમારા માણસોને આજુબાજુનાં ગામડાંમા મોકલજો અને મારી આજ્ઞા બધાને સંભળાવજો. સૌ ગમે તેમ કરી દાણાનો સંગ્રહ અત્યારથી જ કરવા માંડે."

વરતાલ મહારાજ થોડા દિવસ રોકાયા.

દુષ્કાળનો સંદેશો મહારાજને દરેકને પહોંચાડવો હતો એટલે કોઈ ઠેકાણે ઝાઝું રોકાતા ન હતા. વરતાલથી પણ મહારાજ નીકળી ગયા ને ગુજરાતમાં ચાંગા, લિંબાસી, કૌકા, કરમડ, ભેંસજાળ વગેરે ગામોમાં ફરતાં ફરતાં મહારુદ્રની વાત કરતા, અનાજનો સંગ્રહ કરવાની આજ્ઞા કરતાં કરતાં મહારાજ નાગડકે પધાર્યા.



ઉદ્‌ગીથ ૮

સદ્‌ગુરુ ખેલે વસંત

(આ.સં. ૧૮૬૮, ઈ.સ. ૧૮૧૨)

મહારાજ નાગડકામાં : આ.સં. ૧૮૬૮

સુરાખાચરે મહારાજને કહ્યું : "પ્રભુ ! અહીં વસંતનો ઉત્સવ કરો. સૌ સંતો-હરિભક્તોને તેડાવો."

મહારાજે તરત જ કહ્યું : "હા, સૌ સંતો ને હરિભક્તોને તેડાવવા છે. ઉત્સવ તો કરશું પણ બીજી વાત પણ કરવી છે."

મહારાજની ગંભીર મુખમુદ્રા જોઈ સુરાખાચરને આશ્ચર્ય થયું. સદા સ્મિત વેરતા, પોતાના સાન્નિધ્યથી સૌને આનંદ કરાવતા, સત્-ચિત્-આનંદ સ્વરૂપ આ પ્રભુ આજે આટલા ગંભીર કેમ દેખાય છે ! મહારાજની પ્રકૃતિ સુરાખાચર સારી રીતે જાણતા હતા. એટલે તેમને લાગ્યું કે અત્યારે ઝાઝી ચર્ચા કરવાનો સમય નથી.

સુરાખાચરે કંકોત્રીઓ લખી, ખેપીઆઓ મોકલ્યા અને આજુબાજુનાં ગામોમાં ફરતા સંતોને તેમજ હરિભક્તોને તેડાવ્યા. વસંતનો ઉત્સવ આવ્યો. પરંતુ મહારાજના મુખ ઉપર ઉત્સાહના ભાવ દેખાયા નહીં. મહારાજ સૌ સંતો-હરિભક્તો સાથે સભામાં બિરાજ્યા હતા તે વખતે સુરાખાચરે કહ્યું : "મહારાજ ! રંગોત્સવ કરવા શું તૈયારીઓ કરવી ?"

મહારાજે તરત જ કહ્યું : "આ વખતે આપણે ફક્ત કથાવાર્તા-કીર્તનનો ઉત્સવ કરીશું. વસંતનું પૂજન કરીશું. કારણ ભગવાનનું એ સ્વરૂપ છે."

મહારાજ સ્વયં રુદ્રાક્ષનો મણકો કંઠમાં પહેરે છે

એટલું કહીને મહારાજે કહ્યું : "અમે નાદરીમાં હતા ત્યાં મધ્યરાત્રીએ અમને શિવજીનાં દર્શન થયાં. મહાદેવજીએ અમને કહ્યું : 'આપ આટલું વિચરણ

કરો છો, આટલો ઉપદેશ આપો છે; આપના ચારિત્ર્યશીલ સંતો પણ કેટલાં અપમાન, તિરસ્કાર અને માર સહન કરીને ભાગવતધર્મના પ્રસારણ માટે આટલો શ્રમ કરી રહ્યા છે; છતાં વિધર્મીઓ, બાવાઓ, ઈર્ષ્યાળુઓ આપના અને આપના સંતોના ભાગવતધર્મના પ્રસ્થાપન કાર્યમાં વિઘ્ન નાખી રહ્યા છે. એટલે હવે એ વિધર્મીઓનો નાશ કરવો જ રહ્યો. મારા રૌદ્ર સ્વરૂપનો વિસ્તાર હું કરીશ. લોકોને ખાવા અન્ન નહીં મળે, પીવા પાણી નહીં મળે. સૂકા પાછળ લીલું પણ બળશે, તેમાં આપનો વિરોધ કરનારાઓનો તો નાશ થઈ જ જશે.'' એટલું કહીને મહારાજ થોડી વાર શાંત રહ્યા.

વાતાવરણ ગંભીર બની ગયું. બધા સ્થિર થઈ ગયા. પછી મહારાજે કહ્યું : ''અધર્મનો નાશ થશે તો જ ભાગવતધર્મનું પ્રસ્થાપન થશે. અમે તો આગલા અવતારોની જેમં શસ્ત્રો પકડવાના નથી, અમારે તો ભક્તોના અંતરમાંથી અધર્મનો નાશ કરવો છે. પરંતુ બહારના અધર્મીઓથી વાતાવરણ કલુષિત થઈ જાય છે, એટલે શિવજી અમારી ઇચ્છા અનુસાર જ તેમની આ સંહારલીલા પ્રસારશે.''

સુરાખાચર આ સાંભળી ગંભીર બની ગયા. તેણે કહ્યું : ''મહારાજ ! આપના ભક્તોની રક્ષા થશે કે નહીં ?''

મહારાજે કહ્યું : ''થશે જ, ભક્તોને ઊની આંચ આવવા દઈશું નહીં. પરંતુ અમારી આજ્ઞા જો પાળશો તો જ રક્ષા થશે.'' એટલું મહારાજ બોલ્યા. પછી કહ્યું : ''શિવજીએ કહ્યું છે કે તેમનું કાંઈ ચિહ્ન આપણા સંતોએ રાખવું. એટલે આપણા દરેક સંત રુદ્રાક્ષનો એક એક પારો ગળામાં પહેરે. રુદ્રાક્ષ એ શિવજીની આંખ છે. તેમાં તેજ ભર્યું છે, રુદ્રાક્ષનું ચિહ્ન રાખવાથી શિવજીનો કોપ થોડો હળવો થશે.''

મહારાજની સામે ભેંસજાળના મોતીરામ મહારાજ બેઠા હતા. તેમની પાસે રુદ્રાક્ષની માળા હતી. મહારાજે તે માળા લઈને તેના મણકા છૂટા કર્યા અને ત્યાં બેઠેલા સૌ સંતોને રુદ્રાક્ષનો એક એક પારો આપ્યો અને કહ્યું : ''ગળામાં કંઠીની સાથે આ મણકો પહેરી રાખજો. શિવજી પ્રસન્ન રહેશે, કાળની ઝાળ હળવી બનશે. પરંતુ જ્યાં જ્યાં તમે જાઓ ત્યાં દરેકને – પછી તે સત્સંગી હોય કે ન હોય - ચેતાવી દેજો કે અનાજનો સંગ્રહ કરે, નહીં તો જીવવું કઠણ પડશે.'' એટલું કહીને મહારાજે રુદ્રાક્ષનો એક મણકો પોતે પોતાના કંઠમાં ધારણ કર્યો.

પોતાની આજ્ઞામાં રહીને જગતનું સંચાલન કરતા દેવતાઓનું મહારાજે

આ રીતે સન્માન કરી તેમનો મહિમા સૌને સમજાવ્યો.

પુણ્ય કર્મથી અધર્મનું જોર ઘટે

વસંતના ઉત્સવને દિવસે જ નિત્યાનંદ સ્વામી તેમના મંડળ સાથે આવ્યા. મહારાજ તેમને જોઈ બહુ પ્રસન્ન થયા અને ઊભા થઈને ભેટ્યા. મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! તમે આવ્યા તે સારું થયું. આપણે અહીં ભાગવતની કથા કરીએ. આજે મહાકાળ કોપ્યો છે, શું નું શું કરી નાખશે માટે તેના શમનને અર્થે ભાગવતની કથા થાય તો કાળનું જોર કાંઈક ઓછું થાય."

સ્વામી આ સાંભળી બોલ્યા : "મહારાજ ! આપ તો કાળના પણ કાળ છો, આપની મરજી વિના કાળ કોપી શકે જ નહીં. પરંતુ આપની મનુષ્ય ચેષ્ટામાં લોકોને ઉપદેશ દેવાને અર્થે કદાચ આ પ્રસંગ આપે ઊભો કર્યો હોય એવું અમને લાગે છે."

મહારાજે કહ્યું : "પુણ્ય કર્મથી અંતરમાં અધર્મનું જોર ઓછું થઈ જાય, એટલે જ્યાં અધર્મ નહીં હોય ત્યાં કાળનું કાંઈ ચાલશે નહીં."

નાગડકામાં ભાગવત કથા

વસંતનો ઉત્સવ મહારાજે ભાગવતની કથાથી શરૂ કર્યો. લીમડા નીચે સભાસ્થાન બનાવ્યું. મહારાજને લીમડો ખૂબ જ ગમતો, તેનો સ્વાદ કડવો પણ તેની છાયા મીઠી. જગતના સુખ પ્રત્યે જેણે કડવાશ કેળવી હોય તેને પરમાત્માની છાયાની મીઠાશ મળે. લીમડો જાણે આ પ્રમાણે ઉપદેશ દેતો હોય ! તેથી જ મહારાજ પણ ઘણુંખરું લીમડાની નીચે જ બિરાજતા. મહારાજના પ્રસંગે લીમડાનાં વૃક્ષો અક્ષરધામના અધિકારી બની ગયાં. ભગવાનનો સંબંધ જ એવો દિવ્ય છે. નરસિંહ મહેતાએ પણ ગાયું છે કે 'ધન્ય વૃન્દાવનવાસી વટની છાયા રે જ્યાં હરિ બેસતા.' વૃંદાવનના વાસી પણ ધન્ય અને વટવૃક્ષ પણ ધન્ય ! કારણ તેની છાંયામાં ભગવાન શ્રીકૃષ્ણ બેસતા. જીવની જડતા ગમે તેટલી હોય પરંતુ ભગવાનનો તેને સંબંધ થઈ જાય તો તે જડ પણ ચૈતન્ય બની જાય છે. ભગવાનની નિર્ગુણ શક્તિનો આ પ્રભાવ છે !

નિત્યાનંદ સ્વામી કથા વાંચતા હતા અને શ્રોતાઓ સાંભળવામાં મુગ્ધ હતા. મહારાજ પણ સ્વામી તરફ દૃષ્ટિ રાખી ભાગવતની કથા એકાગ્રતાથી સાંભળી રહ્યા હતા. નિત્યાનંદ સ્વામીની વિદ્વત્તાએ ભગવાન વેદવ્યાસની

વાણીમાંથી ભક્તિનો રસ પ્રગટ કરી દીધો. શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈ શુકદેવજીએ અંતરાત્મામાં કરેલી પ્રતિલોમ વૃત્તિને બહાર લાવી ભગવાનના ગુણગાન ગાયા. પરીક્ષિત રાજાએ પણ શ્રદ્ધાપૂર્વક પોતાના મોક્ષ માટે ભગવાનનાં ચરિત્રો સાંભળ્યાં. મુનિવર નિત્યાનંદ સ્વામીના મુખમાંથી ગીર્વાણ ભાષામાં નીકળતા આ દિવ્ય પ્રસંગો કાઠી ભક્તો સમજતા ન હતા; છતાં નિત્યાનંદ સ્વામીના સુમધુર સ્વરમાં, તેમની કથાની શૈલીમાં સૌ ખેંચાયા હતા. તેથી કોઈ આડુંઅવળું જોઈ શકતા ન હતા.

કથા પૂરી થઈ અને સ્વરૂપાનંદ સ્વામી તેમના મંડળ સાથે ત્યાં આવ્યા. તેમને જોઈ મહારાજ એકદમ ઊભા થઈ ગયા. સ્વામી તથા તેમના મંડળના સાધુઓ મહારાજને દંડવત્ કરવા લાગ્યા. મહારાજ સ્વામી પાસે પહોંચી ગયા અને તેમને દંડવત્ કરતા રખાવીને ખૂબ જ પ્રેમથી ભેટ્યા. સ્વામી નિમાડ દેશમાં સત્સંગ કરાવીને આવ્યા હતા. ત્યાં શું તકલીફો તેમણે વેઠી હતી, કેટલો ત્રાસ તેમણે ભોગવ્યો હતો તે તો મહારાજ જ જાણતા હતા. છતાં સ્વામીને તો ફક્ત મહારાજને પ્રસન્ન કરવા કાર્ય કરવાનું હતું. નિમાડ દેશની અબુધ પ્રજાને પણ તેમણે સત્સંગનો રંગ લગાવી દીધો. મહારાજનો મહિમા સમજાવી દીધો. વ્રતો આપી જીવન અને આચરણ શુદ્ધ કરી દીધાં. મહારાજ તેથી તેમના ઉપર ખૂબ જ પ્રસન્ન હતા.

મનુષ્ય તો લીંબડી કી નીચે દેખ્યા હૈ

મહારાજે તેમને સહજ સ્વભાવે પૂછ્યું : "સ્વામી, તે દેશમાં મનુષ્ય કેવા છે ?"

એટલે સ્વામીએ તેમની ભાષામાં કહ્યું : "મહારાજ ! મનુષ્ય તો ફક્ત લીંબડી કી નીચે દેખ્યા હૈ. બીજે કોઈ ઠેકાણે મનુષ્ય નથી."

તે સાંભળી મહારાજ હસ્યા. પરંતુ એક ભક્તે પૂછ્યું : "મહારાજ ! સ્વામીએ મનુષ્ય દીઠા નહીં તો પછી કલ્યાણ કેનાં કર્યાં હશે ?"

એટલે મહારાજે કહ્યું : "સાંભળો, બીજા સંતો તો મુમુક્ષુઓને વર્તમાન ધરાવી, કંઠી બંધાવી સત્સંગી કરે ત્યારે તેમનું કલ્યાણ થાય. પરંતુ આ સ્વરૂપાનંદ સ્વામીનાં તો દર્શન કરીને જ મનુષ્યોનું કલ્યાણ થઈ જાય છે. એવા એ મોટા છે."

મહારાજના આ શબ્દોથી સ્વરૂપાનંદ સ્વામીનો મહિમા સૌને સમજાયો.[૩૫]

---

૩૫. નાગડકાના મંદિરમાં આ પ્રસાદીના સ્થાને આ લેખ છે.

કાળની ચેતવણી

ભાગવતની સપ્તાહ પૂરી થઈ, મહારાજે સૌને કથા દરમ્યાન ઘણી વાતો કરી, પછી કહ્યું : “આ ભયંકર કાળ જે આવી રહ્યો છે તેની ચેતવણી પણ લોકોને આપવાની છે. બધું વેચીને અનાજ ખરીદો. આ વાત ભાર દઈને જ્યાં જાઓ ત્યાં કહેજો.”

મહારાજે પછી મુક્તાનંદ સ્વામી તથા સ્વરૂપાનંદ સ્વામીને કહ્યું : “તમે જેતલપુર જાઓ. ત્યાંથી મહાનુભાવાનદ સ્વામીને સારંગપુર મોકલજો. સારંગપુરમાં ફૂલદોલનો ઉત્સવ કરવો છે.”

તે દિવસ પૂર્ણાહુતિનો હતો. મહારાજે ઘણા બ્રાહ્મણોને જમાડ્યા. સૌને રાજી કર્યા. સંતોને પણ ખૂબ જમાડ્યા. પછી વિદાય આપી.

મહારાજ ત્યાંથી સીધા ગઢપુરમાં પધાર્યા.

ઉપાસનાનું રહસ્ય

બીજે દિવસે રાત્રે મહારાજ અચાનક અક્ષર ઓરડીમાંથી નીકળી સાધુની ધર્મશાળામાં[૩૬] પધાર્યા. મહારાજ પધાર્યા એટલે બધા સંતો એકદમ ભેગા થઈ ગયા. મહારાજ માટે આસન કર્યું અને મહારાજ તે ઉપર બિરાજ્યા. બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી વગેરે સંતમંડળ મહારાજની સન્મુખ બેસી ગયું. પછી મહારાજે તેમને કહ્યું : “અમે અહીં તમને એક રહસ્યની વાત કરવા આવ્યા છીએ. તે તમને બરાબર સમજાશે ત્યારે તમને અમારા સ્વરૂપનો, અમારું જે અક્ષરધામ તેના સ્વરૂપનો, તેના મહિમાનો યથાર્થ ખ્યાલ આવશે. સર્વોપરી પ્રાપ્તિનો આનંદ આવશે અને ત્યારે જ તમે સત્સંગમાં સ્થિર થઈને રહી શકશો.”

મહારાજે એટલી વાત કરી ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : “તો મહારાજ ! ઝટ વાત કરો. અમારી અધીરાઈનો અંત લાવો.”

મહારાજ સંતોની સાચી વાત સમજવાની જિજ્ઞાસા જોઈ પ્રસન્ન થયા. તેમણે પછી ધીરેથી સૌના સામું જોતાં જોતાં વાત શરૂ કરી : “અમારું જે અક્ષરધામ છે તેનાં સગુણ અને નિર્ગુણ બે સ્વરૂપો છે. તે જ્યારે સગુણ સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ થાય છે. તેમના એ સગુણ

---

૩૬. ગોપીનાથજીના મંદિરના ઉત્તર તરફનાં જે પગથિયાં છે તેની સામે આ ધર્મશાળા હતી, અત્યારે ત્યાં સ્મૃતિ તરીકે ઓટો કરી મહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે.

સ્વરૂપના એક એક રોમમાં અનંત કોટિ મહાવિષ્ણુ અણુવત્ દેખાય છે. જ્યારે નિર્ગુણ સ્વરૂપ ધારણ કરે છે ત્યારે સમગ્ર બ્રહ્માંડોનો લય કરી દે છે. તે ધામમાં, જેમ નભમાં શબ્દ રહ્યો છે તેવી રીતે હું રહ્યો છું. અર્થાત્ જેમ નભ અને શબ્દને એકતા છે તેમ અમારે અક્ષર સાથે એવી એકતા છે. છતાં અક્ષરને પણ લીન કરી હું સ્વતંત્ર રીતે પણ રહ્યો છું. ઉત્પત્તિ સર્ગમાં અક્ષર પોતાની કળા વિસ્તારે છે ત્યારે હું પણ અનંત મૂર્તિ ધરીને બ્રહ્માંડોમાં પ્રગટ થાઉં છું." એટલું કહીને મહારાજ અટક્યા. સંતોને આ વાત કેટલી સમજાણી તે જોવા સૌના સામું જોયું. આવી રહસ્યભરી વાત સ્થિર થઈને સૌ સંતો સાંભળી રહ્યા હતા. મહારાજ આંખો મીંચી વાત કરી રહ્યા હતા. વાતના વિસ્તારમાં રાત્રી કેટલી ગઈ તેની કોઈને ખબર પડી નહીં.

મહારાજે આગળ વાત કરતાં કહ્યું : "આ વાત સમજવી ઘણી જ કઠણ છે. પરંતુ દૃષ્ટાંત આપીને તમને સમજાવું છું." એમ કહીને મહારાજે કહ્યું : "જેમ આકાશમંડળમાં અસંખ્ય પંખીઓ ઊડે છે, વળી વાદળાં પણ રહે છે, વીજળી પણ રહે છે અને પાણી પણ રહે છે. આ બધાયનો આધાર આકાશ છે. એ આકાશના ગહેરા ઊંડાણમાં, શૂન્યભાવમાં આ બધી આકૃતિઓ સ્થિર થઈને રહી છે. જેમ હિમના સંબંધે જળ સ્થિર થઈ જાય તેમ ! એ આકાશ એ અક્ષરને ઠેકાણે છે. શૂન્ય છે તે મહામાયા છે તે અક્ષરમાં લીન થઈને રહે છે. અનંત પંખીઓ અષ્ટાવરણેયુક્ત અનંત પુરુષના સ્વરૂપે છે. વાદળ એ મહાવિષ્ણુ સ્વરૂપે છે અને મુક્તો વીજળી સ્વરૂપે છે. આકાશમાં દેખાતી સ્થિર અને અસ્થિર ગતિ એ કાળના પ્રવાહનું સૂચક છે." મહારાજ બોલ્યે જ જતા હતા. વાતનો વિસ્તાર ઘણો થયો. વાતનું રહસ્ય ગહન હતું એટલે કેટલાક સંતો ઝોલે ચડ્યા, કેટલાક ઊઠીને પ્રાતઃપ્રવૃત્તિની વિધિમાં ગૂંથાઈ ગયા !

મહારાજે આંખો ખોલી અને જોયું તો સામે ફક્ત પાંચ-સાત મોટેરા સદ્‌ગુરુઓ જ બેઠા હતા. મહારાજને આશ્ચર્ય થયું. તેમણે કહ્યું : "આપણે બેઠા ત્યારે તો સભામાં ઘણા સંતો હતા અને આટલા કેમ રહ્યા ?"

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપનું સ્વરૂપ જેમ ગહન તેમ આપની વાતો પણ ગહન. એ ઊંડાણમાં સૌ શૂન્યભાવને પામી ગયા !"

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે તરત જ કહ્યું : "આ વાત જ્યાં સુધી યથાર્થ નહીં સમજાય, ત્યાં સુધી એ શૂન્યભાવરૂપી માયા ઉલ્લંઘી શકાશે નહીં."

એટલે તરત એક સંતે પૂછ્યું : "મહારાજ ! કઈ વાત ? આપે તો આ

વાતમાં ઘણું ઘણું કહ્યું તેમાં અમારે મુદ્દાની કઈ વાત સમજવાની ?"

મહારાજે કહ્યું : "બીજી કઈ વળી ! અમારા સ્વરૂપની અને અમારા અક્ષરધામના સ્વરૂપની ! આ બે સ્વરૂપોનું યથાર્થ જ્ઞાન થશે ત્યારે જ બ્રહ્મરૂપ થઈને અમારી સેવામાં રહી શકાશે." એટલું કહી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "આ વાત તમો કીર્તનમાં ઉતારી લ્યો, કારણ કે એ વાત સમજણના અંગની છે." મહારાજની આ આજ્ઞા સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ એક જ કીર્તનમાં[૩૭] મહારાજની વાતનું સમગ્ર રહસ્ય ઉતારી લીધું.

શ્રીહરિ સારંગપુરમાં

દરબારમાં આવી મહારાજે સૌને કહ્યું : "આ ફૂલદોલ ઉત્સવ આપણે સારંગપુર કરવો છે. જીવાખાચરનું અને રાઠોડ ધાધલનું આમંત્રણ છે." એટલું કહીને મહારાજે સૌ સંત, હરિભક્તો, પાર્ષદોને કહ્યું : "સૌ તૈયાર થઈ જજો. દરબારમાંથી પણ બધાને સારંગપુર આવવાનું છે."

મહારાજનો સંદેશો સૌને પહોંચી ગયો. સૌ તૈયાર થઈ ગયા.

જીવાખાચરે તથા રાઠોડ ધાધલે મહારાજની આજ્ઞા હતી એટલે દેશોદેશ કંકોત્રીઓ મોકલાવી દીધી હતી. તેથી હરિભક્તોના સંઘ ત્યાં આવવા લાગ્યા. સૌ મહારાજના પધારવાની રાહ જોઈ રહ્યા હતા ત્યાં સમાચાર મળ્યા કે મહારાજ પધારે છે. ઢોલ, ત્રાંસાં, શરણાઈઓ વગાડતા મહારાજની સામે સૌ ગયા. મહારાજ પધાર્યા. બંદૂકો ફૂટી અને જયનાદો થયા ! વાજતે-ગાજતે મહારાજ જીવાખાચરના દરબારમાં પધાર્યા.

મહારાજ જીવાખાચરના દરબારમાં ઉત્તરમુખે ઢોલિયા ઉપર બિરાજમાન થયા. સંતો સારંગી, તબલા વગેરે વાદ્યો સાથે કીર્તન-ભક્તિ કરવા લાગ્યા. સંતોને મહારાજની મૂર્તિ એ એક જ લક્ષ્ય હતું. પ્રેમાનંદ સ્વામીએ અને બ્રહ્માનંદ સ્વામીએ મહારાજની મૂર્તિને લક્ષ્યમાં રાખીને જ કીર્તનો રચ્યાં હતાં. તે કીર્તનોના શબ્દો બોલાતા હતા અને મહારાજની પ્રતિકૃતિ આકાર લેતી હતી. સભાજનો મહારાજનાં દર્શન કરતા હતા અને કીર્તનોના શબ્દોથી મૂર્ત થયેલ મહારાજના અવર સ્વરૂપનાં પણ દર્શન કરી રહ્યા હતા. સૌ આ આનંદમાં મગ્ન બની ગયા.

એટલામાં બ્રહ્મચારી આવ્યા અને મહારાજને કહ્યું : "મહારાજ ! થાળ

---

૩૭. *એક વાત સુણો વ્રજવાસી રે, પુરુષોત્તમ બોલ્યા પ્રીતે,*
સત્ય કહું છું હૃદય તપાસી રે, પુરુષોત્તમ બોલ્યા પ્રીતે.

તૈયાર થઈ ગયો છે.''

મહારાજ ઊઠ્યા અને સંતોએ કીર્તન-ભક્તિની સમાપ્તિ કરી.

સારંગપુરમાં ફૂલદોલ ઉત્સવ : આ.સં. ૧૮૬૮

બીજે દિવસે હોળીનો ઉત્સવ હતો. સંધ્યાકાળે ગામ બહાર હોળી પ્રગટાવી. મહારાજ સૌ પાર્ષદોને તથા કાઠી ભક્તોને લઈને હોળીનું પૂજન કરવા પધાર્યા. સંતોને મહારાજે ઉતારે રાખ્યા. સંતો અહીં કીર્તન-ભક્તિ કરવા લાગ્યા.

મહારાજ માણકી ઉપર બિરાજ્યા હતા. ઘોડી ઉપર બેસીને જ તેમણે હોળીની પાંચ પ્રદક્ષિણા કરી, દૂધની ધારાથી હોળીનો અભિષેક કર્યો. તેમાં નારિયેળ હોમ્યું. પછી મહારાજ દૂર પલંગ બિછાવ્યો હતો ત્યાં પધાર્યા. મહારાજની આ લીલાનાં દર્શન કરવા આ ઉત્સવ ઉપર આવેલા હરિભક્તો – કોઈ ઘોડા ઉપર તો કોઈ પોતાનાં સ્ત્રી-બાળકોને લઈને ગાડામાં અહીં આવી ગયા હતા. બંધૂકોના અવાજો થતા હતા. ઢોલિયોના ધ્રિબાંગ ધ્રિબાંગ વાગતા ઢોલથી જાણે કાઠી અસવારોને શૂરાતન ચડતું હોય તેવું દેખાતું હતું. મહારાજે તેમનું શૂરાતન જોઈ પૂછ્યું : ''આજે કોઈ લડાઈનો મામલો નથી છતાં કેમ તમારા બધાનાં શરીર ધ્રૂજે છે ?''

જીવાખાચર, વસ્તાખાચર, રાઠોડ ધાધલ વગેરે બોલ્યા : ''મહારાજ ! અમારે પહેલાં એવો રિવાજ હતો કે જ્યારે હોળી પ્રગટે ત્યારે ઢોલી બૂંગિયો વગાડે. તે સાંભળીને અમને શૂરાતન ચડે અને અમે ગામ ભાંગવા નીકળી પડીએ. ઢોલી જો બૂંગિયો બરાબર ન વગાડે, તો તેનું માથું ઊડી જાય. એટલે આજે એણે ય સિંધુડા વગાડવા માંડ્યા છે. શરણાઈ અને નગારા ઉપર પડતી દાંડીઓની ધ્રાંશથી અમારાં શરીર ઊછળી રહ્યાં છે. આ સમે જે ગામ ઉપર અમે ત્રાટકીએ તે સમું ન રહે.''

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''તમારી રમત અમને આજે બતાવો. પણ ગામ ભાંગવાની વાત નહીં. અમારે તો તમે કેમ ગામ ભાંગો છો તે જોવું છે.''

કાઠી ભક્તોને મહારાજની વાતથી ઓર શૂરાતન ચડી ગયું. મહારાજે તેમને કહ્યું : ''આ ગામના ઝાંપા અમારા પાર્ષદો સાચવશે. તેમને હઠાવીને તમે ગામમાં કેમ પેસી જાઓ છો તે અમારે જોવું છે.'' એમ કહીને મહારાજે ગામના પૂર્વ અને દક્ષિણ બે ઝાંપા ઉપર બંધૂકધારી પાર્ષદો મૂકી દીધા. મહારાજે કહ્યું :

"બંધૂકમાં ગોળી ન રાખવી, ફક્ત દારૂ જ. પણ જો જો શૂરાતનમાં કોઈના ઉપર લાકડી કે તલવારનો ઘા કરી બેસતા નહીં."

સારંગપુર ગામના બંને ઝાંપે પાર્ષદોની મજબૂત ચોકી બેસી ગઈ. જીવાખાચર, વસ્તાખાચર તથા અન્ય કાઠી દરબારો પોતાના ઘોડા ઉપર બહાર નીકળી ગયા. મહારાજ પણ માણકી ઉપર બિરાજ્યા. પૂર્વના ઝાંપે કાઠીઓએ હલ્લો કર્યો. અહીં ભગુજી પાર્ષદોની ટુકડી સાથે ઝાંપાની રક્ષામાં હતા. મેલીકારે જઈને એક ક્ષણમાં તો આખું ગામ ધમરોળીને, માલમત્તા ઉપાડીને પાછા આવી જતા કાઠી સરદારો ભગુજીની ચોકી તોડી શક્યા નહીં. મહારાજ આ જોઈ હસવા લાગ્યા.

તેઓ બધા દક્ષિણ તરફના ઝાંપે ગયા. મહારાજ પણ ત્યાં માણકી લઈને પધાર્યા. અહીં પણ મેથાણના જસોજી, વેરાભાઈ, નાજા જોગિયા વગેરે તૈયાર હતા. કાઠી ભક્તોએ બહુ જોર કર્યું, બંધૂકોના અવાજ કર્યા, રીડિયા અને કિકિયારી કરી પણ ઝાંપો તૂટ્યો નહીં. તેમના ઘોડાઓ પાર્ષદોની બંધૂકોના ભડાકાથી ભડકવા લાગ્યા અને પાછા હઠી ગયા. મહારાજ આ જોઈ હસવા લાગ્યા.

કાઠી ભક્તો બધા મહારાજ પાસે આવ્યા. મહારાજને હાથ જોડી કહ્યું : "પ્રભુ ! પાર્ષદો પાસે અમે હારી ગયા."

મહારાજે કહ્યું : "ભગવાનના ભક્ત સાથે હારીને રાજી થવું. પાર્ષદોમાં અમે અમારું બળ મૂક્યું હતું અને તમે તમારા બળથી લડતા હતા."

કાઠી ભક્તોને સમજાયું કે મહારાજનું બળ એ જ જગતમાં જીત મેળવવાનું સર્વોપરી સાધન છે. પછી તે બહારના શત્રુઓ સામે હોય કે અંતર-શત્રુઓ સામે હોય.

સાંરગપુર ગામના સીમાડે બંધૂકોના અવાજ થયા, ધ્રિબાંગ ધ્રિબાંગ ઢોલ વાગ્યાં અને રીડિયા અને પડકારા થયા. આ બધું સાંભળી આસપાસનાં ગામોમાં હરિભક્તોને લાગ્યું કે મહારાજ સૌને હોળીની રમત રમાડતા લાગે છે. એટલે તેઓ બધા પણ રાત્રે જ ખારેક, ટોપરાં ને ખાંડના હારડા લઈને સારંગપુર આવ્યા.

જીવાખાચરે તથા રાઠોડ ધાધલે ગાડાં ભરી કેસૂડા મંગાવ્યા હતા તેને પાણીમાં ઉકાળીને મોટાં રંગેડાં ભર્યાં હતાં. ગુલાલનાં પણ ગાડાં મંગાવ્યાં હતાં. રસોઈની સામગ્રી પણ પુષ્કળ પ્રમાણમાં તૈયાર રાખી હતી. મહારાજ આ બધી તૈયારીઓ જોઈ રાજી થયા.

બીજે દિવસે સવારે જીવાખાચર તથા રાઠોડ ધાધલે મહારાજની ચંદન,

પુષ્પ, અબીર, ગુલાલથી પૂજા કરી. પછી મહારાજને પૂછ્યું : "મહારાજ ! રંગોત્સવ ક્યારે કરવો છે ?"

મહારાજે કહ્યું : "મધ્યાહ્‌ને નરનારાયણ દેવનો જન્મોત્સવ કરીને પછી રંગોત્સવ કરીશું."

સંતો, હરિભક્તો મહારાજ પાસે રાઠોડ ધાધલના ઘેર આવી ગયા. મહારાજે વાતો કરી. સંતોએ કીર્તન-ભક્તિ કરી. પછી મધ્યાહ્‌ન થયું એટલે નરનારાયણ દેવને હિંડોળે પધરાવ્યા. મહારાજે આરતી ઉતારી.

એટલામાં બ્રહ્મચારી આવ્યા. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! થાળ તૈયાર છે. જમવા પધારો."

મહારાજ રાઠોડ ધાધલના ઓરડામાં પધાર્યા. બ્રહ્મચારીએ પાટલો, બાજોઠ, સુવર્ણનો લોટો, પ્યાલો વગેરે તૈયાર રાખ્યાં હતાં. મહારાજ જમવા બિરાજ્યા. રાઠોડ ધાધલના ભાવની સ્વાદિષ્ટ રસોઈ જમ્યા અને ચળું કર્યું. ત્યાં તો સંતો-હરિભક્તો રંગ ભરી પિચકારીઓ હાથમાં લઈને ઓરડામાં આવી મહારાજને ઘેરી વળ્યા.

મહારાજે તેમને કહ્યું : "રમવાની આ રીત નહીં. એક પક્ષે અમે અને સંતો અને બીજે પક્ષે હરિભક્તો." એમ કહી મહારાજે રંગનાં માટલાં, ગુલાલના ટોપલા મંગાવ્યા. રાઠોડ ધાધલે મહારાજના હાથમાં સુવર્ણની પિચકારી આપી અને મહારાજે રંગે રમવાની શરૂઆત કરી. સામસામા રંગની છોળ્યો ઊછળવા માંડી. ગુલાલના ગોટા ઊડ્યા. નીલવર્ણું આકાશ લાલ થઈ ગયું. રંગની ધૂમ મચી ગઈ ! ઢોલીઓ બુંગિયો ઢોલ જોરજોરથી વગાડવા માંડ્યા. સૌને શૂરાતન ચડી ગયું. મહારાજે સૌને રંગભીના કરી દીધા. મહારાજને પણ સૌ સંતો-હરિભક્તોએ રંગરેલ કરી દીધા. આ દિવ્ય પ્રસંગનાં દર્શન કરવા દેવો આકાશમાં આવી ગયા, પુષ્પવૃષ્ટિ કરી અને જયજયકાર થઈ ગયો ! રાઠોડ ધાધલના મનોરથો મહારાજે પૂરા કર્યા.

અહીં સ્ત્રી-પુરુષના ભેદ શું ?

તે સમયે સ્ત્રી હરિભક્તોએ મહારાજને કહ્યું : "મહારાજ ! અમને પણ તમારી સાથે રંગે રમવાનો લહાવો આપો. આપના સંગે અહીં તો અક્ષરધામ છે. અહીં વળી સ્ત્રી-પુરુષોના ભેદ શા ?"

મહારાજ આ સાંભળી રહ્યા. મહારાજે કહ્યું : "અમારા સંગે આ

અક્ષરધામ છે તે સાચું. પરંતુ અમારો સંગ રહે તેટલા પૂરતી જ એ ભાવના સત્ય છે. પછી તે અંતરમાં દેહભાવના યોગે રજ, તમના વેગ આવે છે તે કળ્યા પણ કળાતા નથી. તેથી તેમાંથી અનર્થ ઘણો થાય છે. માટે અમે વિચારીને જ મર્યાદા બાંધી છે. તમે એમ માનશો કે તમે અક્ષરધામનાં મુક્ત છો, તમને સ્ત્રી-પુરુષનો ભેદ નથી, તમને તે પ્રકારનો સંબંધ બાધ કરી શકતો નથી તો તમારી તે ભાવના ભૂલભરેલી છે. એવી સ્થિતિ થાય તોપણ અન્ય જનોની શિક્ષાને અર્થે પણ તમારે સૌએ એ મર્યાદાનું પાલન કરવું જ રહ્યું."

સ્ત્રી ભક્તો આ સાંભળી રહ્યાં. મહારાજની વાણીમાં તેમને આ સનાતન પ્રણાલી સ્થાપવાનો અને તેને અભંગ આચરવાનો આદેશ તેમણે જોયો. આ મર્યાદા સ્ત્રી અને પુરુષ બંનેના હિતમાં છે એવું તેમને સમજાયું.

મહારાજે પછી સૌ સંતો-હરિભક્તોને કહ્યું : "ચાલો, આપણે ફલ્ગુ નદીમાં જ્યાં મોટો કુંડ છે ત્યાં હવે નહાવા જઈએ."

સૌ મહારાજ સાથે નીકળ્યા. મહારાજ રોઝે ઘોડે બિરાજ્યા હતા. વાજતે-ગાજતે મોટા કુંડે સૌ આવ્યા. મહારાજે કુંડમાં સૌ સંતો, ભક્તો સાથે જળક્રીડા કરી. પછી નાહીને બહાર નીકળ્યા એટલે બ્રહ્મચારીએ મહારાજનું શરીર લૂછ્યું અને જરિયાન વસ્ત્રો પહેરાવ્યાં. મહારાજ રોઝા ઉપર બિરાજમાન થયા અને રાઠોડ ધાધલને ત્યાં જવા નીકળ્યા.

મહારાજ ફૂલના શણગાર ધારણ કરે છે

રસ્તામાં ખીજડા પાસે મહારાજે સામેથી બે સંતોને આવતા જોયા. એટલે રોઝો ઊભો રાખ્યો. સંતો પણ મહારાજને જોઈ દંડવત્ કરવા લાગ્યા. મહારાજ રોઝા ઘોડા ઉપરથી નીચે ઊતર્યા અને સંતોને પાસે આવેલા જોઈ બોલ્યા : "અહો ! આ તો ભાદરાવાળા અમારા નિર્ગુણાનંદ ! ડભાણમાં દીક્ષા આપી હતી તે ! અને આ નિષ્કુળાનંદ ! બંનેની જોડી સારી જામી છે." એમ કહીને બોલ્યા : "અમારા માટે શું લાવ્યા છો ?"

એટલે ગુણાતીતાનંદ સ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામીએ કરંડિયો ખોલ્યો અને કહ્યું : "મહારાજ ! ગઢપુરના હરિભક્તોએ રાધાબાગમાંથી ફૂલો તોડી ફૂલના આ શણગાર બનાવ્યા છે તે લાવ્યા છીએ."

એ સાંભળી મહારાજ બોલ્યા : "ગઢપુરના હરિભક્તોએ મોકલ્યા છે ? તો તો લાવો, હમણાં જ ધરાવો. એક ક્ષણનો પણ વિલંબ કરવો નથી." મહારાજ

ભક્તોના પ્રેમના પ્યાસી હતા. વળી, ગુણાતીતાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી જે ભાવથી એ શણગાર લઈ ખાસ મહારાજને ધરાવવા આવ્યા હતા તે ભાવની પણ તેમને પરખ હતી. તેમણે ગુણાતીતાનંદ સ્વામી તરફ દૃષ્ટિ કરી. તેઓ તો મહારાજનાં દર્શનનું અમૃત, દૃષ્ટિ સ્થિર કરીને પી રહ્યા હતા. તેમની એ દૃષ્ટિમાં મહારાજની દૃષ્ટિ મળી ગઈ ! મહારાજે ફૂલનો જામો, અંગરખું, પાઘ વગેરે પહેર્યાં. મહારાજની મૂર્તિની અલૌકિક શોભા સૌ નિહાળી રહ્યા !

પછી મહારાજ સૌ સંતો સાથે દરબારમાં પધાર્યા. મહારાજે સૌને કહ્યું : "સવારે રંગોત્સવ કર્યો. સાંજે રાસ રમવો છે. સૌ તૈયાર થઈ જજો."

મહારાજના દિવ્ય સંબંધનું આ સુખ લેવા કોણ આતુર ન હોય ? મહારાજ બધામાં ઉત્સાહ પ્રેરતા, મનુષ્યમાં રહેલી પ્રચ્છન્ન દિવ્યતાને બહાર લાવતા અને પોતાના દિવ્ય સ્વરૂપનો તે દ્વારા અનુભવ સૌને કરાવતા. સૌ રાહ જોઈ રહ્યા સાંજની. બપોર એ રાહમાં જ પસાર થઈ ગઈ !

સદ્ગુરુ ખેલે વસંત

સાંજ પડી. રાઠોડ ધાધલના વિશાળ પ્રાંગણમાં સૌ એકઠા થઈ ગયા. મહારાજની રાહ જોવાતી હતી. એટલામાં મહારાજ પધાર્યા. સૌએ જય બોલાવી. રાસમંડળ ગોઠવાઈ ગયું. મહારાજની સામે જ ગુણાતીતાનંદ સ્વામી આવી ગયા ! તેમને જોઈ મહારાજ એકાએક બોલ્યા : "ઓહો, આ તો સદ્ગુરુ !"

સૌને આ સાંભળી આશ્ચર્ય થયું ! હજુ તો બે વર્ષ પહેલાં દીક્ષા આપી છે અને આજે મહારાજે તેમને સદ્ગુરુ બનાવી દીધા !

સૌની મૂંઝવણ ટાળવા માટે મહારાજ કબીરનું પદ બોલવા લાગ્યા :

જોગિયા ટાળત જનમ કેરા ફાંસલા રે,
પ્રેમના પ્યાલા જોગિયા, જુગ જુગ જીવો સો જોગિયા.

મહારાજે ગાયું અને સંતોએ આ પદ ઝીલ્યું. રાસ ઊપડ્યો, ધૂમ મચી ત્યારે મહારાજ ગાતા હતા !

કોટિ કૃષ્ણ જોડે હાથ, કોટિ વિષ્ણુ નમે માથ;
કોટિ શંકર ધરે ધ્યાન, કોટિ બ્રહ્મા કરે જ્ઞાન.
સદ્ગુરુ ખેલે વસંત.

મહારાજ આ પદ વારંવાર બોલતા જાય અને પોતાની સાથે રાસ લેતા ગુણાતીતાનંદ સ્વામીની છાતીમાં પોતાની છડી અડાડતા જાય. મહારાજે આ

પદને ખૂબ ચગાવ્યું. સંતોએ પણ રાસની હીચ જમાવી. એકાએક મહારાજ અટક્યા અને રાસ થંભ્યો !

સૌને ફેર ઊતરે તે પહેલાં મહારાજે આનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીની સામું જોઈ તેમને પૂછ્યું : "સ્વામી ! એવા સદ્‌ગુરુ કોણ ?"

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! એવા સદ્‌ગુરુ તો આપ !"

એ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "અમે તો સર્વોપરી પુરુષોત્તમ નારાયણ છીએ અને આ પદમાં જે મહિમા સદ્‌ગુરુનો કહ્યો તે સદ્‌ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે." આ શબ્દો મહારાજના હતા, પુરુષોત્તમ નારાયણના હતા, પરંતુ આ શબ્દોનું રહસ્ય કોઈને ન સમજાયું. સ્વામીની અવસ્થા નાની હતી, વળી જડભરત જેવી દશા હતી, હજુ દીક્ષા દીધાને માંડ વરસ પૂરું થયું હતું ત્યાં મહારાજે તેમને આવા સદ્‌ગુરુપદે મૂકી દીધા !

મહારાજે ફરી કહ્યું : "સંતો ! સાંભળો, આ હોરીનાં પદ કબીરજીએ બનાવ્યાં છે. તે કબીર સાકારવાદી હતા. અક્ષરધામના મુક્ત હતા. તેથી અક્ષરના સ્વરૂપનું અને તેથી પર પુરુષોત્તમના સ્વરૂપનું તેને જ્ઞાન હતું.[૩૮] તે

૩૮. કબીર કાવ્યસંગ્રહમાં કબીરજી રચિત 'નૌતમ પાંજી'નું કાવ્ય છે. આ કાવ્યમાં કબીરજીએ અક્ષરધામનું વર્ણન કર્યું છે, ચાર ધામની ઉપર તે ધામ છે, તે અનિર્દેશ્ય છે અને તેમાં પુરુષોત્તમ નારાયણ પુરાણ પુરુષ દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન છે. આ પુરુષોત્તમ અને અક્ષરનું યુગલ સ્વરૂપ દિવ્ય આનંદમાં મસ્ત છે.

કબીરજી છેલ્લે કહે છે કે "હું તે લોકમાંથી આવ્યો છું માટે મારા આ શબ્દો પ્રમાણભૂત છે એવું હે સંતો ! તમે સૌ સમજો. આ બ્રહ્માંડની અંદર જે જે રહ્યા છે પછી તે પીર હોય કે પેગંબર હોય કે ઓલિયા હોય તેમને કોઈને આ અક્ષરધામની ગમ નથી."

ઈતલોકકે ભીતરે સકલ રહે ઉરજાઈ, પીર, પેગંબર, ઓલિયા આગે ગમ નહીં તાઈ-૭
આગે મારગ ઝીન હૈ કોટ અઠ્યાસી ઘાટ, સુઈ પરમાણે દ્વાર હૈ જ્યાં લગે વજ્ર કબાટ-૮
બિન સદ્‌ગુરુ કોઈ ના લહે અગમ પંથકો ભેદ, બાટ ન સૂઝે નૈન બીન તાતે કરે ઉછેદ-૯
પુરા સદ્‌ગુરુ જબ મીલે તબ પાવે નિજ બાટ, શબ્દ કુંચી લે ખોલહી ઉઘરે વજ્ર કબાટ-૧૦
તબ હંસા આગે ચલે નિરાકાર કે પાર, તહાં ઘર દેખે અક્ષરકા જાકા સકલ પ્રસાર-૧૧
અક્ષરલોકકે ઉપરે અક્ષરાતીત અનુપ, કરત કિતોહલ સકલ મીલ હરખે જુગલ સ્વરૂપ-૧૨
ચાર ધામ કે ઉપરે અમર લોક અસ્થાન, શ્વેત સિંહાસન શોભહી જહાં બેઠે પુરુષ પુરાણ-૧૬
કહાં કહુ શોભા પુરુષકી કહત ન આવત એત, એક રોમ કે પ્રકાશમેં લાજે સૂર (સૂર્ય) અનંત-૧૭
હમ આયે સો લોકસે સુનિયો સંત સુજાન, શબ્દ હમારા માની હો કહત કબીર પ્રમાણ-૨૯

જે સદ્‌ગુરુનો મહિમા કબીરજીએ કહ્યો છે તે આ અક્ષરબ્રહ્મ - સદ્‌ગુરુનો - જ મહિમા કહ્યો હોય તેમ લાગે છે.

સચ્ચિદાનંદ અક્ષરબ્રહ્મ તે અમારું અક્ષરધામ ! ધામરૂપે તે અમને અને અનંત કોટિ મુક્તોને ધારી રહ્યા છે તેમજ સાકાર રૂપે અક્ષરધામમાં અને અહીં અમારી સેવામાં સદા રહ્યા છે. તે ધામરૂપ અક્ષર તે જ આ ગુણાતીતાનંદ સ્વામી ! અનાદિ સદ્‌ગુરુ, મોક્ષનું દ્વાર, અમારા મહિમાને તત્ત્વે સહિત સમજવાનું સ્વરૂપ અને બ્રહ્મરૂપ થવાનું માધ્યમ ! એમને જ્યારે ઓળખશો ત્યારે અમારા સ્વરૂપનું તમને સૌને યથાર્થ જ્ઞાન થશે. એમના સંબંધે બ્રહ્મરૂપ થશો ત્યારે અમારી ભક્તિના અધિકારી થવાશે.''[૩૯]

મહારાજની વાણીનો સ્રોત અવિરત હતો. એકાએક એક સંતે પૂછ્યું : ''મહારાજ ! ગઢપુરમાં તે રાત્રે તમે વાત કરી હતી તે જ આ અક્ષર ?''

મહારાજ હસ્યા : ''હા, તે જ આ અક્ષરબ્રહ્મ, અમારું દિવ્ય ધામ ! બ્રહ્મરૂપ થવા માટે આ અક્ષરબ્રહ્મને ઓળખવા પડશે !''

સૌ સાંભળી રહ્યા. મહારાજ હજુ હસતા જ હતા.

મહારાજ ફગવા આપે છે

રાત્રે મહારાજ રાઠોડ ધાધલના વિશાળ પ્રાંગણમાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પૂનમનો ચંદ્ર પૂર્ણ કળાએ ખીલ્યો હતો. મહારાજનું મુખારવિંદ પણ પૂર્ણ કળાથી શોભતું હતું. તે શોભા પૂનમના ચંદ્રના પ્રકાશથી હતી કે ચંદ્રના પ્રકાશની શોભા મહારાજના પૂર્ણ કળાથી શોભતા મુખારવિંદથી હતી તેનો નિર્ણય કરવા ચંદ્ર થોડી વાર સ્થિર થઈ ગયો ! પરંતુ પછી તેને સમજાયું કે તેનો પ્રકાશ તો ઉત્તરોત્તર ક્ષીણ થાય છે, જ્યારે આ પુરુષોત્તમ નારાયણ તો સર્વાંગ અચ્યુત છે, સ્વયંપ્રકાશ છે. તેમના આપેલા પ્રકાશથી સૌ પ્રકાશિત થાય છે.

મહારાજ સભામાં બેઠેલાં સ્ત્રી ભક્તો તરફ સૂચક દૃષ્ટિથી જોઈ રહ્યા. પછી તેમને કહ્યું : ''આજે તમારી ભક્તિથી હું પ્રસન્ન થયો છું. તમોએ વારંવાર ઉત્સવો યોજ્યા, સંતો-હરિભક્તોને તેડાવ્યા અને સૌને અમારાં દર્શન તથા સત્સંગનો લાભ અપાવ્યો. અપાર ભીડો વેઠીને તમે ભક્તિ કરી રહ્યા છો માટે કંઈક માંગો.''

મહારાજની વાત સાંભળી ત્યાં બેઠેલી સ્ત્રીઓમાંથી કેટલીક સ્ત્રીઓએ માંગ્યું : ''મહારાજ ! અમે આવા ને આવા ઉત્સવો દર વર્ષે કરી શકીએ એટલું અમને ધન આપો, આપની સેવા થાય એવું તનમાં બળ આપો અને મનમાં

૩૯. આ વાત રાઠોડ ધાધલ અને વાઘાખાચરે સત્સંગમાં પ્રવર્તાવી છે.

તમારા સ્વરૂપનું અનુસંધાન રહે એવી ભક્તિ આપો.''

મહારાજે કહ્યું : ''ભલે, તમોએ જે માગ્યું છે તે મળશે.''

પછી ડાંગરવાનાં જતન ફૈબા તથા તેમની સાથેની સ્ત્રીઓએ મહારાજને હાથ જોડી કહ્યું : ''મહારાજ ! તમારી ભક્તિમાં અંતરાય કરે એવી માયા અમને ન નડે એ વર અમને આપો. વળી, આપના સ્વરૂપમાં સદાય દિવ્યભાવ રહે, મનુષ્યભાવ કોઈ દિવસ આવે જ નહિ એ વર આપો.''

મહારાજ તેમની માંગણી સાંભળી પ્રસન્ન થયા. તેઓ બોલવા જતા હતા ત્યાં તો તે સ્ત્રીઓએ ફરી કહ્યું : ''મહારાજ ! હજુ અમારે ઘણું માંગવું છે. થોડા શબ્દોમાં બધું આવી જાય એવી અમારી બુદ્ધિ નથી તેથી જેમ જેમ સૂઝે છે તેમ બોલીએ છીએ.''

મહારાજે હસતાં હસતાં કહ્યું : ''સાચું સૂઝે છે. બુદ્ધિ હોય તેને જ આવું માંગવાનું સૂઝે. હજુ, બોલો તમારી વાત સાંભળી મને પણ તૃપ્તિ થતી નથી.''

તે સ્ત્રીઓએ આગળ કહ્યું : ''મહારાજ ! તમારા જે સત્સંગીઓ છે તેમને વિષે પણ અમને સદા દિવ્યભાવ રહે, દેશકાળની વિષમતામાં અમે તમને કોઈ દિવસ ન ભૂલીએ. જે કામ-ક્રોધાદિ ભાવથી દેશકાળની વિષમતા સર્જાય છે તેવા ભાવો અમારા અંતરમાં કદી ન જાગે.''

મહારાજ તેમની વાણી સાંભળી મંદમંદ હસતા હતા. મનમાં વિચારતા હતા કે સ્ત્રીઓની બુદ્ધિની સૌએ ઉપેક્ષા કરી છે. પરંતુ આગળના મોટા મોટા ભક્તોને પણ આવું માગતા આવડ્યું નથી.

મહારાજ આ પ્રમાણે વિચાર કરી રહ્યા હતા. ત્યાં તો તેમને કાને અવાજ આવ્યો : ''મહારાજ ! આ તો આપે માગવાનું કહ્યું એટલે અમે આટલું માંગ્યું.''

ત્યારે મહારાજે કહ્યું : ''હજુ માગવાનું છે ?''

ત્યારે તેમણે કહ્યું : ''હા, મહારાજ ! માગવાનું છે. પણ જે ક્યારેય નથી જોઈતું તેનાં વરદાન પણ આપની પાસે લેવાં છે !''

આ સાંભળી મહારાજને આશ્ચર્ય થયું ! ત્યાં તો તે સ્ત્રીઓએ કહ્યું : ''મહારાજ ! અમારા સત્સંગમાં વિઘ્ન નાંખે એવા દોષ, દેહાભિમાન, કુસંગ, અધર્મ, સંસારનું સુખ, મોટાઈ વગેરે ન આપશો.''

આ સાંભળી મહારાજ બહુ જ રાજી થયા અને બોલ્યા : ''ઓહો ! તમને તો માંગતાંય આવડ્યું અને ન માગતાંય આવડ્યું.''

''પણ મહારાજ ! અમારે હજુ કહેવું છે.'' તેમણે કહ્યું.

એટલે મહારાજે કહ્યું : "બોલો, બોલો, તમારું તો માગવુંય મીઠું લાગ્યું અને ન માગવાનુંય મીઠું લાગે છે. હજી બોલો."

એટલે તે સ્ત્રીઓએ કહ્યું : "મહારાજ ! સત્સંગમાં ઘણાં વિઘ્નો આવે છે અને જીવનભર સત્સંગ ટકી રહેવો કઠણ છે માટે સત્સંગમાં અંતરાય કરતા એવા નાસ્તિકો, વિમુખો કે અમારા સ્વભાવ અમને કોઈ દિવસ ન નડે."

મહારાજ આ સાંભળી બહુ જ પ્રસન્ન થઈ ગયા. મહારાજે કહ્યું : "તમે જે માગ્યું છે તે તમને મળશે અને સત્સંગમાં વિઘ્ન કરનારાં બધાં તત્ત્વો તમને કોઈ દિવસ નડશે નહીં. તમારી નિષ્ઠાની દૃઢતા અને ભક્તિના બળથી તમારો સત્સંગ જીવનભર ટકી રહેશે. તમોએ માંગેલું બધા માગે અને એવું માગતાં સૌ શીખે." એમ કહીને પાસે બેઠેલા નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! તમો તો દૂર બેઠા હતા એટલે આ બાઈઓએ માગ્યું તે નહીં સાંભળ્યું હોય !"

એટલે સ્વામીએ કહ્યું : "મહારાજ ! બધું સાંભળ્યું છે."

"તો તેમનાં આ વચનો કાવ્યમાં ગૂંથી લેજો. આમાંથી સૌને નિરંતર પ્રેરણા મળશે." મહારાજે કહ્યું.

નિષ્કુળાનંદ સ્વામીએ ખડિયો-કલમ લઈને પોતાની સ્મૃતિ માટે નોંધી લીધું.[૪૦]

હોલિકા ઉત્સવનું રહસ્ય

પછી મહારાજે કહ્યું : "અજે આપણે ઉત્સવ કર્યો તેનું રહસ્ય સમજવું જોઈએ. આજના દિવસે પ્રહ્‌લાદજીની ભગવાને રક્ષા કરી ત્યારથી આ ઉત્સવની શરૂઆત થઈ. આ ફાગણની પૂનમે હોલિકા પ્રહ્‌લાદજીને લઈને અગ્નિમાં પ્રવેશી. પ્રહ્‌લાદજીને એ રીતે મારી નાંખવાનો તેનો ઇરાદો હતો. તે તો અગ્નિથી બળે તેવી હતી નહીં. એવી તેની પાસે સિદ્ધિ હતી, પણ પ્રહ્‌લાદજી તો જરૂર બળી જશે એવી તેની ધારણા હતી. પરંતુ ભગવાને પ્રહ્‌લાદની રક્ષા કરી અને હોલિકા તેની સિદ્ધિ સાથે અગ્નિમાં બળી ગઈ ! હોલિકાના આ નીચ કૃત્ય માટે લોકો તેની નિંદા કરવા લાગ્યા. એ નિંદા પછી ધીરે ધીરે અપશબ્દોમાં પરિણમી અને આજે હોલિકા ઉત્સવને બીભત્સતાનું રૂપ આપી લોકોએ માઝા મૂકી દીધી છે. આ પ્રકારની ભાવનાથી અંતરમાં અધર્મ વધુ વિકસે અને તેના પડઘા બહાર પડે. આપણે તો ભગવાનને પ્રાર્થના કરવી કે "પ્રહ્‌લાદ જેવી

૪૦. જુઓ : ભક્તચિંતામણિ; પ્રકરણ ૬૪.

ભક્તિ આપણને પ્રાપ્ત થાય. તેણે ભગવાન પાસે જે માગ્યું તેવું માગવાની બુદ્ધિ મળે અને હોલિકા જેવાં આસુરી તત્ત્વો જે બહાર હોય અને અંદર હોય તેનો ત્યાગ કરી શકીએ.'' એટલું કહીને શ્રીહરિ ઉતારે પધારવા ઊઠ્યા.

ભાઈચંદ શેઠની રસોઈ

જીવાખાચરના દરબારમાં મહારાજ પધાર્યા અને ઉત્તરદ્વારના ઓરડામાં પલંગ ઉપર બિરાજ્યા. સુરતથી ભાઈચંદ શેઠ ખાસ મહારાજની પૂજા કરવા માટે આવ્યા હતા. કેસર-અત્તર મિશ્રિત ચંદન મહારાજના આખા શરીરે તેમણે ચર્ચ્યું. ભારે ભારે વસ્ત્રો, આભૂષણો ધરાવ્યાં, મોતીના હાર મહારાજને પહેરાવ્યા અને હીરા અને માણેક જડેલ વીંટીઓ મહારાજની દસે આંગળીઓમાં પહેરાવી. આ પ્રકારે સુરતના પ્રેમી ભક્તનો પ્રેમ પ્રસંગે પ્રસંગે દેખાતો. કોઈ પણ ઉત્સવનો પ્રસંગ સુરતના ભક્તો ચૂકતા નહીં. મહારાજનો પણ તેમના ઉપર અપૂર્વ પ્રેમ હતો.

બીજે દિવસે ભાઈચંદ શેઠે રસોઈ આપી. પોતે ખાસ સુરતથી સારાંમાં સારાં શાક લાવ્યા હતા. કંદોઈ બોલાવી જલેબી તથા મોતીચૂરના લાડુ બનાવરાવ્યા. મહારાજ તેમનો ભાવ જોઈ જમ્યા. સંતો તથા હરિભક્તોને પણ મહારાજે પીરસ્યું. ભાઈચંદ શેઠને ખૂબ રાજી કરી દીધા.

રાત્રે મહારાજ સમક્ષ પ્રેમાનંદ સ્વામીએ કીર્તન-ભક્તિ કરી. મહારાજને સંગીત પ્રિય હતું. મહારાજ લલિતકળાના પોષક હતા, તેથી સંતોને તેમની રુચિ અનુસાર પ્રવૃત્તિમાં જોડતા. કોઈને શાસ્ત્રોના અભ્યાસમાં તો કોઈને ઉપદેશમાં, કોઈને સેવામાં તો કોઈને સંગીતમાં અને કોઈને સાહિત્ય સર્જનમાં. પ્રેમાનંદ સ્વામીના સંગીતના સૂર મહારાજના અંતરતલ સુધી પહોંચી જતા. તેથી કેટલીક વખત તો મહારાજ મધ્યરાત્રીએ ઊઠીને પ્રેમાનંદ સ્વામીનું સંગીત સાંભળવા ઘેલાને કાંઠે તેમની ઝૂંપડીએ જતા. પાછળ ઊભા રહી ચૂપચાપ બે-ત્રણ કલાક એ સંગીતનો રસ મહારાજ માણતા. સ્વામીના સંગીતમાં, તેમનાં કીર્તનોના શબ્દોમાં મહારાજની મૂર્તિ જ કંડારાઈ જતી. મહારાજને તેથી એ સંગીત પ્રિય હતું. કારણ તેમાં ભગવાનનો સંબંધ હતો.

મને અધમણ સોનું આપો

મહારાજ પોઢવા પધાર્યા. મહાનુભાવાનંદ સ્વામી મહારાજની પાછળ

પાછળ ગયા. મહારાજ પલંગમાં પોઢ્યા અને સ્વામી મહારાજનાં ચરણ ચાંપવા લાગ્યા. એટલામાં મહારાજે એકાએક પોતાનાં બંને ચરણ ખેંચી લીધાં. આ જોઈ સ્વામીને આશ્ચર્ય થયું ! તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! અમારા તપમાં કાંઈ ખામી છે કે આપ આપનાં ચરણની સેવાથી અમને વંચિત રાખો છો ? અમે આપને માટે સંસાર છોડ્યો; આપને રાજી કરવા અપમાન, તિરસ્કાર, માર સહન કર્યાં. આપે જેટલાં પ્રકરણો ફેરવ્યાં તેમાંથી અમે પસાર થયા. હવે વિશેષ કરવાનું શું બાકી છે તે આપ અમને આ લાભ લેવા દેતા નથી ?"

મહાનુભાવાનંદ સ્વામીના ત્યાગની વાત સાંભળી મહારાજ હસ્યા. તેમણે હસતાં હસતાં જ કહ્યું : "સ્વામી ! એક શ્રીમંતને ઘેર એક ભિખારી ભીખ માગવા ગયો ત્યારે તે શ્રીમંતે કહ્યું : 'ભાઈ ! અણહકનો રોટલો તને પચશે નહીં માટે મારા ફળિયામાં વાસીદું વાળી દે તો તને મહેનતાણું આપીશ.' ભિખારીએ શેઠની વાત સ્વીકારી. તેમનો ચોક સાફ કરી દીધો. પછી શેઠે તેને કહ્યું : 'હવે બોલ, તને મજૂરીમાં શું આપું ?' આ સાંભળી તે ભિખારીએ કહ્યું : 'મને અધમણ સોનું આપો.' શેઠ આ સાંભળી વિચારમાં પડી ગયા. તેમણે કહ્યું : 'તેં બે પૈસાનું કામ કર્યું છે અને અધમણ સોનું શેનું માગે છે ?"

એટલું કહીને મહારાજ બોલ્યા : "આ દૃષ્ટાંત સમજશો તો તમને ખ્યાલ આવશે કે તમે ઘરબાર છોડ્યાં, તપ કર્યું, શરીર સૂકવી નાખ્યાં – આ બધાની અમારી પ્રસન્નતા માટે ફક્ત બે પૈસાની જ કિંમત છે. તેના બદલામાં તમને પરાત્પર પુરુષોત્તમ નારાયણની સેવા મળે ? આગળ મોટા મોટા રાજાઓ રાજ્ય છોડીને તપશ્ચર્યા કરવા નીકળી પડ્યા હતા. તેમણે જે ત્યાગ્યું તેની આગળ તમારો ત્યાગ શા હિસાબમાં ? તેમણે પણ ખૂબ તપ કર્યું હતું છતાં તેમના તપમાં પણ ભંગ પડી ગયો. તો તમારા તપનો શો ભરોસો ?"

એટલે મહાનુભાવાનંદ સ્વામી બોલ્યા : "મહારાજ ! અમે એવા તપસ્વી નથી. અમને તો ઇંદ્ર તથા બ્રહ્મા ચળાવવા આવે તોપણ અમારા તપમાંથી ચળાયમાન થઈએ એવા નથી." મહારાજ તેમની દૃઢતા જોઈ રાજી થઈ ગયા અને પોતાનાં બે ચરણ પાછાં પ્રસાર્યાં.

તમારી ગાળો અમને મીઠી લાગી

મહારાજ સારંગપુરથી નીકળી ગઢડા પધાર્યા.

લીમડા નીચે ઢોલિયો ઢળાવીને તે ઉપર પોતે પોતાના બંને ઢીંચણ બાંધીને

કાઠીઓની અદાથી બિરાજમાન થયા. પોતાની સન્મુખ દેશ-દેશના હરિભક્તો બેઠા હતા. તે વખતે વિજાપુરથી વજીબા પણ આવ્યાં હતાં. તે મહારાજની સામે ઊભાં રહ્યાં અને મહારાજના ચરણારવિંદનું નિરીક્ષણ કરવા લાગ્યાં.

તે જોઈ મહારાજે હસતાં હસતાં કહ્યું : "વજીબા, શું જુઓ છો ? તમારે પીપળે અડ્યાં હતાં તે જ આ ચરણ છે !"

વજીબા આ સાંભળી એકદમ ભોંઠાં પડી ગયાં. તેનાથી એકાએક બોલાઈ ગયું : "મહારાજ ! આપ હતા ?"

મહારાજ હસ્યા. પછી બોલ્યા : "અમારા સિવાય બીજો કોણ તમારી ગાળો ખાય ? જોગટા, લંગોટા એ બધું સાંભળવામાં અમને આનંદ આવ્યો."

"હાય હાય, હું ભૂંડી, તમને મહારાજ ! ઓળખી ન શકી ! આટલી બધી ગાળો આપી. લાકડી લઈને મારવા પણ ઊઠી ! મને ખબર પડી હોત તો મારાં ભાગ્ય ઊઘડી જાત. સેવા કરીને ન્યાલ થઈ જાત !"

મહારાજ આ સાંભળી રાજી થયા. તેમણે કહ્યું : "વજીબા ! ન્યાલ તો તમે થઈ ગયાં છો. અમે તમારી દૃઢતા મુકાવવા આવ્યા હતા પણ અમારા સ્વરૂપની તમારી નિષ્ઠા અચળ રહી. તમારી ગાળો અમને મીઠી મધ જેવી લાગી !"

વજીબાની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં.

સાધુને શણગાર પહેરાવવા તે યોગ્ય ન કહેવાય

મહારાજ ગઢડામાં બિરાજતા હતા. એવામાં અહીં અદ્‌ભુતાનંદ સ્વામી આવ્યા. તેમણે મહારાજને કહ્યું : 'મહારાજ ! આ વર્ષે અધિક વૈશાખ માસ છે. આ અધિક વૈશાખમાં નર્મદાને તીરે તવરામાં મેળો ભરાય છે. ત્યાંના હરિભક્તોનો ભાવ છે તો આપ જો પધારો તો તેમને સેવાનો, પૂજાનો, દર્શનનો લાભ મળે. વેમારડીના હરિભક્તોનો પણ ખૂબ આગ્રહ છે."

તે સાંભળી મહારાજે કહ્યું : "આ અમારા ગુરુ મુક્તાનંદ સ્વામીને તમે લઈ જાઓ. અમારી સેવા કરવાના જે જે મનોરથ તમે સેવ્યા છે તે મનોરથ તમો મુક્તાનંદ સ્વામીની સેવા કરશો એટલે પૂરા થશે."

પછી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! તમે આ અદ્‌ભુતાનંદ સ્વામી સાથે પહેલા વેમારડી જાઓ. ત્યાંના હરિભક્તો બહુ ભાવિક છે. તમને હિંડોળે ઝુલાવશે, વસ્ત્ર-અલંકારો પહેરાવશે તો નિ:સંકોચ તમે તે સેવા ગ્રહણ કરજો."

મુક્તાનંદ સ્વામી આ સાંભળી મૂંઝાયા. તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! સાધુને એવા શણગાર ગ્રહણ કરવા તે યોગ્ય ન ગણાય."

એ સાંભળી મહારાજે કહ્યું : "તમે સાધુ છો તે તો આ દેહનો આશ્રમ છે. મૂળ તો તમારું સ્વરૂપ આત્મા છે અને તમે અક્ષરધામના મુક્ત છો. દેહ-દૃષ્ટિવાળા તમને સાધુ દેખે છે, જ્ઞાનદૃષ્ટિવાળા તમને મુક્ત દેખે છે. માટે તેમના મનોરથ પૂરા કરજો."

મુક્તાનંદ સ્વામી આ સાંભળી રહ્યા. મહારાજની આજ્ઞા અને મરજી જોઈ તેઓ તેમનું મંડળ લઈને અદ્‌ભુતાનંદ સ્વામી સાથે ગયા. વેમારડીના હરિભક્ત પટેલ ભક્તિભાઈને સત્સંગનો રંગ સારો લાગ્યો હતો. વળી, આજુબાજુનાં ગામોમાં પણ સત્સંગ સારો થયો હતો. તે બધા મુક્તાનંદ સ્વામી આવ્યા એટલે રાજી થયા. અદ્‌ભુતાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજે સ્વામીને મોકલ્યા છે અને કહ્યું છે કે અમારી માફક જ મુક્તાનંદ સ્વામીની સેવા-પૂજા કરજો."

આ સાંભળી તે બધા હરિભક્તો રાજી થયા.

બીજે દિવસે વેમારડીમાં મોટા વડ નીચે હિંડોળો બાંધ્યો. મુક્તાનંદ સ્વામીને ભારે ભારે વસ્ત્રો અને ઘરેણાં પહેરાવ્યાં. પછી તેમને હિંડોળે બેસાર્યા. સૌ હરિભક્તોએ તેમને ઝુલાવ્યા, એક દિવસ નહીં પરંતુ અઢાર દિવસ સુધી સ્વામીને આ પ્રમાણે ભારે ભારે વસ્ત્રો-અલંકારો પહેરાવી ઝુલાવ્યા.[૪૧] મહારાજની આજ્ઞા પાળી સ્વામીની જે પ્રકારે સેવા કરી તેનાથી સૌ હરિભક્તોનાં અંતર ખૂબ જ પ્રસન્ન થયાં. સાથે સાથે મહારાજની આજ્ઞાનું રહસ્ય પણ સમજાયું. મહારાજની સાથે પધારેલા, મહારાજની રુચિ જાણી તેમની આજ્ઞામાં અભંગ વર્તનારા આ સંતો તો અક્ષરધામના મુક્તો જ છે. તેમનામાં દેહભાવ જોવો તે દૃષ્ટિ અજ્ઞાનમૂલક છે. અક્ષરધામના મુક્ત સિવાય શ્રીજીમહારાજના નિયમો પાળી શકાય નહીં. અખંડ બ્રહ્મચર્યનું કઠિન વ્રત પાળવું, નિર્માનીપણે વર્તવું, સહિષ્ણુતા રાખવી અને સાથે સાથે મહારાજની આજ્ઞાનું પાલન કરી ભાગવતધર્મના પ્રસ્થાપનના કાર્યમાં ગમે તેટલો વિરોધ છતાં પ્રયત્નશીલ રહેવું, તેમણે જુદે જુદે પ્રસંગે પ્રવર્તાવેલ અનેક પ્રકરણોમાંથી પસાર થવું – આ બધું અતિ કઠિન છે, કારણ કે તેમાં આત્માના ભાવને જાગ્રત કરી સતત તે ભાવથી જ વર્તવાનું હોય છે. આ લોકના વૈરાગ્યવાન, તપસ્વી કે અન્ય શુભ

૪૧. શ્રીહરિની અદ્‌ભુત વાર્તાઓ; પાન-૨૯૨. લેખક : અદ્‌ભુતાનંદ સ્વામી, સંશોધક : શાસ્ત્રી હરિજીવનદાસ, વરતાલ.

ભાવનાવાળા પુરુષોથી આવા કઠિન નિયમો, વ્રતો કદાચ પાળી શકાય, પરંતુ આત્માનું સતત અનુસંધાન રાખી તે રૂપે વર્તી શકાય નહિ. તેથી જ આગળના ઘણા મોટા મોટા ઋષિમુનિઓના તપમાં વિઘ્નો આવ્યાં. મહારાજ કહેતા કે "અમે આ નિયમ તથા જ્ઞાન અક્ષરધામમાંથી લાવ્યા છીએ."

કઠણ વ્રત, તપમાંથી તપસ્વીઓ કદાચ પસાર થઈ જાય પરંતુ દુઃખરૂપ જે દેહ તેથી વિરક્ત બની સતત આત્માનું અનુસંધાન રાખી આત્મસત્તારૂપે વર્તવું તે કઠણ છે.

ગઢપુરમાં હરિજયંતી અને મહારાજનો આદેશ : આ.સં. ૧૮૬૮

ગઢપુરમાં મહારાજની હાજરીથી ભક્તોને આનંદ થઈ ગયો. પરંતુ મહારાજના મુખારવિંદ ઉપર ઉદાસીનતા હતી. મહારાજની આ ઉદાસીનતા જોઈ કોઈ કશું બોલી શકતા નહીં. મહારાજે લાધા ઠક્કરને કહ્યું "હરિજયંતીનો ઉત્સવ નજીક આવે છે તો સૌ સંતો-હરિભક્તોને તેડાવો."

એટલે લાધા ઠક્કરે પૂછ્યું : "ઉત્સવ કેવી રીતે ઉજવવો છે તે કહો એટલે તે પ્રમાણે તૈયારી કરીએ."

મહારાજે કહ્યું : "ઉત્સવ બિલકુલ સાદાઈથી ઊજવવાનો છે. કાંઈ અધિક ખર્ચ કરવાનો નથી. પરંતુ અમારે સંત-હરિભક્તોને આદેશ આપવો છે તેથી તેમને આ ઉત્સવ ઉપર બોલાવવાની ઈચ્છા છે."

લાધા ઠક્કર સમજી ગયા. મહારાજના અંતરમાં કાંઈ વિચારો ઘોળાયા કરે છે. લોયામાં અને સારંગપુરમાં મહારાજે કહેલી વાત તેમણે સાંભળી હતી તેથી તેમને લાગ્યું કે નક્કી આવતું વરસ કપરું જશે.

હરિજયંતીનો ઉત્સવ આવ્યો. દેશદેશના હરિભક્તો આવ્યા. સંતો પણ આવ્યા. મહારાજે દરબારમાં આગળથી જ કહેવરાવ્યું હતું કે કોઈ પણ પ્રકારના મેવા-મીઠાઈઓની રસોઈઓ બનાવવાની નથી. સાદી જ રસોઈ કરશો. પ્રકરણ ફેરવ્યું છે. મહારાજના મુખારવિંદની ગંભીરતાથી મહારાજનાં વચનોની ગંભીરતા પણ સૌ સમજી ગયા. આ વખતે મહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા કોઈની હિંમત ચાલી નહીં.

હરિજયંતીના ઉત્સવ ઉપર સંતો આવ્યા. મહારાજે તેમને કહ્યું : "ગામોગામ ફરજો, લોકોને કહેજો કે આવતા વરસે કપરો કાળ આવશે. અનાજ સંઘરજો. ઘરમાં દાગીના હોય તે વેચીને, રોકડ હોય તે આપીને અનાજ લઈ

લેજો. ઉપદેશની વાત ઝાઝી કરશો નહીં. કારણ તે વાતના વેગમાં ચડી જવાય તો મુદ્દાની વાત રહી જાય."

હરિભક્તોએ આ વાત સાંભળી. છતાં મહારાજે તેમને કહ્યું : "તમો બધા ઘેર જઈને પહેલું આ કામ કરજો. પશુધન વેચી નાખજો અને અનાજ લઈ લેજો."

પ્રસંગની ગંભીરતા સૌ સમજી ગયા !

અનાજ સંઘરી રાખજો !

મહારાજ પાસે વસોના જેસંગભાઈ આવ્યા. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! આપે કાલે અનાજ લેવાની વાત કરી પણ અમારા જેવા ઉજળિયાતોની સ્થિતિ તો અમે જ જાણીએ. લોકમાં સારું દેખાય એટલે લૂગડાં આવાં પહેરીએ પણ ઘરમાં કાંઈ નાણું મળે નહીં. એટલે અમારે શું કરવું ?"

મહારાજ તેની વાત સાંભળી વિચાર કરવા લાગ્યા. તેમણે કહ્યું : "જેસંગભાઈ, તમારા ઘરમાં અત્યારે કેટલું અનાજ છે ?"

તેમણે કહ્યું : "મહારાજ ! અગિયાર મણ બાજરી કોઠીમાં પડી છે."

મહારાજે તરત જ કહ્યું : "ભલે, તો કોઠીનું મોઢું ઉપરથી છાંદી દેજો અને સાણેથી બાજરી કાઢજો. કાળનું વરસ નીકળી જશે."

સમૈયા પછી મહારાજે સૌને વિદાય આપી દીધી. પછી લલિતા તથા જયાને કહ્યું : "સાંભળો, અમારું દીક્ષાસ્થાન પીપલાણા અમને પ્રિય છે. વળી જેતપુરમાં અમને ધર્મધુરા સોંપી, પટ્ટાભિષેક કર્યો તે ભૂમિ પણ અમને ખૂબ પ્રિય છે. સોરઠ ને સોરઠના ભક્તો પણ મને અધિક પ્રિય છે. એટલે અમને એવો વિચાર થાય છે કે સોરઠમાં જઈએ. ત્યાંના અમારા પ્રિય હરિભક્તોને પણ અમારે કહેવું પડશે કે કાળ પડશે, લોકોને અનાજના સાંસા પડશે, ભૂખે ટળવળશે અને ભૂખના દુ:ખે લોકો મરશે પણ ખરા. તવરા જવાની અમારી ઈચ્છા નથી. મુક્તાનંદ સ્વામીને કહ્યું છે એટલે તેઓ ત્યાં જશે."

✧

મેથાણના હરિભક્તો કાકાભાઈ તથા પૂજાભાઈએ મહારાજની ખાસ આજ્ઞાથી નક્કી કરી લીધું કે ઘેર જઈને મહારાજની આજ્ઞા પ્રમાણે જેટલું લેવાય તેટલું અન્ન લઈ લેવું. તેમના ઉતારે તે વખતે લીંબડીના મૂળજી શેઠ આવ્યા. તેમણે તેમને કહ્યું : "મહારાજે તો સાધારણ રીતે વાત કરી છે. માટે બધું વેચીને અનાજ લેવાની જરૂર નથી."

મૂળજી શેઠની વાત સાંભળી આ બંનેને લાગ્યું : "શેઠ સમજુ છે. વળી, મહારાજની સાથે ઘણું રહ્યા છે એટલે મહારાજનો અભિપ્રાય જાણતા હશે. માટે તે કહે છે તેમ જ કરવું."

રાત્રે કાકાભાઈ સૂતા અને તેમને સ્વપ્નું આવ્યું. સ્વપ્નમાં તેમણે જોયું કે અનાજ વગર લોકો ટળવળે છે, બાળકો કિકિયારીઓ કરે છે, ભૂખના માર્યા લોકો તળાવની પોપડી ને ઝાડની છાલ ખાય છે. કાકાભાઈ આ ભયંકર દૃશ્ય જોઈ જાગી ગયા ! તેમને મહારાજની વાણીની ગંભીરતા સમજાણી. તેમણે નક્કી કરી લીધું. ભલે મૂળજી શેઠ ગમે તે કહે આપણે અનાજનો સંગ્રહ કરી રાખવો.

સવારે તેમણે મૂળજી શેઠને તેમના સ્વપ્નની વાત કરી. તે સાંભળી મૂળજી શેઠે કહ્યું : "ભલા આદમી ! એ તો સ્વપ્નાની વાત કહેવાય. સ્વપ્નમાં કોઈ રાંડે ને જાગે ત્યારે શું રાંડેલો જ રહે છે ?"

કાકાભાઈ તથા પૂજાભાઈના વિચાર પાછા બદલાયા.

મુક્તાનંદ સ્વામીની ભારે વસ્ત્રાભૂષણોથી કરેલી પૂજા

સમૈયા પછી મહારાજે સોરઠ જવાની તૈયારી કરી અને કાનમ પ્રદેશમાં હરિભક્તો ઉપર પત્ર લખાવ્યો. તેમાં આજ્ઞા કરી : "અમે તો તવરા આવી શકીશું નહિ. પરંતુ મુક્તાનંદ સ્વામી ત્યાં વેમારડીમાં છે તેમને તવરા લઈ જજો. જેમ અમારી પૂજા વસ્ત્રાભૂષણોથી કરો છો તે પ્રમાણે મુક્તાનંદ સ્વામીની પણ પૂજા કરજો. ભારે ભારે વસ્ત્રાભૂષણો તેમને ધરાવજો. વેમારડીમાં પણ હરિભક્તોએ તે પ્રમાણે સ્વામીની પૂજા કરી છે."

મહારાજનો પત્ર હરિભક્તોને પહોંચ્યો એટલે તેમણે મહારાજની આજ્ઞા પ્રમાણે મુક્તાનંદ સ્વામીની પૂજા કરવા નક્કી કર્યું.[૪૨]

મુક્તાનંદ સ્વામીને તેમના આ સંકલ્પથી ક્ષોભ તો થયો પરંતુ મહારાજની આજ્ઞા હતી અને વળી, વેમારડીમાં પણ એ રીતે ત્યાંના ભક્તોએ તેમને વસ્ત્રાભૂષણો પહેરાવ્યાં હતાં અને હિંડોળે ઝુલાવ્યા હતા. વળી, હરિભક્તોએ પણ તેમને પ્રાર્થના કરતાં કહ્યું : "સ્વામી ! મહારાજની આજ્ઞા છે. તમારામાં દિવ્યભાવ લાવી તમારું પૂજન કરીશું તો અમારો દેહભાવ દૂર થશે."

મુક્તાનંદ સ્વામી કાંઈ બોલી શક્યા નહિ. હરિભક્તોએ પોતાના મનના કોડ પ્રમાણે જે રીતે તેઓ મહારાજની પૂજા કરતા તે જ પ્રકારે તેમણે સૌએ

૪૨. શ્રીહરિલીલામૃત; કળશ ૭, વિશ્રામ ૩૩.

મુક્તમુનિની પણ પૂજા કરી. ભારે ભારે વસ્ત્રો-આભૂષણો તેમને પહેરાવ્યાં. કેટલાક અધૂરિયાઓને આ ગમ્યું નહિ. 'ત્યાગીની આ શોભા નહીં, સાધુને મૂલ્યવાન વસ્ત્રો તથા ઘરેણાં ન પહેરાવાય' – તેવું તેઓ બોલવા લાગ્યા પરંતુ મહારાજની આજ્ઞાનું રહસ્ય તેઓ સમજ્યા નહીં.

સોરઠમાં વિચરણ

શ્રીજીમહારાજ ગઢપુરથી સોરઠમાં જવા માટે નીકળી ગયા. મહારાજ ગઢપુરથી નીકળી વાંકિયા થઈને કોટડા પધાર્યા. અહીં કોટડાના રાજાના દરબારમાં રાત રહ્યા. અહીં મહારાજે હરિભક્તોને કહ્યું : "અમે જ્યાં જ્યાં જઈએ છીએ ત્યાં ત્યાં હરિભક્તોને આદેશ આપીએ છીએ. અનાજનો સંગ્રહ કરજો. આવતું વરસ કપરું આવશે. બીજા કોઈ ઉપદેશની વાત કરવા અમે આવ્યા નથી."

બીજે દિવસે નડોલ પધાર્યા. અહીં ગંગારામ તથા લક્ષ્મણ બંનેએ મહારાજને પોતાના ભુવનમાં ઉતાર્યા. મહારાજ માટે થાળ બનાવ્યો. મહારાજે અહીં પણ વાત કરી : "આવતા વરસે દુકાળ જેવું થશે. માટે દાણો-પાણી સંઘરજો, ઘરમાં ચીજ-વસ્તુઓ હોય તો વેચીને અનાજનો સંગ્રહ કરજો."

નડોલથી મહારાજ બંધિયા પધાર્યા. અહીં જૂઠા શેઠને ઘેર રાત રહ્યા. મહારાજે જૂઠા શેઠને કહ્યું : "તમે વાણિયા છો, ડાહી જાત કહેવાય. માટે તમને કહીએ છીએ કે ઘરમાં અનાજનો સંગ્રહ કરજો. અમારા વચનમાં શંકા લાવશો નહિ. મૂળજી શેઠે મેથાણના દરબારોને કહી દીધું કે 'મહારાજ તો કહે પણ આપણે જેમ કરતા હોઈએ તેમ કરીએ.' તે દરબારોએ તેમનું વચન માની લીધું અને હવે હેરાન થશે ત્યારે અમારી આજ્ઞાની અવજ્ઞા કરવાનું ફળ મળશે."

મહારાજને હરિભક્તો રોકાવા માટે ખૂબ આગ્રહ કરતા. પરંતુ મહારાજ એક દિવસથી વધુ રોકાતા નહિ. સૌને કહેતા : "અમારી આ આજ્ઞા પાળજો તો અમને ઘણા દિવસ રોક્યાનું પુણ્ય થશે."

હરિભક્તો પ્રત્યે મહારાજને અપાર કરુણા હતી. તેથી જ તેઓ એકલા નીકળી પડતા હતા. દુકાળના વર્ષમાં હરિભક્તોને તકલીફ ન પડે એ જ તેમને ચિંતા હતી.

બંધિયાથી મહારાજ ગોંડળ પધાર્યા. અહીં હરિભક્તોને આજ્ઞા કરી હતી કે "ગોંડળ નરેશને અમે આવ્યા છીએ તે સમાચાર આપશો નહિ. અમને

રોકવાની તાણ કરશે અને અમારે નીકળી જવાની ઉતાવળ છે.''

અહીં પણ ભક્તોને મહારાજે દુષ્કાળના કારમા વર્ષની વાત કરી : ''કાળ કોપ્યો છે, રુદ્ર તેના કોપની માઝા મૂકશે. માણસ માણસને ખાય તેવી વિપરીત દશા આવશે. સ્ત્રી પતિનો ત્યાગ કરી દેશે, પોતાના ધર્મનો પણ ત્યાગ કરશે. આટલામાં સમજી જજો. જેને સત્સંગનો મહિમા સમજાયો છે તેને અમારા સ્વરૂપ સિવાય બીજે વૃત્તિ રહેવી જોઈએ નહીં. અંતર્વૃત્તિ કરીને રહેશો તો ઉદરપોષણ સિવાય બીજા પદાર્થોની ઇચ્છા મનમાં રહેશે નહિ. ઉદરપોષણ મળી રહેશે. કાળની વિષમતા નડશે નહિ.''

મહારાજની સાથે બંધિયાથી હરિભક્તો આવ્યા હતા. બંધિયા રામાનંદ સ્વામીનું સ્થાન હતું. મુક્તાનંદ સ્વામીનું દીક્ષાસ્થાન હતું. મહારાજે રામાનંદ સ્વામીના મહિમાની વાતો કરી. તેમના ગુરુ આત્માનંદ સ્વામીના ચમત્કારોની પણ મહારાજે ઘણી વાતો કરી.

ગોંડળથી નીકળી મહારાજ ઉપલેટા પધાર્યા. અહીં નથુ બારિયાને ઘેર મહારાજ ઊતર્યા. ફળિયામાં ઢોલિયા ઉપર મહારાજ બિરાજ્યા. ઘણા હરિભક્તો મહારાજ પધાર્યા છે તે વાત જાણીને દર્શને આવવા લાગ્યા. વેરાભાઈ પણ આવ્યા. મહારાજને પગે લાગીને સામે બેઠા એટલે મહારાજે કહ્યું : ''વેરાભાઈ ! આવતે વરસે મોટો કાળ પડવાનો છે. માટે ઘોડા, બળદ કે બીજાં ઢોર હોય તે વેચીને દાણા લઈ લેજો, નહિ તો ઢોર પણ ભૂખે મરી જશે અને તમને પણ ભારે દુઃખ આવશે.''

એટલે વેરાભાઈએ કહ્યું : ''મહારાજ ! અમારે ગોંડળના રાજાનું પસાયતું છે એટલે દરબાર આંહીં જ્યારે પધારે અને આજુબાજુનાં ગામોમાં ફરે ત્યારે અમારે તેમની સાથે ફરવું જોઈએ. એટલે ઘોડા વેચી નાખવા એ તો અમને પાલવે નહીં.''

છતાં મહારાજે કહ્યું : ''વેરાભાઈ ! એ બધુંય પડ્યું રહેશે અને મોટું દુઃખ આવશે. માટે તમામ ઘોડા કે ઢોર જે કાંઈ હોય તે વેચીને તેની રકમમાંથી દાણા લઈ લેજો.''

એટલામાં થાળ તૈયાર થયો એટલે મહારાજ જમવા પધાર્યા. જમીને મહારાજ નીકળવા તૈયાર થયા. ફરી બધા હરિભક્તોને કહ્યું : ''અમે આવતા વરસના કાળનો સંદેશો આપવા નીકળ્યા છીએ. એ રીતે અમારા ભક્તોની તથા તેમના સંબંધે અન્ય જનોની રક્ષા થાય એ જ હેતુ છે. માટે સૌ આજ્ઞા પાળજો.''

એટલું કહીને મહારાજ ત્યાંથી ચાલી નીકળ્યા.

ઉપલેટાથી નીકળી મહારાજ વડગામ પધાર્યા. ત્યાંથી અલૈયા, મોડા, ભાદરા પધાર્યા. પોતાના અનાદિ ભક્ત અક્ષરધામનું આ જન્મસ્થાન હતું. એટલે મહારાજને તે વિશેષ પ્રિય હતું. એટલે મહારાજ અહીં રહ્યા. ઘેર ઘેર જમ્યા પરંતુ વાતમાં તો કાળના વર્ષનો સંદેશો આપી દીધો.

ભાદરાથી પીપળિયે પધાર્યા. ગણેશ ભક્તને ઘેર ઊતર્યા. તેમનાં બહેન માનબાઈ સાંખ્યવ્રત પાળતાં હતાં. ખૂબ જ ભગવદી હતાં. સત્સંગના યોગથી મહારાજની મૂર્તિ અખંડ દેખતાં. આવા ભક્તોને જોઈ મહારાજ રાજી થતા.

મહારાજે આ વિચરણમાં એક પણ ગામ છોડ્યું નહીં. આખા, પીપલાણા, અગત્રાઈ, માણાવદર, મેઘપુર આ બધાં ગામોમાં ફર્યા. બધે સંદેશો આપી દીધો. છેલ્લે પંચાળા પધાર્યા. અહીં તો દરબાર ઝીણાભાઈ મહારાજને જલદી નીકળવા દે તેમ ન હતા. અણતેડ્યા મહારાજ પધાર્યા હતા. તેથી તેમને, તેમનાં માતુશ્રી ગંગામાને તથા બહેન અદીબાને ખૂબ આનંદ થયો.

ઝીણાભાઈએ મહારાજને પૂછ્યું : "દયાળુ ! કોઈ પણ પ્રકારનો સંદેશો નહિ, કોઈ સંગાથ સાથે નહિ અને આમ એકલા આપ પધાર્યા તેનું શું કારણ ?"

મહારાજે તરત જ કહ્યું : "અમને સ્વપ્નમાં રુદ્ર દેખાયા, અમારા તો તે ભક્ત છે પણ તેમના મુખ ઉપર ઘણી જ રુક્ષતા અમે જોઈ. તેમણે કહ્યું : 'જગતમાં અધર્મ ઘણો પ્રવર્તી ગયો છે. જ્ઞાનોપદેશથી કોઈ ધર્મના માર્ગે ચઢશે નહિ. આપનું વિચરણ અથાગ છે, આપ જનકલ્યાણ માટે વિચરણ કરી રાત-દિવસ જોતા નથી. છતાં લોકો આપનો વિરોધ કરે છે, આપના સંતોને ત્રાસ આપે છે. આવો અધર્મ હવે સહન થઈ શકતો નથી. માટે અધર્મીઓનો હ્રાસ કરવા મારે ત્રાટકવું પડશે. તમો તો દયાળુ છો એટલે બધું સહન કરો છો.' શિવજીએ આવું કહ્યું એટલે આવતા વર્ષે કદાચ કાળ પડે. અમે હરિભક્તોને ચેતાવવા નીકળ્યા છીએ."

એ પ્રમાણે કહીને મહારાજે ઝીણાભાઈને કહ્યું : "આ સાલ જુવાર ઘણી પાકી છે માટે ખાણમાં નાખજો પણ વેચી નાખશો નહીં. આ બધાં ઢોર પણ વેચી દેજો અને જે રકમ આવે તેમાંથી પણ અનાજ ખરીદી લેજો."

ઝીણાભાઈ પ્રસંગની ગંભીરતા સમજી ગયા. તેમણે તેમનાં માતુશ્રીને આ વાત કરી ત્યારે તેમણે પણ કહ્યું : "મહારાજ કહેતા હોય તો તેમની આજ્ઞા પાળીને ઢોરઢાંખર વેચી જ દ્યો."

ઝીણાભાઈએ મહારાજની આજ્ઞા પ્રમાણે એક ભેંસ અને એક ઘોડી રાખી બાકીનાં ઢોર વેચી દેવાનું નક્કી કરી દીધું. તેમણે તેમના ગોવાળને બોલાવીને કહ્યું : "આપણે ઢોર વેચી દેવાં છે."

આ સાંભળીને ગોવાળ તો બાઘો બની ગયો. તેણે કહ્યું : "બાપુ ! કાંઈ ઘેલા થયા છો ? ઢોર તે કાંઈ વેચાતાં હશે ? આપણે શું વપત્ય પડી છે તે ઢોર વેચી દઈએ ?"

ઝીણાભાઈએ તેને સમજાવ્યું : "મહારાજની આજ્ઞા છે માટે આપણાં ઢોર સચવાય એવા સારા ગામે વેચી દેવાનાં છે."

ગોવાળને આ ગમ્યું નહિ. તેને લાગ્યું કે તેનું જીવન તેની પાસેથી ઝૂંટવાઈ રહ્યું છે. તેની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. ઝીણાભાઈએ તેનો વાંસો થાબડ્યો અને કહ્યું : "મૂંઝાઈશ નહિ, એ જ પશુ આપણે પાછાં બમણી રકમ આપીને વેચાતાં લઈ લઈશું."

✧

શ્રીહરિ સોરઠમાં ફર્યા. ભક્તોને સંદેશો આપ્યો. સાથે સાથે બીજા જે તેમની આજ્ઞા માને તેવા સદ્‌ભાવનાવાળા હતા તેમને પણ આ આગાહી કહીને ચેતાવી દીધા. જેથી તેઓ કાળના મુખમાંથી ઊગરી જાય. પરંતુ મહારાજના વચનમાં જેમને વિશ્વાસ ન હતો, તેવા લોકો તો કહેવા લાગ્યા : "સ્વામિનારાયણ પોતાને ભગવાન મનાવવા કાંઈ નવાં ને નવાં તૂત ઊભાં કરે છે."

મહારાજ તેમના અજ્ઞાન પર હસતા.

મહારાજ સોરઠમાં ફરીને ગઢપુર પધાર્યા.

ઉદ્‌ગીથ ૯



અગણોતેરાનો મહાકાળ

(આ.સં. ૧૮૬૮-૭૦, ઈ.સ. ૧૮૧૨-૧૮૧૩)

ગઢપુરમાં મહારાજ પધાર્યા અને ભક્તોમાં અપૂર્વ આનંદનો સંચાર થઈ ગયો. કોઈ કાર્યક્રમ, ઉત્સવ કે પ્રસંગ હોય તો મહારાજ દેશમાં વિચરણ કરતા પણ તે બધાને અંતે પાછા ગઢડે પધારતા. ગઢડા જ તેમને સાંભરતું. ગઢડાની પુણ્યભૂમિ જાણે મહારાજની સાથોસાથ અક્ષરધામમાંથી જ મહારાજના નિવાસસ્થાન સમી બનવા ઊતરી આવી હતી ! જે ભૂમિ સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણની દિવ્ય લીલાનું પ્રાંગણ બની ગઈ હતી, તેની પવિત્ર રજને દેવો પણ ઇચ્છતા. મહારાજ ચાલતા હોય, બેઠા હોય, વાતો કરતા હોય, સ્નાનાદિક ક્રિયા કરતા હોય તે દરેક પ્રસંગનાં દર્શન માટે દેવો અંતરીક્ષમાં આવી જ જતા, એ ચરણધૂલી માથે ચડાવી લેતા. સમાધિસ્થ દિવ્ય દૃષ્ટિવાળા ભક્તોને આ દેખાતું અને તેઓ તેમનાં અહોભાગ્ય માનતા કે એ પુરુષોત્તમ નારાયણનો તેમને અતિ નિકટનો સંબંધ પ્રાપ્ત થયો છે. તેમની સાથે બેસવાનું, ફરવાનું, ક્રીડા કરવાનું તેમને મળે છે. તેવી આ ગઢપુરની દિવ્ય ભૂમિમાં મહારાજ પધાર્યા.

ગઢપુરમાં રથયાત્રા : આ.સં. ૧૮૬૯

જેઠના ગરમીના ધોમધખતા દિવસો વીત્યાં. આ.સં. ૧૮૬૯નો આષાઢ માસ બેઠો અને રથયાત્રાનો ઉત્સવ આવ્યો.

લોકો ઉત્સવપ્રિય હોય છે, ઉત્સવનો આનંદ માણવાનો એક પણ પ્રસંગ જતો કરવો કોઈને ગમતો નથી. મહારાજે તેમની સમક્ષ બેઠેલા સંતો, પાર્ષદો તથા એભલ બાપુના કુટુંબીજનોને કહ્યું : “ઉત્સવ ઊજવવામાં આપણને આનંદ આવે છે પરંતુ તે આનંદ ઇન્દ્રિયજન્ય હોય છે, ઉત્સવ પૂરતો જ તે આનંદ ટકવાનો. તે આનંદ અંતરમાં જ્યારે પ્રગટ થાય ત્યારે તે ચિરસ્થાયી બને અને

બહારના કોઈ પ્રસંગથી તે આનંદમાં વિક્ષેપ ન થાય. દેહ, મન અને ઇંદ્રિયોને પરમાત્માના સ્વરૂપમાં સંલગ્ન કરી દઈએ તો એ આનંદ કઠણ દેશકાળમાં પણ લુપ્ત થશે નહિ."

રથયાત્રાનો આ ઉત્સવ સાદી રીતે જ ઊજવાયો. મહારાજના શબ્દોનું રહસ્ય અંતરમાં ઉતારી તે આનંદને સ્થિર કરવાની સાધનામાં સૌ મંડી પડ્યા. મહારાજ પણ જાણતા હતા કે હવે ભયંકર કાળના ઓળા ફરી વળવાના છે. જ્ઞાન હશે, આત્મનિષ્ઠા હશે તે ટકશે. અન્ય તો અમારી ભક્તિ કરતા હશે તોપણ આવા દેશકાળમાં સ્થિર રહી નહિ શકે અને સમજણ ચૂંથાઈ જશે.

ફરી મહારાજનાં દર્શને મહારુદ્ર

ફરી મહારાજ પાસે રાત્રે મહારુદ્ર આવ્યા. તેમણે હાથ જોડી મહારાજને કહ્યું : "પ્રભુ ! આપે તો વિચરણ કરી ભક્તોને ભયંકર કાળની આગાહી કરી દીધી છે. આપની આજ્ઞા જે પાળશે તે મારા ઝપાટામાંથી બચી જશે. આપની આજ્ઞા જે નહીં પાળે તેનો કચ્ચરઘાણ નીકળી જશે. સૂકા પછવાડે લીલું પણ બળશે. તેમાં આપના કોઈ ભક્તનો અપરાધ થઈ જાય તો ક્ષમા કરશો."

મહારાજ સૂતાં સૂતાં મહારુદ્રની કાળવાણી સાંભળતા હતા. મહારુદ્ર બોલ્યે જ જતા હતા : "પ્રભુ ! વામમાર્ગી બાવાઓનો અધર્મ પરાકાષ્ટાએ પહોંચ્યો છે. આપના સંતોને જે દિવસે તેમણે માર્યા ત્યારે આપનો ભ્રૂભંગ જોઈને જ હું તો ત્રાટકવા તૈયાર થયો હતો. પરંતુ આપના દયાળુ સંતોએ ક્ષમા ધારણ કરી. આપની આંખોની લાલિમા પણ તેમના વચનથી આપે દૂર કરી. પણ તેમનો એ ભયંકર ત્રાસ જોઈને તેમનો સંહાર કરવાની મને ઇચ્છા થઈ હતી. વામાચારી બ્રાહ્મણો, બાવાઓ, વર્ણાશ્રમના ધર્મના લોપ કરનારાઓ, સગોત્રમાં ગમન કરનારાઓ – આ બધા આપની બાંધેલી મર્યાદાનું ઉલ્લંઘન કરી રહ્યા છે. એમનું ચલણ હશે ત્યાં સુધી ભાગવતધર્મની સ્થાપના થઈ શકશે નહીં. માટે આપની પ્રેરણાથી જ હું આવ્યો છું અને હું સ્વેચ્છાથી વિચરીશ. નાના, મોટા, રોગી, અરોગી, ધર્મી, અધર્મી સૌ મહાકાળના મુખના ગ્રાસ બની જશે. આપ દયાળુ છો. આપ જ્યાં હશો ત્યા માગણ લોકોનાં ધાડાં આવશે. માટે આપ ગુપ્તવાસ સેવજો. મારી એ વિનંતી છે."

મહારાજ મહારુદ્રની આ વાણી સાંભળતાં સાંભળતાં ગંભીર બની ગયા. છતાં એ અનિવાર્ય હતું. શ્રીકૃષ્ણે અર્જુન પાસે કુરુક્ષેત્રના યુદ્ધમાં અધર્મનો ધ્વંસ

કરાવ્યો. તેમાં દેવ, ગુરુ, બ્રાહ્મણ કે વડીલો તેમણે જોયા નહીં. જેણે જેણે દુર્યોધનનો - અધર્મનો પક્ષ લીધો તેનો સંહાર કરવા જ તેઓ કૃતનિશ્ચયી થયા હતા. તેમ આજે મહારાજે પણ મહાકાળને આહ્વાન આપ્યું હતું.

મહારાજે અગાઉથી જ દાદાખાચરનાં ઢોર ગુજરાતમાં મોકલી વેચાવી દીધાં હતાં. તે વખતે કોઈને ઓગણોતેરા કાળનો અણસાર નહોતો આવ્યો, એટલે અનાજ સસ્તું મળતું હતું. મહારાજે ઢોરના વેચાણમાંથી ઊપજેલી રકમમાંથી રૂપિયાની ચાર મણના હિસાબે તુવેર ખરીદી લેવરાવી હતી. કાઠિયાવાડમાં તે વખતે તુવેરના ચાર મણનો રૂપિયો એક બોલાતો હતો. જેતલપુરથી પણ મહારાજે તુવેર મંગાવી હતી. દશક્રોઈના ચોખા મંગાવી કોઠીમાં ભરાવી દીધા હતા. એ પ્રમાણે બાજરો, જુવાર વગેરેના કોઠારો ભરપૂર કરી દીધા હતા. આ અનાજ ફક્ત દાદાખાચર કે તેમના પરિવાર માટે જ ન હતું, પણ મહારાજને દાદાના દરબારમાં સદાવ્રત બાંધવું હતું. બને ત્યાં સુધી ભૂખના દુઃખે લોકોને મરવા દેવા ન હતા.

પંચાળામાં પણ ઝીણાભાઈને ત્યાં સો કળશી જુવારની ખાણ નંખાવી હતી. લીંબડીના મૂળજી શેઠનાં પણ તમામ ઢોર વેચાવી દઈ અનાજ લેવરાવ્યું હતું. વણિકના સ્વભાવ પ્રમાણે તેમને મહારાજનાં વચન કઠણ તો લાગ્યાં પણ મહારાજની એ આજ્ઞા હતી એટલે શિરોમાન્ય કર્યા સિવાય તેમને છૂટકો ન હતો.

મહાકાળના ઓળા

આષાઢ બેઠો અને મોરલા ગેહૂક ગેહૂક ટહુકવા લાગ્યા, પણ ક્યાંઈ કાળી વાદળીની નિશાની દેખાતી ન હતી. તેમના ટહુકારમાં મેઘ મલ્હારનો નાદ હતો, પણ આ નાદથી મેઘ રીઝ્યો નહિ. છતાં મોરલા પણ થાક્યા નહીં. પોતાની ડોકની સાંકળના ત્રણ-ત્રણ કટકા કરીને ગેહૂક ગેહૂક ગેહકાટ તેમણે શરૂ જ રાખ્યો. આ નાદથી વિરહીઓની વેદના વધી.

આષાઢ આખો કોરો ગયો, શ્રાવણ બેઠો. મેઘના વિરહથી ધરતીની કાયા ફાટી પણ મેઘનું રૂંવાડુંયે ફરક્યું નહીં. માલધારીઓ પોતાનાં ઢોરને લઈ ગુજરાત તરફ જ્યાં લીલું હોય ત્યાં જવા લાગ્યા. ખેડૂતો કોસ ખેંચી ખેંચીને થાક્યા. કૂવાઓમાં પણ પાણીનાં તળ દેખાવા લાગ્યાં. બળદની કાંધે ચાંદાં પડી ગયાં. સૌ આકાશ સામે મીટ માંડી જોઈ રહ્યા હતા.

વરસાદની અછતને લીધે ઝાડનાં પાન સુકાઈ ગયાં. નદીમાં વેકરો તપવા

લાગ્યો, તળાવમાં માટીની પોપડીઓ બાઝી ગઈ. મનુષ્ય અને પશુ પાણી વિના તરફડવા લાગ્યાં. અનાજનું તો દુઃખ હતું જ. સૌ કોઈ ધા નાખવા લાગ્યા. પણ કાળ કોપ્યો હતો. સૌને તેમનાં કર્મનું ફળ તેને આ સમયે જ એકી વખતે આપવું હતું.

મહારાજ દાદાખાચરના દરબારમાં ગુપ્ત રહેવા લાગ્યા. કોઈને પણ પોતાના અજ્ઞાતવાસની ખબર પડવા દેતા નહીં. સેવકોને આજ્ઞા કરી હતી કે કોઈને પોતાની પાસે આવવા દેવા નહીં. ઉપદેશ બંધ કરી દીધો. તપસ્વીનો વેશ પોતે ધારણ કર્યો. શિર ઉપર કેશ વધાર્યા, હાથના નખ વધાર્યા, અંતરમાં અત્યંત ઉદાસીનતા ધારણ કરી. મહારાજ ક્યાં બિરાજતા હતા તે સમાચાર કોઈને મળતા નહીં. હરિભક્તો પૂછતા ત્યારે સેવકો કહેતા ‘મહારાજ ગુજરાતમાં છે, કચ્છમાં છે’ વગેરે... મહારાજે સંતોને અગાઉથી જ ગુજરાતમાં મોકલી દીધા હતા. કેટલાક સંતો સુરત તરફ પણ હતા. ત્યાં કાળના ઓળા એટલા કારમા ન હતા.

મહારાજના અજ્ઞાતવાસથી ભક્તોને વિરહનું દુઃખ લાગવા લાગ્યું. તે વિરહની વેદના મહારાજના અંતર સુધી પહોંચી ગઈ. મહારાજ તે સહન કરી ન શક્યા. એટલે બોટાદ, કારિયાણી, ઝીંઝાવદર કે સારંગપુર રાત્રે જઈને વહેલી સવારે પાછા ગઢપુર આવી જતા. ગઢપુર શહેરમાં મહારાજ રાત્રે વેશપલટો કરીને નીકળતા. કાં છૂટા કેશ રાખતા, તે ઉપર કચ્છી પીળી ટોપી પહેરતા, ગળામાં રુદ્રાક્ષનો પારો પહેરતા, કેડે પણ રુદ્રાક્ષની માળા બાંધતા, કચ્છ વાળી ધોતિયું પહેરતા. કમળશી વાણિયા પાસે અનાજ ઉપડાવીને મહારાજ જાતે અનાજ વહેંચવા આજુબાજુનાં ગામોમાં જતા. સત્સંગી કે બિનસત્સંગીનો ભેદ અનાજ વહેંચવામાં રાખતા નહીં.

શ્રાવણનાં સરવડાંએ પણ ધરતીને ભીની કરી નહીં. હરિભક્તો શ્રીજીમહારાજના સમાચાર એકબીજાને પૂછતા પણ કોઈને કાંઈ ખબર ન હતી. તેથી સૌ મૂંઝાતા.

ભગવાનને ઘેર અન્યાય કેમ ?

મહારાજ શ્રાવણ માસમાં ગઢપુરથી નીકળી ગયા અને ખોલડિયાદ પધાર્યા. રાત્રે મુસાફરી કરતા, એકાકી ચાલતા. વેશપલટો કર્યો હતો એટલે કોઈ ઓળખી શકતું નહીં. અહીં જીવા સિંધવને ત્યાં મહારાજ પધાર્યા. મેમકાના હંસરાજ શેઠ મહારાજની આજ્ઞાથી મેમકા છોડીને અહીં આવ્યા હતા. તેમના

પ્રસંગથી સગા સીંધવ તથા તેમના પુત્રો રાજા, રામા તથા નારાયણને સત્સંગ થયો હતો. કુસંગનો ફેલ તેમણે તજી દીધો હતો. સગા સીંધવના નાના ભાઈ જીવા સીંધવના સાત પુત્રો ઘેલાભાઈ, હમીર, ખેંગારભાઈ, દાનાભાઈ, નરસિંહ, દલાભાઈ તથા ગણેશ આ બધા જ ભાઈઓ સત્સંગી થઈ ગયા હતા. સૌથી નાના ભાઈ અજા સીંધવના પુત્રો રૂડા સીંધવ અને મૂળા સીંધવને પણ સત્સંગ થયો હતો. મહારાજ તેમને ઘેર સં. ૧૮૬૨ના વૈશાખ માસમાં પધાર્યા હતા. ત્યારપછી સાત વર્ષે આ વખતે પધાર્યા.[૪૩]

જીવા સીંધવે મહારાજને કહ્યું : "મહારાજ ! આ ખેતરમાં ગઈ સાલ બાજરો સારો પાક્યો હતો પણ તીડ પડ્યાં તે આખું ખેતર સાફ કરી દીધું. ઓણ સાલ હજુ વરસાદ નથી. આમ, કાળ ઉપર કાળ પડશે તો જીવાશે કેમ ? નાણાં દેતાં અનાજ આજે મળતું નથી. મારવાડમાંથી ગરીબ લોકો ત્યાં દુકાળ હોવાથી અહીં આવ્યા છે. જો વરસાદ નહીં થાય, તો માણસ માણસને ખાશે એવો સમો આવશે."

મહારાજ તેમની વાત સાંભળી રહ્યા પછી થોડી વારે કહ્યું : "ભગવાનનું કર્યું થાય છે. પાખંડીઓનું જોર છે ત્યાં સુધી વરસાદ થશે નહીં. આ કાળ તે બધાનું ભક્ષણ કરી જશે."

"પણ મહારાજ ! આપ જ ભગવાન છો, આપનું ધાર્યું થાય છે."

મહારાજ કાંઈ બોલ્યા નહીં. પરંતુ તેના ખેતરમાં પધાર્યા. આખા ખેતરમાં ઘોડી દોડાવી અને પછી કહ્યું : "ભગવાન સારું કરશે." એટલું કહીને મહારાજ ત્યાંથી ગુંદીઆળા ગામે પધાર્યા.

અહીં એક ચારણ ભક્તને ત્યાં મહારાજ રાત રહ્યા. સવારે ત્યાંથી નીકળવાની તૈયારી કરતા હતા ત્યાં સમાચાર આવ્યા કે "રૂડા સીંધવના ખેતરમાં વરસાદ થયો પણ આજુબાજુ બીજે ક્યાંઈ વરસાદ થયો નથી."

આ સમાચાર સાંભળી ચારણ ભક્તે મહારાજને પૂછ્યું : "મહારાજ ! ભગવાનને ઘેર આવો અન્યાય કેમ ?"

મહારાજે કહ્યું : "ભગવાન તો ચકલી સારુ બ્રહ્માંડ બોળે. ધણીનો કોઈ ધણી છે ?"

મહારાજ ત્યાંથી નીકળી ગયા. રૂડા સિંધવ મહારાજની સાથે જ હતા.

---

૪૩. આ.સં. ૧૮૬૨માં ચૈત્ર સુદ ૯ ગઢડામાં ઉજવી શ્રીહરિ વરતાલ પધારેલા. ત્યાંથી પાછા વળતાં આ ગામમાં આવ્યા અને પછી જેઠ વદ ૩૦ના ગઢડા પધાર્યા હતા.

ધુઆ, વસતડી, ચોકડી ગામે થઈને ભનીજડા ગામે મહારાજ પધાર્યા.

શ્રીહરિને કોઈ ઓળખી શકતું નથી. મહારાજે પણ ઓળખાય એવો વેશ રાખ્યો ન હતો, એવો સમાજ પણ સાથે લીધો ન હતો. સામાન્ય રીતે કાઠિયાવાડી ફેંટો કે પાઘ ધારણ કરનાર મહારાજ ઉઘાડા કેશ રાખી માથે કચ્છી ટોપી પહેરે, સુરવાળ ને જામાને બદલે ધોતિયાનો કચ્છ વાળી ઉપર કેડિયું પહેરે એટલે તેમને કોણ ઓળખી શકે ? વળી, પોતે જ અન્યને ન ઓળખાવાનો સંકલ્પ કર્યો હોવાથી સત્સંગીના ગામમાં જતા છતાં પણ કોઈ તેમને ઓળખી શકતું નહીં. મહારાજ ગામ ઉપર દૃષ્ટિ કરી ત્યાંથી નીકળી જતા. જે જે ગામ ઉપર મહારાજની દૃષ્ટિ પડતી ત્યાં કાળની ભીષણતા હળવી થઈ જતી.

શ્રીહરિ નાગડકામાં

ભનીજડાથી મહારાજ નાગડકા પધાર્યા. સુરાખાચર મહારાજને જોઈને જ આશ્ચર્ય પામી ગયા ! તેમણે હાથ જોડી દીધા. આંખમાં અશ્રુ સાથે બોલ્યા : "પ્રભુ ! આપે ખરેખર દયા કરી. આ શ્રાવણ અર્ધો ગયો અને ક્યાંઈ મે'ના વાવડ નથી. ગઈ સાલ પણ તીડ પડ્યાં હતાં. આ સાલ વરસાદ નહીં. આપે આ શું ધાર્યું છે ?"

મહારાજે કહ્યું : "હરિભક્તોની રક્ષા થશે. અધર્મીઓના ધ્વંસ માટે જ આ મહાકાળે તાંડવ માંડ્યું છે. હજુ તો ઓછું છે પણ અનાજનો દાણોય લોકો દેખવા પામશે નહીં. અનાજ વિના લોકો ટળવળશે, માણસ માણસને ખાશે, ઢોર મરશે. જે ભજન કરશે, ધર્મ રાખશે, અમારો આશ્રય રાખશે, તેની અમે રક્ષા કરીશું. બીજા અધર્મીઓ સાથે અમારે લેવાદેવા નથી."

સુરાખાચર મહારાજની વાણીની ગંભીરતા સમજી ગયા. તેમણે પૂછ્યું : "મહારાજ ! સંતો ક્યાં છે ?"

મહારાજે કહ્યું : "કેટલાકને ગુજરાત મોકલ્યા છે, કેટલાક આ પ્રદેશમાં હરિભક્તોનાં ગામોમાં ફરે છે."

એટલે તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! અમારે ત્યાં સંતોને મોકલો ને ! આ તો ટાણાની સેવા કહેવાય."

સુરાખાચરનો સંતો પ્રત્યેનો ભાવ જોઈ મહારાજ પ્રસન્ન થયા. પછી તેમણે કહ્યું : "સુરાખાચર, તમે એક દિવસ નો'તું કહ્યું કે તમે તો બોટાદના વસ્તા વરાળિયાને ત્યાંથી કઢારે દાણા લાવીને ખાઓ છો. તે તમે સાધુને આ કપરા કાળમાં શી રીતે રાખશો ?"

એ સાંભળી સુરાખાચરે પણ એ જ રીતે મહારાજને કહ્યું : "મહારાજ ! તમે તે'દી નો'તું કહ્યું કે હવે અમારે કઢારે દાણા લાવીને ખાવા નહીં પડે ? ત્યારથી આપની દયાથી અમારો દિનમાન સુધરી ગયો છે. માટે સાધુને જરૂર મોકલો."

મહારાજે કહ્યું : "ભલે, ફરતાં ફરતાં જો સાધુ મળી જશે, તો અહીં મોકલીશું. પણ તમારી આ સાત મણની કાયાને કેટલું અનાજ જોશે તેનો વિચાર કર્યો ?" મહારાજે હસતાં હસતાં કહ્યું.

સુરાખાચરે પણ એ જ ભાવથી કહ્યું : "મહારાજ ! તમે તો કીડીને કણ અને હાથીને મણ આપો છો. પછી મારી કાયાની મારે ચિંતા શું કામ કરવી ?"

સુરાખાચરની શ્રદ્ધાથી મહારાજને આનંદ થયો.

હમીરખાચર મહારાજને ઓળખી શકતા નથી

મહારાજ ત્યાંથી નીકળી બોટાદ હમીરખાચરના દરબારમાં પધાર્યા. મહારાજના કાંઈ સમાચાર તેમને મળતા ન હતા. તેથી તેઓ પણ અકળાઈ ગયા હતા અને મહારાજનું અખંડ ભજન કરતા હતા. તેમને થયું કે જો મહારાજનાં દર્શન નહીં થાય, તો હવે તાળવું ફાટી જશે. તેમના અંતરનો આ નાદ સાંભળી મહારાજ તેમના દરબારમાં પધાર્યા અને ત્યાં ઘોડી ઊભી રાખી.

છૂટા વાળ ઉપર કચ્છી પીળી ટોપી પહેરીને આવનાર આ નવજવાન કદાચ મારવાડથી સદાવ્રત લેવા માટે આવ્યા હશે તેમ તેમને લાગ્યું. તેમની ઘોડીને પણ કાઠું નીકળ્યું હતું. સાથેનો સવાર રૂડો સિંધવ પણ એવા જ ટારડા ઘોડા ઉપર હતો. તેથી હમીરખાચરને લાગ્યું આ બંને માંગણ આવ્યા છે. તેમણે કહ્યું : "સદાવ્રત તો બીજે દરવાજે અપાય છે ત્યાં જાઓ."

એટલામાં મહારાજ ઘોડી ઉપરથી ઊતરી ગયા અને હમીરખાચરના શબ્દો સાંભળી હસવા લાગ્યા. તેમણે કહ્યું : "બાપુ ! કર્ણ દાનેશ્વરી કહેવાતો હતો. તે યુદ્ધમાં ઘવાયો તે વખતે એક બ્રાહ્મણ તેની પાસે દાન લેવા આવ્યો. કર્ણે કહ્યું : 'અત્યારે તો મારી પાસે મારી દાઢમાં સોનું છે તે જ ફક્ત દાનમાં આપી શકું તેમ છું પણ સામે પડેલો પથ્થર આપો તો તે હું કાઢી આપું."

હમીરખાચર આ વાતનો મર્મ સમજી ગયા. તેમણે કહ્યું : "કર્ણ પાસે તો શ્રીકૃષ્ણ પોતે જ બ્રાહ્મણના સ્વરૂપે આવ્યા હતા તેની પરીક્ષા લેવા."

મહારાજે કહ્યું : "પણ કર્ણ દાનેશ્વરી હતા તોપણ તેને ઓળખી તો શક્યા નહિ ને ?" મહારાજે માર્મિક હસતાં કહ્યું.

આ સાંભળી હમીરખાચરે આંખો ચોળી. તેણે મહારાજ તરફ ધારી ધારીને જોયું. તેને લાગ્યું કે અણસાર તો મહારાજનો જ છે. તે પાસે આવ્યા અને તેણે ઓળખી લીધા : "અરે મહારાજ ! આપ ? આ વેશમાં ?"

"હા, અમે જ આ વેશમાં ! તમે ઝંખતા હતા ને ?" મહારાજે કહ્યું.

હમીરખાચર મહારાજના પગમાં પડી ગયા. તેમની આંખોનાં અશ્રુએ મહારાજનાં ચરણ પખાળ્યાં.

ગઢપુરમાં ગુપ્તવાસ

મહારાજ આખો શ્રાવણ બોટાદમાં રહ્યા. આ.સં. ૧૮૬૯ જન્માષ્ટમીનો ઉત્સવ ત્યાં કર્યો. અજ્ઞાતવાસ હતો એટલે કોઈ સાધુઓને કે હરિભક્તોને બોલાવ્યા ન હતા.

શ્રાવણ ઊતર્યો. મહારાજને હવે ગઢપુર જવા ઇચ્છા થઈ. તેમણે હમીરખાચરને કહ્યું : "મોડી રાત્રે ગઢપુર જવા માટે નીકળી જવું છે. ઘોડો તૈયાર રાખજો. તમો સાથે આવજો. ગઢપુરના પાદરમાંથી પાછા વળી જજો."

હમીરખાચરે હાથ જોડી કહ્યું : "ભલે મહારાજ ! આપની જેવી આજ્ઞા ! અમારા ઉપર દયા કરીને આટલા દિવસ રહ્યા તે કાંઈ ઓછાં ભાગ્ય ન કહેવાય ! હવે સાધુઓને મોકલજો. અમને તેમની સેવાનો લાભ મળે. આપના પ્રતાપે અન્નનો તોટો નથી."

મહારાજે કહ્યું : "ભલે !"

રાત્રે મહારાજ ગઢપુર જવા નીકળી ગયા. ઉન્મત્ત ગંગાને કાંઠે નીલકંઠ મહાદેવના મંદિરે આવીને બિરાજ્યા. હમીરખાચરને કહ્યું : "તમે એભલ બાપુને ખબર આપો. દરબારમાં કોઈને ખબર પડવી જોઈએ નહીં."

હમીરખાચરે એભલ બાપુને ખબર આપ્યા. મહારાજ પધાર્યા છે તે સાંભળી એભલખાચર રાજી રાજી થઈ ગયા. પરંતુ વાત બીજે પ્રસરે નહીં તેની સૂચના તેમણે સૌને આપી દીધી. મહારાજ પધાર્યા પરંતુ અક્ષર ઓરડીમાં ન ઊતર્યા. વાસુદેવ નારાયણના ઓરડાની પાછળના મોટીબાના ઓરડામાં ઊતર્યા.

એભલખાચરના દરબારમાં રાત્રી સદાવ્રત

દુષ્કાળના ઓળા ધીરે ધીરે ઘેરા બનતા જતા હતા. વાવેતર વરસાદના અભાવે સૂકાઈ ગયું હતું. આગલાં વર્ષે તીડે કરેલા નુકસાનને લીધે કોઈ ઠેકાણે

અનાજનો દાણો દેખાતો ન હતો. મહારાજે દાદાખાચરને ત્યાં અગાઉથી જ જારની ખાણ ભરાવી રાખી હતી. વળી ચોખા, તુવેરની દાળ વગેરે પણ મંગાવી લીધાં હતાં. એટલે ભૂખ્યાને દાદાખાચરના દરબારમાંથી અનાજ મળતું. જીવાખાચરને ત્યાં પણ સદાવ્રત ચાલતું હતું. મહારાજની આજ્ઞાથી નિષ્કુળાનંદ સ્વામી તથા પરમહંસાનંદ સ્વામી તેમના મંડળ સાથે જીવાખાચરના દરબારમાં રહેતા હતા. તેઓ પણ ભિક્ષા માગવા જતા. ભિક્ષામાં જે અનાજ મળતું તેમાંથી સંતમંડળ જમી રહ્યા પછી જે વધતું તે સદાવ્રતમાં આપી દેતા. જીવાખાચરને ત્યાં સદાવ્રત ચાલુ છે તેની લોકોને ખબર પડે તે માટે તેમના ઘર ઉપર ધજા ચડાવવામાં આવી હતી એટલે ત્યાં સદાવ્રત લેવા લોકો થોકબંધ ઊમટતા.

પરંતુ મહારાજે જોયું કે કેટલાક સુખી ઘરના માણસો સદાવ્રતમાંથી અનાજ લેવા દિવસે આવતાં અચકાતા હતા. તેમને સંકોચ થતો હતો. તેથી મહારાજે બાપુ એભલખાચરને કહ્યું : "આપણે રાત્રી સદાવ્રત શરૂ કરો."

તે પ્રમાણે બાપુ એભલખાચરના દરબારમાં રાત્રી સદાવ્રત શરૂ કર્યું. આથી સુખી કુટુંબોનો સંકોચ દૂર થયો.

ભીમનાથમાં રાંકાની પરિસ્થિતિ

કાળની વિષમતા ઘેરી બનતી ગઈ. લોકોને અનાજના સાંસા પડવા માંડ્યા. સદાવ્રતોમાં લોકોનાં ટોળે ટોળાં આવતાં અને અનાજ લેવા ધક્કામુક્કી કરતા. તેમાં કોઈને અનાજ મળતું ને કોઈને ન મળતું. ભીમનાથ મહાદેવની જગ્યામાં પણ સદાવ્રત ચાલતું હતું. ત્યાં નીલકા નદીમાં રાંકાનાં ટોળે ટોળાં પડ્યાં રહેતાં. બારી ઊઘડે અને સદાવ્રત લેવા નદીનો ઢાળ સૌ ચડવા માંડે. બારી પાસે આવે અને એક ડંકો ખીચડી મળે. તેમાં પણ જો ધક્કામુક્કી કરે તો ખીચડો આપનાર જ ધક્કો મારે અને સૌ નદીમાં જઈને પડે, ફરી પાછા ચડે. આમ, એક ડંકો ખીચડો લેવા લોકો પડાપડી કરતા. કોઈને મળતો, કોઈને ન મળતો. દીકરાને મળ્યો હોય અને માને ન મળ્યો હોય તો મા દીકરાનું ઝૂંટવીને ખાઈ જતી. અર્ધ બળેલા મડદાના માંસને પણ લોકો ભૂખના દુઃખે ખાતાં. આવી વિષમ પરિસ્થિતિ કાળે કરી દીધી હતી. માણસાઈ સર્વત્ર આથમી ગઈ હતી.

જીવાખાચરને વિષ ઘોળવાનો વખત આવ્યો

જીવાખાચરે મહારાજ પાસે આવીને ભીમનાથના સદાવ્રતની વાત કરી.

માણસ માણસને ખાય, દૂબળા બાળકને ખાઈ જાય. આવા અમાનુષી પ્રસંગો તેમણે વર્ણવ્યા. મહારાજની આંખમાં આંસુ આવી ગયાં. જીવાખાચરે કહ્યું : "મહારાજ ! અમારે ત્યાંના સદાવ્રતનું પણ હવે ઝાઝું ગજું રહ્યું નથી."

મહારાજે કહ્યું : "કોઠી ઉપરથી છાંદી ઘો અને સાણેથી અનાજ કાઢીને આપવા માંડો. ખૂટશે નહીં."

"પણ મહારાજ ! કોઠીમાં કાંઈ હોય તો ઉપરથી છાંદો દઈએ ને ? તેનુંય તળિયું આવી ગયું છે." અમૂલાબાએ કહ્યું. તેમની આંખમાં આંસુ આવી ગયાં. તેમણે કહ્યું : "મહારાજ ! બાપુ જમવા બેઠા હોય અને કોઈ માગવા આવે તો થાળી એમ ને એમ જઈને આપી દે."

"બાપુની મોટપ છે ને ! એટલે કરવું પડે." મહારાજે કહ્યું.

"પણ મહારાજ ! હવે તો વિષ ઘોળવાનો વખત આવ્યો છે. અનાજ વગર લોકો મારા સદાવ્રતેથી પાછા જાય તેમાં મારી આબરૂ શી ?" એટલું બોલતાં જીવાખાચરના કઠણ કાળજામાંથી ઊનો નિ:શ્વાસ નીકળી ગયો.

મહારાજ બધું સાંભળી રહ્યા. પછી તેમણે કહ્યું : "ભગવાનની ઇચ્છાને આધીન થઈને વર્તવું પણ મમત્વ રાખવું નહીં. અમે તમને કહ્યું હતું કે મહાકાળ કોપ્યો છે તે સંહાર કરશે જ. ભગવાન પણ તે અટકાવશે નહીં. એટલે આપણી શુભ ભાવનાથી જેટલું થઈ શકે તેટલું કરવું, બાકી ભગવાનની ઇચ્છા ઉપર છોડી દેવું. વિષ ઘોળવાના સંકલ્પો ન કરવા."

"પણ મહારાજ ! ધરમની ધજા ઉતારવી પડે ને ? તેના કરતાં તો મરવું સારું." જીવાખાચરના અંતરમાંથી લાહ્ય નીકળી ગઈ. અમૂલાબાએ પણ મહારાજને પ્રાર્થના કરી.

તે જ વખતે કારિયાણીથી વસ્તાખાચર આવ્યા. તેમણે મહારાજની પૂજા કરી અને દુષ્કાળમાં લોકોનું ભૂખનું દુ:ખ ટળે તે માટે શ્રીહરિની આજ્ઞાથી એક હજાર રૂપિયાની સેવા કરી. બીજા હરિભક્તોએ પણ પૂજા કરી રૂપિયા ભેટ મૂક્યા. મહારાજે તે બધી રકમ જીવાખાચરને આપી દીધી અને કહ્યું : "આટલી રકમમાંથી જે અનાજ આવે તે કોઠીમાં ભરીને ઉપર છાંદી દેજો. સાણેથી અનાજ કાઢજો. ખૂટશે નહીં."

કરિયાણાથી દેહાખાચર અને તેમના ભાયાતો પણ આવ્યા. તેમણે પણ મહારાજની પૂજા કરી રૂપિયા ભેટ મૂક્યા. તે રકમ મહારાજે બાપુ એભલખાચરને આપી દીધી અને કહ્યું : "કાઠી ભાયાતો આવે તો તેમને સૌને

તમારે રસોડે જમાડજો." એમ કહીને જીવાખાચર સામે મહારાજે સૂચક દષ્ટિથી જોયું. એટલે તે સમજી ગયા. તેમણે હાથ જોડી કહ્યું : "ભલે મહારાજ ! જે ભાયાતો આવશે તેમનેય રાખીશું !"

મહારાજે કહ્યું : "અત્યારે મિત્ર કે દુશ્મન કાંઈ જોવું નહીં. આ તો ભગવાનનું આપેલ છે અને ભગવાન જેમ સૌનું પોષણ કરે છે; ઊંચ, નીચ, શાહુકાર કે ચોર, ધર્મી કે અધર્મી જોતા નથી તેમ તમારે પણ વર્તવું. સૌ સૌનાં જે કર્મ હશે તે ભગવાન તેમને ભોગવાવશે."

ગઢપુરમાં મહારાજ ભાદરવામાં પધાર્યા હતા તે ઠેઠ મહા માસ સુધી રહ્યા. કેટલાક સાધુઓને લોયા મોકલ્યા, કેટલાકને પર્વતભાઈની માગણીથી અગત્રાઈ મોકલ્યા અને કેટલાકને બોટાદ હમીરખાચરને ત્યાં મોકલ્યા. બીજા સંતો તો ગુજરાતમાં હતા જ. તેમને મહારાજનાં દર્શનની તીવ્ર ઇચ્છા હતી પરંતુ મહારાજની આજ્ઞા સિવાય તેમનાથી અવાતું નહીં. વળી, મહારાજ પણ ક્યાં બિરાજતા હતા તેની પણ કોઈને ખબર ન હતી.

એ તુવેર આપણી નથી

એટલામાં દેવળા ગામના વણિક ભક્ત હરખાશાએ મોકલાવેલ માણસ ત્યાં આવ્યો. મહારાજને ખબર આપી એટલે મહારાજે તેને બોલાવ્યો. પછી તેને પૂછ્યું : "તમે ક્યાંથી આવો છો ?"

તેણે કહ્યું : "મહારાજ ! દેવળા ગામના આપના ભક્ત હરખાશાએ મને આ કાગળ લઈને મોકલ્યો છે." એમ કહી તે કાગળ તેણે મહારાજને આપ્યો.

મહારાજે તે કાગળ લીધો અને લાધા ઠક્કરને આપ્યો અને કહ્યું : "વાંચો." એટલે લાધા ઠક્કર તે કાગળ વાંચવા લાગ્યા. તેમાં લખ્યું હતું : "આપની રકમમાંથી લીધેલી બે હજાર મણ તુવેર મારા ઘરમાં પડી છે પણ કાળ પડ્યો છે એટલે ચોર-લૂંટારાની બીક લાગે છે માટે તે જલદી મંગાવી લ્યો."

મહારાજ આ કાગળ સાંભળીને હસ્યા. લાધા ઠક્કરે કહ્યું : "મહારાજ ! તુવેર આપણી છે તો ઝટ મંગાવી લ્યો. અહીં કામમાં આવી જશે."

મહારાજે કહ્યું : "લાધા ઠક્કર ! એ આપણી તુવેર નથી, એની છે. ગયે વરસે વીસનગર જતાં અમે એને ત્યાં એક રાત રહ્યા હતા. બીજે દિવસે અમને જમાડવા સારુ તેમણે તેમની સ્ત્રીના દાગીના ઘરેણે મૂક્યા અને જે રકમ આવી તેમાંથી અમારે માટે ખાંડના લાડુ બનાવ્યા. અમે જમવા બેઠા અને લાડુ થાળમાં

જોઈ તેને કહ્યું : 'અમે તો તમને ગરીબ જાણતા હતા પણ તમે તો માલદાર દેખાવ છો.' તેણે હાથ જોડી કહ્યું : 'મહારાજ ! બધી આપની દયા છે.' એટલે અમે તેમને કહ્યું : 'અમારે રૂપિયા પાંચસો જોઈએ છે તો અમને આપો.' તરત જ તે તેની સ્ત્રીના બીજા દાગીના ઘરેણે મૂકીને પાંચસો રૂપિયા લઈ આવ્યો અને અમને કહ્યું : 'લ્યો, આ પાંચસો રૂપિયા.''

લાધા ઠક્કર તથા બીજા હરિભક્તો આ વાત રસપૂર્વક સાંભળી રહ્યા હતા. મહારાજ પ્રત્યે ભક્તિના ભાવથી ભક્તો કેવા રંગાઈ ગયા છે તે તેઓ સાંભળી રહ્યા હતા. મહારાજ વાત કરતા હતા : ''અમે તેને કહ્યું : 'તું આ રૂપિયા લઈને અમારી સાથે વીસનગર આવ.' એટલે તે અમારી સાથે વીસનગર આવ્યા. ત્યાં રૂપિયાની ચાર મણ તુવેર મળતી હતી એટલે તે રૂપિયામાંથી બે હજાર મણ તુવેર તેની પાસે લેવરાવી. પછી અમે તેને કહ્યું : 'હવે, આ તુવેર લઈને તું ઘેર જા અને તે ભરી રાખજે.' હવે કહો, એ તુવેર આપણી કે એની ? આ દુકાળમાં તેને કામ આવે એટલે અમે તેની પાસે તુવેર લેવરાવી હતી, પણ તે ભગત ખરો ને ! એટલે એમ જ માને છે કે આ તુવેર મહારાજની છે.''

સૌ આ સાંભળી રહ્યા. મહારાજે લાધા ઠક્કરને કહ્યું : ''તેને કાગળ લખો કે દુકાળમાં તેને કામ આવે એટલે અમે તુવેર તેને માટે જ લેવરાવી હતી. દાગીના કાંઈ આ દુકાળમાં ખવાય નહીં અને આજ તો નાણાં આપતાંય દાણો મળતો નથી. માટે તુવેર તમારી છે તે તમે વાપરજો. તે આપી તેના બદલામાં બીજું અનાજ જેમ જોઈએ તેમ લેજો !''

મહારાજ જીવાખાચરના દરબારમાં

જીવાખાચરની વિનંતી સાંભળી મહારાજ તેમના દરબારમાં રહેવા ગયા હતા. અહીં પણ ગુપ્તવાસ જ હતો. પરંતુ અહીં આવ્યા પછી બે-ત્રણ દિવસમાં જ મહારાજને ખૂબ મંદવાડ આવી ગયો. શરીર અશક્ત થઈ ગયું. જીવાખાચરને ચિંતા થવા લાગી. મહારાજ ગુપ્તવાસ સેવે છે એટલે કોઈને વાત કહેવાય નહિ, છતાં જો કાંઈ મહારાજને થાય તો દોષનો ટોપલો તેમને માથે આવે. તેમણે મહારાજને પ્રાર્થના કરી. મહારાજે કહ્યું : ''બાપુ ! એભલ બાપુ તથા તેમના કુમાર પ્રત્યેની તમારી એવી ભાવનાને લીધે તમારે માથે દોષનો ટોપલો આવે પણ ખરો. પરંતુ એવું કાંઈ બનવાનું નથી. હજુ અમારે દાદાનાં ઘણાં કામ કરવાનાં છે.''

જીવાખાચરથી આ શબ્દો સહન ન થયા. છતાં મનમાં સમસમીને બેસી રહ્યા.

એકાએક મહારાજે કહ્યું : "અમારે દિશાએ જવું છે."

તરત જ જીવાખાચરે મહારાજને પથારીમાંથી ઊઠાડ્યા. પોતાના બે પસાયતા પાસે મહારાજને ટેકો દેવરાવ્યો અને મહારાજને રસોડામાં લઈ ગયા. અહીં ચૂલો બતાવીને કહ્યું : "મહારાજ ! અહીં ચૂલા ઉપર બેસી દિશાએ જાઓ."

મહારાજે એકદમ કહ્યું : "જીવાખાચર ! અહીં ન બેસાય. બીજી જગ્યા બતાવો."

પણ જીવાખાચરે કહ્યું : "મહારાજ ! આપને અશક્તિ ઘણી જ છે. બીજી જગ્યાએ જઈ શકાશે નહીં. અને અહીં તો અમે સાફ કરીને પછી લીંપી નાખશું."

મહારાજને થયું કે જીવાખાચરના અંતરમાં પોતાના પ્રત્યે ભક્તિ તો છે પરંતુ એભલ બાપુ તથા દાદા પ્રત્યેની ઈર્ષ્યા અને તેમનો ગરાસ પડાવી લેવાનો લોભ તેમની ભક્તિને શોભવા દેતા નથી. ત્રણ-ચાર દિવસે મહારાજને શરીરે આરામ થયો એટલે પાછા દાદાના દરબારમાં પધાર્યા.

ગઢડાથી મહારાજે નીકળવાનો વિચાર કર્યો. રાત્રે નીકળી ગયા અને ઝીંઝાવદરમાં અલૈયાને ત્યાં પધાર્યા. અગાઉ મહારાજે અલૈયાખાચરને કહ્યું હતું કે "તમારે ત્યાં સંતો આવશે. તે આજુબાજુનાં ગામોમાં ભિક્ષા માંગી આવશે. તેમાંથી તેમના પૂરતું રાખીને બાકીનું તમને આપશે. તમો તેમાંથી ગરીબ-ગુરબાનું પોષણ કરજો." પરંતુ તેને તેમ કરવામાં નાનપ લાગી. મહારાજની આજ્ઞા તેણે માની નહીં.

મહારાજ અલૈયાખાચરને મુકતાનંદ સ્વામી કરતાં પણ વિશેષ માન આપતા. પરંતુ જેમ જેમ તેના માનનું પોષણ થતું ગયું, તેમ તેમ તેને પોતાની મોટપનું જાણપણું વિશેષ રહેવા લાગ્યું. મોટપ મળવાથી માન વધે છે. પછી ભગવાન સાથે પણ સમભાવ થઈ જાય છે.

અલૈયાખાચરની મોટપ

શ્રીહરિ તેને ત્યાં પધાર્યા. પરંતુ હવે તેના અંતરમાં તેને શ્રીહરિ સાથે સમાનતા મનાવા લાગી. એટલે ફક્ત દેખાવ પૂરતો તેણે આનંદ બતાવ્યો. આ વખતે મુકુન્દવર્ણી સાથે હતા. તે અલૈયાનું મન પારખી ગયા. તેમણે ખાનગીમાં અલૈયાખાચરને ઠપકો આપ્યો : "તમને તો મહારાજ સપ્તર્ષિ કહી માન આપે છે છતાં મહારાજ સાથે કેમ માન રાખો છો ?"

"મહારાજને મારી ગણતરી નથી, મને તેમણે બરોબર ઓળખ્યો નથી. મને સપ્તર્ષિમાં ગણ્યો ખરો પણ ત્રીજો ! દાદાખાચર પહેલા, સુરાખાચર બીજા. તે બંને તો ગૃહસ્થી છે. બૈરાં-છોકરાં ને વહેવાર છે તે પહેલા, બીજા અને હું બ્રહ્મચર્યનિષ્ઠ ત્રીજો ?" અલૈયાએ વરાળ કાઢી.

મહારાજ આ સાંભળી ગયા. મહારાજે કહ્યું : "અલૈયા ! તમારી તોલે સુરાખાચર આવે નહીં. તમે તો નૈષ્ઠિક બ્રહ્મચારી ! વળી વાળાક દેશમાં ફર્યા અને કેટલો સત્સંગ કરાવ્યો ! ત્યાગીના જેવા ધર્મ પાળો છો, સ્વરૂપાનંદ સ્વામીના મંડળમાં પણ ઘણું ફરો છો, માટે તમારી તોલે તો કોઈ આવે નહીં."

આ સાંભળી અલૈયાખાચરનું માન પોષાયું. તેણે ઉપરથી હાથ જોડ્યા અને કહ્યું : "મહારાજ ! મારી આટલી બધી મોટપ તમે જાણો છો તેની મને ખબર નહીં."

મુકુન્દવર્ણીને અલૈયાખાચરની સ્થિતિનો ખ્યાલ આવી ગયો. તેને લાગ્યું કે મોલને જ્યારે ડૂંડાં બેસે ત્યારપછી મોલ વધે નહીં. તેમ અલૈયાખાચરમાં ભગવાનપણાની મોટપે ઘર કર્યું છે. હવે સત્સંગમાં તેનાં વળતાં પાણી છે.

પરંતુ અલૈયાના ભાઈ જેઠસુરખાચર ખરેખરા ભક્ત હતા. અલૈયાખાચરે તેની બધી જમીન, જાગીર જેઠસુરને આપી દીધી હતી. પોતાનો કાંઈ ભાગ રાખ્યો ન હતો. તોપણ તે અલૈયાની સારી બરદાસ્ત રાખતા. મહારાજની સેવા કરવા માટે અલૈયાખાચર જે કાંઈ માગતા તે આપતા, બીજાને કાંઈ આપતા નહીં. વસતિમાં દારૂ, માટી, અફીણ કે ગાંજો પેસવા દેતા નહીં. ચોરનો ભારે દંડ કરતા. પરસ્ત્રીને મા, બહેન અને દીકરી સમાન ગણતા. આમ, સત્સંગની રીત તેમણે રાખી હતી અને તે રીતે રાજ્ય કરતા હતા.

મહારાજ ઝીંઝાવદરમાં ઝાઝું રહ્યા નહીં અને ત્યાંથી નીકળી કારિયાણી વસ્તાખાચરને ત્યાં પધાર્યા. મુકુન્દવર્ણી અને નાજા જોગિયા બંને સાથે હતા. મહારાજ જ્યાં જ્યાં પધારતા ત્યાં એક ઓરડામાં એકાંતવાસ સેવતા, ઘણુંખરું ધ્યાનાવસ્થામાં રહેતા એટલે કોઈ મહારાજ પાસે જતું નહિ. મુકુન્દવર્ણી મહારાજને નવરાવવા તથા જમાડવાની સેવા પૂરતા જ સાથે રહી શકતા. નાજા જોગિયા ઘોડી સાચવતા અને મહારાજ જ્યારે આજ્ઞા કરતા ત્યારે ઘોડી ઉપર પલાણ નાખી સજ્જ કરી મહારાજ પાસે લાવતા. ફક્ત આટલો વખત જ તેમને મહારાજનાં દર્શન થતાં.

મહારાજ વસ્તાખાચરના ઉત્તરાદા બારના ઓરડામાં ઊતર્યા હતા. ત્યાં

ઘણુંખરું ધ્યાનમાં જ બેસી રહેતા. વસ્તાખાચરે થાળ તૈયાર કરાવ્યો હતો. એટલે મુકુન્દ બ્રહ્મચારી બધી તૈયારી કરીને મહારાજના ઓરડામાં જોવા ગયા. મહારાજ ધ્યાનમાંથી જાગ્રત થયા હતા. તે જોઈ તેમણે મહારાજને ધીરેથી કહ્યું : "મહારાજ ! થાળ તૈયાર છે."

મહારાજ તરત જ ઊઠ્યા. હાથ-પગ ધોઈ પાટલા ઉપર બિરાજ્યા. સામે બાજોઠ ઉપર થાળ મૂક્યો હતો. મહારાજ જમવાની તૈયારી કરતા હતા ત્યાં ડેલીનાં કમાડ કોઈકે ખખડાવ્યાં. મહારાજે કહ્યું : "જુઓ, તપાસ કરો કોણ છે ?"

એ ભાદરાવાળા સાધુને ઝટ અમારી પાસે લઈ આવો

નાજા જોગિયા તરત જ ઊઠ્યા. તેમણે ડેલીનાં કમાડ ઉઘાડ્યાં અને ગુણાતીતાનંદ સ્વામીને જોયા. તેમણે તરત જ નાક ઉપર આંગળી મૂકી સમસ્યા કરી કે કાંઈ બોલશો નહીં. પછી ધીરેથી પૂછ્યું : "હરજી ઠક્કરે ખબર આપ્યા હતા ?"

સ્વામીએ ધીરેથી કહ્યું : "હા, ત્યારે તો અહીં આવ્યા, નહીં તો કચ્છમાં જવાના હતા."

નાજા જોગિયાએ કહ્યું : "અહીં ઊભા રહો, મહારાજને ખબર આપું. મહારાજ આજ્ઞા કરે તો આવજો." સ્વામી તથા તેમની સાથે સુરતથી આવેલા ગોદડિયા શાંતાનંદ ત્યાં જ ઊભા રહ્યા.

મહારાજને નાજા જોગિયાએ ખબર આપ્યા કે "સુરતથી મુક્તાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને મોકલ્યા છે."

તે સાંભળી મહારાજે કહ્યું : "ઝટ જાઓ. એ ભાદરાવાળા સાધુને અમારી પાસે લઈ આવો. અમારે તેમને જમાડવા જોશે."

તરત જ નાજા જોગિયા ડેલીએ ગયા. ત્યાં નીચી દૃષ્ટિ કરીને 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ભજન કરતા સ્વામીને જોઈ નાજા જોગિયાએ તેમને કહ્યું : "ઝટ ચાલો, મહારાજ તમને બોલાવે છે."

સ્વામી તથા તેમની સાથેના શાંતાનંદ સ્વામી બંને મહારાજ પાસે ગયા. મહારાજને તેઓ દંડવત્ કરવા લાગ્યા. મહારાજ એકદમ ઊભા થઈ ગયા અને બોલ્યા : "રાખો." પછી મહારાજે તેમને પૂછ્યું : "ગામમાંથી આવ્યા છો કે પનવાડેથી ?"

ત્યારે સ્વામીએ કહ્યું : "મહારાજ ! પનવાડેથી આવ્યા છીએ."

આ સાંભળી મહારાજ બહુ જ રાજી થયા. પછી થાળ તૈયાર હતો તે મહારાજ જમવા લાગ્યા. સ્વામી તથા તેમની સાથેના શાંતાનંદ મહારાજનાં દર્શન કરતા હતા. મહારાજ જમતાં જમતાં સુરતના સમાચાર પૂછતા હતા. મુક્તાનંદ સ્વામી તથા અન્ય સંતોની કુશળતા પૂછતા હતા. ત્યાં કાળનો વેગ કેવો છે તે પણ મહારાજે પૂછ્યું.

સ્વામીએ સૌના કુશળ સમાચાર આપ્યા. સુરતના હરિભક્તોના ભક્તિભાવની વાતો કરી, સંતો પ્રત્યેની તેમની સેવાભાવનાની વાતો કરી. પછી બોલ્યા : "મહારાજ ! સુરતના હરિભક્તોએ અથાણાંની ત્રણ મોટી બરણીઓ આપને માટે મોકલી છે તેમજ મુક્તાનંદ સ્વામીએ 'સતીગીતા'નું પુસ્તક તૈયાર કર્યું છે તે પણ પ્રસાદીનું કરવા મોકલ્યું છે. તથા આપને માટે એક સાદડી મોકલી છે."

એ સાંભળી મહારાજે પૂછ્યું : "એ બધું ક્યાં છે ?"

એટલે સ્વામીએ કહ્યું : "નાજાભાઈને બધું આપ્યું છે."

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "ઓહો, ત્યારે તો નાજા સાથે સંતલસ કરીને જ તમે અહીં આવ્યા છો." સ્વામી પણ આ સાંભળી હસ્યા. બ્રહ્મચારી તરત જ અથાણાંની બરણીઓ લાવ્યા અને મહારાજને અથાણું પીરસ્યું. મહારાજ તે જોઈ રાજી થયા. પછી કહ્યું : "બીજું વિશેષ કાંઈ કહ્યું છે ?"

એટલે સ્વામીએ કહ્યું : "હા, મહારાજ ! દરેક હરિભક્તે કહ્યું છે કે અમારા વતી મહારાજને ભેટજો."

મહારાજ જમતા હતા. પ્રસાદી આ બે સંતોને આપતા હતા. અથાણાંના સ્વાદનાં વખાણ પણ કરતા હતા. એટલામાં બ્રહ્મચારીએ મહારાજને બરફી પીરસી. મહારાજ તે જોઈ બોલ્યા : "સુરતી બરફી લાગે છે." તેમાંથી થોડી જમીને મહારાજે બાકીની પ્રસાદી સ્વામીને આપી દીધી.

મહારાજ જમી રહ્યા, ચળું કર્યું અને પછી ઊભા થઈને બોલ્યા : "ચાલો, સુરતના હરિભક્તોને મળીએ." એમ કહીને સ્વામીને કહ્યું : "તમે એક એક હરિભક્તનાં નામ લેતા જાઓ અને આપણે મળીએ."

સ્વામી પણ ઊભા થયા. સુરતના હરિભક્તોનાં એક એકનાં નામ સ્વામી લે અને મહારાજ તેમના વતી સ્વામીને ભેટે. હરિભક્તોનાં નામ લેતાં લેતાં બાવીસ નામ થયાં અને મહારાજ બાવીસ વખત સ્વામીને ભેટ્યા. પછી સ્વામીને થયું. મહારાજ હમણાં જ જમીને ઊભા થયા છે એટલે બહુ વાર ભેટશે તો કષ્ટ

પડશે. તેથી સ્વામી નામ લેતા બંધ થયા.

તમને એક વાર ભેટતાં કઠણ પડે છે

પછી શાંતાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! હું પણ સ્વામીની સાથે આ અથાણાંની બરણીઓ ઉપાડીને આવ્યો છું. માટે મને પણ એ લાભ આપો."

મહારાજે તરત જ તેમને કહ્યું : "સાધુરામ ! તમે તો મનસ્વી રીતે વર્ત્યા છો. મુક્તાનંદ સ્વામીને તમે કહ્યું હતું ને કે હા પાડશો તોપણ જઈશ અને ના પાડશો તોપણ જઈશ ?"

આ સાંભળી શાંતાનંદ ઝંખવાણા પડી ગયા. પછી સ્વામીએ કહ્યું : "મહારાજ ! રસ્તામાં આ સાધુએ બરણીઓ ઉપાડવાની અને બીજી ઘણી સેવા કરી છે માટે તેમને ભેટો તો સારું."

એટલે મહારાજે કહ્યું : "આ ગુણાતીતાનંદ સ્વામીને બાવીસ વાર ભેટતાં કઠણ ન પડ્યું અને તમને આ એક વાર ભેટતાં કઠણ પડે છે. વચન લોપનાર ઉપર અમને હેત થતું નથી." તે સાધુએ પછી મહારાજનાં ચરણ પકડી માફી માગી. મહારાજ તેમના ઉપર પ્રસન્ન થયા.

મહારાજે સ્વામીને પાછા સુરત જવા આજ્ઞા આપી અને કહ્યું : "અમે કાલે ગઢડે જઈએ છીએ. પણ આ વાત ફક્ત મુક્તાનંદ સ્વામીને કહેજો. બીજા કોઈને પણ કહેશો નહીં."

સ્વામી તરત જ શાંતાનંદ સ્વામી સાથે સુરત જવા નીકળી ગયા.

મહારાજે વસ્તાખાચરને કહ્યું : "અમે રાત્રે ગઢડે જવાના છીએ. ત્યાં ગુપ્ત રહેશું. પછી ત્યાંથી પણ કોઈ ન જાણે તેમ નીકળી જઈને જ્યાં વસમો કાળ હશે ત્યાં જઈશું. હરિભક્તોની રક્ષા કરવી પડે. તેમની ભેગા બીજાનું પણ ભલું થઈ જશે. તમારે ત્યાં કાઠી ભાયાતો આવે કે બીજા કોઈ કાઠીઓ આવે તો તેમને રાખજો, અનાજ આપજો અને કાળ પસાર કરાવી દેજો. તમારી કોઠીમાં દાણા ખૂટશે નહીં."

વસ્તાખાચરે પૂછ્યું : "મહારાજ ! ભાયાતો આવે કે સત્સંગી કાઠીઓ આવે તેને તો રાખીએ પણ બીજા કાઠીઓનું આવા કપરા કાળમાં કેમ પોસાણ થાય ?"

મહારાજે તરત જ કહ્યું : "વસ્તાખાચર ! બીજાને નહીં પોષો તો ચોરી કરશે, લૂંટ કરશે. જ્યાં અનાજના ભંડાર પડ્યા હશે, સદાવ્રતો ચાલતાં હશે તે બધું લૂંટી જશે. માંડ માંડ કાઠિયાવાડમાં કાઠીઓને ચોરી કરતાં અટકાવ્યા છે,

પણ જો તેમને ખાવાનું નહીં મળે તો ફરી એ ચાળે ચડી જશે.''

વસ્તાખાચર સમજી ગયા. મહારાજને ગમે તેમ કરીને અનિષ્ટો અને અનિષ્ટ કરવાના સ્વભાવ દૂર કરવા હતા.

મોડી રાત્રે મહારાજ ગઢડે પધાર્યા એટલે કોઈને ખબર પડી નહીં. બીજી જ રાત્રે કોઈને કહ્યા સિવાય ગઢડાથી મહારાજ નીકળી ગયા.

योगक्षेमं वहाम्यहम्

ત્રીજી રાત્રે મહારાજ મેથાણ પહોંચ્યા. ત્યાં તળાવ ઉપર બિરાજમાન થયા. ત્યાંથી નીકળતા ગામના એક જણને મહારાજે કહ્યું : ''તમે ગામમાં જાઓ તો દેવશંકર અને કૃષ્ણજીને કહેજો કે તમારા વહાલા સગા આવ્યા છે અને તળાવની પાળે તમારી રાહ જોતા બેઠા છે.''

દેવશંકર અને કૃષ્ણજીને આ ખબર મળ્યા એટલે તેમણે વિચાર કર્યો કે આપણા વહાલા સગા તો મહારાજ છે, તે તો પધાર્યા નહીં હોય ને ! એમ વિચારી એકદમ દોડ્યા. તળાવની પાળ ઉપર મહારાજ એકલા બિરાજમાન થયા હતા. બંને વિપ્રો મહારાજ પાસે આવ્યા. મહારાજનો પહેરવેશ, છૂટા વાળ, કચ્છી ટોપી વગેરેથી મહારાજ ઝટ ઓળખાય તેવા ન હતા. પરંતુ આ બંનેએ મહારાજને ઓળખી લીધા અને પગમાં પડી ગયા. પગ પકડીને દેવશંકરે કહ્યું : ''મહારાજ ! કૃપાનાથ ! આપ એકલા, આ ટાણે ?''

''હા, આ ટાણે એકલા જ આવ્યા છીએ. તમારી સૌની ભાળ કાઢવા આવ્યા છીએ. આ મહાકાળમાં ટકવું મુશ્કેલ છે પણ મારા ભક્તોની રક્ષા માટે જ હું આ રીતે વિચરું છું.''

આ સાંભળી બંનેની આંખમાં આંસુ આવી ગયાં. ''આપ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ અમારા જેવા અલ્પ જીવો માટે આટલું કષ્ટ વેઠો છો ? કોઈ ખેપિયો મોકલી દીધો હોત તોપણ આપને અમારી ખબર મળી જાત.'' તેમણે ગદ્ગદ કંઠે કહ્યું.

''દેવશંકર, કૃષ્ણજી ! મારા ભક્તોના સુખદુ:ખના સમાચાર હું ખેપિયા દ્વારા મગાવું ? મારા ભક્તોને આ કઠણ કાળમાં મારા સિવાય બીજો આશરો નથી, અખંડ મારું ભજન કર્યા કરે છે અને હું પલંગમાં પોઢી રહું ? તેમની અરજી સાંભળવા, તેમનું કષ્ટ નિવારણ કરવા માટે મારે જાતે આવવું પડે તો જ તેમને શાંતિ થાય અને મને પણ શાંતિ થાય.'' મહારાજની વાણીમાં ભક્તો પ્રત્યેની

કરુણાના ભાવ દેખાતા હતા. બંને વિપ્રોને સાંભર્યું ભગવાનનું બિરુદ છે – योगक्षेमं वहाम्यहम् । ભગવાન સ્વયં ભક્તોનો ભાર વહે છે. પછી મહારાજે તેમને કહ્યું : "જો ગુપ્ત રહેવાનું સ્થળ હોય તો અમે આવીએ."

એટલે કૃષ્ણજીએ કહ્યું : "મહારાજ ! મારા ઘરની બાજુમાં એક ઘર છે તે ખાલી છે. તેનો ધણી પરગામ ગયો છે ત્યાં ઉતારો થશે અને કોઈને ખબર પણ નહીં પડે."

"તો ચાલો." એમ કહી મહારાજ ઊઠ્યા.

બંને ભાઈઓએ મહારાજને રાત્રે જમાડ્યા, પોઢવા સારુ પલંગ પાથરી દીધો. મહારાજ પલંગ ઉપર બિરાજ્યા. પછી બંને ભાઈઓને પૂછ્યું : "તમે આ દુકાળમાં દુઃખના દા'ડા કેમ કાઢો છો ? તમે તો બ્રાહ્મણ છો. બ્રાહ્મણોએ ભિક્ષા માગવા જતાં શરમાવું ન જોઈએ. માટે કાલે અમારી આજ્ઞાથી ભિક્ષા માગી આવજો." એટલું કહી મહારાજ પોઢી ગયા.

સવારે બંને ભાઈઓ મહારાજની આજ્ઞા પ્રમાણે ભિક્ષા માટે નીકળ્યા. જતાં જતાં દેવશંકરે તેની સ્ત્રીને કહ્યું : "જુઓ, મહારાજને નહાવા માટે ગરમ પાણી કરી દે'જો. પણ જો જમવાનું માગે તો ટાઢો રોટલો પડ્યો છે તે આપશો નહીં. અમે ભિક્ષા માગીને આવશું પછી હાથે રસોઈ બનાવી મહારાજને જમાડીશું." એટલું કહી બંને ભાઈઓ ખડિયો લઈને નીકળી ગયા.

અમે શીકે આંબી જાત

મહારાજ ઊઠ્યા, દાતણ કર્યું. પછી બહિર્ભૂમિ જઈ આવી સ્નાન માટે પાણી માગ્યું. દેવશંકરની સ્ત્રીએ તાંબાકૂંડીમાં મહારાજને ગરમ પાણી કાઢી આપ્યું. મહારાજે સ્નાન કરી લીધું. વસ્ત્રો પહેરી કહ્યું : "અમને ભૂખ લાગી છે તે કાંઈ ખાવાનું હોય તો લાવો."

ત્યારે તે સ્ત્રીએ કહ્યું : "મહારાજ ! ખાવાનું તો ઘરમાં કાંઈ નથી. હમણાં તમારા ભક્તો ભિક્ષા માગીને આવશે પછી તેઓ જાતે રસોઈ કરીને આપને જમાડશે."

એટલે મહારાજે કહ્યું : "ગૃહસ્થના ઘરમાં કાંઈક તો ખાવાનું હોય. તમારે ત્યાં શીકામાં રોટલો ઢાંક્યો છે તે લાવો. મરચાનું અથાણું પણ છે તે પણ આપજો."

દેવશંકરની સ્ત્રીને આ સાંભળી આશ્ચર્ય થયું. તેને લાગ્યું કે મહારાજને ક્યાંથી ખબર પડી કે શીકામાં રોટલો ઢાંક્યો છે અને ઘરમાં મરચાનું અથાણું

પડ્યું છે ! તેણે તરત જ રોટલો તથા અથાણું મહારાજને આપ્યાં.

મહારાજ રોટલો અને અથાણું જમવા લાગ્યા. તે વખતે દેવશંકર તથા કૃષ્ણજી બંને ભાઈઓ ભિક્ષા માગીને આવ્યા. દેવશંકરે મહારાજને રોટલો જમતા જોયા એટલે તેણે તેની સ્ત્રીને કહ્યું : "મેં ના નો'તી કહી કે મહારાજ ખાવાનું માગે તોપણ ન આપવું ? અમે આવીને ભિક્ષામાંથી રસોઈ બનાવી જમાડીશું."

ત્યારે તેની સ્ત્રીએ કહ્યું : "મહારાજ તો બધું દેખે છે. મેં તો ના કહી કે ઘરમાં કાંઈ નથી, પણ તેમણે કહ્યું કે શીકામાં રોટલો ઢાંક્યો છે અને મરચાનું અથાણું પણ છે માટે આપો. મેં જો ન આપ્યું હોત તો તેઓ પોતે તે લઈને જમત."

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે દેવશંકરને કહ્યું : "તમારાં બૈરાં તો બહુ ડાહ્યાં છે. તેમણે જાતે શીકામાંથી ઉતારી આપ્યું, નહીંતર અમે શીકે આંબી જાત." દેવશંકર અને કૃષ્ણજી પણ આ સાંભળી ખૂબ હસ્યા.

પછી તેમણે ભિક્ષામાંથી આવેલી સામગ્રીમાંથી લાડુ બનાવ્યા ને મહારાજને સારી રીતે જમાડ્યા. જમ્યા પછી મહારાજે બંને વિપ્રોને પૂછ્યું : "ગામના દરબાર કાકાભાઈ તથા પૂજાભાઈનું કેમ ચાલે છે ?"

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! અન્નના વાખા પડ્યા છે. દરબારમાં બધા જ અનાજ વગર ટળવળે છે. કોણ જાણે કેટલાય અપવાસ થયા હશે ! પણ દરબાર રહ્યા એટલે બહાર તો હાથ લાંબો થાય નહીં."

મહારાજ આ સાંભળી ચપટી વગાડતા 'હરિ હરિ' એમ બોલવા લાગ્યા. પછી તેમણે કહ્યું : "અમે બંનેને કહ્યું હતું કે ઘરવખરી વેચીને પણ અનાજનો સંગ્રહ કરજો; પણ તેમને અમારા વચનમાં વિશ્વાસ ન આવ્યો ને મૂળજી શેઠનો વિશ્વાસ આવ્યો. હવે તેમને અહીં બોલાવો. પણ જો જો કોઈને ખબર ન પડે તેમ સંદેશો મોકલજો."

પૂજાભાઈના દરબારમાં

પૂજાભાઈ તથા કાકાભાઈને સંદેશો મળ્યો એટલે તેઓ હરખાતાં હરખાતાં રાત્રે આવ્યા. મહારાજના પગમાં પડી ગયા અને ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યા. મહારાજે તેમને છાના રાખ્યા. પછી કહ્યું : "અમે તો તમને અગાઉથી કહ્યું હતું પણ તમે અમારું માન્યું નહીં એટલે આ દુઃખ આવ્યું. પણ હવે બધું કષ્ટ મટી જશે."

પછી પૂજાભાઈએ કહ્યું : "મહારાજ ! દરબારમાં પધારો."

મહારાજે કહ્યું : "દરબારમાં તો આવીએ પણ ગુપ્ત રહેવાય તેવું હોય તો આવીએ."

એટલે તેમણે કહ્યું : "મહારાજ ! કોઈને ખબર પડવા નહીં દઈએ. પણ એક ખવાસની છોડી છે તે કદાચ વાત બહાર પાડે. પણ તેને ડારો દઈશું એટલે બોલશે નહીં."

મહારાજ તેમનો ભાવ જોઈ તેમના દરબારમાં જવા માટે ઊઠ્યા. ઊઠતાં ઊઠતાં દેવશંકર અને કૃષ્ણજીને કહ્યું : "તમારે ભિક્ષામાં જે સામગ્રી આવે તે આ દરબારને ખબર ન પડે તેમ તેમને ત્યાં મોકલી આપજો."

મહારાજ તેમના દરબારમાં પધાર્યા. રાત્રે તો પોઢી ગયા. સવાર થયું એટલે નિત્યકર્મથી પરવારીને મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા. તે વખતે દરબારના બે કુંવરો હાલાભાઈ તથા બહાદરજી મહારાજ પાસે આવ્યા. મહારાજને બંને પગે લાગ્યા. એટલામાં દરબાર પણ આવ્યા. મહારાજે નારાયણ ધૂન્ય કરાવી. પણ બહાદરજી બોલ્યા નહીં. તેથી મહારાજે કહ્યું : "આ હાલાજી આગળ જતાં ભક્ત થાશે અને બહાદરજીને સંસારમાં આસક્તિ છે તેથી આ માર્ગે ચાલશે નહીં." એમ કહીને મહારાજે હાલાજીને ટોપરાની પ્રસાદી આપી.

આથી બહાદરજીને ખોટું લાગ્યું. તે એકદમ બહાર ગયો અને લીમડા ઉપર ચડ્યો. એટલે કાકાભાઈએ કહ્યું : "ત્યાં કેમ ચડ્યો ?"

ત્યારે તેણે રીસમાં ને રીસમાં કહ્યું : "આ મહારાજ અહીં છાના રહેવા આવ્યા છે ને ! તે હવે આહીંથી હું તેમને છતરાયા કરીશ."

કાકાભાઈને ધ્રાસકો પડ્યો. તેણે તેમને સમજાવીને નીચે ઉતાર્યો. મહારાજ પાસે લઈ આવ્યા. મહારાજે તેણે ટોપરાની પ્રસાદી આપી રાજી કર્યો.

બંને વિપ્ર બંધુઓ મહારાજની આજ્ઞા પ્રમાણે સામગ્રી આપી ગયા. દરબારમાં આજે નવીન ભાત્યની રસોઈ થઈ અને મહારાજ માટે થાળ આવ્યો. તે જોઈ પૂજાભાઈને તથા કાકાભાઈને આશ્ચર્ય થયું. તેમણે તપાસ કરી એટલે મહારાજે કહ્યું : "ભગવાન પધારે એટલે સિદ્ધિઓ ભેળી જ હોય. આજથી હવે તમારું કષ્ટ ગયું."

ગઢપુરમાં આપના વિના બધા ટળવળે છે

મહારાજ જમીને ઊઠ્યા ત્યાં નાજા જોગિયાને જોયા. મહારાજે કહ્યું :

"નાજા ! તું ક્યાંથી ? કેમ ખબર પડી કે અમે આંહીં છીએ ?"

નાજા જોગિયાએ કહ્યું : "મહારાજ ! ગઢપુરમાં આપના વિના બધા ટળવળે છે. કોઈએ અનાજનો દાણો મોમાં મૂક્યો નથી. આમ, એકાએક કોઈને કહ્યા વિના નીકળી ગયા એટલે બધાને ખૂબ ચિંતા થાય છે."

"પણ અમે આંહીં છીએ એવી ક્યાંથી ખબર પડી ?" મહારાજે પૂછ્યું.

"જયાબાને તો આપ જાણો છો ને ! ત્રણે અવસ્થામાં આપને દેખે છે. તેમણે કહ્યું કે મેથાણ બાજુ જાઓ ત્યાં મહારાજ કદાચ હશે. એટલે અહીં આવ્યો. અહીં આ ખવાસની છોડી પાણી ભરવા તળાવે આવી હતી તેને પૂછ્યું. ત્યારે તે હસી એટલે હું સમજી ગયો."

મહારાજે કહ્યું : "હલકી જાત હોય તેના પેટમાં વાત ટકે નહીં. પણ હવે ગઢડા જાવું પડશે."

આ સાંભળી પૂજાભાઈ તથા કાકાભાઈ દિલગીર થઈ ગયા. તેમનું દુઃખ જોઈ મહારાજે તેમને કહ્યું : "તમે જેતલપુર જાવ. ત્યાં રામદાસ સ્વામીને મળજો. તમોને તેઓ બાજરી અપાવશે. તે લઈને અહીં લાવી કોઠીમાં નાંખી દેજો. કોઠી માથેથી છાંદી દેજો અને સાણેથી દાણા કાઢજો. તે દાણા વેચશો એટલે બીજી જોઈતી વસ્તુઓ પણ તમને મળી રહેશે. દુષ્કાળનું વર્ષ પસાર થઈ જશે."

આગલી રાત્રે જીવુબાને લક્ષ્મીજીએ દર્શન દીધાં હતાં અને આશીર્વાદ આપ્યા હતા. મહારાજે પણ તેમને આશીર્વાદ આપ્યા. આથી, દુષ્કાળનું વર્ષ નીકળી જશે તેવી પ્રતીતિ તેમના અંતરમાં થઈ.

મહારાજ બીજે જ દિવસે ગઢપુર જવા નીકળી ગયા.

કપરા કાળમાં અજોડ સુહૃદભાવ

પૂજાભાઈ તથા કાકાભાઈ બંને જેતલપુર ગયા. રામદાસ સ્વામીને મળ્યા. પરંતુ રામદાસ સ્વામીએ કહ્યું : "થોડા મોડા પડ્યા. અહીંના હરિભક્તો પાસે જે અન્ન હતું તે તેમણે કેટલુંક હરિભક્તો લેવા આવ્યા હતા તેમને આપી દીધું અને કેટલુંક વેચી નાખ્યું." પછી થોડી વાર વિચાર કરીને બોલ્યા : "પણ તમને મહારાજે મોકલ્યા છે માટે હરિભક્તોને બોલાવીએ અને કાંઈક ઉપાય કરીએ."

રામદાસ સ્વામીએ હરિભક્તોને બોલાવ્યા. તેમને કહ્યું : "આ મેથાણના દરબારો છે. મહારાજ તેમને ત્યાં હમણાં જ રહી આવ્યા અને તેમને અનાજ માટે અહીં મોકલ્યા છે. માટે દરેક હરિભક્ત એક એક મણ અનાજ આપો !"

સ્વામીની આજ્ઞા અને મહારાજની મરજી જાણી સૌ હરિભક્તો પોતાને ઘેરથી એક એક મણ અનાજ લઈ આવ્યા. મહારાજે બે બેડિયા અનાજ લાવવાનું કહ્યું હતું તે હરિભક્તોએ પૂરું કરી દીધું. દરબારોએ તેની રકમ ચૂકવી દેવા કહ્યું. ત્યારે હરિભક્તોએ કહ્યું : "મહારાજની આજ્ઞાથી આવ્યા છો એટલે નાણાં તો લેવાય જ નહીં. વળી, તમે પણ મહારાજના ભક્ત છો તો આવા વિષમ દેશકાળમાં અમે આટલી મદદ ન કરીએ તો અમારું ભક્તપણું લાજે."

જેતલપુરના હરિભક્તોનો આવો ભાવ જોઈ પૂજાભાઈ તથા કાકાભાઈની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તેમણે કહ્યું : "અમારે ત્યાં એક વણિક આવ્યો હતો તેણે વાત કરી હતી કે ઠેઠ જૂનાગઢ સુધી તે ફરી આવ્યો પણ સોનું દેતાંય ક્યાંય અનાજ મળતું ન હતું. આવો કારમો દુકાળ અત્યારે પ્રવર્તે છે. જ્યારે તમે અમને એમ ને એમ આટલું બધું અનાજ કાઢી આપ્યું !"

તે સાંભળી રામદાસ સ્વામીએ કહ્યું : "બાપુ ! મહારાજની કૃપાથી આજે તમામ ભક્તોમાં આવો સુહૃદભાવ પ્રવર્તે છે. માટે તમે કાંઈ સંકોચ રાખશો નહીં."

હરિભક્તોનાં ચરણની રજ માથે ચડાવી પૂજાભાઈ તથા કાકાભાઈ અનાજના બે બેડિયા ગાડામાં ભરી ત્યાંથી મેથાણ જવા નીકળી ગયા.

મહારાજ પંચાળામાં

મેથાણથી નીકળી મહારાજે રસ્તામાં નાજા જોગિયાને કહ્યું : "તમે ગઢપુર પહોંચી ત્યાંના વાસીઓને ખબર આપો કે અમે આવીએ છીએ. અમે વચ્ચે એક-બે ગામે ફરી ત્યાંના હરિભક્તોને મળી ગઢપુર આવીએ છીએ !"

નાજા ભક્તને આજ્ઞા થઈ એટલે તેમણે ઘોડીનું ચોકડું મરડ્યું અને ગઢડાનો મારગ લીધો. મહારાજ પણ ત્યાંથી બીજે ગામ જવાનું નામ લઈને સીધા પંચાળા પધાર્યા.

દરબાર ઝીણાભાઈ મહારાજ પધાર્યા એટલે અત્યંત રાજી થયા. તેમનાં માતુશ્રી ગંગામા તથા બહેન અદીબાને પણ આનંદ થયો. જમનાવડથી દાદાભાઈને પણ તેડાવ્યા. પણ મહારાજે તરત જ કહ્યું : "બહુ ગોકીરો કરશો નહીં. અમે તો ગુપ્ત રહેવા આવ્યા છીએ."

ઝીણાભાઈ સમજી ગયા પણ અંતરમાં તેમને આનંદ થયો કે મહારાજ આપણે ત્યાં હવે રોકાશે ખરા. મહારાજે તેમને પૂછ્યું : "ઝીણાભાઈ ! દેશકાળ કેમ છે ?"

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! આપની દયાથી કાંઈ વાંધો નથી. આપે જારની ખાણ નખાવી છે એટલે જે જે આવે છે તેમને જાર આપીએ છીએ. આપે અગાઉથી સૂચન કર્યું તેથી આજુબાજુનાં ગામના ઘણા લોકોને અહીંથી પોષણ મળી રહે છે. આપની દયાથી કાળના કારમા મોઢામાંથી ઘણા બચી ગયા છે." મહારાજ આ સાંભળી રાજી થયા.

મહારાજ પંચાળા પધાર્યા છે તે સમાચાર મળતાં આજુબાજુનાં ગામોમાંથી હરિભક્તો આવવા લાગ્યા. ઉપલેટાથી નથુ બારિયો તથા અન્ય હરિભક્તો પણ તૈયાર થઈ ગયા. નથુ બારિયે વેરાભાઈને ઘેર જઈને કહ્યું : "વેરાભાઈ ! મહારાજ પંચાળા બિરાજે છે. અમે સૌ દર્શને જઈએ છીએ તો તમેય ચાલો."

વેરાભાઈ નીચું મોઢું રાખી આ સાંભળી રહ્યા. બે ઘડી તો તેમને થયું કે કયે મોઢે મહારાજ પાસે જવું. તેમની આજ્ઞા પાળી નહીં એટલે કાળમાં ઘોડા તથા ઢોર મરી ગયાં. ઘરવખરી વેચી પણ અનાજ નાણાં દેતાંય મળતું ન હતું. તેથી ભૂખનું દુઃખ વેઠ્યું. છતાં તેમને થયું : 'મહારાજ તો દયાળુ છે, મારા ગુના માફ કરશે.' તે તરત જ તૈયાર થઈ ગયા.

ઉપલેટાના હરિભક્તો પંચાળા આવ્યા છે તે સાંભળી મહારાજે પૂછ્યું : "વેરાભાઈ આવ્યા છે ?"

એટલે તેમણે કહ્યું : "હા મહારાજ ! વેરાભાઈ પણ આવ્યા છે."

સૌની પાછળ ઊભેલા દારિદ્ર્યની મૂર્તિ સમા વેરાભાઈ ચીંથરેહાલ દશામાં મહારાજ પાસે આવ્યા. મહારાજના પગમાં પડી ગયા અને ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યા : "મહારાજ ! મારો અપરાધ ક્ષમા કરો. મેં અમારા જાતિસ્વભાવના તોરમાં આપની આજ્ઞા પાળી નહીં એટલે મને દુઃખ આવ્યું છે."

મહારાજે તેમને વાંસે હાથ ફેરવ્યો. પછી બોલ્યા : "વેરાભાઈ ! મનુષ્યનો સ્વભાવ જ એ પ્રકારનો હોય છે. અમે અમારા સ્વભાવ પ્રમાણે તમને સૌને આજ્ઞા કરી. તમે એ આજ્ઞાની મહત્તા ન સમજ્યા અને તમારા સ્વભાવ પ્રમાણે વર્ત્યા. પણ હવે તમારું દુઃખ બધું જાતું રહેશે. ચિંતા કરશો નહીં." એમ કહી તેમને આશીર્વાદ આપ્યા.

મહારાજે દરબાર ઝીણાભાઈને ખાનગીમાં બોલાવીને વેરાભાઈને વસ્ત્ર, દાણા તથા થોડી રોકડ રકમ આપવાની ભલામણ કરી. એક ઘોડી પણ અપાવી.

મહારાજ પંચાળામાં થોડા દિવસ રહ્યા. ફાગણનો ફૂલદોલ પાસે આવતો હતો. વળી, ગઢપુરના હરિભક્તો પણ પોતાના વિરહમાં ઝૂરતા હશે. તેથી

મહારાજે ગઢપુર જવાનો સંકલ્પ કર્યો. મહારાજે દરબારને કહ્યું : "તમે પણ ઉત્સવ ઉપર આવજો. ગઢપુરમાં ઉત્સવ કરી પાછા જજો." ઝીણાભાઈ તૈયાર જ હતા.

મહારાજ પંચાળાથી નીકળ્યા પણ તેમને તેમના અક્ષરબ્રહ્મધામ ગુણાતીતાનંદ સ્વામીનું ભાદરા સાંભર્યું. ત્યાંના ભક્તોની પરિસ્થિતિ કેવી હશે ? તે જોવા મનોમન તેમણે વિચાર કરી લીધો. રાત્રે જ એકલા નીકળી ગયા.

વશરામ સુથારે મહારાજને પાણી ન આપ્યું

મહારાજ ભાદરા પધાર્યા. નખ કેશ વધાર્યા હતા. માથે પીળી કચ્છી ટોપી પહેરી હતી. ધોતિયાનો કચ્છ વાળ્યો હતો. મહારાજ સીધા જ વશરામ સુથારના ખેતરે પધાર્યા. બપોરનો તડકો ધોમ તપતો હતો. મહારાજ વશરામ સુથાર પાસે ગયા અને પીવા માટે પાણી માગ્યું. વશરામ મહારાજને ઓળખી શક્યા નહીં. તેથી તેમણે કહ્યું : "બાવાજી ! અત્યારે તો પાણીનોય કાળ છે. અહીં મારી પાસે પાણી થોડું છે. સાંજ સુધી ખેતર સાચવવા રહેવાનું એટલે ફક્ત મને ચાલે એટલું જ પાણી છે. માટે તમે ગામમાં જાઓ."

મહારાજ આ સાંભળી હસ્યા ને ત્યાંથી નીકળી ગયા. મહારાજ ગામમાં સીધા વશરામ સુથારને ઘેર પધાર્યા. તેની સ્ત્રીને પણ ઓળખાણ ન પડી. પણ પછી ધારી ધારીને જોયું ત્યારે ખબર પડી કે મહારાજ જેવો અણસાર લાગે છે. તેણે છેડો માથે ઓઢી પગે લાગીને પૂછ્યું : "મહારાજ તો નહીં !"

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "હા, એ જ. પણ તમારા ધણી અમને ન ઓળખી શક્યા." પછી તેણે મહારાજને પાણી આપ્યું. રસોઈ ચોખ્ખી બનાવી. મહારાજ જમ્યા.

સાંજે વશરામ સુથાર ઘેર આવ્યા ત્યારે તેણે ખેતરમાં આવેલા બાવાજીને અહીં દીઠા. તેને ઝાળ લાગી ગઈ. મહારાજે હસતાં હસતાં તેમને કહ્યું : "વશરામભાઈ ! તમે તો અમને પાણી પણ ન આપ્યું, પણ અહીં અમને પાણી પણ મળ્યું અને જમવાનું પણ મળ્યું."

વશરામ ચોંક્યા. મહારાજનો અવાજ ? તેમણે પૂછ્યું : "મહારાજ !"

"હા, અમે જ. આ દુકાળમાં તમારા દેશકાળ કેમ છે તે જોવા આવ્યા છીએ."

વશરામ તરત જ મહારાજનાં ચરણમાં પડી ગયા : "મહારાજ ! અપરાધ થઈ ગયો. આપને ઓળખી ન શક્યો."

"ન ઓળખાવા માટે તો આવો વેશ ધારણ કર્યો છે." મહારાજે હસતાં હસતાં કહ્યું. પછી દરેક હરિભક્તના દેશકાળ પૂછ્યા.

વશરામભાઈએ કહ્યું : "મહારાજ ! આપની દયાથી સારું છે. કાળના ઓછાયા અહીં પડ્યા નથી."

મહારાજ રાજી થયા અને રાત્રે ગઢડા જવા નીકળી ગયા.[૪૪]

શ્રીહરિ ગઢપુરમાં

ગઢપુરના વિરહી ભક્તોને મહારાજનાં એકાએક દર્શન થયાં તેથી ગાંડાઘેલા થઈ ગયા. વિરહના દુ:ખથી તો વ્યસ્ત હતા જ, તેમાં એકાએક દર્શનનું સુખ મળ્યું એટલે ઉન્માદ વ્યાપી ગયો. મહારાજનાં દર્શન અને સેવા જ જેમણે પોતાનું જીવન માન્યું છે એવા આ ભક્તોને મહારાજ એકાએક એકલા ચાલ્યા ગયા એટલે દુ:ખ તો થયું જ. વળી, નાજા જોગિયા સાથે મહારાજ નીકળ્યા અને તેમને પણ મૂકીને એકલા ચાલી નીકળ્યા. તેથી આ ભક્તોના અંતરમાં બીક હતી કે મહારાજનો કાંઈ અપરાધ થઈ ગયો હશે ! નહીં તો મહારાજ આમ એકલા ઓચિંતા તો ન જ ચાલ્યા જાય. પરંતુ મહારાજ પધાર્યા એટલે સૌના જીવમાં જીવ આવ્યો ! હવે તો ઉત્તમકુમાર પણ સમજણા થઈ ગયા હતા. તેમને મહારાજ પ્રત્યે અપાર પ્રેમ હતો. મહારાજ તેમને લાડ લડાવતા, ક્ષણે ક્ષણે તેમનું ધ્યાન રાખતા. મહારાજના પોતા પ્રત્યેના આ પ્રેમથી ઉત્તમકુમારને પણ મહારાજનો વિરહ અસહ્ય થઈ પડ્યો હતો. મહારાજ પધાર્યા અને પ્રથમ ઉત્તમકુમારને પકડી તેમને ભેટી પડ્યા.

પ્રેમથી પ્રેમ પોષાય છે

તેમણે મહારાજને પૂછ્યું : "મહારાજ ! તમે અમને મૂકીને ક્યાં ચાલ્યા ગયા હતા ?"

મહારાજે તેમને માથે હાથ ફેરવતાં કહ્યું : "દાદા ! હું તને મૂકીને ક્યાંઈ જઈ શકું નહીં. જ્યાં જાઉં છું ત્યાં મને તારો સાદ સંભળાય છે. લાડુબા, જીવુબાનો પ્રેમ મને કોઈ ઠેકાણે ટકવા દેતો નથી. એભલ બાપુ, સૂરપ્રભાદેવી, સોમાદેવી,

---

૪૪. શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર; પૂર્વાર્ધ (અ.૧૨). કર્તા : સદ્. માધવદાસજી (મહારાજના સમકાલીન), સંપાદક અને પ્રકાશક : રમણલાલ અંબાલાલ ભટ્ટ (લુણાવાડા) સં. ૨૦૧૦.

સોમબા ફુઈ અને આ તારો દરબાર, આ લીંબડો આ બધું મારા જીવમાં જડાઈ ગયું છે. એટલે વળી વળીને પાછા ગઢડે જ આવવાનું મન થાય છે.''

મહારાજના આ શબ્દો બધા સાંભળતા હતા. અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ – જેમની મહામોટા મુનિઓને પણ ઝાંખી થઈ નથી, હજારો વર્ષના તપને અંતે પણ જેમને આ પરાત્પર સ્વરૂપનાં દર્શન દુર્લભ રહ્યાં છે, તે પુરુષોત્તમ નારાયણના અંતરમાં આજે ગઢપુરવાસીઓ જડાઈ ગયા છે એ કાંઈ જેવી તેવી કૃપા ન કહેવાય ! મહારાજના શબ્દોએ સૌનાં હૈયાં વીંધી નાખ્યાં.

લાડુબા, જીવુબાએ કહ્યું : ''મહારાજ ! આપના પ્રેમે જ અમારા અંતરના પ્રેમને જગાડ્યો છે.''

મહારાજે તેમના તરફ દૃષ્ટિ કરી કહ્યું : ''પ્રેમથી જ પ્રેમ પોષાય છે. તમારા અંતરમાં જો એવો અપાર્થિવ પ્રેમ છે તો અમારું અંતર તમારા પ્રત્યે ખેંચાય છે.''

મહારાજનો ઉતારો વ્યવસ્થિત કરી દીધો. એકલા ઝૂરતા બ્રહ્મચારી પણ મહારાજ પધાર્યા એટલે સોળે કળાના થઈ ગયા. તેઓ પણ સેવામાં જોડાઈ ગયા.

પછી મહારાજે બાપુ એભલખાચર તથા લાડુબા, જીવુબાને બોલાવ્યાં અને કહ્યું : ''આપણે અહીં ફૂલદોલનો ઉત્સવ કરવો છે. ઘણા દા'ડા ગુપ્ત રહ્યા, હવે તો સંતો-હરિભક્તોને બોલાવીને તેમને આનંદ કરાવવો છે. માટે ગામોગામ પત્રો લખી દ્યો, ખેપિયા મોકલી દ્યો. સંતોને ઘણા તાવ્યા, તેમાં વળી આ કાળ આવ્યો અને સંતોને ખટરસનાં વર્તમાન આપ્યાં. અમારા અર્થે, અમને રાજી કરવા સંતોએ ઘણું ઘણું સહન કર્યું. પણ હવે આ ફાગણના ફૂલદોલમાં સંતોને તેડાવી રંગોત્સવ કરીએ, તેમને ભક્તિના રંગે રંગી દઈએ, જમાડીએ, તૃપ્ત કરી દઈએ.''

મહારાજની વાણીમાં સંતો પ્રત્યે કેવળ પ્રેમ ન હતો પણ ભક્તિ હતી. બાપુ એભલખાચર તથા સંબંધીજનો આ રહસ્ય સમજી ગયા. તેમણે નક્કી કરી દીધું મહારાજને રાજી કરી દેવા.

મહારાજનો સંદેશો મળ્યો અને સંતો આવવા લાગ્યા. મહારાજને પણ સંદેશો મળ્યો કે સંતો આવી રહ્યા છે. તેથી તેમણે નાજા જોગિયાને કહ્યું : ''ઘોડી તૈયાર કરો. સંતોની સામા જવું છે.''

દાદાખાચરને, એભલખાચરને, નાગમાલને, જીવાખાચરને તમામ દરબારોને પણ તૈયાર કર્યા. મહારાજ ચાલ્યા. કુંડળ સુધી આવ્યા અને સામે સંતો આવતા દેખાયા. મહારાજ સંતોને જોઈ એકદમ આનંદમાં આવી ગયા અને બોલી ઊઠ્યા : ''બાપુ ! જુઓ, સંતો આવે છે. દાદા ! જો જો, સંતો આવે છે.''

મહારાજ તરત જ ઘોડી ઉપરથી ઊતરી ગયા અને સંતોને દંડવત્ કરવા લાગ્યા. સંતોએ આ જોયું અને તે સામા દોડ્યા. મહારાજનાં ચરણમાં પડી ગયા. મહારાજને સૌ સંતો દંડવત્ કરતા હતા. મહારાજ એક એક સંતને ઊભા કરીને ખૂબ પ્રેમથી ભેટ્યા. ઘણા સમયના વિરહ પછી મહારાજના આ દિવ્ય આશ્લેષથી સંતોનાં હૈયાં ચૈત્ર-વૈશાખની ધગેલ ધરતીને જેમ પાણી મળે તેમ પ્રેમભીનાં થઈ ગયાં. મહારાજના પ્રેમે જ સૌને પ્રેમાન્વિત કરી દીધા. સૌ અશ્રુપૂર્ણ નયને મહારાજનાં નિર્નિમેષ દર્શન કરી રહ્યા.

અમારું મસ્તક તમને નમી પડે છે

મહારાજે તેમને કહ્યું : "સંતો ! તમારો અમારા પ્રત્યેનો પ્રેમ જોઈ અમારું અંતર દ્રવી જાય છે. તમે દેશદેશમાં ફર્યા; અપમાન, તિરસ્કાર, માર સહન કર્યાં; છતાં અમારું સ્વરૂપ ઓળખાવવામાં, અમારા આદેશનું પ્રસારણ કરવામા તમે પાછા ન પડ્યા. તમને અમે અનેક પ્રકારે તાવ્યા; આકરા વ્રતો આપ્યાં; ખાવામાં ભિક્ષામાં આવેલ નિઃસત્ત્વ પાશેર અન્નનો ગોળો જ કેવળ આપ્યો; ટાઢ, તડકો, વરસાદ સહન કરાવ્યાં; છતાં તમારો અમારા પ્રત્યેનો પ્રેમ અણનમ રહ્યો. તમારી આ દૃઢતા જોઈ અમારું મસ્તક તમને નમી પડે છે. તમારાં ચરણની ધૂળ લેવા તત્પર બની જાય છે. સંતો ! શું કહું ? ભારતભરમાં આજે લાખો સંતો છે પણ તમે સાધુતાની અનેરી છાપ પાડી છે. સાધુતાના આદર્શને તમે ઉન્નત કર્યો છે. તમારી સાધુતાથી સ્વામિનારાયણીય સંતો સમગ્ર ભારતનું ગૌરવ બનશે, આદર્શ બનશે."

મહારાજ બોલતા હતા, તેમના હૈયામાંથી સંતોની સાધુતાનું સત્ત્વ ઘુંટાઈ ઘુંટાઈને બહાર આવતું હતું. આ પરબ્રહ્મના શબ્દો હતા. મિથ્યા પ્રલાપ ન હતો !

સૌ સંતોને મહારાજ કુંડળમાં જ મામૈયા પટગરના દરબારમાં લઈ આવ્યા. સૌના સમાચાર પૂછ્યા. સંતોને ખટરસનાં વ્રત હતાં તેથી મીઠા વગરની થૂલી તૈયાર કરવા મહારાજે કહ્યું. આ સાંભળી મામૈયા પટગરે મહારાજના ખોળામાં પોતાની પાઘ નાખીને કહ્યું : "કૃપાનાથ ! આ સંતોના દુર્બળ દેહ દેખીને હવે કાંઈક તો દયા કરો. રસકસ વગરનું લગભગ દોઢ વરસથી જમે છે, તેથી સૌનાં શરીર અશક્ત થઈ ગયાં છે. કાળ બીજે ગમે ત્યાં હશે પણ અમારે ત્યાં નથી. અમારે ત્યાં તો સંતોનો દુકાળ હતો તે આજ ટળ્યો. હવે આપ અમને તેમની સેવા કરવાનો લાભ આપો."

મામૈયા પટગરના આ શબ્દો સાંભળી મહારાજે સૌ સંતોને કહ્યું : "સંતો ! આજથી ખટરસનાં વ્રત હવે બંધ કરો અને બધું જ જમો."

તે સાંભળી સંતોએ કહ્યું : "મહારાજ ! આપની ત્યાગની જ રુચિ છે. આપની એ રુચિ પ્રમાણે વર્તતાં અમારાં અંગ પણ આપની કૃપાથી એવાં બંધાઈ ગયાં છે કે હવે રસકસ ગળા હેઠળ ઊતરશે નહીં. તેની ઈચ્છા જ અમને થતી નથી."

સંતોનો ત્યાગ અને તપનો ઈશક જોઈ મહારાજ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "તમે ત્યાગનો અન્ત લીધો છે. આવું કોઈ વર્તી શકે નહીં. માટે આજથી અમારી આજ્ઞાથી આ નિયમનો ત્યાગ કરો અને હરિભક્તો ભાવથી જે આપે તે બધું અંગીકાર કરો."

કોઈ દેખતા હો તો મારી સતાર લાવો

ત્યાં બ્રહ્માનંદ સ્વામી બેઠા હતા. તેઓ એકાએક બોલ્યા : "કોઈ દેખતા હો તો મારી સતાર લાવો. આજે તો મહારાજને કીર્તન કરી રીઝવીએ."

આ સાંભળી મહારાજે પૂછ્યું : "આ બ્રહ્માનંદ સ્વામી આમ કેમ બોલે છે ?"

એટલે એક સંતે કહ્યું : "મહારાજ ! રસકસ વગરના ભોજનથી કેટલાક સંતો રતાંધળા થયા છે. સાંજ પડે એટલે દેખતા નથી."

એટલે મહાનુભાવાનંદ સ્વામી બોલ્યા : "મહારાજ ! બીજા સંતો કદાચ રાત્રે નહીં દેખતા હોય પરંતુ મારા મંડળના સંતો તો દેખે છે !"

એટલે મહારાજે તરત પૂછ્યું : "તમે ખટરસના નિયમ નથી રાખ્યા ?"

"મહારાજ ! ખટરસના નિયમ તો અમે પણ રાખ્યા છે. પરંતુ અમે ડભાણમાં રહેતા. ત્યાંના હરિભક્તો અમને બડેલાની ભાજી રોજ ખવરાવતા જેથી રતાંધળાપણું કદી ન આવે." મહાનુભાવાનંદ સ્વામીએ ખુલાસો કર્યો. પરંતુ મહારાજ બ્રહ્માનંદ સ્વામીના શબ્દોનો મર્મ સમજી ગયા.

સંતોની ભક્તિથી મહારાજની આંખો ભીની થઈ ગઈ. તેમણે સંતોને કહ્યું : "હવે હમણાં ક્યાંઈ જશો નહીં. અહીં હરિભક્તો રસોઈ આપશે. તમને સૌને અમારે ખૂબ જમાડવા છે."

મહારાજની આ વાણી ત્યાં બેઠેલા સૌએ સાંભળી. સંતોની સેવા કરવાનો આ અવસર આવ્યો છે એટલે દરરોજ જુદા જુદા હરિભક્તો રસોઈ આપવા લાગ્યા. સંતો મિષ્ટ ભોજન મેળાવીને તેમાં પાણી નાખી જમતા. કેટલાક

ધારણા-પારણાનાં વ્રત કરતા તો કેટલાક ચાંદ્રાયણ વ્રત પણ કરતા. મહારાજ રોજ સંતોને લઈને ઉતાવળી નદીએ નહાવા પધારતા. ત્યાં સંતોને યોગ શિખવાડતા. કુંડળમાં મહારાજ સંતો ઉપર અઢળક ઢળ્યા !

અમારા પિંડની બ્રહ્માંડ સાથે એકતા છે

મામૈયા પટગરનાં માતુશ્રી રાઈબા મહારાજનો આ વરવો વેશ જોઈ બોલ્યાં : "કૃપાનાથ ! આપે આ શું ધાર્યું છે ? માથે આ લાંબા કેશ રાખ્યા છે, દાઢી-મૂછ વધાર્યાં છે, નખ વધાર્યા છે, રુદ્રાક્ષનો પારો ધારણ કર્યો છે. આવો તપસ્વીનો વેશ તમે રાખશો તો લોકો કેમ સુખી થશે ? લોકોને અન્ન-વસ્ત્રે સુખી કરવા હોય તો તમારે શોભાયમાન વસ્ત્રો ધારણ કરવાં જોઈએ, રસકસ જમવા જોઈએ."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "રાઈબા ! તમે ઠીક કહો છો. અમારા પિંડને અને બ્રહ્માંડને એકતા છે તેથી અમે ઉદાસી રહીએ તો બ્રહ્માંડમાંથી ઉદાસીનતા ટળે નહીં, અમે આવા વરવા વેશ ધારીએ તો લોકોને પહેરવા વસ્ત્ર ન મળે, અમે જેવું તેવું ખાઈએ તો લોકોને ખાવા ન મળે. આ તો મારા સંતોને ભેખે દુઃખ દીધું, ભાગવતધર્મની સ્થાપનામાં તેમણે વિઘ્નો નાખ્યાં તેથી કાળને અમે નોતર્યો હતો. કાળે કાળનું કામ કરી લીધું છે. હવે પરિસ્થિતિ પલટાઈ જશે."

રાઈબાની ઇચ્છાથી મહારાજે બીજે દિવસે કેશ ઉતરાવ્યા. તપસ્વીનો વેશ છોડ્યો. રુદ્રાક્ષનો પારો પણ કાઢ્યો અને સર્વ વૈષ્ણવી ચિહ્નો ધારણ કર્યાં. સંતોને પણ એ પ્રમાણે આજ્ઞા કરી.

મહારાજે કુંડળમાં સંતોને ખટરસના નિયમનો ત્યાગ કરાવ્યો. તપસીનો વરવો વેશ પણ છોડાવ્યો, રુદ્રાક્ષનો પારો કઢાવી તુલસીની કંઠી ધારણ કરાવી. શિવનાં ચિહ્નો મુકાવી વૈષ્ણવી ચિહ્નો રાખવાની આજ્ઞા કરી. કુંડળમાં ઓગણોતેરા કાળના ઝપાટાને મહારાજે રોક્યો અને સમગ્ર દેશમાં હવે દેશકાળ સારા થાય એવા સંકલ્પ કર્યા.

દાદાખાચરના દરબારમાં રંગોત્સવ : આ.સં. ૧૮૬૯

બીજે દિવસે મહારાજ કુંડળથી સંઘ સાથે નીકળી કારિયાણી પધાર્યા. ત્યાં વસ્તાખાચરના દરબારમાં ઊતર્યા. વસ્તાખાચરે પણ મહારાજ અને સંતોની

સરભરાનો લાભ લીધો. હોળીનો ઉત્સવ આવતો હોવાથી મહારાજ રાત્રે જ ત્યાંથી નીકળી અને ગઢપુર પધાર્યા. જીવાખાચરનો આગ્રહ હોવાથી મહારાજ સીધા તેના દરબારમાં પધાર્યા.

હોળીના દિવસે જીવાખાચરે રસોઈ આપી. મહારાજે સંતોને સારી રીતે જમાડ્યા. સંતોને જમાડતાં મહારાજને ખૂબ આનંદ થયો.

ફૂલદોલનો ઉત્સવ મહારાજે દાદાખાચરના દરબારમાં કરવા નક્કી કર્યું. ત્યાં ચોકમાં મહારાજને ઝુલાવવા સુંદર હિંડોળો બાંધીને તૈયાર કર્યો હતો. રંગ રમવા માટે બાપુ એભલખાચરે કેસર, કેસૂડો વગેરેના રંગ ઘોળાવી માટલાં, ગોળા, ગોળિયું, કડાયાં વગેરે ભર્યાં. અબીર અને ગુલાલના પણ ગંજ ખડક્યા.

આ બધો સરંજામ જોઈ મહારાજ પ્રસન્ન થઈ ગયા. મહારાજ ઉત્સવપ્રિય હતા. તેમના ભક્તોને પણ તેમણે ઉત્સવપ્રિય બનાવી દીધા હતા. આ ઉત્સવોમાં ઇન્દ્રિયોના પંચવિષય પ્રત્યેના રાગ પોષવાના ન હતા, પરંતુ ભગવાન સાથેના સંબંધને દૃઢ કરવા માટે ભક્તિના સ્વાંગ સજવાના હતા. મહારાજે સંતોને કહ્યું : "અમને પંદર-વીસ સખાઓ આપો. તમારે પણ સામે પંદર-વીસ જણાએ જ રમવાનું તો રંગ રમવાનો આનંદ આવે."

મહારાજ સાથે સંતો આવ્યા, સામે હરિભક્તો અને પાર્ષદો. મહારાજે હેમની પિચકારી હાથમાં લીધી અને તેમણે જ રંગ રમવાની શરૂઆત કરી. રંગની પિચકારીઓમાંથી રંગ રેડાવા લાગ્યો. અબીર અને ગુલાલના ગોટેગોટા ઊડવા લાગ્યા. ઢોલ અને નગારાના ઘોષ થવા લાગ્યા. ઝાંઝ-પખવાજ પણ ભક્તો વગાડવા લાગ્યા. દાદાના દરબારમાં રંગોત્સવની ધૂમ મચી. મહારાજનાં સર્વ શ્વેત વસ્ત્રો રંગાઈ ગયાં, ભીનાં થઈ ગયાં. સખા સર્વે એકબીજા ઉપર રંગ અને ગુલાલ છાંટતા બથોબથ આવી ગયા. પુરુષોત્તમ નારાયણ સાથેના આ રંગોત્સવનાં દર્શન કરવા આકાશમાં દેવો આવ્યા. તેમણે પણ કેસર અને ચંદનનાં છાંટણાં કર્યાં, પુષ્પો વેર્યાં. પૃથ્વી પરના મનુષ્યોના ભાગ્યની તેઓ ઈર્ષા કરવા લાગ્યા. તેમણે પ્રાર્થના કરી : "હે પ્રભુ ! અમારાં જો કાંઈ પુણ્ય બાકી રહ્યાં હોય, તો તેના ફળરૂપે અમને પૃથ્વી ઉપર મનુષ્ય-જન્મ આપજો. જેથી અમને આપનો સંબંધ થાય."

રંગ રમતાં બપોર વીતી ગઈ. સૂર્યની છાયા નમી એટલે મહારાજે તાળી પાડી. સૌ સ્થંભ્યા. મહારાજે કહ્યું : "ઉત્સવમાં ઓટ ન હોય, ભરતી જ હોય. સૌ થાકશો તો ઓટ આવશે. માટે ચાલો જળક્રીડા ઉત્સવમાં !" એમ કહીને

મહારાજે નાજા જોગિયા સામું જોયું, તે તરત જ સમજી ગયા. મહારાજની માણકી તેણે તૈયાર જ રાખી હતી. નાજા જોગિયા મહારાજની મરજી સમજી જતા. તેથી તે હંમેશાં તૈયાર જ રહેતા. મહારાજ પણ તેના ઉપર પ્રસન્ન હતા.

ઉન્મત્ત ગંગાએ સ્નાન કરવા સંઘ ઊપડ્યો. ત્યાં પણ કીર્તન-ઉત્સવ, જળક્રીડા ઉત્સવ ! મહારાજે બધાંને ઉત્સવમાં તરબોળ કરી દીધાં. મહારાજ સ્નાન કરી બહાર નીકળ્યા અને બ્રહ્મચારી હાથમાં રૂમાલ લઈને તૈયાર ઊભા હતા. મહારાજનું શરીર તેમણે લૂછ્યું. જરિયાની વસ્ત્રો મહારાજને પહેરવા આપ્યાં. મહારાજે પૂછ્યું : "આ જરિયાની વસ્ત્રો કેમ લાવ્યા ? સાદાં લાવવાં હતાં ને ?"

એટલે બ્રહ્મચારીએ કહ્યું : "હજુ હિંડોળ ઝુલાવવા છે. ઉત્સવ ક્યાં પૂરો થયો છે ? તેની તો હેલી ચડી છે. સુરતી હરિભકતો દરેક ઉત્સવે નવાં નવાં વસ્ત્રો લાવે છે. આપ તે પહેરો અને તેઓ દર્શન કરે એવું ઇચ્છે છે તો એમના કોડ પૂરા ન કરવા ?"

મહારાજ સાંભળી રહ્યા. તેમને લાગ્યું કે તેમના કરતાં બ્રહ્મચારીને ભક્તોના ભાવને બહેલાવવાની વધુ પડી છે.

મહારાજ દાદાખાચરના દરબારમાં પધાર્યા. અહીં ભક્તોએ પુષ્પદોલ ઉપર મહારાજને પધરાવ્યા. મહારાજને પણ ફૂલના શણગારથી શણગારી દીધા. સૌએ મહારાજને ઝુલાવ્યા. મહારાજની દરેક ક્રિયાનાં દર્શન, દરેક પ્રસંગનાં દર્શન. આ પ્રકારના વેગથી એક ક્ષણ પણ એવી જતી ન હતી કે ભક્તોના અંતરમાં મહારાજની મૂર્તિ સિવાય બીજું ટકી શકે ! યોગની આ પરાકાષ્ઠા હતી. અહીં ભક્તોના ચિત્તનો મહારાજની મૂર્તિમાં લય થતો હતો !

ગઢપુરમાં અજ્ઞાતવાસ

બીજે દિવસે મહારાજ ત્યાંથી કારિયાણી પધાર્યા. અહીં એક દિવસ રોકાયા. ત્યાંથી કુંડળ પધાર્યા. મામૈયા પટગરને ફરી લાભ આપ્યો. જીવનના સરી જતા કાળમાં આવી દિવ્ય ક્ષણો જ તે કાળને સ્થગિત કરી અંતરમાં દિવ્ય સ્મૃતિ કોતરી દે છે. બાકીના જીવનનો તો કાળ કોળિયો કરી જાય છે. મહારાજે અહીંથી સંતમંડળને ગુજરાત જવા આજ્ઞા આપી. રામદાસ સ્વામીને આજ્ઞા કરી : "તમે સર્વ દેશમાં ફરતા રહેજો અને હરિભક્તોનું ધ્યાન રાખજો." પછી પોતે પાછા ગઢપુર પધાર્યા. મહારાજ સાથે થોડા સંતો હતા.

વરસાદ ન થાય ત્યાં સુધી કાળની બીક લોકોના અંતરમાંથી જાય નહીં.

મહારાજે કાળના વહેણને વાળવા ઇચ્છા કરી હતી. પણ આષાઢ આવે ત્યારે ઇંદ્ર વરસે ને ? મહારાજ ગઢપુરમાં જ રહ્યા. કાઠિયાવાડમાં જ્યાં જ્યાં કૂવામાં પાણી હતું ત્યાં ખેડૂતોએ કોશ જોડી ઘઉં કર્યા હતા. ગુજરાતમાં પણ એવી ખેતી હતી. દક્ષિણ ગુજરાતમાં પરિસ્થિતિ કાંઈક સારી હતી. આ બધું છતાં અનાજની અછત જ હતી. જેની પાસે થોડું પણ વધારાનું અનાજ હતું તે તેઓ વેચતા નહીં. આવતું વરસ કેવું જાશે તેની તેમને ચિંતા હતી. વળી, ચોર અને લૂંટારાઓની પણ તેમને બીક હતી. એટલે દાણાનાં દર્શન તો કોઈને થતાં જ નહીં. મારવાડમાં સાત વરસથી દુકાળ હતો તેથી ત્યાંના લોકો ગુજરાત, કાઠિયાવાડમાં ઊતરી આવ્યા હતા. કેટલાક ગુજરાન માટે, કેટલાક ભીખ માગવા અને કેટલાક ચોરી પણ કરવા ! તેથી લોકો વધારે પડતા સજાગ હતા. પરંતુ જ્યાં મહારાજ બિરાજતા, ત્યાં કાળનો ઓછાયો દેખાતો નહીં. દાદાના દરબારમાં અનાજના કોઠારો ભરપૂર હતા, રાત્રી સદાવ્રત ચાલતું અને બીજા પણ અનેક પોષાતા.

ગઢપુરમાં પણ મહારાજે ફરી એ જ પ્રકરણ ચલાવ્યું. પાછો અજ્ઞાતવાસ સ્વીકાર્યો. કેશ વધારવા લાગ્યા. પરંતુ ઉત્સવો આવે ત્યારે પ્રગટ થતા અને હરિભક્તોને સુખ આપતા.

ગુજરાતમાંથી મહાનુભાવાનંદ સ્વામી મહારાજ માટે કેરીઓ મોકલતા અને મહારાજને કહેવરાવતા કે હરિભક્તોએ ભાવથી મોકલી છે માટે જમજો.

શ્રીપુરના હરિભક્તોનો મહારાજ ઉપર પત્ર આવ્યો : "સંતો કેરી જમતા નથી. આપ આજ્ઞા કરો તો જમે. સંતો ન જમે ત્યાં સુધી અમારાથી જમાય નહીં."

મહારાજે પત્ર લખાવ્યો : "હરિભક્તો જે ભાવથી આપે તે અંગીકાર કરવું."

ગઢપુરમાં રામનવમી, નૃસિંહ ચૌદશ, ભીમ એકાદશી વગેરે ઉત્સવો મહારાજે કર્યા. ગુપ્તવાસમાં પ્રાગજી પુરાણી પાસે શ્રીમદ્‌ભાગવત, ભગવદ્‌ગીતા, મહાભારત વગેરે ગ્રંથોની કથા વંચાવતા. મહારાજ સાથે પચાસ જેટલા સંતો રહેતા. તેમાં મુક્તાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, ચિદ્રૂપાનંદ સ્વામી, વ્રજવાસી ભજનાનંદ, વ્યાપકાનંદ, સ્વરૂપાનંદ, પ્રજાનંદ વગેરે મુખ્ય હતા. હરિભક્તો પણ ઘણા હતા. દાદાના દરબારમાં મહારાજની કૃપાથી સૌનું જ્ઞાનામૃતથી અને અમૃતમય ભોજનથી પોષણ થતું.

વૈશાખ ઊતર્યો અને મહારાજે સંતો ઉપર પત્રો લખાવ્યા. આષાઢ સુદ પાંચમે જો વીજળી ન થાય તો પૂર્વ તરફ ફરવા જજો.

આ.સં. ૧૮૭૦ની આષાઢી પાંચમ આવી. વીજળી તો થઈ પણ કોઈના

જોયામાં આવી નહીં એટલે સંતો પૂર્વ તરફ ચાલી નીકળ્યા. રામદાસ સ્વામીએ તેમને કહ્યું : "રસ્તે જતાં જો વરસાદ થાય તો પાછા વળજો."

સંતનું મંડળ આગળ ચાલ્યું. ધરતી ધગતી હતી. ઉપરથી સૂર્યનો પ્રચંડ તાપ પણ ધરતીના રસકસને બાળી રહ્યો હતો. આકાશમાં વાદળાંનું નિશાન દેખાતું ન હતું. બીજા વર્ષે પણ કાળનું તાંડવ થશે એવા ભણકારા વાગી રહ્યા. સંતોને ત્રણ દિવસના ઉપવાસ થયા.

મહારાજે જાણ્યું કે સંતો આગળ જશે તો હેરાન થશે. એટલે વણિકનું સ્વરૂપ લઈ તેમને ડભોઈમાં મળ્યા. શહેરમાં તો દુકાળના માર્યા સંતોનો કોઈ ધડો કરતું નહીં. તેમણે સંતોને કહ્યું : "મારે સંતોને જમાડવાનું વ્રત છે, તો આપને માટે આજે રસોઈ આપવી છે. બ્રાહ્મણ પાસે ચોખ્ખી રસોઈ કરાવીશ."

સંતોને થયું કે કદાચ મહારાજ તો આ સ્વરૂપ લઈને નહીં આવ્યા હોય ? આવા ભયંકર દેશકાળમાં મહારાજ સિવાય આપણને કોણ જમાડે ? સંતો ત્યાં રોકાયા. રસોઈ જમ્યા.

પછી તે વણિક ભક્તે કહ્યું : "મારું નામ દયાળજી છે. તમે ભગવાનના સંત છો તો ભગવાનને પ્રાર્થના કરો તો વરસાદ થાય. વરસાદ વિના માણસો ટળવળે છે. તમે ભગવાનને પ્રાર્થના કરશો તો જરૂર ભગવાન દયા કરશે."

સંતોએ કહ્યું : "અમે ભગવાનને પ્રાર્થના કરીશું. અમારા સ્વામિનારાયણ ભગવાન બહુ દયાળુ છે. જે ભજન કરે તેને માથે કાળ પડવા દેતા નથી."

સંતોએ તે રાત્રે ભજન ખૂબ કર્યું. મહારાજને પ્રાર્થના કરી : "હે મહારાજ ! અમારી આંતરડી આ વણિક શેઠે ઠારી છે તો તેમની અરજી સાંભળજો. તે તો શેઠ છે, તેને તો અન્નનો તોટો નથી પણ લોકો સારુ પ્રાર્થના કરી છે માટે દયા કરજો."

મહારાજે સંતોની અરજી સાંભળી. મહાકાળને હવે સ્થંભાવવો હતો. અધર્મ આચરનારાઓને ભગવાનની શક્તિનો ખ્યાલ આપવો હતો અને તેમને ધર્મને માર્ગે ચડાવવા હતા. મહારાજે શુભ સંકલ્પ કર્યો તે સાકાર બનવા લાગ્યો. તે રાત્રે ખૂબ વરસાદ થયો. નદી-નાળાં ઊભરાઈ ગયાં. તપેલી ધરતી ટાઢી થઈ અને અંદરથી રસકસની સુગંધની મહેંક પથરાવા લાગી. સંતોને રામદાસ સ્વામીનું વચન યાદ આવ્યું : "વરસાદ થાય તો પાછા વળી જજો." તે આજ્ઞા પ્રમાણે તેઓ ત્યાંથી પાછા વડોદરા આવ્યા. રામદાસ સ્વામી ઇંટોલા હતા. તેમને આ સમાચાર મળ્યા, એટલે તેઓ વડોદરા આવ્યા.



ઉદ્‌ગીથ ૧૦

જાળિયામાં શ્રીહરિની મંદવાડ લીલા

(આ.સં. ૧૮૭૦, ઈ.સ. ૧૮૧૩)

ગઢપુરમાં આ.સં. ૧૮૭૦નો કૃષ્ણ-જન્મોત્સવ કર્યો. મહારાજની ઇચ્છાથી વરસાદ દેશમાં સારો થયો. રુદ્રની રૂક્ષતા ઓછી થઈ હતી પરંતુ તેના અંતરની વરાળ હજુ ઉની હતી. મહારાજે ધાર્યું કે રુદ્રને પોતાને વિષે ભક્તિ છે પરંતુ તે ભક્તિના અતિરેકમાં રુદ્રનો પ્રકોપ ભયંકર સંહાર કરશે. તેમણે પોતાની શક્તિથી એ સંહાર અટકાવ્યો પણ આથી રુદ્રનો કોપ શમ્યો નહીં. તેના અંતરમાંથી આવતી ઉની વરાળ વધુ ઉત્પાત ન મચાવે તે માટે મહારાજે તેને પોતાના ઉદરમાં સમાવવાનો વિચાર કર્યો.

આ સંકલ્પ કરી ગઢપુરમાં ઉત્સવો કરી ત્યાંના હરિભક્તોને રાજી કરીને મહારાજ સોરઠમાં વિચરણ કરવા નીકળ્યા. પ્રથમ પંચાળા પધાર્યા. અહીં ઝીણાભાઈના દરબારમાં મહારાજ થોડા દિવસો રહ્યા. પરંતુ મહારાજ અસ્વસ્થ જણાતા હતા. મહારાજની પ્રકૃતિ જલદી સમજી શકાય તેવી ન હતી. તેમની મરજી હોય ત્યારે જ તેમની સાથે વાત કરી શકાય. એટલે ઝીણાભાઈ મહારાજને તેમની અસ્વસ્થતા વિષે કાંઈ પૂછી શક્યા નહીં. મહારાજ પણ મૌન રહ્યા.

અચાનક પંચાળાથી મહારાજ નીકળી ગયા અને માણાવદર પધાર્યા. મયારામ ભટ્ટને મહારાજ પધાર્યા એટલે ખૂબ આનંદ થયો. મહારાજનું શરીર અગણોતેરા કાળમાં ગુપ્ત રહેવાથી, તપ કરવાથી થોડું કૃશ થઈ ગયું હતું. પ્રકૃતિ પણ અસ્વસ્થ હતી. પરંતુ મયારામ ભટ્ટને મહારાજ સાથે સખાભાવ હતો તેથી મહારાજ સાથે વાત કરવામાં તેમને સંકોચ થતો ન હતો. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! અહીંના નવાબ સાહેબ તો આપના ઐશ્વર્યનાં દર્શન કરી ભાવિક બની ગયા છે. તેમની બેગમને આપનાં દર્શન કરવાની ઇચ્છા છે પરંતુ ઓઝલમાં હોવાથી બહાર નીકળી શકતાં નથી."

મહારાજ આ સાંભળી બોલ્યા : "ભલે, આપણે તેને દર્શન દેવા તેમના દરબારગઢ પાસેથી નીકળીશું એટલે તે ઝરૂખામાંથી દર્શન કરી લે. તમે તે પ્રમાણે તેમને કહેવરાવજો !"

ભટ્ટજી આ સાંભળી રાજી થયા. તેઓ તરત જ ત્યાંથી દરબારગઢમાં જવા નીકળ્યા. એટલામાં મહારાજે તેમને બોલાવ્યા : "ભટ્ટજી ! ગામમાં કોઈ સારો મોચી હોય તો બોલાવી લાવજો." આ સાંભળી મયારામ ભટ્ટ પહેલા મોચીને બોલાવી લાવ્યા. મહારાજે તેને પૂછ્યું : "તને જોડા સીવતા આવડે છે ?"

ત્યારે તેણે કહ્યું : "મને તો ઓખાઈ જોડા સીવતા આવડે છે."

મહારાજે કહ્યું : "એવા જોડા અમે પહેર્યા નથી, છતાં તું તૈયાર કરી લાવ." મોચી તરત જ રાજી થતો ગયો.

બીજે દિવસે તે જોડા સીવી લાવ્યો. મહારાજે તે જોઈ કહ્યું : "આવા જોડા અમે કદી પહેર્યા નથી. છતાં તું લાવ્યો છે એટલે તે પહેરીશું." એમ કહી ભટ્ટજીને કહ્યું : "આ જોડાને તેલ પીવડાવો. ચામડું કઠણ છે એટલે એમને એમ પહેરવાથી પગમાં ડંખ પડશે."

મયારામ ભટ્ટે જોડાને તેલ ચોપડાવ્યું. પછી મહારાજ પાસે લાવીને મૂક્યા. મહારાજે તે પહેર્યા અને પછી ત્યાંથી દરબારગઢ જવા નીકળ્યા.

મહારાજ દરબારગઢ પાસે આવી ત્યાં આંટા મારવા લાગ્યા. નવાબ સરકારે ઉપરથી જોયું. તેમને લાગ્યું કે સ્વામિનારાયણ ભગવાન હોય તેમ જણાય છે. તરત જ તે નીચે આવ્યા અને મહારાજને આ પ્રમાણે ત્યાં ફરતા જોઈ હાથ જોડી પૂછ્યું : "ખુદાવિંદ ! આપ અહીં આ શું કરો છો ?"

મહારાજે તેમને જોઈને કહ્યું : "નવાબ સાહેબ ! તમે જેમ તમારા ઘોડાને પહેલા પલોટો અને પછી તેના ઉપર સવારી કરો, તેમ અમે અમારા આ નવા ઓખાઈ જોડાને પલોટીએ છીએ."

આ સાંભળી નવાબ હસ્યા. તેમણે મહારાજનો હાથ પકડી કહ્યું : "આપ દરબારગઢમાં પધારો અમારો ગઢ પાવન થશે."

મહારાજ મયારામ ભટ્ટને લઈને નવાબ સાથે દરબારગઢમાં પધાર્યા.

મહારાજ દરબારગઢમા પધાર્યા એટલે નવાબ સાહેબ ગજેફરખાનજીને ખૂબ આનંદ થયો. મહારાજનું પૂજન બ્રાહ્મણ પાસે કરાવ્યું. મેવા, ફળફળાદિકના થાળ મૂક્યા અને થાળી ભરી રૂપિયા ભેટ મૂક્યા. મહારાજે કહ્યું : "આ રૂપિયા બ્રાહ્મણોને આપી દેજો."

એટલે નવાબ સાહેબે કહ્યું : "મેં તો આપને આપ્યા એટલે આપ હવે તેની જે ગોઠવણ કરવી હોય તે કરજો." મહારાજ નવાબને આશીર્વાદ દઈ ઊઠ્યા.

મહારાજ જાળિયામાં

બીજે દિવસે માણાવદરથી નીકળી મહારાજ જાળિયે પધાર્યા.

આ.સં. ૧૮૭૦નો ભાદરવો ઊતર્યો હતો અને આસો બેઠો હતો. અહીં હીરાભાઈ ઠક્કરને ત્યાં મહારાજ ઊતર્યા. હીરાભાઈ તો મહારાજ પધાર્યા એટલે અત્યંત આનંદમાં આવી ગયા. પરંતુ મહારાજે તેમને કહ્યું : "હીરાભાઈ ! અમારે મંદવાડ ગ્રહણ કરવો છે. તમે જો સેવા કરો તો અમે અહીં રહીએ. અમે બધે ફર્યા પણ કોઈ અમારી રુચિ જાણી શક્યું નહીં એટલે અહીં આવ્યા છીએ."

હીરાભાઈએ કહ્યું : "મહારાજ ! મારાં અહોભાગ્ય કે આપની સેવા મને મળશે. આપ ખુશીથી અહીં બિરાજો."

મહારાજે તરત જ કહ્યું : "અમારે રહેવા માટે એકાંત જગ્યા જોઈશે."

તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! મારું બીજું ઘર બાજુમાં ઉત્તરાભિમુખનું છે. તેની પાછળ વાડો પણ છે તો આપને ત્યાં અનુકૂળ પડશે."

મહારાજ તરત જ ઊઠ્યા અને તે ઘર જોવા પધાર્યા. એકાંત સ્થાનમાં ઘર તથા પાછળ વાડો જોઈ મહારાજ બહુ જ રાજી થયા. તેમણે કહ્યું : "અહીં હવે ઢોલિયો પાથરી દ્યો."

હીરાભાઈને ત્યાં મહારાજ મંદવાડ ગ્રહણ કરે છે

હીરાભાઈએ મહારાજ માટે તમામ સગવડ કરી દીધી. તેમનાં પત્ની પણ સેવામાં તત્પર બની ગયાં. મહારાજ સાથે મુકુંદ બ્રહ્મચારી, નાજા જોગિયા તથા ભગુજી હતા. તે આ લીલા મૂંગે મોઢે જોતા હતા. તેમને વિચાર થયો : "આપણે ગઢપુરથી નીકળીને અહીં સુધી સાથે ફર્યા અને મહારાજની પ્રકૃતિ જરા પણ અસ્વસ્થ નથી છતાં મહારાજે આ શું લીલા આદરી !" તેઓ બધી તૈયારીઓ થતી જોઈ રહ્યા.

એકાએક મહારાજ ઊઠીને ઢોલિયામાં પોઢ્યા અને શરીરમાં જાણે કાળજ્વર વ્યાપ્યો હોય તેમ મહારાજનું આખું શરીર લાલ લાલ થઈ ગયું ! ભગુજીએ મહારાજને કપાળે હાથ મૂક્યો ત્યાં તો ધગેલ લોઢીના જેવું ગરમ મહારાજનું કપાળ તેને લાગ્યું. મહારાજનું આખું અંગ ધ્રૂજતું હતું. મહારાજે

કહ્યું : "શું જોઈ રહ્યા છો ? ગોદડાં ઓઢાડો !"

મહારાજે આવો તીવ્ર જ્વર ગ્રહણ કર્યો તેથી જ બંને પાર્ષદો શૂરવીર હતા છતાં ગભરાઈ ગયા. તેમના મનમાં થયું : આપણે બે જ સાથે છીએ, બીજા કોઈને આ મંદવાડની ખબર નથી અને મહારાજ જો કોઈ અકળ લીલા કરશે તો આખો સત્સંગ આપણા માથે છાણાં થાપશે. તેથી તેમણે ધીરે રહીને મહારાજને પૂછ્યું : "મહારાજ ! મંદવાડના સમાચાર સત્સંગમાં મોટેરા હરિભક્તોને મોકલીએ ?"

આ સાંભળી મહારાજ એકદમ ગુસ્સે થઈ ગયા. તેમણે કહ્યું : "એવા ખબર બધાને આપવાના હોત તો ઠેઠ સોરઠમાં આ વરજાંગ જાળિયામાં આવીને મંદવાડ શું કામ ગ્રહણ કરત ? તમારે સેવામાં રહેવું હોય તો રહો નહીં તો તમેય ચાલવા માંડો !"

જેવો મહારાજનો જ્વર તીવ્ર હતો, તેવો જ મહારાજનો આ પુણ્યપ્રકોપ પણ જલદ હતો. બંને હાથ જોડી ગયા અને કાંઈ બોલી શક્યા નહીં. મુકુન્દ બ્રહ્મચારીએ તેમને ધીરેથી કહ્યું : "હમણાં તેમને વધારે બોલાવવા જેવા નથી."

મંદવાડની તીવ્રતા

ધીરે ધીરે મહારાજને મંદવાડનું જોર વધતું ગયું. અન્નનો ત્યાગ કરી દીધો. આથી, શરીરમાં અશક્તિ ઘણી આવી ગઈ. સેવકો ઉપાડીને સ્નાન કરાવવા લઈ જતા. આ રીતે મહારાજને લગભગ અગિયાર ઉપવાસ થયા. મહારાજના આ તીવ્ર મંદવાડની વાત સત્સંગમાં પ્રસરવા લાગી એટલે મુક્તાનંદ સ્વામી એકદમ તેમના મંડળને જે ગામડાંઓમાં ઉપદેશ અર્થે વિચરણ કરવાનું હતું ત્યાં મોકલીને એક સાધુ સાથે મહારાજને જોવા આવી ગયા. બીજા પણ આજુબાજુનાં ગામનાં ઘણા હરિભક્તો મહારાજને જોવા આવવા લાગ્યા. મહારાજ તેમને જુએ અને તેમના મનમાં થતા સંકલ્પો કહેવા માંડે. કોઈને સારા સંકલ્પો થતા હોય અને કોઈને ભૂંડા સંકલ્પો પણ થતા હોય ! પણ મહારાજ તો જેમ જણાય તેમ કહેવા માંડ્યા, આથી ઘણા ભક્તોને ત્યાં બેસવાનો સંકોચ થવા લાગ્યો. પછી મુક્તાનંદ સ્વામીએ મહારાજને હાથ જોડીને કહ્યું : "કૃપાનાથ ! જીવ તો એવા જ હોય. આ મન માંકડા જેવું હોય છે એટલે ગમે તેમ કૂદાકૂદ કરે, પણ તેમના આચરણમાં સંયમ હોય એટલે સત્સંગી તરીકે તે શોભે. માટે દયાળુ ! આપ જો બધાના સંકલ્પ કહેવા માંડશો તો હરિભક્તોને અહીં આવતાં મૂંઝવણ થશે."

આ સાંભળી મહારાજે સ્વામી સામે જોયું અને કહ્યું : ''એમ છે ? તો હવે અમે નહીં બોલીએ.''

મહારાજની સેવા હીરાભાઈની સ્ત્રી કલુબાઈ તથા સાંગા બાબરિયાની સ્ત્રી રતન, કાંથડ બાબરિયાની સ્ત્રી કુંવરબાઈ, નગા બાબરિયાની સ્ત્રી પરમાબાઈ તેમજ પ્રેમબાઈ સોનારણ તથા ગલુબાઈ સુથારણ વગેરે કરતાં હતાં. મહારાજ માટે જાતજાતની વાનગીઓ બનાવીને તેઓ લાવતા. બ્રહ્મચારી મહારાજને જમવાનું કહેતા ત્યારે મહારાજ કહેતા : ''રાધા, લક્ષ્મી જેવી સ્ત્રીઓ અમારા માટે રોજ ભાતભાતના થાળ લાવે છે, પણ અમે તે અંગીકાર કરતા જ નથી. અમને જમવાની રુચિ જ થતી નથી.'' આ સાંભળી સૌ હતાશ થઈ જતા.

એ બધા બાયલા છે

આ મંદવાડમાં મહારાજ ઘણી વાર લોકોને ન સમજાય તેવું અસંબદ્ધ બોલતા એટલે લોકોને લાગ્યું કે મહારાજને ત્રિદોષ થયો લાગે છે.

એક દિવસ મહારાજ હાથમાં તલવાર લઈને ઢોલિયા ઉપરથી એકદમ ઊભા થઈ ગયા અને હવામાં તલવાર વીંઝવા લાગ્યા. આથી, ભગુજી તથા નાજા જોગિયા મહારાજને પકડવા ગયા. પણ મહારાજ તેમની સામે તલવાર લઈને ફર્યા. તેમને કહ્યું : ''જોઈ છે આ ઉઘાડી તલવાર ! શ્રીકૃષ્ણે જેટલા અસુરોને માર્યા અને તેમાંથી જે બચ્યા તેમને કાપી નાંખવા છે.''

એટલે મુક્તાનંદ સ્વામીએ મહારાજને હાથ જોડી કહ્યું : ''મહારાજ ! આપ અહિંસાનો ઉપદેશ કરનારા, આપના હાથમાં આ તલવાર શોભે ?''

''કેમ ન શોભે ? સત્સંગની રક્ષા કરવા માટે તલવાર તો વાપરવી જ પડે !'' મહારાજ તાડૂક્યા.

''પણ એ માટે તો આપણા આ શૂરવીર પાર્ષદો, કાઠી ભક્તો બધા છે ને !'' સ્વામીએ હજુ હાથ જોડીને તે જ નમ્ર ભાવથી કહ્યું. તેમને મહારાજના આ મંદવાડમાં ગંભીરતા દેખાણી એટલે તેઓ પણ મૂંઝાઈ ગયા હતા.

''તમે ન સમજો સ્વામી ! એ બધા બાયલા છે !''

મુક્તાનંદ સ્વામી આ સાંભળી કાંઈ બોલ્યા નહીં.

મને પાશેર જલેબીની ના પાડો છો ?

મહારાજને તેર ઉપવાસ થયા. એટલે મુક્તાનંદ સ્વામીએ કહ્યું :

"મહારાજ ! આપ તો પૂરણકામ છો પરંતુ આપના ભક્તોને અર્થે તો આપ થોડું અંગીકાર કરો !"

તે સાંભળી મહારાજે કહ્યું : "પેંડા, બરફી, જલેબી મંગાવો."

આ સાંભળી હીરા ઠક્કરે કહ્યું : "મહારાજ ! અત્યારે મધરાતે જલેબી ક્યાંથી મળે ?"

આ સાંભળી મહારાજ ફરી તાડૂક્યા. તેમણે કહ્યું : "ભુજની બજારમાં જોઈએ તેટલી જલેબી મળે છે અને મને પાશેર જલેબી માટે ના પાડો છો ? જલેબી ન મળે તો જવનો પોંક લાવો."

એટલે ભગુજીથી બોલાઈ ગયું : "મહારાજ ! આસો મહિનામાં જવ ક્યાંથી હોય ?"

ફરી મહારાજ તાડૂક્યા : "લાખો મણ જવ ઊભા છે ને મારે તો થોડો જ પોંક જોઈએ છે." આ સાંભળી કોઈ કાંઈ બોલી શક્યા નહીં.

હીરા ઠક્કરે તરત જ કહ્યું : "અત્યારે ભાયાવદર જઈએ." એમ કહી હીરા ઠક્કર તથા નગો બાબરિયો બંને ભાયાવદર જવા ઉપડ્યા. ત્યાં જઈને ઝુણાભાઈને જગાડ્યા. તેમને બધી વાત કરી. ઝુણાભાઈ પણ મૂંઝાયા. જલેબી તો આથો નાખ્યો હોય તો જ તૈયાર થઈ શકે. થોડી વાર વિચારી તેણે કહ્યું : "હાલો, આપણે કંદોઈનું હાટ ઉઘડાવીએ."

કંદોઈનું હાટ ઉઘડાવ્યું. તેને પૂછ્યું : "જલેબી તૈયાર મળશે ?"

તેણે કહ્યું : "હા, રાતે જ આથો નાખ્યો છે, હાલો બનાવી દઉં."

તરત જ તેણે તાવડો માંડ્યો અને જલેબી ઉતારવા માંડ્યો. જલેબી લઈને બને મહારાજ પાસે આવ્યા. એટલામા ભગુજીએ બાજરાનો પોક મંગાવ્યો હતો તે પણ આવી ગયો. ભગુજીએ મહારાજને કહ્યું : "મહારાજ ! જવનો પોંક આવી ગયો છે, જલેબી પણ આવી ગઈ છે, તો આપ જમો."

મહારાજ બેઠા થયા અને જલેબી તથા પોંક જમવા લાગ્યા. જમતા જાય ને ભગુજીને કહેતા જાય : "ભગુજી ! તું મને જગાડતો રહેજે. હું જો ઊંડો ઊતરી જઈશ તો પાછો દેહમાં નહીં આવું."

બધા મહારાજની આવી અસંબદ્ધ વાતો સાંભળી રડતા હતા.

ગંગાનું પાણી લાવો, અમારે નહાવું છે

મહારાજ જમી રહ્યા પછી બોલ્યા : "અમારે નહાવું છે. મને બહાર

વાડામાં લઈ જાવ. ગંગાનું પાણી લાવો. સો બેડાથી મારે આજે નહાવું છે. પાણીનો રેલો વેણુ નદીમાં પહોંચવો જોઈએ."

ભગુજીએ કહ્યું : "ભલે મહારાજ !"

એટલામાં તો બાઈઓ દસ-વીસ બેડાં ભરીને પાણી લઈ આવી. ભગુજી મહારાજનો ખાટલો વાડામાં લઈ આવ્યા. મહારાજને તાવ થોડો હતો, ઠંડે પાણીએ નહાવાની તેમની જીદ હતી એટલે સૌને બીક લાગતી હતી. પરંતુ મહારાજનો આગ્રહ હતો. એક, બે, ત્રણ, ચાર એમ દસ બેડાં પાણી મહારાજ ઉપર રેડ્યું. મહારાજ પૂછતા જાય : "વેણુ નદીમાં રેલો પહોંચ્યો ?"

એટલે ભગુજીએ એક હરિભક્તને કહ્યું : "આ છાલિયું ભરીને પાણી વેણુ નદીમાં નાખી આવો." તે પ્રમાણે તે હરિભક્ત વેણુ નદીમાં પાણી નાખી આવ્યા. પછી ભગુજીએ કહ્યું : "મહારાજ ! વેણુ નદીમાં રેલો પહોંચી ગયો !"

"એમ ? તો હવે અમે સાજા થઈ ગયા !" એમ કહી મહારાજ ઊઠવા જતા હતા પરંતુ બ્રહ્મચારી મહારાજનું શરીર લૂછવા લાગ્યા એટલે બેસી રહ્યા. મહારાજને કોરાં સફેદ વસ્ત્રો પહેરાવ્યાં. મહારાજ પછી ઢોલિયામાં પોઢી ગયા. તે દિવસે આ.સં. ૧૮૭૦ની આસો સુદ એકાદશી હતી.

આ ગાડાને ખેંચીને લાંબું કરો

સાંજે રતનબાઈ રાબ કરીને લાવ્યા. મહારાજે થોડી પીધી. પછી કહ્યું : "હવે અમારે ગઢડે જવું છે તો ગાડું લાવો." બધા વિચારમાં પડી ગયા કે આ સ્થિતિમાં ગઢડા સુધી મુસાફરી કેમ કરાવવી ?

પણ મહારાજે હઠ લીધી. આથી ગાડું લઈ આવ્યા. તેમાં ગાદલાં પાથર્યાં, આજુબાજુ તકિયા ગોઠવ્યા, ગાલમસૂરિયા મૂક્યા અને મહારાજ તેમાં પોઢ્યા. એકાએક મહારાજે કહ્યું : "ભગુજી ! આ ગાડું તો ટૂંકું પડે છે, મારા પગ બહાર રહે છે માટે ગાડાને ખેંચો."

ભગુજીએ તરત જ એક-બે સેવકોને બોલાવી ગાડું ખેંચ્યું અટલે મહારાજે કહ્યું : "બસ, હવે બરોબર થઈ ગયું."[૪૫] આમ, મહારાજ ગઢપુર જવા ઉપડ્યા.

થોડું ચાલ્યા અને ગાડાનાં કડાં ખખડ્યાં. એટલે મહારાજ ચમક્યા. તેમણે

---

૪૫. આ પ્રસાદીનું ગાડું જૂનાગઢમાં મંદિરના પાછલા નાગરવાડાના ભાગમાં ઝીણાભાઈની જે મેડી છે ત્યાં ભોંયતળીએ રાખ્યું હતું.

શ્રીહરિલીલામૃત, ૭-૩૯-૬૧માં આ પ્રસંગ રાયપરમાં બન્યો એમ ઉલ્લેખ છે.

કહ્યું : ''ગાડું ઊભું રાખો. આમાં કાંઈક દગો હોય એવું લાગે છે.'' એમ કહીને મહારાજે કહ્યું : ''મારે આ ગાડામાં બેસવું નથી.'' અને તરત જ ઊતરવા લાગ્યા. બે સેવકોએ મહારાજને પકડી રાખ્યા. મહારાજે કહ્યું : ''આમ અમને પકડી શું રાખો છો ? ડોળી લાવો.'' તરત જ ગામમાંથી ડોળી તૈયાર કરીને લઈ આવ્યા. મહારાજની આ બધી વિચિત્ર ક્રિયાથી મુક્તાનંદ સ્વામીના અંતરમાં અત્યંત દુ:ખ થતું હતું. તેમને થયું કે મહારાજ હજુ સાજા થયા નથી.

ડોળી આવી અને મહારાજ તેમાં બિરાજ્યા. ડોળી આગળ ચાલી. ગામ મૂરખડા ત્યાંથી થોડું જ છેટું હતું, પણ તે પહેલાં તો મહારાજે ડોળીમાં એટલો બધો ભાર મૂક્યો કે ઉચકનારા થાકી ગયા. તેમણે ડોળી જમીન ઉપર મૂકી દીધી. મહારાજે પૂછ્યું : ''કેમ ડોળી જમીન ઉપર મૂકી ?''

એટલે ભગુજીએ કહ્યું : ''મહારાજ ! ઉચકનારાને ભાર લાગ્યો છે એટલે થોડી વાર થાક ખાય છે.''

''એમાં ભાર શેનો લાગે ? અમે તેર દિવસથી તો કાંઈ જમ્યા નથી.'' મહારાજે કહ્યું. એટલે ભગુજીએ ડોળી ફરી ઉપડાવી. પોતે તથા બીજા પાર્ષદોએ પણ ઉપાડી અને સૌ ગામમાં પહોંચ્યા.

મહારાજે અહીંના લુહાણા હરિભક્તને બોલાવ્યા. તેઓ દોડતા આવ્યા. મહારાજનાં દર્શન થયાં એટલે એકદમ રાજી થઈ ગયા. મહારાજે તેને કહ્યું : ''આ અમારી ડોળી ઉપાડનારા ડોળી ઉપાડીને થાકી ગયા છે તો તેમને ગોળ ખવરાવો.'' તરત જ તે હરિભક્ત દોડ્યા. ઘેરથી ગોળ લઈ આવ્યા. મહારાજે ડોળી ઉપાડનારાને ગોળ ખવરાવ્યો. પછી ત્યાંથી નીકળી ઉપલેટા પધાર્યા.

ઉપલેટામાં મહારાજ આમલીની ઘટામાં ઊતર્યા. અહીં ભગુજીને કહ્યું : ''તમે ગઢપુર જાવ અને ત્યાંથી ગાડું લઈ આવો.''

આ સાંભળી ભગુજી મૂંઝાયા. ગઢડા ત્યાંથી સાઠ ગાઉ થાય. ત્રણ-ચાર દિવસે પાછા ફરાય. મહારાજને આમ એકલા મૂકીને ત્યાં કેમ જવું ? અને મહારાજ પણ લીધી હઠ અત્યારે મૂકશે નહીં. તેમણે વેરાભાઈને કહ્યું : ''તમે ગામમાંથી સારું ઘોડું લઈને ગઢડા જાવ. દાદાખાચરનું સગરામ જોડાવીને લાવો. સગરામના બળદ સારા છે જે દિવસના ચાલીસ ગાઉ ચાલે છે. ગઢડા અહીંથી સાઠ ગાઉ છેટું છે, પણ તમે બે દિવસમાં અહીં પહોંચી જાવ.''

ત્યાંના હરિભક્તનો ઘોડો લઈને વેરાભાઈ ત્યાંથી તરત જ નીકળી ગયા.

બે દિવસે સિગરામ લઈને વેરાભાઈ પહોંચી ગયા. સાથે બંધિયાના જેસોજી

ગરાસિયા જે મહારાજની સેવામાં પાર્ષદ તરીકે રહ્યા હતા તે પણ આવ્યા. મહારાજને તેમાં બેસાડ્યા અને ઉપલેટાથી સૌ નીકળ્યા. ત્યાંથી ઝાંઝમેરમાં ખજુરીઓ નીચે ઊતર્યા. અહીં જાળિયાથી નગો બાબરિયો આવ્યો હતો.

નગા બાબરિયાએ જાળિયામાં મહારાજની સેવા તો કરી પરંતુ મહારાજના મનુષ્ય ચરિત્ર જોઈ તેને મહારાજના સ્વરૂપમાં શંકા થઈ હતી. મહારાજ તે જાણતા હતા અને સમજતા હતા કે એનું ગજુ એવી લીલા જીરવવાનું હતું નહીં. પરંતુ તેણે ભક્તિભાવથી પોતાની સેવા કરી હતી એટલે મહારાજને પોતાના ભગવાનપણાની તેને ઓળખાણ કરાવી તેનું કલ્યાણ કરવું હતું. મહારાજે નગા બાબરિયાને પોતાની પાસે બોલાવ્યો.

નગા બાબરિયાને વિરાટ સ્વરૂપનાં દર્શન

તે આવ્યો ત્યારે મહારાજ ઢોલિયામાં બિરાજમાન થયા હતા. નગા બાબરિયાએ મહારાજને હાથ જોડ્યા અને તરત જ તે સ્તબ્ધ થઈ ગયો ! તેને મહારાજનું વિરાટ સ્વરૂપ દેખાયું. તે ગભરાયો અને ત્યાંથી દોડવા માંડ્યો. તેને દોડતો જોઈ મહારાજે પાર્ષદને કહ્યું : ‘‘એ બાબરિયાને આંહીં બોલાવો.’’

તે આવ્યો. એટલે મહારાજે તેને પૂછ્યું : ‘‘નગા બાબરિયા ! તમે કેમ ભાગ્યા હતા ?’’

ત્યારે તેણે કહ્યું : ‘‘મહારાજ ! આપ ભગવાન છો પરંતુ જાળિયામાં આપની લીલા જોઈ આપના સ્વરૂપમાં મને શંકા થઈ હતી. આજે આકાશ ભરાઈ જાય એવું આપનું સ્વરૂપ મેં જોયું. તે વિરાટ સ્વરૂપ જોઈને મને બીક લાગી.’’

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ‘‘એમાં તમારો કોઈ વાંક નથી. અર્જુન પણ એ વિરાટ સ્વરૂપ જોઈને બી ગયા હતા.’’

નગા બાબરિયાને મહારાજના સ્વરૂપનો પાકો નિશ્ચય થઈ ગયો !

આ ભગુજી તો સાવ ફોશી છે

કરિયાણા આવ્યું એટલે મહારાજે કહ્યું : ‘‘અહીં દરબારગઢમાં સિગરામ લઈ લ્યો.’’

મહારાજની આજ્ઞા પ્રમાણે દરબારગઢમાં સિગરામ લીધો. દેહાખાચર અને મીણબાઈમા તો મહારાજને જોઈ રાજી રાજી થઈ ગયાં. ભગુજીએ કહ્યું : ‘‘મહારાજને મંદવાડ છે એટલે આરામ થાય એવી જગ્યાએ ઉતારો કરવો છે.

કોઈને ખબર આપવાની નથી.''

મહારાજને દરબારગઢમાં ઉતાર્યા. બ્રહ્મચારીએ થાળ તૈયાર કર્યો. મહારાજ જમ્યા અને પછી કહ્યું : ''હવે ચાલો.''

થોડી વારે પૂછ્યું : ''બધા જમ્યા ?''

એટલે દરબારે કહ્યું : ''મહારાજ ! આ ભગુજી ને જેસોજી બે બાકી છે.''

એ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''ત્યારે તો હજી મોટું મંડાણ કરવું પડશે. આ બંનેનું પૂરું કરવા માટે તો ઘેર ઘેર ઘંટીઓ ચાલુ કરવી પડશે.''

તરત જ મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું : ''જે હોય તે જલદી જમી લ્યો. મહારાજ તો કાંઈનું કાંઈ બોલે છે એટલે આપણે ગઢડા જલદી પહોંચી જઈએ.''

બંનેએ તરત જ જમી લીધું અને ત્યાંથી ઊપડ્યા. સાલેમાલ પર્વત ઊતર્યા ત્યારે ભગુજી આજુબાજુ જોતા, ખભે તલવાર રાખીને ચાલતા હતા. તેમને જોઈને મહારાજે કહ્યું : ''આ ભગુજી શૂરવીર કહેવાય છે પણ સાવ ફોસી છે. હમણાં જેઠો ગોવાળિયો અને મેરામણ ગોવાળિયો આવ્યા હતા. અમે હાકોટો ન કર્યો હોત તો અમને મારત. વળી, આ બ્રહ્મચારી પણ દાઢું વધારીને સાથે ફરે છે તે પણ તેની સામે થવાને બદલે કરગર્યો અને તેને પગે લાગ્યો.''

ત્યારે બ્રહ્મચારીએ પૂછ્યું : ''હું ક્યારે કરગર્યો છું અને ક્યારે હું તેને પગે લાગ્યો છું ?''

''હા, હા, જેઠા ગોવાળિયાના પગમાં પડી ગયો હતો અને હવે ખોટું બોલે છે ?'' મહારાજ બોલતા હતા.

મુક્તાનંદ સ્વામીએ બ્રહ્મચારીને કહ્યું : ''મહારાજની આ બધી વિચિત્ર લીલા છે. માટે આપણે કાંઈ બોલવું નહીં.'' એમ કરતાં સૌ ગઢડે પહોંચ્યા.

શ્રીહરિ ગઢપુરમાં

મહારાજ અક્ષર ઓરડીમાં ઢોલિયા ઉપર બિરાજ્યા. એભલખાચર મહારાજની સરભરામાં હતા. તેમનુંય શરીર હવે લથડ્યું હતું. છતાં મહારાજની સેવામાં તત્પર રહેતા. જીવાખાચર પણ આવ્યા. તેમને જોઈ મહારાજે કહ્યું : ''જીવાખાચર ! અમારી પાસે આ તલવાર છે તે અમે આંહી તમારા કોઠામાં મારી તેમાં સંતાયેલા આરબો, તોપ વગેરે બધું કપાઈ ગયું.'' એમ કહી પોતાનો હાથ ઢોલિયાની ઈસ ઉપર મહારાજે પછાડ્યો.

મહારાજની આ વાત સાંભળી કોઈ કાંઈ બોલ્યું નહીં. મુક્તાનંદ સ્વામીએ

દરેકને ઈશારો કરી દીધો હતો કે કોઈએ મહારાજ સાથે ઝાઝી વાત કરવી નહીં.

થોડી વારે લાધા ઠક્કર આવ્યા. તેમને મહારાજે કહ્યું : "લાધા ઠક્કર ! પાંચ રૂપિયા આપો. આ તલવાર સજાવવી છે."

લાધા ઠક્કરને કાંઈ સમજાયું નહીં. તેમણે તો તેમની કારભારીની દૃષ્ટિથી વિચાર કર્યો કે અર્ધા રૂપિયાની તલવાર સજાવવા પાંચ રૂપિયા મહારાજ માંગે છે ? એટલે તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! બરવાળામાં તલવાર સારી સજે છે ત્યાં મોકલાવી આપશું."

જાળિયાના ભક્તોએ નિર્દોષબુદ્ધિ રાખી છે

દિવાળીના દિવસો પાસે આવતા હતા. સૌને ચિંતા થતી હતી કે મહારાજ આ લીલા ક્યાં સુધી લંબાવશે. પરંતુ મહારાજે હવે મંદવાડ સંકેલવા માંડ્યો. ધીરે ધીરે આગળની રીત ગ્રહણ કરી લીધી. તેથી એભલખાચરે એક દિવસ પૂછ્યું : "મહારાજ ! આ ધનતેરસ, કાળી ચૌદશ ને દિવાળીના દિવસો આવે છે તો આપણે એ ઉત્સવો ઊજવીશું ને ?"

મહારાજે કહ્યું : "હા, ધામધૂમથી ઊજવવા છે. પણ આ વખતે વરજાંગ-જાળિયાના હરિભક્તોને તેડાવજો. તેમણે નિર્દોષબુદ્ધિ રાખી અમારી બહુ જ સેવા કરી છે, ટાણે-કટાણે જે માગ્યું તે લાવ્યા છે, અમારા શબ્દો સહન કર્યા છે, અમારો તાપ જીરવ્યો છે. તેમના ઉપર અમે બહુ રાજી થયા છીએ, માટે તેમને જરૂર તેડાવજો."

દિવાળીના ઉત્સવો આવ્યા અને સંતો, હરિભક્તો પણ આવવા લાગ્યા. જાળિયાથી હીરા ઠક્કર, તેની સ્ત્રી કલુબાઈ તેમજ સાંગો અને કાંથડ આ બધાં બાબરિયા પણ પોતપોતાનાં પરિવાર સાથે ગઢડા આવી ગયાં હતાં. ત્યાંથી સૌ નીકળ્યા. જેમ જેમ હરિભક્તોનાં મંડળો આવતાં ગયાં તેમ મહારાજ પણ રાજી થતા ગયા. જે મંડળ આવે તેને જોઈ મહારાજ બોલ્યા : "અહો, આ તો બહુ ભગવદી મંડળ ! ખરા એકાંતિક છે !"

બધા અમારા સંબંધે શુદ્ધ છે

બંધિયાના જાડેજા દરબાર મૂળુભાના નાનાભાઈ જેસાજી મહારાજની સેવામાં હતા. તેમની સેવાથી મહારાજ તેના ઉપર પ્રસન્ન થઈ ગયા હતા અને સહેજે તે પ્રસન્નતાથી અન્યના અંતરમાં પ્રવેશ કરી શકવાનું તેને ઐશ્વર્ય પ્રાપ્ત

થયું હતું. તે હંમેશાં મહારાજની બાજુમાં જ અગર મહારાજની પાછળ ઊભા હોય. મહારાજ જે મંડળના વખાણ કરે એટલે તે તરત જ તે ભક્તોનાં અંતરમાં પ્રવેશ કરે અને જુએ તો કોઈને કામના, કોઈને ક્રોધના, લોભના એમ અનેક પ્રકારના શુભ અને અશુભ સંકલ્પો થતા હોય. તેથી તે અંતરમાં વિચાર કરે કે "મહારાજ તો આ બધા હરિભક્તોનાં ખોટાં વખાણ કરે છે. બધાનાં અંતર રજોગુણ, તમોગુણના વેગથી મલિન થયેલાં છે."

મહારાજ તેમની આ રીત જાણતા હતા. તેથી ઘણી વાર કહેતા પણ ખરા : "દરબાર ! આ બધા અમારે સંબંધે શુદ્ધ જ છે. તેમનાં અંતરનું જોવાથી તો ઊલટા તમે ભ્રષ્ટ થઈ જશો."

પરંતુ તેમને તેમના ઐશ્વર્યની ખુમારી હતી, મહારાજની સેવા કરીને મહારાજને રાજી કરી લીધા હતા તેનો અહંકાર હતો. તેથી તે મહારાજના કહેવા ઉપર બહુ ધ્યાન આપતા નહીં.

ગઢપુરમાં દીપાવલી અને અન્નકૂટ ઉત્સવો : આ.સં. ૧૮૭૦

શ્રીજીમહારાજે જયાબા તથા લલિતાના ઉત્સાહને લઈ બંને બહેનોએ કયા કયા ઉત્સવો કરવા તે નક્કી કરી આપ્યું હતું. શુક્લ પક્ષમાં આવતા તમામ ઉત્સવો જયાબાએ કરાવવા અને કૃષ્ણ પક્ષમાં આવતા ઉત્સવો લલિતાએ કરવા.

અન્નકૂટનો ઉત્સવ તો શુક્લ પક્ષમાં આવતો હતો. તેથી લલિતાને એમ થયું કે આવો ભારે ઉત્સવ મારા ભાગમાં ન આવ્યો. તેમણે યુક્તિપૂર્વક મહારાજને કહેવરાવ્યું કે કૃષ્ણ પક્ષ પછીના બીજા જ દિવસનો આ ઉત્સવ છે તેથી તે મારા ભાગમાં આવવો જોઈએ. મુક્તરાજ ઉત્તમકુમાર બંને બહેનો વચ્ચેના આ ભાવપૂર્વકના આગ્રહને લઈને મહારાજ પાસે તેનું નિરાકરણ કરાવવા આવ્યા.

મહારાજે બંને બહેનોના આગ્રહનું સમાધાન કરતાં કહ્યું : "આ ઉત્સવ બંને બહેનોએ ભેગા મળીને કરવો." બંને બહેનો દૂર ઊભી રહી મહારાજનાં આજ્ઞાવચન સાંભળતાં હતાં. મહારાજે ઉત્તમકુમારને કહ્યું : "ભગવાન પ્રત્યેની ભક્તિ તો ગમે તેટલી કરીએ તોપણ તેનો અંત આવતો નથી. તે અપરિમિત છે. જ્યારે ભક્તિ કરવાનાં સાધનો ધન, ધાન્ય વગેરે પરિમિત છે. માટે અપરિમિતની સિદ્ધિ પરિમિત સાધનોથી થઈ શકે નહીં. છતાં ભગવાનની ભક્તિ કરવાના સાધનરૂપ જે ભાવ છે તે અપરિમિત છે. માટે તેવા ભાવથી ભક્તિ

કરવી અને ધન-ધાન્યાદિ પદાર્થો તો જેટલા ઉપલબ્ધ થઈ શકે તેટલા વાપરવા.''

દૂરથી મહારાજના આ શબ્દો બંને બહેનોએ સાંભળી લીધા. મહારાજની રુચિ પણ બંને બહેનોએ સમજી લીધી. અન્નકૂટ ઉત્સવની એ પ્રમાણે તેમણે તૈયારીઓ કરવા માંડી.

મહારાજની આજ્ઞા હતી એટલે બંને બહેનોએ ઉત્સાહપૂર્વક આ ઉત્સવો ઊજવ્યા. આ પ્રસંગે દેશદેશાંતરથી સંતોનાં મંડળો તથા હરિભક્તો પણ આવ્યા હતા. ઉત્સવ તો એક નિમિત્ત હતું, કારણ તેમાં દર્શનનો યોગ રહે, ઉપદેશનો નહીં. તેથી મહારાજે તેમને ઉપદેશ આપવા નિમિત્તે પણ પ્રબોધિનીના ઉત્સવ સુધી રોકાવા આજ્ઞા કરી.

શ્રીજીમહારાજની સેવામાં રહેતા સંતો અને પાર્ષદોને આથી આનંદ થયો. તેમને થયું કે મહામોટા સદ્‌ગુરુઓના યોગે આપણને પણ મહારાજની કથાવાર્તાનો લાભ થશે. આમ તો મહારાજ નિત્ય વાસુદેવ નારાયણના ઓરડામાં - જયાં આ ઉત્સવો દરમ્યાન એમનો મુકામ હતો - ત્યાં રોજ વાતો કરતા. પરંતુ મોટા સંતોના નિમિત્તે કેટલીક ગહન વાતોના પ્રસંગો પણ નીકળે.

સંતોને સોંપેલાં જુદાં જુદાં કાર્યો

શતાનંદ મુનિ સત્શાસ્ત્રોનું સશોધન કરતા. મહામુક્તરાજ શ્રી ગોપાળાનંદ સ્વામી સર્વ સાધુઓ, બ્રહ્મચારીઓ તથા પાર્ષદોને ધર્મમાં પ્રવર્તાવતા. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી તથા પ્રેમાનંદ સ્વામી મહારાજની મૂર્તિના વર્ણનના, તે મૂર્તિના મહિમાનાં કીર્તનો રચતા અને મહારાજ સમક્ષ ગાતા. નિષ્કુળાનંદ સ્વામી મહારાજના ચરિત્રના ગ્રંથો પ્રાકૃત ભાષામાં રચતા. ગુણાતીતાનંદ સ્વામી સેવામાં જ પ્રવૃત્ત રહેતા. મહારાજની મૂર્તિનું અખંડ અનુસંધાન તેમને સિદ્ધ હતું છતાં ક્વચિત્ ક્વચિત્ દર્શનનો યોગ મળે ત્યારે તે ચૂકતા પણ નહીં. તેઓ તથા ગોવિંદાનંદ સ્વામી, અભેદાનંદ, શિવાનંદ અને પ્રજ્ઞાનંદ મહારાજ સમક્ષ અવસર હોય ત્યારે કીર્તનો પણ ગાતા.

અન્ય સંતોને પણ મહારાજે આ ઉત્સવના અવસરોમાં યથાયોગ્ય સેવામાં જોડી દીધા હતા. સરધારના વૃદ્ધ કરીમ ભક્ત મહારાજના ઉતારે દ્વારપાળ તરીકે સેવામાં હતા અને જે જે હરિભક્તો મહારાજનાં દર્શને આવતા હોય તેમનાં નામ, ગામ પૂછીને મહારાજને જણાવતાં અને મહારાજ અનુમતિ આપે પછી તેમને મહારાજનાં દર્શને અંદર લઈ જતા.

જે જે સંતો દર્શને આવતા તેમને મહારાજ તેમના કુશળ સમાચાર પૂછતા. સાથે સાથે એ પણ પૂછી લેતા કે તમારા ત્યાગીના ધર્મ પાળવામાં કોઈ વિઘ્ન તો નથી આવ્યું ને ? નિર્બાધ ધર્મ પાળો છો ને ? હરિભક્તોને ભક્તિ, ધર્મનો ઉપદેશ બરાબર આપો છો ને ?

વાસુદેવ નારાયણના ઓરડામાં ધર્મસભાઓ

મહારાજ રોજ વાસુદેવ નારાયણના ઓરડામાં સભા કરતા. દેશ-વિદેશથી આવેલા સંતો-હરિભક્તોને મહારાજે આજ્ઞા કરી હતી કે સાંજના કથા પ્રસંગે તમામ ઈતર પ્રવૃત્તિનો ત્યાગ કરી, સભામાં આવી જવું. આ સભામાં મહારાજ ધર્મ અને અધર્મ, શુભ અને અશુભ દેશ, શુભ અને અશુભ મંત્રો, ત્યાગી તથા ગૃહસ્થોના ધર્મ, સત્સંગ એટલે પરમ ભાગવત સંતનો સમાગમ વગેરે વિષયો ઉપર વાતો કરતા.

મહારાજે પ્રબોધિની એકાદશીનો ઉત્સવ ગઢપુરમાં કર્યો. સૌ સંતોને જ્ઞાનામૃતના ભોજનનું પાન કરાવ્યું. મિષ્ટ ભોજન પણ પુષ્કળ જમાડ્યું. મહારાજને સૌ સંતોને જમાડવાનો પ્રેમ અધિક હતો. સાથે સાથે જ્ઞાનવાર્તા પણ કરતા અને સંસારના પંચવિષયો પ્રત્યેની તુચ્છ બુદ્ધિ પણ કરાવી દેતા. વળી, તપ પણ એવાં પ્રકરણો ફેરવીને કરાવતા. સંતોને મહારાજની આજ્ઞાનું અધિકપણું હતું. સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણની પ્રાપ્તિનો આનંદ હતો, તેની ખુમારી હતી એટલે જગત પ્રત્યે સદા નિર્વિકાર રહેતા. મહારાજની નાની એવી આજ્ઞાનો પણ કદી ભંગ ન થાય તેવી સદા સાવચેતી રાખતા.

ઉત્સવ પૂરો થયો અને મહારાજે ગઢપુરથી નીકળવાનો વિચાર કર્યો. તેમણે ભગુજીને બોલાવ્યા અને કહ્યું : "આપણા સારામાં સારા પાર્ષદોને શસ્ત્ર સજ્જ કરી સાથે લઈ લ્યો. હમણાં ને હમણાં આપણે કરિયાણા જવું છે."

ભગુજીએ તરત જ કહ્યું : "મહારાજ ! દેહાખાચર અને મીણબાઈમા તો હમણાં જ અહીંથી ગયાં. છતાં કરિયાણા જવું છે ?"

મહારાજે કહ્યું : "ભગુજી ! ત્યાં આપણે જઈશું ત્યારે તમને એ ખબર પડશે. હમણાં તો બધા તૈયાર થઈને સાબદા થઈ જાવ."

જેસોજીને સંસારની વાસના ઉદય થાય છે

મહારાજે જેસોજી દરબારને પણ કહ્યું : "ચાલો, તમે પણ તૈયાર થાવ."

પરંતુ તેનું અંતઃકરણ હરિભક્તોના દોષ જોવાથી મલિન થઈ ગયું હતું. તેને અંતરમાં ગૃહસ્થાશ્રમ કરવાના સંકલ્પો થતા હતા. તેથી તેણે મહારાજને કહ્યું : "મહારાજ ! મારી ઇચ્છા સાથે આવવાની નથી."

મહારાજ સમજી ગયા. તેમણે કહ્યું : "ભલે, તમારા અંતરમાં સંસારની વાસના ઉદય થઈ છે તો તમે ઘેર જાવ."

એટલે તેણે તરત જ કહ્યું : "મારા ઘરના માણસને આપ આજ્ઞા કરો તો તે મારી સાથે આવે."

મહારાજે કહ્યું : "અમારાથી એવી આજ્ઞા તેમને ન થાય. તમને તો સંસારની વાસના ઉદય થઈ છે એટલે તમે અમારા રોક્યા પણ રોકાવાના નથી. પરંતુ તેને તમારી સાથે અંધારા કૂવામાં શા માટે અમારે નાખવાં ?"

જેસાજીનાં લગ્ન ભગવદાનંદ સ્વામીના પૂર્વાશ્રમનાં બહેન ફૂલીબા સાથે થયાં હતાં. તેમણે પણ સાંખ્યધર્મ ગ્રહણ કર્યો હતો. તેમને જેસોજી દરબારના પલટાયેલા વિચારોની ખબર પડી. મહારાજે જેસોજીને સંસારમાં જવાની આજ્ઞા કરી. પરંતુ પોતે કૃતનિશ્ચયી હતા. તેમણે નક્કી જ કર્યું હતું કે "મારે તો સંસારના ઊંડા કૂવામાં હવે પડવું જ નથી."

જેસોજી તેની પાસે ગયા. તેમને સમજાવ્યાં પણ તેમણે ના જ કહી દીધી. તેથી તે મહારાજ પાસે પાછા આવ્યા. તે વખતે મહારાજ પાસે કપિલેશ્વરાનંદ ઊભા હતા. તેમણે દરબારની બધી હકીકત જાણી લીધી હતી. તેથી દરબારને તેમણે ઠપકો આપતા કહ્યું : "મહારાજે આટલી જ્ઞાનની વાર્તા કરી તે એકે અંતરમાં ઊતરી નહીં ? તમારાં કરમ ફૂટ્યાં છે એટલે આ દિવ્ય સત્સંગ અને મહારાજનો સંબંધ છોડીને તમે સંસારમાં જવા તૈયાર થયા છો." પરંતુ જેસોજી દરબાર ઉપર આ શબ્દોની કાંઈ અસર થઈ નહીં. તે નીકળી ગયા.[૪૬]

દેહાખાચરની બાબાજીના લશ્કરથી રક્ષા

મહારાજ પાર્ષદો સાથે ગઢપુરથી નીકળી ગયા અને સીધા કરિયાણા પહોંચ્યા. કરિયાણાના દરબાર દેહાખાચર મહારાજ એકાએક પધાર્યા તેથી

૪૬. બંધિયા જઈને તેમણે ફરી લગ્ન કર્યું. તેમને ચાર પુત્રો થયા. પરંતુ અંતરમાં મહારાજથી છૂટા પડ્યાની બળતરા પણ રહી ગઈ. મહારાજ ધામમાં પધાર્યા પછી તે પાછા સંસારનો ત્યાગ કરીને ગઢપુર આવી ગયા.

– નિર્ગુણદાસ સ્વામીની વાતું; પા. ૬૮.

આશ્ચર્ય પામ્યા ! પરંતુ અંતરમાં રાજી થયા કે મહારાજની સેવાનો લાભ મળશે, વળી, મીણબાઈમા તો મહારાજની ઝંખના રાત-દિવસ કર્યા જ કરે છે, તેમને પણ મહારાજ પધાર્યા એટલે આનંદ થશે.

મહારાજ દરબારગઢમાં બિરાજ્યા અને તરત જ સત્સંગનો ડાયરો તેમના દરબારમાં જામી ગયો.

ગજબ થયો ! બાબાજીનું લશ્કર આવ્યું છે

એટલામાં એકાએક એક પસાયતો દોડતો આવ્યો. તે સીધો જ ડાયરામાં આવી ગયો અને બોલ્યો : "બાપુ ! ગજબ થઈ ગયો ! બાબાજીનું લશ્કર આવ્યું છે !"

દેહાજી આ સાંભળી એકદમ વીલા થઈ ગયા ! તેમણે મહારાજને હાથ જોડી કહ્યું : "કૃપાળુ ! આપ પધાર્યા પણ અમારે મોટી ઉપાધિ આવી. આ બાબાજી ખંડણી ઉઘરાવવા આવ્યો છે. અમારી પાસે ખંડણી ભરવાનાં નાણાં નથી એટલે તે ગામ લૂંટશે અને અમારા સંબંધીઓ જે હાથમાં આવશે તેને પકડી જશે. જ્યારે ખંડણીની રકમ તેને ચૂકવશું, ત્યારે તે કેદ પકડેલા બધાને છોડશે. એટલે અમારે તો આંહીંથી નીકળવું પડશે. પરંતુ આપ પહેલાં નીકળી જાવ."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "બાપુ ! તમે અમને કેવા જાણો છો ? તમને આ સંકટ આવવાનું છે તેથી તો અમે ગઢપુરથી સીધા અહીં તમારી રક્ષા કરવા આવ્યા છીએ !"

દેહાખાચર મહારાજ સામું જોઈ રહ્યા. આ સૂકલકડી કાયામાં તેમને એકાએક બ્રહ્માંડોનો પરાભવ કરે એવી શક્તિ દેખાઈ. તેમની આંખમાં આંસુ આવી ગયાં. તેમણે કહ્યું : "મહારાજ ! આપની આટલી દયા, આટલું ભક્તવત્સલપણું અમે નહોતું જાણ્યું ! તે દિવસે જામ સાહેબનું લશ્કર આવ્યું હતું ત્યારે પણ આપે જ રક્ષા કરી હતી અને જામ બાપુનું લશ્કર હથિયારો મૂકીને પલાયન થઈ ગયું હતું. આજ પણ આપ પધાર્યા. હવે અમનેય હિંમત આવી ગઈ !" એટલું કહી તેમણે તરત જ પસાયતાને કહ્યું : "ઝટ જા, બધા ભાયાતોને ખબર આપ કે તૈયાર થઈને આવે કોઠે."

મહારાજે ભગુજીને બોલાવ્યા અને તેમને કહ્યું : "ભગુજી ! આપણા બધા પાર્ષદોને તૈયાર કરીને ઉપડો કોઠે. અમે પણ ત્યાં આવીએ છીએ."

ભગુજી આ સાંભળી મામલો પરખી ગયા.

બાબાજીને ગામમાં થતી હિલચાલની ખબર પડી. વળી, દરબારમાં સ્વામિનારાયણ છે તે પણ જાણ્યું. તેથી તેની વેરવૃત્તિ સળગી ઊઠી. સ્વામિનારાયણને જીવતા પકડી લેવા અને દીવાન પાસે હાજર કરી દેવા[૪૭] તેણે નિશ્ચય કરી લીધો.

મહાકાળ તમારી રક્ષામાં આવશે

મહારાજ દેહાખાચરને તથા બધા પાર્ષદોને લઈને કાળુભાર નદીને કાંઠે પંચપીરની જે જગ્યા છે ત્યાં પધાર્યા. નદીના કાંઠા ઉપર સૌ ઊભા રહ્યા. સામે

૪૭. ઈ.સ. ૧૭૩૩માં વડોદરામાં શેરખાન બાબી નામનો નવાબ રાજ્ય કરતો હતો. પરંતુ તે દુરાચારી હતો. પેશ્વાના સરદાર દામાજીરાવ ગાયકવાડ (પહેલા) અને એમના ભત્રીજા પીલાજીરાવ ગાયકવાડે વડોદરા ઉપર ૧૭૩૪માં ચડાઈ કરી. તે લડાઈમાં નવાબ હાર્યો અને રાધનપુર ભાગી ગયો.

પીલાજીરાવ ગાયકવાડ પછી એમના પુત્ર દામાજીરાવ ગાયકવાડે (બીજા) રાજ્યની સીમા વધારી. ઈ.સ. ૧૭૬૬માં વડોદરા શહેર રાજ્યની રાજ્યધાની બન્યું. દામાજીરાવ પછી સયાજીરાવ (પહેલા), ફત્તેહસિંહરાવ (પહેલા) અને ગોવિંદરાવ ગાયકવાડ અનુક્રમે રાજ્યગાદી ઉપર આવ્યા. વિ.સં. ૧૮૫૫માં ગોવિંદરાવ ગાયકવાડ રાજ કરતા હતા.

પેશ્વા સાથે ગાયકવાડને મતભેદો દિવસે દિવસે વધતા ગયા. તે નિવારવા પૂનાથી રાવજી આપાજી અને બાબાજી આપાજી અને આપાજીના ભાઈ દેવાજીના પુત્ર વિઠોબારાવનું કુટુંબ વડોદરા આવ્યું. આ બધા યુદ્ધમાં કુશળ અને રાજનીતિજ્ઞ પુરુષો હતા. ગોવિંદરાવે રાવજીને દીવાનપદે નીમ્યા અને બાબાજીને લશ્કરના સેનાપતિ તરીકે નીમ્યા.

ગાયકવાડી સૈન્યના સેનાપતિના હોદ્દાની રૂએ બાબાજી ગુજરાત અને કાઠિયાવાડના રાજાઓ પાસેથી ખંડણી ઉઘરાવતો હતો. તેણે આરબો અને મકરાણીઓનું ખાસ લશ્કર રાખ્યું હતું અને તેનો મુકામ ઘણોખરો અમરેલીમાં રહેતો. ત્યાંથી તે ખંડણી ઉઘરાવવા ફરતો. તેના અભિમાની સ્વભાવથી તેને સ્વામિનારાયણની વધતી જતી પ્રતિષ્ઠાનો હ્રાસ કરવાના મનોરથ જાગ્યા હતા. અધૂરામાં પૂરું તેને કાઠિયાવાડના કેટલાક રાજવીએ ટોણો માર્યો હતો કે અમારા નાનકડા રજવાડા ઉપર ત્રાસ ગુજારો છો પણ સ્વામિનારાયણ પાસે જાવ. તેમને પકડશો તો લક્ષ્મી પણ મળશે અને વળી તમારા દીવાન પણ તમારા ઉપર રાજી થશે. ત્યારથી તેણે સ્વામિનારાયણ સાથે વેર બાંધ્યું હતું.

– 'વડોદરાનું સત્સંગ દર્શન'; ૫-૫-ના આધારે.

જ બાબાજીનું લશ્કર દેખાતું હતું. મહારાજે પાર્ષદોને અને દરબારી ભાયાતોને કહ્યું : "બંધૂકોના એક સામટા અવાજ સૌ કરો. આકાશ ગાજશે અને મહાકાળ તમારી રક્ષામાં આવશે."

દેહાખાચરે જોયું તો સામે બાબાજીનું લશ્કર મોટું હતું. લગભગ એક હજાર આરબની ફોજ હતી, ઘોડા, ઊંટ અને તોપગાડીઓ પણ હતી. ડેરા તંબુ નાંખીને તેણે જબરો પડાવ નાખ્યો હતો. તેમને લાગ્યું કે આપણા પાંચ-પચ્ચીસ ભાયાતો અને દસ-પંદર પાર્ષદોની બંધૂકોના અવાજથી બાબાજી બી જાય એવું બને નહીં.

પણ ત્યાં તો એક સામટા બંધૂકોના અવાજ થયા અને જાણે ધરતીકંપ થયો હોય એવી ધણેણાટી સંભળાણી. બાબાજી આ સાંભળી એકદમ તેના તંબુમાંથી બહાર આવ્યો. તેણે નદીના કાંઠા ઉપર જોયું. ત્યાંથી બંધૂકોના અવાજ આવતા હતા પરંતુ માણસ દેખાતા ન હતા. તેણે તેના માણસોને કહ્યું : "આ નાનકડા ગામના દરબાર પાસે કેટલા માણસો છે ? બંધૂકોના આટલા મોટા અવાજ આવે છે તો પહેલા તપાસ કરો. પછી ગામમાં પેસવાનું રાખવું."

આ સાંભળી થોડા માણસો નદીનો ટેકરો ચડવા લાગ્યા. મહારાજે તે જોઈ કહ્યું : "કરો ભડાકા, જોઈ શું રહ્યા છો ?"

ભગુજી અને બીજા પાર્ષદોની નેમ ખાલી ન ગઈ. જેટલા ઉપર ચડતા હતા તે બધા જ આ બંધૂકોના અવાજથી અને તેમાંથી નીકળતા સળગતા દારૂના ગોટેગોટાથી ગુંગળાઈને ત્યાં જ ઢળી પડ્યા.

બાબાજી લશ્કર સાથે પલાયન

બાબાજી દૂરથી આ જોઈ રહ્યો. તેને નદીની ભેખડની પાછળ હજાર માણસો હોય તેવું લાગ્યું. પોતાની ટુકડીના આરબો આમ પડ્યા તેથી તેને લાગ્યું કે નક્કી સ્વામિનારાયણના માણસો અહીં લાગે છે. એ સિવાય દરબાર પાસે આટલા બધા માણસો હોય નહીં. સ્વામિનારાયણ તો પોતાની સાથે કાઠીઓનું મોટું લશ્કર ફેરવે છે. તેણે વિચાર કર્યો કે અહીંથી પડાવ ઉઠાવવો.

એટલામાં તો ફરી બંધૂકોના બહાર થયા. તેની રાવટીઓ સળગી અને ઘોડા ભડક્યા. મહારાજે તરત જ કહ્યું : "રીડિયા ને કિકિયારા કરો. બંધૂકો જામગરી ચાંપીને માંડો દેવા. પણ જો જો ગોળી ભરતા નહીં. કોઈની હત્યા કરવી નથી પણ ડારો દેવો છે."

મહારાજની આજ્ઞા થઈ અને ગોકીરો મોટો થયો. બંધૂકોના અવાજે ફરી તેની છાવણીમાં ભંગાણ પડ્યું. તે ઘોડા ઉપર ચડ્યો. તેને નમતી બપોરે ભેખડ ઉપર હજારો માણસોના ઓળા દેખાયા. તેણે પડાવ ઉઠાવ્યો અને ત્યાંથી સીધો કોટડા તરફ વળી ગયો. સ્વામિનારાયણને પકડવાનો તેનો મનસૂબો અધૂરો રહ્યો.

બાબાજી ત્યાંથી તેનો પડાવ ઉઠાવીને સીધો કોટડે પહોંચ્યો. અહીં તેણે દરબાર પીઠાવાળાને પૂછ્યું : "સ્વામિનારાયણ પાસે કેટલા માણસો છે ?"

દરબાર પીઠાવાળાએ તરત જ કહ્યું : "સ્વામિનારાયણ તો દસ-બાર પાર્ષદોને લઈને ફરે છે."

બાબાજીને આ સાંભળી આશ્ચર્ય થયું. તેણે કહ્યું : "કાળુભાર નદીને સામે કાંઠે કોઠા પાસે તો અમે ઘણા માણસો દીઠા. તેમની બંધૂકોના અવાજથી જાણે ભયંકર ધરતીકંપ થયો હોય એવા કડાકા સંભળાયા ! અમારી છાવણી સળગી અને પાંચ-છ જણા તો તેમના બંધૂકોના ભડાકાથી ગૂંગળાઈને ત્યાં જ ઢળી પડ્યા."

દરબાર પીઠાવાળા આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "બાબાજી ! એ બધો સ્વામિનારાયણનો પ્રતાપ છે. તેમના દસ-બાર માણસો અને દેહાખાચરના પચ્ચીસ-પચાસ માણસોની બંધૂકોના અવાજથી તમારી છાવણીમાં ભંગાણ પડ્યું એટલા ઉપરથી તમારે સમજી લેવું." બાબાજીને કાંઈ ન સમજાયું.

✧

મહારાજને દેહાખાચરે કહ્યું : "મહારાજ ! બાબાજીનું લશ્કર તો કોટડા તરફ રવાના થઈ ગયું."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "તો હવે અમે ગઢપુર પાછા જઈએ."

દેહાખાચર આ સાંભળી રહ્યા. તેમણે કહ્યું : "પ્રભુ ! આજ તો ધિંગાણાની ધમાલમાં ગઈ. હવે અમને લાભ આપવા થોડા રોજ રોકાવ એવી પ્રાર્થના છે !"

મહારાજ આ સાંભળી રહ્યા. થોડા ગંભીર થઈ ગયા. થોડી વારે તેમણે કહ્યું : "બાપુ ! અમારે તો જવું જ પડશે પણ પાછળથી તમારે પણ ગઢપુર આવવું પડશે. માટે આગ્રહ કરશો નહીં. અમને રાજી થઈને રજા આપો." દેહાખાચર કાંઈ બોલી શક્યા નહીં.

મહારાજ ત્યાંથી નીકળી ગઢડા પધાર્યા.



ઉદ્‌ગીથ ૧૧

દાદાખાચરને માથે શ્રીહરિનું છત્ર

(આ.સં. ૧૮૭૦, ઈ.સ. ૧૮૧૩-૧૮૧૪)

એભલખાચરને મંદવાડ

મહારાજ ગઢપુર પધાર્યા અને સીધા જ બાપુ એભલખાચરના ઓરડામાં ગયા. બાપુને મહારાજ કરિયાણા પધાર્યા ત્યારથી તાવ શરૂ થયો હતો. તાવનું જોર વધતું જતું હતું. બાપુને તાવની આવી ઉગ્રતાથી ખ્યાલ આવી ગયો હતો કે હવે દેહ રહેશે નહીં. તેથી તેઓ મહારાજનું અખંડ સ્મરણ કરી રહ્યા હતા. મહારાજ તેથી જ તો કરિયાણાથી તરત જ નીકળી ગયા અને અહીં આવીને સીધા બાપુના ઓરડામાં પધાર્યા.

મહારાજને જોઈ એભલ બાપુએ હાથ જોડી દીધા. મહારાજ તેમના ખાટલા ઉપર બેસી ગયા. બાપુની બંને રાણીઓ સૂરપ્રભાદેવી અને સોમાદેવી તથા પુત્રીઓ જીવુબા, લાડુબા, નાનીબા, પાંચુબા તથા દાદાખાચર સૌ પાસે હતાં. એભલખાચરે મહારાજને કહ્યું : "મહારાજ ! આપનું જ સ્મરણ કરતો હતો."

મહારાજે તરત જ કહ્યું : "એટલે તો અમે આવ્યા. હવે શી ઈચ્છા છે ?"

બાપુએ કહ્યું : "મહારાજ ! હવે તો આપના ધામમાં લઈ લ્યો. બીજી કોઈ ઈચ્છા નથી." એભલખાચરે પ્રાર્થના કરતાં કહ્યું.

દાદાને તો મેં મહારાજના ખોળે મૂક્યો છે

એટલામાં મૂળુખાચર તથા જીવાખાચર એભલ બાપુની તબિયત જોવાને આવ્યા. બાપુની તબિયત જોઈ તેમણે બહુ દિલગીરી બતાવી. જીવાખાચરે એભલ બાપુને કહ્યું : "બાપુ ! દાદાની કાંઈ ભલામણ કરવી છે ?"

ત્યારે એભલ બાપુએ મહારાજ તરફ આંગળી ચીંધીને કહ્યું : "દાદાને તો મેં મહારાજના ખોળે મૂક્યો છે. તેની રખેવાળીની જવાબદારી તો અનંત કોટિ

બ્રહ્માંડોના નાથ આ શ્રીહરિને સોંપી છે. અત્યાર સુધી તેમણે દાદાને સાચવ્યો છે અને હવે તેઓ જ સાચવશે. મારે કાંઈ ભલામણ કરવાની હોય નહીં.''

એભલ બાપુના આ શબ્દો જીવાખાચરને ગમ્યા નહીં. તે પણ મહારાજનો મહિમા જાણતા હતા. તે એ પણ જાણતા હતા કે મહારાજની રક્ષા જેને હોય તેને બીજા કોઈના રક્ષણની જરૂર રહેતી નથી. વળી મહારાજને પણ એભલખાચર અને તેમના સમગ્ર પરિવાર અને ખાસ કરીને દાદાખાચર ઉપર ખૂબ જ પ્રેમ હતો, તેમના સમગ્ર યોગ અને ક્ષેમનું તેઓ વહન કરી રહ્યા હતા. તેથી તેઓ સમજી ગયા કે મહારાજની છત્રછાયા નીચે દાદાખાચર અને તેમનો સમગ્ર ગરાસ સુરક્ષિત હતો.

તેઓ બંને ગયા અને એભલ બાપુએ મહારાજ સામું જોયું. પાસે બેઠેલા દાદાખાચરનો હાથ તેમણે મહારાજના હાથમાં મૂક્યો : ''મહારાજ ! આ બધું જ આપનું છે, દાદો પણ આપનો છે. આપના રક્ષણ નીચે મૂકી હવે હું સુખેથી આપના ધામમાં જાઉં છું.'' એટલું કહી 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' મંત્ર જપતા તેમણે છેલ્લો શ્વાસ લીધો.

સમગ્ર દરબારગઢમાં સ્વામિનારાયણ મંત્રની ધૂનનો ઘોષ છવાઈ ગયો. આકાશમાં અક્ષરમુક્તો દિવ્ય વિમાનો લઈ મહારાજના અક્ષરધામસ્થ સ્વરૂપ સાથે એભલ બાપુને તેડવા માટે આવી ગયા. મહારાજનું એ દિવ્ય સ્વરૂપ અને મહારાજનું પૃથ્વી ઉપરનું માનુષી સ્વરૂપ બંને એક થઈ ગયાં. એભલ બાપુનો દરબાર ચંદન અને પુષ્પોની સુગંધથી મહેક મહેક થઈ ગયો.

શ્રીજીમહારાજે સૌને ધીરજ આપી. મહારાજના સાન્નિધ્યથી બાપુના ધામમાં ગયાનો શોક ઓસરી ગયો. મહારાજે અને દાદાખાચરે એભલ બાપુના અંત્યેષ્ટિ સંસ્કાર કર્યા. પછી મહારાજે લાધા ઠક્કર, કુરજી ઠક્કર તથા પ્રેમજી ઠક્કરને કહ્યું : ''તમે ઘી લઈને આવો.''

તેઓ ત્રણે ઘી લઈને આવ્યા. જેટલા ઘીની જરૂર હતી તેટલું લઈ મહારાજે તે એભલ બાપુના દેહ ઉપર ચોપડ્યું, વધારાનું ઘી ત્રણે ભાઈઓને આપી દીધું. અંત્યેષ્ટિની તમામ વિધિ કરી. પછી ટાઢી ઠારી, સૌ દરબારમાં આવ્યા.

મહારાજે રાણી સોમાદેવીને, સૂરપ્રભાદેવીને તથા કુંવરીઓને, દાદાખાચરને તમામને બોલાવ્યાં. પછી કહ્યું : ''બાપુએ તો સત્સંગની ઘણી સેવા કરી. અમને પણ રાખ્યા, સંતોને પણ રાખ્યા, ઉત્સવો કરી હરિભક્તોની પણ સેવા કરી. તેમની સેવાની એ સ્મૃતિમાં આપણે અહીં ઉત્સવ કરીએ, સંતોને

તેડાવીએ. હવેથી તમારા રાજ્ય કારભારના કારભારી લાધા ઠક્કરની સાથે તેમની મદદમાં કુરજી ઠક્કર અને પ્રેમજી ઠક્કરને રાખીએ છીએ. તેઓ બંને સમજુ છે અને વળી રાજ્યની લાગણીવાળા છે એટલે રાજ્ય કારભારમાં લાધા ઠક્કરને મદદરૂપ થશે."

તે સાંભળી રાણી સોમાદેવીએ કહ્યું : "મહારાજ ! મેં તો મારું આ સમગ્ર રાજ્ય, પરિવાર અને દાદાખાચર બધું જ આપનાં ચરણે મૂક્યું છે. આપને જેમ યોગ્ય લાગે તેમ ઉત્સવો કરો જેથી બાપુ સર્વ પ્રકારે રાજી થાય."

મહારાજ સોમાદેવીનો સંપૂર્ણ શરણાગતિનો ભાવ જોઈ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "આ દાદો તો તમારું કુળ ઉજાળશે અને સારા વિશ્વમાં દાદાની ભક્તિના ગુણગાન ગવાશે."

પછી તેમણે કારભારી લાધા ઠક્કરને બોલાવી કહ્યું : "સંતોનાં મંડળોને ફરી બોલાવો. જ્યાં જ્યાં હોય ત્યાં ખેપિયા મોકલી અહીં તેડાવો. આપણા રાજ્યના બારે ગામના બ્રાહ્મણોને તથા તમામ કાઠી ભાયાતોને પણ આમંત્રણ મોકલાવો. સૌને ખૂબ જમાડી તૃપ્ત કરી દેવા છે."

દાદાના દરબારનો મહિમા

મહારાજે દાદાખાચરને તિલક કરી ગાદીએ બેસાર્યા. તે વખતે મહારાજે કહ્યું : "સૂર્ય, ચંદ્ર તપશે ત્યાં સુધી દાદાખાચરનું રાજ્ય તપશે. તેનો આ દરબાર આખા વિશ્વને ધર્મ, નીતિ અને જ્ઞાનની પ્રેરણા આપશે. કુરુક્ષેત્રના મેદાનમાં ગીતાનો ઉદ્‌ભવ થયો ત્યારે કોઈએ નહોતું જાણ્યું કે ભગવાનની એ વાણીમાંથી લાખો મનુષ્યો પ્રેરણા પામશે. તે જ પ્રમાણે દાદાનો આ દરબાર ભવિષ્યમાં સમગ્ર વિશ્વને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની પ્રેરણાનાં પીયૂષ પાશે. જીવનના રંગરાગથી રંગાયેલા અન્ય રાજવીઓના દરબારોનું નામ-નિશાન નહીં રહે; જ્યારે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના ભાવથી, પુરુષોત્તમ નારાયણના સંબંધથી અને તેમના કલ્યાણકારી દિવ્ય ઉપદેશામૃતથી દિવ્યતાને પામેલો દાદાનો આ દરબાર વિશ્વમાં અમર બની જશે. દાદો પણ અમર બની જશે !"

સૌ મહારાજની વાણી સાંભળી રહ્યા. પુરુષોત્તમ નારાયણની આ વાણી હતી. આવરણને ભેદીને પ્રસારણ પામે એવી તે વાણીમાં શક્તિ હતી. અભય બાપુ ધામમાં પધાર્યા તેનો શોક મહારાજની આ અદ્‌ભુત વાણી, આ

આશીર્વાદથી ઓછો થઈ ગયો.

એભલખાચરના કારજ નિમિત્તે ઉત્સવ

હવે તમામ વ્યવસ્થાનો ભાર મહારાજે પોતાને શિરે લઈ લીધો. તેમણે લાધા ઠક્કરને તથા લીંબડીના મૂળજી શેઠને બોલાવ્યા. તેમને કહ્યું : "ઉત્તમ રસોઈ બનાવે એવો રસોઈયો જ્યાં હોય ત્યાંથી તેડાવો. ભાવનગરથી આ પ્રસંગ માટે સીધા-સામગ્રી લેવા કૃષ્ણજી તથા અમરસંગને મોકલો."

તે સાંભળી લાધા ઠક્કરે કહ્યું : "મહારાજ ! રૂપિયાના સવાશેરના ભાવનું ઘી છે અને બીજી સામગ્રીઓના ભાવ પણ ગયા કાળના વરસને લીધે ઊંચા છે."

તે સાંભળી મહારાજે તરત જ કહ્યું : "હવે ભાર બધો ભગવાનને માથે છે, તમે શું કામ ચિંતા કરો છો ? જેતલપુર અને ડભાણના યજ્ઞો સાંભરે છે ?" લાધા ઠક્કર બોલતા બંધ થઈ ગયા. પછી મહારાજે કહ્યું : "બોટાદથી ભગા શેઠને પણ બોલાવો. આ પ્રસંગની તમામ વ્યવસ્થા તેમને સોંપી દેજો."

ભાવનગરથી સીધાની સામગ્રી આવી એટલે મહારાજે આનંદમુનિ તથા બીજા નાના સાધુઓ જે વિદ્યાભ્યાસ કરતા હતા, તેમની પાસે ગળ્યાં તથા મોળાં ખાજાં અને કેટલાક પાક તૈયાર કરાવ્યા. રસોઈયાઓ આવ્યા. તેમની પાસે પણ જુદા જુદા પાકો કરાવ્યા. એ રીતે મહારાજે તમામ તૈયારીઓ કરાવી દીધી.

એભલ બાપુના દશમાને દિવસે કાઠી ભાયાતો કોઈ ગાડામાં, તો કોઈ ઘોડાઓ ઉપર એમ આવવા લાગ્યા. મહારાજની આજ્ઞા પ્રમાણે જે દિવસે જે પકવાનો જમાડવાના હતા તે પ્રમાણે તેમને સૌને તે દિવસે ગળ્યાં તથા મોળાં ખાજાં જમાડ્યાં. વિપ્રો આવ્યા તેમને સાકરનાં સીધાં અપાવ્યાં અને ચૌદમા સુધી રોકાવાનું કહ્યું.

જયાદેવીએ સંતો, બ્રહ્મચારીઓ માટે જુદું રસોડું તૈયાર કર્યું હતું. તે રસોડું દ્વાદશા શ્રાદ્ધ કર્યા પછી ચાલુ કર્યું. લલિતાદેવીએ હરિભક્તો માટે તે પ્રમાણે તૈયારીઓ કરી. આ પ્રમાણે મહારાજની ઈચ્છાથી બાપુ એભલખાચરના કારજનો પ્રસંગ પણ ઉત્સવ જેવો ઉજવાવા લાગ્યો. ભગા દોશી દરેક સ્થળે પોતાનું સ્થૂળ શરીર હોવા છતાં ફરી વળતા. તે બોટાદના પ્રતિષ્ઠિત નગરશેઠ હતા, ભાવનગર રાજ્યના દરબારમાં તેમની ખુરશી પડતી, ભાવનગર નરેશ કાંઈક વ્યાવહારિક ગૂંચવાળાં કામો માટે તેમની સલાહ લેતા. છતાં આ મોટપનું માન તેમણે મહારાજ અને તેમના સંતો-હરિભક્તોની સેવા કરવામાં રાખ્યું નહીં. વ્યવહારમાં

જ્યાં તે માન રાખવાની જરૂર પડતી, ત્યાં તેઓ જરૂર તે પ્રમાણે વર્તતા.

મહારાજે સૌને જમાડી ખૂબ તૃપ્ત કરી દીધા. બ્રાહ્મણોને દક્ષિણા પણ આપી. સંતોને, હરિભક્તોને કથા કીર્તનનો લાભ આપ્યો. બ્રાહ્મણોને મહારાજે ઉપદેશ આપતાં કહ્યું : "સર્વોપરી પુરુષોત્તમ નારાયણની ઉપાસના અને ભક્તિ શિવજી જે ભાવથી કરી રહ્યા છે તે ભાવથી તમારે કરવી. બ્રાહ્મણો તો જગદ્‌ગુરુ કહેવાય. તેમણે સાત્ત્વિક રહેવું જોઈએ. તમાકુ, ભાંગ કે એવા બીજાં વ્યસનો બ્રાહ્મણોએ રાખવાં જોઈએ નહીં. ડુંગળી અને લસણ પણ બ્રાહ્મણોથી તો ન જ ખવાય. તેઓ ઉચ્ચ જાતિ છે તો તેમનું અનુકરણ લોકો સહેજે કરે. માટે બ્રાહ્મણોને જગદ્‌ગુરુનું બિરુદ આપ્યું છે તો સાચા અર્થમાં ગુરુ બનવું."

સંતોનાં મંડળોને હવે પાછું વિચરણ કરવાનું હતું. મહારાજે નિત્યાનંદ સ્વામી તથા મહાનુભાવાનંદ સ્વામીનાં મંડળોને જેતલપુર મોકલ્યાં. મુક્તાનંદ સ્વામીને ચરોતરમાં મોકલ્યા અને પોતે ગઢપુરમાં રોકાયા.

મછિયાવના દરબારની અંત અવસ્થા

એવામાં મછિયાવથી રાજાનો માણસ આવ્યો. તેણે ખબર આપ્યા કે મછિયાવના બાપુ દાજીભાઈને શરીરમાં વ્યાધિ ખૂબ છે તેથી સંતોને મછિયાવ તેડાવ્યા છે. મહારાજે તરત જ જેટલા સંતો ત્યાં હતા તેમને મછિયાવ જવાની આજ્ઞા કરી. મહારાજે તેમને કહ્યું : "દાજીભાઈ બહુ જ ભાવિક છે. જગતની કોઈ વાસના તેમને નથી. તેથી તો તમને તેડાવ્યા છે. માટે તેમની પાસે કથા-કીર્તનનો સોપો પડવા દેશો નહીં."

સંતો મછિયાવ આવ્યા. મછિયાવનો દરબારગઢ સંતોના આગમનથી, તેમની વાતોથી, પળે પળે સ્વામિનારાયણ મંત્રના જાપથી, સવારમાં પ્રભાતિ પદોથી, સાંજે ગોડી-આરતી અને પ્રાર્થનાથી જાણે અક્ષરધામ સમો બની ગયો ! દાજીભાઈને તો જાણે તેમની આ છેલ્લી પળ ધન્ય બની ગઈ હોય એવું લાગ્યું ! તેમની એક ક્ષણ પણ મહારાજના સ્મરણ વિના જતી ન હતી. સંતોએ અખંડ ભજન, કથા અને ધૂનની પ્રવૃત્તિ આદરી દીધી. દાજીભાઈ પ્રસન્ન થઈ ગયા. તેમને થયું કે આ દેહના સગા તો અંત સમયે અનેક પ્રકારના તમાશા જોવા, સ્વાર્થ સાધવા કે મૂંઝવવા આવતા હોય છે; જ્યારે આત્માના આ સાચા સગા, મહારાજના અપરિગ્રહ વ્રતધારી સંતોએ તો મહારાજની જ સ્મૃતિ અખંડ રહે, તે સિવાય એક પળ પણ વીતે નહીં તેવી

જબ્બર કિલ્લેબંધી કરી દીધી હતી. કાળ તો મહારાજની આજ્ઞાથી પોતાનો ધર્મ બજાવશે જ, પરંતુ આ સ્મૃતિથી આત્માનાં તમામ બંધનો – દેહ અને દેહના સગા-સંબંધીઓ સાથેના – આજે તૂટી ગયા અને આત્મા શુદ્ધ થઈને મહારાજના ધામમાં હવે ચાલ્યો જશે.

તેઓ આ પ્રકારના વિચારોમાં હતા. ત્યાં તેમને અક્ષરધામના મુક્તો સાથે મહારાજનાં દર્શન થયાં. અસંખ્ય દિવ્ય વિમાનો તેમના દરબારગઢમાં આવી રહ્યાં હતાં. સર્વત્ર ચંદન અને પુષ્પોની મીઠી સુગંધ પ્રસરી રહી હતી. મહારાજ દાજીભાઈ પાસે પધાર્યા. તરત જ તેમનો આત્મા મહારાજનાં ચરણમાં નમી દિવ્ય-તનુ ધારી, મહારાજ સાથે અક્ષરધામમાં ચાલ્યો ગયો. ત્યાં બેઠેલા સર્વને આ દિવ્ય દર્શન થયાં. દરબારગઢની દોઢીમાં બેઠેલા તેમના ભાયાતોને પણ આ દિવ્ય દર્શન થયાં. સ્વામિનારાયણ ભગવાનના આશ્રયની, તેમના સત્સંગની આ વિશિષ્ટતા હતી તેની તેમને પ્રતીતિ થઈ. દિવ્ય-દેહ ધારી આત્મા અક્ષરધામગમન કરે છે તે સત્યતાની તેમને આજે ખાતરી થઈ !

તેમના પુત્ર કુમાર બાપુભાઈએ દાજીભાઈની[૪૮] અંતિમ ક્રિયા કરી. સંતોના સાન્નિધ્યથી કુટુંબના તમામ જનોને ધીરજ રહી. મહારાજ મુક્તો સાથે તેડવા પધાર્યા તે દર્શનથી તેમણે સૌએ ધન્યતા અનુભવી. આગલા વરસના કાળની વિષમતાને લઈને આ વરસે પણ ધન, ધાન્યના ભાવો ઊંચા હતા. છતાં સંતો પધાર્યા, તેમના સંબંધે મહારાજ પણ દિવ્ય સ્વરૂપે પધાર્યા અને બાપુનું આત્યંતિક કલ્યાણ થઈ ગયું તેની પ્રતીતિ સૌને કરાવી, તેથી આ સંતોની સેવા કરી તેમને પણ પ્રસન્ન કરી દેવા એવો તેમનો ભાવ હતો. તેમણે બાપુના કારજમાં પુષ્કળ ધન વાપર્યું. સંતો, હરિભક્તો અને બ્રાહ્મણો જમ્યા. સૌનાં અંતરમાં શાંતિ શાંતિ થઈ ગઈ !

✧

જે સંતો અહીં આવ્યા હતા તેઓ બધા મહારાજ પાસે ગઢપુર ગયા. મહારાજનાં દર્શન માટે કેટલાક અન્નકૂટોત્સવમાં ગયા હતા અને કેટલાક નહોતા ગયા. તેથી સમગ્ર મંડળ આ લાભ લેવા ગઢપુર આવ્યું. મહારાજ પણ તેમની રુચિ જાણી ગયા. પોતાના આદેશના પાલનને અર્થે આ સંતો દેશ-

૪૮. તે સમયના દરબારનું નામ રામસિંહજી હતું, તેમને બે પુત્રો હતા : ફૂલસિંહ અને દેવીસિંહ. પરંતુ શ્રીહરિલીલામૃત ગ્રંથમાં દાજીભાઈ અને તેમના કુંવર બાપુભાઈ - એ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે. કદાચ તે પણ તેમનાં નામો હોય.

પરદેશમાં ફર્યા હતા; ટાઢ, તડકો, ભૂખ, તરસ, અપમાન, તિરસ્કાર વગેરે સહન કર્યાં હતાં. તેથી આવા કોઈ પ્રસંગે તેમને પોતાના સાન્નિધ્યમાં રહેવાની ઇચ્છા થાય એ સ્વાભાવિક છે. મહારાજે તેમને આવકાર્યા. મહારાજના મનમાં એ જ ભાવ હતો કે ક્યા પ્રકારે આ સંતોની સાધુતા વધુ ને વધુ દીપી ઊઠે. તેમની સાધુતાથી, તેમના ચારિત્ર્યથી જ તેમની છાપ લોકો ઉપર પડે, સાચા સાધુને ઓળખવાની બુદ્ધિ જાગ્રત થાય અને ખોટાનો ત્યાગ કરે. સાધુના સ્વાંગમાં ઘણા અસાધુઓ ફરતા હતા. સ્વામિનારાયણના આ સંતોની સાધુતા, તેમનું બ્રહ્મચર્ય, ધર્મના પાલનની તેમની અત્યંત દઢતા – આ બધા ગુણોથી અસાધુઓ ધીરે ધીરે વિલીન થવા લાગ્યા. આ સંતોના કાર્યથી ગુજરાત અને સૌરાષ્ટ્રની કાયાપલટ થવા લાગી.

કાષ્ટ-પાષાણની નારી ધર્મપાલનમાં વિઘ્નરૂપ

આ સંતોની ધર્મપાલનની દઢતા જોઈ મહારાજ પ્રસન્ન થયા હતા. છતાં ધર્મ એ જ એકાંતિક સ્થિતિ પામવાનું મુખ્ય સાધન છે, તેમાં કોઈ દિવસે કોઈ પ્રકારે પણ શિથિલતા ન આવે તેવો ઉપદેશ તેમની વાતોમાં સહેજે આવતો. સંતો, હરિભક્તો સભામાં હતા. મહારાજે જોયું કે બીજા વિશેષ બહારના માણસો નથી તેથી આ સંતો, હરિભક્તોની કાયા ધર્મના દઢ પાલનથી વિશેષ મજબૂત થાય તે હેતુથી તેમણે કહ્યું : ‘‘સંતો ! હરિભક્તો ! સાંભળો. આપણાં સત્શાસ્ત્રોમાં અને ખાસ કરીને વાસુદેવ માહાત્મ્યમાં ભાગવતધર્મનું નિરૂપણ કર્યું છે તેમાં અહિંસા અને બ્રહ્મચર્યને મહત્ત્વનું સ્થાન આપ્યું છે. માટે કોઈ પણ પ્રકારે ગૃહસ્થોએ તેમજ ત્યાગીઓએ તેમના ધર્મનું, આજ્ઞાનું ઉલ્લંઘન કરવું જ નહીં. નારી તો કાષ્ટની, પાષાણની કે ચિત્રામણની હોય તો તેને દૃષ્ટિ માંડીને જોવાથી કે તેનો સ્પર્શ કરવાથી તે પણ બ્રહ્મચર્ય ધર્મના પાલનમાં વિઘ્નરૂપ બને છે. માટે જો બ્રહ્મચર્ય ધર્મમાં દઢ રહેવું હોય, તો આ પ્રકારની સ્ત્રીઓની આકૃતિઓનો પણ સદા ત્યાગ કરવો.’’

સભામાં વ્યાપકાનંદ સ્વામી બેઠા હતા. તેમના મનમાં મહારાજની આ વાત સાંભળી વિચારો ઘોળાવા લાગ્યા : કાષ્ટની, પાષાણની કે ચિત્રમાં આલેખેલી નિર્જીવ નારી શું સાધુના ધર્મમાં સ્ખલન કરાવી શકે ? પુરુષ આટલો બધો નિર્બળ હોતો હશે અને સ્ત્રી આટલી બધી પ્રબળ હોતી હશે ?

તેમણે તરત જ મહારાજને પૂછ્યું : ‘‘મહારાજ ! શું પુરુષ એટલો નિર્બળ

હોઈ શકે કે નિર્જીવ નારી તેના ધર્મનો ભંગ કરાવી શકે ?''

આ પ્રશ્ન સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''સ્વામી ! આ પ્રશ્નનો ઉત્તર અમે આજે કરીશું તો તમને મનાશે નહીં. કારણ અમે તો ધર્મમાં ભંગ કરાવે એવાં નારીનાં બધાં જ સ્વરૂપો અત્યારે કહ્યાં, છતાં તમને શંકા થઈ; તેથી તમારા પ્રશ્નનો ઉત્તર તમને જ્યારે અનુભવ થશે ત્યારે મળી રહેશે.''

વ્યાપકાનંદ સ્વામી સાંભળી રહ્યા પરંતુ કાંઈ બોલ્યા નહીં.

થોડા દિવસ સંતોને ગઢપુરમાં રાખી મહારાજે સૌ સંતોને જુદા જુદા પ્રદેશોમાં વિચરણ કરવા મોકલ્યા, વ્યાપકાનંદ સ્વામીનું મંડળ પણ ઝાલાવાડ તરફ ગયુ.

વ્યાપકાનંદ સ્વામી થાનગઢમાં આવ્યા. અહીં ગામ બહાર વાસુકી નાગનું મંદિર હતું.[૪૯] તેમણે ઉતારો ત્યાં રાખ્યો. રાત પડી હતી એટલે ગામમાં જવાનું હતું નહીં. મંદિરમાં તેઓ ઘુમટની નીચે જ સૂઈ રહ્યા. ઘુમટમાં સ્ત્રીઓના સ્વરૂપની જુદા જુદા ભાવમાં કંડારેલી પાષાણની મૂર્તિઓ જડેલી હતી. સહેજે જ તેમની દૃષ્ટિ તે મૂર્તિઓ ઉપર પડી. મંદિરના ઝાંખા દીવાના પ્રકાશમાં પણ તે મૂર્તિનું સૌન્દર્ય, અંગ અંગમાંથી ઉપસતા માદક ભાવો છતા થતા હતા. વ્યાપકાનંદ સ્વામીની દૃષ્ટિ તે મૂર્તિઓ ઉપર સ્થિર થઈ ગઈ. સ્થિરતાથી મૂર્તિઓ પ્રત્યે તેમના સ્વરૂપ સમજવા માટે તેઓ જોવા લાગ્યા. ધીરે ધીરે તે મૂર્તિઓ ઉપર તેમની દૃષ્ટિ વધુ સ્થિર થવા લાગી અને અંતરમાં સુષુપ્ત રહેલા ભાવો પણ ધીરે ધીરે જાગ્રત થવા લાગ્યા. તેમને સમજ પડે તે પહેલાં તો વિકારના ભાવોથી તેમનું અંતર અસ્વસ્થ થઈ ગયું. તેમને લાગ્યું કે નૃત્યની જુદી જુદી મુદ્રામાં કંડારેલી આ મૂર્તિઓ જાણે સ્વયં નૃત્ય કરતી હતી ! મૃદંગના શબ્દો સાથે ઝાઝરના ઝણકાર તેમને સંભળાવા લાગ્યા.

તેમણે આંખો ચોળી. ફરી દૃષ્ટિ સ્થિર કરી અને જોયું. મૂર્તિઓ હજુ તેમની સમક્ષ નૃત્ય કરી રહી હતી; મૃદંગના, ઝાંઝરના અવાજ આવતા હતા. તેમના અતઃકરણમાં અસ્વચ્છતાના ભાવ ઉછાળા મારતા હતા. તેમણે મહારાજને સંભાર્યા. તરત જ ગઢપુરમાં તેમણે કરેલી વાતની તેમને સ્મૃતિ થઈ આવી. તેમણે એકદમ આંખો બંધ કરી દીધી અને 'મહારાજ, સ્વામિનારાયણ' એ મંત્ર જપવા લાગ્યા. મંત્રજાપના બળથી અંતરની અસ્વસ્થતા શાંત થઈ.

૪૯. આ મંદિર તો હજુ પણ છે પરંતુ ઘુંમટના ભાગમાં મરામત કરી હોય તેમ લાગે છે, તેથી પુતળીઓ દેખાતી નથી.

તેમને લાગ્યું કે મહારાજે સાચું જ કહ્યું હતું. પૂર્વજન્મના અનેક વિકારો જીવમાં ભરાયેલા જ હતા. પ્રસંગ આવે એટલે તે જાગ્રત થયા વિના રહે જ નહીં. તેથી જ મહારાજે સર્વ પ્રકારે સ્ત્રીનો ત્યાગ ઉદ્‌બોધ્યો હતો. તેનો સંકલ્પ પણ અંતરમાં થવા ન દેવો, તો જ બ્રહ્મચર્યવ્રત અભંગ પાળી શકાય.

ઝાલાવાડમાં થોડા દિવસ ફરી તેઓ ગઢપુર આવ્યા. મહારાજનાં દર્શને આવ્યા ત્યારે મહારાજે તેમના માથે હાથ મૂક્યો અને પૂછ્યું : "સ્વામી ! ફરી આવ્યા ને ? સમાસ સારો થયો ?"

તેમણે ગદ્‌ગદ ભાવે કહ્યું : "મહારાજ ! બહાર તો કદાચ સમાસ થયો હશે પરંતુ આપની આજ્ઞા લોપી એટલે મારા અંતરમાં અસ્વસ્થતા જાગી. પાષાણની મૂર્તિ તરફ દૃષ્ટિ કરી અને જાણે તેમનામાં ચેતન આવ્યું હોય તેમ મેં તે મૂર્તિઓને નૃત્ય કરતી જોઈ, મૃદંગ અને ઝાંઝરના અવાજ સંભળાયા અને મારું મન ચકડોળે ચડ્યું. તરત જ આપના શબ્દો યાદ આવ્યા, આંખો બંધ કરી અને આપનું સ્મરણ કર્યું ત્યારે શાંતિ થઈ."

મહારાજ આ સાંભળી રહ્યા. થોડી વારે બોલ્યા : "તેથી તો અમે તે દિવસે નિષેધની વાત કરી હતી. તમારા અનુભવમાં તમારી શંકાનું સમાધાન થયું. પરંતુ એમ દરેક એ પ્રકારનો અનુભવ કરવા તત્પર થાય તો ભ્રષ્ટ થયા વિના રહે જ નહીં. માટે પુરાણના ઋષિમુનિઓ, દેવો તેમના સૌના અનુભવ ઉપરથી આપણે સમજી લેવું જોઈએ."

વડોદરાના દીવાન ગંગાધર શાસ્ત્રી ગઢપુર આવે છે

આ અરસામાં વડોદરાના વિદ્વાન દીવાન ગંગાધર શાસ્ત્રી ગઢપુરમાં આવ્યા હતા. તેમણે ગઢપુરમાં મુકામ કર્યો છે તેવું મહારાજે જ્યારે જાણ્યું ત્યારે મહારાજે દાદાખાચરને બોલાવ્યા. દાદાખાચર આવ્યા એટલે મહારાજે પાસે ઊભેલા લાધા ઠક્કરને કહ્યું : "આ ઉત્તમકુમાર એ હવે આપણા રાજા છે. ગામમાં વડોદરાના મુખ્ય દીવાન ગંગાધર શાસ્ત્રી આવ્યા છે તેવા સમાચાર મળ્યા છે, તો ઉત્તમકુમારને રાજવી પોષાક પહેરાવી ગંગાધર શાસ્ત્રી પાસે લઈ જાવ. આપણા રાજ્યની જમીન અંગે જે કજિયો છે તે સંબંધી વાત કરજો. તે તેનો ઉકેલ લાવી દેશે."

લાધા ઠક્કર ઉત્તમકુમારને રાજવી પોષાક પહેરાવી ગંગાધર શાસ્ત્રી પાસે લઈને ગયા. લાધા ઠક્કરે શાસ્ત્રીને કહ્યું : "શાસ્ત્રીજી ! આ ગઢપુરના

તિલાટકુંવર છે, આપને એમના દરબારમાં પધારવા માટે આમંત્રણ આપવા આવ્યા છે.''

ગંગાધર શાસ્ત્રી ઉત્તમકુમારને જોઈને જ પ્રભાવિત થઈ ગયા. એક તો રાજ્ય બીજ, વળી ઉતમ પ્રકારના ભક્ત અને મહારાજની તેમના ઉપર સંપૂર્ણ દૃષ્ટિ – આ ત્રણેના સમન્વયથી દાદાખાચર કાઠિયાવાડના કાઠી રાજાઓથી જુદા તરી આવતા હતા. ભક્તિના ભાવથી મુખ સૌમ્ય દેખાતું હતું. આંખોમાં આર્દ્રતા હતી, વાણીમાં મીઠાશ હતી, શરીરની કાંતિ તેજસ્વી હતી. કમરે લટકતી નાનકડી તલવાર અને કેડે ખોસેલો સોનાની મૂઠવાળો નાનો જમૈયો તેમના ક્ષાત્રવટની સાક્ષી પૂરતા હતા.

દાદાખાચરને જોઈને જ ગંગાધર શાસ્ત્રીને લાગ્યું કે આ કેવળ રાજકુમાર છે એટલું નથી. રાજબીજમાં રજસનો ભાવ વધુ દેખાય. જ્યારે આ રાજબીજ છે, તેજસ્વી દેખાય છે પરંતુ એ તેજમાં ક્ષાત્રવટના ચમકારા કરતાં પણ કાંઈક વિશેષ હોય તેવું દેખાય છે. તે વિશેષ શું છે તેની તે કલ્પના કરી ન શક્યા. પરંતુ સ્વામિનારાયણ નામે કોઈ ભગવાન તેમના દરબારમાં રહે છે. આ કુંવરની સૌમ્ય પ્રતિભા ઉપર તે ભગવાનના પ્રભાવની તો અસર નહીં હોય ! ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે તેમના જ રાજ્યના મુખ્ય દીવાન વિઠ્ઠલરાવને દુશ્મનાવટ હતી. તેમને લાગ્યું કે જો આ કુવંર ઉપર તે સ્વામિનારાયણની જ અસર હોય તો વિઠ્ઠલરાવની તેમના પ્રત્યેની દુશ્મનાવટ અણસમજણની કહેવાય. સ્વામિનારાયણની પ્રતિભાનું પ્રતિબિંબ પાડતા આ કુંવર તેમને કાંઈક અનોખા લાગ્યા.

ગંગાધર શાસ્ત્રીને વિચાર કરતા જોઈ ઉત્તમકુમારે તરત જ કહ્યું : ''શાસ્ત્રીજી ! અમારા દરબારમાં પધારો. અમને આપનું સન્માન કરવાનો આ લહાવો મળ્યો છે. સાથે સાથે આપને પણ અમારા સ્વામિનારાયણ ભગવાનનાં દર્શનનો લાભ મળશે.''

લાધા ઠક્કર આ સાંભળી ચમક્યા. તેમને લાગ્યું કે વડોદરા રાજ્યના દીવાનને તો મહારાજ પ્રત્યે વેર છે ત્યાં વળી કુંવરે આ શું કહી દીધું !

પરંતુ ગંગાધર શાસ્ત્રી તરત જ બોલ્યા : ''કુમાર ! તમારા સ્વરૂપમાં આ દૈવત છે તેનું કારણ મને સમજાયું. ભગવાનનો તમને સંબંધ છે. અર્જુનમાં ક્ષાત્રવટ પણ હતી અને આવું દિવ્ય દૈવત પણ હતું. હું જરૂર તમારા દરબારમાં આવીશ. પરંતુ તમારું રાજ્ય અમારી હકુમત નીચે છે એટલે મારે પણ તમને

પૂછવું જોઈએ કે રાજ્યકારભાર તો બરાબર ચાલે છે ને ?''

આ પ્રશ્નથી લાધા ઠક્કરની બુદ્ધિ સળવળી. તેમને મહારાજના શબ્દો યાદ આવ્યા. રાજ્યની મુશ્કેલીની વાત શાસ્ત્રીને કહી દેવી. તેમણે તરત જ કહ્યું : ''શાસ્ત્રીજી ! અમારો કારભાર તો બરાબર ચાલે છે. પરંતુ અમારા રાજ્ય-ભાગની જમીન દ્વેષી રાજાએ દબાવી છે.[૫૦] તે મુશ્કેલીથી વારંવાર અમારે તેમની સાથે ઝગડા થાય છે.''

ગંગાધર શાસ્ત્રીએ કહ્યું : ''હું તે સંબંધી તપાસ કરી સમાધાન કરાવી દઈશ.''

''પરંતુ અમારા આમંત્રણનું શું ?'' દાદાખાચરે પૂછ્યું.

તેમની મીઠી વાણી સાંભળી શાસ્ત્રીએ કહ્યું : ''જરૂર. કાલે સવારે હું તમારા દરબારમાં સ્વામિનારાયણનાં દર્શન કરવા આવીશ.''

લાધા ઠક્કર તથા દાદાખાચરે શાસ્ત્રીને નજરાણું કર્યું. પરંતુ તેમણે કહ્યું : ''તમારી તો ભગવાનની મિલકત કહેવાય. એટલે મારાથી ન લેવાય.''

---

૫૦. રાજ્યની આ જમીન અંગે તકરારની નક્કર હકીકત કાંઈ મળતી નથી. બાજુના રામપરા ગામમાં દાદાખાચરની જમીન હતી. ભડલીના ભાણખાચર તે જમીન પોતાની માનીને ખેડતા અને દાદાખાચરના માણસો તે પાક લણી લેતા. જ્યારે દાદાખાચર તેમાં વાવેતર કરતા, ત્યારે ભાણખાચરના માણસો તે પાક લણી લેતા. કદાચ આ કજિયો પણ હોય.

બીજી હકીકતમાં દાદાખાચરને ભાવનગર રાજ્ય સાથે પણ તકરાર ચાલતી. આ તકરાર ભાવનગર રાજ્યની ગઢડા પાસે લેણી નીકળતી રકમ માટેની હતી. તેથી ઘણી વખત દાદાખાચરના ખળામાં પડેલું અનાજ ભાવનગર રાજ્ય તેમને લેવા દેતું ન હતું અને તે લેણા પેટે કેટલીક જમીન પણ દબાવી હોય તેવું કહેવાય છે.

આ પ્રસંગ અગાઉ થોડાં વર્ષો પહેલાં વડોદરા રાજ્યના આનંદરાવ ગાયકવાડ અને તેમના ભાઈ ફત્તેહસિંહરાવ ગાયકવાડને અંગ્રેજોએ નજર કેદમાં રાખ્યા હતા. વડોદરામાં રીજન્સી કમિશન નીમાયું હતું અને તેના વડા તરીકે જનરલ વૉકરને નીમ્યા હતા. તેમના મુખ્યમંત્રી તરીકે ગંગાધર શાસ્ત્રી હતા. તેના પછી કૅપ્ટન કર્નાક આવ્યા. તેણે સીતમ ગુજાર્યો. તેથી તેના વિરુદ્ધ આનંદરાવ ગાયકવાડ, સીતારામ રાવજી, ગોવિંદરાવ બંધૂજી અને ભગવંતરાવ ગાયકવાડની રાણીઓએ બળવો કરવાનું નક્કી કર્યું. પરંતુ ગંગાધર શાસ્ત્રી કૅપ્ટન કર્નાકને આ બધી માહિતી પહોંચાડતા એટલે કાવતરું ફૂટી ગયું. ગંગાધર શાસ્ત્રીનો અંગ્રેજ રેસીડન્સી ઉપર સારો એવો પ્રભાવ હતો. – ધી મરાઠા સુપ્રીમસી; પા. ૧૦૧.

છતાં દાદાખાચરે તથા લાધા ઠક્કરે પોષાક અર્પણ કર્યો. રોકડા રૂપિયા આપ્યા. અત્તર છાંટ્યું અને મહારાજની પ્રસાદી પણ આપી.

શાસ્ત્રી રાજી થઈ ગયા. તેમણે તરત જ થોડી પ્રસાદી તે વખતે જ ચાખી.

મહારાજ પાસે લાધા ઠક્કર આવ્યા એટલે મહારાજે તેમને બધી હકીકત પૂછી. લાધા ઠક્કરે વિગતવાર બધી વાત કરી. દાદાખાચરનો તેમના ઉપર જે પ્રભાવ પડ્યો તે પણ કહ્યું. મહારાજ આ સાંભળી રાજી થયા.

ગંગાધર શાસ્ત્રીને દિવ્ય દર્શન

તે જ રાત્રે ગંગાધર શાસ્ત્રીને સ્વપ્નમાં મહારાજનાં દર્શન થયાં. તેમણે સ્વામિનારાયણ ભગવાનને કદી જોયા ન હતા. છતાં તે સ્વપ્નમાં તેમને ઓળખી ગયા. મહારાજની સૌમ્ય મૂર્તિમાંથી તેને અનંત બ્રહ્માંડોને આવરી લેતો પ્રકાશ દેખાયો. એ સૌમ્ય પ્રકાશ ધીરે ધીરે સંકેલાઈને આ ગઢપુર ગામમાં પથરાઈ ગયો. દાદાનો દરબાર આ પ્રકાશથી જાણે સમગ્ર રીતે અવરાઈ ગયો હોય તેવો દેદીપ્યમાન દેખાયો. તે સમગ્ર પ્રકાશ તે દરબારમાં નિંબતરુ નીચે બિરાજતા ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપમાં લીન થઈ ગયો. તેને શબ્દો સંભળાયા : "ગંગાધર શાસ્ત્રી ! અમારી દૃષ્ટિમાં તો અનંત બ્રહ્માંડો અણુવત્ છે તો પછી તમારું વડોદરા રાજ્ય શી ગણતરીમાં ? અને તમારી તથા અંગ્રેજોની સત્તા પણ શી ગણતરીમાં ? છતાં દાદાખાચરનું કામ તમને સોંપ્યું છે, એટલા માટે કે તમારાથી એ પ્રકારની અમારી ભક્તિ થઈ શકે."

ગંગાધર શાસ્ત્રી અચાનક જાગી ગયા ! તેણે જોયું સવાર થતી હતી. ચંદ્રનું અજવાળું ક્ષીણ થતું હતું. તારાઓ ટમટમી રહ્યા હતા. તે પલંગમાં બેસી ગયા. તેને લાગ્યું કે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ તેની સામે મંદમંદ હસતી હતી. તરત જ તેને વિઠ્ઠલરાવ દીવાનનો વિચાર આવ્યો. તેને લાગ્યું કે રાવણ અને કંસ પણ આના જેવા જ હશે. પુરાણનાં પાત્રોમાં આપણને મોટું સ્વરૂપ જોવાની ટેવ પડી ગઈ છે પરંતુ આસુરભાવ તો એનો એ જ ! જેટલો વધુ આસુરભાવ, તેટલો વધુ મોટો તે અસુર ! પછી તે રાવણના સ્વાંગમાં હોય કે કંસના સ્વાંગમાં હોય કે વિઠ્ઠલરાવ દીવાનના સ્વાંગમાં હોય ! તેને લાગ્યું કે આવા અસુરો સમજ્યા સમજે નહીં, વાર્યા વારી શકાય નહીં, હારે ત્યારે જ પાછા વળે. પરંતુ તરત જ તેણે આવા શુભ બ્રાહ્મમુહૂર્તમાં આવી આસુરી વ્યક્તિઓની સ્મૃતિનો ત્યાગ કરી દીધો. તેને યાદ આવ્યું દાદાના દરબારમાં

જવાનું. જલદી તૈયાર થઈ જવા તે એકદમ પલંગમાંથી ઊઠી ગયા.

ગંગાધર શાસ્ત્રી મહારાજનું પૂજન કરે છે

નાહી પોતાની પ્રાતઃવિધિ કરી લીધી. ભવ્ય કપાળમાં ત્રિપુંડ્ર કર્યું. જગન્નાથી કિનારના ધોતિયા ઉપર ઘૂંટણ સુધીનું લાંબું અંગરખું પહેર્યું. તે ઉપર ખેસ મૂક્યો. માથે દક્ષિણી પાઘડી મૂકી. આગળથી ગોળાકારવાળી દક્ષિણી ઢબની મોજડી પહેરી. અનુચરો સાથે લીધા. ભગવાનને ધરવા માટે કિંમતી પોષાક, આભૂષણો, મેવા-મીઠાઈ લીધાં. પૂજન કરવા માટે પંચામૃત લીધું. ચંદન, કેસર અને અત્તર પણ લીધાં. સમગ્ર સામગ્રીઓ લઈને તે તૈયાર થઈ ગયા. એટલામાં લાધા ઠક્કર તેમની સાથે બે કારભારી તથા પસાયતાઓ લઈને આવ્યા. સાથે સિગરામ લઈ આવ્યા હતા. શાસ્ત્રી તેમની સાથે બહાર નીકળ્યા. સિગરામ જોઈ તેમણે કહ્યું : “ભગવાનનાં દર્શને જવું હોય ત્યારે ચાલીને જવું જોઈએ. માટે સિગરામ ભલે પાછળ પાછળ આવે.”

સૌ દરબારમાં પહોંચ્યા. દરબાર જોઈને જ શાસ્ત્રીજીને રાત્રીનું સ્વપ્નું યાદ આવી ગયું. બરાબર આ જ દરબાર ! અહીં જ એ દિવ્ય પ્રકાશ સમગ્ર રીતે પથરાઈ ગયો હતો ! તે વિચારમાં આગળ ચાલ્યા. ત્યાં નિંબતરુ નીચે તેમણે મહારાજને પલંગ ઉપર બિરાજેલા જોયા. આજુબાજુ સંતો, હરિભક્તો બેઠા હતા. મહારાજને જોઈને જ તે સ્થિર થઈ ગયા. આ જ, આ જ સ્વરૂપ મને સ્વપ્નામાં દેખાયું હતું. તેમણે દૃષ્ટિ સ્થિર કરી. એટલામાં મહારાજે તેમને બોલાવ્યા : “આવો, આવો શાસ્ત્રીજી ! પધારો. તમારી અમે રાહ જોઈ રહ્યા છીએ.”

તરત જ દાદાખાચર તેમને સન્માનવા ઊઠ્યા, જીવાખાચર પણ પાછળ પાછળ ગયા. શાસ્ત્રીનું સન્માન કર્યું. પણ તેમને એ સન્માનની પડી ન હતી. તેમની દૃષ્ટિ તો મહારાજ ઉપર જ હતી.

તે પાસે આવ્યા અને મહારાજની સમક્ષ સાષ્ટાંગ દંડવત્ કરવા લાગ્યા. સભા આ જોઈ સ્તબ્ધ બની ગઈ ! વડોદરા રાજ્યના આવા મોટા પ્રધાન, અંગ્રેજોના વિશ્વસનીય રાજપુરુષ મહારાજને સાષ્ટાંગ દંડવત્ કરે છે ! કેટલાક ભાયાતો પણ આ જોઈ વિસ્મિત થઈ ગયા !

મહારાજનાં ચરણકમલમાં તેમણે માથું મૂક્યું. થોડી વાર એ પ્રમાણે રહીને પછી તેમણે તેમના અનુચરોને કહ્યું : “લાવો, પંચામૃત, ચંદન, કેસર, અત્તર.”

આ સાંભળી મહારાજે કહ્યું : "શાસ્ત્રીજી ! આપ બેસો. આ બધું શું છે ? અમે તો સાધુ કહેવાઈએ. અમારાં ચરણની પૂજા ન થાય."

તેમણે તરત જ કહ્યું : "રાત્રે દર્શન દઈ મને આપે આપનું સ્વરૂપ ઓળખાવ્યું અને હવે મનુષ્યભાવ બતાવી મને વારો છો ?"

મહારાજ હસ્યા. સભા કાંઈ સમજી શકી નહીં.

શાસ્ત્રીએ મહારાજનું પૂજનુ કર્યું, વસ્ત્રો ઓઢાડ્યાં, આભૂષણો ધરાવ્યાં, મેવા-મીઠાઈ પણ મૂક્યાં અને પછી હાથ જોડી કહ્યું : "પ્રભુ ! હું આપનો દાસ છું. આપ મને જે સેવા સોંપશો તે હું કરીશ."

મહારાજ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા.

એટલામાં દાદાખાચરની ગાયોનું ધણ છૂટ્યું. તે ગાયો જોઈ શાસ્ત્રી રાજી થઈ ગયા. તેમણે કહ્યું : "મહારાજ ! આ કપિલા ગાયો જેના ઘરમાં હોય તેના ઘરમાં પ્રભુ બિરાજે તેમાં શી નવાઈ ?"

મહારાજે તરત જ દાદાખાચરને પાસે બોલાવ્યા. તેમને કહ્યું : "જોધા ભરવાડને કહો કે બાર ગાયો બાજુમાં તારવી મૂકે. શાસ્ત્રીને ભેટ આપવી છે."

શાસ્ત્રી આ સાંભળી ગયા. તેમણે કહ્યું : "મહારાજ ! તેનું મૂલ્ય લ્યો તો હું લઉં."

એટલે દાદાખાચરે કહ્યું : "અમે ક્યારેય ગાયો વેચતા નથી. માટે મૂલ્ય તો લેવાય જ નહીં."

નાના રાજકુમારના આવા ડહાપણ ભરેલા શબ્દો સાંભળી શાસ્ત્રી રાજી થઈ ગયા. પછી મહારાજે તેમને ધીરે રહીને કહ્યું : "આ દાદાની જમીન અંગેના કજિયાનું સમાધાન કરાવી દેજો. એ તમારું મૂલ્ય !"

શાસ્ત્રીએ તરત જ કહ્યું : "પ્રભુ ! એ તો આપના આશીર્વાદથી થઈ જશે. સ્વપ્નમાં આપે બધું જ મને સમજાવી દીધું છે."

ગંગાધર શાસ્ત્રી મહારાજના સ્વરૂપને જાણીને ગયા. તેમનામાં મુમુક્ષુતા હતી તો મહારાજે તેમનું સ્વરૂપ તેમને ઓળખાવ્યું. પરંતુ જેમનામાં એ ભાવના હોતી નથી તેમને એ જ્ઞાન કદી લાધતું નથી. તેથી તેમનાં વચનો પણ અન્યને આ જ્ઞાનથી અળગા કરી દે છે.

✧

મહારાજે ગઢપુરમાં વસંતપંચમી તથા ફૂલદોલના ઉત્સવો કર્યા. આ પ્રસંગે ઘણા હરિભક્તો આવ્યા હતા. મહારાજની કમનીય મૂર્તિનાં દર્શન કરી

સૌ કૃતાર્થ થઈ ગયા. તેમણે અનેક પ્રકારની ભેટો મહારાજને ધરી. મહારાજે ભેટો સ્વીકારતાં કહ્યું : " આ તો તમારો ભાવ અમે સ્વીકારીએ છીએ !"

સત્સંગીઓ પણ હાથ જોડી બોલ્યા : "મહારાજ ! આપ યોગ્ય કહો છો. આપ પુરુષોત્તમ નારાયણ અક્ષરધામના અધિપતિ ! આ લોકની કોઈ પણ વસ્તુ આપની અતિ અપાર મોટપ પાસે ગણતરીમાં નથી, છતાં અમારી ક્ષુલ્લક વસ્તુઓ પણ અમારો ભાવ જોઈ આપ સ્વીકારો છો તેમાં જ આપનું ભક્તવત્સલપણું દેખાય છે." મહારાજે સૌને આશીર્વાદ આપી વિદાય કર્યા.

દાદાખાચરનો ઘેરો મંદવાડ

આ જ અરસામાં દાદાખાચર એકદમ માંદા થઈ ગયા. શરીરમાં સખત તાવ વ્યાપી ગયો. થોડા દિવસમાં તો માંદગીએ ગંભીર રૂપ ધારણ કર્યું. સૌને લાગ્યું કે જો મહારાજ રાખવા ઇચ્છે તો જ દાદાખાચરનો દેહ ટકશે. આખા દરબારગઢમાં વિષાદ છવાઈ ગયો.

દાદાખાચરની માતાઓ રાણી સૂરપ્રભાદેવી અને સોમાદેવી તથા તેમની ચાર બહેનો અને સોમબા ફુઈ મહારાજ પાસે આવ્યાં. મહારાજ તે વખતે ઢોલિયામાં બિરાજ્યા હતા. રાજમાતાઓ તથા બહેનો આવ્યાં એટલે તેમની પાસે જે સંતો હતા તે આઘાપાછા થઈ ગયા. સોમબા ફુઈ જરા બોલવે આકરાં હતાં. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! દાદાને જો કાંઈ થશે તો તેમાં લાજ તમારી જશે અને લોકો તમને ભગવાન કહેતા મટી જશે. અમારા બધાય વચ્ચે દાદો એકનો એક સાત ખોટનો છે. તે છે એટલે અમે શાંતિથી આ સત્સંગનું સુખ લઈ શકીએ છીએ. પછી તો આ ગરાસના ઝઘડામાં સુખે ભજન થઈ શકશે નહીં. માટે દાદાને ગમે તેમ પણ જલદી સુવાણ થઈ જાય એમ કરો."

શ્રીહરિ પણ આ સાંભળી ગળગળા થઈ ગયા ! તેમણે કહ્યું : "જુઓ, તમે જેમ દાદાને આધારે ભજન-સ્મરણ કરો છો તેમ અમે પણ દાદાને લઈને જ અહીં રહ્યા છીએ. અમે ઘેરથી નીકળ્યા અને આખા ભારતભરમાં ફર્યા પણ કોઈ ઠેકાણે ટક્યા નહીં. પણ અભય રાજાના ભાવથી અને આ દાદાની ભક્તિથી અમે અહીં રહ્યા છીએ. દાદો છે તો અમે છીએ. માટે કોઈ ફિકર કરશો નહીં. દાદાનો વાંકો વાળ પણ થશે નહીં અને જલદી સુવાણ થઈ જશે."

મહારાજના આશીર્વાદથી ધીરે ધીરે દાદાખાચરને તાવ મોળો પડવા લાગ્યો. તેર દિવસે તાવ તદ્દન ઊતરી ગયો. છતાં અશક્તિ ઘણી હતી. મહારાજ

તેમને પોતાની પાસે રાખતા અને પોતાની સાથે જ તેમની રુચિ પ્રમાણે જમાડતા. દૂધ અને માખણ વિશેષ જમાડતા. થોડા વખતમાં તેમને સંપૂર્ણ સારું થઈ ગયું. પછી મહારાજે તેમને કહ્યું : "હવે વિદ્યા ભણવી પડશે જેથી રાજ્યકારભારમાં તે ઉપયોગમાં આવે."

સુરતના નરોત્તમ કાયસ્થ જે અવારનવાર સુરતના સંઘ સાથે સમૈયામાં આવતા અને આ વખતે પણ આવ્યા હતા, તેમને રોકી લીધા. તેમણે દાદાખાચરને આંક, ગણિત, નામું, ખત વગેરે શીખવવાની શરૂઆત કરી.

માંડવધાર પડાવી લેવાની પેરવી

એભલખાચર ધામમાં ગયા. હવે દાદાખાચરનું છત્ર ગયું એમ સમજીને જેઠો ગોવાળિયો તથા મેરામણ ગોવાળિયાઓએ દાદાખાચરનું માંડવધાર ગામ પચાવી પાડવાનું નક્કી કર્યું. બંને ભાઈઓ માથાભારે હતા અને ભરવાડોનો તેમને સાથ હતો. વળી, કાઠીઓને પણ દાદાખાચર સાથે વેર હતું તેથી તેમણે પણ ગામની ઊપજમાંથી ભાગ પડાવવાનું શરૂ કરી દીધું. આમ, માંડવધાર ગામની ઊપજ દાદાખાચરના કોઠારમાં આવતી બંધ થઈ ગઈ. લાધા ઠક્કરે મહારાજને આ વાત કરી. મહારાજે કહ્યું : "બાપુ જીવાખાચરને બોલાવો." તરત જ માણસ મોકલ્યો. જીવાખાચર મહારાજ પાસે આવ્યા.

મહારાજે તેમને કહ્યું : "બાપુ ! આ જેઠો અને મેરામણ અને બીજા કાઠીઓ તથા ભરવાડોએ આપણું માંડવધાર ગામ કબજે કરી લીધું છે અને ઊપજનો એક દાણોય દાદાના કોઠારમાં આવતો નથી. તો આપણે શું કરીશું ?" એમ કહીને મહારાજ જીવાખાચર તરફ ઝીણી નજરે જોવા લાગ્યા.

જીવાખાચર તરત જ નીચું જોઈ ગયા. પરંતુ મહારાજ તેમનો ભાવ પરખી ગયા. જીવાખાચરે હળવેકથી કહ્યું : "મહારાજ ! જેઠો અને મેરામણ આ બંને માથાભારે છે. વળી તેમને ત્યાંના ભરવાડો અને કાઠીઓનો સાથ છે એટલે તેમને છંછેડવા જેવા નથી. વળી, તે એમ પણ બોલે છે કે સ્વામિનારાયણ અહીં આવે તો તેમને પકડી લેવા છે. માટે મારું માનો તો આપણે એક ગામ ઓછું પણ સુખેથી ભજન થાય એવું રાખવું."

જીવાખાચર મહારાજને ગઢડા છોડી જવાનું કહે છે

મહારાજ તેમનો અભિપ્રાય સમજી ગયા. તેમણે ધીરેથી કહ્યું : "એમ

આખું ગામ જવા દેવું ? દાદાનો પક્ષ રાખીએ અને તેને મદદ કરીએ એ જ ભજન ! તેના જેવો ભક્ત ક્યાં આ બ્રહ્માંડમાં મળવાનો છે ?''

પરંતુ જીવાખાચરે તો એટલું જ કહ્યું : ''મહારાજ ! એમની વાત અમે જાણીએ. વળી, કાઠીઓ પણ જો છંછેડાશે તો બીજા ગામની ઊપજ પણ નહીં ખાવા દે.''

મહારાજ આ સાંભળી કાંઈ બોલ્યા નહીં. તેમણે થોડી વારે એટલું કહ્યું : ''ભલે ત્યારે, જેવી ઈશ્વર ઈચ્છા.''

એટલે જીવાખાચરે કહ્યું : ''મહારાજ ! મારું માનો તો તમે પણ થોડા દિવસ ગઢડાની બહાર જતા રહો તો તમને પકડવાના તેમના મનસૂબા હેઠા પડે. મને તો ખબર મળ્યા છે કે એકાદ-બે દિવસમાં જ તે ગઢડા ઉપર ત્રાટકવાના છે. અમે તો સૌ સાવધાન છીએ પણ તમો અહીં ન હો તો ભારે ધિંગાણું થતાં અટકી જાય.''

મહારાજ આ સાંભળી તરત જ બોલ્યા : ''ઠીક કહ્યું બાપુ ! તમે અમને ચેતવ્યા એટલે અમારે નીકળી જવું જોઈએ. શ્રીકૃષ્ણ પણ જરાસંધની ઉપાધિથી મથુરામાં ઉપાધિ ન થાય એટલે મથુરા છોડી ભાગ્યા હતા. અમારે લીધે જ જો ગામની ઉપાધિ મટતી હોય તો અમે આજે રાત્રે જ અહીંથી નીકળી જઈએ.''

જીવાખાચર સાંભળી રહ્યા.

મહારાજે ભગુજીને તથા નાજા જોગિયાને બોલાવ્યા. તેમને કહ્યું : ''જુઓ, મજબૂત ગાડું તૈયાર કરો. બળદ સારા જોડજો. તમારે બંનેએ ઘોડા લઈને અમારી સાથે આવવાનું છે. આજે રાત્રે આપણે નીકળી જવું છે.''

બંને કાંઈ સમજ્યા નહીં પરંતુ મહારાજની આજ્ઞા હતી એટલે ગાડું અને બળદ તૈયાર કરીને આવ્યા. એટલામાં બ્રહ્મચારી થાળ લાવ્યા. મહારાજ થાળ જમ્યા અને પછી નીકળવાની તૈયારી કરી. દાદાખાચર, લાડુબા, જીવુબાએ મહારાજને પૂછ્યું : ''મહારાજ ! એકાએક ક્યાં જવા તૈયારી કરી ?''

મહારાજે તેમને કહ્યું : ''માંડવધારમાં પેધી પડેલા જેઠો અને મેરામણ ગોવાળિયા અમને આજે રાત્રે પકડવા આવવાના છે એમ બાપુ જીવાખાચરે ખબર આપી એટલે અમે અહીંથી નીકળી જઈએ છીએ. તેમની ઉપાધિ મટશે ત્યારે પાછા આવીશું.''

સૌ જાણતા હતા કે મહારાજે એક વાર જે નિશ્ચય કર્યો તેમાંથી તેઓને પાછા વાળવા એ કઠણ કામ હતું. જીવાખાચરે પણ કહ્યું : ''દાદા ! તું હજુ

નાનો છું. નાહકનો ગામમાં કજિયો થાય તેના કરતાં મહારાજ હમણાં બીજે પધારે એ વધુ સારું.''

લાડુબા, જીવુબાને બાપુ જીવાખાચરની આ વાણી કડવી લાગી.

મહારાજ માંડવધાર જાય છે

મહારાજ ગાડું જોડાવીને ઉગામેડીને રસ્તે ચાલ્યા. જીવાખાચર વગેરે મહારાજને વળાવવા આવ્યા હતા તેમને મહારાજે દાદાના બીડ પાસેથી જ પાછા વાળ્યા. તેઓ બધા પાછા વળ્યા એટલે મહારાજે ગાડાવાળાને કહ્યું : ''ગાડું ઊભું રાખ.'' થોડી વાર ગાડું ઊભું રાખ્યું. વળાવવા આવેલા ગામમાં પહોંચી ગયા હશે તેમ જાણી મહારાજે ગાડાવાળાને કહ્યું : ''ગાડાને માંડવધારને રસ્તે હાંકો.''

આ સાંભળી ભગુજીએ તથા નાજા જોગિયાએ કહ્યું : ''મહારાજ ! માંડવધાર તરફ જવું છે ?''

મહારાજે હસતાં હસતાં કહ્યું : ''હા, ત્યાં જ જવું છે. જેઠા અને મેરામણનું આજે પાણી માપી લેવું છે.''

એટલે નાજા જોગિયાએ કહ્યું : ''મહારાજ ! સોમલાખાચર અને બીજા કાઠીઓ સાથે નથી અને એકલા આ જોખમ ખેડવું તે બરાબર નથી.''

એટલે મહારાજે તરત જ તેને કહ્યું : ''બીક લાગે છે ? ફોશી છો ?''

નાજા જોગિયા તરત જ સમજી ગયા. તેમણે કહ્યું : ''મહારાજ ! બીક તો નથી લાગતી.''

''તો ચાલ્યો આવ ગાડાની પાછળ પાછળ.''

ગાડું ગઢડા ગામ તરફ વાળ્યું એટલે બળદ ગામમાં પેસવા જોર કરવા લાગ્યા. પણ ભગુજીએ નાથ પકડીને વાળી લીધા અને માંડવધારને રસ્તે ગાડું ચાલ્યું. ગાડું હાંકનારાને અંધારામાં રસ્તો દેખાતો ન હતો. મહારાજે તેને કહ્યું : ''જોજે, આગળ વોંકળો આવે છે.''

તેણે તરત જ કહ્યું : ''મને, દેખાતો નથી.'' એટલે મહારાજે તેના હાથમાંથી રાશ લઈ લીધી અને બળદને ડચકાર્યા. તે ઠેકીને વોંકળો પાર કરી ગયા.

જેઠો અને મેરામણ ભાગે છે

માંવડધાર ગામમાં પહોંચ્યા અને મહારાજે ગાડું સીધું જેઠા અને મેરામણ

ગોવાળિયાના વાસ તરફ વાળ્યું. ભગુજી આગળ ચાલતા હતા. તેમણે તે વાસનો આગળનો વાડાનો ઝાંપો ઉઘાડ્યો. મહારાજ વાડામાં થઈને તેના ફળિયામાં ગાડું લાવ્યા. મોડી રાત હતી એટલે બધું સૂમસામ હતું.

ગાડેથી ઊતરીને મહારાજે તેના ઓરડાનાં પગથિયાંની કાળી છીપર હતી તેના ઉપર ગાડાનો ઊંટડો ઊંચો કરીને જોરથી પછાડ્યો. ઘરની પાછળના વાડામાં સૂતેલા જેઠો અને મેરામણ ગોવાળિયો તથા બીજા ભરવાડો આવડો મોટો અવાજ સાંભળી એકદમ જાગી ગયા. તેમને થયું કે ફોજ આવી લાગે છે. તે વખતે બાબાજીનું લશ્કર આવતું અને ગામ ઉપર તોપું માંડતું. એટલે આવો તોપ જેવડો મોટો અવાજ સાંભળી તે બીન્યા.

મહારાજે એકદમ હાકલ મારી : "જેઠો અને મેરામણ, ક્યાં ગયા ? આવો, સ્વામિનારાયણને પકડવા છે ને ?" એમ કહી હાથમાં તલવાર લઈને હવામાં વીંઝવા લાગ્યા. બંને ગોવાળિયાએ જાણી લીધું કે સ્વામિનારાયણ કાઠીઓનું લશ્કર લઈને આવ્યા લાગે છે. મહારાજે તરત જ કહ્યું : "દાદાની ઊપજ ખાવ છો તે આજે ભારે પડશે." મહારાજના અવાજમાં જાણે કાળની કારમી ત્રાડ હોય એવી ભયાનકતા હતી.

બંને પાછલા વાડામાંથી જ ભાગી ગયા. નાજા જોગિયા અને ભગુજી મહારાજની પડખે જ ઉઘાડી તલવાર લઈને ઊભા હતા. આજુબાજુ સૂતેલા ગોવાળિયા પણ ઊઠી ઊઠીને ભાગવા માંડ્યા.

જેઠા અને મેરામણ ગોવાળિયાની બાઈઓને પણ મહારાજની આ ત્રાડથી ત્રાસ થઈ ગયો. તેઓ લૂગડાં સરખાં કરી એકદમ બહાર આવી અને મહારાજને પગે લાગી કહેવા માંડી : "ભણે મહારાજ ! એ બેય તો ઢાંઢા જેવા છે. તમારી રાડ સાંભળીને ભાગ્યા તે તમને શું પકડવાના હતા ?" એમ કહી આંગણામાં ઢોલિયો ઢાળી દીધો. તેના ઉપર ગાદલું પાથર્યું.

મહારાજ તેના ઉપર બિરાજ્યા. પછી તેમણે કહ્યું : "જેઠાને અને મેરામણને કહી દેજો : માંડવધારની ઊપજ ઉપર હવે હાથ નાંખ્યો છે તો અમારા પાર્ષદો માથાં ઉતારી લેશે. એભલ બાપુ ધામમાં ગયા એટલે દાદાનો કોઈ રખેવાળ નથી એમ ન સમજે !"

બધી જ સ્ત્રીઓ મહારાજના પગમાં પડી ગઈ. તેમણે કહ્યું : "મહારાજ ! તમે તો લાડુબા, જીવુબાના ગુરુ એટલે અમારા પણ ગુરુ છો. માટે તેમના બોલ્યા સામું ન જોશો. તમે જેમ કહેશો તેમ કરશું."

મહારાજે તેમને આશીર્વાદ આપ્યા અને તરત જ ત્યાંથી નીકળી ગયા. મોડી રાત્રે ગઢડામાં આવી મહારાજ પોઢી ગયા.

દાદાખાચરને માથે ભગવાનનું છત્ર છે

બીજે દિવસે સવારે મહારાજે બાપુ જીવાખાચરને બોલાવ્યા. તેમને આશ્ચર્ય થયું. મહારાજ પાસે તે આવ્યા. મહારાજે તેમને કહ્યું : ''બાપુ ! તમે કહેતા હતા ને કે જેઠો અને મેરામણ તો બહુ માથાભારે છે, અમને પકડવા ફરે છે, પણ અમે તેની સામા તેને ઘેર જ ગયા. પણ તે તો પાછલા વાડાની ઝાંપેથી ભાગી જ ગયા. આવા શૂરવીર ?''

જીવાખાચર મહારાજની રમત સમજી ગયા. તેમણે કહ્યું : ''મહારાજ ! તમે કાંઈક ચમત્કાર બતાવ્યો હશે.''

''ચમત્કાર શું બતાવે ? અમે તો ગાડાનો ઊંટડો જોરથી તેના ઉંબરા પાસેની છીપર ઉપર પછાડ્યો અને મોટો તોપ જેવો ધડાકો થયો. તે સાંભળીને જ તે ભાગ્યા. અમને ભેગા પણ થયા નહીં. દાદાની ઊપજ ખાવી એ કાંઈ સહેલું નથી. એ તો ભગવાનનો માલ કહેવાય.''

દરબારગઢમાં પણ સૌને ખબર પડી ગઈ. જીવાખાચર વીલા બની ગયા. સૌને લાગ્યું કે દાદાખાચરને માથે ભગવાનનું છત્ર છે.

મહારાજે પછી લાધા ઠક્કરને બોલાવ્યા. તેમને કહ્યું : ''કારિયાણી કાગળ લખો. ત્યાં ઝાલાવાડી કણબી આવીને રહ્યા છે તે બધા ત્યાંથી ઉચાળા ભરીને માંડવધાર રહેવા જાય. માંડવધારમાં પણ ભગુજી તથા બીજા હથિયારબંધ પાર્ષદો મોકલો. ભરવાડો બધા ભાગી ગયા છે. તેમના વાસ ખાલી પડ્યા છે ત્યાં આ કણબીઓને રહેણાંકની ગોઠવણ કરી આપો. જેઠો ને મેરામણ તો હવે માંડવધારની હદમાં દાખલ થશે નહીં. તેમનાં બૈરાં-છોકરાંને પજવશો નહીં.'' આ પ્રમાણે મહારાજે હુકમ કરી દીધો.

મહારાજ જાણતા હતા કે ઝાલાવાડી એક કણબી દસ જણને ભારે પડે તેવા છે. તેથી તેમનો વસવાટ થશે, દાદાખાચરની જમીન તે ખેડશે એટલે તેમનું સૌનું પણ ગુજરાન ચાલશે અને દાદાની ઊપજ આવતી થશે.

લાધા ઠક્કર લખતા જતા હતા પણ તેમની આંખમાંથી આંસુ પડતાં હતાં. મહારાજનો દાદાખાચર ઉપરનો પ્રેમ તેમના શબ્દે શબ્દે, તેમના એક એક કાર્યમાં જણાતો હતો. સૂરપ્રભાદેવી, સોમાદેવી તથા ચારે બહેનોએ પણ જાણ્યું

કે દાદાને તો ભગવાનનાં રખવાળાં છે.

દાદાખાચર તથા જીવાખાચરના બંનેનાં મળીને બાર ગામ હતાં. જીવાખાચર વ્યવહારકુશળ હતા. વળી મોટી ડેલીવાળા કહેવાતા તેથી તેમનો ભાર પણ ભાવનગર રાજ્યમાં સારો એવો પડતો હતો. તેમની ખેતીની ઉત્પન્ન બરાબર આવતી, તેમાંથી રાજ્યનો ભાગ પણ બરાબર ભરપાઈ થઈ જતો. જ્યારે એભલ બાપુ નાની ડેલીના કહેવાતા, વ્યવહારમાં તેમને ઝાઝી ગતાગમ પડતી ન હતી. વળી, તેમનો દરબાર સંતો અને હરિભક્તોથી ભરપૂર રહેતો. સમૈયા-ઉત્સવોના રંગ જામતા તેથી વ્યવહાર તરફ બરાબર ધ્યાન અપાતું નહીં. એટલે ભાવનગર રાજ્યનો ભાગ પણ બરાબર આપી શકતા નહીં. આ રાજ્યનું દેવું ગણાતું એટલે તેમનાં કેટલાંક ગામોની ઊપજ ભાવનગર રાજ્યના કારભારીઓ સીધી દરબારી કોઠારમાં જ મોકલી દેતા. ખંડણી વસૂલ થઈ ગયા પછી પણ આ શિરસ્તો ચાલુ રહ્યો હતો. આથી ભાવનગર રાજ્ય સાથે તકરાર પણ શરૂ થઈ હતી. લાધા ઠક્કર કુશળ કારભારી હતા. તેમની ગણતરી પ્રમાણે જે જે ગામોની ઊપજ ભાવનગર રાજ્ય ઓઘાછૂટમાં[૫૧] દરબારના કોઠાર ભેળી કરતું, તે તે ગામની પૂરી ખંડણી ભરાઈ ગઈ હતી. છતાં રાજ્યનો લાગો તો ચાલુ જ રહ્યો હતો.

---

૫૧. રાજ્યનું લેણું હોય તો દસ વરસ સુધી રાજ્ય ગામની બધી ઊપજ બારોબાર જ વસૂલ કરી શકે. પરંતુ લેણું પત્યા પછી ચાલુ ખંડણીના રિવાજથી વધુ લઈ શકે નહીં. ભાવનગર રાજ્યના કારભારીઓએ તો આ વસૂલાત કાયમી કરી દીધી હતી. તેથી દાદાખાચરના ભાવનગર રાજ્ય સાથે કજિયો ચાલુ રહ્યો હતો.



શ્રીહરિનું અણમોલ રતન : દાદાખાચર

(આ.સં. ૧૮૭૦, ઈ.સ. ૧૮૧૪)

આ.સં. ૧૮૭૦માં ગઢપુરમાં વસંતપંચમી તથા ફૂલદોલના ઉત્સવ ઉજવાયા. દાદાખાચર તથા તેમની બહેનોને મહારાજ પ્રત્યે એવો પ્રેમ હતો કે મહારાજ તેમનાથી પળમાત્ર વિખૂટા પડે તે તેમને માટે અસહ્ય બની જતું. મહારાજે આ ઉત્સવ ગઢપુરમાં કરી તેમને સંતોષ પમાડ્યો. ફાગણ વદમાં ગઢપુરથી નીકળી વદ છઠે વરતાલ પધાર્યા.

વરતાલમાં જોબન પગીને ઘેર મહારાજનો મુકામ હતો. ચરોતરના હરિભક્તો વરતાલ આવવા લાગ્યા. વરતાલમાં મહારાજ ઉત્સવ કરશે, રંગે રમશે અને સૌને રમાડશે તે દિવ્ય લીલાનાં દર્શન કરવા, તે લીલામાં મસ્ત બની બ્રહ્મભીના થઈ જવા હરિભક્તો વરતાલ આવવા લાગ્યા ! વરતાલ ગામ, તેની સીમ અને ખેતરોમાં હરિભક્તોનાં વૃંદ જમા થવા લાગ્યા.

મહારાજ ભાદરવાથી મહા માસ સુધી ગઢપુરમાં રોકાયા હતા. તેથી આ છ માસનો મહારાજનો વિયોગ હરિભક્તોને અસહ્ય થઈ પડ્યો હતો, તેઓ અકળાયા હતા. આજ વરતાલને આંગણે આવો પ્રસંગ યોજાયો હતો. એ સુયોગ હતો, શાંતિમાં વિસામો હતો. આ પળ તેમને જવા દેવી ન હતી.

જોબન પગીએ આ ઉત્સવ ઉજવવા સારી એવી તૈયારી કરી હતી. રંગના ચરુઓ તૈયાર કર્યા હતા. ગુલાલનાં ગાડાં મંગાવ્યાં હતાં. રંગ સપ્તમીએ મહારાજ સંતો-હરિભક્તો સાથે રંગે રમ્યા. પછી જોબનની મેડીએ પધાર્યા. ત્યાં ઝરૂખામાં બિરાજ્યા અને ત્યાંથી સંતો-હરિભક્તો ઉપર રંગની પિચકારીઓ છાંટી તેમને સૌને રંગભીના કર્યા.

ત્યાંથી મહારાજ સુંદર પગીના કૂવે પધાર્યા. અહીં થાળામાં બેસી મહારાજે સ્નાન કર્યું. સંતોએ મહારાજની સન્મુખ બેસી કીર્તનો ગાયાં.

હરિભક્તોએ ભક્તિભાવપૂર્વક મહારાજનાં દર્શન કર્યાં. મહારાજે સફેદ વસ્ત્રો ધારણ કર્યાં. શ્રીહરિના સંબંધથી કૂવો પ્રસાદીમય બની ગયો.

અત્યારે જે જ્ઞાનબાગ કહેવાય છે ત્યાં રાયણના વૃક્ષની પૂર્વમાં એક આંબા નીચે સંતો, હરિભક્તોએ મહારાજ માટે હિંડોળો તૈયાર કર્યો હતો. મહારાજને સૌએ વિનંતી કરી : "પ્રભુ ! આ હિંડોળા ઉપર બિરાજો. આપને ઝુલાવવાનો અમને લાભ આપો."

શ્રીહરિ તેમની વિનંતી સ્વીકારી તે ઉપર બિરાજ્યા. સંતો-હરિભક્તોએ મહારાજને ઝુલાવ્યા. હિંડોળાનાં પદો પણ ગાયાં. મહારાજના આ દિવ્ય સંબંધથી, સંતો-હરિભક્તોના અદ્‌ભુત ભક્તિભાવથી વરતાલ અક્ષરધામ તુલ્ય બની ગયું.

સંતોએ ભગવાનનું પૂજન કયા પદાર્થોથી કરવું ?

આવા દિવ્ય વાતાવરણમાં સ્વામી રામદાસજીને શ્રીજીમહારાજનું પૂજન કરવાની ભાવના થઈ. તેમણે મહારાજને હાથ જોડી વિનંતી કરતાં કહ્યું : "મહારાજ ! આપની આજ્ઞા હોય તો અમે સૌ સંતો આપનું પૂજન કરીએ."

મહારાજ આ સાંભળી રહ્યા. થોડી વારે તેમણે કહ્યું : "સંતોએ ભગવાનનું પૂજન પત્ર, પુષ્પ, જળ અને માગ્યા વિના મળી શકે તો ફળથી કરવું; પરંતુ કોઈ પદાર્થ વડે પૂજન કરવાનો ભાવ રાખવો નહીં. તેવો ભાવ જો અંતરમાં હોય તો હરિભક્તો પાસે પદાર્થ માંગવા પડે, નિર્લોભ વર્તમાનનો ભંગ થાય. માટે અમે કહીએ છીએ કે અમારી આજ્ઞા જો પાળો તો તેમાં જ અમારું પૂજન આવી ગયું."

રામદાસ સ્વામીએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! કેસર, ચંદન વગેરે અમને આપની કૃપાથી હરિભક્તો પાસેથી સહેજે જ મળી ગયા છે. અમે માગ્યાં નથી."

આ સાંભળી મહારાજ પ્રસન્ન થયા અને સંતોને પૂજન કરવાની આજ્ઞા આપી. એક પછી એક સંતોએ આવી મહારાજનું પૂજન કેસર-ચંદનથી કર્યું. ચરણારવિંદ પણ પૂજ્યાં અને ચરણારવિંદની છાપ લઈ અંતર ઠારી દીધાં. મહારાજ તેમની ભક્તિથી પ્રસન્ન હતા. મહારાજ જાણતા હતા કે આવા સંતો બ્રહ્માંડમાં પણ શોધ્યે જડે તેવા ન હતા. સ્ત્રી અને ધનનો ત્યાગ આચરણમાં મૂકવો એ કઠણ હતું. નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિસ્નેહ અને નિષ્કામ આ પાંચ વ્રતોથી જીવન સભર બનાવી દેવું તે કઠણ હતું. ભગવાન સિવાય અંતરમાં કોઈ વસ્તુ ન રાખવી એમાં જ સાચો ત્યાગ હતો, તે જ સાચી સાધુતા હતી. એ સાધુતાની સિદ્ધિ નિયમોથી, વ્રતોના પાલનથી, પ્રગટ પ્રભુની ભક્તિથી થાય છે.

એ સિદ્ધિ આ સંતોએ હાંસલ કરી હતી. છતાં સિદ્ધિના કેફમાં ગાફલાઈ ન રહી જાય તે માટે મહારાજ પ્રસંગે પ્રસંગે તેમને આવા શબ્દ કહી સદા જાગ્રત રાખતા.

દાદાની ચિંતા કરવા ગઢપુર જાઉં છું

શ્રીહરિ વરતાલમાં રંગોત્સવ પછી પાંચ-છ દિવસ રોકાયા. પછી એકાએક ગઢપુર જવા પ્રયાણ કર્યું. મહારાજને એક ભક્તે પૂછ્યું : "મહારાજ ! ગઢપુર આપ પાંચ માસ રોકાયા, ગુજરાતમાં તો હમણાં જ આવ્યા અને ફરી પાછા ગઢપુર કેમ પધારો છો ?"

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "દાદાખાચર નાના છે પણ તેમની અમારા પ્રત્યે ભક્તિ મોટી છે. તેમના અંતરમાં અમારી મૂર્તિ સિવાય ગરાસ, સગા-સંબંધી કે જગતના અન્ય કોઈ પદાર્થ છે જ નહીં. અમારું ચિંતવન કરવામાં તેમણે ગરાસની ચિંતા વિસારે મેલી છે. એટલે અમારે માથે તે ચિંતા આવી પડી છે. તેથી ગઢપુર આટલા જલદી જવું પડે છે."

આ સાંભળી તે ભક્ત વિચારમાં પડી ગયા. દાદાખાચરની ભક્તિ અપ્રતિમ છે. તેની તુલનામાં બીજા ભક્તો આવી શકે નહીં.

મહારાજ ગઢપુર પધાર્યા અને ત્યાંના વાસીઓનાં અંતર ઉજાળ્યાં. એભલખાચર ધામમાં ગયા પછી દાદાખાચર ઉપર ઉપાધિની આંધી વરસાવવામાં જીવાખાચરે બાકી રાખી ન હતી. દાદાખાચરના કારભારી લાધા ઠક્કર તથા હરજી ઠક્કરની કુશળતાથી અને શ્રીજીમહારાજની દૃષ્ટિથી આ ઉપાધિમાંથી દાદાખાચરનું સર્વ પ્રકારે રક્ષણ થતું હતું. છતાં લાડુબા, જીવુબા તથા સૂરપ્રભાદેવી અને સોમાદેવીના અંતરમાં આ ઉપાધિના ઓળા અછતા રહેતા ન હતા. તેમને એક મહારાજનો જ આધાર હતો એટલે મહારાજનું અખંડ ચિંતવન કરતાં. મહારાજે પણ આ પ્રસંગે તેમની રક્ષા કરી એ આધાર સ્તંભને મજબૂત કર્યો હતો.

માંડવધારમાં મહારાજે કરેલો પૂરો જાપ્તો

મહારાજે ગઢપુર આવીને તરત જ લાધા ઠક્કરને માંડવધારના સમાચાર પૂછ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! ઝાલાવાડી કણબીઓના વસવાટથી ત્યાંની ઉપાધિ ઓછી થઈ ગઈ છે."

તે સાંભળી મહારાજે કહ્યું : "છતાં ત્યાંના લોકો કોઈ દિવસ માથું ઊંચું કરશે. માટે લોયાથી પણ કણબી હરિભક્તોને તેડાવી માંડવધારમાં વસાવો

તેમજ કચ્છમાં માનકૂવાના બે હરિભક્તો ઉકો તથા હરજી તેમને પણ તેડાવો અને માંડવધાર મોકલો. માંડવધાર તો ત્રાંબાની હેલ જેવું ગામ છે. તેના ઉપર બધાની નજર પડે પણ આવા શૂરવીર ભક્તોને ત્યાં વસાવ્યા હોય તો પછી કોઈ માંડવધાર તરફ નજર પણ નાંખી ન શકે."

ભગવાનની ભક્ત પ્રત્યેની ભક્તિ જોઈ જે ભક્ત છે તેની ભક્તિ દૃઢ થાય છે, જે અભક્ત છે તેના અંતરમાં ઈર્ષ્યાની ઝાળ ઊઠે છે. લાધા ઠક્કરને દાદા પ્રત્યે શ્રીજીના આ ભાવમાં ભક્તિ દેખાણી. તેને થયું દાદો તો શ્રીજીનું રતન છે. શ્રીજી તેને રોળાવા કેમ દ્યે ! શ્રીજીની ભક્તવત્સલતાથી લાધા ઠક્કરની શ્રીજી પ્રત્યે ભક્તિ અતિ દૃઢ થવા લાગી. મહારાજની આજ્ઞા પ્રમાણે તેમણે તમામ ગોઠવણ કરી દીધી. મહારાજ તેમની કુશળતાથી તેમજ દાદાખાચર પ્રત્યેના ભાવથી અતિ પ્રસન્ન થઈ ગયા.

✧

હરિનવમીનો ઉત્સવ શ્રીહરિએ ગઢપુરમાં જ કર્યો. ફાગણના ફૂલદોલથી થોડેક છેટેરો આ ઉત્સવ ગઢપુરમાં મહારાજ કરવાના છે એ જાણી હરિભક્તોને આ ઉત્સવ ઉપર પણ ગઢપુર આવવાની તાણ હોય તે સ્વાભાવિક છે. પરંતુ મહારાજે તેમને ના કહી અને અક્ષય તૃતીયાના ઉત્સવ ઉપર ગઢપુર આવવા આજ્ઞા કરી. દાદાખાચર તથા લાડુબા, જીવુબા આ જાણતાં ન હતાં. તેમણે મહારાજને પૂછ્યું : "મહારાજ ! આ ઉત્સવ ઉપર ગુજરાતમાંથી હરિભક્તોને કેમ ન તેડાવ્યા ? આપની ભક્તિમાં રસબસ થઈ ગયેલા એ ભક્તોની સેવાનો અમને આ વખતે લાભ ન મળ્યો."

"અક્ષય તૃતીયા ઉપર સૌને તેડાવીશું. તમારા મનોરથ પૂરા કરીશું." મહારાજે કહ્યું. આ સાંભળી તેમને સંતોષ થયો.

જીવાખાચર દાદાખાચરનાં ખળાં અટકાવે છે

અક્ષય તૃતીયાનો સમૈયો નજીક આવતો હતો. તેની તૈયારીમાં દાદાખાચર અને સમગ્ર પરિવાર ગૂંથાઈ ગયો હતો. લાધા ઠક્કરે દાદાખાચરનાં ખળાંમાં પડેલું અનાજ દરબારગઢમાં લાવવાની તૈયારી કરી; પરંતુ રિવાજ એવો હતો કે ખળાંમાં પડેલું અનાજ ઉપાડવા ભાવનગર રાજ્યની પરવાનગી માંગવી પડતી હતી. તેથી લાધા ઠક્કરે પોતાનો માણસ ભાવનગર મોકલવા તૈયારી કરી પરંતુ તે પહેલાં જ જીવાખાચર પોતાનાં ખળાંમાં પડેલું અનાજ ઉપાડવાની રજા લેવા

ભાવનગર ગયા હતા તેણે અહીં દાદાખાચર વિરુદ્ધ ભંભેરણી શરૂ કરી. ભાવનગરના મહારાજા દરબાર શ્રી વખતસિંહજીને તેણે કહ્યું : "મહારાજ ! અમારો રાજ્ય સાથેનો હિસાબ બધો સરભર છે. એટલે અમારાં ખળાંનું અનાજ ઉપાડવાની અમને પરવાનગી મળવી જોઈએ." એટલું કહીને પછી ધીરેથી કહ્યું : "પણ બાપુ ! દાદાખાચર પાસે તો રાજ્યનું લેણું ઘણું નીકળે છે. વળી, સ્વામિનારાયણ એવું કહેતા હતા કે આપણાં ખળાંમાંથી અનાજ ઉપાડવું તેમાં રાજાની રજાચિઠ્ઠીની શી જરૂર છે ?"

તે સાંભળી વખતસિંહ બાપુ ચમક્યા. તેમણે પૂછ્યું : "સ્વામિનારાયણ એવું કહેતા હતા ? એ તો રાજ્યદ્રોહ કહેવાય !"

"એટલે જ તો મહારાજ ! કહું છું ને કે હાલ ને હાલ દાદાનાં ખળાં ઉપર ચોકી બેસારી દ્યો; નહીં તો તેમને ત્યાં સમૈયો આવે છે એટલે ખળાંમાંથી અનાજ દરબાર ભેગું કરી દેશે." જીવાખાચરે ધીમા અવાજે કહ્યું.

લાધા ઠક્કરનો માણસ ગઢડાથી નીકળે તે પહેલાં તો ભાવનગર રાજ્યના દસ સિપાઈઓ દાદાખાચરનાં ખળાંમાં આવીને બેસી ગયા. લાધા ઠક્કરને આ ખબર મળ્યા કે તરત જ તે મહારાજ પાસે આવ્યા : "મહારાજ ! આપણાં ખળાં ઉપર ભાવનગર રાજ્યના સિપાઈઓ આવીને બેસી ગયા છે અને કહે છે કે ભાવનગર રાજ્યનો હુકમ લઈ આવો પછી ખળાંમાં પડેલું અનાજ ઉપાડાશે."

મહારાજ આ સાંભળી વિચારમાં પડી ગયા. થોડી વારે તેમણે પૂછ્યું : "લાધા ઠક્કર ! આપણે ત્યાં કોઠીઓમાં અનાજ કેટલું છે ? સમૈયો ઉજવાઈ જશે કે નહીં ?"

"સમૈયો તો પ્રભુ ! ઉજવાઈ જશે પરંતુ આપણે ભાવનગર રાજ્યનું લેણું સરભર કરી દીધું છે તોપણ આ મનાઈ હુકમ કેમ ?" લાધા ઠક્કરે ચિંતા કરતાં કહ્યું.

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "લાધા ઠક્કર ! અંદરના માણસનું જ આ કામ છે. દાદાનું ખોટું દેખાડવું છે, અમને અહીંથી કાઢવા છે. ભાવનગર રાજ્યની મદદથી આ બધું કરવા ધાર્યું છે પરંતુ આદર્યાં અધૂરાં રહેશે અને ધાર્યું તો ભગવાનનું જ થશે. હમણાં આપણે ઊહાપોહ કરવો નથી. ખળાં ઉપર બેઠેલા સિપાઈઓ માટે ખાવા-પીવાનો બરોબર બંદોબસ્ત રાખજો."

લાધા ઠક્કરની મૂંઝવણનો પાર ન રહ્યો. કોનું આ કર્તવ્ય છે તે તેઓ સમજી ગયા. પરંતુ તેમને મનમાં થયું : "આવું ક્યાં સુધી ચાલ્યા કરશે ?

દાદાને ઠરીને ઠામ બેસવા દેશે કે નહીં ?"

મહારાજ તેમની મૂંઝવણ પારખી ગયા પરંતુ કાંઈ બોલ્યા નહીં.

ગઢપુરમાં અક્ષય તૃતીયાનો ઉત્સવ : આ.સં. ૧૮૭૦

અક્ષય તૃતીયાના ઉત્સવ ઉપર ગુજરાતમાંથી હરિભક્તો આવવા લાગ્યા. ગુજરાતના હરિભક્તોની મહેમાનગતિ ઘણી વાર લાડુબા, જીવુબાએ ચાખી હતી તેથી તેમની સૌની સરભરા આ પ્રસંગે યથાયોગ્ય કરવા તેમણે નક્કી કરી લીધું. જીવાખાચર પણ દાદાના દરબારમાં આવતા અને કહેતા : "આ વખતે તો આપણા દેશનો મેવો આ ભક્તોને ચખાડવો છે માટે તૈયારી બરાબર કરજો. જોઈતું કારવતું હોય તો મોટી ડેલીમાંથી મંગાવી લેજો."

લાડુબા, જીવુબા એટલું જ કહેતાં : "ભલે બાપુ !" તેમના શબ્દોમાં ભક્તિની મીઠાશ હતી. કડવાશની તો ગંધ સરખી ન હતી.

કાઠિયાવાડની ભેંશું વખણાય, ભેંશુંનાં દૂધ વખણાય, દહીં વખણાય, છાશું વખણાય અને ઘી તો એવું કે ચોફાળમાં લઈ લ્યો. લાડુબા, જીવુબાએ દૂધ મેળવીને ચોસલાં પડે એવું દહીં બનાવ્યું. જાણે બરફીના કટકા ! દૂધ પણ પારઠ ભેંસોનું, માંહી સળી ઊભી રહે એવું ઘટ્ટ ! જાણે દૂધપાક જ જોઈ લ્યો ! રસાળ પૃથ્વીનો રસકસ પીને તૈયાર થયેલો હેમની પાટ્ય જેવો પીળો ભમ્મર કાઠિયાવાડી ગોળ ! ગાડાં ભરી ભરીને આ બધી સામગ્રીઓ આવવા લાગી. લાડુબા, જીવુબાની આ તૈયારીઓ પાછળ ભક્તિ હતી – ભગવાનની નહીં પણ ભગવાનના ભક્તની ! મહારાજને એવા ભક્ત વહાલા હતા જે ભક્તની ભક્તિ કરે. મહારાજ કહેતા કે એવો ગુણ જેનામાં ન હોય તેમાં કોઈ મોટપ શોભતી નથી.

અક્ષય તૃતીયાનો ઉત્સવ આવ્યો અને ગઢપુર ગામ, સીમ, ખેતર હરિભક્તોથી ઊભરાયાં. દરબારમાં મોટેરા ભક્તો અને સંતોને ઉતારા આપ્યા. કેટલાકને જીવાખાચરના દરબારમાં ઉતારા આપ્યા. કેટલાક ઘેલાને કાંઠે ઝાડ તળે, ખેતરમાં ઓઘા પાસે એમ જેને જે રીતે અનુકૂળ આવ્યું તે પ્રમાણે રહ્યા. પણ સૌનો ધોડ હતો દાદાના દરબારમાં ! મહારાજના સાન્નિધ્યમાં પહોંચી જવાની તેમની તમન્ના હતી. તેમની ગતિ, ઉત્સાહ, હૈયામાંથી બહાર નીકળતો પ્રેમ એવો હતો કે આટલા બધા માણસો આજુબાજુ દેખાતા હતા છતાં તેમની દૃષ્ટિમાં મહારાજ સિવાય બીજું કાંઈ દેખાતું ન હતું !

દરબારગઢનું પ્રાંગણ કીડીયારું ઊભરાય તેમ હરિભક્તોથી ઊભરાઈ

ગયું. મહારાજે તેમને દર્શન દીધાં, વાતો કરી અમૃત પાયું. સંતો પાસે કીર્તનો ગવરાવ્યાં અને દરબારગઢમાંથી પારઠ ભેંસોનું દૂધ, બરફીના ચોસલા જેવાં દહીંનાં ચોસલાં, ઘી, ગોળ અને ચોખાની મિજબાની કરાવી. છતાં હરિભક્તોના મુખ ઉપર તૃપ્તિ ન હતી. સાંજ ઢળતી હતી અને સમૈયો પૂરો થઈ જવાની તેમને બીક લાગતી હતી. આ દર્શન, આ વાતું, આ દિવ્ય સુખ હમણાં પૂરું થઈ જશે અને આવતી કાલે તો જવું પડશે !

સાંજ પડી ગઈ. વાસુદેવ નારાયણની સંધ્યા આરતી થઈ. દીવાના ઝગમગાટથી દરબારમાં પ્રકાશ વધ્યો. ઉત્તરાદા બારની ઓસરીમાં ઢોલિયા ઉપર બિરાજેલા મહારાજના મુખારવિંદનાં સૌને સ્પષ્ટ દર્શન થયાં. મહારાજના મુખ ઉપર હાસ્ય હતું. ભક્તો પ્રત્યે કરુણાનો ભાવ હતો. સૌને ભક્તિના રંગમાં તરબોળ કરી દેવાની તમન્ના હતી. તે વખતે એક હરિભક્તે પ્રશ્ન પૂછ્યો : ‘‘મહારાજ ! વાતો સાંભળવાથી જ જો સત્સંગ દૃઢ થાય તો પછી આપની વાતો સાંભળવાનું અમને સમૈયો પૂરો થયા પછી ક્યારે મળશે ?’’

મહારાજ તે ભક્તના પ્રશ્નનું હાર્દ સમજી ગયા. તેમણે હસતાં હસતાં કહ્યું : ‘‘ગુજરાતમાં ઉત્સવ ગોઠવો, કેરી ટાણું આવે છે. અમે આવીશું અહીંના બધા કાઠી ભક્તોને લઈને. વાતો સંભળાશે, કેરી-ઉત્સવ થશે અને આનંદ આનંદ થઈ જશે.’’

આ સાંભળી ગુજરાતના હરિભક્તો આનંદમાં આવી ગયા અને ઊંચે સ્વરે ‘સહજાનંદ સ્વામી મહારાજની જય’ બોલ્યા. દરબારગઢ ગાજી ઊઠ્યો. મહારાજ પણ રાજી થયા.

✧

સમૈયો વીખરાયો અને મહારાજે તરત જ દાદાખાચર, સોમલાખાચર, દેહાખાચર, નાગમાલો, અલૈયોખાચર, મોકાખાચર, મૂળુખાચર, હમીરખાચર, માણસિયો, મામૈયો પટગર તથા સારંગપુરના જીવાખાચર, રામપટગર, માતરા ધાધલ તેમજ ગરાસિયા ભક્તો ઝીણાભાઈ, કાકાભાઈ વગેરેને બોલાવ્યા. સૌ આવ્યા એટલે મહારાજે તેમને કહ્યું : ‘‘જુઓ, કોઈએ પોતપોતાને ગામ જવાનું નથી. વૈશાખ ઊતરે એટલે આપણે ગુજરાતમાં જવાનું છે.’’

એટલું કહીને જીવાખાચર સામું જોયું અને તેમને કહ્યું : ‘‘સાંભળો, મોટી ડેલીના ખાચર ! તમારે પણ અમારી રજા સિવાય ગામતરે જવાનું નથી. અમારી ભેગા જ રહેવાનું અને અમારી સાથે ગુજરાત આવવાનું. ગુજરાતના

હરિભક્તોનો ભક્તિભાવ તમને બતાવવો છે.''

એટલામાં લાધા ઠક્કર બેઠા હતા તે ઊભા થયા અને મહારાજને કહ્યું : ''મહારાજ ! અહીંથી પરિયાણ કરવાનો નિર્ધાર તો કર્યો, પણ આ ખળા રોક્યાં છે તેનું શું કરવું તે કાંઈ વિચાર કર્યો ?''

આ સાંભળી મહારાજ સ્તબ્ધ બની ગયા ! લાધા ઠક્કર સામું મહારાજ અનિમિષ દૃષ્ટિથી જોઈ રહ્યા. તેમને થયું કે આ ભક્તના અંતરમાં દાદા સિવાય બીજું કાંઈ જ નથી. થોડી વાર પછી તેમણે કહ્યું : ''લાધા ઠક્કર ! એમાં મૂંઝાવ છો કેમ ? આ બાપુ જીવાખાચરને કહેશો એટલે તેઓ પાર પાડી દેશે. ગરાસના કામકાજમાં તેઓ કાબેલ છે.'' એટલું કહી મહારાજ જીવાખાચર તરફ જોયું. પરંતુ જીવાખાચર તો ભોં ખોતરતા હતા.

આ તે ભક્ત છે કે દેવ ?

વૈશાખ ઊતરવાનો થયો છતાં દાદાખાચરનાં ખળાં ઉપાડી શકાયાં નહીં. ભાવનગર રાજ્યના સિપાઈઓ ખળાની ચોકી કરતા અને સવાર-સાંજ દાદાના દરબારમાં જઈ જમી આવતા. મહારાજની આજ્ઞા હતી એટલે લાડુબા, જીવુબા પણ તેમને પ્રેમથી જમાડતાં, પણ કોઈ દિવસ ખળામાં પડેલાં અનાજ સંબંધી તેમની સાથે તેમણે કશી વાત કરી ન હતી. આ સિપાઈઓને મનમાં થતું હતું કે પ્રભુ સાક્ષાત્ આ દરબારમાં બિરાજે છે, દાદા જેવા ભક્ત છે, તેમનું જ અનાજ આપણે ખાઈએ છીએ, છતાં તેમનાં ખળાં આપણે ઉપાડવા દેતા નથી ! તેમને વિચાર કરતા જોઈ લાડુબાએ પૂછ્યું : ''કાંઈ જોઈતું હોય તો માંગી લેજો ભાઈ ! મૂંઝાશો નહીં.''

આ સાંભળી સિપાઈઓનાં અંતર વલોવાઈ ગયાં. તેમણે કહ્યું : ''બા ! અમને તો ઘરે નથી મળતી એવી સાહ્યબી અહીં તમારા દરબારમાં ભોગવવા મળે છે. પણ અમને દુઃખ એટલું છે કે આપના જેવા ભક્તનાં ખળા ઉપર અમને ચોકીમાં બેસાર્યા છે. આપનું જ ખાઈએ છીએ, છતાં આપનો દ્રોહ કરીએ છીએ !'' એટલું કહીને તેઓ અટક્યા. પછી થોડી વારે કહ્યું : ''પણ બા ! આ બધાં કારસ્તાન મોટી ડેલીવાળા બાપુનાં છે.''

તરત જ લાડુબા બોલ્યાં : ''બોલશો નહીં ભાઈ ! બધું મહારાજની ઇચ્છાથી જ બને છે. અમારી આમાં કસોટી છે. અમને ચોખ્ખાં કરવાં હશે એટલે મહારાજ કોઈને નિમિત્ત બનાવે. આપણે આંગળી ચીંધવી નહીં; પાપમાં

પડીએ.''

આ સાંભળી સિપાઈઓ ડઘાઈ ગયા ! તેમને થયું આ તે ભક્ત છે કે દેવ ! લાડુબાને પગે લાગ્યા અને ત્યાંથી ઊઠ્યા. ઊઠતાં ઊઠતાં તેમણે કહ્યું : ''બા ! ખળામાંથી અનાજ જોઈતું હોય તો ખુશીથી ગાડાં મોકલજો. અમે ભરી દઈશું. રાજ્યની ચાકરીમાં પેટભરણું થશે પણ તમારા જેવા ભક્તની સેવાથી કલ્યાણ થઈ જશે.''

લાડુબાએ તરત જ કહ્યું : ''ના ભાઈ ! તમે તમારી ફરજ બજાવો. અમારું તો મહારાજના આધારે ચાલે છે.'' સિપાઈઓ નિઃશ્વાસ મૂકીને ખળા તરફ ગયા.

બાપુ જીવાખાચર ફરી ભાવનગર જાય છે

બાપુ જીવાખાચરના મનમાં થયું કે રોજ સિપાઈઓ દાદાના દરબારમાં જમવા જાય છે એટલે નક્કી તેમને ભોળવીને તેઓ ખળા ઉપડાવી લેશે. એટલે તેમણે નક્કી કર્યું કે ભાવનગર જવું અને બીજા વધારાના સિપાઈઓ લઈ આવવા જેથી ખળામાંથી એક દાણો પણ દાદાના દરબારમાં જાય નહીં. સ્વામિનારાયણ કહેવાય છે તો ભગવાન પણ મારું-તારું તેમને કેટલું છે ? એક દાદો જ ભગત અને અમે નહીં ? દાદાનાં રખવાળાં કરે. દાદા સારુ માંડવધાર ખાલી કરાવી કણબીઓને ત્યાં વસાવ્યા, જેઠા અને મેરામણ ગોવાળિયાને જેર કરી નાંખ્યા. આને તે શું ભગવાન કહેવાય ?

જીવાખાચરના મનમાં વિચારોની પરંપરા ચાલી. દાદાખાચર પ્રત્યેની ઈર્ષ્યાથી મહારાજ પ્રત્યે તેના અંતરમાં મનુષ્યભાવ ઉત્પન્ન થયો. ભાવનગર જવાનો તેમણે નિશ્ચય કરી લીધો પરંતુ મહારાજની રજા સિવાય તો જવાય એમ હતું નહીં; એટલે ઘોડી તૈયાર કરી દાદાખાચરના દરબારમાં મહારાજ પાસે આવ્યા. મહારાજ પાસે આવી હાથ જોડીને તેમણે કહ્યું : મહારાજ ! ખાસ કામ છે એટલે ગામતરે જવું છે.''

મહારાજ આ સાંભળી રહ્યા. પછી બોલ્યા : ''તો તો પછી ભાવનગર જતા આવજો અને દાદાનાં ખળાં ઉપાડવાનો હુકમ પણ લેતા આવજો. હવે ચોમાસું આવશે એટલે તે પહેલાં અનાજ દરબારમાં પહોંચાડી દેવું જોઈએ.''

એટલે જીવાખાચરે કહ્યું : ''મહારાજ ! દાદાનાં ખળાં જેણે અટકાવ્યાં હશે તેને હું જોઈ લઈશ.''

એટલે મહારાજે કહ્યું : ''તમે શું અમે પણ જોઈ લેશું. હમણાં તો હુકમ

લેતા આવજો !''

જીવાખાચરને મહારાજના આ શબ્દો ભારે પડી ગયા. તેના અંતરમાં બીક પેસી ગઈ. કદાચ જેઠા અને મેરામણ જેવા મારા હાલ આ પુરબિયો ભગવાન કરશે ! તે કાંઈ બોલ્યા નહીં.

અમારે ભગવાન સામે બાથ ભીડવી નથી

ભાવનગર આવીને તેઓ વખતસિંહ મહારાજને મળ્યા. બીજી થોડી વાતો કરીને પછી વખતસિંહ બાપુને તેમણે કહ્યું : ''બાપુ ! તમારા મોકલેલા સિપાઈઓ તો દાદાખાચરના દરબારમાં પડ્યા ને પાથર્યા રહે છે. એટલે નક્કી દાદાખાચર તેમને ભોળવીને ખળાંમાં પડેલું અનાજ ઘર ભેગું કરી દેશે.''

આ સાંભળી વખતસિંહજીએ કહ્યું : ''હજુ સુધી તો ઘર ભેગું કર્યું નથી ને ?''

''ના, મહારાજ ! હજુ સુધી તો ખળાંમાં જ છે.'' જીવાખાચરે કહ્યું.

તરત જ દરબારે કહ્યું : ''જુઓ, જીવાખાચર ! લાડુ બારોટ જેવા સ્વામિનારાયણને છળવા ગયા પણ ત્યાં જ સલવાઈ ગયા; વડોદરાના દીવાન ગંગાધર શાસ્ત્રીને સ્વામિનારાયણ ભગવાન છે એવી પ્રતીતિ થઈ; તમારા દરબારમાં સ્વામિનારાયણ ભગવાન રહ્યા, ઘણા ઉત્સવ કર્યા, લાખો ભક્તોને આકર્ષ્યા; છતાં તમે કેમ સાવ કોરા રહી ગયા ?'' એટલું કહીને દરબાર અટક્યા. પછી બોલ્યા : ''જીવાખાચર ! જરા સાંભળો. ભગવાનની સામે બાથ ભીડવી તેમાં પાયમાલી છે. રાવણ, કૌરવ અને કંસની જે દશા થઈ તેવી થઈ જશે. માટે વિચાર કરીને પાછા વળો. અમારા ઉપર તો ગંગાધર શાસ્ત્રીનો રુક્કો આવ્યો છે. ખળાં ઉપાડવાની રજા આપવી જ પડશે. અમારે ભગવાન સામે બાથ ભીડવી નથી.''

આ સાંભળી જીવાખાચર વીલા થઈ ગયા. તેમને લાગ્યું કે બધી બાજી ધૂળમાં મળી ગઈ. પરંતુ તરત જ તેને વિચાર આવ્યો કે મહારાજે ખળા ઉપાડવાનો હુકમ લઈ આવવા કહ્યું છે, એટલે તે હુકમ લઈને જ હવે હું જઉં. જશ તો મળશે. તેણે તેથી દરબારને કહ્યું : ''મહારાજ ! તો પછી ખળાંનું અનાજ ઉપાડી લઈએ ને ? મને હુકમ આપો.''

આ હુકમ દેખીને ખળાં ઉપડાવી લેજો

મહારાજા વખતસિંહ વિચક્ષણ રાજવી હતા. તેમણે ભમ્મર ચડાવી કહ્યું :

"જીવાખાચર ! તે રુક્કો લઈને તો અમારો માણસ જ જશે." એમ કહીને તેમણે મેરૂ ખવાસને બોલાવ્યો. મેરૂ ખવાસ આવ્યો એટલે તેને કહ્યું : "કારભારીને બોલાવી લાવ. દરબારી હુકમ લખવો છે એટલે મહોરછાપ લઈ આવે."

મેરૂ ખવાસ ગયો. જીવાખાચર આ બધું જોઈ રહ્યા. મહારાજાએ તેમને કહ્યું : "તમે જાઓ." તેઓ તરત જ ત્યાંથી વીલે મોઢે નીકળી ગયા.

વખતસિંહ બાપુએ લખાવ્યું : "અમોએ તમારાં ખળાં રોકાવ્યાં છે તે બાપુ જીવાખાચરના કહેવાથી રોકાવ્યાં હતાં. તમો તો ભગવાન છો એટલે તમારી સાથે અમારે બાંય બાંધવી નથી. અમારો અપરાધ થયો હોય તો ક્ષમા કરજો. આ હુકમ દેખીને ખળાં ઉપડાવી લેજો." તેમાં પોતે સહી કરી રાજ્યની મહોરછાપ દાબી. સિપાઈ તે રુક્કો લઈને મારતે ઘોડે ગઢપુર રવાના થઈ ગયો.

મહારાજે જીવુબાને બોલાવ્યા અને તેમને કહ્યું : "ભાવનગર રાજ્યના દસ સિપાઈઓ જે ખળા ઉપર બેઠા છે તેમને સૌને ઘી, ગોળ અને રોટલા જમાડજો." એટલું કહીને મહારાજ દરબારમાં પધાર્યા.

અહીં આવી ફરી મહારાજે દાદાખાચર તથા લાધા ઠક્કર અને જીવુબાને બોલાવ્યાં. તેમને કહ્યું : "આવતી કાલે સવારે ખળાં ઉપડાવી લેજો."

એટલે જીવુબાએ કહ્યું : "મહારાજ ! એક-બે દિવસ ખમીએ, રાહ જોઈએ."

લાધા ઠક્કરે તરત જ અકળાઈને કહ્યું : "ખળાં ઉપર ચોકી બેઠી છે તે કેમ ઉપાડાય ? હવે તો હદ થઈ ગઈ ! દાણાયે ક્યાંથી ઉધારે લાવવા ? દાદાનું આ દુઃખ મારાથી દેખાતું નથી." એમ કહી નીચે બેસીને રડી પડ્યા.

હમ જલે તુમ કાં જલો ?

આ સાંભળી મહારાજ પણ લાધા ઠક્કર પાસે બેસી ગયા. લાધા ઠક્કરને રડતા જોઈ મહારાજ પણ રડવા લાગ્યા. આ રોકકળ સાંભળી બધા સંતો ત્યાં આવી ગયા. જીવુબા અને લાડુબા અક્ષર ઓરડીની બહાર જઈ બેઠાં. સંતોએ દાદાખાચરના દેશકાળની હકીકત સાંભળી. સૌ ઉદાસ થઈ ગયા. મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "મહારાજ ! અમે સૌ સંતો સુરત તરફ જઈએ."

જીવુબા, લાડુબા, દાદાખાચર આ સાંભળી રહ્યાં. તેમની આંખમાં આંસુ હતાં. જીવુબાએ કહ્યું : "મહારાજ ! આપ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ અમારે ત્યાં પધાર્યા. આપના સંતો, ભક્તો અમારે આંગણે આવ્યા પણ અમારાં કરમ ફૂટ્યાં કે અમે આપની સેવા કરી શક્યાં નહીં. તેથી તો આ સંતો અહીંથી

જવાની વાત કરે છે.'' એટલું બોલતાં તો તે પણ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં.

લાડુબાએ કહ્યું : ''મહારાજ ! હવે સહન થતું નથી. અમારું દુ:ખ તો અમે ભોગવશું પણ અમારી ભેગા આપને પણ દુ:ખ ભોગવવું પડે છે, તેથી હૈયું ભાંગી જાય છે !''

મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : ''મહારાજ ! આપ અહીં બિરાજો ત્યાં સુધી દાદાખાચરને ભીડો રહેશે; પરંતુ આપ જો અમારી સાથે પધારો તો તેમને સૌને એટલી રાહત રહે.''

આ સાંભળી જીવુબા, દાદાખાચર અને કુટુંબીજનોને આંચકો લાગ્યો. દાદાખાચરે રડતાં રડતાં કહ્યું : ''આ તો મહારાજ ! કારમો કેર થયો કે અમને છોડીને આપને જવું પડે.''

દાદાના આ શબ્દો સાંભળી જીવુબાનું હૈયું હાથ રહ્યું નહીં. એવા જ ભાંગેલે હૈયે તેમણે કહ્યું : ''હા, મહારાજ ! સ્વામી ઠીક કહે છે. આપની સેવા અમારાથી થઈ શકે નહીં, આપની સગવડ સચવાય નહીં, એટલે આપ પણ ખુશીથી પધારો. જ્યાં બિરાજો ત્યાંથી અમારા ઉપર દૃષ્ટિ રાખજો. એ દૃષ્ટિને આધારે અમે જીવીશું.''

મહારાજની આંખમાંથી આ સાંભળી ચોધાર આંસુ પડવા લાગ્યાં. થોડી વાર તો તેઓ પણ કાંઈ બોલી શક્યા નહીં. દાદાખાચર પાણી લઈ આવ્યા. મહારાજે મોં ધોયું, પાણી પીધું. પછી ઢોલિયા ઉપર બિરાજમાન થયા. સંતોને પાસે બેસાર્યા. દાદાખાચરને પોતાના ઢોલિયા ઉપર જ પોતાની પાસે પરાણે બેસાર્યા. લાડુબા, જીવુબા તથા સોમાદેવી, સૂરપ્રભાદેવી, સોમબા ફૈબા અને અન્ય બહેનો સૌ દૂર બેઠાં. પછી મહારાજે કહ્યું : ''સૌ સાંભળો, દાદાના આવા દુ:ખમાં આપણે તેને છોડીને ચાલ્યા જઈએ તો આપણા જેવા કોઈ કૃતઘ્ની ન કહેવાય.'' એમ કહીને મહારાજ એક સાખી બોલ્યા :

''દાહ જલે, ડુંગર જલે, જલે સબ વનરાઈ;
હમ જલે તુમ કાં જલો, હમારે પાંખો નાઈ.''

તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું : ''મહારાજ ! આ સાખીનો અર્થ સમજાયો નહીં.''

એટલે મહારાજે કહ્યું : ''એક વનમાં મોટો ઘેઘૂર વડલો હતો. તેની વડવાઈઓ જમીનમાં મૂળિયાં નાખીને પાંગરી હતી. તે વડ ઉપર ઘણાં પક્ષીઓએ માળા કર્યા હતા, ઘણાં ત્યાં આરામ કરવા આવતાં અને ઘણાં તેના

ટેટા ખાઈને આનંદ પણ કરતાં. આમ, વર્ષોથી પક્ષીઓના ઘર સમો તે વડલો તે પક્ષીઓનું આરામસ્થાન બની ગયો હતો. પરંતુ એક દિવસ એકાએક વનમાં દાવાનળ લાગ્યો. જોતજોતામાં તો દાવાનળ પ્રસરી ગયો. આથી મૂંઝાઈને તે વડલાએ તેના ઉપર રહેતાં પક્ષીઓને કહ્યું : 'હવે તો વનની વનરાઈઓ, ડુંગરા બધા જ બળવા લાગ્યાં છે. થોડા વખતમાં હું પણ બળી જઈશ, કારણ કે મને પાંખો નથી. પણ તમે તો બધાં ઊડી જાવ. તમારે પાંખો છે તો તમે શા માટે અહીં રહીને બળવા માંગો છો ?' એટલે પક્ષીઓએ કહ્યું : 'તમે તો અમારા આશ્રયદાતા કહેવાવ. આજ સુધી તમારા ઉપર અમે રહ્યા, માળા બાંધ્યા, ટેટા ખાધા. અમે ફાલ્યા-ફૂલ્યા. હવે આજે તમારે બળવાનો વખત આવ્યો ત્યારે અમે તમને છોડીને ચાલ્યા જઈએ ? ના, હવે તો આપણે સૌ સાથે જ બળીશું.''

એટલું કહીને મહારાજે આંખો લૂછતાં કહ્યું : ''એમ દાદાના દરબારમાં આપણે પાંચસો પરમહંસો સાથે રહ્યા, જમ્યા, રમ્યા, ઉત્સવો કર્યા અને હવે દાદાને દેશકાળ આવ્યો ત્યારે આપણે તેને છોડીને ચાલ્યા જવું ? હવે તો આપણે દાદાના દેશકાળમાં તેની સાથે સૌએ ભેગા જ રહેવું. તેના સુખ-દુઃખના ભાગી થવું. વડલા ઉપરનાં પક્ષીઓ જેટલીય આપણી બુદ્ધિ નહીં ? આપણને લોકો કૃતઘ્ની કહેશે.''

મહારાજની આ વાત સાંભળી સૌ સ્થિર થઈ ગયા ! કેવી ભક્તવત્સલતા !

તને છોડીને અમે બ્રહ્માંડના કયા ખૂણામાં જઈએ ?

પછી મહારાજે લાધા ઠક્કરને કહ્યું : ''તમે તો મને કહ્યું હતું કે કોઠીઓમાં દાણા ભરપૂર છે અને આજે કહો છો કે ઉધારે દાણા લાવો છો ? પહેલેથી કહ્યું હોત તો અહીં સમૈયો કરત નહીં ને !''

તરત જ લાધા ઠક્કરે કહ્યું : ''મહારાજ ! એવું આપને કહું તો બાનો અને આ નાના બાપુનો ઠપકો મળે. તેમણે ખળાં ઉપર ચોકી બેઠી ત્યારથી જ કહી દીધું હતું કે દાણા નથી એવી વાત મહારાજને કરશો જ નહીં.''

મહારાજ આ સાંભળતા હતા અને જીવુબા, લાડુબા અને દાદાની સામું વારાફરતી જોતા હતા. દાદાખાચરે ધીરે રહીને મહારાજને કહ્યું : ''પ્રભુ ! આપ અહીં બિરાજો છો એટલે અમારા દેશકાળ સારા જ છે. અમને છોડીને આપ જવાનો સંકલ્પ કરશો ત્યારે અમારા દેશકાળ ભૂંડા થશે.''

''દાદા ! તને છોડીને અમે બ્રહ્માંડના કયા ખૂણામાં જઈએ ? જ્યાં

અમારો ભક્ત નથી ત્યાં અમે પણ નથી.'' મહારાજે દાદાનો હાથ પકડી કહ્યું.

એટલામાં ભાવનગર રાજ્યનો સિપાઈ રુક્કો લઈને આવી પહોંચ્યો. તેણે આવી સીધા જ મહારાજને પ્રણામ કરીને મહારાજના હાથમાં રુક્કો આપ્યો. મહારાજે તે લાધા ઠક્કરને આપ્યો અને કહ્યું : ''વાંચો !''

લાધા ઠક્કર રુક્કો વાંચવા લાગ્યા અને તેમની સુકાયેલી આંખોમાંથી ફરી આંસુ પડવા લાગ્યાં. મહારાજના મુખ ઉપર સ્મિત ફરકતું હતું. ખળા ઉપાડવાનો વખતસિંહ દરબારનો હુકમ આવી ગયો. સૌનાં હૈયાં હળવાં થયાં.

પરંતુ દાદાખાચર તો એવા જ સ્વસ્થ હતા. તેમને પ્રસંગે પ્રસંગે મહારાજની કાર્યશક્તિનાં દર્શન થતાં હતાં. તેથી સ્વસ્થતા અને અસ્વસ્થતાના ભાવથી તે પર હતા. થોડી વારે મહારાજે લાડુબા, જીવુબાને કહ્યું : ''પેલા ખળાંવાળા સિપાઈઓને તથા આ રુક્કો લઈ આવનારને ઘી, ગોળ અને રોટલા જમાડજો. હવે ખળાં ઉપાડવાની તૈયારી કરવા માંડો.'' એટલું કહીને મહારાજ ધીરેથી બોલ્યા : ''પણ આ વાત બહાર પાડશો નહીં. બાપુ જીવાખાચરને ભોંઠામણ લાગે તેવું આપણે કરવું નથી.''

પછી સંતો સામે જોઈને બોલ્યા : ''જુઓ, આ દાદાખાચરને દેશકાળ આવા કઠણ આવ્યા તેમાં જેવું જેનું અંતર હતું તે જણાઈ ગયું. ભક્તોને દુઃખ થયું, અભક્તો રાજી થયા. પણ ધાર્યું અંતે ભગવાનનું થાય છે.''

સ્વરૂપાનંદ સ્વામીને શાંતિ થાય તેવી વાતો મહારાજ કરે છે

થોડા દિવસ પછી સમાચાર આવ્યા કે મોટા વ્યાપકાનંદ સ્વામી બોચાસણમાં ધામમાં પધાર્યા. મહારાજ આ સાંભળી ચપટી વગાડીને 'હરિ હરિ' બોલવા લાગ્યા. થોડી વારે તેમણે કહ્યું : ''સ્વામીએ ચરોતરમાં સત્સંગ સારો વધાર્યો હતો.'' પછી એકાએક પૂછ્યું : ''સ્વરૂપાનંદ સ્વામીને કેમ છે ?''

ભગુજીએ કહ્યું : ''મહારાજ ! માંદગી વધુ છે. જીવાખાચરે સંતો માટે જે જગ્યા કરી આપી છે ત્યાં રાખ્યા છે. આપનાં દર્શનની ઝંખના ઘણી છે.''

મહારાજે તરત જ કહ્યું : ''આ રાત્રે તેમને જોવા જઈશું.''

મધ્યરાત્રીએ મહારાજે ભગુજીને ઉઠાડ્યા અને કહ્યું : ''તૈયાર થાવ. આપણે સ્વરૂપાનંદ સ્વામીનાં દર્શન કરવા જવું છે.''

ભગુજી તરત તૈયાર થઈ ગયા. મહારાજ પણ તૈયાર થઈ ગયા. જામનગરનો ગૂઢો રંગીન રેંટો પહેર્યો, બુરાનપૂરી રેંટો માથે બાંધ્યો, સોનાના

તારથી વણેલ કસુંબલ રેંટો કેડે બાંધ્યો. હાથમાં સોનાના વેઢ-વીંટીઓ ધારણ કર્યાં, કમરે તલવાર બાંધી, પીઠે ઢાલ બાંધી. આવી શોભા ધારણ કરી મહારાજ સ્વરૂપાનંદ સ્વામીના ઉતારે તેમને દર્શન દેવા પધાર્યા.

મહારાજના આવા શણગારનાં દર્શન કરી સ્વરૂપાનંદ સ્વામી ગદ્‌ગદ થઈ ગયા ! મહારાજે કહ્યું : "સ્વામી ! મંદવાડનું દુઃખ ઘણું છે."

સ્વામી આ સાંભળી હસ્યા. પછી કહ્યું : "મહારાજ ! દુઃખ તો દેહને છે. અસવાર તો તાજા છે."

સ્વરૂપાનંદ સ્વામીના મનમાં વિચારો આવવા લાગ્યા. આત્માનાં દર્શનના આનંદમાં મહારાજનાં પ્રગટ દર્શન, તેમની વાતો, તેમનું સાન્નિધ્ય આ બધાની મેં ઉપેક્ષા કરી હતી. તેમને થયું કે ફક્ત આત્માનાં દર્શનનું સુખ પ્રગટ પરમાત્માનાં દર્શનના સુખ આગળ નહિવત્ છે. તેમણે હાથ જોડી ગદ્‌ગદ કંઠે કહ્યું : "મહારાજ ! શાંતિ થતી નથી."

મહારાજ જાણતા હતા કે સ્વામીની સ્થિતિ અલૌકિક હતી. તીરમાં લીંબુ ખોસીએ અને તીરને ચારે તરફ ફેરવીએ તો લીંબુ જ દેખાય તેમ સ્વરૂપાનંદ સ્વામીની વૃત્તિમાં મહારાજની મૂર્તિ સિવાય બીજું કાંઈ હતું નહીં. છતાં આત્મદર્શનની સભાનતાથી મહારાજના પ્રગટ સ્વરૂપનું જોઈએ તેવું સુખ તેઓ લઈ શક્યા ન હતા. પરંતુ હવે તેમને શાંતિ થાય તે માટે મહારાજ પોતાના જન્મનાં બાલચરિત્રોની, અયોધ્યાનાં ચરિત્રોની વાતો કરવા લાગ્યા. સ્વરૂપાનંદ સ્વામીને યોગાભ્યાસ હતો, તેથી ષટ્‌ચક્રમાં પ્રાણની ગતિ કેમ કરવી; પ્રણવનો નાદ કેમ સાંભળવો; ઈડા, પિંગલા અને સુષુમ્ણામાં ગતિ કરી ચંદ્ર અને સૂર્યના લોકમાં કેમ ગતિ કરવી વગેરે વાતો પણ મહારાજે તેમને કરી.

પરંતુ સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપનાં ચરિત્રોની વાતો સાંભળતાં ઈન્દ્રિયો-અંતઃકરણ વિરામ પામી જાય છે, તેવી શાંતિ યોગની વાતથી થતી નથી. આપના સાન્નિધ્યનો, આપના શબ્દનો આનંદ આવે છે."

મહારાજ આ સાંભળી હસ્યા. પછી બોલ્યા : "અમારાં સર્વ ચરિત્ર, ક્રિયા તથા નામસ્મરણ એ કલ્યાણકારી છે. તે સિવાય તો ષટ્‌ચક્ર દેખાશે કે ગોલોક, વૈકુંઠાદિક ધામ દેખાશે તોપણ તેથી શાંતિ નહીં થાય."

વાતો કરતાં પરોઢ થઈ ગયું. એટલે ભગુજીએ મહારાજને કહ્યું : "મહારાજ ! પરોઢ થઈ ગયું."

મહારાજ બોલ્યા : "ઓહો ! સવાર પડી ગયું ! આવી ચમત્કારી આ

વાતો છે !" એટલું કહીને મહારાજ ઉતારે પધાર્યા.

મહારાજ સ્વરૂપાનંદ સ્વામી પાસે રોજ મધ્યરાત્રીએ જતા. ત્યાં સુધી પોતાને ઉતારે સંતો-હરિભક્તોને વાતો કરતા. નિષ્કુળાનંદ સ્વામી તથા પરમહંસાનંદ સ્વામી સ્વરૂપાનંદ સ્વામીની સેવામાં હતા, એટલે દાદાના દરબારમાં મહારાજની વાતો સાંભળવા તેઓ આવી શકતા નહીં. તેથી મહારાજ જીવાખાચરના દરબારમાં આવી તેમને તે સુખ આપતા. સ્વરૂપાનંદ સ્વામીના દેહમાં બહુ જ દાહ થતો. તેના શમન માટે તેમને લીલી દ્રાક્ષ ખવરાવતા, સાકરનું પાણી પાતા, અંગે ચંદનનો લેપ કરતા. થોડી થોડી વારે અંગે પાણીનો છંટકાવ કરતા, છતાં દાહની પીડા શમતી નહીં. પરંતુ મહારાજ પધારતા અને તેમનાં ચરિત્રોની વાતો કરતા એટલે તરત જ તેમની સર્વ વૃત્તિઓ મહારાજના સ્વરૂપમાં લીન થઈ જતી અને અપાર શાંતિ થઈ જતી.

મહારાજ રોજ પધારતા, પોતાનાં ચરિત્રોની વાતો કરતા, ભૂમાનંદ સ્વામી પાસે કીર્તન પણ ગવડાવતા અને શ્રીહરિ સ્વયં તેમના અંગે ચંદનનો લેપ કરતા.

સ્વરૂપાનંદ સ્વામી ધામમાં પધારે છે

સ્વરૂપાનંદ સ્વામીને દેહ મૂકવાનો અવસર નજીક આવતો ગયો. મહારાજે તેમની તમામ વૃત્તિઓ ખેંચીને પોતાના સ્વરૂપમાં જોડી દીધી. વાતોના પ્રસંગમાં તેમને કહ્યું : "સ્વામી ! આ જીવાખાચરના દરબારમાં અમે ફૂલદોલનો ઉત્સવ કર્યો હતો તે યાદ છે ? અહીં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો હતો, સભાઓ કરી જ્ઞાનોપદેશ કર્યો હતો, દાદાખાચરના દરબારમાં પણ અનેક પ્રકારની લીલા કરી હતી..." મહારાજ વાતો કરતા હતા તેથી સ્વામીની વૃત્તિઓ મહારાજના સ્વરૂપમાં લીન થઈ હતી.

એકાએક સ્વામીએ મહારાજને હાથ જોડ્યા અને કહ્યું : "મહારાજ ! આ દેહમાં આપે રાખ્યો ત્યાં સુધી રહેવાયું છે, દેહને મૂકીને ધામમાં જવું તેમાં મારું સામર્થ્ય ચાલે તેમ નથી. તો હવે આપ દયા કરો, ધામમાં આપની સેવામાં અખંડ રહેવાય તેવી કૃપા કરો."

મહારાજે જાણ્યું કે સ્વરૂપાનંદ સ્વામીને પોતે આત્માને અખંડ દેખતા હતા એ સ્થિતિનું, એ સિદ્ધિનું અલ્પ અભિમાન પણ ઓગળી ગયું છે, પોતાના સ્વરૂપમાં જોડાઈ ગયા છે. તેમણે સંકલ્પ કર્યો અને સ્વરૂપાનંદ સ્વામી દેહનો ત્યાગ કરીને મહારાજના અક્ષરધામમાં બિરાજી ગયા !

ઉદ્‌ગીથ ૧૩



ગુજરાત અને દંઢાવ્ય પ્રદેશમાં વિચરણ

(આ.સં. ૧૮૭૦-૭૧, ઈ.સ. ૧૮૧૪)[1]

ગુજરાતના હરિભક્તોનું આમંત્રણ મહારાજ ભૂલ્યા ન હતા. ગુજરાતની કેરીઓનાં ગાડાં ગઢપુર આવ્યાં અને મહારાજ તૈયાર થઈ ગયા. કાઠી ભક્તોને બોલાવ્યા અને ગુજરાત જવા તૈયારી કરી. દાદાખાચરને પણ સાથે લીધા.

ગઢપુરથી નીકળી ઝીંઝાવદર, કારિયાણી, કુંડળ, પોલારપુર, ભીમનાથ, ઝિંઝર, રોજકા, ખસ, પચ્છમ, કમિયાળા વગેરે ગામો ફરતા, ત્યાંના હરિભક્તોને સાથે લઈને મહારાજ ગુજરાતમાં પધાર્યા. નાર, સોજિત્રા, ચાંગા, સંજાયા, ડભાણ થઈને મહારાજ નડિયાદ પધાર્યા. મહારાજ જ્યાં જતા ત્યાં ભક્તો રોકાવાનો આગ્રહ કરતા પરંતુ એક રાત કે એક ટંક મહારાજ રોકાતા અને તરત નીકળી જતા. નડિયાદથી મહારાજ ઉમરેઠ પધાર્યા.

ઉમરેઠમાં આમ્ર ઉત્સવ : આ.સં. ૧૮૭૦

મહારાજ વચન પ્રમાણે પધાર્યા તેથી ઉમરેઠના હરિભક્તોને તો જાણે પર્વ કરતાં પણ અધિક આનંદ થયો ! મહારાજ તથા સંતો-હરિભક્તોનું સામૈયું કર્યું, પૃથ્વી ઉપર પડીને દંડવત્ પ્રણામ કર્યા. મહારાજે દરેક હરિભક્તને બોલાવ્યા, સૌને માથે હાથ મૂક્યા. સૌ કૃતકૃત્ય થઈ ગયા. આજે લાખો હરિભક્તોના સમૂહમાં વિચરતા મહારાજ એકેએક હરિભક્તને નામ દઈ બોલાવે, તેના કુશળ પૂછે, તેના પરિવારની સંભાળ લે, કોઈને પણ ન ભૂલે. આથી ઘણાને આશ્ચર્ય થતું ! પરંતુ ભગવાનનું જીવન જ આશ્ચર્યમય છે. દિવ્યતા બતાવે તોપણ આશ્ચર્યમય અને દિવ્યતા હોવા છતાં મનુષ્યભાવ બતાવે તોપણ આશ્ચર્ય !

વાજતે-ગાજતે મહારાજની શોભાયાત્રા ગામમાં નીકળી. મહારાજનાં દર્શન આબાલવૃદ્ધ સૌને થયાં. જાગનાથ મહાદેવની વિશાળ જગ્યામાં સંઘનો ઉતારો

કરાવ્યો. કાઠીઓના ઘોડા માટે ચંદી, ઘાસ તથા પાવરાની વ્યવસ્થા પણ કરી.

મહારાજ અને સંતો-હરિભક્તો માટે ઉમરેઠના હરિભક્તોએ આમ્ર ઉત્સવની ભરપૂર તૈયારીઓ કરી રાખી હતી. નંદુભાઈને ત્યાં પહેલા દિવસની રસોઈ હતી. રસમાં સાકર ને ઘી નાખીને રસ અમૃત તુલ્ય બનાવ્યો હતો. તેજાના નાખી કઢી બનાવી હતી. ભજિયાં, રાયતાં, ઘીમાં બોળેલ પોળી (રોટલી), મઠિયાં, અથાણાં વગેરે અનંત ભાતની સામગ્રીઓ તૈયાર કરી હતી.

મહારાજ જમવા પધાર્યા. બ્રહ્મચારીએ હાથ-પગ ધોવરાવ્યા. મહારાજ પાટલે બિરાજ્યા, સામે બાજઠ ઉપર નંદુભાઈએ થાળ મૂક્યો. આજુબાજુ સંતોની, કાઠી ભક્તોની પંક્તિ બેસી ગઈ હતી. કાઠી ભક્તો રાહ જોઈ રહ્યા હતા કે મહારાજ શરૂ કરે એટલે આપણે પણ ચાલુ કરીએ. પરંતુ મહારાજ નંદુરામની સાથે વાતોએ વળગ્યા હતા. કાઠી ભક્તોની ધીરજ ખૂટતી હતી. એક કાઠી ભક્તે તો રસનો પડિયો મોઢે માંડતાં 'સહજાનંદ સ્વામીની જય' બોલાવી પણ ત્યાં તેના હાથમાંથી પડિયો જ પડી ગયો. મહારાજે આ જોયું અને હસ્યા. પછી જમવાનું શરૂ કર્યું. નંદુભાઈ બાજુમાં બેસી મહારાજને પવન નાખતા હતા. મહારાજ બધી વાનગીઓમાંથી થોડું થોડું જમતા હતા. નંદુભાઈ આગ્રહ કરતા હતા. પરંતુ મહારાજ કહેતા આ સુરાખાચરને આપો. ત્યાં તો સુરાખાચરનો પડિયો પણ મોઢે લગાડતાં પડી ગયો. મહારાજે તે જોયું અને હસતાં હસતાં કહ્યું : "નંદુભાઈ ! આ કાઠી ભક્તોને તો તાંસળી જોઈએ. આવા પડિયામાં ન ફાવે."

એટલે નંદુભાઈએ કહ્યું : "મહારાજ ! કાઠિયાવાડની તાંસળી તો અહીં ન મળે."

એટલામાં સુરાખાચરે કહ્યું : "કાંઈ વાંધો નહીં. અમે અમારા ખડિયામાં તાંસળી ભેગી જ રાખીએ છીએ." એમ કહીને બાજુમાં રાખેલ ખડિયામાંથી તાંસળી કાઢી. તે જોઈને તમામ કાઠીઓએ પોતપોતાની તાંસળી કાઢી.

મહારાજે હસતાં હસતાં પૂછ્યું : "ખડિયો પણ ભેગો જ રાખો છો ?"

એટલે સુરાખાચરે કહ્યું : "હા મહારાજ ! અમારે ગરથ તો ગાંઠે જ હોય."

મહારાજ જમી રહ્યા અને પછી સૌ સંતો-હરિભક્તોને રસ સારી રીતે પીરસ્યો. નંદુભાઈના ભાવ પ્રમાણે મહારાજે સૌને રસ જમાડી તૃપ્ત કર્યા. ત્યારબાદ નંદુભાઈએ મહારાજનું અને સંતોનું પૂજન કર્યું અને ધોતિયાં ઓઢાડ્યાં. પછી મહારાજ ઉતારે પધાર્યા.

બીજે દિવસે નરભેરામ દવેની રસોઈ હતી. અહીં પણ મહારાજે સૌને

સારી રીતે રસ પીવરાવ્યો. જમ્યા પછી મહારાજે તેની ખડકી ઉપરના મેડા ઉપર જ આરામ કર્યો.

ઉમરેઠના હરિભક્તો મહારાજ અને સંતોની સેવામાં પ્રવૃત્ત બની ગયા. ભાગવતધર્મના પ્રસારણનું મહારાજનું કાર્ય ગંગાના સ્રોતની જેમ અવિરતપણે ચાલ્યા જ કરતું હતું. તેમાં બાધા નાખવા વામી બ્રાહ્મણો પ્રયત્નો કરી રહ્યા હતા. જ્યારે બીજી તરફ શિવ અને શક્તિના સાચા ઉપાસક આ બ્રાહ્મણો શિવ અને નારાયણની એકતા સમજી ગયા હતા. એટલું જ નહીં, પરંતુ નારાયણના સર્વોપરી સ્વરૂપોનું પ્રાગટ્ય સમજી એ નારાયણે વહાવેલા પુણ્ય સ્રોતમાં સ્નાન કરી પાવન થઈ રહ્યા હતા. ગંગાદત્ત, મલ્લિકાર્જુન, વિષ્ણુદત્ત, દવે મકનજી, દવે ઈશ્વરજી, ઘેલારામ, લક્ષ્મીદત્ત શુક્લ, કૃપારામ, દયારામ, કૃપાશંકર શુક્લ, હરિભાઈ પંડ્યા, જીભાઈ ભટ્ટ, વિશ્વનાથ પંડ્યા, લીલાધર, નંદલાલ તેમજ વજેરામ વ્યાસ, ઠાકર કેશવજી ગોવિંદજી, દવે ભાઈશંકર, નંદલાલ જોષી વગેરે ભક્તોએ મહારાજની સેવાનો લાભ લીધો. સૌ કૃતકૃત્ય થઈ ગયા. વામી બ્રાહ્મણોનો આસુરભાવ અને શૈવી બ્રાહ્મણોનો દૈવીભાવ મહારાજના સંબંધે છતા થઈ ગયા.

ભગવાન ક્રિયાસાધ્ય કે કૃપાસાધ્ય ?

ઉમરેઠથી મહારાજ સંઘ સાથે નીકળ્યા અને વરતાલ પધાર્યા. અહીં મહારાજ વાસણ સુથારને ઘેર ઊતર્યા. હરિભક્તો સૌ વરતાલની સીમમાં આંબાની વનરાજીમાં ઊતર્યા. કાઠી ભક્તોને જોબન પગીને ત્યાં તથા નારાયણ-ગિરિના મઠમાં ઉતારા આપ્યા. વરતાલમાં આંબે કેરીઓ ઝળૂંબી રહી હતી. એટલે અહીંના ભક્તોએ મહારાજ અને સંઘને રસ જમાડ્યો.

કાઠી ભક્તોએ ગુજરાતના ભક્તોની મહેમાની માની, તેમનો ભાવ અને ભક્તિ જોયાં. તેમને મનમાં થયું કે ગુજરાતના ભક્તો જેવી આપણી ભક્તિ નથી.

જ્યારે ગુજરાતના ભક્તો વાતો કરતા તેમાં સૌરાષ્ટ્રનાં દૂધ, દહીં, ઘી અને સૌરાષ્ટ્રીય સોનાના ઢીમ જેવા ગોળની વાતો તથા હરિભક્તોની ઉદારતા, ભોળપ, મહારાજ પ્રત્યેની ભક્તિની વાતો અપરંપાર ભક્તિભાવથી થતી. મહારાજ પણ સૌરાષ્ટ્રમાં પધારતા ત્યારે ગુજરાતી ભક્તોની પ્રશંસા કરતા અને ગુજરાતમાં પધારતા ત્યારે કાઠિયાવાડના ભક્તોની ભક્તિનાં ગુણગાન ગાતા.

વરતાલમાં મહારાજ ગોમતીકાંઠે સભા કરતા. એક સાંજે સભામાં સૌ સંતો-હરિભક્તો આવી ગયા એટલે મહારાજે સભાને બે ભાગમાં વહેંચી દીધી

અને પ્રશ્ન-ઉત્તર કરવાની આજ્ઞા કરી. પ્રથમ પોતે જ પ્રશ્ન પૂછ્યો : "સંતો, સાંભળો. ભગવાન કૃપાસાધ્ય છે કે ક્રિયાસાધ્ય છે ?"

આ પ્રશ્ન સાંભળી સંતો વિચારમાં પડી ગયા. મુક્તાનંદ સ્વામી તથા અન્ય સંતો પણ વિચાર કરવા લાગ્યા : "એવાં કયાં સાધન આપણે કર્યાં છે કે જેથી અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પૃથ્વી ઉપર પ્રગટ થાય અને આપણને તેમના સાન્નિધ્યનું સુખ આપે !"

થોડી વાર સુધી કોઈ બોલ્યું નહીં. મહારાજે પણ સંતોને વિચાર કરતા કરી સભા બરખાસ્ત કરી.

બીજે દિવસે મહારાજ ત્યાંથી ડાકોર પધાર્યા. ત્યાં રણછોડજીનાં દર્શન કર્યાં. વિપ્રોને દાન આપ્યાં. ત્યાંથી નીકળી ફરી ઉમરેઠ પધાર્યા. અહીં આવ્યા અને વરસાદની હેલી મંડાણી. એક-બે દિવસે વરસાદ ધીમો પડ્યો એટલે ઉમરેઠથી નીકળી વરતાલ થઈને મહારાજ વલાસણ પધાર્યા.

આષાઢી સંવત ૧૮૭૧ની સાલ બેસી ગઈ હતી.

એવું તમારું કયું સાધન છે કે તમને આ સુખ મળે ?

અહીં ધારાળા હરિભક્ત જાલમે રસોઈ આપી. પાટીદારના ફળિયામાં બ્રાહ્મણોએ રસોઈ કરી. સૌ સંતોને મહારાજે પોતે પીરસ્યું. અહીં વૃક્ષની ડાળે હિંડોળો બાંધ્યો અને મહારાજને સૌ સંતો-હરિભક્તોએ ઝુલાવ્યા. મહારાજ સાથેનું આવું અદ્ભુત વિચરણ, આવી દિવ્ય લીલાનો આસ્વાદ, દિવ્ય પ્રસાદનો ભોગ – આ બધું કયાં સાધનોથી મળ્યું હશે ! તેનો સંતો વિચાર કરવા લાગ્યા. મહારાજે તેમને પૂછ્યું : "સંતો ! શું વિચારમાં પડી ગયા ?"

સંતોએ કહ્યું : "મહારાજ ! આપ ક્રિયાસાધ્ય છો કે કૃપાસાધ્ય ?"

મહારાજે હસતાં હસતાં કહ્યું : "એવું તમારું કયું સાધન છે કે તમને આ દિવ્ય સુખ મળે ? આગળ મોટા મોટા ઋષિમુનિઓએ હજારો વર્ષો સુધી તપ કર્યાં, શરીર ઉપર રાફડા બાઝી ગયા છતાં તેમને આ સ્વરૂપની ઝાંખી પણ થઈ નથી; જ્યારે આજે અમે તમારી ભેગા ને ભેગા – જમવામાં, રમવામાં, ફરવામાં – આ પ્રાપ્તિ કોઈ સાધનથી મળતી નથી પરંતુ કેવળ કૃપાથી જ મળે છે."

સંતો મહારાજની આવી કૃપાથી કૃતકૃત્ય થઈ ગયા !

વલાસણથી નીકળી મહારાજ વરતાલ પધાર્યા. પછી ત્યાંથી ગઢડા આવ્યા.

થોડો સમય મહારાજ ગઢડા રહ્યા. તે દરમ્યાન ગુજરાતના હરિભક્તોએ

મહારાજને પોતાનો લાભ આપવા તથા તેમના મનોરથો પૂર્ણ કરવા ગુજરાત તરફ પધારવા માટે તાણ કરતા પત્રો લખ્યા. મહારાજે પણ તેમના પ્રેમભર્યા પત્રો વાંચી ગઢપુરથી ગુજરાતમાં વિચરણ કરવા, નીકળવાની તૈયારી કરી. સાથે સંતો-પાર્ષદોને પણ લીધા. કાઠી દરબારો પણ સાથે જ હતા. તેમણે તો સમગ્ર જીવન ભક્તિમય કરી દીધું હતું. મહારાજથી છૂટા પડવાની મનમાં ભાવના થતી જ ન હતી. સૌ તૈયાર થઈને આવી ગયા અને મહારાજ જીવુબા, લાડુબાની રજા લઈને ગઢપુરથી નીકળ્યા.

પરોક્ષભાવની ભક્તિ લાંબા કાળે ફળે છે

વેજલકા, જાખડા, આંબારેલિયા વગેરે ગામોમાં ફરતાં ફરતાં મહારાજ ધોળકાના માર્ગે આવ્યા. ત્યાં ધોળકાના હરિભક્તોનો સંઘ આવ્યો. તેમણે મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! ધોળકા પધારો, ઝાઝું રોકશું નહીં, પણ અમારા મનોરથ પૂરા કરો !" એટલે કૌકાના ભક્તો ત્યાં હતા તેમણે કહ્યું : "મહારાજ ! કૌકા તો સાવ ઢૂંકડું જ છે. માટે કૌકા પધારો."

મહારાજે કહ્યું : "અમે કાં તો ધોળકા આવીએ અને કાં કૌકા જઈએ પણ બંને ઠેકાણે તો ન જવાય. તમારા બંનેનો આગ્રહ છે એટલે હવે અમારી માણકી છે તે જ્યાં લઈ જશે ત્યાં જઈશું. આવી મૂંઝવણમાં માણકી અમને મદદ કરે છે." એમ કહી મહારાજે માણકીની લગામ છૂટી મૂકી દીધી. માણકી કૌકાના મારગે ચડી. મહારાજે કહ્યું : "કૌકાના હરિભક્તો ! તમે સૌ આગળ થાઓ અને તૈયારી કરો." પછી ધોળકાના ભક્તોને કહ્યું : "તમારે દુઃખ ન લગાડવું. કૌકાથી અમે તમારે જ ત્યાં આવીશું. તમો પણ સૌ તૈયારી કરો."

કૌકાના હરિભક્તોએ મહારાજનું સામૈયું કર્યું. ગામના ભક્તો હાજોભાઈ, જેઠીભાઈ, અલુભાઈ, બહાદરજી, ખોડાભાઈ, મૂળુભાઈ, ગગાભાઈ, અસમાલજી, વનાભાઈ, હકાભાઈ, દીપસિંહજી, ડાહ્યાભાઈ, દાજીભાઈ, અલુભાઈ, ઝીણાભાઈ, કાંથડજી તથા ચાંદાભાઈ, હમીરજી વગેરે સેવામાં તત્પર થઈ ગયા.

ગામ બહાર પશ્ચિમ તરફ લીંબડાના વૃક્ષ નીચે મહારાજ માટે ઉતારો તૈયાર કર્યો હતો. વૃક્ષોની ઘેરી ઘટાને ચીરીને વૈશાખનો તાપ અંદર પેસી શકતો ન હતો. તેથી હવા શીતળ હતી.

મહારાજ સાથે સંઘ મોટો થઈ ગયો હતો, વળી, આજુબાજુનાં ગામના હરિભક્તો પણ મહારાજનાં દર્શને આવ્યા હતા. એટલે ગણતરી કરીને ત્યાંના

ભક્તોએ વીસ મણના લાડુ તૈયાર કરાવ્યા હતા. તે પ્રમાણે બીજી રસોઈ ત્યાંના વિપ્રો ભગાભાઈ જાની તથા વલ્લભ જાનીને મુખ્ય રાખી કરાવી હતી. આ બંને ભાઈઓ પૂરા ધર્મવાળા હતા એટલે સત્સંગના નિયમ અનુસાર તેમણે રસોઈ બનાવી હતી. તેમની મદદમાં હરજીવનભાઈ, જીભાઈ પરોત, રાજારામ, મયારામ, આશારામ, બાપુજી વગેરે વિપ્રો હતા. આ વિપ્રોને આજે આ સેવા મળી તેથી ખૂબ આનંદ હતો. જેતલપુર અને ડભાણના યજ્ઞ પ્રસંગે તેમને સેવા મળી હતી તેની સ્મૃતિ કરતાં, મહારાજની લીલા સંભારતાં સંભારતાં તેમણે તમામ રસોઈ કરી નાખી. મહારાજને જ્યારે મુકુન્દ બ્રહ્મચારીએ કહ્યું કે થાળ તૈયાર છે, ત્યારે મહારાજ હસતાં હસતાં ઊઠ્યા અને બોલ્યા : "ચાલો ભક્તિભાવની રસોઈ જમીએ !"

મહારાજ જમ્યા. પછી સંતો તથા કાઠી દરબારો અને પોતાની સેવામાં ખડે પગે રહેતા પાર્ષદોને પણ પોતે જ પીરસ્યું. ત્યારબાદ સંઘને જમાડવાની વ્યવસ્થા કરીને મહારાજ ઉતારે પધાર્યા.

મહારાજ કૌકામાં બે દિવસ રહ્યા. ત્યાંના ભક્તોના મનોરથો પૂરા કર્યા. મહારાજ કહેતા કે આ રીતે જ ભક્તો ભક્તિમાં રસબસ થઈ જાય, તેમની દરેક ક્રિયા ભક્તિમય થઈ જાય ત્યારે અંતર નિર્મળ થાય અને અંતરમાં ભગવાન પ્રગટ થાય. ભગવાન પ્રગટ મળે ત્યારે સાધનનો અંત આવી જાય. ભક્તિની શરૂઆત પણ ત્યારે જ થાય. ભગવાનને નિરખ્યા સિવાય પરોક્ષભાવની ભગવાનની ભક્તિ લાંબા કાળે ફળે છે.

શ્રીહરિ મોટેરામાં

કૌકાથી નીકળી મહારાજ ધોળકા પધાર્યા. ધોળકામાં એક દિવસ રહ્યા. પછી ત્યાંથી નીકળી વચ્ચે મુકામ કરતાં કરતાં જેતલપુર થઈ શ્રીનગર પાસે મોટેરા પધાર્યા. શ્રીનગરમાં હરિભક્તોને જ્યારે આ સમાચાર મળ્યા ત્યારે ત્યાંના નથુ ભટ્ટ અને ચોકસી વગેરે હરિભક્તો ફૂલહાર, મીઠાઈ લઈને મોટેરા આવ્યા. તેઓ જે મીઠાઈ લાવ્યા હતા તે મહારાજે સાથેના સંત-પાર્ષદોને આપી દીધી. શ્રીનગરના હરિભક્તોને આશીર્વાદ આપ્યા. આંખમાં આંસુ સાથે તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! ક્યાં સુધી અમારે આ પ્રમાણે આપની સેવાથી વંચિત રહેવું ?"

મહારાજે આ સાંભળી કહ્યું : "આ સેવા તો તમે સૌ કરો છો, પછી

શ્રીનગરમાં જ અમે આવીએ અને તમે સેવા કરો એવો આગ્રહ શા માટે ?"

"મહારાજ ! આપના સંબંધે અન્યનું પણ કલ્યાણ થાય; અમારું નગર, ઘર વગેરે પાવન થાય; અમને આપની સદાય સ્મૃતિ રહે." નથુ ભટ્ટે કહ્યું.

"તમારો સંકલ્પ છે તો તે પણ પૂરો થશે." મહારાજે કહ્યું.

ત્યાંથી મહારાજ અડાલજ જવા નીકળી ગયા.

રામ તો આયા પણ ઓળખાય તો

અડાલજથી મહારાજ વડુ પધાર્યા. અહીં રાત રહ્યા. અહીં વેરાઈ માતાનું મંદિર હતું ત્યાં દશેરાના દિવસે પાડો વધેરતા. વડુના માના ગોહેલ સત્સંગી હતા. તેમનાથી આ હિંસા જોઈ શકાઈ નહીં. તેથી દશેરાના દિવસે જ્યાં પાડો વધેરવાની તૈયારી કરતા હતા એવામાં માના ગોહેલ તલવાર લઈને આવ્યા અને ત્રાડ મારીને કહ્યું : "ખબરદાર, અહીં પાડો વધેર્યો છે તો ! તમારા બધાનાં માથાં ઉતારી લઈશ." ત્યારથી અહીં હિંસા થતી બંધ થઈ ગઈ.

મહારાજ અહીં પ્રથમ ૧૮૬૯માં પધાર્યા હતા ત્યારથી વડુમાં સત્સંગ વધતો ગયો.[૫૨] મહારાજ ગંગાજળિયા કૂવામાં સ્નાન કરી ગામમાં પધારતા. આ મહાદેવનું નામ મહારાજે વૈજનાથ મહાદેવ પાડ્યું હતું.[૫૩] વડુમાં ત્રણ સત્સંગી હતા : માના ગોહેલ, રત્ના રબારી અને જેરામ ભગત. મહારાજ જ્યારે પધારતા ત્યારે આ ત્રણ ભક્તો સેવા કરતા.

મહારાજ સંવત ૧૮૬૯માં પધાર્યા ત્યારે અહીં ગંગાજળિયો કૂવો ગળાતો હતો. કૂવાનો ગાળ બહાર કાઢે ત્યારે સૌ બોલે : "આયા રામ." તે સાંભળી મહારાજે તરત જ કહ્યું : "રામ તો આવ્યા છે પણ ઓળખાય તો !"

પાટીદાર કેવળદાસ પણ કૂવો ગાળતા હતા. મહારાજના આ શબ્દો સાંભળી તે બહાર આવ્યા અને મહારાજનાં દર્શન કર્યાં. મહારાજે તેમને કહ્યું : "વરસાદ આવશે પણ કૂવો પૂરો ગાળી લેજો. કૂવાના પાણીથી બાજરી સારી થશે."

---

૫૨. જૂનું પ્રસાદીનું વડુ ગામ સને ૧૯૨૫ની રેલમાં ધોવાઈ ગયું. તેના અવશેષમાં કાંઈ જ નથી. ફક્ત મહારાજ જ્યાં પ્રથમ ઊતર્યા હતા તે પ્રસાદી સ્થાને ત્યાં હનુમાનજીનું મંદિર હતું તે હાલમાં છે. આટલો પ્રસાદીનો અવશેષ છે.

૫૩. વડુ ગામના લોકો કહે છે આ મહાદેવ ૨૫૦૦ વર્ષ જૂના પુરાતની હતા. વડુ પહેલાં સિદ્ધપુરી ગામ તરીકે ઓળખાતું.

મહારાજ તે વખતે વડુમાં થોડા દિવસ રહ્યા. તે દરમ્યાન કૂવામાં પાણી આવ્યું. કેવળદાસે મહારાજને તે પાણીથી સ્નાન કરાવ્યું. મહારાજે પ્રસાદીનું પાણી કૂવામાં નખાવ્યું. પછી મહારાજે કેવળદાસને પૂછ્યું : "અહીં પાટીદારો કેટલા ?"

તેમણે કહ્યું : "મહારાજ ! અહીં અમારા પાટીદારોની વસતિ બહુ નથી. જેટલી છે તેમાં બે શાખ છે : ચોપડા અને માઢવાળા !"

ત્યારે મહારાજે તેમને પૂછ્યું : "તમે કઈ શાખના ?"

તેમણે કહ્યું : "મહારાજ ! અમે ચોપડા શાખના !"

એટલે મહારાજે કહ્યું : "તમારે ચોપડા શાખના પાટીદારોને આ કૂવાના પાણીથી બાજરી કરવી. બાજરી ખૂબ થશે !"

મહારાજ વડુથી કરજીસણ પધાર્યા.

કરજીસણમાં હિંસા બંધ કરાવી

અહીં ગોવિંદભાઈ, ભવાનજીભાઈ મહારાજના અત્યંત પ્રિય ભક્ત હતા. નારદીપુરના નાનાભાઈના યોગે તેમને સત્સગ થયો હતો. નાનાભાઈ કાઠિયાવાડમાં ભિક્ષાર્થે જતા. ત્યાં તેમણે સાંભળ્યું હતું કે ભગવાન પ્રગટ થયા છે. તેમણે ગોવિંદભાઈને વાત કરી. પછી બંને જણા મહારાજનાં દર્શન કરવા ગઢડા ગયા. મહારાજનાં દર્શન કરીને જ તેમને 'મહારાજ સાક્ષાત્ ભગવાન છે' એવો નિશ્ચય થઈ ગયો. તેમણે મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! કરજીસણ પધારો." તેમના ભાવભર્યા આમંત્રણથી મહારાજ ત્યારબાદ કરજીસણ પધાર્યા.

કરજીસણમાં હરસિદ્ધ માતાનું મંદિર છે. ત્યાં દર આસોની સુદ આઠમને દિવસે પાડા વધેરાતા. આથી મહારાજે ગોવિંદભાઈને પૂછ્યું : "આ હિંસા બંધ ન થાય ?"

ત્યારે તેમણે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! આપ ધારો તો બંધ થઈ જાય !"

મહારાજ હરસિદ્ધ માતાના મંદિરે પધાર્યા અને હરસિદ્ધ માતાને કહ્યું : "તું ભગત થા તો આપોઆપ આ હિંસા બંધ થઈ જાય." પછી ત્યાં આવેલા માતાના ભક્તોને મહારાજે કહ્યું : "આ માતા તો ભગત છે તેની પાસે પાડાની હિંસા ન થાય." ત્યારથી હિંસા થતી બંધ થઈ ગઈ.

પરંતુ કેટલાક દ્વેષીઓ કહેવા લાગ્યા કે ગોવિંદભાઈએ અહીં પાડો વધેરાતો બંધ કરાવ્યો એટલે માતાએ તેનો વંશ રાખ્યો નથી. ગોવિંદભાઈને મોટી ઉંમર સુધી સંતાન ન હતું પરંતુ તેનું તેમને દુઃખ પણ ન હતું.[૫૪]

ગોવિંદભાઈને જ્યારથી સત્સંગ થયો, ત્યારથી દર શ્રાવણ માસમાં તે કરજીસણથી સાઠ ગાઉ ચાલીને મહારાજને રાખડી બાંધવા ગઢડા જતા. ત્રણ દિવસે ગઢડા પહોંચી જતા. વરસાદને લીધે વાંસના ટોપ રાખતા. વરસાદ પડે ત્યારે તે ઓઢી લેતા. મહારાજ ધામમાં પધાર્યા તે પહેલાં દસ વરસ તેઓ ગઢડા જઈ શક્યા ન હતા.

તમારું દેવું ચૂકવવા આવ્યા છીએ

મહારાજ તેમને ત્યાં પધાર્યા અને તેમને કહ્યું : "ગોવિંદભાઈ ! તમારું દેવું ચૂકવવા આવ્યા છીએ."

એટલે તેમણે હાથ જોડી પૂછ્યું : "મહારાજ ! આપને માથે અમારું તે કાંઈ દેવું હોતું હશે ? અમારે માથે આપનું દેવું હોય."

તે સાંભળી મહારાજે કહ્યું : "અગણોતેરા કાળમાં અમે બેતાલીસ ભક્તોને તમારે ત્યાં કાળ ગાળવા મોકલ્યા હતા. તે ઋણ ચૂકવી દેવું જોઈએ ને !"

"મહારાજ ! આપનું જ હતું અને આપના ભક્તો માટે વાપર્યું હતું. કોઠીમાંથી બસો મણ બાજરી વરી હતી. પણ પછીથી કોઠીનું ઢાંકણું ઉઘાડ્યું ત્યારે કોઠી માથા સુધી ભરેલી જ હતી એટલે કાંઈ વપરાયું જ ન હતું."[૫૫]

મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા. પછી મહારાજે તેમને કહ્યું : "ગોવિંદભાઈ ! જન્માષ્ટમીનો ઉત્સવ આપણે અહીં કરવો છે."

ગોવિંદભાઈ એકદમ આનંદમાં આવી ગયા. તેમણે કહ્યું : "મહારાજ ! આ તો બહુ કૃપા કરી. ઉત્સવ ધામધૂમથી કરીએ. દેશોદેશ કંકોત્રીઓ લખીએ.

---

૫૪. કેટલાંક વર્ષો પછી ગોવિંદભાઈની સ્ત્રીને તેની જેઠાણીએ 'વાંઝણી' કહીને મેણું માર્યું તેથી ગોવિંદભાઈ અને તેમનાં પત્ની ત્યાગી થવા ગઢડા ગયાં. મહારાજને તેમણે કહ્યું : "મહારાજ ! મને ત્યાગી કરો અને મારા ઘરનાં સાંખ્યયોગી થઈ અહીં રહેશે."
મહારાજે તેમને કહ્યું : "ગોવિંદભાઈ ! તમને ત્યાગી કરવા નથી. તમારા થકી દંઢાવ્યમાં સત્સંગ વધારવો છે. તમને મેણું મારનારનું મોઢું બંધ થઈ જશે."
ગોવિંદભાઈ ઘેર આવ્યા. તેમની સ્ત્રીને સાઠ વર્ષે ઋતુકાળ બંધ થયા પછી મહારાજની ઈચ્છાથી ચાર પુત્રો થયા : ત્રિકમભાઈ, રણછોડભાઈ, નારાયણભાઈ ત્રિભોવનભાઈ. મહારાજે ચારે દીકરાને રમાડ્યા હતા.

૫૫. આ કોઠી સને ૧૯૨૫ની રેલમાં ધોવાઈ ગઈ હતી.

ઘોડા ઉપર માણસો મોકલીએ. તમામ સંતો, હરિભક્તોને તેડાવીએ. અમારાં અહોભાગ્ય કે અમારે ત્યાં આપે આ ઉત્સવ કરવાનું ઠરાવ્યું !''

કરજીસણમાં જન્માષ્ટમીનો ઉત્સવ : આ.સં. ૧૮૭૧

જન્માષ્ટમીનો દિવસ નજીક આવતો ગયો અને સંતો-હરિભક્તોના સંઘ કરજીસણમાં આવવા લાગ્યા. ક્ષિતિજ સુધી પથરાયેલા આ સંઘના યાત્રાળુઓએ સ્વામિનારાયણ મંત્રથી ગગનમાં ઘોષ જગાવ્યો હતો. ગાડાંઓની લંગાર આવતી અને ઘોડાઓ ઉપર પણ પાર્ષદો, ભક્તો આવતા. કેટલાક પદયાત્રાના મહિમાથી તે પ્રમાણે આવતા. સૌના અંતરમાં ઉત્સાહ હતો. મહારાજનાં દર્શન થશે, મહારાજનું પૂજન કરવાનું મળશે, બે મીઠી વાતો કરવાનો પણ લાભ મળશે, હૈયાના ઉમળકાઓ ઠલવાશે – એમ કંઈક કંઈક સંકલ્પો કરતા ભક્તો આવ્યે જતા હતા. પ્રથમ મહારાજનાં દર્શન કરી પછી જ્યાં ઉતારા ગોઠવ્યા હોય તે સ્થળે સૌ જતા.

સંતોના સંઘને જોઈને મહારાજે પૂછ્યું : ''બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે કેમ નથી આવ્યા ?'' એટલું કહીને પછી પોતે જ બોલ્યા : ''આવતા જ હશે, સમાચાર મળે ત્યારે નીકળે ને ?''

જન્માષ્ટમીના દિવસે સવારથી જ કરજીસણના હરિભક્તોએ ઉત્સવની તૈયારીઓ કરવા માંડી હતી. સાંજની સભા ગામ બહાર મહામોટા ઘેઘૂર વડલાની નીચે ગોઠવી હતી. ઘણાં વર્ષોની તપશ્ચર્યાને અંતે આ વડલાનાં ભાગ્ય આજે ઊઘડી ગયાં. તેણે એ આનંદમાં આ ઉત્સવમાં પધારેલા તમામ સંતો, હરિભક્તોને પોતાના બાહુમાં સમાવી દેવા પોતાનાં અંગ પ્રસાર્યાં.

વડલાના મૂળ જમીનમાં નીચે ઊતરીને પાછાં ઉપર ચઢ્યાં હતાં. મહારાજ પધારવાના હોય તેથી તેણે પોતાના મૂળને ઉપર ચઢાવી કમાન આકારમાં સ્થિર કરી દીધાં. આ કમાન ઉપર મહારાજને માટે સુંદર હિંડોળો બાંધ્યો. સૌએ મનમાં સંકલ્પ કરી લીધો : મહારાજને હિંચોળવાનો લાભ મળશે. તેમનો સંકલ્પ જાણે પોતે જાણી લીધો હોય તેમ ગોવિંદભાઈએ કહ્યું : ''મહારાજને અહીં પંદર દિવસ રાખવા છે અને રોજ આ હિંડોળામાં ઝુલાવવા છે. દરેકને આવો દિવ્ય લાભ આપવો છે.'' આ સાંભળી સૌ ભક્તો રાજી થયા.

આજે ઉપવાસ હતો એટલે બીજી કોઈ વિધિ કરવાની ન હતી. સૌ સંતો, હરિભક્તો વડ નીચે આવી ગયા હતા. મહારાજ પણ સંતો, પાર્ષદોથી

વીંટળાઈને પધાર્યા હતા. મહારાજે શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતાં. પાર્ષદ ભગુજીએ મહારાજને માથે છત્ર ધર્યું હતું. મહારાજે છત્ર હઠાવતાં કહ્યું : "વરસાદ હોય તો છત્ર કામનું. તે વિના તો તે આવરણરૂપ છે."

મહારાજને ગોવિંદભાઈએ કહ્યું : "મહારાજ ! હિંડોળામાં બિરાજો."

મહારાજે કહ્યું : "સાંજે કૃષ્ણજન્મ થશે પછી સાથે બેસીશું, અત્યારે કથાવાર્તા કરવા દ્યો."

આત્યંતિક જ્ઞાનની સ્થિતિ

મહારાજે સભા જોઈ. સભાજનોનો આનંદ નીરખ્યો; પછી વાત કરી : "આજે શ્રીકૃષ્ણનો જન્મદિન છે. અસુરોના સંહાર માટે અને લોકોનાં કલ્યાણ માટે તેમણે જન્મ લીધો. માતા-પિતા કારાગૃહના બંધનમાં હતાં. જન્મ થતાંની સાથે જ વરસતા વરસાદમાં વસુદેવજી તેમને ગોકુળમાં લઈ ગયા. અહીં છઠ્ઠે દિવસે પૂતના માસી બાળ શ્રીકૃષ્ણને પોતાનાં સ્તન ઉપર ચોપડેલું ઝેર ચૂસાવીને મારી નાખવા આવી. પરંતુ તેનો મનસૂબો પાર ન પડ્યો. તેનું જ મૃત્યુ થયું. તોપણ ભગવાન કેવા દયાળુ ! પૂતનાને પોતાનો સંબંધ થયો એટલે તેનો મોક્ષ કર્યો. ત્યારપછી અઘાસુર, બકાસુર, તૃણાસુર વગેરે અસુરો શ્રીકૃષ્ણને મારવા આવ્યા, પણ બધાયનો તેમણે નાશ કર્યો. છેવટે મથુરામાં જઈ કંસનો પણ નાશ કર્યો. આટલું ઐશ્વર્ય બતાવ્યું છતાં યાદવો તેમને ભગવાન તરીકે ઓળખી ન શક્યા. ભગવાને દ્વારિકા વસાવી. પરંતુ ત્યાં યાદવો મદ્યના, સત્તાના, સુખના કેફમાં ચકચૂર બની ગયા. કોઈને કોઈની મર્યાદા રહી નહીં. સ્યમંતક મણિ ગુમ થયો તો શ્રીકૃષ્ણ ભગવાને તે ગુમ કર્યો એવો આક્ષેપ તેમના ઉપર મૂક્યો. પરંતુ યાદવો સમજી ન શક્યા કે તે તો ભગવાન હતા. તેમની શક્તિ એવા અનંત સ્યમંતક મણિ ઉત્પન્ન કરવાની હતી. તેમની આવી હીન મનોદશાથી ભાગવતમાં ભગવાન વેદવ્યાસને લખવું પડ્યું કે :

दुर्भगो बत लोकोऽयं यादवो नितरामपि । *(૩-૨-૮)*

'આ લોક તો દુર્ભાગી છે જ, કારણ કે તે ભગવાનને ઓળખી શકતો નથી; પરંતુ યાદવો તો ભગવાન ભેળા રહ્યા છતાં ભગવાનને ન ઓળખી શક્યા માટે સદાયના દુર્ભાગી છે !'

"ભગવાનનું ધ્યાન કરવાથી, યોગની સાધના કરવાથી કે અન્ય કોઈ સાધનથી ભગવાન ઓળખાતા નથી. કેવળ ભક્તિથી જ તેમની કૃપા ઊતરે છે

અને પોતાના સ્વરૂપનું જ્ઞાન ભક્તોને પોતે કરાવે છે. ભગવાન પ્રગટ હોય ત્યારે ઓળખાય નહીં અને જે ઓળખે તે ભક્ત કહેવાય. એવા ભક્ત થયા પછી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ અધિકાંશ સ્વરૂપે પાળવાં જોઈએ. સર્વે પુરાણોએ તેનું પ્રતિપાદન કર્યું છે. અમારા અંતરમાં જ્ઞાન છે તો અમારા હૃદયાકાશમાં અક્ષરાતીત ભગવાન અમને અખંડ દેખાય છે. ધામ પણ સાથે દેખાય છે.[૫૬] એ જ્ઞાનપ્રલય કહેવાય. જ્ઞાનપ્રલયને અંતે ભગવાન, તેમનું ધામ અને મુક્તો એટલું જ રહે છે.[૫૭] ભગવાન વિના બીજી જેને ઇચ્છા ન હોય તે અક્ષરધામમાં ભગવાનના સુખને પામે છે. હું બ્રહ્મરૂપ છું એવું જ્ઞાન જ્યારે થાય છે ત્યારે તે ભક્ત અક્ષરધામમાં જાય છે.

"જેને ભગવાનનો નિશ્ચય હોય પણ દેહાત્મબુદ્ધિ હોય, સંતમાં પ્રીતિ હોય પરંતુ જગતમાં આસક્તિ હોય એવો ભક્ત વૈકુંઠમાં જાય છે. જે ભક્તને ભગવાનને વિષે પ્રીતિ હોય, ભગવાનનું ધ્યાન કરતો હોય, ધ્યાનમાં વિક્ષેપ થાય તો પરિતાપ પણ કરતો હોય છતાં મૂર્તિ ધારવાનું છોડી શકે નહીં અને ઘાટ-સંકલ્પોને ખોટા કરતો રહે તેવો ભક્ત ભગવાનના ગોલોક ધામમાં જાય છે."[૫૮]

ધામ સહિત મૂર્તિ ધારો તો ધામ દેખાય

મહારાજે એટલી વાત કરી અને સભા સ્થિર થઈ ગઈ. મોટા મોટા સંતોને મહારાજની વાતનું રહસ્ય સમજાઈ ગયું. વૈકુંઠ, ગોલોક ધામ કરતાં મહારાજનું અક્ષરધામ પર છે; ન્યારું છે. આત્યંતિક પ્રલય સમયે ફક્ત તે ધામ, તે ધામના ધામી મહારાજ અને મુક્તો આટલું જ રહે છે. ઉપાસનાની આ અતિ માર્મિક વાત સૌ સમજે એવું ન હતું. પરંતુ જેમને સમજાણી તેમના અંતરમાં મહારાજની પ્રાપ્તિથી આનંદ થઈ ગયો.

એક સંતે મહારાજને પ્રશ્ન પૂછ્યો : "મહારાજ ! આપે કહ્યું ને કે ધામ પણ ભગવાનની મૂર્તિ ભેળું જ દેખાય છે તો અમને કેમ તે દેખાતું નથી ?"

---

૫૬. पुरुषोत्तमकी मूर्ति, नख, शिख, तनके मांही ।
देखात रहत हैं अखंड हि, धाम देखात रही ही ॥

૫૭. श्रीहरि युंही कहत भवंउ, निर्गुण कहत हम एह ।
भगवान, धाम भक्त यह, तबही रहत है तेअ ॥
– શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૧૫, તરંગ : ૯૮-૯૯.

૫૮. શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૧૫, તરંગ-૧૦૦.

મહારાજે હસતાં હસતાં કહ્યું : "ધામ સહિત મૂર્તિ ધારો તો ધામ પણ દેખાય !" મહારાજ આમ વાત કરતા હતા એટલામાં બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે સંતો આવતા દેખાયા. મહારાજને કોઈકે કહ્યું : "મહારાજ ! મોટેરા સંતો આવતા લાગે છે."

મહારાજે તે દિશામાં જોયું અને તરત જ ઊભા થઈ સંતોની સન્મુખ ચાલ્યા. રસ્તા ઉપર જ તેમને દંડવત્ કરવા લાગ્યા. સંતોએ દોડીને મહારાજને દંડવત્ કરતા રખાવ્યા. મહારાજ સંતોને ખૂબ ભેટ્યા.[૫૯] બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપ અમને દંડવત્ કરો તો તેથી અમને દૂષણ લાગે."

મહારાજે કહ્યું : "ભક્તની ભક્તિ કરવી તે રીત અનાદિની છે. ભગવાનની તેમાં મોટપ છે. ગોપીઓનો ભગવાને ત્યાગ કર્યો ત્યારે તેમણે ભગવાનને મેણું માર્યું જે 'ભજતાને જે નથી ભજતા તે ગુરુદ્રોહી, વચનદ્રોહી છે."

"એ તો મુગ્ધાનાં વચન છે મહારાજ !" બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું.

"તમેય કોઈ વખત મુગ્ધા બની જાઓ તો ?" મહારાજના આ શબ્દો સાંભળી સૌ ખૂબ હસ્યા. પછી મહારાજ સંતો સાથે વડ નીચે પધાર્યા.

કૃષ્ણજન્મનો ઉત્સવ થયો. સંતોએ જન્મ સમયનાં કીર્તનો ગાયાં. ઠાકોરજીને અન્નકૂટ ધરાવ્યો અને મહારાજે આરતી ઉતારી. પછી સંતો તથા ભક્તોની વિનંતીથી મહારાજ હિંડોળા ઉપર બિરાજ્યા. સૌ મહારાજને ઝુલાવવાનો લાભ લેવા લાગ્યા. મહારાજે એકાએક પૂછ્યું : "ગોવિંદભાઈ ક્યાં ગયા ?"

એટલે કોઈકે કહ્યું : "મહારાજ ! સંતોને, ભક્તોને પારણાં કરાવવાનાં છે તેથી શીરો, ખીચડી વગેરે રસોઈની તૈયારી કરવા ગયા છે." મહારાજ હસ્યા. ઉપવાસનાં પારણાંની પણ અત્યારથી તૈયારી ! સંતોએ મહારાજનું ચંદનથી પૂજન કર્યું. મહારાજે પણ તેમની છાતીમાં ચરણારવિંદ આપ્યાં. પછી હરિભક્તોએ મહારાજનું પૂજન કર્યું. મહારાજ સમક્ષ ભેટ મૂકી. પ્રસંગે પ્રસંગે પૂજન, ભેટ; ભક્તોની આવી શ્રદ્ધા જોઈ તેમના ઉપર મહારાજ અત્યંત પ્રસન્ન થયા. સંતોએ કીર્તનો ગાઈ મહારાજને રાજી કર્યા.

દાતણ કરવા રહે તે વિમુખ

નારદીપુરથી આવેલા બ્રાહ્મણોએ વિચાર કર્યો કે "આ સંતો હવે સૂઈ

---

૫૯. આ જગ્યાને પ્રસાદીભૂત જાણી છત્રી કરી છે અને મહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે. બાજુમાં રામજી મંદિર નવું થયું છે તે છે.

જશે. પછી સવારે વહેલા ઊઠી પ્રાતઃવિધિથી પરવારશે, ત્યારબાદ પારણાં કરશે. તે પહેલાં આપણે નારદીપુરથી બ્રાહ્મણોને બોલાવી વહેલી સવારે પંક્તિ કરી દઈએ. પીરસવાનું તો આપણે જ છે.'' આ પ્રમાણે વિચાર કરીને બે બ્રાહ્મણો ત્યાંથી તરત નારદીપુર જવા ઊપડ્યા. મહારાજે તેમનો મનોરથ જાણી લીધો. મહારાજે આખી રાત ભજન-કીર્તન કરાવ્યાં. પછી બ્રાહ્મે મુહૂર્તે હિંડોળેથી ઊતરીને કીર્તન-ભક્તિ બંધ કરાવી અને સૌ સંતોને કહ્યું : ''સંતો ! વાસુદેવ હરે ને પત્તર ધરે.''

એકાએક મહારાજની આ આજ્ઞા સાંભળી સંતોને આશ્ચર્ય થયું. તેમણે કહ્યું : ''મહારાજ ! હજુ તો અમે દાતણ પણ કર્યું નથી.''

મહારાજે હસતાં હસતાં કહ્યું : ''આજે તો શીરાનાં જ દાતણ કરો. માટે જે દાતણ કરવા રહે તે વિમુખ !'' આ સાંભળી સંતો મહારાજની રુચિ સમજી ગયા.

સંતોની પંક્તિ થઈ. ભક્તો પણ મહારાજની આજ્ઞાથી બેસી ગયા. ગોવિંદભાઈએ ત્યાંના બ્રાહ્મણો પાસે સંતોને, ભક્તોને શીરો, ખીચડી પીરસાવ્યાં. મહારાજ ત્યાં ઊભા રહ્યા. સૌને ખૂબ શીરો જમાડ્યો. પછી કહ્યું : ''સંતો ! શીરો જમો. ખીચડીના જમનારા તો નારદીપુરથી સવારમાં આવનારા છે.'' એમ કહી જેટલો શીરો બનાવ્યો હતો તે તમામ સૌ સંતો-હરિભક્તોને મહારાજે સારી રીતે પીરસીને જમાડી દીધો. પછી ગોવિંદભાઈને કહ્યું : ''સવારે નારદીપુરથી બ્રાહ્મણોનાં ટોળે ટોળાં આવશે તેમને ખીચડી જમાડજો.'' એમ કહી મહારાજ ઉતારે પધાર્યા.

સવારે નારદીપુરથી બ્રાહ્મણો આવવા લાગ્યા. તેમાંના મુખ્ય બ્રાહ્મણોએ રસોડામાં જઈને જોયું તો શીરો તો ખલાસ થઈ ગયો હતો. ફક્ત ખીચડી હતી. ગોવિંદભાઈએ તેમને કહ્યું : ''ખીચડી પહોંચે તેમ ન હોય તો બીજી બનાવીએ.''

ત્યારે તેમણે પૂછ્યું : ''શીરો આટલો બધો કર્યો હતો તે ક્યાં ગયો ?''

ગોવિંદભાઈએ હસતાં હસતાં કહ્યું : ''એ તો તમે નારદીપુર ગયા કે તરત રાત્રે જ મહારાજે સંતોની અને હરિભક્તોની પંક્તિ કરાવી સૌને જમાડી દીધો !'' બ્રાહ્મણો વીલે મોઢે ખીચડી જમ્યા. અંદર અંદર સૌ વાતો કરતા હતા. બ્રાહ્મણોએ કૃષ્ણ સાથે કપટ કર્યું એટલે આ જ દશા થાય ને !

એટલામાં મહારાજ પધાર્યા. તેમણે બ્રાહ્મણોને જોઈને કહ્યું : ''કોઈના ઘરમાં રૂપિયા હોય તો લાવો.''

ત્યારે વડુના ગોહેલ માનાજીએ કહ્યું : ''મહારાજ ! બળદ વેચ્યાના

રૂપિયા ૬૦/- મારી પાસે છે. આ લ્યો." મહારાજે તે રૂપિયા લઈને બ્રાહ્મણોને દક્ષિણામાં આપી દીધા. દક્ષિણા મળી એટલે બ્રાહ્મણો રાજી થયા.

આમ, કરજીસણમાં મહારાજે ધામધૂમથી જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. ગોવિંદભાઈના તથા ત્યાંના ભક્તોના મનોરથો પૂરા કર્યા. હવે મહારાજને ત્યાંથી નીકળવું હતું પરંતુ ગોવિંદભાઈની ઈચ્છા હતી કે મહારાજને પંદર દિવસ રોકવા, એટલે મહારાજથી નીકળી શકાયું નહીં. મોટેરા સંતોને પણ મહારાજે રોક્યા. બીજાં મંડળોને તેઓ જ્યાં ફરતા હતા ત્યાં મોકલ્યાં.

ડાયરામાં અફીણ મુકાવ્યાં

એક દિવસ કરજીસણમાં ડાયરો ભરાયો હતો. મહારાજે ગોવિંદભાઈને પૂછ્યું : "આ બધા ગામના માણસો ક્યાં જાય છે ?"

તેમણે કહ્યું : "મહારાજ ! ડાયરો ભરાયો છે ત્યાં જાય છે."

એ સાંભળી મહારાજે કહ્યું : "ચાલો, આપણે પણ ડાયરામાં જઈએ."

ગોવિંદભાઈને આ સાંભળી હસવું આવ્યું. તેમણે કહ્યું : "મહારાજ ! ત્યાં તો અફીણની રેલમછેલ થાય, એકબીજા પીવે અને પાય અને એ નશામાં ગમે તેમ બોલે પણ ખરા."

"આપણે જઈશું તો એ લોકો અફીણ પીવાનું બંધ કરશે. માટે ચાલો." એમ કહી મહારાજ ગોવિંદભાઈને લઈને ડાયરામાં પધાર્યા.

સ્વામિનારાયણને આવેલા જોઈ ડાયરામાં બેઠેલા પટેલો તો ડઘાઈ ગયા. અંદર અંદર કહેવા લાગ્યા : "અફીણ કાઢશો મા, આજે કસુંબો બંધ."

મહારાજ સમજી ગયા. થોડો વખત બેઠા અને અફીણની તથા દારૂના નિષેધની વાત કરી. પછી મહારાજે ગોવિંદભાઈને કહ્યું : "આપણે ડાયરાને કાંઈક ભેટ આપવી છે તો તેમને શું અપાય ?"

ગોવિંદભાઈએ તરત જ કહ્યું : "મહારાજ ! અફીણ અપાય અને બીજા ઘઉંના ટોઠા અપાય."

મહારાજે કહ્યું : "ઘઉંના ટોઠા લઈ આવો." એટલે ગોવિંદભાઈ અગિયાર મણ ઘઉંનાં ટોઠા લઈ આવ્યા. મહારાજે ડાયરામાં સૌને વહેંચ્યા અને કહ્યું : "જીવને અને દેહને પુષ્ટ કરે એવા ઘઉં ખાવાનું મૂકીને અફીણના બંધાણમાં શું બંધાયા છો ? બાયલા હોય તે આવા વ્યસનમાં બંધાય." મહારાજના આ શબ્દો કેટલાકને હાડોહાડ લાગી ગયા. તે દિવસથી તેમણે અફીણ છોડી દીધું.

મહારાજ કરજીસણથી નીકળી નારદીપુર પધાર્યા. ત્યાંથી મેઉ તથા લાંઘણોજ પધાર્યા. પછી ફરતાં ફરતાં જેતલપુર પધાર્યા. અહીં મહોલમાં ઉતારો કર્યો. મહારાજે કંઠમાં ફૂલના હાર પહેર્યા હતા; તોરા, ગજરા અને બાજુબંધ પણ ધારણ કર્યા હતા.

ભગવાન સદા સાકાર જ છે

રાત્રે મહારાજે અહીં જ સભા કરી. સિદ્ધાનંદ સ્વામીને દર્શન દીધાં. તેમને વાત કરતાં મહારાજે સમજાવ્યું કે "ભગવાન સદા સાકાર જ છે અને જે ભગવાનને નિરાકાર કહે છે તેમને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન જ નથી. એવા કહેવાતા જ્ઞાનીઓ ભગવાનના માર્ગથી પડ્યા છે અને જે તેમની વાતો સાંભળે છે તેમને પણ ભગવાનના માર્ગમાંથી પાડે છે."

શ્રીજીમહારાજ સ્વયં પુરુષોત્તમ નારાયણ હતા. તેમનું માનુષી સ્વરૂપ પણ દિવ્ય હતું. ધામનું સ્વરૂપ અને મનુષ્ય સ્વરૂપની એકતા હતી. એ બે સ્વરૂપો સ્થૂળ દૃષ્ટિથી જુદાં દેખાતાં પણ આધ્યાત્મિક દૃષ્ટિએ એ બંને સ્વરૂપો એક જ હતા. મહારાજે આ રહસ્ય સૌને સમજાવ્યુ.

પછી મહારાજે કહ્યું : "આ શહેર અમને ઘણું પ્રિય છે. અહીં ઘણી વાર અમે સભા કરી છે અને ઉપદેશની વાતો કરી છે. આ ગામમાં ઘેરઘેર હરિભક્તોને ત્યાં અમે જમ્યા છીએ. ગામની સીમમાં પણ ફર્યા છીએ. અમારા સંબંધથી જેતલપુરની આ ભૂમિ ગોકુળ અને મથુરાથી પણ વિશેષ પવિત્ર છે."

અમારા ઉપર છત્ર શીદ ધરો છો ?

બીજે દિવસે મહારાજ સાંખ્યયોગી વિપ્ર ગંગામાને ત્યાં જમવા જતા હતા. નાનાભાઈ મહારાજની સાથે હતા. મહારાજના કપાળમાં ચંદનની અર્ચા કરી હતી. આખા શરીરે ફૂલના શણગાર ધારણ કર્યા હતા. સાથે ચાલતા સંતો કીર્તન ગાઈ રહ્યા હતા. મહારાજ પણ સાથે સાથે તાળી વગાડી ગાતા હતા. કપાળમાં પ્રસ્વેદનાં બિંદુઓ મોતીની જેમ ચમકતાં હતાં.

ભાદરવાનો તાપ હતો એટલે ભગુજીએ મહારાજને માથે છત્ર ધર્યું હતું. મહારાજે એક-બે વખત છત્ર હાથે કરીને દૂર કર્યું છતાં ભગુજીએ તે જોરથી પકડી રાખ્યું. આથી, મહારાજ થોડું આગળ ચાલ્યા અને એકદમ ઊભા રહ્યા અને છત્રનો ડાંડો જોરથી પકડ્યો. છત્ર ભગુજીના હાથમાંથી પડી ગયું. મહારાજે

તે ત્યાં બુરજમાં પછાડ્યું અને છત્રના બધા જ સળિયા છૂટા થઈ ગયા. ભગુજી આ જોઈ ધ્રૂજવા લાગ્યા. મહારાજે તેમને ઠપકો આપતાં કહ્યું : "સંતો બધા તડકામાં ચાલે છે અને અમારા ઉપર છત્ર શીદ ધરો છો ?"

ગંગામાને ઘેર સંતભોજન

મહારાજ ગંગામાને ઘેર પધાર્યા. સાથે સંતો ઘણા હતા અને ઘર સાંકડું હતું. સૌ સંતો અને ત્યાંના હરિભક્તો તથા ગંગામા આ મુશ્કેલીથી મૂંઝાયાં. મહારાજે સૌને કહ્યું : "કોઈ મૂંઝાશો નહીં. આપણે જમવાનું જ કામ છે. જગ્યાનો સંકોચ છે તો દેશકાળ પ્રમાણે આપણે માર્ગ શોધી કાઢવો જોઈએ."

એમ કહીને મહારાજે સંતોને કહ્યું : "સૌ સંતો ! આ ચોકમાં ઊભા રહો. એકની પાછળ બીજી પંક્તિ કરો." પછી મહારાજે રસોઈ બહાર મંગાવી. લાડુ અને શાક મહારાજે ચોળાવી નાખ્યાં અને તેના ગોળ કર્યા. સૌ સંતોને એક એક લાડુ હાથમાં પીરસ્યો. આ રીતે મહારાજે ગંગામાનો સંકલ્પ પૂરો કર્યો. કદી ન ભુલાય એવી મહારાજની આ લીલા જોઈ ગંગામા ગદ્‌ગદ થઈ ગયાં.[૬૦]

મહારાજ જેતલપુરથી ગઢપુર આવવા નીકળ્યા. ફરતાં ફરતાં મછિયાવ પધાર્યા. બાપુભાઈના દરબારમાં ઊતર્યા. તેમનાં દાદીમા સુજાનકુંવરબાને[૬૧]

૬૦. *સંકીર્ણ ઘર જન ન સમાય, થયા સઘન મળી મુનિરાય,*
એમ ઊભા જમાડિયા જન, પીરસ્યું પોતે થઈ પ્રસન્ન.
જેને જોઈ ભૂલો પડ્યો બ્રહ્મન, એમ જમાડ્યું જનનું અન્ન.
– ભક્તચિંતામણિ; પ્ર. ૬૭.

૬૧. ગોહિલવાડના શિહોર સંસ્થાનના ગોહિલ રાયસિંહજી ભાવસિંહજીનાં પુત્રી સુજાનકુંવરબા, ગાંગડ રાજ્યના મહારાણા ચંદ્રસિંહનાં તે પહેલાં રાણી હતાં. તેમને બે પુત્રો હતા : પાટવીકુમાર શેશમલજી તથા સુલતાનસિંહજી ઉર્ફે દાજીરાજ. ચંદ્રસિંહની બીજી રાણી વસાઈના ચાવડા જગરૂપજી સૂરજમલજીનાં કુંવરી માનકુંવરબા હતાં. ચંદ્રસિંહ પછી સુજાનકુંવરબાના કુંવર શેશમલજી ગાંગડ ગાદી ઉપર આવ્યા. પરંતુ તે જ્યારે દેવ થયા ત્યારે ચંદ્રસિંહનાં બીજા રાણી માનકુંવરબાના કુંવર ગજસિંહજી ગાંગડ ગાદી ઉપર આવ્યા. આથી સુજાનકુંવરબા પોતાના નાના પુત્ર સુલતાનસિંહ ઉર્ફે દાજીરાજ જે મખિયાવ(મછિયાવ)ની ગાદી ઉપર હતા તેમની સાથે આવીને મખિયાવમાં રહ્યાં. ગરાસિયામાં સાસુને ફુઈ કહેવાનો રિવાજ છે. તેથી દાજીરાજનાં પત્ની તેમને ફુઈ કહેતાં એટલે તેમને 'ફૈબા'ના નામે સૌ બોલાવતા.
– વાઘેલા વૃત્તાંતમાંથી મોકલનાર મખિયાવના હાલના દરબારના દિલીપસિંહજી.

મહારાજ પ્રત્યે ખૂબ જ ભાવ હતો. તેથી વારંવાર મહારાજને મછિયાવ તેડાવતા અને ઉત્સવો કરાવતા. મહારાજ અણધાર્યા પધાર્યા એટલે તેમના આનંદનો પાર ન રહ્યો. તેમના પૌત્ર બાપુભાઈએ તેમને કહ્યું : "ફુઈ ! મહારાજ પધાર્યા તો અહીં રોકાઈને ઉત્સવ કરે તો સંતો-હરિભક્તો આપણે ત્યાં આવે."

તરત જ તેમણે કહ્યું : "મહારાજને કહો એકાદશીનો ઉત્સવ અહીં કરીને પછી જ ગઢડા પધારે."

તે પ્રમાણે બાપુભાઈએ મહારાજને વિનંતી કરી ત્યારે મહારાજે કહ્યું : "અહીં તો અમારે ધામધૂમથી ફૂલદોલનો ઉત્સવ કરવો છે અને દેશદેશાંતરથી હરિભક્તોને બોલાવવા છે. માટે હમણાં આગ્રહ રહેવા દ્યો."

મહારાજ મછિયાવમાં એક દિવસ રહ્યા. ત્યાંથી દદૂકા પધાર્યા.

ઘર માટે કાંઈ રાખવું છે ?

દદૂકાથી નીકળી તલસાણે થઈને શિયાણી પધાર્યા. અહીં શિવરામ ભટ્ટને ઘેર મહારાજ ઊતર્યા. શિવરામ ભટ્ટે તરત જ બીજા વિપ્રોને બોલાવી સંતો, પાર્ષદો માટે રસોઈ તૈયાર કરાવી દીધી. મહારાજ માટે મુકુન્દ બ્રહ્મચારીએ થાળ કર્યો. મહારાજ જમીને પોઢી ગયા.

સાંજે મોટી સભા થઈ. આજુબાજુનાં ગામડાંના હરિભક્તો પણ આવી ગયા હતા. શિવરામ ભટ્ટ ઘેરથી અત્તર મિશ્રિત ચંદન તથા ફૂલના હાર અને અન્ય ભેટની વસ્તુઓ લઈ ગયા હતા. તેમણે મહારાજના કપાળે ચંદનની અર્ચા કરી ફૂલના હાર પહેરાવ્યા. શેલું, પાઘડી, રેંટો, નવાનગરની પછેડી વગેરે મહારાજને અર્પણ કર્યાં. રોકડા રૂપિયા પણ ભેટમાં મૂક્યા. મહારાજે શિવરામ ભટ્ટને હસતાં હસતાં કહ્યું : "ઘર માટે કાંઈ રાખવું છે કે નહીં ?"

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! ઘરમાં હતું જ શું ? આ તો આપે આપેલું છે અને આપને આપવાનું છે. અમે બ્રાહ્મણ તો 'ભિક્ષાન્ દેહિ' કરનારા. પણ આજે આપે વખત આપ્યો છે તે સેવા કરી લઈએ."

મહારાજ શિયાણીથી નીકળી ભલગામડે પધાર્યા. અહીંના દરબાર રાણા બાપુભાઈ, ભોજાભાઈ, તેમના દીકરા જેસીભાઈ તથા સરદારસિંહ, જાલમસિંહ – સર્વે મહારાજ પધારે છે તે સાંભળી સન્મુખ ગયા. મહારાજનાં દર્શન કરી સૌને આનંદ થયો. મહારાજને પોતાના દરબારમાં પધરાવ્યા. સંતો, પાર્ષદો માટે રસોઈ કરાવી સૌને સારી રીતે જમાડ્યા.

સાંજે તળાવની પાળ પાસે મોટો પીપળો હતો તેની નીચે સભા કરી. લીંબડીના હરિભક્તો સોની નારણજી, કલ્યાણજી હીરાલાલ, રણછોડદાસ, દલભાઈ વગેરે ત્યાં આવ્યા. તેમજ શિવશંકર શુક્લ, જગજીવન, મૂળજીભાઈ, લધાભાઈ વગેરે શ્રીમાળી બ્રાહ્મણો, નરભેરામ આચાર્ય અને ડાહ્યાભાઈ ગાંધી પણ આવ્યા. હરીબા, ગંગાબા, જમનાબા, પાર્વતીબા, રાધાબા વગેરે બહેનો પણ મહારાજ માટે અનેક પ્રકારની સામગ્રીઓ લઈને આવી.

મહારાજે તેમને સૌને કહ્યું : "તમે ઠેઠ લીંબડીથી આટલી તૈયારી કરીને આવ્યાં છો તો હવે કાલે અહીં તમારી રસોઈ જમીને જ અમે નીકળીશું !"

આ સાંભળી લીંબડીના હરિભક્તો રાજી થયા.

પુરુષોત્તમ નારાયણનું મુક્તે સહિત ધ્યાન કરવું

પછી સભામાં મહારાજે વાતો કરવાનું શરૂ કર્યું. ત્યારે નારાયણ સોનીએ મહારાજને પૂછ્યું : "મહારાજ ! ભગવાનનું ધ્યાન કેમ કરવું ?"

એટલે મુક્તાનંદ સ્વામીએ તેનો ઉત્તર કર્યો. પણ પછી તેમણે જ આ પ્રશ્ન મહારાજને પૂછ્યો : "મહારાજ ! ધ્યાન કેમ કરવું ?"

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : "રાધિકાએ સહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ધ્યાન કરવું. મૂર્તિ ધ્યાનમાં ન આવે તોપણ ધ્યાન કરવું અને શ્રીકૃષ્ણ ભગવાનના કારણ એવા જે આ પુરુષોત્તમ ભગવાન તેનું ધ્યાન મુક્તે યુક્ત કરવું. એવી રીતે જે ધ્યાનના આગ્રહવાળા છે તેના ઉપર ભગવાન રાજી થાય છે ને એની ભક્તિએ કરીને ભગવાન વશ થાય છે."[૬૨]

રાત્રે મોડે સુધી મહારાજે વાતો કરી. પછી પોતે દરબારમાં પોઢવા પધાર્યા. હરિભક્તો તળાવની પાળ પાસે જ જેમની પાસે જે પાથરવાનું હતું તે પાથરીને સૂઈ ગયા.

બીજે દિવસે લીમડીના હરિભક્તોની રસોઈ જમી મહારાજ ભલગામડાથી

---

૬૨. તદ્રૂપાનંદ સ્વામીની વાતુ, પા.-૭૫, વિશ્રામ ૩૮. આ વાત વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ પાંચમાં પણ યથાતથા જોવા મળે છે.
તદ્રૂપાનંદ સ્વામીના શિષ્ય રાધામનોહરદાસજીના શિષ્ય પુરાણી શ્રી ધર્મકિશોર-દાસજી(દીક્ષા : સંવત ૧૯૪૨) સં. ૨૦૦૯માં ધ્રાંગધ્રા આવ્યા ત્યારે તદ્રૂપાનંદ સ્વામીની આ વાતો તેઓ વંચાવતા. તે સાંભળી ધ્રાંગધ્રાના હરિભક્તોને આ વાતો છપાવવા જેવી લાગી. ધ્રાંગધ્રા સત્સંગ મંડળે આ વાતો છપાવી પ્રસિદ્ધિ કરી છે.

નીકળી લાલિયાદ થઈને મહારાજે નાગડકાનો રસ્તો લીધો ત્યારે સુરા ભક્તને મહારાજે પૂછ્યું : "નાગડકા જઈએ ને ?"

સુરાખાચર તો મહારાજની ભેગા જ હતા. મહારાજ નાગડકે પધારે એવો કોઈ સંકલ્પ તેમણે કર્યો ન હતો. એટલે તેમણે કહ્યું : "મહારાજ ! કોઈનો સંકલ્પ હશે તે જાણી તમે માણકીની લગામ મરડી, તેમાં મને શું પૂછો છો ? અમે તો તમારી ભેગા મહેમાન થઈને જઈએ છીએ !"

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "આગળ જાઓ અને તૈયારી કરાવો."

તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! સંકલ્પ કરનારે તૈયારી નહીં કરી હોય ? મારે શું કામ ભગવાનથી જુદા પડવું ?" મહારાજ હસી પડ્યા.

મહારાજ નાગડકા પધાર્યા. અહીં સુરાખાચરના દરબારમાં ઉતારો કર્યો. નાગડકામાં શાંતિબાએ તથા સુરાખાચરના પુત્રોએ બધી જ તૈયારી કરી રાખી હતી. શાંતિબાના અંતરમાં રાત્રી-દિવસ મહારાજના જ સંકલ્પો થતા હતા. મહારાજને તેડાવવા, ઉત્સવો કરવા, જમાડવા અને લાભ લેવો. તેથી તે હંમેશાં ઘી, ગોળ, ચોખા, ઘઉં, બાજરો વગેરે સારી રીતે ભરી રાખતા. અચાનક મહારાજ પધારે, સાથે સંતો-હરિભક્તો હોય તે વખતે ક્યાં લેવા જવું ? સુરાખાચર તે જાણતા હતા. તેથી તેમના અંતરમાં નિરાંત હતી.

નાગડકામા એક દિવસ રોકાઈ મહારાજ બોટાદ પધાર્યા. અહીં દાદાખાચરનાં માતુશ્રી સોમાદેવી શ્રીહરિને સંભારતાં ધામમાં ગયાં હતાં. તેમના અગ્નિસંસ્કારની ક્રિયા ચાલુ હતી એટલે મહારાજ સીધા ત્યાં જઈને બિરાજ્યા. શ્રીહરિ આ મુક્તાત્માની સેવાથી, તેમના ભક્તિભાવથી પ્રસન્ન હતા. તેઓ આ પ્રસંગે વેદસ્તુતિ બોલી રહ્યા હતા.

અંત્યેષ્ટિ ક્રિયા પૂરી થઈ એટલે શ્રીહરિ ગામમાં પધાર્યા. સ્નાન કર્યું અને પછી ત્યાંથી સારંગપુર થઈ ગઢપુર પધાર્યા.



ઉદ્‌ગીથ ૧૪

रसो वै सः

(આ.સં. ૧૮૭૧-૭૨, ઈ.સ. ૧૮૧૪-૧૮૧૫)

મહારાજ ગઢપુર પધાર્યા. અહીં આવી મહારાજે વિચાર્યું કે અત્યાર સુધી વિચરણ કર્યું, ગામોગામ હરિભક્તોને ઉપદેશ આપ્યો, સાથે સંતોને પણ ફેરવ્યા, છતાં જ્ઞાનનું મૂળ જે સ્વરૂપનિષ્ઠા તે જ્યાં સુધી સંતોમાં દૃઢ નહીં થાય ત્યાં સુધી પોતાના સર્વોપરી સ્વરૂપની શુદ્ધ ઉપાસના પ્રવર્તશે નહીં અને આત્યંતિક કલ્યાણનો માર્ગ પણ અખંડ ચાલશે નહીં. પોતાના સ્વરૂપના જ્ઞાનની દૃઢતા સંતોને કરાવવા મહારાજે, સંતમંડળમાં જે મોટેરા સંતો હતા તેમને ગઢપુર બોલાવવા નક્કી કર્યું. મહારાજે સંતોને ગઢપુર આવવા પત્રો લખાવ્યા. મહારાજના આ આમંત્રણથી સંતો અત્યંત આનંદમાં આવી ગયા.

મહારાજે મોટેરા સંતોને ગઢપુરમાં તેડાવ્યા તેથી ગઢપુરવાસીઓને થયું કે મહારાજ રહેશે, સંતો પણ રહેશે, જ્ઞાનયજ્ઞ થશે અને સેવાનો પણ લાભ મળશે. તેઓ સૌ પણ રાજી થઈ ગયા.

સંતોને એકાંતનું સુખ આપવાની મહારાજની ઇચ્છા હતી. એટલે મહારાજે હરિભક્તોને ગઢડા બોલાવ્યા ન હતા. હરિભક્તોને પણ મહારાજની આજ્ઞા-પાલનમાં જ જ્ઞાન અને ભક્તિની ઇતિશ્રી છે એવી સમજણ હતી.

સંતો આવ્યા અને મહારાજ તેમને જોઈ રાજી થઈ ગયા. મહારાજ સમજતા હતા કે એકાંતિક ધર્મનું પ્રસારણ આ સંતોની સાધુતા અને તેમના અંતરમાં પોતાના સ્વરૂપની દૃઢ નિષ્ઠા ઉપર જ નિર્ભર છે. સૌ સંતો આવી ગયા. મહારાજે તેમના કુશળ પૂછ્યા.

પછી દાદાખાચરના દરબારમાં નિંબતરુ નીચે સભા કરી. સૌ મહારાજની વાતો સાંભળવા ઉત્સુક હતા. મહારાજે ખાસ મોટેરા સંતોને બોલાવ્યા હતા એટલે કાંઈક રહસ્યની વાતો થશે એવી સૌના અંતરમાં ભાવના હતી.

અમારું અક્ષરધામ અને અમે એ બે સત્ય છે

મહારાજનું પ્રસન્ન મુખ જોઈ મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "મહારાજ ! આપે કૃપા કરી અમને સૌને આપનાં દર્શન કરવા અને વાતો સાંભળવા તેડાવ્યા છે તો આપ જે પ્રકારે પ્રસન્ન થાવ તે કહો. અમો આપને પ્રસન્ન કરવા, આપનું ગમતું સાધન કરવામાં પાછી પાની કરીશું નહીં."

મુક્તાનંદ સ્વામીની વાત સાંભળી મહારાજને આનંદ થયો. તેમણે કહ્યું : "સાંભળો સંતો ! તમારા સર્વે સાધનનો અંત આવ્યો ત્યારે તો તમને આ અલૌકિક પ્રાપ્તિ થઈ છે. જ્યારે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણની પ્રાપ્તિ થઈ, ત્યારે સર્વે સાધનની સમાપ્તિ થઈ જાણવી. પછી તો જે સાધન કરવાનાં હોય તે તેમની પ્રસન્નતા માટે કરવાનાં. એ કયા સાધન ? તો અમારી પ્રસન્નતા માટે અમારું ભજન કરવું – મંડળધારી ગુરુઓએ અને તેમના શિષ્યોએ. શિષ્યો એમ સમજે કે અમે મુક્તાનંદી, બ્રહ્માનંદી, કૃપાનંદી, આત્માનંદી એટલે અમારા ગુરુ જ અમારા મોટેરા. પરંતુ મંડળો તો સંતોની વ્યવસ્થા માટે બાંધ્યાં છે. મંડળધારી ગુરુ શિષ્યોને જ્ઞાન આપે, નિયમ-ધર્મ પળાવે એમાં એ ગુરુ, મોટેરા સાચા. પરંતુ તે બધા તમારા ગુરુઓ છે, પણ અમારા શિષ્યો છે. તે સૌ ગુરુઓ અમારું ભજન કરે છે. એટલે શિષ્યોએ ગુરુમુખી વાડામાં ન બંધાવું. ગુરુઓએ પણ પોતાના કલ્યાણ માટે અમારું ભજન કરવું અને સાવધાની રાખી અમારા સ્વરૂપમાં સૌને જોડવા પણ શિષ્યોને કેવળ ગુરુમુખી ન બનાવી દેવા. આ રહસ્ય જો નહીં સમજાય તો શિષ્યો ગુરુમાં બંધાશે અને ગુરુઓ મોટપમાં બંધાશે." મહારાજ બોલતા હતા અને સંતો એકધ્યાનથી સાંભળતા હતા.

પછી મહારાજે કહ્યું : "આ સત્સંગ મળ્યો છે તેથી અંદર અંદર સૌએ સુહૃદભાવ રાખવો. છતાં વિવેકબુદ્ધિ જાગ્રત રાખી સંત અને અસંતને ઓળખવા. વળી ચૈતન્ય ચૈતન્યને પણ એક સમજવા નહીં. ઇંદ્રિયોથી મન અધિક છે, મનથી જીવ, જીવથી ઈશ્વર અધિક છે. એમ એકબીજાથી એક એક અધિક છે. અને સર્વથી પર પરમેશ્વર અમે છીએ. અમારું ધામ જે અક્ષર અને અમારી મૂર્તિ તે બંને સત્ય અને સનાતન છે. તેને જે અસત્ય કહેશે તે નાસ્તિક છે. તેઓ કદાચ મારા કહેવાતા હશે પરંતુ તે મારા નથી. અમારા પુરુષોત્તમ સ્વરૂપની તમને દૃઢતા થશે તો અમારો મહિમા સમજાશે, અમારા સામર્થ્યનો ખ્યાલ આવશે." મહારાજ બોલતા હતા, જાણે ગંગાનો પ્રવાહ વહે જતો હતો.

અમે સત્સંગમાં સદા પ્રગટ છીએ

"અમે સત્ય સંકલ્પ છીએ. એટલે જગતની દૃષ્ટિએ જે અસત્ય અને અશક્ય હોય તે કેવળ અમારા સંકલ્પથી સત્ય અને શક્ય બની જાય છે. અમારી દૃષ્ટિથી જ આ જગતની ઉત્પત્તિ થાય છે. માયા પણ અનેકરૂપે થાય છે. અમે આજે સત્સંગમાં છીએ અને હવે પછી નથી રહેવાના એવું નથી. સત્સંગમાં અમે સદા પ્રગટ જ રહેવાના છીએ. અમારા અંતર્ધાન થયા પછી પણ અમે કાં તો રાજારૂપે કાં યોગી સ્વરૂપે કે વિપ્ર સ્વરૂપે સત્સંગમાં સદા પ્રગટ જ રહીશું. અમને પ્રસન્ન કરવાનું સાધન અમારો મહિમા સમજવો, અમારી લીલાની સ્મૃતિ કરવી એ જ છે. આ જ્ઞાન મારા તમામ આશ્રિતોએ દૃઢ કરવું અને નિઃશંક રહેવું. અંતકાળે અમે સૌને દર્શન દઈ તેડવા આવીશું. આ અમારું વચન છે તે કદાપિ મિથ્યા થશે નહીં."

મહારાજ આટલું બોલ્યા અને મુકુન્દ બ્રહ્મચારી મહારાજ પાસે આવી હાથ જોડી ઊભા રહ્યા. મહારાજ વાત કરતા હોય ત્યારે તેઓ કદાપિ તેમાં વિક્ષેપ કરતા નહીં. પરંતુ સસ્મિત મહારાજનાં દર્શન કરતા, બે હાથ જોડી સદા ઊભા જ રહેતા. મહારાજ પણ તેમના આવવાનું પ્રયોજન સમજી વાતનો અંત લાવતા. બ્રહ્મચારીને ઊભેલા જોઈ મહારાજે કહ્યું : "લ્યો, આ બ્રહ્મચારી આવી ગયા. અમારી પ્રસન્નતાનું આ સાધન જે અમે તમને કહ્યું તે તેમના અંતરમાં તો દૃઢ છે જ."

બ્રહ્મચારીએ તરત જ કહ્યું : "અરે મહારાજ ! આ સૂરજ માથે આવ્યો. હવે જમવું છે કે નહીં ?"

મહારાજ બ્રહ્મચારીની વાણી સાંભળી હસ્યા. તરત જ ઊભા થતાં થતાં બોલ્યા : "આ બ્રહ્મચારીને સવાર-સાંજ જમવાની જ વાત, પણ શું વાત થાય છે, કયો પ્રસંગ ચાલે છે તેની કાંઈ ગમ જ નથી પડતી."

બ્રહ્મચારી હસતા બોલ્યા : "મહારાજ ! રોજ એકની એક વાત. પણ ગોળના ગળપણની ખાધા વગર ખબર પડે નહીં તેમ તમારા સ્વરૂપના અનુભવ સિવાય તમારી વાત પણ સમજાય તેવી નથી."

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "જુઓ, આપણે સૌ બ્રહ્મચારીને ભોળા સમજીએ છીએ પણ તે તો અનુભવ કરવાની વાત કરે છે. તેમની વાત મુદ્દાની છે, છેલ્લી કોટીની છે." એટલું કહી મહારાજ બ્રહ્મચારી

સાથે જમવા પધાર્યા. જમી રહ્યા પછી મહારાજે પૂછ્યું : "સંતોને જમાડવાની ક્યાં વ્યવસ્થા કરી ?"

"દરબારમાં જ મહારાજ !" બ્રહ્મચારીએ કહ્યું.

તરત જ મહારાજ સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા.

મહારાજ સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા અને સંતો મહારાજની મૂર્તિનાં દર્શન કરી સ્થિર થઈ ગયા ! હમણાં જ દર્શન કર્યાં હતાં, વાતો સાંભળી હતી પણ જાણે પ્રસંગે પ્રસંગે દર્શનમાં નવીનતા હોય તેવો અનુભવ તેમને થતો ! મહારાજની મૂર્તિનું એવું આકર્ષણ હતું. મહારાજે રસોઈની સામગ્રી જોઈ. બિરંજ, પૂરી, કઢી, વડી, પકોડી વગેરે ભાતભાતની રસોઈ જોઈ. મહારાજ પ્રસન્ન થઈ ગયા. સંતો વ્રત-ઉપવાસ કરતા, જમવામાં પણ રસકસ વગરનું જમતા, તે પણ કોઈ દિવસ મળતું તો કોઈ દિવસ ન પણ મળતું. છતાં તેમણે તો તેમને થયેલી આ દિવ્ય પ્રાપ્તિમાં જ સદા તૃપ્તિ માની હતી. પોતાના અતિ લાડીલા આ સંતોને જ્યારે જ્યારે જમાડવાનો અવસર આવતો ત્યારે મહારાજ પ્રસન્ન થતા. તેમને ખૂબ પીરસીને અતિ તૃપ્ત કરી દેતા. આજે પણ મહારાજે સૌ સંતોને ખૂબ જમાડ્યા. સંતો ના પાડતા, પોતાનું પાત્ર સંતાડી દેતા તો મહારાજ તેમને માથે દૂધ રેડતા. સંતોની તૃપ્તિમાં મહારાજને આનંદ હતો.

સંતોના સાન્નિધ્યથી મહારાજ પ્રસન્ન હતા. તેમને ઉપદેશ આપવાનો, તેમની સેવા કરવાનો, જમાડવાનો આવો અવસર મળ્યો, તેથી મહારાજને વિશેષ આનંદ થયો. જે સંતો કેવળ કલ્યાણ અર્થે જ અવિરત વિચરણ કરતા; અપમાન, તિરસ્કાર સહન કરતા; ભૂખ, ટાઢ, તડકો અને વરસાદના કષ્ટ સહન કરતા; તેવા પોતાના લાડીલા સંતોએ સમાજને સેવાનો સાચો આદર્શ બતાવ્યો હતો. સાચી સાધુતાની ફોરમ પ્રસારી હતી.

વાણીનો દોષ

મહારાજ અક્ષર ઓરડીમાં છપ્પર પલંગમાં બિરાજમાન થયા હતા. સામે સંતો-હરિભક્તો બેઠા હતા. એવામાં કાંઈક કોલાહલ થતો સંભળાયો. મહારાજે નાજા જોગિયાને પૂછ્યું : "આ કોલાહલ શાનો છે ?" એટલે તે ઊઠ્યા અને તપાસ કરીને પાછા આવ્યા. હસતાં હસતાં તેમણે કહ્યું : "મહારાજ ! આજે દગડા ચોથ[૬૩] છે એટલે લોકરિવાજ પ્રમાણે કોઈ વિઘ્ન ન આવે તેથી લોકો

૬૩. ભાદરવા સુદ ચોથ.

બીજાના ખોરડા ઉપર પથ્થરા નાખે. સોમબા ફુઈના ખોરડા ઉપર કોઈએ પથ્થરા નાંખ્યા હશે તેથી સોમબા ફુઈ ગાળોનો વરસાદ વરસાવે છે.''

''સોમબા ફુઈ ગાળો બોલે છે ? આટલો આટલો અમારો ઉપદેશ સાંભળ્યા પછી પણ સોમબા ફુઈએ જાતિ-સ્વભાવ મૂક્યો નહીં ?'' મહારાજ આટલું બોલતાં આકળા થઈ ગયા. તેમના મુખ ઉપરના ભાવો જોઈને સૌને લાગ્યું કે મહારાજ હમણાં ચાલી નીકળશે.

મહારાજ એકદમ ઊભા થઈ ગયા. તેમણે કહ્યું : ''હવે અહીં રહેવું નથી.'' એટલું કહીને તેમણે અંગરખું પહેર્યું, ચાખડી પહેરીને એકદમ ઉતાવળા ઉતાવળા નીકળી ગયા.

સૌ જોઈ રહ્યા. મુક્તાનંદ સ્વામી પણ જોઈ રહ્યા. તેમને લાગ્યું કે મહારાજની તે દિવસની ઉદાસીનતા હજુ ટળી નથી. નહીં તો આટલી વાતમાં એકદમ આકળા થાય નહીં. તેઓ પણ નીચું જોઈ વિચારમાં પડી ગયા.

દાદાખાચર મહારાજની પાછળ ગયા. પગમાં પડી ગયા. પ્રાર્થના કરી, ''મહારાજ ! અમારા ગુના માફ કરો. અમે તો જીવદશાવાળા એટલે દેહ પડે ત્યાં સુધી સ્વભાવ ન મૂકીએ. આપ આવા નમેરા થશો તો અમારું કલ્યાણ કેમ થશે ?''

મહારાજે આકળા થઈ કહ્યું : ''પણ સોમબા ફુઈ અપશબ્દો કેમ બોલે છે ? જ્યાં આવી વાણી બોલાય, ત્યાં અમારાથી રહેવાય નહીં. બોલનારને પાપ લાગે અને સાંભળનારને પણ પાપ લાગે.'' એટલું કહી મહારાજ હરજી ઠક્કરને ઘેર ચાલ્યા ગયા.

સોમબા ફુઈએ જાણ્યું એટલે તે દિલગીર થઈ ગયાં. મહારાજને મનાવવા ગયાં. માફી માગી પ્રાર્થના કરી. પરંતુ મહારાજે કહ્યું : ''તમારી વાણીનો દોષ સાંભળનારાના અંતરમાં પાપનાં બીજ પ્રગટાવશે. અમારું કર્યું કારવ્યું બધું ધૂળમાં મળી જશે. અમે નહોતું જાણ્યું કે અમારા આટલા ઉપદેશ પછી પણ તમારા અંતરમાં અમારી વાણીનો પ્રભાવ પડ્યો નથી.'' આટલું બોલતાં મહારાજના મુખારવિંદ ઉપર પ્રસ્વેદનાં બિંદુ જામી ગયાં. મહારાજ આગળ બોલવાની કોઈની હિંમત રહી નહીં. દાદાખાચર, હરજી ઠક્કર, લાધા ઠક્કર વગેરે ઉદાસ થઈને દરબારમાં આવ્યા. મોટા સદ્‌ગુરુઓ હવે મહારાજને મનાવે તો જ મહારાજ દરબારમા પાછા પધારશે.

બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી સૌ સદ્‌ગુરુઓ

મળીને મહારાજ પાસે ગયા. મહારાજને ખૂબ પ્રાર્થના કરી. પરંતુ મહારાજે કહ્યું : "અમારો સ્વભાવ કઠણ છે. ત્યાગ કરતાં અત્યંત દુ:ખ થાય તેવાં અમારાં માતા-પિતા – ભક્તિ અને ધર્મ – તેમનો પણ અમે લોકકલ્યાણને અર્થે ત્યાગ કર્યો. તેમનો સ્નેહ અમારા એ ત્યાગમાં બાધા નાખી શક્યો નહીં. તેમ તમારો સ્નેહ પણ હવે અમને અમારા નિશ્ચયમાંથી ફેરવી શકશે નહીં."

મહારાજની આ દઢતા જોઈ કોઈ કંઈ બોલી શક્યા નહીં. અખંડાનંદ સ્વામી રડવા લાગ્યા.

સૌ સદ્‌ગુરુઓ દરબારમાં આવ્યા. બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "જેમના થકી મહારાજ રિસાણા છે તેમને જ ફરી મોકલો. ફુઈને કહો કે પાલવ પાથરીને મહારાજની માફી માંગે. જો ન માને તો અન્નજળનો ત્યાગ કરે પણ મહારાજને મનાવ્યા સિવાય ઘેર આવે નહીં."

સોમબા ફુઈ મહારાજને મનાવવા જાય છે

સોમબા ફુઈ ફરી મહારાજને મનાવવા ગયાં. સાથે લાડુબા, જીવુબા, પાંચુબા બધા જ ગયાં. મહારાજ હરજી ઠક્કર સાથે ગંભીર મુખમુદ્રા રાખી વાત કરી રહ્યા હતા. એટલામાં ડેલીનું કમાડ ખખડ્યું. મહારાજે હરજી ઠક્કરને કહ્યું : "જુઓ, ખડકી કોણ ખખડાવે છે ? હવે કોઈને અંદર આવવા દેશો નહીં."

હરજી ઠક્કરે ખડકી ઉઘાડી. સામે જ સોમબા ફુઈને જોયાં. તેમણે હાથ જોડ્યા : "ફુઈબા ! મહારાજ બહુ જ ગંભીર થઈ ગયા છે. હવે તેમને મનાવવાનો હમણાં પ્રયત્ન કરવો તે મને ઠીક લાગતું નથી."

"પણ મહારાજ દરબારમાં પાછા ન પધારે ત્યાં સુધી મેં અન્નજળનો ત્યાગ કર્યો છે. હવે તો તમારી ખડકીમાં જ મારો દેહ પડશે." સોમબા ફુઈની રૌદ્ર મુખમુદ્રા જોઈ હરજી ઠક્કર સ્તબ્ધ થઈ ગયા ! પાછળ સૂરપ્રભાદેવી, લાડુબા, જીવુબા બધાં જ રડતાં હતાં. તેમણે તરત જ કહ્યું : "પધારો, મહારાજ વઢશે તો હું ખમી લઈશ."

સૌ અંદર આવ્યાં. તેમને જોઈ મહારાજ એકદમ ઊભા થઈ ગયા અને અંદર ઓરડામાં જવા લાગ્યા. સોમબાએ તરત જ કહ્યું : "ઊભા ન રહો તો તમને દાદાની આણ છે."

મહારાજ એકદમ ઊભા રહી ગયા ! એક ડગલું પણ આગળ ખસી શક્યા નહીં. સોમબા ફુઈનો પહેલો પાસો તો સીધો પડી ગયો. તેથી હિંમત કરી

તે મહારાજ પાસે આવ્યાં. બીતાં બીતાં હાથ જોડી ધ્રૂજતા સ્વરે કહ્યું : "મહારાજ ! મારામાં એવો એક પણ ગુણ નથી કે આપની ભક્તિ કરી આપને રાજી કરી શકું ! આપ જો મારો ત્યાગ કરશો, તો સૌના ધિક્કારને પાત્ર હું બની જઈશ. જીવવું આકરું થઈ પડશે. એક વખત ભૂલ થઈ, ફરી નહીં થાય. માટે મોઢે આવેલું અમૃત ઝૂંટવી ન લેશો."

તેમની વાણીમાં દુઃખ હતું. પશ્ચાત્તાપ હતો, મહારાજને એ જ જોઈતું હતું. છતાં એ પશ્ચાત્તાપનો ઝરો વધુ નીકળે તે માટે તેઓ કાંઈ જ બોલ્યા નહીં. મહારાજની ગંભીર મુખમુદ્રા જોઈ સોમબા ફુઈ રડી પડ્યાં. રડતાં રડતાં તેમણે ફરી કહ્યું : "મહારાજ ! આપ જાઓ તો ભલે જાઓ પણ મને ઝેર આપીને જાઓ. લોકો મારો તિરસ્કાર કરશે. મારા ખાતર આપે દાદાને છોડી દીધો, દાદાની બહેનોને છોડી દીધી. આખા પરિવારનો ત્યાગ આપે મારા ખાતર કર્યો એવી કાળમુખી હું હવે કઈ આશાએ, કયા સુખે જીવી શકું ? દાદાને એભલ બાપુએ આપને ખોળે મૂક્યો છે. તેને માથે હજુ શત્રુ ફરે છે, આપ તેના છત્ર હતા એટલે તેની રક્ષા થઈ પણ હવે તો તેનુંય બધું વેરણછેરણ થઈ જશે. મારી કાળમુખી જીભ દાદાની વેરણ બની ગઈ, તેના સત્યાનાશનું કારણ બની ગઈ ! ભલે મહારાજ ! આપ પધારો. પણ અહલ્યાની જેમ મને પથ્થર બનાવીને જાઓ." સોમબા ફુઈ રડતાં હતાં. તેમના શબ્દોની ધારી અસર થઈ.

મહારાજ ધીરે ધીરે તેમની પાસે આવ્યા. થોડે છેટે ઊભા રહીને તેમણે કહ્યું : "અમારે ચાલ્યા જવું હતું. ગઢપુર છોડીને, સત્સંગ છોડીને દૂર નીકળી જવું હતું. પરંતુ દાદાની રક્ષા માટે અમે હવે રહીશું. તેને દુઃખ પડે તે અમારાથી સહન થતું નથી. તમારી પ્રકૃતિ અમે સહન કરીશું પણ દાદાનું દુઃખ સહન નહીં થાય."

"મહારાજ ! આપ રહેતા હો તો એ કાળમુખી જીભના હું કટકા કરી નાંખીશ, મોઢું સીવી લઈશ." સોમબા ફુઈએ રડતાં રડતાં કહ્યું.

"એવું કરવાની જરૂર નથી. ફુઈબા ! પણ જીભને નિયમમાં રાખવાની જરૂર છે. વાણીને ઘીની જેમ વાપરવી પણ પાણીની જેમ ન વાપરવી. સંયમ હશે તો ભક્તિ વધુ દીપશે." મહારાજે ધીરગંભીર સ્વરે કહ્યું.

મહારાજ માન્યા, દરબારમાં આવવા તૈયાર થયા. આ જાણી સૌને આનંદ થયો. ફુઈબાના અંતરનો પશ્ચાત્તાપ મહારાજને પીગળાવી શક્યો.

લગાડી તેં પ્રીતિ લાલ રે

રાત્રે મહારાજ દરબારમાં પધાર્યા. બ્રહ્મચારીએ થાળ તૈયાર કર્યો. મહારાજ જમ્યા અને તરત જ અક્ષર ઓરડીમાં પધારી ગયા. નિત્યાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીએ સૌને કહ્યું હતું કે આજ કોઈ કાંઈ બોલશો નહીં. કથાવાર્તાનો, દર્શનનો આગ્રહ આજે કોઈ રાખશો નહીં.

બીજે દિવસે સવારે મહારાજ વહેલા જાગ્યા. નિત્યવિધિ કર્યો અને પછી દરબારમાં પધાર્યા. અહીં ઉગમણા બારના ઓરડાની ઓસરીમાં ઢોલિયો ઢળાવી તે ઉપર બિરાજમાન થયા. સંતો-હરિભક્તો પણ આવી ગયા. મહારાજે સંતોને કહ્યું : "કીર્તન-ભક્તિ કરો." એટલે બ્રહ્માનંદ સ્વામીએ શરૂઆત કરી :

"મથુરાની વાટે, મથુરાની વાટે, વ્હાલા નવ જાવું રે મથુરાની વાટે..."[૬૪]

આ સાંભળી મહારાજ બોલવા જતા હતા ત્યાં બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! કાલે આપ મથુરાની વાટે પધાર્યા હતા અને રાત્રે મોડા આવ્યા. બાઈયું પણ પાછળ આવી. પણ રસ્તામાં ખાડો હતો ને અંધારાને લઈને દેખાયો નહીં, એટલે સૌ પડ્યાં. ત્યારે ફુઈ બોલ્યાં, 'દાદો આટલો ખાડો પણ પુરાવતો નથી.'"

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે તરત જ કહ્યું "અમે અક્ષરધામમાંથી અહીં આવીને રસ્તા અને પાળો એવી સરસ બનાવી છે પણ સ્વભાવ અને અંતરના દોષોએ એ રસ્તામાં ખાડા પાડી દીધા છે. પછી પડે જ ને ! એમાં દાદાનો શો વાંક ?"

બધા સમજી ગયા. મહારાજની રાતની રીસ હજી ગઈ નથી.

બીજે દિવસે કપિલા છઠનો ઉત્સવ આવતો હતો તેથી મહારાજ પૂર્વવત્ પ્રસન્ન થઈ જાય એવી સૌને ઈચ્છા હતી. બ્રહ્માનંદ સ્વામીને સૌએ અરજી કરી. સ્વામીએ કહ્યું : "આપણે તો મહારાજને રાજી કરવા પ્રયત્ન કરીએ છીએ પણ તેઓ તેમની હઠ છોડતા નથી."

રાત્રે મહારાજ જમીને પાછા દરબારમાં ચોકમાં પધાર્યા. અહીં લીંબડા નીચે ઢોલિયો ઢળાવી તે ઉપર બિરાજમાન થયા. એટલામાં મશાલો આવી.

---

૬૪. આ કીર્તન બ્રહ્માનંદ સ્વામીએ ધર્મકુળના આગમન (આ.સં. ૧૮૭૭) પછી બનાવ્યું છે એવો બ્રહ્મસંહિતા પૃ. ૩૨૧ પર ઉલ્લેખ છે. પરંતુ શ્રીહરિચરિત્ર-ચિંતામણિ, ભાગ-૩, વાર્તા ૧૮માં ઉપરોક્ત રીતે ઉલ્લેખ છે.

ફાનસ, દીવા વગેરેની ઝાકઝમાળ થઈ. સંતો-હરિભક્તો પણ આવી ગયા. બ્રહ્માનંદ સ્વામી હાથમાં સરોદ લઈને આવ્યા. મહારાજે તે જોઈ પૂછ્યું : "શું કીર્તન-ભક્તિ કરવી છે ?"

"હા મહારાજ ! રજોગુણનો વેગ હોય એટલે કથાવાર્તામાં સુખ ન આવે."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "બ્રહ્માનંદ સ્વામી સાધુ થયા તોપણ ગુણના ભાવ ગયા નથી !"

બ્રહ્માનંદ સ્વામીએ તરત જ કહ્યું : "મહારાજ ! ઇષ્ટદેવ જ્યારે એવા ભાવ ગ્રહણ કરે, ત્યારે શિષ્યોમાં પણ તે દેખાય."

સભા આ સાંભળી હસી પડી. મહારાજ પણ ખૂબ હસ્યા. બ્રહ્માનંદ સ્વામીએ જાણ્યું કે હવે સમય આવ્યો છે. તેમણે કીર્તન ઉપાડ્યું :

લગાડી તેં પ્રીતિ લાલ રે, પ્રીતલડી તો લગાડી.

બ્રહ્માનંદ સ્વામીનો ભાવવાહી કંઠ સરોદના સૂરમાં મળીને ભક્તિરસની હવા જમાવવા માંડ્યો. મહારાજે બ્રહ્માનંદ સ્વામી તરફ તીરછી નજરે જોયું અને તેમના મુખમાંથી કીર્તનની બીજી પંક્તિ સરી પડી :

પ્રીતમ માર્યાં પ્રેમનાં, તમે તીખાં રે તીખાં બાણ;
જોતાં તમને જાદવા, થયા પરવશ મારા પ્રાણ રે... પ્રીતલડી
વ્હાલી ભ્રકુટી વાંકડી, વ્હાલા લાગે છે સુંદર વેણ;
નટવર તમને નીરખવા, મારાં નાંખે છે ઝડપું નેણ રે... પ્રીતલડી

સ્વામી સામે મહારાજ એક દૃષ્ટિએ જોઈ રહ્યા. સ્વામી કીર્તન પૂરું કરે તે પહેલાં મહારાજે બ્રહ્મચારીને કહ્યું : "બ્રહ્મચારી ! અમારો પાઘ લાવો, આ સ્વામીને આપી દઈએ." બ્રહ્મચારી પાઘ લાવ્યા અને મહારાજે સ્વામીને આપી દીધો અને સ્વામીએ બીજું પદ ઉપાડ્યું :

વજાડી તેં બંસી કાન રે, વાંસલડી તો વજાડી...

અને પછી તો

ઘર ધંધો ભૂલી ગઈ, હું તો ભરવી ભૂલી (જળ) હેલ રે

મહારાજ અનિમિષ દૃષ્ટિએ સ્વામી સામું જોઈ રહ્યા હતા. સ્વામી મહારાજની મૂર્તિ જોઈ ભાન ભૂલી ગયા હતા. એ ભાવમાં સ્વામી ગાઈ રહ્યા હતા :

માવા તમારી મોરલી, મારે ખૂબ પડી છે ખેદ
કીધાં એણે કારમાં, છાતલડી માંહી છેદ રે... વાંસલડી

સ્વામીના એક એક શબ્દે મહારાજ અમૃત પીતા હતા. મહારાજના નેણ-કટાક્ષે સ્વામી ઘવાયા હતા. મહારાજે પોતાનો ખેસ મંગાવી સ્વામીને આપ્યો. સ્વામીએ ત્રીજું પદ શરૂ કર્યું :

માવ તમારું મોળિયું મેં દીઠું આંટાદાર;
બ્રહ્માનંદના વાલમા, વિસાર્યો મેં સંસાર રે

મહારાજે અંગરખું પહેર્યું હતું તે ઉતારીને સ્વામીને આપી દીધું અને સ્વામીએ ચોથું પદ શરૂ કર્યું :

મરમાળી છે આંખ્યું માવ રે, આંખલડી મરમાળી.

મહારાજ એક પછી એક પદ સાંભળવામાં લીન થઈ ગયા હતા. તેમને ખ્યાલ ન રહ્યો કે બ્રહ્માનંદ સ્વામીને અંગરખું આપીને પોતે ઉઘાડા થઈને બેઠા હતા. સ્વામી ગાતા હતા :

નેણ તમારાં નાથજી, છે છેલા રે રાતાંચોળ,
અંતરમા ઊંડાં ભર્યાં, થયું હૈડું હાલકલોલ રે.....આંખલડી.
અતીશે દીઠા આકરા, આડી દીધી રે ધીરજ ઢાલ;
બ્રહ્માનંદ કહે મારકાં, લોચનીયાં તારાં લાલ રે.....આંખલડી.

"હજુ અમારાં લોચન રાતાં છે ?" મહારાજે હસતાં હસતાં પૂછ્યું. "આ વસ્ત્રો આપીને ઉઘાડા થઈને તો બેઠા છીએ અને હજુ મેણાં મારો છો ?"

આ સાંભળી સભા હસી પડી. સ્વામી પણ હસ્યા. મહારાજે કહ્યું : "અમારાં લોચન હજુ આકરાં દેખાતાં હોય તો લ્યો આ રૂમાલ !" એમ કહી સ્વામીને રૂમાલ આપી દીધો.

"આટલું સંભળાવ્યું તો આ પ્રસાદી મળી." સ્વામીએ કહ્યું અને ફરી સરોદ પકડીને તૈયાર કરી.

એટલે મહારાજે કહ્યું : "સ્વામી ! હવે આગળ ન ગાશો. અમારી પાસે હવે તમને આપવાનું કાંઈ નથી." એટલું કહીને મહારાજ ઊભા થઈને સ્વામીને ભેટ્યા. ખૂબ ભેટ્યા. સ્વામીના અંતરમાં છેદ પડ્યા હતા તેને વધારે ઊંડા કર્યા. મહારાજે કહ્યું : "કોઈ વસ્ત્ર તો લાવો. બ્રહ્માનંદ સ્વામીએ તો સાવ લૂંટી લીધા !"

તે સાંભળી ત્યાં ભીમો વોરો હતો તેણે કહ્યું : "મહારાજ ! મારે પૂજા કરવી છે. વસ્ત્રો ઓઢાડવાં છે."

મહારાજે કહ્યું : "આવી જાવ. અમે તૈયાર જ બેઠા છીએ."

ભીમા વોરાએ મહારાજનું પૂજન કર્યું. પાઘ, અંગરખું, ખેસ, રૂમાલ, રેશમી કોરનાં બે ધોતિયાં મહારાજને અર્પણ કર્યાં. મહારાજે કહ્યું : "જો અમે આ સ્વામી જેવા ભક્તને બધાં વસ્ત્રો તેમના પ્રેમને આધીન થઈને આપી દીધાં, તો અમને આ નવાં વસ્ત્રો મળી રહ્યાં ને ? ભક્તની સેવા જે કરે તે ઉધાર રહેતું જ નથી."

સૌને થયું કે હવે કપિલા છઠનો ઉત્સવ સરસ થશે.

ગઢપુરમાં કપિલા છઠનો ઉત્સવ : આ.સં. ૧૮૭૧

મહારાજની ઇચ્છાથી કપિલા છઠના ઉત્સવ ઉપર દેશદેશાંતરથી હજારો હરિભક્તો આવ્યા. સંતનાં મંડળો પણ આવ્યાં.

કપિલા છઠને દિવસે પ્રાતઃકાળમાં મહારાજ સંતો-હરિભક્તો સાથે ઉન્મતગંગામાં સ્નાન કરવા પધાર્યા. ખીજડાવાળો આરો જે આનંદ ઘાટને નામે ઓળખાય છે ત્યાં મહારાજે સ્નાન કર્યું. ઘાટનો મહિમા વધાર્યો. સંતો-હરિભક્તો હેઠવાસ નહાયા. મહારાજે સફેદ વસ્ત્રો પરિધાન કર્યાં. એટલામાં જોધો ભરવાડ કપિલા ગાયો[૬૫] લઈને ત્યાં આવ્યો. મહારાજે ગાયનું વિધિપૂર્વક પૂજન કરી બ્રાહ્મણોને એક એક ગાય દાનમાં આપી. બ્રાહ્મણોને આ રીતે પ્રસન્ન કરી મહારાજ દાદાખાચરના દરબારમાં પધાર્યા.

દાદાખાચર તરફથી જલેબી અને મોતિયા લાડુની રસોઈ હતી. મહારાજ પંક્તિમાં પીરસવા પધાર્યા. સંતોને ખૂબ આગ્રહ કરી જમાડવા લાગ્યા. મહારાજ પીરસતાં પીરસતાં બોલતા હતા : "સંતો ! જમો. દાદાખાચરનો ભાવ છે."

તે સાંભળી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા : "અને પીરસનારા માવ છે."

મહારાજ આ સાંભળી હસ્યા અને બ્રહ્માનંદ સ્વામીના પત્તરમાં મોતૈયા લાડુ તથા જલેબી નાખ્યાં. બ્રહ્માનંદ સ્વામી મહારાજની સામું જોઈ રહ્યા. મહારાજે કહ્યું : "મહિમા સમજાયો હોય તો દેહને ખોટું કરીને પણ જમી જાવ."

બીજે દિવસે જીવાખાચર તરફથી રસોઈ હતી. હરિભક્તો પણ આ પ્રસંગ જોઈ રસોઈ આપવા લાગ્યા. પંચાળાથી દરબાર ઝીણાભાઈનાં બહેન અદીબા

૬૫. કપિલા ગાય એટલે પીળાશયુક્ત રાતા રંગની ગાય. આ કપિલા ગાય સર્વ પ્રાણીઓને પૂજવા યોગ્ય છે, રોહિણી સ્વરૂપ છે, સર્વ તીર્થમય છે, સર્વ દેવોની લક્ષ્મી છે, અગ્નિનાં પત્ની સ્વાહા રૂપ છે. સૂર્યદેવનું પૂજન કરી, કપિલા ગાયનું વાછરડા સહિત બ્રાહ્મણોને દાન કરવાનો મહિમા છે.

આવ્યાં હતાં. તેમણે મહારાજને કહેવરાવ્યું કે "મારે આજે રસોઈ આપવી છે."

ત્યારે મહારાજે કહ્યું : "આજે તો સંતો જમ્યા. હવે કાલે તમારી રસોઈ રાખીશું."

એટલે અદીબાએ કહેવરાવ્યું કે "મહારાજ ! સો કામ પડ્યાં મૂકીને જમી લેવું, એવી આપે જ શાસ્ત્રની વાત સમજાવી હતી. એટલે મારે તો આજે ને આજે જ રસોઈ આપવી છે."

મહારાજ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા અને કહ્યું : "સારું, સંતોને બીજી વાર જમાડીએ." એમ કહી તેમને કહ્યું : "બિરંજની રસોઈ બનાવરાવો !"

અદીબાએ રસોઈનો સામાન મંગાવી લીધો. લખુ કંદોઈ પાસે ચોખાનો બિરંજ કેસર, બદામ, એલાયચી નંખાવીને કરાવ્યો. સાથે કેસરિયાં દૂધ પણ તૈયાર રાખ્યા.

રસોઈ તૈયાર થઈ એટલે મહારાજ સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. બ્રહ્મમુનિ બેઠા હતા ત્યાં આવી તેમની સન્મુખ બેસી ગયા. પત્તરમાં બિરંજ નાખ્યો, ઉપર દૂધ રેડ્યું, સાકર નાખી અને કહ્યું : "બ્રહ્મમુનિ ! જમી જાઓ."

મહારાજના આ ભાવમાં બ્રહ્મમુનિ પ્રત્યેનો પ્રેમ દેખાતો હતો. બ્રહ્માનંદ સ્વામીએ પુરુષોત્તમ નારાયણને પ્રથમ મિલનમાં ઓળખી લીધા હતા. તેમના સ્વરૂપના આનંદ પાસે તેમને રજવાડાંઓની સાહ્યબી અને પ્રતિષ્ઠા નહિવત્ લાગ્યાં. તેમના ત્યાગમાં વૈરાગ હતો. પુરુષોત્તમ નારાયણના મહિમાની તુલનામાં આ લોકના વૈભવો તેમને કાકવિષ્ટા તુલ્ય જણાયા હતા. એ ખુમારી તેમની વાણીમાં હતી. મહારાજે કહ્યું : "બ્રહ્મમુનિ ! વાર ન લગાડો. જમવા માંડો. પીરસનારા માવ છે."

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! પણ કીડીને માથે આખો લાડવો મૂકી દઈએ તો તેને લાડુનો સ્વાદ ન આવે. ઊલટી ચેપાઈ જાય." પરંતુ મહારાજે કાંઈ સાંભળ્યું નહીં. દૂધથી તેમનું પત્તર ભરી દીધું. તાંબડીમાં વધેલું દૂધ તેમને માથે રેડ્યું.[૬૬]

રાત્રે મહારાજ સભામાં બિરાજ્યા. તે વખતે પ્રેમાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીને મહારાજે કહ્યું : "કીર્તન-ભક્તિ કરો. આજે બધાને સવાર-સાંજ ખૂબ જમાડ્યા છે, જો કથા કરીશું તો સૌ ઊંઘશે."

---

૬૬. આ પ્રસંગ ઉપર બ્રહ્માનંદ સ્વામીએ કીર્તન રચ્યું કે *'દૂધ દહીં ઢોળે રે માવો માથલડે.'*

પ્રેમાનંદ સ્વામીએ સરોદવાદન સાથે કીર્તન શરૂ કર્યું : *"ફૂલન હિંડોળે ઝૂલત લાલ."*

તે સાંભળી મહારાજ બોલ્યા : "અહો, આ તો તમારું પહેલું જ રચેલું કીર્તન ! આ કીર્તન સાંભળી કીર્તનનો પ્રાસ મેળવવા માટે નિજબોધાનંદમાંથી પ્રેમાનંદ બનાવ્યા."

બ્રહ્માનંદ સ્વામીએ તરત જ કહ્યું : "અને પછી પ્રેમસખી બન્યા."

"હા, કૃષ્ણાવતારમાં ચંદ્રસખી હતા તો આપણા આ પ્રેમસખી ! મૂર્તિના સંબંધના જ તેમનાં કીર્તનો સાંભળીએ તો મૂર્તિ અંતરમાં ઊતરી જાય."

પ્રેમાનંદ સ્વામી શરમાળ પ્રકૃતિના હતા. તેમની દૃષ્ટિ સદા નીચી જ રહેતી. મહારાજની સન્મુખ બેઠા હોય ત્યારે સ્થિર દૃષ્ટિ રાખી મહારાજના અંગેઅંગનું નિરીક્ષણ કરતા. ઘણી વખત મોડી રાત્રી સુધી ઘેલાને કાંઠે પોતાની ઝૂંપડીમાં તે મહારાજની મૂર્તિ સંભારી સરોદ ઉપર કીર્તન-ભક્તિ કરતા. તેમનાં કીર્તનો સાંભળવા ઝૂંપડીની બહાર કલાકો સુધી મહારાજ ઊભા રહેતા. મહારાજ પ્રત્યે તેમની એવી ભક્તિ હતી. મહારાજ પણ તેમની ભક્તિથી ખેંચાતા.

આ સાધુ જમે છે તેમ જમતાં શીખો

એક દિવસ ઘેલામાં સ્નાન કરી સૌ દરબારગઢમાં આવ્યા. ત્યારે ભોજન તૈયાર હતાં. વિવિધ પ્રકારનાં ભોજનો મહારાજે સૌને પીરસ્યાં. હદબેહદ પીરસ્યાં. મહારાજની અતિ આગ્રહની રીતથી સૌ સખાઓ સાવધાન બની ગયા. મહારાજ પંક્તિમાં લાડુ પીરસતા હતા. બ્રહ્માનંદ સ્વામી પાસે ગુણાતીતાનંદ સ્વામી બેઠા હતા. મહારાજ પંક્તિમાં ફરતા જાય અને સ્વામીના પત્તરમાં બબ્બે લાડુ મૂકતા જાય. પછી બ્રહ્માનંદ સ્વામીના પત્તરમાં લાડુ મૂકવા ગયા એટલે તેમણે પત્તર ઊંચું લઈ લીધું. ત્યારે મહારાજે કહ્યું : "આ સાધુ જમે છે તેમ જમતાં શીખો."

તે સાંભળી બ્રહ્માનંદ સ્વામી હસવા લાગ્યા. ગુણાતીતાનંદ સ્વામી સામું જોઈ બોલ્યા : "હા, મહારાજ ! સાધુ ઠીક જમનારા છે. દસ-બાર લાડુનું તો કામ કાઢી નાખ્યું અને હજુ વળી જો મૂકશો તો જમી જશે."

મહારાજ બ્રહ્માનંદ સ્વામીની ચારણી વાણી સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "સ્વામી ! આ સાધુ તો જેમ કોઠીમાં અનાજ ભરે તેમ ઉદરમાં લાડુ પધરાવે છે પણ સ્વાદ તો અમારી મૂર્તિનો લે છે. માટે તે જમે છે એવું જમતાં તમે

પણ શીખો.''

બ્રહ્માનંદ સ્વામી આ સાંભળી ચમક્યા. તેમને થયું કે મારા મંડળમાં આ સ્વામી રહ્યા હતા છતાં તેમનો એવો મહિમા મને સમજાયો નહીં. મહારાજે તેમને કહ્યું : ''સ્વામી ! તેમને શિષ્ય સમજશો ત્યાં સુધી તેમનો યથાર્થ મહિમા તમને સમજાશે નહીં.'' સ્વામી નીચું જોઈ આ વાર્તાલાપ સાંભળી રહ્યા હતા. તેમના અંતરમાં મૂંઝવણ થતી હતી.

સાંજે મહારાજ વાસુદેવ નારાયણના મંદિર પાસે ઢોલિયા ઉપર બિરાજમાન થયા. સંતો, ભક્તોની સભા કરી. આરતી-ધૂન કર્યા પછી સંતો પાસે ઝીલણીયાં પદો ગવરાવ્યાં.

ચારમાં કયું શ્રેષ્ઠ ?

સભામાં અક્ષરબ્રહ્મ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ મહારાજને પ્રશ્ન પૂછ્યો : ''મહારાજ ! ધ્યાન કરવું, આત્મારૂપે વર્તવું, માંદાની સેવા કરવી અને વાતો કરવી એ ચારમાં કયું શ્રેષ્ઠ ?''

મહારાજ આ પ્રશ્ન સાંભળી રહ્યા. પ્રશ્ન મુદ્દાનો હતો. તેથી પ્રશ્નનો ઉત્તર આપતાં કોઈકે ધ્યાન શ્રેષ્ઠ, ત્યારે કોઈકે આત્મારૂપે રહેવું કે માંદાની સેવા કરવી તેને શ્રેષ્ઠ કહ્યાં. તે સાંભળી મહારાજે નાજા જોગિયાને કહ્યું : ''નાજા ! વંડેથી મુક્તાનંદ સ્વામીને બોલાવી લાવો.''

મુક્તાનંદ સ્વામી આવ્યા અને મહારાજે તેમને આ પ્રશ્ન સંભળાવ્યો. ત્યારે તેમણે હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! મને તો ધ્યાન કરવું એ જ શ્રેષ્ઠ લાગે છે.''

તે સાંભળી મહારાજે સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! દક્ષના દસ હજાર દીકરાઓને વૈરાગની ભાવના શાથી થઈ ?''

મુક્તાનંદ સ્વામી તરત જ સમજી ગયા કે નારદજીએ દક્ષના પુત્રોને વાત કરી તેથી તે ત્યાગી થયા. માટે વાતો કરવી એ જ શ્રેષ્ઠ છે એવો મહારાજનો અભિપ્રાય જણાય છે. પછી મહારાજે કહ્યું : ''સંતો, હરિભક્તો ! સૌ સાંભળો. આ ગુણાતીતાનંદ સ્વામીએ મુદ્દાનો પ્રશ્ન પૂછ્યો છે. તેમાં ધ્યાન કરવું, આત્મારૂપે રહેવું કે માંદાની સેવા કરવી તે તો કેવળ પોતાના કલ્યાણ માટેનાં જ સાધન ગણાય. પરંતુ વાતો કરવી તેમાં તો વાતો કરનાર તથા સાંભળનાર ઉભયનું કલ્યાણ છે. દક્ષના દસ હજાર પુત્રો પ્રજોત્પત્તિ માટે ઉત્પન્ન કરાયા હતા. પરંતુ નારદજીના ઉપદેશથી તેઓ વિરક્ત બની સાધુ બની ગયા ! વળી, રામાનંદ

સ્વામી છતાં જે સત્સંગ હતો અને જે આટલો બધો વધી ગયો તે પણ આ સંતોની વાતોના પ્રતાપે જ વધ્યો છે. માટે આપણે ધર્મ પાળીને કે ઉપદેશ કરીને પણ અન્ય મુમુક્ષુઓને સત્સંગમાર્ગે ચડાવવા જોઈએ. તો જ અમે સ્થાપેલો એકાંતિક ધર્મ દૃઢ થશે અને પૃથ્વી ઉપરનો આપણો ફેરો સફળ થશે. માટે આજથી સૌએ વાતો કરવાનું અંગ પાડવું."

આજે કથા અને કીર્તન-ભક્તિમાં રાત ક્યાં વીતી ગઈ તેની કોઈને ખબર પડી નહીં. મહારાજે પોતાના સંબંધે અક્ષરધામના દિવ્ય સુખનો અનુભવ સૌને કરાવી દીધો. પછી કહ્યું : "હવે રાત ઘણી વીતી ગઈ છે માટે સૌ પોતપોતાના ઉતારે સૂવા જાવ." એટલે સૌ ઊઠ્યા. ધીરે ધીરે સભા ખાલી થઈ ગઈ.

પરંતુ મુક્તાનંદ સ્વામી હજુ બેઠા હતા. તેમને બેઠેલા જોઈ નિત્યાનંદ સ્વામી પણ બેઠા. તેમને થયું કે સ્વામીને કોઈ મુદ્દાની વાત મહારાજને પૂછવી હશે. તે બંનેને જોઈ મહારાજે પૂછ્યું : "તમારે સૂવા જવું નથી ?"

એટલે મુક્તાનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! જો આજ્ઞા હોય તો અંતરનું નિરાકરણ કરવા થોડી વાત કરવી છે."

આટલી મોડી રાત્રે પણ મુક્તાનંદ સ્વામીને જિજ્ઞાસા થઈ એટલે મહારાજે પ્રસન્ન થઈને કહ્યું : "ભલે, ખુશીથી પૂછો."

શાંતિ કેમ થાય ?

મુક્તાનંદ સ્વામીએ તરત જ હાથ જોડીને પૂછ્યું : "મહારાજ ! આપે ખૂબ જ કૃપા કરી આપનું સ્વરૂપ ઓળખાવ્યું. અમને કલ્યાણનો માર્ગ બતાવ્યો. એ માર્ગે ચડાવ્યા. છતાં અંતરમાં એક પ્રકારનું અસુખ, અશાંતિ રહી જાય છે. તે ટળે અને શાંતિ થાય તેવો ઉપાય બતાવો."

અક્ષરધામનું આવું દિવ્ય સુખ અત્યાર સુધી સૌએ અનુભવ્યું અને એકલા મુક્તાનંદ સ્વામીના અંતરમાં જ કેમ અશાંતિ રહી ગઈ ? મહારાજને આશ્ચર્ય થયું ! તેમણે આંખો મીંચી દીધી. મુક્તાનંદ સ્વામીનો આ પ્રશ્ન સાંભળીને મહારાજ અવાક્ બની ગયા ! મુક્તાનંદ સ્વામી આ જોઈ રહ્યા અને તેથી તેમના અંતરમાં વિશેષ ઉદ્વેગ થયો.

નિત્યાનંદ સ્વામીને થયું કે મુક્તાનંદ સ્વામીને હજુ સાધનની ઇતિશ્રી મનાણી નથી. મહારાજના પ્રત્યક્ષ સંબંધથી જ સર્વ સાધન સંપૂર્ણ થઈ ગયાં, આત્મદર્શન થઈ ગયું, એવું પૂર્ણકામપણું મનાવું જોઈએ. પરંતુ મહારાજના

પુરુષોત્તમ સ્વરૂપનો એવો યથાર્થ મહિમા તેમને સમજાયો નથી. એટલામાં મહારાજે ધીરેથી કહ્યું : "સ્વામી ! અમે છપૈયામાં જન્મ્યા, અનેક પ્રકારનાં બાળચરિત્રો કરી અસુરોનો પરાભવ કર્યો, અયોધ્યામાં આવ્યા. ત્યાં પણ અસુરોએ અમારો કેડો મૂક્યો નહીં. અમારે પણ તેમને છોડવા ન હતા. તેમનો નાશ કરવો જ હતો. એટલે જ્યાં મળ્યા ત્યાંથી તેમની જડ ઉખેડી નાખી.

"ઉપવીત સંસ્કાર પછી માતા-પિતાને ધામમાં મોકલી ગૃહત્યાગ કર્યો. યાત્રાનાં સ્થાનોમાં ફર્યા. ત્યાં દૈવી જીવોને દર્શન દીધાં, તેમની મુમુક્ષુતા જાગ્રત કરી, આસુરી જીવોનો પરાભવ કર્યો. દરેક જગ્યાએ અમે ફર્યા પરંતુ શુદ્ધ ભાગવતધર્મનાં લક્ષણો કોઈ સાધુઓમાં જોયાં નહિ. તત્ત્વજ્ઞાનમાં પણ બ્રહ્મ પરબ્રહ્મનાં સ્વરૂપોનું યથાર્થ જ્ઞાન કોઈમાં નિહાળ્યું નહિ. છેવટે લોજમાં આવ્યા અને તમારાં દર્શન કર્યાં ત્યારે અમને શાંતિ થઈ ! લોજમાં સાધુતા જોવા મળી. ભાગવતધર્મના અંકુરો દેખાયા." આટલું બોલીને મહારાજ અટક્યા. પરંતુ મુક્તાનંદ સ્વામીને મૂંઝવણ વધુ થઈ. તેમને લાગ્યું કે મહારાજની વાતમાં શાંતિનો ઉપાય આવ્યો નહિ, અંતરનું નિરાકરણ થયું નહિ.

નિત્યાનંદ સ્વામીએ તેમને ધીરેથી કહ્યું : "સ્વામી ! મહારાજને તમારાં દર્શને શાંતિ થઈ તો તમને મહારાજના સંબંધથી શાંતિ થતી નથી ?"

એટલામાં મહારાજે ફરી શરૂઆત કરી : "સ્વામી ! અમને રામાનંદ સ્વામી મળ્યા...."

"પણ મહારાજ ! મેં તો શાંતિ થાય તેનો ઉપાય પૂછ્યો છે."

આ સાંભળી મહારાજ અટક્યા. એક નિશ્વાસ નાખી તેમણે કહ્યું : "સ્વામી ! ગુજરાતમાં અત્યારે હરિભક્તોને તમને તેડાવવાનો બહુ જ આગ્રહ છે. માટે તમો ગુજરાતમાં જાઓ. ત્યાં હરિભક્તોને સત્સંગ કરાવશો તેથી શાંતિ થશે." એટલું કહી મહારાજ ઊઠ્યા.

શાંતિ તો મહારાજનાં ચરિત્રોમાં જ છે

મુક્તાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી પણ ઊઠ્યા. મુક્તાનંદ સ્વામીની ઉદાસીનતા વધી ગઈ. તેમને શૂન્યમનસ્ક થયેલા જોઈ નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "સ્વામી ! તમે તો અમારા સૌના સદ્‌ગુરુ છો, અમારા કરતાં તમારામાં સમજણ અધિક છે. છતાં મને લાગે છે કે મહારાજની વાતનું રહસ્ય આપ સમજ્યા નથી."

એટલે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું : "સ્વામી ! શું રહસ્ય ? શાંતિ થવાનો ઉપાય મેં પૂછ્યો હતો, પરંતુ મહારાજે તેમનાં ચરિત્રોની વાત કરી."

"તેમાં જ શાંતિ છે સ્વામી ! મહારાજનાં ચરિત્રોમાં, તેમના સ્વરૂપમાં મન જોડી દઈએ તો અંતરમાં અશાંતિ કદી પ્રગટે જ નહીં. સર્વ સાધનનું એ જ એક સાધન છે. આત્મદર્શન કરતાં અને ભગવાનનાં વૈકુંઠ, ગોલોક વગેરે ધામનાં દર્શન કરતાં પણ મહારાજનાં પ્રત્યક્ષ દર્શન, તેમની વાતો, તેમનાં ચરિત્રો ગાવાં અને સાંભળવાં તેમાં જ શાંતિ છે ! તેનાથી શાંતિનો અનુભવ અંતરમાં થાય, તેવો અનુભવ બીજાં કોઈ સાધનોથી થતો નથી. મહારાજ સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે, સર્વ અવતારોના કારણ છે એવી દૃઢ નિષ્ઠા તમારા અંતરમાં જ્યારે થશે ત્યારે એ અદ્‌ભુત પ્રાપ્તિના અનુભવથી જ અંતર ભર્યું ભર્યું થઈ જશે. શાંતિ શોધવા જવું પડશે નહિ !"

મુક્તાનંદ સ્વામી આ સાંભળી રહ્યા. નિત્યાનંદ સ્વામીની આ વાત સાંભળી તેમનું અંતર સ્થિર થઈ ગયું ! તેમણે કહ્યું : "સ્વામી ! તમે ખરું કહો છો. મહારાજ પણ ઘણી વખત કહે છે કે શાંતિ તો એક નારાયણનાં ચરણારવિંદમાં જ છે. મહારાજનાં ચરિત્રો સાંભળવાં અને ગાવાં તેમાં જ શાંતિ છે."

નિત્યાનંદ સ્વામી આ સાંભળી રાજી થયા. તેમણે કહ્યું : "સ્વામી ! તમારા અંતરમાં અશાંતિ જોઈ મહારાજ પણ ઉદાસ થઈ ગયા હોય તેમ લાગ્યું."

"એમ ? તમને એવું લાગ્યું ? તો તો આપણે હમણાં જ મહારાજ પાસે જવું જોઈએ." મુક્તાનંદ સ્વામીએ કહ્યું.

બંને સદ્‌ગુરુઓ અક્ષર ઓરડીમાં મહારાજ પાસે આવ્યા. મહારાજ પોઢવાની તૈયારીમાં હતા. તેમના મુખ ઉપર ઉદાસીનતાની છાયા હતી. એટલામાં આ બંને સદ્‌ગુરુઓને જોઈ તેઓ ઢોલિયામાં બેઠા; એટલે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! સ્વામીને આપનાં ચરિત્રો સાંભળી શાંતિ થઈ ગઈ!"

આ સાંભળી મહારાજે મુક્તાનંદ સ્વામી સામું જોયું. પછી ધીરે રહીને બોલ્યા : "શાંતિનો ઉપાય, એકાંતિક ધર્મની સિદ્ધિનો ઉપાય, આત્યંતિક કલ્યાણનું સાધન એ સર્વે અમારાં ચરિત્રોમાં જ આવી જાય છે. અમારાં દિવ્ય ચરિત્રો અને મનુષ્ય ચરિત્રોમાં જેને સમભાવ રહે તે જ સ્થિતપ્રજ્ઞ ! અમારાં ચરિત્રો સાંભળી અમારા સર્વોપરી સ્વરૂપનો નિશ્ચય થાય ત્યારે જ તમે સૌએ અમારો દાખડો સફળ કર્યો લેખાશે. અમને પણ ત્યારે જ શાંતિ થશે."

મુક્તાનંદ સ્વામી મહારાજની વાતનું રહસ્ય સમજી ગયા. તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! હવે પછી અમારી વાતોમાં આપે કહેલાં આ રહસ્યોનો જ મર્મ આવશે." મહારાજ પ્રસન્ન થયા.

અમારી રુચિ જોઈને ભક્તિ કરવી

મહારાજે બીજે દિવસે સભામાં વાત કરી કે "દિવાળી તથા અન્નકૂટના ઉત્સવો અમો વરતાલ કરીશું માટે સૌ હરિભક્તોએ વરતાલ આવવું."

મહારાજના આ વચન સાંભળી હરિભક્તો સમજી ગયા કે મહારાજે હવે ઘેર જવા રજા આપી દીધી છે. સૌ તૈયારી કરી ગઢપુરથી નીકળવા લાગ્યા. કપિલા છઠના ઉત્સવ ઉપર ઠાકોર ઝીણાભાઈ પણ ગઢપુર આવ્યા હતા. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! પંચાળા પધારો."

મહારાજે કહ્યું : "ભલે."

એટલે ઝીણાભાઈએ કહ્યું : "મહારાજ ! મોટીબા, લાડુબા વગેરે બાઈઓને પણ સાથે લાવવાનાં છે તેથી તેમને પણ હું કહી આવું કે સૌ તૈયાર થાઓ."

તે સાંભળી મહારાજે કહ્યું : "ત્યાં બાઈઓનું કાંઈ કામ નથી. અમે, સંતો તથા કાઠી ભક્તો સાથે આવીશું."

તે દિવસે મહારાજ ગઢપુરથી નીકળ્યા અને સાયંકાળે વાંકિયા પહોંચ્યા. મોકાખાચરને ત્યાં રાત રોકાયા. મહારાજે પૂછ્યું : "ઝીણાભાઈ આપણી સાથે કેમ નથી ? આગળ ગયા છે કે શું ?"

એટલે સુરાખાચરે કહ્યું : "ઝીણાભાઈ ગઢડા રોકાયા છે અને બાઈઓને સાથે લઈને આવે છે." મહારાજને આ ગમ્યું નહિ.

એટલામાં ઝીણાભાઈ આવ્યા. બાઈઓને અતિ આગ્રહ કરી વેલમાં બેસારી સાથે લાવ્યા હતા. મહારાજે તેમને કહ્યું : "અમે ના નો'તી કહી ?" પરંતુ ઝીણાભાઈ કાંઈ બોલ્યા નહીં. મહારાજે તરત જ કહ્યું : "કાલે સવારે આપણે સૌ ગઢપુર પાછા જઈએ." આ સાંભળી ઝીણાભાઈ મહારાજ પાસે આવ્યા. ચરણ પકડી માફી માગી. પરંતુ મહારાજે કહ્યું : "અમારી રુચિ જોઈને જ ભક્તિ કરવી. અમે ના કહી હતી છતાં તમે માન્યું નહીં. તેથી હવે અમે નહીં આવીએ."

વાંકિયાથી જમીને મહારાજ કાઠી દરબારો સાથે ગઢપુર પાછા પધાર્યા. મહારાજની રુચિ પ્રમાણે ન વર્તવાથી ઝીણાભાઈને પારાવાર દુઃખ થયું.

મહારાજે વરતાલ જવાની તૈયારી કરી. સાથે કાઠી સમાજ લીધો. બીજા

ભક્તો પણ તૈયાર થયા. જેમને મહારાજે આજ્ઞા કરી તે સંતો, હરિભક્તો સૌ તૈયાર થયા. સૌનાં અંતરમાં આનંદ સમાતો ન હતો. અક્ષરધામાધિપતિ પુરુષોત્તમ નારાયણ જે આજ સુધી મન, વાણીને અગોચર રહ્યા, ઇંદ્રિયાતીત રહ્યા, વેદો પણ તેમના સ્વરૂપને પામી શક્યા નહીં; તે આજે મનુષ્ય સદૃશ બની સોંઘા બન્યા. હરિભક્તોને ઘેર ઘેર પધારે, ગરીબોને ઝૂંપડે પધારે, ખેતરે પધારે, પરિવ્રાજક સંતોનાં મંડળોમાં ફરે, રાસ રમે, રંગે રમે, ઉત્સવો કરે અને કાઠીઓ સાથે ઘોડા પણ ખેલાવે. આવા સોંઘા ભગવાન કદી ભાળ્યા ન હતા. ભક્તો સાથે આવા રસબસ થઈ ભક્તોના જીવનમાં દિવ્ય જીવનનું આવું રસદર્શન હજુ કોઈએ પણ કરાવ્યું ન હતું. વિદ્વાનો અને પંડિતો, અબુધ અને અભણ જેમને જેમને તેમના સ્વરૂપની નિષ્ઠા જીવનમાં થઈ ગઈ હતી તે બધા જ આજે અપાર દિવ્ય સુખનો અનુભવ કરી રહ્યા હતા. એ રસસ્રોતમાં સદા સ્નાન કરવાની ભાવનાથી જ મહારાજથી કોઈને છૂટા પડવાની ઇચ્છા થતી ન હતી.

મહારાજ ગઢપુરથી નીકળ્યા. કારિયાણી, સીંજીવાડા થઈ મહારાજ વરતાલ પધાર્યા. મહારાજે ગઢપુરથી જ વરતાલ આવવાનું સૌને આમંત્રણ આપ્યું હતું. તેથી ગામોગામથી હજારો હરિભક્તો, સંતો આવી રહ્યા હતા. તેમને સૌને આવેલા જોઈ મહારાજે કહ્યું : "અહો, તમે સૌ આવી ગયા ? હજુ હમણાં જ ભેગા થયા હતા તોપણ તૃપ્તિ ન થઈ ?"

આ સાંભળી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા : "મહારાજ ! અમે તૃપ્ત થઈ ગયા હતા છતાં તમે જ અમારા માથા ઉપર દૂધના દેગડા રેડી અમને એ રસલહાણના અનુભવમાં સદા અતૃપ્ત રહેવાનું શીખવાડ્યું છે. આ રસમૂર્તિના રસદર્શનમાં સદા અતૃપ્ત જ રહેવાય છે."

મહારાજ સમજી ગયા. બ્રહ્માનંદ સ્વામીની વાતમાં પણ કાવ્યની મધુરતા હતી. મહારાજ મૌન બની ગયા. ભક્તની વાચા ખૂલે ત્યારે ભગવાનને મૌન જ બનવું પડે !

વરતાલમાં દિવાળી અને અન્નકૂટ ઉત્સવો : આ.સં. ૧૮૭૧

મહારાજે કહ્યું : "અહીં ખૂબ જ ભીડો થયો છે માટે સૌ ગામ બહાર ચાલો. ત્યાં આંબાની ઘટા નીચે સભા કરીએ." મહારાજની ઇચ્છા પ્રમાણે તરત જ હરિભક્તોએ સભાની વ્યવસ્થા કરી દીધી.

સંતોનો સમૂહ અહીં ઊમટ્યો હતો. કોઈને મહારાજનું પાદોદક લેવું હતું,

કોઈને મહારાજનાં ચરણારવિંદ છાતીમાં લેવાં હતાં, તો કોઈને મહારાજની પત્ર, પુષ્પથી પૂજા કરવી હતી. અચાનક મહારાજનાં દર્શન થયાં. બોરીનો ચોફાળ ઓઢ્યો હતો. માથે સોનેરી પાઘ ઉપર રેટો બાંધ્યો હતો. મહારાજ આંબાવાડિયામાં પધાર્યા અને આંબે આંબે જાણે મોર મોર્યા હોય તેવી સુગંધી, તેવી શોભા ત્યાં પ્રસરી રહી. વૃક્ષોમાં પણ આ દિવ્યતાના સંબંધને સાકાર કરવાની શક્તિ છે. મહારાજ માટે આંબા નીચે હિંડોળો હતો. આંબો ધન્ય બની ગયો !

હિંડોળાની આજુબાજુ દીપમાળા પૂરી દીપોત્સવ કર્યો. મહારાજ હિંડોળા ઉપર ઝૂલ્યા. સૌ ભક્તોએ ઝુલાવ્યા. સંતો કીર્તન ગાવા લાગ્યા. મહારાજ તાળી વગાડી કીર્તનો ઝીલવા લાગ્યા. એ મધુર ઘોષમાં હરિભક્તો સાદ પુરાવા લાગ્યા. આ દિવ્ય આનંદની મસ્તીમાં સૌને જ્ઞાન લાધ્યું. ભગવાન હોય ત્યાં ભગવાનનું અક્ષરધામ ભગવાન ભેળું જ હોય. આ દિવ્ય આનંદ અક્ષરધામનો હતો !

બીજે દિવસે અન્નકૂટનો ઉત્સવ હતો. સંતોના આવાસ પાસે ચોકમાં રંગોળી પૂરી. ઉત્સવમાં બહારગામથી આવેલા હરિભક્તો પોતાને ત્યાંથી શુદ્ધ વાનગીઓ મહારાજને ધરાવવા લાવ્યા હતા, તે બધી સામગ્રીઓ પણ ત્યાં આવી ગઈ. વરતાલના હરિભક્તોએ બનાવેલી અન્નકૂટની સામગ્રીઓ પણ ત્યાં આવી ગઈ. મહારાજને વસ્ત્રો, આભૂષણો ધરાવ્યાં. બીજા ભક્તોએ પણ મહારાજનું પૂજન કર્યું. મહારાજે ઠાકોરજીની આરતી ઉતારી. જયઘોષ થયો !

એ વખતે મુકુન્દ બ્રહ્મચારી મહારાજની સન્મુખ આવી ઊભા રહ્યા. મહારાજની દૃષ્ટિ તેમના ઉપર પડી અને મહારાજ હસ્યા. તેમણે પૂછ્યું : ''કેમ આવ્યા ?''

બ્રહ્મચારીએ કહ્યું : ''અન્નકૂટ ધરાવવા.''

''આ થાળની વિધિ થઈ, આરતી થઈ તે જોયું નહીં ? ઊંઘતા હતા ?'' મહારાજે કહ્યું.

''ઊંઘતો ન હતો. જાગું જ છું. એટલે તો કહું છું કે અન્નકૂટની વિધિ કરવા આવ્યો છું.'' બ્રહ્મચારી સ્વસ્થતાથી બોલ્યા. મહારાજ તેમના સામું મંદમંદ હસતા જોઈ રહ્યા. સૌને ભાન થયું કે અન્નકૂટની સાચી વિધિ તો મહારાજ જમશે ત્યારે જ થઈ ગણાશે.

મહારાજ બ્રહ્મચારીની સાથે ગયા. બ્રહ્મચારીએ બધી તૈયારીઓ કરી રાખી હતી. મહારાજને બધી જ વાનગીઓ પીરસી. મહારાજ રુચિ પ્રમાણે જમ્યા. પછી મહારાજ સંતો પાસે આવ્યા. સંતોએ દર્શન કર્યાં. તેમની દૃષ્ટિ આ

રસલહાણમાં હતી. તેઓ જમતા હતા કે ચિત્રવત્ મહારાજની મૂર્તિમાં સ્થિર થઈ ગયા હતા તે કાંઈ સમજાતું ન હતું.

ઉત્સવ પૂરો થયો અને મહારાજ બામણોલી પધાર્યા.

વિરાટના હિંડોળે

અહીં તખા પગીએ રાયણના સુંદર વૃક્ષ નીચે હિંડોળો બાંધી રાખ્યો હતો. તેમને ભાવ હતો મહારાજને ઝુલાવવાનો. તેના એ ભાવને પોષવા મહારાજ પધાર્યા. માણકી પણ તખા પગીના ભાવને સમજી ગઈ હોય તેમ હાવળ દેવા લાગી. મહારાજ માણકી ઉપરથી છલાંગ મારી ઊતરી ગયા. નાજા જોગિયાએ તરત જ માણકીની લગામ પકડી લીધી. મહારાજ કૂદીને હિંડોળા ઉપર બિરાજી ગયા. સંતોએ, હરિભક્તોએ મહારાજને ઝુલાવ્યા અને જાણે હિંડોળો આકાશે ચડ્યો ! દેવોને પણ મહારાજને ઝુલાવવાનો લાભ લેવો હતો. આ લાભ તેમને સહેજે મળી ગયો. હરિભક્તો સૌ જોઈ રહ્યા. હિંડોળો આકાશે ચડ્યો તે આકાશમાં જ અદ્ધર રહ્યો ! હિંડોળો દેવોએ પકડી રાખ્યો કે વિરાટનું પૂજન સ્વીકારી, તેમને તેમની સ્તુતિના ફળરૂપે પોતાના સ્વરૂપનું પ્રત્યક્ષ દર્શન કરાવવા કે વિરાટના હિંડોળે ઝૂલવા ? મહારાજ ક્યાં અદૃશ્ય થઈ ગયા તે કોઈને સમજાયું નહીં. સૌ આકાશમાં મીટ માંડીને જોઈ રહ્યા. એટલામાં પુષ્પો ખર્યાં, ચંદનની વૃષ્ટિ થઈ અને દુંદુભિના નાદ સંભળાવા લાગ્યા. ગાંધર્વોનું મધુર સંગીત અને અપ્સરાઓના નૃત્યના ઝંકાર સંભળાયા. રાયણની નીચે બેઠેલા સંતોને લાગ્યું કે મહારાજ દૈવી સંગીત સાંભળે છે. પરંતુ તેમને જો અહીં બોલાવવા હોય તો હવે દિવ્ય સંગીત સંભળાવવું જોઈએ. સંતોએ ધૂન મચાવી અને પ્રેમાનંદ સ્વામીએ કીર્તન શરૂ કર્યું :

ક્યારે હવે મળશે રે પ્યારા, ઘનશ્યામ સનેહી પ્યારા,
ક્યારે હવે દેખું રે હરિ હસતા, મારા મંદિરિયામાં વસતા.

સંતોએ કીર્તન ઉપાડ્યું. સારંગી, સરોદ ને તબલાના તાલનો સુમેળ જામ્યો, રમઝટ મચી. પ્રેમાનંદ સ્વામીના ગળામાંથી જાણે દિવ્ય સૂરોની સુરાવલિએ વાતાવરણમાં દિવ્યતા - મધુરતા પ્રસરાવી દીધી.

ભારતની એ દિવ્ય ભૂમિનો મહિમા છે

અચાનક આકાશમાંથી ફરી પુષ્પો ખર્યાં. ચંદનની વર્ષા થઈ અને

અંતરિક્ષમાંથી હિંડોળો પ્રેમાનંદ સ્વામીના સૂરોના નાદ સાથે સરકતો નીચે આવતો દેખાયો. "મહારાજ પધાર્યા, એ આવ્યા." હરિભક્તોના મુખમાંથી શબ્દો સરી પડ્યા અને વીજળી ઝબકારો થાય તેમ મહારાજ હિંડોળામાં ઝૂલતા નીચે આવ્યા. તરત જ સંતોએ હિંડોળો પકડી લીધો. મહારાજ હસવા લાગ્યા. સંતોએ પૂછ્યું : "ક્યાં અદૃશ્ય થઈ ગયા હતા ? દેવોને દર્શન દેવા કે વિરાટની સ્તુતિ સાંભળવા ?"

મહારાજે કહ્યું : "દરેકને અમારાં દર્શનની ખેંચ હોય. વૈરાટ બ્રહ્માએ તેનાં પચાસ વર્ષ અને દોઢ પહોર દિવસ ચડ્યો ત્યાં સુધી અમારી સ્તુતિ કરી અને લાભ બધો તમને મળ્યો. એટલે અમારો હિંડોળો ઉપર ચઢ્યો અને વૈરાટ બ્રહ્માએ તે ખેંચી લીધો. પછી તમારી સ્તુતિ સાંભળી ત્યારે અમે તેમને કહ્યું : 'હવે સંતો અધીરા બન્યા છે માટે જવા દ્યો.' ત્યારે તેમણે કહ્યું : 'મહારાજ ! મેં તો મારાં આટલાં વર્ષો સુધી સ્તુતિ કરી ત્યારે આપનાં લબકઝબક દર્શન થયાં અને પૃથ્વી ઉપર સંતોની ફક્ત આટલી જ સ્તુતિમાં આપ પાછા ત્યાં પધારો છો ?' અમે કહ્યું : 'ભારતની એ દિવ્ય ભૂમિનો આટલો મહિમા છે. ત્યાંના વાસીઓનાં એવાં સદ્ભાગ્ય છે. તમારાં પચાસ વર્ષ અને એમની પાંચ પળ બરોબર છે. પછી અમને રજા આપી."

મહારાજ હિંડોળા ઉપરથી નીચે ઊતર્યા. પાટ ઉપર બિરાજ્યા. તખા પગીએ શ્રીહરિની કેસર, ચંદન અને મોગરાના પુષ્પહારોથી પૂજા કરી. તેના પુત્ર બાવાજી તથા અન્ય સંબંધીઓએ પણ પૂજા કરી. મહારાજને વસ્ત્રાભૂષણો ધરાવ્યાં. સંતોને એક એક વસ્ત્ર ધરાવ્યું. એટલામાં વજેરામ વિપ્ર આવ્યા અને કહ્યું : "થાળ તૈયાર છે." મહારાજ જમવા પધાર્યા. મહારાજ જમ્યા. જમીને સૌ સંતો-ભક્તોને પોતે સારી રીતે જમાડ્યા. સૌ તૃપ્ત થઈ ગયા !

જમ્યા પછી મહારાજ રાયણ નીચે પધાર્યા. થોડી વાર આરામ કર્યો. એટલામાં નાજા જોગિયા અશ્વ લાવ્યા. મહારાજ તે ઉપર બિરાજ્યા. અશ્વ ઊછળ્યો. મહારાજે ચોકઠું ખેંચ્યું અને તેની ચંચળતા ધીમી બની. મહારાજે તેના પેટમાં પેગડું ભરાવ્યું અને તે ઊપડ્યો. જાણે આકાશમાંથી તારો ખર્યો હોય તેવી ગતિથી તે અદૃશ્ય થઈ ગયો. સંતો અને ભક્તો તે દિશામાં મીટ માંડીને જોવા લાગ્યા. થોડી વારમાં અશ્વ ધીમી ગતિએ હાંફતો હાંફતો આવતો દેખાયો. મહારાજ અશ્વ ઉપરથી ઊતરીને આંબલીના ઝાડ નીચે બિરાજ્યા. થોડી વારે મહારાજે કહ્યું : "ચાલો, હવે વરતાલ." એટલે સૌ ભક્તોએ ફરી મહારાજની

પૂજા કરી. સ્ત્રીઓએ મહારાજને સોના-રૂપાના ફૂલે વધાવ્યા. ત્યાંથી નીકળી મહારાજ વરતાલ પધાર્યા.

✧

વરતાલમાં પ્રબોધિની એકાદશી અને કાર્તિકી પૂર્ણિમાના ઉત્સવો મહારાજે કર્યા. પછી ત્યાંથી ગઢપુર જવા નીકળ્યા. મહેળાવ, પીપળાવ થઈને મહારાજ સારંગપુર પધાર્યા અને સારંગપુર એક દિવસ રહી ગઢપુર આવી ગયા. લાડુબા, જીવુબા અંતર્દષ્ટિ કરીને મહારાજને અંતરમાં જોતાં, સમીપપણાનો આનંદ પણ અનુભવતાં; છતાં મહારાજનાં પ્રત્યક્ષ દર્શનની તેમની ઈચ્છા મંદ પડતી ન હતી. યોગની પ્રક્રિયાથી મહારાજ અંતરમાં તો દેખાતા હતા પરંતુ પ્રત્યક્ષ સ્વરૂપનાં દર્શન, તેમની સેવા અને તેમની વાતોમાં જે આનંદ અનુભવાતો તે આનંદ આ દર્શનમાં તેમને મળતો નહીં. અંતરના અંતર્યામીના બહાર મૂર્ત સ્વરૂપે દર્શન કરતાં સૌનાં અંતરમાં અનેરો આનંદ વ્યાપી ગયો.

સાંજે મહારાજ અક્ષર ઓરડીની સામેના ચોકમાં સભા કરી બિરાજ્યા. ગઢપુરના પ્રેમી ભક્તો અને સંતો સભામાં બેઠા હતા. તે વખતે દાદાખાચરે મહારાજને પૂછ્યું : "મહારાજ ! આપ ગુજરાતમાં આટલો વખત રહ્યા, વરતાલમાં અન્નકૂટ ઉત્સવ કર્યો, ત્યાંના ભક્તો સાથે અનેક પ્રકારની લીલા કરી તે બધી વાતો અમને કહો."

મહારાજ તેમનો પ્રશ્ન સાંભળી પ્રસન્ન થયા. જ્ઞાનની વાતો કરતાં પણ ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપની વાત સાંભળવાથી ઇંદ્રિયો, અંતઃકરણ સ્થિર થઈ જાય છે અને મૂર્તિનો અદ્‌ભુત આનંદ અનુભવાય છે. દાદાખાચરની ભક્તિની આ સૂક્ષ્મ સમજણથી મહારાજ તેમના તરફ અનિમિષ દૃષ્ટિથી જોઈ રહ્યા.

ગુજરાતની ભક્તિ

પછી મહારાજે ધીરે રહીને કહ્યું : "આજે ગુજરાતમાં જેવી ભક્તિ છે તેવી ત્રણે ભુવનમાં ક્યાંઈ ગોતી જડે તેમ નથી. ગુજરાતના હરિભક્તો અમારી અનુવૃત્તિમાં અખંડ વર્તે છે, અમારી પાસે ને પાસે રાત અને દિવસ ઊભા જ હોય. છેટે જવાની ઇચ્છા જ ન થાય. કથા, વાર્તા, ભજન અને કીર્તન-ભક્તિમાં દિવસ અને રાત્રી ક્યાં વીતી જતાં તેની પણ તેમને ખબર પડતી નહીં. જેમ તેમ જમીને ચલાવી લે. કોઈ વખત અમે પૂછીએ, 'જમ્યા ?' એટલે તરત જ કહી દે, 'હા મહારાજ !' અને ખરેખર તો જમ્યા જ ન હોય ! અતિ ભોળા પણ

ભક્તિના અંગમાં બલિષ્ઠ, અમારી અનુવૃત્તિ સાચવવામાં શૂરવીર; એવા હરિભક્તોની સાથે રહેવામાં અમને પણ ખૂબ આનંદ આવતો.''

મહારાજની આ વાત સાંભળી દાદાખાચરને થયું કે મહારાજના આવા લાડીલા ભક્તોને આપણે અહીં તેડાવીએ, તેમનાં દર્શન કરીએ અને તેમની સેવા કરીને કૃતાર્થ થઈ જઈએ. મહારાજને તેઓ આટલા બધા પ્રિય છે તો મહારાજ તેમની સેવાથી વધુ પ્રસન્ન થશે. એટલે તેમણે કહ્યું : ''મહારાજ ! એ હરિભક્તોને આપણે અહીં તેડાવીએ.''

મહારાજ દાદાખાચરનો ભાવ જોઈ રાજી થયા. તેમણે કહ્યું : ''કંઈ પ્રસંગ હોય તો જ તેઓ આવે. માટે આપણે અહીં ઉત્સવ કરવાનું નક્કી કરીએ તો તેમને બોલાવવાનું બહાનું જડે.''

લાડુબા, જીવુબા અને દાદાખાચર એ ત્રણેએ મળીને વસંતનો ઉત્સવ અહીં જ ઊજવવાનું નક્કી કરી લીધું. ત્રણેએ મહારાજને વાત કરી. મહારાજે તેમનો ભક્તિભાવ અને સમૈયા યોજીને સંત-હરિભક્તોનાં દર્શન-સેવા કરવાનો ખપ જોઈ રાજી થયા. મહારાજે હા પાડી એટલે તે સૌ રાજી થઈને તૈયારીમાં ગૂંથાઈ ગયાં. જીવાખાચર પણ તૈયારીમાં ભળ્યા.

ગઢડામાં વસંતોત્સવ : આ.સં. ૧૮૭૧

વસંતપંચમી આવી. દાદાખાચર અને જીવાખાચરે વસંતની પૂજા કરાવી. ચારે બાજુ પ્રકૃતિએ લીલી ચાદર બિછાવી હતી. વાતાવરણ પ્રફુલ્લિત હતું. વસંતની પૂજા માટે વસંતનો કુંભ બનાવવામાં આવ્યો હતો. પોતાના દરબારમાંથી એ કુંભ જીવાખાચર પોતે માથે લઈને દાદાખાચર સાથે દાદાખાચરના દરબારમાં શ્રીહરિ પાસે આવ્યા. સાથે આવેલા બીજા ભક્તોએ પણ રંગથી ભરેલા કળશ ઊંચક્યા હતા. શ્રીહરિ પાટ પર બિરાજમાન હતા. માથે કળશ મૂકેલા જીવાખાચરને જોઈને મહારાજ મંદમંદ હસ્યા. જીવાખાચરે કળશ મહારાજને ધર્યો અને ચંદન-કેસરથી મહારાજની પૂજા કરી. પછી જીવાખાચરે કેસરના કળશમાંથી કેસરિયો રંગ લઈને મહારાજને રંગી દીધા. મહારાજ અચાનક આ રંગથી આશ્ચર્યમાં પડી ગયા અને પછી તરત જ કેસર ભરેલો કળશ લઈને સંતો-હરિભક્તો પર છાંટવા લાગ્યા. રંગ ખૂટ્યો એટલે બધે ગુલાલ ઉડાડ્યો.

થોડી વાર પછી કેટલાક હરિભક્તો ખારેક, દ્રાક્ષ, ખજૂર, ટોપરાં, સાકર લાવ્યા તે મહારાજે ભીનાં કપડે જ બધાને વહેંચ્યાં. સૌ ધન્ય થઈ ગયા. પ્રસાદ

વહેંચ્યા પછી મહારાજ સંઘ સાથે ઘેલામાં સ્નાન કરવા પધાર્યા. નાહીને દરબારમાં આવી વર્ણીએ બનાવેલો થાળ જમી સંતોને જમાડ્યા.

વસંતના ઉત્સવ પછી મહારાજે સત્સંગ કઈ રીતે કરવો જોઈએ એ સંબંધી એક પત્ર દેશદેશના હરિભક્તો પ્રતિ લખાવ્યો.

આ પ્રસંગે મછિયાવથી ફૈબાનો પત્ર આવ્યો હતો. એમણે મહારાજને ફૂલદોલનો ઉત્સવ મછિયાવ કરવા માટે આગ્રહભરી પ્રાર્થના કરી હતી. મહારાજે એમને સંદેશો મોકલ્યો કે "અમે આવીશું. દેશદેશાંતરમાંથી હરિભક્તોને બોલાવવા કંકોતરીઓ લખી મોકલજો."

ફૈબા, તેમના પુત્ર અને મછિયાવના રાજા બાપુભાઈ આ સંદેશો મળતાં ખૂબ રાજી થયાં. એમણે બધી તૈયારીઓ આરંભી દીધી.

મહારાજે ફૂલદોલના ઉત્સવ ઉપર સૌ કાઠી હરિભક્તોને મછિયાવ આવવા આજ્ઞા કરી. દાદાખાચર પણ તૈયાર થયા. જીવુબા, લાડુબા વગેરે બહેનોને સીધાં મખિયાવ[૬૭] આવવા મહારાજે કહ્યું. આ ઉત્સવ માટેનો ઉત્સાહ મહારાજની વાણીમાં દેખાતો હતો. મહારાજ કહેતા હતા ઠેઠ મુંબઈ સુધીના સંઘને મછિયાવ તેડાવવો છે. ફૈબાનો ભાવ ઘણો છે. તે પ્રમાણે મહારાજે બધે પત્રો લખાવી દીધા.

ગઢપુરથી મહારાજ કાઠી હરિભક્તો સાથે નીકળ્યા. હરિભક્તોનો જે સંઘ સાથે આવવાનો હતો તેમને મહારાજે સીધા સારંગપુર આવવા કહ્યું. મહારાજ ગઢપુરથી નીકળી ઉગામેડી, નિંગાળા, ઝીંઝાવદર થઈ કારિયાણી પધાર્યા. અહીં કાઠી હરિભક્તોને વસ્તાખાચરના દરબારમાં ઉતારો આપ્યો. માતરા ધાધલ, ઘેલા ધાધલ તથા વિસામણ વગેરે કાઠી હરિભક્તો મહારાજની સેવામાં હતા. કારિયાણીમાં વસ્તાખાચર તથા રાઘવ પટેલે સેવા સારી કરી. મહારાજ અહીં જમ્યા અને સાંજે નીકળી સારંગપુર પધાર્યા. અહીં હરિભક્તોનો સંઘ આવી ગયો હતો.

સારંગપુરથી મહારાજ બીજે દિવસે સંઘ સાથે નીકળી ગયા. ગુંદા, જાળીલા થઈને સુંદરિયાણા પધાર્યા. વનાશા, પૂજાશાએ સુંદર પકવાનોની રસોઈ કરાવી સંઘને જમાડ્યો. પછી ત્યાંથી નીકળી મહારાજ અણિયાળી પધાર્યા. લાખાજીના દરબારમાં રાત રહ્યા. રાત્રે સખત હિમ પડ્યું. તેથી સવારે શ્રીહરિએ સૌએ ના કહ્યા છતાં ઠંડા જળથી સ્નાન કર્યું. સૌ આશ્ચર્યવત્ જોઈ રહ્યા !

૬૭. મછિયાવને સ્થાનિક પ્રજા મખિયાવ કહે છે.

મહારાજે તેમને કહ્યું : "તપ કરતાં ટાઢ અને તડકો જો સહન કર્યાં હોય તો ચામડીની ચંચળતા ટળી જાય છે. પછી તાપ પણ નથી જણાતો અને ઠંડી પણ નથી જણાતી."

શિયાળામાં મહારાજ ઘીનાં ચોસલાં જમાડે છે

મહારાજ પ્રાતર્વિધિ કરી તરત જ નીકળી ગયા અને શિયાળ ગામે પધાર્યા. અહીંના વણિક હરિભક્ત મેઘજીના પુત્રો માધવજી અને જેસંગભાઈને મહારાજ પ્રત્યે ખૂબ જ ભાવ હતો. તેમણે મહારાજને કરગરીને પ્રાર્થના કરતાં કહ્યું : "મહારાજ ! આપ ક્યારેય સંત-હરિભક્તોની સાથે અહીં પધાર્યા નથી. આજે આપ સંઘ લઈને આવ્યા છો તો મારો મનોરથ પૂરો કરો."

મહારાજે તેને પૂછ્યું : "તમારો શો મનોરથ છે ?"

તેણે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! અમારે ઘેર દૂઝાણું ઘણું છે એટલે ઘરનું ઘી બરફીના ચોસલા જેવું છે. મારે સૌને સારી રીતે ઘી જમાડવું છે."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "તમારે ઘી જમાડવું છે કે ઘીનાં પકવાન ?"

ત્યારે તેણે કહ્યું : "મહારાજ ! આપ જેમ કહો તેમ."

એટલે મહારાજે કહ્યું : "આ બધા સંઘને બરફીની જેમ ઘીનાં ચોસલાં જમાડો." એમ કહીને મહારાજે સંઘમાં સાદ પડાવ્યો કે "અહીંના વણિક હરિભક્તને સૌને ઘી જમાડવું છે તો સૌ ભાવપૂર્વક યથાશક્તિ જમજો."

ફાગણની ઠંડી તો હતી જ. વળી, બે દિવસ પહેલાં હિમ પડ્યું હતું તેથી ઘી ઠરીને જામી ગયું હતું. માધવજીભાઈએ બરફીના જેવાં તેનાં ચોસલાં કરાવ્યાં. પછી તેની ચોકીઓ ભરીને મહારાજ પાસે લાવ્યા. મહારાજે ઘીનાં ચોસલાં જોયાં. સુગંધ પણ ઉત્તમ હતી. તેમણે કહ્યું : "સંઘમાં ફેરવો. જેમને જે પ્રમાણે જોઈએ તે પ્રમાણે આપો."

ઘીનાં ચોસલાં સંઘમાં ફેરવ્યાં. સૌએ પોતાની શક્તિ પ્રમાણે લીધાં.

બપોરે માધવજીભાઈએ સુખડીની રસોઈ આપી. તે પણ સહુ સારી રીતે જમ્યા. પરંતુ જે ગજા ઉપરાંત ઘી જમ્યા હતા તેમને પેટમાં અકળામણ થવા લાગી. મહારાજને કાને આ વાત આવી. મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "પાત્રમાં સમાઈ શકે એટલું જ ટકે, બીજું તો બહાર નીકળી જાય. માટે તેમને સૌને ગરમ પાણીમાં મીઠું નાખીને પાવ." તે પ્રમાણે તેમની સારવાર કરાવી.

સ્વાદને અર્થે મૂર્તિ ભૂલીને જમે તો દેહને અસર કરે

રાત્રે મહારાજે સૌને ઉદ્દેશીને કહ્યું : "આહાર કરવો ત્યારે જળ અને વાયુની જગ્યા રાખવી એ સૂક્ષ્મ તપ છે. અતિશય આહારથી વાયુનો પ્રકોપ થાય છે, તેથી પ્રાણવાયુ મલિન થાય છે. તેની ઠેઠ મન સુધી અસર થાય છે."

મહારાજના આ શબ્દો સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપ આગ્રહ કરીને જમાડો છો. અમે ના કહીએ છીએ, અમારા પાત્ર સંતાડી દઈએ છીએ તો માથા ઉપર અને શરીર ઉપર દૂધ, દહીં રેડો છો તેનું શું ?"

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "દુર્વાસા ગોપીઓના થાળ જમી ગયા હતા. તેમણે દેહભાવ નહોતો રાખ્યો. સર્વાત્મા બ્રહ્મને ધારીને જમ્યા હતા એટલે સદા ઉપવાસી કહેવાયા. તેમ તમો અમારી મૂર્તિ ધારીને અમે પીરસીએ એટલું જમી જાઓ તો અંદરના અગ્નિ સ્વરૂપે તમારું જમેલું અન્ન અમે પચાવી દઈએ. પરંતુ સ્વાદને અર્થે મૂર્તિને ભૂલીને જમો તો દેહનો ભાવ તેની અસર કરે જ."

સ્વામી સમજ્યા. મહારાજને ભક્તોની દરેક ક્રિયામાં પોતાની મૂર્તિનું અનુસંધાન અખંડ રહે તે સાધના કરાવવાની ઇચ્છા છે. બ્રહ્મસ્વરૂપે વર્તવાની એ જ રીત છે, એ જ યોગ છે અને ભક્તિ પણ એ જ છે.

મહારાજ સવારે સરોવરમાં નાહવા પધાર્યા ત્યારે સરોવરનું જળ પણ ઠંડીને લીધે જામી ગયું હતું. છતાં મહારાજે તે પાણીથી સ્નાન કર્યું. પછી કિનખાબનો સુરવાળ અને ડગલી પહેર્યાં. માથે પાઘ પહેર્યો. બુરાનપુરી કસુંબી રેંટો ધારણ કર્યો. ત્યાંથી સીધા જ મહારાજ દદુકા પધાર્યા. અહીંથી મછિયાવ સંદેશો મોકલ્યો.

મછિયાવમાં ફૂલદોલનો ઉત્સવ

મહારાજ અને સંઘ મછિયાવની નજીક આવ્યા ત્યારે બાપુભાઈ રાજ્યની સેના, નિશાન, ડંકા, વાજિંત્રો લઈને સામા આવ્યા. શ્રીફળ, પુષ્પહાર, કેસર, કુમકુમ વગેરે પૂજાની સામગ્રી પણ લાવ્યા હતા. મહારાજને સૌએ દંડવત્ પ્રણામ કર્યા. મહારાજ માણકી ઉપરથી ઊતરીને તેમને ભેટ્યા. બાપુભાઈએ મહારાજનું પૂજન કર્યું. પુષ્પહાર ધરાવ્યા. હાથમાં શ્રીફળ આપ્યું. પછી વાજતે-ગાજતે દરબારમાં મહારાજને પધરાવ્યા. કાઠી દરબારોને પોતાના વિશાળ દરબારગઢમાં ઉતાર્યા. સંઘના હરિભક્તોને યથાયોગ્ય ઉતારા આપ્યા.

પુષ્પદોલના દિવસે બાપુભાઈએ પોતાના દરબારના વિશાળ પ્રાંગણમાં ફૂલોથી શણગારી સુંદર હિંડોળો તૈયાર કર્યો હતો. મહારાજ પધાર્યા અને તે હિંડોળા ઉપર બિરાજ્યા. હરિભક્તો મહારાજને ઝુલાવવા લાગ્યા. સંતો હિંડોળાનાં પદો ગાવા લાગ્યા. ઉત્સવ માટે બાપુભાઈએ અનેક પ્રકારના રંગોના ચરુ તૈયાર કરાવ્યા હતા. ગુલાલ પણ પુષ્કળ પ્રમાણમાં મંગાવ્યો હતો. મનુષ્યો ઉત્સવપ્રિય હોય છે. ઉત્સવના આનંદમાં તે બીજા સર્વ ભાવો ભૂલી જાય છે. મહારાજ તેથી ઉત્સવો વારંવાર ઊજવતા. એક ઉત્સવ ગયો એટલે બીજો ઉત્સવ – એમ ઉત્સવોની પરંપરા ચાલતી. ભક્તોને પણ તેમાં આનંદ આવતો તેનું મુખ્ય કારણ એ હતું કે દરેક ઉત્સવમાં કેન્દ્રસ્થાને મહારાજ હતા. તેમના સ્વરૂપમાં તેમની વૃત્તિઓ સહેજે જોડાઈ જતી. યોગની વિકટ પ્રક્રિયા સધાવ્યા સિવાય પણ મહારાજના સંબંધે યોગ સધાઈ જતો. ઉત્સવોની આ પરંપરા અખંડ રાખવામાં મહારાજનું આ ધ્યેય હતું.

રંગના ચરુઓ આવ્યા અને મહારાજ હિંડોળા ઉપરથી ઊતર્યા. હાથમાં પિચકારી લઈ મહારાજે હરિભક્તો ઉપર રંગ છાંટવાનું શરૂ કર્યું અને ખેલ મંડાણો. ત્રંબાળું ઢોલ અને ત્રાંસાં ગગડ્યાં. શહનાઈના સૂરો પણ ગાજ્યા. સંતો, હરિભક્તો પરસ્પર રંગે રમવા લાગ્યા. મહારાજને પણ સૌ રંગે રમાડતા હતા. પરંતુ મહારાજ એક અને ભક્તો અનેક તેથી ઘડી ઘડી મહારાજ ભક્તોના ટોળામાં અદશ્ય થઈ જતા. કોઈને ખબર ન પડે તેમ પાછા દેખાતા. દરબારગઢના પ્રાંગણમાં ભક્તોની ભીડ જામી. એક તસુ જેટલી પણ જગ્યા ખાલી દેખાતી ન હતી. સૌ આ દિવ્ય ઉત્સવના આનંદમાં જાણે ઘેલા બની ગયા હોય, મહારાજની મૂર્તિમાં રસબસ થઈ ગયા હોય તેમ દેખાતું હતું ! પરંતુ મહારાજ અદશ્ય થઈ ગયા ! બધા જ આજુબાજુ જોવા લાગ્યા. પણ મહારાજ ક્યાંઈ જડ્યા નહીં.

દેવીપુત્તરને તો દેવીપુત્તર જવાબ આપે

એટલામાં બાજુના ચારણના ફળિયામાંથી અવાજ આવ્યો : "અરે બાપુ ! આજ તો ચારણનું ફળિયું પાવન થઈ ગયું. પુરુષોત્તમ નારાયણ પધાર્યા અને અમારો દિનમાન સુધરી ગયો."

આ સાંભળી સૌ ચારણના ફળિયામાં ગયા. ત્યાં મહારાજ તેની ઓશરીમાં સાંગામાંચી ઉપર ભીને કપડે બેઠા હતા. સૌને જોઈ મહારાજ હસવા

લાગ્યા. બ્રહ્માનંદ સ્વામી બોલ્યા : ''વાન ભીનાં, લૂગડાં ભીનાં.''

એટલે ચારણે પૂરું કર્યું : ''અને ભગવાનના પ્રેમ નીતરતા ભાવથી ચારણનું આંગણીયું ય ભીનું !''

એ સાંભળી બ્રહ્માનંદ ચમક્યા : ''માળો, ચારણ લાગે છે.''

તેણે કહ્યું : ''હા, સ્વામી ! દેવીપુત્તર છું. દેવીપુત્તરને તો દેવીપુત્તર જ જવાબ આપે.''

મહારાજ ઊઠ્યા. સૌને કહ્યું : ''હવે ઉત્સવ પૂરો થયો. ચાલો સૌ સરોવરમાં સ્નાન કરવા.'' એટલે મહારાજની સાથે આખો સંઘ સરોવરમાં સ્નાન કરવા નીકળ્યો.

સરોવરમાં મહારાજે સ્નાનક્રીડા કરી. પછી સફેદ વસ્ત્રો ધારણ કર્યાં અને માણકી ઉપર બિરાજમાન થઈ દરબારમાં પધાર્યા. અહીં ચોતરા ઉપર સુંદર રંગીન પાટ ઢાળી હતી તે ઉપર મહારાજ બિરાજ્યા. સન્મુખ બ્રહ્મચારી, સંતો, પાર્ષદો અને ગૃહસ્થો બેસી ગયા.

એટલામાં સુરતનો સંઘ આવ્યો. તેઓ દરેક ઉત્સવ પ્રસંગે મહારાજ માટે વિવિધ પ્રકારના જરિયાની પોશાક તેમજ સુવર્ણનાં આભૂષણો લાવતા. મહારાજ તેમને જોઈને ઊભા થઈ ગયા. સૌને ભેટ્યા. એ જ વખતે સુરતના ભક્તોએ મહારાજનું પૂજન કર્યું, જરિયાન વસ્ત્રો તથા આભૂષણો ધરાવ્યાં. મહારાજે હસતાં હસતાં પૂછ્યું : ''રસોઈ લાવ્યા છો ને ?''

ભાઈચંદભાઈએ કહ્યું : ''મહારાજ ! આપ સુરત પધારતા નથી એટલે અમારે આપને જમાડવા રસોઈ તો લાવવી જ પડે ને !''

મહારાજે કહ્યું : ''કાલે તમારી રસોઈ. સુરતી જમણનો સ્વાદ સૌને ચખાડીએ.''

હરિભક્તોની સેવા કરવાનો ઉમંગ એ જ ભક્તિ

મહારાજે સૌને સુરતી રસોઈ જમાડી. પછી મહાનુભાવાનંદ સ્વામીને કહ્યું : ''સંઘમાં દેશ-પરદેશથી ઘણા હરિભક્તો આવ્યા છે તો તમારે તેમનું સૌનું ખાસ ધ્યાન રાખવાનું છે. જે કોઈ જમ્યા ન હોય તેને જમાડવા અને કોઈને ખર્ચી જોઈતી હોય તો તે પણ બાપુભા દરબારને કહેશો એટલે તેઓ આપશે.''

મહાનુભાવાનંદ સ્વામી મહારાજના શબ્દો સાંભળતાં ત્યાં જ સ્થિર ઊભા રહી ગયા. તેમના મનમાં વિચારો ઘોળાવા લાગ્યા : ''અહો ! આ સત્સંગમાં

લક્ષાવધિ મનુષ્યો છે તે દરેકની મહારાજ કેવી સંભાળ રાખે છે ! આ સૌના વ્યવહાર અને મોક્ષ બંનેની કાળજી મહારાજને છે !"

એટલામાં મહારાજે સ્વામીના ખભા ઉપર હાથ મૂક્યો અને બોલ્યા : "સ્વામી ! પધારો. ભગવાનને તો અનંત કોટિ બ્રહ્માંડના જે જીવ પોતાને શરણે આવ્યા હોય તેમનું ધ્યાન રાખવાનું હોય છે. માટે વિચાર કરવા માંડશો તો એનો અંત નહીં આવે."

મહાનુભાવાનંદ સ્વામી ચમક્યા ! તેમણે તરત જ હાથ જોડ્યા અને કહ્યું : "મહારાજ ! આ હાલ્યો." એમ કહીને ત્યાંથી સત્સંગીઓની સંભાળ લેવા નીકળી ગયા. મહારાજ તેમને ઉતાવળી ચાલે ચાલતા જોઈ હસવા લાગ્યા. પછી ધીરેથી બોલ્યા : "હરિભક્તોની સેવા કરવા આવો ઉમંગ એ જ ભક્તિ !"

ભક્તિ અને વ્યવહાર જુદાં ન જોઈએ

બાપુભાઈ તથા ફૈબાએ ખૂબ જ ભક્તિભાવથી આ ઉત્સવમાં સેવા કરી. મહારાજ તેમના ઉપર પ્રસન્ન થઈ ગયા. મહારાજે કહ્યું : "બાપુભાઈ ! અમે તમારા ઉપર ખૂબ રાજી થયા છીએ કાંઈક માંગો."

એટલામાં ફૈબા ત્યાં આવ્યાં. તેમણે મહારાજના આ શબ્દો સાંભળ્યા એટલે મહારાજને હાથ જોડી કહ્યું : "મહારાજ ! જેમ દાદાના દરબારમાં આપ ઉત્સવો કરો છો, તેમ અમારા દરબારમાં રહીને પણ ઉત્સવો કરો. હરિભક્તોની, સંતોની સેવા કરવાનો અમને લાભ આપો."

મહારાજ ફૈબાના આ શબ્દો સાંભળી કાંઈ બોલ્યા નહીં. પછી થોડી વારે કહ્યું : "ફૈબા ! અમે તો ભક્તોના શુભ સંકલ્પો પૂરા કરવા જ પ્રગટ થયા છીએ અને એ ભાવથી જ ભક્તો જ્યાં જ્યાં અમને બોલાવે ત્યાં જઈ આવા ઉત્સવો કરીએ છીએ. પરંતુ ભક્તિ અને વ્યવહાર બંને જુદાં જે રાખે તે અમને ન ગમે. ભક્તિ એ જ વ્યવહાર બની જવો જોઈએ અને વ્યવહાર એ જ ભક્તિ બની જવી જોઈએ. આ ભાવમાં કદી ફેર ન પડે તે સાચવવાનું છે."

ફૈબા મહારાજના શબ્દો સાંભળી રહ્યાં.

સાંજે મહારાજ ગામની પશ્ચિમે તળાવ ઉપર પધાર્યા. અહીં નજીકમાં જ કૂવો છે. તેના કાંઠા ઉપર બેસી મહારાજે રંગ મંગાવ્યો, પિચકારી હાથમાં લીધી અને પછી સૌ સખા સાથે મહારાજ ફરીથી રંગે રમ્યા. સારી રીતે રંગોત્સવ કરીને મહારાજ તળાવમાં સ્નાનક્રિયા કરવા પધાર્યા. અહીં પણ સખા સાથે

જળક્રીડા કરી. સૌને બ્રહ્માનંદમાં તરબોળ કરી દીધા. સ્નાન કરી શ્વેત વસ્ત્રો ધારણ કરી મહારાજ માણકી ઉપર બિરાજ્યા. સૌ સખા સંગે કીર્તન-ભક્તિ કરતા મહારાજ શહેરમાં પધાર્યા. દરબારગઢમાં પોતાના મહેલના ઝરૂખામાંથી મહારાજની દિવ્ય મૂર્તિનાં દર્શન કરી ફૈબા કૃતકૃત્ય થઈ ગયાં ! પૂર્ણ પુરુષોત્તમ-નારાયણે આવો અલૌકિક લાભ આપ્યો, શહેર પાવન કર્યું, શહેરના જનોને દર્શન આપી મોક્ષભાગી બનાવી દીધા.

ભક્તિમાં સ્વભાવ આડા આવે તો તેનો ત્યાગ કરવો

મહારાજ દરબારગઢમાં પધાર્યા અને અશ્વ ઉપરથી નીચે ઊતર્યા ત્યાં જ ફૈબા સામે આવીને ઊભાં રહ્યાં. તેમના મુખ ઉપર આનંદ હતો. મહારાજના ચરણકમળમાં સર્વસ્વ અર્પણ કરવાનો ભાવ હતો. તેમણે હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આજે આપે મને કૃતાર્થ કરી દીધી. મારા બાપુભાઈનું, મારા કુટુંબીજનનું, મારી પ્રજાનું આપના સંબંધે કલ્યાણ કરી દીધું. આપ અમારા વ્યવહારના પણ ધણી અને મોક્ષના પણ ધણી ! અમારી નાડ તમારા હાથમાં સોંપી દીધી છે."

મહારાજ આ સાંભળી રહ્યા, પરંતુ મંદમંદ હસતાં કહ્યું : "ફૈબા ! આવો ભાવ એકધારો રહે તે જ કરવાનું છે. ભક્તિમાં સ્વભાવ આડા આવે તો તે ત્યાગ કરી દેવો, પણ ભગવાન થકી કાંઈ અધિક સમજવું નહીં."

ફૈબા ભક્તિમાં તરબોળ બની ગયાં હતાં તેથી મહારાજના આ શબ્દો તેમને સહજ લાગ્યા.

મહારાજ દરબારગઢમાં પૂર્વાભિમુખે જે ઓશરી હતી ત્યાં પધાર્યા. અહીં મહારાજ માટે ઢોલિયો ઢાળી રાખ્યો હતો. ઉપર મશરૂનાં ગાદલાં, રેશમી ઓછાડ, તકિયા, ગાલમસૂરિયાં વગેરે બિછાવી દીધાં હતાં. મહારાજ તે ઉપર બિરાજ્યા. સંતો અને ભક્તો સન્મુખ આવી ગયા.

તમો સૌ મુક્ત છો : તમારામાં પ્રાકૃત બુદ્ધિ જે કરે છે તે માયાને તરતા નથી

સંતો પાસે મહારાજે કીર્તન-ભક્તિ કરાવી. પછી પોતે વાત શરૂ કરી : "અમારા સ્વરૂપની તમારી અલૌકિક સમજણથી જ તમે સર્વે મુક્ત છો. જનોના ઉદ્ધાર માટે જ તમો આવ્યા છો. તમને જે પ્રાકૃત માને છે તેને પ્રાકૃત ફળ મળે

છે."[૬૮] એટલી વાત કરીને પછી મહારાજે સભાને સંબોધતાં કહ્યું : "ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આ ચાર સિદ્ધ થાય ત્યારે એકાંતિક ધર્મ સિદ્ધ થયો જાણવો. શુદ્ધ આહાર, અહિંસા અને બ્રહ્મચર્ય એ ધર્મ છે. માહાત્મ્ય સહિત પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન અને પરમાત્મા પ્રત્યે અસાધારણ પ્રીતિ તે ભક્તિ છે. ભગવાનના સ્વરૂપ વિના બીજે રાગ નહીં તે વૈરાગ્ય અને જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મને તેમના યથાર્થ સ્વરૂપમાં જાણવું તે જ્ઞાન. આ ચાર ગુણ સહિત જે અમારી ભક્તિ કરે છે તેને હું ઉત્તમ ભક્ત માનું છું; પછી તે ત્યાગી હોય/કે ગૃહી હોય."

મહારાજે એટલી વાત કરી એટલામાં ત્યાં ભુજના ગંગારામ મલ્લ આવ્યા. મહારાજને તેમણે દંડવત્ કર્યા. એટલે મહારાજે હસતાં હસતાં કહ્યું : "ગંગારામ ! આ દંડવત્ કરતાં પણ તમારા મલ્લકુસ્તીના દાવ અમારે જોવા છે."

એટલે ગંગારામ મલ્લે બીજા મલ્લોને બોલાવ્યા. મહારાજ સમક્ષ મલ્લકુસ્તીના અનેક દાવપેચ બતાવ્યા. પછી તેમણે કહ્યું : "આમાંના કેટલાક દાવપેચ તો મહારાજે અમને બતાવ્યા છે."

સંધ્યા આરતી બાદ મહારાજ જમવા પધાર્યા. અત્યારે પણ જમણમાં મોતૈયા લાડુ, જલેબી વગેરે હતાં. મહારાજ એ જોઈ બોલ્યા : "આ તો દરબાર કહેવાય, અહીં શી વાતની ખોટ હોય !" એટલું કહી પોતે અલ્પ જમ્યા. પછી હાથ ધોઈ ઊઠ્યા અને બ્રહ્મચારીને કહ્યું : "ચાલો, સંતોની પંક્તિમાં પીરસવા. તેમને ગોળા બહુ ખવરાવ્યા છે. ભૂખ્યા પણ રાખ્યા છે, વ્રત કરાવ્યાં છે, ખટરસનો ત્યાગ કરાવ્યો છે. અમારી દરેક આજ્ઞામાં ટૂકટૂક વર્ત્યા છે. માટે આજે તો સૌને તૃપ્ત કરી દઈએ." એમ કહીને મહારાજે કમરે રેંટો કસીને બાંધ્યો

---

૬૮. परमहंस तुम सब मुक्त रहाये, अलौकिक समज कर ताये ।
जीतनें आगें मुक्त भयेउ, बड़े बड़े समर्थ हि जो तेउ ॥१७॥
तेही तुम सब अबही आयेउ, खचित हमहि कहत रहेउ ।
अपार जनके उद्धारहिता, भोमी पर तुम जन्म लहिता ॥१८॥
प्राकृत जनके जन्म ही जेसा, तुमारे नहि जन्म ही तेसा ।
प्राकृत जन रहाये जीतनां, तुमकुं प्राकृत देखत तितना ॥१९॥
प्राकृत मतिकर सेवत तुमकुं, प्राकृत फल मिलत है तिनकु ।
अलौकिक मति सेवत जन जीतने, अलौकिक फल पावत तितने ॥२०॥
– હરિચરિત્રામૃતસાગર; પૂર-૨૦, તરંગ-૩૫.

અને સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. સંતોને ખૂબ જ પીરસીને જમાડ્યા. સંતો હારી ગયા એટલે મહારાજ હાથ ધોઈને પોતાને ઉતારે પધાર્યા.

✧

ફાગણ વદ બીજને દિવસે મહારાજ મછિયાવથી સંતમંડળ સાથે નીકળ્યા અને સીધા દદૂકા પધાર્યા. અહીંના હરિભક્તો મહારાજને પોતાને ત્યાં પધારવા માટે આમંત્રણ દેવા મછિયાવ આવ્યા હતા. મહારાજ તેમનો ભાવ જોઈ સંતમંડળ અને સંઘ સાથે દદૂકા પધાર્યા. ગામના ભાવિકોએ મહારાજનાં દર્શન કર્યાં. શ્રીહરિનાં દર્શનથી કેટલાકને સમાધિ થઈ જતી, કેટલાકનાં અંતરના સંકલ્પો બંધ થઈ જતા અને અંતરમાં અનિર્વચનીય શાંતિનો અનુભવ થતો, કેટલાક દિવ્યભાવમાં ડૂબી જતા. મહારાજ એવા ભાવિક જનોને આ પ્રકારે દગ્‌ દીક્ષા આપતા. તેમના પૂર્વના સંસ્કાર હોય તો તે જાગ્રત કરતા. કેટલાકના અંતરમાં પોતાનાં દર્શનથી નવા સંસ્કારનાં બીજ વાવી દેતા જેથી ભવિષ્યમાં તે પાંગરે. આત્યંતિક કલ્યાણના ખુલ્લા મૂકેલા અર્ચિમાર્ગે વિશ્વના ભાવિકોને તેમને વાળવા હતા, વાડાબંધી ટાળવી હતી અને બ્રહ્મપથના માર્ગની મજલ કરાવવી હતી. તે માટે જ તેમનું અવિરત વિચરણ હતું. સંતોને પણ પોતે આ હેતુ માટે જ દેશ-પરદેશમાં ફરવા મોકલતા. પગ વાળીને કોઈને બેસવા દેતા ન હતા.

મહારાજ નાના ગામડામાં હંમેશાં ખુલ્લા ઝાડ નીચે કે નદી-તળાવને આરે ઊતરતા. સભા પણ ત્યાં જ કરતા જેથી સૌને દર્શનનું સુખ મળે. અહીં પણ મહારાજ ગામમાં સૌને દર્શન દઈ ગામની બહાર પધાર્યા. ગાડામાં ગાદી-તકિયા બિછાવી મહારાજ માટે આસન તૈયાર કર્યું હતું. તે ઉપર પોતે બિરાજ્યા. સંતો સન્મુખ બેસી ગયા. કીર્તન-ભક્તિની શરૂઆત કરી. મહારાજ પણ સૌ સાથે તાળી વગાડીને કીર્તન ગાતા હતા. એટલામાં સમાચાર આવ્યા કે રસોઈ તૈયાર થઈ ગઈ છે. મહારાજ ઊઠ્યા. સંઘને પણ આજ્ઞા કરી.

મહારાજ જમ્યા પછી હરિભક્તોએ મહારાજની પૂજા કરી. રૂપિયાના થાળ ભેટ ધર્યા. વસ્ત્રાભૂષણો પણ ધરાવ્યાં. સંતોને પણ વસ્ત્રો પહેરાવ્યાં. મહારાજે ભેટના રૂપિયા બ્રાહ્મણોને દીધા. પછી ત્યાંથી નીકળી મહારાજ પાછા મછિયાવ પધાર્યા.

મછિયાવ આવી મહારાજે સંતોનાં મંડળો બાંધ્યાં અને તેમને સૌને દેશમાં ફરવા મોકલ્યાં. મછિયાવમાં મહારાજ પાંચ દિવસ રહ્યા. ત્યાંથી નીકળી મહારાજ શિયાળ ગામે પધાર્યા. અહીં ભક્ત તુલાધારને ઘેર ઊતર્યા. ભાવથી

તેનાં ભોજન જમ્યા.[૬૯] તેનો મનોરથ પૂરો કરી મહારાજ ફરતાં ફરતાં રોજકા થઈને ગઢપુર પધાર્યા.

ગઢડામાં મહારાજે હરિજયંતી તથા ભીમ એકાદશીના ઉત્સવો કર્યા.

✧ ✧ ✧

આષાઢી સંવત ૧૮૭૨નું વર્ષ બેઠું. રથયાત્રાનો ઉત્સવ કર્યો. પછી અહીં દસ-પંદર દિવસે એક વાર મહારાજ જીવાખાચરના દરબારમાં પણ પધારતા. આ દરમ્યાન મહારાજ દાદાખાચરના દરબારમાં નિરંતર શાસ્ત્રો વંચાવી તેનું રહસ્ય લખાવતા અને એનો પત્ર લખાવી સંતોને દેશાંતરમાં મોકલતા.

જન્માષ્ટમી નજીક આવતી હતી. આ વખતે જન્માષ્ટમીનો ઉત્સવ વડતાલ ઊજવવાનો મહારાજનો વિચાર હતો. પરંતુ તે પહેલાં સારંગપુર પધારવા જીવાખાચરનું આમંત્રણ હતું. એથી ત્યાં જવાનું હતું. સાજસમાજ લઈને મહારાજ ગઢડાથી નીકળ્યા અને સારંગપુર પધાર્યા. જીવાખાચરે મહારાજની સાથે આવેલા સંતો-હરિભક્તોની સારી આગતા-સ્વાગતા કરી. એક મહિનો સારંગપુર રોકાઈને શ્રીહરિ વડતાલ જવા માટે નીકળ્યા.

સુંદરિયાણા, ધંધુકા, ખસતા થઈને સવારે ખડોળ પધાર્યા. અહીં તળાવની પાળ પાસે વૃક્ષ નીચે મહારાજે ઉતારો કર્યો. વૈકુંઠાનંદ વર્ણી, નારાયણાનંદ વર્ણી અને રાઘવાનંદ વર્ણી મહારાજની સેવામાં હતા. મહારાજ તળાવમાં સ્નાન કરીને નિત્યવિધિ કરી સભામાં પધાર્યા.

અહીં એક હરિભાઈ નામના વિપ્ર સભામાં આવ્યા હતા. મહારાજે એમની ઓળખાણ પૂછતાં તેઓ વૈકુંઠાનંદ વર્ણીના સગા નીકળ્યા. સાથેના સૌ સંતો-હરિભક્તો સરળ ચિત્તવાળા વર્ણીના સ્વભાવ જેવા જ હરિભાઈને જોઈને પ્રસન્ન થયા. પછી શ્રીહરિએ હરિભાઈને કહ્યું કે "તમે આજે બાટી બનાવો તો

૬૯. આ લીલાપ્રસંગો શ્રીહરિચરિત્રામૃતસાગર પ્રમાણે છે. જ્યારે શ્રીહરિલીલામૃત, કળશ ૭, વિશ્રામ ૮૩માં આ.સં. ૧૮૭૬ની કાર્તિક પૂનમ કારિયાણીમાં કર્યા બાદ શ્રીહરિ મહા માસ સુધી લોયામાં શાકોત્સવ કરે છે અને ફૂલદોલનો ઉત્સવ પંચાળામાં કરે છે એવો ઉલ્લેખ છે. પરંતુ તે પ્રમાણિત લાગતું નથી, કારણ કે શ્રીહરિએ આ.સં. ૧૮૭૬ના માગશર સુદ જેથી વચનામૃતો ગઢડામાં ઉદ્‌બોધ્યા છે. એમાં પ્રથમ પ્રકરણનું ૪૧મું વચનામૃત મહા સુદ પાંચમનું છે ને ફાગણ સુદ ૧૪ તથા ફાગણ વદ ૧એ પણ અનુક્રમે પ્રથમ પ્રકરણનું ૫૯ અને ૬૦મું ઉદ્‌બોધે છે. વળી આ.સં. ૧૮૭૬ના માગશર સુદ ચોથથી આ.સં. ૧૮૭૬ના પ્રથમ જેઠ માસ સુધી શ્રીહરિ લગભગ સતત ગઢડામાં બિરાજમાન છે એ વચનામૃત જોતાં જણાય છે.

તમારા હાથની રસોઈ અમે જમીએ.''

અકારણ મળેલી આવી દુર્લભ સેવાથી હરિભાઈના આનંદનો પાર ન રહ્યો. એમણે તરત જ રસોઈની તૈયારી શરૂ કરી દીધી. મહારાજે સભામાં સંતોને કીર્તન ગાવાની આજ્ઞા કરી. કીર્તન-ભક્તિ પૂરી થયા બાદ મહારાજે કથાવાર્તા કરી. ગામમાંથી દર્શને આવેલા હરિભક્તોએ મહારાજની પૂજા કરી.

એવામાં રસોઈ તૈયાર થતાં હરિભાઈ વિપ્ર મહારાજને બોલાવવા આવ્યા. મહારાજે રસોઈ જોઈ. બાટીની સાથે વૃંત્તાકનું શાક બનાવેલું. મહારાજ સ્નાન કરીને જમવા માટે બાજઠ પર બિરાજ્યા. હરિભાઈ વિપ્ર થાળમાં બાટી અને શાક લાવ્યા. વર્ણી પાણીનો લોટો અને આબખોરો લઈ આવ્યા. મહારાજને જમતા જોવા હરિભાઈ વિપ્ર સન્મુખ બેઠા. હજી મહારાજે જમવાની શરૂઆત કરી નહોતી. હરિભાઈ વિપ્ર સામે આવીને બેઠા એટલે મહારાજે બંને હાથે જમવાની શરૂઆત કરી. ડાબા હાથથી બાટી ને જમણા હાથથી શાક જમવા લાગ્યા. સાથેના કેટલાક હરિભક્તોને થયું કે ''આ હરિભાઈ હજી નવા નવા છે. વળી બ્રાહ્મણ છે એટલે મહારાજની આ મનુષ્યચેષ્ટાથી એમને અવગુણ આવશે.'' પરંતુ હરિભાઈ તો એકીટશે મહારાજને બે હાથે જમતાં જોઈ રહ્યા હતા. જમી રહ્યા પછી મહારાજે ચળું કર્યું. મુખવાસ લેતાં લેતાં મહારાજે એમને થાળ આપ્યો અને પોતાની આ પ્રાકૃત ક્રિયામાં મનુષ્યભાવ ન લીધો એટલે રાજી થયા અને કહ્યું : ''જાઓ, તમારું કલ્યાણ અમે કરીશું.'' હરિભાઈને તો જાણે સહેજમાં મોજ મળી ગઈ !

ખડોળથી મહારાજ પચ્છમ, કમિયાળા, બોરુ, ગલિયાણા થઈને સીંજીવાડા પધાર્યા. અહીં જગરૂપ બારોટને ઘરે રાત રોકાયા. ત્યાંથી સવારે નીકળી સોજીત્રા પધાર્યા. ગોકળભાઈ અને લખાભાઈ પટેલે મહારાજની પૂજા કરી. સોજીત્રાથી મહારાજ ફરતાં ફરતાં તીર્થસ્થાન વડતાલ પધાર્યા.

વડતાલમાં ગોંસાઈ નારાયણગિરિની મેડીએ મહારાજનો ઉતારો રાખ્યો હતો. દરરોજ મહારાજ ત્યાંથી જમવા માટે વાસણ સુથારને ત્યાં જતા.

આ અરસામાં ગ્વાલિયરથી સુખાનંદ સ્વામીના બે ભાઈઓ આવ્યા. મહારાજે તેમને બોલાવી ખબરઅંતર પૂછ્યાં. એમણે બધી વાત કરી.

રહેશે તમારા મુખનું પાણી

૧૮૬૯માં સુખાનંદ સ્વામી એકલા જેતલપુરથી નીકળીને ગ્વાલિયર

ગયા હતા. તેમની જન્મભૂમિ ત્યાં હતી. તેમણે પોતાની જ્ઞાતિને સત્સંગની વાતો કરીને સત્સંગાભિમુખ કરી હતી.

એક વાર તેઓ ફરતાં ફરતાં વૃંદાવન ગયા. અહીં બંગાળના એક કાયસ્થે રાધાકૃષ્ણનું આરસનું મંદિર કરાવ્યું હતું. કાયસ્થ કરોડપતિ હતો એટલે દરરોજ યમુના સ્નાન અને તીર્થ કરવા આવતા - જતા અભ્યાગતોને પકવાન જમાડતો અને પોતે લૂખું અન્ન ખાઈને રહેતો. સુખાનંદ સ્વામીનાં દર્શન કરી તે આકર્ષાયો. એણે બધી વાત પૂછી એટલે સુખાનંદ સ્વામીએ એને મહારાજના મહિમાની વાતો કરી. આ કળિકાળમાં કલ્યાણ કરવા ભગવાન સ્વામિનારાયણ પ્રગટ થયા છે અને લાખો મુમુક્ષુઓ એમના આશરે રહી શુદ્ધ ધર્મ-નિયમમાં રહીને ભગવાન ભજે છે એવી વાત સાંભળી સાત્ત્વિક પ્રકૃતિના આ કાયસ્થને મહારાજનાં દર્શન કરવાની ઇચ્છા થઈ. તેમણે સુખાનંદ સ્વામીને કહ્યું કે "મારો આ પત્ર લઈને મહારાજને મારા વતી વિનંતી કરજો કે મને એમનાં દર્શનની ઘણી ઇચ્છા છે તો દર્શન કરાવે. જો મહારાજની આજ્ઞા મને ત્યાં બોલાવવાની હોય, તો હું ત્યાં પણ આવવા તૈયાર છું." આટલું કહીને કાયસ્થ શેઠે સુખાનંદ સ્વામીને મહારાજને ભેટ ધરવા માટે અત્તરની શીશી આપી અને સાથે મથુરાના પેંડા પણ બંધાવી આપ્યા. સ્વામી એ લઈને ગ્વાલિયર આવ્યા. અહીં સુખાનંદ સ્વામીનો દેહ પડી ગયો એટલે એમના બે ભાઈઓ અત્તરની શીશી લઈને મહારાજનાં દર્શન કરવા વરતાલ આવ્યા હતા.

અહીં મહારાજ જોબન પગીની મેડીએ સવારના સમયે બિરાજમાન હતા. બંને ભાઈઓએ કાયસ્થ શેઠે આપેલી અત્તરની શીશી મહારાજને ધરી. મહારાજે તે ખોલીને જમણા હાથની અનામિકાથી દરેક સંતને નાકે અત્તર ચર્ચ્યું. પછી મહારાજ મંદમંદ હસતાં હસતાં સ્નેહભર્યાં વેણે સંતોને નીરખતાં બોલ્યા : "સંતો ! સાંભળજો, બીજા બધા ભેખ ધૂળધાણી થશે અને એક તમારા મુખનું જ પાણી રહેશે."

સહુ સંતો આ સાંભળી પ્રસન્ન થયા. ઠેઠ અક્ષરધામથી આ પૃથ્વી પર પધારી અનંત જીવોને બ્રહ્મરૂપ કરવા જે સંકલ્પો લઈને મહારાજ પધાર્યા હતા તેમાં નિમિત્ત બનવાનું સદ્‌ભાગ્ય મેળવવા બદલ સહુ સંતો હરખાતા હતા. પૃથ્વી પર ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિથી શોભતા, સાધુતાયુક્ત સાચા સંતો કોને કહેવાય એનું ઉદાહરણ જગત સમક્ષ મૂક્યાનો જે સંકલ્પ મહારાજે કરેલો એમાં સહભાગી થવા બદલ સહુ સંતો કૃતાર્થતા અનુભવતા હતા.

સુખાનંદ સ્વામીના બંને ભાઈઓએ મહારાજને કાયસ્થ શેઠનો પત્ર આપ્યો. પત્ર વાંચી મહારાજે વાત કરી કે અમારે કરોડપતિઓ સાથે ન બને, કારણ કે એમને ધન ને સત્તાનો મદ હોય અને અમારે ભક્તિ અને ત્યાગનો મદ હોય. એટલે કોઈ કોઈને નમી દે નહીં.

પછી એ બંને ભાઈઓએ મહારાજને દીક્ષા આપવાની પ્રાર્થના કરી એટલે બંનેને ત્યાગી કર્યા. થોડી વાર સુધી સંતોએ દુકડ, સરોદા લઈને કીર્તનો ગાયાં. કીર્તનો સાંભળીને મહારાજ પ્રસન્ન થયા અને સોનેરી કસુંબી પાઘ તથા હરિભક્તોએ ધરાવેલી કેવડાની ટોપી મુક્તાનંદ સ્વામીને પ્રસાદી તરીકે આપી.

થોડી વારમાં જ સુરતના હરિભક્તો આવ્યા. તેમણે મહારાજને ઝાંઝર, તોડા, કંદોરો તથા સફેદ ગુડકી અને અંગરખો પહેરાવી પૂજા કરી. મહારાજને મસ્તકે તથા ખભે કસુંબલ ફેંટો પહેરાવી મોગરાના હાર તથા ગુચ્છ ધરાવ્યા.

માનો ચૈતન્યરૂપ તમારું

પછી સંતોએ સરોવરની પૂર્વ બાજુ આંબાના વૃક્ષે હિંડોળો બાંધ્યો હતો તેમાં શ્રીહરિ બિરાજ્યા. સંતો ગરબી ગાતા હતા ત્યારે એની સાથે લટકાં કરીને તાળી પાડી ગરબીમાં મહારાજ તાલ પુરાવતા અને પગેથી ઠેલીને મહારાજ હિંડોળો ઝુલાવતા હતા. ગરબી ગવાઈ રહ્યા પછી મહારાજ દરેક સંતને ભેટ્યા. સંતોએ ચંદન ચર્ચી મહારાજની પૂજા કરી.

મધ્યાહ્ન સમય થવા આવ્યો ત્યારે મુકુંદાનંદ વર્ણી મહારાજને જમવા માટે તેડવા આવ્યા. મહારાજ જમવા પધાર્યા. જમ્યા બાદ સંતોની પંક્તિ કરાવી, હાથમાં લાડુ લઈને મહારાજ ઉત્સાહભેર પંગતમાં પીરસવા આવ્યા. સંતો જમીને સભામાં બેઠા ત્યારે મહારાજે સભામાં વેણ ઉચ્ચાર્યું : "આટલા બધા સંતોમાંથી કેટલા જણ કઠણ વ્રતપાલનમાં આત્માનંદ મુનિ જેવા શૂરવીર છે ?"

આત્માનંદ સ્વામી વચનની મૂર્તિ કહેવાતા. મહારાજનું વચન અણુ જેટલું પણ લોપતા નહીં. મહારાજનો આ પ્રશ્ન સાંભળી બધા ઊભા થઈને હાથ જોડીને કહેવા લાગ્યા : "હે મહારાજ ! અમારે તો જેમ આપ કહો એમ જ કરવું છે. અમે તો અમારાં તન-મન આપને અર્પણ કર્યાં છે. તમારી મરજી હોય એમ જ વર્તવાનો દૃઢાવ અમારે છે. જો આપ કહેતા હો તો અમે આંખનું મટકું ન મારીએ કે ભૂખ્યા રહીએ. જો આપ અમને વસ્ત્રોનો ત્યાગ કરવાનું કહો, તો અમે એમ કરીશું અને આપની ઇચ્છા હોય તો હિમમાં પણ ઉઘાડે શરીરે રહીએ.

આપની જો મરજી હોય તો અમે પાણી પીવાનું પણ છોડી દઈશું. મૌન વ્રત રાખીશું. અમારે તો તમે ન મળ્યા હોત તો હજુ ઘણાં જન્મ-મરણ ભોગવવાનાં હતાં. તેથી આ જન્મે તો આપનું ધાર્યું જ કરવું છે. એટલે અમે તો અમારા મનમાં આપની કૃપાથી એવી હિંમત બાંધી છે કે તમે કહો તે કેમ ન થાય ?"

સંતોની આવી સરળ પણ બળભરી વાતો સાંભળીને મહારાજ પ્રસન્ન થઈ ગયા. મહારાજે કહ્યું : "તમારા વર્તન પરથી અમને જરૂર લાગે છે કે તમે બધા એક એકથી અધિક છો. પણ અમે તમને એક વધુ અગત્યની વાત કહીએ છીએ કે તમે તમને આત્મા માનો. આપણે આત્મા છીએ. આ દેહ તો નાશવંત છે. તે ચૈતન્યના સંબંધે કરીને ચૈતન્ય જેવું દેખાય છે. આત્માનો સંબંધ ન હોય તો તે જડરૂપ જ છે. એટલે આત્મારૂપે વર્તવું ને પોતાને આત્મારૂપ, અક્ષરરૂપ માનીને પુરુષોત્તમ નારાયણની ભક્તિ કરવી એ ચઢિયાતી વાત છે."

વડતાલમાં જન્માષ્ટમી અને દશેરાના ઉત્સવો : આ.સં. ૧૮૭૨

એમ કરતાં જન્માષ્ટમી આવી. સુરતથી હરિભક્તોનો સંઘ આવ્યો હતો તેમણે મહારાજને તાવદાન ભેટ ધર્યું. દેશદેશાંતરથી હરિભક્તોના સંઘ આવી ગયા હતા. તાવદાનમાં બેસીને મહારાજ ધના તળાવે સ્નાન કરવા પધાર્યા. પછી ગામના તળાવથી ઈશાન ખૂણામાં આંબા પર બાંધેલા હિંડોળે મહારાજ બિરાજમાન થયા. હિંડોળો નાનો હતો એટલે મહારાજે નાનું સ્વરૂપ ધર્યું. સૌ વિસ્મિત થઈ ગયા. આ વખતે સંતોએ મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! અમે આપના સારુ જ્ઞાનબાગમાં આંબલા પર એક હિંડોળો તૈયાર કર્યો છે. આપ આજે શ્રીકૃષ્ણ-જન્મ સમયે ત્યાં ઝૂલવા પધારજો."

સંતોનો ભાવ જોઈ મહારાજ મધ્યરાત્રીએ ત્યાં આવીને ઝૂલ્યા. સંતોએ આરતી-પૂજા કર્યાં. હિંડોળાને ફરતો રાસ રચી સંતોએ ગરબીની રમઝટ બોલાવી. નવમીને દિવસે સવારે બધાંએ પારણાં કર્યાં.

ભાદરવા સુદ ચોથના દિવસે મહારાજે જનોઈ બદલી. થોડા દિવસ પછી જળઝીલણી એકાદશી આવી એટલે મહારાજે સૌને ટાડણ સરોવર પર જવા આજ્ઞા કરી. પોતે પણ ઘોડે બેસીને ત્યાં પધાર્યા. મહારાજે વસ્ત્રો બદલી સરોવરમાં ઝંપલાવ્યું. સૌ સંતો પણ સાથે નાહવા પડ્યા અને સરોવરમાં મહારાજને વીંટળાઈને ગોળ કુંડાળામાં રહી કીર્તનો બોલવા લાગ્યા. મહારાજ પણ તાળી વગાડતાં કીર્તનો ઝીલતા હતા. આમ, ઘણી વાર સુધી જળક્રીડા કર્યા

બાદ સૌ બહાર આવ્યા. કોરાં વસ્ત્રો પહેરી મહારાજ પાછા ગામમાં ગોંસાઈ નારાયણગિરિની મેડીએ ઉતારે પધાર્યા.

બીજે દિવસે જોબન પગીએ મહારાજને વિનંતી કરી : "મહારાજ ! આ વખતે દિવાળી, અન્નકૂટ વગેરે ઉત્સવો અહીં જ કરો."

મહારાજ એમની તમન્ના જોઈને રાજી થયા. પરંતુ ગઢડાના વાસીઓનો અંતરનો પુકાર એમને ખેંચતો હતો. ગઢડેથી નીકળ્યા બાદ લગભગ ત્રણેક મહિના થઈ ગયા હતા. એટલે મહારાજે જોબન પગીને કહ્યું : "પગી ! એ ફરી કોઈક વાર. ગયા વખતે અન્નકૂટ અહીં કરેલો. અત્યારે તો શરદપૂનમ કરીને ગઢડા જવાનો વિચાર છે. તમારો ભાવ છે તો તે જરૂર પૂરો થશે."

જોબનને પણ દાદાખાચર અને બહેનોના ભાવની ખબર હતી. એણે કાંઈ વધુ આગ્રહ ન કર્યો. "ભલે મહારાજ ! અમારે આપ રાજી થાવ એમ કરવું છે." મહારાજ એમની સરળતા જોઈ પ્રસન્ન થયા.

દશેરાના દિવસે શમીપૂજન કરવા માટે મહારાજ નીકળ્યા. મહારાજે ભારે ભારે વસ્ત્રાભૂષણ પહેર્યાં હતાં. મહારાજની સાથે સૌ ધારાળા તીર-કામઠાં ધારીને ચાલતા હતા. બામણોલી, મરુંડીયુંપર, નરસંડા, વલાસણ વગેરે આસપાસનાં ગામોના હરિભક્તો આવ્યા હતા. કાઠી દરબારો પણ હથિયાર ધારણ કરીને ઘોડા ખેલાવતા સાથે ચાલતા હતા. મોભાદાર પાટીદારો પણ શણગારેલા ઘોડે ચડીને મહારાજની સવારીમાં અભિવૃદ્ધિ કરતા હતા. આખી સવારી ધારૂ તળાવે આવી. હાલ જ્યાં છત્રી છે ત્યાં મહારાજ અને સૌ સંતો-હરિભક્તો બેઠા. એટલામાં મહારાજની પાસે એક કાઠી દરબાર આવ્યા. એણે મહારાજને હાથ જોડીને કહ્યું : "મહારાજ ! આપની આજ્ઞા હોય તો અમે અમારા ઘોડાના ખેલ દેખાડીએ." મહારાજે હસીને હા પાડી. સૌ કાઠી દરબારો તૈયાર થઈ ગયા. ઘોડાની રમતો એમના લોહીમાં હતી. મહારાજ આ રીતે પણ એમને પોતામાં વધુ હેત થાય એવો ઉપાય કરતા જેથી તેઓ ભગવાનના માર્ગે વધુ આગળ વધે.

કાઠી દરબારો ઘોડા ખેલાવવા મંડી પડ્યા. કોઈ એકલા તો કોઈ સજોડા ઘોડા ખેલાવવા લાગ્યા. આગળ ફૂલનો દડો નાખે અને મારતે ઘોડે આવીને ઘોડા પરથી જ જમીન પર પડેલો દડો ઉપાડી લે. શ્રીહરિ કાઠીઓની આવી ચપળતા જોઈને રાજી થયા. જેની અસવારી ઉત્તમ હોય તેનાં મહારાજ વખાણ કરતા. પછી ત્યાંથી ઉત્તર દિશામાં રહેલા ખીજડાનું પૂજન કરવા મહારાજ પધાર્યા. ગોર ડાહ્યા મહેતા વનમાળીએ પૂજા કરાવી. મહારાજે ત્યાં વિપ્રોને દાન

આપ્યાં અને સભા સ્થળે પાછા પધાર્યા. અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થી સંતોએ સંસ્કૃતમાં શ્લોકોનું ગાન કર્યું. એ સાંભળી મહારાજ ખૂબ રાજી થયા. થોડી વાર સુધી ત્યાં શાસ્ત્રચર્ચા પણ કરાવી. પછી સંધ્યા સમયે સૌ ગામમાં આવ્યા.

બામણોલીથી આવેલા તખા પગીએ મહારાજને ત્યાં વિનંતી કરી કે "મહારાજ ! અમારા બામણોલીમાં શરદપૂનમનો ઉત્સવ કરો."

મહારાજ એના સામું જોઈ રહ્યા. પછી કહ્યું કે "શરદપૂનમ તો અમારા અક્ષરધામનો જન્મદિવસ છે. તે તો ધામધૂમથી ઊજવીશું. તમે જાઓ અને બધી તૈયારી કરો."

શરદપૂનમના દિવસે મહારાજ સાજસમાજ લઈને વડતાલથી નીકળી બામણોલી પધાર્યા. સાથે જોબન પગી, નારાયણગિરિ, રણછોડભાઈ, કુબેરભાઈ વગેરે હરિભક્તો હતા. મહારાજે શરદની ચાંદની જોઈને ખેતરમાં જ ઉતારો કર્યો. બામણોલીના બીજા હરિભક્તો બાદરપગી, જોરાભાઈ, બાજીભાઈ, બનેસંગ, અમરસિંહ વગેરેએ નવા પૌંઆ લાવી દૂધ-સાકર સાથે તૈયાર કરાવ્યા હતા.

મહારાજ સભાના સ્થળે આવ્યા અને સંતોએ શરદનાં કીર્તનો ગાવાનું શરૂ કર્યું. શરદનો ચંદ્ર પોતાની નિર્મળ આભા પ્રસરાવી રહ્યો હતો. સંતોનાં કીર્તનોથી વાતાવરણ દિવ્ય બનતું જતું હતું. મહારાજ પણ કીર્તનો સાથે ગાતાં ગાતાં ડોલતા હતા. બધાની વૃત્તિ એક મહારાજમાં હતી. કીર્તન-ભક્તિમાં સમય ક્યાં પસાર થઈ ગયો એની કોઈને ખબર ન પડી. મધ્યરાત્રીએ મહારાજે આરતી કરી અને ઠાકોરજીને દૂધ-પૌંઆ-સાકર ધરાવ્યાં. પછી પોતે બધા સંત-હરિભક્તોને વહેંચ્યાં. તખા પગીનાં પત્ની ઊજમબાઈ તથા પુત્રી ફૂલબા અને પ્રાણબાએ દૂધ-પૌંઆ તૈયાર કરેલાં તે મુકુંદવર્ણી મહારાજ માટે લાવ્યાં. મહારાજ તે જમ્યા.

પછી ખેતરમાં રાયણના વૃક્ષ હેઠે હિંડોળો બાંધેલો ત્યાં મહારાજ બિરાજ્યા. સંતોએ મહારાજને ઝુલાવ્યા અને પછી હિંડોળાને ફરતે ગોળ કુંડાળું કરીને સંતોએ રાસ લીધો.

બીજે દિવસે ત્યાંથી નીકળી મહારાજ વડતાલ પધાર્યા. વડતાલ થોડું રોકાઈ મહારાજે ગઢડા જવા માટે જોબન પગી, રણછોડભાઈ વગેરેની રજા માગી.

સ્વામિનારાયણની ઘોડી ચોરીને કોણ જાય છે ?

વડતાલથી નીકળી મહારાજ જોળ, વલાસણ થઈને બોચાસણ કાશીદાસના ઘરે બે રાત રહ્યા. ત્યાંથી નીકળી ધર્મજ, વડદલાના સીમાડે

અંબાળી તલાવડીએ સ્નાન કરી ટીમણ કર્યું. ત્યાંથી વડદલા, માણજ થઈ રામોલડી પધાર્યા.

અહીં મહારાજે કૂવા પર જઈને માણકીને પાણી પાયું. ત્યાં ગામમાંથી કરણો ગઢવી આવ્યા. કરણો ગઢવી માણકીને પારખી ગયા કે આ તો સ્વામિનારાયણની ઘોડી લાગે છે. ગઢવી મહારાજને ઓળખતા ન હતા, પણ એક વાર પોતાના મોસાળ નરસંડાથી વડતાલ ગયેલા ત્યારે માણકીએ અસવાર થઈને મહારાજને સ્નાન કરવા જતા તેણે જોયેલા. પાણીદાર માણકી એની આંખમાં વસી ગયેલી. અહીં એ જ માણકીને જોઈને એને થયું કે નક્કી આ કોઈક ચોર સ્વામિનારાયણની માણકી ચોરીને જાય છે. એણે તરત જ પડકાર કર્યો : "એય ! આ કોની ઘોડી ચોરીને જાય છે ?"

બધા કાઠી દરબારો અચાનક થયેલા આ પડકારથી ઘડીભર થંભી ગયા. એટલામાં તો ગઢવી મહારાજ પાસે આવ્યો અને સરક ઝાલી બોલ્યો : "આ ઘોડી તમે ક્યાંથી લાવ્યા છો ?"

બધા કાઠીઓનો હાથ તરવાર પર ગયો. મહારાજે ઈશારો કરી શાંત રહેવા સમજાવ્યું. ગઢવીની લાલ આંખ તરફ જોઈને મહારાજે કહ્યું : "ગઢવી ! આ તો અમારી ઘોડી છે."

ગઢવી કહે : "ભલા ! આમ જૂઠાણું ચલાવ્યે ઘોડી તમારી જઈ જશે ? આ નોય તમારી, હું ઓળખું છું આ ઘોડીને..."

કાઠીઓ આ જીભાજોડીથી અકળાયા. એમને આવી લાંબી માથાકૂટ પસંદ ન હતી. આ બે બદામનો માણસ શું સમજીને મહારાજને જૂઠો કહેતો હશે ? પણ મહારાજ તો શાંત હતા. મહારાજે પૂછ્યું : "ગઢવી ! આ ઘોડી અમારી ન હોય તો કહો કે કોની છે ?"

ગઢવી કહે : "આ ઘોડી પર મેં સ્વામિનારાયણને વડતાલમાં બેઠેલા જોયેલા એટલે આ તેજીલી ઘોડી તો સ્વામિનારાયણની છે. તમે જરૂર હાથ મારી આવ્યા લાગો છો."

કાઠીઓને આ સાંભળી રમૂજ થઈ. મહારાજ પણ મંદમંદ હસ્યા. એક અસવાર આગળ આવ્યો અને ગઢવી સામું જોઈને કહે : "અલ્યા ગઢવી ! આ ઘોડીએ બેઠા એ જ સ્વામિનારાયણ ભગવાન છે. ઓળખ્યા વિના તુત કાણું નાખે છે ?"

ગઢવી ડઘાઈ ગયો, તરત જ એણે મહારાજના પગમાં પડી મહારાજની

માફી માગી : "મહારાજ ! આપને હું ઓળખી ન શક્યો. મારાથી અવિનય થઈ ગયો તો દયા કરીને માફ કરશો."

મહારાજ એનો ભાવ જોઈ રાજી થયા. મહારાજને તે ન ઓળખી શક્યો, પણ મહારાજની માણકી તો મહારાજ માટે જ હોય એવી તેની ભાવના જોઈ મહારાજે તેનો વાંસો થાબડ્યો : "ગઢવી ! અમને તો ભલભલા નથી ઓળખી શક્યા. અમારી લીલામાં ભવબ્રહ્મા જેવા પણ ભૂલા પડી ગયા ત્યારે માણસ તો કોણમાત્ર ? પણ તમારો પક્ષ રાખવાનો સ્વભાવ જોઈને ગઢવી ! અમે તમને અભયદાન આપીએ છીએ." ગઢવી કૃતાર્થ થઈ ગયો.

મહારાજ ત્યાંથી આગળ ચાલ્યા. ઊંટવાળા, સાંસદ, બુધેજ, ગુડેલ, પીપળી, ધોલેરા, નાવડા થઈ બરવાળા વીરાભૂતા વણિકને ત્યાં શીરો-પૂરી અને દહીંનો થાળ જમીને સંત, પાર્ષદ, હરિભક્તોને જમાડ્યા. ત્યાંથી કારિયાણી થઈ મહારાજ અન્નકૂટ પર ગઢડા પધાર્યા.

ગઢડામાં દિવાળી અને અન્નકૂટ ઉત્સવો કર્યા. મહારાજ અહીં વાસુદેવ-નારાયણના ઓરડામાં જુદા જુદા વિષયો પર વાત કરતા.

સ્વરૂપાદ્વૈતનું રહસ્ય

કાર્તિક સુદ નવમીની સાંજની સભામાં મુક્તાનંદ સ્વામીએ મહારાજને પ્રશ્ન પૂછ્યો : "હે મહારાજ ! જીવોનાં કલ્યાણ અર્થે ભગવાન પૃથ્વી ઉપર મનુષ્યાકૃતિ ધારણ કરે છે તે ભગવાન તેમના મૂળ સ્વરૂપમાં સાકાર છે કે નિરાકાર છે ? અથવા બંને છે ? અને સગુણ છે કે નિર્ગુણ છે કે બંને પ્રકારે છે ? વળી તે ભગવાનનું પૃથ્વી ઉપરનું મનુષ્ય સ્વરૂપ અને અક્ષરધામસ્થ દિવ્ય સ્વરૂપ આ બંને સ્વરૂપોમાં શો ભેદ છે ? અહીં સર્વે વૈષ્ણવજનો આવ્યા છે તેમની કેટલીક શંકાઓના નિવારણ અર્થે જિજ્ઞાસાથી આ પ્રશ્નો મેં પૂછ્યા છે તો આપ કૃપા કરી તેના ઉત્તર કરો."

શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામીના આ પ્રશ્નો સાંભળી અત્યંત પ્રસન્ન થયા અને કહ્યું : "સ્વામી ! જેમનામાં સત્ત્વગુણની વિશેષતા હોય તેમને જ ભગવાનના સ્વરૂપને જાણવાની જિજ્ઞાસા થાય. ભગવાન સદા સાકાર જ છે પરંતુ નિરાકાર તો નથી જ. તેમની દિવ્ય આકૃતિ છે તેથી તેવી દૃષ્ટિ જેને નથી થઈ તેઓ ભગવાનને નિરાકાર કહે છે, કારણ તેમને મન તો મનુષ્યને દૃષ્ટિગોચર થાય તે જ સાકાર. વળી, તે જ દિવ્ય સ્વરૂપી ભગવાન મનુષ્ય

સ્વરૂપે જ્યારે પ્રગટ થાય છે ત્યારે પણ દિવ્ય જ હોય છે. તેમની સર્વ ક્રિયા, જન્મ, કર્મ વગેરે સદા દિવ્ય જ હોય છે અને એવા દિવ્યભાવથી જે તે ભગવાનનાં દર્શન કરે છે તે દિવ્યતાને પામી જાય છે. તે અક્ષરધામસ્થ ભગવાન અને અહીં મનુષ્ય સ્વરૂપે વિચરતા ભગવાન આ બંને સ્વરૂપો એક જ છે પરંતુ જુદા નથી. અર્થાત્ એ બંને સ્વરૂપોનું અદ્વૈત છે, પરંતુ જે તે બંને સ્વરૂપોને જુદા માને છે તેમજ ધામના સ્વરૂપને નિર્ગુણ કહે છે અને પૃથ્વી ઉપરના પ્રગટ સ્વરૂપને સગુણ કહે છે તે અજ્ઞાની છે. આ ભગવાનમાં આ લોકના માયિક ગુણો નથી તેથી તે નિર્ગુણ છે અને અક્ષરધામના દિવ્ય ગુણો છે તેથી તે સગુણ છે. આ પ્રમાણે સર્વ વૈષ્ણવોએ સમજવું અને એમ સમજવાથી જ અંતિમ મોક્ષ અથવા બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની સેવારૂપી મુક્તિ પમાય છે.''[૭૦]

ધરમપુરનાં કુશળકુંવરબા શ્રીહરિનાં દર્શન ઝંખે છે

પ્રબોધિની ઉત્સવ પણ દેશદેશાંતરના હરિભક્તોના સંઘની હાજરીમાં ભવ્યતાથી ઉજવાઈ ગયો.

એ વખતે ધરમપુરથી એક કાસદ આવ્યો. એણે મહારાજને પ્રણામ કરીને ધરમપુરનાં રાજમાતા કુશળકુંવરબાના આમંત્રણની વાત કરી.

કુશળકુંવરબા પેટલાદ પાસેના ધર્મજ ગામના રજપૂત મહીડા કેસરીસિંહનાં પુત્રી હતાં. કુશળકુંવરબાને ઉમેદસિંહ નામનો એક ભાઈ પણ હતો. નાનપણથી જ કુશળકુંવરબા ભક્તિભાવમાં તરબોળ રહેતાં. યુવાન વયે એમનાં લગ્ન ધરમપુર નરેશ સોમદેવ સાથે કર્યું. ત્યાં કુશળકુંવરબાને રૂપદેવ નામનો પુત્ર થયો. રૂપદેવના પુત્ર વિજયદેવ થયા. યુવાન વયે જ રૂપદેવનું અવસાન થતાં પૌત્ર વિજયદેવને ગાદીએ બેસાડી કુશળકુંવરબા રાજનું સંચાલન કરતાં અને બાકીનો સમય પ્રભુ ભજનમાં વીતાવતાં.

એક વાર પરમચૈતન્યાનંદ સ્વામી ગઢડાથી રિસાઈને આ બાજુ આવેલા. એમના યોગથી રાણીના પૂર્વસંસ્કાર જાગૃત થયા અને સત્સંગનો રંગ લાગતાં એમને મહારાજનું ચિંતવન થવા લાગ્યું. આ વખતે ત્યાં મુક્તાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી પધાર્યા. એમની પરભાવની અને મહારાજની વાતો સાંભળી રાણીને વધુ રંગ લાગ્યો.

મહારાજ આ બધું જાણતા હતા. એમણે કાસદને કહ્યું : ''તમે રાણીમાતાને

૭૦. આ પ્રશ્નોના વિસ્તારથી ઉત્તર સત્સંગિજીવન; પ્રકરણ ૩, અ. ૨૯માં આપ્યા છે.

જઈને અમારો સંદેશો કહેજો કે અમે ત્યાં અવશ્ય આવીશું અને સાથે તમારા ભાવ પ્રમાણે સૌ સંત, હરિભક્તો, બાઈ-ભાઈને પણ સાથે લાવીશું."

કાસદ પ્રણામ કરીને ધરમપુર જવા નીકળી ગયો.

કાર્તિકના કૃષ્ણ પક્ષમાં મહારાજે ધરમપુર જવા માટે નિશ્ચય કરી લીધો. વડતાલ થઈને ધરમપુર જવાનો એમનો વિચાર હતો.

શ્રીહરિ સેવક મિયાંજીનાં ઘર પાવન કરે છે

થોડા દિવસ બાદ શ્રીહરિ ગઢપુરથી વડતાલ જવા નીકળ્યા. તેમને યાદ આવી ગઈ તેમની સેવામાં અખંડ રહેનાર ભક્ત મિયાંજીની વિનંતી : "મહારાજ ! નિંગાળા પધારીને એક વખત મારું ઘર પાવન કરશો ?"

પોતાના સેવક મિયાંજીનો નિર્માની સ્વભાવ મહારાજના અંતરમાં વસી ગયો હતો. તેમણે એ જ વખતે નક્કી કરી લીધું : "આ વખતે તો મિયાંજીને ઘેર જવું જ. હમણાં જ તે ઘેર ગયા છે અને કોઈ વાત થઈ નથી તેથી એકાએક જઈશું તો તેને પણ આનંદ થશે."

મહારાજે સૌ સંતો, પાર્ષદો તથા કાઠી ભક્તોને ગઢડાથી નીકળતાં કહ્યું : "તમે સૌ વરતાલ આવો. અમે આગળથી જઈએ છીએ." એમ કહી મહારાજે માણકી ઉપર સવારી કરી અને માણકી હણહણતી નીકળી ગઈ ! મહારાજે નિંગાળાના માર્ગ તરફ માણકીનું ચોકડું મરડ્યું. સૌ જોઈ રહ્યા. સૌ સખાને મહારાજે આ જુદો માર્ગ લીધો તેથી આશ્ચર્ય થયું. બ્રહ્માનંદ સ્વામીએ તરત જ કહ્યું : "હજુ લાલાની ઉદાસીનતા ટળી લાગતી નથી. આપણને અંધારામાં રાખી ઊપડી ગયા. પણ આપણને વરતાલ આવવાનું કહ્યું છે તો ત્યાં જઈએ."

માણકી ખેલવતા મહારાજ નિંગાળા પહોંચી ગયા. નિંગાળા ગામમાં દાખલ થતાં મહારાજ એક પછી એક શેરીઓ વટાવતા મિયાંજીને ઘેર પહોંચી ગયા. ઘોડી ઉપરથી ઊતરી ડેલીની સાંકળ ખખડાવી મહારાજે સાદ કર્યો : "મિયાંજી ! ઓ મિયાંજી !"

અને ડેલીનાં કમાડ જાણે આપોઆપ ઊઘડે તેમ એકદમ ઊઘડી ગયાં ! સામે જ મિયાંજી હાથમાં માળા લઈને ઊભા હતા. મહારાજને તેમણે જોયા અને એકદમ પગમાં પડી ગયા. મહારાજનાં બે ચરણારવિંદ પકડી બોલ્યા : "અરે ! દીનાનાથ ! આપને મારાં વેણ યાદ આવી ગયાં ખરાં !"

"કેમ યાદ ન આવે મિયાંજી ? તમારાં વેણ તો અમારા અંતરમાં પુરાઈ

ગયાં હતાં." એટલું કહી મહારાજ મિયાંજીને ભેટી પડ્યા. મહારાજ સાથેના સૌ સંતો અને સખાઓ આશ્ચર્યવત્ આ વિરલ દૃશ્ય જોઈ રહ્યા ! મિયાંજીએ મહારાજ સારુ તેના ફળિયામાં ખાટલો પાથરી દીધો. મહારાજ માટે જ તૈયાર કરેલી નવી નક્કોર રેશમી ધડકી ખાટલા ઉપર પાથરી દીધી. મહારાજ મિયાંજી સાથે વાતે વળગ્યા : "મિયાંજી ! ગઢડાથી નીકળ્યા કેટલા દા'ડા થયા ?"

"મહારાજ ! ચાર-પાંચ જમણ થયાં હશે. પણ મને તો ચાર-પાંચ જુગ જેવડાં થઈ પડ્યાં. અહીં આવ્યો પણ સમજાણું નહીં કે આપે મને શું કામ અહીં મોકલ્યો. અહીં તો બધું સમુસૂતર ચાલતું હતું."

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "કોઈ તમને સંભારતું નો'તું ?"

"અરે મહારાજ ! હું સંભારું તો કોઈ મને સંભારે ને ? અહીં આવ્યો તોય મારા અંતરમાં તો ગઢડું, આ મૂર્તિ, દાદાખાચર, સંતો અને આ માણકીના જ વિચાર આવ્યા કરતા હતા." એમ કહી મિયાંજી અટક્યા. પછી એકાએક બોલ્યા : "પણ હવે સમજાયું મહારાજ ! કે મને આપે શીદ ઘરે મોકલ્યો."

મહારાજ પણ હસ્યા. તેમણે પૂછ્યું : "કહો કેમ મોકલ્યા ?"

"આપ પધારવાના હતા ને ! તે મોરથી મને આંહીં મોકલ્યો."

તેણે મહારાજનું પૂજન કર્યું. સાકરનો પડો અને નારિયેળ મહારાજના ચરણારવિંદ પાસે મૂક્યાં. મહારાજે તે બંને તેને પ્રસાદીનાં કરીને પાછાં આપ્યાં. મહારાજે મિયાંજીને પોતાનાં વસ્ત્રો આપ્યાં. ચરણારવિંદ પાડી આપ્યાં. મહારાજની પોતાના ઉપર આટલી બધી પ્રસન્નતા જોઈ મિયાંજી ગદ્‌ગદ થઈ ગયા. તેમની આંખોમાં આંસુ આવી ગયાં. તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! અમે મુસલમાન રહ્યાં !"

તેમને બોલતા અટકાવીને મહારાજે કહ્યું : "અમારે સરવે સરખા છે. કોઈ હિંદુ કે મુસલમાન જુદા જાણતા નથી." એટલું કહીને મહારાજ ઊઠ્યા.

એટલે મિયાંજી એક કોરો કાગળ લઈ આવ્યા અને મહારાજને કાગળ અને કલમ આપીને કહ્યું : "મહારાજ ! આમાં કાંઈ શબદ પાડી આપો."

મહારાજ તરત જ બેસી ગયા. કાગળ લીધો અને પોતે લખવા લાગ્યા. અર્ધી હિન્દી અને અર્ધી ગુજરાતી લિપિમાં :

"સંમત ૧૮ સે ૭૨ને માગશર સુદ ૧ને દીન મીયાંજી રતનજીએ અમારી પદરામની કરી છે. તેનો મહીમનનો[૭૧] શ્રી સહજાનંદજી તથા દાદાખાચર, સાધુ,

૭૧. મહિમાનો.

બ્રમચારી અને સતસંગી સરવે અમારા સેવકોની સભા થઈ છે. ધુન કરી છે. અમોઈ પ્રસાદી ચરણ પગલાં પાડી આપાં છે. મીયાંજી મુસલમાન છે પણ અમારે સરવે સરખા છે. કોઈ હીંદુ કેં મુસલમાન જાનતા નથી, સર્વે પ્રાની સરખા છે. મીયાંજીએ અમને ઓલખા છે એટલે મારા દાસ સેવક મીયાંજીને અમારા વસન[૭૨] પગ[૭૩] વીગેરે પ્રસાદી આપી છે. આ મઈમા જે કોઈ વાંચસે અથવા દરસન કરછે તો (તે) પ્રાની(ને) અમે અક્સરધામમેં તેડી જાસેં. હમેસ દરસન કરસે તો અમારા તેજમાં[૭૪] જ મલસે." – શ્રી સહજાનંદજી

જેતલપુરમાં ગુપ્તવાસ

મહારાજ નિંગાળાથી નીકળી અરણી થઈ રાયકા, ધવલી પધાર્યા. ત્યાંથી મછિયાવ પધાર્યા. અહીં રાત્રી રહ્યા. બીજે દિવસે સવારે તૈયાર થઈ ગયા. એટલે સૂરસિંહજીએ કહ્યું : "મહારાજ ! એક દિવસ તો રોકાવ."

મહારાજે કહ્યું : "રોકાવાય એવું નથી. તમારે આવવું હોય તો ભેગા આવો નહીં તો જેતલપુર જજો !" એમ કહી મહારાજ નીકળી ગયા.

મોડી રાત્રે મહારાજ જેતલપુર પધાર્યા. ત્યાં ગંગામાના ઘરમાં રામાનંદ સ્વામી છતાંનું મંદિર હતું તેને રામાનંદ સ્વામી 'અક્ષર ઓરડો' કહેતા. કારણ, તે જાણતા હતા કે ત્યાં પુરુષોત્તમ પધારવાના હતા. મહારાજ તેમાં રહ્યા. ગંગામાને કહ્યું : "અમારે છાના રહેવું છે. માટે કોઈને વાત કરશો નહીં."

આ સાંભળી ગંગામાએ ખડકીનું બારણું વાસીને મોટી ભોગળ લગાવી દીધી. મહારાજ આ જોઈને હસ્યા.

મહારાજ વરતાલ પધાર્યા ન હતા તેથી ગઢપુરથી આવેલ કાઠી ભક્તો સોમલાખાચર, સુરાખાચર, અલૈયાખાચર, વસ્તાખાચર, માતરા ધાધલ વગેરેએ મહારાજની તપાસ કરવા જવાનું નક્કી કર્યું. તેમણે પૂછ્યું : "આપણી સાથે બાઈઓ આવી હતી તે બધી ક્યાં ગઈ ?"

એટલે સોમલાખાચરે કહ્યું : "તે તો રસ્તામાંથી જ ગાડાં તારવી જેતલપુરને માર્ગે ગઈ."

આ સાંભળી સૌને લાગ્યું કે કદાચ મહારાજ જેતલપુર પણ ગયા હોય.

---

૭૨. વસ્ત્રો.

૭૩. ચરણારવિંદ.

૭૪. અમારા તેજમાં – અમે જે તેજમાં - ચિદાકાશ રૂપી અક્ષરના પ્રકાશમાં રહ્યા છીએ તે.

સૌ જેતલપુર રવાના થયા.

દીકરા થઈને માને ખોટી પાડો છો ?

અહીં ગંગાદાસ તથા આશજીભાઈ વગેરે હરિભક્તોને ખબર પડ્યા કે મહારાજ પધાર્યા છે એટલે સૌ ગંગામાને ઘેર ગયા. ગંગામાને પૂછ્યું. તેમણે કહ્યું : "ના રે, આંહીં મહારાજ કેવા ? આવ્યા હોય તો આખા ગામમાં ખબર ન પડે !"

તે સાંભળી મહારાજ અંદરથી બોલ્યા : "મા ! અમે રાતના અહીં આવ્યા છીએ ને ના કેમ કહો છો ?"

ગંગામા મહારાજના આ શબ્દોથી ભોંઠાં પડી ગયાં ! મહારાજ બહાર આવ્યા એટલે તેમણે ગુસ્સો કરતાં કહ્યું : "દીકરા થઈને માડીને ખોટી પાડો છો ? તમે જ રાત્રે નોતું કહ્યું કે અમારે છાના રહેવું છે ?"

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "મા ! ભક્તો અમને છાના રહેવા દે તેવા નથી. ગમે ત્યાંથી શોધી કાઢે. જુઓ, હમણાં ગઢપુરથી વાર આવે છે."

એટલામાં સોમલાખાચર, સુરાખાચર વગેરે કાઠી રાજવીઓ આવી ગયા. મહારાજનાં દર્શન કરી સૌ મહારાજનાં ચરણમાં પડી ગયા. ત્યાં તો બળદની ઘૂઘરમાળના અવાજ સંભળાયા. મહારાજે પૂછ્યું : "આ ગાડાં ક્યાંથી આવે છે ?"

"મહારાજ ! એ બધાં આપની શોધ કરવા નીકળ્યાં છે."

અને મહારાજને કાને અવાજ સભળાયો :

મેં તો તમ અર્થે તન કરીયું રે, મેં તો તમ ચરણે ચિત્ત ધરીયું રે,
જોતાં વાટ નહીં આવો વહેલા રે, તજું પ્રાણ લગન થકી પહેલા રે;
કહે મુક્તાનંદ મોરારી રે, વ્હાલા રાખજો ટેક અમારી રે.

"કોઈને એક ઘડી અમારા વગર રહેવાતું નથી. અમારે તો હવે શું કરવું ?" મહારાજ હસીને બોલ્યા.

સુરાખાચરે તરત જ કહ્યું : "મહારાજ ! અમારી ભેળા ને ભેળા રહેવું. બીજું શું કરવું વળી ?"

મહારાજ સમજી ગયા. ભક્તો ભેળા રહેવું એ જ એકાંત !

લાડુબા તથા સૂરપ્રભાદેવીએ મહારાજની સ્તુતિ કરી. મહારાજે તેમને કહ્યું : "તમો સૌ શ્રીનગર જાઓ. તે શહેરની શોભા નીરખશો એટલે તમારી ઉદાસીનતા ટળી જશે."

તે સાંભળી સૂરપ્રભાદેવી બોલ્યાં : "મહારાજ ! શહેરની શોભામાં મન મોહ્યું હોત, તો દુર્ગપુરને એવું મોટું શહેર ન બનાવી દેત ? અમો તો આપની પ્રસન્નતાનાં પ્યાસી છીએ. આપ પ્રસન્ન થઈને દુર્ગપુર પધારો તો જ અમારી ઉદાસીનતા ટળશે."

મહારાજે તેમને કહ્યું : "તમો સૌ વરતાલ આવો. ત્યાંથી ગઢડા જજો. અમો થોડા દિવસ પછી ગઢડા આવીશું." મહારાજના શબ્દોથી સૌને શાંતિ થઈ.

મહારાજ ત્યાંથી સંઘ લઈને વરતાલ પધાર્યા.[૭૫] વરતાલમાં સંતો તથા હરિભક્તો મહારાજને જોઈ તેમની આજુબાજુ ફરી વળ્યા. મહારાજ માણકી ઉપરથી પણ ઊતરી શક્યા નહીં. એટલામાં સોમલાખાચર, નાજા જોગિયા વગેરે આવ્યા અને હરિભક્તોને ખસેડ્યા. મહારાજ આવી ધમાલ જોઈ ફરી ઉદાસ થઈ ગયા ! તેમના મુખના ભાવ ફરી ગયા. કોઈ સાથે બોલ્યા નહીં અને ત્યાંથી સીધા જ વાસણ સુથારને ઘેર પધારી ગયા.

મહારાજની ઉદાસીનતા વધતી ગઈ. સભામાં પધારે ત્યારે વાતમાં પણ ઉદાસીનતાના ભાવ આવે. કીર્તનો પણ એવાં ભાવનાં જ બોલાવે. મહારાજે આવો ભાવ ગ્રહણ કર્યો તેથી સંતોને બીક લાગી પરંતુ મહારાજ પાસે કોઈ બોલી શક્યા નહીં.

અમે સત્સંગમાં હવે રહેવાના નથી

બીજે દિવસે એકાએક મહારાજે સભામાં સંતોને કહ્યું : "અમે હવે સત્સંગમાં રહેવાના નથી. માટે તમો સૌ અમને રાજી થઈને રજા આપો એટલે અહીંથી અમે નીકળી જઈએ."

મહારાજના આ શબ્દો સાંભળી જાણે વીજળી પડી હોય એવો સંતોને આઘાત થયો. કેટલાક તો ત્યાં જ મૂર્છાવશ થઈ ગયા ! અને કેટલાક તો કાંઈ બોલી જ શક્યા નહીં. એટલે ફરી મહારાજે કહ્યું : "તમારો અમારા પ્રત્યેનો પ્રેમ હું જાણું છું. છતાં તમારો એ પ્રેમ પણ અમને બંધનમાં રાખી શકશે નહીં. તેથી જો રાજી થઈને અમને રજા આપશો તો કોઈ વખત પણ આપણો મેળાપ થશે.

---

૭૫. શ્રીહરિલીલામૃત : ૭-૪૯, ૫૦માં શ્રીહરિ ગઢડાથી નીકળીને વરતાલમાં એક માસ ગુપ્ત રહ્યા અને પછી ધર્મપુર તરફ ગયા એવો પણ એક ઉલ્લેખ છે. જ્યારે સત્સંગિભૂષણ : ૩-૨૧, ૨૨ પ્રમાણે શ્રીહરિ ઉદાસ થઈ ગઢડાથી મછિયાવ થઈને જેતલપુરથી વરતાલ આવ્યા એવો ઉલ્લેખ છે.

પરંતુ જો જોરાઈથી રાખવા પ્રયત્ન કરશો તો ભવિષ્યમાં મેળાપ થશે જ નહીં."

મહારાજના શબ્દોથી જેમનાં હૈયાં પ્રફુલ્લિત થતાં, દિવ્ય સુખના આનંદમાં મગ્ન બની જતાં, તેમને મહારાજના શબ્દો અત્યારે બાણ જેવા લાગ્યા. સૌનાં હૈયાં વીંધાઈ ગયાં ! સૌ સ્તબ્ધ બની ગયા ! મહારાજને શું કહેવું ? કેમ મનાવવા ? કેમ રાજી કરવા એ કોઈને સૂઝ્યું નહીં. મહારાજ પણ જાણે શૂન્યમનસ્ક બની ગયા હોય તે ભાવે સભા સમક્ષ જોઈ રહ્યા !

થોડી વારે ભાઈ રામદાસ સ્વામી ઊઠ્યા. ધીરે ધીરે મહારાજ પાસે આવ્યા અને હાથ જોડી ગદ્‌ગદ કંઠે બોલ્યા : "મહારાજ ! આપની આ ઉદાસીનતાનું કારણ અમને તો કાંઈ સમજ્યામાં આવતું નથી. છતાં અજાણતાં પણ અમારો કાંઈ ગુનો થયો હોય તો કરગરીને માફી માગીએ છીએ. આપ જેમ કહેશો તેમ કરીશું; આપની આજ્ઞા, મરજી, રુચિ પ્રમાણે વર્તીશું. છતાં આપને સત્સંગ છોડીને જ જો જવું હોય તો સમગ્ર સત્સંગીઓના પ્રાણ ખેંચી લઈને આપ ખુશીથી પધારો. આપને માટે અમે ત્યાગીઓએ કુટુંબ-પરિવાર છોડ્યાં. ગૃહસ્થ ભક્તોએ પણ આપને પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું. છતાં આપ આપની અનાદિની રીત પ્રમાણે જો નમેરા થઈ અમને સૌને નોંધારા મૂકી ચાલ્યા જશો તો ભવિષ્યના મુમુક્ષુજનો ભગવાનને ભક્તવત્સલ કહેતાં અચકાશે, ભગવાનનાં વચનો ઉપર ભરોસો મૂકતાં પણ બીશે અને ભક્તિનો માર્ગ વેરાન બની જશે. રામે સીતાનો ત્યાગ કર્યો, કૃષ્ણે ગોપીઓનો ત્યાગ કર્યો, વામનજીએ બલિને બાંધ્યો – ભગવાનના આ પ્રકારનાં ચરિત્રોથી ભગવાનનાં ગાણાં ગવાયાં છે. આજે અમે માનતા હતા કે આ સર્વોપરી ભગવાન છે, ભક્તવત્સલ છે, આગલાં સ્વરૂપો કરતાં પ્રકૃતિ કાંઈક જુદી પડે છે. ભગવાનના ભક્તોમાં દોષ દેખતા નથી અને તેના દોષોને ક્ષમા કરી તેને કલ્યાણને માર્ગે આગળ લઈ જાય છે એવી કરુણાની ભાવના છે. આપની સાથેના સંબંધથી આપની પ્રકૃતિનું અમને જ્ઞાન થયું હતું. પણ આજે તો લાગે છે કે અમે ભૂલા પડ્યા હતા."

રામદાસ સ્વામી બોલતા હતા અને મહારાજના મુખારવિંદ ઉપરના ભાવ ફરતા હતા. સ્વામીને લાગ્યું કે મહારાજ થોડા કુમળા બન્યા છે એટલે તરત જ બોલ્યા : "મહારાજ ! ભગવાનના સ્વરૂપમાં બાળ, યુવા કે વૃદ્ધના ભાવ જોવા નહીં એમ આપે જ અમને સમજાવ્યું હતું, પણ આજે અમને જણાય છે કે બાળકની જેમ આપ પણ વારેવારે રિસાઈ જાવ છો. ગઢપુરમાં ઉદાસ થયા પછી મનાયા અને અહીં પધાર્યા ત્યારે પાછો એનો એ જ ખેલ ! આ તે આપે શું

માંડ્યું છે ? આપ તો ચરિત્ર કરો છો એમ જણાશે પણ આપના આ પ્રકારના ચરિત્રમાં અમારા તો પ્રાણ નીકળી જાય છે !''

રામદાસ સ્વામીના શબ્દોની ધારી અસર થઈ. મહારાજ સ્વસ્થ થઈ ગયા અને ઢોલિયા ઉપરથી ઊઠીને એકદમ સ્વામી પાસે આવ્યા અને સ્વામીને ભેટી પડ્યા. બે ઘડી તો કોઈ કાંઈ બોલી શક્યું નહીં. સભા પણ દિગ્મૂઢ બની ગઈ ! મહારાજનો વિયોગ થશે એ ભાવથી સંતો, હરિભક્તોનાં અંતર અકળાઈ ગયાં હતાં, સૌ સૂનમૂન થઈ ગયા હતા. તેમને મહારાજનું આ પરિવર્તન જોઈ હર્ષ થયો, છતાં અંતરમાં હજુ બીક હતી તેથી કોઈ કાંઈ બોલ્યા નહીં.

છેવટે મહારાજ છૂટા પડ્યા. રામદાસ સ્વામીના ચરણસ્પર્શ કરવા નીચે નમ્યા અને સ્વામીએ તરત જ મહારાજનો હાથ પકડી લીધો. મહારાજ ઢોલિયા ઉપર બિરાજ્યા. મહારાજે સભા સમક્ષ કરુણાપૂર્ણ દૃષ્ટિથી જોયું. પછી રામદાસ સ્વામીને કહ્યું : ''સ્વામી ! આપે જો આવા શબ્દો ન કહ્યા હોત તો અમે જરૂર ચાલ્યા જવાના હતા. પરંતુ આપ મોટાભાઈ છો એટલે આપની શિખામણના, ઠપકાના શબ્દોથી અમારી સાન ઠેકાણે આવી ગઈ. અમે તો તમારી પાસે બાળક જેવા જ છીએ અને બાળક વૃદ્ધ પાસે લાડ ન કરે તો કોની પાસે કરે ?'' એટલી વાત કરી એટલે સૌ સ્વસ્થ થઈ ગયા. સૌનાં અકળાયેલાં અંતર શાંત થયાં. સૌને હવે લાગ્યું કે મહારાજની ઉદાસીનતા ટળી ગઈ છે. હવે મહારાજ જશે નહીં.

અમારા સ્વરૂપમાં દોષ દેખાય ત્યારે અમે ઉદાસ થઈએ છીએ

થોડી વારે મહારાજે કહ્યું : ''સ્વામી ! અમારી ઉદાસીનતામાં પણ રહસ્ય રહેલું છે. સત્સંગમાં અંદર અંદર તો ગુણદોષ હોય પરંતુ જયારે અમારા સ્વરૂપમાં દોષ દેખાય ત્યારે અમે ઉદાસ થઈએ છીએ. અમારા સ્વરૂપમાં કલ્યાણકારી ગુણો જ જોવા, અમારું સ્વરૂપ સદા નિર્દોષ અને દિવ્ય જ છે એવું માનવું. તેમાં જ કલ્યાણ છે. પણ જો અમારામાં થોડો પણ દોષ દેખાશે તો એ ભાવ વધતો જશે અને અંતે એવા દોષ દેખનારા કલ્યાણના માર્ગથી પડી જશે.''

મહારાજના આ શબ્દોનું રહસ્ય સૌને સમજાયું. તેમની ઉદાસીનતા પણ કલ્યાણની ભાવના ભક્તોમાં દૃઢ કરાવવા માટે જ હોય છે. ભગવાનનું કોઈ ચરિત્ર મિથ્યા હોતું નથી અથવા મનુષ્ય સદૃશ હોતું નથી. રામદાસ સ્વામીએ સૌના વતી મહારાજની માફી માંગી.

ઉદ્ગીથ ૧૫



ધરમપુરમા વસંતોત્સવ

(આ.સં. ૧૮૭૨, ઈ.સ. ૧૮૧૫-૧૮૧૬)

મહારાજે બીજે દિવસે મુક્તાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામીને બોલાવ્યા. તેમને કહ્યું : "તમે ધરમપુર જઈ આવ્યા. ત્યાંની રાણીને ભાવ છે, વળી પ્રગટ ભગવાન આવીને મારું કાંડું પકડે એવું કહ્યું હતું તો આપણે ધરમપુર જવું જોઈશે. માટે સૌ તૈયારી કરો."

મુક્તાનંદ સ્વામીએ મહારાજની સાથે ધરમપુર જે જે સંતોને લઈ જવાના હતા તેમને તૈયાર થવા કહી દીધું. કાઠી દરબારોને પણ સાથે આવવા કહ્યું. રસ્તો વિકટ હતો, અજાણ્યો પણ હતો તેથી જોબન અને તેમના સાથીઓ સાથે હોય તો તો કાંઈ તકલીફ પડે નહીં. તેમને પણ સાથે આવવા કહ્યું.

પ્રગટ ભગવાન કાંડું પકડશે ત્યારે કલ્યાણ થશે

રામદાસ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : "સ્વામી ! આ ધરમપુર જવાનું કેમ થયું ? અજાણ્યો પ્રદેશ, વિકટ રસ્તો; મહારાજને લઈને ત્યાં જવાનું કોઈ પ્રયોજન છે ?"

સ્વામી આ સાંભળી રહ્યા પછી ધીરેથી તેમણે કહ્યું : "સ્વામી ! પરમચૈતન્યાનંદ સ્વામી ગઢપુરથી રિસાઈને ધરમપુર જતા રહ્યા હતા. પછી મહારાજે મને કહ્યું : 'ચૈતન્યાનંદ સ્વામી જેવા મોટા સદ્ગુરુને તો તમે જ પાછા વાળી શકો. માટે તમે જાઓ અને તેમને પાછા લઈ આવો.' એટલે હું તથા આ ગુણાતીતાનંદ સ્વામી ધરમપુર ગયા. અમે ત્યાં પહોંચ્યા ત્યારે ચૈતન્યાનંદ સ્વામીની હાથી ઉપર સવારી નીકળી હતી. પરંતુ અમને જોઈને તરત જ તેમણે હાથી ઝુકાવવાનું કહ્યું. હાથી ઝૂક્યો. તેઓ નીચે ઊતર્યા અને મને પૂછ્યું : 'સ્વામી ! મહારાજની શી મરજી છે ?' એટલે મેં કહ્યું : 'તમને તેડવા માટે જ

અમને મોકલ્યા છે. માટે ચાલો.' પછી તેમણે કહ્યું : 'સ્વામી ! તમે અહીં રોકાવ. રાણીને ખૂબ ભાવ છે. મહારાજ પ્રત્યે ખૂબ પ્રેમ થયો છે અને તમારી વાતોથી એ પ્રેમના અંકુરો પ્રબળ બની પાંગરશે.' એટલું કહી તેઓ ત્યાંથી મહારાજ પાસે જવા નીકળી ગયા."

"પછી ?" રામદાસ સ્વામીએ પૂછ્યું.

"પછી અમે ત્યાં રહ્યા. રાજ્યનો બ્રાહ્મણ ભાગવતની કથા કરતો. આપણી મર્યાદા સચવાય તે સારુ રાણીએ પડદો નંખાવ્યો હતો. પડદા પાછળ રાણી બેસે અને અમે કથાકાર બ્રાહ્મણ સામે બેસીએ. જ્યારે કથામાં રુક્મિણીહરણનો પ્રસંગ આવ્યો, ત્યારે રાણીએ પડદા પાછળથી બ્રાહ્મણને કહ્યું : 'મહારાજ ! તમે કથા વાંચી વાંચીને આયખું પૂરું કરશો અને હું તમારી કથા સાંભળીને મારું આયુષ્ય પૂરું કરીશ પણ તેથી તમારું કે મારું કોઈનું કલ્યાણ થાય તેમ નથી. એ તો જેમ રુક્મિણીનું ભગવાને કાંડું પકડ્યું, તેમ પ્રગટ ભગવાન જ્યારે આપણું કાંડું પકડશે ત્યારે જ કલ્યાણ થશે.' તે દિવસથી રાણીને મહારાજને ધરમપુર તેડાવવાની લગની લાગી ગઈ હતી. અમે ગઢપુરમાં જ્યારે આવ્યા ત્યારે મહારાજને આ વાત કરી હતી. આજે મહારાજે તેના ભાવને પોષવા તેનું આમંત્રણ સ્વીકાર્યું."

મહારાજ પ્રત્યે રાણીના આવા અપૂર્વ ભક્તિભાવની વાત સાંભળી રામદાસ સ્વામી રાજી થયા.

ધરમપુર તરફ પ્રયાણ

મહારાજે ધરમપુર પત્ર લખાવ્યો હતો તેનો ઉત્તર લઈને રાણીએ મોકલાવેલ પાંચ ક્ષત્રિયો ત્યાં આવી પહોંચ્યા. મહારાજને તેમણે પત્ર આપ્યો. મહારાજે મુક્તાનંદ સ્વામીને પત્ર આપ્યો અને કહ્યું : "વાંચો."

મુક્તાનંદ સ્વામી પત્ર વાંચવા લાગ્યા : "સૌ સંતો, બ્રહ્મચારીઓ, પાર્ષદો, હરિભક્તો તથા સૌરાષ્ટ્રના કાઠી દરબારોને સાથે લઈને પધારશો. લાડુબા, જીવુબાને પણ સાથે લેતા આવશો એટલે તેમનાં દર્શન, સેવા અને સમાગમનો અમને લાભ મળે. આવતા-જતાનો તમામ ખર્ચ અમે આપીશું. માટે કૃપા કરીને સંઘ સહિત જ પધારજો." મહારાજ કુશળકુંવરબાનો ભાવ જોઈ રાજી થયા. બીજે દિવસે વરતાલથી નીકળવાનું નક્કી કર્યું.

બીજે દિવસે મહારાજ સંતો અને હરિભક્તોના સંઘ સાથે વરતાલથી નીકળ્યા. મહારાજે ઘોડેસવાર સાથે જીવુબાને ગઢપુર સંદેશો મોકલાવી દીધો.

મહારાજ વરતાલથી નીકળી બોચાસણ પધાર્યા. અહીં વિમાનિયા કૂવા પાસે કાશીદાસની વાડીમાં મુકામ કર્યો. મહારાજની સાથે નારદીપુરના નાનાભાઈ તથા તેમના ભાણેજ નથુભાઈ હતા. મુકુન્દ બ્રહ્મચારી, જયાનંદ વર્ણી, આનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, પરમચૈતન્યાનંદ સ્વામી, પદ્મનાભાનંદ, સેવાનંદ વગેરે પણ હતા. વડોદરાના નાથ ભક્ત પણ વ્યવસ્થામા મદદ કરવા સાથે હતા. મહારાજને રોકાવું ન હતું એટલે કાશીદાસે સુખડીનું ભાતું બંધાવ્યું.

બોચાસણથી નીકળી મહારાજ સંઘ સાથે મહીસાગર ઊતરી ગવાસદ, સોખડા, દોરા, માસર, ટંકારિયા, અબદર થઈને ઝાડેશ્વર પધાર્યા. ત્યાંથી મીનપુર, કોસાર થઈને તાપી નદી ઊતરી સુરતની નજીક લાલ દરવાજાની પાસે થઈને કોટની રાંગે રાંગે ચાલતા જૂના લખનૌ દરવાજે પધાર્યા. ત્યાંથી બુરાનપુરી ભાગળ આગળ થઈને ઉધના પધાર્યા. અહીં રૂપરામ દેસાઈના વિશાળ ભવનમાં મહારાજ ઊતર્યા.

સુરતના હરિભક્તોને મહારાજ પધાર્યા છે તે સમાચાર મળ્યા એટલે સૌ હાર તથા પૂજાની સામગ્રી અને બરફી વગેરે લઈને ઉધના આવી ગયા. મહારાજનાં દર્શન કરી સૌ પ્રફુલ્લિત થયા. મહારાજને હાર પહેરાવા હરિભક્તો ઊમટ્યા. મહારાજ પણ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા. સૌએ મહારાજને હાર પહેરાવ્યા. બરફીની માટલીઓ ભેટ મૂકી અને મહારાજની સમક્ષ બેસી ગયા.

પોષ માસ હતો એટલે ઠંડી પણ વિશેષ હતી. વળી તે દિવસ સંક્રાતનો હતો એટલે હરિભક્તો તથા અન્ય મુમુક્ષુઓ પણ શુભ પર્વને દિવસે મહારાજનાં દર્શન કરી કૃતાર્થ થવા આવ્યા હતા. મહારાજે અહીં આખી રાત કીર્તન-ભક્તિ કરાવી. તાપણીઓ કરાવી હતી એટલે ઠંડી કોઈને લાગી નહીં.

સુરત ધામધૂમથી આવીશું

સવારે નિત્યવિધિથી સૌ પરવાર્યા એટલે સુરતના હરિભક્તોએ મહારાજનું પૂજન કર્યું. મહારાજને જરિયાન જામો, સુરવાળ, રત્નજડિત મુગટ, કડાં, વેઢ, વીંટીઓ અને મોતીની માળા ધરાવ્યાં. મહારાજે તેમને કહ્યું : "આવા ભારે શણગાર દર વખતે ન ધરાવવા."

એટલે સંઘના મુખ્ય હરિભક્તે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! અમારે તો આપ જુદાં જુદાં ગામોમાં પધારો ત્યાં ફક્ત એક જ વાર શણગાર ધરાવવાનો પ્રસંગ આવે છે. સુરતમાં આપ હો અને વારંવાર ધરાવીએ તો આપનો ઠપકો

માથે ચડાવીએ. પરંતુ સુરત તો આપ આવતા નથી. તારવી દ્યો છો.''

આ સાંભળી મહારાજ હસ્યા. પછી કહ્યું : ''સુરત પણ આવવાનું થશે ત્યારે ધામધૂમ મોટી થશે.''

મહારાજના આ શબ્દોથી સુરતી ભક્તોને અત્યંત આનંદ થયો.

અહીં ગવૈયા દેવાનંદ સ્વામી અચાનક માંદા પડી ગયા. આગળ મુસાફરી કરી શકાય તેવી તેમની સ્થિતિ ન રહી. તેથી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને બોલાવ્યા અને કહ્યું : ''આ સ્વામીની સેવામાં તમે રહો અને આ સુરતના હરિભક્તો સાથે સુરત જાવ. સ્વામીને સુવાણ થાય પછી ધરમપુર આવજો.''

સ્વામી તરત જ દેવાનંદ સ્વામીને લઈને સુરતના હરિભક્તો સાથે સુરત પધાર્યા.

જાનવરથી ચેતતા રહેજો

ઉધનાથી મહારાજ આગળ ચાલ્યા. દસ-બાર ગાઉ આવ્યા એટલે એક નદી આવી. તે ઊતરીને આગળ ચાલ્યા. એટલામાં સાંજ પડી ગઈ. એટલે મહારાજે કહ્યું : ''અહીં મુકામ નાખો.'' પછી શેરડીના વાઢની ઓથે મુકામ કર્યો. હિંસક પશુઓ રાત્રે નીકળતાં એટલે મહારાજે સૌને ચેતવ્યા હતા : ''શિકારી જાનવરથી સૌ સાવચેત રહેજો. તાપણી આખી રાત રાખજો જેથી જાનવર પાસે આવી ન શકે.''

સૌ સ્વસ્થ થયા. મહારાજ રથની અંદર પોઢવાની તૈયારી કરતા હતા એટલામાં દક્ષિણ દિશામાં ચીબરી બોલી. એટલે મહારાજે સુંદર પગીને બોલાવ્યા અને પૂછ્યું : ''પગી ! આ ચીબરી શું કહે છે ?''

સુંદર પગીએ હાથ જોડી કહ્યું : ''મહારાજ ! ચીબરી જે કહે છે તે આપે હમણાં જ સૌને કહી દીધું. વાઘ કે ચિત્તો આજે કોઈનું લોહી ચાખી જશે.''

મહારાજે સૌને ફરી જાગ્રત રહેવા સૂચના આપી. સુંદર પગી આદિ ચોકીદારોને પણ સાવધાનીથી ચોકી કરવા કહ્યું.

મોડી રાત થઈ અને વાઘનો હુંકાર સંભળાયો. મહારાજ એકદમ જાગી ગયા અને સૌને જાગ્રત કરી દીધા. રીડિયા-પડકારા થયા. તાપણીના અજવાળે વાઘને નાસી જતાં સૌએ જોયો. પછી મહારાજે કહ્યું : ''તપાસ તો કરો કોઈને નુકસાન તો નથી કર્યું ને !''

ચોકિયાતોએ તપાસ કરી ત્યારે ખબર પડી કે બળદ ઉપર વાઘે તરાપ

મારી હતી, પણ સૌ જાગી ગયા એટલે બળદ સાધારણ ઘવાયો હતો.

ધરમપુરમાં મહારાજનું ભવ્ય સ્વાગત

સવારે ત્યાંથી સંઘ ઊપડ્યો. ચીખલી થઈને ધરમપુર રાજ્યના તાબાના ગામ પનઝમાં સૌ આવ્યા. અહીં કરમસદના પાટીદાર શામળ પટેલ ઘણાં વર્ષોથી રહેતા હતા. તેમના વિશાળ ભવનમાં મહારાજનો ઉતારો રાખ્યો. તેમણે સાકરનો કંસાર બનાવ્યો. સુરતી રીત પ્રમાણે સૂરણ, રતાળું, ફણસ, કેળાનાં ભજિયાં, અથાણાં વગેરે સામગ્રીઓનો થાળ તૈયાર કરાવ્યો. મહારાજ ભાવથી જમ્યા. સાથેના સંઘના સંતો, હરિભક્તોને પણ જમાડ્યા. અહીંથી ધરમપુર ખબર મોકલી દીધા. મહારાજે બીજે દિવસે સવારે નીકળવાનું સૌને કહ્યું.

ધરમપુરમાં સમાચાર મળ્યા કે ભગવાન સ્વામિનારાયણ સંઘ સાથે ત્યાં પધારે છે. રાજમાતા કુશળકુંવરબા તે સમયે તેમનાં ભત્રીજી જીતબા અત્યંત બીમાર હોવાથી વાંસદા તેમને જોવા ગયાં હતાં. કુંવર વિજયદેવે મહારાજના આગમનના સમાચાર તરત જ વાંસદા મોકલ્યા. મહારાષ્ટ્રીય વિપ્ર જે રાજ્યના દીવાન હતા તેમણે અગાઉથી જ મહારાજના સ્વાગત માટેની તમામ તૈયારીઓ કરી રાખી હતી. રથ, પાલખીઓ, અશ્વો તથા મહારાજ માટે સુંદર સુશોભિત હાથી તૈયાર રાખ્યો હતો. તેમને સમાચાર આપ્યા એટલે તરત જ મહારાજના સન્માનને અર્થે કુંવરને લઈને સેના, પદાતિઓ, ઘોડેસવારો તથા વાજાં વગેરે સાજ સાથે અર્ધો ગાઉ સૌ સામા ગયા.

શ્રીહરિનાં દૂરથી દર્શન થયાં એટલે વિજયદેવ અને દીવાને ઝડપથી પોતાના અશ્વો દોડાવ્યા. મહારાજની સન્મુખ આવ્યા અને અશ્વ ઉપરથી બંને ઊતર્યા. મહારાજનાં ચરણમાં સાષ્ટાંગ દંડવત્ કર્યા. દીવાને મહારાજને કુંવરની ઓળખાણ કરાવી. કુંવરની ભાવભીની મુખમુદ્રા જોઈ મહારાજ તેના ઉપર પ્રસન્ન થયા. તેના માથે બે હાથ મૂક્યા.

પછી કુંવરે તથા દીવાને મહારાજને હાથી ઉપર બિરાજવા વિનંતી કરી. મહારાજ હાથી ઉપર બિરાજ્યા. વિજયદેવ મહારાજની સાથે હાથી ઉપર બેઠા અને મહારાજને ચમર ઢોળવા લાગ્યા. બંધૂકોના અવાજ થયા, નોબતો ગડગડી અને વાજાં વાગ્યાં. મહારાજની પાછળ સદ્‌ગુરુઓ, કોઈ રથમાં તો કોઈ પાલખીમાં એ પ્રમાણે બેઠા. કેટલાક સંતો ચાલતા હતા. પાર્ષદો સંતોની પાછળ ચાલતા હતા. કાઠી ભક્તો પોતાના ઘોડા ઉપર પાર્ષદોની પાછળ ચાલતા હતા.

સૌથી આગળ ધરમપુરની સેના હતી. મહારાજના હાથી આગળ દીવાન અશ્વ ઉપર હતા. સવારી ધરમપુરને માર્ગે ચાલી.

રાજમાતા કુશળકુંવરબાને મહારાજ પધારે છે તે સમાચાર વાંસદામાં મળ્યા એટલે તરત જ તેઓ ત્યાંથી સાંઢણી ઉપર નીકળ્યાં. અગાઉથી જ તેમણે વાંસદા-ધરમપુર વચ્ચેનાં ગામોમાં સૂચના આપી દીધી હતી કે તેઓ વાંસદાથી નીકળે એટલે સાંઢણીઓ ગામોગામ તૈયાર રાખે. તેથી બબ્બે ગાઉએ તેઓ સાંઢણી બદલતા, જેથી પંથના થાકથી સાંઢણી ધીમી ન ચાલે. રસ્તામાં તેમને મહારાજના સંકલ્પો થતા હતા – મહારાજ આવી તો નહીં ગયા હોય ને ? જીતબા બરોબર ટાણે જ ક્યાં માંદી પડી ? મહારાજને, સંતોને તકલીફ પડશે – આવા આવા અનેક વિચારોથી વ્યગ્ર છતાં અંતરમાં મહારાજનાં દર્શનના આનંદથી સભર બની રાજમાતા ધરમપુર પહોંચી ગયાં.

મહારાજની સવારી પણ પહોંચી. તેમને આ ખબર મળ્યા એટલે તરત જ તોપખાનામાં કહેવરાવ્યું : "રાજ્ય ગાજી ઊઠવું જોઈએ."

તેમના વિચારો મહાન હતા, તે પ્રમાણે યોજના અને વ્યવસ્થા પણ કરી રાખી હતી. તોપોના અવાજ થયા, બંદૂકો ફૂટી અને શરણાઈઓ અને ઢોલના નાદથી ધરમપુર શહેર ગાજી ઊઠ્યું.

શહેરના રસ્તાઓ સ્વચ્છ કરાવ્યા હતા. જુદી જુદી કમાનોથી રસ્તાઓ અને ચોક શોભતા હતા. ધજાપતાકાથી તથા આસોપાલવ અને ફૂલોનાં તોરણોથી દરેક ઘર શોભતું હતું. સુગંધિત ધૂપથી હવા માદક બની ગઈ હતી. અટારીઓમાં, ઝરૂખાઓમાં, મહારાજ તથા સંતોનાં દર્શન કરવા સ્ત્રીઓ સુંદર શણગાર ધારણ કરી ઉત્સુકતાથી બેસી ગઈ હતી. પુરુષો પણ, કોઈ વ્યવસ્થા કરવા દોડતા હતા, તો કોઈ હાથમાં પુષ્પની માળાઓ લઈ મહારાજને પહેરાવવા દોડતા હતા – એમ ઉતાવળા ઉતાવળા આ ઉત્સવના આનંદમાં ઘેલા બની ગયા હતા. રાજ્ય સૈનિકો અશ્વો ઉપર બેસી વ્યવસ્થા બરાબર જાળવતા હતા. મહારાજની સવારી ધીરે ધીરે બજારમાંથી પસાર થતી હતી. પુષ્પહારો, પુષ્પો, અક્ષત તથા સોના-રૂપાનાં પુષ્પોથી મહારાજને સૌ વધાવતા હતા. બજારમાં ભીડ ઘણી હતી એટલે કોઈ પાસે આવી શકતું નહીં. છતાં મહારાજની સૌ ઉપર દૃષ્ટિ પડતી અને સૌ કૃતાર્થ થઈ જતા.

સવારી રાજભવનમાં આવી અને ત્યાં સ્થંભી. હાથી ઝુકાવ્યો અને મહારાજ ધીરે રહી હાથી ઉપરથી નીચે ઊતર્યા. સામે જ પુષ્પનો સુંદર હાર

લઈને રાજમાતા કુશળકુંવરબા ઊભાં હતાં. તેમણે મહારાજને હાર પહેરાવ્યો અને ચરણમાં પડી પંચાંગ પ્રણામ કર્યા. પછી મહારાજ સન્મુખ અનિમિષ દૃષ્ટિએ જોઈ રહ્યાં. મહારાજે પણ તેમના સન્મુખ એવી સ્થિર દૃષ્ટિ કરી. મોટા મોટા દેવતાઓને પણ જે દૃષ્ટિનું અમૃત મળ્યું નથી, તે અમૃત આજે રાજમાતા કુશળકુંવરબા સ્થિર નયને પીતાં હતાં. આંખમાંથી હર્ષાશ્રુ ચાલ્યાં જતાં હતાં : "પ્રભુ ! પધાર્યા ? બહુ વાટ જોવડાવી. ઘણા દિવસના વિયોગનો આજે અંત આવ્યો, મહારાજ !" એટલું કહી મહારાજની ચરણરજ લીધી.

રાજભવનના પ્રવેશદ્વારમાં વિદ્વાન વિપ્ર પૂજાસામગ્રી, સુવર્ણનો કળશ વગેરે લઈને ઊભો હતો, તેમણે કુંવર પાસે મહારાજનું રાજોપચારથી પૂજન કરાવ્યું. રાજમાતાએ સુવર્ણ કળશથી વધાવ્યા. પછી બે હાથ જોડી બોલ્યાં : "પ્રભુ ! પધારો." મહારાજ વિજયદેવને ખભે હાથ મૂકી રાજમહેલમાં પધાર્યા.

ભક્તો પહેલાં, મહારાજ પછી

કુશળકુંવરબાએ કરેલી વ્યવસ્થામાં તલમાત્ર પણ ખામી કાઢી શકાય તેવું ન હતું. મહારાજ અને તેમના અંગત સેવકોનો ઉતારો રાજ્યભવનમાં રાખ્યો હતો. બીજા સંતો અને કાઠી દરબારો રાજ્યભવનની આજુબાજુના આવાસોમાં ઊતર્યા હતા. મેનાબાઈ, અમૃતબાઈ, મોટા રામબાઈ વગેરે સ્ત્રીભક્તો રાણીના આવાસમાં ઊતર્યાં હતાં. સંતો, હરિભક્તો, પાર્ષદો સૌ માટે રાણીએ જે વ્યવસ્થા કરી હતી તેમાં તેનો મહારાજ પ્રત્યેનો ભક્તિભાવ દેખાતો હતો. કેવળ મહારાજની જ નહીં, પરંતુ તેમના તમામ નાના-મોટા ભક્તોની સેવા-સરભરા એટલા જ ભાવથી થવી જોઈએ. તેમાં જ મહારાજ પ્રત્યેની ભક્તિ છે. તેઓ વારંવાર રાણીવાસમાં તથા તેમના અમલદારો, અનુચરોને આ પ્રમાણે કહેતાં : "ભક્તની સરભરામાં ખામી આવશે, તો મહારાજ ઉદાસ થઈને ચાલ્યા જશે. ભક્તો પહેલા મહારાજ પછી."

આપ અનંત અવતારોનું મૂળ છો

રાજમાતા કુશળકુંવરબાના અંતરમાં હર્ષ સમાતો ન હતો. જેમનું વર્ણન સાંભળ્યું હતું તેમનાં પ્રત્યક્ષ દર્શન થયાં, જેવો પ્રતાપ જાણ્યો હતો તેથી વધુ પ્રતાપનો પ્રથમ દર્શને અનુભવ થયો. તેમણે પરમચૈતન્યાનંદ સ્વામીની વાતો સાંભળી હતી. મુક્તાનંદ સ્વામીની અને ગુણાતીતાનંદ સ્વામીની વાતો સાંભળી

હતી. ગુણાતીતાનંદ સ્વામીની વાતોના મહારાજના સર્વોપરી સ્વરૂપના શબ્દો આજે તેમને સાકાર થતા લાગ્યા. ધીરે ધીરે તે વાતોનું તે મનન કરતાં હતાં. ત્યાં અચાનક મહારાજ તેમની સામે આવીને ઊભા રહ્યા : "રાજમાતા ! શું વિચારમાં છો ?"

કુશળકુંવરબાએ એકદમ ઊંચું જોયું, મહારાજને જોયા. એકદમ સ્વસ્થ થઈ ગયાં. ઊઠીને પંચાંગ પ્રણામ કર્યા અને હાથ જોડીને કહ્યું : "મહારાજ ! હું આપના જ વિચાર કરતી હતી."

"હા, એ સિવાય તમારા અંતરમાં બીજું છે જ નહીં." મહારાજ બોલ્યા.

"હા, પ્રભુ ! આપના સંતોએ મારા અંતરમાં આપની મૂર્તિ સિવાય બીજું રહેવા દીધું નથી. તેમની વાતોના શબ્દનો આજે મને સાક્ષાત્કાર થયો."

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "એ કંઈ સમજાયું નહીં."

"તમને નહીં સમજાય, કારણ કે તમારે તમારું સ્વરૂપ છૂપું રાખવું છે. આપનું સ્વરૂપ યથાર્થ સમજવાનું અમારા જેવા જીવોનું ગજું નથી. એટલે આપ બધાને ભ્રમમાં નાંખો છો, ન સમજાય તેવું બોલો છો." કુશળકુંવરબા બોલ્યે જ જતાં હતાં.

મહારાજ પલંગ ઉપર બેસી ગયા. કુશળકુંવરબા મહારાજની સન્મુખ નીચે બેઠાં. મહારાજે પૂછ્યું : "તમને ક્યારે અનુભવ થયો કે અમે ન સમજાય તેવું બોલીએ છીએ ?"

"તમારા સંતોએ કહ્યું : 'ક્યારેક તમે તમોને આચાર્ય તરીકે ઓળખાવો છો, વળી સદ્‌ગુરુ પણ કહો છો અને પાછા તમારા સર્વનો ઇષ્ટદેવ છું, એવી વાતો પણ કરો છો. ક્યારેક અત્યંત દિવ્યભાવમાં આવો છો ત્યારે તમારા સર્વોપરી સ્વરૂપની પણ ઓળખાણ કરાવો છો. પરંતુ તમારી આવી વાંકી વાતોમાં હું ભરમાઉં તેમ નથી. હું તો સમજું છું કે તમે અનંત અવતારોનું મૂળ છો અને અક્ષરના આધાર છો."

મહારાજ ધ્યાનથી સાંભળતા હતા. તેમના મુખ ઉપર સ્મિત ફરકતું હતું. તેમણે અચાનક પૂછ્યું : "આવું તમને કોણે શીખવાડ્યું ?"

કુશળકુંવરબાએ કહ્યું : "મહારાજ ! ઉપાસનાની વાતો શીખવાડી શીખાતી નથી. તમે ભલે તમારી મોટપ ન કહો, પરંતુ સૂર્ય ઉદય થાય છે ત્યારે તેનો પ્રકાશ જ કહે છે કે સૂર્ય ઉદય થયો અને અંધારું ગયું. અત્યારે જે જે આપના પ્રસંગમાં આવ્યા છે તે દરેકના અંતરનું અંધારું દૂર થઈ ગયું છે,

પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું છે અને આપના સ્વરૂપની નિષ્ઠા થઈ ગઈ છે. કેવળ આપની કૃપા અથવા આપના મોટા સંતની કૃપાથી જ આ સમજાય છે.''

''તમને એવા સંત ભેટી ગયા લાગે છે.'' મહારાજે હસતાં હસતાં કહ્યું.

''હા, મુક્તાનંદ અને ગુણાતીતાનંદ. બંને અહીં રહ્યા હતા. ગુણાતીતાનંદ સ્વામી નાના છે પણ તેમની વાતોમાં આપના સર્વોપરી સ્વરૂપના શબ્દો ઘણા આવે છે. તેમની વાતો મારા અંતરમાં ઊતરી ગઈ છે !'' કુશળકુંવરબાએ કહ્યું.

મહારાજ પણ તેમની સમજણથી પ્રસન્ન થયા.

એટલામાં કુશળકુંવરબાએ મહારાજને કહ્યું : ''મહારાજ ! આપ પધાર્યા; સંતો, પાર્ષદો અને ગુજરાતના હરિભક્તો પધાર્યા; પરંતુ કાઠિયાવાડના ભક્તો નથી આવ્યા. તેમને તેડાવો તો અમને તેમની સેવાનો લાભ મળે. આપ કાઠિયાવાડી ભક્તોનાં બહુ વખાણ કરો છો : ભોળા, આંટીદાર અને શૂરવીર. તો અમને તેમનાં દર્શન થાય તેવી દયા કરો. તેમને સૌને તેડાવો. જે ખર્ચ થશે તે રાજ્ય આપશે.''

મહારાજે કહ્યું : ''જુઓ, કાઠિયાવાડના ભક્તો આવે તો તેમની સાથે કિંમતી ઘોડાઓ હોય, તેનું દાણ રસ્તામાં લાગે. વળી, પગે ચાલીને આવે તેમને રસ્તામાં લૂંટાવાનો પણ ભય ખરો. માટે તે સંકલ્પ માંડી વાળો.''

''મહારાજ ! દાણ રાજ્ય ચૂકવશે. દસ દસ ગાઉએ ચોકી મૂકી દઈશ એટલે લૂંટાવાનો ભય નહીં રહે. માટે તેમને સૌને તેડાવો !'' રાજમાતાએ ગદ્‌ગદ કંઠે કહ્યું.

મહારાજે રાજમાતાનો ભાવ પારખ્યો. વળી તેમની સેવાભાવના, તેમની ભક્તિના બીજાને પાઠ શીખવવા કાઠિયાવાડના ભક્તોને તેડાવાનું કબૂલ્યું.

મહારાજે તરત જ આત્માનંદ સ્વામીને બોલાવ્યા. તેમણે કહ્યું : ''સ્વામી ! રાજમાતાનો આગ્રહ છે એટલે દુર્ગપુર પત્ર લખો અને ત્યાંના હરિભક્તોને અહીં તેડાવો. જે અમારાં દર્શન વગર અકળાતા હશે તે આવશે અને જે લાંબા પંથના ભયથી મૂંઝાશે તે નહીં આવે.''

આત્માનંદ સ્વામીએ તરત જ મહારાજની આજ્ઞા પ્રમાણે કાગળ લખી દીધો અને ખેપિયા સાથે રવાના કર્યો.

મેં તમારો અપરાધ કર્યો છે

મહારાજને ધરમપુર આવ્યાને બે દિવસ થઈ ગયા હતા. રાજમાતા

કુશળકુંવરબાને અંતરમાં આનંદ સમાતો ન હતો. તેમની દૃષ્ટિ કેવળ શ્રીજીમહારાજ તરફ જ હતી અને મહારાજની પાછળ પાછળ તે ફર્યા કરતાં એટલે બીજું શું બને છે તેનો તેમને ખ્યાલ રહેતો નહીં. એક દિવસ અચાનક તે મહારાજ પાસે આવ્યાં અને પ્રાર્થના કરતાં કહ્યું : "મહારાજ ! મેં આપનો અપરાધ કર્યો છે તેની માફી માગવા આવી છું."

મહારાજે તરત જ ઊંચે જોયું અને પૂછ્યું : "તમે કોઈ અપરાધ કર્યો હોય એવો અમને તો ખ્યાલ નથી. માટે શું થયું છે તે કહો."

રાજમાતાએ કહ્યું : "મહારાજ ! હું આપની સેવામાં રહી એટલે સંતોનું ધ્યાન રાખી શકી નહીં. સંતો હાથે રસોઈ બનાવે, રસોઈ અર્ધી કાચી બને તેથી સંતો માંદા થઈ ગયા છે. એટલે કાલથી ચાર બ્રાહ્મણો રોકી દીધા છે અને હું જાતે જ રસોઈ ઉપર દેખરેખ રાખીશ."

તેમનો ભાવ જોઈ મહારાજ પ્રસન્ન થયા. મહારાજે રમૂજ કરતાં કહ્યું : "આ અમારા બ્રહ્મચારી છે તે લોઢી ઉપર રોટલા બનાવે છે. કાઠિયાવાડમાં તાવડી ઉપર બનાવે એટલે બરોબર ચડી જાય અને ફૂલીને દડા જેવા થાય. લોઢી ઉપર અર્ધા કાચા રહે. અમે તેને કહ્યું : 'આ રોટલા અર્ધા કાચા રહે છે.' ત્યારે તે કહે : 'જઠરના અગ્નિમાં પાકા થઈ જશે ! ત્યાં પણ તમારું જ કામ છે ને !' અહીં બરોબર પકવે નહીં અને જઠરમાં અમને સેવામાં જોડે. ભારે અડબંગી છે."

રાજમાતા આ સાંભળી હસવાં લાગ્યાં. તેમણે કહ્યું : "મહારાજ ! અહીંનું પાણી જ એવું છે કે જઠરમાં તમારું કાંઈ ચાલે નહીં. એટલે સંતો માંદા પડી ગયા."

લાજ એ ધર્મની બહેન છે

બીજે દિવસે ખાંડના લાડુની રસોઈ બનાવી હતી. મહારાજ તો જમીને પોઢી ગયા હતા. સંતો જમવા બેઠા ત્યારે આનંદ સ્વામી મહારાજ પાસે ગયા અને કહ્યું : "દયાળુ ! સંતોની પંક્તિ પડી ગઈ છે, આપ પીરસવા પધારો."

પરંતુ મહારાજ કાંઈ બોલ્યા નહીં. તેથી આનંદ સ્વામી સંતોની પંક્તિમાં ગયા અને પોતે પીરસવા લાગ્યા. એટલામાં મહારાજ પધાર્યા. રાજમાતા દૂરથી મહારાજનાં દર્શન કરતાં બોલ્યાં : "મહારાજ ! સંતો પાસે બહુ તપ કરાવ્યું છે એટલે અહીં હવે સૌ સંતોને છ માસ રાખવા છે અને રોજ નવી નવી રસોઈ જમાડવી છે."

મહારાજ સંતોની પંક્તિમાં ફરતા હતા. આનંદ સ્વામી લાડુ પીરસતા હતા. ત્યાં વળી કુશળકુંવરબાએ ફરી કહ્યું : "મહારાજ ! ખાંડના લાડુ છે એટલે સંતોને આજ્ઞા કરો કે પાણી ન નાખે, નહીં તો પચવા કઠણ પડશે."

તે સાંભળી મહારાજ બોલ્યા : "આજે સંતો બહુ આનંદમાં દેખાય છે."

એટલે કુશળકુંવરબા સમજ્યાં કે સંતોને છ માસ રાખવાનું કહ્યું તેથી આનંદમાં દેખાય છે. પરંતુ સંતો મહારાજના શબ્દનો મર્મ સમજી ગયા કે અન્નમાં પાણી ન લેવાની રાજમાતાએ વિનંતી કરી તેથી સંતો રાજી થયા છે. સૌ સંતો શરમાઈ નીચું જોઈ ગયા. તેમણે મહારાજની નિઃસ્વાદી ધર્મ પાળવાની આજ્ઞા હતી તેનો લોપ ન કર્યો.

સાંજે મહારાજે સભા કરી. સૌ સંતો, હરિભક્તો અને ગામના ગૃહસ્થો પણ સભામાં આવી ગયા. થોડી વાર કીર્તન-ભક્તિ કરાવી પછી મહારાજે વાત કરતાં કહ્યું : "લાજ એ ધર્મની બહેન છે. સદાચારનો એ ગઢ છે. જેનામાં લાજ હશે તે ધર્મથી કોઈ દિવસ પડશે નહીં. આજે સંતોને સહેજ મર્મના શબ્દો કહ્યા ત્યાં સૌ શરમાઈ ગયા અને નીચું જોઈ ગયા. એમ સંતોમાં લાજ છે તો તેમના આચરણમાં ધર્મ છે. તેમની સાધુતાનો આ એક સદ્‌ગુણ છે."

સુરતનો સંઘ આવે છે

બીજે દિવસે સુરતનો સંઘ આવ્યો. મહારાજે તેમને કહ્યું હતું કે "ધરમપુર આવજો." મહારાજના વચનમાં સદા તત્પર રહેનાર સુરતના ભક્તો મહારાજ જ્યાં જ્યાં સમૈયા-ઉત્સવ કરતા ત્યાં પહોંચી જતા. સુરતી મીઠાઈઓ, સુરતની મશહૂર જરીના વિવિધ પોશાક મહારાજની સેવામાં અર્પણ કરતા. આ વખતે પણ તેઓ આ ભેટ મહારાજ માટે લાવ્યા. મહારાજને વસ્ત્ર ધરાવવા ઊભા થયા એટલે મહારાજે કહ્યું : "અત્યારે નહીં. સાંજે પૂજન કરજો. તે વખતે તમારો પોષાક પહેરીશું."

સાંજે કુમાર વિજયદેવ મહારાજ માટે અશ્વ લઈ આવ્યા. મહારાજે નાજા જોગિયાને કહ્યું : "તમે ઘોડા ઉપર ચડીને પછી અમને કહો કે ઘોડો અમારે બેસવા લાયક છે કે નહીં."

નાજા ભક્ત મહારાજની આજ્ઞા પાળી ઘોડા પર ચઢ્યા. થોડે દૂર ફરીને આવ્યા પછી મહારાજને કહ્યું : "મહારાજ ! ઘોડો છે તો જાતવાન, પણ થોડો માંદો છે."

મહારાજે ઘોડાની પાસે આવી તેની પીઠ થાબડી. આ દિવ્ય સ્પર્શથી ઘોડો હણહણ્યો. તેની કેશવાળી હલી. કાનસૂરી સ્થિર થઈ ગઈ. મહારાજે કહ્યું : "ઘોડો ખરેખર જાતવાન છે. બીજા પ્રસંગે સવારી કરીશું."

એટલામાં વિજયદેવે કહ્યું : "મહારાજ ! હાથી શણગાર્યો છે. આપ બિરાજો તો હનુમાનજીનાં દર્શને જઈએ." કુંવરનો વિવેક જોઈ મહારાજ હસ્યા.

હાથીની સવારીમાં શોભે એવો પોષાક છે

એટલામાં સુરતના સંઘના હરિભક્તો મહારાજની દૃષ્ટિએ પડ્યા. મહારાજે તેમને કહ્યું : "તમોએ આણેલ પોષાક લાવો. હમણાં જ પૂજન કરો અને પોષાક ધરાવો. હાથીની સવારીમાં શોભે એવો પોષાક છે."

મહારાજના શબ્દો સાંભળી સુરતના હરિભક્તો તો ગાંડાઘેલા થઈ ગયા. આમતેમ દોડાદોડી કરવા લાગ્યા. તેમને આમ દોડતા જોઈ મહારાજ હસવા લાગ્યા. તેમણે કહ્યું : "જુઓ, આ પ્રેમી ભક્તો ભાન ભૂલી ગયા છે. પોષાક ક્યાં મૂક્યો છે, કોણે મૂક્યો છે તેની તેમને ગમ નથી." એટલું કહીને મહારાજે તેમને કહ્યું : "જાઓ, મુકુન્દ બ્રહ્મચારીને મળો. સવારે પોષાક તમે જ તેમને આપ્યો છે."

એટલામાં સામેથી જ બ્રહ્મચારી પોષાકની પેટી લઈને દોડતા આવતા દેખાયા. મહારાજે તેમને જોઈને કહ્યું : "જુઓ, આ બ્રહ્મચારી અમારા ભાવ કેવા સમજી જાય છે ? પોષાક લઈને આવે છે !"

બ્રહ્મચારીએ પોષાકની પેટી સુરતના હરિભક્તોને આપી. મહારાજ તેમની સન્મુખ ઊભા રહ્યા. હરિભક્તોએ કહ્યું : "મહારાજ ! આપ બેસો એટલે પૂજન કરીએ."

મહારાજે કહ્યું : "પછી હાથી ઉપર બેસવું જ છે ને ! માટે ઊભાં ઊભાં જ પૂજન કરો એટલે સૌને દર્શન થાય."

તેઓ અત્તર મિશ્રિત ચંદન, ફૂલના હાર વગેરે સાથે જ લાવ્યા હતા. એક પછી એક બધા હરિભક્તોએ મહારાજનું પૂજન કર્યું. દરબારગઢના વિશાળ પ્રાંગણમાં માનવમહેરામણ ઉભરાયો હતો. સૌએ આ દિવ્ય દર્શન કર્યાં. સુરતના ભક્તોએ મહારાજને પોષાક ધરાવ્યો.

એ વખતે રાજમાતા કુશળકુંવરબાએ કહેવરાવ્યું : "સંતો ખસી જાય તો હું પાસે આવું અને મહારાજને પોષાક પહેરાવું."

સંતો જાણતા હતા કે મહારાજ રાજમાતાના તમામ કોડ પૂરા કરતા હતા. તેમની ભક્તિ અપૂર્વ હતી. મહારાજના સ્વરૂપમાં જ નિમગ્ન થઈ જવાની તેમને તમન્ના હતી. તેથી મહારાજની જમવાની, રહેવાની, સૂવાની, સભાની, ફરવાની – તમામ વ્યવસ્થામાં તેમની જાતમહેનત હતી. મહારાજ માટે દરેક પ્રકારની સુવિધા કરવાનું કામ તે અન્યને કદી સોંપતા નહીં.

સંતો ખસી ગયા એટલે તરત જ રાજમાતા મહારાજ પાસે આવ્યાં. મહારાજને એક એક વસ્ત્ર તેઓ પહેરાવતાં ગયાં તેમ તેમ વસ્ત્રની શોભા વધતી ગઈ. મુગટ તો આ પ્રકારે જ પહેરાવાય. જમણી કોરે નમેલો છતાં વિશાળ ભાલની શોભા યથાવત્ દર્શાવતો. તેમાં જડેલા એક એક નંગ ઉપર અસ્તાચલમાં જતાં સૂર્યનો પ્રકાશ એવી રીતે ઝિલાવો જોઈએ જાણે અનેક ચંદ્રના ઉદયાચલમાં દર્શન થાય ! બંને હાથે વાઘમોરાવાળાં હેમકડાં પહેરાવ્યાં; દશે આંગળીઓમાં નંગજડિત વીંટીઓ અને વેઢ પહેરાવ્યા; પગમાં તોડા પહેરાવ્યા; કમર ઉપર જરિયાન દુપટ્ટો બાંધ્યો. રાજમાતા મહારાજને એક એક વસ્ત્ર પહેરાવે, એક એક આભૂષણ પહેરાવે અને મહારાજની મૂર્તિ નીરખતાં જાય. મહારાજને વસ્ત્રો, આભૂષણોની સંપૂર્ણ સજાવટ કરી ત્યારે સૌને લાગ્યું કે આ કળામાં પણ ભક્તિભાવનો રાજવી ઠાઠ ભળ્યો અને વસ્ત્રોની શોભા વધી.

મહારાજ હાથી ઉપર બિરાજ્યા. તેમની બાજુમાં બેસી કુમાર વિજયદેવ મહારાજને ચામર ઢોળવા લાગ્યા. ભગુજીએ હેમકળશવાળું સુવર્ણના તારે મઢેલું છત્ર મહારાજ ઉપર ધર્યું. દરબારમાં જયજયનાદ થવા લાગ્યા. પાર્ષદોએ બંધૂકો ફોડી. ઊંટ ઉપર નોબત ગગડી. સૌથી આગળ ઊંટ, પાછળ ઘોડેસવારી રાજ્ય પલટન, પછી ઘોડા ઉપર કાઠી હરિભક્તો, પાર્ષદો, સંતો. હાથી ઉપર મહારાજ, પાછળ પાલખીમાં મોટા સદ્‌ગુરુઓ, હરિભક્તો, બહેનો વગેરેનો ઠાઠ ગોઠવાઈ ગયો. શરણાઈ અને ત્રંબાળું ઢોલના નાદ સાથે સવારી શરૂ થઈ. ભૂંગળો અને શંખ પણ સંભળાવવા લાગ્યા. સંતોએ કીર્તનો શરૂ કર્યાં.

આ દિવ્ય શોભાયાત્રાનાં દર્શન કરવા, પૂર્ણ પુરુષોત્તમ નારાયણને તેમના માનુષી સ્વરૂપમાં નીરખી કૃતાર્થ થવા આખું ધરમપુર શહેર ઊમટ્યું. આજુબાજુના ભીલો પણ તીરકામઠાં લઈને ટોળેટોળામાં આવી ગયા. કોઈ અટારીઓ ઉપર, કોઈ અગાસી ઉપર, કોઈ ઝાડ ઉપર, છાપરાં ઉપર – એમ અનેક સ્થાને ગોઠવાઈ સૌ આ દિવ્ય દર્શનનો લાભ લઈ રહ્યા હતા. રાજમાતાએ પોતાના મહેલના ઝરૂખામાંથી આ શોભા નિહાળી. તેમની

આંખોમાંથી હર્ષનાં અશ્રુઓ ટપકવા લાગ્યાં. કરોડ જન્મ લેતાં પણ આવો દિવ્ય લાભ ન મળે તે મહારાજે આજે સહેજમાં આપી દીધો ! કયા જન્મના પુણ્યે મળ્યો હશે કે કેવળ મહારાજની કૃપાથી મળ્યો હશે તે વિચાર તેઓ કરી શક્યાં નહીં. નજર પહોંચી ત્યાં સુધી અશ્રુભીની આંખોથી તેમણે આ દિવ્ય દર્શન કર્યાં. પછી એકાએક નીચે ઊતર્યાં. સાંઢણી તૈયાર હતી તે ઉપર બેસી, બીજી દિશામાંથી હનુમાનજીના મંદિરે તેઓ પહોંચી ગયાં.

સવારી ધીરે ધીરે આવતી હતી. બંદીજનો ગુણગાન ગાતા હતા. રાજકુટુંબની બહેનો ચક અને ઓઝલનો ત્યાગ કરી દર્શન કરતી, મહારાજનાં ઓવારણા લેતી, સોના-રૂપાનાં પુષ્પોથી મહારાજને વધાવતી હતી. બજારના વેપારીઓ ફૂલહાર કરવા ઊમટ્યા હતા. કેટલાક તો આગળ આગળ દોડીને દર્શન કરતા હતા, જાણે આ દિવ્ય રસ અમૃત ભાવથી પીધા જ કરીએ !

સવારી ધીરે ધીરે હનુમાનજીના મંદિર પાસે આવી. હાથી ઝૂક્યો ને મહારાજ ધીરેથી ઊતર્યા. એટલામાં કુંવર છલાંગ મારી નીચે ઊતર્યા અને મહારાજનો હાથ પકડી લીધો. મહારાજ હનુમાનજીનાં દર્શન કરવા મંદિરમાં પધાર્યા. હનુમાનજીની દાસત્વભક્તિની મહારાજ પ્રશંસા કરતા. એ દાસત્વ-ભક્તિને બિરદાવવા, પોતાના સેવકને સન્માનવા, મહારાજ નીચા નમ્યા. કુંવર નમ્યા. સંતો, પાર્ષદો અને સંઘના ભક્તો પણ નમ્યા. ભક્તને ભગવાન નમે છે તેમાં ભગવાનનું ભગવાનપણું છે, ભક્તના દાસત્વભાવમાં ભગવાનનો મહિમા છે. ભક્ત અને ભગવાનનો આ અવિચ્છિન્ન સંબંધ આવા પ્રસંગે છતો થતો.

મંદિર સામેના વિશાળ પટાગણમાં વિશાળ મેદની શાંતિપૂર્વક મહારાજનાં દર્શન કરતી બેસી ગઈ. મહારાજને રીઝવવા કુમાર વિજયદેવે પોતાનો અશ્વ મંગાવ્યો. રાવત અશ્વ લઈને આવ્યો. રાજ્યની ઘોડશાળમાંથી આવો જાતવાન અશ્વ જોઈને કાઠી અસવારો તાજુબ થઈ ગયા ! કુંવરે એક પળમાં અશ્વ ઉપર સવારી કરી અશ્વને દોડાવ્યો. અનેક ચાલમાં ચલાવ્યો. દોડતા અશ્વે કુંવરે બંધૂક ફોડી નિશાન પાડ્યું. પછી બીજો અશ્વ મંગાવ્યો. બંને અશ્વને સાથે દોડાવી, બંને ઉપર એક એક પગ સ્થિર કરીને કુંવરે બંધૂક ફોડી બીજું નિશાન પાડ્યું. મહારાજ કુંવરનું ચાતુર્ય જોઈ પ્રસન્ન થઈ ગયા. રાજમાતા સામે સ્મિતભરી દૃષ્ટિ ફેંકી. તેમણે હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આ આપનો પ્રતાપ છે." કુંવરની ચતુરાઈની મહારાજે પ્રશંસા કરી, આશીર્વાદ આપ્યા. ત્યાં જમા થયેલી મેદનીને પણ દર્શનનું સુખ આપ્યું. પછી મહારાજ હાથી ઉપર બિરાજ્યા.

સવારી ધીરે ધીરે રાજ્ય દરબારમાં આવી ગઈ.

ગઢપુરથી મંડળ આવે છે

બીજે દિવસે ગઢપુરના હરિભક્તો મોટીબા, મીણબા, સોમબા ફુઈ તેમજ વૈશ્યભક્ત રાજુબા, ભટ્ટ બેચર લક્ષ્મીરામ, હરજીવન દવે વગેરે આવી ગયાં. મહારાજનાં દર્શન થયાં અને ઘણા દિવસના વિરહનું દુ:ખ દૂર થઈ ગયું. કુશળકુંવરબા પણ જીવુબા, મીણબા, સોમબા ફુઈ - મહારાજના અંતેવાસી જેવા ગઢપુરના આ ભક્તોનાં દર્શન કરી કૃતાર્થ થઈ ગયાં ! સૌએ નીચા નમી ચરણની રજ લીધી. મહારાજે તેમને કહ્યું : "રાજમાતા ! આ મોટીબા પધાર્યાં. અમારી બહુ સેવા કરે છે અને અમારી પ્રસન્નતામાં જ જીવનની ઇતિશ્રી માને છે. તેમને તમારા આવાસમાં તમારી ભેળાં રાખજો. વાતો સાંભળજો, સમાગમ કરજો. આટલે દૂરથી અહીં આ ભક્તો આવે, તેમનાં દર્શન થાય, સેવા-સમાગમનો લાભ મળે એ દુર્લભ કહેવાય. માટે તેમના સત્સંગનો લાભ લઈ લેજો."

અન્ય સંતોનાં પણ મંડળો આવ્યાં. મહારાજ તેમને જોઈ પ્રસન્ન થયા. એ પ્રસન્નતાના ભાવથી જ સંતો કૃતાર્થ થઈ ગયા. મહારાજે તેમને પોતાની સાથે જ રાજભવનમાં રાખ્યા. આ અરસામાં સુરતથી દેવાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી પણ આવી ગયા હતા.

સુરતમાં દેવાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીની સેવાથી ખૂબ પ્રસન્ન થઈ ગયા હતા. તેમણે કહ્યું : "જોગી ! તમે મારી બહુ સેવા કરી અને મને જીવતો રાખ્યો. હવે ધરમપુરમાં મહારાજનું સુખ લેવાશે. પણ મારે તમને રાજી કરવા છે, તો કાંઈક મારી પાસે માગો. કહો તો મારી ગાનવિદ્યા તમને શીખવું ને કહો તો મારી પાસે મહારાજની પ્રસાદીની આ ડગલી છે તે તમને આપું."

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને તો મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ ખપતું ન હતું. તેથી તેમણે હાથ જોડીને કહ્યું : "સ્વામી ! આપ પ્રસન્ન થયા હો તો મને આશીર્વાદ આપો કે મહારાજ મારા ઉપર અખંડ પ્રસન્ન રહે."

સ્વામી તેમની નિઃસ્પૃહતાથી અતિ રાજી થઈ ગયા. બંને ત્યાંથી ધરમપુર આવી ગયા એટલે મહારાજ તેમને જોઈને પણ ખૂબ રાજી થયા.

દાદા વગર અમારાથી પણ નહીં રહેવાય

મહારાજ જમવા પધાર્યા ત્યારે જીવુબા વગેરેને સન્મુખ બેઠેલા જોઈ

ગઢપુરના સમાચાર તેમને પૂછ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! આપના વગર દાદાથી તો રહેવાતું જ નથી. આપની આજ્ઞા ન હતી એટલે આવ્યા નથી. શરીર ટકાવવા લૂખુસૂકું જમે છે. વાસુદેવ નારાયણનો થાળ તેમની સન્મુખ મૂકીએ ત્યારે થોડું અંગીકાર કરી થાળ દરબારમાં મોકલાવી આપે. અક્ષર ઓરડીએ, લીંબડે, ખળખળિયે અને લક્ષ્મીવાડીએ - આપ જ્યાં જ્યાં પધારતા ત્યાં જાય, ત્યાં જ સાંજ સુધી 'મહારાજ મહારાજ' કરતા બેસી રહે. સાંજે અમે ખોળતાં ખોળતાં જ્યાં હોય ત્યાંથી દરબારમાં લઈ આવીએ. પણ છેલ્લે તો તેમણે કહ્યું : "હવે તો મહારાજનાં દર્શન થાય તો સારું નહીં તો આ દેહ નહીં રહે."

મહારાજ દાદાની વાત સાંભળી ઉદાસ થઈ ગયા. તેમની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં. ધીરેથી કહ્યું : "અમારાથી પણ હવે નહીં રહેવાય. ગઢપુર વહેલા જવું પડશે."

"અને મહારાજ ! સચ્ચિદાનંદ સ્વામીની પણ એવી જ સ્થિતિ છે. તેમણે અન્ન-પાણીનો ત્યાગ કર્યો છે. રઘુનાથજી જેવા ઘેલા બની ગયા છે. ઝાડપાનને પૂછે છે : 'મહારાજને જોયા ?' આકાશ સામે મીટ માંડી જોઈ રહે છે. વાદળાંને કહે છે : 'મહારાજ જ્યાં હોય ત્યાં મારો સંદેશો પહોંચાડો.' રોઈ રોઈને આંખો સૂકાઈ ગઈ છે. વિરહના અગ્નિથી કાનમાંથી લોહી નીકળે છે."

મહારાજ એકચિત્તે સાંભળતા હતા. તેમણે કહ્યું : "સચ્ચિદાનંદ સ્વામીનું પ્રેમનું અંગ છે, તેથી અમારો વિરહ ખમાશે નહીં. પણ તેમને તો નિરાવરણ દૃષ્ટિ આપીશું એટલે આવન-જાવન કરશે અને સુખ લેશે."

તમને અણીશુદ્ધ ચોખા કરવા છે

ધરમપુરમાં રાજમાતાની પ્રેમલક્ષણા ભક્તિનું દર્શન સૌ સંતો, હરિભક્તોને મહારાજે કરાવ્યું. તેમની પ્રેમલક્ષણા ભક્તિ જોઈ સૌને આશ્ચર્ય થતું કે આટલા થોડા જ સમયમાં, મહારાજના પ્રસંગથી ભક્તિભાવનું આવું વિરલ દર્શન રાજમાતાના જીવનમાં જોવા મળે છે, તે કાં તો તેમના પૂર્વ સંસ્કારના પ્રતાપથી છે કે કાં તો કેવળ મહારાજની કૃપાનું ફળ છે.

કુશળકુંવરબા મહારાજ માટે હંમેશાં ચોખા હાથે ફોલી તૈયાર કરતાં. એક દિવસ મહારાજે આ જોયું. તેમણે તે ચોખામાંથી થોડા હાથમાં લીધા. પછી સંતોની સભામાં પધાર્યા. ત્યાં મૂઠીમાં રાખેલા ચોખામાંથી એક દાણો લઈ મહારાજે સંતોને બતાવ્યો અને પૂછ્યું : "સંતો ! આ શું છે ?"

મહારાજના પ્રશ્નથી સંતોને આશ્ચર્ય થયું. તેમને લાગ્યું કે જે રોજના ખોરાકની વસ્તુ છે, જેની નાના-મોટા તમામને જાણ છે છતાં મહારાજ કેમ પૂછતા હશે ? સંતોએ જવાબ આપ્યો : "મહારાજ ! એ ચોખા છે."

મહારાજે ફરી પૂછ્યું : "સંતો ! આ શું છે ?"

મહારાજના પ્રશ્નથી સંતો મૂંઝાયા. મુક્તાનંદ સ્વામીએ કહ્યું "મહારાજ ! એ ચોખાનો દાણો છે. તેમાં આપ ફરી ફરી કેમ પૂછો છો ?"

આ સાંભળી મહારાજ હસ્યા. મહારાજ પોતાની ગાદી ઉપરથી ઊભા થઈ ગયા. સંતો પાસે આવ્યા અને ચોખાનો દાણો સૌને બતાવ્યો. પછી કહ્યું : "સંતો ! આ છે તો ચોખાનો દાણો પણ કેવો અણીશુદ્ધ છે ? ઉપર, નીચે કોઈ ઠેકાણે તૂટેલો નથી."

તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! રાજમાતાએ હાથે ફોલેલા છે એટલે અણીશુદ્ધ હોય જ !"

મહારાજ ફરી હસ્યા. તેમણે કહ્યું : "હાથે ફોલવામાં કેટલી મહેનત પડી હશે ત્યારે આ દાણો અણીશુદ્ધ રહ્યો હશે ? અમારે સૌને આ ચોખાના દાણા જેવા અણીશુદ્ધ કરવા છે. તેમાં અમને કેટલી મહેનત પડતી હશે તેનો તમને વિચાર થાય છે ?" મહારાજના આ શબ્દો સાંભળી સૌ સંતો વિચારમાં પડી ગયા. મહારાજની વાણીમાં રહસ્ય હોય છે. ચોખાના દાણામાંથી મહારાજે કેવી અર્થગંભીર વાત કરી દીધી !

મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપ સત્ય કહો છો. આપ અક્ષરધામના અધિપતિ – જે ધામ માયાથી પર છે, જે ધામમાં માયા પણ લીન થઈ જાય છે – તે ધામના અમને સૌને અધિકારી બનાવવા, અમારામાં તલમાત્ર કસર ન રહે એવી આપ કાળજી રાખો છો. પરંતુ અમે આપના એ ઊંચા આદર્શને અનુરૂપ થઈ શકીએ એવી આપ કૃપા કરો તો જ બને. કારણ આપ કૃપાસાધ્ય છો અને આપનું ગુણાતીત ધામ પણ આપની કૃપાથી જ મળે એવું છે."

મહારાજ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા.

દેવાનંદ સ્વામી સંગીતની જમાવટ કરે છે

બીજે દિવસે રાજમાતાએ પોતાના દરબારમાં સંગીતની મહેફિલ ગોઠવી હતી. તેનું અંતર એવા ભાવથી સભર બની ગયું હતું કે મહારાજને દરેક પ્રકારે પ્રસન્ન કરી લેવા. મહારાજ દરબારમાં પધાર્યા ત્યારે પ્રેમાનંદ સ્વામી તથા

દેવાનંદ સ્વામીને પણ સાથે લઈ ગયા હતા. રાજકુમાર વિજયદેવ પોતાના નામી ગવૈયાઓને લઈને ત્યાં મહારાજની રાહ જોતા બેઠા હતા. રાજમાતા ઝરૂખામાં ચક નાંખીને બીજી બહેનો સાથે બેઠાં હતાં.

રાજ્યના મુસલમાન ગવૈયાઓ પોતાની ગાયકીથી મહારાજને રીઝવવાના ભાવથી તૈયાર જ બેઠા હતા. પરંતુ તે ભાવમાં ભક્તિને બદલે પોતાના કૌશલ્યનું અભિમાન હતું. મહારાજને, સંતોને કુર્નિશ કરી દ્રુપદનું એક પદ તેમણે ગાયું. તેમની ગાયકીથી સભા મુગ્ધ થઈ ગઈ ! મહારાજ પણ પ્રસન્ન થઈ ગયા. પછી મહારાજે દેવાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! તમે પણ એક ચીજ સંભળાવો !"

આ સાંભળી ગવૈયાઓને થયું : "આ સાધુ તે કેવું ગાતા હશે !"

રાજદરબારમાં સંગીતની મહેફિલમાં ભક્તિરસના ભાવ પોષાય એવું સંગીત ન જામે. દેવાનંદ સ્વામીએ તરત જ પોતાનું સરોદ તૈયાર કર્યું; મારતે તાલે રાગ કાનરામાં 'નદીયા નદીયા' તથા 'અંબરી તું ચંદ્ર છીપાવે' અને 'માયા તોસે લગી કેસે છૂટે, જેસે હીરો ફોર્યો નવ ફૂટે' – આ પદો ગાયાં. પરંતુ દુક્કડ બજાવનાર દેવાનંદના આલાપ સાથે ગતિ કરી શક્યો નહીં. રાજ્યના ગવૈયાઓ દેવાનંદની ગાયકી, તેના આલાપ, તાલ વગેરે સાંભળી તાજુબ બની ગયા. તેમને લાગ્યું કે અમે તો જાણતા હતા કે સાધુબાવા તો 'લોલ'નાં પદો ગાતા હશે પરંતુ અહીં તો શુદ્ધ સંગીતની હવા જમાવી દીધી. તેમનાં અરમાન ઊતરી ગયાં. ઊઠીને મહારાજને પગે લાગવા આવ્યા ત્યારે મહારાજે પોતે જે જરીનો જામો પહેરતા તે મંગાવીને દેવાનંદ મુનિને[૭૬] માથે ફેરવીને ગવૈયાઓને આપી દીધો.

---

૭૬. સંપ્રદાયના ઈતિહાસમાં 'દેવાનંદ' નામે ચાર સંત-પરમહંસોનો ઉલ્લેખ મળે છે. શ્રીજીમહારાજના સમકાલીન આ ચારે દેવાનંદ નામધારી સંતોમાં ઉપરોક્ત દેવાનંદ સ્વામી 'ગવૈયા દેવાનંદ' તરીકે પ્રસિદ્ધ હતા. તેમણે જૂનાગઢમાં ગાનવિદ્યાથી શ્રીજીમહારાજની પ્રસન્નતા મેળવી સં. ૧૮૬૩માં દીક્ષા મેળવી હતી. તેમની ઉંમર ઘણી મોટી હતી. સંપ્રદાયમાં 'કવિ દેવાનંદ' તરીકે પ્રસિદ્ધ સંતની ઉંમર ઘણી નાની હતી. શ્રીજીમહારાજના અક્ષરવાસ સમયે તેમની ઉંમર ફક્ત ૨૭ વર્ષની હતી. ઉપદેશનાં પદોમાં ચાબખા મારનાર કવિ દેવાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામીના શિષ્ય અને કવિ દલપતરામના ગુરુ હતા. કવિ દેવાનંદ બળોલમાં દેવીદાન ગઢવી તરીકે જન્મ્યા હતા. અન્ય એક 'સંન્યાસી દેવાનંદ' અથવા 'દેવાનંદ દંડી' તરીકે પણ પ્રસિદ્ધ સંત હતા. ભદ્રના કિલ્લામાં સૂબાએ કાવતરું ઘડીને શ્રીહરિને મારવાનો પેંતરો રચ્યો હતો ત્યારે આ સંન્યાસી સંત શ્રીહરિની સાથે હતા. અને ચોથા 'બ્રહ્મચારી દેવાનંદ' પણ પ્રસિદ્ધ છે.

બ્રહ્મચારી ! અમને ભૂખ લાગી છે

મોડી રાત્રે મહેફિલ પૂરી થઈ અને મહારાજ ઉતારામાં પધાર્યા. મહારાજ જમ્યા નથી એવું કોઈને મહેફિલના રંગમાં યાદ જ ન આવ્યું. મહારાજ પણ આવીને પલંગમાં પોઢી ગયા. પરંતુ મોડી રાત્રે મહારાજ એકાએક જાગી ગયા. બાજુમાં સૂતેલા બ્રહ્મચારીને જગાડવા મહારાજે એક-બે બૂમો મારી. પરંતુ બ્રહ્મચારી ઊઠ્યા નહીં. એટલે મહારાજે તેમને હલાવ્યા. એકદમ 'મહારાજ મહારાજ' બોલતા બ્રહ્મચારી આંખો ચોળતા જાગી ગયા. મહારાજ સામું જોવા લાગ્યા. મહારાજે કહ્યું : "બ્રહ્મચારી ! શું કરતા હતા ?"

"મહારાજ ! આપને જમાડતો હતો."

મહારાજ આ સાંભળી બ્રહ્મચારી પાસે આવ્યા. તેમના માથા ઉપર બે હાથ મૂકી બોલ્યા : "બ્રહ્મચારી ! સ્વપ્નમાં જમાડતા હતા તો હવે સાચેસાચું જમાડો. ભૂખ બહુ લાગી છે."

બ્રહ્મચારી આ સાંભળી મૂંઝાયા. તેમને થયું કે મોડી રાત છે. બધે સૂમસામ છે. બધા જ સૂઈ ગયા લાગે છે. અત્યારે કોને જગાડવા ?

તેમને વિચાર કરતા જોઈ મહારાજે કહ્યું : "બ્રહ્મચારી ! જાઓ રાજમાતાના આવાસમાં; તેઓ જાગતાં હશે !"

બ્રહ્મચારી એકદમ ઊઠ્યા. ઓઢવાનું વસ્ત્ર ખભે લગાવી ઊપડ્યા. રાજમાતાના આવાસમાં અજવાળું હતું તેથી તેમને હિંમત આવી. ઉપર ગયા અને બારણું ઠોક્યું. આટલી મોડી રાત્રે કોણ બારણું ઠોકે છે તે વિચાર કરતાં રાજમાતાએ દાસીને કહેતાં, દાસીએ બારણું ઉઘાડ્યું. ત્યાં સામે બ્રહ્મચારીને ઊભેલા જોયા.

હું જ મહારાજને જમાડવા આવું છું

"બ્રહ્મચારી ! અત્યારે અચાનક કેમ આવવું થયું ?" રાજમાતાએ ઉત્સુકતાથી પૂછ્યું.

"મહારાજને ભૂખ લાગી છે. મને જગાડ્યો અને કહ્યું : 'ગમે તેમ કરીને કાંઈક જમવાનું લઈ આવો, નહીં તો ઊંઘ નહીં આવે."

રાજમાતા આ સાંભળી એકદમ નીચે બેસી ગયાં. રડતા અવાજે તેમણે કહ્યું : "અરેરે, દરબારમાં સંગીતની મહેફિલમાં મહારાજને જમાડવાનું જ ભૂલી

ગઈ. કેટલો બધો અપરાધ થઈ ગયો ?"

તરત જ જીવુબાએ કહ્યું : "મા ! હવે જલદી કાંઈક બનાવી નાખીએ. મહારાજને બાજરાના રોટલા અને દહીં બહુ પસંદ છે."

આંસુ લૂછતાં રાજમાતા ઊઠ્યાં. જીવુબાએ કહ્યું : "રસોઈયા કાલ માટે રસોઈ તૈયાર કરે છે, તેમની પાસેથી લોટ વગેરે મંગાવી લ્યો."

"ના, મહારાજ માટે તો હું સીધું અહીં જ રાખું છું. બાજરાનો લોટ તૈયાર જ છે." તેમણે તથા જીવુબાએ તરત જ ચાર-પાંચ રોટલા તૈયાર કરી દીધા. દહીંની માટલી લીધી અને બ્રહ્મચારીને કહ્યું : "બ્રહ્મચારી ! આગળ ચાલો, હું જ મહારાજને જમાડવા આવું છું."

કુશળકુંવરબા બ્રહ્મચારી સાથે રોટલા, દહીંની માટલી, અથાણું વગેરે લઈને ગયાં. મહારાજ પલંગમાં બેઠા હતા. બ્રહ્મચારી સાથે કુશળકુંવરબાને આવતાં જોઈ મહારાજ પલંગમાંથી ઊભા થઈ ગયા. તેમણે બ્રહ્મચારીને ઠપકો આપતાં કહ્યું : "રાજમાતાને કેમ જગાડ્યાં ? તમારે જાતે બનાવીને લાવવું હતું ને !"

રાજમાતાને જોઈ પાસે બેઠેલા સાધુઓ આઘાપાછા થઈ ગયા. કુશળકુંવરબાએ કહ્યું : "મહારાજ ! બ્રહ્મચારીએ જ બધું તૈયાર કર્યું છે. હું તો ફક્ત આપનાં દર્શન કરવા જ આવી છું !" એટલું કહી દૂર બેસી ગયાં.

બ્રહ્મચારી મનમાં હસતા હતા. એમને લાગ્યું કે પ્રસંગે જૂઠું બોલવું એ પણ સત્યથી મીઠું લાગે છે.

આ રાજમાતા તો સાક્ષાત્ અન્નપૂર્ણા છે

બ્રહ્મચારીએ રોટલા, દહીંની માટલી, અથાણું અને તાંસળી નીચે મૂક્યાં. એક સાધુ રોટલો ચોળવા લાગ્યા. એટલામાં કુશળકુંવરબાએ દૂરથી કહ્યું : "સાધુઓ જો જરા દૂર જાય, તો હું મહારાજને રોટલો ચોળી દઉં."

એટલે તે સાધુ દૂર હઠી ગયા. કુશળકુંવરબા પાસે આવ્યાં. તેમણે તાંસળીમાં જોયું કે રોટલો બરાબર ચોળાયો ન હતો એટલે તે લઈ ઝીણો ચોળ્યો. પછી બાકીનો રોટલો પણ તે પ્રમાણે ચોળી દીધો. પછી તે તાંસળીમાં દહીં નાખ્યું. બરાબર હલાવી એકરસ કર્યું. ગુંદાં, ગરમરનાં અથાણાં મૂક્યાં.

મહારાજ ભક્તિભાવની વાનગી જોઈ બોલ્યા : "બ્રહ્મચારી ! આ રાજમાતા તો સાક્ષાત્ અન્નપૂર્ણા છે. આપણા સાધુ જરા જાડધરા ખરા એટલે આવું સરસ તૈયાર કરતાં ન આવડે."

કુશળકુંવરબા આ સાંભળી નીચું જોઈ ગયાં. તે જ સ્થિતિમાં તે મહારાજનાં દર્શન કરી રહ્યાં હતાં. જમતાં જમતાં મહારાજે તેમને પૂછ્યું : "બા ! તમને મોડી રાત્રે જગાડવાં પડ્યાં તો માફ કરજો. પણ અમને ટાણે-કટાણે ભૂખ લાગે છે, ત્યારે જો જમીએ નહીં તો ચેન ન પડે."

કુશળકુંવરબાએ કહ્યું : "મહારાજ ! આપ તો સાક્ષાત્ પરમાત્મા છો. આપને ટાણું-કટાણું કાંઈ હોય નહીં, પણ અમને ટાણું-કટાણું સરખાં સમજાય એવી જાગૃતિ આવે એવી આપની લીલા છે. બહુ ઉપકાર થયો પ્રભુ ! કે આપે આવો પ્રસંગ ઊભો કરી અમને જ્ઞાનની એક ઝલક આપી દીધી."

મહારાજના મુખ ઉપર સ્મિત હતું. મહારાજે કહ્યું : "રાજમાતા ! આ બ્રહ્મચારીએ અત્યાર સુધીમાં કોઈ દિવસ આવા સરસ રોટલા બનાવ્યા નથી. લાડુ બનાવે તો મોટા અને જાડા. દાળ પણ જાડી, મીઠું ચડિયાતું. પણ આજે કાંઈક તમારો હાથ ભળ્યો હોય તેવું આ રોટલા જોતાં દેખાય છે."

અમારું અંતર્યામીપણું કામમાં ન આવ્યું

બ્રહ્મચારીના અંતરમાં ફફડાટ થવા લાગ્યો. તેને લાગ્યું કે હવે સત્ય બહાર આવશે, પણ તે કડવું હશે. તે કુશળકુંવરબા સામે જોઈ રહ્યા. રાજમાતા પણ તેમની મૂંઝવણ જોઈને હસવા લાગ્યાં. તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! બ્રહ્મચારી કહેતા હતા કે હું જ્યારે મહારાજને સંભારીને રસોઈ બનાવું છું, ત્યારે મહારાજને તે બહુ મીઠી લાગે છે. પણ જ્યારે સારી રસોઈ બનાવવાનો વિચાર કરું છું, ત્યારે મહારાજને તે ભાવતી નથી."

મહારાજ આ સાંભળી ખૂબ હસ્યા. તેમણે કહ્યું : "ખરું ! આજે પણ બ્રહ્મચારી સ્વપ્નામાં અમને જમાડતા હતા. તેથી એ સ્વપ્નાના વેગમાં તેમણે રસોઈ કરી લાગે છે."

બ્રહ્મચારી આ સાંભળી સ્વસ્થ થઈ ગયા. એટલામાં મહારાજે તેમના સામું જોયું અને કહ્યું : "બ્રહ્મચારી ! અમારું અંતર્યામીપણું આજે કામમાં ન આવ્યું. નહીં તો તમારો ભાવ જોઈ આ રસોઈ તમે જ બનાવી છે એ ખબર પડી જાત. રાજમાતાને પૂછવું ન પડત."

ફરી બ્રહ્મચારી ઢીલા થઈ ગયા. ત્યાં રાજમાતાએ કહ્યું : "મહારાજ ! ઝટ જમી લ્યો. હજુ રાત ઘણી બાકી છે, આપ જમીને પોઢી જાવ, અમારે પણ આવતી કાલની રસોઈના કામ પર ચડવાનું છે."

મહારાજે તરત જ તાંસળીમાં હાથ ધોયા. રાજમાતાએ તે તાંસળી લઈ લીધી. વધેલા રોટલા અને દહીંની માટલી ઉપાડીને પોતે ચાલતાં થયાં.

રાયસિંહજી મહારાજને વાંસદા પધારવા આમંત્રણ આપે છે

આગલી રાતે મહેફિલમાં વાંસદાના રાજા રાયસિંહજી આવ્યા હતા. કુશળકુંવરબાની ભત્રીજી જીતબાના તે પુત્ર. તેણે મહારાજનાં દર્શન કર્યાં. મહારાજના સંતોની ઉચ્ચ કક્ષાની સંગીતની કળા જોઈ તેને મનમાં ખૂબ ભાવ થયો. તેનાં જુવાન પત્ની પણ બીમાર સાસુને જરા સુવાણ થઈ એટલે ધરમપુર આવી ગયાં હતાં અને રાજમાતાની સાથે રહી મહારાજ અને સંતોની અવિરતપણે સેવા કરતાં હતાં. જીવુબાને પણ તેમનો આવો ભક્તિભાવ જોઈ મહારાજનો વિશેષ મહિમા સમજાયો. પાંચસો ગામના ધરમપુર રાજ્ય પાસે કેવળ બાર ગામના ગઢડાના રાજ્યની કાંઈ વિસાત કહેવાય નહીં. આવા રાજ્યની રાજમાતામાં રજોગુણ ભારોભાર ભર્યા હોય, રાજકુંવર પણ અભિમાની અને ઉછાંછળા હોય, દારૂની મહેફિલો ચાલતી હોય. જ્યારે અહીં તો બધા જ ભક્તિના રંગે રંગાઈ ગયા હતા.

વાંસદાનાં જુવાન રાણીને પણ એ રંગ ચડ્યો હતો અને તેમનાં અંતરમાં રાત-દિવસ મહારાજની ઝંખના થતી હતી. ઓઝલની મર્યાદા તેનાથી છોડાય તેવું ન હતું. ગમે ત્યાં છુપાઈને મહારાજનાં, સંતોનાં દર્શન કરી લેતાં. મહારાજ પણ તેના પ્રત્યે ક્વચિત્ દૃષ્ટિ કરી લેતા. તે દૃષ્ટિના સુખમાં તે આનંદવિભોર બની જતાં. તેમનાં મનમાં થતું કે વાંસદામાં મહારાજ પધારે, તેમનાં પગલાં મહેલમાં થાય તો તેમની સ્મૃતિમાં જીવતર ધન્ય બની જાય. તેમણે રાયસિંહજીને મહારાજને વાંસદા આવવાનું આમંત્રણ આપવા કહ્યું. રાયસિંહજીના મનમાં પણ એવો ભાવ હતો. તેમણે મહારાજને કહ્યું અને મહારાજે તેમનું આમંત્રણ સ્વીકારી લીધું.

ધરમપુરમાં કુશળકુંવરબાના ભાઈ રહેતા હતા. તેમની ઇચ્છા એવી હતી કે મહારાજ તેને ઘરે સવારથી આવે, મહારાજ સૌ સંતો સાથે ત્યાં જ જમે અને આખો દિવસ રોકાય. તેણે રાજમાતાને વાત કરી. તેમને આનંદ થયો. તેમને લાગ્યું કે મહારાજે મોક્ષનું સદાવ્રત ખોલ્યું છે, તેમાં નાના-મોટા જે કોઈ લાભ લેશે તેનું કલ્યાણ થઈ જશે. તેમણે તરત જ કહ્યું : "ભાઈ ! મહારાજને વાત કરી જરૂર ગોઠવી દઈશ. તું તમામ તૈયારીઓ કરવા માંડ."

રાજમાતાના ભાઈને ઘેર પધરામણી

બીજે દિવસે મહારાજ તેને ઘેર સંતો-હરિભક્તો સાથે પધાર્યા. તેણે મહારાજની ષોડશોપચારોથી પૂજા કરી. જરિયાન વસ્ત્રો ધરાવ્યાં. સુવર્ણનાં આભૂષણો ધરાવ્યાં, મુગટ ધરાવ્યો અને પાંચસો રૂપિયા ભેટ મૂક્યા. મહારાજ તેના ભાવથી રાજી થયા. એટલામાં થાળ તૈયાર થયો એટલે મહારાજ જમવા પધાર્યા. જમી રહ્યા પછી મહારાજ સૌ સંતો, હરિભક્તોને પીરસવા આવ્યા. સૌને ખૂબ પીરસી તૃપ્ત કરી દીધા.

થોડો સમય ત્યાં આરામ કરી સાંજે નદીએ પધાર્યા. નદીમાં સ્નાન કરી તેને કાંઠે બેઠા. ટાઢ્ય હતી એટલે તાપણી કરી. મહારાજે સંતોને કહ્યું : "આ સ્થાન બહુ સારું છે. વળી આ વાડીમાં વાસીઆ ઘઉં થાય છે. ફળ, ફૂલ પણ પુષ્કળ પ્રમાણમાં થાય છે."

તે સાંભળી માતંગ મુનિ બોલ્યા : "મહારાજ ! સંતો માટે રહેવાનું સ્થાન સારું છે."

એટલે મહારાજે કહ્યું : "તમારે હવે કંદમૂળથી પૂરું નહીં થાય."

એટલામાં એક સંતે કહ્યું : "મહારાજ ! આપ સાક્ષાત્ મળ્યા એટલે હવે વનવાસ શા સારુ સેવવો ?"

મહારાજ આ સાંભળી હસવા લાગ્યા. પછી આત્માનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! ચાલો તૈયાર થાઓ. દરબારમાં સાંજની કથા કરવા જવાનું છે ને ? આનંદ સ્વામી અને પરમચૈતન્યાનંદ સ્વામીને પણ તૈયાર કરો."

મહારાજ ઊઠ્યા ને સીધા દરબારમાં પધાર્યા.

બીજે દિવસે રાયસિંહજી વાંસદાથી મહારાજને તેડવા આવ્યા. મહારાજે તેમને કહ્યું : "તમે વાંસદા જાઓ અને અમે બે-ત્રણ દિવસમાં ત્યાં આવીએ છીએ." એટલે કુશળકુંવરબાએ કહ્યું : "મહારાજને અહીંથી વાંસદા આવવાનું થશે ત્યારે એક દિવસ આગળથી હું કાસદ મોકલીશ." રાયસિંહજી રાજી થઈ વાંસદા ગયા.

કુશળકુંવરબાએ મહારાજને કહ્યું : "મહારાજ ! આપ આ રાજ્યની ઘોડશાળ, શસ્ત્રાગાર વગેરે જોવા પધારો. વળી રાજ્યની આજુબાજુ આપે જ રચી હોય તેવી સંરક્ષણની રચના છે, જેથી રાજ્ય ઉપર બહારથી કોઈ શત્રુ ચડાઈ કરી શકે નહીં. આ બધું મારે આપને બતાવવું છે."

મહારાજે કહ્યું : "ભલે, તમારી સાથે આવીશું."

કુશળકુંવરબાએ તૈયારી કરી. મહારાજ પણ તૈયાર થયા. સાથે થોડા પાર્ષદો લીધા. મહારાજ ઘોડશાળમાં પધાર્યા. જાતવાન ઘોડા જોઈ મહારાજ પ્રસન્ન થયા. મહારાજે હસતાં હસતાં કહ્યું : "અમારી સાથે આવેલ કાઠી દરબારોને બતાવશો નહીં. આવા જાતવાન ઘોડા જોઈ તેમનું મન હાથ રહેશે નહીં."

એટલે રાજમાતાએ કહ્યું : "મહારાજ ! તેમાં શું ? આપના ભક્તો છે, તેમને જે ઘોડા જોઈતા હશે તે હું આપી દઈશ !"

તરત જ મહારાજે કહ્યું : "તમે રાજમાતા છો, શાણા છો, માટે સમજી લેવું કે રાજ્યની સંપત્તિ એ પ્રજાની સંપત્તિ છે. પ્રજાના હિતમાં જ તે વાપરવી જોઈએ." કુશળકુંવરબા મહારાજનું રાજનીતિનું આ મર્મવચન સમજી ગયાં.

તેમણે મહારાજને શસ્ત્રાગાર બતાવ્યો. આટલા બધાં જાતજાતનાં શસ્ત્રો જોઈ પાર્ષદો પણ નવાઈ પામી ગયા. મહારાજે તેમને પૂછ્યું : "આપણા ગઢપુરના રક્ષણ માટે આમાંથી કાંઈ જોઈએ છે ?"

ભગુજીએ તરત જ કહ્યું : "મહારાજ ! રક્ષણ તો આપની કૃપાથી જ થાય છે, આપની કૃપા ન હોય તો શસ્ત્રો હાથમાં જ રહી જાય." મહારાજ હસ્યા.

મહારાજ આગળ ચાલ્યા. ઝાડી પાસે આવ્યા. એટલે રાજમાતાએ સામે એક મોટો ડુંગર હતો તે મહારાજને બતાવતાં કહ્યું : "આ ડુંગરમાં એક સરસ જગ્યા છે ત્યાં પાણીની પણ સગવડતા સારી છે. ત્યાં ફક્ત બે સૈનિકો હાથમાં શસ્ત્રો લઈને ઊભા હોય તો બીજા હજારો સૈનિકોથી ત્યાં ચઢી ન શકાય. ફક્ત બે જ સૈનિકો તેમનો નાશ કરી નાખે એવું સંરક્ષણાત્મક આ સ્થાન છે."

મહારાજે બધું જોયું. થોડી વાર પછી તેઓ દરબારમાં પધાર્યા.

મહારાજ વાંસદા પધારે છે

મહારાજે કુશળકુંવરબાને કહ્યું : "આવતી કાલે વાંસદા જવું છે. માટે કાસદ મોકલી રાજાને ખબર કરો." રાજમાતાએ તરત જ વાંસદા કાસદ મોકલી દીધો.

મહારાજને કુશળકુંવરબાએ દબદબાથી વાંસદા મોકલ્યા. હાથી, ઘોડેસવારો, પાલખી વગેરેનો સાજ તૈયાર કર્યો. મહારાજ હાથી ઉપર બિરાજ્યા. પાછળ દીવાન બેઠા. મહારાજને મોરપીંછના વીંજણાથી ચામર ઢોળવા લાગ્યા. આગળ વાજાં, દુક્કડ, શરણાઈ, ઢોલ, ત્રાંસાં ને નોબતના સ્વરો ગુંજવા લાગ્યા. રાજમાતા એકેય પ્રસંગમાં મહારાજ પ્રત્યેનો ભક્તિભાવ પ્રગટ કરવાનું ચૂકતાં

નહીં. આજે પણ મહારાજની સવારીમાં એ ભાવનાં દર્શન થતાં હતાં.

મહારાજની સવારી ચાલી. સંતો પાલખીમાં બેઠા, કેટલાક સિગરામમાં બેઠા. પાર્ષદો ઘોડા ઉપર બેઠા. એ પ્રમાણે એક ગાઉ ચાલ્યા એટલે મહારાજે હાથી ઝુકાવ્યો. નીચે ઊતર્યા. કુંવરને અને દીવાનને કહ્યું : "તમે હવે જાઓ. અમે ત્રણ-ચાર દિવસમાં પાછા આવીશું."

તેમને રવાના કરી મહારાજ અશ્વ ઉપર બિરાજ્યા. વચ્ચે એક ગામ આવ્યું ત્યાં રાત રહ્યા. બીજે દિવસે સવારે ત્યાંથી નીકળ્યા. વાંસદા અર્ધો ગાઉ દૂર રહ્યું ત્યાં તો સામે રાયસિંહજી તેમના અનુચરો સાથે મહારાજનું સ્વાગત કરવા તૈયાર જ ઊભા હતા. મહારાજને પગે લાગ્યા. ફૂલહાર કર્યા. તેમણે પણ શણગારેલો હાથી, પાલખી, મેના, અશ્વો વગેરે તૈયાર રાખ્યાં હતાં. મહારાજ આ બધો ઠાઠ જોઈ હસ્યા. પરંતુ રાયસિંહજીનો ભાવ હતો એટલે હાથી ઉપર બિરાજ્યા. ધામધૂમથી દરબારગઢમાં સવારી આવી. હાથી ઝૂક્યો અને હાથી ઉપરથી ઊતરતાં મહારાજને ઝરૂખામાંથી જુવાન રાણીએ સોના-રૂપાનાં પુષ્પોથી વધાવ્યા. મહારાજ ઉપર સોના-રૂપાની ફૂદડીઓ પડી એટલે મહારાજે ઊંચે જોયું. રાણી મહારાજનાં ઓવારણાં લેતાં હતાં. મહારાજે તેમની સામું જોઈ આછું સ્મિત કર્યું. મહારાજને લાગ્યું કે પ્રેમભાવ અંતરમાં છુપાવ્યો છૂપો રહેતો નથી.

રાણીએ કુશળકુંવરબાની સેવા નિહાળી હતી. પોતાની સાસુની ફોઈ એટલે તેનાં પણ તે ફોઈબા હતાં. પરંતુ માતાની મમતાથી કુશળકુંવરબાએ તેનામાં સંસ્કાર રેડ્યા હતા. તે સંસ્કાર આજે ઊગી નીકળ્યા. મહારાજની, તેમના સંતોની, ભક્તોની સેવા કરવાનો આ લહાવો તેણે ઝડપી લીધો.

મહારાજ માટે નિત્ય નવાં ભોજન તે જાતે જ બનાવતાં. મહારાજ પણ એ ભોજનમાં જાણે અમી ભર્યું હોય તેવા ભાવથી જમતા ! સંતોને, ભક્તોને પણ ખૂબ પીરસી તૃપ્ત કરી દેતાં. રાજા રાયસિંહજીએ પણ પોતાના દરબારગઢમાં બધે જ મહારાજના પગલાં કરાવ્યાં. વાંસદા શહેરના બાગ-બગીચામાં મહારાજને ફેરવ્યા. આ યુવાન રાજવીનો રજોગુણ મહારાજનાં દર્શન થતાં ઓસરી ગયો. તેણે વિજયદેવનું પણ એવું જ પરિવર્તન જોયું હતું. એટલે પોતામાં તે સહજ લાગ્યું. વળી પ્રસંગે પોતાની જુવાન રાણીના શબ્દોથી તેને મહારાજનો મહિમા સમજાતો જતો હતો. જાણે રાણીનું તે યંત્ર હોય તેમ તેની સૂચના અનુસાર તે સેવા કર્યે જતા !

ચોથો દિવસ થયો અને મહારાજે રાયસિંહજીને બોલાવીને કહ્યું :

"બાપુ ! આજે બપોરે અમારે તમારી વિદાય લેવી છે તો રાજી થઈને રજા આપો. ધરમપુર પણ હાલ કાસદ મોકલી ખબર મોકલાવો." રાજા આ સાંભળી ઉદાસ થઈ ગયા પરંતુ મહારાજે તેમને અમી વચનો કહી શાંત કર્યા.

મહારાજની મૂર્તિ તેમના અંતરમાં વસી ગઈ

આજે છેલ્લો દિવસ હતો એટલે રાણીએ ભારે ભારે પકવાનો, અનેક પ્રકારનાં શાક, રાયતાં, ભજિયાં વગેરે બનાવ્યું હતું.

મહારાજ જમવા પધાર્યા અને બ્રહ્મચારીએ બાજોઠ ઉપર થાળ મૂક્યો. થોડે દૂર ચક નાંખીને રાણી મહારાજનાં દર્શન કરતાં બેઠાં હતાં. બાજુમાં તેનાં સાસુ જીતબા બેઠાં હતાં. મહારાજ એક પછી એક પકવાનો, શાક, રાયતાં, અથાણાં વગેરે જમ્યા. તૃપ્તિનો ઓડકાર આવ્યો અને મહારાજે જળપાન કર્યું. પછી ચળું કર્યું. ભારોભાર ઘીથી ભરેલાં પકવાનોથી મહારાજના હાથ ચીકણા થઈ ગયા હતા. પરંતુ બ્રહ્મચારી રૂમાલ લાવવો ભૂલી ગયા હતા. રાણી પણ રૂમાલ મૂકવો ભૂલી ગયાં હતાં.

મહારાજે હાથ લૂછવા માટે વસ્ત્ર લાવવા રાણીના સામું જોયું. રાણીએ તરત જ પોતાનું કિંમતી અંબર શરીર ઉપરથી ઉતારી, ગોટો કરીને, મહારાજ સમક્ષ ફેંક્યું. મહારાજે પણ તેના ભાવને પૂર્ણ કરવા તે અંબરથી જ પોતાના બંને હાથ સારી રીતે લૂછ્યા અને પછી તે અંબરનો ગોટો કરી રાણી સમક્ષ ફેંક્યો. રાણીએ તે ઝીલી લીધો. કૃતકૃત્યતાના ભાવથી તેની આંખોમાં આંસુ આવી ગયાં. તેને થયું ભગવાન તો રસિક છે ! रसौ वै सः છે એટલે સર્વ રસનું સ્વરૂપ છે તેથી જે ભાવે ભક્તિ કરીએ તે ભાવને પોષે છે. તેણે અંબર પહેરી લીધું. પરંતુ અંબરવતી હાથ લૂછતી મહારાજની મૂર્તિ તેના અંતરમાં સદાને માટે વસી ગઈ ! યુગોના તપથી પણ જે સિદ્ધ ન થાય તે ફક્ત ચાર જ દિવસમાં રાણીને સિદ્ધ થઈ ગયું. ભગવાન ક્રિયાસાધ્ય નથી પણ કૃપાસાધ્ય છે !

રાણીએ રાયસિંહજીને બોલાવ્યા. તે આવ્યા એટલે રાણીએ કહ્યું : "જુઓ, મહારાજ આજે ધરમપુર પધારી જશે. તમારી સેવાથી રાજી થયા છે અને આશીર્વાદ આપી માગવાનું કહેશે તો શું માગશો ?"

રાયસિંહજી મૂંઝવણમાં પડી ગયા. તેણે કહ્યું : "સાચું કહું ? સેવા તો તેં બતાવી તે પ્રમાણે મેં કરી છે. આ બધું તારી બુદ્ધિનું ફળ કહેવાય. માટે તું જ કહે મારે શું માગવું ?"

રાણી રાજાના ભોળપથી હસી. તેણે કહ્યું : "જો મહારાજ માગવાનું કહે, તો મહારાજને કહેજો કે તેમનાં ચરણારવિંદની છાપો પાડી આપે. મેં તે માટે બધી તૈયારી કરી લીધી છે."

રાયસિંહજી પોતાની રાણીની બુદ્ધિ અને ભક્તિભાવથી રાજી થયા. તેને થયું : ભાગ્ય હોય તો જ આવી સ્ત્રી મળે. આજે તેને યોગે તેને પુરુષોત્તમ-નારાયણનો ભેટો થઈ ગયો અને તેમની સેવાનો લાભ મળ્યો.

મહારાજ વાંસદામાં ચરણારવિંદ પાડી આપે છે

મહારાજ જમ્યા પછી રાજદરબારમાં પધાર્યા. દરબારમાં રાજ્યના અમલદારો તથા પ્રજાજન આવી ગયા હતા. રાયસિંહજી પણ મહારાજની પ્રતીક્ષા કરતા ત્યાં તૈયાર હતા. મહારાજની સાથે સંતો અને પાર્ષદો હતા. મહારાજ રાજ્યાસનની બાજુમાં પોતાને માટે બનાવેલ ઉચ્ચ આસન ઉપર બિરાજ્યા. રાયસિંહજીએ બ્રાહ્મણ પાસે વિધિ કરાવી. મહારાજની કેસર અને અત્તરમિશ્રિત ચંદનથી પૂજા કરી. કિંમતી વસ્ત્રો, આભૂષણો ધરાવ્યાં. સોનામહોર અને રૂપામહોરના થાળ ભેટ આપ્યા. મહારાજ તેમનો ભક્તિભાવ જોઈ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "રાયસિંહજી ! તમે નાના છો પણ બુદ્ધિ વિશાળ છે. અમારી તથા અમારા સંતો, હરિભક્તોની બહુ જ સેવા કરી. અમે તમારી ઉપર પ્રસન્ન થયા છીએ, એટલે જે કાંઈ મનમાં ઇચ્છા હોય તે માગો."

રાયસિંહજીએ બે હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપની કૃપાથી આ લોકની તો તમામ સંપત્તિ છે, પરંતુ આપની સ્મૃતિ અમારા અંતરમાં કાયમ રહે અને આપની રોજ પૂજા કર્યાનો સંતોષ માણી શકીએ તે માટે આપનાં ચરણારવિંદની છાપો પાડી આપો."

મહારાજ આ સાંભળી પ્રસન્ન થઈ ગયા. તેમણે જાણ્યું કે રાજાની આ માગણીમાં રાણીનો ભાવ બોલે છે.

મહારાજે તરત જ કહ્યું : "ભલે, લાવો સામગ્રી."

રાયસિંહજીએ તરત જ કેસર મિશ્રિત ચંદનનો ચાંદીનો થાળ મહારાજ સમક્ષ મૂક્યો. મહારાજ ઊભા થયા અને તે થાળમાં પોતાનાં બંને ચરણારવિંદ બોળ્યાં. પછી કહ્યું : "વસ્ત્ર ક્યાં ? ચરણારવિંદની છાપો પાડવા વસ્ત્ર જોઈએ ને ? લાવો, ઝટ લાવો."

રાયસિંહજી મૂંઝાયા. રાણી પણ વસ્ત્ર મોકલવું ભૂલી ગયાં હતાં. હવે શું

થાય ? મહારાજ તો ઊભા છે. વસ્ત્ર જલદી ક્યાંથી લાવવું. રાજા રાયસિંહજી તેની સામું જોઈ રહ્યા. રાણીએ સમયસૂચકતા વાપરી અને ઇશારાથી રાયસિંહજીને કહ્યું : ''માથાનો સાફો ઉતારી પાથરી ઘો.''

રાયસિંહજી સમજી ગયા. ચાલીસ હાથ લાંબો રેશમી સાફો આજે જ કોરો કાઢીને પહેરેલો, તે તેણે જમીન ઉપર પાથરી દીધો. મહારાજે તે ઉપર ચાલીસ છાપો પોતાનાં ચરણારવિંદની પાડી દીધી. રાયસિંહજી, તેની રાણી અને જીતબા અત્યંત પ્રસન્ન થઈ ગયાં ! રાયસિંહજી મહારાજનાં ચરણારવિંદમાં નમી પડ્યા. સફેદ વસ્ત્રથી મહારાજનાં બંને ચરણો તેણે લૂછી લીધાં. સભાજન તથા પ્રજાજન યુવાન રાજાના આ પ્રકારના ભક્તિભાવથી મુગ્ધ થઈ ગયા. તેમને લાગ્યું કે રાજામાં ધર્મભાવના છે તો પ્રજામાં તે પ્રવર્તશે. રાજા એ પ્રજાની આબાદીનું કારણ છે તેમજ દુર્બુદ્ધિ સૂઝે ત્યારે પ્રજાના નાશનું પણ રાજા કારણ બને છે.

મહારાજ તથા તેમની સાથેનો સંઘ ધરમપુર જવા રવાના થયો. રાયસિંહજીએ પૂર્વવત્ ભાવથી મહારાજને વિદાય દીધી. મહારાજ ધરમપુર પહોંચી ગયા.

ધરમપુરમાં વસંતોત્સવ

રાજમાતા કુશળકુંવરબાએ વસંતપંચમીના ઉત્સવ ઉપર પોતાના તમામ સંબંધીજનોને તેમજ આજુબાજુનાં રાજ્યો સાથે સંબંધ હતો તે તમામને આમંત્રણ મોકલી તેડાવ્યા હતા. વાંસદાથી રાયસિંહજી, તેનાં રાણી અને જીતબા પણ બીજે દિવસે આવી ગયાં હતાં. કંકુ, ગુલાલ અને પુષ્પો ગાડેગાડાં ભરીને આવ્યે જતાં હતાં. રાજમાતાને મનમાં હતું કે મહારાજ વસંતના ઉત્સવ પછી રોકાશે નહીં. તેથી એ ઉત્સવની સ્મૃતિ અંતરમાં ચિરસ્થાયી રહે તેવી તેમની ઇચ્છા હતી, તૈયારી પણ તેવી જ હતી.

મહારાજને પણ એવી ઇચ્છા હતી કે રાજમાતાને આ પ્રસંગની સ્મૃતિ અંતરમાં રહી જાય. તેથી પ્રસંગ બધી રીતે દીપાવવાનું તેમણે નક્કી કરી લીધું હતું. રાણીએ વસંતના પૂજન માટે સુવર્ણનો કળશ, આંબાનાં પાન, નારિયેળ વગેરે લાવી, સુવર્ણકળશ ઉપર તે ગોઠવી, કલાત્મક રંગોળી ઉપર તે કળશ પધરાવ્યો. મહારાજે તે કળશનું પૂજન કર્યું. પછી મુક્તાનંદ સ્વામી વગેરે સંતોએ વસંતની વધાઈનાં પદો ગાયાં. શ્રીહરિએ શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતાં. ત્યાં કંકુ, ગુલાલ અને બીજા વિવિધ રંગનાં ભરેલાં માટલાં તૈયાર હતાં.

મહારાજે રંગોત્સવની શરૂઆત કરી. સૌના ઉપર ગુલાલ છાંટ્યો. રંગના માટલામાંથી રંગની પિચકારીઓ ભરી ભરીને છાંટી. સંતો-હરિભક્તો પણ મહારાજને રંગે રમાડવા લાગ્યા. સામસામા રંગની પિચકારીઓ છૂટી. રાજ્ય દરબારના વિશાળ પ્રાંગણમાં રંગોત્સવની ધૂમ મચી ગઈ. રાજમાતા સ્થિર દૃષ્ટિએ મહારાજનાં દર્શન કરી રહ્યાં હતાં.

ઉત્સવ પૂરો થયો અને મહારાજ અને સંતો નાહવા પધાર્યા. નાહીને વસ્ત્રો બદલી મહારાજ જમવા પધાર્યા. મહારાજ અને સંતોની જગ્યા ઉપર રાજમાતા રોજ નવી નવી રંગોળીઓ પુરાવતાં, તે ઉપર અગરબત્તીનો ધૂપ કરાવતા અને પછી સંતોને જમવા તેડાવતાં. મહારાજને પણ એવા જ ઠાઠથી દરબારમાં જમાડતાં. મહારાજ જમી રહ્યા એટલે રાજમાતાને કહ્યું : "અમારે કાલે નીકળવું છે તો રાજી થઈને રજા દેજો."

રાજમાતા મહારાજના આ શબ્દો સાંભળી ઉદાસ થઈ ગયાં.

અનિર્દેશ તે કયો દેશ છે ?

થોડી વારે તેમણે કહ્યું : "મહારાજ ! આપ પધારી જશો પછી અમારું શું થશે ? આપના સમાચાર ક્યાંથી મળશે ? આપનો પ્રથમ પત્ર આવ્યો હતો તેમાં તો આપે લખાવ્યું હતું કે 'અનિર્દેશથી લિખાવિતમ્'. તે અનિર્દેશ ક્યાં આવ્યો તે ખબર નથી. આપ કહો આપને ક્યાં શોધવા ?"

મહારાજ આ સાંભળી વિચારમાં પડી ગયા. તેમણે કહ્યું : "રાજમાતા ! આ તમારો ગઢ છે તે નિર્દેશ કહેવાય પણ જે પૃથ્વી ઉપર તમારું રાજ્ય છે તે અનિર્દેશ કહેવાય. વળી પૃથ્વી પણ નિર્દેશ છે કારણ તેનું પરિમાણ છે. તેનો પટ પચાસ કરોડ જોજન છે, પણ જળ અનિર્દેશ છે. વળી જળ પણ નિર્દેશ છે પણ તેજ અનિર્દેશ છે. તેજથી વાયુ, વાયુથી આકાશ, મહત્તત્ત્વ, પ્રધાન પુરુષ, પ્રકૃતિ પુરુષ આ બધા એકબીજાથી મોટા છે અને તેથી અનિર્દેશ પણ છે. પ્રકૃતિ પુરુષથી પર, સર્વથી પર અમારું અક્ષરધામ છે, જે અધોર્ધ્વ અને પ્રમાણે રહિત છે. તે અનિર્દેશ છે. અમે ત્યાંના વાસી છીએ. એ અનિર્દેશની ઓળખાણ તમને જ્યારે થશે ત્યારે અમારી પૂરી ભાળ મળશે, અમારો સંબંધ પાકો થઈ જશે."

રાજમાતા મહારાજ સમક્ષ સ્થિર દૃષ્ટિએ જોઈ રહ્યાં હતાં. મહારાજ અનિર્દેશની વાત કરતા હતા અને રાજમાતા મહારાજની મૂર્તિને અંતરમાં ઉતારતાં હતાં. મહારાજે વાત પૂરી કરી અને રાજમાતાએ મહારાજની મૂર્તિ

અંતરમાં ઉતારી લીધી. મહારાજનાં ચરણારવિંદમાં પડી ગયાં. એ ચરણારવિંદ પકડી લીધા.

મહારાજનું પૂજન

સાંજે રાજમાતાએ દરબાર ભર્યો. પોતાના સગાં, વહાલાં, સ્નેહીજનોને, અમલદારોને, પ્રજાજનોને મહારાજનાં દર્શન થાય, છેલ્લા આશીર્વાદ મળે અને સૌનું કલ્યાણ થાય એવી તેમની ભાવના હતી. મહારાજ સંતમંડળ સાથે દરબારમાં પધાર્યા. મહારાજ સંતગણથી વીંટાયેલા હતા. તારાગણથી વીંટાયેલો ચંદ્ર જેમ શોભે તેમ મહારાજ શોભતા હતા. મહારાજ સિંહાસન ઉપર બિરાજ્યા. રાજમાતાને સતોષ થયો કે જેમનું રાજ્ય છે તેમણે સિંહાસન ઉપર બેસી તે સંભાળી લીધું છે. હવે તેમની આજ્ઞા પ્રમાણે, તેમના સેવક બની રાજ્ય કરવાનું છે. મહારાજે કુંવરને હાથ પકડી પોતાની બાજુમાં બેસાર્યા. રાણી આ દર્શન કરી કૃતકૃત્ય થઈ ગયાં !

ષોડશોપચારે મહારાજનાં ચરણારવિંદની કુંવરે પૂજા કરી. પાદોદકનું અમૃત પીધું. મહારાજના વિશાળ ભાલમાં કેસર મિશ્રિત ચંદનની અર્ચા કરી, મધ્યમાં કંકુનો ગોળ ચાંદલો કર્યો. મહારાજને રેશમી ફૂમતાંવાળો જરિયાની સુરવાળ, લીલા રંગનો કિનખાબી જામો, બુરાનપુરમાં ખાસ તૈયાર કરાવેલો રેંટો વગેરે ધરાવ્યો. કમરે બાંધવાનો દુપટ્ટો, લીલા રંગનું શેલું ધરાવ્યાં. નંગજડિત કંઠમાળ આપ્યો, હેમની ઊતરી આપી, બાજુબંધ આપ્યા. વાઘમોરાનાં હેમનાં કડાં આપ્યાં. દશે આંગળીએ વેઢ અને વીંટીઓ પહેરાવી. પછી કુંવરે મહારાજને પુષ્પના હાર પહેરાવ્યા. સુવર્ણ અને રજતની મહોર ભરેલો થાળ મહારાજને ભેટ કર્યો.

ત્યારબાદ રાજ્યના દીવાન, અન્ય અમલદારો, પ્રજાજનો તથા સગાં-સ્નેહીઓએ પણ મહારાજનું પૂજન કર્યું અને સૌએ યથાશક્તિ ભેટ મૂકી. મહારાજનું પૂજન થઈ રહ્યું પછી કુંવરે રાજમાતાની આજ્ઞા પ્રમાણે સંતોનું પૂજન કરી ધોતિયાં ઓઢાડ્યાં. પાર્ષદોને પૂરો પોષાક આપ્યો. લક્ષ્મીરામને શેલું અને પાઘ આપ્યાં. આ બધી વિધિ રાજમાતા તથા અન્ય સ્ત્રીઓ દૂરથી નિહાળી રહ્યા હતાં.

મહારાજ ! આપ આ રાજ્ય ન સ્વીકારો ?

પછી કુશળકુંવરબાએ મહારાજને કહ્યું : "મહારાજ ! આપ આ રાજ્ય ન સ્વીકારો ? જ્યારથી મને સંત દ્વારા આપની ઓળખાણ થઈ, ત્યારથી આપનું જ

આ રાજ્ય છે એવું સમજીને જ હું રાજ્યનો વહીવટ કરું છું. હવે આપ ધણી પધાર્યા તો આપને આપનું રાજ્ય પાછું સોંપી દેવા મારી ઇચ્છા છે."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "રાજમાતા ! તમે હજી અમારો મહિમા યથાર્થ સમજ્યાં નથી. અનંત કોટિ બ્રહ્માંડોના રાજાધિરાજ તો મૂળ પુરુષ છે. તેથી પર અક્ષરબ્રહ્મ છે અને અક્ષરબ્રહ્મથી પર અમે છીએ. અમારી દૃષ્ટિએ અનંત કોટિ બ્રહ્માંડો ઊપજે છે અને પાછાં લીન થાય છે. આમાં તમારું આ પાંચસો ગામનું રાજ્ય શા હિસાબમાં ? અમે રાજ્ય કરવા આવ્યા નથી, અમે તો અધર્મનું ઉત્થાન કરી ભાગવતધર્મનું સ્થાપન કરવા પ્રગટ થયા છીએ. ગુજરાતમાં, સૌરાષ્ટ્રમાં અને કચ્છમાં વામપંથીઓનું જોર હતું, તેમણે અધર્મ પ્રસાર્યો હતો, તે વામપંથ અમે તોડ્યો. અધર્મને ઉચાળા ભરાવ્યા. અમારા સંતોએ તેમની સાધુતાથી ભાગવતધર્મના સિદ્ધાંતોનું પ્રસારણ કર્યું. લોકોમાં ધર્મ પાળવાની, પ્રભુ પંથે વળવાની ભાવના જાગૃત થઈ. પણ હજુ ઘણું કામ બાકી છે. માટે તમારું આ રાજ્ય છે તે તમે જ સંભાળો. પણ રાજ્યમાં વાસના રાખશો નહીં. અમારા સ્વરૂપ સિવાય બીજી કોઈ પણ વાસના રહી જશે તો જેવી વાસના હશે તેવો જન્મ લેવો પડશે !"

કુશળકુંવરબા સાંભળી રહ્યાં. તેમને મહારાજની મહત્તાનો ખ્યાલ તો હતો જ, પરંતુ મહારાજના શ્રીમુખના શબ્દોથી તે મહિમા તેમના અંતરમાં દૃઢ થઈ ગયો. તેમણે કહ્યું : "પ્રભુ ! આપનો મહિમા તો અમે સાધારણ જીવ શી રીતે સમજી શકીએ ? પરંતુ આપના શબ્દો મારા અંતરમાં ઘર કરી ગયા છે. આપની કૃપાથી આપના સ્વરૂપ સિવાય બીજી કોઈ વાસના અંતરમાં નથી. છતાં અંતકાળે આપ રક્ષા કરજો."

"અંતકાળ તો વિષમ છે, સમુદ્ર તરવા જેવો દુર્ગમ છે. પણ અમારી ઉપાસનાથી અને કૃપાથી તે સુગમ થઈ જશે. વિશાળ સમુદ્ર ગાયની ખરી જેટલો નાનો બની જશે. ચિંતા ન કરશો." મહારાજે તેમને ધીરજ આપતાં કહ્યું.

"મને લાગે છે કે આપ ધરમપુરથી પધારી જશો પછી મારો દેહ ઝાઝો વખત રહેશે નહીં." કુશળકુંવરબાએ કહ્યું.

"પ્રેમની પરાકાષ્ઠાનો એ જ અંત છે." મહારાજ બોલ્યા.

રાજ્ય વધારવાનો લોભ રાખશો નહીં

મહારાજે સોના-રૂપાની મહોરો બંદીજનોને, બ્રાહ્મણોને વહેંચી દીધી.

એવામાં એક ટેલિયો બ્રાહ્મણ આવ્યો. તેણે ટેલ નાખી કે મારે દીકરીને કન્યાદાન દેવું છે અને દીકરાને જનોઈ દેવી છે તો કાંઈક મદદ કરો. મહારાજે તેમને જોઈતું નાણું આપી રાજી કર્યો. પછી રાજમાતાની ઈચ્છાથી ફરી પાછા ઘોડશાળમાં, શસ્ત્રાગારમાં, દરબારમાં, કોષાલયમાં, રાણીવાસમાં મહારાજે પગલાં કર્યાં. મહારાજે કહ્યું : "માતા ! અમારા સંબંધે આ બધું નિર્ગુણ થઈ ગયું છે. રાજ્યના રક્ષણ અને આબાદી માટે તે વાપરજો. પરંતુ રાજ્ય વધારવાનો લોભ રાખી કોઈના હક્ક ઉપર તરાપ મારશો નહીં."

રાજમાતાએ હાથ જોડ્યા અને કહ્યું : "મહારાજ ! હવે તો અંતકાળ માટે દિવસો જ ગણવાના છે. આપે અપાર સુખ આપ્યું. પરંતુ આપે પરિયાણ કરવાનું નક્કી કર્યું તો આપે આપેલું સુખ અંતરમાં કાયમ રહે એવી કૃપા કરો."

મહારાજે કહ્યું : "લાવો રેશમી વસ્ત્ર અને ચંદન. અમારાં ચરણારવિંદની છાપ પાડી દઈએ, તેનાં નિત્ય દર્શન કરજો, છાતીએ અડાડજો. અમે આપેલા સુખની તેથી અખંડ સ્મૃતિ રહેશે."

રાજમાતાએ ચરણારવિંદની છાપ લીધી. છાતીએ ચાંપી. પછી ગદ્ગદ કંઠે કહ્યું : "પ્રભુ ! એક વિનંતી સ્વીકારશો ?"

"બોલો." મહારાજે કહ્યું.

"જીવુબા થોડો વખત રોકાય એવી આજ્ઞા કરો. આપ ગઢપુર પહોંચશો તે વખતે હું તેમને ગઢપુર પહોંચાડી દઈશ." રાજમાતાએ છેલ્લી વિનંતી કરી.

પરંતુ મહારાજે તે માન્ય ન રાખી. મહારાજને તો તેમની વૃત્તિ કેવળ પોતાના જ સ્વરૂપમાં કેન્દ્રિત કરાવવી હતી. એવી તીવ્ર ભક્તિયોગના ભાવમાં પોતાના સ્વરૂપમાં સમગ્ર ઈન્દ્રિયોનો નિરોધ કરવામાં કશું આલંબન હોય તે તેમને ખપતું ન હતું. તેમણે કહ્યું : "તેમને ગઢપુરથી નીકળ્યા ઘણા દિવસ થઈ ગયા. સગાંવહાલાં સૌ રાહ જોતાં હશે માટે તેમણે પણ નીકળવું પડશે."

એટલું કહીને બાજુમાં ઊભેલાં જીવુબાને કહ્યું : "અહીંથી સુરત જજો. ત્યાંથી વહાણે બેસી ભાવનગર જજો અને ગઢપુર જલદી પહોંચી જજો. લક્ષ્મીરામ તથા ભોજોચારણ તમારી સાથે આવશે."

રાજમાતાને સંતોષ લેવાનો, મહારાજના વિરહના દુઃખને વિદારવાનો આ એક આશરો હતો તે પણ મહારાજે ટાળ્યો. તેમને લાગ્યું કે મહારાજમાં ન સમજી શકાય તેવી કઠોરતા છે. પરંતુ મહારાજના કુસુમવત્ કોમળ ભાવો તેમની ભક્તિનિષ્ઠાને પુષ્ટ કરી તેમને અનિર્દેશના સદાને માટે અધિકારી

બનાવવા માટે હતા, તેની જાણકારી તે ખોઈ બેઠાં હતાં.

બીજે દિવસે હાથી, ડંકા, નિશાન, અશ્વો ને પદાતિઓની સવારીમાં સજ્જ થઈ મહારાજ પધાર્યા. બંદીવાને સ્તુતિના શબ્દો ગાયા. હાથી ઝૂક્યો. કુંવર વિજયદેવનો હાથ પકડી મહારાજ હાથી ઉપર બિરાજ્યા. કુંવર મહારાજની પાછળ બેઠા. તેમના હાથમાં ચામર હતો. દીવાનજી પણ મહારાજના હાથી આગળ અશ્વ ઉપર બેસી તૈયાર થઈ ગયા. ઘોડેસવારો, પદાતિઓ વગેરે ગોઠવાઈ ગયા. સહજાનંદ સ્વામી મહારાજના જયનાદના બુલંદ અવાજો સંભળાયા. ડંકા, નિશાન વાગ્યા અને સવારી આગળ ચાલી.

કુશળકુંવરબા આ દૃશ્ય જોઈ ન શક્યાં. તેમને લાગ્યું કે અંતરમાંથી કોઈ બહાર નીકળે છે. તે ત્યાં જ મૂર્છિત થઈને ઢળી પડ્યાં ![૭૭]

---

૭૭. કહેવાય છે કે ત્યારથી રાજમાતાએ અન્ન-જળનો ત્યાગ કરી દીધો હતો અને પંદર દિવસ બાદ ધામમાં ગયાં હતાં.

ધરમપુરના આ પ્રસંગનો ઉલ્લેખ 'હિસ્ટરી એન્ડ એડમિનિસ્ટ્રેશન ઑફ ધરમપુર સ્ટેટ' ઈ.સ. ૧૮૬૨ થી ૧૯૩૭માં મળી આવે છે. મૂળ ઉલ્લેખ અંગ્રેજીમાં છે તેનો ગુજરાતી અનુવાદ અત્રે આપ્યો છે :

"કુશળકુંવરબા એ મહીડા રાજકુટુંબની દીકરી હતાં. ખૂબ મુત્સદ્દી અને શક્તિશાળી હતાં." (પા. ૨૬)

"ધરમપુરના રાણા સોમદેવનાં લગ્ન મહીડા રાજકુંવરી કુશળકુંવરબા સાથે થયાં હતાં. (પા. ૨૮) તેઓ ધાર્મિકવૃત્તિનાં હતાં અને રાજ્યકારભાર કુશળ રીતે ચલાવી શકે તેવી શક્તિ ધરાવતાં હતાં. તેમના રાજ્યકારભાર દરમ્યાન સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક અને એક સાચા ધાર્મિક સુધારક ભગવાન સ્વામિનારાયણની ધરમપુરમાં તેમણે પધરામણી કરાવી હતી અને તેમના મોભાને શોભે એવું તેમનું સન્માન તેમણે તથા ધરમપુરના પ્રજાજનોએ કર્યું હતું. તેઓ ધરમપુરમાં રહ્યા ત્યારે ત્યાં વસંતનો ઉત્સવ તેમણે ઊજવ્યો હતો. કુશળકુંવરબાના પુત્ર રૂપદેવ ચોવીસ વર્ષે ધામમાં ગયા. ત્યારબાદ તેમના પુત્ર વિજયદેવ પહેલા રાજગાદી ઉપર આવ્યા. પરંતુ સગીર હોવાથી રાજકારભાર રાજમાતા કુશળકુંવરબા ચલાવતાં હતાં."

ઉદ્ગીથ ૧૬



વરતાલમા રંગોત્સવ

(આ.સં. ૧૮૭૨, ઈ.સ. ૧૮૧૬)

મહારાજ પોતાના સંતમંડળ અને હરિભક્તોનો સંઘ લઈ ધરમપુરથી નીકળી ગયા. એક ગાઉ દૂર ગયા એટલે હાથી ઉપરથી મહારાજ ઊતરી ગયા. રાજ્ય તરફથી મોકલેલી સવારી, નિશાન, ડંકા વગેરે પાછાં મોકલ્યાં. કુંવર વિજયદેવને તથા મહારાષ્ટ્રીય દીવાનને આશીર્વાદ આપ્યા. પછી મહારાજ અશ્વ ઉપર બિરાજ્યા.

ધરમપુરથી નીકળી મહારાજ ચિખલીમાં આવીને રાત રહ્યા. ત્યાંથી કતારગામ થઈને તાપી ઊતર્યા. ત્યાંથી વરિયાવે આવીને રાત રહ્યા. સવારે ઊઠીને કારેલિયા, કીમ થઈને ભૂધરદાસ પટેલને ત્યાં જીતાલી પધાર્યા. બીજે દિવસે સવારે ત્યાંથી નીકળી ગયા. ભૂધરદાસે બહુ જ આગ્રહ કર્યો. પરંતુ મહારાજ રોકાયા નહીં. તેણે જે રસોઈની સામગ્રી તૈયાર કરી હતી તે મહારાજે ગાડામાં મુકાવી. તે રીતે તેને રાજી કરી મહારાજ ત્યાંથી નીકળી ગયા.

નર્મદામાં મહારાજે સ્નાન કર્યું. પછી ત્યાં ધ્યાન કરવા બિરાજ્યા. તે વખતે મુક્તાનંદ સ્વામીએ મહારાજને ધ્યાનમાંથી જગાડીને કહ્યું : "મહારાજ ! કાંઈક ટીમણ કરો તો સારું."

એટલે મહારાજે કહ્યું : "ટીમણ તો કરવાં છે પણ અમારે વાત કરવી છે."

ત્યારે મુક્તાનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! વાત કરો."

મહારાજની આજુબાજુ બધા સંતો આવીને બેસી ગયા. મહારાજે કહ્યું : "હે સંતો ! અક્ષરધામના મુક્તને અને કાં તમને આ મૂર્તિનાં દર્શન છે, પણ બીજા ધામના મુક્તને નથી. તો બીજાને તો ક્યાંથી હોય ? કેમ કે આ મૂર્તિ આ બ્રહ્માંડમાં ક્યારેય આવી નથી. આજે જ આવી છે."[૭૮] મહારાજે પોતાનું સ્વરૂપ

૭૮. સદ્ગુરુ નિર્ગુણદાસ સ્વામીની વાતુ; વાત-૯૦.

યથાર્થ સમજાય તેવી વાત કરી.

બીજે દિવસે સવારે નીકળી વચ્ચે આવતાં ગામોમાં રાતવાસો કરતા, તે તે ગામોના ભક્તોના ભાવની સેવા અંગીકાર કરતા મહારાજ વરતાલ પધાર્યા.

અહીં જોબન પગીની મેડીમાં ઊતર્યા. જોબન પગી તથા તેનો સર્વ પરિવાર મહારાજની આ અકારણ કૃપાથી કૃતકૃત્ય થઈ ગયો ! મહારાજને વરતાલ પ્રિય હતું. પગીનો પરિવાર પણ પ્રિય હતો અને વરતાલના પાટીદાર ભક્તોની ભક્તિ પણ પ્રિય હતી. ઉત્સવો માટે મહારાજે વરતાલને જ કેન્દ્રસ્થાન રાખ્યું હતું.

પગી ! કાંઈક વરદાન માગો

મહારાજે જોબન પગીને કહ્યું : "પગી ! તમે તમારા ભાઈઓને લઈને અમારી સાથે ઠેઠ ધરમપુર સુધી આવ્યા. માર્ગમાં અમારી રક્ષા માટે અખંડ ચોકીપહેરો રાખ્યો, ખૂબ કષ્ટ વેઠ્યું. આ બધાથી તમારા ઉપર અમે ખૂબ જ પ્રસન્ન થયા છીએ. માટે કાંઈક વરદાન માંગો."

મહારાજના આ શબ્દો સાંભળી જોબન પગી ગદ્‌ગદ થઈ ગયા. તેમણે નીચા વળી મહારાજનાં ચરણારવિંદનો સ્પર્શ કરી લીધો. પછી કહ્યું : "મહારાજ ! આપ તો સર્વોપરી પુરુષોત્તમ નારાયણ છો, સર્વકર્તા છો, કાળના પણ કાળ સમાન છો. આપની અમે શું રક્ષા કરી શકવાના હતા !? પરંતુ અમારી કાળ થકી રક્ષા થાય તે માટે અમે આપનું શરણું લીધું છે. આપને પ્રસન્ન કરવા બની શકે તે ચાકરી કરીએ છીએ. આપ કરુણાસાગર છો તેથી અમારી અલ્પ સેવાથી પ્રસન્ન થઈ ગયા છો. આપની એ પ્રસન્નતા કાયમ રહે."

મહારાજ હસ્યા. એટલે પગીએ કહ્યું : "મહારાજ ! આપે કહ્યું તેથી માગું છું કે આપ આ ફૂલદોલનો ઉત્સવ વરતાલમાં કરો તો અમને સૌને આપની તથા ભક્તોની સેવાનો વિશેષ લાભ મળે."

જોબન પગીની આ માગણીથી મહારાજ મુગ્ધ થઈ ગયા. તેના જેવા અભણ મનુષ્યને પોતાના સ્વરૂપનું આવું જ્ઞાન થઈ ગયું તે જ મોટો ચમત્કાર ! તેમણે કહ્યું : "પગી, તમારી એવી જ ઇચ્છા છે તો ભલે આ ફૂલદોલનો ઉત્સવ અહીં કરીશું." જોબન પગી તથા તેનો સમગ્ર પરિવાર મહારાજના આ શબ્દોથી રાજી થઈ ગયો.

બીજે દિવસે લક્ષ્મીરામ તથા ભોજા ચારણ સાથે જીવુબા વરતાલ આવ્યાં. મહારાજ જોબનની મેડીએ બિરાજે છે તે જાણી તેઓ મહારાજનાં દર્શન કરવા

ત્યાં ગયાં. મહારાજને ખબર મોકલ્યા. આ સાંભળી મહારાજને આશ્ચર્ય થયું. તેમણે કહ્યું : "બોલાવો તેમને." સંતો પાસે બેઠા હતા તે ત્યાંથી ઊભા થઈ ગયા.

જીવુબા મહારાજ પાસે આવ્યાં અને સન્મુખ બેસી પંચાંગ પ્રણામ કર્યા. મહારાજે તરત જ તેમને કહ્યું : "અમે તમને કહ્યું હતું કે સુરતથી વહાણે બેસી ભાવનગર થઈને ગઢડા પહોંચી જજો, છતાં અહીં વિકટ રસ્તો ખેડીને કેમ આવ્યાં ?"

જીવુબાએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપની આજ્ઞા લોપી છે તો માફ કરજો. પરંતુ અમને સૌને એમ લાગ્યું કે આપ વરતાલમાં જ રોકાઈ જશો. ગઢપુરવાસી ભક્તો આપનાં દર્શન વિના દુઃખી થઈ ગયા છે, તેથી આપ જો તરત જ ગઢડા નહીં પધારો તો કેટલાકના પ્રાણ ચાલ્યા જશે. એટલે આપને અમે ગઢપુર સાથે તેડી જવા માટે જ આવ્યાં છીએ."

મહારાજ આ સાંભળી વિચારમાં પડી ગયા. આજ્ઞા લોપી, પણ ગઢપુરના ભક્તો માટે. તેમને ભક્તો પ્રિય હતા. તેમાં વળી ગઢપુરના ભક્તો પ્રત્યે તો અપ્રતિમ હેત હતું. પરંતુ અહીં ફૂલદોલનો ઉત્સવ કરવા તેઓ જોબન પગીને વચન આપી બંધાઈ ગયા હતા.

મહારાજને વિચાર કરતાં જોઈ જીવુબાએ કહ્યું : "મહારાજ ! આપને ગઢપુર પધાર્યા વગર ચાલશે જ નહીં. આપને ગઢપુરથી નીકળ્યા, કેટલો વખત થઈ ગયો !? ત્યાંના ભક્તોની સ્થિતિનો પણ કાંઈક ખ્યાલ કરો. આપના વિના પળમાત્ર રહી ન શકે તે ભક્તોને આપે દૂર રાખ્યા. વળી, હવે ગઢપુર જવાનો પ્રસંગ આવ્યો ત્યારે મેં સાંભળ્યું છે કે આપે અહીં ઉત્સવ કરવાનું વચન જોબન પગીને આપી દીધું છે ! પરંતુ છેવટે બે દિવસ પણ ગઢપુર આવી જઈ, સૌને દર્શન દઈ, પછી આપ અહીં આવી ઉત્સવ કરજો."

મહારાજ સમજી ગયા. જીવુબાએ વાતમાં ઉકેલ પણ લાવી દીધો.

એટલામાં પગી આવ્યા. તેમણે આ વાત જાણી. તરત જ કહ્યું : "મહારાજ ! મોટીબા ખરું કહે છે. આપ ગઢપુરના ભક્તોને દર્શન દઈ અત્રે ફૂલદોલના ઉત્સવ ઉપર વહેલા પધારો."

મહારાજ તેમની સરળતા જોઈને રાજી થયા. તેમણે તરત જ કહ્યું : "તો ભલે, કાલે જ ગઢપુર જવા નીકળીએ." એટલું કહી મહારાજે જોબન પગીને કહ્યું : "સાંભળો, ફૂલદોલનો ઉત્સવ આપણે ધામધૂમથી કરવો છે. માટે ગુલાલ અને કંકુનાં ગાડાં મંગાવજો, બે મોટા હોજ કરાવજો અને કેસર, કેસૂડો વગેરે

ખૂબ મંગાવી તૈયાર કરજો. અમે ઉત્સવ ઉપર પાંચ દિવસ અગાઉ આવી જઈશું. ગઢપુરના ભક્તોને તથા કાઠિયાવાડના અન્ય ભક્તોને પણ સાથે લેતા આવીશું. ઉત્સવ અલૌકિક કરવો છે.'' વરતાલના ભક્તો આ સાંભળી રાજી થઈ ગયા.

વરતાલથી મહારાજ નીકળ્યા અને વસો આવી ત્યાં રાત રહેવાનું નક્કી કર્યું. ગામ બહાર રામસર તળાવ છે તેના ઈશાન ખૂણામાં તંબુ ઊભા કર્યા. તરત જ દવે દાદાભાઈ તથા તુલસીભાઈ અમીન, વિપ્ર વાલા ધ્રુવ, જેસંગભાઈ, વાંસજીભાઈ, વાલાભાઈ વગેરે આવી ગયા. ઘોડા માટે ચંદી લાવ્યા. બળદો માટે ઘાસ લઈ આવ્યા. સંઘને જમાડવાની વ્યવસ્થા કરી દીધી, મહારાજ સારુ થાળ તૈયાર કરાવ્યો. મોડી રાત સુધી સૌ સેવામાં રહ્યા. મહારાજે તેમને વાતો કરી આનંદ કરાવ્યો.

સાબરમતીના ભાઠામાં રીંગણાં સારાં થાય છે

વહેલી સવારે મહારાજ ત્યાંથી નીકળ્યા. સાબરમતી નદી ઊતર્યા. પછી સંઘના સાથીઓને વાત કરી કે ''સાબરમતીના ભાઠામાં રીંગણાં સારાં થાય છે.''

આ સાંભળી બોટાદના માતરા ધાધલ તથા ઝિંઝરના ખોડાભાઈ વાડીવાળા પાસે ગયા. બે રીંગણાના આઠ આના તેમણે ચૂકવ્યા. મહારાજ તો આગળ નીકળી ગયા હતા, તેથી આ બંને ભક્તો ઘોડા દોડાવી મહારાજ તથા સંઘને આંબી ગયા. મહારાજ વટામણ પહોંચી ગયા હતા. ત્યાં આ બંને ભક્તોએ મહારાજને રીંગણાં તથા લીલાં મરચાં આપ્યાં. મહારાજ રીંગણાં જોઈ રાજી થયા.

મહારાજે પોતે જ રીંગણાંનું શાક બનાવ્યું. બાટીઓ પણ બનાવી. પછી પોતે જમવા બેઠા. શાક જમતા જાય અને વખાણતા જાય. ત્યારે માતરા ધાધલે કહ્યું : ''મહારાજ ! એ તો ખોડાભાઈનો ભાવ છે ને ! એટલે શાક મીઠું લાગે છે.''

તે સાંભળી મહારાજ હસ્યા. પછી કહ્યું : ''ત્યારે અમારી મહેનત તો પાણીમાં ગઈ ને !''

સૌ હસી પડ્યા. મહારાજે શાક અને બાટીની પ્રસાદી સૌને આપી.

મહારાજ ગઢપુરમાં

વટામણથી નીકળી મહારાજ કારિયાણી થઈને ગઢપુર પહોંચી ગયા. મહારાજનાં દર્શન કરી ગઢપુરના ભક્તોના જીવમાં જીવ આવ્યો. દાદાખાચર દોડતાં આવી મહારાજનાં ચરણમાં પડી ગયા. મહારાજે તેમને ઊભા કર્યા અને

ભેટ્યા. એ દિવ્ય આશ્લેષથી દાદાખાચરના અંતરમાં વિરહની વેદના હતી તે શાંત થઈ ગઈ ! મહારાજે દાદાખાચર તરફ જોયું અને બોલ્યા : "દાદા !"

"મહારાજ !" દાદાખાચર ફકત એટલું જ બોલી શક્યા અને ફરી મહારાજના બાહુપાશમાં સમાઈ ગયા !

મહારાજને દાદાખાચરની ભક્તિ અપ્રતિમ લાગતી. તેમના પ્રેમમાં મીઠાશ હતી, સ્વાર્પણની ભાવના હતી, મહારાજના સ્વરૂપમાં ખોવાઈ જવાની તમન્ના હતી. વળી, તેમના જીવનમા મહારાજને અત્યત પ્રિય એવા બ્રહ્મચર્યવ્રતનું દઢતાપૂર્વક પાલન હતું. તેમના સમગ્ર કુટુંબની આ રુચિ હતી. મહારાજ કહેતા : "બ્રહ્મચર્યરૂપ ધર્મ ભળે તો ભક્તિ નિર્વિઘ્ન પાર પડે."

એક પછી એક તમામ ભક્તો મહારાજનાં દર્શને આવવા લાગ્યા. સોમબા ફુઈ પણ આવ્યાં. મહારાજને પંચાંગ નમસ્કાર કર્યા. મહારાજે પૂછ્યું : "ફોઈબા, સારું છે ને ?" ફોઈબાએ બે હાથ વતી ઇશારો કરી સમજાવી દીધું. મહારાજ આ જોઈ હસ્યા. તેમણે ફરી પૂછ્યું : "બોલાતું નથી ?"

એટલે લાડુબાએ કહ્યું : "મહારાજ ! ફોઈબાએ મૌન વ્રત લીધું છે."

મહારાજ આ સાંભળી ખૂબ હસ્યા. તેમણે કહ્યું : "ભગવાનનું નામ લેવું અને ભજન કરવું એ જ મૌન."

તે સાંભળી ફોઈબાએ કહ્યું : "અમારી કાઠીની જાત. ન બોલવાનું બોલાઈ જાય તો વળી પાછા તમે રિસાઈ જાવ અને અમારે મનામણાં કરવાં પડે !"

"અમે જગતની વાતથી રિસાઈએ છીએ અને ભગવાનની વાતથી રીઝીએ છીએ." મહારાજે કહ્યું. એટલું કહી મહારાજ અક્ષર ઓરડીએ પધાર્યા. અહીં જીવાખાચર તથા અન્ય ભક્તો મહારાજનાં દર્શને આવ્યા.

મહારાજે થોડી વારે પૂછ્યું : "સચ્ચિદાનંદ સ્વામી ક્યાં છે ?"

એટલે દાદાખાચરે કહ્યું : "એ તો લક્ષ્મીવાડીએ જ રહે છે, કાંઈ જમતા નથી. પૂછીએ તો કહે કે મહારાજ સાથે જમ્યો."

મહારાજ આ સાંભળી બોલ્યા : "શું કરીએ ? ખેધે પડ્યા હોય એટલે જમાડવા જ પડે ને ! સ્વામીનો આવો પ્રેમ છે કે અમારા વગર રહેવાતું નથી. મોટીબાએ તેમના દુઃખની બધી વાત અમને કરી. ત્યારથી તેમને નિરાવરણ સ્થિતિ કરાવી દીધી. અમે જ્યાં હોઈએ ત્યાં આવીને અમારાં દર્શન કરી જાય, અમારી પ્રસાદી જમી જાય."

દાદાખાચરને આ સાંભળી નિરાંત થઈ. તેમને ચિંતા થતી હતી કે અન્ન,

જળ વગર સ્વામીના દેહનું શું થશે !

બીજે દિવસે મહારાજે લાધા ઠક્કર તથા હરજી ઠક્કરને બોલાવ્યા. તેમને કહ્યું : "આપણે વરતાલમાં ફૂલદોલનો અલૌકિક ઉત્સવ કરવો છે માટે ઠેઠ મુંબઈના હરિભક્તો સુધી બધાયને કંકોત્રી લખો. કોઈ દેશ રહી ન જાય."

આ સાંભળી દાદાખાચરે કહ્યું : "મહારાજ ! એવો ઉત્સવ અહીં કરો ને !"

મહારાજે કહ્યું : "જોબંન પગીને અમે વચન દઈને આવ્યા છીએ એટલે આ ઉત્સવ તો ત્યાં જ કરવો પડશે. તમારે પણ ભેગા આવવાનું. બહુ મોટો લાભ મળશે."

ડભાણના જગન્નાથ વિપ્ર શુકાનંદ સ્વામી બને છે

મૂળ નડિયાદના વતની પણ પાછળથી ડભાણ આવીને વસેલા જગન્નાથ વિપ્ર, ડભાણમાં ત્યાંના વિદ્વાન શાસ્ત્રી પાસે શ્રીહરિ સાક્ષાત્ ભગવાન છે એવો મહિમા સાંભળી, શ્રીહરિ પ્રત્યે આકર્ષાયા હતા. જગત પ્રત્યે તેમને સ્વાભાવિક અરુચિ હતી તેથી ભગવત્‌વાર્તા સાંભળતાં તેમનું હૈયું ગદ્‌ગદ થઈ જતું. તેમાં પણ પ્રભુ સાક્ષાત્ પૃથ્વી ઉપર પ્રગટ થયા છે અને હાલ સૌરાષ્ટ્રમાં, ગઢપુરમાં બિરાજે છે તે જાણી તેમને પ્રભુનાં દર્શનની તાલાવેલી લાગી. એ ઉત્સુકતાના ભાવમાં શ્રીહરિનાં દર્શન કરવા તેઓ ગઢડા જવા માટે ઘેરથી નીકળી ગયા.

શ્રીહરિ ગઢપુરમાં જ બિરાજતા હતા. તેમણે અંતર્યામીપણે આ મુક્તાત્માને પોતાનાં દર્શન કરવા આવતા જાણી પોતાના સાથીઓને કહ્યું : "ચાલો, આપણે બાપુના બીડ તરફ જઈએ."

શ્રીહરિની દરેક ક્રિયામાં, બોલવામાં કાંઈક રહસ્ય છે એવું જાણનાર મુક્તાનંદ સ્વામીએ સૌને કહ્યું : "ચાલો, મહારાજ સાથે." બધો સંઘ ઊપડ્યો.

મહારાજ અશ્વ ઉપર બિરાજમાન થયા હતા. ગામ બહાર નીકળી જરાક આઘેરા ચાલ્યા ત્યાં તેમણે સામેથી એક અઢાર વર્ષના કિશોરને વેગમાં આવતો જોયો. કચ્છ વાળીને ધોતિયું પહેર્યું છે, ઉપર ગોઠણ સુધી અંગરખું પહેર્યું છે, માથે સફેદ રૂમાલ વીંટ્યો છે તેમાંથી ફર ફર કરતી શિખા દેખાય છે. કિશોરના કોમળ મુખ ઉપર ભગવાનને ભેટવાની ઉત્સુકતા દેખાય છે. હોઠ મંત્રજાપથી અખંડ હાલી રહ્યા છે. દૃષ્ટિ ગઢપુરમાં શ્રીહરિના આવાસ તરફ જ છે. તે આવાસ તેણે જોયો નથી પણ તેની કલ્પનામાં તે જોઈ રહ્યો છે. એ કલ્પનાનો આવાસ બીજા વિચારથી ખસી ન જાય તેનું તેને અનુસંધાન છે.

શ્રીહરિ તેને જોઈ અશ્વ ઉપરથી એકદમ ઊતરી ગયા. જગન્નાથ વિપ્રે પણ શ્રીહરિને અશ્વ ઉપરથી ઊતરતા જોયા. તેણે શ્રીહરિને જોયા ન હતા પરંતુ ડભાણમાં સાંભળ્યું હતું કે શ્રીહરિનું સ્વરૂપ જ એવું છે કે મન, ઇન્દ્રિયોની વૃત્તિઓ સહેજે તેમના સ્વરૂપમાં ખેંચાઈ જાય. તેની વૃત્તિઓ ખેંચાણી અને તરત જ તે દોડ્યો. શ્રીહરિ પણ સામા દોડ્યા અને થોડી વારમાં તો જગન્નાથ વિપ્ર શ્રીહરિનાં ચરણમાં પડી ગયા. શ્રીહરિએ તેમને વહાલથી ઉઠાડ્યા. વાંસે હાથ ફેરવ્યો અને બોલ્યા : "આવો જગન્નાથજી ! તમારી જ રાહ જોતા હતા. તમને સન્માનવા અમે અહીં સુધી આવ્યા છીએ." મુક્તાનંદ સ્વામી આ સાંભળી વિચાર કરવા લાગ્યા. તરત જ શ્રીહરિએ તેમને કહ્યું : "સ્વામી ! આવા તો હજુ બે હજાર સાધુઓ આવશે. આ પૂર્વનો પ્રેમ છે. અમારી સ્મૃતિ અંતરમાં થાય છે અને ઘર છોડીને ચાલી નીકળે છે."

શ્રીહરિએ પછી સૌને કહ્યું : "ચાલો પાછા. વિપ્ર પંથ કરીને આવ્યા છે તે થાકી ગયા હશે. તેમને ઉતારો કરાવીએ, જમાડીએ. એ કાંઈ આજની ઓળખાણે નથી આવ્યા પણ આગુની ઓળખાણ છે." કિશોર જગન્નાથ વિપ્રનો આટલો મહિમા શ્રીહરિએ કહ્યો. તેથી સાથે આવેલા સૌને પણ તેમનો ભાર પડી ગયો.

સૌ દરબારમાં આવ્યા. કિશોરને ઉતારો કરાવ્યો. બધી વિધિ કર્યા પછી શ્રીહરિ પાસે અક્ષર ઓરડીમાં તેમને લઈ ગયા. શ્રીહરિ તે વખતે જમતા હતા. જમી રહ્યા પછી પ્રસાદીનો થાળ તેને આપ્યો. પછી કહ્યું : "આ સામેની ઓરડીમાં અમારી પાસે જ તેમને ઉતારો આપો. તેમને પાસે જ રાખવા છે." પછી સોમલાખાચરને કહ્યું : "આમનું ધ્યાન રાખજો."

થોડા દિવસ ગયા પછી જગન્નાથ વિપ્રે સોમલાખાચરને કહ્યું : "તમે મહારાજને કહો કે મારે સાધુ થવું છે. મારાથી મહારાજ આગળ બોલી શકાતું નથી."

એટલે સોમલાખાચર મહારાજ પાસે આવ્યા અને મહારાજને કહ્યું : "મહારાજ ! ભણે ઓલ્યા ડભાણના બ્રાહ્મણને સાધુ થવું છે."

મહારાજે તરત જ કહ્યું : "તેમને મુક્તાનંદ સ્વામી પાસે મોકલો અને કહો કે દીક્ષા આપી દ્યે."

સોમલાખાચર જગન્નાથ વિપ્રને મુક્તાનંદ સ્વામી પાસે લઈ ગયા અને સ્વામીને કહ્યું : "મહારાજે કહ્યું છે કે આમને દીક્ષા આપો."

મુક્તાનંદ સ્વામીએ બધી વિધિ તરત કરી. કૌપીન, અલફી, જનોઈ, કંઠી

વગેરે આપ્યાં. આ પ્રમાણે દીક્ષાવિધિ કરી, પછી મુક્તાનંદ સ્વામીએ તેમનું 'શુકાનંદ સ્વામી' નામ પાડ્યું અને કહ્યું : "હવે મહારાજ પાસે જાઓ. મહારાજને દંડવત્ કરી આશીર્વાદ લ્યો."

શુકાનંદ મુનિ મહારાજ પાસે અક્ષર ઓરડીએ આવ્યા. મહારાજ તેમને આ વેશમાં જોઈ રાજી થયા. પછી પૂછ્યું : "શું નામ રાખ્યું છે ?"

ત્યારે તેમણે કહ્યું : "શુકાનંદ સ્વામી."

ત્યારે મહારાજે કહ્યું : "મુક્તાનંદ સ્વામી પણ તેમનું પૂર્વનું નામ જાણતા લાગે છે." પછી તેમને કહ્યું : "તમારે સદા અમારી સાથે જ રહેવું. આજ્ઞાની રાહ જોવી નહીં."

કુશળકુંવરબા ધામમાં જાય છે

એટલામાં ધરમપુરથી કાસદ આવ્યો. તરત જ મહારાજ પાસે તેને લઈ ગયા. તેણે રુક્કો આપ્યો. મહારાજે લાધા ઠક્કરને કહ્યું : "વાંચો આ રુક્કો."

લાધા ઠક્કર વાંચવા લાગ્યા : "આપના ગયા પછી આપનો વિરહ સહન ન થવાથી રાજમાતા કુશળકુંવરબા મુક્તાત્માની જેમ આપના સ્વરૂપનું ધ્યાન કરતાં કરતાં દેહ મૂકી અક્ષરધામમાં પધાર્યાં છે. તે સમયે આપ સાક્ષાત્ તેડવા પધાર્યા હતા એવા ધરમપુરમાં, દરબારગઢમાં ઘણા સેવકજનોને તેમજ પ્રજાજનોમા પણ ઘણાંને આપના દર્શન થતા હતા."

મહારાજ આ સાંભળી 'હરિ હરિ' બોલવા લાગ્યા. ધરમપુરનો કાસદ આવ્યો છે તે સમાચાર મળતાં લાડુબા, જીવુબા, મીણબા, રામબાઈ વગેરે પણ ત્યાં આવી ગયાં. કુશળકુંવરબા ધામમાં ગયાં છે તે સમાચાર જાણી સૌ શોકમગ્ન થઈ ગયાં. જીવુબાએ કહ્યું : "દસ વર્ષ મહારાજે રાખ્યાં હોત તો એ દેશમાં સત્સંગ ઘણો વધી જાત."

મહારાજે કહ્યું : "તેમનું પ્રેમનું અંગ હતું તેથી અમારું સ્વરૂપ એ જ જીવન મનાઈ ગયું હતું. પૂર્વનાં મુક્ત હતાં. થોડું અધૂરું હતું તે અમારો સંબંધ થયો તે પૂરું થઈ ગયું અને ધામમાં ચાલ્યાં ગયાં." મહારાજે થોડો વખત ધૂન્ય કરાવી.

સંત મળે ત્યારે અમારી ઓળખાણ થાય છે

ગઢપુરમાં મહારાજ પંદર દિવસ રહ્યા. તે દરમ્યાન જીવાખાચરના દરબારમાં પણ પધારતા, વાતો કરતા. દાદાના દરબારમાં પણ વાતો કરતા.

માન અને સ્વાદનું ખંડન કરતા અને વળી કાઠી હરિભક્તોને ભાવતાં ભોજન પણ જમાડતા. મહારાજના સંબંધથી કાઠી હરિભક્તોમાં જાગૃતિ આવી ગઈ હતી. વિષય અને વ્યસન છોડાવ્યાં અને વળી સમજણ આપી જેથી ભવિષ્યમાં તે ચાળે ફરી કોઈ વખત ચડે નહીં.

વરતાલ જવાનો સમય થઈ ગયો હતો. જે કાઠી દરબારો મહારાજ સાથે જવાના હતા તે બધા આવી ગયા હતા. જીવાખાચર અને તેમના દીકરા મૂળુખાચર પણ આવી ગયા હતા. દાદાના દરબારમાં બધા સભા ભરીને બેસી ગયા હતા. નાજા જોગિયાએ મહારાજની માણકી તૈયાર રાખી હતી. એટલામાં મહારાજ પધાર્યા. ઢોલિયા ઉપર બિરાજ્યા. પછી વાત કરતાં કહ્યું : "આવા સમૈયા-ઉત્સવમાં સંતો-હરિભક્તો આવે, તેમનાં સૌનાં દર્શન થાય, એકબીજા સાથે ભળી જવાય, સુહૃદભાવ વધે, મન ઘસાય, સ્વભાવ ઘસાય, ખોટી ટેવો છૂટી જાય. આ બધું અન્ય સાધન કરતાં કોઈ દિવસ ટળે નહીં. આવા દિવ્ય સત્સંગનું આ ફળ છે. તેમાં જ્યારે સમજણવાળા સંત મળે ત્યારે અમારા સ્વરૂપની સાચી ઓળખાણ થાય. અમે દૂર છીએ એવું ક્યારે મનાય જ નહિ, સદા સમીપમાં છીએ એવું જ્ઞાન થાય. એવા જ્ઞાનની સ્થિતિવાળા ભક્તની અંતર્દષ્ટિ ઊઘડે છે અને ભગવાન પોતાના ધામ સહિત સદા તેની સમીપમાં જ છે એ નિશ્ચય થાય છે." એટલી વાત કરીને મહારાજ ઊઠ્યા.[૭૯]

મહારાજે લાધા ઠક્કરને બોલાવ્યા. તેમને કહ્યું : "રામદાસ સ્વામી ચરોતરમાં છે તેમને કાગળ લખજો કે ફૂલદોલના ઉત્સવમાં પાંચ દિવસ વહેલા અમે વરતાલ પહોંચી જઈશું, માટે વીસ-પચ્ચીસ ગાડાં ભરી કેસૂડાનાં ફૂલ મંગાવજો." વળી કહ્યું : "ઠાસરા અને ઘોડસર પણ પત્ર લખો કે દસ ગાડાં ભરીને ગુલાબનાં ફૂલ લઈને આવે. નવા વાંસની પિચકારીઓ બનાવવા માટે પાંચ ગાડાં વાંસ લેજો. આ વખતે ભારે રંગોત્સવ કરવો છે."

એટલું કહીને ફરી પૂછ્યું : "બધે કંકોત્રીઓ લખી ? ઠેઠ રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં પણ લખજો. નાનાં બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ બધાં જ આવે; કોઈ રહી ન જાય." તે પ્રમાણે લાધા ઠક્કરને સૂચના આપી પોતે માણકી ઉપર બિરાજ્યા. કાઠી ભક્તો પણ પોતપોતાના અશ્વો ઉપર બેસી ગયા. સૌ રાહ જોઈ

---

૭૯. *અંતરદૃષ્ટિ દ્વારા ભક્તજન જો દેખત જબ*
દૂર નહીં હરિ લગાર, સમીપ રહે તબ ધામ જુત. (યુક્ત)
– શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૧૬, તરંગ : ૪૯-૩.

રહ્યા હતા, માણકી ઊપડે એટલે પાછળ નીકળીએ.

નથી જાતી દરબારમાંથી ઘોડી

મહારાજે લગામ પકડી, સૌને 'જય સ્વામિનારાયણ' કહ્યા. ચોકડું ખેંચ્યું. માણકીના પેટમાં પેંગડું માર્યું. પરંતુ માણકી સ્થિર થઈ ગઈ હતી ! મહારાજને થયું : "કેમ માણકી આજે ડગ ભરતી નથી ? રોજ તો ઇશારામાં સમજી જાય છે અને આજે એને શું થયું ? કેમ હઠ પકડી ?"

મહારાજે ફરી ચોકડું ખેંચ્યું. જોરથી પેટમાં પેંગડું ભરાવ્યું. નાજા જોગિયા પણ તેના ઘોડા ઉપરથી ઊતરી માણકી પાસે આવ્યા. તેની પીઠ થાબડી છતાં માણકી અચળ હતી ! સૌ જોઈ રહ્યા. મહારાજની આજ્ઞામાં સદા વર્તનારી, મહારાજની મરજીને જાણનારી માણકીને આજે આ શું થયું ? નાજા જોગિયાએ હાથમાં લગામ લઈ, આગળ જઈ, માણકીને દોરવાનો પ્રયત્ન કર્યો પણ માણકી તો સ્થિર જ હતી. જાણે તેના ડાબલા ધરતીમાં ચોંટી ન ગયા હોય ! મહારાજ વિચારમાં પડી ગયા. કોઈકે કહ્યું : "પાછળ જરા સોટી ધીરેથી અડાડો."

મહારાજે તરત જ કહ્યું : "ના, એવું કરાય નહીં. એ તો મુક્ત છે. અહીંથી પરિયાણ નથી કરતી તેનું કારણ અમે સમજી ગયા. અમારા કરતાં તેને સંદેશો વહેલો પહોંચી ગયો છે." એટલું કહીને મહારાજ નીચે ઊતર્યા. મહારાજ સીધા લાડુબા, જીવુબા પાસે ગયા. બધી બાઈઓ આથમણા બારના ઓરડાની જેર ઉપર ઊભી હતી. મહારાજ ઓશરી ઉપર ચઢી ગયા. મહારાજે જીવુબા તથા લાડુબાને હાથ જોડ્યા. પછી કહ્યું : "તમારી મરજી આ માણકી જાણી ગઈ છે. અમે વરતાલ જઈએ છીએ. તમને છેવટનું મળાયું નથી, રજા લીધી નથી તેથી માણકી અમને જવા દેતી નથી. તમે તેને વૃત્તિથી બાંધી લીધી છે. અમને તેણે હઠથી રોકી લીધા છે. માટે હવે રાજી થઈ રજા આપો તો વરતાલ જઈએ. ત્યાં મોટો રંગોત્સવ કરવો છે, હજારો હરિભક્તો આવશે, સૌને બ્રહ્માનંદ કરાવવો છે, તમને અહીં બેઠાં સુખ આવશે. માટે માવડી ! રાજીથી રજા આપો !"

લાડુબા, જીવુબા તથા બધી સ્ત્રીઓ મહારાજના શબ્દો સાંભળી હસવા લાગી. જીવુબાએ મહારાજને પગે લાગીને કહ્યું : "પ્રભુ ! પધારો. પણ પાછા વહેલા ગઢપુર આવી જજો. માણકી તો અમારી બેન છે એટલે તે તો અમારી ભેર રાખે જ. આપ તો નમેરા થઈને ચાલ્યા જતા હતા. પણ હવે

સિધાવો !"[૮૦]

મહારાજ માણકી પાસે આવ્યા. માણકીની પીઠ ઠબકારી. માણકી હણહણી. મહારાજે સવારી કરી, ચોકડું પકડ્યું અને માણકી ઊછળી. મહારાજે તેની પીઠ થાબડી અને શાંત કરી. સૌ આ આશ્ચર્ય જોઈ રહ્યા. સૌને લાગ્યું કે પશુને પણ આવા ભારે સંસ્કાર હોય છે ! પરંતુ આ પશુ ક્યાં હતી ? એ તો અક્ષરધામના મુક્ત મહારાજની આ સ્વરૂપે સેવા કરવા આવ્યાં હતાં.

ગઢપુરથી નીકળી મહારાજ બોટાદ પધાર્યા. અહીં હમીરખાચરને ત્યાં ઉતારો કર્યો. મહારાજે હમીરખાચરને કહ્યું : "વરતાલમાં ફૂલદોલનો ઉત્સવ મોટો થશે. આખા દેશમાંથી હરિભક્તોના સંઘ આવશે, તો તમારે પણ અમારી ભેગા ચાલવાનું છે."

હમીરખાચરે તરત જ હાથ જોડી કહ્યું : "ભલે પ્રભુ ! આપની આજ્ઞા છે તો હું તૈયાર જ છું."

બીજે દિવસે બોટાદથી મહારાજ નીકળી ગયા. ભાલમાંથી પણ હરિભક્તોના સંઘ સાથે લીધા. બે-ત્રણ દિવસે વસો પહોંચ્યા. અહીં વિપ્ર વાલા ધ્રુવ તથા દાદાભાઈ દવે, વાલજીભાઈ તેમજ પાટીદાર ભક્તો સેવામાં જોડાઈ ગયા. જમનાબાઈએ[૮૧] મહારાજ માટે થાળ તૈયાર કર્યો. અવલબાએ કાઠી ભક્તો માટે રસોઈ કરી. મહારાજ થાળ જમ્યા. પછી ભક્તોને પીરસવા પધાર્યા. વસોમાં પ્રેમીભક્તોને સેવાનું સુખ આપી ચાંગા થઈને મહારાજ સંજાયા પધાર્યા.

વરતાલમાં હરિભક્તોને સમાચાર મળી ગયા કે મહારાજ સંજાયા પધાર્યા છે તેથી વરતાલથી ત્યાંના મુખ્ય હરિભક્તો મહારાજનું સામૈયું કરવા સંજાયા આવ્યા. મહારાજનાં દર્શન કર્યાં. મહારાજે રંગોત્સવ કરવાનો લાભ આપવાનું નક્કી કર્યું તેથી તેમના મુખ ઉપર કૃતકૃત્યતાના ભાવ દેખાતા હતા. મહારાજે સૌને 'કેવી તૈયારીઓ કરી છે, કેટલા હરિભક્તો આવ્યા છે' – તે બધું પૂછી લીધું.

---

૮૦. આ પ્રસંગના સાક્ષી સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ આ પ્રસંગ ઉપર *'માણકીએ ચડ્યા રે મોહન વનમાળી, શોભે રૂડી કરમાં લગામ રૂપાળી'* – એ પદો બનાવ્યાં છે.

૮૧. જમનાબાઈ દાદાભાઈ દવેનાં દીકરી હતાં. મહારાજ પ્રત્યે અપાર ભક્તિ હોવાથી તેમને મહારાજ સમાધિમાં દર્શન દેતા. એક વખત સમાધિમાં મહારાજે તેને પોતાના અંગ લૂછવાનો રૂમાલ પોતાનું શરીર લૂછીને આપ્યો હતો. તે રૂમાલ હાલ વસોના મંદિરમાં પ્રસાદીરૂપે સાચવી રાખ્યો છે.

– શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૩, વાર્તા ૮૨.

મહારાજ વરતાલ પધારે છે

સંજાયાથી મહારાજ સંઘ સહિત વાજતે-ગાજતે નીકળ્યા. મહારાજની સાથે બોટાદથી જ હરિભક્તોના સંઘ જોડાતા ગયા હતા. ભાલમાંથી, દંઢાવ્યથી તેમજ અમદાવાદની આજુબાજુના ભક્તો પણ જોડાયા હતા. ચરોતરમાંથી ટોળે ટોળાં ઊમટ્યાં હતાં. મહારાજ સંજાયા પધાર્યા ત્યારે તો જાણે માનવમહેરામણ ઊમટ્યો હોય એવું સૌને લાગ્યું. સૌનાં હૈયાંમાં હર્ષ સમાતો ન હતો. સૌ કહેતા હતા કે "આ વખતનો ઉત્સવ અલૌકિક થશે, સાંભળ્યું છે કે નિષ્કુળાનંદ સ્વામીએ બાર બારણાનો હિંડોળો તૈયાર કર્યો છે. મહારાજ તે ઉપર ઝૂલશે, સૌને રંગથી રંગશે, સૌનાં અંતરમાં ભક્તિના રંગ પાંગરશે." આવી અનેક વાતોથી, આ પ્રસંગના આનંદથી ભક્તોનાં હૈયાં સભર બની ગયાં હતાં. ફક્ત અકળામણ એ વાતની હતી કે આ દિવ્ય દર્શન જલદી થતાં ન હતાં. તેમને લાગતું કે કાળ ધીમી ગતિએ ચાલે છે.

મહારાજ વરતાલ પહોંચ્યા. જેમની રાહ જોવાતી, જેમની ઝંખના થતી, જેમનાં દર્શનમાત્રથી અંતરમાં સ્પંદન થતું તે પોતાના ઇષ્ટદેવ પધાર્યા. મનુષ્ય સ્વરૂપે હતા છતાં સર્વાંગ દિવ્ય હતા. ભક્તોનાં ઇન્દ્રિયો, અંતઃકરણને પોતાના સ્વરૂપમાં ખેંચી લેતા, નેણકટાક્ષથી હૈયાં વીંધી નાખતા, સ્પર્શથી શાંતિનો અનુભવ કરાવી દેતા, શબ્દથી જ્ઞાન આપી અજ્ઞાન હઠાવી દેતા. આ સ્વરૂપમાં બધું જ હતું જે બીજે ક્યાંય ન હતું ! ભક્તો આનંદના હિલોળે ચઢ્યા હતા. ભગવાન તેમની ભક્તિ જોઈ સ્થિર થઈ ગયા હતા. માણકી એક તસુ પણ ચાલી શકતી ન હતી એવી ભક્તોની ભીડ હતી. મહારાજની સૌએ જય બોલાવી. મહારાજ માણકી ઉપરથી ઊતરી ગયા. નાજા જોગિયા માણકીને આ ટોળામાંથી દોરીને લઈ ગયા.

મહારાજ ધીરે ધીરે ગામમાં પધાર્યા. ઉતારાની તમામ વ્યવસ્થા વરતાલના ભક્તોએ કરી રાખી હતી. પણ કોને ક્યાં ઉતારવા તે મહારાજની આજ્ઞા પ્રમાણે કરવાનું હતું. મહારાજે કહ્યું : "અમે વાસણ સુથારને ત્યાં ઊતરીશું. કાઠી ભક્તો નારાયણગિરિના મઠમાં ઊતરશે અને સંતો જ્ઞાનબાગમાં આંબા હેઠળ ઊતરશે. મોટેરા હરિભક્તો ગામના પાટીદાર ભક્તોને ત્યાં ઊતરશે, હરિભક્તોના સંઘ ખેતરોમાં તંબુ ઊભા કર્યા છે ત્યાં ઊતરશે." એક જ ક્ષણમાં મહારાજે બધી જ વ્યવસ્થા કરી દીધી. તે પ્રમાણે સૌ પોતાના સ્થાને રવાના થવા લાગ્યા. મહારાજ પાસે ભીડો ઓછો થઈ ગયો.

મહારાજ ઉતારામાં પધાર્યા. એટલામાં ગંગામાએ થાળ તૈયાર કરી દીધો હતો તે બ્રહ્મચારી લાવ્યા. બાજોઠ ઉપર થાળ મૂક્યો. મહારાજ હાથ-પગ ધોઈ જમવા બિરાજ્યા. સૌ ભક્તો મહારાજની સન્મુખ બેસી દર્શન કરવા લાગ્યા. મહારાજે તેમને સંતો તથા હરિભક્તો માટે રસોઈની વ્યવસ્થાનું પૂછ્યું. જમી રહ્યા પછી ચળું કરી આરામમાં પધાર્યા.

રંગોત્સવની ભવ્ય તૈયારીઓ

બપોરે મહારાજ જાગ્યા. મુખપ્રક્ષાલન કરી પાણી પીધું. એટલામાં વરતાલના મુખ્ય મુખ્ય હરિભક્તો આવ્યા. તેમની સાથે મહારાજ ઉત્સવની તૈયારી જોવા પધાર્યા. એક આખો ઓરડો પિચકારીઓથી ભર્યો હતો. અબીલ અને ગુલાલના ગંજના ગંજ ખડકેલા હતા તે જોયા. કેસર, કેસૂડાના રંગના હોજ જોયા. ગુલાબના ફૂલના પણ મોટા ઢગ જોયા. મહારાજ રાજી થઈ ગયા. બધું જ પોતાની આજ્ઞાનુસાર તૈયાર હતું. હાલ જે જ્ઞાનબાગ છે ત્યાં મહારાજ પધાર્યા. અહીં આંબાની નીચે બિરાજ્યા અને કહ્યું : "રંગોત્સવ માટે આ જગ્યા ઉત્તમ છે." રંગોત્સવનો બધો જ સામાન જ્ઞાનબાગમાં જમા કરવાની આજ્ઞા કરી.

વરતાલની આજુબાજુ ડેરા, તંબુ ખોડાઈ ગયા હતા. હરિભક્તોનાં ટોળે ટોળાં આવ્યે જતાં હતાં. વરતાલ ગામ કે સીમમાં ઊભા રહેવાની પણ જગ્યા ન હતી. બહારગામથી વેપારીઓ આ પ્રસંગનો લાભ લેવા વેપાર કરી કમાવા માટે આવી ગયા હતા. વણિક કોમના વેપારી નાણામાં બંધાય પરંતુ નાણાં મેળવવા કોઈ સ્થળે બંધાય નહીં. તેને માટે ઘર છોડે, દેશ-પરદેશ ખેડે પણ જ્યાં નાણું મળતું હોય ત્યાં જાય. નાણું મેળવવા માટે ચળ થયેલી તેમની વૃત્તિ નાણું મળે એટલે તેમાં અચળ થઈ જાય.

જ્ઞાનબાગમાં મહારાજે આંબા નીચે સભાસ્થાન નક્કી કર્યું. થોડે દૂર એક બાવળનું ઝાડ હતું, તે ઉપર નોબત ગોઠવી. મહારાજ જ્યારે સભામાં પધારે, ત્યારે ચિદાનંદ સ્વામી જોરથી એ નોબત વગાડે, તેથી સંઘમાં સહુને જાણ થાય કે મહારાજ સભામાં પધાર્યા છે. સંઘના ભક્તો નોબતનો અવાજ સાંભળી સભામાં આવી જાય. છેલ્લે દિવસે મહારાજનું પૂજન નહીં થઈ શકે એ બીકે કેટલાક ભક્તો તો સભામાં જ મહારાજનું પૂજન કરી પોતે જે ભેટ લાવ્યા હોય તે મહારાજને ધરાવી દેતા. જ્ઞાનબાગની વિશાળ જગ્યામાં જુદી જુદી વેશભૂષાવાળા, જુદી જુદી ભાષા બોલતા હરિભક્તોના સંઘ જોઈ શ્રીહરિ પ્રસન્ન થયા. તેમણે

કહ્યું : "સંતોએ સારો દાખડો કર્યો એટલે દેશ-પરદેશ સારો સત્સંગ ફેલાયો. આવો ઉત્સાહ સંતોને કાયમ રહે તો આખા બ્રહ્માંડમાં સત્સંગ પ્રસરી જાય."

હુતાશની આવતા સુધી શ્રીહરિ જુદાં જુદાં સ્થાને સવાર-સાંજ સભા કરતા. વાસણ સુથારના ઘરની સામે વિશાળ ચોગાનમાં, ગોમતી સરોવરને કાંઠે, આંબાવાડિયામાં એમ જુદી જુદી દિશામાં મહારાજ સભા કરતા. હરિભક્તોના સંઘ જેમ જેમ આવતા હતા, તેમ તેમ શ્રીહરિની પૂજા કરી લેતા. છેલ્લે દિવસે ભીડામાં લાભ નહીં મળે તેઓ જાણતા હતા. હરિભક્તોનાં તમામ વૃંદ આવી ગયાં અને ફૂલદોલનો ઉત્સવ પણ આવી ગયો.

વરતાલમાં રંગોત્સવ

અમદાવાદના હરિભક્તો કેસરિયાં વસ્ત્રો લાવ્યા હતા તે હુતાશનીને દિવસે તેમણે મહારાજને ધરાવ્યાં. દામોદર ભક્તે કપૂરના હાર, કડાં, તોરા વગેરે ધરાવ્યાં. કેટલાક હરિભક્તો ખાંડના હાર પણ લાવ્યા હતા. શ્રીહરિને તે પહેરાવતા અને શ્રીહરિ તરત જ તે કાઠી ભક્તોને પાછા આપી દેતા. જે જે દેશના જે જે હરિભક્તો આવ્યા હતા તેઓ તેમના દેશની ઉત્તમ વસ્તુઓ લાવ્યા હતા. તે તેમણે શ્રીહરિને ધરાવી. સભાવ્યવસ્થા એવી સુંદર કરી હતી કે જે જે દેશના જે હરિભક્તો આવ્યા હતા તે તેમને માટે નિયત કરેલી જગ્યામાં જ બેસે. તેમનામાંથી એક મોટેરા આવી મહારાજનું પૂજન કરે અને ભેટ ધરાવે, તેથી કોઈ પ્રકારનો કોલાહલ કે ધાંધલ-ધમાલ થતાં નહીં. સૌને મહારાજનું પૂજન કર્યાનો સંતોષ થતો.

મુંબઈથી આવેલા ભાવસાર ખેંગારભાઈ તથા ચાંપસીભાઈ તથા રૂડા સુથાર થોકબંધ ગુલાલ લાવ્યા હતા. તે તેમણે ગુલાલના ગંજમાં નાખી દીધા.

અમદાવાદના પાટીદાર હરિભક્ત ગંગાદાસ દૂધમાં બનાવેલી મેંદાની સેવો લાવ્યા હતા. તેમની રસોઈ ફૂલદોલના દિવસે રાખી હતી. રસોઈ તૈયાર થઈ એટલે મહારાજને તેડવા બ્રહ્મચારી આવ્યા. મહારાજે સંતોને કહ્યું : "તમે અહીં હોરીના ઉત્સવનાં પદો ગાજો, અમે હમણાં આવીએ છીએ."

મહારાજ જમવા પધાર્યા અને સંતોએ હોરીનાં પદો શરૂ કર્યાં.

થોડી વારે મહારાજ જમીને સભામાં પધાર્યા. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ બાર બારણાંનો સુંદર હિંડોળો તૈયાર કર્યો હતો તે આંબા નીચે બાંધ્યો હતો. હિંડોળાના મધ્યે ઘુંમટ હતો. તેના ઉપર સુવર્ણ કળશ ગોઠવ્યો હતો.

ઘુંમટનાં છજાંઓ સુવર્ણતારનાં વસ્ત્રોથી બનાવેલી સુંદર ઝાલરથી શોભતાં હતાં. હિંડોળાની નીચે પણ સુવર્ણની ઘૂઘરીઓ બાંધી હતી. આજુબાજુ કલાત્મક કોતરણીથી હિંડોળો સુંદર શોભતો હતો. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ તેમનું અંતર આ હિંડોળામાં જડી દીધું હતું. પ્રેમલક્ષણા ભક્તિની મૂર્તિ સમો હિંડોળો શોભતો હતો.

મહારાજ પધાર્યા અને મુક્તાનંદ સ્વામી મહારાજને હિંડોળા પાસે લઈ ગયા. હિંડોળાની શોભા જોઈ મહારાજ પણ સ્થિર થઈ ગયા. તેમણે મુક્તાનંદ સ્વામી સામું જોયું. પછી હસતાં હસતાં પૂછ્યું : "સ્વામી ! વૈરાગ્યના સ્વરૂપમાંથી આવો પ્રેમ કેવી રીતે પાંગર્યો ?"

નિષ્કુળાનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપનું સ્વરૂપ સર્વ રસથી ભરપૂર છે, તેથી અમારામાં કદાચ એકાદ રસ હોય ! પરંતુ આપના સ્વરૂપને યાદ કરીએ છીએ એટલે પ્રેમના, ભક્તિના, વૈરાગ્યના, જ્ઞાનના બધા જ ભાવો ઊપજે છે. આપની મૂર્તિનો આવો પ્રતાપ છે."

મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા. તેમને થયું કે – મારા ભક્તોમાં મારા મહિમાનું અને કર્તાપણાનું અખંડ જાણપણું છે તેથી તેમની પોતાની ક્રિયાશક્તિ કે જ્ઞાનશક્તિનું અહમ્ રહેતું નથી. જે તપ અને યોગથી સિદ્ધ થતું નથી, તે પ્રગટ ભગવાનની ભક્તિથી સહજમાં સિદ્ધ થઈ જાય છે !

મહારાજ હિંડોળામાં બિરાજ્યા અને સર્વત્ર જયનાદના ઘોષ થયા. હરિભક્તોના હર્ષનો પાર ન રહ્યો. તેમની ઊર્મિઓ તેમના દેહમાં ઉછાળા મારી રહી. સૌ જ્યાં બેઠા હતા, ત્યાં આ દિવ્ય આનંદના ઉન્માદમાં ડોલવા લાગ્યા. શ્રીહરિના કપાળમાં કેસર મિશ્રિત ચંદનનું ઊર્ધ્વપુંડ્ર તિલક હતું, મધ્યે કુંકુમનો ચાંદલો હતો. તે ઉપર મુક્તાનંદ સ્વામીએ કુંકુમનો ચાંદલો કર્યો. કપાળમાં ચંદનની આડ્ય કરી, પ્રેમવિભોર થઈ હડપચી ઉપર અને બંને ગાલ ઉપર પણ કુંકુમના ચાંદલા કર્યા. શ્રીહરિનું શોભાયમાન મુખારવિંદ મુક્તાનંદ સ્વામીના આ ભાવથી વધુ શોભવા લાગ્યું. કેસરિયા વસ્ત્ર ઉપર પીળો મુગટ શોભતો હતો. ગુલાબ તથા કેસૂડાના હારથી શ્રીહરિનો કંઠ ભરાઈ ગયો હતો. કેટલાક ભક્તો તો દૂરથી હાર ફેંકતા તેથી હિંડોળો પણ હારથી ભરાઈ ગયો હતો. શ્રીહરિના સ્વરૂપની શોભા નીરખતા ભક્તજન ચિત્રવત્ બની ગયા હતા !

સંતોએ શ્રીહરિને ઝુલાવતા હોરીનાં પદો શરૂ કર્યાં. ઝાંઝ, પખવાજ, દુક્કડ અને સરોદના સૂરમાં સંગીત જામ્યું. સંતોના પલટાતા તાન અને

આલાપમાં જુદા જુદા રાગ અને રાગિણીઓ આકાર લેતી હતી. શ્રીહરિ પણ એ પ્રકારના ભાવમાં ઝૂલતા હતા. આ દિવ્ય આનંદમાં સમયનું ભાન રહ્યું નહીં. પણ એકાએક શ્રીહરિએ હિંડોળો થંભાવ્યો. ત્યાં તો 'વાસુદેવ હરે' સાદ સંભળાયો. મહારાજે કહ્યું : "સૌ ઊઠો, જમવાનો સમય થઈ ગયો છે. પછી રંગોત્સવ પણ કરવો છે અને રાત્રે ફરી હિંડોળાનાં પદોનું સંગીત માણવું છે."

સૌ ઊઠ્યા. પોતાના ખોવાઈ ગયેલા સ્વરૂપને પાછા લાવવા મનની વૃત્તિ સતેજ કરી. થોડી વારમાં સૌ સ્વસ્થ થઈ ગયા !

આજે તો રંગોળીઓ પૂરી હતી, અગરબત્તીની શોભા કરી હતી, પડિયા, પત્રાવળાં પણ ગોઠવી દીધાં હતાં.

સંતો સૌ પંક્તિમાં બેસી ગયા. સ્વામિનારાયણની ધૂન્યનો નાદ ગાજવા લાગ્યો. એટલામાં નાનાભાઈ વિપ્ર સેવો લાવ્યા. પાછળ શ્રીહરિ ખાંડનું બૂરું લઈને આવ્યા અને મુકુન્દવર્ણી ઘીની તાંબડી લઈને આવ્યા. સેવો ઉપર મહારાજ પોશે પોશે બૂરું પીરસતા હતા, મુકુન્દવર્ણી તાંબડીની ધારે ઘી પીરસતા હતા. બધી જ વાનગી પીરસી લીધી. પછી સંતો બધું ભેળું કરી, પાણી નાંખી તેમના નિયમ પ્રમાણે જમવા લાગ્યા. શ્રીહરિ સંતોની પંક્તિમાં પીરસતાં પીરસતાં વાતો કરતા જતા હતા : "નિયમમાં વર્તે તો મોક્ષ થાય. ત્યાગીને ત્યાગીના નિયમ અને ગૃહસ્થને ગૃહસ્થના નિયમ. નિયમ એ વાડ છે. જે વૈરાગ્યથી નથી થતું તે નિયમથી થાય છે."

સૌ જમી રહ્યા. એટલામાં શ્રીહરિ પણ થોડો આરામ કરી ઊઠી ગયા. શ્રીહરિએ પાર્ષદોને અગાઉથી સૂચના આપી દીધી હતી. આ રંગોત્સવમાં પ્રેમી ભક્તો ગાંડા થઈ જશે, કોઈ પ્રકારનો નિયમ રહેશે નહીં, સૌને અમારી સાથે રંગે રમવાનું તાન રહેશે, માટે તમારે અમારી આજુબાજુ ગઢની જેમ ઊભા રહેવું. પિચકારી કે ગુલાલ બેહદ ઉડાડે ત્યારે ઢાલોથી અમારું રક્ષણ કરવું.

શ્રીહરિની સૂચના અનુસાર શ્રીહરિના અંગરક્ષક પાર્ષદો સજ્જ થઈ ગયા !

પાર્ષદોથી વીંટળાયેલા શ્રીહરિ જ્ઞાનબાગમાં પધાર્યા. જયઘોષ થયો અને રંગની રેલમછેલ થઈ. રંગ માટે બે હોજ બનાવ્યા હતા તેમાં કૂવામાંથી નીક દ્વારા પાણી લાવ્યા. તેમાં રંગ નાખ્યો. મહારાજે પોતાનાં બંને ચરણારવિંદ તેમાં બોળ્યા અને રંગ પ્રસાદીનો કરી દીધો. પછી તો પિચકારીઓ છૂટી. આકાશ અને ધરતી લાલ બની ગયાં. તેમાં પીળા વર્ણના વસ્ત્રધારી ધર્મકુમાર હાથમાં સુવર્ણની પિચકારી લઈ ઘડીક સંતોના વૃંદમાં તો ઘડીક હરિભક્તો સાથે

સુવર્ણમૃગની ચપળતા સમ હોળી ખેલતા શોભતા હતા. શરણાઈઓ અને બૂંગિયા ઢોલના ઘોષથી વાતાવરણ વીરરસથી સભર બની ગયું. પાર્ષદો શ્રીહરિની આજુબાજુ કિલ્લેબંધી કરી સાથે ને સાથે જ ફરતા હતા. અક્ષરધામના દિવ્ય આનંદનો અનુભવ શ્રીહરિએ સૌને કરાવ્યો. અક્ષરધામ તો પુરુષોત્તમની મૂર્તિની ભેળું જ સદા હોય, પરંતુ આજે તેની સહજ ઝલકનો સૌને મહારાજે સ્વાદ ચખાડ્યો. દિવ્ય આનંદના ઉન્માદમાં સૌ ભાન ભૂલી ગયા ! અંતરીક્ષમાં દેવો આ ભાન ભૂલેલા ભક્તોના દિવ્ય ઉન્માદના, શ્રીહરિની દિવ્ય લીલા-ચરિત્રનાં દર્શન કરવા આવી ગયા. તેમણે પણ કેસર અને ચંદનનો છંટકાવ કર્યો. વાતાવરણમાં માદક સુગંધી પ્રસરી રહી.

એકાએક શ્રીહરિએ જોરથી તાળી પાડી, ઘોષ કર્યો અને રમત સ્થંભી.

ત્યારબાદ શ્રીહરિ સાથે સૌ ધના તલાવડીમાં નહાયા. નાહીને શ્રીહરિ વાસણ સુથારના ઘેર પધાર્યા. અહીં બ્રહ્મચારીએ થાળ તૈયાર રાખ્યો હતો. શ્રીહરિ અલ્પ જમ્યા અને પ્રસાદી વાસણ સુથાર તથા જોબન પગી, રણછોડભાઈ, બાપુભાઈ વગેરેને આપી દીધી. રણછોડભાઈએ કહ્યું : "અત્યારે ફરી હિંડોળામાં ઝુલાવવાનો અમને લાભ આપવાનો છે."

શ્રીહરિ હસ્યા. ત્યાં તો જોબન પગીએ કહ્યું : "પણ મહારાજ હિંડોળામાં તો ચારે તરફ ત્રણ-ત્રણ બારણાં ગોઠવ્યાં છે. તેથી ચારે તરફ સૌને દર્શન થાય તો બધા જ તૃપ્ત થઈ જાય !" મહારાજ કાંઈ બોલ્યા નહીં.

મહારાજ ફરી જ્ઞાનબાગમાં પધાર્યા. સાંજ થઈ ગઈ. દીવાઓ, મશાલો પેટાવી હતી. સર્વત્ર ઝાકઝમાળ થઈ ગયું હતું. મહારાજને મુક્તાનંદ સ્વામી હાથ પકડી હિંડોળા પાસે લઈ ગયા. મહારાજ બિરાજ્યા. મહારાજે જરિયાની વસ્ત્રો પહેર્યાં હતાં. હેમનાં આભૂષણો ધારણ કર્યાં હતાં. માથે મુગટ પહેર્યો હતો, જે હિંડોળાના ઘુંમટને અડતો હતો.

સંતો, ભક્તોએ મહારાજને ઝુલાવ્યા. મુક્તાનંદ, બ્રહ્માનંદ, દેવાનંદ, પ્રેમાનંદે હિંડોળાનાં પદો શરૂ કર્યાં. મહારાજ પણ સંગીતના સૂરોમાં તાલ પુરાવતા હિંચકતા હતા. જ્ઞાનબાગનું આખું પટાંગણ હરિભક્તોના સમૂહથી ચિક્કાર થઈ ગયું હતું. કોઈ ઠેકાણે એક તસુ જેટલી પણ જગ્યા ખાલી ન હતી. દૂરદૂરથી હરિભક્તો આંખો ખેંચીને આ દિવ્ય દર્શન કરી રહ્યા હતા. પરંતુ પાછળ અને આજુબાજુ બેઠેલા હરિભક્તોને મહારાજના સન્મુખનાં દર્શન થતાં ન હતાં. તેમનાથી ખસીને બીજે જઈ શકાય તેમ પણ ન હતું. તેમને મનમાં

મૂંઝવણ થવા લાગી : "મહારાજનાં આવાં દિવ્ય દર્શન આપણને યથાર્થ થતાં નથી. આવો લાભ ફરી ક્યારે મળશે ?" આવી મૂંઝવણમાં દર્શન માટે અકળાઈ ગયેલા આ ભક્તો સ્થિર દૃષ્ટિથી હિંડોળા તરફ જોઈ રહ્યા હતા. એટલામાં મહારાજ પોતાની સન્મુખ હોય એવાં દર્શન થયાં ! આ શું ? મહારાજ ફર્યા ? પરંતુ ત્યાં તો બારે બારણે મહારાજ ઊભા હોય તેવાં દર્શન સમગ્ર મેદનીને થયાં. આ દર્શનથી ભક્તસમુદાય આનંદવિભોર બની ગયો.

કીર્તન-ભક્તિ પૂરી થઈ અને મહારાજ હિંડોળા ઉપરથી ઊતર્યા. મહારાજે આપેલા દિવ્ય દર્શનથી, ઉત્સવના આનંદથી, સત્સંગના અનેરા રંગથી રંગાઈ ગયેલા સંતો-હરિભક્તો આજે કૃતકૃત્ય બની ગયા ! જીવનમાં ન કલ્પેલા આનંદનો અનુભવ મહારાજે કરાવ્યો. જીવનનો આ એક દિવ્ય પ્રસંગ તેમના અંતરમાં સદા માટે જડાઈ ગયો.

✧

બીજે દિવસે નિત્યવિધિથી પરવારી મહારાજ થાળ જમ્યા. સંતોને પણ સારી રીતે લાડુ જમાડ્યા. પછી મહારાજ આંબાવાડિયામાં પધાર્યા. અહીં આંબાની ડાળે શણગારેલ ઢોલિયાનો હિંડોળો બાંધ્યો હતો. મહારાજ તે ઉપર બિરાજ્યા. પગની ઠેસથી પોતે જ હિંડોળો ધીરે ધીરે ચલાવતા હતા. એટલામાં હરિભક્તો જમી જમીને આવવા લાગ્યા. સૌએ મહારાજની વારાફરતી પૂજા કરી. ભેટના રૂપિયાના ગંજ થયા. મહારાજે નાનાભાઈને કહ્યું : "આ રૂપિયા બ્રાહ્મણોને, ગરીબોને વહેંચી દેજો. ખર્ચમાં ખૂટતા હોય તો તેમાં વાપરજો. જે ભેટો આવી હોય તે ગઢપુર મોકલી આપજો."

એટલામાં કાઠી ભક્તો પોતાના ઘોડા ઉપર તૈયાર થઈ આવી ગયા. નાજા જોગિયા પણ માણકી તૈયાર કરીને આવીને ઊભા રહ્યા હતા. મહારાજે તેમની સામું જોયું, ત્યારે તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! બાએ નો'તું કહ્યું કે વેલા પાછા આવી જજો. એટલે હવે જઈએ !"

આ સાંભળી મહારાજ હસ્યા. તેમને મનમાં થયું : "લાડુબા, જીવુબાની ભક્તિના આ સેવકો ખરા ભોમિયા લાગે છે." મહારાજ ઊઠ્યા. વરતાલના ભક્તોને મળ્યા, તેમને આશીર્વાદ આપ્યા અને તેમની વિદાય લીધી.

મહારાજે સૌ સંતોને કહ્યું : "તમે હવે જે જે દેશમાં ફરતા હતા ત્યાં જાઓ. અમારી સાથે અમારા સેવકો, બે-ત્રણ મોટેરા સંતો અને કાઠી હરિભક્તો આવશે." મહારાજના વચન સાંભળી સંતોએ તે પ્રમાણે જુદી જુદી વાટ પકડી.

ત્યાં તખા પગી દોડતા આવ્યા. તેમણે માણકીનું ચોકડું પકડ્યું અને મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : “પ્રભુ ! બામણોલી રહી ગયું. મારું ગામ તારવીને કેમ જવાય ?”

મહારાજ તેના મુખ ઉપરના ભાવ જોઈ હસ્યા. તેમણે કહ્યું : “તો થાવ આગળ. અમે અક્ષરધામમાંથી સંકલ્પ કરીને જ આવ્યા છીએ કે ભક્તને તારવીને આગળ નહીં જઈએ, તેને તારીને આગળ જઈશું.”

તખો પગી આ સાંભળી રાજી થઈ ગયા.

ધર્મ અર્થે પણ ચોરી કરવી નહીં

રસ્તામાં સાંકડી નેળ આવી. તેની આજુબાજુ ખેતર હતાં. તેને ફરતી થોરની વાડ હતી. એક પાર્ષદે વાડમાં છીંડું પાડ્યું અને સંઘ ત્યાંથી ખેતરમાં વળ્યો. મહારાજ તો નેળમાં જ આગળ ચાલવા લાગ્યા. એટલામાં ખેતરની રખેવાળી કરતી બાઈએ આટલા બધા ઘોડા ખેતર ખૂંદતા જતા જોઈ ગાળ દીધી. મહારાજે તે સાંભળી અને પોતાની સાથેના પાર્ષદોને કહ્યું : “સાંભળ્યું ને ? પેલી બાઈએ સૌને પાઘડી પહેરાવી. બોલાવો બધાને. વાડ તો ખેતરના રક્ષણ સારુ કરી છે. તેમાં છીંડું પાડી કોઈના ખેતરને આમ નુકસાન કરવું તે આપણને શોભે નહીં.”

પાર્ષદે બધાને બોલાવ્યા. મહારાજે સૌને ઠપકો આપતાં કહ્યું : “કોઈના ખેતરમાં છીંડું પાડીને કે વંડી કૂદીને કોઈ જગ્યામાં પ્રવેશ ન કરવો. આજથી સૌ આ નિયમ લ્યો.”

મહારાજ બામણોલી પહોંચી ગયા. ત્યાં રાયણ નીચે તખા પગીએ સુંદર ઢોલિયો ઢાળ્યો હતો. તે ઉપર મશરૂનાં ગાદલાં પાથર્યાં હતાં. મહારાજ તે ઉપર બિરાજ્યા. એટલામાં એક હરિભક્ત ચોળાફળી લઈને આવ્યો અને મહારાજ પાસે મૂકી. મહારાજે પૂછ્યું : “ક્યાંથી આટલી બધી ચોળાફળી લાવ્યા ?”

તેણે ભોળા ભાવે કહ્યું : “મહારાજ ! ખેતરમાંથી નીકળતા હતા ત્યાં આ જોઈ એટલે આપના સારુ લઈ લીધી !”

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : “તે ખેતરમાં પાછા જઈને તે માલિકને આ ચોળાફળી પાછી આપી આવો. ધણીને પૂછ્યા વિના લેવું તે ચોરી કરી કહેવાય. ચોરી કરીને કોઈ વસ્તુ અમને અર્પણ કરવી નહીં. ધર્મ કરવાને અર્થે કદી ચોરી કરવી નહીં.” તે ભક્ત વીલા પડી ગયા. તેણે તરત જ

ચોળાફળી લઈ લીધી અને તેના ધણીને આપવા પાછા ગયા.

તખા પગીએ રાયણના ઝાડની ડાળે સુંદર હિંડોળો બાંધ્યો હતો. તે ઉપર મહારાજને ઝુલાવ્યા. ત્યાં થાળ થયો. એટલે મહારાજ જમ્યા. પછી સર્વે સંતોને જમાડ્યા.

પગીઓને અમારી રમત જોવી છે

થોડી વાર આરામ કરી મહારાજ ઊઠ્યા. મુખ પ્રક્ષાલન કરી પાણી પીધું. એટલામાં નાજા જોગિયા આવ્યા. તેમણે ઘોડાની લગામ પકડી હતી. મહારાજે પૂછ્યું : "આપણી માણકી ક્યાં ?"

નાજાભાઈએ કહ્યું : "મહારાજ ! માણકી પણ અહીં જ છે. પણ આ પગીઓ કહે છે કે આ ઘોડો જાતવાન છે. મહારાજ બેસે તો પ્રસાદીનો થાય."

મહારાજ તેમનો આશય સમજી ગયા. મહારાજે કહ્યું : "પગીઓને અમારી રમત જોવાનો વિચાર લાગે છે. તો ભલે, લાવો ઘોડો." એમ કહી મહારાજે પોતાની આંગળીમાંથી સોનાનો વેઢ કાઢ્યો અને તખા પગીને કહ્યું : "આઘે જઈ રસ્તા ઉપર આ વેઢ મૂકી દ્યો અને તમે ત્યાં જ ઊભા રહેજો."

તખા પગી મહારાજની આજ્ઞા પ્રમાણે વેઢ લઈને ગયા.

મહારાજે ઘોડા ઉપર સવારી કરી, પરંતુ ઘોડો તાજો જ પલોટાયેલો હતો એટલે સવારી કરવી મુશ્કેલ હતી. પગીઓ તે જાણતા હતા. પરંતુ મહારાજનો પ્રતાપ તેમને જોવો હતો.

મહારાજે ઘોડાની લગામ ખેંચી અને ઘોડો સાવધાન બની ગયો. મહારાજે તેના પેટમાં પેંગડું માર્યું, ચોકડું ઢીલું મૂક્યું અને ઘોડો ત્યાંથી હરણફાળ ભરે તેમ ઊપડ્યો. મહારાજે તેને ખૂબ દોડાવ્યો, ગોળ કુંડાળામાં નાખ્યો અને ફરી દોડાવતાં જ્યાં વેઢ મૂક્યો હતો તે રસ્તે નીકળ્યા અને ઘોડા ઉપરથી સહેજ નીચે સરકી આંગળીમાં વેઢ પહેરી લીધો. ઘોડો એ જ વેગમાં દોડી રહ્યો હતો. પગીઓ તાજુબ થઈ ગયા ! મહારાજ રાયણ નીચે આવ્યા ત્યારે તખા પગીએ કહ્યું : "મહારાજ ! ખરો પ્રતાપ બતાવ્યો."

મહારાજ હસ્યા. તેમને લાગ્યું કે પગીઓને પોતાના ધંધાથી કાંઈ વિશેષ દેખાય ત્યારે પ્રતાપ જેવું લાગે. બીચારા ભોળા આદમીઓ !

સાંજે મહારાજે સૌને કહ્યું : "ચાલો વરતાલ !"

તે સાંભળી કાઠી ભક્તો બોલ્યા : "મહારાજ ! વરતાલમાંથી તો સૌની

રજા લઈને નીકળ્યા છીએ અને પાછા વરતાલ કેમ જવું છે ?"

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "તે પ્રમાણે નીકળી ન જઈએ તો સંઘના માણસો વેરાય જ નહીં. પણ અમે બાપુભાઈને, રણછોડભાઈને, જોબનને તથા નારાયણગિરિને કહ્યું છે કે અમે સાંજે પાછા આવશું."

મહારાજ દ્વિજ બાળકોને જનોઈ આપે છે

વરતાલ આવી ત્યાંના પાટીદાર હરિભક્તોને કહ્યું : "આપણે ત્રણ દ્વિજ બાળકોને જનોઈ દેવી છે તો બે-ત્રણ દિવસમાં મુહૂર્ત લઈ તેની તૈયારી કરો !"

મહારાજની ઇચ્છા પ્રમાણે બ્રાહ્મણે મુહૂર્ત આપ્યું. બામણોલિયાના ફળિયામાં મંડપ બાંધ્યો. ગંગામાના ઉતારામાં રસોઈની વ્યવસ્થા કરી. ત્રણ બટુકો - ડભાણના દયારામ, માણસાના અનોપરામ અને વડથલના જાદવજી - મુંડન કરાવી, સ્નાન કરી, સફેદ વસ્ત્ર પહેરી આવી ગયા. મહારાજે તેમના કપાળમાં તિલક-ચાંદલો કર્યો. હાથમાં પલાશનો દંડ આપ્યો. સર્વ વિધિ કરાવી, ભિક્ષા પીરસાવી. ત્યારબાદ બડવાને કાશી ભણવા જવા માટે રવાના કર્યા. જ્ઞાનબાગ સુધી જઈને બડવા પાછા આવ્યા. મહારાજે તેમને શીખ આપી. આશીર્વાદ આપ્યા. પછી ત્રણેને પાઘડીઓ પહેરાવી. સૌ સંતો, ભક્તોને તથા ત્રણ બડવાના સગાંઓને જમાડીને મહારાજ વરતાલથી નીકળી ગયા.

મહેળાવ, સોજીત્રા થઈને મહારાજ ફરતાં ફરતાં ચૈત્ર સુદમાં ગઢપુર પધાર્યા.



ઉદ્‌ગીથ ૧૭

ચરોતરમા આમ્રોત્સવ - વરતાલમા અન્નકૂટોત્સવ

(આ.સં. ૧૮૭૨-૭૩, ઈ.સ. ૧૮૧૬)

માંચાખાચર ધામમાં જાય છે

ગઢપુરમાં પ્રાણ આવી ગયા. લાડુબા, જીવુબાને વચન આપ્યું હતું કે વહેલા આવીશું, રામનવમી અહીં જ કરીશું, તે પ્રમાણે મહારાજ ગઢપુર આવી ગયા. હરિજયંતીના ઉત્સવની તૈયારી ગઢપુરના ભક્તોએ કરી. પરંતુ મહારાજે તેમને કહ્યું : "બહુ ધામધૂમ કરશો નહીં. ફક્ત ગઢપુરના હરિભક્તો પૂરતો જ ઉત્સવ કરવો છે."

લાડુબા, જીવુબાને આ ન સમજાયું. તેમણે દાદાખાચરને કહ્યું : "તમે મહારાજને સમજાવો. આ તો મહારાજનો જન્મોત્સવ કહેવાય. તે સાદી રીતે ઊજવાય તે શોભે નહીં."

પરંતુ દાદાખાચરે તેમને કહ્યું : "મહારાજે જે આજ્ઞા કરી છે તે પ્રમાણે જ તેમની રુચિ જોઈને વર્તવું. આપણું મનગમતું કરાવવાનો આગ્રહ ન રાખવો."

બંને બહેનો સમજી ગઈ. તેમને લાગ્યું કે દાદાખાચર મહારાજની રુચિ પ્રમાણે વર્તે છે. તેથી જ મહારાજને તેના ઉપર વિશેષ હેત છે.

એટલામાં કારિયાણીથી વસ્તાખાચર આવ્યા. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! માંચાખાચર ધામમાં પધાર્યા."

મહારાજે તરત જ કહ્યું : "વસ્તા ! માંચાખાચર તો મરી ગયા હતા અને અચિંત્યાનંદ બન્યા હતા. અચિંત્યાનંદ ધામમાં ગયા ?"

"હા, મહારાજ ! કાલે જ બામણગામથી કાગળ આવ્યો. તેમનું કારજ કરવું છે તો આપ કારિયાણી પધારો."

મહારાજે કહ્યું : "અમે હરિજયંતી કરીને આવશું. અચિંત્યાનંદ તો ધામમાં બેસી ગયા છે. તેમણે ખૂબ સેવા કરી. તો હવે સંતો, હરિભક્તો જમશે

એટલે તેઓ ધામમાં બેઠાં બેઠાં તે જોઈને રાજી થશે."

વસ્તાખાચર પાછા કારિયાણી ગયા. લાડુબા, જીવુબા સમજી ગયાં કે મહારાજે શા સારુ ધામધૂમ કરવાની ના કહી હતી.

હરિજયંતીના ઉત્સવ પછી મહારાજ કારિયાણી પધાર્યા. અહીં વસ્તાખાચરે આજુબાજુમાં ફરતા સંતોને તેડાવ્યા હતા. ગઢપુર હરિજયંતીના ઉત્સવ ઉપર આવેલા સંતો-ભક્તો પણ મહારાજ સાથે આવ્યા. સાટા-જલેબીની રસોઈ કરાવી મહારાજે સંતોને, હરિભક્તોને ખૂબ જ સાટા-જલેબી જમાડ્યા. બે દિવસ સુધી સૌને સારી રીતે જમાડી તૃપ્ત કર્યા. સંતોને સાટા સાથે બાંધી આપ્યા.

મહારાજે ભોજા ચારણને કહ્યું : "ભોજા ! તમારા ભાઈબંધ ગયા !"

ભોજા ચારણની આંખમાં આંસુ આવી ગયાં. તેમણે કહ્યું : "મહારાજ ! ભાઈબંધ ગયા પણ તેનું નામ રાખીને ગયા. પહેલાં માર્ગીપંથમાં હતા છતાં બ્રહ્મચર્યવ્રત અખંડ રાખ્યું. ભગવાન મેળવવા ભારે દાખડો કર્યો. અમારે સરધાર આવવું હતું ત્યારે આખું વણનું ખેતર ભેળાવી દીધું ! આપનાં દર્શન થયા પછી ધનનો, વહેવારનો ત્યાગ કર્યો."

"અને અમારા વચને ક્રોધનો ત્યાગ કરી સાધુ થઈ ગયા. ભોજાભાઈ ! માંચાખાચર તો મુક્ત હતા." મહારાજે કહ્યું.

ભોજા ચારણની આંખોમાંથી આંસુ ચાલ્યાં જતાં હતાં. મહારાજે ભોજા ચારણનો તેના ભાઈબંધ માટેનો પ્રેમ જોયો. મહારાજે તેને કહ્યું : "ભોજાભાઈ ! ભગવાનના ભક્તને મૃત્યુ હોતું નથી, તે તો અહીં હોય તોપણ ધામમાં જ બેઠા છે અને ખોળિયાનો ત્યાગ કરીને પણ ધામમાં જ હોય છે; માટે શોક મૂકો."

આ બંને ધનથી બીએ છે

એટલે ભોજા ચારણે કહ્યું : "મહારાજ ! મારા તરફથી આ રૂપિયા ચારસે માંચાખાચર પાછળ વાપરજો."

તેનો ભાવ જોઈ મહારાજ રાજી થયા. તેમણે વસ્તાખાચરને બોલાવ્યા અને કહ્યું : "વસ્તા ! આ ભોજા ચારણે ચારસો રૂપિયા આપ્યા છે તે હમણાં તમે રાખો."

તે સાંભળી વસ્તાએ કહ્યું : "મહારાજ ! અમારાથી ન રખાય; કારણ અમારો કાઠીનો વહેવાર ! તે રૂપિયા પડ્યા હોય તો વપરાઈ જાય અને આપ ગમે ત્યારે માંગો ત્યારે અપાય નહીં."

પછી મહારાજે દાદાખાચરને કહ્યું : "દાદા ! તમે રાખો !"

તેમણે પણ ના કહી. મહારાજ આ જોઈ હસ્યા. તેમણે કહ્યું : "આ બંને ભક્ત છે એટલે ધનથી બીએ છે. પણ બીજો હોય તો તેને તરત રાખી લે." એમ કહી પછી કહ્યું : "જો તમે બંને નથી રાખતા, તો પછી અમારે શા સારુ રાખવા ?" એમ કહીને મહારાજ ઊઠ્યા. વસ્તાખાચરના ઉગમણા બારના દરબારની આથમણી કોરની બારીએ મહારાજ આવ્યા અને ત્યાંથી મહારાજે રૂપિયા ઉડાડ્યા.

ભોજો ચારણ બોલ્યો : "અરે મહારાજ ! આ શું કરો છો ?"

ત્યારે મહારાજે કહ્યું : "તમારો ભાઈબંધ ધામમાં બેઠો બેઠો આ જોઈને રાજી થાય છે. તમારે તેને રાજી જ કરવો છે ને ?" ભોજો ચારણ સમજી ગયો. માંચાએ મહારાજ મળ્યા પછી કદી ધનનો સ્પર્શ કર્યો ન હતો !

મહારાજે સુરાખાચરને કહ્યું : "તમે નાગડકા આ સંતોને લઈ જાવ. અમે નાગડકા આવીએ છીએ." સુરાખાચર આ સાંભળી રાજી થયા.

પછી કારિયાણીથી નીકળી ગઢપુર પધાર્યા. અહીં ગુજરાતના હરિભક્તોનો પત્ર આવ્યો હતો. તેમાં મહારાજને ખાસ લખ્યું હતું કે "સૌરાષ્ટ્રના કાઠી દરબારો, દાદાખાચર તથા સંતોને લઈને ગુજરાતમાં આમ્ર ઉત્સવ કરવા પધારો."

મહારાજે સૌને કહ્યું : "અમે અહીંથી નાગડકા જઈશું. ત્યાંથી ભાલમાં થઈને વરતાલ પહોંચીશું. તો તમે બધા સીધા વરતાલ આવી જશો. ભીમ એકાદશીનો સમૈયો વરતાલ કરીશું."

મહારાજ ગઢડાથી નીકળી બોટાદ પધાર્યા. અહીં ભગા દોશીએ પણ જલેબી-સાટાની રસોઈ આપી. મહારાજ જમ્યા અને સર્વે સંતોને જમાડ્યા.

નાગડકામાં સુરાખાચર તથા તેમના પરિવારે મહારાજના સ્વાગતની તમામ તૈયારીઓ કરી લીધી. શાંતિબાના હરખનો પાર ન હતો. વણતેડ્યા પ્રભુ પધારે છે તે તો મોટાં ભાગ્ય કહેવાય ! સુરાખાચરે શાંતિબાને કહ્યું : "આપણે ધારે ચૂરમું પીરસવું છે, ઘી-ગોળ ને ચોખાનું જમણ કરવું છે."

શાંતિબાની બધી તૈયારી હતી.

મહારાજ પધાર્યા. સુરાખાચરે ધામધૂમથી સ્વાગત કર્યું. મહારાજ સીધા શાંતિબા પાસે આવ્યા. તેમણે જોયું કે જાણે મહિનાનું રોકાણ થવાનું હોય તેટલી સામગ્રીની તૈયારીઓ કરી છે. તેમણે કહ્યું : "શાંતિબા ! અમે તો કાલે જ જવાના અને તમારી તૈયારીઓ તો મહિના સુધીની છે."

"મહારાજ ! ભગવાન તો સ્વતંત્ર જાતિ છે. જેતલપુરમાં મણથી મંડાણ

કર્યું અને પાંચસો સુધી પોગાડ્યું. એમ અમારે પહેલેથી તૈયારી કરવી જોઈએ. આજે મહિનાની તૈયારી કરી છે તો કોઈક વખત એટલું રોકાઈ જવાનો અવસર આવશે.'' શાંતિબાએ હાથ જોડી કહ્યું.

મહારાજ ઘોડીનો સ્વભાવ મુકાવે છે

મહારાજ સુરાભક્તના દરબારમાં ગાદી-તકિયે વિરાજમાન થયા હતા. પ્રશ્ન-ઉત્તર થતા હતા. મહારાજની નજર ફળિયામાં ખીલે બાંધેલ ઘોડી ઉપર પડી. તેની પાસેથી ગમે તે નીકળે તેને પાછલે પગે તે લાત મારતી હતી. મહારાજે સુરાભક્તને કહ્યું : ''આ ઘોડી આમ કેમ કરે છે ?''

સુરાભક્તે કહ્યું : ''મહારાજ ! એ સહેજ મારકણી છે. એટલે પાસે થઈને અજાણ્યો આદમી નીકળે તો પાટુ મારે છે.''

મહારાજે કહ્યું : ''એવા સ્વભાવ હોય તો કાઢવા જોઈએ.'' એમ કહી મહારાજ ઓસરીની જેર ઉપર આવીને બેઠા. એક મોટી લાકડી લીધી અને ઘોડીના પગે અડાડી. ઘોડીએ તરત લાત મારી.

સુરાભક્તે કહ્યું : ''મહારાજ ! એ તો હેવા પડ્યા છે તે એમ જલદી નહીં જાય. વખત જશે તેમ જશે.''

મહારાજે કાંઈ સાંભળ્યું નહીં. તેમણે તો લાકડી ઘોડીના પગને અડાડવાનું ચાલું જ રાખ્યું. એટલામાં બ્રહ્મચારી આવ્યા. તેમણે કહ્યું : ''મહારાજ ! થાળ તૈયાર થઈ ગયો છે.''

મહારાજે કહ્યું : ''અહીં કોઈ બેસે અને આ ઘોડીના પગને લાકડી અડાડે તો અમે ઊઠીએ. અમે જમીને આવીએ ત્યાં સુધી બેસી રહેવું પડશે.''

સુરાખાચર મહારાજની આ લીલા સમજી શક્યા નહીં.

આપ જમશો તો ભક્તોના ઘરમાં રસકસ રહેશે

મહારાજ જમવા પધાર્યા. રસોઈનો તાલ જોઈ મહારાજે બ્રહ્મચારીને કહ્યું : ''બ્રહ્મચારી ! બાટી નથી બનાવી ?''

બ્રહ્મચારીએ હાથ જોડી કહ્યું : ''મહારાજ ! શાંતિબાનો આગ્રહ છે કે આપ આજે ચૂરમું જમો. તેમણે બાટી કરવા લોટ આપ્યો નહીં.''

એટલામાં શાંતિબા આવ્યાં. મહારાજને હાથ જોડી કહ્યું : ''પ્રભુ ! આપ જમશો તો ભક્તોના ઘરમાં રસકસ રહેશે. પણ આપ કેવળ બાટી જ જમશો તો

અમને પણ એવું જ મળશે.''

મહારાજે કહ્યું : ''ભક્તોના ભંડાર તો ભગવાન તેના ભાવથી ભરપૂર કરી દ્યે છે પણ અમારા સંતો નિઃસ્વાદી વ્રત રાખે ત્યારે અમારે આવું બધું શે જમાય ?''

શાંતિબાએ કહ્યું : ''મહારાજ ! આજે સંતોને પણ ચૂરમું જ જમાડવું છે અને આપે ધારે ઘી પીરસવાનું છે.'' મહારાજ આ સાંભળી રાજી થયા.

મહારાજ જમીને પધાર્યા ત્યારે ઘોડી લાત મારતી અટકી ગઈ હતી. સુરાખાચરે કહ્યું : ''મહારાજ ! ઘોડી થાકી ગઈ.''

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''જીવ જ્યારે થાકે ત્યારે જ સ્વભાવ મૂકે. કથા સંભળાવી તમારી પાસે જે કરાવવું હતું તે તમને આજે અમે પ્રત્યક્ષ બતાવ્યું. જીવના અવળા સ્વભાવ હશે તો અમે તેની ખેધે પડી જાશું, પણ સ્વભાવ મુકાવ્યા સિવાય રહેશું નહીં.'' મહારાજની આ લીલાનો મર્મ સૌ સમજી ગયા.

એ વખતે મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, શામળિયા ચૈતન્યાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ ત્યાં આવ્યા. મહારાજ તેમને જોઈને ઊભા થઈ ગયા. મહારાજે કહ્યું : ''સુરાખાચર ! તમારાં ધન્યભાગ્ય કે આવા મોટા સદ્‌ગુરુઓ તમારે ત્યાં ઉત્સવમાં આવી ગયા. હવે સમૈયો પૂરો થયો કહેવાય.''

સુરાખાચર અને શાંતિબા તથા તેમનો પરિવાર નાથાખાચર, મૂળુખાચર વગેરે પણ રાજી થયા. મહારાજે કહ્યું : ''બાપુ ! આ સંતોને જમાડો.''

સુરાખાચરે તરત જ બધી વ્યવસ્થા કરી દીધી. મહારાજને ખબર આપી એટલે મહારાજ જાતે પીરસવા પધાર્યા.

જમી રહ્યા પછી મહારાજ પાસે સૌ બેઠા. મહારાજે તેમને પૂછ્યું : ''સ્વામી ! વઢવાણમાં સત્સંગ બરાબર જામ્યો છે ને ?''

મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''હા મહારાજ ! વઢવાણમાં સૌ ભક્તોનો ઉત્સાહ સારો છે. મૂળજીભાઈને ત્યાં રોજ રાત્રે સત્સંગ કરવા સૌ આવતા. અમે પણ ગામમાં હરિભક્તોને ત્યાં કથાવાર્તા કરવા જતા.''

મહારાજ આ જાણી રાજી થયા. પછી હસતાં હસતાં પૂછ્યું : ''તુલસી દવેનું કેમ છે ? યજ્ઞ કરવાની હા કહે છે કે નહીં ?''

નિત્યાનંદ સ્વામી આ સાંભળી ખૂબ હસ્યા. પછી કહ્યું : ''મહારાજ ! એ તો કહે છે કે મહારાજ જ્યારે કહે ત્યારે હું તૈયાર છું.''

મહારાજે તરત જ કહ્યું : ''હા, બોલવામાં તૈયાર ખરા.''

શ્રીહરિને કેવા જાણવા ?

થોડી વારે મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "મહારાજ ! નિત્યાનંદ સ્વામી પાસે ગીતાભાષ્ય ભણતો હતો તેમાં એક દિવસ ઉપાસનાનો પ્રસંગ નીકળ્યો એટલે તેમણે મને પૂછ્યું કે 'મહારાજને કેવા જાણવા ?' ત્યારે મેં કહ્યું : 'વૃષ્ણિકુલોત્પન્ન વાસુદેવ તે જ શ્રીજી સ્વયં છે.' એટલે તેમણે કહ્યું : 'સ્વામી ! તે વાસુદેવથી પણ પર અને તેના કારણ સ્વયં અક્ષરાધિપતિ તે જ શ્રીજીમહારાજ છે.' પરંતુ મને આ વાત બેઠી નહીં. એટલે મેં બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું. તેમણે અમારી બંનેની મહોબ્બત રાખી ગોળ ગોળ ઉત્તર આપ્યો."

બ્રહ્માનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી શાંતિથી આ સાંભળી રહ્યા હતા. તેમણે નિર્ણય કર્યો હતો કે મહારાજનાં દર્શન થાય ત્યારે ઉપાસનાનો આ અગત્યનો પ્રશ્ન મહારાજને પૂછીને મહારાજ પાસેથી જ તેનો ઉત્તર મેળવવો. તે પ્રસંગ અત્યારે જ મુક્તાનંદ સ્વામીએ ઝડપી લીધો, તેથી તેઓ પણ રાજી થયા.

મહારાજ થોડી વાર શાંતિથી વિચાર કરવા લાગ્યા. પછી ધીરેથી મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! આ નિત્યાનંદ સ્વામી સમજે છે તેમ સમજો. તેમની સમજણ ઉત્તમ છે."

એટલે મુક્તાનંદ સ્વામીએ બે હાથ જોડી પૂછ્યું : "મહારાજ ! ઉપાસનાની આ વાતને કોઈ શાસ્ત્રનો આધાર મળે છે ખરો ?"

મહારાજ આ સાંભળી કાંઈ બોલ્યા નહીં. નિત્યાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી પણ મહારાજના મુખારવિંદ સામું જોઈ રહ્યા. સહેજ ઉદાસીનતાની રેખા મહારાજના મુખારવિંદ ઉપર તેમને દેખાઈ. મહારાજે ધીરેથી કહ્યું : "સ્વામી ! શાસ્ત્રો તો કોઈ મોટાપુરુષે રચ્યાં હશે કાં ઋષિમુનિઓએ રચ્યાં હશે. તે શાસ્ત્રોનો આધાર સાચો અને અમારા વચનનો આધાર સાચો નહીં ?"

મુક્તાનંદ સ્વામી વિચારમાં પડી ગયા. એટલામાં મહારાજે કહ્યું : "સ્વામી ! એમાં વિચાર કરવા જેવું કાંઈ નથી. શાસ્ત્રો જ્યારે અમને સર્વોપરી ભગવાન તરીકે વર્ણવે ત્યારે તે પ્રમાણે માનજો. ત્યાં સુધી તો જે સમજણ કરી છે તે દૃઢ રાખજો."[૮૨] એમ કહીને મહારાજ ઊઠ્યા.

નિત્યાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામી સામું જોઈ રહ્યા. થોડી વારે તેમણે કહ્યું : "સ્વામી ! મહારાજના વચનમાં વિશ્વાસ રાખો."

---

૮૨. સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામીની વાત-૮૯ને આધારે.

મુક્તાનંદ સ્વામી વિચાર કરતા બેસી રહ્યા. નિત્યાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી ત્યાંથી ઊઠીને બહાર મહારાજ પાસે ગયા.

બીજે દિવસે મહારાજ નાગડકાથી ભેંસજાળ પધાર્યા. સાથે કાઠી સમાજ હતો. દાદાખાચર પણ હતા, કારણ કે દાદાખાચરને તેડાવવાનો ગુજરાતના હરિભક્તોનો ખાસ આગ્રહ હતો.

અહીં કાયાભાઈના દરબારમાં મહારાજ ઊતર્યા. ગગાભાઈ, ભાઈજીભાઈ તથા રાજાભાઈ તેમજ બાજીબા, કર્ણીબા અને ચાંદાબા વગેરે ભક્તોએ મહારાજ અને સાથેના ભક્તોની સેવા ભક્તિભાવથી ઉપાડી લીધી.

મહારાજ પધારતા અને સૌનાં અંતરમાં આનંદના હિલોળા ઊછળતા. તેમના અંતરમાં દૃઢ નિશ્ચય હતો કે આ પરબ્રહ્મ છે, પુરુષોત્તમ નારાયણ છે. આ નિશ્ચય તેમને યોગના કયા પ્રકારથી થયો કે ભક્તિની કેવી પરાકાષ્ટાથી થયો તે તો તેઓ જાણતાં ન હતાં. ફક્ત મહારાજ જાણતા હતા કે કેવળ પોતાની કૃપાથી જ પોતાના સ્વરૂપનો નિશ્ચય થાય છે. એ કૃપાપ્રાપ્તિનું સાધન સંપૂર્ણ શરણાગતિ ! આ દરબારોમાં, કાઠી ભક્તોમાં એ ભાવ સભર ભર્યો હતો. તેમના અંતરમાં મહારાજ સિવાય બીજું કાંઈ ન હતું.

તમારો ઘેંશમાં હાથ પડ્યો છે

ભેંસજાળથી મોરસિયા થઈ મહારાજ ધંધૂકા પધાર્યા. ત્યાંથી રોજકા પધાર્યા.

રોજકાના કાકાભાઈ દરબારે પોતાના સો જેટલા ભાયાતોને તેડાવ્યા હતા. આ સંઘને લઈને મહારાજનું સામૈયું કરવા તેઓ ઊપડ્યા. તેમાં પૂજાગોળ ક્ષત્રિય હતા. તેમણે મહારાજને કદી જોયેલા નહીં. તેથી સુરાખાચરની મોટી પાઘડી અને જાડું શરીર જોઈ તેને લાગ્યું કે આ જ ભગવાન લાગે છે. તેણે સુરાખાચરના પગ પકડી લીધા. સુરાખાચર હસ્યા. તેમણે કહ્યું : "બાપુ ! તમારો ઘેંશમાં હાથ પડ્યો છે. કંસારમાં હાથ નાંખવો હોય તો જાવ પાછળ, ભગવાન હાલ્યા આવે છે."

પૂજાગોળે કહ્યું : "ભા, આ તો શકન થયા. અહીં ઘેંશમાં હાથ ન નાંખ્યો હોત તો ચૂરમું કોણ બતાવત ?" એમ કહી મહારાજ પાસે ગયા.

મહારાજ માનાભાઈના દરબારમાં ઊગમણા બારના ઓરડામાં ઊતર્યા. અહીં સત્સંગની જમાવટ સારી હતી. હરિભક્તોની પણ મનમાં ઇચ્છા હતી કે મહારાજ અનાયાસે પધાર્યા છે, પધરામણીનો લાભ મળી જાય તો ભાગ્ય ઊઘડી

જાય. સૌએ મહારાજને પ્રાર્થના કરી. મહારાજ તેમનો ભાવ જોઈ તરત જ ઊઠ્યા. પ્રથમ કાકાભાઈના દરબારમાં પધાર્યા. ત્યાં ઉત્તરાદા બારના ઓરડામાં મહારાજની પધરામણી કરી. પછી કાંધાવાળા, મશરૂવાળા વગેરે દરબારોને ત્યાં પધરામણી કરી કરસન દવેને ઘેર પધાર્યા. ગગાભાઈ વિપ્ર તથા મયારામ જોષીને પણ લાભ આપ્યો. પછી માનભાઈના દરબારમાં પધાર્યા. અહીં રાત રોકાયા.

તમે તો દરિદ્રોના બેલી છો

બીજે દિવસે ત્યાંથી નીકળી પચ્છમ્ પધાર્યા. અહીં જાદવજી વિપ્રને ત્યાં ઊતર્યા. ઔદિચ્ય જ્ઞાતિના આ વિપ્રને ઘેર મહારાજ એકાએક પધાર્યા તેથી સુદામાને શ્રીકૃષ્ણને જોઈ આનંદ થાય તેવો આનંદ તેને થયો ! તેની કસળી માસીએ મહારાજને માટે થાળ તૈયાર કર્યો. કાઠી ભક્તો અને સંતો માટે વિપ્રો પાસે રસોઈ કરાવી. મહારાજ તેનો ભાવ જોઈ ખૂબ જમ્યા. પછી કહ્યું : "જાદવજી ! તારી સેવા જોઈ અમે પ્રસન્ન થઈ ગયા છીએ. માટે કાંઈક માંગ."

તેણે કહ્યું : "પ્રભુ ! આપ મારે ઘેર પધાર્યા એ જ મોટી કૃપા. આવી ને આવી કૃપા સદા રાખજો અને આ મૂર્તિ અંતરમાં કાયમ રહે તેવી દયા કરજો."

મહારાજે કહ્યું : "આ દારિદ્રય ટાળવું નથી ?"

"મહારાજ ! તમે દરિદ્રોના બેલી છો. દારિદ્રય ટળશે તો આપ અમારા બેલી મટી જશો. માટે છે તે સારું છે." મહારાજ તેની સમજણ જોઈ પ્રસન્ન થયા.

તેને એક વર્ષનો દીકરો હતો. તેને મહારાજનાં ચરણમાં મૂકી દીધો. મહારાજે તેને વર્તમાન ધરાવ્યાં, કંઠી પહેરાવી, કપાળે ચાંદલો કર્યો અને પછી કહ્યું : "જાદવજી ! આ તો મુક્ત છે. સંસારમાં નહીં રહે ત્યાગી થઈ જશે."[૮૩]

જાદવજી આ સાંભળી રાજી થઈ ગયા. તેણે કહ્યું : "મહારાજ ! ત્યાગી થઈને પણ આપની સેવા કરે તેમાં અમારાં અહોભાગ્ય !" તેમની આંખમાં આંસુ હતાં.

---

૮૩. જાદવજીના આ પુત્રનું નામ મહાશંકર હતું. તે મોટા થયા પછી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના યોગમાં રહ્યા. તેમના સંબંધે તેનામાં જ્ઞાન, વૈરાગ્ય ઉદય થયાં. ગોપાળાનંદ સ્વામીએ તેને ગઢપુરમાં ચૈતન્યાનંદ સ્વામી પાસે મૂક્યા. અહીં તેમણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો. ભાગવત પણ ભણ્યા. તેમના સદ્‌ગુણો જોઈ મુકુન્દાનંદ વર્ણીએ આદિ આચાર્ય રઘુવીરજી મહારાજ પાસે તેને ભાગવતી દીક્ષા સંવત ૧૮૯૬માં અપાવી, તેમનું નામ બ્રહ્મચારી અનંતાનંદ રાખ્યું.

વરતાલમાં આમ્ર ઉત્સવ

મહારાજ પચ્છમથી નીકળી કમિયાળા, જાખડા થઈને સાબરમતી ઊતરી ચાંગા પધાર્યા. ત્યાંથી સીધા વરતાલ પધાર્યા. અહીં વાસણ સુથારને ઘેર મહારાજ ઊતર્યા.

મહારાજ પધારવાના હતા એટલે વરતાલની આજુબાજુનાં ગામોના સૌ હરિભક્તોએ પોતાના આંબા વેડાવી લીધા હતા. કેરીઓ પકવવા નાખી હતી. સૌ મહારાજની વાટ જોઈ રહ્યા હતા. મહારાજ પધારે એટલે પહેલાં મારે ગામ પધારે એવો સૌનો ભાવ હતો.

વરતાલમાં મહારાજ હરિભક્તોને ઘેર રસપોળી જમતા અને પોતાના સંતોને પણ જમાડતા. પરંતુ સંતો રસ, રોટલી ને શાકમાં પાણી નાખી જમતા હતા. મહારાજ તેથી રાજી થતા. સંતો પ્રત્યે હરિભક્તોનો અત્યંત ભાવ હતો તેથી તેમને આવું બેસ્વાદું જમણ જમતા જોઈ પૂછતા : "સ્વામી ! રસ કેવો છે ?"

ત્યારે સંતો કહેતા : "મીઠો મધ જેવો છે."

એટલે સુરાખાચર હસતાં હસતાં બોલ્યા : "પાણી નાખ્યું હોય, શાક ચોળ્યું હોય ત્યાં રસાસ્વાદની શી રીતે ખબર પડે ? એ તો અમથું કહે છે કે મીઠો છે."

પરંતુ સંતો કહેતા : "મહારાજની આજ્ઞા પ્રમાણે જમીએ છીએ એટલે સ્વાદ આવે છે."

આજુબાજુનાં ગામના હરિભક્તો પણ અમે રહી ન જઈએ એ ભાવથી મહારાજને આમંત્રણ આપતા હતા. મહારાજે પ્રથમ સંજાયામાં ગરીબદાસનું આમંત્રણ સ્વીકાર્યું. દાદાખાચર, જીવાખાચર, મોકાખાચર, વસ્તાખાચર, સોમલાખાચર, સુરાખાચર વગેરે કાઠી ભક્તોને લઈને મહારાજ સંજાયા પધાર્યા. તેના ફળિયામાં લીંબડો હતો. તેની નીચે મહારાજ માટે તેણે હિંડોળો બાંધ્યો હતો. તેમાં મહારાજને ઝુલાવ્યા. રસોઈ તૈયાર થઈ એટલે મહારાજ રસપોળી જમ્યા. પછી કાઠી ભક્તો તથા અન્ય ભક્તોને મહારાજે રસ પીરસ્યો. ઉપર ઘી પીરસ્યું. સૌને તૃપ્ત કરી દીધા. ગરીબદાસના ભક્તિભાવને મહારાજે પોષ્યો.

કાઠી ભક્તોએ કહ્યું : "મહારાજ ! નામ તો ગરીબદાસ છે."

"પણ અંતરમાં નારાયણ રહ્યા છે ને ! તેથી નારાયણના દાસ જેવો ભાવ છે." મહારાજે કહ્યું.

પછી વળેટવા, આખડોલ, ચાંગા, મહુડિયું પરું, બામણોલી વગેરે

ગામોમાં મહારાજ પધાર્યા. ત્યાંના ભક્તોને પણ રાજી કર્યા. મહારાજ ડભાણ પણ પધાર્યા. ત્યાંથી પીજ પધાર્યા. બચાભાઈની ખડકીમાં ઊતર્યા. કાનદાસ, ભગવાનદાસ, ત્રવાડી જીભાઈ તેમજ વડાદરા વિપ્ર મોરારજી વગેરે આવ્યા. અહીં પણ રસ-રોટલીનું જમણ કર્યું. રાત્રે વરતાલ પધાર્યા.

બીજે દિવસે ઝીંડવાપરના નાથાભાઈ, ખોડીદાસ, કરસનભાઈ વગેરે મહારાજને તેડવા આવ્યા. તેમને ગામ પણ સંત, હરિભક્તોનો સંઘ લઈને મહારાજ પધાર્યા. તે જ પ્રમાણે નરસંડા, ઉત્તરસંડા, કંજરી, જોળ, ઘુંટેલી ગામોના ભક્તોએ પણ મહારાજને તથા સંઘને પોતાને ગામ તેડાવી આમ્ર ઉત્સવ કર્યો. વલાસણમાં પણ મહારાજ પધાર્યા. રઘાભાઈ તથા બારોટ વાઘજીભાઈ તેમજ ગામના અન્ય ભક્તોએ સેવા કરી. પાદરમાં મોટો આંબો હતો ત્યાં મહારાજને ઝુલાવ્યા. મહારાજે સૌ ભક્તોના જેણે જેવા મનોરથ કર્યા હતા તે ભાવ પૂરા કર્યા. સૌ કૃતકૃત્ય થઈ ગયા !

ભગવાનનું પ્રાગટ્ય ભક્તોના મનોરથ પૂરા કરવા માટે જ હોય છે. પોતાના સંબંધે ભક્તિની અતિ ઉચ્ચ સ્થિતિ ઉપર મૂકી પોતાના દિવ્ય સુખનો સહજમાં જ અનુભવ કરાવી દેવો તે તેમનું લક્ષ્ય હોય છે.

આ.સં. ૧૮૭૨, ભીમ એકાદશીનો સમૈયો મહારાજે વરતાલમાં કર્યો. કાઠી ભક્તો રસપોળી જમીને તૃપ્ત થઈ ગયા હતા. તેમણે કહ્યું : ''મહારાજ ! જો ચોમાસું બેસી જશે, તો ભાલ ઊતરવું કઠણ પડશે. માટે હવે પરિયાણ કરો તો સારું.''

મહારાજને પણ ગઢપુર યાદ આવ્યું. વરતાલના ભક્તોની રજા લઈ મહારાજ સંઘ સાથે ત્યાંથી નીકળ્યા અને ગાના પધાર્યા. અહીંના રઘનાથદાસ પટેલે મહારાજને રોકાવાનો બહુ આગ્રહ કર્યો. પરંતુ મહારાજે કહ્યું : ''રોકાશું નહીં. પણ તમો આ કાઠી ભક્તો માટે રોટલા બનાવીને લાવો.''

તેમણે તરત જ તે સેવા કરી અને રોટલા લઈ આવ્યા. અલૈયાખાચરે રોટલો ધોળો જોયો એટલે પૂછ્યું : ''આ રોટલા ધોળા કેમ છે ? જુવારના પણ આવા નથી થતા.''

ત્યારે રઘનાથદાસે કહ્યું : ''આ તો ચીણાનો રોટલો છે. અહીં દૈવનો કોપ થયો છે તેથી બાજરી થતી જ નથી. આ રોટલા ચાવવા કઠણ અને પચાવવા પણ કઠણ.''

મહારાજે આ સાંભળીને કહ્યું : ''દૈવનો કોપ હવે ગયો. બાજરો વાવો.

જોઈએ એટલો થશે.''

થોડા દિવસે મહારાજ ગઢપુર પહોંચી ગયા.

મીરસાહેબને ભગવાન ઓળખાય છે

બીજે દિવસે વહેલી સવારે શ્રીજીમહારાજ ઉગમણા ઓરડાની ઓસરીના વચલા ખંડના પગથિયા ઉપર સુંદર આસન ઉપર બિરાજમાન થયા હતા. તેમની સન્મુખ સંતો-હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે કોઈ રાજ્યના અધિકારી જેવા જણાતા એક મુસલમાન ભક્ત ત્યાં આવ્યા. તેમને જોઈને જ મહારાજે તેમને તરત જ બોલાવતાં કહ્યું : ''આવો આવો મીરસાહેબ ! અમે તમારી જ રાહ જોતા હતા.''

મીરસાહેબને પોતાના નામના સંબોધનથી આશ્ચર્ય થયું ! તેઓ ગઢપુરમાં પહેલી જ વાર આવ્યા હતા. ભગવાન સ્વામિનારાયણનું નામ તેમણે સાંભળ્યું હતું પરંતુ દર્શન કર્યાં ન હતાં. આજે જૂનાગઢનો પંથ કરીને ગઢપુર તરફ તેઓ અચાનક જ આવી ચડ્યા. ગઢપુરની સીમમાં આવતાં જ તેમના અંતરમાં આહ્‌લાદક શાંતિનો અનુભવ થયો. તેઓ વિદ્વાન હતા. કુરાન પણ રોજ પઢતા. તેથી તેમને થયું કે નક્કી આ જમીનમાં ખુદાના બંદા વસતા હોવા જોઈએ. તેઓ ગામમાં આવ્યા. તપાસ કરી તો ખબર પડી કે ભગવાન સ્વામિનારાયણ અહીં બિરાજે છે. દાદાખાચરના દરબારમાં આવ્યા. મહારાજના પ્રથમ દર્શને જ તેમને દિવ્ય અનુભવ થયો.

મહારાજે દાદાખાચરને કહ્યું : ''દાદા ! આ મીરસાહેબ વડોદરા રાજ્યના અધિકારી છે. તેમને રોજા હોવાથી ઉપવાસ છે. એટલે દહીં, શાક વગેરે તેમને આપજો.'' મીરસાહેબના અંતરની એક પછી એક વાત મહારાજ કરતા હતા અને મીરસાહેબના અંતરમાં મહારાજના સ્વરૂપ વિષે અનેક પ્રકારના સંકલ્પો થતા હતા. મહારાજે તેમને કહ્યું : ''મીરસાહેબ ! ખુદા પૃથ્વી ઉપર અનેક જીવોનું કલ્યાણ કરવા પ્રગટ થાય છે ત્યારે મનુષ્ય જેવા જ દેખાય છે, પણ તેમનું સ્વરૂપ દિવ્ય છે. તેમને તે રીતે ઓળખીને જો તેમનો આશ્રય જીવ કરે તો તેનો જરૂર મોક્ષ થાય.'' મીરસાહેબને મહારાજનું સ્વરૂપ સમજવામાં મહારાજના આ શબ્દોથી વિશેષ શબ્દોની જરૂર ન હતી. મહારાજના આ શબ્દોથી તેઓ કૃતકૃત્ય થઈ ગયા. બીજે દિવસે તેઓ વડોદરા ગયા.

✧

આ.સં. ૧૮૭૩ના શ્રાવણ, ભાદરવાના ઉત્સવો મહારાજે ગઢપુરમાં કર્યા. આસો બેઠો અને મહારાજે વરતાલ જવા નક્કી કર્યું. મહારાજે દાદાખાચરને બોલાવીને કહ્યું : "દાદા ! આ વખતે દિવાળી અને અન્નકૂટના ઉત્સવો વરતાલમાં કરવા છે તો તમારે તથા બહેનોએ રાજી થઈને અમને રજા આપવી. ગુજરાતમાં પણ સત્સંગ ઘણો વધી રહ્યો છે. ત્યાંના પ્રેમી ભક્તોના ભાવ પૂરા કરવા જોઈએ તો જ તેમની ભક્તિને પોષણ મળે."

દાદાખાચરે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! આપની જેવી ઇચ્છા ! અમે તો આપની ઇચ્છાને સદા આધીન છીએ. આપ સુખેથી પધારો. પરંતુ ગુજરાતના ભક્તોને ગઢપુર આવવાનું આમંત્રણ આપીને જ આવજો."

મહારાજ દાદાખાચરનો ભાવ સમજી ગયા. તેમણે હવે પછીનો ઉત્સવ ગઢપુરમાં કરવાનું આ રીતે નક્કી કરી લીધું.

ખુદા હો તો મારા ઉપર નજર રાખજો

મહારાજ સંતમંડળ તથા પાર્ષદો સાથે ગઢપુરથી નીકળ્યા. સારંગપુર પધાર્યા. સારંગપુરથી ફરતાં ફરતાં ભાલમાં ગામ સોઢીને પાદર સવારના પહોંચ્યા. મહારાજે તળાવને કાંઠે ઉતારો કર્યો અને ત્યાં જ દાતણ તથા શૌચવિધિ પતાવી આગળ જવું એવો નિર્ણય કર્યો. મહારાજે સુરાખાચરને કહ્યું : "સુરાખાચર ! બાવળનાં દાતણ હોય તો કરીએ."

તે સાંભળી સુરાખાચરે કહ્યું : "મહારાજ ! બાવળ અહીં નો મળે. આ તો ખારોપાટ. ઝાડવું એકે દેખાતું નથી."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "ગામમાં તપાસ તો કરો."

સુરાખાચર ગામમાં ગયા. ગામ નાનું હતું એટલે થોડી વારમાં જ સુરાખાચર ગામમાં ફરી વળ્યા. ઘેર ઘેર તેમણે દાતણનું પૂછ્યું. ત્યારે એક બાઈએ કહ્યું : "આઘે એક મુસલમાન બીબડીએ પોતાની ફળીમાં જતન કરીને બાવળિયો ઉછેર્યો છે. પણ એ તરકડી દાતણનો ઉપયોગ પોતે કરતી નથી, તેમ કોઈને દાતણ લેવા પણ દેતી નથી. તે તો કહે છે ખુદા માટે છે !"

સુરાખાચર આ સાંભળી મહારાજના શબ્દોનું રહસ્ય સમજી ગયા. તે સીધા તે બાઈને ઘેર ગયા. તે બાઈને તેમણે પૂછ્યું : "બાવળનું દાતણ મળશે ?"

એટલે તે બાઈએ કહ્યું : "ભાલમાં બાવળનું દાતણ માંગે એવો કોણ રસિયો છે ? મારો બાવળ તો ખુદાને માટે જ છે !"

સુરાખાચરે તરત જ કહ્યું : "ખુદાને માટે જ લેવા આવ્યો છું, માટે આપ."

આ સાંભળી તે બાઈ વિચારમાં પડી ગઈ. તેણે કહ્યું : "ખુદા માટે ? તો તો ઊભા રહો, બાપુ ! જો ખુદા હોય તો હું મારે હાથે જ દાતણ આપીશ." એમ કહી તેણે બાવળની સોટીઓ જોઈ. તેમાં લીલી અને સીધી જોઈ એક સોટી કાપી તેના કાંટા ઉતાર્યા. પાણીથી તે ધોઈ અને પછી હાથ એકનું દાતણ કાપી તે સુરાખાચર સાથે ગઈ.

મહારાજ તે વખતે દિશાએ જઈ હાથ ધોઈ રહ્યા હતા. સુરાખાચરને બાઈની સાથે આવતા જોઈ મહારાજે ગમ્મત કરી : "આ સુરાખાચર તો જતિ છે પણ માયા તો તેની કેડે જ ફરે છે."

સૌ પાર્ષદો હસ્યા. સુરાખાચર કાંઈ સમજ્યા નહીં. તેણે બાઈને કહ્યું : "જો બહેન ! આ ખુદા છે."

એટલે તેણે મહારાજને પૂછ્યું : "તમે ખુદા છો ?"

મહારાજ હસ્યા અને હાથ લાંબો કર્યો. બાઈએ દાતણ આપી દીધું. બાઈએ કહ્યું : "સ્વામિનારાયણ ! તમે ખુદા હો તો મારા ઉપર નજર રાખજો."

મહારાજે રાજી થઈને આશીર્વાદ આપતાં કહ્યું : "તને અમે અક્ષરધામમાં લઈ જાશું."[૮૪]

શૌચવિધિ પતાવી મહારાજ તૈયાર થઈ ગયા. માણકી ઉપર બિરાજ્યા. બાજુમાં સુરાખાચર હતા. તેમણે મહારાજને પૂછ્યું : "મહારાજ ! આ બાઈને અક્ષરધામ બક્ષિસ આપી દીધું !?"

"હા, કેટલાંય વર્ષોથી ખુદાની રાહ જોઈને બેઠી હતી. શબરીના જેવી તેની તપશ્ચર્યા હતી." મહારાજે કહ્યું.

સુરાખાચર વિચાર કરતા થઈ ગયા. મહારાજે કહ્યું : "સુરાખાચર ! શું વિચાર કરો છો ? ધણીનો કોઈ ધણી છે ?"

નિત્યાનંદ સ્વામી કેમ સમજે છે ?

થોડા દિવસે મહારાજ વરતાલ પહોંચી ગયા. અહીં નારાયણગિરિના મઠમાં મહારાજે ઉતારો કર્યો.

મહારાજે ગઢપુરથી જ તમામ સંતોને પત્રો લખી ખબર મોકલી દીધા હતા

---

૮૪. સદ્ગુરુઓ થકી સત્સંગમાં વાત પ્રચલિત છે કે તે બાઈના અંત સમયે મહારાજ હાથમાં દાતણ લઈને તેને તેડવા પધાર્યા હતા.

કે દિવાળી તથા અન્નકૂટના ઉત્સવો વરતાલમાં કરવાના છે. તેથી સંતોનાં મંડળો આવી ગયાં હતાં. દિવાળી તથા અન્નકૂટ ઉત્સવોને વાર હતી એટલે હરિભક્તો ઝાઝા પ્રમાણમાં આવ્યા ન હતા. મહારાજ રોજ ગોમતીકાંઠે આંબાવાડીમાં સભા કરતા. સંતો, પરમહંસોને પોતાના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન તેમને કરાવવું હતું.

એક દિવસ સભામાં મહારાજે સંતોને કહ્યું : "અમારી વાતનું ખરું રહસ્ય તો આ નિત્યાનંદ સ્વામી સમજે છે."

એટલે એક સંતે મહારાજને પૂછ્યું : "મહારાજ, નિત્યાનંદ સ્વામી કેમ સમજે છે ?"

ત્યારે મહારાજે કહ્યું : "તેમને પૂછો."

પછી નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "તમે જેને પુરુષોત્તમ કહો છો તે તો મહાપુરુષ છે ને પુરુષોત્તમ તો અક્ષર થકી પર અને સર્વ અવતારના અવતારી અને સર્વ કારણના કારણ આ પ્રત્યક્ષ પ્રમાણ શ્રીજીમહારાજ છે."

પ્રત્યક્ષ હરિકૃષ્ણને લીધા વિના અક્ષરને પણ ભગવાન ન કહેવાય

આ સાંભળી સર્વે સંતોએ મહારાજને હાથ જોડી કહ્યું : "હે મહારાજ ! આપનું સર્વોપરી સ્વરૂપ અમને યથાર્થ સમજાવો."

એટલે મહારાજે કહ્યું : "જ્યાં પ્રગટ પુરુષોત્તમની વાત આવે છે ત્યારે સર્વેની બુદ્ધિ ભ્રમી જાય છે. પરંતુ સર્વ ઠેકાણે પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લઈને બીજાને પુરુષોત્તમ કહ્યા છે ને પ્રત્યક્ષ હરિકૃષ્ણને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય તો બીજાની શી વાત કહેવી ? માટે એવા શબ્દો સાંભળી મતિ ભ્રમવા દેવી નહીં. તે પુરુષોત્તમ તો રામકૃષ્ણાદિક સર્વ અવતારના અવતારી પ્રત્યક્ષ હરિકૃષ્ણ અમે છીએ. એમાં કિંચિતમાત્ર સંશય નથી."[૮૫]

શ્રીજીમહારાજની પોતાના પુરુષોત્તમ સ્વરૂપની આ સ્પષ્ટ વાત સાંભળી ત્યાં બેઠેલા ઘણા સંતોને મહારાજના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થયો. કેટલાકને સંશય પણ થયો. શાસ્ત્રના શબ્દોનો આધાર શોધવા જનાર અન્યને સ્વરૂપ-નિષ્ઠાની આ વાત બરાબર ગળે ઊતરી નહીં.

વરતાલમાં અન્નકૂટોત્સવ : આ.સં. ૧૮૭૩

ધનતેરશના દિવસથી ઉત્સવની શરૂઆત કરી. આસો વદ ચતુર્દશીને

૮૫. શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૩, વાત-૧૯.

દિવસે હનુમાનજીનું પૂજન કરાવ્યું અને હનુમાનજીની દાસત્વભક્તિને બિરદાવી. હનુમાનજીએ મહારાજની પ્રથમથી જ સેવા કરી હતી. તેઓ દાસ હતા. રામચંદ્ર ભગવાન પ્રત્યે પતિવ્રતાની ટેક હતી. તેઓ જાણતા હતા કે શ્રી રઘુનંદન એ જ શ્રીકૃષ્ણ છે. તેથી શ્રીકૃષ્ણની આજ્ઞાથી અર્જુનના રથની ધજા ઉપર આવીને તે બેસી જતા. આ બંને અવતારોના અવતારી શ્રીજીમહારાજ છે તે જ્ઞાન પણ તેમના અંતરમાં હતું. તેથી શ્રીજીમહારાજની તેમણે તેમના બાલ્યકાળથી જ સેવા કરી હતી. સાચા જ્ઞાની ભક્તોને, પતિવ્રતાની ટેકવાળા ભક્તોને આ દૃષ્ટિ હોય છે. ભગવાનને તેના ગમે તે સ્વરૂપમાં તેઓ ઓળખી શકે છે.

દીપોત્સવીને દિવસે દીપમાળા રચાવી. તેની વચ્ચે મહારાજ બિરાજ્યા. સંતમંડળ મહારાજની આજુબાજુમાં બેસી ગયા. મહારાજે સંતોને કહ્યું : "ભગવાનનાં કીર્તનો ગાવ, રાસ રમો. ભગવાનને શુષ્કતા ગમતી નથી. જ્ઞાનમાં, ધર્મમાં અને વૈરાગ્યમાં પણ ભક્તિનો રસ હોવો જોઈએ. એ ભક્તિરસથી અંતરના ભાવ કોમળ બને છે ત્યારે ભગવાનની પ્રાપ્તિના આનંદનો અનુભવ થાય છે."

સંતોએ ગરબીઓ ઉપાડી. રાસની જમાવટ કરી. મધ્યરાત્રી સુધી સંતોને રાસ રમાડી મહારાજે કહ્યું : "હવે કાલે અન્નકૂટ છે માટે પ્રાતર્વિધિથી પરવારી અન્નકૂટની સેવામાં જોડાઈ જાવ. આ દેહનો તો એ રીતે ભગવાનની સેવા કરવામાં ઉપયોગ કરી લેવો."

બીજે દિવસે અન્નકૂટનો ઉત્સવ કર્યો. વરતાલના ભક્તોએ મીઠાઈઓ, શાક, રાયતાં, ફરસાણ વગેરે અનેક પ્રકારની વાનગીઓ બનાવી હતી. મહારાજ સાક્ષાત્ અન્નકૂટ જમે એવો અવસર ક્યાંથી ? તેમની દરેક ક્રિયામાં મહારાજના સ્વરૂપનું અનુસંધાન રહેતું તેથી ક્રિયા ભક્તિમય બની જતી, નિર્ગુણ બની જતી. ઠાકોરજી પાસે અન્નકૂટ ગોઠવ્યો. સંતો થાળ બોલ્યા. મહારાજે આરતી કરી. એટલામાં બ્રહ્મચારી આવ્યા એટલે મહારાજ જમવા પધાર્યા.

ત્યાં દેવનો, અહીં સાક્ષાત્ ભગવાનનો

નારાયણગિરિના મઠમાં પણ મહારાજ માટે એ જ પ્રકારે સામગ્રીઓનો અન્નકૂટ રચ્યો હતો. મહારાજે પૂછ્યું : "આ શું ?"

ત્યારે નારાયણગિરિએ હાથ જોડી કહ્યું : 'અન્નકૂટ !"

"ત્યારે ત્યાં મંડપમાં શું હતું ?" મહારાજે પૂછ્યું.

"ત્યાં પણ અન્નકૂટ હતો ! પણ તે દેવનો, અહીં સાક્ષાત્ ભગવાનનો !" નારાયણગિરિએ કહ્યું.

મહારાજ હસ્યા. તેમના મૌનમાં સંમતિનો મર્મ હતો.

મહારાજ જમીને પાછા મંડપમાં પધાર્યા. અહીં સંતોની, હરિભક્તોની પંક્તિમાં મહારાજે સૌને પીરસ્યું. મહારાજે કહ્યું : "સાંજે મંડપમાં જ સભા થશે. માટે સૌ ત્યાં આવજો. કાલે સૌને જમાડીને રજા આપીશું."

સાંજે મંડપમાં સભા થઈ. મહારાજે સભામાં વાત કરી : "અમારી રુચિ ત્યાગની હતી એટલે સૌ ત્યાગીઓને એ પ્રમાણે વર્તાવ્યા. તેથી સૌ સુખિયા છે. આ નિયમો હંમેશ માટે રાખવા. નિયમ વગરનું જીવન પાંગળું કહેવાય." એમ કહી સભામાં સૌને કહ્યું : "સૌએ, સંતોએ, હરિભક્તોએ રોજ પચાસ માળા ફેરવવાનો નિયમ રાખવો. એક દિવસ ન ફરે તો બીજે દિવસે સો માળા ફેરવવી. બે દિવસ માળા ન ફરે તો ત્રીજે દિવસે ઉપવાસ કરવો. આવો નિયમ હશે તો મન બંધાયેલું રહેશે. ઇન્દ્રિયો જીતાશે."

પછી હરિભક્તોને રજા આપી. સંતોને બેસાર્યા. એક પછી એક સંતને પોતાની પાસે બોલાવી કાનમાં પૂછ્યું : "સ્વપ્નના ઉપવાસ પડે છે ?"

સંતોએ નિષ્કપટ ભાવે પોતાની વાત કરી. મહારાજ રાજી થયા અને આશીર્વાદ આપ્યા : "અંતઃશત્રુઓનો પરાભવ થઈ જશે. હિંમત રાખજો."

મહારાજ વરતાલથી નીકળી ગઢપુર પધાર્યા.



ઉદ્‌ગીથ ૧૮

ગઢપુરમાં ઉત્સવો અને સોરઠમાં વિચરણ

(આ.સં. ૧૮૭૩, ઈ.સ. ૧૮૧૬-૧૮૧૭)

ગઢપુરમાં મહારાજે થોડો સમય રોકાવાનું નક્કી કર્યું હતું. ત્યાંના ભક્તો પણ મહારાજના વિયોગથી દુઃખી દુઃખી થઈ જતા હતા. તેમણે મનમાં દઢ સંકલ્પ કર્યો હતો કે હવે મહારાજને ત્રણ-ચાર માસ સુધી ક્યાંય જવા દેવા નથી. ઉત્સવો અહીં જ કરવા, અહીં જ સંતો, ભક્તોને તેડાવવા જેથી સેવાનો લાભ મળે.

મહારાજે ગઢપુરમાં પ્રબોધિની એકાદશીનો ઉત્સવ[૮૬] તથા ઉત્તરાયણનો ઉત્સવ કર્યો. આ પ્રસંગે બહારથી કોઈ સંત-હરિભક્તોને તેડાવ્યા ન હતા. વસંતના ઉત્સવ ઉપર સૌને તેડાવવાની મહારાજની ઇચ્છા હતી. તેથી આ બંને ઉત્સવો ઉપર આજુબાજુ ફરતાં જે સંતમંડળો આવ્યાં હતાં તેમને પાછાં મોકલી દીધાં. પોતાની પાસે મુખ્ય મુખ્ય સંતો તથા પોતાના સેવકોને જ રાખ્યા.

શ્રીહરિના સેવકો

મુકુન્દ બ્રહ્મચારી મહારાજની અંગત સેવામાં હતા. મહારાજને સ્નાન કરાવવું, પૂજા તૈયાર કરવી, થાળ તૈયાર કરવો, મહારાજ જમવા પધારે ત્યારે પાટલો, બાજોઠ, થાળી-વાટકા તથા ચાંદીનો પાણી પીવાનો અબખોરો વગેરે તૈયાર રાખતા. મહારાજ જમતા ત્યારે વચ્ચે પાણી પીવાની ટેવ હતી. મહારાજ કયે સમયે પાણી પીએ તે બ્રહ્મચારી જાણતા હતા એટલે તે વખતે પાણીની કટોરી તૈયાર જ રાખતા હતા. બ્રહ્મચારીની સેવામાં કદી ખામી આવતી નહીં. મહારાજ તેમને અખંડ સાથે જ રાખતા.

મોટીબા - જયાબા મહારાજ માટે પાણી લાવવાની સેવા કરતાં. ત્રાંબાની ગાગર તથા લોટા વગેરે સુંદર રીતે ઊટકીને, ઉન્મત્ત ગંગાનું પાણી ઘાટા

---

૮૬. શ્રીહરિલીલામૃત; ૭-૬૬માં પ્રબોધિની ઉત્સવ વરતાલમાં કર્યો એવો ઉલ્લેખ છે.

વસ્ત્રથી ગાળીને તૈયાર રાખતાં. લલિતાબા રસોઈની તમામ સામગ્રી તૈયાર કરતાં. પાંચાળીબા મહારાજ માટે રસોઈ થાય ત્યાં ગાયના છાણથી ચોકો કરતાં, નાનીબા મહારાજ જમી રહે પછી તે સ્થળે અબોટ કરી લેતાં. દાદાની બંને માતાઓ અક્ષર ઓરડી વાળીને તથા લીંપીને સ્વચ્છ રાખતાં.

ગોપાળ બ્રહ્મચારી પૂજા કરવાનાં વાસણો ઊટકીને સ્વચ્છ રાખતા તથા મહારાજ પૂજા કરવા બિરાજતા ત્યારે તે લાવીને મૂકી દેતા. વાસુદેવાનંદ બ્રહ્મચારી તિલક કરવા માટે ચંદન ઘસીને તૈયાર રાખતા. જેરામ બ્રહ્મચારી મહારાજનાં વસ્ત્રો ઉન્મત ગંગામાં ધોઈને ઘડી વાળી તૈયાર રાખતા. નારાયણાનંદ બ્રહ્મચારી મહારાજ માટે પીવાનું જળ લોટામાં નિરંતર તૈયાર રાખી, લોટો તથા પાણી પીવાની ટોયલી પોતાની પાસે જ રાખતા. મહારાજ કયે સમયે જળપાન કરે છે તે તેઓ જાણતા હતા એટલે સમયે સમયે જળપાન કરાવતા. રતનજી પાર્ષદ મહારાજના જમવાનાં વાસણો સાચવતા. મિયાંજી મહારાજને સ્નાન કરવા માટે ગરમ પાણી કરવા ઇંધણાં તૈયાર રાખતા. ગુમાનજી મહારાજને દાતણ કરવા સારુ બાવળના સુંદર દાતણ તૈયાર રાખતા. મયારામ ભટ્ટ મહારાજને સમયે સમયે પહેરવાનાં વસ્ત્રો પોતાની પાસે તૈયાર રાખતા.

આ ઉપરાંત મહાનુભાવાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી વગેરે સંતો દેશદેશાંતરથી આવતા હરિભક્તોની સંભાળ રાખતા. તેમના ઉતારાની તથા જમવાની વ્યવસ્થાની જવાબદારી પણ તેમને શિરે હતી. ગુણાતીતાનંદ સ્વામી, શિવાનંદ સ્વામી, ગોવિંદાનંદ સ્વામી, મોટા પ્રજ્ઞાનંદ સ્વામી, અભેદાનંદ સ્વામી મહારાજ પાસે બેસી કીર્તનો ગાતા. ચૈતન્યાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, ગોવિંદાનંદ સ્વામી હરિભક્તોને કથાવાર્તા, ઉપદેશ કરતા. હરજી તથા ઉકા ભક્ત મહારાજ માટે વાડીમાંથી શાક લાવવા, ખાખરાના પાનના પડિયા તથા પત્રાવળાં બનાવવા વગેરે સેવા કરતા. હમીરજી મહારાજ માટે હાથ ધોવા માટે તથા ચોકો કરવા માટે, ધૂળ સ્વચ્છ કરી, કાંકરા કાઢી તૈયાર રાખતા.

નિત્યાનંદ સ્વામી રાત્રે શ્રીમદ્‌ભાગવત, ભગવદ્‌ગીતા, વ્યાસસૂત્ર તથા વિષ્ણુસહસ્ર ગ્રંથની કથા મહારાજ પાસે કરતા. આમોદના દીનાનાથ ભટ્ટ સદ્‌ગ્રંથો રચવા, સ્તોત્રો રચવા તે કાર્ય કરતા. તેમની બુદ્ધિ વેદવ્યાસના જેવી છે તેવું મહારાજ ઘણી વાર કહેતા. શુકાનંદ સ્વામી હરિભક્તોને, સંતોને જુદાજુદા દેશોમાં મહારાજની આજ્ઞાનુસાર પત્રો લખી મોકલતા તેમજ શાસ્ત્રોનું સંશોધન

પણ કરતા. ગોપાળાનંદ સ્વામી સર્વે સંતોને મહારાજની આજ્ઞામાં તેમણે આપેલા નિયમાનુસાર વર્તાવતા. ક્વચિત્ ક્વચિત્ કથાવાર્તામાં મહારાજના સર્વોપરી સ્વરૂપની વાર્તા પણ કરતા. શતાનંદ મુનિ સંસ્કૃત ગ્રંથોનું સંશોધન કરતા, નવાં શાસ્ત્રો, સ્તોત્રો રચતા. ભગુજી તથા અન્ય બસો પાર્ષદો હથિયારબદ્ધ સજ્જ રહી મહારાજની અખંડ સેવામાં રહેતા.

મહારાજની સેવામાં ખોજા કુટુંબ

હરજી ઠક્કર, લાધા ઠક્કર તથા તેમના અન્ય સંબંધીઓને શ્રીજીમહારાજને વિષે અનન્ય ભક્તિ હતી. મહારાજની આજ્ઞાથી પોતાની માતા જાનબાઈ સાથે ગામ પીથલપર છોડી, પિતાની રજા લઈ હરજી ઠક્કર તથા તેમનું સમગ્ર કુટુંબ મહારાજની સેવામાં ગઢપુર આવી ગયું હતું.

હરજી ઠક્કર તથા લાધા ઠક્કર બંને દાદાખાચરના કારભારી હતા. દાદાખાચરને તથા તેમના કુટુંબને પોતાના ગરાસની ચિંતા નહિ એટલી આ બંને કારભારીઓને હતી. દાદાખાચરનું સહેજ બગડે કે કાંઈ નુકસાન થાય તેનો વલોપાત તેમના અંતરમાં પહેલો થતો. દાદાખાચર પ્રત્યેના તેમના ભાવથી મહારાજે તેમને દાદાખાચરનો સમગ્ર કારભાર સોંપી દીધો હતો.

તેમને તો ભક્તની સેવા મળી એટલે ભગવાનની સેવા મળી. મહારાજ જે પોતાના ભક્તની સેવા કરે તેના ઉપર ખૂબ જ પ્રસન્ન રહેતા. એટલે જ આ ખોજા કુટુંબ ઉપર મહારાજની અત્યંત પ્રસન્નતા હતી. તેમની માતા જાનબાઈને પણ જ્યારથી ગોપનાથ જતાં મહારાજને તેમણે રસ્તામાં દૂધ પાયું ત્યારથી મહારાજના સ્વરૂપમાં તેના ચિત્તની વૃત્તિ ચોંટી ગઈ હતી.

જાનબાઈ તેના પુત્ર ધનજીનો ત્યાગ કરે છે

એક દિવસ હરજી ઠક્કરે કહ્યું : “મા, મહારાજને સ્નાન કરવા માટે પાણી ગરમ કરે છે, પણ લોઢાના કડાયામાં કરે છે. તો આપણી પાસે તાંબાનું ઉનામણું[૮૭] હોય તો દરબારમાં આપી દઈએ.”

જાનબાઈએ તરત જ કહ્યું : “મોટું ઉનામણું છે. આપણે વાપર્યું જ નથી. તો જઈને મહારાજની સેવામાં આપી આવો. પણ જો જો દરબારમાં કોઈને ખબર ન પડે, નહીં તો પાછું મોકલાવશે.”

૮૭. પાણી ગરમ કરવાનો ત્રાંબાનો દેગડો.

એટલે હરજી ઠક્કરે કહ્યું : "હું મહારાજના સેવકને જ આપી દઈશ. રોજ પાણી ઊનું કરીને પછી ઊટકીને પાછું અંદર મૂકી દેશે. એટલે દરબારમાં કોઈને ખબર પડશે નહીં."

દૂર ઊભા ઊભા આ વાત તેનો નાનો પુત્ર ધનજી સાંભળતો હતો. તેણે તરત જ કહ્યું : "આટલું મોટું ઉનામણું આપવાની શી જરૂર છે ? નાનું છે તે આપો ને !"

તે સાંભળી જાનબાઈને ગુસ્સો આવ્યો. તેણે કહ્યું : "મહારાજની સેવા કરવામાં તું આડો આવે છે, તો જા મારે તારું મોઢું જોવું નથી. આંહીંથી હમણાં જ નીકળી જા."

ધનજી ઠક્કરને માનાં આ વેણ આકરાં લાગ્યાં. તેણે કહ્યું : "તો ભલે હવે, હું ય મરતાં સુધી તમારું મોઢું જોઈશ નહીં." એમ કહીને તે તરત જ ગઢપુરથી નીકળી ગયા.[૮૮]

હરજી ઠક્કર આ સાંભળી સ્તબ્ધ થઈ ગયા. તે કાંઈ પણ બોલે તે પહેલાં જ જાનબાઈએ કહ્યું : "હરજી ! પ્રહ્‌લાદે તેના બાપનો ત્યાગ ન કર્યો ? વિભીષણે તેના ભાઈનો ત્યાગ ન કર્યો ? બલિરાજાએ ગુરુનો ત્યાગ ન કર્યો ? વિચાર કરવાની જરૂર જ નથી. મહારાજની ભક્તિમાં, સેવામાં જે આડા આવે તેનો ત્યાગ કરવો જ પડે. નહીં તો ભક્તિમાં વિઘ્ન આવે."

હરજી ઠક્કરને મહારાજનું દર્શન તેમની માતાની પ્રેરણાથી જ થયું હતું. તેથી તેમણે તરત જ કહ્યું : "ખરું કહો છો મા ! ધનજી આપણી ભેગો રહ્યો તોપણ અબુધ જ રહ્યો."

હરજી ઠક્કર મહારાજના સેવકને ત્રાંબાનું ઉનામણું આપી આવ્યા.

મહારાજને ગઢપુરમાં વસંતનો સમૈયો કરવો હતો. ફૂલદોલનો ઉત્સવ વરતાલ કરવાની ઇચ્છા હતી. એટલે મહારાજે આ ઉત્સવ ઉપર કોઈ સંતો-હરિભક્તોને તેડાવ્યા નહીં. વસંતનો ઉત્સવ કરી મહારાજને સોરઠમાં જવું હતું. ઘણા સમયથી સોરઠના હરિભક્તો મહારાજની વાટ જોઈ રહ્યા હતા.

મહારાજ તેજા ઠક્કરને ઘેર જમવા પધારે છે

મહારાજ સોરઠ જવા નીકળવાની તૈયારીમાં હતા. એટલામાં મહારાજ

---

૮૮. ધનજી ઠક્કર ગઢપુર છોડી તળાજે ગયા. પછી ફરી ગઢપુર આવ્યા નહીં. તેમણે તળાજામાં જ દેહ છોડ્યો.

પાસે લાડુબા આવ્યાં. તેમણે કહ્યું : "મહારાજ ! મારી ભેંશ વસૂકી ગઈ છે, તે આપ સોરઠમાં પધારો છો તો ગીરમાંથી સારી જોઈને ભેંશ લેતા આવજો."

મહારાજે તરત જ કહ્યું : "અરે, એમાં ગીર સુધી જવાની જરૂર નથી. તેજા ઠક્કર ભેંસ લાવ્યા છે. કાલે જ એમણે દૂધ મોકલ્યું હતું. મીઠું સાકર જેવું અને ટંકે પંદર શેર દૂધ આપે છે. તેજા ઠક્કર એવું કહેતા હતા."

એટલામાં તેજા ઠક્કર ત્યાં આવી ગયા. મહારાજે તેમને કહ્યું : "ઠક્કર ! આ લાડુબા કહે છે કે ગીરમાંથી સારી જોઈને ભેંશ લેતા આવજો. તમારી ભેંસનું દૂધ કાલે પીધું. એ ક્યાંથી ખરીદી ?"

"મહારાજ ! હું ય ગીરમાંથી જ લાવ્યો છું. પણ બાને જોઈતી હોય તો ઈ જ રાખી લ્યો ને. હું તો વળી બીજી લઈ આવીશ."

"પણ તમારાં છોકરાં દૂધ વગર રખડે ને ? અમને એ ન પાલવે." મહારાજે કહ્યું.

"મહારાજ ! અમે તો ભેંશુંનો ધંધો કરીએ. એક લાવીએ ને વળી વેચી દઈએ. અમારે ઘેર તો દુઝાણું છે." તેજા ઠક્કરે તેની પ્રેમભીની વાણીમાં કહ્યું.

"તો બોલો ભેંશનું શું આપવાનું ?" મહારાજે પૂછ્યું.

"મહારાજ ! કાલે મારે ઘેર જમવા પધારો ત્યારે નક્કી કરીશું. હું બેચર ભટ્ટ અને લખીરામ શાસ્ત્રી પાસે રસોઈ કરાવીશ. પાણિયારું, રસોડું ધોવરાવી નાખીશું. માટે હા કહો." તેજા ઠક્કર એટલું કહી હાથ જોડી મહારાજ સામું જોઈ રહ્યા. તેમના મોઢાનો ભાવ જોઈ મહારાજે કહ્યું : "ભલે અમે આવશું. પણ રોટલા કરાવજો. બીજી માથાકૂટ કરશો નહીં."

"ભલે." એટલું કહીને તેજા ઠક્કર ઘેર ગયા.

બીજે દિવસે બેચર ભટ્ટને તથા લખીરામ શાસ્ત્રીને તેજા ઠક્કરે ઘેર બોલાવ્યા. રસોડું, પાણિયારું ધોવરાવી નાંખ્યાં. પાણી ગાળીને નવું ભરાવ્યું અને બંનેએ રસોઈ શરૂ કરી. તેજા ઠક્કરે કહ્યું : "ભૂદેવો ! તમારું પ્રિય ભોજન લાડુ, દાળ, ભાત, શાક, ભજિયાં વગેરે બનાવવાનું છે. લાડુ શેરે શેર ઘીના હોં ! પુરુષોત્તમ નારાયણ પધારવાના છે ! માટે કાંઈ મણા રાખશો મા."

બંને ભૂદેવો પણ મહારાજના ભક્ત હતા. આજે આ સેવા મળી તેથી તેમને ઘણો આનંદ થયો. રોજ તો દરબારમાંથી મહારાજનો થાળ આવે, ક્યારેક મુકુન્દ બ્રહ્મચારી થાળ કરે પણ તેમને કોઈ વખત આ સેવા મળતી ન હતી. ઉત્સવ જેવું હોય ત્યારે મોટી રસોઈ કરવા આવતા. તેમણે ભાવથી લાડુ

બનાવ્યા. લાડુ જોઈ તેજા ઠક્કર રાજી થઈ ગયા. તેમણે કહ્યું : "બેચર ભટ્ટ ! ગીરની ભગરી ભેંશનું આ ઘી છે. બરાબર વાપર્યું છે ને ?"

બેચર ભટ્ટે કહ્યું : "ઠક્કર ! મહારાજ જમવાના હોય એટલે કાંઈ બાકી રાખીએ ? તમારો ભાવ છે એટલે લાડુ સારા બન્યા છે."

મહારાજ પધાર્યા. સાથે બ્રહ્મચારી, ભગુજી, રતનજી તથા અન્ય પાર્ષદો પણ આવ્યા. મહારાજે સ્નાન કરી પીતાંબર પહેર્યું. બ્રહ્મચારીએ પાટલો, બાજોઠ તૈયાર રાખ્યા હતા. મહારાજ જમવા બિરાજ્યા. બેચર ભટ્ટ થાળ લઈને આવ્યા. લાડુ જોઈને મહારાજે કહ્યું : "ઠક્કર ! આ શું બનાવ્યું ? અમે ના નો'તી કહી ?"

"અરે મહારાજ ! આપ અમારા ઘરે પધારો અને રોટલા તે કાંઈ ઓછા જમાડાય ? અમારાં ક્યાંથી ભાગ્ય ! માટે ગરીબ સેવકનો થાળ અંગીકાર કરો."

મહારાજ તો ભાવનાં ભોજન જમતા. જેતલપુરમાં જીવણ કોળીનો મઠનો રોટલો અને ભોંપાથરીની ભાજી જમ્યા હતા અને દરબારોને ત્યાં ભારે ભારે પકવાનો પણ જમતા હતા. ભાવ ન હોય તો પકવાનમાં પણ તેમને સ્વાદ આવતો નહીં. આજે તેજા ઠક્કરના લાડુ મહારાજ જમતા જાય અને વખાણતા જાય. લખીરામે કહ્યું : "મહારાજ ! ઠક્કરનો ભાવ એવો છે એટલે લાડુ આપને ભાવે છે. તેની ગીરની ભેંશનું તાજું ઘી શેરે શેર નાખ્યું છે."

આપ ન પધાર્યા હોત તો અમારું ય બધું સળગી જાત

ભેંશની વાત સાંભળી મહારાજ ચમક્યા. તેમણે કહ્યું : "હા, તેજા ઠક્કર ! એ ભેંશનું શું લેવાનું છે ?"

તેજા ઠક્કર કંઈ પણ બોલે તે પહેલાં જ તેની સ્ત્રી દૂર બેસી મહારાજનાં દર્શન કરતી હતી. તેણે કહ્યું : "મહારાજ ! એનું તે કાંઈ લેવાનું હોતું હશે ? તે દી અમારી બાજુમાં ગોદડ લુવારનું ઘર સળગ્યું હતું અને ઠક્કર તો ગામતરે હતા. પણ આપ પધાર્યા અને અમારા ઘરમાંથી પટારો અને બધો સામાન બહાર કઢાવી નાખ્યો, લુવારનું ઘર ઓલવાવી દીધું. જો આપ ન પધાર્યા હોત, તો અમારું ય બધું સળગી જાત. આપે રક્ષા કરી, તો અમે આટલી સેવા ન કરીએ ?"

તેજા ઠક્કર આ સાંભળી હસવા લાગ્યા. તેણે કહ્યું : "મહારાજ ! આ બૈરાંની જાત ખરી ને, તે વચમાંથી સેવા પડાવી લીધી. હું ના જ કહેવાનો હતો પણ જશ તેણે લઈ લીધો !" મહારાજ આ સાંભળી હસ્યા.

મહારાજ જમીને દરબારમાં પધાર્યા. વાંસે જ તેજા ઠક્કર ભેંશ લઈને

આવ્યા. લાડુબાએ કહ્યું ત્યાં તેજા ઠક્કરે ભેંશ બાંધી દીધી. પછી લાડુબાએ મહારાજને કહ્યું : "મહારાજ ! ભેંશનું શું આપવાનું છે ?"

મહારાજે હસતાં હસતાં કહ્યું : "તેજા ઠક્કરની વહુને જઈને પૂછી આવજો. ઘરમાં કારભાર બધો બૈરાંનો છે !"

લાડુબા સમજી ગયાં. પછી લાડુબાએ ભેંસના સો રૂપિયા આપ્યા.

વરતાલમાં ફૂલદોલની તૈયારી

આ.સં. ૧૮૭૩ના વસંતનો ઉત્સવ કરી મહારાજ ગઢપુરથી નીકળવાની તૈયારીમાં હતા. તેમણે પાર્ષદોને કહ્યું : "ફૂલદોલના ઉત્સવ માટે હવે બીજું સ્થાન શોધી કાઢો. વરતાલમાં આપણે બહુ ઉત્સવો કર્યા. ત્યાંના ભક્તોએ પણ બહુ જ ભીડો વેઠ્યો, સેવા કરી. એટલે હવે બીજા સ્થળે ઉત્સવ કરીએ."

એટલે સેવકોએ કહ્યું : "મહારાજ ! બામણગામ, બોચાસણ વગેરે ગામો છે ત્યાં ઉત્સવ કરીશું ?"

એટલે મહારાજે કહ્યું : "એ ગામ ખરાં, પણ ત્યાં વરતાલ જેવી જળ-છાયાની જુક્તિ નહીં." એટલું કહીને પછી કહ્યું : "આપણે ઉત્સવ તો વરતાલમાં જ રાખીએ. ત્યાં બધી સગવડતા છે એટલે ફાવશે. તમે વરતાલમાં જાઓ અને ત્યાં રંગ ભરવા માટે પાકા હોજ બનાવજો. અમે ફૂલદોલ ઉપર ત્યાં આવી પહોંચીશું." એમ કહી સ્વામી રામદાસ તથા નારાયણગિરિ ઉપર મહારાજે ઉત્સવની તૈયારી કરવા પત્ર લખી આપ્યો.

મહારાજે ગઢપુરથી નીકળવાની તૈયારી કરી. સોરઠના ભક્તો તેમને યાદ આવ્યા. રામાનંદ સ્વામી ધામમાં ગયા પછી ફક્ત થોડાં જ વર્ષો મહારાજે સોરઠમાં વિચરણ કર્યું હતું. ત્યારબાદ ગુજરાતમાં સત્સંગ વધવા લાગ્યો. એટલે મહારાજનું સોરઠમાં વિચરણ ઓછું થયું. સોરઠના હરિભક્તો ઉત્સવોમાં આવતા. મહારાજનાં દર્શન કરતા અને લાભ લેતા. પરંતુ મહારાજને પોતાને ઘેર પધરાવી સેવાનો લાભ લેવાના તેમના મનોરથો હતા. તે મનોરથો પૂરા કરવા મહારાજે એકાએક નિર્ણય કરી લીધો : સોરઠમાં જવું.

મહારાજ ગઢપુરથી નીકળી સીધા કરિયાણા પધાર્યા. સાથે સુરાખાચર, સોમલાખાચર, અલૈયાખાચર, માતરા ધાધલ તેમજ અન્ય પાર્ષદો મળી નવ ઘોડેસવારો હતા. કરિયાણામાં એક દિવસ રહ્યા. ત્યાંથી રાયપુર, કોટડા, પીપળિયા થઈને બંધિયા પધાર્યા. અહીં દરબાર મૂળુભાની માઢ મેડીમાં મહારાજ ઊતર્યા.

બીજે દિવસે જમીને મહારાજે સુરાખાચરને કહ્યું : ''આપણે ગોંડળ જવું છે. ત્યાંના દરબાર કાનોજીને ભાવ છે. તો સૌ સાબદા થાઓ.''

મહારાજ ગોંડળ પધારે છે

મહારાજ ગોંડળ પધાર્યા. દરબારે મહારાજનું રાજોપચારથી સ્વાગત કર્યું. ભીમો કુંભાર, અજાભાઈ, હરભમ તેમજ શ્રીગોડ બ્રાહ્મણ જેઠાભાઈ, દેવરામ વગેરે હરિભક્તો મહારાજનાં દર્શને આવ્યા. રાજ્ય દરબારમાં આવતાં તેમને સંકોચ થતો હતો. પરંતુ મહારાજનું આકર્ષણ પણ જબરું હતું. તેથી તેઓ સૌ આવ્યા પણ દર્શન કરીને તરત જ ઊઠવાની તૈયારી કરી. એટલે મહારાજે તેમને કહ્યું : ''તમો સૌ બેસો. અહીં દરબારમાં જ અમારી સાથે પ્રસાદ લઈને પછી જવાનું છે. અમે એક-બે દિવસ રોકાવાના છીએ એટલે સૌએ લાભ લેવો.''

એટલું કહીને દરબાર કાનોજીને પૂછ્યું : ''બાપુ ! આ ભીમા કુંભારને ઓળખો છો ?''

એટલે દરબારે કહ્યું : ''ના મહારાજ ! ઓળખતો નથી. ફક્ત સત્સંગી છે એટલું આજે જાણ્યુ.''

મહારાજ ભીમા કુંભારનો મહિમા કહે છે

પછી મહારાજે કહ્યું : ''૧૮૬૦ની સાલમાં અમે પ્રબોધિની એકાદશીનો ઉત્સવ મોડામાં કર્યો હતો. ત્યાંથી હઠીસિંહે તેડાવ્યા એટલે અમે ધોરાજી આવ્યા. ત્યાં વકાભાઈ ખીમાણીને ઘેર ઊતર્યા. તમારા પિતા દેવાજી બાપુને ખબર પડી કે અમે ધોરાજી આવ્યા છીએ એટલે તેમણે ખીમાણીને કહેવરાવ્યું કે 'અમે મહારાજનાં દર્શન કરવા તમારે ત્યાં આવીએ છીએ.' ખીમાણીને લાગ્યું કે દરબાર મારે ઘેર આવશે તો મારે ભેટ ધરવી પડશે એટલે તેને મનમાં મૂંઝવણ થવા લાગી. અમે તેની મૂંઝવણ જાણીને પરામાં આ ભીમા કુંભારને ત્યાં ગયા. તેના ફળિયામાં તેના પારસ પીપળા નીચે ઓટો હતો ત્યાં અમે ઊતર્યા. ખીમાણીને તેથી નિરાંત થઈ.''

કાનોજી દરબાર એકચિત્તે વાત સાંભળતા હતા. મહારાજે વાત આગળ ચલાવી : ''દેવાજી બાપુને ખબર પડી કે અમે ખીમાણીને ઘેર નથી અને આ ભીમા કુંભારને ત્યાં છીએ એટલે તેમણે દીવાનને કહ્યું : 'ચાલો આપણે ભીમાભાઈને ત્યાં.' ત્યારે દીવાને કહ્યું : 'બાપુ ! એ તો કુંભાર છે તેથી આપશ્રીને

'તેને ત્યાં ન જ જવાય.' આ સાંભળી દેવાજી બાપુએ કહ્યું : 'સાક્ષાત્ ભગવાન જો કુંભારને ત્યાં ઊતર્યા હોય, તો હું તો તેમનો સેવક છું. મને શો બાધ ?' પણ દીવાનને રુચ્યું નહીં. તેણે કહ્યું : 'તમે રાજા છો. રાજાનો મોભો પ્રજા સમક્ષ જળવાય તે રાજનીતિનો નિયમ છે.' દેવાજી બાપુએ દીવાનનું સાંભળ્યું નહીં અને ભીમા કુંભારને ત્યાં આવ્યા.

"દેવાજી બાપુ અમારી સન્મુખ ઓટલા ઉપર બેસી ગયા. દીવાન તથા બીજા અમલદારો પીપળાની સામે માટીનો ઢગલો પડ્યો હતો તેના ઉપર બેઠા."

એટલે કાનોજીએ પૂછ્યું : "માટીના ઢગલા ઉપર બેઠા ?"

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "શું કરે ? બેસવું જ પડે ને ! દેવાજી બાપુ અમારી સન્મુખ ગૂણપાટ ઉપર બેઠા એટલે અમલદારોને માટીના ઢગલા ઉપર બેસવું જ પડે. કુંભારને ત્યાં બીજું શું હોય ? એટલામાં તમારા મોટાભાઈ નથુજી બાપુ સાથે તમે આવ્યા. તમે તે વખતે નાના હતા. એટલે યાદ નહીં હોય."

ત્યારે કાનોજીએ કહ્યું : "ના મહારાજ ! મને કાંઈ સ્મૃતિ નથી." મહારાજ હસ્યા.

"થોડી વાર અમે વાતો કરી. બાપુને આનંદ થયો. તાપ સખત હતો. પરંતુ બાપુ તો નિરાંત કરીને બેઠા હતા. એટલામાં કુમાર નથુજીને તરસ લાગી. ભીમા કુંભાર પાસે ત્રાંબા-પિત્તળનાં વાસણ તો ક્યાંથી હોય ? એટલે આ ભીમા કુંભાર ભોજપરાની માટીની બનાવેલી સુંદર કઠારીમાં કુમાર નથુજી માટે જળ લાવ્યા. સાથે જળ ભરેલું માટીનું કમંડળ પણ લાવ્યા. કુમારે તે કઠારીનું પાણી પીધું. ખૂબ જ તાપમાં કઠારીનું અત્યંત શીતળ પાણી પીને કુમારને શાંતિ થઈ ગઈ. તેમણે કહ્યું : 'બાપુ ! આ કઠારીનું પાણી બહુ ટાઢું છે. તરસ છીપી જાય અને કોઠો ટાઢો થઈ જાય એવું અમૃત જેવું પાણી છે.' એટલે દેવાજી બાપુએ પણ પાણી પીધું. પછી એ કઠારી અમે કુમાર નથુજીને ભેટ આપી દીધી."

એટલે કાનોજીએ કહ્યું : "હા, મહારાજ ! તેમના પૂજાના કબાટમાં સાચવીને તે રાખેલી છે. મને થતું હતું કે આ માટીની કઠારી કેમ આટલી જતન કરીને સાચવી છે. પણ આજે આપે ચોખવટ કરી."

મહારાજે કહ્યું : "બાપુ ! આ ભીમા કુંભાર એવા ભક્ત છે એટલે અમે એમને ત્યાં ગયા હતા." મહારાજ પોતાના ભક્તનો મહિમા કહેતાં હરખાતા હતા.

કાનોજી બાપુને પોતાની પ્રજામાં આવી ભક્તિના ગુણોનો વિકાસ થયેલો જોઈ આનંદ થયો.

મહારાજ માટે થાળ તૈયાર થયો. મુકુન્દ બ્રહ્મચારી મહારાજને બોલાવવા આવ્યા. મહારાજ ઊઠ્યા અને સાથેના કાઠી હરિભક્તો તથા ગોંડળના ભક્તોને જમાડવાની વ્યવસ્થા કરવા કહ્યું. દરબાર કાનોજીએ તરત જ હુકમ કરી દીધો.

કૈલાસબાગમાં શાકોત્સવ

મહારાજ જમીને રાજભવનના વિશાળ ખંડમાં પધાર્યા. સંતો તથા હરિભક્તો પણ જમીને ત્યાં આવી ગયા. દરબાર કાનોજી તો મહારાજની સેવામાં જ હતા. તેમણે મહારાજને હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપ હવે આરામમાં પધારો."

ત્યારે મહારાજે કહ્યું : "બાપુ ! અહીં અમારે દોઢ દિવસ રહેવું છે. આવતી કાલે જમીને ચાલવું છે. તેમાં જો અમે આરામ કરવા જઈએ, તો તમને સત્સંગનો શો લાભ મળે ? તમે અમારી અન્ન-વસ્ત્રાદિકે કરીને સેવા કરો છો એટલે અમારે પણ તમારી સેવા કથાવાર્તાએ કરીને કરવી જોઈએ. તમારા પિતા બાપુ દેવાજીના પ્રસંગો તમને સંભળાવવા છે. તમારામાં પણ તેમના સંસ્કારો છે, પણ એ વધુ ખીલે અને જનક રાજાની જેમ ભક્તિ કરી સંસારથી નિર્લેપ રહીને, રાજકારભાર કરી શકો એવું બળ તમને બાપુના પ્રસંગો સાંભળીને મળશે."

પછી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! ગોંડળમાં જ્યારે અમે આવ્યા હતા, ત્યારે તમે અમારી સાથે હતા. તો તમે જ હવે બાપુને દેવાજી બાપુના પ્રસંગો કહો."

ગુણાતીતાનંદ સ્વામીને જ્યારે જ્યારે મહારાજની સાથે રહેવાનો પ્રસંગ મળતો, ત્યારે તેઓ મહારાજની સૂક્ષ્મમાં સૂક્ષ્મ ક્રિયાનું એટલી જ સૂક્ષ્મ રીતે અવલોકન કરતા. અંતરમાં તો મહારાજની મૂર્તિનું અખંડ સુખ તેઓ અનુભવતા હતા, છતાં તે પ્રગટ મૂર્તિનો બાહ્ય સંબંધ જ્યારે થતો ત્યારે તેઓ તે લાભ લેવાનું ચૂકતા નહીં અને એ સંબંધની સ્મૃતિને અંતરમાં ભંડારી દેતા. આજે એ ભંડાર ખોલવાનો સમય આવ્યો અને ગંગાના પ્રવાહની જેમ તેમના ઘેરા અને મીઠા સ્વરમાં તેમણે વાત શરૂ કરી :

"દેવાજી બાપુને મહારાજ પ્રત્યે અનન્ય ભક્તિ હતી. રાજકારભારમાં ગૂંથાયેલા હોવા છતાં મહારાજ સોરઠમાં જ્યાં વિચરણ કરતા હોય ત્યાં તેઓ દર્શને આવી જતા અને વળી પોતાના રાજ્યમાં પણ મહારાજને પધરાવતા. તેમણે મહારાજને ગોંડળ તેડાવ્યા અને મહારાજ તેમનો ભાવ જોઈ સંતો,

પાર્ષદો તથા કાઠી ભક્તો સહિત પધાર્યા.

"મહારાજને રાજના બગીચામાં[૮૯] ઉતારો આપ્યો. અહીં પીપળાના થડે સૌએ પોતાના ઘોડા બાંધ્યા. તંબુઓ અને રાવટીઓમાં ઉતારા કર્યા. પાકશાળા પણ ત્યાં જ રાખી હતી. મહારાજે ત્યાં સભા કરી પોતાના સ્વરૂપના જ્ઞાનની વાતો કરી. પછી નાહવાની ઇચ્છા થઈ. બાગમાં જ કૂવો[૯૦] હતો. મહારાજે તેમાં ઊતરીને સ્નાન કર્યું. પૂર્ણ પુરુષોત્તમ નારાયણના પ્રસાદીભૂત એ જળથી એ કૂવાનું પણ માહાત્મ્ય વધી ગયું.

"દેવાજી બાપુએ આઠ મણ રીંગણાં મંગાવ્યાં હતાં. મહારાજે રીંગણાં જોયાં અને કહ્યું : 'આજે તો શાકોત્સવ કરવો છે.' આ સાંભળી બાપુ રાજી થયા. મહારાજે કહ્યું : 'બાપુ ! આઠ મણ રીંગણાં છે તો આઠ મણ ઘીમાં તેનો વઘાર કરવો છે. માટે ઘી તથા હવેજ મસાલા વગેરે મોકલાવો.' બાપુએ બધો જ મસાલો મંગાવ્યો. ઘી પણ મંગાવ્યું. પોતે મહારાજની આ લીલાનાં દર્શન કરવા અને એ પ્રસાદી જમવા ત્યાં જ રોકાયા. હવેજ મસાલો બધો આવી ગયો પણ તેમાં હળદર ન હતી. મહારાજે કહ્યું : 'કાંઈ વાંધો નહીં. હળદરને ઠેકાણે આપણે કેસર વાપરીશું.' બાપુ આ સાંભળી રાજી થઈ ગયા. આજે જીવનમાં કદી પણ ન ચાખી હોય તેવી અદ્‌ભુત પ્રસાદી મળવાની છે તેનો આનંદ તેમના અંતરમાંથી મુખના ભાવ ઉપર દેખાવા લાગ્યો. મહારાજ પોતે ચીરી પાડીને રીંગણાં સુધારવા લાગ્યા. સંતો, પાર્ષદોને પણ રીંગણાંમાં કેમ ચીરી પાડવી જેથી મસાલો તેમાં સારી રીતે ભરી શકાય તે શીખવાડતા હતા.

"બધું જ તૈયાર થઈ ગયું અને મહારાજ ઊઠ્યા. આઠ મણ રીંગણાં વઘારવા માટે આઠ ચૂલો તૈયાર કરાવી હતી. દરેક ચૂલ ઉપર એક મણ ઘી નાખી તેમાં હવેજ કરી મસાલો ભરેલાં રીંગણાં નાખ્યાં. આઠે ચૂલ ઉપર તે પ્રમાણે રીંગણાંનું શાક તૈયાર થવા લાગ્યું. મહારાજ વારંવાર તપેલાં ઉઘાડે અને તવેથાથી શાક હલાવે. થોડી વારે શાક તૈયાર થઈ ગયું. રોટલા પણ તૈયાર થયા. મહારાજે સંતોની, હરિભક્તોની, પાર્ષદોની પંક્તિ કરાવી. બાપુને પણ પાટલા ઉપર બેસવા કહ્યું. ત્યારે તેમણે કહ્યું, 'આપ જમશો પછી જ હું જમીશ.' મહારાજ તેમના ભાવથી પ્રસન્ન થયા.

"મહારાજ પંક્તિમાં રીંગણાંનું શાક પીરસવા લાગ્યા. પંક્તિમાં મહારાજ

૮૯. આ બગીચો અત્યારે 'કૈલાસબાગ'ને નામે ઓળખાય છે.

૯૦. આ પ્રસાદીનો કૂવો પણ હજુ મોજૂદ છે.

પીરસે, વળી તપેલાંઓમાંથી શાક હલાવી શાક પણ કાઢે અને તે શાક પાત્રમાં લઈને પંક્તિમાં પધારે – એમ એકીસાથે ત્રણ ક્રિયા કરતા મહારાજનાં ત્રણ સ્વરૂપનાં સૌને દર્શન થયાં. દેવાજી બાપુ પણ આ દિવ્ય દર્શનથી અત્યંત આનંદમાં આવી ગયા. પોતાને ધન્ય માનવા લાગ્યા. મહારાજે પોતાને આંગણે આ ઉત્સવ ઊજવી આવી દિવ્ય લીલા કરી પોતાને કૃતાર્થ કરી દીધા એ ભાવથી તેમની આંખોમાંથી હર્ષાશ્રુ ચાલવા લાગ્યાં.

"મહારાજે સ્વયં બનાવેલું સુંદર શાક ! અમૃતથી પણ અધિક ! સંતો-પાર્ષદો સૌ એ જ જમ્યા. કોઈએ રોટલા કે ખીચડી લીધાં નહીં. મહારાજ પણ વારંવાર પંક્તિમાં પધારે. સંતોની પંક્તિમાં દેખાય, વળી હરિભક્તોની પંક્તિમાં પણ દેખાય અને પાર્ષદોને પણ ખૂબ આગ્રહ કરી પીરસતા દેખાય. આ દિવ્ય દર્શનથી સૌ ભાન ભૂલી ગયા. અક્ષરધામના દિવ્ય સુખનો અનુભવ થયો."

એટલે એક હરિભક્તે કહ્યું : "એ ધામ તો તમે જ છો."

તે સાંભળી સ્વામી કાંઈ બોલ્યા નહીં પરંતુ મહારાજે કહ્યું : "ધામ તો અમારી ભેળું જ હોય ને !"

પછી સ્વામી બોલ્યા : "બાપુ સાથે તેમના તમે ચારેય પુત્રો[૯૧] હતા. તમારા મોટાભાઈ દરબાર નથુજી અને તમે, મોતીભાઈ અને ભાણાભાઈ. મહારાજે સૌને જમાડ્યા અને માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા."

મહારાજની વાણી સમજાતી નથી

આગળ વાત કરતાં સ્વામીએ કહ્યું : "મહારાજ આ બાગમાં રોજ સભા કરતા. દેવાજી બાપુ પણ રોજ મહારાજનાં દર્શન કરવા અને જ્ઞાનવાર્તા સાંભળવા આવતા. ત્યાં એક પાખંડી આવ્યો. તેણે મહારાજની વાર્તા સાંભળીને કહ્યું : 'તમારી વાત સમજાતી નથી. પરંતુ આ મુક્તાનંદ સ્વામીની વાત સમજાય છે.' આ રીતે મુક્તમુનિની પ્રશંસા કરી મહારાજને ગૌણ કરવાનો પાખંડીનો ઈરાદો હતો. પરંતુ મુક્તાનંદ સ્વામીએ તરત જ કહ્યું : 'ભગવાનની વાણી તો શ્રુતિ સમાન કહેવાય. બ્રહ્માદિકને પણ તે ન સમજાય તો તમે તે

૯૧. સંદર્ભ : ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-૮, પૃ. ૧૩૪.
આ પ્રસંગનો લેખ કૈલાસબાગમાં મોજૂદ છે. તેમાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના નામ આગળ અનાદિ મૂળ અક્ષરમૂર્તિ કોતરેલું હતું, તે પાછળથી કાઢી નાખેલું દેખાય છે. અસલ લેખ આ લેખકે વાંચેલ હતો.

કોણમાત્ર ?' પોતાનું માન હણાયું તેથી તે ઊઠીને ચાલી નીકળ્યો.''

મહારાજ મંદમંદ હસતાં હસતાં સ્વામીની વાત સાંભળતા હતા. પછી તેમણે કહ્યું : ''હવે રાખો, બાપુ ગઈ કાલના આપણી સરભરામાં ખડે પગે છે. માટે હવે તેમને આરામ કરવા જવાની રજા આપીએ.''

ગોંડળમાં પ્રસાદીનાં સ્થાનો

કાનોજી બાપુ સાંજે પધાર્યા એટલે મહારાજની આજ્ઞાથી સ્વામીએ વાત શરૂ કરી : ''બાપુ ! અહીં આ બાગમાં મહારાજ સૌ સંતોને અષ્ટાંગ યોગ શીખવતા હતા. પરંતુ તેમાં કેટલોક વિક્ષેપ થતો. એટલે મહારાજે દેવાજી બાપુને કહ્યું : 'અહીં સંતોને યોગ શીખવીએ છીએ. પણ અહીં માણસોની અવરજવર વિશેષ છે તેથી વિક્ષેપ પડે છે. માટે કોઈ એકાંત સ્થાન હોય તો બતાવો.' એટલે બાપુએ ગામની ઉત્તરે ગોંડળી નદીના કાંઠા ઉપર આશાપુરી માતાના સ્થાનમાં મહારાજને ઉતારો આપ્યો. ત્યાં બધી જ વ્યવસ્થા કરી દીધી. મહારાજ સંતોને ત્યાં યોગ શીખવતા. તે વખતે મહારાજ ગોંડળમાં બે મહિના રહ્યા હતા. ગામના અજાભાઈ તથા હરભમને ત્યાં પધરામણીએ પધાર્યા હતા. તેમને ઘેર જમ્યા પણ હતા. વળી એ સ્થાનની નજીક એક પ્રણામીનું મંદિર છે તે મંદિરની પાસે એક કુંભાર ભક્ત રહેતા હતા. તેને ઘેર મહારાજ એક રાત રહ્યા હતા.

''મહારાજે ગોંડળી નદીમાં તેના જુદા જુદા આરે તે વખતે સ્નાન કર્યું હતું. ત્યાં હાથિયા પથ્થર ઉપર બેસી મહારાજ ઘણી વાર નહાયા છે.''

જેઠા મહારાજને આશીર્વાદ

અહીં નિત્ય મહારાજની સેવામાં આવતા જેઠા મહારાજનો ઉલ્લેખ કરી સ્વામીએ કહ્યું : ''મહારાજ પાસે આ શ્રીગોડ બ્રાહ્મણ જેઠા મહારાજ આવતા. બ્રાહ્મણ જ્ઞાતિમાં તે એક જ સત્સંગી હતા. મહારાજે તેને પૂછ્યું ત્યારે તેણે કહ્યું : 'પ્રભુ ! અમારી જ્ઞાતિમાં હું એક જ સત્સંગી છું એટલે અમારા જ્ઞાતિભાઈઓ મને બહુ ત્રાસ આપે છે. હું ઝાઝું ભણ્યો નથી એટલે તેમની સાથે વાદવિવાદ કરી શકું નહીં. એટલે તે બધા કહે છે, તારો ધરમ ખોટો.' મહારાજ તેની ભોળી વાણી સાંભળી હસ્યા. પછી જેઠા મહારાજને માથે બે હાથ મૂકીને મહારાજે કહ્યું : 'આજથી તારી સાથે કોઈ વાદવિવાદ કરી શકશે નહીં. તારી વિદ્વત્તા આગળ બધાને માથાં નમાવવાં પડશે.' મહારાજના આશીર્વાદથી ત્યારપછી

જેઠા મહારાજે ઘણાને સત્સગ કરાવ્યો.''

સ્વામીની વાતમાં ઝીણવટ હતી. પ્રસંગની સુંદર છણાવટ હતી. કાનોજી બાપુને વાતમાં રસ પડ્યો હતો. પોતાના પૂર્વજને સત્સંગ પ્રત્યેની આવી આત્મબુદ્ધિ હતી તે સાંભળી તેમને અંતર્દષ્ટિ થવા લાગી. રાજ્યની સત્તા અને ક્ષત્રિયવટનું અભિમાન તેમને આ પ્રકારનો સત્સંગ કરવા બાધા કરતું હતું.

સ્વામીએ આગળ વાત કરતાં કહ્યું : ''હઠીસિંહ બાપુએ[૯૨] મહારાજને ચોથી વાર ગોંડળમાં તેડાવ્યા. રાજ્યનું સેનાપતિપદ તે સંભાળતા હતા. તેમને મહારાજ પ્રત્યે ખૂબ જ ભાવ હતો અને અગાઉ ધોરાજીમાં પણ તેમણે મહારાજને પધરાવ્યા હતા. તેમના આમંત્રણથી મહારાજ ચોથી વાર ગોંડળ પધાર્યા. ગામમાં પોતાના જ દરબારમાં મહારાજને તેમણે ઉતાર્યા.

''મહારાજ હઠીસિંહ બાપુના દરબારમાં પધાર્યા છે તે સમાચાર ગામમાં પ્રસરી ગયા. ગામના હરિભક્તો, પ્રજાજનો, દરબારો, અમલદારો બધા જ મહારાજનાં દર્શને આવ્યા. હઠીસિંહ બાપુએ પોતાના પ્રજાજનોને, અમલદારોને તથા ભાયાતોને કહ્યું : 'આજે તો તમે સૌ અમારા સંબંધે કરીને, એક પ્રકારનો વ્યવહાર સમજીને, અહીં અમારા ભગવાનનાં દર્શન કરવા આવ્યા છો. પરંતુ આ ભગવાન તો સૌના છે. આજે સ્વામિનારાયણ નામ ધારી પૃથ્વી ઉપર તે પ્રગટ થયા છે. માટે વિશ્વાસ રાખી તેમનો આશ્રય કરશો તો તમારા સૌનું કલ્યાણ થશે.''

ભગવાનનું સાચું ઐશ્વર્ય

''હઠીસિંહ બાપુની વાત સાંભળી મહારાજ રાજી થયા. રસોઈ તૈયાર થઈ. સૌ જમ્યા. મહારાજ જમીને પશ્ચિમ તરફના ગોખમાં બિરાજ્યા. દરબારના વિશાળ ખંડમાં સંતોએ સભા કરી. તે સભામાં મહારાજ બેઠા છે એવાં દર્શન સભાજનોને થયાં ! તેમણે આશ્ચર્યવત્ બની ગોખમાં જોયું, તો ત્યાં પણ મહારાજ બિરાજતા હતા ! બાપુ હઠીસિંહની વાતમાં તેમને વિશ્વાસ આવ્યો.

''તે સમયે મુક્તાનંદ સ્વામી વાત કરતા હતા : 'પરચાથી પ્રભુપણું નથી. અનેક સ્વરૂપે દેખાવું, પરકાયા પ્રવેશ કરવો, અન્યના સરખું રૂપ ધારણ કરવું આ બધી સિદ્ધિઓ છે. તે સિદ્ધિઓ ભગવાનની તો દાસી છે. પણ ભગવાન તેનો ઉપયોગ કરતા નથી. ભગવાનનું ભગવાનપણું તો જીવોનું

૯૨. હઠીસિંહ બાપુ દેવાજી બાપુના નાના ભાઈ હતા.

અનાદિ અજ્ઞાન ટાળી, તેમને બ્રહ્મરૂપ કરી બ્રહ્મધામના અધિકારી બનાવવા તે જ છે. તે કાર્ય કરતાં કરતાં સહેજે સહેજે ઐશ્વર્ય દેખાઈ પણ જાય. પરંતુ સાચું ઐશ્વર્ય તો મૂળ માયાને દબાવી, પોતાના ભક્તોનું રક્ષણ કરવું તે જ છે.' સભામાં આ વાતો સાંભળી મહારાજ હસતા હતા. તે વખતે ગોખમાં બિરાજેલા મહારાજ પણ હસતા હતા.

"પછી મહારાજ ગોખમાંથી ઊઠીને સભામાં પધાર્યા. એટલે સભાની મૂર્તિ અદૃશ્ય થઈ ગઈ ! દરબાર હઠીસિંહજીએ મહારાજનું પૂજન કર્યું, ભેટ ધરી. મહારાજે તેમને કહ્યું : 'બાપુ ! તમે તો યદુકુળભૂષણ કહેવાવ. તમારા રાજ્યમાં ક્ષત્રિયો બાળકીની હત્યા કરે તે અયોગ્ય કર્મ કહેવાય. તેનું પાપ રાજાને પણ લાગે. બાળક તો શરણાગત કહેવાય, તેનું તથા ગરીબોનું રક્ષણ કરવું એ રાજાનો ધર્મ છે. એ ધર્મ ચૂકી તમે તમારા રાજ્યમાં થતો અધર્મ સાંખી લેશો તો ભગવાન તમને માફ નહીં કરે. અમે બંધિયામાં પણ આ વાત કરી હતી. જ્યાં જઈએ છીએ ત્યાં આ વાત કરીએ છીએ. અનાથ બાળકીની હત્યા કરવાથી બાળહત્યા અને સ્ત્રીહત્યાના બે પાપ લાગે છે. માટે અમારી આજ્ઞા છે કે આ હત્યા થતી તમે અટકાવો. જો એ નહીં અટકે તો એક સત્તા એવી આવી રહી છે કે જે કાયદો કરીને પણ આ પ્રકારની હિંસા અટકાવશે.'

"બાપુ હઠીસિંહને મહારાજની વાત ગળે ઊતરી ગઈ. તેમણે કહ્યું : 'જરૂર મહારાજ ! હું દેવાજી બાપુને કહી આ હિંસા અટકાવીશ.' મહારાજ તેમની સરળતા જોઈ પ્રસન્ન થયા." આમ કહી સ્વામી વાત કહેતાં થોડી વાર અટક્યા.

ત્યારે મહારાજે કહ્યું : "સ્વામી ! વાતો ચાલુ રાખો. ભક્તિનો રંગ જામતો જાય છે."

સ્વામી હસ્યા. તેમણે આગળ વાત ચલાવી. મહારાજના પ્રસંગો તેમના અંતરમાં સંઘરાયેલા હતા, તે એક પછી એક આ પ્રસંગે બહાર નીકળતા હતા. સ્વામીને આનંદ હતો પોતાના ઇષ્ટદેવની સ્મૃતિ કર્યાનો, તેમના સ્વરૂપની નિષ્ઠા કરાવવાનો, જેથી કોઈને પણ એ સ્વરૂપ ઓળખાઈ જાય તો તેનું અતિ રૂડું થાય.

રસોઈ તો મહારાજ જમે એવી થઈ છે

તેમણે વાત શરૂ કરી : "મહારાજ અગણોતેરા કાળમાં સોરઠમાં બધા હરિભક્તોને - 'ઢોરઢાંખર વેચીને અનાજ ભરી લેજો' - એ સૂચના આપવા

નીકળ્યા હતા. તેમને સીધા જૂનાગઢ જવાની ઇચ્છા હતી. પરંતુ ગોંડલમાં સુથાર દેવરામે બ્રાહ્મણોને જમાડવા સુંદર રસોઈ બનાવી હતી. તેની સ્ત્રીને ઠાકોરજીને થાળ ધરતાં ધરતાં એવો સંકલ્પ થયો કે 'આ રસોઈ તો મહારાજ જમે એવી થઈ છે. પણ મહારાજ આ ટાણે ક્યાં હશે ? આપણાં એવાં ભાગ્ય ક્યાંથી કે મહારાજ પધારે ને રસોઈ જમે !' એ વિચારમાં ઠાકોરજી આગળ થાળ મૂકી તેની વૃત્તિ મહારાજના સ્વરૂપમાં ચોંટી ગઈ.

"મહારાજ તે વખતે જૂનાગઢને રસ્તે જતા હતા. દેવરામની સ્ત્રીનો સાદ તેમણે સાંભળ્યો. તેના ચિત્તની વૃત્તિ પોતાના સ્વરૂપમાં જોડાઈ ગઈ હતી. તે ચિત્તવૃત્તિએ મહારાજને ખેંચ્યા. સાથેના સંઘને મહારાજે કહ્યું : 'તમે બધા જૂનાગઢ પહોંચો. અમે ગોંડલ થઈને ત્યાં આવી જઈએ છીએ.' એટલું કહી મહારાજ સાત સંતોને લઈને ગોંડલ પધાર્યા.

"મહારાજ સીધા જ દેવરામ સુથારને ત્યાં આવ્યા. મહારાજને જોઈ દેવરામને આશ્ચર્ય થયું. તેણે હાથ જોડી દીધા. મહારાજને પૂછ્યું : 'પ્રભુ ! આપ આ ટાણે ? એકાએક ક્યાંથી ?' મહારાજ તેનું આશ્ચર્ય જોઈ હસ્યા. તેમણે કહ્યું : 'તારી સ્ત્રીએ અમને ખેંચ્યા. અમે તો જૂનાગઢ જતા હતા. પણ તેનો સંકલ્પ અમને આજે જમાડવાનો હતો. તે સંકલ્પથી તેની ચિત્તવૃત્તિ અમારા સ્વરૂપમાં જોડાઈ ગઈ. તેથી અમારે સંઘને જૂનાગઢ મોકલી અહીં આવવું પડ્યું.' દેવરામ આ સાંભળી રાજી રાજી થઈ ગયો.

"એટલામાં તેની સ્ત્રી આવી. તેણે મહારાજને જોયા. તેને સ્વપ્નું લાગ્યું. પરંતુ પાસે આવી મહારાજનાં તેણે ચરણ પકડ્યાં અને તેને સત્ય લાધ્યું. મહારાજનાં ચરણારવિંદ તેના હર્ષાશ્રુથી ભીંજાઈ ગયા ! મહારાજે તેને કહ્યું : 'બહેન ! અમે જમવા આવ્યા છીએ.'

"હા, આવો જ ને ! આપ નહીં આવો તો મારો દેહ પડી જશે એવી મારા અંતરની ભીતિ જાણીને આપને આવવું જ પડે ને !' તેણે કહ્યું.

"મહારાજ હસ્યા. તેમણે કહ્યું : 'ભક્તિનો પ્રવાહ એવી પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે જ અમે આવીએ.'

"મહારાજ તથા સંતોને દેવરામ સુથારે જમાડ્યા. પછી મહારાજ તેનો હાથ પકડીને દક્ષિણાદિ કોરે પધાર્યા. દેવરામને કહ્યું : 'દેવરામ ! અહીં આ સ્થાને સુંદર મંદિર થશે. અમારી મૂર્તિ અમારાં માતા-પિતાની સાથે મધ્ય મંદિરમાં પ્રતિષ્ઠિત થશે.' એટલું કહીને મહારાજે વાત ફેરવી નાખીને કહ્યું :

'દેવરામ ! જો આ સાલ કારમો દુકાળ પડશે, માટે અનાજનો સંઘરો કરી રાખજે. અમે ગામોગામ હરિભક્તોને કહેવા માટે નીકળ્યા છીએ.' એટલું કહીને મહારાજ સંતો સાથે જૂનાગઢ જવા નીકળી ગયા."

"નથુજી બાપુ બે વર્ષ રાજ્ય કરી ધામમાં પધાર્યા." એટલું કહીને સ્વામીએ વાત પૂરી કરી.

પોતાના પૂર્વજોની મહારાજ પ્રત્યેની આવી ભક્તિ જોઈ કાનોજી દરબારના અંતરના વજ્રનાં કમાડ ઊઘડી ગયાં. તેમણે મનમાં નિશ્ચય કરી લીધો કે પૂર્વજોએ લોહીમાં રેડેલા સંસ્કાર સાચવવા. તે સંસ્કાર પ્રમાણે જીવન જીવવું અને પ્રજામાં તે સંસ્કારનું સિંચન કરવું.

મહારાજ ગોંડળથી બીજે દિવસે જમીને નીકળી ગયા. દરબાર કાનોજીને સત્સંગનો રંગ લાગી ગયો.

શ્રીહરિ ગોંડળથી નીકળી ભાડેર પધાર્યા. ત્યાં રાત રહ્યા. બીજે દિવસે જમીને ભાડેરથી માણાવદર પધાર્યા. અહીં મયારામ ભટ્ટને ઘેર મહારાજ ઊતર્યા.

ચાવે તે વિમુખ

મહારાજ સાથે કાઠી દરબારોનો રસાલો હતો. મયારામ ભટ્ટને થયું કે આવા દરબારો મહારાજ સાથે પધાર્યા તે આપણાં મોટાં ભાગ્ય કહેવાય. તેથી ઘી, ગોળ ને ચોખાની શ્રેષ્ઠ રસોઈ તેમને જમાડવી. તેમણે તે પ્રમાણે તૈયારી કરવા માંડી.

થાળ તૈયાર થયો અને મહારાજ જમવા પધાર્યા. મહારાજની થાળીમાં પણ ઘી, ગોળ ને ચોખા પીરસ્યાં. મહારાજ ભટ્ટજીનો ભાવ જોઈ રાજી થયા. તેમણે જમવાની શરૂઆત કરી. પરંતુ ચોખામાં કાંકરી હતી, તેથી દાંત સાથે ઘસાય અને અવાજ થાય. બ્રહ્મચારીએ પૂછ્યું : "મહારાજ ! આ શેનો અવાજ થાય છે ?"

મહારાજ હસ્યા. પછી કહ્યું : "એ તો મયારામ ભટ્ટનો ભાવ છે તે બોલે છે." બ્રહ્મચારી કાંઈ સમજ્યા નહીં અને મહારાજ થાળીમાંથી ઘી-ચોખા બધા જ જમી ગયા.

પછી મહારાજ કાઠી દરબારો તથા પાર્ષદોને પીરસવા પધાર્યા. મહારાજે પીરસતાં પીરસતાં સૌ દરબારોને તથા પાર્ષદોને કહ્યું : "સાંભળો, આજે ભટ્ટજીએ શેલણનું સુંદર જમણ બનાવ્યું છે. માટે વધુ જમાય એટલે સૌએ ગળે ઉતારી જ જવું, ચાવવું નહિ અને જે ચાવે તે વિમુખ !"

મહારાજના આ શબ્દો સાંભળી સૌને આશ્ચર્ય થયું ! "ચાવે તે વિમુખ ?" આ તે કઈ જાતનું પ્રકરણ ! પણ કોઈ કાંઈ બોલ્યા નહીં.

સૌએ જમવાની શરૂઆત કરી. પણ ચોખામાં કાંકરી હતી તે દાંતે કચડાતી હતી. પણ જો કોઈ કાંઈ બોલે તો વિમુખ લેખાય. એટલે બોલ્યા સિવાય સૌ આ મિષ્ટ ભોજન ગળે ઉતારી ગયા. જમ્યા પછી સુરાખાચરે મહારાજને કહ્યું : "મહારાજ ! તમે આજે ભટ્ટની ખરી લાજ રાખી."

મહારાજે કહ્યું : "રાખવી જ પડે ને ! નહીં તો તમે કાઠી દરબારો તેની આબરૂના કાંકરા કરી નાખો ને !"

"હા, એટલે જ એ કાંકરા તમે અમારા પેટમાં સમાવી દીધા !" સુરાખાચરે કહ્યું અને મહારાજ ખૂબ હસ્યા.

ભટ્ટજી સુવર્ણમાં પણ બંધાય એવા નથી

બીજે દિવસે મહારાજ માણાવદરથી નીકળવાની તૈયારી કરતા હતા. મયારામ ભટ્ટને પણ સાથે લેવાના હતા. મહારાજની આજ્ઞા હતી એટલે ભટ્ટજી ખડિયો લઈને તૈયાર થઈ ગયા. એટલામાં એક બાઈ આવી. તેણે ભટ્ટજીને કહ્યું : "ભટ્ટ ! તમે ગામતરે જાવ છો પણ મારું સોનાનું કડલું આપતા જાવ. હું રૂપિયા લાવી છું."

આ સાંભળી ભટ્ટજીએ ખડિયો ખભેથી ઉતાર્યો. મહારાજે આ જોયું એટલે પૂછ્યું : "ભટ્ટજી ! કેમ ખડિયો ઉતાર્યો ?"

ભટ્ટજીએ કહ્યું : "મહારાજ ! આ બાઈનાં સોનાનાં કડલાં તેને આપવાનાં છે તે હમણાં આપીને આવું છું." એમ કહી તે ઓરડામાં ગયા. મહારાજ પણ મયારામ ભટ્ટની સાથે અંદર ગયા.

મયારામ ભટ્ટે પટારામાંથી બે સોનાનાં કડલાં કાઢીને બાઈને આપ્યાં. બાઈએ કહ્યું : "ભટ્ટ ! બે કડલાં કેમ ? હું તો એક જ મૂકી ગઈ હતી."

ભટ્ટજી મૂંઝવણમાં પડ્યા. તેણે કહ્યું : "ના બહેન, તારાં બે કડલાં હતાં."

પરંતુ બાઈમાં સાચ હતું. તેણે કહ્યું : "એક જ હતું. તે હું લઈ જાઉં છું અને લ્યો, આ તેના રૂપિયા. બીજું પાછું લઈ લ્યો." એમ કહીને બીજું કડલું પાછું આપી દીધું. ભટ્ટજી મૂંઝવણમાં માથું ખંજવાળવા લાગ્યા. તેમણે કડલું પટારામાં મૂકી દીધું અને મહારાજ સાથે જવા તૈયાર થયા.

મહારાજે કહ્યું : "ભટ્ટ ! કેમ મૂંઝાયા ?"

એટલે મયારામ ભટ્ટે કહ્યું : "મહારાજ ! મને એવો ખ્યાલ હતો કે તે બાઈ બે કડલાં આપી ગઈ હતી. પરંતુ પટારામાં થોડો વખત પહેલાં જોયું ત્યારે એક જ હતું. મને ફાળ પડી. પણ શું થાય ? તરત જ સોનીને ત્યાં જઈ બાઈના કડલા જેવું જ બીજું કડલું કરાવી લીધું અને આજે તે લેવા આવી એટલે બંને કડલાં આપ્યાં. પણ બાઈ ધરમવાળી, એટલે તેણે તેનું એક જ કડલું છે એવું કહ્યું. છતાં મને મૂંઝવણ રહે છે."

મહારાજે કહ્યું : "ભટ્ટજી ! એક જ કડલું હશે. બાઈ સાચુકલી છે."

ભટ્ટજીને મહારાજના શબ્દોથી શાંતિ થઈ.

મહારાજ બહાર આવ્યા અને પોતાની સાથેના કાઠી દરબારોને કહ્યું : "આ મયારામ ભટ્ટ જેમ સ્ત્રીમાં બંધાય તેવા નથી અને મહાનિષ્કામી છે, તે જ રીતે સુવર્ણમાં પણ તે બંધાય તેવા નથી. આજે અમે નજરે જોયું. આવા ધર્મવાળાથી જ સત્સંગ શોભે છે."

અમારા સંત દ્વારા સોરઠના ભક્તોને લાભ આપીશું

માણાવદરથી નીકળી મહારાજ પોતાના સંઘ સાથે પંચાળા પધાર્યા. મહારાજ પંચાળા પધારવાના છે તેવા સમાચાર હરિભક્તોને મળ્યા હતા. તેથી આખા, અજાબ, અગત્રાઈ, મેઘપુર, માંગરોળ, લોજ, કાલવાણી, ગણોદ, જાળિયા, ઉપલેટા વગેરે ગામોના ભક્તો અહીં અગાઉથી આવી ગયા હતા. દૂર દૂરથી આ બધા હરિભક્તો અહીં દર્શન, સમાગમનો લાભ લેવા આવ્યા હતા.

દરબાર ઝીણાભાઈનો અને તેમના સકળ પરિવારનો પ્રેમ હતો તેથી મહારાજ પણ પંચાળામાં દસ દિવસ રહ્યા. સોરઠના હરિભક્તોને ઘણા વખતે આ લાભ મળ્યો હતો. મહારાજને પણ લાગતું હતું કે સત્સંગ ખૂબ વધ્યો અને વિચરણ પણ વધ્યું. પરંતુ સોરઠ તરફ આવવાનું ઝાઝું બનતું ન હતું. તેમણે સૌને આશ્વાસન આપતાં કહ્યું : "અમે સોરઠમાં નથી આવતા તેથી એમ ન માનશો કે તમારા ઉપર અમને પ્રેમ નથી. તમો સૌ તો મને અત્યંત વહાલા છો. શરૂઆતમાં સોરઠમાં જ વિચરણ હતું. તમને સૌને ખૂબ લાભ આપ્યો અને હવે પછી પણ અમે અમારા સંત દ્વારા તમને સૌને ખૂબ લાભ આપીશું. બ્રહ્મરૂપ થવાનો અખાડો જ અહીં મંડાશે અને અમારા સ્વરૂપના પરભાવના શબ્દો પણ સોરઠમાંથી જ આખા વિશ્વમાં પ્રવર્તશે." મહારાજના આ શબ્દોથી સોરઠના સત્સંગીઓને ભારે હૈયાધારણ મળી ગઈ !

મહારાજ પંચાળાથી નીકળી બંધિયા પધાર્યા. અહીં એક રાત રહ્યા. પછી ત્યાંથી ખંભાળા મૂળુખાચરના દરબારમાં પધાર્યા. મૂળુખાચરને મહારાજે પૂછ્યું : "બાપુ ! હોકા, અફીણનું કેમ છે ?"

મૂળુખાચરે હસતાં હસતાં કહ્યું : "મહારાજ ! આપની દયાથી બધું ય ગયું. હવે તો સત્સંગના સુખે સુખિયો છું."

સોરઠમાં વિચરણ કરીને મહારાજ ગઢપુર પધાર્યા. ફાગણના ફૂલદોલ ઉપર વરતાલ જવાનું હતું. પરંતુ ઉત્સવનો દિવસ હજુ દૂર હતો એટલે મહારાજ ગઢપુરમાં રોકાયા.

મહારાજ ફટાણા બંધ કરાવે છે

એક રાત્રે મહારાજે લગ્નમા ગવાતા ફટાણા સાભળ્યા. મહારાજે પોતાના સેવકને પૂછ્યું : "આ શું ગવાય છે ?"

એટલે તેણે કહ્યું : "મહારાજ ! આપણા સત્સંગીને ઘેર લગ્ન છે તેથી બાઈઓ ગીત ગાય છે."

"પણ, આવાં ગીતો ? આવા શુભ દિવસે આવા ભૂંડા શબ્દો બોલવાના કે કૃષ્ણ-રુક્મિણી કે રામ-સીતાનાં લગ્ન પ્રસંગનાં શુભ ગીતો ગાવાં જોઈએ ? આટલો આટલો ઉપદેશ આપીએ છીએ, પણ સત્સંગીઓ વહેવારમાં જોડાય છે ત્યારે તે રૂપ બની જાય છે. પોતે સત્સંગી છે તે પણ ભાન રહેતું નથી અને આવા શુભ પ્રસંગે સારાસારનો વિવેક પણ રહેતો નથી !" એમ કહી મહારાજ ઊઠ્યા. તેમણે ભગુજીને કહ્યું : "લાવો પાઘ. અહીં નથી રહેવું."

મહારાજના મુખ ઉપર ઉદાસીનતા હતી. ભગુજીએ પાઘ આપ્યો. નાજા જોગિયા ઘોડી તૈયાર કરીને લાવ્યા. મહારાજ ગઢપુરથી નીકળી પાસેના ગામ સુખપુરમાં પધાર્યા.

પરંતુ અહીં પણ લગ્નનો પ્રસંગ હતો અને બાઈઓ ઊંચી ઊંચી થઈને લગ્નગીતો - ફટાણાં ગાતી હતી. સામે પક્ષે પણ જોરદાર ફટાણાં ગવાતાં હતાં. મહારાજ ઉદાસીનતા ટાળવા ગઢપુરથી અહીં પધાર્યા તો અહીં પણ એવા જ અશ્લીલ શબ્દો સાંભળ્યા. તેમની ઉદાસીનતા વધી. મહારાજે કહ્યું : "અહીં પણ નથી રહેવું. ચાલો સત્સંગ છોડીને ચાલ્યા જઈએ."

તે સાંભળી મહારાજના સેવકો મૂંઝાયા. તેમણે કહ્યું : "મહારાજ ! ગઢડામાં મોટેરા સંતો છે. તેમને મળીને પછી આપ પધારો."

મહારાજને તે યોગ્ય લાગ્યું.

મહારાજ મોડી રાત્રે ગઢપુર પાછા પધાર્યા. સવારના મોટેરા સંતોને બોલાવ્યા. મહારાજે પોતાની ઉદાસીનતાની વાત કરી. તેમણે કહ્યું : "મહારાજ ! આપ આજ્ઞાપત્ર લખો. બધે મોકલીએ. ફટાણાં ગાવાનું આપની આજ્ઞા પ્રમાણે આપણા તમામ ભક્તો બંધ કરી દેશે."

એટલે સુરાખાચરે કહ્યું : "ત્યારે ગાશે શું ? લગ્નનો લહાવો તો લેવો જોઈએ ને !"

મહારાજે તરત જ કહ્યું : "આપણા મુક્તાનંદ સ્વામી કૃષ્ણ-રુક્મિણી તથા રામ-સીતાનાં લગ્નનાં ગીતો રચશે. તે ગાવાં. તેમાં ભગવાનની સ્મૃતિ રહે અને પ્રસંગની પવિત્રતા પણ સચવાય." એટલું કહીને મહારાજે હરિભક્તો ઉપર પત્ર લખાવ્યો અને લગ્નમાં ફટાણાં ગાવાનો કુરિવાજ બંધ કરાવ્યો.

ઉદ્‌ગીથ ૧૯



સર્વના સુહૃદ શ્રીહરિ

(આ.સં. ૧૮૭૩, ઈ.સ. ૧૮૧૭)

ફૂલદોલનો ઉત્સવ વરતાલ કરવા મહારાજ ગઢપુરથી નીકળ્યા અને કારિયાણી પધાર્યા. અહીંના વસ્તાખાચર તથા અન્ય કાઠી ભક્તો મહારાજ સાથે વરતાલ જવા તૈયાર થયા. રસ્તામાં જમવા માટે પેંડા, બરફી, મોતૈયા લાડુ, જલેબી વગેરે લીધાં. ખર્ચી માટે રૂપિયા પણ લીધા. સ્ત્રી-ભક્તો પણ આ ઉત્સવ પર જવા તૈયાર થઈ ગયાં. મહારાજની રજા લીધી અને રથ તૈયાર કર્યા.

રસ્તામાં મુકામ કરતાં કરતાં મહારાજ પાંચ દિવસે પીપળાવ પહોંચ્યા. મુક્તાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી અહીં હતા. અહીં તેઓ શાસ્ત્રોનો અભ્યાસ કરતા હતા. મુક્તાનંદ સ્વામીએ અભ્યાસ દરમ્યાન વસંતનાં પદો પણ સમય કાઢી બનાવ્યાં હતાં.

વીરસદના અમીન નારણદાસનાં અહીં ઘર હતાં. તેમને મુક્તાનંદ સ્વામીએ સત્સંગની વાતો કરી હતી. તેથી તમાકુ, અફીણનાં તેમનાં વ્યસનો છૂટી ગયાં હતાં. તેમણે મહારાજની પધરામણી કરાવી ને સત્સંગ દૃઢ કર્યો. મતની વાડો છોડી સાચા વૈષ્ણવ બન્યા.

મહારાજે તેમને કહ્યું : "ઇન્દ્રિયો-અંતઃકરણને વશ રાખે, તેને કુમાર્ગે જવા ન દે, પંચવિષયનો અભાવ રાખે અને તે પ્રમાણે શુદ્ધ થઈને જ ભગવાનની ભક્તિ કરે તે વૈષ્ણવ ! પરંતુ માત્ર તિલક, કંઠીથી વૈષ્ણવપણું આવતું નથી."

નારણદાસના અંતરમાં મહારાજના શબ્દો ઊતરી ગયા. વળી, ત્યાંના પ્રભાશંકર સાથે પણ તેમને હેત હતું એટલે સત્સંગની દૃઢતા વિશેષ થઈ હતી.

પીપળાવના ભક્તોએ બ્રાહ્મણો પાસે શીરા-પૂરીની રસોઈ બનાવરાવી હતી. મહારાજ તે જમ્યા અને સાથેના સંઘના હરિભક્તોને પણ સારી રીતે જમાડ્યા. વરતાલમાં સમાચાર પહોંચી ગયા કે મહારાજ પીપળાવ પધાર્યા છે

એટલે કેટલાક સંતો પીપળાવ આવી ગયા.

સાંજે ચોતરા ઉપર મહારાજ બિરાજમાન થયા. સંતો, હરિભક્તો પણ સન્મુખ બેસી ગયા. મુક્તાનંદ સ્વામીએ વાજિંત્રો સાથે હોરીનાં પદો ગાયાં. એ રીતે અર્ધી રાત્રી પસાર થઈ ગઈ.

સવારે મહારાજે સંઘને આગળ મોકલ્યો. પછી પોતે તૈયાર થઈને ચાલ્યા. સંઘ મહેળાવ પહોંચી ગયો હતો. મહારાજ મહેળાવ પહોંચ્યા ત્યારે સંઘ ત્યાંથી નીકળી ગયો હતો. મહેળાવના હરિભક્તોએ મહારાજને વિનંતી કરી : "પ્રભુ ! જમીને પછી ચાલજો."

મહારાજે કહ્યું : "હજુ તો સવાર છે. જમવાના ટાણા સુધી રોકાવાય નહીં. વરતાલમાં હરિભક્તોનો સમૂહ રાહ જોતો હશે." એમ કહી સરોવરમાં માણકી ઘોડીને પાણી પાઈને મહારાજ વરતાલ જવા નીકળી ગયા.

વરતાલથી હરિભક્તોનો સંઘ સામો આવ્યો. શ્રીહરિ માટે શણગારેલો અશ્વ લઈને તેઓ આવ્યા હતા. મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! આ અશ્વ ઉપર આપ બિરાજો."

મહારાજે કહ્યું : "માણકી રજા આપે તો જ અમારાથી આ અશ્વ ઉપર બેસાય." એટલામાં માણકી હણહણી. મહારાજે કહ્યું : "આ માણકી પણ મુક્ત છે. અમારો સંબંધ અનેક જીવને થાય તેવી તેને પણ ઇચ્છા રહે છે. તેના અંતરમાં મનુષ્ય સહજ ઈર્ષાનો ભાવ નથી." એટલું કહીને મહારાજ તે અશ્વ ઉપર બિરાજ્યા.

નાજા જોગિયા માણકીને દોરવા લાગ્યા. આગળ સંતો હોરી, ધમાર અને વસંતનાં પદો ઝાંઝ-મૃદંગ સાથે ગાતા હતા. હરિભક્તો આ પ્રસંગના આનંદથી મસ્ત બની ગુલાલ ઉડાડતા હતા. વરતાલથી સામે આવેલો સંઘ અને મહારાજની સાથે આવેલા સંતો-હરિભક્તોનો સંઘ ભેગા થયા એટલે ભીડ જામી. ગતિ ધીમી પડી ગઈ. મધ્યાહ્‌ને સંઘ વરતાલ પહોંચ્યો. ભાઈ રામદાસને મહારાજ મળ્યા. મહારાજ તેમને વિશે ગુરુભાવ રાખતા. એટલે સૌ સંતોને રામદાસ સ્વામી પ્રત્યે ગુરુભાવ રહેતો.

વરતાલમાં બાપુભાઈ, રણછોડભાઈ, જોબન પગી, નારાયણગિરિ અને અન્ય ભક્તોએ મહારાજનું સન્માન કર્યું. રણછોડભાઈએ મહારાજને ચણોઠીનો હાર પહેરાવ્યો. મહારાજે તે હાર મુક્તાનંદ સ્વામીને પહેરાવ્યો. તે દિવસે સુરતના હરિભક્તોની રસોઈ હતી. પ્રસંગે પ્રસંગે સુરતના ભક્તો મહારાજની

સેવામાં તૈયાર થઈ જતા. આજનો લહાવો તેમણે લઈ લીધો. બ્રાહ્મણો પાસે વડાં, ભજિયાં, રાઈતાં તથા શાક, દાળ, ભાત વગેરે કરાવ્યાં. સુરતથી બરફી લાવ્યા હતા. મહારાજે તેમનો ભાવ જોઈ કહ્યું : “આ સુરતની બરફીમાં ત્યાંના ભક્તોની ભક્તિની મીઠાશ ભરી છે. આપણાથી તો સુરત જઈ શકાતું નથી પરંતુ ત્યાંના ભક્તો સેવાનો એક પણ પ્રસંગ ચૂકતા નથી.”

આત્માને ન્યાત-જાત નથી

જમ્યા પછી શ્રીહરિ થોડી વાર પોઢી ગયા. જ્યારે ઊઠ્યા ત્યારે ઢોલ ને ત્રાંસાં વાગતાં સાંભળ્યાં. મહારાજે પૂછ્યું : “આ કોણ વગાડે છે ?”

ત્યારે સેવકે કહ્યું : “મહારાજ ! અમદાવાદના ભક્તો આ ઢોલ-ત્રાંસાં વગાડનારા લાવ્યા છે. બધા યવન છે.”

મહારાજે તરત જ કહ્યું : “હિંદુ, મુસલમાન એ બધામાં જે આત્મા છે તેને કોઈ ન્યાત-જાત નથી. તે ભક્તિના રંગે રંગાયો હોય તો તેનું કલ્યાણ થઈ જાય.” એમ કહીને બોલ્યા : “તેમને અહીં બોલાવો.”

તે આઠેય જણા મહારાજ પાસે આવ્યા અને મહારાજ સન્મુખ ઢોલ-ત્રાંસાં વગાડવા લાગ્યા. મહારાજ પ્રસન્ન થયા. પછી બોલ્યા : “દિલથી વગાડે છે એટલે તેમનાં અંતર રંગાયાં છે.” એમ કહીને ઢોલ વગાડનારને પોતે ગળામાં સોનાનો દોરો પહેર્યો હતો તે આપી દીધો. પછી ત્રાંસાં વગાડનાર છોકરાને હાથે પહેરેલ બાજુ આપ્યો.

વરતાલમાં આ ઉત્સવ ઉપર લગભગ દોઢસો સંતો આવી ગયા હતા. તેમાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, પરમાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, અખંડાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, પરમચૈતન્યાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, અદ્‌ભુતાનંદ સ્વામી વગેરે મુખ્ય હતા.

હુતાશની ઉત્સવ ધામધૂમથી થયો. નિષ્કુળાનંદ સ્વામીએ તથા વાસણ સુથારે હિંડોળો બનાવ્યો હતો. બે આંબા વચ્ચે આ હિંડોળો બાંધીને તૈયાર રાખ્યો હતો. મહારાજ તે ઉપર ફરી બિરાજ્યા. હરિભક્તોએ, સંતોએ મહારાજને ઝુલાવ્યા, કીર્તન-ભક્તિ કરી, રંગે રમ્યા અને મહારાજની જ્ઞાનની વાતો પણ સાંભળી. મહારાજ પ્રસંગે પ્રસંગે વાતો કરતા, મોટેરા સંતો પાસે પણ વાતો કરાવતા. મહારાજ કહેતા : “વાતો સાંભળવાથી અંતરના દોષો ટળી

જાય છે, અંતર શુદ્ધ થાય છે અને પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન થાય છે. જેને કથાવાર્તામાં રુચિ ન હોય તેમાં રૂડા ગુણ આવે નહીં."

તમારા બે પુત્રો અમને આપશો ?

બીજે દિવસે મહારાજ જ્ઞાનબાગમાં પધાર્યા. અહીં ઢોલિયા ઉપર બિરાજમાન થયા. તેમની સન્મુખ દેશદેશના હરિભક્તો બેઠા હતા. મહારાજે સભામાં વાતો કરી. શિનોરના પાટીદાર કેશવલાલનાં પત્ની રાજબાઈ સ્ત્રીઓના મંડળમાં બેસીને મહારાજનાં દર્શન કરતાં હતાં. એકાએક મહારાજની દૃષ્ટિ રાજબાઈ ઉપર પડી. તરત જ મહારાજે તેને પોતાની પાસે બોલાવી. એટલે સંતો સર્વે દૂર ખસી ગયા. રાજબાઈ મહારાજ પાસે આવ્યાં. મહારાજને પંચાંગ પ્રણામ કરી તેમની સન્મુખ બેસી ગયાં. મહારાજે તેને કહ્યું : "અમને ઓળખો છો ? અમે તમારે ગામ અંબાળી આવ્યા હતા. તમે અમને ગાયનું દૂધ પાતાં હતાં."

રાજબાઈએ હાથ જોડી કહ્યું : "પ્રભુ ! બધું યાદ છે. આપનાં પ્રથમ દર્શને જ આપની કૃપાથી આપના સ્વરૂપની ઝાંખી થઈ હતી. આજે તો હવે આપના સ્વરૂપનો ઉદ્‌ઘોષ થયો છે અને લાખો ભક્તો આપની પાછળ પાછળ ફરે છે, તેથી તે દિવસોમાં કરેલી સેવાનો આનંદ માની મારી જાતને હું ધન્ય માનું છું."

મહારાજ તેમની નિષ્ઠા જોઈ પ્રસન્ન થયા. મહારાજે પૂછ્યું : "તમારે કાંઈ સંતાન છે ?"

એટલે રાજબાઈએ કહ્યું : "હા, મહારાજ ! ચાર પુત્રો છે." એમ કહી પોતાના ચારે પુત્રોને મહારાજને પગે લગાડ્યા.

મહારાજે પૂછ્યું : "આનાં શું નામ પાડ્યાં છે ?"

રાજબાઈએ કહ્યું : "મહારાજ ! આ ગિરધર, આ વણારશી, આ જોરાભાઈ અને આ બાપુભાઈ."

મહારાજે ચારેને માથે પોતાના બે હાથ મૂક્યા. પછી કહ્યું : "રાજબાઈ ! આ ગિરધર અને વણારશી અમને આપશો ? તે પૂર્વના મુક્ત છે અને અમારી સેવા કરવા જ આવ્યા છે."

તરત જ રાજબાઈએ કહ્યું : "પ્રભુ ! મારાં એવાં સદ્‌ભાગ્ય કે આ મારા પુત્રો આપની સેવામાં કામ લાગે. અત્યારે જ આપને આપ્યા !"

મહારાજે ગિરધર અને વણારશીને પોતાની પાસે બોલાવી લીધા. પાછળથી તેમને ભાગવતી દીક્ષા આપી. ગિરધરનું નામ ઈશ્વરાનંદ પડ્યું અને

વણારશીનું નામ શ્રીનિવાસાનંદ રાખ્યું.[૯૩]

વરતાલથી મહારાજ કાઠી દરબારો તથા સૌરાષ્ટ્રના હરિભક્તોના સંઘ સાથે ગઢપુર જવા નીકળ્યા. મહેળાવ, પીપળાવ, ઈસણાવ, નાર થઈને મોરજ આવી રાત રહ્યા. બીજે દિવસે નીકળી સાબરમતી ઊતરી ભાલમાં પધાર્યા. અહીં નાની બોરુ તથા મોટી બોરુ અને ભોળાદના ભક્તોને લાભ આપ્યો. ભોગાવો ઊતર્યા. પીપળી પધારી રાત રહ્યા. ત્યાંથી ગાંફ, ખરડ થઈને ઝિંઝર પધાર્યા.

અહીં દરબાર ખોડાભાઈને ત્યાં મહારાજ રહ્યા. દરબાર જુવાન હતા. મહારાજ પ્રત્યે પ્રેમ ઘણો હતો. મહારાજ પણ અવારનવાર ઝિંઝર પધારી તેના પ્રેમને પોષતા. પરંતુ દરબારની સ્થિતિ દુર્બળ હતી. તે પ્રત્યે મહારાજ લક્ષ્ય આપતા નહીં. આ વખતે મુક્તાનંદ સ્વામીએ મહારાજને વાત કરી. ત્યારે તેમણે તેમને કહ્યું : "આગળ ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદથી તેમનો વ્યવહાર સુધરશે."[૯૪]

મહારાજ કુંભારની છોકરીનાં બોર જમે છે

મહારાજ સારંગપુરના માર્ગે ચાલ્યા. સજેલીની સીમમાં બાઈઓ બોર વીણતી હતી. કાઠી અસવારોને જોઈ બાઈઓને લાગ્યું કે કોઈ લૂંટારા લાગે છે. એટલે સૌ દોડવા માંડી. પરંતુ મેઘા કુંભારની સાત વર્ષની પુત્રી ત્યાં ઊભી રહી. મહારાજે તેને જોઈ અને પાસે બોલાવી પૂછ્યું : "દીકરી ! તારા હાથમાં શું છે ?"

તેણે પોતાનો ખોળો ઉઘાડી નાખી અને કહ્યું : "ચણીબોર છે."

મહારાજે પૂછ્યું : "અમને આપીશ ?" તરત જ તેણે મહારાજ સામે પોતાનો ખોળો ધર્યો. મહારાજે તેમાંથી ચાર મૂઠી બોર લીધાં. મહારાજે પોતાના

૯૩. પાછળથી મહારાજે ગિરધરભાઈને ઘેર મોકલ્યા હતા અને ગૃહસ્થાશ્રમ કરવા આજ્ઞા કરી હતી. ગિરધરભાઈએ ઘેર રહી શિનોરમાં સત્સંગ ખૂબ વધાર્યો.

૯૪. કેટલાંક વર્ષો બાદ ગોપાળાનંદ સ્વામી ઝિંઝર પધાર્યા. સાથે ત્રીસ સાધુ હતા. શુકમુનિ પણ હતા. ખોડાભાઈ દરબાર પોતાની તલવાર વાણિયાને ત્યાં ગીરો મૂકી સંતો માટે સીધું લઈ આવ્યા. એટલે શુકમુનિએ સ્વામીને કહ્યું : "સ્વામી ! દરબાર હરિભક્ત તો ખરેખરા છે પણ સ્થિતિ કેમ આવી દુર્બળ છે ?"
ત્યારે સ્વામીએ કહ્યું : "પૂર્વે તે સેવકરામ હતા. મહારાજ પાસે તેણે સેવા કરાવી, પરંતુ મહારાજને જમવા માટે અન્ન ન આપ્યું. તેથી આ જન્મે વહેવારે દુર્બળ છે. પણ હવે આપણે સૌ માળા ફેરવીએ એટલે તેમનો વહેવાર સુધરશે."
— શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૩, વાત-૨૧૮

સેવકને કહ્યું : "આ છોકરીને પતાસાંની પ્રસાદી આપો."

તેણે પ્રસાદી પણ તેના ખોળામાં જ લીધી. સાથેની બાઈઓને થયું કે આ છોકરીનાં ધન્યભાગ્ય કે ભગવાને તેનાં બોર અંગીકાર કર્યાં ! આપણે તેમને લૂંટારા સમજી દોડીને સંતાઈ ગયાં.

ગઢપુરમાં હરિજયંતીનો ઉત્સવ : આ.સં. ૧૮૭૩

ગઢપુરમાં હરિજયંતીનો ઉત્સવ ઊજવવાની દાદાખાચર તથા જીવુબા, લાડુબા વગેરેએ તૈયારીઓ કરી લીધી હતી. મહારાજ પધાર્યા અને તેમને આ ઉત્સવ ઊજવવાની વાત કરી. મહારાજ પ્રસન્ન થયા. પછી દાદાખાચરે કહ્યું : "મહારાજ ! ગુજરાતમાંથી હરિભક્તોને તેડાવીએ."

ત્યારે મહારાજે કહ્યું : "અમારે હરિજયંતીનો ઉત્સવ અહીં કરી ગુજરાત તરફ જ જવું છે. એટલે થોડા વખત માટે તેમને બોલાવાય નહીં."

મહારાજની એક જ વાતમાં દાદાખાચર તેમની રુચિ સમજી લેતા પણ કદી મહારાજના વચન ઉપર બીજું વચન કહેતા નહીં. જીવુબા, લાડુબાની તો ખૂબ જ ઈચ્છા હતી. પરંતુ દાદાખાચરે ના કહી. તેમણે કહ્યું : "મહારાજની મરજી પ્રમાણે વર્તાય."

બાપુ દાદાખાચરે હરિજયંતીના ઉત્સવની તમામ તૈયારી કરી દીધી. જીવાખાચર તથા તેમના પુત્રો પણ આ ઉત્સવમાં મદદ કરવા આવતા. મહારાજ પણ તેમના દરબારમાં પધારતા. મુક્તાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે મોટેરા સંતો તો તેમના દરબારમાં જ રહેતા.

હરિજયંતીના ઉત્સવને દિવસે મહારાજે દાદાખાચરને બોલાવીને કહ્યું : "આજે સવારે ભગવાન રામચંદ્રનો જન્મ છે, તેથી સવારે તે ઉત્સવ આપણે કરવાનો છે માટે તેની તૈયારી કરી લેજો."

એટલે દાદાખાચરે કહ્યું : "અને રાત્રે મહારાજ ! આપનો જન્મ ઉત્સવ કરવાનો છે તેની પણ તૈયારી કરી લીધી છે."

આજે નિર્જળા ઉપવાસ હતો તેથી સવારથી જ કથાવાર્તા, કીર્તન-ભક્તિથી ઉત્સવનું મંડાણ થયું. મહારાજે સભામાં વાત કરતાં કહ્યું : "જે ભગવાનનો ખરેખરો ભક્ત થાય છે તેને ભગવાન દુ:ખ આપે તોપણ તે સુખ માને છે. ભગવાન અનેક પ્રકારે તેની કસોટી કરે પરંતુ તેવા ભક્તની ભક્તિ કદી મોળી પડતી નથી. બલિરાજાએ પોતાના ગુરુ શુક્રાચાર્યની આજ્ઞાની અવગણના કરીને

વામન ભગવાનને પ્રસન્ન કરી લીધા. તેમણે ત્રણ પગલાં પૃથ્વી માંગી તે તેણે આપી. ભગવાને ત્રીજું પગલું તેના માથા ઉપર મૂકી તેને પાતાળમાં મૂકી દીધો. છતાં બલિરાજાને તો ભગવાનના આ સંબંધથી ધન્યતા મનાણી અને ભગવાનનાં ચરણારવિંદ તે ચાટવા લાગ્યા. ત્યારે વામનજીએ તેને પૂછ્યું : 'બલિ ! આ તું શું કરે છે ?' બલિરાજાએ કહ્યું : 'પ્રભુ ! અમારી દૈત્યની જાત એટલે અમારા શરીરની ચામડી બરછટ હોય, માથાના વાળ સૂકા દર્ભ જેવા હોય. આપના કોમળ ચરણારવિંદમાં એ વાળ વાગ્યા હશે તેથી આપનાં ચરણારવિંદની હું આ રીતે સેવા કરું છું.' વામનજી બલિરાજા ઉપર અતિ પ્રસન્ન થયા.''

એટલું કહીને મહારાજે જીવાખાચરને કહ્યું : ''બાપુ ! ભગવાનનો વિશ્વાસ હોય તો જ બલિરાજાની જેમ તેમને સર્વસ્વ અપાય, નહિ તો સંકોચ થાય.''

એટલે જીવાખાચરે કહ્યું : ''મહારાજ ! આપ સાચું કહો છો.''

''હા, પણ મનાવું જોઈએ ને ! આ દાદાખાચરને તેમ મનાઈ ગયું છે તો તેને કોઈ પ્રકારનો સંકોચ થતો નથી.'' મહારાજે કહ્યું.

જીવાખાચરને મહારાજના આ શબ્દો વસમા લાગ્યા. તે મનમાં સમસમી રહ્યા પણ કાંઈ બોલી શક્યા નહીં. તેમના મુખના ભાવ તરત જ ફરી ગયા.

અમે અનાદિ છીએ એટલે અજન્મા છીએ

રામજન્મની આરતી મહારાજે કરી. પછી સંતોએ કીર્તન-ભક્તિ કરી. રાત્રે સૌએ મહારાજનો જન્મ ઉત્સવ ઊજવ્યો. પછી મહારાજે સભામાં વાત કરી : ''અમે તો અનાદિ છીએ એટલે અજન્મા છીએ. અમે સત્ય સંકલ્પ છીએ એટલે અમારા અક્ષરધામમાં રહી સંકલ્પ કરીએ છીએ કે જ્ઞાની, અજ્ઞાની સર્વેને દેખાઈએ એવા અમે થઈએ. તે પ્રમાણે આજે તમારી સામે રૂપ ધરીને બેઠા છીએ.''

ત્યારે એક સંતે પૂછ્યું : ''મહારાજ ! જીવ, ઈશ્વર અને માયા તે પણ અનાદિ છે તેનું કેમ સમજવું ?''

ત્યારે મહારાજે કહ્યું : ''નિત્ય પ્રલયમાં જીવની ઉપાધિ લીન થાય છે. નિમિત્ત પ્રલયમાં ઈશ્વરની ઉપાધિ લીન થાય છે અને પ્રાકૃત પ્રલયમાં પ્રધાન-પ્રકૃતિ અને પુરુષ મહામાયામાં લીન થઈ જાય છે. તે મહામાયા અક્ષરબ્રહ્મના એક દેશમાં લીન થઈ જાય છે ત્યારે આત્યંતિક પ્રલય અથવા જ્ઞાનપ્રલય થયો કહેવાય. જ્ઞાનનો સાક્ષાત્કાર જ્યારે થાય ત્યારે તેવા ભક્તની દૃષ્ટિમાં ભગવાન, ભગવાનનું અક્ષરધામ અને મુક્તો આ ત્રણ સિવાય બીજું કાંઈ રહેતું નથી.

જ્યારે જીવ અને ઈશ્વર પોતપોતાની ઉપાધિ સહિત માયામાં લીન થઈ જાય છે અને કારણ શરીરયુક્ત હોવાથી ફરી પાછા માયામાંથી ઉત્પન્ન થાય છે. એટલે જ્યાં સુધી કારણ શરીરયુક્ત હોય ત્યાં સુધી જન્મ-મરણના ચકાવામાં તો ફરવું જ પડે. માયા ભગવાનની શક્તિ છે તેથી ઉત્પત્તિ સમયે ભગવાનની ઇચ્છાથી અક્ષરધામમાં લીન થઈ હોવાથી ફરી પ્રગટ થાય છે."

મહારાજની આ વાતનું રહસ્ય સંતો સમજી ગયા. મૂળ માયાથી પર જેટલું છે તેટલું જ સત્ય છે, સનાતન છે. તે સિવાય બીજું બધું પ્રાકૃત પ્રલયમાં, માયાના ગર્ભમાં લીન થઈ જાય છે. અક્ષરબ્રહ્મ માયાથી પર છે, તે જીવોને માયાથી પર કરી મુક્ત બનાવે છે, તેથી તે કલ્યાણકારી છે. ભગવાન તેમનાથી પણ પર છે. તેથી ભગવાન સૌના કલ્યાણના દાતા છે. તે ભગવાન આજે આ સભામાં પ્રત્યક્ષ બિરાજમાન છે.

હું જોઈ લઈશ !

બીજે દિવસે મહારાજ જીવાખાચરના દરબારમાં પધાર્યા. જીવાખાચરે મહારાજનું સન્માન કર્યું, પરંતુ અંતરમાં મહારાજ પ્રત્યેના ભાવમાં ફેર પડી ગયો હતો. મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. સૌ સંતો મહારાજની સન્મુખ બેસી ગયા. તે વખતે મહારાજે વાત કરી : "જ્યારે મહાભારતનું યુદ્ધ થવાનું હતું, ત્યારે અર્જુન અને દુર્યોધન બંને દ્વારિકા શ્રીકૃષ્ણ ભગવાન પાસે મદદ માટે ગયા. ભગવાને તેમને કહ્યું : 'હું શસ્ત્રો ધારણ કરવાનો નથી એટલે જે પક્ષમાં હું જઈશ તે પક્ષે હું યુદ્ધ કરી તેમને જીત અપાવું એવી આશા રાખવી નહીં. તેથી જો માગવું હોય તો કાં તો મારું સૈન્ય માગો કાં તો નિઃશસ્ત્ર એવા મને માગો.' એટલે દુર્યોધને સૈન્ય માગ્યું. પરંતુ અર્જુને કહ્યું : 'મારે તો આપનું જ કામ છે. આપ મારા પક્ષમાં હશો તેમાં જ મારો વિજય છે."

એટલું કહીને મહારાજે કહ્યું : "બાપુ ! ભગવાનને ભગવાન જાણ્યા પછી તેમના વચનમાં વિશ્વાસ રાખીએ તો ભગવાન આપણી સર્વ પ્રકારે રક્ષા કરે, વ્યવહાર પણ જાળવે. અર્જુનને શ્રીકૃષ્ણમાં આવો વિશ્વાસ હતો તો ભગવાને તેને વિજય અપાવ્યો. તેની એવી ભક્તિથી તે આજે ભગવાન સાથે પૂજાય છે. માટે અર્જુન જેવા ભક્ત થવું. પણ દુર્યોધન જેવો અસુર ભાવ અંતરમાં હોય તો તેનો ત્યાગ કરી દેવો."

જીવાખાચરના અંતરમાં મંથન તો થતું જ હતું. તેમાં મહારાજે આ વાત

કરી એટલે મંથન વધ્યું. મહારાજ ભગવાન હતા તે તેઓ જાણતા હતા. મહારાજે ઘણી વાર તેમને અનુભવ કરાવ્યો હતો. પરંતુ મહારાજ દાદાખાચર પ્રત્યે વિશેષ ઢળ્યા છે, તેનો વ્યવહાર પોતે સાચવે છે, કુટુંબમાં હું મોટેરો પણ મને પૂછવા કોઈ આવતું નથી, મહારાજ પણ એવો વહેવાર સાચવતા નથી – આવા બધા વિચારોથી તેમનું અંતર ડહોળાતું હતું. તેથી મહારાજ પ્રત્યે સદ્ભાવ ઓછો થવા લાગ્યો. એટલું જ નહીં અસદ્ભાવ વધવા લાગ્યો. મોટાઈનું માન, દાદાખાચર પ્રત્યે ઈર્ષ્યાના ભાવ, ભવિષ્યમાં તેના ગરાસના ધણી થવાનો સ્વાર્થ – અંતરમાં સાચવીને રાખેલા આ ભાવો પ્રસંગે પ્રસંગે બહાર આવતા હતા અને મહારાજ તેમના અંતરમાંથી દૂર થતા જતા હતા.

થોડી વારે મહારાજ ઊઠ્યા અને બોલ્યા : "બાપુ ! હવે અમે ઉતારે જઈએ. થોડા દિવસમાં ગુજરાતમાં જવાનું છે એટલે નવરાશના વખતે કથાવાર્તાનો લાભ લેવો."

પણ બાપુ શૂન્યમનસ્ક બની ગયા હતા. તેમનાથી એકાએક બોલાઈ ગયું : "હું જોઈ લઈશ."

એટલે મહારાજે પૂછ્યું : "બાપુ ! શું જોઈ લેવું છે ?"

આ પ્રશ્નથી તે સ્વસ્થ થઈ ગયા. તેમણે તરત જ કહ્યું : "કાંઈ નહીં મહારાજ ! અમારે કાઠીઓને તો ધિંગાણાના વિચાર આવે એટલે એવું બોલાઈ ગયું હશે. આપ પધારો." મહારાજ હસવા લાગ્યા. અંતર્યામી પાસે પણ અંતર ચોરવું તે અજ્ઞાન છે. ભક્તિમાં તેથી વિઘ્ન આવે છે.

મહારાજ પોતાના સેવકો સાથે દાદાના દરબારમા પધાર્યા.

સર્વના સુહૃદ શ્રીહરિ

શ્રીહરિએ ગુજરાત તરફ જવાની તૈયારી કરી. કાઠી દરબારો પણ સાથે જ હતા. એમનું જીવન મહારાજમય થઈ ગયું હતું. એટલે તેમને મહારાજથી છૂટા પડવાની મનમાં ઇચ્છા જ થતી ન હતી. સંસારના સંકલ્પો અહીં શમી જતા હતા. સૌ તૈયાર થઈ આવી ગયા.

ગઢડાથી નીકળી શ્રીહરિ બોટાદ, ખસ, બગડ, સુંદરિયાણા, અણિયાળી, ધંધુકા થઈ ખડોલ રાત રહ્યા. ત્યાંથી બરોલ, જવારજ થઈ ધોળકા રાત રહ્યા. રસ્તે આવતા ગામનાં હરિભક્તોને દર્શન આપી પાવન કરતાં કરતાં શ્રીહરિ સરોડા થઈ સાબરમતી નદી ઊતર્યા. ત્યાંથી વસઈ થઈ જેતલપુર પધાર્યા.

સરોવર પાસેના પુરાતની મહેલમાં ઉપરના બે ખંડમાં શ્રીહરિનો ઉતારો રાખ્યો હતો. આસોપાલવનાં વૃક્ષોથી સઘન બનેલા સ્થાનમાં સભાસ્થાન રાખ્યું હતું. આ સ્થાન ઉપર સંતોએ મોટો મંડપ બાંધી દીધો. મહારાજ અહીં પાટ ઉપર આવી બિરાજતા અને સંતો મહારાજને વીરણના(સુગંધી વાળો) વીંજણને ભીંજવી પવન નાખતા. હરિભક્તો ટોપલા ભરીને કેરીઓ લાવતા. મહારાજ તે ટોપલાઓ કાઠી ભક્તોને તથા અન્ય ભક્તોને આપી દેતા. સંતોને પોતે જાતે કેરીઓ વહેંચતા. મહારાજ રમૂજમાં કહેતા : "દરબારો ! કેરીઓ જમજો. પણ રસનો માગ રાખજો."

કાઠી દરબારોને ગુજરાતના હરિભક્તોના આવા ભક્તિભાવથી પ્રેરણા મળતી. પોતાને ત્યાં પણ મહારાજ, સંતો અને ભક્તોને લઈને પધારે એવા તેમને સંકલ્પો થતા. અંદર અંદર સુહૃદભાવ, ભ્રાતૃભાવ વિકસાવવાનું આવા ઉત્સવો-સમૈયાઓ એ જ એક સાધન હતું. તેમાં સૌની સાથે સ્વસ્થ બનીને રહેવું પડે. સ્વભાવ-ટેવો ઘસાય, વ્યસનોનો ત્યાગ થાય. વળી ભગવાન જે સર્વના સુહૃદ છે[૯૫] તેમનો પ્રસંગ હોય તેથી સૌને ઉમળકા આવે – સેવા કરવાના, ભક્તિ કરવાના ! ઉપદેશથી જે સિદ્ધ ન થાય તે આવી રીતના સહવાસથી જ થાય. ભગવાનના પ્રત્યક્ષ સંબંધથી, ભક્તિથી હૈયાં તરબોળ બની જાય.

મહારાજ શ્વેત વસ્ત્રો ધારણ કરતા, ફૂલનાં આભૂષણો પહેરતા. હરિભક્તોના ભાવ પ્રમાણે મહારાજ તેમની ભક્તિ અંગીકાર કરતા. સભામાં કથાવાર્તા પણ થતી અને સંતો કીર્તન-ભક્તિ પણ કરતા. મહારાજના સાન્નિધ્યમાં દિવસ-રાત્રીનું ભાન સૌ ભૂલી જતા.

જેતલપુરમાં ભીમ એકાદશીનો ઉત્સવ : આ.સં. ૧૮૭૩

આ પ્રમાણે કાર્યક્રમ રોજ ચાલતો. કેટલા દિવસ વીતી ગયા તેનો ખ્યાલ ન રહ્યો અને ભીમ એકાદશી આવી. મહારાજે કહ્યું : "અમે આ ઉત્સવ કરવા જ અહીં આવ્યા છીએ. ગંગાદાસ અને આશજીભાઈનો ઘણા વખતનો સંકલ્પ હતો. અમને પણ વારંવાર પ્રાર્થના કરતા, પત્રો લખતા, એટલે આ વખતે એ અવસર આવી ગયો."

ભીમ એકાદશીની સવારે મહારાજ નિત્યવિધિથી પરવારી સભામાં પધાર્યા. હરિભક્તો મહારાજની રોજ પૂજા કરતા. તેથી આજે સંતોને પણ

૯૫. सुहृदं सर्वभूतानां - ગીતા

મહારાજની પૂજા કરવાનો ભાવ થઈ ગયો. સંતોને મહારાજે આજ્ઞા કરી હતી કે "તમારે અમારી પૂજા પત્ર, પુષ્પ, ફળ અને જળથી કરવી. પુષ્પ અને ફળ જો મળે તો લાવવાં, નહીં તો તુલસીનાં પત્ર અને જળ આ બે પદાર્થોથી અમારી પૂજા કરશો તો તે અમે પૂરા ભાવથી સ્વીકારીશું. પરંતુ કોઈની પાસે પદાર્થો મંગાવી અમારી પૂજા કરવાનો લોભ ન રાખવો."

આનંદમુનિ હાથમાં ચંદનનો કટોરો લઈને મહારાજની પૂજા કરવા આગળ આવ્યા. મહારાજના શરીરે ચંદન ચર્ચ્યું, ફૂલના હાર પહેરાવ્યા, ફૂલના બાજુબંધ પહેરાવ્યા, માથે ફૂલની ટોપી પહેરાવી, ચરણારવિંદમાં ચંદન ચર્ચી ચરણારવિંદની છાપ પોતાની છાતીમાં લીધી. મુક્તમુનિએ તથા રામદાસ સ્વામીએ પણ તે પ્રમાણે મહારાજની પૂજા કરી. ગુંજાહાર પહેરાવ્યા. માધવદાસે મહારાજને બોરસલીના હાર પહેરાવ્યા. પછી હરિભક્તોએ સંતોની પૂજા કરી.

સંઘની રક્ષા

એકાએક મહારાજે ભગુજીને બોલાવ્યા. તેમને કહ્યું : "ત્રણ ગાઉ ઉપર આપણા હરિભક્તના સંઘને લૂંટારાઓએ ઘેરી લીધો છે. વાલજી વિપ્રની પાસે તીરકામઠું છે બાકી કોઈની પાસે શસ્ત્ર નથી. માટે તેની મદદે પચ્ચીસ-ત્રીસ પાર્ષદોને લઈને હમણાં જ ઊપડો. વાલજી એકલો લડે છે અને બાઈઓ અમારું ભજન કરે છે."

ભગુજી તરત જ બીજા પાર્ષદો લઈને ઊપડ્યા.

સંઘના ભક્તો મહારાજનું ભજન કરતા હતા. વાલજી વિપ્ર એકલા જ ત્રીસ બહારવટિયા સામે તીરકામઠાનો મારો ચલાવી લડતા હતા. એટલામાં આ પાર્ષદો આવી પહોંચ્યા. બહારવટિયાઓ હથિયારબદ્ધ માણસોને જોઈ ત્યાંથી પલાયન થઈ ગયા. પાર્ષદોએ તેમનો પીછો પકડ્યો અને જે કાંઈ જણસ તેમણે લીધી હતી તે પાછી લઈને સંઘના માણસોને આપી. પછી સંઘના માણસોને પાર્ષદો વીંટળાઈ વળ્યા ને સંઘને સુખરૂપ જેતલપુર પહોંચાડ્યો.

વાલજી વિપ્ર સંઘમાં આવેલા હરિભક્તોને લઈને મહારાજ પાસે આવ્યા. મહારાજે તેમને પૂછ્યું : "સુખરૂપ પહોંચાડ્યા ને ?"

ત્યારે વાલજી વિપ્રે કહ્યું : "મહારાજ ! આપે અંતર્યામીપણે અમારી ઉપાધિ જાણી રક્ષા કરી. પાર્ષદો જો ન આવ્યા હોત, તો ધામમાં સુખરૂપ પહોંચી જાત."

આ સાંભળી મહારાજ હસવા લાગ્યા.

ભક્તિ-ઉપાસનામાં તરબોળ હોય તો અંતર લીલું રહે

ત્યારબાદ મહારાજ અશ્વ ઉપર ચઢી નહાવા પધાર્યા. મહારાજના આખા શરીરે ચંદનનો લેપ કર્યો હતો તે બ્રહ્મચારીએ ઘસીને કાઢી નાખ્યો. સેવકોએ પૂછ્યું : "મહારાજ ! ચંદનનો લેપ કાઢી નાખવા માટે જ નાહવા પધાર્યા હતા ?"

મહારાજે કહ્યું : "હા, ચંદન શીતળ તો ખરું પણ સૂકાય ત્યારે ચામડી તણાય. લીલું હોય ત્યાં સુધી જ સારું. જગતમાં પણ આપણને લીલું હોય તો ગમે, સૂકો વેરાન પ્રદેશ હોય તો આંખો ફરી ફરીને પાછી વળે. તેમ સંતો, હરિભક્તો પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિ-ઉપાસનામાં તરબોળ હોય તો તેમનું અંતર લીલું રહે. પણ એ ગુણો જો ન હોય તો સત્સંગી કહેવાતા હોય તોપણ સૂકા ! સાધુય સૂકા અને હરિભક્તો પણ સૂકા !"

મહારાજ નાહીને સભામાં પધાર્યા. આજે ભીમ એકાદશીનો નિર્જળા ઉપવાસ સૌને હતો. તેથી મહારાજે સૌને કહ્યું : "આજે કોઈ પ્રવૃત્તિ કરવાની નથી. કેવળ કથાવાર્તા જ કરવાની છે. માટે ઇન્દ્રિયો, અંતઃકરણને ભગવાનની મૂર્તિમાં જોડી દ્યો."

મહારાજે વાતો કરી, સંતોએ કીર્તનો ગાયાં. એમ આખો દિવસ વીતી ગયો. રાત્રે મહારાજે સૌ હરિભક્તોને કહ્યું : "આ મંડળમાં બેસીને જ કીર્તન-ભક્તિ કરતાં કરતાં બાર વાગ્યા સુધી જાગરણ કરજો." એમ કહી મહારાજે સંતોને કહ્યું : "અમે મહોલ ઉપર જઈએ છીએ. તમો સૌ ત્યાં આવો. સંતોને જાગરણ ત્યાં કરાવીશું."

મહારાજની આ આજ્ઞાનું રહસ્ય કેટલાક સમજ્યા અને કેટલાક ન સમજ્યા. જે સમજ્યા હતા તે બધા સંતો મહોલ ઉપર ગયા.

મહારાજ પોતાનું પુરુષોત્તમપણું સમજાવે છે

અહીં કીર્તન-ભક્તિ શરૂ કરી. મહારાજ પાટ ઉપર બિરાજી કીર્તનો સાંભળતા હતા અને ડોલતા હતા. સંતો પણ મહારાજની મૂર્તિનાં દર્શન કરતાં કરતાં ડોલતા હતા. એકાએક મહારાજે કીર્તન-ભક્તિ બંધ કરાવી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું : "મહારાજ ! આવો દિવ્ય આનંદ અમે સૌ અનુભવતા હતા તે એકાએક બંધ કેમ કરાવ્યો ?"

મહારાજે કહ્યું : "એ દિવ્ય આનંદનું રહસ્ય તમારા અંતરમાં દૃઢ થાય એટલા માટે ! આજે જે આનંદનો અનુભવ તમે કર્યો, તે આનંદ અમારા સંબંધનો હતો. પરંતુ અમારો સંબંધ તમારા અંતરમાં કાયમ ત્યારે જ રહે જ્યારે અમારા સ્વરૂપની દૃઢતા થશે. ત્યારે આ પ્રાપ્તિનો આનંદ તમારા અંતરમાં અખંડ રહેશે. ભગવાન છેટા છે એવું મનાશે નહીં અને અમારા સ્વરૂપમાં કદી મનુષ્યભાવ આવશે નહીં. એ અનુભવનું જ્ઞાન ઇન્દ્રિયો, અંતઃકરણથી પર છે."

એટલું કહીને મહારાજ બોલ્યા :

"આજે તો એકાંત છે એટલે તમને સૌને રહસ્યની વાત કરવી છે. એ વાત જેને જેને સમજાશે તેના અંતરમાં અમારા દિવ્ય સ્વરૂપનો આનંદ અખંડ રહેશે. આ આનંદ દિવ્ય અક્ષરધામનો છે. તમે પણ બધા એ ધામમાં જ બેઠા છો. કરોડો ચંદ્રનો પ્રકાશ તમારા શરીરમાંથી નીકળે છે તે અમે સાક્ષાત્ દેખીએ છીએ. જ્યારે તમને એવું મનાશે, ત્યારે અમારા સંબંધે તમને તમારો મહિમા સમજાશે. તમે કેવળ સાધુ નથી પણ અક્ષરધામના મુક્તો છો એવું જ્યારે તમને દૃઢ થશે ત્યારે પંચવિષય જીતવામાં કોઈ પ્રયાસ પડશે નહીં, સહેજે જીતાઈ જશે.

"જીવનમાં સુખ-દુઃખ આવે છે, જય અને પરાજય અનુભવાય છે, પરંતુ તે બધું કેવળ અમારી ઇચ્છાથી જ આવે છે એવું જ્યારે તમને સમજાશે ત્યારે અમારું કર્તાપણું અંતરમાં દૃઢ થશે અને જીવનમાં અનુભવાતા આવા દ્વન્દ્વોનું કારણ કાળ, કર્મ કે માયા છે તેવું કદી મનાશે નહીં. આ પ્રકારની સમજણથી કોઈના પ્રત્યે રાગ-દ્વેષ કે વૈમનસ્યના ભાવ અંતરમાં જાગશે નહીં.

"અમે જ સર્વકર્તા છીએ, તેથી અમારી મરજી વિરુદ્ધ કોઈ કાંઈ કરી શકતું નથી. તો અમને જે ન ગમતું હોય તે જીવો કેમ આચરી શકે ? આપણે જગતમાં પ્રવર્તેલા ફેલ ટાળવા સંકલ્પ કર્યો કે તરત જ એવા કલ્પિત સંપ્રદાયો જેને આધારે લોકો આવા ફેલ આચરતા હતા તે સર્વે નાશ થઈ ગયા. આપણી વિરુદ્ધ જે થાય છે, આવો શુદ્ધ એકાંતિક ધર્મ પ્રવર્તાવવાની આપણી જે રીત તે જેને નથી ગમતી, જે તેનો વિરોધ કરે છે, તેમનો સૌનો એક જ સપાટે કાળ નાશ કરી નાખશે, અમારા ઐશ્વર્યથી એવું થશે. પરંતુ સહેજે થશે એટલે કોઈને પરચો થયો છે એવું નહીં સમજાય. આ જ રીતે અમારી ઇચ્છાથી કાળ કાળનું કામ કર્યે જશે. આ ધર્મપ્રવર્તનમાં કોઈ પણ મનુષ્ય બાધા નાખી શકશે નહીં.

"અમારા પિંડની આ બ્રહ્માંડ સાથે એકતા છે. અમારા શરીરમાં સુખ અથવા દુઃખ આવે છે ત્યારે જગતમાં પણ તેવું જ પ્રવર્તે છે. આપણે જ્યારે

ખટરસના ત્યાગનો નિયમ ગ્રહણ કર્યો, ત્યારે જગતમાં દુષ્કાળ પડ્યો, કોઈને અન્નનો દાણો પણ ખાવા મળ્યો નહીં. જગતના કહેવાતા ડાહ્યા આ નહીં સમજી શકે.

"દુષ્કાળના એ વર્ષોમાં અમે નખ-કેશ વધાર્યા, ગુપ્ત રહ્યા. અમારું તેજ ઢાંકી રાખ્યું. ઐશ્વર્ય છુપાવી રાખ્યું, ત્યારે પૃથ્વીપતિ નરેશોની કાંતિ હણાઈ ગઈ. સૌ નિસ્તેજ બની ગયા. સૌનાં સિંહાસન ડોલવા લાગ્યાં. આ બધું સહેજે સહેજે થાય છે, કર્મની રેખા પ્રમાણે થાય છે, કાળની વિષમતાથી થાય છે એવું સૌ માને છે, પરંતુ ભગવાનની ઇચ્છાથી, અમારી ઇચ્છાથી બની રહ્યું છે એવું કોઈ સમજી શકતા નથી. અમારી પ્રસન્નતા હશે તો જગતમાં પ્રસન્નતા પાગરશે. અમારો અનાદર થશે તો જગતમા એવા ભાવો પ્રસરશે. અમે જેવા ભાવ અંગીકાર કરીએ, તેવા ભાવ જગતમાં પ્રવર્તે છે. અમારા કર્તાપણાની અંતરમાં આવી દૃઢતા થશે ત્યારે સુખ અને દુઃખમાં સમતા રહેશે. માન અને અપમાનમાં, જય-પરાજયમાં સ્થિર રહી શકાશે.

"એવાં દ્વન્દ્વોનો અનુભવ તમારા જીવનમાં પણ તમને સૌને થશે. પરંતુ તેવે સમયે સ્થિર બુદ્ધિ રાખજો. જે મારા છે તેનું હું જતન કરીશ જ. પરંતુ તમને સૌને આપેલા નિયમો જો તમે તોડશો કે અમારા સ્વરૂપની નિષ્ઠામાં ફેર પાડશો તો જાણજો કે અમારે ને તમારે કાંઈ લેવાદેવા નહીં રહે. જો દૃઢતાપૂર્વક વ્રત અને ટેકને વળગી રહેશો, તો તમે નિર્ભય છો. દેહ પડી જશે તોપણ આગળ અક્ષરધામનું સુખ મળશે. જે સુખનો લેશ તમે આજે અનુભવ્યો છે તે અખંડ સુખની પ્રાપ્તિ તમને અક્ષરધામમાં થશે. તેનું કારણ સમજી લેજો કે તમને સૌને એ અક્ષરથી પર એવા પુરુષોત્તમની પ્રાપ્તિ થઈ છે."[૯૬]

મહારાજે વાત પૂરી કરી અને રાત્રીનો છેલ્લો પ્રહર પૂરો થયો. સૌ સંતો જાગ્યા. જાણે સમાધિમાંથી જાગ્યા હોય, એક દિવ્ય સુખના મહાસમુદ્રમાં ડૂબકી મારીને બહાર નીકળ્યા હોય એવું સૌને લાગ્યું ! મહારાજના શબ્દો અંતરમાંથી પડઘા પાડતા તેમને સંભળાતા હતા : અક્ષરથી પર એવા પુરુષોત્તમની પ્રાપ્તિ તમને થઈ છે. તે જ સર્વકર્તા છે, સર્વ સુખના નિધિ છે. મહારાજે પોતાના પુરુષોત્તમ સ્વરૂપની વાત કરી, તે સ્વરૂપનો મહિમા સમજાવ્યો. અંતરમાં સાચવીને રાખવા જેવી મૂડી મહારાજે આપી દીધી.

---

૯૬. ભક્તચિંતામણિ; પ્ર. ૭૬માં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ આ ઉપદેશ વણી લીધો છે. શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૧૭, તરંગ-૫૦માં પણ આ ઉપદેશ છે.

મહારાજ ઊઠીને શૌચવિધિ કરવા પધાર્યા. સ્નાન કરી સફેદ વસ્ત્રો પરિધાન કરી સભામાં પધાર્યા એટલે હરિભક્તોએ મહારાજને હાર પહેરાવ્યા, માથે ફૂલનું છોગલું ખોસ્યું.

જેતલપુરમાં મહારાજ દસ દિવસ રહ્યા. આમ્ર ઉત્સવો કર્યા. કથાવાર્તાનો રંગ જમાવ્યો અને છેલ્લે છેલ્લે પોતાના સર્વોપરી સ્વરૂપના રહસ્યની વાત સંતો આગળ છતી કરી.

જેતલપુરના ભક્તો ગંગાદાસ તથા આશજીભાઈએ આ ઉત્સવ કરાવ્યો. દસ દિવસ સંતો-હરિભક્તોની તેમણે ખૂબ સેવા કરી, ખડે પગે રહ્યા. તેમણે ભક્તિભાવથી સંતો-હરિભક્તોની સેવા કરી એટલે તેમના અંતરમાં આ જ્ઞાનનું રહસ્ય મહારાજે છતું કર્યું. ઉપદેશથી કે અન્ય સાધનોથી જે ન બની શકે તે સ્વરૂપનિષ્ઠાનું રહસ્ય કેવળ પોતાની કૃપાથી જ પોતાના આ લાડીલા ભક્તોના અંતરમાં મહારાજે પ્રગટ કરી દીધું. આશજીભાઈ અને ગંગાદાસ કૃતાર્થ થઈ ગયા !

તે દિવસે સવારે સૌને પારણાં કરાવ્યાં. પછી મહારાજે સંતોને જુદા જુદા પ્રદેશમાં ફરવા જવાની આજ્ઞા આપી. બ્રહ્માનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, આનંદ સ્વામી વગેરે સંતોને બામણગામ જવાની આજ્ઞા કરી. નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી તથા અન્ય સંતોને પોતાની સાથે રાખ્યા.

ઉદ્‌ગીથ ૨૦

ગઢપુરમા ચાતુર્માસ - વરતાલમા અન્નકૂટ



(આ.સં. ૧૮૭૪, ઈ.સ. ૧૮૧૭)

મહારાજ જેતલપુરથી ગઢડા આવવા નીકળ્યા. રસ્તામાં મહેમદાવાદ પધાર્યા. ત્યાં બેચર ભટ્ટ, અંબારામ વગેરે હરિભક્તો શ્રીહરિનાં દર્શન થતાં પ્રસન્ન થયા.

ત્યાંથી ડભાણ થઈ વરતાલ પધાર્યા. વરતાલમાં પાંચ દિવસ રહી સુણાવ થઈ પાળજ પધાર્યા. પાળજના વિપ્ર જીભાઈએ સત્સંગ માટે ઘણાં કષ્ટ વેઠેલાં, તેના વખાણ કરી સાથેના હરિભક્તોને ઉપદેશ આપ્યો : "સત્સંગ માથા સાટે રાખવો. મહાવિષ્ણુરૂપ આ સત્સંગ મળ્યો છે તેને ક્ષણિક, લૌકિક લાભ માટે મૂકી દેવો નહીં."

એકાદ દિવસ પાળજ રોકાઈ શ્રીહરિ પેટલાદ, પીપલોઈ થઈ ખંભાતમાં નારેસર તળાવે ઊતર્યા. હરિભક્તો અહીં સુખડી લાવેલા. તે સંતોને વહેંચી દીધી. પછી મહારાજ પીપળી, ધોલેરા થઈ ગઢડા પધાર્યા.

ગઢપુરમાં ચાતુર્માસ : આ.સં. ૧૮૭૪

મહારાજે નક્કી કર્યું હતું કે ચાતુર્માસ ગઢપુરમાં ગાળવો. ચાતુર્માસમાં આવતા ઉત્સવો ગઢપુરમાં જ કરવા અને ગઢપુરવાસીઓની અનન્ય ભક્તિના ભાવને પૂરા કરવા. દાદાખાચરનો સમગ્ર પરિવાર મહારાજ ગઢપુરમાં જ ચાતુર્માસ કરશે તે જાણી ભાવવિભોર બની ગયો. જીવુબા, લાડુબાએ સેવા વહેંચી લીધી. સૂરપ્રભાદેવી તથા સોમબા ફુઈએ પણ સેવા લીધી. તેમના માણસોને તે પ્રમાણે કાર્યમાં જોડી દીધા.

મહારાજ દાદાખાચરના દરબારમાં રહેતા પણ કોઈ કોઈ વખત મોટી ડેલીએ બાપુ જીવાખાચરને ત્યાં પણ પધારતા. ત્યાં રહેતા, કથાવાર્તા કરતા અને

સંતો પાસે કીર્તન-ભક્તિ પણ કરાવતા.

દાદાખાચરના દરબારમાં સંતો, હરિભક્તો માટે રોજ નવાં પકવાનો થતાં. મહારાજ સૌને પીરસતા, આગ્રહ કરી જમાડતા. રાત્રે કથા થતી. પ્રેમાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી કીર્તન કરી, મહારાજની મૂર્તિ તાદૃશ્ય કરી દેતા. આવા દિવ્ય આનંદમાં દિવસો પસાર થતા હતા.

મહારાજના અંતરમાં બાપુ જીવાખાચર પ્રત્યે ભાવ હતો, તેમની ભક્તિની તેમને ગણના હતી. છતાં દાદાખાચર પ્રત્યેની ઈર્ષ્યાના ભાવથી એ ભક્તિને લાંછન લાગતું હતું. ભક્તિમાં વિઘ્ન આવે તેવા પોતાના સ્વભાવ હોય તેનો ત્યાગ કરવો એ સાચો ત્યાગ છે, એ ત્યાગમાં મોક્ષનો ખપ હોય છે. એવા અવળા સ્વભાવનો ત્યાગ ન થાય તો ભક્તના દ્રોહમાં આગળ વધતાં ભગવાનનો પણ દ્રોહ થઈ જાય છે.

વેદાંતાચાર્યને દ્વેષ થાય છે

આ જ અરસામાં દ્રાવિડી વિપ્ર શ્રી હરિહરાચાર્ય[૯૭] જે પોતાને વેદાંતાચાર્ય કહેવરાવતા હતા તે ભાવનગર જતાં રસ્તામાં ગઢપુર આવ્યા. તેમના અંતરમાં ભગવાન સ્વામિનારાયણે પ્રવર્તાવેલા એકાંતિક ધર્મની પ્રવૃત્તિ પ્રત્યે દ્વેષ હતો. તેમણે એ છૂપો રાખ્યો હતો. તે જીવાખાચરના દરબારમાં ઊતર્યા. મહારાજને આ ખબર પડી એટલે ગુપ્ત રીતે તેને જોવા માટે પોતે જીવાખાચરના દરબારમાં ગયા. ખુદ જીવાખાચરને પણ ખબર ન પડી કે મહારાજ પધાર્યા હતા.

પછી દાદાખાચરના દરબારમાં આવી મહારાજે તેમના પુરાણી પ્રાગજી દવેને પૂછ્યું : "પુરાણી ! આ વેદાંતાચાર્ય કોણ છે ?"

ત્યારે તેમણે કહ્યું : "વેદાંતાચાર્યનો તો મને પરિચય નથી. પરંતુ તેમના પિતા અનંતાચાર્ય મને અંજારમાં મળ્યા હતા. તેમનામાં વિદ્વત્તા કરતાં પણ દંભ મને વિશેષ જણાયો."

મહારાજે પ્રાગજી દવેને અમુક પ્રશ્નો શીખવાડ્યા અને કહ્યું : "તમે બાપુ જીવાખાચરના દરબારમા જાઓ અને વેદાતાચાર્યને આ પ્રશ્નો પૂછજો."

---

૯૭. રામાનુજી સંપ્રદાયનો એક રિવાજ છે કે તેમના સંપ્રદાયના આચાર્યોનાં નામોમાં 'હર' કે 'શિવ', 'શંકર' એવા શબ્દો આવે નહીં. તેથી આ હરિહરાચાર્ય નામ વિશે શંકા રહે છે. — લેખક

મહારાજની આજ્ઞા પ્રમાણે પ્રાગજી પુરાણી વેદાંતાચાર્ય પાસે ગયા. તેમને પ્રશ્નો પૂછ્યા. પછી વેદાંતાચાર્યે પણ તેમને પૂછ્યું : "તમે કોના શિષ્ય છો ?"

એટલે પ્રાગજી પુરાણીએ શ્રીજીમહારાજની જાતિ, જન્મ, કુળ, ગામ વગેરે હકીકતો કહી. તે સાંભળી વેદાંતાચાર્યે કહ્યું : "અમારે તેમને મળવું છે."

પ્રાગજી પુરાણીએ મહારાજને આ વાત કરી. મહારાજ જીવાખાચરના દરબારમાં પધાર્યા. વેદાંતાચાર્યને મળ્યા. તેમને મોટા જાણી જીવાખાચર પાસે તેમને સો રૂપિયા અપાવ્યા. વેદાંતાચાર્યને મહારાજનાં દર્શન કરતાં અંતરમાં શાંતિ થવાને બદલે ઊલટો મત્સર ઉત્પન્ન થયો !

જીવાખાચરની અપૂર્વ સેવા

આષાઢ ઊતર્યો અને શ્રાવણ બેઠો. ઘેલા નદીમાં પાણી બે કાંઠામાં ભરપૂર હતું. મહારાજની મહાપ્રસાદીનો ખળખળિયો ઉન્મત્ત ગંગાના નીરથી છલકાઈને ખળખળ વહેતો હતો. ભીમ એકાદશીએ કરેલી વાવણીના મોલ ધીરે ધીરે એક હાથ જેટલા બહાર નીકળ્યા હતા. લીલી ઓઢણી પહેરીને નાચતી કુંવારી કન્યાની જેમ ધીમા વાયરાથી ધ્રૂજતી ધરતી જાણે નૃત્ય કરતી હોય તેમ શોભતી હતી ! મેઘરાજની મહેર ઊતરી હતી.

મહારાજ દાદાખાચર તથા પાર્ષદો સાથે ગઢપુરની સીમમાં ફરતાં ફરતાં બાપુ જીવાખાચરના દરબારમાં પધાર્યા. અહીં આવી નાજા જોગિયાને કહ્યું : "આજે રાત અહીં રહેવું છે તો તે પ્રમાણે તૈયારીઓ કરી નાંખો."

તરત જ નાજા જોગિયા દાદાખાચરના દરબારમાં મહારાજનાં વસ્ત્રો, વાસણો વગેરે લેવા ગયા. અન્ય પાર્ષદોએ બાપુ જીવાખાચરના દરબારમાં મહારાજ જ્યાં ઊતરતા તે ઓરડામાં બધી વ્યવસ્થા કરી દીધી.

મહારાજ ત્યાં પધાર્યા. મોડી રાત સુધી કથાવાર્તા કરી. પછી સૌને પોતપોતાને ઉતારે જવાની આજ્ઞા કરી. વરસાદ ધીમો ધીમો પડતો હતો. મહારાજ પોઢવા ગયા પરંતુ એકાએક જીવાખાચરને બોલાવ્યા. જીવાખાચર આવ્યા. મહારાજે તેમને કહ્યું : "બાપુ દિશાએ જવું છે તે ફાનસ તૈયાર કરાવો."

ત્યારે બાપુએ કહ્યું : "મહારાજ ! બહાર વરસાદ વધ્યો છે. માટે બહાર વાડામાં જવાનું માંડી વાળો ને મારી સાથે પધારો."

મહારાજ તેમની સાથે ગયા. કેટલાક ઓરડાઓમાં સંતો સૂતા હતા તો કેટલાક ઓરડાઓમાં તેમનાં કુટુંબીજનો સૂતાં હતાં. તેમણે જોયું કે ફક્ત

રસોડામાં જ કોઈ સૂતું નથી. જીવાખાચર મહારાજને રસોડામાં લઈ આવ્યા અને કહ્યું : "મહારાજ ! અહીં આ ચૂલા ઉપર બેસો."

મહારાજે કહ્યું : "અરે બાપુ ! અહીં તે બેસાતું હશે ? બીજી જગ્યા બતાવો."

જીવાખાચરે કહ્યું : "મહારાજ ! અત્યારે બીજે ક્યાંય જવાય તેવું નથી અને બહાર વરસાદ એકધારો મંડ્યો છે. માટે આપ બેસો. અમે પછી સાફ કરીને ગોમૂત્ર અને ગાયના છાણથી લીપી નાંખશું." એમ કહીને મહારાજને તેમણે હાથ પકડી ત્યાં બેસારી દીધા. પોતે કમાડ વાસી બહાર ઊભા રહ્યા. મહારાજના સેવકો પણ બહાર ઊભા હતા.

મહારાજ દિશાએ જઈને આવ્યા. હાથ ધોતાં ધોતાં બોલ્યા : "બાપુ ! જગતમાં કોઈથી ન થાય એવું આપે આજે કર્યું છે."

"અરે મહારાજ ! આપ પુરુષોત્તમ નારાયણ ! આપની ચરણરજથી અમારું આ રાંધણિયું પાવન થઈ ગયું. મેઘરાજાએ મહેર કરી કે આવો સમો મળી ગયો." જીવાખાચર બોલ્યા.

મહારાજને સ્નાન કરવું હતું. વાડામાં લાકડાં, છાણાં બધાં જ વરસાદથી પલળી ગયાં હતાં. જીવાખાચરે તેમના ઓરડામાં તેમને સૂવાનો રંગીન ઢોલિયો હતો તે બહાર કઢાવ્યો અને કુહાડી લઈ પોતે જ તેની ઈસો ફાડવા લાગ્યા. મહારાજે આ જોઈ કહ્યું : "બાપુ ! આ શું કરો છો ? આવો રંગીન ઢોલિયો..."

"મહારાજ ! આ રંગીન ઢોલિયો આજે આપના ઉપયોગમાં આવી ગયો. આજે વરસાદ વરસ્યો તો બાવળિયાનું ને છાણાંનું પ્રારબ્ધ અમારા આ ઢોલિયાને મળી ગયું !"

મહારાજે સ્નાન કરતાં કરતાં ભગુજીને કહ્યું : "બાપુ જીવાખાચરની ભક્તિનો રંગ જોયો ને ?"

"હા, મહારાજ ! આવું તો કોઈથી ન થાય. આવી ભક્તિ, આવો પ્રેમ હોય તો બીજાં સાધન કરવાં ન પડે." ભગુજીએ કહ્યું.

"પણ દાદા પ્રત્યે ઈર્ષ્યા છે તેથી સોનાની થાળીમાં લોઢાની મેખની જેમ તેમની ભક્તિ વરવી દેખાય છે. દાદા જેવા પરમ ભક્તનો દ્રોહ તે તો અમારો દ્રોહ કર્યા બરાબર જ છે." મહારાજ શરીર લૂછતાં બોલ્યા.

એટલામાં બાપુ આવી ગયા. મહારાજે તેમનો હાથ પકડ્યો અને તેમની સાથે સૂવાના ઓરડામાં પધાર્યા. મહારાજે વસ્ત્ર પહેરતાં પહેરતાં કહ્યું : "બાપુ ! ભગવાનને માટે જે કાંઈ કર્યું હોય તે ભગવાન કોઈ દિવસ ભૂલતા નથી. પણ

દેશકાળે આપણા આ ભાવમાં ફેર ન પડે તેવું જાણપણું અખંડ રાખવું."

બાપુ કાંઈ સમજ્યા નહીં.

બીજે દિવસે દાદાખાચરના દરબારમાં મહારાજ પધાર્યા. દાદાખાચર, જીવુબા, લાડુબા, પાંચુબા બધી બહેનોને બોલાવ્યાં. મહારાજે તેમને કહ્યું : "બાપુ જીવાખાચરની ભક્તિનો રંગ કાલે રાત્રે અમે જોયો." એમ કહીને મહારાજે બધી વાત કરી.

ત્યારે જીવુબાએ કહ્યું : "મહારાજ ! આપની એમના ઉપર દૃષ્ટિ પડી ગઈ છે તેથી બાપુનું અંતર ફરી ગયું છે."

"પણ પછી અમે એમને કહ્યું કે દેશકાળે આવો ને આવો ભાવ રહે, કોઈના પ્રત્યે ઈર્ષ્યા, વેર એવા ભાવ અંતરમાં ન આવે એવું જાણપણું રાખવું." મહારાજે કહ્યું.

તે સાંભળી દાદાખાચર બોલ્યા : "મહારાજ ! બાપુ તો એવા ધર્મી અને સદાવ્રતી છે. વળી આપને વિષે ભક્તિભાવ પણ ખૂબ છે. અખંડ જાણપણું હોય તો જ આવી ભક્તિ થાય ને !" મહારાજ દાદાખાચરના શબ્દો સાંભળી હસ્યા. દાદાની વાણીમાં ભક્તિ હતી. એ ભક્તિના રંગથી તેઓ રંગાઈ ગયા હતા. તેમની ભક્તિની એ શોભા હતી.

ગઢપુરમાં કપિલા છઠનો ઉત્સવ : આ.સં. ૧૮૭૪

સંતોને મહારાજે ગઢપુરમાં રાખ્યા. દર્શનનું, વાતોનું અને પ્રસાદીનું સુખ આપ્યું. આ.સં. ૧૮૭૪નો ભાદરવો ચાલતો હતો. કપિલા છઠનો ઉત્સવ આવતો હતો. તેથી મહારાજે સૌ સંતોને કહ્યું : "કપિલા છઠનો ઉત્સવ કરીને સૌને રજા આપીશું."

આ પ્રસંગે દેશદેશાંતરથી સંતો-હરિભક્તો આવ્યા. મહારાજે સૌને દર્શન દેવા જુદો સ્વાંગ ધારણ કર્યો. પોતાનાં પ્રિય શ્વેત વસ્ત્રો ન પહેર્યાં. દશે આંગળી ઉપર સોનાના વેઢ પહેર્યા. બંને હાથમાં રત્નજડિત હેમનાં કડાં, બાંયે બાજુબંધ. સૂંથણી પણ ચીપી ચીપીને પહેરી. તેની રંગીન નાડીનાં રંગબેરંગી ફૂમતાં આષાઢના મેઘને જોઈને મોર ગેલમાં આવી નૃત્ય કરે તેમ મહારાજની વાત કરવાની ગતિ સાથે ઊછળતાં જાણે નૃત્ય કરતાં હોય તેમ શોભતાં હતાં ! કમર ઉપર સુંદર ફેંટો કસીને બાંધ્યો હતો. સંતોએ, ભક્તોએ આ દર્શન કર્યાં. તેમને મનમાં થયું કે મોટા મુનિઓના ધ્યાનમાં જે સ્વરૂપ ન આવ્યું તે સ્વરૂપ આજે

તેમને નયનગોચર બની દર્શન દે છે. આ તે કેવાં ભાગ્ય !

મહારાજ માણકી ઉપર સવાર થયા. માણકી મહારાજના સંબંધથી જ થનગની ગઈ. હર્ષમાં હણહણી અને લીંબડાને પ્રદક્ષિણા કરી. મહારાજે સંતોને, હરિભક્તોને કહ્યું : "જુઓ, આ માણકીને પણ આ લીંબડાનો કેટલો મહિમા છે !" માણકી જોતજોતામાં દરબારગઢની બહાર નીકળી ગઈ !

સૌ સાથે મહારાજે ઉન્મત્ત ગંગામાં સ્નાન કર્યું. સંતોએ, ભક્તોએ મહારાજને નવરાવવાનો લહાવો લીધો. મહારાજે સૌ ઉપર ઉન્મત્ત ગંગાનું અતિ પવિત્ર જળ છાંટી સૌને પાવન કરી દીધા. આ દિવ્ય સુખની સીમા ન હતી. સૌ કેફમાં અલમસ્ત બની ગયા.

વરતાલ તરફ પ્રયાણ

મહારાજ ગઢપુરમાં જેઠ વદમાં પધાર્યા હતા. આસો વદમાં તેમણે વરતાલ જવા નક્કી કર્યું. દીપોત્સવ વરતાલમાં કરવાની ઇચ્છા હતી. ગઢપુરના હરિભક્તોએ પણ મહારાજને રાજી થઈને રજા આપી. ચાર મહિના મહારાજે બ્રહ્માનંદ રેલાવ્યો. સૌને તરબોળ કરી દીધા. હવે એ આનંદ અંતરમાં જીરવવાનો હતો. બીજા ભક્તો પણ એ આનંદના ભોગી બને, મહારાજના સંબંધે ભક્તિનો સ્વાદ માણે એવી મહારાજની ઇચ્છા તેમણે પિછાણી. મહારાજની મરજીમાં પોતાની મરજી ભેળવી દીધી. મહારાજને રાજી થઈને રજા આપી.

ગઢપુરથી નીકળી મહારાજ કારિયાણી પધાર્યા. દીપોત્સવ નજીકમાં જ આવતો હોવાથી મહારાજની કોઈ ઠેકાણે રોકાવાની ઇચ્છા ન હતી. છતાં વસ્તાખાચરે કહ્યું : "મહારાજ ! એક દિવસ રોકાઓ તો અમે પણ બધા સાથે આવીએ."

મહારાજે કહ્યું : "હમણાં જ સૌ તૈયાર થઈ જાઓ. જમીને તરત જ ચાલવું છે." વસ્તાખાચર કાંઈ બોલી શક્યા નહીં.

મહારાજ જમ્યા. સાથેના સંતો-હરિભક્તોને પણ જમાડ્યા. પછી મહારાજ નીકળવાની તૈયારી કરતા હતા ત્યાં કોઈકે ખબર આપ્યા : "મહારાજ ! ઊનાથી કોઈક શેઠ આવ્યા છે."

મહારાજ આ સાંભળી તરત જ ઢોલિયા ઉપર બેસી ગયા, વસ્તાખાચરને બોલાવ્યા. તેમને કહ્યું : "ઊનાના ગણેશ શેઠ આવ્યા લાગે છે. તો તેમને જમાડવાની વ્યવસ્થા કરો. સાથે સંઘ હોય તો બીજી રસોઈ કરાવી નાખો. શેઠ

આવ્યા છે તો આપણે રોકાવું પડશે."

વસ્તાખાચર આ સાંભળી રાજી થયા. તેમને થયું કે મહારાજે શેઠના નિમિત્તે પણ આપણો સંકલ્પ પૂરો કર્યો.

અમે ગોત્રજને કહેશું કે તમને નડે નહીં

ગણેશ શેઠ મહારાજ પાસે આવ્યા. મહારાજને દંડવત્ કર્યા. પછી પાસે આવી પાઘડી ઉતારી મહારાજને પગે લાગ્યા. મહારાજે તેમને માથે હાથ મૂક્યો. થોડી વાર તેમને માથે હાથ રાખી પછી મહારાજ તેમના માથામાં હાથ ફેરવવા લાગ્યા. હાથ ફેરવતાં પૂછ્યું : "શેઠ ! ચોટલી ક્યાં ? બધું મુંડાવ્યું તે ભેગી ચોટલી પણ મુંડાવી નાખી ?"

શેઠે હાથ જોડી કહ્યું : "મહારાજ ! અમારા કુળને ગોત્રજ નડે છે, તેથી કોઈથી ચોટલી રાખી શકાતી નથી."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "ગોત્રજને વળી ચોટલી સાથે શું લેવાદેવા ? પણ કોઈ કુસંસ્કાર હશે એટલે હિંદુત્વની નિશાની રહેવા દેવી નહીં હોય." એમ કહીને બોલ્યા : "શેઠ ! તમે બધા હવે ચોટલી રાખજો. અમે ગોત્રજને કહી દેશું કે તમને નડે નહીં."

શેઠ વિશ્વાસુ હતા. તેમણે કહ્યું : "ભલે મહારાજ ! આપની આજ્ઞા પ્રમાણે હવે બધાને કહી દઈશ. સૌ ચોટલી રાખશે."

મહારાજ આ સાંભળી રાજી થયા.[૯૮]

---

૯૮. ગણેશ શેઠ મૂળ જૈનધર્મી હતા. તેમને ઊનાના હંસરાજ શેઠ સાથે સારો સંબંધ હતો. હંસરાજ શેઠને સત્સંગ સારો થયો હતો તેથી અવારનવાર તેમને ત્યાં આવતા. એક વખત સ્વામી રાઘવાનંદ તેમનું મંડળ લઈને ઊના આવ્યા. હંસરાજ શેઠે તેમને ઉતારો આપ્યો. પણ તેમને વિચાર આવ્યો કે ગણેશ શેઠની સાથે આપણે લેવડદેવડનો વહેવાર છે એટલે તેમની પાસે આ સંતોની સેવા કરાવીએ તો તેમને એ સંસ્કારથી સત્સંગ થાય. તેથી તેમણે ગણેશ શેઠને કહ્યું : "અમારે ત્યાં સાધુ આવ્યા છે તે જો તમારી મરજી હોય તો તમારે ત્યાં વોરવા આવે."
શેઠે તરત જ હા કહી. એટલે હંસરાજ શેઠે કહ્યું : "અમારા સાધુને એવો નિયમ છે કે રસ્તામાં વોરેલું લઈને જાય અને કોઈ સ્ત્રી અડી જાય તો તેમને ઉપવાસ પડે. તો જો તમારી ગમાણમાં બેસીને વોરેલું જમી લે તો તમને વાંધો નથી ને ?"
ગણેશ શેઠે કહ્યું : "એમાં શું વાંધો હોય ? તમારે ઘેર આવીને પણ જમવાનું છે તો અમારે ત્યાં ભલે જમી લે."

તમારો અરધો રૂપિયો ખરી મહેનતનો છે

પછી શેઠે મહારાજનાં ચરણ પાસે પાંચસે રાળ મૂક્યા. તે જોઈ ત્યાં ભીખા કોળી ભગત હતા તેને થયું કે "મારી પાસે અરધો રૂપિયો છે તે મહારાજને ભેટ આપવો છે. પણ આ શેઠના આટલા બધા રાળ પાસે મારો અરધો શા લેખામાં ?"

તેને વિચાર કરતો જોઈ મહારાજે તેને કહ્યું : "ભગત ! લાવો તમારો અરધો. આ પાંચસો રાળ કરતાં તમારો અરધો ખરી મહેનતનો છે. અમારે કિંમત મહેનતની કમાણીની જ છે." એમ કહી મહારાજે કોળી ભગતના હાથમાંથી અરધો રૂપિયો લઈ લીધો. ભગત તો કૃતાર્થ બની ગયા ! શેઠને પણ થયું કે વેપારમાં આડુંઅવળું કરીએ એવાં નાણાંની મહારાજને કિંમત નથી.

વરતાલમાં ઉત્સવનાં મંડાણ

મહારાજ સાંજે કારિયાણીથી નીકળી ગયા. મહારાજ જે જે ગામ જતા ત્યાં ત્યાંના હરિભક્તો મહારાજને રોકાવાનો આગ્રહ કરતા. પણ મહારાજ રોકાતા નહીં અને તેમને સૌને સાથે લઈને ચાલી નીકળતા. આમ, મહારાજ સાથે સંઘ મોટો થઈ ગયો.

આસો વદ બારશને દિવસે મહારાજ વરતાલ પધાર્યા. વરતાલમાં

આ પ્રમાણે રાઘવાનંદ સ્વામી તેમના મંડળ સાથે ગણેશ શેઠને ઘેર વોરવા ગયા અને ત્યાં જ તેમણે સૌએ જમી લીધું.

પછી તેમની વાતો સાંભળવા ગણેશ શેઠ, વર્ધમાન શેઠ, દેવજી શેઠ, પ્રેમજી શેઠ, જેઠા શેઠ, વલ્લભજી શેઠ, સવચંદ ગાંધી વગેરે આવ્યા. રાઘવાનંદ સ્વામીની વાતો સાંભળી તેમને સત્સંગ થયો, વર્તમાન ધરાવ્યાં.

થોડા સમય બાદ ગણેશ શેઠ મહારાજનાં દર્શન કરવા ગઢડા આવ્યા ત્યારે મહારાજે તેમને કહ્યું : "શેઠ ! ઊનામાં સાધુને રહેવાની જગ્યા તમારા ઘરની બાજુમાં કરાવો. સાધુને ઊતરવાની જગ્યા હોય તો સત્સંગ વધે." એમ કહી મહારાજે તેમને શાલિગ્રામ આપ્યા અને કહ્યું : "આ શાલિગ્રામની અમે બહુ પૂજા કરી છે. વનમાં એક વાર બહુ પાણી પી ગયા હતા." આમ, શાલિગ્રામ તથા લાલજીની મૂર્તિ આપી મહારાજે તેમને કહ્યું : "આ બંને મૂર્તિઓ તે જગ્યામાં પધરાવજો અને તેમના માટે આજીવિકાનું નક્કી કરજો."

ત્યારથી ઊનામાં સત્સંગની જમાવટ થઈ.

– શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૧, વાર્તા ૩૫૨.

હરિભક્તોનો સમૂહ સારી સંખ્યામાં આવી ગયો હતો.

મહારાજ સીધા વાસણ સુથારને ઘેર પધાર્યા. ત્યાં ઉતારો કર્યો. કાઠી દરબારોને નારાયણગિરિના મઠમાં ઉતારો આપ્યો. કેટલાક હરિભક્તોને ત્યાંના પાટીદારોના ઘેર ઉતારો આપ્યો. બીજા સૌ ગોમતીકાંઠે, સીમમાં, ખેતરમાં, રાવટીઓમાં, તંબુઓમાં ઊતર્યા. આવા સમૈયામાં મહારાજનાં કેવળ દર્શનનો જ લાભ મળે, તે પણ ક્ષણ બે ક્ષણ. છતાં એટલી ક્ષણનાં દર્શનનો પણ મહામોટો મહિમા સમજી હરિભક્તો દૂરદૂરથી, કોઈ ગાડામાં તો કોઈ રથમાં, કોઈ અશ્વ ઉપર તો કોઈ ચાલતા, આવ્યે જતા હતા. એક ક્ષણ કે અર્ધી ક્ષણના મહારાજનાં દર્શનનો પણ તેમના અંતરમાં બહુ મોટો મહિમા હતો. વૃદ્ધો પણ આવતા, સ્ત્રીઓ પણ આવતી. લાંબા પંથમાં સ્ત્રીઓ માટે જોખમ વિશેષ હતું. પરંતુ મહારાજના આધારે, તેમનું સ્મરણ કરતાં સૌ ઘેરથી ચાલી નીકળતાં.

આટલો મોટો સંઘ આવ્યો હતો એટલે મહારાજે બાપુભાઈને કહ્યું : "ચાલો, સંઘને દર્શન દેવા જઈએ. શું વ્યવસ્થા છે તે પણ જોઈ લઈએ. કોઈને કોઈ ચીજ-વસ્તુ, ખરચી જોઈતાં હોય તો આપીએ."

બાપુભાઈ સમજી ગયા. મહારાજના અંતરમાં આ બધા હરિભક્તો સમાઈ ગયા હતા. તેમણે નાણાંની થેલી સાથે લીધી.

મહારાજ માણકી ઉપર બિરાજ્યા. આખા સંઘમાં ફર્યા. શું વ્યવસ્થા છે તે જોયું. મહારાજ સંઘમાં કહેતા જતા હતા : "ખાવા-પીવાનું જોઈએ તો સીધા-સામગ્રીની વ્યવસ્થા કરી છે. વાટખરચી જો ખૂટી ગઈ હોય તો માંગી લેજો, અમે નાણાંની થેલી ભેગી લાવ્યા છીએ. રાત્રે ચોરચકારથી સાવધાન રહેજો."

હરિભક્તો મહારાજને જોઈ રાવટીઓ, તંબુઓમાંથી બહાર આવી જતા. "મહારાજ પધાર્યા. દર્શન કરી લ્યો, ઝટ બહાર આવો." એમ બોલતા બે હાથ જોડી મહારાજની પાસે આવી જતા. કેટલાક દંડવત્ કરતા, સ્ત્રીઓ પંચાંગ પ્રણામ કરી લેતી. આમ, મહારાજનાં દર્શનથી સૌનાં હૈયાં ભર્યાં ભર્યાં થઈ જતાં. વીજળીનો ઝબકારો થાય તેમ મહારાજ આવતા અને ચાલ્યા જતા. પણ એ ક્ષણિક પ્રકાશથી પણ સૌના અંતરમાં પ્રકાશ પથરાઈ જતો.

ગાયો એ આપણું ધન છે

ધનતેરસને દિવસે મહારાજે સૌને કહ્યું : "ચાલો, નારાયણ બાગમાં." એમ કહીને પોતે માણકી ઉપર બિરાજ્યા. સૌ કાઠી દરબારો પોતપોતાના અશ્વ

ઉપર બેઠા. નારાયણ બાગમાં સૌ આવ્યા. અહીં મહારાજે ગાયોનું પૂજન કર્યું. મહારાજે કહ્યું : "ગાયો એ આપણું ધન છે. તે ધન આપણે સાચવવું. ગાય એ પૃથ્વીનું સ્વરૂપ છે એટલે માતા તુલ્ય પણ છે. જેમ પૃથ્વીને જન્મદાત્રી માનીને તેના સારુ માથાં વઢાવીએ છીએ, તેમ ગાયમાતાનું રક્ષણ પણ એવી જ ભાવનાથી કરવું."

ચૌદશને દિવસે હનુમાનજીનું પૂજન કર્યું. ભગવાનની સેવાથી ભક્તનું માહાત્મ્ય વધે છે. મહારાજે એવા ભક્તનું ગૌરવ વધાર્યું. મહારાજ કહેતા ઉત્તમ ભક્ત હંમેશાં પોતાના ઇષ્ટદેવનો જ મહિમા ગાય છે. તેની એવી ભક્તિથી પ્રસન્ન થઈને ભગવાન તે ભક્તનો મહિમા વધારે છે.

અત્યારે જ્યાં લક્ષ્મીનારાયણનું મંદિર છે, ત્યાં બોરડીનું ઝાડ હતું. આજુબાજુ જગ્યા વિશાળ હતી. ત્યાં મંચ બાંધ્યો હતો. મહારાજ ચૌદશની રાત્રે ત્યાં પધાર્યા. મશાલોના પ્રકાશથી સર્વત્ર અજવાળાં પથરાઈ ગયાં હતાં. ઝળાંઝળાં થતા આ પ્રકાશના પાલવમાં સંતો, હરિભક્તોની વિરાટ મેદની નાખી નજર ન પહોંચે એ રીતે પથરાઈને બેઠી હતી. કાઠી અસવારો અશ્વ ઉપર બેસી સભાની આજુબાજુ ફરતા હતા. આથી વ્યવસ્થા પણ જળવાતી હતી અને સંઘની રક્ષા પણ થતી હતી.

પુરુષોત્તમનું માહાત્મ્ય

મહારાજે પોતાની બંને ભુજાઓ ઊંચી કરી એટલે સભામાં ઘોંઘાટ થતો હતો તે બંધ થઈ ગયો. સંતોએ ઝિલણિયાં કીર્તન શરૂ કર્યાં. થોડી વારે સભા એકદમ સ્વસ્થ થઈ ગઈ. શાંતિ પથરાઈ ગઈ. પછી શ્રીજીમહારાજે વાત શરૂ કરી :

"આ ઉત્સવમાં તમે સૌ આવ્યા છો એટલે કાંઈ ભાથું બાંધીને જાઓ તો તમને કામમાં લાગે. બીજે ઉત્સવો થાય છે તેને લોકો મેળા કહે છે. જન્માષ્ટમીનો મેળો, રામનવમીનો મેળો, એકાદશીનો મેળો; આવા પવિત્ર ઉત્સવના દિવસે એવા મેળા ભરાય છે. તેમાં સ્ત્રી-પુરુષો ભેગાં મળીને રાસ રમે, જુગાર રમે – એમ અનેક પ્રકારનાં ફેલ કરે. ધર્મના તત્ત્વને આથી લાંછન લાગે છે.

"આપણે ત્યાં તો આવા ઉત્સવોમાં સ્ત્રી-પુરુષો પોતાની મર્યાદામાં રહીને વર્તે છે. જ્ઞાનવાર્તા, કીર્તન-ભક્તિમાં ભાગ લે છે. ઇન્દ્રિયો, અંતઃકરણને ભગવાનની મૂર્તિ વિના બીજે ક્યાંય જવા દેતા નથી. તેથી અંતરમાં કદી અધર્મ પ્રવેશતો નથી." એટલું કહીને મહારાજે કહ્યું : "આ સંસારમાં લોકોને અધિક

અને અધિક સુખ પામવાની ઇચ્છા રહે છે. સાધારણ મનુષ્ય હોય પણ તેના અંતરમાં રાજા થવાના મનસૂબા થાય છે. વળી રાજા હોય તેને દેવ બનવાની ઇચ્છા રહે છે. વળી દેવોને ઇન્દ્ર પદવી પ્રાપ્ત કરવાના કોડ જાગે છે. ઇન્દ્રને પણ સંતોષ નથી એટલે બ્રહ્મા થવા ઇચ્છે છે. પરંતુ તેમના જીવને ખબર નથી કે આ બધી મોટપનો તો એક દિવસ કાળ નાશ કરી નાખશે."

તે સાંભળી એક હરિભક્તે મહારાજને પ્રશ્ન પૂછ્યો : "મહારાજ ! કાળની ગતિ ક્યાં સુધી છે ?"

મહારાજે કહ્યું : "બ્રહ્માથી પર વિરાટ છે, તેથી પર પ્રધાન અને પુરુષ છે. પ્રધાન-પુરુષથી પર મૂળ પુરુષ અને મૂળ પ્રકૃતિ છે. ત્યાં સુધી આપણાં શાસ્ત્રોમાં વર્ણન છે. મૂળ પુરુષને પરમાત્મા કહ્યા છે અને મૂળ પ્રકૃતિને તેમની શક્તિ કહી છે. પરંતુ તેથી આગળ કોઈની કલ્પના ગઈ નથી. પણ પ્રકૃતિ-પુરુષથી પર અક્ષર છે જેનો અપાર યશ સર્વત્ર વ્યાપી રહ્યો છે. એ દિવ્ય અક્ષરધામમાં કાળની ગતિ નથી. મૂળ પ્રકૃતિ અથવા મહામાયા એ અક્ષરના એક રોમકૂપમાં લીન થઈ જાય છે. તે અક્ષરબ્રહ્મથી પર પુરુષોત્તમ છે. તે આજે મનુષ્યદેહ ધારણ કરી તમને સર્વને નયનગોચર વર્તે છે. જેનાં દર્શન પ્રકૃતિ પુરુષ પર્યંતના કોઈ લોકના અધિષ્ઠિત દેવને નથી, તે પુરુષોત્તમ નારાયણ આજે તમને સૌને સુગમ બન્યા છે. તેનાં દર્શન સુગમ, વાતો સુગમ, પ્રસાદ સુગમ, સ્પર્શ સુગમ – એમ સર્વ પ્રકારે સોંઘા બની તમને એ અક્ષરધામમાં ગતિ કરાવવા પ્રગટ થયા છે.

"એટલે આપણા ઉત્સવોમાં આવી જે જાણ્યે કે અજાણ્યે અમારાં લીલાચરિત્રોની વાતો સાંભળશે તે બધાં જ જન્મ-મરણના તાપથી મુક્ત થઈ જશે અને જે અમારા સ્વરૂપને યથાર્થ સમજશે તે ભક્તના અંતરમાં આ જ્ઞાનનો પ્રકાશ વ્યાપી જશે. વળી, અમારા પુરુષોત્તમ સ્વરૂપને જે માહાત્મ્ય સહિત સમજશે તો તે ભક્ત દેહ મૂકીને અક્ષરબ્રહ્મરૂપ થઈ અમારી સેવામાં અખંડ જોડાઈ જશે."[૯૯]

સર્વ તત્ત્વોનું તત્ત્વ અક્ષરબ્રહ્મ છે

આ સાંભળી મહારાજને પ્રશ્ન પૂછ્યો : "મહારાજ ! એ માહાત્મ્ય કેવી રીતે સમજવું ?"

---

૯૯. ભક્તચિંતામણિ; પ્ર. ૭૭.

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "માહાત્મ્યે સહિત એટલે તત્ત્વે સહિત. પૃથ્વીથી લઈને પ્રકૃતિ, પુરુષ સુધીનાં સર્વ તત્ત્વોનું કારણ અક્ષરબ્રહ્મ છે. તેથી એ અક્ષરબ્રહ્મ સર્વ તત્ત્વોનું તત્ત્વ છે. એ અક્ષરબ્રહ્મ સહિત અમારો મહિમા સમજાય ત્યારે માહાત્મ્યે સહિત અમારો મહિમા સમજાયો કહેવાય. એ અક્ષરબ્રહ્મની જ્યારે ઓળખાણ થાય ત્યારે જ તેમનાથી પર અમારા પુરુષોત્તમ સ્વરૂપનો મહિમા સમજી શકાય. અમને તેથી શાસ્ત્રમાં પર થકી પર અને તેથી પણ પર કહ્યા છે.[૧૦૦] મૂળ પુરુષ અને મૂળ પ્રકૃતિ એ બીજાં સર્વ તત્ત્વોથી પર છે. તેથી પર અક્ષરબ્રહ્મ છે અને તેથી પર અમે છીએ."

પુરુષોત્તમ નારાયણના શ્રીમુખે તેમના અપરિમિત મહિમાની, તેમના સ્વરૂપની આ વાત સાંભળી સભામાં સૌ સ્થિર થઈ ગયા. માનવસ્વરૂપ ધારી નયનગોચર વર્તતા પુરુષોત્તમ નારાયણ આવા મહાન છે ? આ તો કલ્પનામાં પણ ન આવે એવી વાત છે. પર થકી પર અને તેથી પર એવા આ સ્વરૂપની ઝાંખી તો મોટા મોટા મુનિઓને પણ થઈ નથી. જ્યારે આપણને આજે તે પુરુષોત્તમ નારાયણ સાક્ષાત્ દર્શન દે છે, વાતો કરે છે, સાથે રમે છે, રમાડે છે – એમ અનેક પ્રકારે લાડ લડાવે છે ! સૌને લાગ્યું આવી પરા ને પાર પ્રાપ્તિના કેફથી ગાંડા થઈ જવાશે. મહારાજે સૌનાં મુખ ઉપર આનંદ જોયો, કૃતાર્થતાનો ભાવ જોયો. તેવા આનંદસભર બનાવી સૌને કહ્યું : "રાત્રી ઘણી વીતી ગઈ છે માટે સૌ પોતપોતાના સ્થાનકે જાઓ. અમે પણ ગામમાં અમારે ઉતારે જઈએ છીએ."

આ ઉત્સવોમાં ભાગ લેવો એ જ ભક્તિ ! (દીપોત્સવ : આ.સં. ૧૮૭૪)

દીપોત્સવના દિવસે સવારથી જ ભક્તો ઉત્સવઘેલા બની ગયા હતા. ગઈ રાત્રે મહારાજે વાત કરી તેથી સૌના અંતરમાં એ દિવ્ય કેફની મસ્તી વ્યાપી ગઈ હતી. બ્રહ્માંડાધિપતિઓને પણ જે સ્વરૂપની ઓળખાણ નથી, જેમનાં દર્શન નથી તે પુરુષોત્તમ નારાયણનો આજે તેમને સાક્ષાત્ સંબંધ થયો એ કેટલાં મોટાં ભાગ્યની વાત કહેવાય ! સૌ આ દિવ્ય આનંદની મસ્તીમાં રાત્રીના ઉત્સવની રાહ જોઈ આમ તેમ ફરતા હતા.

મંડપમાં સુંદર દીપમાળા રચી હતી. મધ્યે વેદી તૈયાર કરી હતી. તે ઉપર મહારાજ માટે સુંદર બેઠક ગોઠવી હતી. જરિયાન વસ્ત્રો, આભૂષણો ધારી

૧૦૦. વચનામૃત : ગ.પ્ર. ૬૪.

મહારાજ પધાર્યા અને ગગનભેદી જયઘોષના અવાજ થયા. મહારાજ વેદી ઉપર બિરાજમાન થયા. અંધકારને નાશ કરતો એવો પ્રકાશ જોઈ સૌ વિચાર કરવા લાગ્યા કે મહારાજ પ્રકાશમય દેખાય છે કે આ બધા મુક્તો પ્રકાશમય દેખાય છે કે આ સમગ્ર સભા પ્રકાશમય દેખાય છે ? સર્વત્ર પ્રકાશ પ્રકાશ સૌએ જોયો. પોતાના શરીર પણ પ્રકાશમય જોયા. એ પ્રકાશ હજી વધુ પ્રકાશમય બને તે માટે મહારાજે સંતો પાસે કીર્તન-ભક્તિ કરાવી. પોતે પણ દીપ-ઉત્સવનું રહસ્ય સમજાવ્યું. અર્ધી રાત વીતી એટલે મહારાજે સૌને રજા આપી. પોતે પણ પોતાના ઉતારે પધાર્યા.

બીજો દિવસ પણ ઉત્સવનો હતો. અન્નકૂટ ઉત્સવ ! उत्सवाद् उत्सवा यान्ति - એક ઉત્સવમાંથી બીજો ઉત્સવ, તેમ ઉત્સવો આવ્યા જ કરતા. સૌને પ્રતીતિ થઈ કે આ ઉત્સવોમાં ભાગ લેવો એ જ ભક્તિ ! અહીં મહારાજના સાન્નિધ્યમાં ઇન્દ્રિયો-અંતઃકરણની ધારા કુંઠિત થઈ હતી. જગત અને જગતના પંચવિષય તરફ ઇન્દ્રિયોની વૃત્તિ ઉન્મુખ હતી તે મહારાજના સંબંધથી સહજમાં સિદ્ધ થઈ ગયું !

પ્રભાતે મહારાજ જાગ્યા, શૌચવિધિ કરી દાતણ કર્યું. સ્નાન કર્યું. પછી અન્નકૂટ માટે શું શું તૈયારીઓ કરી છે તે પૂછ્યું. પાકશાળામાં પધાર્યા. ઝીણવટથી બધું જોયું. સૂચનાઓ આપી. પછી પોતે ઠાકોરજી સન્મુખ અન્નકૂટ ગોઠવાતો હતો ત્યાં પધાર્યા. સમગ્ર વાનગીઓ ગોઠવાઈ ગઈ એટલે પોતે ઠાકોરજીની આરતી ઉતારી. મહારાજે સનાતન રીત સ્વીકારી હતી એટલે તેમની આ પ્રકારની ક્રિયા જોઈ કેટલાકને મોહ પણ થતો, તેમના પુરુષોત્તમ સ્વરૂપમાં શંકા પણ થતી. પરંતુ ભગવાનપણું એ સનાતન પ્રણાલીની જાળવણીમાં જ છે. એ પ્રણાલી તોડનારા, પોતાને ભગવાન કહેવડાવનારા આધુનિકોએ સંપ્રદાયો બગાડ્યા છે. ધર્મમાર્ગને ભ્રષ્ટ કર્યો છે.

પછી મહારાજ થાળ જમવા પધાર્યા. આજે માલપૂડા અને દૂધપાકની રસોઈ હતી. મહારાજે કહ્યું : "આજે બધાને ખૂબ જમાડીએ."

પોતે પધાર્યા. દૂધપાક અને માલપૂડા સંતોની તથા હરિભક્તોની પંક્તિમાં પાંચ વખત ફરી ખૂબ પીરસ્યા. સૌને તૃપ્ત કરી દીધા. જ્ઞાનામૃતથી પણ સૌ તૃપ્ત થઈ ગયા હતા અને અમૃતમય ભોજન - મહારાજની પ્રસાદી - તે જમીને પણ સૌ તૃપ્ત થઈ ગયા ! મહારાજે વરતાલમાં દિવ્ય સમૈયો કર્યો. તે સમૈયાની સ્મૃતિ હૈયામાં સાચવી સૌ જુદા પડ્યા.

ઉદ્‌ગીથ ૨૧



વેદાંતાચાર્યનો પરાજય

(આ.સં. ૧૮૭૪, ઈ.સ. ૧૮૧૭)

મહારાજ ગઢડામાં હતા ત્યારે તેમને સમાચાર મળ્યા હતા કે વેદાંતાચાર્ય ભાવનગરમાં ચાતુર્માસ કરવા રોકાવાના હતા. તેથી મહારાજે તેમના ઉપર પત્ર લખી એક બ્રાહ્મણને તે પત્ર તેમને પહોંચાડવા ભાવનગર મોકલ્યો. વેદાંતાચાર્યે મહારાજનો પત્ર વાંચ્યો. તેમનું અંતર ઈર્ષાના ભાવથી પીડિત હતું. તેમણે મહારાજના પત્ર**નો** જવાબ આપ્યો નહીં.

સંપ્રદાયને વિશ્વવ્યાપી બનાવવો છે

મહારાજ ગઢડા પધાર્યા અને ત્યાં પ્રબોધિની એકાદશીનો ઉત્સવ કર્યો. એકાએક તેમણે વેદાંતાચાર્યને યાદ કર્યા. એટલામાં નથુ ભટ્ટ અમદાવાદથી ત્યાં આવ્યા. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! વેદાંતાચાર્ય તો અત્યારે શ્રીનગરમાં છે. મને મળ્યા હતા અને આપના ઉપર આ પત્ર લખી આપ્યો છે."

મહારાજે તે પત્ર શુકમુનિને આપ્યો. તે વાંચ્યો એટલે મહારાજે કહ્યું : "આપણે સૌ વરતાલ જઈએ. વેદાંતાચાર્યને ત્યાં બોલાવીએ." એમ કહીને સૌને તૈયાર થવાનું કહ્યું.

એટલે જીવુબાએ પૂછ્યું : "મહારાજ ! હજુ તો હમણાં જ આપ પધાર્યા અને એટલી ઉતાવળ કરી પાછા વરતાલ પધારો છો ?"

મહારાજે હસતાં હસતાં કહ્યું : "જીવુબા ! દિગ્વિજય કરવો છે. એકાંતિક ધર્મના પાયા ઊંડા નાખવા છે. સંપ્રદાયને વિશ્વવ્યાપી બનાવવો છે."

જીવુબા આમાં કાંઈ સમજ્યાં નહીં. પરંતુ તેમને લાગ્યું કે મહારાજ કોઈ સબળ હેતુ વિના આટલા થોડા જ વખતમાં પાછા વરતાલ ન પધારે. તેમણે કહ્યું : "ભલે મહારાજ ! પધારો."

દાદાખાચર, સુરાખાચર, સોમલાખાચર, માતરા ધાધલ વગેરે ભક્તોને તૈયાર કર્યા. મહારાજ ગઢપુરથી નીકળી સારંગપુર થઈને રોજકા પધાર્યા. અહીં કાકાભાઈએ બહુ જ સેવા કરી. ત્યાંથી ભાલમાં ખસ થઈને પચ્છમ પધાર્યા. કમિયાળામાં જમ્યા. બોરુમાં પ્રશ્નોરા બ્રાહ્મણ હરિભક્તને ત્યાં રાત રહ્યા. તેનો ભાવ હતો તેથી ત્યાં પણ જમ્યા અને પછી ત્યાંથી નીકળી સીંજીવાડા થઈને વરતાલ પધાર્યા.

આટલા થોડા જ દિવસોમાં મહારાજ ફરી વડતાલ પધાર્યા તેથી ત્યાંના ભક્તોને આશ્ચર્ય થયું, આનંદ પણ થયો. વાસણ સુથારને ત્યાં મહારાજ ઊતર્યા.

પછી મુક્તાનંદ સ્વામીને મહારાજે બોલાવ્યા. તેમને કહ્યું : "તમે એક રથ અને આ રવાજી તથા બીજા બે પાર્ષદો લઈને શ્રીનગર જાઓ. વેદાંતાચાર્ય હાલ ત્યાં છે, તો તેમને કહો કે સ્વામિનારાયણ ભગવાન વરતાલ પધાર્યા છે અને તમને ત્યાં તેડાવ્યા છે."

મુક્તાનંદ સ્વામી તરત જ પાંચ સંતોને લઈને રથમાં બેસી અમદાવાદ જવા રવાના થયા. બીજે દિવસે અમદાવાદ પહોંચ્યા. ત્યાં સંતોની જગ્યામાં ઊતર્યા. નથુ ભટ્ટને ખબર આપ્યા. તેમણે વેદાંતાચાર્યને સમાચાર આપ્યા કે "તમને સ્વામિનારાયણ ભગવાને ખાસ વરતાલ તેડાવ્યા છે. અમારા મુખ્ય સંત જે મુક્તાનંદ સ્વામીને તેમણે તમને લેવા માટે મોકલ્યા છે."

વેદાંતાચાર્ય આ સાંભળી રહ્યા. તે વિદ્વાન હતા એનું તેમને અભિમાન હતું. અભિમાનની મોટપમાં તે રાચતા હતા. છતાં મહારાજના આમંત્રણથી તેને બીક લાગી કે કદાચ મારી મોટપ સવી તો નહીં જાય ને ! તેથી તેને મહારાજનું આમંત્રણ સ્વીકારતા સંકોચ થવા લાગ્યો. વળી, અન્ય વેરાગીઓએ પણ તેમને કહ્યું : "સ્વામિનારાયણને ગરજ હોય તો તે અહીં આવે તમારે શા માટે સામા જવું ?" છતાં વેદાંતાચાર્યને મનમાં થયું કે વરતાલ જઈશ તો કાંઈક પુરસ્કાર મળશે. વળી, જીત કરીશ તો સ્વામિનારાયણને પાછા પાડવા બદલ પ્રતિષ્ઠા પણ મળશે. તેણે તરત જ મહારાજનું આમંત્રણ સ્વીકારી લીધું.

શ્રીનગરથી મુક્તાનંદ સ્વામી વેદાંતાચાર્ય સાથે નીકળી ડભાણ આવી રાત રહ્યા. બીજે દિવસે બપોરે ડભાણથી નીકળ્યા. બામણોલી આવ્યા. મહારાજને તરત જ તખા પગીએ સમાચાર આપ્યા. મહારાજ સંતો-હરિભક્તોને લઈને આચાર્યનું સન્માન કરવા બામણોલી પધાર્યા. અહીં તેમનું યથાયોગ્ય સન્માન કર્યું. લાખો મનુષ્યો જેમને પરમાત્મા સમજી પૂજે છે, વંદે છે, ભજન કરે છે તે

અક્ષરનાથ, વિદ્વાન આચાર્યની પદવીને સન્માનવા આ રીતે સન્મુખ પધાર્યા. છતાં વેદાંતાચાર્ય વિદ્વત્તાનો ઘમંડ છોડી શક્યા નહીં. સંતોએ, હરિભક્તોએ આ જોઈ લીધું. પણ મહારાજની દૃષ્ટિ અલ્પને મેરુ બનાવવાની હતી. તેનું માન મોડવાની ન હતી.

વરતાલ આવી આંબાવાડિયામાં આંબા નીચે સભા કરી વેદાંતાચાર્યનું ફૂલહારથી સન્માન કર્યું. ત્યાં જ સંધ્યા આરતી કરી. પછી મહારાજ ઊઠ્યા. વેદાંતાચાર્ય પણ ઊઠ્યા. મહારાજે જોબન પગીને કહ્યું : "આ આચાર્ય મહારાજને નારાયણગિરિના મઠમાં ઉતારો આપો. ઘી, ખાંડનાં સીધાં આપજો અને સારી રીતે સેવા કરજો."

જોબન પગી વેદાંતાચાર્યને નારાયણગિરિના મઠમાં લઈ આવ્યા. તેમની તમામ પ્રકારે સગવડતા સચવાય તેવી વ્યવસ્થા કરી દીધી. બે હરિભક્તો તેમની સેવામાં રાખ્યા.

તેમના ઘમંડ ઉપર અમારી દૃષ્ટિ નથી

જોબન પગી મહારાજ પાસે આવ્યા અને તમામ વ્યવસ્થા કરી દીધી હતી તે વાત કરી. બાપુભાઈ તથા અન્ય હરિભક્તો પણ ત્યાં બેઠા હતા. બાપુભાઈએ કહ્યું : "મહારાજ ! આ કોણ છે ? મોઢા ઉપરથી તો ઘમંડી દેખાય છે."

એટલે સુરાખાચરે કહ્યું : "મહારાજને આવા ને આવા ઠીક મળી રહે છે."

મહારાજ તે સાંભળી હસ્યા. પછી કહ્યું : "આ તો વિદ્વાન વિપ્ર છે, રામાનુજ સંપ્રદાયના છે. ભગવાનનું દાસભાવે ભજન કરે છે એટલે અમને પ્રિય છે."

"પણ મહારાજ ! એના ઘમંડમાં કાંઈ દાસભાવ તો દેખાતો નથી." સુરાખાચરે કહ્યું.

"છતાં તે આત્મનિવેદી છે; કોઈના હાથનું પાણી પણ તેમને ખપતું નથી; રસોઈ પણ હાથે જ બનાવે છે; શિખા, સૂત્ર, તિલક, કંઠી રાખે છે. રામાનુજ સંપ્રદાયની પરંપરાની ગાદી ઉપર છે તેથી આચાર્ય કહેવાય છે. ત્રિદંડ રાખે છે અને વિષ્ણુ ભગવાનના આયુધોની છાપો લઈ ચક્રાંકિત પણ થયા છે. તેમનામાં આટલા ગુણ છે તેથી તેમના ઘમંડ ઉપર અમારી દૃષ્ટિ નથી, ગુણ ઉપર દૃષ્ટિ છે."

મહારાજનો અભિપ્રાય સૌ સમજી ગયા.

બીજે દિવસે સવારે જે હરિભક્તો વેદાંતાચાર્યની સેવામાં હતા તેમણે મહારાજ પાસે આવીને કહ્યું : "મહારાજ ! આ આચાર્ય કૂવેથી જાતે જ પાણી

ભરીને લાવ્યા, રસોઈ પણ હાથે જ બનાવી અને વિષ્ણુ ભગવાનને થાળ જમાડીને પછી જ એ પ્રસાદી જમ્યા." આ સાંભળી મહારાજ પાસે જે હરિભક્તો બેઠા હતા તેમને મહારાજે આગલી રાત્રે કહેલી વાતની પ્રતીતિ થઈ.

મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું : "આજે આપણે સભા કરવી છે, આંબાવાડિયામાં સભા ગોઠવવાની વ્યવસ્થા કરજો."

વેદાંતાચાર્ય સાથે તત્ત્વચર્ચા

મુક્તાનંદ સ્વામીએ મહારાજની આજ્ઞા પ્રમાણે આંબાવાડિયામાં સભાની વ્યવસ્થા કરી દીધી. આંબા નીચે મહારાજ માટે પાટ ગોઠવી. બધી જ વ્યવસ્થા પૂરી થઈ ગઈ એટલે મહારાજ ત્યાં પધાર્યા. એક જ પાટ ગોઠવી હતી તેથી મહારાજે કહ્યું : "વેદાંતાચાર્ય તો રામાનુજ સંપ્રદાયની ગાદીના આચાર્ય છે. તેમના સ્થાનને ઘટે તે પ્રમાણે તેમનું આસન ગોઠવવું જોઈએ. માટે બીજી પાટ મંગાવો અને અમારી જોડાજોડ પાટ ગોઠવો." ધર્મસભામાં પણ શિષ્ટાચારને કેટલું સ્થાન છે તે મહારાજના આ સૂચનથી સૌ સમજી ગયા.

સભાસ્થાનમાં મહારાજ પધાર્યા છે તે જાણી સૌ સંતો-હરિભક્તો આવી ગયા. વેદાંતાચાર્યને બોલાવવા હરિભક્તોને મોકલ્યા. તેમણે રસોઈ તૈયાર કરી લીધી હતી. એટલે વિષ્ણુ ભગવાનને નૈવેદ્ય ધરાવી જમીને તરત જ હરિભક્તો સાથે સભામાં આવ્યા. મહારાજ તેમને આવતા જોઈ ઊભા થયા અને હાથ પકડી પોતાની બાજુમાં જ ગોઠવેલી પાટ ઉપર બેસાર્યા.

વેદનાં બાર મહાવાક્યો

પછી મહારાજે તેમને કહ્યું : "આચાર્ય મહારાજ ! આપની મરજી હોય તો આપણે હવે કાંઈક પ્રશ્ન-ઉત્તર કરીએ જેથી તમારી શંકાઓનું નિવારણ થાય અને અમને પણ તમને સતોષ પમાડ્યાનો આનદ થાય."

એટલે તેમણે કહ્યું : "ભલે."

પછી મહારાજે કહ્યું : "તમે ગૃહસ્થ છો અને અમે ત્યાગી છીએ તેથી પહેલાં આપ અમને પ્રશ્ન પૂછો, કારણ કે ત્યાગી ગૃહસ્થને પ્રશ્ન પૂછે તે શાસ્ત્રની દૃષ્ટિએ અયોગ્ય કહેવાય."

તે સાંભળી વેદાંતાચાર્યે કહ્યું : "આપ ખુશીથી જે પૂછવું હોય તે પૂછો. કહો તો બત્રીસ પ્રકારની બ્રહ્મવિદ્યા કહી બતાવું અને કહો તો વેદાદિક શાસ્ત્રોનું

સમગ્ર રહસ્ય કહી બતાવું."

મહારાજને આ સાંભળી આનંદ થયો. તેમણે પછી વેદાંતાચાર્યને પૂછ્યું : "આચાર્યશ્રી ! શિષ્ય જ્યારે ગુરુ પાસે આવે છે, ત્યારે તેને વેદનાં બાર મહાવાક્યો अहं ब्रह्मास्मि[૧૦૧] तत्त्वमसि[૧૦૨] प्रज्ञानं आनंदं ब्रह्म[૧૦૩] અને अयमात्मा ब्रह्म[૧૦૪]નું રહસ્ય વ્યાસજીના સિદ્ધાંત અનુસાર સમજાવે છે. તે વાક્યોનું રહસ્ય આપ સમજાવો."

આચાર્ય આ પ્રથમ પ્રશ્નથી જ મૂંઝાયા. પરંપરાની પ્રણાલી પ્રમાણે તે ગાદી ઉપર આવ્યા હતા. તે પ્રણાલી સાચવવા શિખા, સૂત્ર, કંઠી, તિલક, ત્રિદંડ ધારણ કરતા હતા. પરંતુ આચાર્યની પદવીનું ગૌરવ સચવાય એવી વિદ્વત્તા તેમનામાં ન હતી. તેમણે આ પ્રશ્નોના ઉત્તર કરવા પ્રયત્નો કર્યા. પણ મહારાજે તેમાં શંકાઓ થઈ તે પૂછી. આચાર્ય ખરેખર મૂંઝાયા. મહારાજ પણ સમજી ગયા.[૧૦૫]

મહારાજે તેમને બીજો પ્રશ્ન પૂછ્યો : "વેદ અનાદિ છે એવું આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે તો તેની ઉત્પત્તિ અથવા પ્રાગટ્ય શી રીતે થયું તે કહો."

આચાર્યને લાગ્યું કે આ પ્રશ્નનો ઉત્તર તો આપવો જ પડશે. તેમણે થોડી હિંમત ભેગી કરતાં કહ્યું : "એના બે ભેદ છે. આ બ્રહ્માંડનો જ્યારે પ્રલય થાય છે, ત્યારે એક સુંદર વડ રહે છે. ત્યાંથી નારાયણ સ્વરૂપ વેદ પ્રગટ થાય છે."

આ સાંભળીને મહારાજને હસવું આવ્યું. મુખ ઉપર રૂમાલ મૂકી તેમણે કહ્યું : "આચાર્યશ્રી ! એ તો કાંઈ સમજાયું નહીં. કારણ જ્યારે બ્રહ્માંડનો પ્રલય થાય ત્યારે પંચભૂતનાં સર્વ તત્ત્વોનો નાશ થઈ જાય છે. તો પછી વડ ક્યાંથી રહે ?"

આ સાંભળી આચાર્ય વધુ મૂંઝાયા. તેમની એ મૂંઝવણ છતી ન થઈ જાય તે માટે મહારાજે તેમને તરત જ ત્રીજો પ્રશ્ન પૂછ્યો : "ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું છે કે જીવ મારો અંશ છે[૧૦૬] તે કેવી રીતે સમજવું ?"

---

૧૦૧. બૃહદારણ્યક ઉપનિષદ; ૧-૪-૧૦.

૧૦૨. છાંદોગ્ય ઉપનિષદ; ૬-૮-૭, ૬-૯-૪.

૧૦૩. ઐતરેય ઉપનિષદ; ૩-૩.

૧૦૪. બૃહદારણ્યક્ ઉપનિષદ; ૪-૪-૫.

૧૦૫. આ બાર મહાવાક્યોનું રહસ્ય અક્ષરબ્રહ્મ છે તેવું 'વેદરસ'ના નિર્માની પ્રકરણમાં મહારાજે સ્પષ્ટપણે સમજાવી વેદાંતમાં એક મૌલિક દર્શનનું પ્રદાન કર્યું છે.

૧૦૬. ममैवांशो जीवलोके जीवभूत: सनानत: । मन:षष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति !!
- ગીતા : ૧૫-૭.

આચાર્યે તરત જ કહ્યું : "જીવ ભગવાનનો અંશ ન હોઈ શકે પણ અક્ષરબ્રહ્મનો અંશ છે એમ સમજવું."

મહારાજ હસ્યા. તેમણે તરત જ કહ્યું : "તો પછી અક્ષર શબ્દનો અર્થ સમજાવો."

ત્યારે તેમણે કહ્યું : "જેનો ક્ષર એટલે નાશ નથી તે અક્ષર."

એટલે મહારાજે કહ્યું : "તો જીવ અક્ષરમાંથી ક્ષર થયો ? જીવને તો અચ્છેદ્ય, અભેદ્ય, અખંડ અને અવિનાશી કહ્યો છે."

આચાર્યના શરીરે પરસેવો વળી ગયો. શિયાળાની ઠંડી હતી છતાં હાથમાં રૂમાલ લઈને મોં લૂછવા લાગ્યા. સભામાં સૌને આચાર્યની દયાજનક પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો. પરંતુ મહારાજે સૌને સાનમાં સમજાવી દીધું કે આચાર્યને અપમાન જેવું લાગે તેવું કોઈએ બોલવું નહીં. મહારાજે વાત એકદમ ફેરવી દીધી અને જિયર સ્વામીની ગાદીની પરંપરા ઉપર વાત કરવા લાગ્યા. પછી સભા બરખાસ્ત કરી. આચાર્યને મહારાજે ત્રણ દિવસ રહેવાનું આગ્રહપૂર્વક કહ્યું. પણ તેમને તો હવે આ સ્થાન જ અકારું થઈ પડ્યું. તે તેમના ઉતારે ગયા.

મહારાજે બાપુભાઈને બોલાવીને કહ્યું : "આ આચાર્યને આપણે ત્રણ દિવસ રહેવાનું કહ્યું છે પણ તે રોકાશે નહીં. વહેલી સવારે નીકળી જશે. માટે તેમને આપણે કંઈક પુરસ્કાર આપી સન્માનવા જોઈએ. તમે તેમને બસો રૂપિયા આપી આવજો."

બાપુભાઈ હસ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! આવા ઘમંડીનાં વળી સન્માન તે હોતાં હશે ?" છતાં મહારાજે આજ્ઞા કરી તેથી નારાયણગિરિના મઠમાં જઈ બાપુભાઈ તેમને બસો રૂપિયા આપી આવ્યા.

વહેલી સવારે આચાર્ય ત્યાંથી નીકળી નડિયાદ પહોંચી ગયા. નડિયાદમાં વેદાંતાચાર્યે પોતાના પરાજયને ઢાંક્યો. ત્યાંના લોકોએ પૂછ્યું : "તમો વરતાલ ગયા હતા તો ત્યાં કયા પ્રકારનો શાસ્ત્રાર્થ થયો, શું બન્યું તે તો કહો. આજે આ કળિયુગમાં ભગવાન સ્વામિનારાયણનો ઉઘાડો પ્રતાપ દેખાય છે. તેમના સંતો વિદ્વાન છે, સાધુગુણે યુક્ત છે. અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય પાળે છે અને છતાં તેમના ગુણનું તેમને અભિમાન નથી. તેમના હરિભક્તો લાખોની સંખ્યામાં છે, તેમના સંબંધથી સર્વે ધર્મવાળા છે અને ધર્મે સહિત ભક્તિ કરે છે. આટલા લાખો માણસોને ધર્મ પળાવવો એ તો ભગવાન વિના બીજાથી બની શકે નહીં."

આચાર્યને મહારાજની પ્રશંસાના આ શબ્દો ગમ્યા નહીં. તેમણે તરત જ કહ્યું : "એ તો બધો દંભ છે. પોતાને મનાવવાની, પૂજાવાની ઇચ્છા છે. ઉપરથી તમને સૌને ધર્માચરણ જેવું દેખાય પણ તે તો બીજા વેરાગી બાવાઓને હલકા પાડવા માટે ફક્ત દેખાવ જ કરે છે."

વેદાંતાચાર્યની આ વાત નડિયાદમાં વસતા પાટીદાર હરિભક્તોને કાને પહોંચી ગઈ. તેમણે તરત જ મહારાજ ઉપર પત્ર લખ્યો અને નિત્યાનંદ સ્વામીને મોકલવા પ્રાર્થના કરી. તે પત્ર એક હરિભક્ત સાથે તેમણે વરતાલ મોકલ્યો.

મહારાજે નિત્યાનંદ સ્વામીને તેમના મંડળ સાથે નડિયાદ મોકલ્યા. તેમના મંડળમાં વિદ્વાન સંતો પણ હતા. નિત્યાનંદ સ્વામી આવ્યા એટલે હરિભક્તોને સેવા કરવાની તક મળી ગઈ. હરિભક્તો જુદી જુદી રસોઈ આપવા લાગ્યા. સ્વામી પાસે અખંડ સભા થવા લાગી.

તેમનો આવો પ્રતાપ જોઈ વેદાંતાચાર્યને અન્ય પાટીદારોએ કહ્યું : "સ્વામિનારાયણના મોટા સંત આવ્યા છે. કહે છે કે બહુ વિદ્વાન છે. તો આપણે સભા ગોઠવીએ. તેમની વિદ્વત્તા કેવી છે તેનો ક્યાસ નીકળી જશે."

આ સાંભળી વેદાંતાચાર્ય ગુસ્સે થયા. તેમણે કહ્યું : "જે વિદ્વાન હોય તેને જ ખબર પડે કે સભા ગોઠવી વિદ્વતચર્ચા કોની સાથે કરવી ? તમને તેમાં શું ખબર પડે ?"

પરંતુ તેમણે સૌએ કહ્યું : "તમે સભા તો ગોઠવો. કોણ વિદ્વાન છે તે ખબર પડશે. જે જીતશે તેને અમો રૂપિયા હજાર આપીશું !" પરંતુ આચાર્યની હવે હિંમત ન હતી. અહીંથી પણ તે રાતોરાત ચાલી નીકળ્યા.

મહારાજને વરતાલ સમાચાર મળ્યા કે વેદાંતાચાર્ય નડિયાદથી પણ રાતોરાત ભાગી ગયા છે એટલે તેમણે નિત્યાનંદ સ્વામીને પાછા વરતાલ બોલાવી લીધા.

શ્રીહરિ વરતાલથી માગશર સુદ બારશને દિવસે નીકળ્યા. ગુડેલમાં રાત રહ્યા. પછી પચ્છમમાં રાત રહ્યા અને છેલ્લે કારિયાણી મુકામ કરી ગઢપુર પધાર્યા.

પરિશિષ્ટ : ૧

પાત્રસૂચિ તથા ગ્રામસૂચિ

સંતો-પરમહંસો-પાર્ષદોની સૂચિ

હરિભક્તોની સૂચિ

ગ્રામ સૂચિ





ડભાણમાં શ્રીહરિએ યોજેલો ભવ્ય યજ્ઞોત્સવ. યજ્ઞમાં ભાદરાના મૂળજી શર્માને દીક્ષા આપી 'ગુણાતીતાનંદ સ્વામી' નામાભિધાન કર્યું અને તેમને પોતાના સાક્ષાત્ અક્ષરધામ - અક્ષરબ્રહ્મ તરીકે ઓળખાવી મહિમા ગાયો.

◀ એ ઐતિહાસિક દીક્ષાસ્થાન. જ્યાં મંચ બંધાવી શ્રીહરિએ સભા કરી હતી તે પ્રાસાદિક સ્થળ. ▶







વરસતા વરસાદમાં ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં સ્ત્રી-ભક્તોને ઉપદેશ આપીને બહાર આવી રહેલા શ્રીહરિનાં દર્શન માટે, મધરાતે વીજળીના ઝબકારામાં દર્શનની પ્રતીક્ષા કરતા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી.

◀દરબારમાં જ્યાંથી શ્રીહરિ કથા કરીને બહાર પધારતા તે ઓરડા (૧) અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી તેમનાં દર્શન માટે જ્યાં ઊભા રહેતા તે સ્થળ (૨).



સારંગપુરમાં રાઠોડ ધાધલના ઘરે ફૂલદોલ ઉત્સવે રાસ ખેલતા શ્રીહરિએ કબીરનું પદ બોલાવ્યું : *'કોટિ કૃષ્ણ જોડે હાથ, કોટિ વિષ્ણુ નમે માથ; કોટિ શંકર ધરે ધ્યાન... સદ્‌ગુરુ ખેલે વસંત...'* પછી મુક્તાનંદ સ્વામીને કહ્યું: 'એવા સદ્‌ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે...' શ્રીહરિએ જ્યાં આ પ્રસંગ યોજ્યો હતો તે રાઠોડ ધાધલના પ્રાસાદિક ઓરડા જીવાખાચરના આ દરબારની સામે હતા.



વીજાપુરનાં ભક્તરાજ વજીબાના ઘરે ભગવાન સ્વામિનારાયણે રાતવાસો કરીને તેમના નિશ્ચયની કસોટી કરી હતી. તેમની કસોટી લેવા શ્રીહરિએ પોતાનાં ચરણ લાંબાં કરીને પીપળાના જે વૃક્ષને અડાડ્યાં હતાં તે પ્રાસાદિક પીપળાનું થડ આજેય વીજાપુરમાં સાચવી રાખવામાં આવ્યું છે.





વીજાપુરમાં વજીબાના જે ઘરે શ્રીહરિએ વાસ કર્યો હતો તે પ્રાસાદિક સ્થળે બાંધવામાં આવેલી સ્મૃતિ દેરી.



વજીબાના ઘરનું આ પ્રાસાદિક કમાડ પણ શ્રીહરિના દિવ્ય ઐશ્વર્યની એક ઐતિહાસિક સ્મૃતિ તરીકે વીજાપુરમાં સાચવી રાખવામાં આવ્યું છે.


વીસનગરના સૂબા લાલદાસને ત્યાં ભગવાન સ્વામિનારાયણે પધારીને પોતાના દિવ્ય ઐશ્વર્યથી તેનું પરિવર્તન કર્યું હતું. શ્રીહરિએ પ્રસાદીભૂત કરેલ લાલદાસ સૂબાનું ઐતિહાસિક ઘર. અને તેના ઘરની બહાર જે વૃક્ષના થડે કડા સાથે પોતાની માણકી ઘોડી બાંધી હતી તે વૃક્ષ અને પ્રાસાદિક કડું.







વીસનગરના ભક્તોની દૃઢતાથી પ્રસન્ન થઈને શ્રીહરિએ પોતાનાં વસ્ત્રો સ્મૃતિરૂપે આપ્યાં હતાં. શ્રીહરિનો આ પ્રાસાદિક અંગરખો આજે પણ વીસનગરમાં અવિસ્મરણીય સ્મૃતિ તરીકે દર્શનીય બન્યો છે.



વીસનગરમાં શ્રીહરિએ નાસ્તિકોને પોતાનો નિશ્ચય કરાવવા માટે આ પથ્થરના હાથીને લાડુ ખવરાવ્યો હતો. અને હાથીએ સૂંઢથી સજીવન થઈને લાડુ ખાધો હતો. આ પ્રાસાદિક હાથી આજે પણ વીસનગરમાં શ્રીહરિનાં ચરણારવિંદ સાથે દર્શનીય બન્યો છે.

કરજીસણ ગામની બહાર આવેલા
હનુમાનજીના મંદિરમાં આ સ્થાને
શ્રીહરિએ પરમહંસો અને હરિભક્તોની
સભા કરી હતી.
અહીં એક વડ નીચે શ્રીહરિ
હિંડોળે પણ ઝૂલ્યા હતા.





કરજીસણમાં ગોવિંદજીભાઈના આ પ્રાસાદિક મકાનમાં
શ્રીહરિ સંતો-પરમહંસો સાથે ઉતારો કરતા હતા.



શ્રીહરિએ ઉપયોગમાં લીધેલ
પાત્રો-વાસણો, સૂતરમાંથી
બનેલ તેમની પ્રાસાદિક માળા
તથા અન્ય પ્રાસાદિક
વસ્તુઓ કરજીસણમાં
સ્મૃતિરૂપે સચવાઈ છે.








▸ અમદાવાદ નજીક સાબરમતીના તટ પર આવેલા મોટેરા ગામમાં શ્રીહરિ જ્યાં ઊતર્યા હતા તે પ્રાસાદિક સ્થળ. અહીં શ્રીહરિનું પ્રાસાદિક હનુમાનજીનું મંદિર પણ છે.


▲ મોટેરામાં શ્રીહરિએ જ્યાંથી સાબરમતીમાં સ્નાન કરીને દિવ્ય લીલાઓ કરી હતી તે પ્રાસાદિક મહાદેવની જગ્યા.

▲ અમદાવાદ પાસે અસલાલીમાં શ્રીહરિએ જ્યાં બિરાજીને આધ્યાત્મિક બોધ આપ્યો છે તે પ્રાસાદિક સ્થળ.




ઉમરેઠમાં શ્રી નરભેરામ માણેકજી દવેના ઘરે શ્રીહરિએ ભોજન અંગીકાર કર્યું હતું ત્યારે પાત્રમાં શ્રીહરિના ડાબા અંગૂઠાનું સ્પષ્ટ નિશાન ઊઠી આવ્યું હતું. આજે પણ શ્રીહરિની અલૌકિક સ્મૃતિ સમું આ ચિહ્ન જોઈ શકાય છે.





◀ ધરમપુરમાં શ્રીહરિનો પ્રાસાદિક કૂવો.

▼ રાજમાતાએ શ્રીહરિને અર્પણ કરેલ મુગટ (હાલ જૂનાગઢમાં).





ધરમપુર રાજ્યના
રાજમાતા કુશળકુંવરબાના
ભક્તિભાવથી ભગવાન
સ્વામિનારાયણ ધરમપુર-
વાંસદા પધાર્યા ત્યારે હાથી
ઉપર નીકળેલી તેમની
ભવ્ય શોભાયાત્રા...
શ્રીહરિએ ધરમપુરથી
વિદાય લીધા બાદ તેઓના
વિયોગમાં રાજમાતાએ દેહ
તજી દીધો હતો.
રાજમાતાના અંતિમ
સંસ્કાર થયા હતા તે
પ્રાસાદિક સ્થળ. ▶



વાંકિયાના મોકાખાચરના પ્રાસાદિક દરબાર, જ્યાં શ્રીહરિએ અનેક વખત પધારીને દિવ્ય લીલાઓ કરી છે.






શ્રીહરિની લીલાઓની સ્મૃતિરૂપે સચવાયેલો વાંકિયાના મોકાખાચરના દરબારનો એક ભાગ.

▼ શ્રીહરિએ ધારણ કરેલ તલવાર અને તાંબાની જળ પીવાની પ્રાસાદિક ભંભલી.








ગઢપુરમાં શ્રીહરિએ જ્યાં અનેક લીલાઓ કરી છે તે જીવાખાચરના દરબારના ઓરડા. ▶




જીવાખાચરના દરબારની પ્રાસાદિક કોઠી. અહીંથી જીવાખાચર સદાવ્રત ચલાવતા. શ્રીહરિએ ઓગણોતેરાના દુષ્કાળમાં સદાવ્રત ચલાવતા જીવા-ખાચરને અન્નની મદદ કરી હતી. ▼

'મનુષ્ય તો લીંબડી કે નીચે દેખ્યા હૈ...' સ્વરૂપાનંદ સ્વામીના આ ઉદ્‌ગારો જ્યાં ઉચ્ચારાયા હતા તે લીંબડાના વૃક્ષની છાયામાં આવેલો સુરાખાચરનો દરબાર, નાગડકા. શ્રીહરિએ અહીં અનેક દિવ્ય લીલાઓ કરીને સ્મૃતિઓ આપી છે... ▼

શ્રીહરિના હજૂરી સેવક મિયાંજીના ઘરે નિંગાળામાં અચાનક પધારીને શ્રીહરિએ તેમને કૃતાર્થ કરી દીધા હતા. એ સમયે શ્રીહરિએ મિયાંજીને ચિરંતન સ્મૃતિરૂપે આશીર્વાદ પત્ર પ્રસન્નતાપૂર્વક લખી આપ્યો હતો. એ ઐતિહાસિક પત્રની નકલ. ▶








'માણકીએ ચડ્યા રે મોહન વનમાળી...'

માણકી ઘોડી પર અસવાર થઈને ગુજરાતના ગામડે ગામડે અહોરાત્ર વિચરીને ભગવાન સ્વામિનારાયણે ગુજરાતની કાયાપલટ કરી હતી.

ગુજરાતની એકેએક કેડી માણકીના ડાબલાઓથી ગૂંજતી હતી.

ભક્તોના ભાવને પારખીને ઝૂંપડે ઝૂંપડે પહોંચતા ભગવાન સ્વામિનારાયણે પોતાનું ભક્તવત્સલ બિરુદ સાર્થક કર્યું હતું.



સંગીત અને લલિતકળાના પોષક ભગવાન સ્વામિનારાયણ.
પોતાના વૈરાગ્યવંત સંતોને ભક્તિસંગીત અને ભક્તિ સાહિત્યમાં પ્રેરીને
ભગવાન સ્વામિનારાયણે એક અદ્‌ભુત ક્રાંતિ કરી હતી.
આ સંતો શ્રીહરિ જ્યાં બિરાજતા હોય ત્યાં પ્રેમભક્તિનો એક દિવ્ય માહોલ ખડો કરી દેતા.
પ્રાચીન ભારતના ભજનવારસાના જતનમાં સ્વામિનારાયણીય સંતોનાં ભક્તિકાવ્યો અને
તેમના ગ્રંથોનું પ્રદાન અમૂલ્ય છે.

વરતાલમાં જ્ઞાનબાગમાં શ્રીહરિએ રંગોત્સવની દિવ્ય લીલા જ્યાં કરી હતી એ પ્રાસાદિક રંગકૂંડો.





નિષ્કુળાનંદ સ્વામીએ વરતાલમાં જ્ઞાનબાગના આંબાવાડિયામાં બાર બારણાંનો હિંડોળો કરીને શ્રીહરિને ભક્તિભાવપૂર્વક ઝુલાવ્યા હતા. આ હિંડોળા ઉત્સવમાં શ્રીહરિએ બારેય બારણે બાર સ્વરૂપે દર્શન દઈને સૌને અલૌકિક સ્મૃતિ આપી હતી.
એ મહાપ્રાસાદિક જગ્યા.



વરતાલના જોબન પગીનું જીવન પરિવર્તન કરીને તેને ભક્તરાજ બનાવનાર શ્રીહરિ અનેક વખત તેના ઘરે પણ પધાર્યા હતા. જોબન પગીની મેડીએ આ બારીએ બિરાજીને શ્રીહરિ અનેક વખત સૌને દર્શનદાન દેતા.



'વિરાટનો હિંડોળો ઝાકમઝોળ...'

બામણોલીમાં ભક્તરાજ તખા પગીના ભાવને વશ થઈને હિંડોળે ઝૂલતા શ્રીહરિ. ઝૂલતાં ઝૂલતાં વૈરાટનારાયણને પણ દર્શનનો લહાવો આપવા શ્રીહરિ અદૃશ્ય થઈ ગયા ત્યારે શ્રીહરિના વિયોગમાં સંતોએ કીર્તનભક્તિ કરીને પુનઃ શ્રીહરિને પૃથ્વી ઉપર દર્શન માટે રિઝવ્યા... (પૃ. ૩૬૯)







બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલા
આધ્યાત્મિક સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખીને
ભારતીય સંસ્કૃતિના સનાતન વારસાને અને
ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સંદેશને
વિશ્વભરમાં પ્રસરાવતી આ સંસ્થા
એક આધ્યાત્મિક-સામાજિક સેવાસંસ્થા છે.
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સને ૧૯૦૭માં સ્થાપેલી
આ સંસ્થા ૯,૧૦૦ સત્સંગ કેન્દ્રોના
વિશ્વવ્યાપી પરિવાર દ્વારા માનવ-ઉત્કર્ષની
અવિરત ગંગા વહાવે છે.
વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં,
સંસ્થાના ૭૦૦ સુશિક્ષિત સંતો તથા
૪૦,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક-દળ
આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેક રચનાત્મક
સેવાપ્રવૃત્તિઓનું વહન કરે છે, ચાહે તે ભૂકંપગ્રસ્ત ગામોનું
પુનર્નિમાણ હોય, અદ્યતન ભવ્ય વિદ્યાર્થી સંકુલો અને
અદ્યતન સુવિધાસજ્જ હૉસ્પિટલો કે
રોગનિદાન યજ્ઞોની સેવાઓ હોય.
આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા,
યુનો દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.
દિલ્હી, ગાંધીનગર, લંડન, શિકાગો, હ્યુસ્ટન અને નૈરોબીમાં
ભગવાન સ્વામિનારાયણને અંજલિ આપતાં અભૂતપૂર્વ
આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલોનું નિર્માણ કરી સંસ્થાએ
યુગસિદ્ધિ હાંસલ કરી છે અને
લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.



પ્રેરણામૂર્તિ
પ્રગટ બ્રહ્મસ્વરૂપ
પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

શ્રી સ્વામિનારાયણ ભગવાનને પૂર્ણ પુરુષોત્તમ તરીકે પૂજતા એવા શ્રીજીના સમકાલિન સંતોએ સંસ્કૃત, હિન્દી અને ગુજરાતીમાં ગદ્ય કે પદ્યમાં શ્રીજીનાં લીલાચરિત્રો યુક્ત વિપુલ સાહિત્ય સંપ્રદાયને ચરણે ધર્યું છે.
સંપ્રદાયની પુષ્ટિ પણ ઇષ્ટદેવનાં લીલાચરિત્રોના ગ્રંથોથી જ થાય છે. પરમહંસો પછી પણ આ સાહિત્ય-પ્રવૃત્તિ ચાલુ રહી છે. તેમાં અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ પુસ્તક સુમેરુ સમાન છે.
શ્રી હર્ષદભાઈ દવેએ જૂના જૂના ગ્રંથો જોઈ તપાસીને તેમાંથી પ્રમાણિત પ્રસંગો મેળવ્યા છે. વળી, તે વખતની ભૌગોલિક પરિસ્થિતિ અને રાજકીય ઇતિહાસને શોધીને અને આ કાર્ય માટે ગામોગામ ફરી સત્સંગના જૂના જૂના અનુભવીઓ પાસેથી અપ્રકાશિત સાહિત્ય એકત્રિત કરીને આ ગ્રંથરત્ન તૈયાર કર્યો છે. આ રીતે ઐતિહાસિક દૃષ્ટિએ પણ આ ગ્રંથ ઘણો મૂલ્યવાન છે.
શ્રીજીની દિવ્ય અને માનુષી લીલાઓ, સર્વજીવ હિતાવહ ઉપદેશો, તેમના સમયના સંત-હરિભક્તોનાં આખ્યાનો અને તેમણે પ્રબોધેલ તત્ત્વજ્ઞાન – આ સર્વેનો ભક્તિભાવે સુગમ સમન્વય કર્યો છે.

– પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

ISBN: 81-7526-211-7